
Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# કારણ-કાર્ય નિયમ

(ભાગ-૩)





Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नमः

# કારણ-કાર્ય નિયમ

## ભાગ-૩

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

નિયમસારજી શાસ્ત્રના વ્યવહારચારિત્ર તથા પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર ઉપરના ગાથા ૫૬ થી ૯૫ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૩૯ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ–૩૬૦૦૦૧.
ટેલી નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૪ | ૨૫૪૦ | ૨૦૭૦ | ૨૦૧૪ |

**પ્રકાશન**

**પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૫મી જન્મજયંતી,**

**વૈશાખ સુદ ૨, તા.૧-૫-૨૦૧૪, સોનગઢ**

પ્રથમ આવૃત્તિ – ૧૦૦૦

પડતર કિંમત – રૂ. ૧૮૦

મૂલ્ય - રૂ. ૫૦

**પ્રાપ્તિ સ્થાન**

**(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)**
ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૫૮

**(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

લેસર ટાઈપ સેટિંગ તથા મલ્ટીકલર તથા મુખપૃષ્ઠ ફોટા

**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી
૬, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક

**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated Shree Digamber Jain Swadhyay Mandir Trust, PanchNath Plot, Kanji Swami Marg, Rajkot, India, 360 001.

Our request to you:

1) This electronic version of Karan Karya Niyam – Part 3 is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
| --- | --- | --- |
| 001 | 13 Nov 2014 | First electronic version |

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રસ્તાવના

ભગવાન કુંદકુંદાચાર્યદેવ પ્રણીત 'નિયમસાર' નામનું શાસ્ત્ર અધ્યાત્મપ્રધાન 'દ્વિતીય-શ્રુતસ્કંધ'ના સત્શાસ્ત્રોમાનું એક સર્વોત્કૃષ્ટ તેમજ ચારિત્રપ્રધાન શ્રેષ્ઠતમ શાસ્ત્ર છે.

પરમભટ્ટારક શાસનનાયક શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી અન્ય કેવળી તથા શ્રુતકેવળી કથિત આગમ અને અધ્યાત્મવિદ્યાનું સંકલન ચાર અનુયોગના અસંખ્ય શાસ્ત્રોમાં અનેક આચાર્યમુનિભગવન્તો વડે સંપન્ન થયું. સનાતન દિગંબર જૈન સંપ્રદાયમાં કળિકાળ સર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે. આશરે ૮૪ પાહુડ શાસ્ત્રોની ભેટ તેઓશ્રીએ આપી છતાં હાલમાં ગણતરીના બાર–પંદર જ ઉપલબ્ધ થઈ શક્યા છે.

તેમાનાં 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' જેવાં ઉત્તમોત્તમ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર સમાય જાય છે. જેમ 'સમયસાર'માં શુદ્ધનયથી નવતત્ત્વોનું નિરૂપણ કર્યું છે તેમ 'નિયમસાર'માં શુદ્ધનયથી જ જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ વિગેરે વિષયોનું વર્ણન છે.

વર્તમાનમાં ઉપલબ્ધ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના ઉત્કૃષ્ટ પરમાગમોમાં અપ્રતિબુદ્ધને સમજાવવા અર્થે રચાયેલા સર્વોત્કૃષ્ટ શ્રી સમયસારજીમાં દષ્ટિપ્રધાન કથનથી શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. દિવ્યધ્વનિના સાર શ્રી પ્રવચનસારજીમાં જ્ઞાનપ્રધાન કથનથી તે જ સ્વરૂપ વર્ણવ્યું છે. શ્રી નિયમસારજીમાં ચારિત્રની મુખ્યતાથી તે જ સ્વરૂપનું વર્ણન છે. વીતરાગતા પ્રગટ કરવાના પ્રયોજનથી દષ્ટિ-જ્ઞાન-ચારિત્રના આશ્રયભૂત શુદ્ધાત્માનું જ વર્ણન અનેક પ્રકારે કરવામાં આવે છે.

શ્રી નિયમસારજીની તો આચાર્યદેવે પોતાના જીવનના સંધ્યાકાળમાં નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે.

આ અસાધારણ પરમાગમની ટીકા ભાવિ તિર્થાધીનાથ અતીન્દ્રિયઆનંદના રસિક ભાવલિંગી મુનિરાજ શ્રીમદ્ પદ્મપ્રભમલધારીદેવે કરી છે. જેમના મુખમાંથી પરમાગમરૂપી મકરંદ ઝરે છે એવા મુનિરાજ કહે છે કે ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા તથા શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના સારની પુષ્ટ રુચિથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ ટીકા સહજ રચાઈ ગઈ છે. ટીકાકારે શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા આધ્યાત્મિક ભાવોને સ્વાનુભૂતિથી પ્રમાણ કરી પરમ પારિણામિકભાવમાં રહેલ અંતર રહસ્યોને ખોલ્યા છે.

શ્રી નિયમસાર ભરતક્ષેત્રનાં ઉત્તમોત્તમ શાસ્ત્રોમાનું એક હોવા છતાં પ્રાભૃતત્રયની સરખામણીમાં તેની પ્રસિદ્ધિ ઘણી ઓછી છે. બ્રહ્મચારી શીતલપ્રસાદજી વિ.સં.૧૯૭૨માં હિન્દી નિયમસારની ભૂમિકામાં ખરું જ લખે છે કે, 'આજ સુધી શ્રી કુંદકુંદાચાર્યના પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર અને સમયસાર એ ત્રણ રત્નો જ બહુ પ્રસિદ્ધ છે. ખેદની વાત છે કે તેમના જેવું છતાં કેટલાક અંશોમાં તેમનાથી પણ ચઢિયાતું કે અધિક છે એવું નિયમસારરત્ન છે તેની પ્રસિદ્ધિ એટલી બધી ઓછી છે કે કોઈ કોઈ તો તેનું નામ પણ જાણતા નથી.'

'નિયમસાર' એટલે ભાગવતશાસ્ત્ર (ગા.૧૮૭) શ્રુતપરંપરામાં શાસ્ત્રોનું પ્રણયન શિષ્યોને સંબોધવા માટે અથવા વ્યક્તિગત ઉદ્દેશ્યથી કરવામાં આવે છે પરન્તુ આ ગ્રંથાધિરાજની રચના આચાર્યશ્રીએ પોતાના દૈનિક પાઠ માટે કરેલી હોવી જોઈએ. કેમકે આચાર્યશ્રીની ગ્રંથની છેલ્લી ઉક્તિવડે સ્પષ્ટ થાય છે કે **'णियभावणाणिमित्तं'** અર્થાત્ નિજભાવના અર્થે/નિમિત્તે પૂર્વાપર દોષોથી રહિત જિનોપદેશને જાણીને મેં 'નિયમસાર' નામનું શાસ્ત્ર રચ્યું છે.

નિયમસાર એટલે વ્યવહાર રત્નત્રયની અપેક્ષા વગરનું શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ. આ ગ્રંથમાં પર્યાયની મુખ્યતાથી કથન હોવા છતાં ભાવલિંગી સંતોની દૃષ્ટિ તો તેના કારણ પર જ રહ્યા કરે છે.

ભવ્ય જીવોના ભાગ્યોદયથી આ નિયમસાર કૃતિ પર **'तात्पर्यवृत्ति'** નામક સંસ્કૃત ટીકા લખનાર મહાસમર્થ મુનિવર શ્રી પદ્મપ્રભમલધારીદેવ મળ્યા જેઓ શ્રી વીરનંદી સિદ્ધાન્તચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની તેરમી સદીમાં થઈ ગયા છે.

આ શાસ્ત્રજીમાં ૧૮૭ ગાથાઓમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર
(૨) અજીવ અધિકાર
(૩) શુદ્ધભાવ અધિકાર
(૪) વ્યવહાર ચારિત્ર અધિકાર
(૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર
(૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર
(૭) પરમ આલોચના અધિકાર
(૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર
(૯) પરમ સમાધિ અધિકાર
(૧૦) પરમ ભક્તિ અધિકાર
(૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર
(૧૨) શુદ્ધોપયોગ અધિકાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# વ્યવહારચારિત્ર અને પરમાર્થપ્રતિક્રમણ અધિકાર અંગેનો ટૂંકમાં પરિચય

શ્રમણશ્રેષ્ઠ ૧૦૮ આચાર્ય શ્રી કુન્દકુન્દદેવ પ્રાકૃતભાષામાં ૧૮૭ ગાથાપ્રમાણ ચારિત્રપ્રધાન નિયમસાર (नियमसार पाहुड) પ્રાભૃતની રચના કરી છે, જ્યારે મૂળ શાસ્ત્રજીના હાર્દને આત્મસાત કરનારા 'પરમાગમરૂપી મકરંદ જેમના મુખમાંથી ઝરે છે' એવા કાવ્યકોવિદ ૧૦૮ શ્રી પદ્મપ્રભમલધારી મુનિરાજના વરદહસ્તે તાત્પર્યવૃત્તિ નામક ટીકાસ્વરૂપ ગદ્ય-પદ્યાત્મક કળશ કાવ્યરૂપ મુનિદશાને દર્શાવનાર જાણે કે મહાકાવ્યનો જ સૂત્રપાત થયો હોય એમ કહી શકાય છે. ત્રણસો અગિયાર (૩૧૧) કળશકાવ્યોમાં પોતાની તત્ત્વરસની ભાવનાને બળ પ્રદાન કરનારા બીજા આચાર્ય મુનિભગવન્તોની મૌલિક કૃતિઓમાંની પ્રાકૃત-સંસ્કૃત ગાથા-કળશો-શ્લોકોના આશરે ૮૭ જેટલા સન્દર્ભો રજૂ કરતાં ટીકાકર્તાએ નિયમસાર ગ્રન્થાધિરાજને સર્વભોગ્ય બનાવી દીધો છે.

અહીં પ્રકરણને અનુરૂપ ચોથા વ્યવહાર ચારિત્ર અધિકારની તેમજ પાંચમાં પરમાર્થ-પ્રતિક્રમણ અંગેની વિશેષ નોંધ લેવામાં આવે છે.

શુદ્ધભાવ અધિકારની ૫૪મી ગાથામાં જ આચાર્યશ્રીએ ચારિત્રનું સ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરતા લખ્યું છે કે 'તેથી કહીશ હું ચરણને વ્યવહારને નિશ્ચય વડે' આથી જ ગાથા ક્ર. ૫૬ થી ૭૬ સુધીની કુલ ૨૧ ગાથાઓમાં વ્યવહાર ચારિત્ર પ્રકરણમાં પાંચ વ્રતરૂપ, પાંચ સમિતિરૂપ અને ત્રણ ગુપ્તિરૂપ તેર પ્રકારના ચારિત્રની વિગતે ચર્ચા કરી છે; જેથી મુનિજીવનનું બાહ્ય અલૌકિક સ્વરૂપ સુસ્પષ્ટ થાય છે. ત્યાર પછી ક્રમે કરીને પાંચ ગાથાઓમાં પાંચ પરમેષ્ઠિઓના સ્વરૂપનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

આ વ્યવહાર ચારિત્ર અધિકારની ગદ્યટીકામાં ટીકાકર્તાએ ૨૧ કળશોની રચના કરી છે તેમજ અન્ય ૩૨ સન્દર્ભો આપ્યા છે.

આગળ જતા નિશ્ચય ચારિત્ર અન્તર્ગત પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર શરૂ થાય છે. આ અધિકારની શરૂઆતની પાંચ ગાથાઓને ટીકાકારે પંચરત્નરૂપ ગાથાઓ એમ કહીને પોકારેલ છે, જે ગાથાઓમાં નારકાદિ, ગુણસ્થાનાદિ, બાળકાદિ, રાગાદિ અને ક્રોધાદિભાવોના નિશ્ચયથી આત્મા કર્તા કારયિતા, અનુમંતા (અનુમોદક) તેમજ કારણ નથી એમ સમજાવવામાં આવ્યું છે. આ પ્રકરણ પછી એક ગાથામાં આ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે 'ઉક્ત ભાવનાથી જે માધ્યસ્થભાવની ઉત્પત્તિ થાય છે તેને નિશ્ચયચારિત્ર કહેવામાં આવે છે.' ત્યારબાદ પ્રતિક્રમણની વિગતે ચર્ચા શરૂ થાય છે. જેમાં વચનની રચના છોડીને, રાગાદિભાવોને નિવારીને જે જીવ આત્માને ધ્યાવે છે તે જીવને પ્રતિક્રમણ હોય છે. એવી જ રીતે ટૂંકમાં નોંધીએ તો વિરાધના-આરાધના,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અણાચર-આચાર, ઉન્માર્ગ-જિનમાર્ગ, શલ્ય-નિઃશલ્ય અગુપ્તિ-ગુપ્તિ, આર્ત-રૌદ્રધ્યાન/ધર્મ-શુક્લધ્યાન આવા વિષયાંશોનો આશ્રય લઈને પ્રતિક્રમણની વિગતે વ્યાખ્યા કરવામાં આવી છે.

આમ, આ અધિકારનો મૂળ પ્રતિપાદ્યભૂત સાર એ છે કે આત્મારાધના જ વસ્તુતઃ પરમાર્થ પ્રતિક્રમણ છે. નિષ્કર્ષરૂપે આ ગાથા ધ્યાને લેવા જેવી છે;

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને,**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે.**

આ પરમાર્થ પ્રતિક્રમણ અધિકારમાં કુલ ૧૮ ગાથાઓ અને ટીકાકાર દ્વારા રચાયેલા ૧૯ કળશો છે જ્યારે અન્ય ગ્રન્થાન્તરોના ૯ સંદર્ભો છે.

આ શાસ્ત્રના ભાવોનું વિવેચન કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી ભાવવિભોર થઈ કહે છે 'ટીકાકાર મુનિરાજે કાર્યની સાથે જ ત્રૈકાલિક કારણ (કારણશુદ્ધપર્યાય)ની વાત કરીને ટીકામાં અલૌકિક રહસ્ય ખોલ્યા છે. અહો! જંગલમાં વસનારા અને આત્માનંદમાં લીન રહેનારા સંતોના શ્રીમુખેથી પરમાગમરૂપી અમૃતની વર્ષા થઈ તેમાં આવ્યું કે હે ભાઈ! તારા ધર્મનું ધ્રુવકારણ તો તારામાં સદા વિદ્યમાન છે, પરંતુ તું તેને કારણ નથી બનાવતો તેથી દુઃખી છો. અહો! અંતરનું કારણ મુનિઓના આત્મામાંથી જ અમૃત ઝર્યાં છે તેની આ અચિંત્ય અને અપૂર્વ વાત છે. ભારતવર્ષ માટે હાલમાં આ વાત તદ્દન નવી છે. જેના મહાભાગ્ય હોય તેને આ વાત સાંભળવા મળે છે અને જેને અંદરમાં આ વાત બેસી ગઈ તેનું તો કહેવું જ શું? તેનો તો બેડો પાર થઈ ગયો.'

આ નિયમસાર શાસ્ત્ર ઉપરના સળંગ અક્ષરશઃ પ્રવચનો ૨૧૪ ટોટલ ૭ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે. આ શાસ્ત્ર પ્રકાશન માટે અમેરિકામાં રહેતા ભાઈશ્રી **ડૉ. તનસુખભાઈ ઉદાણી**નો સ્વર્ગવાસ થવાથી તેમની ભાવના રાજકોટ મંદિરને તત્ત્વજ્ઞાન પ્રકાશન માટે દાનરાશિ આપવાની હોઈ તેમના નિમિત્તે આ ૭ ભાગ રાજકોટ દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી પ્રકાશિત કરવામાં આવશે. જેના માટે તેમના તથા તેમના કુટુંબીજનો તરફથી રૂા.૭/- (સાત લાખની) દાનરાશી મંદિરને ભેટ આપવામાં આવેલી છે. તથા બીજી દાનરાશી જે મુમુક્ષુઓ દ્વારા પ્રાપ્ત થયેલ છે તેનું લીસ્ટ પણ છાપવામાં આવેલ છે. આ સર્વે મુમુક્ષુઓએ  ખૂબ જ ભાવપૂર્વક દાનરાશી આપી હોય સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે.

પ્રસ્તુત ત્રીજા ભાગમાં ગ્રન્થના વ્યવહારચારિત્ર તથા પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર ઉપર થયેલા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અતીન્દ્રિય આનંદથી તરબોળ એવા કુલ ૩૯ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ સમગ્ર પ્રવચનોનું કોમ્પ્યૂટરાઈઝ્‌ડ ટાઈપસેટીંગ સી.ડી. ઉપરથી અક્ષરશઃ ઉતારવાનું કાર્ય તથા ડીઝાઈનવર્ક **શ્રી નિલેષભાઈ જૈન–ભાવનગર** દ્વારા થયેલ છે તથા સમગ્ર પ્રવચનોને ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય આત્માર્થી **ડો. દેવેન્દ્રભાઈ દોશી, સુરેન્દ્રનગર** તથા ભાઈશ્રી **ચેતનભાઈ મહેતા–રાજકોટ** દ્વારા થયેલ છે. જે પ્રવચનો હિન્દીમાં છે તેને ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવામાં આવેલા છે. આ કાર્ય બદલ સંસ્થા સર્વનો આભાર માને છે. આ પ્રવચનોમાં કાંઈપણ ક્ષતિ રહી હોય તો તેની ક્ષમા ચાહીએ છીએ.

સમગ્ર પુસ્તકબાઈન્ડીંગ તથા પ્રિન્ટીંગનું કાર્ય શાર્પ ઓફસેટવાળા **ધર્મેશભાઈ શાહ–રાજકોટ** દ્વારા થયેલ હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક **http://www.atmadharma.com** પર મૂકવામાં આવેલ છે.

ટ્રસ્ટીશ્રી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ –રાજકોટ

## કારણ કાર્ય નિયમ ભાગ-૩ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| ક્રમ | નામ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. | ડો. શ્રી તનસુખભાઈ ઉદાણી હ. દર્શનાબેન સંઘવી | ૧,૦૦,૦૦૦ |
| ૨. | ચંદ્રકાંતભાઈ જૈન, મુંબઈ | ૨૫,૦૦૦ |
| ૩. | બી.એમ. શાહ | ૧૬,૫૬૦ |
| ૪. | રમણીકભાઈ વાઘર | ૧૬,૫૬૦ |
| ૫. | રાજેશભાઈ ચુડગર | ૧૬,૫૬૦ |
| ૬. | કુમ્ભારજી જૈન | ૧૩,૨૪૮ |
| ૭. | નિશીલભાઈ | ૧૨,૪૨૦ |
| ૮. | કીર્તિભાઈ | ૧૨,૪૨૦ |
| ૯. | નવિનભાઈ શાહ | ૧૧,૦૦૧ |
| ૧૦. | જયવંતભાઈ | ૧૧,૦૦૦ |
| ૧૧. | ચંદ્રકુમાર જૈન | ૧૦,૦૦૦ |
| ૧૨. | નલીનકાંત રતીલાલભાઈ ધીયા | ૬,૦૦૦ |

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



| ક્રમ | નામ | રકમ રૂ. |
|---|---|---|
| ૧૩. | કલાબેન એન. ધીયા | ૬,૦૦૦ |
| ૧૪. | નિમીષ એન. ધીયા | ૫,૦૦૦ |
| ૧૫. | પૂર્વી ધીયા | ૫,૦૦૦ |
| ૧૬. | ડો. અંજનાબેન જૈન શિવપુરી | ૫,૦૦૦ |
| ૧૭. | જ્યેષભાઈ મહેતા, વડોદરા | ૫,૦૦૦ |
| ૧૮. | દિનેશ અંબાલાલ શાહ | ૫,૦૦૦ |
| ૧૯. | મૌલિક રાજેશભાઈ વોરા | ૫,૦૦૦ |
| ૨૦ | એક મુમુક્ષુબેન | ૫,૦૦૦ |
| ૨૧ | સ્વ. પ્રદિપભાઈ મનસુખલાલ દેસાઈ, સોનગઢ | ૫,૦૦૦ |
| ૨૨. | સમીરભાઈ | ૪,૧૪૦ |
| ૨૩. | અન્વી ધીયા | ૪,૦૦૦ |
| ૨૪. | પ્રાચી ધીયા | ૪,૦૦૦ |
| ૨૫. | ગુણવંતીબેન ભોગીલાલ સંઘવી, વડોદરા | ૪,૦૦૦ |
| ૨૬. | હર્ષ સુધિરભાઈ શાહ | ૩,૧૦૦ |
| ૨૭. | લતાબેન જગદીશભાઈ દોશી | ૩,૧૦૦ |
| ૨૮. | રતીલાલ મણીલાલ શાહ | ૩,૦૦૦ |
| ૨૯. | નવિનભાઈ શાહ, બોરીવલી | ૩,૦૦૦ |
| ૩૦. | હિરલ રાજેષભાઈ વોરા | ૨,૫૦૦ |
| ૩૧. | સુશીલાબેન જયંતીલાલ ગાલા, મુંબઈ | ૨,૫૦૦ |
| ૩૨. | સ્વ. શારદાબેન નંદલાલ - રાણપુર | ૨,૦૦૦ |
| ૩૩. | સ્વ. રેણુકાબેન કિરીટકુમાર- રાણપુર | ૨,૦૦૦ |
| ૩૪. | નિલેશભાઈ ડુંગર | ૧,૬૫૦ |
| ૩૫. | ગીતાબેન દિલીપભાઈ | ૧,૫૦૦ |
| ૩૬. | નિર્મલાબેન કિશોરભાઈ શેઠ | ૧,૧૦૧ |
| ૩૭. | રાજેશ રજનીભાઈ શાહ | ૧,૦૦૧ |

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



| ક્રમ | નામ | રકમ રૂ. |
|---|---|---|
| ૩૮. | એક મુમુક્ષુભાઈ | ૧,૧૦૦ |
| ૩૯. | કસુંબાબેન લાખાણી | ૧,૧૦૦ |
| ૪૦. | ત્રીસાબેન અમીતભાઈ હીંગુ | ૧,૧૦૦ |
| ૪૧. | શશીભાઈ મુળજીભાઈ ખારા | ૧,૦૦૧ |
| ૪૨. | રેવાબેન નાગરદાસ ટીંબડીયા | ૧,૦૦૦ |
| ૪૩. | ઉષાબેન ચંદ્રકાંત ઝવેરી | ૧,૦૦૦ |
| ૪૪. | હર્ષ સુધિરભાઈ શાહ | ૧,૦૦૦ |
| ૪૫. | શિલ્પા રાજેશભાઈ મહેતા | ૧,૦૦૦ |
| ૪૬. | રાજેષભાઈ ડી. મહેતા | ૧,૦૦૦ |
| ૪૭. | સ્વ. જમનાદાસભાઈ વિક્રમશી સંઘવી | ૧,૦૦૦ |
| ૪૮. | સ્વ. મુક્તાબેન જમનાદાસભાઈ સંઘવી | ૧,૦૦૦ |
| ૪૯. | વિનુભાઈ લાખાણી, બકુલભાઈ લાખાણી હ. પ્રજ્ઞાબેન | ૧,૦૦૦ |
| ૫૦. | સ્વ. મનહરલાલ છોટાલાલ શાહ | ૧,૦૦૦ |
| ૫૧. | મુક્તાબેન કિશનલાલ પારેખ | ૧,૦૦૦ |
| ૫૨. | કુંદનબેન પ્રાણલાલ ખારા પરિવાર | ૧,૦૦૦ |
| ૫૩. | નિલેષભાઈ શાહ તથા રાહીલભાઈ શાહ | ૭૫૦ |
| ૫૪. | કલાબેન મુકુંદભાઈ મહેતા | ૫૦૧ |
| ૫૫. | મુક્તાબેન જયંતીલાલ શાહ | ૫૦૧ |
| ૫૬. | શૈલેષભાઈ કે. શાહ | ૫૦૦ |
| ૫૭. | સુધિરભાઈ ડી. મહેતા | ૫૦૦ |
| ૫૮. | સુમત જૈન | ૫૦૦ |
| ૫૯. | રામસંઘભાઈ વાઘેલા | ૫૦૦ |
| ૬૦. | અરૂણાબેન મહેતા | ૫૦૦ |
| ૬૧. | નાનાલાલ હરિલાલ ગોહેલ | ૩૦૨ |
| ૬૨. | મીનાબેન રતીલાલ મહેતા | ૨૫૦ |

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૬૦ | ૨૮-૦૬-૭૧ | ગાથા-૫૬, શ્લોક-૭૬ | ૦૦૩ |
| ૦૬૧ | ૨૯-૦૬-૭૧ | ગાથા-૫૭, શ્લોક-૭૭ થી ૭૯ | ૦૧૬ |
| ૦૬૨ | ૩૦-૦૬-૭૧ | ગાથા-૬૦ | ૦૩૨ |
| ૦૬૩ | ૦૨-૦૭-૭૧ | ગાથા-૬૧, શ્લોક ૮૦ થી ૮૨ | ૦૪૫ |
| ૦૬૪ | ૦૩-૦૭-૭૧ | શ્લોક-૮૩-૮૪, ગાથા-૬૨ | ૦૫૯ |
| ૦૬૫ | ૦૪-૦૭-૭૧ | શ્લોક-૮૫, ગાથા-૬૩ | ૦૭૫ |
| ૦૬૬ | ૦૫-૦૭-૭૧ | શ્લોક-૮૬, ગાથા-૬૪ | ૦૯૦ |
| ૦૬૭ | ૦૬-૦૭-૭૧ | શ્લોક-૮૭ થી ૯૦, ગાથા-૬૪-૬૫ | ૧૦૩ |
| ૦૬૮ | ૦૭-૦૭-૭૧ | શ્લોક-૯૧, ગાથા-૬૬-૬૭ | ૧૧૯ |
| ૦૬૯ | ૦૯-૦૭-૭૧ | શ્લોક-૯૨ થી ૯૪, ગાથા-૬૮-૬૯ | ૧૩૨ |
| ૦૭૦ | ૧૦-૦૭-૭૧ | શ્લોક-૯૫-૯૬, ગાથા-૭૦-૭૧ | ૧૪૮ |
| ૦૭૧ | ૧૧-૦૭-૭૧ | શ્લોક-૯૭ થી ૯૯ | ૧૬૪ |
| ૦૭૨ | ૧૨-૦૭-૭૧ | શ્લોક-૧૦૦ થી ૧૦૨, ગાથા-૭૨ | ૧૭૭ |
| ૦૭૩ | ૧૩-૦૭-૭૧ | શ્લોક-૧૦૩-૧૦૪, ગાથા-૭૩-૭૪ | ૧૯૨ |
| ૦૭૪ | ૧૪-૦૭-૭૧ | શ્લોક-૧૦૫ થી ૧૦૮, ગાથા-૭૫-૭૬ | ૨૦૬ |
| ૦૭૫ | ૨૭-૧૦-૭૯ | શ્લોક-૧૦૮, ગાથા-૭૭ થી ૮૧ | ૨૨૨ |
| ૦૭૬ | ૨૮-૧૦-૭૯ | ગાથા-૭૭ થી ૮૧ | ૨૩૯ |
| ૦૭૭ | ૨૯-૧૦-૭૯ | ગાથા-૭૭ થી ૮૧ | ૨૪૯ |
| ૦૭૮ | ૩૦-૧૦-૭૯ | શ્લોક-૧૦૯, ગાથા-૮૨ | ૨૬૨ |
| ૦૭૯ | ૩૧-૧૦-૭૯ | ગાથા-૮૨ | ૨૭૫ |
| ૦૮૦ | ૦૧-૧૧-૭૯ | શ્લોક-૧૧૦, ગાથા-૮૩ | ૨૮૭ |
| ૦૮૧ | ૦૨-૧૧-૭૯ | શ્લોક-૧૧૧, ગાથા-૮૪ | ૩૦૧ |
| ૦૮૨ | ૧૬-૧૧-૭૯ | શ્લોક-૧૧૨ | ૩૧૬ |
| ૦૮૩ | ૧૭-૧૧-૭૯ | શ્લોક-૧૧૩, ગાથા-૮૫ | ૩૨૮ |
| ૦૮૪ | ૧૮-૧૧-૭૯ | શ્લોક-૧૧૩-૧૧૪ | ૩૪૦ |
| ૦૮૫ | ૧૯-૧૧-૭૯ | ગાથા-૮૬ | ૩૫૨ |
| ૦૮૬ | ૨૦-૧૧-૭૯ | શ્લોક-૧૧૫, ગાથા-૮૭ | ૩૬૨ |
| ૦૮૭ | ૨૧-૧૧-૭૯ | ગાથા-૮૭ | ૩૭૬ |
| ૦૮૮ | ૨૨-૧૧-૭૯ | શ્લોક-૧૧૬-૧૧૭, ગાથા-૮૮ | ૩૮૭ |

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૮૯ | ૨૩-૧૧-૭૯ | શ્લોક-૧૧૮, ગાથા-૮૮-૮૯ | ૩૯૭ |
| ૦૯૦ | ૨૪-૧૧-૭૯ | શ્લોક-૧૧૯-૧૨૦, ગાથા-૮૯ | ૪૧૦ |
| ૦૯૧ | ૨૫-૧૧-૭૯ | શ્લોક-૧૨૦, ગાથા-૯૦ | ૪૨૦ |
| ૦૯૨ | ૩૦-૧૧-૭૯ | શ્લોક-૧૨૧, ગાથા-૯૦ | ૪૩૨ |
| ૦૯૩ | ૦૧-૧૨-૭૯ | ગાથા-૯૧ | ૪૪૩ |
| ૦૯૪ | ૦૨-૧૨-૭૯ | શ્લોક-૧૨૨, ગાથા-૯૨ | ૪૫૩ |
| ૦૯૫ | ૦૩-૧૨-૭૯ | શ્લોક-૧૨૩, ગાથા-૯૩ | ૪૬૫ |
| ૦૯૬ | ૦૪-૧૨-૭૯ | શ્લોક-૧૨૪, ગાથા-૯૩ | ૪૭૭ |
| ૦૯૭ | ૦૫-૧૨-૭૯ | શ્લોક-૧૨૫, ગાથા-૯૪ | ૪૮૮ |
| ૦૯૮ | ૦૬-૧૨-૭૯ | શ્લોક-૧૨૬, ગાથા-૯૫ | ૫૦૦ |


Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.


**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# પ્રથમ તું આત્માને જાણ



# ભગવત્ શ્રી કુંદકુંદાચાર્યદેવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**


નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુનિરાજ શ્રીપદ્મપ્રભમલધારિદેવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# જિનજીની વાણી

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦
વાણી ભલી મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો,
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા,
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમોપકારી પૂજય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ॐ

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेव प्रणीत

श्री

# નિયમસાર

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના

શ્રી 'નિયમસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૩)

## – ૪ –
## વ્યવહારચારિત્ર અધિકાર

### ગાથા–૫૬

अथेदानीं व्यवहारचारित्राधिकार उच्यते।

कुलजोणिजीवमग्गणठाणाइसु जाणिऊण जीवाणं।
तस्सारंभणियत्तणपरिणामो होइ पढमवदं।।५६।।

कुलयोनिजीवमार्गणास्थानादिषु ज्ञात्वा जीवानाम्।
तस्यारम्भनिवृत्तिपरिणामो भवति प्रथमव्रतम्।।५६।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अहिंसाव्रतस्वरूपाख्यानमेतत्

कुलविकल्पो योनिविकल्पश्च जीवमार्गणास्थानविकल्पाश्च प्रागेव प्रतिपादिताः। अत्र पुनरूक्तिदोषभयान्न प्रतिपादिताः। तत्रैव तेषां भेदान् बुद्ध्वा तद्रक्षापरिणतिरेव भवत्यहिंसा। तेषां मृतिर्भवतु वा न वा, प्रयत्नपरिणाममन्तरेण सावद्यपरिहारो न भवति। अत एव प्रयत्नपरे हिंसापरिणतेरभावादहिंसाव्रतं भवतीति।

तथा चोक्तं श्रीसमन्तभद्रस्वामिभि :-

(शिखरिणी)

अहिंसा भूतानां जगति विदितं ब्रह्म परमं
न सा तत्रारम्भोऽस्त्यणुरपि च यत्राश्रमविद्यो।
ततस्तत्सिद्ध्यर्थं परमकरुणो ग्रन्थमुभयं
भवानेवात्याक्षीन्न च विकृतवेषोपधिरतः।।

---

હવે વ્યવહારચારિત્ર અધિકાર કહેવામાં આવે છે.

**જીવસ્થાન, માર્ગણાસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,**
**આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.**

અન્વયાર્થ :– [ जीवानाम् ] જીવોનાં [ कुलयोनिजीवमार्गणास्थानादिषु ] કુળ, યોનિ, જીવસ્થાન, માર્ગણાસ્થાન વગેરે [ ज्ञात्वा ] જાણીને [ तस्य ] તેમના [ आरम्भनिवृत्तिपरिणामः ] આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે [ प्रथमव्रतम् ] પહેલું વ્રત [ भवति ] છે.

ટીકા :– આ, અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે.

કુળભેદ, યોનિભેદ, જીવસ્થાનના ભેદ અને માર્ગણાસ્થાનના ભેદ પહેલાં જ (૪૨મી ગાથાની ટીકામાં જ) પ્રતિપાદિત કરવામાં આવ્યા છે; અહીં પુનરુક્તિદોષના ભયથી પ્રતિપાદિત કર્યા નથી. ત્યાં કહેલા તેમના ભેદોને જાણીને તેમની રક્ષારૂપ પરિણતિ તે જ અહિંસા છે. તેમનું મરણ થાઓ કે ન થાઓ, *પ્રયત્નરૂપ પરિણામ વિના સાવદ્યપરિહાર (દોષનો ત્યાગ) થતો નથી. આથી જ, પ્રયત્નપરાયણને હિંસાપરિણતિનો અભાવ હોવાથી અહિંસાવ્રત હોય છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી સમંતભદ્રસ્વામીએ (બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં શ્રી નમિનાથ ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૯માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

---

* મુનિને (મુનિત્વોચિત) શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિકસંબંધી શુભોપયોગ તે વ્યવહાર પ્રયત્ન છે. [શુદ્ધપરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહાર પ્રયત્ન પણ કહેવાતો નથી.]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**“[શ્લોકાર્થ :–] જગતમાં વિદિત છે કે જીવોની અહિંસા પરમ બ્રહ્મ છે. જે આશ્રમની વિધિમાં લેશ પણ આરંભ છે ત્યાં (–તે આશ્રમમાં અર્થાત્ સગ્રંથપણામાં) તે અહિંસા હોતી નથી. માટે તેની સિદ્ધિને અર્થે, (હે નમિનાથ પ્રભુ!) પરમ કરુણાવંત એવા આપશ્રીએ બન્ને ગ્રંથને છોડ્યા (–દ્રવ્ય તેમ જ ભાવ બન્ને પ્રકારના પરિગ્રહને તજી નિર્ગ્રંથપણું અંગીકૃત કર્યું), વિકૃત વેશ તથા પરિગ્રહમાં રત ન થયા.”**

**પ્રવચન નં. ૬૦, શ્લોક-૭૬, ગાથા-૫૬, સોમવાર, અષાઢ સુદ ૬, તા.૨૮-૦૬-૧૯૭૧**

સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની કેટલીક પરિણતિ શુદ્ધ હોય છે. એને આવો અહિંસા વ્રતનો, જે પાંચ મહાવ્રતનો વિકલ્પ, શુભ ઉપયોગરૂપ પ્રયત્ન હોય છે. એને અહીંયા અહિંસાવ્રત કહેવામાં આવે છે. વ્યવહાર અહિંસાવ્રત. તેથી તો એ રાગ છે એ હિંસા છે. પણ વ્યવહારે એને અહિંસા કહેવામાં આવે છે. એ પાંચ મહાવ્રતની વાત છે.

**कुलजोणिजीवमग्गणठाणाइसु जाणिऊण जीवाणं।**
**तस्सारंभणियत्तणपरिणामो होइ पढमवदं।।५६।।**

**જીવસ્થાન, માર્ગણાસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,**
**આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.**

**ટીકા :– ‘આ, અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે. કુલભેદ,...’** જીવોના કુલભેદ. પહેલા ૪૨ ગાથામાં આવી ગયા છે. **‘યોનિભેદ,...’** ઉત્પત્તિ સ્થાનના ભેદો અને **‘જીવસ્થાનના ભેદ...’** ચૌદ. **‘અને માર્ગણાસ્થાનના ભેદ પહેલાં જ (૪૨મી ગાથાની ટીકામાં જ) પ્રતિપાદિત કરવામાં આવ્યા છે;...’** કે જીવમાં નથી એમ એમાં આવ્યું હતું. **‘કુલભેદ, યોનિભેદ, જીવસ્થાનના ભેદ અને માર્ગણાસ્થાનના ભેદ પહેલાં જ (૪૨મી ગાથાની ટીકામાં)...’** એ કહ્યું હતું કે જીવમાં એ નથી. એ અહીં પર્યાયમાં એ ભેદ છે એમ જણાવે છે.

**‘અહીં પુનરુક્તિદોષના ભયથી પ્રતિપાદિત કર્યા નથી.’** અહીં પાઠમાં હોવા છતાં વિસ્તાર કર્યો નથી. ત્યાં વિસ્તાર થઈ ગયો માટે. **‘कुलजोणिजीवमग्गणठाणा’** એ શબ્દ ત્યાં ૪૨મી ગાથામાં હતો. ૪૨ ગાથા છે ને? ત્યાં એ શબ્દ છે. **‘कुलजोणिजीवमग्गणठाणा’** ત્યાં એ શબ્દ હતો. ત્યાં વિસ્તાર કર્યો હતો. અહીં નથી કર્યો. **‘ત્યાં કહેલા તેમના ભેદોને જાણીને...’** જુઓ! જાણીને એમ કહે છે. એને જાણવું તો જોઈએ. વસ્તુમાં નથી પણ પર્યાયમાં છે એને જાણવું જોઈએ, એમ કહે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ કહે છે ને?

મુમુક્ષુ :–...

ઉત્તર :– જાણવાની વાત નથી પણ .. છે એમ જાણવાની વાત નથી? આશ્રય આનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લીધો છતાં પર્યાયમાં આવા ભેદો છે એને જાણવા.

મુમુક્ષુ :– પણ હેય કહ્યા પછી એને આમ જાવું કે આમ જાવું?

ઉત્તર :– પણ વ્યવહારે જાણવું એમ આવે છે કે નહિ? હેયને જાણે ત્યારે હેય થાય કે જાણ્યા વિના હેય શી રીતે થાય? હેય, જ્ઞેય. આ પર્યાયમાં હેય છે એમ જાણ્યા વિના તેનું લક્ષ કેમ છોડે? એમ કહે છે. તેમને જાણીને. જુઓ! આવ્યું છે ને? બધામાં આવ્યું છે. 'યોગસાર'માં આવ્યું નથી? છ દ્રવ્યને પ્રયત્નથી જાણવા. છ દ્રવ્ય તો પર છે. પણ વ્યવહારે પોતાની પર્યાયમાં એનું જ્ઞાન થાય છે, એથી એને જાણવા. જાણવામાં ક્યાં વાંધો છે? વ્યવહાર જાણેલો. વ્યવહાર જાણવામાં આવે. વ્યવહારનો વિષય છે કે નહિ?

મુમુક્ષુ :– એ તો ધર્મ થયા પછીની વાત છે.

ઉત્તર :– ધર્મની આ વાત છે ને?

મુમુક્ષુ :– આ ધર્મ થયા પહેલાની વાત છે.

ઉત્તર :– પહેલાની અહીંયા વાત જ નથી. અહીં તો આત્માનું આવું ભાન છે ત્યાં આવી પર્યાય ને ભેદને જાણવા. ધર્મ થયા પહેલાની વાત અહીં છે જ નહિ. એય..! એને પર્યાય જાણવામાં આવે કે નહિ? પર્યાય જાણવામાં ન આવે? દ્રવ્ય અને પર્યાય બેનું જ્ઞાન કરે. આદરણીય દ્રવ્ય, પર્યાય જાણવાલાયક. એય..! અટપટું છે એટલે આ બધી ભાંગજડ ઊભી થઈ છે ને? હમણાં એ તો કહેશે. **'તેમના ભેદોની જાણીને...'** જાણવામાં ન આવે? માર્ગણાના ભેદો પર્યાયમાં છે. કઈ કઈ અવસ્થામાં જીવ છે? ક્યા જીવના સ્વરૂપભેદમાં ભેદ ક્યાં છે? કુળ કયુ છે? યોનિ શું? એ જાણવામાં ન આવે? જાણવામાં તો બધું આવે.

**'તેમની રક્ષારૂપ પરિણતિ તે જ અહિંસા છે.'** એ રક્ષા શબ્દ રાખ્યો છે. **'તેમની રક્ષારૂપ પરિણતિ...'** એટલે કે એ બધા જીવોને ન મારવાના પરિણામ, એ પરિણતિ તે અહિંસા-વ્યવહાર-શુભોપયોગ.

મુમુક્ષુ :– એની રક્ષા કરી શકાય?

ઉત્તર :– એ કીધું ને? રક્ષાનો અર્થ આ. થઈ શકે છે ક્યાં? એને નહિ મારવાના પરિણામ, એને અહીંયા રક્ષા કહેવામાં આવે છે. પરિણામ. એને મારી શકે છે કે જીવાડી શકે છે એ પ્રશ્ન અહીં છે જ નહિ. એને નહિ મારવાના પરિણામ. જુઓ! કહે છે, **'અહિંસા છે.'** વ્યવહાર હોં! આ. શુભ ઉપયોગ.

**'તેમનું મરણ થાઓ કે ન થાઓ,...'** લ્યો, પ્રશ્ન છે? મરણ થાય કે ન થાય, એની સાથે કાંઈ નથી. એ તો પર છે. **'પ્રયત્નરૂપ પરિણામ વિના...'** શુભભાવમાં પ્રયત્ન વિના **'સાવદ્યનો પરિહાર (દોષનો ત્યાગ) થતો નથી.'** એમ કહે છે. બીજાને ન મારવો એ શુભભાવનો પ્રયત્ન છે. એ મરે ન મરે એની સાથે સંબંધ નથી. એ તો સાથે નાખી દીધું. પણ શુભ પરિણામનો પ્રયત્ન છે, એ સાવદ્યયોગનો ત્યાગ છે. એ **'પ્રયત્નરૂપ પરિણામ વિના...'** શુભમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રયત્ન વિના અશુભના સાવદ્યયોગનો ત્યાગ થતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'આથી જ, પ્રયત્નપરાયણને...'** જુઓ! શુભભાવમાં **'પ્રયત્નપરાયણને હિંસાપરિણતિનો અભાવ હોવાથી...'** એને સાવદ્યના અશુભભાવનો ત્યાગ હોવાથી **'અહિંસાવ્રત હોય છે.'** કહો, સમજાણું કાંઈ? એને અહિંસાવ્રત–શુભભાવ હોય છે. આ વ્યવહાર નિશ્ચય સહિત હોય એને આવો વ્યવહાર હોય છે એમ જણાવે છે. અને વ્યવહારનયના અર્થમાં તો એમ પણ કહે એ વ્યવહારનો પ્રયત્ન છે એટલો અશુભ ટાળે છે ને? સાવદ્યયોગનો ત્યાગ એટલો શુભમાં પ્રયત્ન છે. છે પુણ્યબંધન, છે શુભોપયોગ. નિશ્ચયથી તો સ્વરૂપની હિંસા, પણ વ્યવહારે સાવદ્યયોગનો ત્યાગ છે માટે વ્યવહારે એને અહિંસા પરિણામ કહેવામાં આવ્યા. આવી વાત છે.

મુમુક્ષુ :– ગૂંચવણ તો ખરી.

ઉત્તર :– ગૂંચવણ જરીયે નથી. સીધો માર્ગ છે પણ માળાએ એને ઉંધો માન્યો છે. વસ્તુ જ્યાં આત્માનું ભાન છે, અનુભવ છે કે હું તો આનંદ છું. એની દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું અને આનંદમાં કેટલીક લીનતા પણ થઈ છે. એને આવો શુભભાવ પ્રયત્નથી હોય છે. એ જાતનો શુભનો પ્રયત્ન છે ને? એને અહીંયા વ્યવહાર અહિંસાવ્રત કહેવામાં આવે છે. એવો ભાવ મુનિને છઠ્ઠા ગુણસ્થાને હોય છે. એવું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ?

**'એવી રીતે (આચાર્યવર) શ્રી સમંતભદ્રસ્વામીએ (બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં શ્રી નમિનાથ ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૯માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** જુઓ! પાછું નિશ્ચય નાખે છે.

**अहिंसा भूतानां जगति विदितं ब्रह्म परमं**
**न सा तत्रारम्भोऽस्त्यणुरपि च यत्राश्रमविद्यो।**
**ततस्तस्तित्द्धयर्थं परमकरुणो ग्रन्थमुभयं**
**भवानेवात्याक्षीन्न च विकृतवेषोपधिरतः।।**

**શ્લોકાર્થ :– 'જગતમાં વિદિત છે...'** અહીં તો કહે છે, લ્યો. **'જીવોની અહિંસા પરમ બ્રહ્મ છે.'** એ ભાવ અહિંસાની વાત છે. રાગની ઉત્પત્તિ ન થવી અને વીતરાગ પર્યાયની ઉત્પત્તિ થવી, એ અહિંસા જગત પ્રસિદ્ધ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચાલે છે ઓલું અહિંસા વ્રતનું એમાં નીચે પાછું આ નાખ્યું. આત્મામાં જેટલે અંશે રાગની ઉત્પત્તિ થાય એટલે અંશે તો હિંસા જ છે. અને જેટલે અંશે સ્વભાવ શુદ્ધ આનંદ, એને આશ્રયે વીતરાગ અકષાયની પરિણતિ થાય તે અહિંસા છે.

**'જગતમાં વિદિત છે કે જીવોની અહિંસા પરમ બ્રહ્મ છે.'** એમાં પરમ આનંદ છે. તે પરમબ્રહ્મ આત્મા છે એમ કહે છે. આત્માનું જેવું પરમબ્રહ્મ સ્વરૂપ છે, એવી જ્યાં પરિણતિ પર્યાય વીતરાગી દશા પ્રગટ થઈ, તે પરમ બ્રહ્મ સ્વરૂપ છે. અહિંસાની અવસ્થા, રાગ વિનાની દશા, હોં! આ શુભની વાત નથી. જીવ એટલે જીવ પોતે પણ આવ્યો ને? સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જીવોની અહિંસા પરમ બ્રહ્મ છે.'** એ પરજીવની અહિંસા એકલી ન મારવી એ નહિ. પરમ અહિંસા છે, પરમ બ્રહ્મ છે. ભગવાનઆત્મા.. એ ખુલાસો કરશે.

જે આશ્રમમાં પરિગ્રહનો એક અંશ નથી ત્યાં અહિંસા છે એમ કહે છે. મુનિને આત્મજ્ઞાન અનુભવ સહિત ચારિત્રની દશા જે અંતર વર્તે છે, એને પરિગ્રહનો કણ લેવાનો વિકલ્પ નથી. એ વિકલ્પ હોય તો એ હિંસા છે. એમ કહે છે. સમજાણું કાંઈ? લોકોને બરાબર શુદ્ધભાવ અધિકાર કહીને વ્યવહાર (ચારિત્ર અધિકાર) કહેશે. પછી પ્રતિક્રમણ આદિ નિશ્ચય કહેશે. **'જીવોની અહિંસા પરમ બ્રહ્મ છે. જે આશ્રમની વિધિમાં...'** જુઓ! **'લેશ પણ આરંભ છે...'** ગૃહસ્થાશ્રમમાં ભલે પંચમ ગુણસ્થાનમાં હોય પણ ત્યાં હજી રાગ છે. વસ્ત્ર, પાત્ર રાખવાનો વગેરે વગેરે રાગ છે, એ હિંસા છે. **'જે આશ્રમની વિધિમાં લેશ પણ આરંભ છે ત્યાં (–તે આશ્રમમાં અર્થાત્ સગ્રંથપણામાં)તે અહિંસા હોતી નથી.'** જુઓ! વસ્ત્ર-પાત્ર રાખવાનો જ્યાં ભાવ છે, ત્યાં અહિંસા હોતી નથી. તે હિંસા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જે આશ્રમની વિધિમાં લેશ પણ આરંભ છે ત્યાં (–તે આશ્રમમાં અર્થાત્ સગ્રંથપણામાં) તે અહિંસા હોતી નથી.'** જુઓ! પંચમ ગુણસ્થાનમાં શ્રાવકને પૂર્ણ અહિંસા નથી. એને હજી રાગભાવ છે. આરંભનો, વસ્ત્ર-પાત્ર રાખવાનો, સ્ત્રી, કુટુંબ વગેરે રાગ છે તે હિંસા છે. ત્યાં અહિંસા નથી. જુઓ! **'માટે તેની સિદ્ધિને અર્થે, (હે નમિનાથ પ્રભુ!) પરમ કરુણાવંત એવા આપશ્રીએ બન્ને ગ્રંથને છોડ્યા...'** અંદરમાંથી રાગ છોડ્યો અને બહારમાંથી વસ્ત્ર-પાત્ર વસ્તુ છોડી. વ્યવહાર. એવું જે મુનિપણું ત્યાં અહિંસા છે એમ કહે છે. સમજાણું કાંઈ? જે આશ્રમમાં રાગનો અંશ નથી અને પરિગ્રહમાં વસ્ત્ર-પાત્ર પણ નથી. એવા આશ્રમમાં અહિંસા હોય છે. એટલે ભાવલિંગી સંત, આત્માના અતીન્દ્રિય આનંદના અનુભવી, એ ઉપરાંત એમાં સ્થિરતા, વીતરાગતા પ્રગટી છે એને ભાવહિંસા નથી, રાગનો ભાવપરિગ્રહ નથી અને વસ્ત્ર-પાત્રનો દ્રવ્યપરિગ્રહ પણ નથી. આહાહા..!

**'માટે તેની સિદ્ધિને અર્થે, (હે નમિનાથ પ્રભુ!) પરમ કરુણાવંત એવા આપશ્રીએ...'** જુઓ! એમાં પોતાની કરુણા છે. **'બન્ને ગ્રંથને છોડ્યા...'** વસ્ત્ર-પાત્ર પણ છોડ્યા અને રાગ પણ છોડ્યો. **'(–દ્રવ્ય તેમ જ ભાવ બન્ને પ્રકારના પરિગ્રહને તજી નિર્ગ્રંથપણું અંગીકૃત કર્યું),...'** જુઓ! જેમાં રાગનો લેશ પણ અંશ નથી. એ ખરેખર વીતરાગદશામાં સાતમે ગુણસ્થાને ... સમજ્યા? રાગનો અંશ નથી એવી જે દશા, તે નિર્ગ્રંથદશા અને તે અહિંસા દશા, તે અહિંસક દશા છે. આહાહા..! જુઓને વ્યાખ્યા.

**'વિકૃત વેશ...'** સાધુને વસ્ત્રાદિ રાખવા એ વિકૃત વેશ છે. એ સાચો વેશ નથી. **'તથા પરિગ્રહમાં રત ન થયા.'** રાગમાં રત ન થયા અને બહારના વેશમાં વિકૃતમાં પણ રત ન થયા. આહાહા..! જુઓ! આ અહિંસાવ્રતના શુદ્ધઉપયોગની વ્યાખ્યા ચાલે છે. એમાં આ નાખ્યું. ભગવાનઆત્મા રાગરહિત મુનિને જ્યાં વીતરાગદશા પ્રગટી છે, એ આશ્રમમાં અહિંસા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. જ્યાં રાગનો આરંભ નથી અને બહાર રાગના નિમિત્તો, વસ્ત્ર, પાત્ર, એવો પરિગ્રહનો સંગ-સંબંધ પણ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એક કોર કહે કે, ચોથે ગુણસ્થાને જ્ઞાનીને બંધ નથી, રાગ એનો નથી. એય..! દૃષ્ટિની અપેક્ષાએ જ્યાં પરિણમન પરથી ભિન્ન પડી ગયું એ અપેક્ષાએ. જેમ શરીર પર એમ રાગ પર. પણ સ્થિરતાની અપેક્ષા જ્યાં આવે, ત્યાં પંચમ ગુણસ્થાનમાં પણ રાગ-ભાગ છે એ હિંસા છે એમ કહે છે. એ આશ્રમમાં અહિંસા પૂર્ણ નથી. આહાહા..! કથનની પદ્ધતિ જુઓ! સમજાણું કાંઈ? અહીં તો ચારિત્રની વ્યાખ્યા લેવી છે કે નહિ? અંતર સ્વરૂપમાં આનંદમાં રમણતા, એની ભૂમિકામાં રાગનો અંશ નથી તેને અહિંસા જગત પ્રસિદ્ધ–વિદિત કહેવામાં આવે છે. આહાહા..! અહીં તો કહે છે, એ વાત જગત પ્રસિદ્ધ છે.

મુનિ અણાલંબી અપરિગ્રહી. આહાહા..! નગ્ન મુનિ, બહારમાં નગ્ન છે, અંદરમાં રાગનો કણ નથી. જરીક આ સંજ્વલનનો કણ છે એમ... અકષાય પરિણતિ જ જેને ઉગ્ર છે. એને અહીંયા અહિંસા કહેવામાં આવે છે. આહાહા..! માર્ગ તો આવો છે. એને પોતાની કલ્પનાએ ફેરફાર કરીને જગત પાસે મુકવો, એ કાંઈ માર્ગ નથી. અહીં તો અગિયાર પડિમાવાળાને પણ હજી રાગ છે. છે ને? પંચમ ગુણસ્થાન છે ને? ત્યાં હજી એ આશ્રમમાં પૂર્ણ અહિંસા નથી એમ કહે છે. આહાહા..!

અહીં નમિનાથ ભગવાનની વાત ચાલે છે. હે પ્રભુ! આપે તો અંતરમાં વીતરાગ દશા પ્રગટ કરી અને બાહ્યમાં નગ્ન દશા. વિકૃત વેશ રહ્યો નથી. આવી અપરિગ્રહ દશા, એને અહીંયા અહિંસા કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? પ્રયત્ન પરાયણ લ્યો. એ અપેક્ષાએ શુભભાવમાં એટલો પુરુષાર્થ છે ને? અશુભમાં આંતરો અવળો, પણ આમાં જરી ઓછો છે. પણ છે ને? શુભમાં વિશેષ પ્રયત્ન છે પણ આમાં પણ એકલું વીર્ય છે ને શુભમાં? એમ કહે છે. પણ છે એ વ્યવહાર અહિંસા છે. નિશ્ચય અહિંસા જેને પ્રગટી હોય, એને આવો વિકલ્પ હોય એને વ્યવહાર અહિંસા કહેવામાં આવે છે. જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન અને આનંદની-શુદ્ધની દશા છે જ નહિ, એને આ વ્યવહાર હોઈ શકે નહિ. એને વ્યવહાર જ નથી. વ્યવહાર ક્યાંથી આવ્યો? જાગ્યા વિના, નિશ્ચય વિના વ્યવહાર કોને કહેવો?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આગળ પાંચમામાં લેશે. પાંચમા વ્રતમાં નિરપેક્ષ શબ્દ છે ખરો ને? પાઠમાં. નિર્વિકભાવના. એટલે પાંચ મહાવ્રતમાં અંદર દૃષ્ટિ, જ્ઞાન, સ્થિરતાનું નિરપેક્ષપણું. પાંચમામાં નિરપેક્ષ શબ્દ આવે છે. ત્યાં ખુલાસો નીચે છે. અહીં પણ ખુલાસો કર્યો ને? જુઓને ક્યાં શબ્દ છે એ? પ્રયત્ન-પ્રયત્ન છે ને?

**'મુનિને (મુનિત્વોચિત) શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે...'** અંદર શુદ્ધ વીતરાગદશા તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની કેટલીક પરિણતિ તો છે. **'જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિકસંબંધી શુભોપયોગ તે વ્યવહાર-પ્રયત્ન છે.'** હઠ વગરનો એટલે એ પ્રકારે શુભભાવ ત્યાં સહજ હોય છે. **'[શુદ્ધ પરિણતિ ન હોય...]'** લ્યો. પાંચમામાં વિશેષ સ્પષ્ટ છે. શુદ્ધ પરિણતિ ન હોય, જ્યાં સ્વ ભગવાનઆત્માનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી દશા ન હોય **'ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે;...'** ત્યાં તો હઠ છે. સહજ નથી. **'[તે શુભોપયોગ તો વ્યવહાર-પ્રયત્ન પણ કહેવાતો નથી]'** કહો, સમજાણું?

જ્ઞાનસ્વભાવી ભગવાનઆત્મા, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિની જે નિર્વિકલ્પ દશા–શુદ્ધ પરિણતિ પ્રગટે, ત્યાં આગળ તે શુભોપયોગનો પ્રયત્ન છે એ સહજ એ જાતનો ભૂમિકામાં ભાવ હોય છે. હઠ વગરનો. અને જ્યાં શુદ્ધની પરિણતિનું ભાન જ નથી, આત્મા આનંદ સ્વરૂપનો જ્યાં આશ્રય લીધો નથી, આશ્રય લીધા વિનાની દશાવાળો એકલો શુભોપયોગ તો હઠવાળો છે. એ ભૂમિકાએ એને હોય, આવે એવું ત્યાં નથી. એ હઠવાળો છે. એ શુભોપયોગને વ્યવહાર પણ કહેવાતો નથી. **'વ્યવહાર-પ્રયત્ન પણ કહેવાતો નથી.'** લ્યો. કહો, સમજાય છે કે નહિ? 'કાંતિભાઈ'! આ પણ નિશ્ચય સાથે વ્યવહાર આવ્યો એટલે ઝગડા ઉઠ્યા. કહે, જો વ્યવહાર હોય છે. વ્યવહાર હોય છે તો નિશ્ચય થાય છે. એ વાત અહીંયા ક્યાં છે? અહીં તો આવા નિશ્ચયની દશાની પરિણતિ હોય ત્યારે આવો વ્યવહાર-શુભોપયોગ હોય છે એવું જ્ઞાન કરાવે છે. શુભ ઉપયોગ કરવા જેવો છે એ વાત પણ ક્યાં છે? આવે છે, હોય છે, થાય છે.

મુમુક્ષુ :– તેને કરે છે એમ કહેવાય છે.

ઉત્તર :– તેને કરે છે એ તો વ્યવહારનયથી પાળે છે એમ કહેવાય.

વ્યવહાર અહિંસાવ્રત પાળે છે. રાગને પાળે? પણ વ્યવહારનયનું કથન અહિંસા એ રીતે જ કહેવામાં આવે છે. કહો, ભગવાનનો દાખલો આપ્યો, ઠીક. હે પ્રભુ! આપે તો નિર્ગ્રંથ દશા અંતરમાં અને બાહ્યમાં બન્ને કરી. વસ્ત્રનો વેશ એ વિકૃત વેશ છે. તે મુનિનો વેશ નથી. સંતની દશા એ વ્યવહારે પણ નથી. આહાહા..! જેને વસ્ત્ર પ્રત્યેની વિકલ્પ દશા છૂટી ગઈ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પરિણતિ સહિત, જેને આવો વ્યવહાર અહિંસાનો શુભ પ્રયત્ન હોય, એને વ્યવહાર કહેવાય એમ કહે છે.

જ્યાં નિશ્ચય સ્વરૂપનું ભાન નથી, કે આ વ્યવહાર. ત્યાં વ્યવહાર કોને કહેવો? વ્યવહાર તો સહચર. નિશ્ચયની શ્રદ્ધા-જ્ઞાનની શાંતિ સાથે સહચર. સાથે હોય તો એને વ્યવહાર કહેવાય. પણ અહીંયા સાથે વાળો નિશ્ચય તો જાગ્યો નથી. ત્યાં સહચર કોને કહેવો? સમજાણું કાંઈ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં સહચર આવે છે ને? સહચર સાથે હોય છે એથી એને વ્યવહાર કહેવામાં આવે છે. પણ કોની સાથે? નિશ્ચય છે નહિ અને સાથે ચાલે છે. પણ કોની સાથે? સમજાણું કાંઈ? લોકો તો બસ, આ અહિંસાવ્રત અને આ વ્રત છે એ ચારિત્ર જ છે, બસ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક જ વાત સિદ્ધ કરે છે. અહીં તો શુભઉપયોગ ચોખ્ખો શબ્દ લેશે. એ બધા શુભઉપયોગ છે. સમજાણું? પરંપરાએ આગળ કહેશે. ખુલાસો કરશે.

મુમુક્ષુ :– ૧૧૭ પાને.

ઉત્તર :– ૧૧૭ પાને? ક્યાંક છે ખરું. નીચે ને? ટીકામાં. '**ચોવીશ પ્રકારના પરિગ્રહનો પરિત્યાગ જ પરંપરાએ પંચમગતિના હેતુભૂત એવું પાચમું વ્રત છે.**' પરંપરાગત તો કીધું પણ શુભઉપયોગ શબ્દ નથી. પરિત્યાગ જ. '**પરંપરાએ પંચમગતિના હેતુભૂત એવું પાંચમું વ્રત છે.**' અર્થમાં છે જુઓ! એમાં અર્થમાં છે. '**સર્વ પરિગ્રહોના ત્યાગ (સર્વપરિગ્રહત્યાગસંબંધી શુભભાવ)...**' જુઓ! છે? ૬૦ ગાથા. સર્વ પરિગ્રહનો ત્યાગ જોયું? અહીં માથે કહ્યું ને '**નિરપેક્ષ ભાવનાપૂર્વક (અર્થાત્ જે ભાવનામાં પરની અપેક્ષા નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત)...**' સહિત. ત્યારે સર્વ પરિગ્રહનો ત્યાગ એ શુભભાવ. એ પાઠનો પોકાર છે. ૬૦મી ગાથા. ૬૦મી હોં! ૬૦ ગાથા. એનો અર્થ.

'**નિરપેક્ષ ભાવનાપૂર્વક...**' જુઓ! ઓહો..! જેને કોઈ પરની અપેક્ષા નથી એવું નિર્મળ પરિણમન થયું છે. '**(એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત) સર્વ પરિગ્રહોનો ત્યાગ...**' આ શુદ્ધપરિણતિ સહિત શુભઉપયોગ એ પાંચમું મહાવ્રત છે. એમ અહીંયા અહિંસા આદિ શુભભાવ બધાને ગણવા. સમજાણું કાંઈ? આહાહા..!

# શ્લોક–૭૬

**तथा हि -**

(मालिनी)

**त्रसहतिपरिणामध्वांतविध्वंसहेतुः**
**सकलभुवनजीवग्रामसौख्यप्रदो यः ।**
**स जयति जिनधर्मः स्थावरैकेन्द्रियाणां**
**विविधवधविदूरश्चारुशर्माब्धिपूरः ।।७६ ।।**

**વળી (૫૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે) :–**

**[શ્લોકાર્થ :–] ત્રસઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે, સકળ લોકના જીવસમૂહને જે સુખપ્રદ છે, સ્થાવર એકેંદ્રિય જીવોના વિવિધ વધથી જે બહુ દૂર છે અને સુંદર સુખસાગરનું જે પૂર છે, તે જિનધર્મ જયવંત વર્તે છે. ૭૬.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૭૬ ઉપર પ્રવચન

**'વળી (૫૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :–'**

**त्रसहतिपरिणामध्वांतविध्वंसहेतुः**
**सकलभुवनजीवग्रामसौख्यप्रदो यः।**
**स जयति जिनधर्मः स्थावरैकेन्द्रियाणां**
**विविधवधविदूरश्चारुशर्माब्धिपूरः।।७६।।**

**'ત્રસઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે,...'** કોણ? જૈનધર્મ. જૈનધર્મ એટલે અજ્ઞાન ને રાગને જીતીને વીતરાગતા પ્રગટ કરવી એ. એ જૈનધર્મ છે. **'ત્રસઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે, સકળ લોકના જીવસમૂહને જે સુખપ્રદ છે,...'** વીતરાગધર્મ. વીતરાગધર્મ એટલે આત્માની વીતરાગી પરિણતિ. એ જૈનધર્મ, એ જૈનશાસન છે. પુણ્ય-પાપના રાગ વિનાની આત્માની સ્વઆશ્રયની શુદ્ધ પરિણતિ, એને અહીંયા જૈનધર્મ અને જૈનશાસન કહેવામાં આવે છે.

**'સકળ લોકના જીવસમૂહને જે સુખપ્રદ છે,...'** વીતરાગભાવ બધા જીવને આનંદદાયક છે એમ કહે છે. જિન એટલે આત્માનું વીતરાગસ્વરૂપ. એને આશ્રયે થતી પરિણતિ, વીતરાગ પરિણતિ. રાગાદિ નહિ, એવો જે જૈનધર્મ, એને ત્રસઘાતના નાશનો, અંધકારના નાશનો હેતુ છે. અને **'સ્થાવર એકેંદ્રિય જીવોના...'** પણ મારવાના પરિણામ રહિત છે. **'વિવિધ વધથી જે બહુ દૂર છે...'** જોયું! એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ છે. જળનું બિંદુ. ... અસંખ્ય શરીર અને એક-એક શરીરમાં એક-એક જીવ. એના ઘાતથી પણ જૈનધર્મ દૂર વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? છ કાય લઈ લીધા ને? ત્રસ અને એકેન્દ્રિય. છ કાય લઈ લીધા.

પાણીનું એક બિંદુ, અગ્નિનો જરી તણખો, એમાં અસંખ્ય જીવ છે. આ પાણીના દસ-દસ શેર અધમણ ઊના પાણીમાં, એક-એક પાણીની કણીમાં અસંખ્ય જીવ. મુનિ માટે એ પાણી બનાવે અને મુનિ લે એ મુનિ જ નથી. વ્યવહારે મુનિ નથી, હોં! નિશ્ચયથી તો છે જ નહિ. સમજાણું કાંઈ? અહીં તો પ્રભુ! તારો માર્ગ, ત્રસ અને એકેન્દ્રિય જીવના ઘાતથી દૂર-દૂર માર્ગ છે. આહાહા..!

**'અને સુંદર સુખસાગરનું જે પૂર છે,...'** આહાહા..! ઓલો રાગ છે એ તો દુઃખ છે. અને એનાથી ભિન્ન ભગવાનઆત્માની પરિણતિ, શુદ્ધ વીતરાગ સ્વભાવનો આશ્રય લઈને. પોતાનો નિજ વીતરાગ સ્વભાવ, વીતરાગ પરિણતિ જે ઊભી થઈ, એ **'સુંદર સુખસાગરનું પૂર છે,...'** અજ્ઞાનીએ સુખની કલ્પના કરી એ તો દુઃખ છે. આ તો **'સુંદર સુખસાગરનું જે પૂર છે,...'** આહાહા..! શું કહે છે? સમજાય છે? જૈનધર્મ એને કહીએ, કે જે આનંદસાગર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા, એમાંથી વીતરાગી આનંદની દશા પ્રગટ કરી, એને જૈનધર્મ કહીએ. આહાહા..! છે કે નહિ એમાં? જુઓ! ક્યાં? પંદરમી ગાથામાં એમ કહ્યું, કે શુદ્ધ ઉપયોગ. ભાવશ્રુત ઉપયોગ તે જૈનશાસન છે. 'સમયસાર'ની ૧૫મી ગાથા. ભાવશ્રુત ઉપયોગ, જેમાં રાગનો કણ નહિ. વીતરાગી ભાવશ્રુત ઉપયોગ એ જૈનશાસન છે. અહીં કહે છે કે, જૈનધર્મ કહો કે જૈનશાસન કહો.

જૈનધર્મ શું છે? કે અતીન્દ્રિય આનંદની પરિણતિનું પૂર અંદર પ્રગટ થાય (એ જૈનધર્મ). આહાહા..! આ મહાવ્રતનો વિકલ્પ પણ રાગ છે એમ કહીને અહીં પાછું કાઢી નાખ્યું. હોય છે એમ જણાવે છે. પણ અંતરમાં આ રાગ જે આવે એ જૈનધર્મ નથી એમ કહે છે. ભાઈ! મહાવ્રતના પરિણામનો, અહિંસાનો વિકલ્પ એ જૈનધર્મ નથી. એને આવો વ્યવહાર હોય એટલું જ્ઞાન કરાવે છે. પણ એ જૈનધર્મ નથી. એય..! આહાહા..! કારણ કે રાગ છે તે દુઃખ છે. અહિંસા મહાવ્રતનો વિકલ્પ, વ્યવહાર અહિંસા એ પણ દુઃખ છે. જૈનધર્મ નથી. વચમાં હોય એનું જ્ઞાન કરાવે છે. આહાહા..!

જૈનધર્મ એટલે કોઈ પક્ષ નથી. કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. 'જિન સો હી હૈ આત્મા' વીતરાગભાવથી ભરેલો અકષાયસ્વભાવરૂપ આત્મા, એનો આશ્રય લઈને જે વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતા પ્રગટ થઈ, એ સુખનું પૂર એટલે એ ત્રણે સુખરૂપ છે. એમ કહે છે. ત્રણે દુઃખરૂપ નથી. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણે સુખરૂપ છે. માણસ કહે છે ને અરે..! ચારિત્ર તો મહા કોળિયા છે. અરે..! હાલ..હાલ.. તને ભાન નથી. મીણના દાંતે.. શું કહે છે? લોઢાના ચણા ચણવા. બાપા! શું ચારિત્ર દુઃખરૂપ છે? સમ્યગ્દર્શન દુઃખરૂપ છે? સમ્યગ્જ્ઞાન દુઃખરૂપ છે?

કહે છે, **'સુંદર સુખસાગરનું જે પૂર છે,...'** આહાહા..! કેવી રીતે વાત કરી છે! આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું પૂર, ધ્રુવ છે. એનો આશ્રય લઈને, અવલંબન લઈને એમાંથી અતીન્દ્રિય આનંદની દશા–શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર ત્રણેય અતીન્દ્રિય આનંદની દશા છે. ત્રણે સુખરૂપ દશા છે. ત્રણેયમાં આનંદ છે. એવા **'સુખસાગરનું જે પૂર છે, તે જિનધર્મ જયવતં વર્તે છે.'** આહાહા..! એવો જૈનધર્મ જગતમાં વીતરાગી પરિણતિના પરિણમનાર પાસે જયવંત વર્તે છે એમ કહે છે. આહાહા..!

દિગંબર સંતોની વાણી છેક વીતરાગતાને પહોંચાડે એવી છે. એવી વાત..! આવી વાત આ સિવાય બીજે ક્યાંય નથી. દિગંબર મુનિઓ સિવાય આવું કથન, આવી વાત ક્યાંય નથી. શ્વેતાંબરમાં નથી તો અન્ય મતમાં તો ક્યાંથી હોય? આહાહા..! માણસને આ કહે તો એમ થઈ જાય કે એ પક્ષની વાત છે. અરે..! પક્ષની વાત નથી, ભગવાન! એ વસ્તુ જ પોતે વીતરાગમૂર્તિ આત્મા છે. એનામાં ત્રિકાળ ચારિત્રગુણ છે ને? વીતરાગભાવસ્વરૂપ છે. અને શ્રદ્ધાગુણ છે એ પણ વીતરાગસ્વરૂપ છે, જ્ઞાનગુણ છે એ પણ વીતરાગ નિર્દોષસ્વરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. નિર્દોષસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો. એવો વીતરાગ ભગવાનઆત્મા, એના ઉપર દૃષ્ટિ પડતાં, એનું જ્ઞાન થતાં, એમાં સ્થિરતા થતાં જે દશા પ્રગટે, નિશ્ચય સાચું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે, એ તો સુખના આનંદની દશાવાળી દશા છે. આહાહા..! એને જૈનધર્મ કહીએ.

અહિંસાવ્રતમાં આ નાખ્યું પાછું. જણાવ્યું ખરું. રાગાદિ જાણવા લાયક છે. પણ એ જૈનધર્મ નથી. આહાહા..! જેટલી અંદરમાં રાગરહિત અહિંસાપણે પરિણતિ સુખરૂપ થઈ, એટલો જૈનધર્મ છે. કહો, 'શાંતિભાઈ'! બરાબર છે આ? તો પછી આ મહાવ્રત-ફહાવ્રતમાં આ વળી ક્યાં નાખ્યું? જણાવ્યું છે કે છે. પણ જૈનધર્મ એને કહીએ કે જેમાં એકલી વીતરાગ પરિણતિ ઊભી થાય. જેમાં રાગ આવ્યો એ પણ ખરો જૈનધર્મ નથી. એ તો ઉપચારિક ધર્મ, વ્યવહાર જૈનધર્મ છે. નિશ્ચય ધર્મ એ જૈનધર્મ નહિ. આહાહા..! જૈનધર્મના પણ બે પ્રકાર છે. નિશ્ચય અને વ્યવહાર. આહાહા..!

મુમુક્ષુ :– ધર્મ છે તો બન્ને ધર્મથી લાભ થાય ને.

ઉત્તર :– લાભની વાત ક્યાં છે? એક જ ધર્મથી લાભ. વીતરાગી જૈનધર્મ દશા. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ એકથી જ લાભ. બીજું હોય છે એવું જ્ઞાન કરાવે છે. જ્ઞાન કરાવે છે કે વ્યવહારનય જાણવાલાયક છે કે નહિ?

મુમુક્ષુ :– .. માંડ માંડ...

ઉત્તર :– માંડ આવ્યું ત્યાં અંદર ને અંદર ઉડાવી દીધું. બન્નેમાં ઉડાવ્યું. 'સમંતભદ્રઆચાર્ય'નો આધાર આપીને ઉડાવ્યું, પોતે ઉડાવ્યું. દુનિયા-દુનિયાનું જાણે તારે શું કામનું? તારે તો આત્મા સાથે કામ છે કહે છે. શુભવિકલ્પ હોય, કહે છે કે એ તો જાણવાલાયક છે. વસ્તુ ભગવાનઆત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનો સ્વભાવ જેનો, બસ એની સાથે તારે કામ છે. ઓહોહો..! કથની પણ જુઓને! 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ છે, હોં! આ પુસ્તકની ગાથા 'કુંદકુંદાચાર્યદેવ'ની. પણ ટીકા કરનાર મુનિ છે. આચાર્ય નહિ. 'પદ્મપ્રભમલધારિદેવ'. 'અમૃતચંદ્રાચાર્ય'ને એ બધા આચાર્ય હતા. આ તો મુનિ છે.

મુમુક્ષુ :– આચાર્યનું કથન જ માનવા યોગ્ય છે ને.

ઉત્તર :– અરે..! મુનિનું કથન... સમકિતીનું કથન માનવાયોગ્ય છે. માનવાયોગ્ય કોનું કથન નથી? આહાહા..!

છ કાયના **'વધથી જે બહુ દૂર છે...'** એટલે એને મારવાનો વિકલ્પ તો નથી પણ જીવાડવાના વિકલ્પથી પણ એ વીતરાગનો માર્ગ દૂર છે. આહાહા..! એમ કહે છે. સમજાણું કાંઈ? કીધું ને? પ્રયત્ન, શુભ પ્રયત્ન પરાયણ.

મુમુક્ષુ :– ત્યાં તો રક્ષાની વાત હતી.

ઉત્તર :– રક્ષા શબ્દ તો વ્યવહારે આવ્યો. અહીં કરી નાખ્યું પાછું. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છ કાયને મારવાનો વિકલ્પ તો ન હોય, પણ તેને ન મારવાનો વિકલ્પ પણ જે જૈનધર્મમાં હોય નહિ એમ કહે છે. એ વિકલ્પ હોય એ વ્યવહારધર્મ છે, પુણ્ય છે. નિશ્ચય જૈનધર્મ તો રાગરહિત અરાગી શ્રદ્ધા, અરાગી જ્ઞાન અને અરાગી ચારિત્રની દશા, એ જૈનધર્મ (છે). આહાહા..! **'જયવંત વર્તે છે.'** મુનિને પોતામાં વીતરાગી પરિણતિ છે ને? **'જયવંત વર્તે છે.'** આહાહા..! કહો, આમાં સમજાય છે કે નહિ? ઓલું એકલું નિશ્ચયનું આવતું હતું ત્યાં જરીક પકડે. નિશ્ચયમાં વ્યવહાર આવે અને વળી વ્યવહાર ઉડાવે. એય..! વ્યવહાર ત્યાં સુધી કીધો કે પ્રયત્નરૂપ પરિણામ છે. એય..! વળી કહે છે કે પ્રયત્નરૂપ પરિણામ તે જૈનધર્મ નહિ. આહાહા..! વ્યવહારધર્મ કહેવામાં આવે છે. વ્યવહાર કહો કે પુણ્ય કહો. આહાહા..! અરે..! આવો માર્ગ નિર્મળાનંદ પ્રભુ! એના આસ્રવથી ધર્મ થાય એમ માનવું, એ વ્રત છે એ તો વ્રતના પરિણામ આસ્રવ છે. અહિંસાવ્રતના પરિણામ આસ્રવ છે, શુભ ઉપયોગ છે, રાગ છે.

મુમુક્ષુ :– એવું ક્યાં આમાં લખેલું છે?

ઉત્તર :– આ શું કીધું? અહીં કીધું ને, કે **'સુંદર સુખસાગરની...'** દશા તે જૈનધર્મ છે. અહિંસા એ શુભરાગ છે, શુભ ઉપયોગ છે. વ્રત છે ને? કહો, સમજાણું કાંઈ? આહાહા..! કહો, 'ચેતનજી'! આવી વાત ત્યાં ક્યાંય હતી?

મુમુક્ષુ :– ગયાની વાત ક્યાં છે વર્તમાનની વાત કરો ને.

ઉત્તર :– વર્તમાનમાં પણ વિરોધ કરે છે. અરે..! ભગવાન શાંત થા, ભાઈ! જે માર્ગ હશે તે રહેશે. કાંઈ ફેરફાર કરે કાંઈ ફેરફાર થઈ જશે નહિ. આહાહા..! બાપુ! તારું તત્ત્વ છે. આહાહા..! આવું આવે છે ક્યાંક. નિજતત્ત્વનું ક્યાંક આવે છે. સહજ પરમતત્ત્વ સ્વસ્વરૂપ એમ આવે છે. એ ૭૯માં કળશમાં આવે છે. **'सहजपरमतत्त्व स्वस्वरूपं'** આહાહા..! મહા ભગવાનઆત્મા સહજ પરમતત્ત્વ, મહા પરમતત્ત્વ ધ્રુવ વસ્તુ, એ જીવનું સહજ સ્વરૂપ. એ જીવ, એ આત્મા, એવા આત્માનો આશ્રય લઈ. આશ્રય લીધો પર્યાયે. આશ્રય આપ્યો દ્રવ્યે.

મુમુક્ષુ :– દ્રવ્ય પર્યાયને અડે નહીં ને? અડે નહીં ને આશ્રય દયે?

ઉત્તર :– ત્યાં આમ ગયો એટલે આપ્યો ને. એને કાંઈ ના પાડી કે ના ના આ બાજુ ન વળ.

મુમુક્ષુ :– એને અડે નહિ ને સ્પર્શે નહિ ને ક્યાંથી દયે?

ઉત્તર :– એ બીજી વાત છે. કહો, સમજાણું કાંઈ?

**'भूदत्थमस्सिदो खलु'** ન આવ્યું? એય..! ભૂતાર્થ ત્રિકાળીનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આશ્રય કરનાર તો પર્યાય છે. આશ્રયદાતા તો દ્રવ્ય છે. એય..! એમાંથી કાઢવું પડશે કે નહિ? **'भूदत्थमस्सिदो खलु'** એ મહાસિદ્ધાંત છે. ૧૧મી ગાથા તો જૈનદર્શનનો પ્રાણ છે. 'કૈલાશચંદજી'એ લખ્યું છે. પણ પાછા અર્થમાં ફેરવે છે. મેળ નથી ખાતો... મેળ કેમ કરવો એની વાત સમજવી જોઈએ. એમ પોતાની કલ્પનાએ કરે એમ કાંઈ ચાલે? આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો અનાદિના વીતરાગ સંતો માર્ગ કહેતા આવ્યા છે, પરિણમતા આવ્યા છે, થતા આવ્યા છે, મુક્તિ પામતા આવ્યા છે. એ કાંઈ કોઈ વ્યક્તિનો માર્ગ છે? અનાદિ સંતો આ માર્ગ કહેતા આવ્યા છે અને એ જાતનું પરિણમન કરતા આવ્યા છે અને એ જાતનું કહેતા આવ્યા છે. ઓહોહો..! વાહ!

**'विविधवधविदूरश्चारुशर्माब्धिपूरः'** છેલ્લી લીટી. ઠીક. ચારુ એટલે સુંદર. શર્મ નામ સુખ, અબ્ધિ નામ દરિયો, એનું પૂર છે. લ્યો. વાહ!

મુમુક્ષુ :– જિનધર્મના વિશેષણો છે.

ઉત્તર :– એ જૈનધર્મના વિશેષણો છે. આહાહા..! જૈનધર્મ તો અતીન્દ્રિય આનંદદાયક છે એમ કહે છે. દાયક એટલે પછી આપે એમ નહિ. તે જ વખતે અતીન્દ્રિય આનંદનો દાતા, પરિણમન એનું નામ જૈનધર્મ. આહાહા..! આ 'પદ્મપ્રભમલધારિદેવે' પણ. ભલે પોતાને અમુક શૈલી લક્ષમાં રાખીને કર્યું હોય, પણ કર્યું છે કેવું! (સમયસાર) ૧૫મી ગાથામાં કહ્યું, કે જૈનશાસન આને કહેવું. ભલે એ લક્ષમાં હોય અને આ વાત કરી હોય. પણ વાત તો..

ભાવશ્રુત ઉપયોગ એટલે આનંદદાયક દશા, તે જૈનશાસન. આહાહા..! એમાં આપદા શી? વિપદા શી? દુઃખ ક્યાં? આહાહા..! કષ્ટને સહન કરવું એ જૈનધર્મ નથી એમ કહે છે. કષ્ટને સહન કરવું એટલે આમ આકુળતા લાગે. અહીં તો અતીન્દ્રિય આનંદની દશાની પરિણતિ પ્રગટ થાય. વેણલા પૂરના વાયા, કહે છે. આહાહા..! અંતરનો ભાવ જે ભર્યો હતો. પૂર્ણ ભરિતઅવસ્થ. સ્વભાવનો સાગર ભગવાન અતીન્દ્રિય આનંદ, એને ઓથે ગયો, એને આશ્રયે ગયો, એ પરિણતિને અહીં જૈનધર્મ કહે છે. સ્વદ્રવ્ય આશ્રય પરિણતિ પ્રગટે તેને જૈનધર્મ કહે છે. પરદ્રવ્ય આશ્રય રાગ થાય એ જૈનધર્મ યથાર્થ નહિ. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર કહેવામાં આવે. સમજાણું કાંઈ?

હવે ચાલે છે અહિંસાવ્રતની વાત, ત્યાં આ નાખી. પણ નાખે ને. સાંભળને! વ્યવહાર અહિંસાવ્રતનો વિકલ્પ છે, એ પ્રયત્ન છે એમ તને જણાવ્યું. મુનિને હોય છે. પણ એ કંઈ વાસ્તવિક ચીજ નથી, એ યથાર્થ વસ્તુ નથી. અંતર આત્મા છ કાયના ઘાત અને જીવાડવાના વિકલ્પથી પણ ભિન્ન એમ કહે છે. છ કાયના જીવને મારવાના વિકલ્પથી તો ભિન્ન, પણ એને બચાવવાના વિકલ્પથી (પણ) જૈનધર્મ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તે જિનધર્મ જયવંત વર્તે છે.'** આહાહા..! એમ કે જૈનધર્મની હયાતી છે એમ કહે છે, ભાઈ! એમ કે આ કહેવામાત્ર જૈનધર્મ નથી. એની હયાતી છે. આહાહા..! એવો જૈનધર્મ અમારી પરિણતિમાં વર્તે છે એમ કહે છે. સમજાણું? 'સમંતભદ્રાચાર્ય'માં પણ એ આવ્યું છે. અહિંસા પરમ બ્રહ્મ એટલે ઓલા એમ ખુલાસો કરે છે, કે છ કાયની જીવની દયા એ અહિંસા પરમ ધર્મ છે. આનો અર્થ એવો કર્યો છે. એની વાત ક્યાં છે? અહીં તો પરમબ્રહ્મ છે. પેલું તો અપરમ છે. આહાહા..! એવો અર્થ કરે છે, જુઓ! દયા એ ધર્મ

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાને કીધો. 'સમંતભદ્રાચાર્યે' અહિંસાને પરમ ધર્મ કહ્યો. છ કાયની દયા એ અહિંસા પરમ ધર્મ છે.

મુમુક્ષુ :- છ કાયમાં પોતે આવ્યો કે પોતે રહી ગયો?

ઉત્તર :- પોતે આવે તો તો રાગ રહિત થઈ ગયો એ તો. લ્યો, એ પહેલી ગાથા અહિંસાવ્રત અને મુનિની અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશામાં આવો એક શુભભાવ પ્રયત્નપૂર્વક હોય છે, બસ એટલું. ઓલામાં પણ એમ આવે છે પ્રયત્નથી જાણવું. 'યોગસાર'માં. ષટ્દ્રવ્યને પ્રયત્નથી જાણવું એમ આવે છે. વ્યવહારે આવે ને.

મુમુક્ષુ :- બન્ને છે ખરાને?

ઉત્તર :- છે. જાણવાલાયક વસ્તુ નથી?

આવો વીતરાગમાર્ગ જેમાં ભગવાન પોતે તો આનંદસ્વરૂપ છે, પણ જેમાં આનંદ અને એનો આશ્રય કરીને પ્રગટ્યો, એ આનંદની દશા એ જ જૈનધર્મ છે. આહાહા..! કથનની ગજબ પદ્ધતિ છે ને! એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એ વીતરાગી પરિણતિ આનંદદાયક થઈ તેને જૈનધર્મ કહીએ. એમ કરીને અહિંસાવ્રતનો વિકલ્પ ત્યાં હોય એવું જણાવ્યું છે. આદરવાયોગ્ય છે એમ નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૫૭

रागेण व दोसेण व मोहेण व मोसभासपरिणामं।
जो पजहदि साहु सया बिदियवदं होइ तस्सेव।।५७।।

रागेण वा द्वेषेण वा मोहेन वा मृषाभाषापरिणामं।
यः प्रजहाति साधुः सदा द्वितीयव्रतं भवति तस्यैव।।५७।।

सत्यव्रतस्वरूपाख्यानमेतत्।

अत्र मृषापरिणामः सत्यप्रतिपक्षः, स च रागेण वा द्वेषेण वा मोहेन वा जायते। सदा यः साधुः आसन्नभव्यजीवः तं परिणामं परित्यजति तस्य द्वितीयव्रतं भवति इति।

**વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને,**
**જે છોડતા મુનિરાજ, તેને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭.**

**અન્વયાર્થ :- [ रागेण वा ] રાગથી, [ द्वेषेण वा ] દ્વેષથી [ मोहेन वा ] અથવા મોહથી થતા [ मृषाभाषापरिणामं ] મૃષા ભાષાના પરિણામને [ यः साधुः ] જે સાધુ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[ प्रजहाति ] છોડે છે, [ तस्य एव ] તેને જ [ सदा ] સદા [ द्वितीयव्रतं ] બીજું વ્રત [ भवति ] છે.**

**ટીકા :– આ, સત્યવ્રતના સ્વરૂપનું કથન છે.**

**અહીં (એમ કહ્યું છે કે), સત્યનો પ્રતિપક્ષ (અર્થાત્, સત્યથી વિરુદ્ધ પરિણામ) તે મૃષાપરિણામ છે; તે (અસત્ય બોલવાના પરિણામ) રાગથી, દ્વેષથી અથવા મોહથી થાય છે; જે સાધુ—આસન્નભવ્ય જીવ—તે પરિણામને પરિત્યજે છે (–સમસ્ત પ્રકારે છોડે છે), તેને બીજું વ્રત હોય છે.**

---

**પ્રવચન નં. ૬૧, શ્લોક-૭૭ થી ૭૯, ગાથા-૫૭ થી ૬૦ મંગળવાર, અષાઢ સુદ ૭, તા.૨૯-૦૬-૧૯૭૧**

---

ગાથા-૫૭. સત્યવ્રતના સ્વરૂપનું કથન. અહિંસાવ્રતની વ્યાખ્યા થઈ ગઈ.

**रागेण व दोसेण व मोहेण व मोसभासपरिणामं।**
**जो पजहदि साहु सया बिदियवदं होइ तस्सेव।।५७।।**

**વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને,**
**જે છોડતા મુનિરાજ, તેને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭.**

અત્યારે મુનિની વ્યાખ્યા છે ને? **'આ સત્યવ્રતના સ્વરૂપનું કથન છે.'** આત્માના અંતર ચૈતન્યના શુદ્ધ આનંદના આદર સહિત જે સ્વરૂપમાં સ્થિરતા થઈ છે, એને ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર કહે છે. એ ચારિત્ર દશામાં પૂર્ણ ચારિત્ર ન હોય, એથી આવા પંચમહાવ્રતના શુભઉપયોગરૂપ ભાવ એને હોય છે. શુભરાગ, શુભ પરિણામને અહીંયા વ્રત કહે છે.

**'અહીં (એમ કહ્યું છે કે), સત્યનો પ્રતિપક્ષ (અર્થાત્ સત્યથી વિરુદ્ધ પરિણામ) તે મૃષા..'** સાચાથી ઊલટું તે જૂઠું. તે **'(અસત્ય બોલવાના પરિણામ) રાગથી,...'** થાય. કાં કોઈ અનુકૂળ મેળવવાની ચીજ રાગને લઈને જૂઠું બોલે, કોઈ પ્રતિકૂળતાનો નિષેધ કરવા, અભાવ થવા માટે દ્વેષથી જૂઠું બોલે. કોઈ મોહથી જૂઠું બોલે. એ **'રાગથી, દ્વેષથી અથવા મોહથી...'** અસત્ય બોલવાના પરિણામ થાય છે.

**'જે સાધુ—આસન્નભવ્ય જીવ—'** આસન્ન (એટલે) જેની મુક્તિ હવે નજીક છે. આહાહા..! સંસારને કિનારે આવી ગયો છે. આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની દશા તો છે, પણ એની પૂર્ણ નિર્વિકલ્પતા થઈ નથી. સાતમી ભૂમિકાની એ અપેક્ષાએ. એને આવા પંચમહાવ્રતના ભાવ હોય છે. એ **'આસન્નભવ્ય જીવ—તે પરિણામને પરિત્યજે છે...'** રાગ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્વેષ અને મોહથી બોલાતા ભાવ, થતાં ભાવ તેને પરિત્યજે છે. **'(–સમસ્ત પ્રકારે છોડે છે),...'** મુનિ જૂઠું છોડે છે. પરિત્યજે છે ને? **'(–સમસ્ત પ્રકારે છોડે છે), તેને બીજું વ્રત હોય છે.'** એ આત્માના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની દશા સહિતની વાત છે. આવા સમ્યગ્દર્શન અને જ્ઞાન ન હોય, અને સત્યવ્રત હોય એમ બની શકે નહિ. આવી વ્રતની ભૂમિકા છટ્ઠે ગુણસ્થાને એ જાતના ભાવો હોય છે. એને વ્યવહારવ્રત કહેવામાં આવે છે. નિશ્ચયવ્રત તો સ્વરૂપમાં વીંટાઈ જવું, સ્વરૂપ આનંદ છે તેમાં લીન થવું. એને નિશ્ચય– સાચું વ્રત કહે છે. આ વ્યવહારવ્રત એને વિકલ્પ હોય છે. પુણ્યબંધનું કારણ છે. અને સ્વભાવને આશ્રયે ચૈતન્ય ભગવાન પોતાના અતીન્દ્રિય આનંદના આશ્રયે જે દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થઈ, તે સાક્ષાત્ મુક્તિનું કારણ છે.

## શ્લોક–૭૭

(**मालिनी**)

**वक्ति व्यक्तं सत्यमुच्चैर्जनो यः**
**स्वर्गस्त्रीणां भूरिभोगैकभाक् स्यात्।**
**अस्मिन् पूज्यः सर्वदा सर्वसद्भिः**
**सत्यात्सत्यं चान्यदस्ति व्रतं किम्।।७७।।**

**[હવે ૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**[શ્લોકાર્થ :–] જે પુરુષ અતિ સ્પષ્ટપણે સત્ય બોલે છે, તે સ્વર્ગની સ્ત્રીઓના પુષ્કળ ભોગોનો એક ભાગી થાય છે (અર્થાત્ તે પરલોકમાં અનન્યપણે દેવાંગનાઓના બહુ ભોગોને પામે છે) અને આ લોકમાં સર્વદા સર્વ સત્પુરુષોને પૂજ્ય બને છે. ખરેખર સત્યથી શું બીજું કોઈ (ચડિયાતું) વ્રત છે? ૭૭.**

## શ્લોક–૭૭ ઉપર પ્રવચન

'[હવે ૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

**वक्ति व्यक्तं सत्यमुच्चैर्जनो यः**
**स्वर्गस्त्रीणां भूरिभोगैकभाक् स्यात्।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**अस्मिन् पूज्यः सर्वदा सर्वसद्भिः**
**सत्यात्सत्यं चान्यदस्ति व्रतं किम्।।७७।।**

**'જે પુરુષ અતિ સ્પષ્ટપણે સત્ય બોલે છે,...'** અતિ સ્પષ્ટપણે એટલે કોઈને રાજી રાખવા કાંઈ ફેરફાર કરતો નથી. જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું **'અતિ સ્પષ્ટપણે સત્ય બોલે છે, તે સ્વર્ગની સ્ત્રીઓના પુષ્કળ ભોગોનો એક ભાગી થાય છે...'** એમ જણાવ્યું કે, સત્ય બોલવાનો ભાવ પુણ્ય શુભભાવ છે. સમજાણું કાંઈ? સત્યવ્રત જે બીજું વ્રત, એનો ભાવ શુભ છે. એથી એને પુણ્યબંધ થઈને સ્વર્ગની સ્ત્રી આદિની અનુકૂળતા મળે બહારની. એવું સ્પષ્ટ કર્યું. કોઈ કહે, ભાઈ! આ વ્રતને લઈને સંવર-નિર્જરા થાય, અંશે થાય લ્યો. અહીં તો ના પાડે છે. જુઓને આ ચોખ્ખી વાત કરે છે.

મુમુક્ષુ :– પાપ નથી.

ઉત્તર :– પાપ ન થયું. મિથ્યાત્વનું પાપ સાથે ભેગું પડ્યું છે ને? એ મિથ્યાત્વનું ભલે રહ્યું. મૂળ પાપ. રાગનો સ્વામી થવું, દેહની ક્રિયા હું કરું છું, વ્રતના પરિણામ એ મારી ચીજ છે, એવી માન્યતા છે એ તો મહામિથ્યાત્વ છે. સાત વ્યસન કરતાં મોટું પાપ છે. એ પાપની ભૂમિકામાં વ્રત-બ્રત હોઈ શકે નહિ. બાળવ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ હોય. જ્યાં આત્મા જ્ઞાતા-દ્રષ્ટા અને સહજાનંદની મૂર્તિ પ્રભુ! એવું જ્યાં અંતરમાં સ્વરૂપની જાગૃતિ થઈ નથી અને એકલા આંધળા રાગના ભાવ, પંચમહાવ્રતના ભાવ કરે છે, એ બધા સંસાર ખાતે છે, રખડવા ખાતે છે, એમ કહે છે. અહીં તો સમકિતીના શુભભાવ પણ સ્વર્ગની સ્ત્રીઆદિની પ્રાપ્તિ કરે એમ તો અહીં વર્ણવ્યું છે. સમકિતીનું વ્રત એને કાંઈ સંવર આપે, નિર્જરા આપે (એમ નથી). કહો, આમાં ચોખ્ખું કહ્યું છે કે નહિ?

**'જે પુરુષ અતિ સ્પષ્ટપણે સત્ય બોલે છે,....'** બોલવાની ક્રિયા તો જડ છે. એના ભાવની વાત છે. બોલવા કાળે એનો જે સાચું બોલવાનો શુભભાવ છે **'તે સ્વર્ગની સ્ત્રીઓના પુષ્કળ ભોગોનો એક ભાગી થાય છે...'** એ પુણ્યના ફળમાં સંયોગ મળશે એમ કહે છે. ભલે સંયોગને પણ. એમ. એ સત્ય બોલવાનો શુભભાવ સંયોગી ભાવ છે. સ્વભાવિક ભાવ નથી. એથી એ ભાવથી સંયોગ મળશે. એમાં આત્માને એનાથી કાંઈ લાભ નથી. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ? લ્યો, આવી વ્રતની વ્યાખ્યા છે આ. શ્વેતાંબરમાં પાંચ મહાવ્રત નિર્જરાના સ્થાન કહ્યા છે, ઠાણાંગમાં. પંચમહાવ્રત નિર્જરાના સ્થાન છે લ્યો. હવે બિચારા શું કરે? અહીં કહે છે કે એ પંચમહાવ્રતના પરિણામ સંયોગી ભાવ વિકારી છે માટે સંયોગ આવશે. આત્માની શાંતિ અને આત્માના આનંદને મદદ કરે એ ચીજ નથી આ, એમ કહે છે. કહો, સમજાણું? ભોગોનો એક ભાગી થાય છે. એમ. સ્વતંત્ર પુણ્ય કર્યા છે ને? આત્મદર્શન-જ્ઞાન-ચારિત્રની ભૂમિકામાં એવો શુભભાવ છે. એથી એને બહારની સ્વર્ગ આદિની સ્ત્રીઓની અનુકૂળતા મળશે એમ કહે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'(અર્થાત્ તે પરલોકમાં અનન્યપણે દેવાંગનાઓના બહુ ભોગોને પામે છે) અને આ લોકમાં સર્વદા સર્વ સત્પુરુષોનો...'** લ્યો. **'સર્વદા સર્વસદ્ભિઃ'** ધર્માત્મા પુરુષોનો **'પૂજ્ય બને છે. ખરેખર સત્યથી શું બીજું કોઈ (ચડિયાતું) વ્રત છે?'** અહિંસામાં પરમ બ્રહ્મ નાખ્યું હતું એ વીતરાગ. આ તો વ્રતની, વિકલ્પની વાત છે. **'ખરેખર સત્યથી શું બીજું કોઈ (ચડિયાતું) વ્રત છે?'** આહાહા..!

મુમુક્ષુ :– પુણ્યબંધ.

ઉત્તર :– પુણ્ય છે શુભભાવ. પણ સમકિતની ભૂમિકામાં ચારિત્રવંતને એવો ભાવ હોય છે. પણ એનાથી પુણ્ય બંધાય છે અને બહારની સામગ્રી મળશે. બસ, એટલું છે.

## ગાથા–૫૮

गामे वा णयरे वाऽरण्णे वा पेच्छिऊण परमत्थं।
जो मुयदि गहणभावं तिदियवदं होदि तस्सेव।।५८।।

ग्रामे वा नगरे वाऽरण्ये वा प्रेक्षयित्वा परमर्थम्।
यो मुंचति ग्रहणभावं तृतीयव्रतं भवति तस्यैव।।५८।।

तृतीयव्रतस्वरूपाख्यानमेतत्।

वृत्यावृत्तो ग्रामः तस्मिन् वा चतुर्भिर्गोपुरैर्भासुरं नगरं तस्मिन् वा मनुष्यसंचारशून्यं वनस्पतिजातवल्लीगुल्मप्रभृतिभिः परिपूर्णमरण्यं तस्मिन् वा परेण विसृष्टं निहितं पतितं वा विस्मृतं वा परद्रव्यं दृष्ट्वा स्वीकारपरिणामं यः परित्यजति, तस्य हि तृतीयव्रतं भवति इति।

---

**નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને,**
**છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮.**

**અન્વયાર્થ :– [ ग्रामे वा ] ગ્રામમાં, [ नगरे वा ] નગરમાં [ अरण्ये वा ] કે વનમાં [ परम अर्थम् ] પારકી વસ્તુને [ प्रेक्षयित्वा ] દેખીને [ यः ] જે (સાધુ) [ ग्रहणभावं ] તેને ગ્રહવાના ભાવને [ मुंचति ] છોડે છે, [ तस्य एव ] તેને જ [ तृतीयव्रतं ] ત્રીજું વ્રત [ भवति ] છે.**

**ટીકા :– આ, ત્રીજા વ્રતના સ્વરૂપનું કથન છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેના ફરતી વાડ હોય તે ગ્રામ (ગામડું) છે; જે ચાર દરવાજાથી સુશોભિત હોય તે નગર છે; જે મનુષ્યના સંચાર વિનાનું, વનસ્પતિસમૂહ, વેલીઓ અને ઝાડનાં ઝુંડ વગેરેથી ગીચોગીચ ભરેલું હોય તે અરણ્ય છે. આવાં ગ્રામ, નગર કે અરણ્યમાં બીજાથી તજાયેલી, મુકાયેલી, પડી ગયેલી અથવા ભુલાઈ ગયેલી પરવસ્તુને દેખીને તેના સ્વીકાર પરિણામને (અર્થાત્ તેને પોતાની કરવાના–ગ્રહવાના પરિણામને) જે પરિત્યજે છે, તેને ખરેખર ત્રીજું વ્રત હોય છે.**

## ગાથા–૫૮ ઉપર પ્રવચન

ત્રીજા વ્રતનું સ્વરૂપ. ૫૮ ગાથા.

**गामे वा णयरे वाऽरण्णे वा पेच्छिऊण परमत्थं।**
**जो मुयदि गहणभावं तिदियवदं होदि तस्सेव।।५८।।**

**નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને,**
**છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮.**

ત્રીજું વ્રત. **'આ, ત્રીજા વ્રતના સ્વરૂપનું કથન છે.'** ગામની વ્યાખ્યા. ગામડું કોને કહેવું? **'જેના ફરતી વાડ હોય તે ગ્રામ (ગામડું) છે;...'** આ વાડ હોય છે ને? થોરની. પહેલા તો બહુ વાડ હતી. ગામડાને ફરતી વાડ. ત્યાં ગામડામાં ગઢ-બઢ ક્યાં હતા? વાડના જ મોટા ગઢ. થોરની મોટી-મોટી વાડ. બે-બે માથોડા લાંબી, હાથિયા થોરની વાડ. અને લાંબા થોર. એ ગામ. આ તો પાઠમાં ગામ છે ને એની વ્યાખ્યા કરી.

**'જે ચાર દરવાજાથી સુશોભિત હોય તે નગર છે; જે મનુષ્યના સંચાર વિનાનું,...'** જેમાં મનુષ્યનો પગરવ ન હોય, આવ-જા ન હોય. જેમાં **'વનસ્પતિસમૂહ,...'** હોય. **'વેલીઓ અને ઝાડનાં ઝૂંડ વગેરેથી ગીચોગીચ ભરેલું હોય તે અરણ્ય છે.'** ત્રણની વ્યાખ્યા થઈ. પાઠમાં ત્રણ છે ને? ગામ, નગર અને રણ. રણ છે એને અહીંયા અરણ્ય કહ્યું. **'આવા ગ્રામ, નગર કે અરણ્યમાં બીજાથી તજાયેલી,...'** કોઈએ કોઈપણ વસ્તુ છોડી દીધી હોય. ગામમાં, નગરમાં કે રણમાં એમ ત્રણેય. છોડી દીધી હોય. ગામમાં કોઈ છોડીને ચાલ્યું ગયું હોય. લ્યો.

**'મુકાયેલી,...'** હોય. ગામમાં ક્યાંક ચીજ મૂકી હોય. અને નગરમાં કે વનમાં કોઈ ચીજ મૂકી હોય. **'ભૂલાઈ ગયેલી'** ચીજ હોય કોઈની. આ દાગીનો પડ્યો છે, કોઈ માણસ ભૂલી ગયો છે. **'પરવસ્તુને દેખીને તેના સ્વીકાર પરિણામને...'** જે મુનિ અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત છે, તેને આવા ત્રીજા વ્રતનો શુભરાગ, શુભઉપયોગ હોય છે. એને કોઈ પરની ચીજ હોય એને **'(–ગ્રહવાના પરિણામને) જે પરિત્યજે છે,...'** લ્યો. મુખ્ય એ. **'परित्यजति'** સંસ્કૃતમાં છે. ઓલામાં પણ **'परित्यजति'** હતું ને? **'परित्यजति'** એમ આવ્યું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણામ '**परित्यजति**' સંસ્કૃતમાં હોં! છોડે છે. **प्रजहाति** છે ને મૂળ તો? ૫૭ ગાથામાં. **प्रजहाति** મૂળ પાઠમાં છે. એનો અર્થ સંસ્કૃતકારે '**परित्यजति**' કર્યો. **प्रजहाति** જૂઠું બોલવાનો ત્યાગ છે જેને સત્ય બોલવું છે. એમ. એ અસત્યને સર્વથા પ્રકારે છોડે છે. સત્ય બોલવાનો ભાવ એ મહાવ્રત શુભભાવ છે. પણ એને હોય છે. એટલું અહીં સિદ્ધ કરે છે.

અહીં ત્રીજા વ્રતમાં એ કોઈપણ ચીજ ગામમાં, નગરમાં કે વનમાં, કોકની મુકાયેલી, કો'કથી તજાયેલી, કો'કથી ભૂલાયેલી એવી ચીજને લેવાના પરિણામ છોડી દે. આવી ચીજ છે લાવ લઈ લઉં. કોઈને ધર્માદામાં આપશું. એવા પરિણામ મુનિના હોય નહિ એમ કહે છે. આખી દુનિયા પડી છે. કહો. ચરુ નીકળેલો કોઈ દેખાય, સોનામહોરનો લ્યો. જંગલમાં પડ્યો હોય, ભૂલી ગયેલો પડ્યો હોય. આમ દેખાય. લાવ ને લઈ લઉં. ગૃહસ્થોને આપીશ એ ધર્માદે વાપરશે. મંદિર-બંદિર કરાવશે. ધર્માદે વાપરવાનું છે ને. પણ પહેલા લેવાના પરિણામ જ તારા ખોટા છે એ? એનું શું થવું? પણ એ સ્વકાર પરિણામને છોડી દે. ચાહે તો હીરા ને માણેક દેખાય આમ. આહાહા..! સાધુ કોને કહે? અંતરમાં આનંદના લહેરે ઝૂલતો હોય છે, એને આવો અશુભને ટાળવાનો વિકલ્પ હોય છે. '**તેને ખરેખર ત્રીજું વ્રત હોય છે.**'

**[હવે ૫૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

## શ્લોક–૭૮

(आर्या)

**आकर्षति रत्नानां संचयमुच्चैरचौर्य्यमेतदिह।**
**स्वर्गस्त्रीसुखमूलं क्रमेण मुक्त्यंगनायाश्च।।७८।।**

**[શ્લોકાર્થ :–] આ ઉગ્ર અચૌર્ય આ લોકમાં રત્નોના સંચયને આકર્ષે છે અને (પરલોકમાં) સ્વર્ગની સ્ત્રીઓના સુખનું કારણ છે તેમ જ ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે. ૭૮.**

## શ્લોક–૭૮ ઉપર પ્રવચન

'**[હવે ૫૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**' ઓલામાં સત્યમાં સ્ત્રી આદિ દેવાંગનાના યોગની વાત કરી હતી. પરલોકમાં. આ લોકમાં સત્યપુરુષોથી પૂજનીય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**आकर्षति रत्नानां संचयमुच्चैरचौर्य्यमेतदिह।**
**स्वर्गस्त्रीसुखमूलं क्रमेण मुक्त्यंगनायाश्च।।७८।।**

**શ્લોકાર્થ :– 'આ ઉગ્ર અચૌર્ય આ લોકમાં...'** અચૌર્યવ્રતના શુભ પરિણામ **'આ લોકમાં રત્નોના સંચયને આકર્ષે છે...'** પહેલું તો આ લોકમાં લીધું. **'અને (પરલોકમાં) સ્વર્ગની સ્ત્રીઓના સુખનું કારણ છે...'** જોયું? આ સંયોગ છે એમ કહે છે. ત્રીજા મહાવ્રતના પરિણામ સંયોગી ભાવ છે માટે સંયોગ આપે. એમાં કાંઈ ધર્મ આપે અને આત્મામાં એકાગ્ર થાય એમ નથી. એટલું તો સ્પષ્ટ કર્યું છે.

મુમુક્ષુ :– લખ્યું છે ને...

ઉત્તર :– એ પછી ક્રમે. એ **'સ્વર્ગની સ્ત્રીઓના સુખનું કારણ છે તેમ જ ક્રમે કરીને...'** એ રાગ પછી છોડી દેશે. કારણ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રાગ હેય છે એ તો છે. પણ અત્યારે છે, પછી ઉપાદેય આત્મામાં એકાગ્ર થઈને છોડી દેશે. તેથી **'ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે.'** આ તો સમકિતીને.. વ્રત કારણ એટલે વ્યવહાર કહ્યું. અહીં વ્યવહાર કહ્યું. સમ્યગ્દષ્ટિને. અહીં અજ્ઞાનીની વાત જ નથી.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન મોક્ષનું કારણ કહ્યું.

ઉત્તર :– વ્યવહાર કહે છે ને? મોક્ષ બે કહ્યા ને? વ્યવહારે કથન છે. મોક્ષમાર્ગ બે કથનમાં આવે છે કે નહિ? એમ આ કથન છે, નિરૂપણ છે.

**'ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે.'** રાગનો અભાવ થયો છે. દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ તો છે. હવે એ રાગ છે એ છોડશે. છૂટશે જ. એને છૂટી જશે. ક્રમે ક્રમે એથી તેને છોડીને મુક્તિને પામશે. પણ અહીં તો પહેલું એ શુભભાવ છે માટે સંયોગ આપે એટલી વાત કરી. બીજા વ્રતમાં એમ કહ્યું. પહેલા વ્રતમાં જરી વીતરાગી અહિંસા નાખી હતી. વિકલ્પ છે એને ગૌણ કરી નાખ્યો. અહિંસા આત્મા. એકલો વીતરાગી સ્વભાવ એવો જેણે પ્રગટ કર્યો છે એ અહિંસા છે. એ તો મુક્તિનું કારણ છે. સત્યવ્રત એ સ્વર્ગનું કારણ એમ કહ્યું. અચૌર્યવ્રત સ્વર્ગનું કારણ અને ક્રમે મુક્તિનું કારણ છે. એ રીતે લીધું છે. સમજાણું કાંઈ? પેલા કળશમાં લીધું. પણ એ સમકિતીના હોય કે મિથ્યાત્વીના હોય, શુભભાવ છે એ બંધનું જ કારણ છે.

મુમુક્ષુ :– આમાં પણ બંધ આવ્યું.

ઉત્તર :– બસ આ પણ બંધ છે. એને રાગનો ભાવબંધ જ છે. પણ દૃષ્ટિમાં હેય છે, ચારિત્રમાં નબળાઈથી આવી રહ્યું છે. એ નબળાઈ ઉગ્ર પુરુષાર્થથી છોડી દેશે. કારણ કે રાગના છોડવાના રસ્તે પડ્યો છે. સ્વભાવની એકાગ્રતાના પૂર્ણતા કરવાને રસ્તે પડ્યો છે. આહાહા..! એવા સમકિતી જીવને આવો મહાવ્રતનો ભાવ મુનિને હોય, એ સંયોગ સ્વર્ગને આપે. પછી ક્રમે કરીને એ રાગ છોડશે, ત્યારે એને મુક્તિ આપશે. રાગ છોડશે પછી,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોં! એટલે આ ટીકા જરી 'રતનચંદજી' જેવાને પસંદ ન પડે ને. આ ચોખ્ખું કરી નાખે. વ્રતના પરિણામમાં આ મળે એમ કહે ત્યાં તો ચોખ્ખું.

## ગાથા–૫૯

दट्ठूण इत्थिरूवं वांछाभावं णियत्तदे तासु।
मेहुणसण्णविवज्जियपरिणामो अहव तुरियवदं।।५९।।

दृष्ट्वा स्त्रीरूपं वांच्छाभावं निवर्तते तासु।
मैथुनसंज्ञाविवर्जितपरिणामोऽथवा तुरीयव्रतम्।।५९।।

चतुर्थव्रतस्वरूपकथनमिदम्

कमनीयकामिनीनां तन्मनोहराङ्गनिरीक्षणद्वारेण समुपजनितकौतूहलचित्तवांच्छापरित्यागेन, अथवा पुंवेदोदयाभिधाननोकषायतीव्रोदयेन संजातमैथुनसंज्ञापरित्यागलक्षणशुभपरिणामेन च ब्रह्मचर्यव्रतं भवति इति।

**સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,**
**વા મિથનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯.**

**અન્વયાર્થ :– [ स्त्रीरूपं दृष्ट्वा ] સ્ત્રીઓનું રૂપ દેખીને [ तासु ] તેમના પ્રત્યે [ वांच्छाभावंनिवर्तते ] વાંછાભાવની નિવૃત્તિ તે [ अथवा ] અથવા [ मैथुनसंज्ञाविवर्जितपरिणामः ] મૈથુનસંજ્ઞારહિત જે પરિણામ તે [ तुरीयव्रतम् ] ચોથું વ્રત છે.**

**ટીકા :– આ, ચોથા વ્રતના સ્વરૂપનું કથન છે.**

**સુંદર કામિનીઓનાં મનોહર અંગના નિરીક્ષણ દ્વારા ઊપજતી કુતૂહલતાના–ચિત્તવાંછાના–પરિત્યાગથી, અથવા પુરુષવેદોદય નામનો જે નોકષાયનો તીવ્ર ઉદય તેને લીધે ઊપજતી મૈથનસંજ્ઞાના પરિત્યાગસ્વરૂપ શુભ પરિણામથી, બ્રહ્મચર્ય વ્રત હોય છે.**

## ગાથા–૫૯ ઉપર પ્રવચન

ગાથા-૫૯. ચોથા વ્રતની વ્યાખ્યા.

दट्ठूण इत्थिरूवं वांछाभावं णियत्तदे तासु।
मेहुणसण्णविवज्जियपरिणामो अहव तुरियवदं।।५९।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,**
**વા મિથુનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯.**

ટીકા :– '**આ, ચોથા વ્રતના સ્વરૂપનું કથન છે. સુંદર કામિનીઓના મનોહર અંગના નિરીક્ષણ દ્વારા...**' શરીરની કાંતિ આદિ, નમણાઈ આદિ, કોમળતા આદિ. '**સુંદર કામિનીઓના મનોહર અંગ...**' આહાહા..! એ શરીર માટીનું પૂતળું, માંસનું પૂતળું છે. માંસ અને હાડકાની સુંદરતા. '**નિરીક્ષણ દ્વારા ઊપજતી કુતૂહલતાના—ચિત્તવાંછાના—**' ભાષા જોઈ? આહાહા..! એમ થાય. વાહ! કુતૂહલતા થાય. '**કુતૂહલતાના—ચિત્તવાંછાના—પરિત્યાગથી,...**' ત્યાં એ શબ્દ આવ્યો. ઓલામાં પણ પરિત્યાગ હતો. અહીં પણ પરિત્યાગ છે. '**વિવર્જિત**' છે ને? '**વિવર્જિત**' વિશેષે વર્જિત. પાઠમાં.

મહાવ્રતધારી, આત્મજ્ઞાની સંત એને આવો ભાવ (હોય છે). સ્ત્રીને દેખીને કુતૂહલના પરિણામ થતા નથી, એમ કહે છે. કોઈ બાહ્ય ચીજ વિસ્મયકારી છે જ નહિ. આહાહા..! વિસ્મયકારી તો ચૈતન્ય આનંદમૂર્તિ છે. એનો જેને દૃષ્ટિમાં આનંદ તરવરે છે. ધર્માત્માને તો દૃષ્ટિમાં આનંદનો સ્વભાવ તરવરે છે. એમાં આ સ્ત્રીઓના મનોહર શરીરના અંગોને દેખી '**કુતૂહલતાના—ચિત્તવાંછાના—પરિત્યાગથી,...**' લ્યો. '**અથવા પુરુષવેદોદય નામનો જે નોકષાયનો તીવ્ર ઉદય તેને લીધે ઊપજતી મૈથુનસંજ્ઞાના પરિત્યાગસ્વરૂપ...**' જુઓ! અહીં આવ્યું. બન્નેમાં પરિત્યાગ. '**શુભ પરિણામથી,..**' લ્યો, એ શુભપરિણામ છે. '**બ્રહ્મચર્યવ્રત હોય છે.**' એ બ્રહ્મચર્યનો શુભભાવ હોય છે. પાઠ છે.

સમકિતી અને ચારિત્રવંત આત્માના આનંદની રમણતાવાળો મુનિ છે. એને આવું ચોથું બ્રહ્મચર્યવ્રત શુભ પરિણામ છે, પુણ્ય છે, આસ્રવ છે. આવું શું કરવા લખવું જોઈએ? એ તો કહ્યું છે, હસ્તાવલંબ દેખીને નિમિત્ત તરીકેનો ઉપદેશ (કર્યો છે). આ બધું નિમિત્ત છે. આવ્યો છે પણ એનું ફળ સંસાર છે. એક તો જોવાના કુતૂહલના પરિણામનો ત્યાગ અને તીવ્ર કર્મના નિમિત્તના ઉદયમાં જે વિષયના પરિણામ થાય એનો ત્યાગ. એમ. એવા '**શુભ પરિણામથી, બ્રહ્મચર્યવ્રત હોય છે.**' આહાહા..! ચારિત્રવંતને. અજ્ઞાનીને એ હોતા નથી. એ ખુલાસો કરશે.

## શ્લોક-૭૯

(मालिनी)

**भवति तनुविभूतिः कामिनीनां विभूतिं**
**स्मरसि मनसि कामिंस्त्वं तदा मद्वचः किम्।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



सहजपरमतत्त्वं स्वस्वरूपं विहाय
व्रजसि विपुलमोहं हेतुना केन चित्रम्।।७९।।

[હવે ૫૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[શ્લોકાર્થ :–] કામિનીઓની જે શરીરવિભૂતિ તે વિભૂતિને, હે કામી પુરુષ! જો તું મનમાં સ્મરે છે, તો મારા વચનથી તને શો લાભ થશે? અહો! આશ્ચર્ય થાય છે કે સહજ પરમતત્ત્વને–નિજ સ્વરૂપને—છોડીને તું શા કારણે વિપુલ મોહને પામે છે! ૭૯.

## શ્લોક–૭૯ ઉપર પ્રવચન

[હવે ૫૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

भवति तनुविभूतिः कामिनीनां विभूतिं
स्मरसि मनसि कामिंस्त्वं तदा मद्वचः किम्।
सहजपरमतत्त्वं स्वस्वरूपं विहाय
व्रजसि विपुलमोहं हेतुना केन चित्रम्।।७९।।

**શ્લોકાર્થ :–** અરે..! '**કામિનીઓની જે શરીરવિભૂતિ...**' લ્યો, આ શરીરવિભૂતિ. ધૂળની રાખ. આ વિભૂતિ નથી કહેતા ભૂતિ? ભસ્મ. આ શરીરના ભસ્મની વિભૂતિ. આહાહા..! મોટી આંખો હોય, કાળા ડોળા હોય, કાન કુંડળ જેવા હોય, મોઢું ચંદ્રમાં જેવું હોય, નાક ગરુડ જેવું હોય, હોઠ લાલ હોય, ગળુ લાંબુ હોય અને હાથ-પગ.. એ બધા માટીના પૂતળાના આકાર છે.

મુમુક્ષુ :– બધા માપસર છે ને?

ઉત્તર :– માપસર છે માટે સુંદર કહે છે ને? એ કામિની શરીરની વિભૂતિ માટી-જડની વિભૂતિ છે. આહાહા..!

'**હે કામી પુરુષ!**' '**કામિનીઓની જે શરીરવિભૂતિ તે વિભૂતિને, જો તું મનમાં સ્મરે છે,...**' મનમાં, હોં! વાહ! શું છે પણ? આહાહા..! એક ક્ષણમાં કાંઈક રોગ થાય.. આમ મડદું... જોતાં એને ગ્લાની આવે. આહા..! એવા શરીરને દેખીને '**હે કામી પુરુષ! જો તું મનમાં સ્મરે છે,...**' શરીરની સુંદરતાને મનમાં સ્મરીશ. ખ્યાલમાં આવીને એમ કહે આહા..! '**તો મારા વચનથી તને શો લાભ થશે?**' મુનિ કહે છે. અમે તો આત્માના બ્રહ્મચર્યના... આત્માના બ્રહ્મ આનંદ, એના ચર્યાની રમણતામાં આવું વ્યવહારું શુભભાવનો બ્રહ્મચર્યભાવ હોય, એને અશુભભાવ હોય નહિ. એવો જે તને ઉપદેશ કર્યો. જો તું આવું નિરીક્ષણ કરીને આવા ભાવ કરીશ તો મારા વચનનો તને કાંઈ લાભ થશે નહિ. સાંભળીને એને ભૂંડા ભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છોડ્યા નહિ તો તેં મારું સાંભળ્યું નથી, એમ કહે છે. આહાહા..!

**'અહો! આશ્ચર્ય થાય છે કે સહજ પરમતત્ત્વને–...'** લ્યો. પાઠ છે ને? **'सहजपरमतत्त्वं स्वस्वरूपं'** સ્વસ્વરૂપં. અરે..! સહજ ભગવાન આનંદ પરમતત્ત્વ, અતીન્દ્રિય આનંદનો ગાંઠડો, પ્રભુ! અતીન્દ્રિય આનંદનું ચૂસણીયું આત્મા. આહાહા..! એ તો અનાદિથી સ્વભાવિક તત્ત્વ છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા. આહાહા..! સત્ શાશ્વત સ્વભાવિક જ્ઞાન અને આનંદ, એવું જે પરમતત્ત્વ. સ્વસ્વરૂપની વ્યાખ્યા કરી. સ્વ એટલે નિજ સ્વરૂપ. એમ. પાઠમાં એ છે. **'स्वस्वरूपं' 'सहजपरमतत्त्वं स्वस्वरूपं' 'સહજ પરમતત્ત્વ—'** પરમભાવ એવું સ્વસ્વરૂપ આનંદમૂર્તિ, પ્રભુ! આકુળતા વિનાની ચીજ, નિરાકુળ સ્વ–નિજ સ્વરૂપ, જેમાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે. અરે..! એવા આનંદ તત્ત્વને ભૂલી, પોતાના નિજાનંદ તત્ત્વને ભૂલી, **'છોડીને તું શા કારણે વિપુલ મોહને પામે છે!'** આહાહા..! શું છે તને આ?

ભગવાન પરમતત્ત્વ નિજ સ્વરૂપ આનંદ, એ અતીન્દ્રિય આનંદના એક સેકન્ડના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસન જ્યાં સડેલા તરણા દેખાય, મીંદડા સડ્યા હોય, કૂતરા સડ્યા હોય, એવા ભોગ સમકિતીને આત્માના આનંદ આગળ... આહાહા..! એવા દેખાય. એને તું આનંદના ભાવને છોડી આવા વિપુલ મોહને કેમ પામે છે? આહાહા..! ચૈતન્યસ્વરૂપ આનંદ છે ત્યાં કેમ આકર્ષાતો નથી? એમ કહે છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર, ત્યાં કેમ આકર્ષાતો નથી? અને અહીં ક્યાં આકર્ષાવા માંડ્યો? એમ કહે છે.

પરમ સહજતત્ત્વ નિજ સ્વરૂપ, એનું આકર્ષણ થવું જોઈએ, એમાં એકાકાર, વિસ્મયતા એમાં થવી જોઈએ કે અહો..! આવું તત્ત્વ! એવું તત્ત્વ તે હું પોતે છું. એવા તત્ત્વના પરમાનંદને ભૂલી, છોડી. લ્યો! **'विहाय'** છે ને? **'सहजपरमतत्त्वं स्वस्वरूपं विहाय'** અરે..! ભગવાન આનંદમૂર્તિ ભર્યે ભાણે અંદર આનંદના પકવાન પડ્યા છે. એવા અતીન્દ્રિય આનંદના પકવાનને છોડી દઈ અને આવા વિષ્ટા જેવા ભોગને તું વાંછે છો. શા કારણે તને આવું થાય છે? એમ કહે છે. વિપુલ મોહને પામે છો! તને પરમાં સાવધાની કેમ થઈ જાય છે?

ભગવાનઆત્મા પોતે અતીન્દ્રિય આનંદનું ભર્યું ભાણું. આ તો બધી એંઠ છે. આહાહા..! સ્વપ્નસમાન. આવે છે ને? 'સર્વ જગત છે એંઠ સમ. અથવા સ્વપ્ન સમાન. તે કહીએ જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન.' સમજાણું કાંઈ? જેના જ્ઞાનમાં વસ્તુ છે ને પરમ સ્વસ્વરૂપ, નિજ સ્વરૂપ? તો એ નિજસ્વરૂપમાં, સ્વસ્વરૂપમાં તો એકલો અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ પૂર્ણ-પૂર્ણ ઠસોઠસ ભર્યો છે. અરે..! એની ઉપર લક્ષ ન કરતા એને છોડી દઈને **'विहाय'** આવા **'વિપુલ મોહને પામે છે!'** કેમ. આહાહા..!

અસ્તિ છે તેની નાસ્તિ કરે છો. અને પરમાં સુખ નથી તેને તું અસ્તિ ઠરાવે છો. આહાહા..! પરમાનંદ સ્વરૂપ આત્મા અસ્તિ છે. આનંદ છે એવા છતાં આનંદને છોડી, એમ કહે છે. અને પરમાં કાંઈ ધૂળ પણ નથી. એ કામીનીના રૂપ અને મોહમાં સાવધાન થા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છો. તને શું છે આ? એમ કહે છે. શું તને ભૂત વળગ્યું છે આ? મિથ્યાત્વનું ભૂત વળગ્યું છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અહો! આશ્ચર્ય થાય છે...'** અહીં તો એમ કહે છે. આશ્ચર્ય થાય છે. અરે..! નિજાનંદના સ્વરૂપના ઘરને ભૂલી, જ્યાં આનંદ છે તેને છોડી, જ્યાં ક્યાંય ધૂળમાં પણ જરીએ આનંદ નથી. આહાહા..! અરે..! આવા મોહને, પર તરફની સાવધાની એમ કહે છે. સ્વ તરફની સાવધાનીને છોડી એમ કહે છે. પર તરફની સાવધાની શું કામ કરે છે? પ્રભુ! શું છે તને? આહાહા..! **'વિપુલ મોહને પામે છે!'** ભ્રમણાને પામે છે એમ કહે છે. જ્યાં (સુખ) નથી ત્યાં સુખબુદ્ધિ તને ઊપજે છે. જ્યાં સુખ છે તેને તો છોડી દે છે. સુખનો અસ્તિ સત્તા સ્વભાવ, એવો ભગવાન, એને તો તું છોડી દે છે. છે એને છોડી દે છે. આહાહા..! એમ કહે છે. અને નથી ત્યાં તું મોહને પામે છે. એમ કહે છે. એ વિપુલ મોહ. એમાં સાવધાન થયો. અહીં સાવધાનપણું છૂટી જાય છે. ઉપદેશ તો એમ જ અપાય ને? સમજાણું કાંઈ? મુનિને એવું હોતું નથી.

જુઓને! ભાષા કેવી વાપરી છે? **'કામિનીઓની જે શરીરવિભૂતિ...'** એના અંગો-ઉપાંગો બધા સુંદર, નમણા, કોમળ. પણ એ તો બધા માંસ અને હાડકા છે. ઉપરની જરી ચામડી ઉખાડીને જુએ તો બધું ગંધ મારે એવું હોય. અરે..! હાડકાના પૂતળામાં નમણાઈની વિભૂતિમાં તને શું થયું આ? એને કેમ યાદ કરે છે? અહીંયા ભગવાન મોટો પ્રભુ છે એને કેમ યાદ નથી કરતો? અતીન્દ્રિય આનંદનો નાથ, પ્રભુ! એને કેમ યાદ કરતો નથી? અને આમાં નથી એને કેમ યાદ કરે છે? એમ કહે છે. ભારે કહે છે આ. સમજાણું કાંઈ?

સમકિતીને પરમાં સુખબુદ્ધિ હોતી જ નથી. પણ આ ચારિત્રવંત છે. સ્થિરતામાં પણ એને અસ્થિરતાનો ભાગ નથી. એક વ્રતનો શુભભાવ છે, વ્રતનો શુભભાવ છે. એ તો કહ્યું ને અંદર? શુભ પરિણામ. અંદર ટીકામાં કહ્યા. બ્રહ્મચર્યવ્રત એ શુભ પરિણામ છે. સમજાણું કાંઈ? આવી ચોખ્ખી વાત છે. લ્યો. મુનિનું ચોથું વ્રત, બ્રહ્મચર્યવ્રત પણ શુભભાવ છે, રાગ છે, આસ્રવ છે, બંધનું કારણ છે, પર સન્મુખની દશા છે. આહાહા..! લ્યો ૫૯ ગાથા થઈ.

## ગાથા-૬૦

सव्वेसिं गंथाणं चागो णिरवेक्खभावणापुव्वं।
पंचमवदमिदि भणिदं चारित्तभरं वहंतस्स।।६०।।

सर्वेषां ग्रन्थानां त्यागो निरपेक्षभावनापूर्वम्।
पंचमव्रतमिति भणितं चारित्रभरं वहतः।।६०।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



इह हि पंचमव्रतस्वरूपमुक्तम्।

सकलपरिग्रहपरित्यागलक्षणनिजकारणपरमात्मस्वरूपावस्थितानां परमसंयमिनां परमजिनयोगीश्वराणां सदैव निश्चयव्यवहारात्मकचारुचारित्रभरं वहतां, बाह्याभ्यन्तरचतुर्विंशतिपरिग्रहपरित्याग एव परंपरया पंचमगतिहेतुभूतं पंचमव्रतमिति।

तथा चोक्तं समयसारे -

``मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।
णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।।''

---

निरपेक्ष भावन सहित सर्व परिग्रहोनो त्याग जे,
ते जाणवुं व्रत पांचमुं चारित्रभर वहनारने. ६०.

અન્વયાર્થ :– [ निरपेक्षभावनापूर्वम् ] [1]નિરપેક્ષ ભાવનાપૂર્વક (અર્થાત્ જે ભાવનામાં પરની અપેક્ષા નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત) [ सर्वेषां ग्रन्थानां त्यागः ] સર્વ પરિગ્રહોનો ત્યાગ (સર્વપરિગ્રહત્યાગસંબંધી શુભભાવ) તે, [ चारित्रभरं वहतः ] [2]ચારિત્રભર વહનારને [ पंचमव्रतम् इति भणितम् ] પાંચમું વ્રત કહ્યું છે.

ટીકા :– અહીં (આ ગાથામાં) પાંચમા વ્રતનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે.

સકળ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં અવસ્થિત (સ્થિર રહેલા) પરમસંયમીઓને—પરમ જિનયોગીશ્વરોને–સદાય નિશ્ચયવ્યવહારાત્મક સુંદર ચારિત્રભર વહનારાઓને, બાહ્ય-અભ્યંતર ચોવીશ પ્રકારના પરિગ્રહનો પરિત્યાગ જ [3]પરંપરાએ પંચમગતિના હેતુભૂત એવું પાંચમું વ્રત છે.

---

૧. મુનિને મુનિત્વોચિત નિરપેક્ષ શુદ્ધ પરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) સર્વપરિગ્રહત્યાગસંબંધી શુભોપયોગ તે વ્યવહાર અપરિગ્રહવ્રત કહેવાય છે. શુદ્ધ પરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહાર વ્રત પણ કહેવાતો નથી. [આ પાંચમા વ્રતની માફક અન્ય વ્રતોનું પણ સમજી લેવું.]

૨. ચારિત્રભર = ચારિત્રનો ભાર; ચારિત્રસમૂહ; ચારિત્રની અતિશયતા.

૩. શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે અને શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે એમ ગણીને અહીં ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેલ છે. ખરેખર તો શુભોપયોગી મુનિને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ જ (શુદ્ધાત્મદ્રવ્યને અવલંબતી હોવાથી) વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે અને તે શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ થાય છે. આ રીતે આ શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ તેની સાથે રહેલા શુભોપયોગમાં કરીને વ્યવહારવ્રતને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૨૦૮મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–**

**“[ગાથાર્થ :—] જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું. હું તો જ્ઞાતા જ છું તેથી (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ મારો નથી.”**

---

## ગાથા–૬૦ ઉપર પ્રવચન

---

પાંચમા વ્રતનું સ્વરૂપ. ૬૦મી ગાથા. એમાં વિસ્તાર ઘણોં આવશે. નીચે.

**सव्वेसिं गंथाणं चागो णिरवेक्खभावणापुव्वं।**
**पंचमवदमिदि भणिदं चारित्तभरं वहंतस्स।।६०।।**

**નિરપેક્ષ ભાવન સહિત સર્વ પરિગ્રહોનો ત્યાગ જે,**
**તે જાણવું વ્રત પાંચમું ચારિત્રભર વહનારને. ૬૦.**

‘**અન્વયાર્થ :– નિરપેક્ષ ભાવનાપૂર્વક (અર્થાત્ જે ભાવનામાં પરની અપેક્ષા બિલકુલ નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત)...**’ પરિગ્રહ છે ને? એટલે પક્કડ અહીં છે, કહે છે. અહીં પક્કડ આ બાજુ નથી. એમ કાઢ્યું. ‘**નિરપેક્ષ ભાવનાપૂર્વક (અર્થાત્ જે ભાવનામાં પરની અપેક્ષાથી નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત)..**’ એની નીચે હવે. નીચે નોટ. ‘**મુનિને મુનિત્વોચિત નિરપેક્ષ શુદ્ધ પરિણતિની સાથે વર્તતો...**’ મુનિ એને કહીએ કે જેને વીતરાગ પરિણતિ શુદ્ધ દશા વર્તે છે. એકલા શુભ વ્રતના પરિણામ નહિ, એમ કહે છે. મુનિને–ધર્માત્મા સાચા સંતને, એને યોગ્ય ‘**નિરપેક્ષ શુદ્ધ પરિણતી...**’ છટ્ઠા ગુણસ્થાનને યોગ્ય નિરપેક્ષ શુદ્ધ પરિણતિ. એટલે કે જેને રાગની અપેક્ષા પણ નથી. એ વ્રતના પરિણામ છે, તો શુદ્ધ પરિણતિ છે એમ નથી. સમજાણું કાંઈ?

‘**નિરપેક્ષ શુદ્ધ પરિણતિની સાથે વર્તતો...**’ નિરપેક્ષ સમજાણું? એને આ પરિગ્રહના ત્યાગનો વિકલ્પ જે અપરિગ્રહ છે, એવી અપેક્ષા પણ જેને, શુદ્ધ પરિણતિને નથી. એ ભાવ ભિન્ન રહી ગયો છે. આત્મા અખંડ આનંદ, એનો જેને પરિગ્રહ એટલે પક્કડ અનુભવમાં થઈ છે. એને પરની કોઈ અપેક્ષા છે નહિ. લ્યો. એવા જીવને, શુદ્ધ પરિણતિ નિરપેક્ષ વર્તે છે તેને, એની ‘**સાથે વર્તતો જે (હઠ વગરનો) સર્વપરિગ્રહત્યાગસંબંધી...**’ સર્વપરિગ્રહત્યાગ. ત્યાં તો વસ્ત્ર આદિ કાંઈ છે નહિ. આહાહા..! બહારની વાત રહી ગઈ. પરિગ્રહ-વસ્ત્ર-

---

**મોક્ષનો પરંપરાહેતુ કહેવામાં આવે છે. જ્યાં શુદ્ધપરિણતિ જ ન હોય ત્યાં વર્તતા શુભોપયોગમાં મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ પણ કરી શકાતો નથી, કેમ કે જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરાહેતુ પ્રગટ્યો જ નથી-વિદ્યમાન જ નથી ત્યાં શુભોપયોગમાં આરોપ કોનો કરવો?**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહિત. પણ ઓલું મૂળ છે એ? મૂળ વિના બહારમાં (ચારિત્ર) ક્યાંથી આવ્યું?

**'નિરપેક્ષ ભાવનાપૂર્વક...'** શબ્દ છે ને? જુઓને પાઠમાં જ છે ને? **'નિરપેક્ષ ભાવનાપૂર્વક...'** એનો અર્થ થયો, કે પહેલા મહાવ્રતમાં પણ નિરપેક્ષ અહિંસાભાવ પરિણતિ વર્તે છે. એને અહિંસાનો વિકલ્પ જે છે તેથી આ વર્તે છે એમ નથી. શું કીધું? સમજાણું? અહીં નાખ્યું એ પાંચેયમાં લઈ લેવું. મુનિ, સાચા સંત, એને આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ, એને અવલંબે પ્રગટેલી નિરપેક્ષ વીતરાગી પરિણતિ અહિંસા (વર્તે છે). એ અહિંસાને અહિંસાવ્રતનો વિકલ્પ છે, એની પણ એને અપેક્ષા નથી. એવી અહિંસા વીતરાગી પરિણતિની સાથે રહેલો વિકલ્પ અહિંસા વ્યવહાર, હઠ વિનાનો એને ભાવ હોય છે. કહો, સમજાણું કાંઈ?

એમ સત્યવ્રતમાં પણ પોતાનું પરમ સત્ય સ્વરૂપ, એની અપેક્ષા થઈને જે નિર્મળ પરિણતિ થઈ, એને સત્યવ્રતના વિકલ્પની અપેક્ષાએ થઈ એમ નથી. સમજાણું કાંઈ? સત્યવ્રતનો વિકલ્પ છે, માટે અહીં સત્યપરિણતિ નિરપેક્ષ વર્તે છે. એમ નથી. નિરપેક્ષ છે. એની એને અપેક્ષા નથી. આહાહા..! સમજાણું કે નહિ આમાં? આમાં સમજાય છે કે નહિ? છોકરાઓ એય! 'હર્ષદ'! સમજાય છે ને? થોડું થોડું? ઠીક બહું સારું. હા પાડીને. કહો, સમજાણું? આહાહા..! કેમ 'પ્રેમચંદજી'! આ તો સમજાય એવું છે. પૂરું સમજાય છે? એ તો પરીચયવાળા છે ને? આહાહા..!

શું કહેવું છે? અહીં નિરપેક્ષમાંથી આ પાંચેયમાં કાઢવું છે. **'નિરપેક્ષ ભાવનાપૂર્વક...'** એ વિકલ્પ નથી, સંકલ્પ નથી. નિરપેક્ષ ભાવના એટલે આત્માના શુદ્ધ ધ્રુવ સ્વભાવના આશ્રયે થઈને જે વીતરાગી પરિણતિ અહિંસક થઈ છે, એ નિરપેક્ષ ભાવના છે. એવા નિરપેક્ષ ભાવનાપૂર્વક વ્યવહાર અહિંસાવ્રતનો જે વિકલ્પ છે, એને પુણ્યબંધનું કારણ કહી, એને સંયોગી ભાવ છે એમ કહે છે. ઓલો નિરપેક્ષ ભાવના એ સ્વભાવિક ભાવ છે. એની સાથે અહિંસાવ્રતના વિકલ્પની અપેક્ષા એને નથી. છતાં એવા નિરપેક્ષ ભાવનાની સાથે... લ્યો આ તો ભાઈ ઓલું આવ્યું. સહચર, સહચર, સહચર મેળ છે ને બધો. જુઓને! ઓહોહો..! ગજબ વાત છે. સંતોની કથની ચારે બાજુથી (ભેળવાળી છે)

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વ્યવહારની અપેક્ષાથી પ્રગટ્યા છે એમ નથી. ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ... આહાહા..! સચેત વસ્તુ, સચેત વસ્તુ, જાગ્રત વસ્તુ, આનંદ વસ્તુ. એવી ચીજના અવલંબનથી પ્રગટેલી શુદ્ધ પરિણતિ, એને અહિંસાવ્રતના વિકલ્પની અપેક્ષા નથી. છતાં તેની સાથે રહેલો વ્યવહાર અહિંસાનો વિકલ્પ તેને પહેલા મહાવ્રતના પરિણામ કહેવામાં આવે છે.

એમ બીજું. સત્યસ્વરૂપ ભગવાનઆત્મા, પૂર્ણ સત્ય આનંદ, એનો આશ્રય લઈને, જે પરમસત્યની પરિણતિ શુદ્ધ વીતરાગી થઈ, એને સત્યવ્રતના વિકલ્પના મહાવ્રતની અપેક્ષા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. એવી નિરપેક્ષ પરિણતિની સાથે સહચરરૂપે બીજા મહાવ્રતના પરિણામ હોય છે. સમજાણું? નિરપેક્ષ ચારિત્ર વર્તે છે, એની સાથે આ સત્યવ્રતનો શુભભાવ છે, એને સાથે–સહચર દેખીને, વ્યવહાર ચારિત્રની ઉપમા એને કહેવામાં આવી છે.

એમ ત્રીજા વ્રતમાં. અચૌર્ય. કંઈ બાહ્યથી ગ્રહવું નથી. આ તો અંદરમાં ગ્રહાયેલો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, સહજ સ્વરૂપ છે, એમાં અંદર જે શુદ્ધ વીતરાગી પરિણતિ (થાય) એ અચૌર્યભાવ એનો નિશ્ચય છે. ક્યાંયથી લીધું નથી. પોતામાંથી આવેલી દશા છે. એવી વીતરાગ પરિણતિ તે અચૌર્યવ્રતના રાગની અપેક્ષાથી નથી. આહાહા..! ઓલો વ્યવહાર છે, તો આ નિશ્ચય છે એમ નથી. એમ કહે છે. જેમ અજીવ છે તો જીવ છે, એમ છે?

મુમુક્ષુ :– એમ ક્યાંથી હોય?

ઉત્તર :– અજીવ છે તો જીવ છે એમ બે અપેક્ષાથી સિદ્ધ કરવું હોય તો શું કરે? ભાઈ! અજીવ છે તો જીવ છે, જીવ છે તો અજીવ છે. આ તો અજીવપણું અને જીવપણું ભિન્ન સ્વતંત્ર સિદ્ધ કરવું હોય તો એમ. પણ એ અજીવ છે માટે જીવ છે, અને જીવ છે માટે અજીવ છે, એમ છે નહિ. એમ વ્યવહાર છે તો નિશ્ચય છે, એમ છે? બિલકુલ નહિ. આહાહા..! કહો, 'કાંતિભાઈ'! આહાહા..! દિગંબર સંતોનું કથન એ તો અમૃતના વહેંણલા વાયા છે એમાં. આહાહા..! કોઈનો પક્ષ નહિ, સત્ય આ છે. સમજાણું? એ અચૌર્યનું (કહ્યું).

એમ જેને અંતર બ્રહ્માનંદ પ્રગટ્યો છે. બ્રહ્મ એટલે આત્મા આનંદસ્વરૂપ એનું ચર્ય અંદર, બ્રહ્માનંદની શાંતિ પ્રગટી, બ્રહ્મચર્ય નિશ્ચય, એને વ્યવહાર બ્રહ્મચર્યના રાગની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? બ્રહ્મચર્ય બ્રહ્મસ્વરૂપ ભગવાન, એ આનંદમૂર્તિ પ્રભુ, એને આશ્રયે થયેલી જે આનંદ, બ્રહ્મચર્ય પર્યાયમાં વીતરાગી પરિણતિ બ્રહ્મચર્ય નિશ્ચય પ્રગટ્યું છે, એને વ્યવહારવ્રતના બ્રહ્મચર્યના વિકલ્પની અપેક્ષા નથી. નિરપેક્ષ પરિણતિ છે. એની સાથે સહચર તરીકે સાથે... એમ છે ને? સાથે શબ્દ પડ્યો છે કે નહિ? એનો અર્થ શું થયો? સાથે છે. બસ. પહેલા આ અને પછી આ. એમ ક્યાં છે આમાં? સમજાણું? એવો બ્રહ્મ એટલે ભગવાન પરમ બ્રહ્મસ્વરૂપ પ્રભુ આત્મા, એના આનંદની દશા, અતીન્દ્રિય બ્રહ્મચર્ય પર્યાયમાં પ્રગટ્યું છે, એને ચોથા વ્રતના વિકલ્પના બ્રહ્મચર્યની અપેક્ષા નથી. એવા બ્રહ્મચર્યની સાથે રહેલો શુભભાવ વ્યવહાર બ્રહ્મચર્ય હોય છે. આહાહા..!

મુમુક્ષુ :– ચારને લાગુ પડે છે.

ઉત્તર :– ચાર અને આ પાંચમું ચાલે છે. કહો, સમજાણું કાંઈ? માળાએ. પણ ગજબ કર્યો છે. વ્યવહારનો ભાવ ચાલે છે એમાં આ નાખ્યું છે, જુઓ! વસ્તુની સ્થિતિ એવી રીતે છે. એને સાબિત કરવાની કળા આ રીતની છે. આહાહા..! શું પ્રભુ તારામાં આનંદ છે એને પ્રગટ કરવા માટે કોઈની અપેક્ષા છે?

હવે કહે છે કે નિશ્ચય અપરિગ્રહવ્રત. જેને રાગરહિત અરાગી વીતરાગી પરિણતિ પ્રગટ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ છે. એને પરિગ્રહના ત્યાગનો જે શુભભાવનો વિકલ્પ, એની અપેક્ષા એને નથી. એ રીતે નિરપેક્ષ ભાવનાપૂર્વક. પૂર્વકમાં આ સાથે આવી ગયું. અહીં કહ્યું ને? નિરપેક્ષ ભાવના... એટલે પૂર્વમાં પહેલું આ એમ કાંઈ નથી. આ તો આવું પૂર્વક સાથે. આવી પરિણતિની સાથે. એટલે ઓલો વ્યવહારપૂર્વક નિશ્ચય તો ન રહ્યો, પણ નિશ્ચયપૂર્વક એટલે કે નિશ્ચય છે, ત્યાં આગળ સાથે રહેલો વિકલ્પ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! વસ્તુની સ્થિતિને પ્રસિદ્ધ કરવાની રીત. આ તો વસ્તુનું સ્વરૂપ જાણવું છે.

**'સર્વેષાં' 'સર્વ પરિગ્રહોનો ત્યાગ...'** લ્યો. અર્થાત્. અન્વયાર્થ ચાલે છે. **'જે ભાવનામાં પરની અપેક્ષા...'** ભાવના એટલે એકાગ્રતા. શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મામાં એકાગ્રતા. લ્યો, અહીં ભાવના એટલે એકાગ્રતા. ઓલી ભાવના એટલે કલ્પના. સામાયિકમાં આવે છે ને? શુદ્ધ ઉપયોગની ભાવના. 'પ્રવચનસાર'માં. ત્યાં એવો અર્થ કર્યો. અરે..! ભગવાન! શું કરે છે, ભાઈ? આહાહા..! એને યથાસ્થાને જ્યાં છે ત્યાં રહેવા દે ને. **'એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત) સર્વ પરિગ્રહનો ત્યાગ...'** જોયું? ચોથામાં શુભ પરિણામ હતા ને? અહીં પછી નાખ્યા.

**'સર્વ પરિગ્રહોનો ત્યાગ (સર્વપરિગ્રહત્યાગસંબંધી શુભભાવ) તે, ચારિત્રભર વહનારને...' 'ચારિત્રનો ભાર; ચારિત્રસમૂહ; ચારિત્રની અતિશયતા.'** એ સ્વરૂપનું ચારિત્ર અંદર છે. એને આવો ભાવ હોય છે. **'ચારિત્રભર વહનારને પાંચમું વ્રત કહ્યું છે.'** શુભરાગ હોય છે. આહાહા..! વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૬૨, ગાથા-૬૦, બુધવાર, અષાઢ સુદ ૭, તા.૩૦-૦૬-૧૯૭૧

'નિયમસાર' શાસ્ત્ર. મોક્ષનો માર્ગ, એનો અધિકાર. આ વ્યવહારચારિત્રનો અધિકાર ચાલે છે. ૬૦મી ગાથા. પાંચમું મહાવ્રત કોને હોય અને કેમ હોય. એ વાત ચાલે છે. અન્વયાર્થ લીધો છે ને થોડો?

**'નિરપેક્ષ ભાવનાપૂર્વક (અર્થાત્ જે ભાવનામાં પરની અપેક્ષા નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત)...'** એટલે શું કહ્યું? ભાવના સહિત. આત્મા શુદ્ધ આનંદ નિર્વિકલ્પ પૂર્ણાનંદ સ્વરૂપ આત્માનું છે. એનું આલંબન લઈને અંદર જે એકાગ્રતા પ્રગટી છે, એને અહીંયા નિરાલંબન ભાવના કહેવામાં આવે છે. એટલે કે આત્મા શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ છે આનંદનો નાથ. એનો આશ્રય લઈને વીતરાગી શુદ્ધ પરિણતિ પર્યાય પ્રગટે, એને આ પંચમહાવ્રતનો વિકલ્પ છે, એની પણ એને અપેક્ષા નથી. એવી શુદ્ધ પરિણતિ જ્યાં હોય છે. સમજાણું? નિરપેક્ષ. કાલે ઘણી વાત થઈ હતી.

આત્મા વસ્તુ છે, પ્રભુ! સર્વજ્ઞશક્તિવાળું અને અતીન્દ્રિય આનંદવાળું એ તત્ત્વ છે. કેમ કે સર્વજ્ઞ અને અતીન્દ્રિય આનંદ જે પરમેશ્વરને પ્રગટ્યો, એ ક્યાંથી આવ્યો? એ અંતરમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. વસ્તુના અંતર સ્વરૂપમાં શુદ્ધ અતીન્દ્રિય જ્ઞાન અને શુદ્ધ અતીન્દ્રિય આનંદ, એની એકાગ્રતા. એમાં જેણે સ્વસન્મુખ થઈને ધ્રુવ સ્વરૂપ ભગવાનઆત્મા, એની એકાગ્રતામાં જે ભાવના થઈ, એને અહીંયા નિરપેક્ષ ભાવના કહેવામાં આવે છે.

એવી અંતરની નિરાલંબન વીતરાગી અવસ્થાની ભૂમિકામાં **'સર્વ પરિગ્રહોનો ત્યાગ...'** એક વસ્ત્રનો તાણો પણ જેને ન હોય. તો બીજો પરિગ્રહ તો એને હોય નહિ. એવો **'સર્વ પરિગ્રહોનો ત્યાગ (સર્વપરિગ્રહત્યાગસંબંધી શુભભાવ)...'** શુભભાવ વિકલ્પ છે કે સર્વ પરિગ્રહ છોડું. એવા સર્વ પરિગ્રહના ત્યાગસ્વરૂપ **'ચારિત્રભર વહનારને...'** નિશ્ચય અને વ્યવહાર ચારિત્ર છે. નીચે અર્થ છે. **'ચારિત્રનો ભાર; ચારિત્રસમૂહ; ચારિત્રની અતિશયતા.'** એટલે? સ્વરૂપ આનંદની રમણતાનું ચારિત્ર એ નિશ્ચય ચારિત્ર. અને વ્યવહારમાં પંચમહાવ્રતનો વિકલ્પ, એની સહચર-સાથે હોય છે. એથી એને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. એવો નિશ્ચય અને વ્યવહાર, ચારિત્રની અતિશયતાને વહનાર, ચારિત્રનો ભાર એટલે શુદ્ધતા, વીતરાગી શુદ્ધતા અને પંચમહાવ્રતના વિકલ્પનું સહકારીપણું. બન્નેને ચારિત્રભાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બન્નેની સુંદરતા છે.

ઉત્તર :– વ્યવહારથી છે ને બેયની સુંદરતા. નિશ્ચયથી તો આત્માના અવલંબે વીતરાગી આનંદ સહિત, જે ચારિત્ર એટલે આનંદમાં રમવું, એવી દશા પ્રગટી એ નિશ્ચય ચારિત્ર છે. વીતરાગ માર્ગમાં આ છે. એની સાથે વિકલ્પ હોય છે. એ નગ્નમુનિ હોય છે. સાચા સંત હોય એ તો બાહ્યમાં નગ્ન હોય છે. અંતરમાં એને પંચમહાવ્રતનો શુભરાગ, રાગ. છે આસ્રવ. પણ એવો ભાવ અંતર શુદ્ધતા છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય મુનિને આનંદની દશા પ્રગટ થઈ છે. અતીન્દ્રિય આનંદ. પ્રચુર સ્વસંવેદન આનંદની દશા એ સાચું ચારિત્ર છે. અને આ પંચમહાવ્રતના વિકલ્પ એ વ્યવહાર ચારિત્ર આરોપિત ચારિત્ર છે. એ ખરું ચારિત્ર નથી એ તો અચારિત્ર છે. મહાવ્રતના પરિણામ, વિકલ્પ પણ અચારિત્ર છે. પણ આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા, તીર્થંકરે સર્વજ્ઞએ કહ્યો, એવો ભગવાનઆત્મા અંતરના આનંદના અવલંબન કરીને સ્થિરતા, શાંતિ, આનંદની જે દશા પ્રગટ થઈ એ નિશ્ચય ચારિત્ર છે. એની સાથે આ પરિગ્રહનો ત્યાગ એ વિકલ્પ છે કે વસ્ત્ર છુટ્યું છે, નગ્ન છું એવી જે વિકલ્પ દશા, એને વ્યવહારચારિત્ર કહે છે. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ બહુ ઝીણો. આત્માનો માર્ગ કહો કે વીતરાગનો કહો. વીતરાગનો માર્ગ કાંઈ જુદો નથી.

ભગવાનઆત્મા તદ્દન વીતરાગ સ્વરૂપની મૂર્તિ આત્મા છે. આહાહા..! એમાં પંચમહાવ્રતના વિકલ્પ અને રાગની ગંધ અંદરમાં નથી. એવી એ ચીજ છે. એવી ચીજનું અવલંબન લઈ, જેણે ચારિત્ર અંતરમાં (પ્રગટ્યું છે). પહેલું તો સમ્યગ્દર્શન પ્રગટ હોય છે. એ પણ સ્વરૂપ ધ્રુવ ચૈતન્ય આનંદ, એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શનમાં શુદ્ધ પરિણતિ ઓછી છે. પછી સ્વરૂપની વિશેષ અંતર રમણતા પ્રગટ થતાં શુદ્ધની પરિણતિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉગ્ર છે. એને સાચું ચારિત્ર કહે છે. એવા ચારિત્રની ભૂમિકામાં જ્યાં સુધી સર્વજ્ઞ અને વીતરાગ ન હોય એને પંચમહાવ્રતનો વિકલ્પ જે રાગ છે, આસ્રવ છે, પુણ્યઆસ્રવ છે, એવો ભાવ ત્યાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો ચારિત્ર કોને કહેવું, સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે. અને એને ધર્મ થઈ જાય.. આહાહા..! શું થાય? અનંતકાળનો અજાણ્યો પંથ, અંતરના અનુભવ અને ભાન વિના એ પ્રગટ થાય એવો નથી. એને '**પાંચમું વ્રત કહ્યું છે.**'

'**ટીકા :– અહીં (આ ગાથામાં) પાંચમા વ્રતનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે.**' જુઓ! પહેલી જ વાત. '**સકળ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ...**' ભગવાનઆત્મા અંદર કેવો છે? પ્રભુ! ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદ આત્મા. '**સકળ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ...**' પરિ ઉપસર્ગ છે ને? સમસ્ત પ્રકારે ત્યાગસ્વરૂપ. જેના અંતર સ્વરૂપમાં કોઈ વિકલ્પ નથી અને અંતર સ્વરૂપમાં એક સમયની પર્યાયની પણ પક્કડ નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં પક્કડ થાય તો એ પરિગ્રહબુદ્ધિ છે. અહીં તો ભગવાનનો માર્ગ (છે), બાપા! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેણે કેવળજ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જોયા. ભગવાનની વાણી ઇચ્છા વિના નીકળી. એમને ઇચ્છા હોતી નથી. એ વાણીને આગમ કહેવામાં આવે છે. એ આગમમાં આમ સ્વરૂપ છે. આહાહા..!

'**સકળ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં...**' જુઓ! ભાષા પણ એવી છે. '**નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં...**' પોતાનું. અનાદિઅનંત નિત્ય પ્રભુ! પોતાનો નિજ કારણપરમાત્મા, જેમાંથી કાર્ય–ધર્મદશા જેને આશ્રયે પ્રગટ થાય એવા નિજ કારણપરમાત્માનું સ્વરૂપ પોતાનું... આહાહા..! એમાં '**અવસ્થિત...**' મુનિ એમાં અવસ્થિત છે. આહાહા..! નિજ ધ્રુવ ભગવાનઆત્મા નિત્યાનંદ અનાદિઅનંત અવિનાશી જેનો ભાવ–સ્વભાવ, એક સમયની પર્યાયથી રહિત. પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી તો રહિત, પણ એક સમયની પ્રગટ પરિણમનની વર્તમાન વ્યક્ત પર્યાય દશા... આહાહા..! એનાથી પણ રહિત નિજ કારણપરમાત્માનું સ્વરૂપ, પોતાનું સ્વરૂપ, ધ્રુવસ્વરૂપ. એમાં અવસ્થિત. એમાં નિશ્ચયથી આનંદમાં સ્થિર થઈ ગયો છે. આહાહા..! એવા '**પરમસંયમીઓને–**' એને પરમસંયમી કહેવામાં આવે છે. આહાહા..!

અરે..! ક્યાં લોકો માની બેઠા? ક્યાં વસ્તુનું સ્વરૂપ છે! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ આગમ દ્વારા આમ ફરમાવે છે. ભગવાન! તારું અંતર સ્વરૂપ તો જેમાં અનંતા અનંતા સિદ્ધોની પર્યાય પ્રગટ થાય, સિદ્ધની પર્યાય એક એવી અનંતી. એવી અનંતી પર્યાયનું ગુણરૂપ, ધ્રુવરૂપ ભગવાનઆત્મા, જેને દૃષ્ટિમાં લેતા, પૂર્ણાનંદનો સ્વભાવનો આશ્રય લેતા, જેની દશામાં સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદનો સમ્યગ્દર્શન થતાં સ્વાદ આવે, એ પરમ નિજ કારણપરમાત્માના અવલંબનથી થાય છે. કોઈ શરીર, વાણી, મન કે પરમેશ્વર ત્રણલોકના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાથ હોય, એના અવલંબે પણ આ દશા પ્રગટ થતી નથી. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ હોય, એનું લક્ષ કરવા જાય તો તો રાગ ઉત્પન્ન થાય. કારણ કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો આશ્રય કરવા જાય તો શુભરાગ થાય. એને આશ્રયે ધર્મની–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની–પર્યાય એને આશ્રયે ઉત્પન્ન ન થાય. તેમ પોતાનો જે દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ છે, એને આશ્રયે પણ આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ન થાય. તેમ એક સમયની પ્રગટ અવસ્થા જ્ઞાનના ઉઘાડની વિકાસરૂપે છે, એને આશ્રયે પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ન થાય. 'નિયમસાર' છે ને? 'નિયમસાર' સાચો મોક્ષનો માર્ગ.

એ તો નિજ કારણપરમાત્મા. જેની ખાણમાં અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, એવા સ્વભાવનો ભંડાર પ્રભુ આત્મા, નિજ પ્રભુ... આહાહા..! એમાં જે અવસ્થિત છે એવા પરમસંયમીઓને, એને પરમસંયમી અને સાધુ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– આવા સાધુ હોય છે?

ઉત્તર :– વીતરાગમાર્ગમાં આવા સાધુ હોય છે. અજ્ઞાનમાર્ગમાં બધું કલ્પે ગમે તે રીતે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા, જાણ્યા એવી જેને સર્વજ્ઞની શક્તિ વ્યક્ત પ્રગટ થઈ ગઈ, અને સાથે અનંતઆનંદ, અનંતદર્શન અને અનંતવીર્ય, એવું પરમાત્માને પ્રગટ થયું. એ બધી દશાઓ ક્યાંથી આવી? શું રાગમાંથી આવી? શરીરમાંથી આવી? પર્યાય એક સમયની વર્તમાન પર્યાયમાંથી આવી? ક્યાંથી આવે? ભાઈ! અંતર વસ્તુ ભગવાનઆત્મા નિત્યાનંદનો નાથ આત્મા પોતે, એમાં અવસ્થિત થાય ત્યારે એમાંથી આવે છે. ઝીણી વાત છે, ભાઈ! જન્મ-મરણના અંતની વિધિ કઠણ છે. એ તો કહેશે. જ્ઞાનીપુરુષને આ કાંઈ કઠણ નથી એમ કહેશે. અસત્પુરુષોને કઠણ છે. આહાહા..! કહે છે ને? પાછળ કળશમાં આવે છે ને? સત્પુરુષને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી. અસત્પુરુષોને આશ્ચર્યની વાત છે. ૮૦મો કળશ આવશે. આહાહા..!

પહેલું તો સમ્યગ્દર્શન જ એને કહેવાય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નથી. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ! નિજ પ્રભુ શક્તિનું સત્ત્વ, એની પ્રતીત, એનો અનુભવ થઈને એનું જ્ઞાન થઈને પ્રતીત થાય, એ અંતરના આશ્રયથી થાય છે. સમજાણું કાંઈ? આવો. મોઢા આગળ આવો. પુસ્તક આપો પુસ્તક. સમજાણું કાંઈ?

પરમસંયમીઓ... આહાહા..! જેના આત્મામાં અતીન્દ્રિય આનંદ જે ભરેલો છે, એમાંથી એની દશામાં અતીન્દ્રિય આનંદ ઉછળી નીકળ્યો છે. દરિયામાં જેમ મધ્યમાં પાણી ભર્યું છે, એ ભરતી ટાણે કાંઠે આવીને.. ભરતી આવે છે ને? અમારે ગુજરાતી કાઠિયાવાડમાં ભરતી કહે છે. ભરતી આવે છે. એમ ભગવાનઆત્મા, એના ધ્રુવ મધ્ય બિંદુમાં અનંતઆનંદ, અનંતજ્ઞાન અને શાંતિ પડી છે. એમાં એકાગ્ર થવાથી એની વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદનો ઉછાળો આવે છે, કહે છે. આહાહા..! અને એમાં શ્રદ્ધા કરવી કે આ અતીન્દ્રિય આનંદની મૂર્તિ આખો આત્મા છે, એને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..!

એ ઉપરાંત વિશેષ શુદ્ધતાના દ્રવ્યનો વિશેષ આશ્રય લઈને, વિશેષ અવલંબન લઈને વસ્તુમાં વિશેષ સ્થિર થયો છે. અતીન્દ્રિય આનંદ અને શાંતિની વૃદ્ધિ થઈ ગઈ છે. એને સંયમી અને મુનિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા **'પરમસંયમીઓને—પરમ જિનયોગીશ્વરોને—'** પરમ જિનયોગીશ્વર. આહાહા..! જેણે આત્મા અખંડાનંદ પ્રભુ. જિનસ્વરૂપ જ ધ્રુવ આત્મા છે. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહિ હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહાહા..! એવો ભગવાન જિન, પાછા પરમજિન. જેણે રાગને જિત્યો છે, મિથ્યાત્વને તો જિત્યું છે. પછી રાગને જીત્યો છે. અને સમ્યગ્દર્શન-શાંતિ-ચારિત્રની અંતરમાં ઉમળકે, આનંદના ઉમળકે શાંતિનું વેદન કરે છે, કહે છે. આહાહા..! એવા જિનયોગીશ્વર. આટલા વિશેષણ વાપર્યા. પરમ જિન યોગ અને ઈશ્વર... આહાહા..!

સમકિતી પણ જિન છે. સમકિતી યોગી પણ છે. પણ પરમ ઈશ્વર હજી સમકિતી નથી. આહાહા..! સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાનમાં ભગવાન ધ્રુવ સ્વરૂપ પ્રભુ, એનું એકાગ્રપણું મિથ્યાત્વ અને અનંતાનુબંધીને જીત્યો છે. અને એટલી શાંતિ અને સ્થિરતા સમ્યગ્દર્શનની ભૂમિકામાં પ્રગટ હોય છે. પણ આ તો પરમજિનયોગીશ્વર. વીતરાગતાના ભાવે અસ્થિરતાને સ્વરૂપમાં એકાગ્ર દ્વારા ઈશ્વરપણું પ્રગટ કરીને જીત્યું છે. આહાહા..!

એવા મુનિને **'સદાય નિશ્ચયવ્યવહારાત્મક સુંદર...'** આ સુંદર છે માટે એને વ્યવહારે સુંદરનો આરોપ આપવામાં આવ્યો. આહાહા..! સદાય નિશ્ચય. અતીન્દ્રિયમાં આત્માના આનંદની ભરતી આવી છે. એવી જે અતીન્દ્રિય આનંદના સ્વરૂપની રમણતા, એને નિશ્ચય ચારિત્ર કહીએ. સાચું ચારિત્ર. અને એની ભૂમિકામાં પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે છે, એ રાગ છે, એને વ્યવહારચારિત્ર કહીએ. ચારિત્ર નથી તેને કહેવું એનું નામ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– બે થઈને એક જ ચારિત્ર કહે છે.

ઉત્તર :– બે થઈને ચારિત્રભર. ચારિત્રભરની વ્યાખ્યા બે થઈને કરી છે. નિશ્ચય અને વ્યવહાર. આ વ્યવહારનો અધિકાર છે ખરો ને? સમજાણું કાંઈ? આહા..! એ માર્ગ સાંભળવો પણ જગતને મુશ્કેલ પડ્યો છે. સમજવો અને કરવો તો ક્યાંય રહી ગયો. આહાહા..! પણ આવું સ્વરૂપ વીતરાગે કહેલું છે અને એ જ વસ્તુની સ્થિતિ છે, કે આત્માનું, ધ્રુવનું અવલંબન લઈ અને જેણે સમ્યગ્દર્શન–આત્માનો અનુભવ પ્રગટ કર્યો છે, એ ઉપરાંત જેણે દ્રવ્યનું, શુદ્ધનું ખૂબ અવલંબન લઈને, આશ્રય લઈને જેણે આનંદ અને શાંતિની વિશેષ સ્થિરતા પ્રગટ કરી છે, એને નિશ્ચય અને વ્યવહારચારિત્ર હોય છે, એમ કહે છે. એને નિશ્ચય સાચું સ્વરૂપમાં રમણતા આનંદ, એ સાચું ચારિત્ર અને એને પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે તે ખોટું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્ર, એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! ગજબ વાત છે. અહીં તો હજી પાંચમહાવ્રતના ઠેકાણા ન મળે, સમકિત વિનાના, હોં! મિથ્યાદષ્ટિ. અરે..! ભગવાન! ક્યાં ભૂલ્યો છો અને ક્યાં ગયો છો? આહાહા..!

અરે..! જન્મ-મરણના આરા. ચોરાશીના અવતારના અવતાર દુઃખ. એના આરા તો સ્વભાવનો આશ્રય લે તો થાય એમ છે. એ સિવાય કોઈ ક્રિયાકાંડથી... સમજાણું કાંઈ? ચાર ગતિના દુઃખો ચાહે તો સ્વર્ગમાં હોય તો પણ દુઃખી છે. આત્માના આનંદની જ્યાં ખબર નથી. અને એકલા દેવોના સુખને ભોગવવાનો વિકલ્પ, એ આકુળતા છે. અંગારાની અગ્નિ સળગે છે. આહાહા..! આ શેઠીયાઓ પૈસાવાળા, ધૂળવાળા કહેવાય. ધૂળના શેઠીયા કહેવાય ને? આ ધૂળના. પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ. એ બિચારા અંગારામાં સળગે છે. રાગના અંગારામાં સળગી ઉઠ્યા છે એ. સુખી નથી. આહાહા..! સુખ અને આનંદ તો અંતર ભગવાનઆત્માના ઘરમાં પડ્યું છે. એના ઘરમાં જઈને એકાગ્ર થયા વિના આનંદ આવે નહિ. આહાહા..!

કહે છે, કે અહો..! આવો નિશ્ચય-વ્યવહાર. સદાય કહ્યું છે ને? સદાય નિશ્ચય છે અને સાથે વિકલ્પ પણ સદાય છે એમ લીધું. આ વ્યવહાર અધિકાર છે એટલે સાથે લીધો છે. **'સુંદર ચારિત્રભર વહનારાઓને,...'** આહાહા..! આનંદ સ્વરૂપનો, અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ છે, એ સાચું નિશ્ચયચારિત્ર છે. એમાં વિકલ્પ ઉઠ્યો એ વ્યવહારચારિત્ર. બેને અહીં સુંદર ચારિત્રભર કીધું છે. આ નિશ્ચયસુંદર છે, ઓલું વ્યવહારસુંદર છે. પણ આ નિશ્ચય જેને હોય એને. આત્માનું સમ્યક્દર્શન પણ નથી અને ચારિત્રની રમણતાનો આનંદ નથી. એવા જીવને તો પંચમહાવ્રતના વિકલ્પ વ્યવહારે પણ કહેવામાં આવતા નથી. વ્યવહારે પણ એને ચારિત્ર નથી. આહાહા..!

**'વહનારાઓને...'** પાછું જોયું? એટલો પુરુષાર્થ છે ને? નિશ્ચયમાં પુરુષાર્થ છે અને વ્યવહારમાં એટલો ... એને વહનારો કહ્યો. શુદ્ધ પરિણતિને વહે છે અને શુભભાવને પણ ત્યાં વહે છે. એટલો પ્રયત્ન છે ને? અશુભ નથી થતો એટલો. **'બાહ્ય-અભ્યંતર ચોવીશ પ્રકારના પરિગ્રહનો પરિત્યાગ જ...'** એવા મુનિને બાહ્ય પરિગ્રહ વસ્ત્ર, પાત્ર, સ્ત્રી, કુટુંબ સર્વનો છૂટી ગયો છે. અભ્યંતર ત્રણ કષાયનો ભાવ છૂટી ગયો છે. એવા **'પરંપરાએ પંચમગતિના હેતુભૂત એવું પાંચમું વ્રત છે.'** મૂળ તો પાંચમા વ્રતને પરંપરા હેતુભૂત કહે છે. કેમ કે વિકલ્પ છે. નિશ્ચયથી તો શુદ્ધપરિણતિ તે જ મોક્ષનું કારણ છે. પણ એની સાથે આવો વિકલ્પ છે એને પરંપરા એટલે હવે પછી.. વ્યવહારે એમ એનો અર્થ. એનો ત્યાગ થઈને થશે. સાક્ષાત્ તો શુદ્ધપરિણતિ છે એ મોક્ષનું કારણ છે. આહાહા..! શું કહે છે? વાત સમજવી કઠણ.

ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદની ખાણ છે. એ ખાણમાંથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેણે અતીન્દ્રિય આનંદ અંદરમાં એકાગ્ર થઈને કાઢ્યો, એને સ્વાવલંબી સમકિતી, સ્વાવલંબી જ્ઞાની અને સ્વાવલંબી ચારિત્રવંત કહેવામાં આવે છે. આહાહા..! એને પંચમહાવ્રત અથવા અઠ્યાવીસ મૂળગુણ મુનિઓના અઠ્યાવીશ વિકલ્પ છે. એ શુભરાગ છે, એ વ્યવહાર છે. પાંચમું વ્રત.

**'પરંપરાએ પંચમગતિના...'** હેતુ નિમિત્ત છે. નીચે એનો ખુલાસો કરવો પડ્યો. ખરેખર તો આટલું જ છે. કે ઓલું છે. અત્યારે તો સાક્ષાત્ તો શુદ્ધ પરિણતિ છે. પણ શુભને છોડશે એટલે પરંપરા એટલે વ્યવહાર કીધો. સાક્ષાત એ નિશ્ચય, પરંપરા એ વ્યવહાર. સાક્ષાત્ તો આત્મા શુદ્ધ અતીન્દ્રિય આનંદની રમણતામાં રમે છે, એ મુક્તિનું કારણ છે. એના રાગને પરંપરા, અત્યારે નહિ, સાક્ષાત્ નથી એટલે પરંપરા એટલે વ્યવહાર. વ્યવહારનો અર્થ એ થયો. અરે..! આમાં આગ્રહ શેના? ભાઈ! તારા ઘરમાં જવાની વાતમાં એમાં વાદવિવાદ શા? આમાં વાદવિવાદ નથી. આહાહા..! જન્મ-મરણના આરા લાવવા છે, બાપા! ચોરાશીના અવતારમાં રખડી દુઃખી છે. ક્યાંય સુખ નથી. એ પુણ્યભાવ કરે છે ને? એ દુઃખ છે. આહાહા..! ખરેખર એ પંચમહાવ્રતનો વિકલ્પ પણ દુઃખ છે. પણ આનંદસ્વરૂપ એવા ભગવાનનું અવલંબન લઈને જેણે અતીન્દ્રિય આનંદની શાંતિ, ચારિત્ર પ્રગટ કર્યું છે, એથી એ વિકલ્પ, છે દુઃખ પણ સાક્ષાત્ મોક્ષનું સુખરૂપ કારણ તો શુદ્ધપરિણતિ. ઓલા દુઃખનો અભાવ કરશે એટલે પરંપરા એને મુક્તિનું કારણ કહ્યું છે. વ્યવહારે એમ છે. વાત એમ છે. આહાહા..!

નીચે નોટમાં તગડો. અમારા પંડિતજીએ ખુલાસો કર્યો છે. **'શુભોપયોગરૂપ વ્યવહારવ્રત...'** આ ખુલાસો કર્યો છે. કોણ પંડિત? અમારા પંડિત છે. મોટા પંડિત છે. ઘણાં શાંત છે. સંસ્કૃત, વ્યાકરણ બધામાં પૂર્ણ છે. એણે નીચે ખુલાસો કર્યો છે. **'શુભોપયોગરૂપ વ્યવહારવ્રત...'** શું કહે છે? શુદ્ધ સ્વરૂપ આત્માની પરિણતિ એવી ભૂમિકામાં જે શુભરાગ, મહાવ્રતનો ઉપયોગ હોય, એવો **'શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે...'** એ શુદ્ધોપયોગ એટલે અંદર વીતરાગી દશા. એમાં શુભરાગ નિમિત્ત છે. વ્યવહારે હેતુ કહ્યો છે. ખરેખર તો વ્યવહારવ્રત છે એ તો રાગ છે. શુદ્ધઉપયોગ છે એ તો વીતરાગતા છે. આહાહા..! ગજબ વાત છે! એ વીતરાગતાનો હેતુ રાગ એ તો ઉપચારથી કથન છે. આહાહા..! મહાવ્રત છે એ વિકલ્પ છે, રાગ છે, આસ્રવ છે. એને શુદ્ધઉપયોગ જે આત્માનો, આત્માને આશ્રયે થાય વીતરાગતા, એનો એને હેતુ કહેવો એ તો વ્યવહારથી છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે...'** અને આત્મામાં મહાવ્રતના વિકલ્પ શુભથી રહિત અંતરના આનંદસ્વરૂપનો ઉપયોગ જે વીતરાગી પરિણામ શુદ્ધોપયોગ, એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. **'એમ ગણીને અહીં ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેલ છે.'** ઉપચારથી કહો કે વ્યવહારથી. વ્યવહારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરા હેતુ કહેલ છે. સમજાય છે કાંઈ? શાસ્ત્રના અર્થ કરવામાં પણ ઝઘડા. **'ખરેખર તો શુભોપયોગી મુનિને...'** છઠ્ઠે ગુણસ્થાને સાચા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુનિ, સંત, એને શુભોપયોગ પંચમહાવ્રતનો રાગ જ્યારે વર્તે છે. **'મુનિયોગ્ય શુદ્ધપરિણતિ જ...'** એને તો મુનિને યોગ્ય... સમકિતીને યોગ્ય શુદ્ધ પરિણતિ જઘન્ય થોડી છે. પંચમ ગુણસ્થાનમાં શુદ્ધ પરિણતિ એનાથી વિશેષ છે. છઠ્ઠે ગુણસ્થાને એનાથી વિશેષ છે. વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુનો ચારિત્રવંતે ઉગ્ર આશ્રય લીધો છે. એથી એની શુદ્ધ પરિણતિ વિશેષ ઉગ્ર છે. એ **'(શુદ્ધાત્મદ્રવ્યને અવલંબતી હોવાથી)...'** કોણ? શુદ્ધ પરિણતિ. શુદ્ધ પરિણતિ એટલે? અશુભરાગ એ પાપ રાગ, શુભરાગ એ પુણ્યરાગ. બન્નેથી રહિત સ્વભાવનો આશ્રય થઈને જે શુદ્ધ વીતરાગી પરિણતિ પ્રગટે, એને અહીંયા શુદ્ધ પરિણતિ, શુદ્ધ પર્યાય કહેવામાં આવે છે. આહાહા..! 'શાંતિભાઈ'! લ્યો આવું છે આ.

મુમુક્ષુ :– હવામાં ઉડવાની વાત છે.

ઉત્તર :– બાપુ! માર્ગ તો તારો અંતરમાં છે. બહારમાં છે નહિ. આહાહા..!

અહીં તો કહે છે, મુનિને યોગ્ય જે શુદ્ધ દશા. એનો અર્થ? સમકિતીને યોગ્ય જે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ જે પ્રગટી છે, એ સમકિતીને યોગ્ય છે. જેને સાચા શ્રાવક કહીએ. આ વાડાના છે એની વાત નથી આ.

મુમુક્ષુ :– વાડામાં છે એ તો વાડામાં જ રહ્યા.

ઉત્તર :– વાડામાં તો બકરા હોય. આહાહા..!

આ તો આત્મા અંતર ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે, ત્રિલોકનાથ તીર્થંકરદેવે ઇન્દ્રો અને ગણધરની સમક્ષમાં દિવ્યધ્વનિ દ્વારા ભગવાને જે આત્મા વર્ણવ્યો, એ આત્મા અંદરમાં પૂર્ણ શુદ્ધ અને પૂર્ણ સ્વભાવનો ભંડાર છે. સમકિતીને એને યોગ્ય એની શુદ્ધ દશા હોય છે. પાંચમાને એને યોગ્ય એની શુદ્ધ દશા વિશેષ હોય છે. મુનિને એને યોગ્ય શુદ્ધ દશા વિશેષ હોય છે. કારણ કે એણે દ્રવ્યનો વિશેષ આશ્રય અને અવલંબન લીધું છે. જેટલું વિશેષ અવલંબન તેટલી ઉગ્ર અને ઊંચી દશા. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે...'** લ્યો. શું કહે છે? છઠ્ઠે ગુણસ્થાને જે વસ્તુ આત્મા એને અવલંબે પ્રગટેલી શુદ્ધ પરિણતિ, એ સાતમા ગુણસ્થાનનો જે શુદ્ધોપયોગ, એનું એ શુદ્ધ પરિણતિ કારણ થાય છે.

મુમુક્ષુ :– આપ તો એની પણ ના પાડો છો.

ઉત્તર :– આ તો અત્યારે વ્યવહાર સિદ્ધ કરવો છે ને? પર્યાયનો દાતા આત્મા નથી એ વાત વળી એક કોર રહી અહીં તો.. અરે..! ભગવાનનો માર્ગ, બાપા! ત્રણકાળ, ત્રણલોકમાં પરમેશ્વરે કહ્યું એ સિવાય ક્યાંય છે નહિ. કોઈ માર્ગમાં આ માર્ગ છે નહિ. પણ એના માર્ગની રીત જાણવી. અનંતકાળે એણે જાણી નથી. અનંતકાળે એણે દરકાર જ કરી નથી. એમ ને એમ બહારમાં ને બહારમાં બાહ્યદૃષ્ટિએ ધર્મ માની બહિરાત્મબુદ્ધિએ, એમાં ગાળી અને અનંતસંસાર ગાળ્યો છે એણે, ભાઈ! આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, કે મુનિ જે સાચા આત્મદર્શી, આત્મજ્ઞાની, આત્મધ્યાની, શુદ્ધપરિણતિવાળા, એને જે મહાવ્રતના શુભપરિણામ વર્તે છે, એને મોક્ષનો હેતુ કહ્યો, એનો અર્થ એ છે કે, એને જે શુદ્ધ પરિણતિ વર્તે છે એ શુદ્ધોપયોગનું કારણ છે. અને શુદ્ધોપયોગ મોક્ષનું કારણ છે. એમ લેવું છે ને અહીં? આહાહા..! **'શુદ્ધોપયોગનો હેતુ થાય છે અને તે શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ થાય છે.'** એમ લીધું. જરી શાંતિથી સમજવા જેવી વાત છે આ. આ કાંઈ વાર્તા-કથા નથી. એક રાજા હતો અને રાણી હતી. માર ગપ્પા અને ઓલો સાંભળીને ખુશી થાય. ઓહોહો..! શું મહારાજે આજે વાત કરી! કાલે રાવણને રામ મારશે હોં! હવે.

અમારા 'બોટાદ'માં એમ થતું. 'બોટાદ'માં (સંવત) ૧૯૭૦માં દીક્ષા લીધીને? ૧૯૭૦માં દીક્ષા લીધી. ૫૮ વર્ષ થયા. ત્યારે આ 'રતનજી ભાવસાર' હતા. ભાઈ ઓળખે છે. 'રતનજી' પહેલા ત્યાં હતા ને? એ હોંકારો દેતા. ૧૯૭૦ના અષાઢ સુદ પૂનમની વાત છે. દીક્ષા થઈ, કંઠ સારો હતો. બહુ મીઠો. પછી ત્યાં ઢાળ.. શું કહેવાય? ઢાળ-ઢાળ. કાંઈ શબ્દ છે. ભૂલી ગયા. એ... જુદો અને ઢાળ. .. જુદો એ નીચે વાંચતા. એટલે 'રતનશીભાઈ' માથે આવ્યા. મને કહે, મહારાજ! આપ આવો ને. અરે..! 'રતનશીભાઈ'! આ તો હું તો એને વિકથા માનું છું. પૂનમથી શરૂ થાય એ ભાદરવા સુદ પાંચમ સુધી, બસ એટલું. એકલો ઢાળ અને ઓલું ... ઢાળ વાંચે એમાં શ્રીકૃષ્ણની વાત, રામરાસમાં રામની વાત. બે જુદી વાત છે. એટલે અમારા નીચે 'મૂળચંદજી' હતા, 'માણેકચંદજી' હતા. ૧૯૭૦નું પહેલું ચોમાસું હતું ને? 'માણેકચંદજી' હતા અને 'કાનજી ભાવસાર' હતા. ભાવસાર નહોતા પણ એ દીક્ષા... એ બે જણ એ હતા અને ચાર અમે હતા. પછી નીચે અમારે 'મૂળચંદજી'.... 'રતનશી ભાવસાર' આવ્યા હોં. હું તો ઉપર બેસતો. .. નીચે બેઠા. જ્યાં જરી કીધું... એય..! 'રતનશીભાઈ'! આ તો બધી વિકથાઓ છે. ત્યારે કહે, તમારા ગુરુ વાંચે છે ને? તો ગુરુ વાંચે તો પણ વિકથા છે. મારી સામે તો બહુ બોલી શકે નહિ. આ અમારા ગુરુ 'મૂળચંદજી' વાંચતા. 'હિરાજી' મહારાજ પહેલા વાંચતા, પછી બંધ કરી દીધું. પછી 'મૂળચંદજી' વાંચતા. ગમે તે વાંચે. આ લોકરંજન અને માણસ ભેગા કરવાની કથા છે. એમાં ધર્મ શું થાય અને કેમ થાય એની વાતું એમાં ક્યાં છે? અષાઢ સુદ પૂનમ, ૧૯૭૦ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૧૯૭૦માં દીક્ષા લીધી. ૫૭ વર્ષ. નહિ. આ ધર્મની વાત મૂકીને આવી બધી લોકોને રંજન કરવાની? હવે આ તો વાત ત્યાં ક્યાં હતી? આહાહા..!

કહે છે, અહીંયા જે પાંચમા મહાવ્રતના રાગને મોક્ષનો પરંપરા હેતુ કહ્યો, એનું કારણ એમ છે કે મુનિને મુનિ યોગ્ય છઠ્ઠે ગુણસ્થાને જે શુદ્ધ પરિણતિ ત્રણ કષાયના અભાવની વીતરાગ દશા પ્રગટ થઈ હોય છે. એ શુદ્ધ પરિણતિ પછીના સાતમા ગુણસ્થાનના શુદ્ધોપયોગને શુદ્ધ પરિણતિ કારણ કહેવામાં આવે છે. એ કારણ એને ખરું છે અને એ શુદ્ધોપયોગ મુક્તિનું કારણ છે. છતાં **'આ રીતે આ શુદ્ધ પરિણતિમાં રહેલા મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કહે છે? ઓલી શુદ્ધ પરિણતિ. છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધ વીતરાગ દશા છે, એ શુદ્ધોપયોગનું કારણ છે. સાતમાનો શુદ્ધોપયોગ મુનિને, અને એ શુદ્ધોપયોગ કેવળ મોક્ષનું કારણ છે.

એમ અહીંયા '**શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ...**' શુદ્ધ પરિણતિ પરંપરાએ મોક્ષનું કારણ છે, ભાઈ! સાક્ષાત મોક્ષનું કારણ શુદ્ધોપયોગ. અહીં છે એ પ્રમાણે વાતને સિદ્ધ કરી છે. સમજાણું કાંઈ? જે વાત જેમ હોય એમ સિદ્ધ થાય ને? કહો, સમજાણું કાંઈ? આત્મામાં શુદ્ધોપયોગ, પુણ્ય અને પાપના અશુદ્ધઉપયોગથી રહિત આત્માના આનંદનો શુદ્ધોપયોગ, નિર્મળાનંદ વીતરાગ ઉપયોગ તે મુક્તિનું કારણ છે. હવે એ શુદ્ધોપયોગનું કારણ.. એ શુદ્ધોપયોગ સાતમે ગુણસ્થાને હોય. અંશે નીચે હોય એની અહીં વાત નથી લેવી. એ શુદ્ધોપયોગનું કારણ છઠ્ઠી ભૂમિકામાં જેને શુદ્ધ પરિણતિ જે છે, વીતરાગી દશા, એ શુદ્ધોપયોગનો હેતુ છે. અને શુદ્ધ પરિણતિ પરંપરાએ મોક્ષનું કારણ છે. સીધું (કારણ) તો શુદ્ધોપયોગ છે. સમજાણું કાંઈ? એ શુદ્ધ પરિણતિ પરંપરાએ મોક્ષના કારણનો આરોપ શુભઉપયોગમાં વ્યવહારે આપ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :– જરાક લાંબુ છે.

ઉત્તર :– લાંબુ છે. છે તો લાંબુ. વાત સાચી પણ એને સમજવું પડશે ને? આહાહા..! આવા કાળમાં નહિ સમજે, બાપા! આ મનુષ્યદેહ ચાલ્યો જશે, ભાઈ! આ તો હાડકા છે, માટી છે. એની મુદતે રહેશે. મુદત પૂરી થઈને ચાલ્યો જશે. તારે કરવાનું એ જો ન કર્યું. આ ઇયળના અવતાર અને માણસના અવતારમાં ફેર શું? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, કે અહીંયા પરંપરાએ પંચમગતિનો હેતુ પાંચમા મહાવ્રતના વિકલ્પને શુભરાગને કહ્યો, એનો આ આશય સમજવો કે આત્મામાં વસ્તુને આશ્રયે મુનિને યોગ્ય જે શુદ્ધ દશા, વીતરાગી પરિણતિ–પર્યાય પ્રગટી છે તે શુદ્ધોપયોગ પછીનો એનું એ કારણ છે. અને શુદ્ધોપયોગ મોક્ષનું કારણ છે. તો ખરેખર તો શુદ્ધ પરિણતિ જ મોક્ષનું પરંપરા કારણ છે. પણ... એ નિશ્ચય થયો. નિશ્ચય પરંપરા કારણ. સમજાણું ભાઈ? ઓલો રાગ વ્યવહાર છે. આનો શુદ્ધ પરિણતિનો આરોપ ત્યાં નાખ્યો. નિશ્ચયથી પરંપરા હેતુ આ છે. એનો હેતુ અહીં નાખ્યો કે આ પરંપરા મોક્ષનું કારણ છે, એ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. કહો, સમજાય છે કાંઈ? ભારે વાતું, ભાઈ! આ. આવી સમજણ કરવી, શ્રદ્ધા કરવી.. આ કાંઈ... આહાહા..! ઓલું તો ચાલો પાળો દયા, પાળો વ્રત અને કરો અપવાસ અને બે-પાંચ લાખ ખર્ચીને જાત્રા કરી નાખો. ધર્મ થઈ જશે. ધૂળમાં પણ ધર્મ નથી, સાંભળને. જાત્રા લાખ કાઢ તો પણ ત્યાં ક્યાં ધર્મ હતો? એ તો શુભરાગ છે. મહાવ્રત અને તપ કરવામાં રાગ મંદ પાડે તો શુભરાગ છે. ત્યાં ધર્મ-બર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એક જણનો કાગળ આવ્યો છે. કાલે કો'કનો કાગળ આવ્યો છે. આ તમારે શું કહેવાય પરબિડીયું? અંતરદેશી. મહારાજ! તમે આ બધા મંદિરો કરાવો છો, એ કરતાં ઢુંઢીયાને આત્મા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તરફ વાળો ને. પ્રતિમા એ તો શુભરાગ છે. એવું બિચારા ઘણાં લખે. કોણ કહે છે? અહીં મંદિરનું કોઈએ કહ્યું નથી. એ તો એની મેળે લોકો કરે છે. અમે કહીએ કે એમાં શુભભાવ છે, પુણ્ય છે. ધર્મ નહિ.

મુમુક્ષુ :– કેમ લોકો કરે છે? આપ કહો છો કે આપે ઉપદેશ કર્યો નથી અને લોકો કરે છે હવે એનું શું કરવું?

ઉત્તર :– ઉપદેશ કર્યો નથી એમ નથી. આ તો કીધું નથી કે તું આ કરજે. એમ. ઉપદેશમાં તો બધી વાત આવે. એય..! અને તે પણ જ્યાં નથી ત્યાં લોકો કરે છે. જ્યાં આગળ સાધન નથી ત્યાં કરે છે. સમજાણું? એક વિશેષ આંખમાં આવે એવું જરી આ 'ફત્તેહપુર'નું થશે એવું લાગે છે. કીધું આપણે તે દિ' પણ થયું હતું. જે થાય એ તો થાય. કારણ કે ગામ નાનું ને ... જરા લોકોને થાય. પણ ૩૫ ઘર ને સમવસરણ એ કરે. આપણે તો કાંઈ કોઈ દિ' કહ્યું નથી. માર્ગ આવો છે અને એમાં આવું હોય, બસ એટલી વાત. અને અત્યારે તો જુઓને આ 'જયપુર'માં તો એકલું શિક્ષણનું જ કર્યું. એકલું શિક્ષણ ભાઈ! બાપા! શિક્ષણમાં બે-અઢી લાખ ખર્ચ્યા. વીસ દિવસ. બે હજાર માણસ બહારથી આવ્યું હતું. બે કલાક વ્યાખ્યાન અને બે કલાક શિક્ષા. તત્ત્વનો ઉપદેશ. બસ્સો તો અધ્યાપકો આવ્યા હતા. પાઠશાળામાં ભણાવનાર. વીસ દિવસ થયા ને ત્યાં? જેઠ સુદ ૧૧. અંદર સમજાવવા માટે એવો શુભભાવ હોય છે. છે તો શુભભાવ, કીધું, ભાઈ!

જ્યાં જરૂર નથી ત્યાં મંદિરો કરવા, જરૂર નથી ત્યાં માનસ્તંભ કરવા, પૈસા નાખવા, બાપુ! એ કાંઈ ઠીક કહેવાય નહિ. એ તો આપણે ભેગુ આમ કહીએ. આ લોકો જ્યાં જરૂર છે ત્યાં નાખે છે. અને આ ઓલા શું કહેવાય? આહાર ને નહિ? પપોરા. કેટલા મંદિરો. દિગંબર ઘર એક પણ નહિ. ત્રણ તો માનસ્તંભ. ચોથો કરે છે. લોકોને પૈસા થયા હોય લોકોને એમ થાય કે ઓ..હો..! ફલાણા શેઠનું મંદિર. માન છે. માન માટે (કરે છે). જ્યાં દેવદર્શનાદિ ન હોય ત્યાં હોય છે. પણ આ તો ૫૦-૫૦ મંદિરો અને ચાર-ચાર મોટા ઢગલા આહાહા..! દુનિયા રવેડે ચડી તે ક્યાં ચડી!

અહીં તો કહે છે, મુનિ જેવા સાચા સંતને પણ જે મહાવ્રતનો શુભઉપયોગ આવે છે એ પણ રાગ છે, એ પણ બંધનું કારણ છે. પણ આવ્યા વિના રહેતો નથી. સ્વરૂપના અનુભવની દશામાં ચારિત્ર નિર્મળ વીતરાગ દશા પ્રગટી હોય છતાં હોય છે. એ શુભોપયોગને મોક્ષનું કારણ કહ્યું, એનો હેતુ આ, કે મુનિયોગ્ય સાચી શુદ્ધ વીતરાગ દશા પ્રગટી હોય છે, એ શુદ્ધોપયોગનો હેતુ અને શુદ્ધોપયોગ મોક્ષનું કારણ છે. એ નિશ્ચય ખરેખર કારણ છે. આ વ્યવહાર કારણ છે. કહો, સમજાણું કાંઈ? સ્વઆશ્રય શુદ્ધ પરિણતિ, સ્વઆશ્રય શુદ્ધોપયોગ, સ્વઆશ્રય મુક્તિ. એમ. એ અપેક્ષાએ નિશ્ચય કહ્યું. અને આ તો પર આશ્રયે રાગ. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપા! આમાં વાદવિવાદને કાંઈ અવસર પણ નથી. એવી ચીજ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાને કાંઈ કરી નથી. ભગવાને તો પોતાનું સર્વજ્ઞપણું પ્રગટ કર્યું ત્યારે વાણી દ્વારા આવ્યું કે માર્ગ આ છે, બાપા! ભગવાન એ કોઈના કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો.

**'આ રીતે આ શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ તેની સાથે રહેલા શુભોપયોગમાં કરીને વ્યવહારવ્રતને મોક્ષ પરંપરાહેતુ કહેવામાં આવે છે. જ્યાં શુદ્ધપરિણતિ જ ન હોય...'** પણ જ્યાં હજી સમ્યગ્દર્શનના ઠેકાણાં ન મળે, એ પુણ્ય અને વિકલ્પથી ધર્મ માને, મહાવ્રતના પરિણામને ચારિત્ર માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? વાત આવી છે, બાપુ! વીતરાગના ઘરનું સત્ય તો આવું છે. આહાહા..! ઇન્દ્રો, સુધર્મ દેવલોકના ઇન્દ્રો, ઇશાન ઇન્દ્રો જે સ્વીકારે છે, બાપુ! આ કાંઈ કોઈ બે-ચાર-પચ્ચીસ-પચાસ માણસની કલ્પનાની વાત નથી. આ તો અનંત તીર્થંકરો, અનંત ઇન્દ્રોએ કબુલ્યું, અનંત ગણધરોએ અનુભવ્યું, અનંત તીર્થંકરોએ આ જ કહ્યું છે. સમજાણું કાંઈ?

જ્યાં શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને સ્વદ્રવ્યનું ભાન જ નથી. **'શુદ્ધ પરિણતિ જ ન હોય ત્યાં વર્તતા શુભોપયોગમાં મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ પણ કરી શકાતો નથી,...'** બરાબર છે? **'કેમ કે જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરાહેતુ...'** ઓલો શુદ્ધ પરિણતિ. શુદ્ધ પરિણતિ યથાર્થ પરંપરા હેતુ છે. એ તો છે નહિ. **'જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરાહેતુ પ્રગટ્યો જ નથી— વિદ્યમાન જ નથી ત્યાં શુભોપયોગમાં આરોપ કોનો કરવો?'** કહો, સમજાણું કાંઈ? જરી લાંબી વાત છે, પણ હવે એને સમજવી તો પડશે કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :– સ્પષ્ટ છે.

ઉત્તર :– સ્પષ્ટ થયું? આ સ્પષ્ટ જ છે. આહાહા..!

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સીમંધર પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે. એ જ વાત પ્રભુ કહે છે. સાક્ષાત બિરાજે છે. તીર્થંકર, કેવળી વિદ્યમાન ગણધરો, ઇન્દ્રો જાય છે. એ જ વાત આ છે. સમજાણું કાંઈ?

**'એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૨૦૮મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'** લ્યો. આધાર આપે છે. ઓલી કોર છે ને?

**मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।**
**णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।।।**

ધર્માત્મા, મુનિ એમ વિચારે છે કે, **'જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય...'** એ વિકલ્પથી માંડીને. અહીં વળી પર્યાય પરદ્રવ્ય એમ નહિ, એ રાખો એકકોર. શુભરાગ મહાવ્રતનો વિકલ્પ છે એ પણ અચેતન છે. રાગ અચેતન છે. એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! રાગ છે ને? વિકલ્પ છે એ અચેતન છે. અચેતન એટલે એમાં ચૈતન્ય જ્ઞાનના આનંદનો અંશ નથી. ચૈતન્યના કિરણનો અંશ નથી. તો કહે છે, કે પરદ્રવ્ય જો મારો હોય, અચેતન રાગ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મારો હોય **'તો હું અજીવપણાને પામું.'** આહાહા..! ભગવાનઆત્મા તો જ્ઞાનાનંદની મૂર્તિ પ્રભુ છે. સચેત સચેત. એકલો જ્ઞાન આનંદનો-ચેતનનો પિંડલો છે. એ ચીજમાં આ રાગનો, વસ્ત્રાદિનો તો એકકોર રાખો, મહાવ્રતનો વિકલ્પ એ ખરેખર અચેતન છે. રાગ છે માટે. કેમ કે રાગ પોતે પોતાને જાણતો નથી, રાગ બીજા દ્વારા જણાય છે, માટે તે રાગ અચેતન છે. એ રાગને મારો માનું તો હું અજીવ થઈ જાવ, એમ કહે છે. આહાહા..!

**'જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું. હું તો જ્ઞાતા જ છું...'** એ અચેતન વિકલ્પ એ મારો નહિ. આહાહા..! એ તો સમ્યગ્દર્શન થયું ત્યારથી ભાન છે. પણ આ તો ચારિત્રવંત કહે છે. આ ચારિત્રની વ્યાખ્યા છે ને? નિર્જરાની ગાથા છે ને આ? 'સમયસાર'ની નિર્જરાની ગાથા છે. **'હું તો જ્ઞાતા જ છું તેથી (પરદ્રવ્ય) પરિગ્રહ મારો નથી.'** એ વિકલ્પમાત્ર દયા, દાન, વ્રતનો રાગ એ મારી વસ્તુ નથી. એ મારી હોય તો હું અચેતન થઈ જાવ. આહાહા..! શરીર, બરીર તો ક્યાંય રહી ગયું. આ તો માટી-ધૂળ છે. અજીવપણે રહેલી આ તો માટી-ધૂળ છે, પુદ્ગલ છે. એ મારા એમ માને તો તો જડ છો, કહે છે. પણ રાગના ભાગને પણ મારો માનું તો, હું અજીવ થઈ જાઉં, જીવપણું ન રહ્યું.

**'હું તો જ્ઞાતા જ છું...'** જાણનાર-દેખનાર મારી ચીજ છે. મારામાં એ રાગાદિ કોઈ ચીજ છે નહિ. એમ આત્માને અંદરમાં અનુભવવો જોઈએ. સ્થિરતા કરવી જોઈએ. એનું નામ મુક્તિનો માર્ગ છે. બીજો કોઈ માર્ગ છે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૮૦

**तथा हि -**

(**हरिणी**)

**त्यजतु भवभीरुत्वाद्भव्यः परिग्रहविग्रहं**
**निरुपमसुखावासप्राप्त्यै करोतु निजात्मनि।**
**स्थितिमविचलां शर्माकारां जगज्जनदुर्लभां**
**न च भवति महच्चित्रं चित्रं सतामसतामिदम्।।८०।।**

**વળી (૬૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**[શ્લોકાર્થ :–] ભવ્ય જીવ ભવભીરુપણાને લીધે પરિગ્રહવિસ્તારને છોડો અને નિરુપમ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સુખના *આવાસની પ્રાપ્તિ અર્થે નિજ આત્મામાં અવિચળ, સુખાકાર (સુખમયી) તથા જગતજનોને દુર્લભ એવી સ્થિતિ (સ્થિરતા) કરો. અને આ (નિજાત્મામાં અચળ સુખાત્મક સ્થિતિ કરવાનું કાર્ય) સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી, અસત્પુરુષોને આશ્ચર્યની વાત છે. ૮૦.**

---

**પ્રવચન નં. ૬૩, શ્લોક-૮૦ થી ૮૨, ગાથા-૬૧, શુક્રવાર, અષાઢ સુદ ૮, તા.૨-૭-૧૯૭૧**

---

આ 'નિયમસાર' વ્યવહારચારિત્ર અધિકાર છે. એમાં ૬૦મી ગાથા, એનો ૮૦મો કળશ છે. પંચમહાવ્રતની વાત આવી ને? એનો કળશ છે.

**त्यजतु भवभीरुत्वाद्भव्यः परिग्रहविग्रहं**
**निरुपमसुखावासप्राप्त्यै करोतु निजात्मनि।**
**स्थितिमविचलां शर्माकारां जगज्जनदुर्लभां**
**न च भवति महच्चित्रं चित्रं सतामसतामिदम्।।८०।।**

**શ્લોકાર્થ :– 'ભવ્ય જીવ...'** વાસ્તવિક મુનિપણાની દશા, એનું પાચમું વ્રત કેવું હોય? અને એને નિશ્ચય અનુભવ કેવો હોય એ સહિત વાત છે. નિશ્ચયમાં પોતાનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ છે એનો અનુભવ થયેલો હોય છે. એ ઉપરાંત એને સ્વરૂપની, શાંતિની, વીતરાગતાની વિશેષ રમણતા થઈ હોય છે. એને એની ભૂમિકા પ્રમાણમાં પાંચમું મહાવ્રત એવો શુભરાગ, પરિગ્રહના ત્યાગનો એવો શુભરાગ હોય છે. એને અહીંયા પાંચમું મહાવ્રત કહે છે. એ જીવ **'ભવ્ય જીવ...'** એ ભવ્ય જીવ હોય છે. આત્માની શાંતિ એટલે આનંદ પૂર્ણદશા એવી મુક્તિ, એનો એ અભિલાષી હોય છે.

**'ભવભીરુપણાને લીધે...'** અને એને ચાર ગતિનો ભવ એનો ભય હોય છે. મુનિને ચાર ગતિમાં ક્યાંય જાવું, ગતિમાં જાવું કે ભવમાં જાવું એ ભય હોય છે એને. ચાર ગતિનું પરિભ્રમણ, એનો એને ડર હોય છે. સ્વર્ગ ગતિ હોય તો પણ એ કષાયની અગ્નિથી, સ્વર્ગના દેવો પણ કષાયના અંગારાથી બળી રહ્યા છે. ગતિમાં ક્યાંય શાંતિ નથી. એથી ધર્મી, સમ્યગ્દષ્ટિ અને મુનિ. અહીં મુનિની વાત છે ને? **'ભવભીરુપણા...'** કોઈપણ ભવ અને ભવનું કારણ ભાવ, એનાથી એને ડર હોય છે. આ નહિ... આ નહિ... અરે..! હું તો આત્મા અતીન્દ્રિય આનંદનો સાધક, એવો હું એને ભવના ભાવથી ડર હોય છે.

એવા જીવો **'परिग्रहविग्रहं'** વિગ્રહનો અર્થ અહીં વિસ્તાર કર્યો. વિગ્રહનો અર્થ કર્યો.

---

*** આવાસ = નિવાસસ્થાન; ઘર; રહેઠાણ; આયતન.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પરિગ્રહવિસ્તારને છોડો...'** જૈનદર્શનનું વાસ્તવિક મુનિપણું, વીતરાગે કહેલું કેવું હોય છે, એની સાચી સમજણ આપે છે. અને તે મુનિપણું અંગીકાર કરવું, કે જે મુક્તિનું તાત્કાલિક કારણ છે. એમ ઉપદેશમાં વૈરાગ્ય કરાવે છે. એ સમસ્ત પરિગ્રહને છોડો. સાચા મુનિ છે, એને તો એક વસ્ત્રનો તાણો પણ હોય નહિ. સમજાય છે કાંઈ? તેથી કહ્યું ને? **'પરિગ્રહવિસ્તારને છોડો...'** પરિગ્રહનો વિગ્રહ-વિસ્તાર જેટલો બધો. એક કપડાનો ટુકડો રાખે, તો પણ એ મમત્વ, મૂર્ચ્છા અને પરિગ્રહ છે. અને એવો ભાવ છે ત્યાં મુનિપણું હોતું નથી.

કહે છે, **'પરિગ્રહનાવિસ્તારને છોડો...'** વ્યવહારનો ઉપદેશ છે ને? **'અને નિરુપમ સુખના આવાસની પ્રાપ્તિ અર્થે...'** આમ ભવથી ભીરુ છે અને નિરુપમ–ઉપમા વિનાનો આત્માનો આનંદ, એનો **'આવાસ = નિવાસસ્થાન;...'** એ આત્મા. એનું ઘર એ આત્મા છે. અતીન્દ્રિય આનંદનું ઘર આત્મા છે. અતીન્દ્રિય આનંદ ક્યાંય બીજે નથી. અતીન્દ્રિય **'સુખના આવાસની પ્રાપ્તિ અર્થે નિજ આત્મામાં અવિચળ,...'** પોતાનો સચ્ચિદાનંદ પ્રભુ, શાશ્વત આનંદ અને જ્ઞાનનો ભંડાર આત્મા, એમાં અવિચળ, ચળે નહિ એ રીતે સ્થિર થા (એમ) કહે છે, જુઓ! આ મુનિપણું. આહાહા..! **'સુખાકાર...'** **'शर्माकारां'** એ ને? **'शर्माकारां'** શર્મનો આકાર છે. આત્મા અતીન્દ્રિય આનંદનો દરિયો છે. પ્રભુઆત્મા એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન અને પોતાના અતીન્દ્રિય આનંદથી અભિન્ન, એવું આત્મતત્ત્વ છે. આહાહા..!

એવો સુખનો આકાર એટલે સુખમયી ભગવાન **'તથા જગતજનોને દુર્લભ એવી સ્થિતિ (સ્થિરતા) કરો.'** આહાહા..! સાધારણ પ્રાણીને આત્માના અતીન્દ્રિય આનંદમાં રહેવું મહા દુર્લભ છે. મુનિને તો સુલભ છે. એને મુનિ કહીએ. આહાહા..! જે પોતાનો અતીન્દ્રિય આનંદ સમ્યગ્દર્શનમાં અનુભવ્યો હતો. પહેલા સમ્યગ્દર્શનમાં જાણ્યું હતું કે આત્મા અતીન્દ્રિય આનંદ છે. એમાં અવિચળ સ્થિતિ. આહાહા..! એ તો જગતના સાધારણ પ્રાણીને તો દુર્લભ છે. આહાહા..! ઓહોહો..! દુર્લભ બોધિ. પહેલા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દુર્લભ છે. શું ચીજ છે એની ખબર નથી. બહારથી માની બેઠા. આહાહા..! જેને જગતના ભવમાંથી નીકળવું છે, એને તો આત્માની આવી અંતર દશા અનુભવમાં હોય છે. એ ઉપરાંત અવિચળ સ્થિતિ (સ્થિરતા) આત્મામાં હોય. જગતજનોને તો દુર્લભ છે. આહાહા..! મુનિદશામાં અતીન્દ્રિય આનંદમાં મુનિ સ્થિર હોય છે. આહાહા..! આ મુનિપણું. અહીં તો હજી મુનિપણાની ખબર ન મળે. શું ચીજ છે? આ ચાલી નીકળ્યા મુનિ થઈ ગયા. આહા..!

**'દુર્લભ એવી સ્થિતિ (સ્થિરતા) કરો.'** આહાહા..! જે વસ્તુ આત્મા આનંદનું ઘર, આનંદનું નિવાસ, અતીન્દ્રિય આનંદનું ધામ આત્મા છે. એનો અનુભવ કર્યો છે, કે આ આત્મા છે. હવે એમાં ઠર એમ કહે છે. એમાં નિવાસ કર, વાસ કર, ઠર. એનું નામ સાધુપણું છે. અને એ ચારિત્ર દશા વિના, આવી ચારિત્રદશા વિના મુક્તિ નથી. કહો, સમજાણું કાંઈ?

**'અને આ (નિજાત્મામાં અચળ સુખાત્મક સ્થિતિ કરવાનું કાર્ય) સત્પુરુષોને કાંઈ મહા**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આશ્ચર્યની વાત નથી,...**' આહાહા..! સંતોને, વીતરાગી સંતને, વીતરાગી મુનિઓને અંતરના સ્વભાવમાં રહેવું, સ્થિર થવું એ કોઈ આશ્ચર્યની વાત નથી. એ તો એના સ્વભાવની સ્થિતિ જ એવી છે. આહાહા..! મુનિ તો છટ્ઠે-સાતમે ગુણસ્થાને હજારો વાર ઝૂલતા હોય છે. એક દિ'માં હજારો વાર અપ્રમત્ત દશા આવે છે. છટ્ઠું-સાતમું ગુણસ્થાન. ઘડીકમાં સપ્તમ. આનંદમાં લીન થઈ જાય. વળી વિકલ્પ ઉઠે એ છટ્ઠું આવી જાય. વળી સાતમું.. વળી છટ્ઠું... જુઓ! આ દશા. જૈનદર્શનના વાસ્તવિક દર્શનના સંતો આવા હોય છે. આહાહા..!

**'સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી,...**' એમ કહે છે. ઓ..હો..! જેણે આત્માને હથેળીની રેખાને જેમ દેખે એમ અંદર જોયો છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં પહેલેથી આત્મા આવો એવો જાણ્યો અને જોયો છે. કહે છે. એવા ધર્માત્માને આગળ વધીને સ્વરૂપમાં ઠરવું એ કોઈ આશ્ચર્યની વાત નથી. એ તો સ્વરૂપ જ છે એનું, એમ કહે છે. આહાહા..! ધન્ય અવતાર છે ને. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત આનંદ અને જ્ઞાનનો એ સાગર છે. આહાહા..! એનામાં શરીર, વાણી, મન તો નથી, પણ દયા, દાન, વ્રતના વિકલ્પ, રાગ એ પણ એ સ્વરૂપમાં નથી. એવી એ ચીજ છે. એ ચીજમાં, એ વસ્તુમાં વસવું, વસ્તુમાં વસવું, એવા આનંદમાં ઠરવું, સત્પુરુષોને માટે કાંઈ આશ્ચર્યકારી નથી. એ જ એની દશા હોય છે એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'અસત્પુરુષોને આશ્ચર્યની વાત છે.**' આહાહા..! જેને આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો ગાંઠડો આત્મા, એવી જેને ખબર નથી અને પરમાં, ધૂળમાં, પુણ્યમાં, પાપમાં સુખબુદ્ધિ માની છે, એવા અજ્ઞાનીઓને આત્મામાં ઠરવું એ આશ્ચર્યકારી છે. એને આશ્ચર્યની વાત છે. એટલે એ કરી શકતા નથી. આહાહા..! પાંચમું મહાવ્રત હતું ને. નિર્ગ્રંથ દશા, એને વિકલ્પ આવો હોય છે. નગ્નદશા. જૈનના મુનિઓ સાચા તો અંતરમાં ત્રણ કષાયના અભાવવાળા, બહારમાં તદ્દન નગ્નદશા હોય છે. એને જૈનના મુનિ કહેવામાં આવે છે. એકલા નગ્ન પણ નહિ અને એકલા ત્રણ કષાયનો અભાવ થયો હોય અને શરીરમાં વસ્ત્રાદિ રહે એમ પણ નહિ. એવી દશા છે. વીતરાગ પરમેશ્વરની એ આજ્ઞા છે. એમ એણે પહેલી ઓળખાણ કરીને માનવું જોઈએ. એ ૮૦મો કળશ થયો.

૬૧મી ગાથા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૬૧

पासुगमग्गेण दिवा अवलोगंतो जुगप्पमाणं हि।
गच्छइ पुरदो समणो इरियासमिदी हवे तस्स।।६१।।

प्रासुकमार्गेण दिवा अवलोकयन् युगप्रमाणं खलु।
गच्छति पुरतः श्रमणः ईर्यासमितिर्भवेत्तस्य।।६१।।

अत्रेर्यासमितिस्वरूपमुक्तम्।

यः परमसंयमी गुरुदेवयात्रादिप्रशस्तप्रयोजनमुद्दिश्यैकयुगप्रमाणं मार्गम् अवलोकयन् स्थावरजंगमप्राणिपरिरक्षार्थं दिवैव गच्छति, तस्य खलु परमश्रमणस्येर्यासमितिर्भवति। व्यवहारसमितिस्वरूपमुक्तम्। इदानीं निश्चयसमितिस्वरूपमुच्यते। अभेदानुपचाररत्नत्रयमार्गेण परमधर्मिणमात्मानं सम्यग् इता परिणतिः समितिः। अथवा निजपरमतत्त्वनिरतसहजपरम-बोधादिपरमधर्माणां संहतिः समितिः। इति निश्चयव्यवहारसमितिभेदं बुद्ध्वा तत्र परमनिश्चयसमितिमुपयातु भव्य इति।

---

અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે,
દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.

અન્વયાર્થ :– [ श्रमण ] જે શ્રમણ [ प्रासुकमार्गेण ] પ્રાસુક માર્ગે [ दिवा ] દિવસે [ युगप्रमाणं ] ધુરાપ્રમાણ [ पुरतः ] આગળ [ खलु अवलोकयन् ] જોઈને [ गच्छति ] ચાલે છે, [ तस्य ] તેને [ ईर्यासमितिः ] ઈર્યાસમિતિ [ भवेत् ] હોય છે.

ટીકા :– અહીં (આ ગાથામાં) ઈર્યાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.

જે *પરમસંયમી ગુરુયાત્રા (ગુરુ પાસે જવું), દેવયાત્રા (દેવ પાસે જવું) વગેરે પ્રશસ્ત પ્રયોજનનો ઉદ્દેશ રાખીને એક ધોંસરા જેટલો માર્ગ જોતો જોતો સ્થાવર તથા જંગમ પ્રાણીઓની પરિરક્ષા (સમસ્ત પ્રકારે રક્ષા) અર્થે દિવસે જ ચાલે છે, તે પરમશ્રમણને ઈર્યાસમિતિ હોય

---

* પરમસંયમી મુનિને (અર્થાત્ મુનિયોગ્ય શુદ્ધપરિણતિવાળા મુનિને) શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) ઈર્યાસંબંધી (-ગમનસંબંધી, ચાલવાસંબંધી) શુભોપયોગ તે વ્યવહાર ઈર્યાસમિતિ છે. શુદ્ધપરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહાર સમિતિ પણ કહેવાતો નથી. [આ ઈર્યાસમિતિની માફક અન્ય સમિતિઓનું પણ સમજી લેવું.]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે. (આ પ્રમાણે) વ્યવહારસમિતિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.**

**હવે નિશ્ચયસમિતિનું સ્વરૂપ કહેવામાં આવે છે. : અભેદ-અનુપચાર-રત્નત્રયરૂપી માર્ગે પરમધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યે સમ્યક્ 'ઇતિ' (-ગતિ) અર્થાત્ પરિણતિ તે સમિતિ છે; અથવા, નિજ પરમતત્ત્વમાં લીન સહજ પરમજ્ઞાનાદિક પરમધર્મોની સંહતિ (-મિલન, સંગઠન) તે સમિતિ છે.**

**આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારરૂપ સમિતિભેદો જાણીને તેમાં (-તે બેમાંથી) પરમનિશ્ચયસમિતિને ભવ્ય જીવ પ્રાપ્ત કરો.**

## ગાથા–૬૧ ઉપર પ્રવચન

સમિતિની વાત આવી હવે. ઈર્યાસમિતિ. મુનિને આત્માના ભાનસહિત ઈર્યાસમિતિ. નિશ્ચયસમિતિ સહિત વ્યવહારસમિતિ કેવી હોય એની વાત છે. આહાહા..! ૬૧મી ગાથા.

**पासुगमग्गेण दिवा अवलोगंतो जुगप्पमाणं हि।**
**गच्छइ पुरदो समणो इरियासमिदी हवे तस्स।।६१।।**

નીચે હરિગીત. મૂળગાથાનું..

**અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે,**
**દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.**

**ટીકા :– 'અહીં (આ ગાથામાં) ઈર્યાસમિતિનું સ્વરૂપ કહ્યું છે. જે પરમસંયમી...'** પરમસંયમી મુનિ એમ પહેલા લીધું છે. એને આવી વ્યવહારસમિતિ હોય છે. નીચે અર્થ કર્યો છે. **'પરમસંયમી મુનિને (અર્થાત્...'** નીચે નોટ. **'(મુનિયોગ્ય શુદ્ધપરિણતિવાળા મુનિને)...'** આહાહા..! સાધુને યોગ્ય એને વીતરાગતા, અતીન્દ્રિય આનંદની દશા પ્રગટી છે, શુદ્ધતા, પવિત્રતા પ્રગટી છે. ડુંગરમાંથી મીઠાં પાણી ઝરે, એમ ભગવાનઆત્મા આનંદનો ડુંગર, એમાંથી અતીન્દ્રિય આનંદના ઝરણા જેને વહે છે. આહાહા..! એવી શુદ્ધ પરિણતિ, **'(શુદ્ધપરિણતિવાળા મુનિને) શુદ્ધપરિણતિની સાથે...'** એવી આનંદની શુદ્ધ દશાની સાથે **'વર્તતો...'** સહચર–સાથે રહેનાર **'(હઠ વગરનો) ઈર્યાસંબંધી...'** સહજ એવો વિકલ્પ હોય છે. ત્યાં હઠ નથી હોતી. **'(–ગમનસંબંધી, ચાલવાસંબંધી) શુભોપયોગ...'** એને શુભોપયોગ હોય છે. છે એ પુણ્યભાવ છે. વ્યવહાર સમિતિ. પણ નિશ્ચય આત્માના અતીન્દ્રિય આનંદની શુદ્ધ દશાની ભૂમિકા પ્રગટી છે એને આવો હઠ વગરનો શુભોપયોગ હોય છે. વાતે વાતે ફેર બહુ. અત્યારની શૈલી અને વીતરાગનો માર્ગ બધો ફેરફાર.. ફેરફાર...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે વ્યવહાર સમિતિ છે. કોણ? જેને આત્મામાં અતીન્દ્રિય આનંદનું સમ્યગ્દર્શન પ્રગટ્યું છે અને અતીન્દ્રિય આનંદ સહિત શુદ્ધ દશા પ્રગટી છે. વીતરાગી આનંદાદિ દશા પ્રગટી છે. એને ગમનસંબંધી શુભોપયોગ રાગની મંદતાનો ભાવ હોય છે હઠ. એને વ્યવહારસમિતિ કહેવામાં આવે છે. આહાહા..! **'શુદ્ધપરિણતિ ન હોય...'** જ્યાં આગળ શુદ્ધ દશા જ, વીતરાગ દશા જ પ્રગટી નથી. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ આનંદનું ધામ, એમાંથી આનંદનો પ્રવાહ શુદ્ધ પરિણતિ તરીકે જેને થયો જ નથી, **'ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે;...'** એમ જોઈને ચાલવાનો શુભોપયોગ અજ્ઞાનીને હોય છે, પણ હઠવાળો હોય છે. હઠ. એને તો અહીં **'તો વ્યવહાર સમિતિ પણ કહેવાતો નથી.'** સમજાણું કાંઈ?

**'તે શુભોપયોગ તો વ્યવહારસમિતિ પણ કહેવાતો નથી. [ઈર્યાસમિતિની માફક અન્ય સમિતિઓનું પણ સમજી લેવું.]'** એમ ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપ,... એમાં એને શુભોપયોગ હોય છે, પણ ઓલી શુદ્ધ પરિણતિ સહિત શુભોપયોગ સહચર હોય છે. આત્માના શુદ્ધતાના ભાનમાં શુદ્ધતા પરિણતિરૂપ વીતરાગ છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય. એને યોગ્ય જે વીતરાગ દશા. શાંત... શાંત... શાંત... અંતરમાં એવી અવિકારી દશા પ્રગટી છે. એને આવો ગમનસંબંધી શુભોપયોગ હોય એ વ્યવહારસમિતિ કહેવાય. એ પુણ્યબંધનું કારણ છે. પણ એવું હોય છે. જેને શુદ્ધનું કાંઈ સમ્યગ્દર્શનનું ભાન નથી, સમ્યક્ચારિત્ર શું એની પણ ખબર નથી. એવા ઈર્યાસમિતિમાં શુભભાવ હોય, એ હઠવાળો હોય છે. મિથ્યાત્વસહિત એને પુણ્ય બંધાય. મિથ્યાત્વનું મોટું પાપ તો સાથે હોય છે. આહાહા..! નિશ્ચય સત્ શું છે એ રહી ગયું. એકલા વ્યવહારના ખોટા ઢસરડા રહી ગયા. આહાહા..! માર્ગ તો વીતરાગનો આ તો પરમેશ્વરનો માર્ગ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ. એક સમયમાં જેણે ત્રણકાળ, ત્રણલોક પ્રભુએ જોયા, એવી વીતરાગ દશા સહિતનું કેવળજ્ઞાન, એની વાણીમાં તો આ આવ્યું, બાપુ! મુનિપણાની દશા. આહાહા..!

મુમુક્ષુ :- આવી દશા હોય ને નિશ્ચય ન હોય તો.

ઉત્તર :- નિશ્ચય ન હોય તો કાંઈ જ સાચું નથી. મીંડા છે, રણમાં પોક મૂકવા જેવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે છે? અહીંયા આત્માની વાત છે. એ સંગ પણ ખોટો અને ઓલા ખોટા. ખોટેખોટાની વાત અહીંયા નથી. આ તો આત્માનો સ્વભાવ સર્વજ્ઞ પરમેશ્વરે વીતરાગે, કેવળજ્ઞાની તીર્થંકરદેવે કહ્યો અને એમણે તો પૂર્ણ પ્રગટ કર્યો. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતદર્શન, અનંત ચતુષ્ટય પ્રભુને પ્રગટ થયા. એમણે કહ્યું, કે જેને આત્મદર્શનનું ભાન છે. આત્મા શુદ્ધ ચૈતન્ય છું. રાગનો, ઈર્યા વિકલ્પ વ્યવહાર આવે એનો પણ હું કર્તા નથી. આહાહા..! ઈર્યાસમિતિનો જોઈને ચાલવાનો શુભભાવ આવે, એ મારું કર્તવ્ય નથી પણ આવ્યા વિના રહેતો નથી. આહાહા..! આવી વાત છે. શું થાય?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે પંથે ગણધરો ગયા, જે પંથનો સ્વીકાર ઇન્દ્રોએ કર્યો, જે પંથે મહા ચક્રવર્તીઓ ચક્રવર્તીના રાજ છોડી... આહાહા..! બળખો જેમ છોડે એમ ૯૬ હજાર સ્ત્રીને છોડી અતીન્દ્રિય આનંદમાં, અંતરના આનંદમાં આત્મામાં પ્રભુ રમવા લાગ્યા. એવું મુનિપણું. આહાહા..! ધન્ય અવતાર. એ દશા આવ્યા વિના એને મુક્તિ હોઈ શકે નહિ. પણ એના પહેલા એનું ભાન તો હોવું જોઈએ ને. કેવું મુનિપણું? કેવું સમકિત? કેવું જ્ઞાન? કોને ચારિત્ર કહેવું? કોને વ્યવહાર કહેવો? કોને નિશ્ચય કહેવો? કાંઈ ખબર વિના એ તો બધા ચાર ગતિમાં રખડવાના રસ્તા છે.

**'પરમસંયમી મુનિને...'** પહેલો શબ્દ એ લીધો. કેમ કે ઓલી વ્યવહાર સમિતિની ઈર્યાની વાત છે ને? પણ વ્યવહાર કોને હોય? કે પરમસંયમી મુનિને. જેને હજી આત્માનું સમ્યગ્દર્શન શું એનું ભાન, એની ઓળખાણ નથી. એને વ્યવહારથી જોઈને ચાલે અને આ કરે એ બધા મિથ્યાત્વ સહિત હઠવાળા શુભભાવ છે. આહાહા..! એવા પરમસંયમી મુનિને અંતરમાં તો શુદ્ધતા ઘણી પ્રગટી છે. ત્રણ કષાય--અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય ત્રણનો જેને અભાવ વર્તે છે. એવા મુનિને **'ગુરુયાત્રા...'** લ્યો આવ્યું. પુદ્‌ગલયાત્રા હતું ને? પુદ્‌ગલયાત્રા વિના, પુદ્‌ગલ વિના યાત્રા થઈ શકે નહીં. લ્યો આવ્યું. આ ગુરુયાત્રા. ધર્માત્મા, આત્મજ્ઞાની, ધ્યાની, આનંદમાં રહેનારા સાચા સંત, એને પણ ગુરુ પાસે જવાનો વિકલ્પ આવે છે. પોતાના ગુરુ હોય, આનંદ વિશેષ અધિક ગુણમાં છે, એની પાસે જવાનો વિકલ્પ હોય છે, એ શુભ વિકલ્પ છે. એ ગમનમાં એને શુભભાવ હોય છે. જોઈને ચાલવું.

**'દેવયાત્રા...'** સાક્ષાત્ પરમાત્મા બિરાજતા હોય, એના દર્શન કરવા જવું હોય, કે **'દેવયાત્રા...'** સર્વજ્ઞ પરમાત્માની સાચી વીતરાગ મૂર્તિ, એવા તીર્થાદિમાં જવું હોય. **'વગેરે પ્રશસ્ત પ્રયોજનો...'** લ્યો. એ બધા પ્રશસ્ત પ્રયોજન છે, શુભરાગના પ્રયોજન છે. ગુરુ પાસે વાંચણી લેવા જવું. બે-પાંચ ગાવ છેટે હોય તો. વગેરે ગમન કરવું. પણ છે આ પરમસંયમી સંત પોતે. એને આવો શુભયોગનો ભાવ આવે છે. એવા **'પ્રશસ્ત પ્રયોજનનો ઉદ્દેશ રાખીને એક ધોંસરા જેટલો માર્ગ જોતો જોતો...'** આમ બહાર નજર રાખે કે કોઈ જીવ-જંતુ ન હોય. શુભઉપયોગ છે ને અહીંયા? આહાહા..!

**'એક ધોંસરા જેટલો માર્ગ જોતો જોતો સ્થાવર તથા જંગમ પ્રાણીઓની પરિરક્ષા અર્થે...'** પ્રાસુક માર્ગ. એમાં કોઈ જીવજંતુ ન હોય, એવા માર્ગે મુનિ ગમન કરે. નીચે વનસ્પતિ હોય, હરિકાય ઉગી હોય, ત્રસ-કીડી, મકોડા, ખપેડ્યું થાય છે ઉડતી. ઝીણી ઝીણી ખપેડી. એવા જ્યાં હોય ત્યાં મુનિ વિહાર ન કરે, એમાં ગમન ન કરે. નિર્દોષ માર્ગ હોય, જેમાં અચેતન થઈ ગયું હોય, માણસના પગથી બધું મર્દન થઈને અચેતન થયેલું હોય, એમાં મુનિ ઈર્યાસમિતિએ ગમન કરે. આહાહા..! સ્થાવર, એકેન્દ્રિય પ્રાણી, હોં! પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો અને વનસ્પતિ, એ પાંચ એકેન્દ્રિય સ્થાવર જીવ છે. એની પણ હિંસા ન થાય એમ ચાલે. દિશાએ, જંગલમાં જાવું હોય, તો જ્યાં લીલોતરી ઊગી હોય ત્યાં જંગલ ન જાય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પઠવામાં આવે છે. આહાહા..! નીચે આ વનસ્પતિ જુઓને. ચોમાસામાં તો કેટલી જામી હોય... આહાહા..! એમાં ન જાય. જ્યાં વેળુ હોય, વેળુના નાળા આદિ, ખાલી પાણી વિનાના, ત્યાં જાય. એ ત્યાં ગમન કરે. અહીં ગમન પણ ન કરે.

એ '**પ્રાણીઓની પરિરક્ષા અર્થે...**' એને દુઃખ ન થાય એ અપેક્ષા. રક્ષાની વ્યાખ્યા આટલી. '**દિવસે જ ચાલે છે,...**' મુનિ રાત્રે ન ચાલે. રાત્રે આ તો કલાક-કલાક, બે-બે કલાક અંધારામાં (ચાલે). ઉનાળો છે તો ઝટ પહોંચી જઈએ. ચા ને પહોંચવા. આહાહા..! આ તો સમ્યગ્દર્શન અને જ્ઞાન વિનાના વ્યવહારના પણ ઠેકાણા ન મળે. તમે તો બધું બહુ જોયું હશે, નહિ? રાત્રે વહેલા ઉઠે. ચૈત્ર મહિનો તડકો થાય. ત્યાં ઝટ પહોંચી જઈએ. ચાનું પાછું મોડું થશે. અરે..રે..! તારા વ્યવહારના પણ ઠેકાણા નથી. નિશ્ચય તો છે નહિ ત્યાં વ્યવહારના પણ ઠેકાણાં નથી એને સાધુ (માને). કુસાધુને સાધુ માનવા જેવી માન્યતા છે. આહાહા..! આવો માર્ગ સંતોનો, સર્વજ્ઞ પરમેશ્વરનો છે. તીર્થંકરદેવના માર્ગમાં આવું છે. બીજે તો ક્યાંય છે જ નહિ.

'**દિવસે જ ચાલે છે, તે પરમશ્રમણને ઈર્યાસમિતિ હોય છે.**' જુઓ! પાછું ત્યાં લીધું. ત્યાં એ શબ્દ છે, હોં! પહેલું પરમસંયમી છે. ત્યાં પછી પરમસાધુ છે. પરમશ્રમણ છે. ટીકામાં જ છે. પરમશ્રમણ. એટલે કે એકલા અજ્ઞાનીને આવું હોય એ નહિ. આહાહા..! જેને શુદ્ધભાવ પ્રગટ્યો છે. વીતરાગ દશા જેણે અંતરમાં અનુભવી છે અને પ્રગટી છે એવાને આવો વ્યવહાર, આ સમિતિ હોય છે. '**(આ પ્રમાણે) વ્યવહારસમિતિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.**' પાઠમાં હતું એ. હવે નિશ્ચયની વાત કરે પાછી. એની સાથે ને સાથે.

'**હવે નિશ્ચયસમિતિનું સ્વરૂપ કહેવામાં આવે છે :...**' સાચી સમિતિ આને કહીએ. જોઈને ચાલવાનો વિકલ્પ તો ઉપચાર, વ્યવહારસમિતિ છે. એ તો પુણ્યબંધનું કારણ છે. એ ધર્મ નથી. વ્યવહારસમિતિ પણ ધર્મીને ધર્મ નથી. શુભભાવ છે. હવે નિશ્ચયસમિતિ. '**નિશ્ચયસમિતિનું સ્વરૂપ કહેવામાં આવે છે : અભેદ-અનુપચાર-રત્નત્રયરૂપી માર્ગે પરમધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યેક...**' જુઓ! બહાર ચાલે છે ને વ્યવહારી? બહાર માર્ગમાં... તો હવે નિશ્ચયવાળો? '**અભેદ-અનુપચાર-રત્નત્રયરૂપી માર્ગે...**' આહાહા..! શબ્દોને સમજવા કઠણ એક તો. અભેદ-અનુપચાર. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એનું સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર નિર્વિકલ્પ સ્વભાવને આશ્રયે થાય, એને અભેદ રત્નત્રય કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અભેદ કહો કે અનુપચાર કહો. ઉપચાર નહિ. રત્નત્રયરૂપી માર્ગે... આહાહા..! અંતરના સ્વરૂપમાં શુદ્ધ ચૈતન્યની સમ્યગ્દર્શન દશા, શુદ્ધ ચૈતન્યની સમ્યક્‌જ્ઞાન, સ્વસંવેદનજ્ઞાનની નિર્મળ દશા અને સ્વરૂપમાં રમણતારૂપ વીતરાગી ચારિત્ર, એવા માર્ગમાં જે રમે છે, એને નિશ્ચયસમિતિ કહીએ. આહાહા..!

'**અભેદ-અનુપચાર-રત્નત્રયરૂપી...**' પૃથ્વીમાં બહારમાં ઘોંસરા પ્રમાણે જોઈને ચાલે. કોઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવને, પરજીવને દુઃખ ન થાય. એ શુભોપયોગ. પણ કોને એ હોય? અંતરમાં જેને અભેદ રત્નત્રય, વસ્તુ ભગવાનઆત્મા, આત્મા પ્રભુ પોતે સચ્ચિદાનંદ (છે), એનું જેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર થયું છે. આત્માનો સાક્ષાત્કાર જેને થયો છે, એ **'રત્નત્રયરૂપી માર્ગે...'** એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પરિણતિ, એ માર્ગમાં ગતિ કરે, એમ કહે છે. **'પરમધર્મી એવા (પોતાના) આત્મા...'** એમ. **'રત્નત્રયરૂપી માર્ગે પરમધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યે સમ્યક્ 'ઇતિ'...'** પરિણતિ. આત્માની સમ્યક્ શુદ્ધ દશા, એને સાચી સમિતિ કહેવામાં આવે છે. એને સંવર અને નિર્જરારૂપ સમિતિ કહેવામાં આવે છે. ઓલું શુભ હતું કે જોઈને ચાલવું, એ તો પુણ્યબંધનું કારણ શુભોપયોગ હતો. સમજાણું કાંઈ? હજી વાત સમજતા પકડાય નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શુદ્ધભાવની પરિણતિ છે ને? એની સાથે આ શુભ છે. સમિતિ છે ને. અંદર ઉપયોગ ઠર્યો નથી. શુદ્ધ પરિણતિ પણ નિશ્ચયમોક્ષમાર્ગમાં આત્માને જોડેલ છે. એમાં ચાલે છે, ગતિ કરે છે. અંતઃસમિતિ અને સાથે આ શુભઉપયોગ હોય છે. એ વ્યવહાર છે, આ નિશ્ચય છે. નિશ્ચય એ ધર્મ છે અને વ્યવહાર એ પુણ્ય છે. આવી વાત છે. પેલો બહારમાં માર્ગમાં જોઈને ચાલે. આ અંતરના માર્ગમાં જોઈને ચાલે. પોતાના આત્મા પ્રત્યે સમ્યક્ ગતિ, એમ. અર્થાત્ પરિણતિ, શુદ્ધ દશા, એને સાચી સમિતિ કહેવામાં આવે છે. હવે એની તો ગંધ પણ ન મળે. અને વ્યવહાર સમિતિમાં આ છે.. આ છે.. અને વિધિ કરો. વિધિએ ધર્મ કરો, વિધિએ જોઈને ચાલો. પણ કોને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– મિચ્છામિ દુક્કડમ. એ તો આવે છે.

મુમુક્ષુ :– શુભભાવ અવિધિ છે.

ઉત્તર :– પણ એ શુભભાવ જ નિશ્ચયથી અવિધિ છે હજી. ઝીણી વાત છે. વિધિથી કરવું, અવિધિ ન થવા દેવી. ખમાસણામાં, ફલાણામાં, ઢીકણામાં.. અરે..! બિચારા મજુરી કરી કરીને મરી જાય છે. પુણ્યબંધના પણ ઠેકાણા ન મળે. મિથ્યાત્વ સહિત છે ને? અહીં તો ભગવાનઆત્મા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી પરિણતિમાં પ્રવર્તે છે, એનો આત્મા સમ્યક્ ગતિરૂપે પરિણમ્યો એને સમિતિ કહેવાય છે. એ સાચી સમિતિ છે. સંતોની સાચી સમિતિ. આહાહા..!

મુમુક્ષુ :– એ ભાવનું કામ છે..

ઉત્તર :– આવું હોય ત્યાં આવું હોય. ઠરી ગયો ન હોય એને. કહેતા હતા ને ઓલા. નિશ્ચય હોય એને પછી શું વાંધો? અરે..! જેને પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી, એને આવું હોય ત્યાં એવો શુભ વિકલ્પ આવે, નહિંતર તો વીતરાગ કેવળી થઈ ગયો હોય. કીધું ને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુરુ પાસે જવું, દેવ પાસે જવું. એને એવો ભાવ આવે. જાણે કે આ શુભરાગ છે. વ્યવહારે આવી દશા છે. જોકે જ્ઞાની તો વ્યવહારથી મુક્ત છે. પણ એ મુક્તદશામાં આવો એક પર વિકલ્પ છે, એવું એ જાણે છે. આહાહા..! ભારે વાત! લ્યો, મુનિને શુભોપયોગ હોય છે. એક કોર કહે સમકિતી નિશ્ચયમાં લીન વ્યવહારથી મુક્ત છે. એ રાખીને આ વાત છે. આહાહા..! પણ વાત એ કે આ આત્મા શું ચીજ છે એની ખબર ન મળે. આત્મા એટલે કાંઈક છે બસ. પણ એ અંદર કોણ છે? અનંત આનંદનું ધામ સચ્ચિદાનંદ પ્રભુ છે એ. આહાહા..! મહાપ્રભુની તો ખબર ન મળે. અને આ બહારના ભગવાનની ઓળખાણ કરવા નીકળ્યા. આવી જેને સમિતિની નિશ્ચય દશા હોય છે, એને ઓલો વ્યવહાર હોય છે. અથવા..

મુમુક્ષુ :- પરમધર્મી...

ઉત્તર :- નાના પરમધર્મી એવો પોતાનો આત્મા. અહીં ધર્મી એટલે ધર્મનો ધરનાર. એવો આત્મા પોતાના આત્મા પ્રત્યે સમ્યક્ પરિણતિ છે આવી. એમ. ધર્મી તો ત્રિકાળી વસ્તુ છે. પણ એની પરિણતિ છે ને. વીતરાગ પરિણતિ વર્તમાન છે.

**'પરમધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યે સમ્યક્ 'ઇતિ' (-ગતિ) અર્થાત્ પરિણતિ...'** એના તરફના વલણવાળી દશા. અને શુભભાવની દશા પર તરફના વલણવાળી છે એમ કહેવું છે. આહાહા..! કોઈ કહે, પણ આવું અમારે સમજીને શું કામ છે? પણ તારે સમકિત શું? સાધુપણું શું? સંવર-નિર્જરા શું? નવ તત્ત્વને બરાબર જાણવા પડશે કે નહિ? નવતત્ત્વમાં સંવર-નિર્જરા કોને કહેવી? મુનિપણું એટલે સંવર, નિર્જરા. જેને હજી નવતત્ત્વની ખબર નથી. એને એકલો આત્મા અંદર તારવીને જુદો પાડીને અનુભવવો, એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! નવતત્ત્વના તત્ત્વની અંદરમાં હજી એના ઠેકાણા ન મળે. વીતરાગ કહે છે એ રીતે, હોં! વીતરાગ સિવાય બીજે આ વાત ક્યાંય કોઈ ધર્મમાં છે નહિ. આ વાત ક્યાંય હોઈ શકે નહિ. વીતરાગ સર્વજ્ઞ સિવાય બધાએ કલ્પનાએ બધી વાતું કરી છે. સમજાણું કાંઈ?

**'નિજ પરમતત્ત્વમાં લીન સહજ પરમજ્ઞાનાદિક પરમધર્મોની સંહતિ...'** લ્યો. **'(-મિલન, સંગઠન)...'** એકાકાર થવું. **'પરમજ્ઞાનાદિક પરમધર્મોની સંહતિ...'** એમાં એકાકાર થવું. આત્મા પ્રત્યે હતું ને પહેલું? આમાં પરમધર્મો પ્રત્યે. ઓલું ધર્મી પ્રત્યે હતું, આને ધર્મ પ્રત્યે, સ્વભાવવાન પ્રત્યે પરિણતિ હતી. આ સ્વભાવમાં પરિણતિ એમ કહે છે. ધર્મ છે ને? **'નિજ પરમતત્ત્વમાં લીન સહજ પરમજ્ઞાનાદિક પરમધર્મો...'** એમ. ઓલો પરમધર્મી હતો. અહીં **'સહજ પરમજ્ઞાનાદિક પરમધર્મો...'** એની **'સંહતિ (-મિલન, સંગઠન)...'** સ્વભાવની એક્તા **'તે સમિતિ છે.'** આહાહા..!

**'આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારરૂપ સમિતિભેદો જાણીને...'** જુઓ! બેને બરાબર જાણી કે નિશ્ચય સત્ય આ છે, વ્યવહાર ઉપચાર આ છે. **'(-તે બેમાંથી)...'** જુઓ હવે.

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પરમનિશ્ચયસમિતિને ભવ્ય જીવ પ્રાપ્ત કરો.'** ઠીક. અધિકાર વ્યવહારનો છે. વ્યવહાર પ્રાપ્ત કરો નહિ, વ્યવહાર આવી જાય છે. તેથી આકરું લાગે ને આ. મુનિ છે અને અધિકાર વ્યવહારનો ચાલે. પણ એ વ્યવહાર નિશ્ચયને સમજાવવા નિશ્ચયમાં સ્થિરતા હોય એને માટે વ્યવહાર છે. નિશ્ચયને પ્રાપ્ત કરવો છે, વ્યવહારને પ્રાપ્ત કરવો નથી. વ્યવહાર તો વચમાં આવી જાય છે. ભારે વાત!

આ તો જેને સંસારનો, ચાર ગતિનો ડર લાગ્યો હોય. ક્યાંય સુખ નથી સ્વર્ગમાં કે શેઠાઈમાં કે ધૂળમાં. સુખ આત્મામાં છે, એવી જેની રુચિ અને ગરજ થઈ હોય, એને મુનિપણું કેવું હોય એને પાળવાનું, એને સમજવું જોઈશે. અને આ મુનિપણાની આવી દશા ન હોય એને મુનિપણું માનવું, તો માનનારને પણ મિથ્યાત્વ લાગે છે. સમજાણું કાંઈ? ઓલો તો મિથ્યાત્વી છે જ. જેને મુનિપણું નથી એને મુનિપણું માને છે. પણ એને મુનિપણું જે માને. મુનિ છે ને? સાધુ છે ને? પાંચમાં આરાના ઉત્કૃષ્ટ ન હોય ભલે, પણ સાધુ છે ને? સાધુ જ નથી, સાંભળને! દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. રાગથી, ક્રિયાથી ધર્મ માને છે. અને રાગના વ્યવહારના પણ ઠેકાણા નથી. એ નિશ્ચય અને વ્યવહાર બન્નેથી ભ્રષ્ટ છે. આહાહા..! આકરું કામ, બાપ! જગત સાથે ઊભા રહેવું. વીતરાગ માર્ગમાં રહેવું.

**'(–તે બેમાંથી) પરમનિશ્ચયસમિતિ...'** પાછી. વ્યવહાર ... **'પરમનિશ્ચયસમિતિને ભવ્ય જીવ પ્રાપ્ત કરો.'** આહાહા..! ઓ..હો..!

## શ્લોક–૮૧

(मन्दाक्रांता)

**इत्थं बुद्धवा परमसमितिं मुक्तिकान्तासखीं यो**
**मुक्त्वा संगं भवभयकरं हेमरामात्मकं च।**
**स्थित्वाऽपूर्वे सहजविलसच्चिच्चमत्कारमात्रे**
**भेदाभावे समयति च यः सर्वदा मुक्त एव।।८१।।**

**[ હવે ૬૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે :]**

**[શ્લોકાર્થ :–] આ રીતે મુક્તિકાન્તાની (મુક્તિસુંદરીની) સખી પરમસમિતિને જાણીને જે જીવ ભવભયના કરનારા કંચનકામિનીના સંગને છોડીને, અપૂર્વ, સહજ વિલસતા (સ્વભાવથી પ્રકાશતા), અભેદ ચૈતન્યચમત્કારમાત્રમાં સ્થિત રહી (તેમાં) સમ્યક્ 'ઇતિ' (-ગતિ) કરે છે અર્થાત્ સમ્યક્પણે પરિણમે છે, તે સર્વદા મુક્ત જ છે. ૮૧.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૮૧ ઉપર પ્રવચન

**'[ હવે ૬૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે :]'** પહેલી સમિતિ છે ને પહેલી. ૮૧મો કળશ.

**इत्थं बुद्धवा परमसमितिं मुक्तिकान्तासखीं यो**
**मुक्त्वा संगं भवभयकरं हेमरामात्मकं च।**
**स्थित्वाऽपूर्वे सहजविलसच्चिच्चमत्कारमात्रे**
**भेदाभावे समयति च यः सर्वदा मुक्त एव।।८१।।**

હવે અહીંયા આવ્યું, લ્યો. **'આ રીતે મુક્તિકાન્તાની (મુક્તિસુંદરીની) સખી...'** તારી પૂર્ણ આનંદદશા એવી મુક્તિ. પૂર્ણ આનંદદશા એવી સિદ્ધદશા, એની સખી પરમ સમિતિ નિશ્ચય. આહાહા..! એની બહેનપણી છે આ. મુક્તિકાન્તા પૂર્ણ આનંદસ્વરૂપ સિદ્ધ દશા, એની બહેનપણી આ નિશ્ચયસમિતિ છે. સ્વરૂપમાં એકાકાર થઈને પરિણમવું, વીતરાગદશાપણે આત્મામાં લીન થવું અથવા અનંત ધર્મો-સ્વભાવમાં લીન થવું, એવી **'પરમસમિતિને જાણીને જે જીવ ભવભયના કરનારા...'** લ્યો. હેમ, રામાદિ. છે ને? હેમ એટલે સોનું, રામા એટલે સ્ત્રી. **'ભવભયના કરનારા કંચનકામિનીના સંગને છોડીને,...'** આહાહા..! કંચન અને કામિની ચોકી આડી આવે છે ને? 'ચોકી આડી શ્યામની. રામની રમતને તેજ લૂંટે' 'નરસિંહ મહેતા' કહે છે. વ્યવહારે. આ વાત છે એ ત્યાં ક્યાં છે? 'કંચન અને કામની ચોકી આડી શ્યામની. રામની રમતને તે લૂંટે.' અહીં તો સંગ ન કરવો એટલી વાત છે. કંચન આદિ પરિગ્રહ. એમાં કંચનાદિ, વસ્ત્રાદિ બધું આવ્યું. અને કામિની એટલે સ્ત્રી. એના સંગને છોડી દઈને. તે તરફના વલણના ભાવને છોડી દે. આહાહા..!

**'અપૂર્વ, સહજ-વિલસતા...'** હવે એને છોડીને જાવું ક્યાં? **'અપૂર્વ, સહજ-વિલસતા** આહાહા..!**(સ્વભાવથી પ્રકાશતા),...'** આહાહા..! સહજાનંદ ભગવાન **'અભેદ ચૈતન્યચમત્કારમાત્રમાં...'** જુઓ! ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ સ્વરૂપ, પ્રભુ! એવો અભેદ એકરૂપ, એમાં સ્થિત રહી, એમાં સ્થિત રહી, **'સમ્યક્ 'ઇતિ' (-ગતિ) કરે છે અર્થાત્ સમ્યક્પણે પરિણમે છે, તે સર્વદા મુક્ત જ છે.'** એ મુક્ત જ છે, કહે છે. આહાહા..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એ અતીન્દ્રિય આનંદમાં, એવા ચૈતન્યચમત્કારમાત્રમાં. અભેદ ચૈતન્યચમત્કાર એમ. એમાં ભેદ નહિ. એકરૂપ ત્રિકાળ સ્થિત રહી સમ્યક્ ગતિ કરે, પરિણતિ કરે, શુદ્ધરૂપે થાય, **'તે સર્વદા મુક્ત જ છે.'** રાગરહિત એની પરિણતિ થઈ, એ મુક્ત જ છે કહે છે. આહાહા..! **'સર્વદા મુક્ત જ છે.'** પાછું. મુક્ત જ. **'સર્વદા મુક્ત**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**एव'** મુક્ત જ છે.

મુક્ત સમકિતીમાં આવે છે ને. 'સમયસાર' કળશમાં. આ ચારિત્રવંત મુક્ત કહ્યો. ત્યાં સમકિતીને મુક્ત કહ્યો છે. આહાહા..! આ વાત સાંભળવી પણ એને કઠણ, કંટાળાજનક લાગે. આ શું કહે છે? ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એ અતીન્દ્રિય આનંદમાં પ્રવેશ કરીને શુદ્ધ પરિણતિ પ્રગટ કરવી, એ જીવ મુક્ત છે, કહે છે. દ્રવ્ય અને ગુણ તો મુક્ત હતા, પરિણતિએ વીતરાગતા પ્રગટ કરી, એ મુક્ત થઈ ગઈ. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે આત્મા અને ગુણ એટલે શક્તિઓ, એ તો મુક્ત જ છે. જે પર્યાયમાં, રાગમાં એક્તા હતી એ તૂટીને સ્વભાવ સાથે એક્તા થઈ, અને શુદ્ધ દશા થઈ એ મુક્ત છે. પર્યાયમાં પણ મુક્ત છે. વ્યવહારસમિતિનો અધિકાર, એમાં આવા કળશો નાખ્યા. માંડ વ્યવહારનો અધિકાર આવ્યો ત્યાં વળી આ કહ્યું. પણ એ નિશ્ચય વિના વ્યવહાર નથી, અહીં તો એમ સિદ્ધ કરવું છે.

## શ્લોક–૮૨

(मालिनी)

**जयति समितिरेषा शीलमूलं मुनीनां**
**त्रसहतिपरिदूरा स्थावरणां हतेर्वा।**
**भवदवपरितापक्लेशजीमूतमाला**
**सकलसुकृतसीत्यानीकसन्तोषदायी।।८२।।**

**[શ્લોકાર્થ :–] જે (સમિતિ) મુનિઓને શીલનું (-ચારિત્રનું) મૂળ છે, જે ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના ઘાતથી સમસ્ત પ્રકારે દૂર છે, જે ભવદાવાનળના પરિતાપરૂપી ક્લેશને શાંત કરનારી તથા સમસ્ત સુકૃતરૂપી ધાન્યના રાશિને (પોષણ આપીને) સંતોષ દેનારી મેઘમાળા છે, તે આ સમિતિ જયવંત છે. ૮૨.**

## શ્લોક–૮૨ ઉપર પ્રવચન

૮૨મો કળશ.

**जयति समितिरेषा शीलमूलं मुनीनां**
**त्रसहतिपरिदूरा स्थावरणां हतेर्वा।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**भवदवपरितापक्लेशजीमूतमाला**
**सकलसुकृतसीत्यानीकसन्तोषदायी।।८२।।**

**શ્લોકાર્થ :–** આહાહા..! **'જે (સમિતિ)...'** નિશ્ચય. અહીં તો એ કીધું. આત્મા અનંત આનંદનો સાગર. એ આત્મામાં શુદ્ધ પરિણતિ અથવા ધર્મમાં એના ધર્મોમાં એકાગ્રતાની પરિણતિ, એ **'(સમિતિ) મુનિઓનું શીલનું (–ચારિત્રનું) મૂળ છે,...'** ચારિત્રનું એ મૂળિયું છે. આ નિશ્ચયસમિતિ, હોં! માણસ શાંતિથી સ્વાધ્યાય પણ કરતા નથી. એમ ને એમ હાંક્યે જ જાય. વાંચે (જાય). ધૂળેય નથી એમાં કાંઈ. આહાહા..! એક એક ગાથા વાંચે તો ખબર પડે કે આ બધું તારું ઊંધું છે. અરે..! આવા અવસરમાં, આવે કાળે મનુષ્યભવમાં ભવના અભાવની વાતું ન બેસે, અને ન સમજે તો એ શું કર્યું એણે? બાકી તો બધા ઢોર પણ ખાવું-પીવું કરે છે.

અહીં તો કહે છે, જે સ્વરૂપ આત્માનું ભગવાનઆત્મા અથવા એના આનંદ આદિ ધર્મો, એમાં જે એકાકાર થઈને પરિણમે છે, એને નિશ્ચય સમિતિ કહીએ. તે નિશ્ચયસમિતિ ચારિત્રનું મૂળ છે. એટલે એ જ ચારિત્ર છે. સમજાણું કાંઈ? **'જે ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના ઘાતથી સમસ્ત પ્રકારે દૂર છે,...'** એક પૃથ્વીનો એકેન્દ્રિય જીવ પણ હણાય, એનાથી પણ આ સમિતિ દૂર છે. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ છે. કહે છે, કે મુનિને માટે પાણી કર્યું હોય અને લે એમ છે નહિ. દૂરવર્તી છે સમિતિથી. આહાહા..! આ ઈર્યાની વાત છે. પણ એ બધી સમિતિમાં એમ લેવું.

**'જીવોના ઘાતથી સમસ્ત પ્રકારે દૂર છે,...'** પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિ અને ત્રસ છ કાયના જીવથી દૂર છે. કોઈપણ એકેન્દ્રિય જીવને દુઃખ થાય, એવો ભાવ મુનિને હોતો નથી. મુનિને. મુનિની વાત છે ને? અહીં તો બધા અધમણ-અધમણ પાણી ઊના કરે એને માટે. ઉપાડે, નાખે ઓલામાં.. શું કહેવાય? કમંડળ. મુનિને કમંડળ, આને વળી પાત્રા. આવડા-આવડા મોટા પાત્રા ભરે. ભરીને 'મોતીશા'ની ધર્મશાળામાં. ત્યાં જોયું હતું ને અમારે ત્યાં. અમારા બહેન ત્યાં રહેતા ને? 'હરિબેન' 'હરકુંવરબેન' નહિ? 'હરકુંવરબહેન'ની નથી ઓલી શાળા? એ અમારા બહેન હતા. 'મોતીશા'માં એના ધણી રહેતા. નામ ભૂલી ગયા. 'લીંબડી'ના હતા. 'હરકુંવરબહેન', નહિ? એની શાળા છે 'પાલિતાણા'માં. મોટી પાઠશાળા છે. એ 'હરિબેન' હતા અમારા. અમારા બાપાના મોટા ભાઈની દીકરી. દાદાની દીકરી. ત્યાં ઉતર્યા હતા. મોતીશાની ધર્મશાળામાં, સંસારમાં હતા ત્યારે અમારા બહેન હતા. બધું જોયું હતું રસોડા-બસોડા. પણ એ તો (સંવત) ૧૯૬૯ની સાલ, હોં! ૧૯૭૦ પહેલાં. ભાઈ સાથે હતા. 'શિવલાલભાઈ' સાથે હતા. એમના સગા ભાઈ અને અમારા દાદાના દીકરા થાય. બધું જોયું હતું. સાથે જાત્રા ગયા હતા. ૧૯૬૯માં દીક્ષા લીધા પહેલા. બધું કાંઈ ઠેકાણા ન મળે. નીચે ઉતરીને લાડવો ખાધો હતો. અને તળેલ ભજીયા. આવડો મોટો

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતો. આ તો મોટો આવો. પહેલા બહુ હતો. હું અને ઓલા ભાઈ હતા. 'હરકુંવરબહેન'ના સગા ભાઈ. પહેલું ... વાર લાગશે ચાલો ને અહીં થોડું ખાઈ લઈએ. પછી ગયા ઘરે. બિચારા હોંશથી આપે, હોં! અહીં તો પાછી અમારે ઓળખાણ ખરીને. અરે..રે..! એમાં માણસ ખુશી થાય, લ્યો.

કહે છે, કે ત્રસ અને સ્થાવરના જીવથી એકેન્દ્રિયની પણ હિંસા થાય, એનાથી મુનિ તો દૂર છે. આહાહા..! સમસ્ત પ્રકારે. છકાયના પીયર, લખે ખરા. છ કાયના ગોવાળ. એને માટે કચ્ચરઘાણ. એને માટે પાણી, આહાર, ચા, દૂધ. કહેતા આવે, કે ભાઈ આજે આવજો, હોં! ભજીયા-બજીયા છે અમારે ત્યાં. બપોરે આવજો. કાળા કેર કરે છે ને? સંતો, મુનિ તો ત્રસ અને સ્થાવરના ઘાતથી દૂર છે.

**'જે ભવદાવાનળના પરિતાપરૂપી ક્લેશને શાંત કરનારી...'** આહાહા..! ભવદાવાનળનો પરિતાપ ક્લેશ સળગ્યો છે, પ્રભુ! આહાહા..! એ મિથ્યાત્વ રાગ-દ્વેષના પરિણામ દાવાનળ છે, કહે છે. આહાહા..! એ ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષના ભાવ દાવાનળ, સળગતો સંસાર (છે). આહાહા..! એવા **'ભવદાવાનળના પરિતાપરૂપી ક્લેશને શાંત કરનારી તથા સમસ્ત સુકૃતરૂપી ધાન્યના રાશિને (પોષણ આપીને) સંતોષ દેનારી...'** અનાજ વાવ્યા હોય ને? પછી વરસાદ સરખો આવે મેઘમાળા. મેઘમાળા આમ સરખી આવે છે ને? જુઓને! છાંટાં આમ સરખા આવે. માળા જાણે લાગે. એમ સમિતિ નિશ્ચય, આત્માની વીતરાગ શુદ્ધ પરિણતિરૂપી સમિતિ, એના સુકૃત એટલે શુદ્ધતાના જેટલા ગુણના અંકુરો-ધાન્ય, એવી જે રાશિ એને સમિતિ સંતોષ દેનારી મેઘમાળા છે. **'તે આ સમિતિ જયવંત છે.'** આહાહા..! મુનિ એમ કહે છે કે એ સમિતિ અમારી પાસે છે. સમજાણું? આહાહા..! એ જયવંત વર્તે છે. અમારી પરિણતિ અમારી પાસે છે એમ કહે છે. જયવંત વર્તે છે, એમ કહે છે. આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ દિગંબર સંત હતા. નવસો વર્ષ પહેલા આનંદકંદમાં ઝુલતા. કહે છે, કે આત્માના અનંતગુણના અંકુરો જેટલા ફૂટ્યા છે, એ બધાને સમિતિ મેઘમાળા સમાન ધાન્યને પોષણ આપનારી છે. એ જયવંત વર્તો, કહે છે. આહાહા..! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૬૪, શ્લોક-૮૩-૮૪, ગાથા-૬૨, શનિવાર, અષાઢ સુદ ૧૦, તા.૩-૭-૭૧

વ્યવહારચારિત્રનો અધિકાર છે. અંદર કળશોમાં તો નિશ્ચય આવે છે. એટલે કે જેને પ્રથમ આત્મા પવિત્ર શુદ્ધ આનંદ અને જ્ઞાતા-દૃષ્ટા છે, એવું જેને પ્રથમ ભાન થયું હોય, એને અહીંયા સમ્યગ્દષ્ટિ જીવ કહે છે. એ ઉપરાંત અહીંયા તો વાત છે. જેને આત્માનું કલ્યાણ કરવું છે, એને એ કલ્યાણસ્વરૂપ ભગવાનઆત્મા, એનો પહેલો અનુભવ કરવો જોઈએ. અનુભવ વિના એ આત્મા શું ચીજ છે એની પ્રતીત કે વિશ્વાસ યથાર્થ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? એ ઉપરાંત અહીંયા તો વ્યવહારચારિત્રનો અધિકાર છે ને? જેને આત્મદર્શન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ ચૈતન્ય સત્તા પુણ્ય-પાપના રાગથી ભિન્ન એવું ભાન થયું, એ ઉપરાંત જેને ચારિત્ર દશા હોય છે, એટલે કે સ્વરૂપમાં રમણતા, આનંદસ્વરૂપમાં રમણતારૂપી નિશ્ચય–સાચું ચારિત્ર હોય એને આવા વ્યવહારચારિત્રના વિકલ્પોની મર્યાદા છે. આહાહા..! એટલી આમાં શરતો છે. સમજાણું કાંઈ?

જેને આત્માની પરમાનંદ દશા, એવી મુક્તિ, એની જેને સ્પૃહા છે, એને તો પ્રથમ આત્મા મુક્તસ્વરૂપ આનંદ છે, એવી તો એને દૃષ્ટિ અનુભવમાં પહેલી હોવી જોઈએ. એ વિના એને ચારિત્ર હોય નહિ. અને એકલા સમ્યગ્દર્શનથી પણ કાંઈ મુક્તિ હોય નહિ. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપમાં રમણતારૂપી ચારિત્ર હોય, એને આવા વ્યવહાર, સમિતિ, જોઈને ચાલવું વગેરે, શુભરાગ હોય છે. જેને સમ્યગ્દર્શન જ નથી, જેને અંતર ચારિત્ર જ નથી એને આવો વ્યવહાર ઈર્યાસમિતિનો વ્યવહાર પણ હોઈ શકે નહિ.

૮૩મો કળશ છે. ૮૨ સુધી આવી ગયા છે. ઈર્યાસમિતિનું ચાલે છે આ. આહાહા..!

## શ્લોક–૮૩

(मालिनी)

नियतमिह जनानां जन्म जन्मार्णवेऽस्मिन्
समितिविरहितानां कामरोगातुराणाम्।
मुनिप कुरु ततस्त्वं त्वन्मनोगेहमध्ये
ह्यपवरकममुष्याश्चारुयोषित्सुमुक्तेः।।८३।।

**[શ્લોકાર્થ :–] અહીં (વિશ્વમાં) એ નક્કી છે કે આ જન્માર્ણવમાં (ભવસાગરમાં) સમિતિરહિત કામરોગાતુર (-ઇચ્છારૂપી રોગથી પીડિત) જનોનો જન્મ થાય છે. તેથી હે મુનિ! તું તારા મનરૂપી ઘરમાં આ સુમુક્તિરૂપી સુંદર સ્ત્રી માટે નિવાસગૃહ (ઓરડો) રાખ (અર્થાત્ તું મુક્તિનું ચિંતવન કર). ૮૩.**

## શ્લોક–૮૩ ઉપર પ્રવચન

नियतमिह जनानां जन्म जन्मार्णवेऽस्मिन्
समितिविरहितानां कामरोगातुराणाम्।
मुनिप कुरु ततस्त्वं त्वन्मनोगेहमध्ये
ह्यपवरकममुष्याश्चारुयोषित्सुमुक्तेः।।८३।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શ્લોકાર્થ :– 'અહીં (વિશ્વમાં) એ નક્કી છે કે આ જન્માર્ણવમાં (ભવસાગરમાં) સમિતિરહિત...'** જીવો રખડે છે. આત્માના આનંદના પરિણમન રહિત દશાવાળા રખડે છે. સમજાય છે કાંઈ? આત્માનો અતીન્દ્રિય આનંદ, એના ભાન વિના અને એની રમણતા વિના. સમિતિ એટલે સ્વરૂપમાં રમણતા થવી. આનંદમાં રમણતા એ સમિતિ નિશ્ચય, અને એ સાચું ચારિત્ર કહેવાય છે. એવું જેને નથી એ **'જન્માર્ણવમાં (ભવસાગરમાં) સમિતિરહિત કામરોગાતુર (–ઇચ્છારૂપી રોગથી પીડિત)..'** છે. જેને કાંઈ કરવું જ નથી એવું સ્વરૂપ છે એવું જેને ભાન નથી, એને તો ઇચ્છારૂપી રોગ, એમાં આતુર છે. અજ્ઞાની આમ કાંઈક કરું, આમ કરું, પુણ્ય કરું, પાપ કરું, પરનું કરું, સ્વસન્મુખની દૃષ્ટિ છોડી, પરસન્મુખના વિકારો પરિણામમાં કર્તાથી પીડિત, દુઃખી છે એ. આહાહા..! ચોરાશીના અવતારમાં રખડનારા એ આત્માના સ્વરૂપની અંતર રમણતાના અભાવમાં પરની ઇચ્છાના કાર્યમાં રોકાયેલો, પોતે જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે, એમાં ભાન થઈને રમવું જોઈએ, કે જે મુક્તિનો અથવા સંસારના અંતનો ઉપાય છે. આહાહા..! એને નહિ કરીને કામાતુર એટલે **'तुराणाम्'** ઇચ્છાના રોગથી પીડાયેલા પ્રાણી, એમ કહે છે.

ઇચ્છા એ દુઃખ છે. આ કરવું... આ કરવું... આ કરવું... એવી ઇચ્છાથી પીડાયેલ પ્રાણી દુઃખી થયેલા **'જનોનો જન્મ થાય છે.'** આવા જીવોનો ચોરાશીમાં અવતાર થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'(વિશ્વમાં) એ નક્કી છે...'** એમ. ચોક્કસ જ છે, કે ભવસાગરમાં તો આત્માના સ્વરૂપની રમણતા રહિત કામાતુર **'જનોનો જનમ થાય છે.'** આહાહા..! કલંકિત અવતાર. આ બધા અવતાર એ કલંક છે, કહે છે. ભગવાન આનંદસ્વરૂપ, જ્ઞાનનો સાગર આત્મા, એની જેને અંતર રમણતા. પહેલી રમણતા પણ વસ્તુ શું છે એનું ભાન હોય અને પછી રમણતા હોય. એટલે ભાન અને રમણતા વિનાના પ્રાણી, એમ કહે છે. ઇચ્છાથી પીડાયેલા એ જન્મ ધારણ કરે છે. આહાહા..!

**'તેથી હે મુનિ!' 'मुनिप'** શબ્દ છે. પ એટલે .. **'मुनिप'** છે ને? 'ચેતનજી'! પણ શું? પ કેમ છે? અમારા પંડિતજી કહે છે. મુનિપતિ એમ કહે છે. હે મુનિ! એમ. આહાહા..! **'તું તારા મનરૂપી ઘરમાં...'** છે ને? **'कुरु ततस्त्वं त्वन्मनोगेहमध्ये'** આહાહા..! **'હે મુનિ! તું તારા મનરૂપી ઘરમાં આ સુમુક્તિરૂપી સુંદર સ્ત્રી...'** પરમાનંદની પરિણતિ થવી એનું નામ મુક્તિ. એ **'માટે નિવાસગૃહ...'** અંતરમાં મુક્તિની દશાની રમણતાનો વખત લે, એમ કહે છે. આહાહા..! તારા ઘરમાં એવી મુક્તિરૂપી નિવાસનું ઘર રાખ, ઓરડો એને માટે રાખ એમ કહે છે. આહાહા..!

ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના વિકલ્પથી પણ રહિત છે, એવી દૃષ્ટિ થઈ છે, એવા મુનિને કહે છે, કે તું તારા સ્વરૂપમાં હવે રમણ કર. મુક્તિને તારા ઘરમાં વસાવ, એમ કહે છે. બંધનના ભાવની દૃષ્ટિથી તું છુટ્યો છો, હવે દૃષ્ટિસહિતમાં સ્વરૂપમાં રાગથી મુક્ત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થવાની, એવી મુક્તિરૂપી સ્ત્રી, એનું ઘર રાખ. આહાહા..! એનું નિવાસ-ઘર ઓરડો રાખ. આહા..! આ પુણ્ય અને પાપને રાખવાનો ભાવ છે ને? કહે છે, એ તારો મિથ્યાત્વભાવ છે. એ જન્મવાના લક્ષણ તારા છે. ચોરાશીમાં જન્મવું... આહાહા..!

**'તેથી હે મુનિ!'** રાગથી રહિત પૂર્ણ પરમાત્મદશા, સિદ્ધદશા એના કારણરૂપ તારા મનમાં નિર્મળ પર્યાયમાં એનું ચિંતવન કર, એનું ધ્યાન કર, એમાં રમણતા કર, કે જેથી તને મુક્તિ થાય. શરતો ભારે આકરી. આહાહા..! જોઈને ચાલ, ઈર્યાસમિતિની વાત અહીં લીધી નથી. એ તો વ્યવહાર વચ્ચે હોય છે એવું જ્ઞાન કરાવ્યું છે. કરવાનું તો પ્રભુ! તારે અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પરિણતિ કરવી એ તારી સમિતિ છે. નિશ્ચય, હોં! આ વ્યવહાર સમ્યગ્દર્શન એ પાછું નહિ. આહાહા..! આ તો નિર્ભ્રાંત છું. નિભ્રત પુરુષોનું કામ છે. એમ આવ્યું હતું. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ, એનું જેને એકાગ્રપણું થયું છે, એ નિભ્રત પુરુષો બધી જગતની ચિંતાઓથી મુક્ત છે. સમજાય છે કાંઈ? એવી મુક્તિનું તું ચિંતવન કર એમ કહે છે. ચિંતવનનો અર્થ અંદર એકાગ્રતા કરવી. જ્ઞાનસ્વભાવભાવ, એવો તું, તેમાં એકાગ્ર થા. એ મુક્તિનો ઉપાય છે અને એ મુક્તિને તારા ઘરમાં વસાવવાનું કારણ છે. આહાહા..! ૮૪ કળશ.

આ સત્યની વાત તો જગતમાં બહારમાં રહી નહિ અને ઓલો વ્યવહાર એકલો રહી ગયો. ખોટા ઢસરડા. સર્પ ગયા અને લીસોટા રહ્યા. આમ ચાલવું, આમ ખાવું, આ કરવું, પણ એ તો બધી વિકલ્પની વાત છે, સાંભળને! શુભરાગ (છે). પણ એના પહેલા અંતર રાગરહિત સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપના અનુભવ વિના સ્વરૂપમાં રમણતાની સમિતિ ક્યાંથી આવશે? આહાહા..! જેણે સ્વરૂપ જ જોયું નથી, જાણ્યું નથી, દૃષ્ટિમાં લીધું નથી. એને સ્વરૂપમાં રમણતા ક્યાંથી હોય? એમ કહે છે. રમણતા એટલે ચારિત્ર. આહાહા..!

ચોરાશીના અવતારમાં જન્મવું પડશે નહિતર, કહે છે. આહાહા..! કોઈ ત્યાં તારી સહાય નથી. માટે આત્મા તારા નિજ સ્વભાવની સંભાળ કરી, અને એમાં રમણતારૂપી સમિતિ પ્રગટ કર. જેથી તને જન્મ-મરણ મટી જાય. અહીં આ વાત છે. આહાહા..!

## શ્લોક-૮૪

(आर्या)

**निश्चयरूपां समितिं सूते यदि मुक्तिभाग्भवेन्मोक्षः**
**बत न च लभतेऽपायात् संसारमहार्णवे भ्रमति।।८४।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[શ્લોકાર્થ :–] જો જીવ નિશ્ચયરૂપ સમિતિને ઉત્પન્ન કરે, તો તે મુક્તિને પામે છે—મોક્ષરૂપ થાય છે. પરંતુ સમિતિના નાશથી (-અભાવથી), અરેરે! તે મોક્ષ પામતો નથી, પણ સંસારરૂપી મહાસાગરમાં ભમે છે. ૮૪.**

## શ્લોક–૮૪ ઉપર પ્રવચન

૮૪મો કળશ.

**निश्चयरूपां समितिं सूते यदि मुक्तिभाग्भवेन्मोक्षः**
**वत न च लभतेऽपायात् संसारमहार्णवे भ्रमति।।८४।।**

**શ્લોકાર્થ :– 'જો જીવ નિશ્ચયરૂપ સમિતિને ઉત્પન્ન કરે,...'** શું કહે છે? જુઓ! દિગંબર સંતોની સનાતન પરિણતિની પ્રણાલિકા. છે અધિકાર વ્યવહારનો છતાં.. હોય જાણવાલાયક. આચરવા લાયક તો સ્વરૂપમાં રમણતા તે છે. નવતત્ત્વમાં સંવર-નિર્જરાની મુનિની દશા કેવી હોય એનું અહીં જ્ઞાન કરાવે છે. ચોથે ગુણસ્થાને સંવર-નિર્જરા અલ્પ હોય છે, પાંચમે ગુણસ્થાને વિશેષ હોય છે, મુનિને વિશેષ ઘણી હોય છે. એને એકલો પુણ્યભાવ જ હોય છે એમ છે નહિ. એમ કહે છે. એકલી ઈર્યાસમિતિ–જોઈને ચાલવું એ તો વિકલ્પ, રાગ છે. એ કાંઈ મુનિપણું નથી, અને એ કાંઈ ધર્મ નથી. આહાહા..!

કાલે કોઈનો એક કાગળ આવ્યો હતો, કે આ બધા મંદિરો કરે છે અને થાય છે એ કરતા તો આત્મામાં ઉતરવાની વાત ઢુંઢિયાને કરોને હવે. લ્યો, કો'કનો કાગળ આવ્યો હતો, બાપુ! ભાઈ! એ શુભરાગ હોય છે. અહીં જુઓને! વ્યવહારચારિત્ર હોય છે, એનું જ્ઞાન કરાવે છે. શુભરાગ, ભગવાનની ભક્તિ આદિ ધર્મ નથી. પણ અશુભરાગથી બચવા વચમાં એવો ભાવ આવે છે. જો એને કહે કે ના, ના એ છોડો. તો પછી આ વાંચવા, સાંભળવામાં પણ શુભરાગ છે. આ સાંભળવું એય શુભરાગ છે. આહાહા..!

મુમુક્ષુ :– ધ્રુવનું ઘુંટણ કરવું.

ઉત્તર :– ધ્રુવમાં ઘુંટણ કરે એ તો અંદર વિકલ્પ છે પહેલો. એય..! એને અંતરમાં દૃષ્ટિ સહિતની રમણતા તો અમુક કાળ રહી શકે નહિ. એથી એને આવો શુભભાવ હોય. એ કાગળ કો'કનો આવ્યો હતો. ક્યાંનો હતો? 'મેરઠ'નો. પરબિડીયું આવે છે. એમ કે આ પ્રમાણે... અહીં તો ભઈ અમે કહેતા નથી. એ તો લોકો એને પ્રમાણે મંદિર આદિ શાસ્ત્રમાં હોય છે એટલે કરે છે. થાય છે. થાય છે એ તો એને કારણે થાય છે. ત્યારે અહીં કહે ઉતારો આમાં ઢુંઢિયાને મૂર્તિ બેસતી નથી માટે એને ચૈતન્યમાં ઉતારો એમ કહે છે. પણ ચૈતન્યનું હજી ભાન નથી. આહાહા..! હજી એમાં મૂર્તિ છે અને એનો ભક્તિભાવ આવે છે, એવી જેને ખબર નથી એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો આ શ્રવણ કરવું એ શુભભાવ છે, આ વાંચવુ એ શુભભાવ છે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં એમ કરવું એ પણ એક શુભરાગ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, ના આ તો રાગની વ્યાખ્યા, બાપુ! એને ખબર નથી. એ બધા વિકલ્પો આવે છે, હોય છે. એ ધર્મ નથી. આહાહા..! ધર્મ તો એ વિકલ્પથી રહિત ચૈતન્યમૂર્તિ ભગવાન, એનો અનુભવ થઈને દૃષ્ટિ થાય એ ધર્મની શરૂઆત છે. અને પછી સ્વરૂપમાં રમણતા કરવી, ઓ..હો..! ધન્ય અવતાર એ તો! એની દશા આનંદમાં ઝૂલતી હોય છે. એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કાંઈ લૂગડા ફેરવ્યા અને નાગા થઈ ગયા, માટે ચારિત્ર (થઈ ગયું) એમ નથી. આહાહા..!

અહીં તો જેને જન્મ-મરણ મટાડીને મુક્તિ કરવી હોય એની વાત છે, ભાઈ! તો એને તો કહે છે, **'જો જીવ નિશ્ચયરૂપ સમિતિને ઉત્પન્ન કરે,...'** જુઓ! અર્થ એમ છે ને? નિશ્ચય ભગવાનઆત્મા, અંતર સ્વરૂપમાં આનંદ અને જ્ઞાનનો સાગર આત્મા છે. આત્મા વસ્તુ છે ને? પદાર્થ છે ને? તો છે તો એમાં કોઈ શક્તિ, ગુણ, સ્વભાવ હોય કે નહિ? કે જડમાં જ ગુણ અને સ્વભાવ હોય અને આત્મામાં ન હોય? અરે..! જડમાં ગુણ અને સ્વભાવ એ પણ નક્કી કોણે કર્યા? એ તો આત્માએ (કર્યા). આત્મા અંદર એવો ત્રિકાળી કાયમ રહેનારો એનો સ્વભાવ છે. જ્ઞાન અને આનંદ અને સ્વચ્છતા, શુદ્ધતા, પવિત્રતા એવો એનો સ્વભાવ છે. એવા સ્વભાવમાં **'સમિતિને ઉત્પન્ન કરે,...'** એમાંથી નિશ્ચય. શુદ્ધતા ઉત્પન્ન કરે, શુદ્ધતાનો સ્વભાવ છે એમાંથી શુદ્ધતા ઉત્પન્ન કરે. પુણ્ય-પાપના પરિણામ નહિ એમ કહે છે. આહાહા..!

**'નિશ્ચયરૂપ સમિતિ...'** અંતર આત્મા આનંદમાં પરિણમે, આનંદમાં રમે, એવી જે સાચી સમિતિ, એને પહેલી તો ઉત્પન્ન કરે, એમ કહે છે. આહાહા..! ઉત્પાદ છે ને? આ તો પર્યાય છે ને? ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ અને આનંદનું ધામ, ધ્રુવ ધામ, એમાંથી શુદ્ધ નિશ્ચયરૂપ સમિતિ પ્રગટ કરે. આ વીતરાગ દશા. કષાયના ક્લેશથી રહિત, અકષાયના આનંદ સહિત, એવી સમિતિને ઉત્પન્ન કરે, એને ધર્મ કહે છે. આહાહા..! ભારે ધર્મની વ્યાખ્યા, ભાઈ! **'તો તે મુક્તિને પામે છે—'** કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વધતા-વધતા..?

ઉત્તર :– વધતા-વધતા એ ઉત્પન્ન કરે છે, એમાંથી જ મુક્તિ થાય છે. એ સમિતિ એ સમિતિ છે ને આગળ વધ્યો એ. પરિણમન છે ને. એ બધું સમિતિનું પરિણમન છે. થોડું, ઘણું, જાઝું.

**'પરંતુ સમિતિના નાશથી...'** આહાહા..! કહે છે, શુદ્ધ ભગવાનઆત્મા, આનંદનું સ્વરૂપ, એમાં જેની દૃષ્ટિ અને રમણતા નથી. **'અરેરે!'** એમ કહે છે. **'बत'** છે ને? **'અરેરેરે! તે**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મોક્ષ પામતો નથી,...**' એ ચોરાશીના અવતારમાં રખડશે. આહાહા..! કાગડા ને કૂતરા, કંથવા ને હાથી, નારકી ને ઢોર, આવા અવતાર... આહાહા..! બાપુ! તને ખબર નથી. જેને ભગવાનઆત્મા અંતર સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો, તીર્થંકરદેવ કેવળી પરમાત્માએ અનંત આનંદ અને જ્ઞાન ને શાંતિથી ભરેલું તત્ત્વ છે ઇ. એનો આશ્રય કરીને નિર્મળ દશા પ્રગટ કરે, એ સમિતિ કહો, મોક્ષમાર્ગ કહો બધું એક જ છે. એને સંસારનો છેડો આવે. પણ અરે..રે..! ખેદ છે કે, પ્રભુ! પોતાની જાતને નહિ સંભાળતા, પોતે આનંદનું ધામ આત્મા (છે), એની સન્મુખમાં રમણતા, શ્રદ્ધા નહિ કરતો. અરે..રે..! રાગની ક્રિયાના ભાવમાં પડ્યો, તે મોક્ષ નહિ પામે, એમ કહે છે. લ્યો, અહીં તો આત્માની રમણતા વિનાની એકલી ઈર્યા-વ્યવહાર એ પણ મોક્ષ નહિ પામે, ભાઈ! એમ કહ્યું. આત્માના અનુભવ અને અંતર રમણતા વિનાની એકલી ઈર્યાસમિતિ શુભભાવ (છે), એ પણ સંસાર છે. એનું ફળ સંસાર છે. આહાહા..!

મુમુક્ષુ :– એ તો સમિતિ જ ક્યાં છે?

ઉત્તર :– આ તો વ્યવહારે કહે ને લોકો. આમ બરાબર જોઈને ચાલે છે. કોઈ જીવને દુઃખ ન થાય એમ ચાલે છે. અરે..! પણ અંદરમાં વસ્તુ છે એમાં તો જોઈને ચાલતો નથી. એને જોયું નથી. અને જોયા વિના અંદરમાં રમણતા ક્યાંથી થાય? ભારે આકરું, ભાઈ! હજી તો આ વાત સાંભળવા મળતી નથી. અરે..રે..! ભાઈ! આ મુનિ અહીં ખેદ કરે છે. પ્રભુ! એ તારા આવા આનંદસ્વરૂપમાં અંતર સન્મુખની દૃષ્ટિ અને રમણતા વિના એકલી રાગની ક્રિયાથી મુક્તિ નહિ થાય એમ કહે છે. મોક્ષ નહિ થાય, અવતાર થશે. આહાહા..! એ તો અવતાર ચાહે સ્વર્ગનો હોય તો પણ ત્યાં અંગારાના દુઃખ છે, પ્રભુ! કષાયની ભઠ્ઠી બળે છે. આહાહા..!

'**અરેરે! તે મોક્ષ પામતો નથી, પણ સંસારરૂપી મહાસાગરમાં ભમે છે.**' આહાહા..! ચોરાશીના અવતાર અથાગ, એમાં ભમશે. અજ્ઞાની એમાં ભમશે એમ કહે છે. જેને સ્વરૂપ ભગવાનઆત્મા, એની સમિતિ એટલે કે જેને અંદર શુદ્ધ પરિણતિ, શુદ્ધ છે એવું ભાન નથી અને તેથી શુદ્ધની પરિણતિ દશા એને નથી. એમ. તેથી એને એકલી અશુદ્ધ પરિણતિ છે એમ કહે છે. ચાહે તો પુણ્યના ભાવ હોય કે પાપના ભાવ, બન્ને મલિન ભાવ છે. બન્ને સંસારમાં જન્મવાના કારણ છે. આહાહા..! એ ૮૪મો કળશ થયો, લ્યો.

'**સંસારરૂપી મહાસાગાર...**' ભાષા તો એમ છે ને? '**महार्णवे**' આહાહા..! સંસાર મોટો દરિયો છે. પૃથ્વીના અવતાર, પાણીના અવતાર, અગ્નિના અવતાર, વાયુના અવતાર, કીડા, કાગડા, કૂતરા એવા અવતાર કરી કરીને સોથા નીકળી ગયા. જરી કાંઈક માણસ થાય, એમાં વળી પાંચ-પચ્ચીસ લાખ પૈસા થાય, બાયડી-છોકરા ઠીક થાય, ધંધો સારો જામે, તો અમે સુખી છીએ. મૂંઢ છો, સાંભળને! તને કોણ સુખી કહે છે? દુઃખના અંગારે દાઝી રહ્યો છો. એ... 'હિંમતભાઈ'! આહાહા..! દુઃખના, ક્લેશના અંગારે બળી રહ્યો છે એ તો. આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શેઠિયા, રાજા ને દેવ, બધા દુઃખને અંગારે સળગે છે. આત્મા આનંદસ્વરૂપ છે એની ખબર નથી.

મુમુક્ષુ :– તન, મન થરથરે છે.

ઉત્તર :– તન તો કાંઈ થરથરતું ન હોય. અંદર રાગ થરથરે છે. વિકાર-વિકાર. રાગ અને દ્વેષની આકુળતા હોય. આહાહા..! ધંધો હમણાં બહુ સારો ધમધોકાર ચાલે છે. માણસ શું કહે? ધમધોકાર. આવી બધી અજ્ઞાનીની ભાષા હોય છે. હમણાં ધમધોકાર ચાલે છે. લાખ-લાખ, બે-બે લાખની પેદાશ. વીસ હજારનો ખર્ચ, એક લાખ એંશી હજાર વધે છે. શું છે પણ હવે? સાંભળને! દુઃખના અંગારે સળગે છો, તને ભાન નથી. એ જડ મારા છે અને જડ લક્ષ્મી મને મળી, એ તારી માન્યતા જ મૂર્ખાઈ ભરેલી છે. દુઃખના અંગારે સળગી રહ્યો છો અને માને છે કે મેં કર્યું. કેમ છે ભાઈ? બાદશાહી છે હમણાં. ઠીક. અક્કલનો ખાં છે, કહે છે. 'ગુણવંતભાઈ'! અહીં તો આવું છે, ભાઈ! આહાહા..! આનંદનો ધામ પ્રભુ આત્મા, એના ઉપર તારી નજરું ન મળે અને નજરું એકલા પુણ્ય અને પાપના રાગમાં, પરમાં મૂંઢ થઈને ચોરાશીના અવતારમાં જન્મવાના તારા લક્ષણ છે. આહાહા..! એમ કહે છે અહીં. 'શાંતિભાઈ'! શું હશે આવું? ભારે ભાઈ! ધરમ ભારે આકરો.

મુમુક્ષુ :– દુઃખને દુઃખ માનતો જ નથી.

ઉત્તર :– દુઃખની ખબર જ નથી. બસ પાંચ-પચ્ચીસ લાખ મળ્યા, શરીર સુંદર, બાયડી ઠીક, છોકરાઓ કહ્યાગરા, વહુઓ સારા ઘરની...

મુમુક્ષુ :– એવું તો બધાને હોય નહિ.

ઉત્તર :– બધું હોય નહિ લ્યો કહે છે. પણ આ તો કોઈકને ત્યાં એવું હોય.

મુમુક્ષુ :– હોય એમાં સંતોષ માને.

ઉત્તર :– 'દિપચંદ' શેઠિયા છે ને? એને ત્યાં બધી બહારની સરખાઈ છે. 'દીપચંદ શેઠિયા' 'સરદાર શહેર'. કહેતા હતા. અત્યારે એને બધી સરખાઈ. છોકરા, એની વહુ સારા ઘરની, તેરાપંથી ગૃહસ્થોની હોય. સ્થાનવાસી તેરાપંથી. તો પણ એને બહુ ઓલું. પાંચ-સાત વહુ હોય, તો સૌનો દાગીનો સૌને આપે નહિ. સૌનો દાગીનો એક ઠેકાણે રાખે. જેને જોતો હોય એ લઈ જજો. એમ કે કાંઈક આ મારું-તારું થાય તો વળી પાછા વાંધા ઊઠે. સારા ઘરની દીકરી હોય, માટે વાંધો ટાળીને શાંતિ છે. એના ઘરમાં ઘણી શાંતિ છે. એની લાઈન જ જુદી છે. શેઠિયાના ઘરની. સવારથી સાંજ સુધી બધા ખાવામાં, પીવામાં બધામાં ગાયનો હોય ધર્મના. બહારની લાઈન ઘણી ઓલી છે. એ તો કહેતા પણ કહે અમારે વાસણ ઉટકનારી છોકરી, બાયું આવે, એ આ બોલે. અમે આનંદમાં રહેનારા છીએ, રાગ આદિ અમે નહિ, શરીરાદિ અમે નહિ, પૈસા અમારા નહિ, બાયડી અમારી નહિ, એમ કહે. એ પણ સારા ઘરની પૈસાવાળી... એમ બોલતા હતા. કામ કરનારી હોય એને પણ કેટલાક પુણ્ય (હોય). એ પણ દાગીના પહેરીને લૂગડા, વાસણ કરતા. એ કહેતા હતા. પુણ્યનું કહેતા હતા કે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભરત ચક્રવર્તીનો અંશ છે અમારી પાસે તો. પણ ધૂળમાં શું છે? એવું તો અનંતવાર મળ્યું. એ તો દુઃખના દાળીયા છે. આહાહા..! કહો, એવી બધી સરખાઈ કોઈકને હોય. પણ એ તો પુણ્યની, ધૂળની સરખાઈને? એ તો દુઃખની હરખાઈ છે. આહાહા..!

ભગવાનઆત્મા આનંદનો સાગર પ્રભુ અંદર, એમાં જેની નજરું નથી, અને એમાં જેની રમણતા નથી. નજર નથી એટલે સમ્યગ્દર્શન નથી. આહા..! એ તો સંસારરૂપી મહાસાગરમાં રખડશે. એ ઈર્યાસમિતિની વાત થઈ લ્યો. હવે ભાષાસમિતિ. પાંચ સમિતિમાં બીજી. અહીં તો સમિતિનું રૂપ જ બીજી જાત છે. ૬૨મી ગાથા.

## ગાથા–૬૨

**पेसुण्णहासकक्कसपरणिदप्पप्पसंसियं वयणं।**
**परिचत्ता सपरहिदं भासासमिदी वदंतस्स।।६२।।**

**पैशून्यहास्यकर्कशपरनिन्दात्मप्रशंसितं वचनम्।**
**परित्यज्य स्वपरहितं भाषासमितिर्वदतः।।६२।।**

**अत्र भाषासमितिस्वरूपमुक्तम्।**

**कर्णेजपमुखविनिर्गतं नृपतिकर्णाभ्यर्णगतं चैकपुरुषस्य एककुटुम्बस्य एकग्रामस्य वा महद्विपत्कारणं वचः पैशून्यम्। क्वचित् कदाचित् किंचित् परजनविकाररूपमवलोक्य त्वाकर्ण्य च हास्याभिधाननोकषायसमुपजनितम् ईषच्छुभमिश्रितमप्यशुभकर्मकारणं पुरुषमुखविकारगतं हास्यकर्म। कर्णशष्कुलीविवराभ्यर्णगोचरमात्रेण परेषामप्रीतिजननं हि कर्कशवचः। परेषां भूताभूतदूषणपुरस्सरवाक्यं परनिन्दा। स्वस्य भूताभूतगुणस्तुतिरात्मप्रशंसा। एतत्सर्वमप्रशस्तवचः परित्यज्य स्वस्य च परस्य च शुभशुद्धपरिणतिकारणं वचो भाषासमितिरिति।**

**तथा चोक्तं श्रीगुणभद्रस्वामिभिः-**

(मालिनी)

**``समधिगतसमस्ताः सर्वसावद्यदूराः**
**स्वहितनिहितचित्ताः शांतसर्वप्रचाराः।**
**स्वपरसफलजल्पाः सर्वसंकल्पमुक्ताः**
**कथमिह न विमुक्तेर्भाजनं ते विमुक्ताः।।''**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને,
છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨.

અન્વયાર્થ :– [ पैशून्यहास्यकर्कशपरनिन्दात्मप्रशंसितं वचनम् ] પૈશૂન્ય (ચાડી), હાસ્ય, કર્કશ ભાષા, પરનિંદા અને આત્મપ્રશંસારૂપ વચનો [ परित्यज्य ] પરિત્યાગીને [ स्वपरहितं वदत ] જે સ્વપરહિતરૂપ વચનો બોલે છે, તેને [ भाषासमितिः ] ભાષાસમિતિ હોય છે.

ટીકા :– અહીં ભાષાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.

ચાડીખોર માણસના મુખમાંથી નીકળેલાં અને રાજાના કાનની નિકટ પહોંચેલા, કોઈ એક પુરુષ, કોઈ એક કુટુંબ કે કોઈ એક ગામને મહા વિપત્તિના કારણભૂત એવા વચનો તે પૈશૂન્ય છે. ક્યાંક ક્યારેક કાંઈક પરજનોના વિકૃત રૂપને અવલોકીને અથવા સાંભળીને હાસ્ય નામના નોકષાયથી ઉત્પન્ન થતું, જરાક શુભ સાથે મિશ્રિત હોવા છતાં અશુભ કર્મનું કારણ પુરુષના મુખના વિકાર સાથે સંબંધવાળું, તે હાસ્યકર્મ છે. કાનના છિદ્રની નજીક પહોંચવામાત્રથી જે બીજાઓને અપ્રીતિ ઉપજાવે છે તે કર્કશ વચનો છે. બીજાનાં વિદ્યમાન-અવિદ્યમાન દૂષણપૂર્વકના વચનો (અર્થાત્ પરના સાચા તેમ જ જૂઠા દોષો કહેનારાં વચનો) તે પરનિંદા છે. પોતાના વિદ્યમાન-અવિદ્યમાન ગુણોની સ્તુતિ તે આત્મપ્રશંસા છે.–આ બધાં અપ્રશસ્ત વચનો પરિત્યાગીને સ્વ તેમ જ પરને શુભ અને શુદ્ધ પરિણતિના કારણભૂત વચનો તે ભાષાસમિતિ છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૨૬મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

‘‘[શ્લોકાર્થ :—] જેમણે બધું (વસ્તુસ્વરૂપ) જાણી લીધું છે, જેઓ સર્વ સાવદ્યથી દૂર છે, જેમણે સ્વહિતમાં ચિત્તને સ્થાપ્યું છે, જેમને સર્વ *પ્રચાર શાંત થયો છે, જેમની ભાષા સ્વપરને સફળ (હિતરૂપ) છે, જેઓ સર્વ સંકલ્પ રહિત છે, તે વિમુક્ત પુરુષો આ લોકમાં વિમુક્તિનું ભાજન કેમ ન હોય ? (અર્થાત્ આવા મુનિજનો અવશ્ય મોક્ષનાં પાત્ર છે.)’’

## ગાથા–૬૨ ઉપર પ્રવચન

पेसुण्णहासकक्कसपरणिदप्पप्पसंसियं वयणं।
परिचत्ता सपरहिदं भासासमिदी वदंतस्स।।६२।।

નીચે એનું હરિગીત.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને,**
**છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨.**

**ટીકા :– 'અહીં ભાષાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.'**

**'ચાડીખોર માણસના મુખમાંથી નીકળેલાં...'** ચાડીખોર માણસો હોય છે ને? કોઈકનું ક્યાંક ભરાવે, કોઈકનું ક્યાંક ભરાવે. આહાહા..! **'ચાડીખોર માણસના મુખમાંથી નીકળેલાં અને રાજાના કાનની નિકટ પહોંચેલા,...'** રાજાના કાન સુધી જાય. **'કોઈ એક પુરુષ,...'**ના ચાડીખોર. કોઈ એક પુરુષની ચાડી કરે કે **'કોઈ એક કુટુંબ કે કોઈ એક ગામની...'** એમ. **'મહા વિપત્તિના કારણભૂત...'** એ કુટુંબને, માણસને અને ગામને, મોટી આપત્તિ આવી પડે એવા શબ્દો બોલવા અને રાજાના કાને જાય તો હેરાન કરી નાખે.

મુમુક્ષુ :– અત્યારે તો રાજા રહ્યા નહીં.

ઉત્તર :– એ રાજા રહ્યા. પણ એ તો બીજા હોય ને. કાર્યકર્તા હોય બીજા. એ તો એના એ થયા.

**'મહાવિપત્તિના કારણભૂત એવાં વચનો તે પૈશૂન્ય છે.'** ચાડી-ચાડી. આહાહા..! કોઈકના ગુપ્ત એવા ભાવ હોય એ ચાડીખોર ખોલે, અને રાજા પાસે જાય તો લૂંટે, જીભ કાપી નાખે, હાથ કાપી નાખે. આહાહા..! એવા વચનો ધર્માત્મા ન બોલે એમ કહે છે. સમજાય છે કાંઈ? એવા શબ્દો ધર્માત્માને હોય નહિ. શબ્દો જ એવા હોય નહિ. એટલે એવો ભાવ ન હોય એમ કહેવું છે. શબ્દો તો જડ છે. એવા પૈશૂન્ય ભાવ છોડી દઈને. મુનિ સમિતિથી સ્વપરના હિતના વાક્યો કહે, એમ કહે છે.

હવે હાસ્યની વ્યાખ્યા કરે છે. હાસ્ય. **'ક્યાંક...'** કોઈ ઠેકાણે **'ક્યારેક...'** કોઈ કાળે **'કાંઈક પરજનોના વિકૃત રૂપને અવલોકીને...'** ત્રણ શબ્દો છે. બીજા જનોનું વિકૃત રૂપ. ભાંડનું રૂપ કે એવું રૂપ દેખીને **'ક્યાંક ક્યારેક કાંઈક...'** એમ. કોઈ ઠેકાણે, કોઈ કાળે અને કાંઈપણ થોડું **'પરજનોના વિકૃત રૂપને અવલોકીને અથવા સાંભળીને હાસ્ય નામના નોકષાયથી ઉત્પન્ન થતું, જરાક શુભ સાથે મિશ્રિત હોવા છતાં અશુભકર્મનું કારણ, પુરુષના મુખના વિકાર સાથે સંબંધવાળું,...'** આમ મોંઢુ ઓલું કરીને આમ મશ્કરી કરે છે ને? આહાહા..! એવા શબ્દો બોલે, સામાને મરવું પડે. લોઢાના બાણ જેવા આકરા વાગે. અરે..! સજ્જનોને એવા શબ્દો હોય? અહીં તો મુનિની વાત છે. મુનિ આવા ભાવને છોડી દે છે. એવા ભાવ હોતા નથી. **'તે હાસ્યકર્મ છે.'** લ્યો.

મુમુક્ષુ :– જરાક શુભ સાથે મિશ્રિત...

ઉત્તર :– હા, શુભ સાથે મિશ્રિત કીધું. શુભ એટલે શું જરીક અંદર.. છે તો બધું અશુભ. પણ આ બહારના છે ને? હાસ્ય, મશ્કરી કરે ને? દાંત કાઢે એ પાપ જ છે.

**'કાનના છિદ્રની નજીક પહોંચવામાત્રથી જે બીજાઓને અપ્રીતિ ઉપજાવે છે તે કર્કશ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વચનો છે.**' કર્કશ વચન. એવા કઠોર વચન વીંછીના ડંખ જેવા લાગે. એવા વચનો સજ્જનો, ધર્માત્માને હોઈ શકે નહિ. આહાહા..! '**બીજાનાં વિદ્યમાન-અવિદ્યમાન દૂષણપૂર્વકના વચનો...**' હવે જુઓ આ. બીજા માણસોમાં દૂષણ હો કે દૂષણ ન હો. '**વિદ્યમાન-અવિદ્યમાન દૂષણપૂર્વકના વચનો...**' નિંદા છે ને? એમાં પરને દુઃખ થાય. આહાહા..! '**બીજાનાં વિદ્યમાન...**' દૂષણો અને '**અવિદ્યમાન દૂષણો...**' ન પણ હો. એવા વચનો '**(અર્થાત્ પરના સાચા તેમ જ જૂઠા દોષો કહેનારાં વચનો)...**' એમ. ન હોય એને કહેવું અને હોય એનું કહેવું. દોષ હોય એને કહેવું અને દોષ ન હોય એને પાછા દોષ લગાડવા. બન્ને જૂઠા દોષોં કહેનારા વચનોને પરનિંદા કહેવાય. એવા શબ્દો પાપના ભાવ છે એને. એ સજ્જનોને એવા શબ્દો હોઈ શકે નહિ. જોયું એમાં? પરમાં દૂષણ હોય છતાં કહેવું એ પણ પરનિંદા છે એમ કહે છે અહીં તો. ન હોય અને કહેવું એ તો એક દૂષણ છે, જૂઠું છે જ, પણ છે એના દૂષણો કહે તો સામાને દુઃખ થાય ને? સમજાણું કાંઈ? એવા શબ્દો છોડી દઈને એમ કહે છે. પરિત્યાગી છે ને છેલ્લું? એ બધા અપ્રશસ્ત વચનોને છોડી દઈને એમ કહે છે.

અને '**પોતાના વિદ્યમાન-અવિદ્યમાન ગુણોની સ્તુતિ...**' જુઓ! સાચા ગુણો હોય અને પોતાની સ્તુતિ કરવી એ પણ એક નિંદા છે. પોતાની પ્રશંસા છે કહે છે. આહાહા..! અને અવિદ્યમાન. નથી ગુણોને ગુણો કહેવા એ તો દોષ છે જ. સમજાણું? આત્મપ્રશંસા. પણ છે એવા ગુણોનું પણ બહાર ફૂંકવું, કહેવું, એ પણ એક અપ્રશસ્ત ભાવ છે.

મુમુક્ષુ :– ખબર કેમ પડે?

ઉત્તર :– શું કહેવું હતું એને? ખબરનું શું કામ છે? એય..!

મુમુક્ષુ :– ઠગાવા દેવોને એને...

ઉત્તર :– તારે શું? બીજાને દુઃખ થાય એવું કરવાનું કારણ શું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ કોને ઠગે? કો'કના એવા દૂષણ ઉઘાડવા એ સજ્જનનું કામ નથી એમ કહે છે અહીં તો. હોય, ખ્યાલમાં આવી જાય, છતાં કહેવા એ શોભે છે? એક 'ભગવાનજીભાઈ' કચ્છી હતા. 'મુળી'માં. સ્થાનકવાસી હતા. પણ એને અમારા ઉપર બહુ પ્રેમ હતો. ભણેલા બહુ હતા. સાધુને ભણાવે એવા હતા. 'મુળી'માં 'ભગવાનજી' કચ્છી. એ એકવાર તો એમ કહેતા હતા, કે ઓલી કૂતરી આવીને બેઠી હોય. શું કહેવાય એને ઓલું જરી કરીને? પણ આપણે હડ કહેવું એ એને તો કાંઈ નહિ પણ આપણને શોભે નહિ, એમ કહેતા. આપણે હડ. હડ કહીએ. એકવાર વાત કરતા હતા. ઘણાં શાસ્ત્રો વાંચેલા. ... શાસ્ત્રનું ભણતર ઘણું હતું. અમારા ઉપર એને પ્રેમ બહુ હતો. સ્થાનકવાસીમાં હોંશિયાર કહેવાતા. એક એ 'ભવાનજીભાઈ' અને એક 'દામોદરશેઠ' અહીં 'દામનગર' બે અને ત્રીજા 'વીરજીભાઈ'ના બાપ 'તારાચંદભાઈ'. એ ત્રણે શાસ્ત્રના ભણનારા, આખા કાઠિયાવાડમાં. એમાં નીતિમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'તારાચંદભાઈ' વધારે. એમ બધા ત્રણમાં ફેર હતા. 'વીરજીભાઈ'ના બાપ. આમ નીતિવાળા બહુ. 'તારાચંદભાઈ' શાસ્ત્રો ભણાવે. દૃષ્ટિ ખોટી. દૃષ્ટિ ખોટી. એય..! 'જયંતિભાઈ'! 'તારાચંદભાઈ'ને જોયા હતા? 'વીરજીભાઈ'ના બાપ. આમ મોટા પંડિત કહેવાય, હોં! સાધુની ટોળીને ભણાવે, આર્જિકાઓને ભણાવે. પણ દૃષ્ટિ ખોટી.

એક તો અમે પહેલા વહેલા (સંવત) ૧૯૮૨માં 'જામનગર' ગયેલા. અને જતીના અપાસરે ઉતર્યા. વ્યાખ્યાન આવ્યું. માણસ તો હજારો માણસ બહુ. ૧૯૮૨ની સાલની વાત છે. એમાં એક વાક્ય આવ્યું, જે કાંઈ મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા, એ ક્રિયા પુણ્યબંધનું કારણ છે. ધર્મ નહિ. ભાઈ! આવે છે ને આ? નામકર્મમાં. એ તો આવે છે જ્ઞાનસાગર છે ને? 'જામનગર'નું 'જ્ઞાનસાગર' પુસ્તક છે. એમ કે ચાર પ્રકારે શુભ નામ કર્મ બંધાય. મનની સરળતા, કાળુ જોયા એ ભાસવું જોઈએ એ અવિસંવાદ અને જોગાણં. માટે કોઈ એમ કહે, કે મનની સરળતાના પરિણામ છે એ ધર્મ છે, એ નથી, કીધું. મનની સરળતાનો વિકલ્પ છે એ પુણ્ય છે. એમ ત્રણે કાયાના સરળતાના ભાવ છે એ પુણ્ય છે, ધર્મ નહિ. એટલે એને તો જરી વાત ઉંધી બેઠેલી. કોઈ નહોતું ત્યારે સાંજે એકલા આવ્યા. મહારાજ! આવી વાત તો લોકોને... મેં કીધું શું છે? લોકોને હવે ગમે તેને હોય. તમે જોવો 'જ્ઞાનસાગર'માં જોવો. કીધું ચાર પ્રકારે શુભ નામકર્મ બંધાય છે. અને ચાર પ્રકારે અશુભ નામકર્મ બંધાય છે. મન-વચન-કાયાની અસરળતા અને વિખવાદ-ઝઘડો એ પાપ બાંધે છે. મન-વચન-કાયાની સરળતાના પરિણામ એ પુણ્ય બાંધે છે. પછી મન-વચન-કાયાના સરળતાના પરિણામ એ ધર્મ સંવર છે, બિલકુલ નહિ. 'જ્ઞાનસાગર'માં આવે છે. એ સાધુ ભડકી ગયા. પણ એકલા, હોં! માણસ શાંત. કોઈ નહોતું ત્યારે સાંજે આવ્યા. મહારાજ! આ શું? મેં કીધું માર્ગ આ છે. લોકોને બેસે કે ન બેસે એથી શું થયું? ત્યાં તો એકલી ક્રિયામાં પોષા કરે અને પડિક્કમણા કરે, એ બધો ભાવ એ ધર્મ છે એમ માને. ધૂળમાં પણ ધર્મ નથી, કીધું. મિથ્યાત્વ સહિત રાગની મંદતા છે. પણ માણસ શાંત. કાંઈ બોલે નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બિલકુલ નહિ. ધર્મ-બર્મ પામવાને બહારનું કોઈ કારણ છે જ નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો એક પાત્ર ગણ્યા છે એક અપેક્ષાએ. પણ કઈ સરળતા? આવી સરળતા તો અનંતવાર કરી. કેમ થયો નહિ? નામકર્મ શુભભાવથી પુણ્ય બંધાય એવો પાઠ છે. બધું .. છે. 'જ્ઞાનસાગર'માં પાઠ છે. પહેલા એ જ્ઞાનસાગર શીખેલા ને? ૧૯૬૮ની સાલમાં. 'પાળિયાદ'. 'પાલેજ'થી આવ્યા ત્યારે પહેલા એ શીખ્યા હતા. જ્ઞાનસાગરના આ થોકડા બધા. ચાર પ્રકારે પુણ્ય બાંધે. મનની સરળતા ... એવો શબ્દ છે. કાયાની સરળતા, મનની સરળતા, વાણીની સરળતા. બાપુ! માર્ગ તો આ છે કીધું. તમારા શાસ્ત્રમાં લખ્યું છે જુઓ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ. એ ધર્મ નથી. સરળતા પુણ્ય છે, વક્રતા પાપ છે. અને એ સરળતા અને વક્રતા વિનાની આત્માની દૃષ્ટિ અને અનુભવ કરવો એ ધર્મ છે. પણ એ બિચારા ભડકી ગયા હતા. લ્યો. કેટલાય સાધુ-અર્જિકાને ભણાવે. પણ આ વાત સાંભળીને ભડકી ગયા હતા. જુઓ! કીધું તમારા 'જ્ઞાનસાગર'માં લખ્યું છે ને. તમારા 'પુનાતર' 'પુનાતર'થી છપાણું છે ને? 'જામનગર'ના પુનાતર છે 'જ્ઞાનસાગર' છપાયેલું છે. એ બહાર ચાલે છે. સ્થાનકવાસીમાં એ બહુ ચાલે છે. થોકડા શીખવે એમાં પહેલા એ જ શીખવો. છ કાય, નવતત્ત્વ, ગુણસ્થાન બધું.. છે આપણે અહીંયા બધું છે. દરેક પુસ્તક છે. અહીં તો મન-વચન અને કાયાના વલણવાળો ભાવ, ચાહે તો શુભ કે અશુભ એ બંધના કારણ છે. આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ એના સન્મુખનો ભાવ એ ધર્મ છે. કહો, સમજાણું કાંઈ?

**'પોતાના વિદ્યમાન-અવિદ્યમાન ગુણોની સ્તુતિ તે આત્મપ્રશંસા છે— આ બધા અપ્રશસ્ત વચનો પરિત્યાગીને સ્વ તેમ જ પરને શુભ અને શુદ્ધ પરિણતિના કારણભૂત વચનો...'** લ્યો. ઠીક. કાં સામાને શુભભાવ થાય એવું નિમિત્ત-વાણી અને કાં શુદ્ધતા થાય એવું નિમિત્ત-વાણી. વાણીમાં એ આવે. સમજાણું કાંઈ? **'સ્વ તેમ જ પરને...'** જુઓને! પોતાને પણ શુભ અને અશુભ, અને પરને પણ શુભ અને શુદ્ધનું કારણ કહ્યું. નિમિત્ત છે ને?

ભગવાનઆત્મા રાગથી રહિત છે, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે. એ શુદ્ધના નિમિત્તના વચનો છે. પોતે સ્વરૂપમાં ન ઠરે ત્યારે, ભગવાનની ભક્તિ, પૂજા, નામસ્મરણનો ભાવ હોય છે, એ ભાષાસમિતિ શુભમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? કારણ કહ્યું છે અહીં તો, એય..! શુભભાવને શુદ્ધ પરિણતિને કારણભૂત છે. કારણભૂત ઓલો કરે ત્યારે ને? એવી ભાષાસમિતિ છે તો શુભભાવ. ભાષાસમિતિ બોલવું એ પણ એક શુભભાવ છે. સંવર-નિર્જરા નથી. ધર્મ નથી. આહાહા..! લ્યો, એને ભાષાસમિતિ કહે છે. મુનિ ધર્માત્માએ તો આવો, સ્વપરની નિંદા અને પ્રશંસારહિત, સ્વપરને શુભ અને શુદ્ધનું નિમિત્ત, એવી ભાષા હોય. ભાષા તો ભાષાને કારણે છે પણ એવો એનો ભાવ છે. એમ. એવો એવો શુભભાવ હોય છે.

**'એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૨૬માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** લ્યો.

(**मालिनी**)

**समधिगतसमस्ताः सर्वसावद्यदूराः**
**स्वहितनिहितचित्ताः शांतसर्वप्रचाराः।**
**स्वपरसफलजल्पाः सर्वसंकल्पमुक्ताः**
**कथमिह न विमुक्तेर्भाजनं ते विमुक्ताः।।**

**શ્લોકાર્થ :– 'જેમણે બધું (વસ્તુસ્વરૂપ) જાણી લીધું છે,...'** ધર્માત્મા, મુનિએ તો જગતનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધું સ્વરૂપ જાણ્યું છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, જીવ, અજીવ દરેક છ દ્રવ્યનું સ્વરૂપ ભગવાને જે કીધું, પરમેશ્વર ત્રિલોકનાથ, એણે છ દ્રવ્ય કહ્યા, એના પેટા ભેદ નવ કહ્યા, એ બધું જેણે જાણી લીધું. પુણ્ય તે પુણ્ય છે, પાપ તે પાપ છે, આસ્રવ તે આસ્રવ છે. આત્મ સ્વભાવ તે સ્વભાવ છે. તેને આશ્રયે થતી સંવર-નિર્જરા દશા તે નિર્મળ છે. અજીવ તે અજીવ છે. એમ બધા તત્ત્વોની પૃથક્ પૃથક્ સ્થિતિ જેમ છે તેમ જેણે જાણી લીધી છે.

**'જેઓ સર્વ સાવદ્યથી દૂર છે,...'** મુનિની વાત છે ને? બિલકુલ સાવદ્યના પરિણામ એને (નથી). આહાહા..! આ તો મકાન કરાવે ત્યાં પોતે ઊભા રહે. પથરા કેટલા આવ્યા? ધૂળ ક્યાંથી આવી? વ્યવહારના પણ ઠેકાણાં ન મળે. આહાહા..! ગજબ વાત છે. પોતાના નામના બે-બે લાખ, પાંચ-પાંચ લાખના મકાન કરાવે. એકલા સાવદ્ય-પાપ છે. એવા સાવદ્ય વચનો મુનિને હોય નહિ. **'જેમણે સ્વહિતમાં ચિત્તને સ્થાપ્યું છે,...'** આહાહા..! પોતાના જ્ઞાનની દશા સ્વહિતમાં છે હવે. એ જ્ઞાનમાં સ્વહિતનું સ્થાપન છે. **'સ્વહિતમાં ચિત્તને સ્થાપ્યું છે,...'** મારો સ્વભાવ શુદ્ધ આનંદ, એમાં મારે રહેવું એવું સ્વહિત જેણે ચિત્તને હિતમાં સ્થાપ્યું છે. જોયું?

**'જેમને સર્વ પ્રચાર શાંત થયો છે,...'** એટલે? કાંઈક વહીવટ કરવો હોય કે ભાઈ! આ પાઠશાળા કરવી હોય તો એનો વહીવટ હું કરીશ. એવું મુનિને હોઈ શકે નહિ. આહાહા..! એક પુસ્તક બનાવો, એ બધી વ્યવસ્થા હું કરીશ. હું પ્રૂફ જોઈ દઈશ.

મુમુક્ષુ :– બરાબર છે કે નહિ એમ તો ખાતરી કરવી જોઈને?

ઉત્તર :– બરાબર છે એ કો'ક કહે એને કહે, પણ ત્યાં વહીવટ માથે કામ લે કે આટલું તો કામ તમારે કરવું પડશે. મુનિને માથે કાંઈ બોજો હોઈ શકે નહિ. એમ કહે છે. ભાઈ! આ તમારા નામનું પત્રક બહાર પાડીએ છીએ, માટે એ પત્રમાં તમારે એક-બે લેખ દેવા પડશે. એ બોજો મુનિને હોય નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પ્રચારની ના પાડે છે.

ઉત્તર :– જુઓને શું કહે છે આ? **'પ્રચાર = વહીવટ; કામ માથે લેવું તે;...'** આટલું કામ કરવું પડશે. આ છોકરાઓ છે. આપણે છાત્ર કરીએ છીએ. છ છાત્ર છે એમાંથી સવારમાં અડધો કલાક તમારે અહીં હંમેશા ઉપદેશ દેવો. મુનિ એવું કામ માથે લે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હં.. એમ છે. અને છતાં શુભ આવે, પણ છતાં કામ માથે લેવું, આટલું કામ તો દરરોજ તમારે કરવું જ પડશે. સારા માણસ ઉપર હંમેશા બે કાગળ તો તમારે લખવા જ પડશે. એ કામ મુનિઓનું નહિ. આહાહા..! આપણે આવે છે ને? 'પ્રવચનસાર'માં નથી આવતું? શું કહેવાય એને? ક્રમપ્રક્રમ મુનિ તો આમ આનંદમાં લહેર કરતા હોય. હળવા..

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હળવા.. હળવા... એને હવે આ કરવું, આ કરવું, પત્ર લખવા... પત્રો આવે ત્યારે એના જવાબ દેવા. એ બોજો મુનિને હોય નહિ. આહાહા..! થોકડાના થોકડા આવે. સવારના પચાસ-સો પત્રો. પાછા એના જવાબ લખ્યા હોય. એને માણસ રાખ્યો હોય. લખો. આ તો એકલા સંસારના ધંધા છે. સંસારની દુકાનો હલવી છે. આહાહા..! પ્રભુનો આવો માર્ગ છે. મુનિ તો નિવૃત્ત... નિવૃત્ત... નિવૃત્ત... નિવૃત્ત... નિવૃત્ત... નિવૃત્ત... રાગરહિત શુદ્ધતામાં જ્યાં રમી રહ્યા છે, એને આવા કામ માથે બોજા, એ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ?

**'કામ માથે લેવું તે; આરંભ; બાહ્ય પ્રવૃત્તિ.'** એ મુનિને હોઈ શકે નહિ. અહીંયા એક પાંચ લાખનું મંદિર થાય છે ત્યાં હંમેશા તમારે કલાક જોવા આવવું. જોવા આવવું, બસ. એ કામ મુનિઓના નહિ. આહાહા..! એવું કામ મુનિ માથે લેતા નથી. આહાહા..! **'જેમની ભાષા સ્વપરને સફળ (હિતરૂપ) છે,...'** એમ કહે છે. જેમાં પોતાનું હિત થાય એવું હોય કાં પરનું હિત થાય એવી જ ભાષા હોય. જેમાં એકેન્દ્રિય પ્રાણી પણ મરે, હિંસા થાય એવી ભાષા મુનિને હોય નહિ.

**'જેઓ સર્વ સંકલ્પ રહિત છે,...'** ભાષા જુઓ! આહાહા..! સંકલ્પ જ અહીં નથી. આનંદની લહેરમાં જ્યાં ઉછળે જ્યાં સંત, નગ્ન મુનિ, દિગંબર જંગલમાં વસતા હોય એ તો. આહાહા..! વીતરાગી મુનિ તો સંસારથી પર, પાર હોય છે. આ જ્યારે મકાનમાં હોય ત્યારે ઓલા વનમાં હોય. ઓલા બોલચાલ કરે ત્યારે ખુશી થાય, ઓલા મૌન હોય. આહાહા..! પંથ જ જુદા છે. **'તે વિમુક્ત પુરુષો આ લોકમાં વિમુક્તિનું ભાજન કેમ ન હોય?'** આહાહા..! આવા મુક્તિમાં કેમ ન જાય? **'(અર્થાત્ આવા મુનિજનો અવશ્ય મોક્ષનાં પાત્ર છે.)'** લ્યો. આહાહા..! જેની દશા અંતરમાં આનંદનો ઉછાળ, છોળ મારી રહી છે. જેને કોઈવાર શુભ વિકલ્પ આવે છે. છતાં એનો આદર છે નહિ. આવા મુનિઓ મુક્તિમાં કેમ ન જાય? કહે છે. આહાહા..! જરૂર જાય. લ્યો. આ સિવાયના અજ્ઞાનીઓ બંધના ભાવ લે, અને મુનિપણું માને એ સંસારમાં કેમ ન જાય? જરૂર સંસારમાં જાય. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૮૫

**तथा च -**

(अनुष्टुभ्)

**परब्रह्मण्यनुष्ठाननिरतानां मनीषिणाम्।**
**अन्तरैरप्यलं जल्पैः बहिर्जल्पैश्च किं पुनः।।८५।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વળી (૬૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**[શ્લોકાર્થ :–] પરબ્રહ્મના અનુષ્ઠાનમાં નિરત (અર્થાત્ પરમાત્માના આચરણમાં લીન) એવા ડાહ્યા પુરુષોને—મુનિજનોને અંતર્જલ્પથી (–વિકલ્પરૂપ અંતરંગ ઉત્થાનથી) પણ બસ થાઓ, બહિર્જલ્પની (–ભાષા બોલવાની) તો વાત જ શી ? ૮૫.**

---

**પ્રવચન નં. ૬૫, શ્લોક-૮૫, ગાથા-૬૩, રવિવાર, અષાઢ સુદ ૧૧, તા.૦૪-૦૭-૧૯૭૧**

---

પુણ્ય અને પાપના શુભ-અશુભ રાગભાવને એકત્વપણે (અનુભવે છે). સ્વભાવ શુદ્ધ છે અને વિભાવ અશુદ્ધ છે, બેનું એકપણે માનવું એ બંધ છે, એ મિથ્યાત્વ છે, એ અજ્ઞાન છે. શુદ્ધ ચિદાનંદ આત્મા, એનાથી રાગ અને વિકલ્પથી ભિન્ન મારી ચીજ છે. એમ જેણે રાગથી ભિન્ન કરી અને પોતાના સ્વભાવની એકતા અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ દ્વારા સાધી, એને મોક્ષમાર્ગ કહે છે. ગ્રીક-લેટિન જેવું લાગે. માણસને તત્ત્વનો અભ્યાસ ન મળે. 'શાંતિભાઈ'! આત્મા શું વસ્તુ છે? અંદર કેમ દુઃખી છે? કેમ બંધ છે? અને બંધ રહિત કેમ થવાય એ વાત એણે અનંતકાળમાં બરાબર સાંભળી નથી. વિચારી નથી. અંદરમાં પ્રભુ આત્મા..

આ અધિકાર તો આપણે ભાષાસમિતિનો ચાલે છે. પણ મોક્ષમાર્ગમાં આત્મા, એ વિભાવના વિકલ્પોની લાગણી જે પુણ્ય-પાપ અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, એનાથી ભિન્ન પોતાનું જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય, એને મોક્ષમાર્ગ કહે છે. એ મોક્ષમાર્ગને સાધનારા સંતો હોય છે. એને ભાષા સમિતિ હોય છે એમ અહીં સિદ્ધ કરવું છે. જો કે નિશ્ચયથી તો એ વિકલ્પરહિત જ પોતાની શુદ્ધ પરિણતિને સાધે છે. એ જ સાચી અંતર શુદ્ધ સ્વભાવની એકતા એ એની સાચી સમિતિ છે. સમિતિ–સ્વરૂપની પરિણતિ શુદ્ધ ગતિ, વિકારરહિત આત્મા શુદ્ધ ચિદાનંદ એની શુદ્ધ પરમપવિત્ર એની પરિણતિ, ગતિ, રમણતા એ જ સાચી સમિતિ ગણવામાં આવી છે. આવું છે. એને ભાષાસમિતિ વિકલ્પ હોય છે. તો બરાબર હિતમિત બોલવું. વીતરાગ કહે છે એ રીતે સત્ય વાત કહેવી. એને વ્યવહાર સમિતિ પુણ્યબંધનું કારણ છે. 'મનસુખભાઈ'! ભારે વાત છે આ. અગમ્ય વાતું છે આ.

હવે અહીં તો આપણે નિશ્ચયનું છે, જુઓ ૮૫મો કળશ.

**परब्रह्मण्यनुष्ठाननिरतानां मनीषिणाम् ।**
**अन्तरैरप्यलं जल्पैः बहिर्जल्पैश्च किं पुनः ।।८५।।**

**શ્લોકાર્થ :– 'પરમબ્રહ્મના અનુષ્ઠાનમાં નિરત...'** ભગવાનઆત્મા પરમાત્મ સ્વરૂપ જ શુદ્ધ આનંદ છે. એવો જે પરમબ્રહ્મ. બ્રહ્મ કેમ કહ્યું? કે પરમ આનંદસ્વરૂપ આત્મા છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય આનંદનો એ સાગર પ્રભુ આત્મા છે. એથી પરમબ્રહ્મ, એવા અતીન્દ્રિય આનંદના સ્વભાવમાં–અનુષ્ઠાનમાં. એ એનું અનુષ્ઠાન. આહાહા..! પરમાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા, એમાં આચરણ કરવું એટલે એકાગ્ર થવું. એ એનું અનુષ્ઠાન, એ ધર્મીનું આચરણ છે. આહાહા..!

**'પરમબ્રહ્મના અનુષ્ઠાનમાં નિરત...'** નિરત એટલે લીન. આહાહા..! અનાદિથી અજ્ઞાનમાં પોતાના નિજાનંદ સ્વરૂપના ભાન વિના, એ પુણ્ય અને પાપના રાગભાવ, દુઃખભાવ, એમાં એ રત હતો, લીન હતો. એ સંસારમાં રખડવાના રસ્તા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ એમની લીનતા ફેરવી. પરમબ્રહ્મનું અનુષ્ઠાન કર્યું. આહાહા..! અનાદિથી.. આ દેહ તો જડ, માટી, ધૂળ, અજીવ છે. એને અને આત્માને કાંઈ સંબંધ છે નહિ. બન્ને પરિણતિ નિરાળી છે. બેની દશા જ જુદી છે. આ તો જડ, માટી, અજીવ છે. એ અજીવની પર્યાય કરતું અજીવ પોતાથી ટકી રહ્યું છે.

આત્મામાં જે અનાદિના પુણ્ય અને પાપના ભાવ જે વિભાવભાવ, એમાં જે અનાદિથી રત હતો, લીન હતો એ દુઃખને પંથે, બંધને પંથે હતો. 'શાંતિભાઈ'! આવું સ્વરૂપ છે. બહુ ઝીણું છે. અજાણ્યાને તો ગ્રીક-લેટિન જેવું લાગે. ગ્રીક-લેટિન ભાષા હોય ને એવું લાગે. વસ્તુનો કોઈ દિ' પરિચય કર્યો નથી. અંદર દેહમાં રજકણથી, માટીથી જુદું. જેના ચૈતન્યના તેજ. જ્ઞાન અને આનંદના તેજથી દીપતો, ઓપતો, શોભતો આત્મા છે. એવા આત્માને અહીં પરમબ્રહ્મ કહે છે. પરમ આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. આ વિષયોમાં, પૈસામાં, શરીરમાં, સ્ત્રીના ભોગમાં સુખ માને છે, એ તો મૂઢ અજ્ઞાની કલ્પના કરીને માને છે. એમાં છે નહિ. કલ્પના કરી અને મૂંઢ પોતાના આનંદને ભૂલી, એમાં ઠીક પડે છે, મજા પડે છે એમ એ માને છે. એ માન્યતા મિથ્યા ભ્રમ અને દુઃખરૂપ છે. એને ટાળીને જેણે પરમબ્રહ્મ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ! એનું જેણે અનુષ્ઠાન કર્યું. એના અંતરના આચરણમાં જે લીન છે. આ શું કહે છે?

અનાદિનું આચરણ એનું. વિકારી, પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ ભાવ, એ બધા વિકારી ભાવ છે. એનું એને આચરણ હતું. એ આચરણ મિથ્યાઆચરણ, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાઆચરણ છે. એ આચરણની દૃષ્ટિ છોડી, જે પરમબ્રહ્મ ભગવાનઆત્મા, એના અનુષ્ઠાનમાં લીન છે. સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ, એના અનુષ્ઠાનમાં લીન છે. ભાષા જુઓ એની. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા, એના આચરણમાં, અનુષ્ઠાનમાં, આચરણમાં લીન છે. એ મુક્તિનો માર્ગ છે. કહો, સમજાય છે કાંઈ? 'શશીભાઈ'! આ શબ્દ તો બહુ સરસ આવ્યો છે. માંગળિકમાં પહેલો જ આવ્યો છે. લ્યો તમારે. આહાહા..!

કહે છે, અરે..! એકવાર સત્ય શું છે, તારું સત્‌પણું, સત્યપણું. પુણ્ય-પાપના ભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ તો બધા અસત્ય અને દુઃખકારી, વિકારી છે. શરીર, વાણી, મન તો બધા જડ અને અજીવ છે. એ કાંઈ તારામાં નથી, તારા નથી. તારા થઈને રહ્યા નથી. એ તો એના થઈને રહ્યા છે. તું આનંદ અને જ્ઞાનનો, તેજનો સાગર પ્રભુ છો. એ પણે અનાદિથી ન રહેતા, શુભ-અશુભના વિકલ્પો, પુણ્ય-પાપના રાગ, એના આચરણપણે રહેવું એ દુઃખદાયક આચરણ છે. સમજાણું કાંઈ? આહાહા..! આચરણ તો એની દશામાં થાય ને? હેં?

ભગવાનઆત્મા અનાદિથી વિકારના, પુણ્ય-પાપના ભાવના આચરણમાં છે એ તો બંધભાવ છે, દુઃખભાવ છે, સંસાર ભાવ છે, રખડવાનો ભાવ છે. દુઃખની જાળમાં ઘૂંચાવાનો એ ભાવ છે. જેને હવે મોક્ષ કરવો હોય એને, ભગવાનઆત્મા પરમબ્રહ્મ, પરમઆનંદ, અતીન્દ્રિય આનંદનો સાગર સ્વરૂપ, ધ્રુવ અનાદિઅનંત અવિનાશી જે ચીજ છે, એ પરમબ્રહ્મના અનુષ્ઠાન. એ પર્યાય છે. પરમબ્રહ્મ એ ત્રિકાળી આનંદસ્વરૂપ. એ ધ્રુવ છે.. છે.. અને છે આત્મા. આદિ નથી, અંત નથી. અનાદિથી છે, છે અને છે. એવું જે અતીન્દ્રિય પરમબ્રહ્મ આનંદસ્વરૂપ, એનું અનુષ્ઠાન એટલે એમાં એકાગ્રતા, જેને મોક્ષમાર્ગ કહીએ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ પરમબ્રહ્મનું અનુષ્ઠાન છે. સમજાણું કાંઈ? આહાહા..! વાત સાંભળતા બેસવી કઠણ પડે. અરે..! સંપ્રદાયમાં આ વાત ચાલે નહિ.

આ વાત જ બીજી ભગવાન! વાત જ બાપુ! અપૂર્વ વાત અનંતકાળમાં જેણે સાંભળી નથી, ગ્રહી નથી, રુચિ નથી, પરિણમી નથી. એ ચીજ તો કેવી હોય? ભાષા જ પહેલી એવી લીધી. જુઓને! ભાષાસમિતિનું કહે છે. એ ભાષા બોલવું એ નહિ કહે છે. આહાહા..! એ વ્યવહાર સમિતિનો વિકલ્પ એ તો વ્યવહાર આચરણ છે. પણ નિશ્ચય જેને આવું આચરણ હોય એને હોય. પણ એ વ્યવહાર આચરણનો પણ વિકલ્પ છે એ છોડીને ભગવાન પરમાનંદ પ્રભુ! ધ્રુવ અવિનાશી અનાદિઅનંત સત્ આત્મા, એનું જે આનંદસ્વરૂપ, ધ્રુવ, એમાં એકાગ્ર થવું, એ પરમબ્રહ્મનું અનુષ્ઠાન છે, એ આત્માનું અનુષ્ઠાન છે, એ આત્માનું આચરણ છે, એ આત્માની મોક્ષમાર્ગની દશા છે. સમજાય છે કાંઈ?

એવા ધર્માત્માએ **'નિરત (અર્થાત્ પરમાત્માના આચરણમાં લીન) એવા ડાહ્યા પુરુષોને—'** જુઓ! એને ડાહ્યા કહ્યા. આ દુનિયાના ડાહ્યા એ ડાહ્યા નહિ. મહિને પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારના પગાર. એ ડાહ્યા હશે કે નહિ? આ 'રામજીભાઈ'એ છોકરાને કેળવીને કેવો મોટો કર્યો છે 'સુમનભાઈ'. આઠ હજારનો પગાર. એમ લોકો કહે છે. આપણને કાંઈ ખબર નથી. આમ લોકો કહે કે એમના દીકરાને આઠ હજારનો માસિક પગાર છે. નવ હજાર છે, લ્યો. એના બાપને ખબર નથી.

મુમુક્ષુ :– મને ખબર નથી અને સરકારનો કાયદો થયો કે પાંચ હજારથી વધારે કોઈને અપાય નહીં.

ઉત્તર :– એ ખાનગી હોય. આહાહા..!

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, કે એ ડહાપણ નહિ. એમ કહે છે. એ તો રખડવાના ડહાપણ છે. આહાહા..! જુઓને! આ શું કહે છે?

ભગવાન આનંદની મૂર્તિ, પ્રભુ! વસ્તુ હોય એ દુઃખરૂપ હોય? દુઃખ તો એનાથી ઊલટી વિકૃત દશા કરે એ દુઃખ છે. દુઃખ નથી શરીર, વાણી, મનમાં, દુઃખ નથી અંતર સ્વરૂપમાં. અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન, એને ભૂલીને પુણ્ય અને પાપના ભાવમાં રોકાય છે એ દુઃખ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ રુચિ છોડી જેણે પરમબ્રહ્મ ભગવાન આનંદમૂર્તિ, પ્રભુ! આસ્રવના રાગથી નિરાળો, પુણ્ય-પાપના વિકલ્પ એ તો બંધના કારણ, આસ્રવ, વિકાર છે. એનાથી નિરાળું ધ્રુવ તત્ત્વ છે. એના અનુષ્ઠાનમાં એક સ્વભાવમાં સ્વઆશ્રયમાં લીન છે, તે ડાહ્યા પુરુષોને... એને ડાહ્યા પુરુષ કહ્યા. બાકી બધા પાગલ અને ગાંડા છે. મહિને દસ-દસ હજારના પગાર હોય. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! પ્રભુ પોતાનું સ્વરૂપ, આનંદનું ધામ, મૃગની ડુંટીમાં–નાભીમાં કસ્તુરી, એ મૃગને કસ્તુરીની કિંમત ન મળે. એમ અંતર આત્મામાં અતીન્દ્રિય આનંદની કસ્તુરી ભરી છે, એની એને કિંમત નથી. પુણ્ય અને પાપ અને કાં પુણ્યના ફળ આ ધૂળ મળી હોય કાંઈક, પૈસા પાંચ-પચાસ લાખ, બાયડી-છોકરા કાંઈક રૂપાળા અને સારા (થયા હોય), આ એની ધૂળની લક્ષ્મી. આહાહા..! એની એને મહિમા. એ મૂંઢ છે, કહે છે અહીં તો. એય...! 'મલૂકચંદભાઈ'! આહાહા..! ન્યાયથી સમજવું પડશે કે નહિ? નિ ધાતુ છે ને? વસ્તુનું સ્વરૂપ જેવું છે તેને નિ ધાતુ દોરી જવું. જેમ છે તેમ એને જ્ઞાનમાં લઈ જવું એનું નામ ન્યાય કહેવાય. આહાહા..!

ભગવાનમાં.. શ્લોક મૂક્યો છે ને. ટીકાનો પોતાનો નહિ? ટીકાકારનો પોતાનો. અરે..! જેના આચરણ, વિકારના આચરણ જે પર તરફના આશ્રયવાળા, એવી આશ્રયદૃષ્ટિ જેને પરની છૂટી ગઈ છે, અને સ્વ ભગવાન નિત્યાનંદ પ્રભુ, ધ્રુવ સ્વરૂપ ભગવાનઆત્મા, એનું જેને અનુષ્ઠાન લીન છે... આહાહા..! **'એવા ડાહ્યા પુરુષોને– (એટલે) મુનિજનોને...'** એવા ધર્માત્માને.. આહાહા..! **'અંતર્જલ્પથી (–વિકલ્પરૂપ અંતરંગ ઉત્થાનથી)...'** અંદર વિકલ્પ-વૃત્તિ ઉઠે ને? હું આવો છું, કે તેવો છું. એવો વિકલ્પ ઉઠે એ અંતર્જલ્પ છે, વિકાર છે કહે છે. એનાથી ધર્માત્માને શું પ્રયોજન છે? કહે છે. આહાહા..! જુઓ! આ મુનિની દશા. અંતરમાં અતીન્દ્રિય આનંદમાં લીન છે. એવી દશા જેને છે એવા ધર્માત્માને અંતર્જલ્પ, અંતર્મુખની વૃત્તિનું ઉત્થાન, વિકલ્પ ઉઠવો. એનું શું પ્રયોજન? એ તો રાગ, વિકાર છે.

એ ઉત્થાનથી **'પણ બસ થાઓ,...'** શું કહે છે? અંતર્જલ્પથી પણ બસ થાઓ. એટલે શું? બહારથી તો બોલવું બંધ છે. એનાથી તો શું કહેવું? એમ કહે છે. ભાષા બોલવી એ તો જડ અવસ્થા છે, પણ એમાં વિકલ્પ ઉઠે છે કે આમ બોલવું, એ રાગ છે. આહાહા..! કહે છે, કે ધર્માત્મા મુનિઓ સંત જંગલમાં વસતા હોય એની વાત છે ને? એને જેના આનંદના અનુષ્ઠાનમાં લીન છે, એવા સંતોને અંતરવૃત્તિનું શું કામ છે, કહે છે. અંતર્જલ્પ ઉઠે. આમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહું, આમ બોલવું, આમ વાત એવી વૃત્તિ, એનાથી બસ થાઓ. છે ને **'अन्तरैरप्यलं जल्पैः'** **'अन्तरैरप्यलं जल्पैः'** અલં બસ થાઓ. એ અંદરમાં રાગની વૃત્તિનો વિકલ્પ ઉઠે એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કેટલાક પાછા એમ કહે છે, શાસ્ત્રમાં બહુ ઊંચી વાત આવી છે. ઉત્કૃષ્ટ. માટે અમારું આચરણ જઘન્ય-મધ્યમ છે. હવે આ તો પણ મૂળ ચીજ જ આ છે. આહાહા..! હજી આત્મા આનંદસ્વરૂપ છે, એમાં પુણ્ય-પાપના વિકલ્પો છે નહિ, અને અજીવ તો માટી-જડ છે એ તો એનામાં છે જ નહિ. એટલું પણ હજી જેને ભાન નથી. એને સમ્યગ્દર્શન વિના સ્વરૂપમાં ચારિત્રની લીનતાની દશા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ ચોરાશીના અવતારમાં લુંટાણો છે, કહે છે. ભાઈ! તારી નિધિ. તારું નિધાન સચ્ચિદાનંદ પ્રભુ અંદર પડ્યું રહ્યું છે. એની સામું જોયા વિના, વેરીની સામું તેં જોઈને વેરીને વ્હાલા કર્યા છે. આહાહા..! એ શુભ અને અશુભનો રાગ એ વેરી, એને તેં વ્હાલા કર્યા, ભગવાન! હવે છોડને કહે છે. આહાહા..! પહેલી દૃષ્ટિ તો નિર્મળ કર. કે એ પુણ્ય અને પાપના રાગ એ વિભાવ અધર્મ છે. મારી ચીજ એનાથી જુદી છે. એવો આનંદમૂર્તિનો અનુભવ કરીને પ્રતીત કરવી, એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન, ધર્મની પહેલી શરૂઆતની દશા કહેવામાં આવે છે.

એ ઉપરાંત અહીંયા તો હવે મુનિની દશાનું વર્ણન છે. મુનિ તો સ્વરૂપમાં એટલા બધા લીન હોય છે, કે જેને અંતર્જલ્પના વિકલ્પથી અલમ–બસ થાઓ. બસ થાઓ... બસ થાઓ... સમજાવવું છે ને? બસ થાઓ એમ કહે એ પણ એક વિકલ્પ છે. સમજાણું કાંઈ? **'મુનિજનોને અંતર્જલ્પથી (–વિકલ્પરૂપ અંતરંગ ઉત્થાનથી)...'** અંદર વૃત્તિ ઉઠે, એ ઉત્થાન થયું ને? વિકલ્પ ઉઠે, રાગ, આ છું, તે છું, આ નહિ, તે નહિ, બધો અંતરમાં મનનો વિકલ્પ, હોં! એ દુઃખરૂપ છે. બંધ કરો. ભગવાન! તારા ઘરમાં જા હવે. એમ કહે છે. સમજાણું કાંઈ?

અને બહિર્જલ્પ **'બહિર્જલ્પની (–ભાષા બોલવાની) તો વાત જ શી?'** કહે છે. બોલવું એવો જે વિકલ્પ ઊઠે, બોલવાનો એ તો મુનિને શું કામ? આહાહા..! 'સમાધિશતક'માં લીધું છે ને? કોની સાથે બોલવું? આ દેખાય એ તો જડ છે. અંદર આત્મા એ તો રાગ રહિત ભિન્ન ચીજ છે. હું કોની સાથે બોલું? ઓલો સાંભળતો નથી અને આ જડને ભાન નથી. ચૈતન્ય છે એ તો જાણનાર, દેખનાર પ્રભુ છે. મૌન રહેવાની વાતમાં આવે છે ને? 'સમાધિશતક'માં આવે છે. કોની સાથે હું બોલું? મારો સ્વભાવ જ અંતરમાં... અંતર્વિકલ્પ ઉત્થાન કરવું એ પણ મારું સ્વરૂપ નથી, તો બોલવું અને બોલીને કરવું એ કોને હું કહું? શું કહું? સમજાણું કાંઈ? **'બહિર્જલ્પની તો વાત જ શી કરવી?'** છે વ્યવહારસમિતિની વ્યાખ્યા. પાછી ઉડાવી નાખી. ટીકાકારે ઉડાવી નાખી. એટલે માણસને આ ટીકા આકરી પડે છે ને. લ્યો એ ભાષા સમિતિની વાત થઈ.

હવે મુનિની એષણા સમિતિ. મુનિ એ આત્માના આનંદમાં રમનારા હોય છે. એને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

આહાર નિર્દોષ હોય છે. એને માટે કરેલો આહાર, ચોકા કરીને લે એ આહાર હોય નહિ. ન હોય? તમારે કરે છે ને? આહાહા..! મુનિની દશા.. લોકો કહે છે કે તમે મુનિને માનો, પણ મુનિ આગમથી તો જો. આગમની દૃષ્ટિથી મુનિ કોને કહેવા, એના ખબર વિના મુનિ કોને માનવા? એય..! એષણાસમિતિ કહે છે. પહેલા ઈર્યાસમિતિની વાત આવી ગઈ, પંચમહાવ્રતની વાત આવી ગઈ, પછી ઈર્યા-ભાષાની, હવે એષણાસમિતિ. ૬૩મી ગાથા.

## ગાથા–૬૩

कदकारिदाणुमोदणरहिदं तह पासुगं पसत्थं च।
दिण्णं परेण भत्तं समभुत्ती एसणासमिदी।।६३।।

कृतकारितानुमोदनरहितं तथा प्रासुकं प्रशस्तं च।
दत्तं परेण भक्तं संभुक्तिः एषणासमितिः।।६३।।

अत्रैषणासमितिस्वरूपमुक्तम्। तद्यथा -

मनोवाक्कायानां प्रत्येकं कृतकारितानुमोदनैः कृत्वा नव विकल्पा भवन्ति, न तैः संयुक्तमन्नं नवकोटिविशुद्धमित्युक्तम्; अतिप्रशस्तं मनोहरम्; हरितकायात्मकसूक्ष्मप्राणिसंचारागोचरं प्रासुकमित्यभिहितम्; प्रतिग्रहोच्चस्थानपादक्षालनार्चनप्रणामयोगशुद्धिभिक्षाशुद्धिनामधेयैर्नवविधपुण्यैः प्रतिपत्तिं कृत्वा श्रद्धाशक्त्यलुब्धताभक्तिज्ञानदयाक्षमाऽभिधानसप्तगुणसमाहितेन शुद्धेन योग्याचारेणोपासकेन दत्तं भक्तं भुंजानः तिष्ठति यः परमतपोधनः तस्यैषणासमितिर्भवति। इति व्यवहारसमितिक्रमः। अथ निश्चयतो जीवस्याशनं नास्ति परमार्थतः, षट्प्रकारमशनं व्यवहारतः संसारिणामेव भवति।

तथा चोक्तं समयसारे (?) -

``णोकम्मकम्महारो लेप्पाहारो य कवलमाहारो।
उज्ज मणो वि य कमसो आहारो छव्विहो णेयो।।''

अशुद्धजीवानां विभावधर्मं प्रति व्यवहारनयस्योदाहरणमिदम्।

इदानीं निश्चयस्योदाहृतिरुच्यते। तद्यथा-

``जस्स अणेसणमप्पा तं पि तवो तप्पडिच्छगा समणा।
अण्णं भिक्खमणेसणमध ते समणा अणाहारा।।''

तथा चोक्तं श्रीगुणभद्रस्वामिभिः :-

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(मालिनी)

``यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा
परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी।
विहितहितमिताशी क्लेशजालं समूलं
दहति निहतनिद्रो निश्चिताध्यत्मसारः।।''

અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને,
–પરદત્તને મુનિ જે ગ્રહે, એષણસમિતિ તેહને. ૬૩.

અન્વયાર્થ :– [ परेण दत्तं ] પર વડે દેવામાં આવેલું, [ कृतकारितानुमोदनरहितं ] કૃતકારિત-અનુમોદન રહિત, [ तथा प्रासुकं ] પ્રાસુક [ प्रशस्तं च ] અને *પ્રશસ્ત [ भक्तं ] ભોજન કરવારૂપ [ संभुक्तिः ] જે સમ્યક્ આહારગ્રહણ [ एषणासमितिः ] તે એષણાસમિતિ છે.

ટીકા :– અહીં એષણાસમિતિનું સ્વરૂપ કહ્યું છે. તે આ પ્રમાણે —

મન, વચન અને કાયામાંના પ્રત્યેકને કૃત, કારિત અને અનુમોદના સહિત ગણીને તેમના નવ ભેદો થાય છે; તેમનાથી સંયુક્ત અન્ન નવ કોટિએ વિશુદ્ધ નથી એમ (શાસ્ત્રમાં) કહ્યું છે; અતિપ્રશસ્ત એટલે મનોહર (અન્ન); હરિતકાયમય સૂક્ષ્મ પ્રાણીઓના સંચારને અગોચર તે પ્રાસુક (અન્ન) — એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. +પ્રતિગ્રહ, ઉચ્ચસ્થાન, પ્રાદપ્રક્ષાલન, અર્ચન, પ્રણામ, યોગશુદ્ધિ (મન-વચન-કાયાની શુદ્ધિ) અને ભિક્ષાશુદ્ધિ–એ નવવિધ પુણ્યથી (નવધા ભક્તિથી) આદર કરીને, શ્રદ્ધા, શક્તિ, અલુબ્ધતા, ભક્તિ, જ્ઞાન, દયા અને ક્ષમા–એ (દાતાના) સાત ગુણો સહિત શુદ્ધ યોગ્ય-આચારવાળા ઉપાસક વડે દેવામાં આવેલું (નવ કોટિએ શુદ્ધ, પ્રશસ્ત અને પ્રાસુક) ભોજન જે પરમ તપોધન લે છે, તેને એષણાસમિતિ હોય છે. આમ વ્યવહારસમિતિનો ક્રમ છે.

* પ્રશસ્ત = સારું; શાસ્ત્રમાં પ્રશંસેલું; જે વ્યવહારે પ્રમાદાદિનું કે રોગાદિનું નિમિત્ત ન હોય એવું.

+ પ્રતિગ્રહ = 'આહારપાણી શુદ્ધ છે, તિષ્ઠ, તિષ્ઠ, તિષ્ઠ, (-ઊભા રહો, ઊભા રહો, ઊભા રહો,) એમ કહીને આહારગ્રહણની વિનતિ કરવી તે; કૃપા કરવા માટે વિનતિ; આદરસન્માન. [આમ પ્રતિગ્રહ કરવામાં આવતાં, જો મુનિ કૃપા કરી ઊભા રહે તો દાતાના સાત ગુણોથી યુક્ત શ્રાવક તેમને પોતાના ઘરમાં લઈ જઈ, ઉચ્ચ સ્થાને બિરાજમાન કરી, પગ ધોઈને, પૂજન કરે છે અને પ્રણામ કરે છે. પછી મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક શુદ્ધ ભિક્ષા દે છે.]'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે નિશ્ચયથી એમ છે કે–જીવને પરમાર્થે અશન નથી; છ પ્રકારનું અશન વ્યવહારથી સંસારીઓને જ હોય છે.

એવી રીતે શ્રી *સમયસારમાં (?) કહ્યું છે કે :–

‘‘[ગાથાર્થ :–] નોકર્મ-આહાર, કર્મ-આહાર, લેપ-આહાર, કવલ-આહાર, ઓજ-આહાર અને મન-આહાર—એમ આહાર ક્રમશઃ છ પ્રકારનો જાણવો.’’

—અશુદ્ધ જીવોના વિભાવધર્મ વિષે વ્યવહારનયનું આ (અવતરણ કરેલી ગાથામાં) ઉદાહરણ છે.

હવે (શ્રી પ્રવચનસારની ૨૨૭મી ગાથા દ્વારા) નિશ્ચયનું ઉદાહરણ કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :–

‘‘[ગાથાર્થ :–] જેનો આત્મા એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઇચ્છા રહિત છે) તેને તે પણ તપ છે; (વળી) તેને પ્રાપ્ત કરવા માટે (–અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે) પ્રયત્ન કરનારા એવા જે શ્રમણો તેમને અન્ય (–સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા એષણા વિના (-એષણાદોષ રહિત) હોય છે; તેથી તે શ્રમણો અનાહારી છે.’’

એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૨૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

‘‘[શ્લોકાર્થ :—] જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે, જે અત્યંત યમનિયમ સહિત છે, જેનો આત્મા બહારથી અને અંદરથી શાંત થયો છે, જેને સમાધિ પરિણમી છે, જેને સર્વ જીવો પ્રત્યે અનુકંપા છે, જે વિહિત (–શાસ્ત્રાજ્ઞા મુજબનું) *હિત-મિત ભોજન કરનાર છે, જેણે નિદ્રાનો નાશ કર્યો છે, તે (મુનિ) ક્લેશજાળને સમૂળગી બાળી નાખે છે.’’

## ગાથા–૬૩ ઉપર પ્રવચન

कदकारिदाणुमोदणरहिदं तह पासुगं पसत्थं च।
दिण्णं परेण भत्तं समभुत्ती एसणासमिदी।।६३।।

* અહીં ઉદ્ધૃત કરેલી ગાથા સમયસારમાં નથી પરંતુ પ્રવચનસારમાં (પ્રથમ અધિકારની ૨૦મી ગાથાની તાત્પર્યવૃત્તિ-ટીકામાં) અવતરણરૂપે છે.

* હિત મિત = હિતકર અને માપસર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નીચે હરિગીત. મોજ-શોખનું નીચે હરિગીત.

**અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને,**
**–પરદત્તને મુનિ જે ગ્રહે, એષણસમિતિ તેહને. ૬૩.**

એષણાસમિતિ. એષણા એટલે શું? શોધવું. મારે માટે કરેલું નથી ને? મુનિને માટે કર્યું, કરાવ્યું અને અનુમોદવું એ કોઈપણ આહાર લે નહિ. મુનિદશા છે. નીચે છે, જુઓ!

**'મન, વચન અને કાયામાંના પ્રત્યેકને કૃત, કારિત અને અનુમોદના સહિત ગણીને તેમના નવ ભેદો થાય છે;...'** મન, વચન અને કાયા. મન, વચન, કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું. એના નવ ભેદ થાય. નવ ભેદે એને આહારનો ત્યાગ હોય છે. મનથી કરેલો, કરાવેલો અને અનુમોદવો અને વચનથી અને કાયાથી. નવ ભેદે આહારનો સદોષનો ત્યાગ હોય છે. સમજાણું કાંઈ? **'તેમનાથી સંયુક્ત અન્ન નવ કોટિએ વિશુદ્ધ નથી...'** જુઓ! જેમાં એને માટે કરેલું હોય, કરાવ્યું હોય અને કર્તાને લે. એ લે એ જ અનુમોદના છે, ભાઈ! ખબર છે કે આ મારે માટે કર્યું છે. આ પાણી બનાવ્યું છે. પાણી ક્યાં ત્યાં પાંચ-દસ શેર હતું? ઊના પાણી કરી રાખ્યા હતા. સમજાણું? એ લે છે એ જ પાપને અનુમોદે છે.

મુમુક્ષુ :– 'લલ્લુભાઈ'ના ભાઈ.

ઉત્તર :– હા. 'લલ્લુભાઈ'. આ પ્રશ્ન અમારે (સંવત) ૧૯૬૯ની સાલમાં ઉઠેલો. દીક્ષા લીધા પહેલા. ૧૯૭૦ની સાલમાં દીક્ષા લીધી. ૫૮મું વર્ષ ચાલે છે ને? સંવત ૧૯૬૯ની સાલમાં આ પ્રશ્ન ઉઠેલો. 'હીરાજી મહારાજ'ની સાથે. 'હીરાજીમહારાજ'ને તમે નહિ જોયા હોય. તમે જોયેલા? નહિ જોયા હોય. ૧૯૭૪ની સાલમાં ગુજરી ગયા. એને મેં પહેલો પ્રશ્ન કર્યો હતો. સંવત ૧૯૬૯ની સાલમાં વૈશાખમાં. સંવત ૧૯૬૯. 'રાણપુર'માં પ્રશ્ન કર્યો હતો. કીધું મહારાજ! હજી દીક્ષા નહોતી લીધી. પણ બધું નક્કી કરતો હતો. કે મહારાજ! આ સાધુ માટે મકાન બનાવેલું હોય. આ અપાસરા બનાવે છે ને? તો કીધું એને નવ કોટિમાં કઈ કોટિ તૂટે? એમ મેં પ્રશ્ન કરેલો. નવ કોટિ સમજાણી? મન, વચન, અને કાયા, કરવું, કરાવવું અને અનુમોદવું. નવ આવ્યા ને નવ? આ તો તે દિ' પ્રશ્ન થયો હતો. સંવત ૧૯૬૯. ૧૯૬૯ની સાલ. ૫૯ વર્ષ પહેલા. 'રાણપુર'માં પ્રશ્ન કર્યો હતો. કીધું, આ સાધુ માટે અપાસરા-ઓરડીયું, અપાસરા પાટુ બનાવે. કારણ કે આહાર તો એ નહોતા લેતા. બહુ ચોખ્ખું. 'હીરાજી મહારાજ' બહુ ચોખ્ખા હતા. આહાર એને માટે કર્યો, કરાવ્યો એ લેતા જ નહિ. અત્યારે તો આ કાંઈ ઠેકાણું નથી. અત્યારે તો ચા-પાણી બનાવે, દૂધ બનાવે, બીજું બનાવે. લઈ જાય. એ તો તદ્દન માર્ગ જ નથી. એ તો બહુ નિર્દોષ લેતા. પણ અપાસરા સેવતા. એના માટે કરે. એ પ્રશ્ન ઉઠેલો. 'ગુલાબચંદ ગાંધી' હતા એક. નામ નહિ સાંભળ્યું હોય. 'રાજકોટ'ના સાધુ 'ગુલાબચંદ ગાંધી' એ ઓલા શું કહેવાય તમારા? જરીફ હતા. 'ગાંધી ગુલાબચંદભાઈ'. એ ૧૯૭૦ની સાલમાં ભાદરવા સુદ ૪ને દિવસે 'રાજકોટ'માં ગુજરી ગયા. પણ એ અપાસરો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહોતા વાપરતા. એને માટે કરેલો અપાસરો, મકાન, ઓરડી, પાટ પડેલી, એ નહોતા વાપરતા. ૧૯૬૮ની સાલમાં એની પાસે મેં પહેલું સાંભળ્યું. કે સાધુને ન ખપે. કીધું આપણને તો આ ખબર નહોતી. સાધુને એને માટે બનાવેલી પાટને એ ન ખપે. એ સાધુ ન હોય. ઠીક. કરો આપણે નક્કી હીરાજી મહારાજને પૂછીને અને એણે ગાથા કીધી. તે દિ મોઢે હતી. મારે તે દિ'–દશવૈકાલિકની ગાથા હતી. અઢાર બોલમાં એક પણ બોલ તોડે તો સાધુપણાથી ભ્રષ્ટ થાય. તો ત્યાં એમાં એવું હતું કે એને માટે મકાન, અપાશ્રય, પાટ બનાવેલી જો લે. તો એ સાધુપણાથી ભ્રષ્ટ થાય. એમ એ શ્લોકમાં હતું. એ શ્લોક તે દિ' મોઢે હતો. ૧૯૬૯ની સાલની વાત છે. અને મેં એને કહ્યો. વાત સાચી લાગે છે હોં તમે કીધું આ. એય..! દાસ! તમે જોયેલાને? 'વઢવાણ'ના ચોમાસામાં. ૧૯૬૯માં ત્યાં હતું. ૧૯૭૦ની સાલમાં 'રાજકોટ'. કીધું, આ શું? 'હીરાજીમહારાજ'ને કહ્યું. અમારા ગુરુ હતા. બહુ શાંત હતા. પણ હવે આ વાત.. એની પાસે દીક્ષા લે છે આ અને આ પૂછે છે આ. હું કહું નહિ. એ નહિ બિચારાને. હું કહું તો અટકશે એવું કાંઈ નહિ. એને એમ માનેલું. કે મને કહે. મેં કીધું, મહારાજ! મારો એક પ્રશ્ન છે કે આ સાધુ માટે મકાન, અપાસરા કે પાટુ કરાવ્યા હોય, આહાર-પાણી ત્યાં લે. તો એને મન, વચન ને કાયા, કરણ, કરાવવું, અનુમોદન. નવ કોટી આવીને અહીંયા? એમાં કઈ કોટિ તૂટે કહો. તો નવ તૂટે? એટલે એમ બોલ્યા કે એમાં એકેય ન તૂટે. એની સામું તો કાંઈ બોલાય નહિ. મનમાં થઈ ગયું કે આ વાત આપણને બેસતી નથી. બહુ આબરૂદાર હતા. હીરાજી મહારાજ તો બહુ આબરૂદાર. બહુ 'હીરા એટલા હીર' એવી એની આચરણની ક્રિયા. પણ દૃષ્ટિ તદ્દન ખોટી. પણ એનો સંપ્રદાયના આચરણ વિષે... પછી દાખલો આપ્યો કે, તમારા ભાઈ 'ખુશાલભાઈ' છે. મને દાખલો આપ્યો. એમણે એક મકાન બનાવ્યું, અને એમાં તમે રહો, એમાં કઈ કોટિ તૂટે? મારા મનમાં તો એમ કે એ વાપરે એ જ અનુમોદન છે. નવ કોટિમાં એ અનુમોદન થયું એ કોટિ જ તૂટી ગઈ. એય..! તમારે 'ગુલાબચંદજી'નું હતું ને? આહાહા..! આ તો ૧૯૬૯ની સાલની વાત છે. ૫૯ વર્ષ પહેલાની વાત છે. કેટલાકનો તો જન્મ પણ નહિ હોય. આપણને બેસતું નથી, ભાઈ! કારણ કે દશવૈકાલિક મોઢે હતું એમાં એક ગાથા હતી. કે જે કોઈ એને માટે કર્યું એ અનુમોદના કરે છે. એટલે એને નવ કોટિ નિર્દોષ રહેતી નથી. એ સાધુ નથી. આહાહા..! એ અહીં કહે છે, જુઓ!

નવ ભેદો. કરવું, કરાવવું, અનુમોદવું, મનથી, વચનથી અને કાયાથી. **'તેમનાથી સંયુક્ત અન્ન...'** આવા નવ ભંગથી દોષવાળુ અન્ન **'નવ કોટિએ વિશુદ્ધ નથી...'** નવ પ્રકારે તે નિર્દોષ નથી **'એમ (શાસ્ત્રમાં) કહ્યું છે;...'** માટે એવો આહાર, પાણી, મકાન સાધુ લે નહિ. આહાહા..! અહીં તો હવે બે-બે લાખના, પાંચ-પાંચ લાખના મકાન કરાવે અને મોઢા આગળ ઊભા રહે. આહાહા..! બધું ... ગૃહસ્થોને ખબર ન મળે. **'અતિપ્રશસ્ત એટલે મનોહર**

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**(અન્ન);...'** જોઈએ એમ કહે છે. એક તો નિર્દોષ જોઈએ અને અતિપ્રશસ્ત એટલે, **'પ્રમાદાદિનું કે રોગાદિનું નિમિત્ત ન હોય એવું.'** રોગનું કારણ ન થાય, પ્રમાદ એવો.. આકરો આહાર મેસુબ આદિ, કે જેમાં પ્રમાદ થાય. એવો આહાર ન લેવો જોઈએ. નભાવવા, શરીર નભાવવા પૂરતો વિકલ્પ હોય છે.

**'મનોહર...'** એટલે **'અતિપ્રશસ્ત એટલે મનોહર (અન્ન);...'** શરીરમાં રોગ અને પ્રમાદનું કારણ ન થાય એવો નિર્દોષ. એને માટે કરેલો, બિલકુલ કરેલો, કરાવ્યો, અનુમોદન નહિ. **'હરિતકાયમય સૂક્ષ્મ પ્રાણીઓના સંચારને અગોચર...'** જેમાં લીલોતરીનો જીવ હરિતકાય, એકેન્દ્રિયનો એક દાણો પણ એમાં અડેલો હોય નહિ. આ વનસ્પતિ એકેન્દ્રિય જીવ છે ને? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આવે છે ને? એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચૌઇન્દ્રિયા, પંચેન્દ્રિયા આ આવે છે ને ઇચ્છામી પડિક્કમણામાં, સામાયિકમાં ઇરિયા વવરોવિયા એ આવે છે ને? અર્થની કોને ખબર હોય. ભગવાન જાણે. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા.... જીવિયાઓ, વવરોવિયા, .. મિચ્છામિ દુક્કડમ જાઓ. એય..! 'જયંતિભાઈ'! કર્યું છે કે નહિ કાંઈ? સામાયિક-બામાયિક કરી છે કે નહિ? આહાહા..!

અહીં કહે છે, જેમાં લીલોતરીનો એક દાણો સચેત, જે અનાજને અડેલો ન હોય. એવું અનાજ પ્રાસુક ગણવામાં આવે છે. એવું પ્રાસુક મુનિ લે. એક દાણો પણ જો બાજરાનો, ઘઉંનો દાણો પડ્યો હોય અને નિર્દોષ આહાર દેવા બાઈ ઊઠે. જો એનો સાડલો કે પગ દાણાને અડી જાય તો મુનિ આહાર ન લે. આવું અમે સંપ્રદાયમાં ઘણાં વર્ષ કરેલું. રાડ નાખતા. સમજાણું કાંઈ? એ બધી ક્રિયાકાંડ, તત્ત્વદૃષ્ટિ વિનાની. અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત મુનિપણાની દશાની વાત છે. એને જાણવું પડશે કે નહિ કે મુનિપણું કેવું હોય? હજી મુનિપણા, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર ન મળે અને એમ સમકિત ક્યાંથી થાય?

**'પ્રાસુક (અન્ન)—એમ (શાસ્ત્રમાં) કહ્યું છે.'** લ્યો. એક દાણો પણ જેને અડેલો ન હોય. વનસ્પતિ શબ્દ વાપર્યો છે ને? જુઓને! હરિતકાય સૂક્ષ્મ. સૂક્ષ્મ–કટકો. એક આ ગુવાર આવે છે ને? ગુવાર નહિ. એને કાપે અને ઝીણી છેલ્લી કટકી હોય છે ને? જરીક આમ પડી હોય તો પણ એને આહાર અડવો ન જોઈએ. એ અડેલો આહાર ખપે નહિ. આ ગુવાર ગુવાર. છેલ્લી શું કહેવાય અણી. ગુવારનું શાક કરે ત્યારે તેની છેલ્લી અણી–દાંડલી કાઢી નાખે છે. એ જો અહીં પડી હોય અને એમાં વહોરાવનારનો પગ પડે, તો એ સાધુને ખપે નહિ. એ હરિતકાય સંચારવાળો આહાર છે. અરે..રે..! એમ શાસ્ત્રમાં ભગવાને કહ્યું છે.

મુમુક્ષુ :– એ કટકી દાંડલી તો અજીવ છે.

ઉત્તર :– અજીવ હોય? જીવ છે. એટલી પણ ખબર નથી? આ લીલો ગુવાર હોય ને, એની કટકીમાં અસંખ્ય લીલા જીવ છે. હરિતકાય લીલોતરી છે આ હરિતકાય કીધું નહિ? એક કટકી આટલી લીલી, આ ભીંડો લ્યો ને. એની પણ છેલ્લી અણી કાઢી નાખે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને? એ અણીમાં અસંખ્ય જીવ છે. ભગવાન કેવળીએ કહેલા એકેન્દ્રિય જીવ છે. જૈનમાં રહ્યા એને પણ ક્યાં ખબર છે. જય નારાયણ. ભગવાન સાચા. કરો ધર્મ. કેમ? 'કાન્તિભાઈ'!

અહીં તો કહે છે, એ લીલોતરીનો એક કટકો. ભીંડાનો, ગુવારનો... અમારા 'હીરાજી મહારાજ'ની ક્રિયા બહુ ઓલી. અમારી ક્રિયા પણ પંદર વર્ષ બહુ આકરી હતી. વહોરાવવા જાય અને એ લીલોતરીનો કટકો પડ્યો હોય, ને એ બાયનો પગ અડી જાય તો આહાર ન લઈએ. ગૃહસ્થ આપણે 'રાયચંદ ગાંધી' જેવા મોટા દસાશ્રીમાળી છે ને? 'રાયચંદ ગાંધી' 'બોટાદ'માં મોટા ગૃહસ્થ. એને ત્યાં વહોરવા જઈએ ત્યાં મોટા મકાન. એક કટકી આમ પડી હોય એને અડે ત્યાં ધ્યાન રાખજો મહારાજ આવ્યા છે એમ કહે. જો ક્યાંક અડી જશે તો નહિ લે. રાડ નાખે, હોં! 'રાયચંદ ગાંધી' ... ૮૫ વર્ષ ઉપર ૯૦ વર્ષ થયા હશે. એ બિચારા એને દેખીને ડરે. અમે વહોરાવવા જઈએ ત્યાં. એ ક્રિયા તે વખતે સખત માની હતી એ કરી હતી. ડરે, આમ બીવે. ક્યાંક વસ્તુ .. થશે. ક્યાંક લીલોતરીને અડી જશે, તો મહારાજ વયા જશે.

અહીં મુનિ સાચા સંત આત્મજ્ઞાન સહિત, જેને આત્માના આનંદનું અનુષ્ઠાન પ્રગટ થયું છે. એને આહારની વિધિમાં આવી રીતે હોય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! એક વાત.

હવે દેનાર. હવે દેનાર કેવો હોય એને? આહાર આવો હોય, લેનાર આવા હોય. બે વાત થઈ ગઈ ને? હવે દેનાર કેવા હોય. આહાહા..! **'પ્રતિગ્રહ, ઉચ્ચસ્થાન, પાદપ્રક્ષાલન, અર્ચન, પ્રણામ, યોગશુદ્ધિ (મન-વચન-કાયાની શુદ્ધિ) અને ભિક્ષાશુદ્ધિ—એ નવવિધ પુણ્યથી (નવધા ભક્તિથી) આદર કરીને,...'** લ્યો. પેલો ગૃહસ્થ એમ કહે, આહાર-પાણી શુદ્ધ છે. ઝીણી વાત છે. સાચા સંતની વાત છે. સાચા મુનિ હોય એ તો નગ્ન હોય, દિગંબર હોય જંગલમાં વસે.

જૈન પરમેશ્વરે સ્વીકારેલા સંત, મુનિ.. ણમો લોએ સવ્વ સાહુણં. એ પદ તો શરીરે નગ્ન હોય. અંદર ત્રણ કષાય રહિત હોય, એ જંગલમાં વસે. ભીક્ષા માટે કોઈવાર ગામમાં આવે. એવી સ્થિતિ વીતરાગના માર્ગમાં અનાદિની છે. વચ્ચે ગડબડ કરી એ એના ઘરની. ભગવાનના ઘરની નહિ. આહાર-પાણી શુદ્ધ છે, એમ કહે પહેલા. મુનિ નીકળે, દિગંબર સંત, આત્મધ્યાની-જ્ઞાની, એમાં આહારનો વિકલ્પ હોય છે. એમાં ગૃહસ્થ .... નિર્દોષ આહાર-પાણી પડ્યા હોય એ હોં. એને માટે બનાવ્યા હોય એ વાત તો કરી. નિર્દોષ હોય. અને પાંચ-દસ હોય અને એક-બે માણસને થાય એટલું તો પહેલા રાખતા. પહેલા ક્યાં રોટલાની બહુ કિંમત નહોતી. હવે આ બહુ કિંમત થઈ ગઈ. પહેલા તો બે-ત્રણ રૂપિયાનું મહિને ખાતા. રાંડી રાંડને પાંચસો રૂપિયા આવે અને અઢીસો બાંધી દે તો બહુ થાતું. ૬૦ વર્ષ પહેલા સાંભળ્યું હતું. શું કહેવાય આ? પોત.. પોત. પોત કહેતા કે નહિ? બધું જોયું છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને? ૬૦ વર્ષ પહેલા. પાંચસો રૂપિયા થાય. કહે ઓ..હો.. બહુ. એના અઢી રૂપિયા... તે દિ' આઠ આના નહોતા ને. હવે આ દોઢ રૂપિયો થયો. તે દિ' આઠ આના વ્યાજ હતું. અઢી રૂપિયા બસ છે એને. ચોખ્ખું લેતા.

અહીં કહે છે કે ચોખ્ખો ઘરનો આહાર હોય, એમાં મુનિ આવ્યા હોય. પધારો મહારાજ, કૃપા કરો. એમ કહે તો એ ઊભા રહે. એમ ને એમ ઘરમાં ન ઘૂસી જાય એમ કહે છે. દુનિયામાં બધો ફેરફાર ફેરફાર છે. **'ઉચ્ચ સ્થાન...'** છે ને? **'એમ કહીને આહારગ્રહણની વિનંતિ કરવી તે; કૃપા કરવા માટે વિનંતી; પ્રભુ પધારો! આદરસન્માન. [આમ પ્રતિગ્રહ કરવામાં આવતાં, જો મુનિ કૃપા કરી ઊભા રહે  તો દાતાના સાત ગુણોથી યુક્ત શ્રાવક તેમને પોતાના ઘરમાં લઈ જઈ, ઉચ્ચ સ્થાને બિરાજમાન કરી,...]'** પાટલો-બાટલો રાખીને **'પગ ધોવે, પૂજન કરે છે...'** એવી વીતરાગ માર્ગમાં અનાદિની વિધિ છે. એ પછી આ બધો ફેરફાર થઈ ગયો. અનાદિનો એ માર્ગ છે. મહાવિદેહમાં તો એ જ માર્ગ વર્તે છે. ભગવાન 'સીમંધર' પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાં આવો જ માર્ગ છે. સમજાણું કાંઈ? અરે..રે..!

**'પગ ધોઈને, પૂજન કરે છે અને પ્રણામ કરે છે. પછી મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક શુદ્ધ ભિક્ષા દે છે.'** છે ને? **'અર્ચન, પ્રણામ, યોગશુદ્ધિ (મન-વચન-કાયાની શુદ્ધિ) અને ભિક્ષાશુદ્ધિ–એ નવવિધ પુણ્યથી (નવધા ભક્તિથી) આદર કરીને,...'** દેનારો કેવો હોય? શ્રદ્ધાવાળો હોય એને ઘરે આહાર લે, એમ કહે છે. જેને-તેને ઘરે ચડી ન જાય. અરે.રે..! ભારે વાત! આ વાત તો સાંભળવી કઠણ પડે. આ તો અનાદિનો આ માર્ગ હતો, માર્ગ એ છે. સમજાણું?

**'શક્તિ,...'** પોતાની ઊભા રહેવાની શક્તિ હોય. મૂંઢ હોય એવો નહિ. **'અલુબ્ધતા,...'** દેનારને ગૃદ્ધિ ન હોય. એવો આહાર-પાણી દઈ શકે. લેનારો આવો ધર્મી હોય, ધર્માત્મા, સંત, નગ્નમુનિ, સ્વરૂપમાં અનુષ્ઠાનમાં લીનવાળો હોય, વિકલ્પ છે થોડો લેવા આવે ત્યારે. **'ભક્તિ,...'** સહિત આપે. **'જ્ઞાન,...'** સહિત હોય અને ભાનવાળો હોય. દેનારને ભાન હોય. મુનિપણું આવું હોય, એને દેવાની વિધિ આવી હોય. એવું એને જ્ઞાન હોય. ભાન વિનાનો આંધળો ન હોય. એને હ્રદયમાં દયા હોય. શ્રાવકને સાચા શ્રાવકની વાત ચાલે છે, હોં! આ વાડાની વાત નથી. **'દયા અને ક્ષમા—એ (દાતાના) સાત ગુણો...'** લ્યો. દેનારના સાત ગુણો હોય. આહાહા..! **'સહિત શુદ્ધ યોગ્ય-આચારવાળા ઉપાસક વડે દેવામાં આવેલું...'** લ્યો. શુદ્ધ યોગ્ય આચારવાળા ઉપાસક વડે. જોયું ને? શ્રાવક પોતે આવો હોય એમ કહે છે. આવા ગુણવાળા **'શુદ્ધ યોગ્ય-આચારવાળા ઉપાસક...'** શ્રાવક. એ **'વડે દેવામાં આવેલું (નવ કોટિએ શુદ્ધ, પ્રશસ્ત, પ્રાસુક)...'** એ બધું આવી ગયું ને? ત્રણ બોલ આવી ગયા. નવ કોટિએ શુદ્ધ **'પ્રશસ્ત,...'** એટલે પ્રમાદ અને રોગ ન થાય એવો આહાર અને **'પ્રાસુક...'** એટલે એમાં હરિતકાયનો સંચાર, એકેન્દ્રિય જીવ એને અડેલો ન હોય. એવું **'ભોજન જે પરમ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તપોધન લે છે, તેને એષણાસમિતિ હોય છે. આમ વ્યવહારસમિતિનો ક્રમ છે.**' વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ પરમેશ્વર તીર્થંકરના માર્ગમાં આ વિધિ છે. એમાં છે કે નહિ?

'**હવે નિશ્ચયથી એમ છે કે—જીવને પરમાર્થે અશન જ નથી;...**' એ તો મુનિને શરીર નભાવવા જરી વિકલ્પ આવ્યો, તો આ હોય છે. પણ ખરેખર તો આહાર-પાણી તો જડ છે. આત્મામાં છે જ નહિ અને આત્મામાં એ અડતા પણ નથી. આહાહા..! એ તો માટી છે. દાળ, ભાત, શાક એ તો અજીવતત્ત્વ છે. જીવતત્ત્વમાં એ છે જ નહિ. આહાહા..! '**પરમાર્થે અશન નથી; છ પ્રકારનું અશન વ્યવહારથી સંસારીઓને જ હોય છે.**' વિકલ્પ છે એટલે કહેવાય છે. ઘણાં પ્રકાર નીકળે છે. 'સમયસાર'માં કહ્યું છે કે 'પ્રવચનસાર'માં. 'સમયસાર'માં ગાથા નથી આવતી. ૪૧૫ ગાથા આ છે ને? ટીકામાં છે. '**નોકર્મ-આહાર, કર્મ-આહાર, લેપ-આહાર, કવલ-આહાર, ઓજ-આહાર અને મન-આહાર...**' અને આ ગાથાનું .. સરખું નથી 'પ્રવચનસાર'માં. આ ગાથાના જે શબ્દ છે એવા શબ્દ ઓલામાં નથી. 'પ્રવચનસાર'માં થોડો ફેર છે. ૨૦મી ગાથામાં છે ને આ? ૨૦મી ગાથા.

**णोकम्मकम्महारो लेप्पाहारो य कवलमाहारो।**
**उज्ज मणो वि य कमसो आहारो छव्विहो णेयो।।**

'**कम्महारो लेप्पाहारो**' એટલો ફેર છે. આમાં છે. '**णोकम्मकम्महारो लेप्पाहारो य कवलमाहारो।**' આમાં એ ફેર છે. આહાહા..! આ શબ્દમાં જરી ફેર છે. જુઓ! આ મુનિપણું કેવું હોય એનું જ્ઞાન, શ્રદ્ધા કરાવે છે. જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પણ ખબર ન મળે, એને આત્મા શું છે એની ખબર હોય નહિ. આહાહા..! છ પ્રકારના નામ લીધા જુઓ! '**નોકર્મ-આહાર,...**' નોકર્મ એટલે? શરીરના આ પરમાણુ હોય ને આ. ઔદારિકના રજકણ હોય છે ને? એ નોકર્મ. કેવળીને પણ એ રજકણ આવે છે ને? '**કર્મ-આહાર,...**' આ રજકણો કર્મના. '**લેપ-આહાર,...**' અંદર ચોપડે. '**કવલ-આહાર,...**' કોળિયા લે. '**ઓજ-આહાર,...**' આ પંખી. પંખી જેમ પાંખ વડે બચ્ચાને પોષે છે ને? એ ઓજ-આહાર કહેવાય. '**મન-આહાર—**' દેવોને મનનો આહાર હોય છે. હજાર વર્ષે એને ઇચ્છા થાય. એને મનથી આહાર આવે. એ છ પ્રકારનો આહાર છે લ્યો.

'**અશુદ્ધ જીવોના વિભાવધર્મ વિષે વ્યવહારનયનું આ ઉદાહરણ છે.**' આહાર લેવો એ વિકલ્પ છે એવો અશુદ્ધભાવ છે, એના વતી અહીં વાત છે. અથવા છ પ્રકારનો આહાર એને માટે બધો છે. '**હવે નિશ્ચયનું ઉદાહરણ કહેવામાં આવે છે.**' લ્યો. આ ૨૨૭ ગાથા છે.

**जस्स अणेसणमप्पा तं पि तवो तप्पडिच्छगा समणा।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**अण्णं भिक्खमणेसणमध ते समणा अणाहारा।।**

**ગાથાર્થ :– 'જેનો આત્મા એષણારહિત છે. (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઇચ્છા રહિત છે)...'** શું કહે છે? મુનિને તો આત્મામાં આહાર છે જ નહિ. આહાર તો જડ-ધૂળ છે. એ આત્મામાં છે નહિ. એ આત્મા આહાર વિનાનો છે એવી જે દશા, એવું આત્માનું ભાન એને જ એષણા કહેવામાં આવે છે. એ **'એષણારહિત છે. (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઇચ્છા રહિત છે)...'** એમ કહે છે. એને આહારની ઇચ્છા છે નહિ. આહાહા..! ઇચ્છા તો રાગ છે.

મુમુક્ષુ :– આત્માને હોય કોઈ દિ'?

ઉત્તર :– આત્મામાં કેવી એ વસ્તુ. આ તો વિકલ્પ ઉઠ્યો હતો એવા જીવની વાત કરી હતી. વીતરાગ માર્ગ બહુ ઝીણો છે.

**'તેને તે પણ તપ છે;...'** શું કીધું? એ આત્મા અનશન સ્વભાવી છે. એટલે કે આહાર-પાણી વિનાના સ્વભાવવાળો છે. એવું જે ભાન, એ જ એક તપ છે. ભગવાનઆત્મામાં જ્યાં વિકલ્પ નથી, ત્યાં આવા આહાર અને પાણી એમાં અંદર છે નહિ. આહાહા..! એવું જે ચૈતન્યતત્ત્વ છે. કહે છે, **'(અનશનસ્વભાવી આત્માને...)'** એટલે. અશન, અનશન. અશન રહિત અનશન સ્વભાવી એમ. અશન એટલે આહાર-પાણી એ. અનશન એટલે આહાર-પાણી વિનાનો. એવો આત્માને જાણતો હોવાને લીધે. અરે..! હું તો આહારના રજકણ અને રાગ વિનાનો છું. આહારના રજકણ તો અજીવ છે. અને રાગ છે એ તો આસ્રવતત્ત્વ છે. હું તો એ આસ્રવ અને અજીવ રજકણથી જુદી ચીજ મારી છે. આહાહા..! એવા આત્માને અશનરહિત સ્વભાવવાળો જાણતો, એ જ એક તપ છે, કહે છે. શું કહ્યું? સમજાણું કાંઈ?

આત્મા સચ્ચિદાનંદ પ્રભુ! સિદ્ધ સ્વરૂપ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો, દેહના રજકણોથી જુદો છે, કર્મથી જુદો છે. કર્મ જડ છે. પુણ્ય-પાપના વિકલ્પ આસ્રવથી જુદો. તો એ આહાર-પાણીથી જુદો છે. એવી જે આત્માની સ્થિતિ.. આહાર-પાણી કાંઈ પણ સ્વરૂપમાં નથી. એવો હું છું. એવું જે જ્ઞાન-ધ્યાન એ તપ છે. કહ્યું કે નહિ? શું કહ્યું? અનશન સ્વભાવી આત્માને જાણતો. એટલે? અનશન સ્વભાવી એટલે? અશન, અનશન. અશન-અનશન. અશન આહાર-પાણીથી રહિત અનશન. એવો અશન વિનાનો આત્મા. જેમ શરીર વિનાનો આત્મા એમ આહાર-પાણી વિનાનો આત્મા, એવી આત્માની અનુભવદૃષ્ટિ હોવાથી એની સ્થિરતા અંતરમાં છે. એને જ તપ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? વિશેષ વાત લેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૬૬, શ્લોક-૮૬, ગાથા-૬૪, સોમવાર, અષાઢ સુદ ૧૨, તા.૫-૭-૧૯૭૧

'નિયમસાર' ૧૨૫ પાનું છે. 'પ્રવચનસાર'નો શ્લોક છે. મુનિનો અધિકાર છે. મુનિ એષણાસમિતિથી આહાર લે એ એનો વ્યવહાર છે. મુનિ એને કહીએ, કે જેને આત્માનું પહેલું જ્ઞાન, અનુભવ થયો હોય. વીતરાગ માર્ગમાં વ્યવહારચારિત્ર કોને હોય? કે જેને અંતર આત્મા તદ્દન રાગથી, વિકલ્પથી ભિન્ન. શરીર, વાણી, મન તો જડ છે. એનાથી તો જુદો છે. પણ એક રાગનો દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે, એનાથી ચીજ જુદી છે. એવું જેણે અંતરમાં રાગથી અને પરથી અધિક એટલે જુદો આત્મા જાણવામાં આવે, અનુભવમાં આવે, એને સમકિત કહેવામાં આવે છે. પ્રથમમાં પ્રથમ ધર્મ. એ ઉપરાંત અહીંયા તો મુનિની વાત છે હવે. મુનિ કેવા હોય? ૨૨૭ ગાથાનો દાખલો આપ્યો છે.

**'જેનો આત્મા એષણારહિત છે...'** શું કહે છે? આ આત્મા છે એ અનશન, અશન. આહાર-પાણી, એનાથી રહિત આત્મા છે. અનશન સ્વભાવી આત્મા છે. અર્થમાં છે? એષણારહિત એટલે અનશન સ્વભાવી આત્મા એમ. એને એષણા ગોતવું કે આ છે એવું એના સ્વરૂપમાં છે નહિ. આહાર લેવો કે મૂકવો એ વસ્તુના સ્વરૂપમાં જ નથી. કારણ કે આ હાર તો પુદ્‌ગલ-જડ છે. જડનું લેવું કે મૂકવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ તો અનશન સ્વભાવી આત્માને જાણે. ધર્મી જીવ પોતાનો આત્મા અનશન એટલે અશન વિનાનો અનશન સ્વભાવી જાણે. સમકિતી પણ એમ જાણે. પણ એ ઉપરાંત અહીંયા વિશેષ વાત મુનિની છે.

આત્મા વસ્તુ છે એ જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એ અશન એટલે આહાર-પાણી, અસણં, પાણં, ખાઈમં સાઈમં આવે છે ને બધું? એ બધી ચીજોથી રહિત આત્મા છે. આત્મામાં એ વસ્તુ, આહાર-પાણી, પુદ્‌ગલો, એનો તો અભાવ છે. મુનિ એને કહીએ કે જેનો આત્મા એષણારહિત. આ આત્મા છે આત્મા, એ તો આનંદ અને જ્ઞાનસ્વભાવ સહિત છે. એમાં આહાર-પાણીનો તો અભાવ છે, એ તો જડ છે. આહાર અસણં, પાણં, ખાઈમં, સાઈણં કોઈપણ ચીજ એનો તો આત્મ સ્વભાવમાં અભાવ છે. ધર્મીની દૃષ્ટિ એ અનશન રહિત એવો આત્મા એના ઉપર એની દૃષ્ટિ છે. ધર્મીની દૃષ્ટિ એ છે. આહાર લઉં કે નહિ એ ચીજ આત્મામાં નથી. આહાહા..! કેમ કે જે ચીજ એમાં નથી, એને લેવા-દેવાની વાત ક્યાંથી હોય? આહાહા..!

આ સમ્યગ્દૃષ્ટિની પહેલી વાત છે. ધર્મી પહેલા સમ્યગ્દૃષ્ટિ થાય છે, ત્યારે એ પોતાના આત્માને, અશન તો પુદ્‌ગલ, જડ અજીવ છે. અજીવરહિત સ્વભાવવાળો આત્મા તો છે. અનશન સ્વભાવી. અશન-અશન એટલે આહાર-પાણી, એનાથી રહિત એ અનશન. અનશનસ્વભાવી આત્મા. આહાહા..! જેમાં આહાર-પાણીનો એક રજકણ પણ નથી. એવો આત્મા ધર્મીએ, સમ્યગ્દૃષ્ટિએ પ્રથમ ધર્મના દરજ્જાવાળો જીવ, એણે પહેલા આવો આત્મા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણ્યો છે, કે આત્મામાં આહાર-પાણી આદિ વસ્તુ નથી.

**'(આહારની ઇચ્છા રહિત છે)'** એ અપેક્ષાએ તો સમકિતી પણ આહારની ઇચ્છા રહિત છે. સમજાણું કાંઈ? હવે અહીં તો મુનિની વિશેષ વાત છે ને? મુનિને **'(અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઇચ્છા રહિત છે) તેને તે પણ તપ છે;...'** એ તપ. હું અનાહારી વસ્તુ છું. આહારની ચીજ મારામાં છે જ નહિ. એમ આત્મામાં દૃષ્ટિ અને અનુભવમાં સ્થિરતા (થાય), એને જ તપ કહે છે. સમજાણું કાંઈ? એ ઉપવાસ છે એમ કહે છે. લ્યો, ઠીક. મુનિ આહાર લે છે છતાં, વિકલ્પ હોવા છતાં દૃષ્ટિમાં વિકલ્પ અને આહાર વિનાની હું ચીજ છું. એવી દૃષ્ટિને લીધે આત્મા અનાહારી, આહાર વિનાની ચીજ છે, એમ અનુભવમાં સ્થિરતા છે, તે આહાર કરવા છતા અને આહારનો વિકલ્પ હોવા છતા એ ઉપવાસી છે. ભારે કામ.

કેમ કે આત્મા આહાર-પાણી વિનાની ચીજ છે. એની ઉપ એટલે સમીપમાં ધર્માત્મા વસે છે. આત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપ, એ આહાર-પાણીની ચીજ પુદ્‌ગલથી રહિત, એવી ચીજમાં ધર્મીની દૃષ્ટિ પડી છે. ધર્મી તો પોતાના શુદ્ધ આત્માના ઉપ એટલે સમીપમાં વસે છે. તો એ જ ઉપવાસ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને તે ઉપરાંત, **'તેને પ્રાપ્ત કરવા માટે....'** ભગવાનઆત્મા અશન, આહાર, પાણી, મેવો આદિ કોઈપણ ચીજ, એનાથી રહિત (આત્મા છે) એવી દૃષ્ટિ થઈ છે, એવું આત્માનું અંતર ભાન થયું છે, અને એ જ આત્માને પ્રાપ્ત કરવા પ્રયત્નવાન છે. એવો અનશન સ્વભાવી આત્મા, પૂર્ણ **'પ્રાપ્ત કરવા માટે...'** જેનો પ્રયત્ન છે. છે?

**'(વળી) તેને પ્રાપ્ત કરવા માટે (અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે)...'** એટલે મુક્તિ. જેમ આહાર-પાણી વિનાની ચીજ છે એવો અનુભવ દૃષ્ટિમાં થયો. પણ પૂર્ણ નિર્મળ એવી મુક્તિ કરવામાં એનો પ્રયત્ન છે. **'પ્રયત્ન કરનારા એવા જે શ્રમણો તેમને અન્ય (–સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા એષણા વિના (–એષણાદોષ રહિત)...'** તો મુનિ આહાર લે છે. તેને માટે ચોકો બનાવે, આહાર-પાણી બનાવે અને લે એ તો મુનિ નથી. સમજાણું કાંઈ? એને માટે ગરમ પાણી, આહાર બનાવ્યો હોય, એનાથી રહિત લે છે. એનો દોષ હોય તો એ લેતા નથી.

**'(એષણાદોષ રહિત) હોય છે; તેથી તે શ્રમણો અનાહારી છે.'** જુઓ! જરી સૂક્ષ્મ છે. આ 'પ્રવચનસાર'ની ગાથા છે. આ 'નિયમસાર' ચાલે છે. ભગવાનઆત્મા રજકણ અને રાગના ભાવથી રહિત, એવી જેને દૃષ્ટિ થઈ અને એ ચીજને પ્રાપ્ત કરવાનો સ્વસન્મુખનો પ્રયત્ન ચાલુ છે, તો એ આહાર લેવા છતાં... બહારથી તો વ્યવહારે એમ કહે ને? અને આહારનો વિકલ્પ હોવા છતાં તેને અનાહારી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મીને પણ પહેલેથી આવી ભાવના હોવી જોઈએ. હું તો આત્મા એક રજકણ અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગના અંશથી રહિત હું છું. એવા આત્માની દૃષ્ટિ જેને (થઈ છે), આત્માની સમીપ દૃષ્ટિ છે, એ તો સમકિતી અનાહારી જ છે. પણ અહીંયા તો મુનિપણાની અનાહારી દશા લેવી છે. તો એ આહાર લે છે તો એષણાદોષ રહિત લે છે માટે તે અનાહારી છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમકિતી દૃષ્ટિની અપેક્ષાએ અનાહારી છે અને મુનિ સ્થિરતાની અપેક્ષાએ અનાહારી છે એમ સિદ્ધ કરવું છે. એય..! સમજાણું કાંઈ?

ધર્મીજીવને પોતાનું વસ્તુ સ્વરૂપ, રાગ અને રજકણ કોઈપણ પરમાણુથી ભિન્ન પોતાની ચીજ અનુભવમાં આવી છે, એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ પણ અનાહારી છે. એને આહાર નથી, અને ઇચ્છા ઉત્પન્ન થાય એ પણ એની ચીજ નથી. આહાહા..! પણ સમ્યગ્દૃષ્ટિને આહારનો ભાગ લેવાનો રાગ તીવ્ર છે. એ અપેક્ષાએ, સ્થિરતાની અપેક્ષાએ, સમ્યગ્દૃષ્ટિ અનાહારી નથી. દૃષ્ટિની અપેક્ષાએ અનાહારી છે. ચારિત્રની અપેક્ષાએ અનાહારી નથી.

મુનિ જે આત્મજ્ઞાની, ધ્યાની આત્માના અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે. અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન જેને પ્રગટ્યું છે, એ મુનિને તો આહાર-પાણીની ચીજ મારામાં નથી. પણ લેવાનો ભાવ છે એમાં એષણાદોષ રહિત લે છે માટે સાક્ષાત્ અનાહારી છે એમ કહે છે. આહાહા..! એ 'પ્રવચનસાર'માં 'કુંદકુંદાચાર્યદેવ' મહારાજનો શ્લોક છે. દિગંબર મુનિ, સંત.. આહાહા..! એ ટીકામાં એક બોલ વધારે લીધો છે. 'અમૃતચંદ્રાચાર્ય'. કે જેમ મુનિ અનાહારી છે, એમ મુનિ અવિહારી છે. કેમ કે વિહાર કરવો એ આત્માનો સ્વભાવ નથી. હાલવું, ચાલવું, ગમન કરવું એ આત્માનો સ્વભાવ નથી. એવી દૃષ્ટિનો ખ્યાલ આવ્યો છે કે હું તો અવિહારી છું. વિહાર કરવો, ગતિ કરવી, ગમન કરવું એ તો મારા સ્વભાવમાં જ નથી. આહાહા..! એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ પણ અવિહારી છે. સમજાણું કાંઈ? પણ મુનિ તો સાક્ષાત્ અવિહારી છે. કેમ કે વિહાર કરવામાં ઈર્યાસમિતિનો દોષ ટાળીને કરે છે. એટલી સ્થિરતા એમાં જામી છે. એ અપેક્ષાએ મુનિને અવિહારી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ તે બાપુ આ તો... અંતર ચૈતન્યસ્વરૂપ જેને પરનું અવલંબન જ નથી. આહાહા..! એવી ચીજ..

કહે છે, કે આહારની ઇચ્છા અને આહાર લે છે છતાં અનશનસ્વભાવીની દૃષ્ટિ હોવાથી અને નિર્દોષ આહાર લેવાની ભાવના હોવાથી અનાહારી છે. એમ અવિહારી, વિહારરહિત આત્મા છે. એમ જાણવાથી અને વિહારમાં પણ સમિતિ સહિત જાણવાથી ઈર્યાસમિતિનો દોષ બિલકુલ લાગતો નથી. એ કારણે મુનિને અવિહારી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નિશ્ચયથી તો સમ્યગ્દૃષ્ટિ પણ અવિહારી છે. આહાહા..!

મુમુક્ષુ :– આત્માનો સ્વભાવ જ જ્યાં નથી.

ઉત્તર :– સ્વભાવ જ નથી. હલન, ચલન કરે એ તો જડની ક્રિયા છે. આહાહા..! આવી વાત છે. સમજાય છે કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૨૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** લ્યો. 'ગુણભદ્રસ્વામી' મુનિ, દિગંબર સંત થયા ને? એમણે એ વાત કરી છે, લ્યો.

**यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा**
**परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी।**
**विहितहितमिताशी क्लेशजालं समूलं**
**दहति निहतनिद्रो निश्चिताध्यत्मसारः।।**

**શ્લોકાર્થ :–** આહાહા..! **'જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે,...'** પહેલા સમકિતની વાત કરે છે. આહાહા..! મુનિ એવા હોય છે કે જેને પહેલા સમ્યગ્દર્શન થયું હોય છે. સમ્યગ્દર્શન વિના મુનિ હોય નહિ. સમ્યગ્દર્શનમાં એવો નિર્ણય કર્યો છે. **'અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે,...'** ઓ..હો..! હું તો રાગનો વિકલ્પ, શરીરના રજકણ, કર્મના રજકણ, એનાથી તદ્દન રહિત છું. હું પૂર્ણ આનંદ અને જ્ઞાનથી પૂર્ણ ભરેલો છું. મારી ચીજમાં રાગ અને શરીર તો નથી, પણ એક સમયની પર્યાય પણ ત્રિકાળમાં નથી. એવો સમ્યગ્દષ્ટિએ પહેલા પોતાની પૂર્ણ ચીજનો નિર્ણય કર્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાષા શું છે? **'અધ્યાત્મના સારનો...'** આહાહા..! ભગવાનઆત્મા ધર્મી, સમ્યગ્દષ્ટિ હોવાથી એમણે અધ્યાત્મના સારનો નિર્ણય કર્યો છે. તત્ત્વાર્થ સાર. કાલે આવ્યું હતું ને? તત્ત્વમાં સાર એવું આત્મતત્ત્વ. અહીંયા અધ્યાત્મ સાર લીધું. પોતાનો આત્મા કહે છે, કે જે પુણ્ય-પાપના આસ્રવ છે તેનાથી રહિત તો છે જ અને કર્મ અને શરીરથી રહિત છે, પણ સંવર, નિર્જરા અને મોક્ષ જે તત્ત્વ છે, એ પણ પર્યાયરૂપ તત્ત્વ છે, એનાથી પણ દ્રવ્યતત્ત્વ ભિન્ન છે. આહાહા..!

'જયપુર'માં મંગલાચરણમાં પહેલા આ કહ્યું હતું. દસ હજાર માણસો હતા. સ્વાગત હતું ને. વૈશાખ વદ ૬. દસ હજાર માણસ. રામલીલા મેદાન. કીધું, માર્ગ આ છે. દસ હજાર માણસ હતા. તત્ત્વની અંદર સાર તત્ત્વ, તત્ત્વ તો પુણ્ય-પાપના વિકલ્પ એ તત્ત્વ છે, અને સંવર, નિર્જરા અને મોક્ષ એ નિર્મળ દશા એ પણ તત્ત્વ છે. પણ એ તત્ત્વમાં સાર તત્ત્વ દ્રવ્યતત્ત્વ છે. સમજાણું કાંઈ? એવી વાત રહી ગઈ છે, કે એને અનંતકાળમાં ખ્યાલમાં આવી જ નથી. આ 'નિયમસાર' છે ને? એની જ ગાથા છે ને અહીં? ૩૮માં, ૩૯માં. શુદ્ધભાવ અધિકાર છે ને? લ્યો આવ્યું.

**'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** પાનું ૭૮ છે. ૫૪મો કળશ. **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવા યોગ્ય ભાવોથી દૂર છે,...'** ઓહોહો..! આ અધ્યાત્મસાર. શું કહે છે? કે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, (બંધ) મોક્ષ એ બધા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તત્ત્વમાં એક તત્ત્વ, જીવતત્ત્વ સાર છે. તે પર્યાયતત્ત્વથી પણ જીવદ્રવ્યતત્ત્વ સાર છે. સંવર-નિર્જરા મોક્ષતત્ત્વમાં પણ જીવતત્ત્વ સાર છે. **'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવો...'** આહાહા..! ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ઉદયભાવ, ક્ષયોપશમભાવ, એ બધી પર્યાય છે. ક્ષાયિકભાવ પણ પર્યાય છે. એ પણ નાશવાન છે. **'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,..'** કાયમ રહેનારું તત્ત્વ ભગવાન છે. સમજાય છે કાંઈ? ક્ષાયિક સમકિતની પર્યાય એ પણ નષ્ટ થવા યોગ્ય છે. કેમ કે પર્યાય છે. એક સમયની સ્થિતિ છે. એનાથી પણ તત્ત્વ–આત્મા દૂર છે. 'પ્રેમચંદભાઈ'! આહાહા..! આવું ભારે કામ આકરું. દેવ-ગુરુ-શાસ્ત્રથી તો ક્યાંય પાર રહી ગયો. એનાથી ઉઠ્યો વિકલ્પ એનાથી પણ પાર. પણ અહીં તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દશા પ્રગટી, અંતરમાં સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ-ચારિત્ર વીતરાગતા, (પ્રગટ થયા) એ પણ પર્યાય છે. અને એ પર્યાય નષ્ટ થવા લાયક છે. તો નષ્ટ થવા લાયકથી દૂર છે. ધ્રુવતત્ત્વ તો નષ્ટ થવા લાયકથી દૂર છે. એ આત્મતત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ તો આ છે કીધું ભાઈ! સમજો, ન સમજો તમારે આ કર્યે છૂટકો છે. બહારથી કાંઈ હાથ આવે એવું નથી.

**'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** શુદ્ધ જ્ઞાનનો અવતાર અને સુખસાગરની ભરતી છે. એકલો સુખસાગર અને જ્ઞાનની અંદર ભરતી આવે એવી ચીજ છે એ તો. આહાહા..! બાઢ કહે છે ને? અંતરમાં તો અનંતજ્ઞાન, અનંતઆનંદ, એની ભરતી આવે એવી એ ચીજ છે. પર્યાય આવે છે એ નાશવાન છે. પણ જેમાંથી આવે છે એ મહા ધ્રુવતત્ત્વ છે. એ તત્ત્વને અહીં સાર તત્ત્વ અને અધ્યાત્મનો સાર, સમ્યગ્દર્શનનો વિષય કહે છે. સમજાણું કાંઈ? લ્યો.

**'જેણે અધ્યાત્મના સારનો...'** મુનિએ પહેલા તો નવતત્ત્વમાં સાર તત્ત્વ એક આત્મા ધ્રુવ એનો નિર્ણય અનુભવ કર્યો હોય પછી એ મુનિ થવા લાયક છે. જેને હજી સમ્યગ્દર્શનના નિર્ણયના ઠેકાણા નથી, એ તો મુનિ થવાને લાયક જ નથી. આહાહા..! **'જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે, જે અત્યંત યમનિયમ સહિત છે,...'** હવે ઉપરાંત. સમ્યગ્દર્શન ઉપરાંત હવે. સમજાણું કાંઈ? આહાહા..! પ્રથમ તો હું ધ્રુવ નિત્ય આનંદ એક સમયની પર્યાયથી પણ દૂર વર્તનારો, વીતરાગી ધર્મદશાથી પણ દૂર વર્તનારો હું આત્મા છું. એવો પહેલા અનુભવમાં નિર્ણય થવો, એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન પહેલા થાય પછી **'અત્યંત યમનિયમ સહિત છે,...'** હવે મુનિની વાત આવી. એવા સમ્યગ્દર્શન સહિત જે પંચમહાવ્રતાદિ નિયમ સહિત છે અંતરમાં સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદની જેને ભરતી આવી હોય. આહાહા..! સિદ્ધનો આનંદ, સિદ્ધ પરમાત્માનો જે આનંદ એવો જ આનંદ. એનાથી થોડો ઓછો. પણ અત્યંત અતીન્દ્રિય આનંદમાં ધ્રુવમાં ઘણી એકાગ્રતા થઈ છે. તો પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવ્યો છે, તો અંતરના નિશ્ચય યમનિયમ સહિત છે. વ્યવહારમાં પંચમહાવ્રતાદિનો આવો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પ ઊઠે છે.

**'જેનો આત્મા બહારથી અને અંદરથી શાંત થયો છે,...'** પર્યાયમાં પણ શાંતિ અને દ્રવ્યમાં પણ શાંતિ. વસ્તુ શાંત આનંદ પ્રભુ, અને પર્યાયમાં પણ શાંત અતીન્દ્રિય આનંદ, ઉપશમરસ, ઉપશમરસ જેની પર્યાયમાં ઢળી ગયો છે, એવા મુનિ. **'જેને સમાધિ પરિણમી છે,...'** જુઓ! **'જેને સમાધિ પરિણમી છે,...'** આનંદની શાંતિ સમાધિ... સમાધિ... સમાધિ. આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત તે સમાધિ. આધિ એટલે સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ એટલે શરીરનો રોગ આદિ, ઉપાધિ એટલે આ સંયોગો. આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત આત્માના આનંદની શાંતિની સમાધિ. આહાહા..! વીતરાગભાવરૂપ જેની સમાધિ પરિણમિત થઈ ગઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એને વીતરાગ માર્ગમાં મુનિ કહેવામાં આવે છે. આહાહા..! એને અંતરમાં આવી સમાધિ પરિણમી ગઈ હોય, બહારમાં નગ્નદશા હોય અને અભ્યંતરમાં કદાચિત વિકલ્પ આવે તો પંચમહાવ્રતાદિનો વિકલ્પ હોય. એ પણ હેયબુદ્ધિએ (આવે છે).

**'જેને સમાધિ પરિણમી છે,...'** ઓહોહો..! 'ગુણભદ્રસ્વામી' દિગંબર સંત કહે છે. સંતની આવી દશા. 'સંત નિરંતર ચિંતત ઐસે..' આવે છે ને? પૂજા હમણા થતીને. હમણાં બોલતા હતા. આમાં છે ક્યાંક. 'સંત નિરંતર ચિંતત ઐસે.' હું તો સદા નિરંતર. દેહક્રિયા, વિકલ્પ-રાગની ક્રિયા, એનાથી હું સદા નિરંતર ભિન્ન છું. એવા સંત સ્વભાવમાં પોતાની ભાવનારૂપ એકાગ્રતા કરે છે.

'આતમભાવના ભાવતા જીવ લહે....' આવે છે ને એ? ભાવના એટલે આ. ઓલા ગોખ્યે જ રાખે, 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' પણ આત્મા પર્યાય અને રાગથી ભિન્ન એવી ચીજ, એની ભાવનાનો અર્થ એમાં એકાગ્રતા. ધ્રુવ ભગવાનમાં એકાગ્રતા એ આત્મભાવના, એ આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન. એ સ્વરૂપમાં એકાગ્રતાથી કેવળજ્ઞાન લે. અંતરના સ્વરૂપની એકાગ્રતા. અતીન્દ્રિય આનંદધામ ભગવાન, એમાં એકાગ્રતાની વીતરાગી દશા, એ ભાવના. ભાવના એટલે કોઈ કલ્પના, ચિંતવના કે વિકલ્પ એમ નહિ. આતમભાવની ભાવના. તો આતમભાવ ધ્રુવ ચિદાનંદ આનંદમૂર્તિ, એની ભાવના એટલે એકાગ્રતા. અર્થની ખબર ન મળે ને હાંકે જાય ગાડા. ગોખ્યા ગોખ. આતમભાવના ભાવતા.. પણ આત્મા કોને કહેવો? ભાવના કોને કહેવી? એનું ફળ કેવળજ્ઞાન કોને કહેવું? એ આપણે ન જાણીએ.

**'જેને સમાધિ...'** આનંદ... આનંદ... આનંદની શાંતિ. ત્રણ કષાયના અભાવરૂપ શાંતિ... શાંતિ.. શાંતિ. આકુળતા ઘણી ટળી ગઈ છે. અનાકુળતાની સમાધિ. મુનિને પર્યાયમાં શાંતિ પરિણમિત થઈ ગઈ છે. વીતરાગતા પ્રગટી છે. આહાહા..!

**'જેને સર્વ જીવો પ્રત્યે અનુકંપા છે,...'** એકેન્દ્રિય પૃથ્વી, અગ્નિ, વાયુ, વનસ્પતિથી માંડી બધા જીવ પ્રત્યે અનુકંપા. કોઈને દુઃખ દેવાનો ભાવ નથી. **'જે વિહિત (–શાસ્ત્ર આજ્ઞા**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મુજબનું)...**' વીતરાગે આજ્ઞા કરી એવા નિર્દોષ આહાર-પાણી એને માટે બનાવ્યા હોય, એ લે નહિ. પ્રાણ જાય તો પણ લે નહિ. **'(–શાસ્ત્ર આજ્ઞા મુજબનું) હિત-મિત...'** **'હિતકર અને માપસર.'** મિત એટલે મર્યાદિત **'ભોજન કરનાર છે,...'** આવા સમ્યગ્દર્શનમાં આત્માનો નિર્ણય થયો હોય સાર અને પછી સમાધિરૂપ પરિણમ્યો અને બહારમાં અભ્યંતર શાંતરૂપ છે, અનુકંપા છે. એ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વિહિત–વિધિથી નિર્દોષ આહાર-પાણી આદિ હોય તો હિત અને મિત ભોજન લે છે.

**'જેણે નિંદ્રાનો નાશ કર્યો છે,...'** જુઓ! મુનિને નિંદ્રા કેવી, કહે છે. આહાર જ્યાં અલ્પ છે, શાંતિ જ્યાં ઘણી છે. નિંદ્રાનો નાશ કર્યો છે. એક અલ્પ નિંદ્રા આવે એમ કહે છે. સાચા મુનિ હોય એને તો પોણી સેકન્ડની અંદર નિંદ્રા આવે. એક સેકન્ડ નિંદ્રા આવે તો મુનિપણું રહે નહિ. એવી દશા છે. એ અપેક્ષાએ નિંદ્રાનો નાશ કર્યો એમ કીધું, ભાઈ! એ બે કલાક, ચાર કલાક સૂતા હોય એ મુનિ નથી. એય..! ભારે! સમજાણું કાંઈ? ત્રણેકાળમાં સંતની વ્યાખ્યા આ છે. ત્રણેકાળના વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવના માર્ગમાં આવું મૂનિપણું છે. આહાહા..! ભાષા જુઓને કેવી કરી છે! પોતે મુનિ છે.

**'જેણે નિંદ્રાનો નાશ કર્યો છે,...'** પાઠ છે ને, જુઓને! **'निहतनिद्रो'** એનો અર્થ જ એ. ઘણી અલ્પ રાત્રીના છેલ્લા ભાગમાં. 'છ ઢાળા'માં આવે છે ને? પીછલી રયણી. 'છ ઢાળા' 'દૌલતરામ'. પાછલી રાત્રે ચોથા પહોરમાં જરી એક પડખું ફરે. એમ ને એમ પોણી સેકન્ડમાં નિંદ્રા લે. વળી અપ્રમતદશા થઈ જાય. છઠ્ઠું ગુણસ્થાન હોય ત્યાં સુધી થોડી નિંદ્રા જરી આવી જાય. એકદમ સાતમા ગુણસ્થાનમાં. વળી છઠ્ઠું, વળી સાતમું. એ અપેક્ષાએ મુનિએ નિંદ્રાનો નાશ કર્યો છે એમ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ તો ગૃહસ્થ રાત્રે ૮ વાગે સુવે તો સવારે ૬ વાગે ઊઠે. ચા-પાણીનું ટાણું થાય ત્યારે ઊઠે સવારે. નવ વાગે. વહેલા સૂવે, વહેલા જાગે વીર. એવા શબ્દો આવતા પહેલા. નહિ? એવું આવતું અમારે 'ઉમરાળા'માં. એ અમારે ત્યાં 'ઉમરાળા'માં જ હતું. 'ઉમરાળા'માં પાણિયારું હતું એ પાણીયારા ઉપર એક કાગળ હતો. તે દિ'ની વાત છે આ તો ૭૦ વર્ષ પહેલાની. અમારા 'દીપચંદભાઈ' હતા એ બહુ હોંશિયાર હતા. મોટાભાઈ હતા એ. એ બધુ બહુ .. પાણિયારા ઉપર એક આવો કાગળ હતો. તે દિ'ની વાત છે. વહેલા ઊઠે એ વીર. આ તો ગૃહસ્થાશ્રમની વાત છે. મુનિને વહેલું-મોડું સુવાનું છે જ નહિ. આહાહા..!

અહીં તો પોતે મુનિ 'ગુણભદ્રાચાર્ય' દિગંબર સંત. પોતાની વ્યાખ્યા કરતા આમ કહે છે. મુનિને નિંદ્રાનો નાશ થયો. આહાહા..! ત્રણ કષાયનો જેને અભાવ થયો છે. અનંતાનુંબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનીનો નાશ થઈ ગયો છે. એક કષાય જરી... સંજ્વલનનો અલ્પ કષાય છે. મહાવ્રતનો વિકલ્પ આદિ કષાય ભાવ છે. આહાહા..! **'જેણે નિંદ્રાનો નાશ કર્યો છે,...'** મુનિ જુઓ વાત કેવી કરે છે! પોતે કરે છે. એ અલ્પ નિંદ્રા જરી હોય એનો અર્થ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગણતરી નથી, એમ કહે છે. જગતના પ્રાણી નિંદ્રા લે એવી નિંદ્રા એને હોતી નથી.

મુમુક્ષુ :– ઉંઘવાની ગોળીઓ લે.

ઉત્તર :– એ તો તમારે બધા વેપારના ધંધા સરખા ન હોય એ લે. ઉંઘવાની ગોળી લે. વાત સાચી.

મુમુક્ષુ :– એમ કહે છે, ગૃહસ્થો પણ આજે તો નથી ઉંઘતા, ગોળી રાખે છે.

ઉત્તર :– એ તો ઉપાધિને લઈને ઊંઘ નથી આવતી એને. આ તો સમાધિ એટલી પ્રગટી છે કે જેને નિંદ્રા નથી, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– વેપારી છે ને એ તો ગોળીના વેંચનારા.

ઉત્તર :– .. છે ને? એવી ગોળી રાખતા હશે? આહાહા..!

**‘તે (મુનિ) ક્લેશજાળને સમૂળગી બાળી નાખે છે.’** આહાહા..! કષાયના અંશને તો બાળીને રાખ કરી નાખે છે. આહાહા..! એને અહીંયા મુનિ કહેવામાં આવે છે. આ મુનિપણું છે. અહીં કહે છે ગૃહસ્થાશ્રમમાં થઈ ગયું કેવળજ્ઞાન. કેવા? કર્મા પુત્ર. શ્વેતાંબરમાં આવે છે. ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન થઈ ગયું.

મુમુક્ષુ :– ભરત મહારાજને થયું પછી એને ન થાય?

ઉત્તર :– ભરત મહારાજને કાંઈ થયું નથી. નગ્ન થયા પછી મુનિપણું આવ્યું છે. નગ્ન દશા વિના અંતરથી મુનિપણું પ્રગટ થાય જ નહિ. અને એકલું નગ્નપણું હોય એને મુનિપણું હોય નહિ. અંતર દશાના ભાન અનુભવ વિના, વીતરાગતા વિના મુનિપણું હોઈ શકે નહિ. ‘કર્માપુત્ર’ કેવળી હતા. મા-બાપને કારણે ગૃહસ્થાશ્રમમાં રહ્યા. લોકો શાક લાવ્યા. છરી નહોતી મળતી. કેવળીએ કહ્યું એક છરી કોઠીની પાછળ છે. કહો, આ વાતે કાંઈ... આવા કેવળજ્ઞાની. શ્વેતાંબરમાં એ વાત છે.

મુમુક્ષુ :– પાછી પરીક્ષામાં...

ઉત્તર :– ભણવામાં એની પરીક્ષા લે. એની ટીકા કરી હતી. ઘણાં વર્ષની વાત છે. અમે ‘ભાવનગર’ હતા. (સંવત) ૧૯૭૭ પછી ૧૯૮૩. ઓલો બેરિસ્ટર નહોતો? કોઈક ‘ખુશાલ’. એણે ટીકા કરી હતી. ૧૯૮૩ની સાલમાં અમે ‘મુંબઈ’થી ‘ભાવનગર’ આવ્યા ત્યારે. કે પણ આવા કેવળીઓ ઠરાવ્યા છે કાંઈ ગપ માર્યા છે કે નહિ? કોઈ વિચાર કરતા નથી? એ ‘કુંવરજીભાઈ’એ મને કીધું. ‘કુંવરજી આણંદજી’ એણે લખ્યું. પણ આ વિચાર તો કરો. કેવળજ્ઞાની ગૃહસ્થાશ્રમમાં રહે અને એ છરી બતાવે, શાકને મોળવા જોઈતી’તી. શું કહો છો આ તમે?

મુનિ કોને કહે, બાપા! એ તો વનમાં વસનારા, વનના વાઘ. આહાહા..! જેને કપડાનો એક ટુકડો ન હોય. અને સમાધિ... સમાધિ... સમાધિ... આનંદમાં તરબોળ. એને કહે છે કે, ક્લેશજાળનો તો નાશ કરી દે છે. આહાહા..! શાંતિ... શાંતિ... શાંતિ...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૮૬

**तथा हि -**

(शालिनी)

**भुक्त्वा भक्तं भक्तहस्ताग्रदत्तं**
**ध्यात्वात्मानं पूर्णबोधप्रकाशम्।**
**तप्त्वा चैवं सत्तपः सत्तपस्वी**
**प्राप्नोतीद्धां मुक्तिवारांगनां सः।।८६।।**

**વળી (૬૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**[શ્લોકાર્થ :–] ભક્તના હસ્તાગ્રથી (–હાથની આંગળીઓથી) દેવામાં આવેલું ભોજન લઈને, પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધ્યાન કરીને, એ રીતે સત્ તપને (–સમ્યક્તપને) તપીને, તે સત્ તપસ્વી (–સાચો તપસ્વી) દેદીપ્યમાન મુક્તિવારાંગનાને (–મુક્તિરૂપી સ્ત્રીને) પ્રાપ્ત કરે છે. ૮૬.**

## શ્લોક-૮૬ ઉપર પ્રવચન

લ્યો. **'વળી (૬૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'** 'પદ્મપ્રભમલધારી દેવ' ૮૬ કળશ છે ને? ૮૬.

**भुक्त्वा भक्तं भक्तहस्ताग्रदत्तं**
**ध्यात्वात्मानं पूर्णबोधप्रकाशम्।**
**तप्त्वा चैवं सत्तपः सत्तपस्वी**
**प्राप्नोतीद्धां मुक्तिवारांगनां सः।।८६।।**

કહે છે, કે ધર્માત્મા સંત ભગવાન વીતરાગના માર્ગમાં આવા સંત હોય છે. એની પહેલી સમજણ, શ્રદ્ધા તો કરવી પડશે કે નહિ? જેને તેને સાધુ માને અને જેને તેને ગુરુ માને. મિથ્યાત્વમાં પડ્યો છે, કહે છે. આહાહા..!

**શ્લોકાર્થ :– 'ભક્તના હસ્તાગ્રથી (–હાથની આંગળીઓથી) દેવામાં આવેલું ભોજન**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**લઈને,...**' જુઓ! આત્મજ્ઞાની શાંતિ, સમાધિમાં ઝૂલે છે અને ભીક્ષા લેવા જાય છે ત્યાં '**ભક્તના હસ્તાગ્રથી...**' એમ લીધું. જેવા-તેવાને ઘરે નહિ. ગુણધારી શ્રાવક હોય, ભક્ત હોય ત્યાં આહાર લે એમ કહે છે. એ પહેલા આવી ગયું છે ને? આઠ ગુણ સહિત. ગુણ સહિત આવી ગયું. શ્રાવકના આઠ ગુણ સહિત. જૈન સાચા શ્રાવક હોય અને ભક્તિ કરનારા. ભક્તિ. પરાણે દે કે આમ કરે એમ નહિ. '**ભક્તના હસ્તાગ્રથી...**' બે વાત. એક તો ધર્માત્માનો ભક્ત હોય અને હસ્તાગ્રથી–હાથથી. બીજાને હુકમ કરે એમ નહિ. લ્યો, મહારાજ પધાર્યા છે વ્હોરાવો. એમ નહિ. એ ત્યાં આવે જ નહિ. એ તો પધારો... પધારો... પધારો... એવા માનથી... આ તો મહામુનિ પરમેશ્વર છે. અંતર આનંદમાં કલ્લોલ કરે છે. આહાહા..! આહારનો એક વિકલ્પ આવ્યો, એ પણ વિકલ્પનો સ્વામી અને આહાર લેવાના સ્વામી નથી. એના જ્ઞાતા-દૃષ્ટા છે. જુઓ! આ વીતરાગના મુનિ. આહાહા..! આ સાધુપણું.

ભોજન લઈને '**દેવામાં આવેલું ભોજન લઈને,...**' જોયુંને '**(–હાથની આંગળીઓથી)...**' એમ પાછું. આમ હાથ લઈને આપે છે ને? હાથની આંગળીથી આપે છે. આમ હાથમાં આપે છે. '**પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધ્યાન કરીને,...**' જુઓ! બહાર વાત લીધી જરી આહારની. ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાનનો પિંડ પ્રભુ! એનું ધ્યાન કરીને, એના આનંદનું ધ્યાન કરીને. આહાહા..! પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળો આત્મા. દ્રવ્ય લીધું. દ્રવ્ય-દ્રવ્ય વસ્તુ. ધ્રુવ નિત્યાનંદ પ્રભુ. '**પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા આત્મા...**' આહાહા..! પર્યાયમાં તો અપૂર્ણ જ્ઞાન છે. પૂર્ણ ત્રિકાળ છે. એવો પૂર્ણ સ્વભાવ ભગવાન, એનું ધ્યાન, નિજ સ્વરૂપનું ધ્યાન. અહીં તો એ કહે છે, જુઓ!

'**ધ્યાન કરીને, એ રીતે સત્ તપને (–સમ્યક્ તપને) તપીને,...**' લ્યો, એ સત્ તપ. એ સમ્યક્ તપ. સાચું મુનિપણું. આહાહા..! આત્મા પૂર્ણ જ્ઞાનપ્રકાશનો પિંડ, એમાં એકાગ્રતા, ધ્યાન કરવું એ જ સત્ તપ છે, એ જ મુનિપણું છે એમ કહે છે. અંદર શબ્દ છે? જુઓ! '**એ રીતે સત્ તપને (–સમ્યક્ તપને) તપીને,...**' આ રીતે એટલે? જ્ઞાનપ્રકાશ એવો ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ, એનું ધ્યાન કરીને. જુઓ! દેવ-ગુરુનું નહિ, રાગનું નહિ, એક સમયની પર્યાયનું ધ્યાન નહિ. સમજાણું કાંઈ? પરમેશ્વરનો માર્ગ, વીતરાગનો માર્ગ અનાદિઅનંત સત્ય માર્ગ આવો છે. આ રીતે પોતાનો ભગવાનઆત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ શાંતિ આદિ, એવું તત્ત્વ ભગવાન, એનું અંતરધ્યાન, એનું ધ્યેય કરીને, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માને ધ્યેય કરીને ધ્યાન કરે છે એ સત્ તપસ્વી છે. એ સાચા તપસ્વી છે એમ કહે છે.

'**એ રીતે સત્ તપને (-સમ્યક્ તપને) તપીને,...**' આ સત્ તપ. બે, પાંચ, દસ, પચ્ચીસ અપવાસ, બપવાસ કરે, એને આત્માનું ભાન નથી. એ તો અજ્ઞાન મૂર્ખાઈ ભરેલું તપ છે. બાળતપ અને બાળવ્રત. સમજાણું કાંઈ? '**તે સત્ તપસ્વી...**' જુઓ! ભાષા. એ સાચા તપસ્વી છે. સાચા તપસ્વી છે. એકલા આહાર છોડ્યા, પાણી છોડ્યા અને તપસ્વી થઈ ગયા એમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. એ તપસ્વી નથી. આ તો સાચા તપસ્વી એને કહે છે, એમ કહે છે. ઓલા બધા ખોટા તપસ્વી. આહાહા..! જે આત્માના અંતર પૂર્ણ સ્વરૂપના ધ્યાનમાં એને ધ્યેય કરીને પડ્યો છે એ સાચો તપસ્વી છે. આહાહા..! તપસ્વી એટલે સાચા મુનિ. એમ. તપ એટલે મુનિપણું ગણ્યું છે ને? તપકલ્યાણક નહિ ભગવાનનું? તપકલ્યાણક કહો કે મુનિપણું કહો. આ સાચું મુનિપણું, સાચું મુનિપણું આ છે, એમ કહે છે.

એવા **'દેદીપ્યમાન મુક્તિવારાંગનાને...'** આહાહા..! પૂર્ણાનંદ પ્રભુ, એવા આત્માને ધ્યેય બનાવીને ધ્યાનમાં લીધો, વિષય કર્યો, પોતાના સમ્યક્જ્ઞાનમાં ધ્રુવને વિષય બનાવ્યો અને ધ્યાન કર્યું. એવા ધ્યાની-મુનિ **'દેદીપ્યમાન મુક્તિવારાંગનાઓને (-મુક્તિરૂપી સ્ત્રીને) પ્રાપ્ત કરે છે.'** લ્યો. એ કેવળજ્ઞાનરૂપી દેદીપ્યમાન શોભિત મુક્તિ એવી વારાંગના એટલે સ્ત્રી, મુક્તિરૂપી સ્ત્રીને પ્રાપ્ત કરે છે. આહાહા..! ભાષા જ.. કહો, એવા સાચા મુનિને **'દેદીપ્યમાન મુક્તિવારાંગના...'** કેવળજ્ઞાન, અનંતઆનંદ, એવી મુક્તિરૂપી સ્ત્રી, એને આવા સાચા ધ્યાની, આત્માનું ધ્યાન કરનારા ધ્યાની મુક્તિને પ્રાપ્ત કરે છે. કહો, સમજાણું કાંઈ? આ પહેલો વ્યવહાર લીધો. પણ ધ્યાન તો આનું કરે છે. આહાર લીધો હસ્તાગ્રથી પણ ધ્યાન તો અહીંનું ત્યાં છે. ત્યાં નથી કે આહાર લેવો છે ને ફલાણું છે ને.... આહાહા..! એ ૬૩ ગાથા થઈ.

## ગાથા-૬૪

**पोत्थइकमंडलाइं गहणविसग्गेसु पयतपरिणामो।**
**आदावणणिक्खेवणसमिदी होदि त्ति णिद्दिट्ठा।।६४।।**

**पुस्तककमण्डलादिग्रहणविसर्गयोः प्रयत्नपरिणामः।**
**आदाननिक्षेपणसमितिर्भवतीति निर्दिष्टा।।६४।।**

**अत्रादाननिक्षेपणसमितिस्वरूपमुक्तम्।**

**अपहृतसंयमिनां संयमज्ञानाद्युपकरणग्रहणविसर्गसमयसमुद्भवसमितिप्रकारोक्तिरियम्। उपेक्षासंयमिनां न पुस्तककमण्डलुप्रभृतयः, अतस्ते परमजिनमुनयः एकान्ततो निस्पृहाः, अत एव बाह्योपकरणनिर्मुक्ताः। अभ्यन्तरोपकरणं निजपरमतत्त्वप्रकाशदक्षं निरुपाधिस्वरूप सहजज्ञानमन्तरेण न किमप्युपादेयमस्ति। अपहृतसंयमधराणां परमागमार्थस्य पुनः पुनः प्रत्यभिज्ञानकारणं पुस्तकं ज्ञानोपकरणमिति यावत्, शौचोपकरणं च कायविशुद्धिहेतुः कमण्डलुः, संयमोपकरणहेतुः पिच्छः। एतेषां ग्रहणविसर्गयोः समयसमुद्भवप्रयत्नपरिणामविशुद्धिरेव हि आदाननिक्षेपणसमितिरिति निर्दिष्टेति।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શાસ્ત્રાદિ ગ્રહતાં-મૂકતાં મુનિના પ્રયત પરિણામને,**
**આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.**

અન્વયાર્થ :– [ पुस्तककमण्डलादिग्रहणविसर्गयोः ] પુસ્તક, કમંડળ વગેરે લેવા-મૂકવા સંબંધી [ प्रयत्नपरिणामः ] પ્રયત્નપરિણામ તે [ आदाननिक्षेपणसमितिः ] આદાનનિક્ષેપણસમિતિ [ भवति ] છે [ इति निर्दिष्टा ] એમ કહ્યું છે.

ટીકા :– અહીં આદાનનિક્ષેપણસમિતિનું સ્વરૂપ કહ્યું છે.

આ, [1]અપહૃતસંયમીઓને સંયમજ્ઞાનાદિકના ઉપકરણો લેતી-મૂકતી વખતે ઉત્પન્ન થતી સમિતિનો પ્રકાર કહ્યો છે. [2]ઉપેક્ષાસંયમીઓને પુસ્તક, કમંડળ વગેરે હોતાં નથી; તે પરમજિનમુનિઓ એકાંતે (-સર્વથા) નિસ્પૃહ હોય છે તેથી જ તેઓ બાહ્ય ઉપકરણ રહિત હોય છે. અભ્યંતર ઉપકરણભૂત, નિજ પરમતત્ત્વને પ્રકાશવામાં ચતુર એવું જે નિરુપાધિસ્વરૂપ સહજ જ્ઞાન તેના સિવાય બીજું કંઈ તેમને ઉપાદેય નથી. અપહૃતસંયમધરોને પરમાગમના અર્થનું ફરીફરીને પ્રત્યભિજ્ઞાન થવામાં કારણભૂત એવું પુસ્તક તે જ્ઞાનનું ઉપકરણ છે; શૌચનું ઉપકરણ કાયવિશુદ્ધિના હેતુભૂત કમંડળ છે; સંયમનું ઉપકરણ–હેતુ પીંછી છે. આ ઉપકરણોને લેતી-મૂકતી વખતે ઉદ્ભવતી પ્રયત્નપરિણામરૂપ વિશુદ્ધિ તે જ આધાનનિક્ષેપણસમિતિ છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે.

## ગાથા–૬૪ ઉપર પ્રવચન

મુનિની આદાનનિક્ષેપણ સમિતિ કહે છે. મુનિ લે-મૂકે શું? વ્યવહારે, હોં! એની વ્યાખ્યા છે.

**पोत्थइकमंडलाइं गहणविसग्गेसु पयतपरिणामो।**
**आदावणणिक्खेवणसमिदी होदि त्ति णिद्दिट्ठा।।६४।।**

**શાસ્ત્રાદિ ગ્રહતાં-મૂકતાં મુનિના પ્રયત પરિણામને,**
**આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.**

એવું નિદિષ્ઠાન કહ્યું ને. ભગવાને એમ કહ્યું છે. આગમમાં એમ કહ્યું છે.

૧. અપહૃતસંયમી = અપહૃતસંયમવાળા મુનિ. [અપવાદ, વ્યવહારનય, એકદેશપરિત્યાગ, અપહૃતસંયમ (હીણો-ઓછપવાળો સંયમ), સરાગચારિત્ર અને શુભોપયોગ–એ બધાં એકાર્થ છે.]
૨. ઉપેક્ષાસંયમી = ઉપેક્ષાસંયમવાળા મુનિ. [ઉત્સર્ગ, નિશ્ચયનય, સર્વપરિત્યાગ, ઉપેક્ષાસંયમ, વીતરાગચારિત્ર અને શુદ્ધોપયોગ–એ બધાં એકાર્થ છે.]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :– 'અહીં આદાનનિક્ષેપણસમિતિનું સ્વરૂપ કહ્યું છે. આ, અપહૃતસંયમીઓને સંયમજ્ઞાનાદિક ઉપકરણો લેતી-મૂકતી વખતે...'** વ્યવહારસંયમીની વાત છે. જેને વિકલ્પ ઉઠ્યો છે. આત્માના અનુભવ સહિત અંદર શાંતિ તો છે, પણ શુભરાગ વિકલ્પ ઉઠ્યો છે. તેને અપહૃતસંયમી કહે છે. અપવાદીસંયમી. નીચે છે ને. **'વ્યવહારનય, એકદેશપરિત્યાગ, અપહૃતસંયમ (હીણો-ઓછપવાળો સંયમ), સરાગચારિત્ર અને શુભોપયોગ—એ બધા એકાર્થ છે.'** જુઓ! હવે અહીં ખૂબી શું કહે છે? કે મુનિને ત્રણ કષાયનો અભાવ તો છે, અને અનુભવ સમ્યગ્દર્શન તો સાથે છે જ. હવે એને શુભભાવનો વિકલ્પ આવે છે, એને વ્યવહારસંયમી કહ્યો છે. એવો નિશ્ચય તો છે. ભાઈ! ઓલો વ્યવહાર એટલે સમ્યગ્દર્શન અને શાંતિ નથી અને આ વ્યવહાર છે, એની વાત અહીં છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– છઠ્ઠાવાળાને અપહૃતસંયમી કીધો છે.

ઉત્તર :– હા. છઠ્ઠા ગુણસ્થાનવાળા અપહૃતસરાગસંયમી વ્યવહારનયનો સંયમી, આસ્રવવાળો સંયમી કહેવામાં આવ્યો છે. આહાહા..! પાછું આત્મજ્ઞાન નથી, અનુભવ નથી, શાંતિ નથી, ત્રણ કષાયનો અભાવ નથી એ વ્યવહાર, એ વ્યવહારને વ્યવહાર કહેતા જ નથી. એ તો અજ્ઞાની છે. આહાહા..! રાગનો વિકલ્પ એનો કર્તા થાય છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને વ્યવહાર કેવો? અહીંયા તો અપહૃતસંયમીને એટલે કે જે શુભોપયોગમાં આવ્યો છે. હું ચીજને લેવા-મૂકવાના ભાવમાં યત્ના કરે છે. એવા શુભરાગી, અંતરમાં ત્રણ કષાયની નિરાગી દશા છે. એવા સાધુને જે વિકલ્પ આવ્યો છે, એને અપહૃતસંયમી કહે છે. આહાહા..! જુઓને! કેટલો ખુલાસો કર્યો છે!

**'સંયમજ્ઞાનાદિકના ઉપકરણો લેતી-મૂકતી વખતે...'** જુઓ! સંયમ અને જ્ઞાન છે તો ખરું. અંતરનો સંયમ પણ છે અને અંતર સમ્યગ્જ્ઞાન પણ છે. એના **'ઉપકરણો લેતી-મૂકતી વખતે ઉત્પન્ન થતી સમિતિનો પ્રકાર કહ્યો છે.'** લ્યો. એને પુસ્તકાદિ લેવા-મૂકવામાં. એ ઉપકરણ છે ને? **'પુસ્તક, કમંડળ વગેરે...'** એ ઉપકરણની વાત છે. જેને પોતાનો શુદ્ધ અનુભવ સમ્યગ્દર્શન છે અને જેને સંયમ અને જ્ઞાન અંતર પરિણમીત થયું છે, એને જ્યારે છઠ્ઠા ગુણસ્થાનમાં શુભરાગ આવે છે. લેવા-મૂકવાની ચીજને, પુસ્તક લેવું-મૂકવું. એ ક્રિયા તો જડની છે, પણ શુભભાવનો વિકલ્પ ઉઠે છે એ શુભભાવવાળા જીવને સરાગસંયમી, વ્યવહારનયના સંયમી, અપહૃતસંયમી, અપવાદી સંયમી, એકદેશ પરિત્યાગ (કહે છે). જુઓ! અશુભરાગ છૂટ્યો છે, શુભરાગ છૂટ્યો નથી તો એકદેશ પરિત્યાગ (છે). આહાહા..!

પંચમ ગુણસ્થાનમાં એકદેશ પરિત્યાગ અને આ એકદેશ પરિત્યાગ, બેમાં ફેર છે, ભાઈ! આહાહા..! સમ્યગ્દૃષ્ટિ શ્રાવક આત્માનો અનુભવી, એમાં એકદેશ રાગનો ત્યાગ છે, તો એ એકદેશ સંયમી કહેવાય છે. એ બીજી ચીજ છે. અહીંયા તો સાતમી ભૂમિકાનો અભાવ છે. સર્વ રાગના અભાવરૂપ નિર્વિકલ્પ ઉપયોગનો અભાવ છે અને અશુભરાગ ગયો અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુભરાગમાં આવ્યા, તો એને એકદેશત્યાગી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એકદેશપરિત્યાગ, અપહૃતસંયમ (હીણો=ઓછપવાળો સંયમ),...'** છઠ્ઠા ગુણસ્થાનમાં.. બાહ્યમાં નગ્નદશા. સમજાણું કાંઈ? અભ્યંતરમાં દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ્યું છે, પણ પૂર્ણ શુદ્ધ નિર્વિકલ્પ ઉપયોગરૂપ ચારિત્ર નથી તો એને અહીંયા ન્યૂન–હીન સંયમ કહ્યો. આહાહા..! **'સરાગચારિત્ર,...'** આહાહા..! શું કરે? અહીં તો અંતર આત્માનો અનુભવ અને અંદર સ્થિરતા–શાંતિ તો છે, એમાં સપ્તમ ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ ઉપયોગ નથી, અને રાગભાગ છે, તો એકદેશ ત્યાગ કહ્યો. આ વાત છે. પક્ષથી વાત કરે તો નહિ બેસે, ભાઈ! આ તો વસ્તુનો સ્વભાવ એવો છે. આહાહા..!

જેને સમ્યગ્દર્શન આત્મઅનુભવ નથી, અને રાગનો કર્તા થાય છે એને વ્યવહાર ક્યાંથી આવ્યો? નિશ્ચયનું ભાન નથી ત્યાં તો વ્યવહાર જ નથી. એને તો સરાગસંયમી પણ નથી કહેતા. આહાહા..! એ તો મિથ્યાદષ્ટિ અસંયમી છે. અહીંયા તો આત્માના આનંદનો અનુભવ છે અને શાંતિ, સમાધિ, ત્રણ કષાયના અભાવરૂપ પરિણમી છે, પણ નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગમાં જામ્યા નથી તો શુભરાગ આવ્યો, એને ન્યૂનસંયમી, સરાગસંયમી, શુભઉપયોગવાળા સંયમી કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? છે તો એ હેય. પણ આવ્યા વગર રહે નહિ. પહેલા છઠ્ઠા ગુણસ્થાને આવે છે. એય..! આ તો છઠ્ઠા ગુણસ્થાનવાળાને જ વ્યવહાર કહ્યો. ઓલા કહે છે ને વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી, ભાઈ! આવે છે ને? એનો અર્થ આ. છઠ્ઠા ગુણસ્થાનવાળાને શુભઉપયોગ આવ્યો છે એ વ્યવહાર છે. પછી અભાવ કરીને સાતમે જશે. મિથ્યાદષ્ટિને પહેલા વ્યવહાર અને પછી સમકિત થાય એ વાત છે જ ક્યાં? એવા સંયમી મુનિ.. એ સમિતિનો પ્રકાર કહ્યો. એને વ્યવહાર સમિતિ, લેવા-મૂકવાનો વિકલ્પ આવો હોય એ વાત કરી. ઉપેક્ષાસંયમી હવે કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૬૭, શ્લોક-૮૭ થી ૯૦, ગાથા-૬૪-૬૫, મંગળવાર, અષાઢ સુદ ૧૩, તા.૦૬-૦૭-૧૯૭૧

---

આદાનનિક્ષેપણસમિતિ. મુનિને વસ્તુ લેવા-મૂકવાની વિધિની રીત. એની ટીકા.

**'આ અપહૃતસંયમીઓને...'** એટલે ઓછા સંયમવાળા. એમ. **'[અપવાદ, વ્યવહારનય, એકદેશપરિત્યાગ,...]'** સરાગચારિત્ર કહો કે શુભઉપયોગમાં આવ્યો એમ કહો. **'ઉપકરણો લેતી-મૂકતી વખતે...'** પણ **'સંયમજ્ઞાનાદિકના ઉપકરણો લેતી-મૂકતી વખતે...'** એમ. સંયમ અને જ્ઞાન તો છે. પણ ઓછું છે. સાતમા ગુણસ્થાને જેવું જોઈએ તે છઠ્ઠે નથી. એથી એને સમિતિનો પ્રકાર કહ્યો છે. વિકલ્પ જેને છે અને અંતર દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ છે. એને આ આદાનનિક્ષેપણસમિતિ કહેવામાં આવી છે. **'ઉપેક્ષાસંયમીઓને...'** જેને અંદરમાં શુદ્ધોપયોગ થયો છે. ઉત્સર્ગ છે, નિશ્ચયનય સર્વપરિત્યાગ છે. ઉપેક્ષાસંયમી **'[ઉપેક્ષાસંયમ, વીતરાગ ચારિત્ર**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અને શુદ્ધોપયોગ-એ બધાં એકાર્થ છે.]' 'પુસ્તક, કમંડળ વગેરે હોતા નથી;...'** એ તો આત્માના ધ્યાનમાં હોય છે. સાતમા ગુણસ્થાને અપ્રમત્તદશા છે. શુદ્ધ આનંદના અનુભવમાં હોય છે. એને આ પુસ્તક, કમંડળ હોતા નથી.

**'તે પરમજિનમુનિઓને એકાંતે (-સર્વથા) નિસ્પૃહ હોય છે તેથી જ તેઓ બાહ્ય ઉપકરણ રહિત હોય છે.'** અંતરના ધ્યાનમાં હોય એને બાહ્ય ઉપકરણ હોતા નથી. **'અભ્યંતર ઉપકરણભૂત....'** એને હોય કેટલું? ધ્યાનમાં મુનિ છઠ્ઠે ગુણસ્થાનથી આગળ જઈ સાતમા ગુણસ્થાને ધ્યાનમાં આવે છે, ત્યારે એને **'અભ્યંતર ઉપકરણભૂત, નિજ પરમતત્ત્વને પ્રકાશવામાં ચતુર એવું જે નિરુપાધિસ્વરૂપ સહજ જ્ઞાન તેના સિવાય બીજું કંઈ તેમને ઉપાદેય નથી.'** લ્યો. નિજપરમતત્ત્વ આનંદસ્વરૂપ, એને પ્રકાશવામાં ચતુર **'એવું જે નિરુપાધિસ્વરૂપ સહજ જ્ઞાન...'** એ એનું ઉપકરણ છે. અંતર જ્ઞાન જે સ્વરૂપને પકડીને અનુભવે છે, એ જ્ઞાન એનું ઉપકરણ છે, એમ કહે છે. કેમ કે જ્ઞાનની પર્યાય દ્વારા આખો આત્મા અનુભવમાં લીધો. એથી એને જ્ઞાનને ઉપકરણ કહેવામાં આવે છે. ઉપેક્ષા સંયમી વીતરાગી શુદ્ધોપયોગમાં છે તેને. **'બીજું કંઈ તેમને ઉપાદેય નથી.'** લ્યો.

**'અપહૃતસંયમધરોને...'** પણ જે છઠ્ઠા ગુણસ્થાનમાં જેને શુભરાગનો વિકલ્પ ઉઠ્યો છે, એ વ્યવહારનયમાં આવ્યો છે એને **'પરમાગમના અર્થનું ફરી ફરીને...'** પરમઆગમ સિદ્ધાંત સર્વજ્ઞે કહેલા. **'ફરીફરીને પ્રત્યભિજ્ઞાન થવામાં કારણભૂત એવું પુસ્તક...'** પ્રત્યભિજ્ઞાન એટલે હતું તેને આ જ છે એમ નક્કી થવામાં વિશેષ પુસ્તક નિમિત્ત છે એમ કહે છે. મુનિને વ્યવહારમાં એ જ્ઞાનનું ઉપકરણ છે.

**'શૌચનું ઉપકરણ કાયવિશુદ્ધિના હેતુભૂત કમંડળ હોય છે;...'** જંગલ આદિ સાફ થવા માટે કાયવિશુદ્ધિના નિમિત્ત કમંડળ પાણીનું હોય છે. બસ. મુનિને પાત્રા-બાત્રા હોતા નથી. ભારે આકરું કામ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આદાન.... અહીં આદાનનિક્ષેપણ. વચમાં ઓલા શબ્દો નાખ્યા છે ને. .... સમિતિ છે ને. ખબર છે ને. ખોટી છે.

અહીં તો આદાનનિક્ષેપણ, બસ. કોનું? કે જ્ઞાનના ઉપકરણરૂપી પુસ્તકનું અને કમંડળનું અને **'સંયમનું ઉપકરણ-હેતુ પીંછી છે.'** આવો માર્ગ છે. કોઈ વળી એમ કહે છે, એ તો દિગંબરના શાસ્ત્રોમાં એ છે. અમારા શાસ્ત્રમાં તો અનાદિનું આ છે એમ કહે.

મુમુક્ષુ :- આ બેમાંથી સાચા ક્યા એ નક્કી કરવું પડે ને. બે જ્યારે પરસ્પર વિરુદ્ધ કહેનારા હોય, તો સત્યના શોધકે નક્કી કરવું જોઈએ.

ઉત્તર :- આ તો માર્ગ જ અનાદિનો આ છે. વચમાં નીકળ્યા એટલે પછી આખો ફેરફાર કરી નાખ્યો. પણ હવે એ વાત તો મધ્યસ્થથી જેને વિચારણા હોય, સત્યને શોધવું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય તો આ વાત છે. મુનિને તો એક પુસ્તક હોય છે, કમંડળ હોય છે અને પીંછી, બસ.

**'આ ઉપકરણોને લેતી-મૂકતી વખતે...'** લ્યો. એ મુનિપણાની શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. કોને મુનિ કહેવા. આહાહા..! **'ઉદ્‌ભવતી પ્રયત્નપરિણામરૂપ વિશુદ્ધિ...'** લ્યો. શુભભાવને અહીં વિશુદ્ધિ કીધી. તે જ આદાનનિક્ષેપણ સમિતિ છે. સમિતિનું નામ જ આ છે–આદાનનિક્ષેપણ. લેવું-મૂકવું બસ એટલું. શું? કે આ ત્રણ. પુસ્તક, કમંડળ, પીંછી. **'એમ (શાસ્ત્રમાં) કહ્યું છે.'** છે ને? **'निर्दिष्टेति'** છે ને પાઠમાં? ભવતિ એમ **'निर्दिष्टेति'** એમ ભગવાને સિદ્ધાંતમાં આ કહ્યું છે. એથી વિરુદ્ધ એ સિદ્ધાંતનું કથન નહિ. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' કહે છે ને, જુઓને! **'होदि त्ति णिद्दिट्ठा'** ભગવાને આમ કહ્યું છે અને ભગવાનના સિદ્ધાંતમાં આટલું છે. એને ત્રણ ઉપકરણ સિવાય બીજું હોતું નથી.

## શ્લોક–૮૭

(**मालिनी**)

**समितिषु समितीयं राजते सोत्तमानां**
**परमजिनमुनीनां संहतौ क्षांतिमैत्री।**
**त्वमपि कुरु मन:पंकेरुहे भव्य नित्यं**
**भवसि हि परमश्रीकामिनीकांतकांत:।।८७।।**

**હવે [૬૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]**

**[શ્લોકાર્થ :–] ઉત્તમ પરમજિનમુનિઓની આ સમિતિ સમિતિઓમાં શોભે છે. તેના સંગમાં ક્ષાંતિ અને મૈત્રી હોય છે (અર્થાત્ આ સમિતિયુક્ત મુનિને ધીરજ–સહનશીલતા–ક્ષમા અને મૈત્રીભાવ હોય છે). હે ભવ્ય! તું પણ મન-કમળમાં સદા તે સમિતિ ધારણ કર, કે જેથી તું પરમશ્રીરૂપી કામિનીનો પ્રિય કાન્ત થઈશ (અર્થાત્ મુક્તિલક્ષ્મીને વરીશ). ૮૭.**

## શ્લોક–૮૭ ઉપર પ્રવચન

**'હવે [૬૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]'** પોતે હવે 'પદ્મપ્રભમલધારિદેવ' (શ્લોક કહે છે).

**समितिषु समितीयं राजते सोत्तमानां**
**परमजिनमुनीनां संहतौ क्षांतिमैत्री।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**त्वमपि कुरु मनःपंकेरुहे भव्य नित्यं**
**भवसि हि परमश्रीकामिनीकांतकांतः ।।८७।।**

**શ્લોકાર્થ :– 'ઉત્તમ પરમજિનમુનિઓની આ સમિતિ...'** ઉત્તમ પરમજિનમુનિઓની આ સમિતિ. આહાહા..! **'આ સમિતિ સમિતિઓમાં શોભે છે.'** બધી સમિતિમાં આ સમિતિ શોભે છે એમ કહે છે. **'તેના સંગમાં ક્ષાંતિ અને મૈત્રી હોય છે...'** જેને આવી સમિતિ હોય એને ધીરજ હોય છે, સહનશીલતા હોય છે. ધીરજ એટલે સહનશીલતા. **'(ક્ષમા અને મૈત્રીભાવ હોય છે).'** ધીરજ એટલે સહનશીલતા અને ક્ષમા. એમ. એનું નામ ક્ષમા. ધીરજ હોય છે. ઉતાવળી નથી. શાંત છે. અહો..! વીતરાગ કહે છે એ સંત મુનિપણું આવું છે. અંતરમાં જેને આત્મઅનુભવ હોય છે. એ ઉપરાંત સંયમ અને સ્થિરતા પણ હોય છે. અને આવી સમિતિનો ભાવ જેને હોય એની સાથે ક્ષમા અને મૈત્રીભાવ હોય છે.

**'હે ભવ્ય! તું પણ મન-કમળમાં...'** હે ભવ્ય! તું પણ મન-કમળમાં **'સદા તે સમિતિ ધારણ કર,...'** આવી સમિતિ હોય એને ધારણ કર. અહીં તો મુનિની વાત છે ને. બીજાને સમજાવે છે કે આવું મુનિપણું હોય. આ સિવાય બીજી રીતે મુનિપણું માને, તો એ ગુરુમાં, એની શ્રદ્ધામાં ભૂલ છે. અને દેવમાં પણ એની ભૂલ થઈ. દેવે આમ કહ્યું ને. શાસ્ત્રમાં એમ કહ્યું નથી અને શાસ્ત્રે આમ કહ્યું એમ માને એ ત્રણેયમાં એની ભૂલ છે. મન, વચન અને કાયા. **'મન-કમળમાં સદા તે સમિતિ ધારણ કર, કે જેથી તું પરમશ્રીરૂપી કામિનીનો પ્રિય...'** પરમાનંદરૂપી દશા, અતીન્દ્રિય પરમ આનંદરૂપી મુક્તદશા, એવી તારી પરિણતિ, એનો **'પ્રિય કાન્ત થઈશ...'** એ પરિણતિ તને એક સમય પણ છોડશે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :– આ ઉત્સર્ગ માર્ગ છે, પેલો અપવાદ માર્ગ.

ઉત્તર :– ઓલો વિકલ્પ આવ્યો એ અપવાદ. વિકલ્પ વિનાનો આ ઉત્સર્ગ, વિકલ્પ આવ્યો એ વ્યવહારનય, આ સ્થિરતા થઈ એ નિશ્ચયનય, વિકલ્પ આવ્યો એ અપહૃત, આ ઉપેક્ષા. વિકલ્પ આવ્યો એ શુભોપયોગ, આ શુદ્ધોપયોગ. કહો, સમજાણું કાંઈ? વિકલ્પ આવ્યો એ એકદેશ પરિત્યાગ, આ સર્વદેશ પરિત્યાગ. કહો, એકદેશ પરિત્યાગ. વળી એકદેશ પરિત્યાગ તો શ્રાવક કહેવાય. મહાવ્રત એ અણુવ્રત છે. મહાવ્રત એ અણુવ્રત છે. વિકલ્પ છે ને? બહુ માર્ગ જુદો. આખો માર્ગ ફેરવી નાખ્યો. લોકોને ખબર પણ ન મળે કે વીતરાગનો માર્ગ શું છે. જેમાં જન્મ્યા, એ એનો ધર્મ છે. થઈ રહ્યું. જાઓ. એ કુળમાં ગણે. ૬૫મી ગાથા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# ગાથા–૬૫

पासुगभूमिपदेसे गूढे रहिए परोपरोहेण।
उच्चारदिच्चागो पइट्ठासमिदी हवे तस्स।।६५।।

प्रासुकभूमिप्रदेशे गूढे रहिते परोपरोधेन।
उच्चारादित्यागः प्रतिष्ठासमितिर्भवेत्तस्य।।६५।।

मुनीनां कायमलादित्यागस्थानशुद्धिकथनमिदम्।

शुद्धनिश्चयतो जीवस्य देहाभावान्न चान्नग्रहणपरिणतिः। व्यवहारतो देहः विद्यते; तस्यैव हि देहे सति ह्याहारग्रहणं भवति; आहारग्रहणान्मलमूत्रादयः संभवन्त्येव। अत एव संयमिनां मलमूत्रविसर्गस्थानं निर्जन्तुकं परेषामुपरोधेन विरहितम्। तत्र स्थाने शरीरधर्मं कृत्वा पश्चात्तस्मात्स्थानादुत्तरेण कतिचित् पदानि गत्वा ह्युदङ्मुखः स्थित्वा चोत्सृज्य कायकर्माणि संसारकारणं परिणामं मनश्च संसृतेर्निमित्तं, स्वात्मानमव्यग्रो भूतवा ध्यायति यः परमसंयमी मुहुर्मुहुः कलेवरस्याप्यशुचित्वं वा परिभावयति, तस्य खलु प्रतिष्ठापनसमितिरिति। नान्येषां स्वैरवृत्तिनां यतिनामधारिणां काचित् समितिरिति।

---

જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,
મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫.

અન્વયાર્થ :– [ परोपरोधेन रहिते ] જેને પરના ઉપરોધ વિનાના (–બીજાથી રોકવામાં ન આવે એવા), [ गूढे ] ગૂઢ અને [ प्रासुकभूमिप्रदेशे ] પ્રાસુક ભૂમિપ્રદેશમાં [ उच्चारादित्यागः ] મળાદિનો ત્યાગ હોય, [ तस्य ] તેને [ प्रतिष्ठासमितिः ] પ્રતિષ્ઠાપન સમિતિ [ भवेत् ] હોય છે.

ટીકા :– આ, મુનિઓને કાયમળાદિત્યાગના સ્થાનની શુદ્ધિનું કથન છે.

શુદ્ધનિશ્ચયથી જીવને દેહનો અભાવ હોવાથી અન્નગ્રહણરૂપ પરિણતિ નથી. વ્યવહારથી (જીવને) દેહ છે; તેથી તેને જ દેહ હોતાં આહારગ્રહણ છે; આહારગ્રહણને લીધે મળમૂત્રાદિક સંભવે છે જ. તેથી જ સંયમીઓને મળમૂત્રાદિકના ઉત્સર્ગનું (-ત્યાગનું) સ્થાન જંતુરહિત અને પરના ઉપરોધ રહિત હોય છે. તે સ્થાને શરીરધર્મ કરીને પછી જે પરમસંયમી તે સ્થાનથી ઉત્તર દિશામાં કેટલાંક પગલાં જઈને ઉત્તરમુખે ઊભા રહીને, કાયકર્મોનો (–શરીરની ક્રિયાઓનો), સંસારના કારણભૂત હોય એવા પરિણામનો તથા સંસારના નિમિત્તભૂત મનનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ઉત્સર્ગ કરીને, નિજ આત્માને અવ્યગ્ર (–એકાગ્ર) થઈને ધ્યાવે છે અથવા ફરીફરીને કલેવરનું (–શરીરનું) પણ અશુચિપણું સર્વ તરફથી ભાવે છે, તેને ખરેખર પ્રતિષ્ઠાપનસમિતિ હોય છે. બીજા સ્વચ્છંદવૃત્તિવાળા યતિનામધારીઓને કોઈ સમિતિ હોતી નથી.**

## ગાથા–૬૫ ઉપર પ્રવચન

પ્રતિષ્ઠાપન. પાંચમી છે ને?

**पासुगभूमिपदेसे गूढे रहिए परोपरोहेण।**
**उच्चारदिच्चागो पइट्ठासमिदी हवे तस्स।।६५।।**

**'पइट्ठा'** પ્રતિષ્ઠા. છોડવું.

**જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,**
**મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫.**

**ટીકા :– 'આ, મુનિઓને કાયમળાદિત્યાગના સ્થાનની શુદ્ધિનું કથન છે.'** કાયમળાદિ. દિશા, જંગલ જવું આદિ. **'શુદ્ધનિશ્ચયથી જીવને દેહનો અભાવ હોવાથી...'** મૂળ તો શુદ્ધનિશ્ચયથી તો દેહ આત્માને છે નહિ. એથી **'અન્નગ્રહણરૂપ પરિણતિ પણ નથી.'** તેથી અન્ન ગ્રહવાનો વિકલ્પ પણ એને છે નહિ. આત્મામાં એ છે જ નહિ. **'વ્યવહારથી (જીવને) દેહ છે;...'** નિમિત્ત તરીકે. સંયોગી ચીજ. **'તેથી તેને જ દેહ હોતાં આહારગ્રહણ છે;...'** વિકલ્પ છે ને? એટલું. આહારગ્રહણ તો આહારને કારણે છે. પણ પેલો વિકલ્પ છે ને. આહાર ગ્રહવાનો વિકલ્પ છે. **'આહારગ્રહણને લીધે મળમૂત્રાદિક સંભવે છે જ.'** આહાર કર્યો એટલે પછી મળમૂત્રાદિ હોય. **'તેથી જ સંયમીઓને મળમૂત્રાદિકના ઉત્સર્ગનું (-ત્યાગનું) સ્થાન જંતુરહિત...'** જ્યાં એકેન્દ્રિયાદિ જીવ ન હોય.**'અને પરના ઉપરોધ રહિત હોય છે.'** ત્યાં કોઈની આજ્ઞા વિરુદ્ધ ન હોય કે આટલા ક્ષેત્રમાં તમારે ક્યાંય ન નાખવું. એવી આજ્ઞા ઉપરોધ રહિત હોય. કોઈનો વિરોધ હોય નહિ.

**'તે સ્થાને શરીરધર્મ કરીને..'** લ્યો, પેશાબ કે દિશા એ શરીરધર્મ છે. શરીરનો સ્વભાવ છે. **'પછી પરમસંયમી તે સ્થાનથી ઉત્તર દિશામાં કેટલાંક પગલાં જઈને ઉત્તરમુખે ઊભા રહીને, કાયકર્મોનો (-શરીરની ક્રિયાઓનો), સંસારના કારણભૂત હોય એવા પરિણામનો...'** લ્યો, એ સંસારના કારણભૂત પરિણામ હતા. એ આમ કરવું... આમ કરવું... એ વિકલ્પ હતો ને એ? **'સંસારના નિમિત્તભૂત મનનો ઉત્સર્ગ કરીને,...'** આ મનને પણ જરી ધ્યાનમાં થઈને છોડી દે, એમ કહે છે. આહાહા..! કાયોત્સર્ગ એટલે કાયા અને મનને છોડીને સ્વરૂપમાં સ્થિર થાય, એને અહીંયા કાયોત્સર્ગ કહેવામાં આવે છે. મનનો સંગ છોડે. આહાહા..!

**'નિજ આત્માને અવ્યગ્ર (–એકાગ્ર) થઈને ધ્યાવે છે...'** જંગલ અને પેશાબ કર્યા પછી,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાના ધ્યાનમાં આત્માને લઈ અને અવ્યગ્રપણે એકાગ્ર થઈ, આનંદસ્વરૂપ આત્મા, એનું ધ્યાન કરે. એને ધ્યેયમાં લઈને સ્થિર થાય એમ કહે છે. જુઓ! આ સમિતિ પછીનું આ. વ્યવહારસમિતિના વિકલ્પ પછીનું આ કર્તવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ આખી વાત જ ફેરવી નાખી. બધી ફરી ગઈ એકે એક વાત. પરંપરા વીતરાગનો માર્ગ હતો એ બધો ફેરવી નાખ્યો. નવા કલ્પિત શાસ્ત્રો જ બનાવ્યા ને. કલ્પિત. ઈરીયાવહી કરવી. એ તો પાછો વિકલ્પ છે. ભાષા છે ને એ. એ ભાષાનો વિકલ્પ છે. આ તો કહે મનનો સંગ છોડીને અંદર ધ્યાનમાં જવું. એમ કહે છે. એટલો પણ વિકલ્પ શરીર છે, તો અન્નગ્રહણ છે, તો પેશાબ-જંગલ છે, એ પણ સ્વરૂપમાં તો છે નહિ. માટે એ વિકલ્પ આવ્યો એ સંસારનું કારણ છે, બંધનું કારણ છે. એમ કહે છે. આહાહા..! મનનો સંગ કરીને પરિણામ ઉત્પન્ન થયા એ પણ બંધનું કારણ છે. ઝીણું ભારે.

**'નિજ આત્માને અવ્યગ્ર (-એકાગ્ર) થઈને ધ્યાવે...'** ભગવાનને ધ્યાવે અને અરિહંતને ધ્યાવે એમ નથી કહ્યું. અરિહંતનું ધ્યાન કરે, અરિહંતનું ધ્યાન કરે. એ તો પર છે. પરનું ધ્યાન કરે ત્યાં તો રાગ છે. આહાહા..! બહુ માર્ગ આકરો છે. **'અથવા ફરી ફરીને ક્લેવરનું (-શરીરનું) પણ અશુચિપણું...'** અહો..! આ શરીર! જેમાં માંસ, હાડકા, ચામડા, વિષ્ટા, પેશાબ (ભરેલા છે). આહાહા..! આમ આત્માનું ધ્યાન કરે અને કાં આ વિકલ્પ-વિચાર કરે. **'અશુચિપણું સર્વ તરફથી ભાવે છે,...'** શરીરનું, શરીરના દરેક અવયવોના અશુચિપણાની ભાવના કરે. **'તેને ખરેખર પ્રતિષ્ઠાપનસમિતિ હોય છે.'** એવા સંતને આ પ્રતિષ્ઠાપન–છોડવું, વોસરાવવું એ હોય છે. અસ્તિ-નાસ્તિ કરે છે.

**'બીજા સ્વચ્છંદવૃત્તિવાળા યતિનામધારીઓને કોઈ સમિતિ હોતી નથી.'** આહાહા..! સ્વચ્છંદવૃત્તિ–વીતરાગ માર્ગને છોડી દઈ અને પોતાની કલ્પનાથી માર્ગમાં પડ્યા હોય છે, એવા **'સ્વચ્છંદવૃત્તિવાળા યતિનામધારીઓને...'** યતિ એટલે સાધુ. **'કોઈ સમિતિ (એકેય) હોતી નથી.'** આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પોતે આ કહે છે લ્યો. **'पइट्ठासमिदी हवे तस्स'** છે ને? એમાંથી કાઢ્યું કે બીજાને હોતી નથી. પાઠ છે ને? **'पइट्ठासमिदी हवे तस्स'** આને હોય છે. સ્વચ્છંદીઓને હોતી નથી એમ કાઢ્યું એમાંથી. અસ્તિ-નાસ્તિ. આહા..! જુઓ! આવું મુનિપણું હોય છે. ગૃહસ્થાશ્રમમાં લૂગડા પહેર્યા હોય, ગૃહસ્થાશ્રમમાં હોય અને મુનિપણું આવે, એમ ત્રણકાળમાં બને નહિ એમ કહે છે.

મુમુક્ષુ :– આદાન એટલે?

ઉત્તર :– લેવું, કીધું ને. નિક્ષેપ એટલે છોડવું. પુસ્તક લેવું અને મૂકવું. લેવું અને મૂકવું.

મુમુક્ષુ :– આદાન-પ્રદાન પછી....

ઉત્તર :– અન્ન કીધું ને હમણાં વાત થઈ ગઈ. ક્યાં ધ્યાન હતું. ભંડમતિ આમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. આદાનનિક્ષેપણ એક જ નામ છે. ... એટલે વાસણ થાય છે. તે દિ' ક્યાં હતા? ... એ શ્વેતાંબરની શૈલીની ભાષા છે. સનાતન માર્ગમાં એ વસ્તુ હતી જ નથી. આહાહા..! આયા નિક્ષેપણા સમિતિ બસ. એમાં પાછું પુસ્તકનું નામ ન નાખ્યું. એ તો વચમાં આવે છે. અંદર ઓલાને પાત્ર હોય જ, વસ્ત્ર હોય જ. એ તો મુનિ જ નથી. વસ્ત્ર-પાત્ર રાખે અને મુનિ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આકરું કામ ભારે.

મુમુક્ષુ :– અપવાદ માર્ગ હોય જ.

ઉત્તર :– એ અપવાદ આ વિકલ્પનો હોય છે.

મુમુક્ષુ :– ઉત્સર્ગનો તો આ કાળે અભાવ જ છે.

ઉત્તર :– ઉત્સર્ગ વિના અપવાદ હોય જ નહિ. છે ને, દલીલ છે ને. આહાહા..! એ માટે તો આ કથન છે કે જેને સંયમ અંતર નિશ્ચય તો પ્રગટ્યો છે. નિશ્ચય દર્શન પણ છે પણ જે ચારિત્રની પૂર્ણતા જોઈએ એ નથી, એથી એને વિકલ્પ ઊઠે, એને અપવાદી સંયમ કહેવામાં આવે છે. અપવાદ છે. ગમે એવું નિમિત્ત હોય, કહ્યું હતું ને? ગમે એવું શું ન હોય. મુનિને તો આટલું જ હોય, એ સિવાય... ગમે એવું નિમિત્ત હોય નહીં. ખબર છે ને? એમ કહે છે. અપવાદ શું કહ્યું હતું ને અહીંયા? અપવાદી મુનિ કહ્યા છે. ખબર છે ને? 'લીંબડી'વાળો 'કેશવલાલ' એણે કહ્યું હતું. શું કરે પણ? રહેવું એમાં તો બચાવ કર્યા વિના ચાલે નહિ. માર્ગ તો આવો છે, ભાઈ! સત્ય તો આ છે. વસ્તુનું સ્વરૂપ આ છે. વાદવિવાદ કરવા જેવું નથી. કોની સાથે વાદવિવાદ કરે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– તોપણ એ વિકલ્પ છે એટલો અપવાદ છે. વસ્તુ તો જે અનુભવ અને સ્થિરતા સંયમ છે તે જ છે. તેવાને આવું અપવાદી હોય છે. આ સિવાય હોતું નથી.

## શ્લોક–૮૮

(मालिनी)

**समितिरिह यतीनां मुक्तिसाम्राज्यमूलं**
**जिनमतकुशलानां स्वात्मचिंतापराणाम्।**
**मधुसखनिशितास्त्रव्रातसंभिन्नचेतः**
**सहितमुनिगणानां नैव सा गोचरा स्यात्।।८८।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[હવે ૬૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે : ]**

**[શ્લોકાર્થ :–] જિનમતમાં કુશળ અને સ્વાત્મચિંતનમાં પરાયણ એવા યતિઓને આ સમિતિ મુક્તિસામ્રાજ્યનું મૂળ છે. કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી ભેદાયેલા હૃદયવાળા મુનિગણોને તે (સમિતિ) ગોચર નથી જ હોતી. ૮૮.**

## શ્લોક–૮૮ ઉપર પ્રવચન

**'[હવે ૬૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]'**

**समितिरिह यतीनां मुक्तिसाम्राज्यमूलं**
**जिनमतकुशलानां स्वात्मचिंतापराणाम्।**
**मधुसखनिशितास्त्रव्रातसंभिन्नचेतः**
**सहितमुनिगणानां नैव सा गोचरा स्यात्।।८८।।**

**શ્લોકાર્થ :– 'જિનમતમાં કુશળ...'** છે મુનિ. જોયું? વીતરાગનો માર્ગ આવો છે સંતનો, એવા જૈનમતમાં સંતો કુશળ છે. એ આ જૈનમત છે, વીતરાગ મત છે આ. **'અને સ્વાત્મચિંતનમાં પરાયણ...'** પાછા. એકલું જ્ઞાનકુશળ છે એટલું નહિ. અહીં એમ કહે છે. વીતરાગ પરમાત્માએ ગુરુપણું, દેવપણું, ધર્મપણું જે કહ્યું, એમાં એ કુશળ છે, વિચિક્ષણ છે, સમજુ છે. **'અને સ્વાત્મચિંતનમાં પરાયણ...'** આત્મધ્યાન અંતર આનંદસ્વરૂપ પરાયણ તત્પર જ છે. આત્માના આનંદના ધ્યાનમાં તત્પર છે. એકલું કુશળપણું નહિ. એમ. એ ઉપરાંત સ્વરૂપની સ્થિરતાના ધ્યાનમાં પરાયણ છે.

**'એવા યતિઓને...'** યતિ એટલે સ્વરૂપની જતના કરનારને, રાગ વિના આત્માના સ્વભાવની જતના કરનારને **'આ સમિતિ મુક્તિસામ્રાજ્યનું મૂળ છે.'** મુક્તિરૂપી સામ્રાજ્ય એનું આ મૂળ છે. લ્યો, આ સામ્રાજ્ય. **'કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી ભેદાયેલા હૃદયવાળા મુનિગણોને તે (સમિતિ) ગોચર નથી જ હોતી.'** આહાહા..! કહે છે, કે જેને વાસના, કામદેવની વૃત્તિ ઊઠે છે, એવા અસ્ત્રસમૂહથી ભેદાયેલા, જેનું હૃદય વિષય-વાસનાના ભાવથી ભેદાય ગયું છે. જ્યાં-ત્યાં અનુકૂળતા સ્ત્રી આદિના શરીરને દેખી, અને એને પ્રેમ ઊપજે છે. એ કામબાણથી હણાયેલા છે. આહાહા..!

**'કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી ભેદાયેલા હૃદયવાળા મુનિગણોને તે (સમિતિ) ગોચર નથી જ હોતી.'** એને સમિતિ હોતી નથી અને સમિતિનું જ્ઞાન પણ એને હોતું નથી. એવી સમિતિનું આવું જ્ઞાન પણ નથી અને એ સમિતિ પણ નથી. આહાહા..! ભારે ભાઈ! **'તીક્ષ્ણ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અસ્ત્રસમૂહ...**' વૃત્તિઓ વારંવાર એ જ ઉઠતી હોય. સ્ત્રીના પરિચયમાં રહે, સંગમાં રહે, એવી વૃત્તિઓ ઉઠે. કહે છે કે એનાથી એનું હૃદય ભેદાઈ ગયેલું છે. એને આ સમિતિનું, નિશ્ચયનું આચરણ હોતું નથી. એ તો વ્યવહારે એને હોતું નથી.

બ્રહ્માનંદ ભગવાનઆત્મા, એના સ્વરૂપમાં જેની રમણતા છે. એવા સંતોને આવી સમિતિ હોય છે. આહાહા..! આખી દુનિયાથી ઉદાસ થઈ ગયો છે. વિકલ્પનો શુભભાવ એનાથી પણ ઉદાસ છે. એને આવી વાસના ઉત્પન્ન હોતી નથી. જેને એ વાસના–આત્માના આનંદથી ઊલટી વૃત્તિઓ–ઉદ્‌ભવે છે, એવા હણાયેલા હૃદયવાળાને સમિતિ હોતી નથી.

## શ્લોક–૮૯

(**हरिणी**)

**समितिसमितिं बुद्ध्वा मुक्त्यङ्गनाभिमतामिमां**
**भवभवभयध्वान्तप्रध्वंसपूर्णशशिप्रभाम्।**
**मुनिप तव सद्दीक्षाकान्तासखीमधुना मुदा**
**जिनमततपःसिद्धं यायाः फलं किमपि ध्रुवम्।।८९।।**

**[શ્લોકાર્થ :–] હે મુનિ! સમિતિઓમાંની આ સમિતિને—કે જે મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે, જે ભવભવના ભયરૂપી અંધકારને નષ્ટ કરવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે તથા તારી સત્‌-દીક્ષારૂપી કાન્તાની (–સાચી દીક્ષારૂપી પ્રિય સ્ત્રીની) સખી છે તેને—હવે પ્રમોદથી જાણીને, જિનમતકથિત તપથી સિદ્ધ થતાં એવા કોઈ (અનુપમ) ધ્રુવ ફળને તું પામીશ. ૮૯.**

## શ્લોક–૮૯ ઉપર પ્રવચન

૮૯મો કળશ.

**समितिसमितिं बुद्ध्वा मुक्त्यङ्गनाभिमतामिमां**
**भवभवभयध्वान्तप्रध्वंसपूर्णशशिप्रभाम्।**
**मुनिप तव सद्दीक्षाकान्तासखीमधुना मुदा**
**जिनमततपःसिद्धं यायाः फलं किमपि ध्रुवम्।।८९।।**

**શ્લોકાર્થ :– 'હે મુનિ! સમિતિઓમાંની આ સમિતિને—કે જે મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે,..'** લ્યો ઠીક. અંતરનું શુદ્ધ નિર્મળ પરિણમન સમિતિ, એ મુક્ત એટલે આનંદરૂપની પૂર્ણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશા, એને વહાલી છે. એટલે કે એ દશાથી એને મુક્તિ થશે. આહાહા..! **'હે મુનિ! સમિતિઓમાંની આ સમિતિને—કે જે મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે, જે ભવભવના ભયરૂપી અંધકારને નષ્ટ કરવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે...'** અ..હો..! સમ ઇતિ. આત્મામાં એકાગ્ર થઈને આનંદની પરિણતિ થવી. કાલે બે પ્રકાર આવ્યા હતા ને? કે આત્મામાં એકાગ્ર થવું કાં ધર્મસ્વભાવમાં એકાગ્ર થવું. બધું એક જ છે. બે ભાષા આવી. એ જ ખરી સમિતિ છે.

**'ભવભવના ભય...'** અહો..! ચોરાશી લાખના. ભવભવ એટલે ચોરાશી લાખ, એના **'ભયરૂપી અંધકારને નષ્ટ કરવા માટે...'** આનંદસ્વરૂપ ભગવાન, એની અંતરમાં એકાગ્રતા, લગની, અંદર એકાગ્રતા થવી, એ **'પૂર્ણચંદ્રની પ્રભા સમાન છે...'** આહાહા..! **'તારી સત્-દીક્ષારૂપી કાન્તાની (–સાચી દીક્ષારુપી પ્રિય સ્ત્રીની) સખી છે...'** તારી દીક્ષા જે અકષાય પરિણતિ, વીતરાગભાવની દશા એ દીક્ષા, એની એ કાન્તા સખી છે. દીક્ષારૂપી કાન્તા, એની એ સખી છે. સમિતિ એની બહેનપણી છે. આ તો માર્ગ નિરાલંબી છે. જ્યાં વિકલ્પનો પણ આશ્રય નથી. આહાહા..! માર્ગની શ્રદ્ધાની ખબર ન મળે. આચરણ તો પછી. આહાહા..!

**'તારી સત્-દીક્ષા...'** જુઓ! સત્ દીક્ષા. લુગડા છોડી દીધા અને નગ્ન થયા એ નહિ. સત્-દીક્ષા. આત્માના આનંદસ્વરૂપની પરિણતિ જેણે પ્રગટ કરી છે એવી સાચી દીક્ષા. આ તો લુગડા ફેરવ્યા અને થઈ ગઈ દીક્ષા. આ તો સત્સ્વરૂપ ભગવાનઆત્મા, અતીન્દ્રિય જ્ઞાન અને આનંદના સ્વરૂપે સત્ છે, તેની વીતરાગી પરિણતિ પ્રગટ થવી, એને અહીં સત્ દીક્ષા કહેવામાં આવે છે. એ **'સત્-દીક્ષારૂપી કાન્તાની (-સાચી દીક્ષારૂપી પ્રિય સ્ત્રીની)...'** મુનિને તો વીતરાગ પરિણતિ તે પ્રિય છે, એમ કહે છે. આહાહા..! વ્યવહારના વિકલ્પ આદિ અઠ્યાવીસ મૂળગુણ એને પ્રિય નથી. આહાહા..! એમ કહે છે. હેયબુદ્ધિએ આવે છે. આહાહા..!

અહીંયા તો દીક્ષારૂપી પ્રિય સ્ત્રી, સાચી દીક્ષા. એમ. જેને આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એની પરિણતિમાં જેને નિર્મળતા પ્રગટ થઈ છે. વીતરાગભાવરૂપી દશા પ્રગટ થઈ છે, એને અહીંયા દીક્ષા કહેવામાં આવે છે. એને સાચી દીક્ષા કહે છે. બાકી બધી ખોટી દીક્ષા છે. અરે..રે..! ભારે! એની સખી છે. એવી વીતરાગદશારૂપી આત્માની પરિણતિ સાચી દીક્ષા, એ સમિતિ એની સખી છે, બહેનપણી છે, સાથે રહેનારી છે એમ કહે છે. આહાહા..! **'તેને હવે પ્રમોદથી જાણીને,...'** જાણીને, પ્રમોદથી જાણીને. કંટાળો ન લાવે. અહો..!

મુમુક્ષુ :– પર્યાયને વળી પ્રમોદથી જાણવી?

ઉત્તર :— હા આવો માર્ગ અહીં છે.

મુમુક્ષુ :– પર્યાય સામું તો જોવું નથી અને વળી...

ઉત્તર :– જોવું નથી પણ આવે છે કે નહિ? એય..! એય..! શું કહે છે આ? અંદર બધી વાતો ચાલતી હોય ને. પર્યાય તે ઉત્પન્ન કરવાની અપેક્ષાએ ઉપાદેય છે. વીતરાગભાવ. આદરણીયની અપેક્ષાએ દ્રવ્ય ઉપાદેય છે. એવી વાત છે. ત્રિકાળી ભગવાનઆત્મા એ તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખાસ ઉપાદેય.. ઉપાદેય.. ઉપાદેય.. છે. શ્રદ્ધામાં એ, જ્ઞાનમાં એ અને ચારિત્રમાં પણ એ જ છે.

મુમુક્ષુ :– પરિણમે ત્યારે કે પહેલા?

ઉત્તર :– પણ પરિણમન વિના ક્યાંથી ઉપાદેય આવ્યો? એનો આશ્રય કર્યો એટલે ઉપાદેય થયો, ત્યારે એને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું પરિણમન થયું.

મુમુક્ષુ :– પણ પરિણમનની વાત શા માટે કરો છો? તે તો પર્યાય છે.

ઉત્તર :– પર્યાય આવતી નથી? જાણવા લાયક નથી? પર્યાય થાતી નથી? અને કાર્ય તો બધું પર્યાયમાં થાય છે. કાર્ય દ્રવ્ય-ગુણમાં થાય છે? નિર્મળ વીતરાગી પર્યાય, એની વાત છે અહીં. દ્રવ્યના જ્ઞાન સાથે પર્યાય આવી હોય એવું જ્ઞાન થાય તેને પ્રમાણજ્ઞાન કહે છે.

મુમુક્ષુ :– પ્રમાણજ્ઞાન તો હેય છે.

ઉત્તર :– હેય છે, પણ છે એને હેય કે નથી એને હેય? પ્રમાણમાં એનો-પર્યાયનો આશ્રય છે એ હેય છે. વસ્તુ હેય છે? વસ્તુ તો ત્રિકાળ છે. પ્રમાણજ્ઞાનમાં પ્રમાણ આવતું નથી? જાણવાલાયક નથી? વ્યવહારે જાણેલો પ્રયોજનવાનનો અર્થ શું થયો? શક્તિના વર્ણનમાં તો એમ પણ આવ્યું છે. ભગવાનઆત્મા દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ, એનું ભાન થતાં પર્યાયે શુદ્ધ થાય, ત્યારે તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. અશુદ્ધતાની વાત નથી.

મુમુક્ષુ :– બધી શક્તિમાં એમ છે.

ઉત્તર :– બધી શક્તિનું વર્ણન છે. શક્તિમાં ૪૭ શક્તિ ત્રિકાળી ગુણ છે. અને ગુણનો ધરનાર આત્મા એનો જ્યાં આશ્રય કર્યો, એમાં શુદ્ધતા જ પરિણમે. એનો વ્યવહારનયનો વિષય એની પર્યાય છે. શુદ્ધદશા એ વ્યવહારનયનો વિષય છે. સદ્‌ભુત વ્યવહારનય. રાગાદિની વાત ત્યાં નથી. સત્ શક્તિ છે ને? જ્ઞાનાનંદ આદિ અનંત શક્તિઓ છે, એનો ધરનાર એક દ્રવ્ય છે, એમ દ્રવ્યનો આશ્રય લીધો, અનંતાગુણની શક્તિ સત્ છે, એ પરિણમે છે શુદ્ધ.

'સર્વગુણાંશ તે સમકિત'. 'શ્રીમદે' એમ ટૂંકું વાક્ય કર્યું. 'સર્વ ગુણાંશ તે સમકિત.' જેટલા અનંતાગુણો છે, એમાં દ્રવ્યની જ્યાં દૃષ્ટિ થઈ, એ જેટલા ગુણો છે એ બધા નિર્મળપણે અંશે શુદ્ધપણે થયા. એ સર્વગુણાંશ તે સમકિત. રાગ તે સમકિત અને ફલાણા તે સમકિત એમ નથી કહ્યું ત્યાં. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર તે સમકિત, એમ નથી કહ્યું ત્યાં. એય..! છે ને આપણે અહીં? 'સર્વગુણાંશ તે સમકિત' બહાર બારણે. એક કોર સમકિત છે અને એક બાજુ ચારિત્ર. બહાર બે બારણે બે છે. સ્વરૂપમાં રમવું તે ચારિત્ર. પાંચ મહાવ્રતના વિકલ્પ-વિકલ્પ બધા અચારિત્ર છે. ભારે માર્ગ, ભાઈ! માર્ગ આવો છે એ જેને રુચતો નથી ને, એ એમ કહે કે એ નહિ.. નહિ... આપણે તો...

**'જિનમતકથિત તપથી સિદ્ધ થતા એવા...'** .. વીતરાગ અભિપ્રાયી ત્રિલોકનાથ તીર્થંકરે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમેશ્વર દેવાધિદેવ જેણે આત્મા કહ્યો, અને એની સમિતિ નિર્મળ કહી, એવા જિનમતકથિત. વીતરાગ ભગવાને કહેલા. તપ એટલે મુનિપણું. આવું મુનિપણું. સ્વરૂપની રમણતાના આનંદની લહેરમાં જે પડ્યો હોય છે, એવું જે તપ એટલે મુનિ. એવું મુનિપણું. એનાથી **'સિદ્ધ થતા એવા કોઈ (અનુપમ) ધ્રુવ ફળને તું પામીશ.'** ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથે, આત્મા વીતરાગ કહ્યો, એના ગુણો પણ બધા વીતરાગી કહ્યા, અને એનો આશ્રય લઈને પ્રગટ થતી દશાઓ પણ વીતરાગી દશા છે. ત્રણે વીતરાગરૂપ થયા. એવું જે જિનમતનું કથન અથવા વાચ્ય જે છે, એવા મુનિપણાની દશા... આહાહા..! એક સેકન્ડ પણ મુનિની દશા. ભવ જળ તરણહાર. અંદરમાં વહાણ વેગે ચાલ્યું. મુક્તિના પ્રયાણમાં ચારિત્રનું વહાણ વેગે ચાલ્યું. આહાહા..! એકદમ પૂર્ણ પરમાત્માના સુખને પામીશ એમ કહે છે. જુઓને! આવા મુનિપણાથી સિદ્ધ થતાં, સાબિત થતાં ફળરૂપે આવતા **'એવા કોઈ (અનુપમ) ધ્રુવ ફળને તું પામીશ.'** જુઓ! પર્યાયને ધ્રુવ કીધી. એવી પર્યાય મળશે કે એ પર્યાય પછી ખસસે નહિ. એમ કહે છે. ચાર ગતિ તો ખસી જાય છે. દેવગતિ કહે, અમર કહે, અમર કહે એ પણ મરી જાય છે. ૩૩ સાગરે, ૩૧ સાગરે. એ તો લાંબો કાળ રહે માટે એને અમર કહેવાય. એ તો વ્યવહારે અમર છે. બહુ લાંબા આયુષ્યને... અમર તો ભગવાનઆત્માની મુક્તગતિ તે અમર છે. એને અહીંયા ધ્રુવ કહ્યું છે. કહો, ધ્રુવ, અચલ, અનુપમ આવ્યું ને? પહેલી ગાથા. એ શબ્દ વાપર્યો. સંતોની મર્યાદા છે ને? એમાંથી અને એમાંથી લઈને વાતું કરે છે. આહાહા..!

ભગવાનઆત્મા નિત્યાનંદ ધ્રુવ સ્વરૂપ એની એકાગ્રતા કરતાં, સ્વરૂપની રમણતારૂપ મુનિપણું પ્રગટ થતાં, એનાથી ચોક્કસ અને અનુપમ, જે પર્યાય પાછી ન ફરે, એવી દશા ધ્રુવ પર્યાયને પામીશ. સિદ્ધની પર્યાય કહો કે ધ્રુવ પર્યાય કહો એક જ વાત છે. ધ્રુવનો અર્થ, એ પર્યાય પાછી ફરીને સંસાર આવે એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'જિનમતકથિત તપથી...'** પાછું એમ. વીતરાગ ભગવાને પરમેશ્વરે કહેલું. અજ્ઞાનીઓ કહે આત્માને અને મોક્ષનો માર્ગ, એ વાત અજ્ઞાનીમાં સાચી હોય નહિ. બધી કલ્પિત વાતું હોય. આહાહા..! **'જિનમતકથિત...'** **'जिनमततपःसिद्धं यायाः फलं किमपि ध्रुवम् ।'** `**यायाः**' એટલે પામીશ ને? `**यायाः**' પામીશ. અહો..! અનાકુળ આનંદની મૂર્તિ, પ્રભુ! એવા આત્મામાં એકાગ્ર થઈને, જે વીતરાગ દશા, તારી સત્-દીક્ષા, એની આ સમિતિ એકાગ્રતા અંદરમાં, એ એની સખી છે. અને એવા અભિપ્રાય સહિત સ્થિરતા, ત્રિકાળી દ્રવ્યમાં દ્રવ્યદૃષ્ટિ સહિત સ્વરૂપમાં સ્થિરતા, વીતરાગી પરિણતિ, એનાથી તો તને ધ્રુવફળ મળશે. ફરવું પડે એવી ગતિ નહિ મળે, એમ કહે છે. ત્યાં ને ત્યાં થંભી રહીશ. એ સિદ્ધ ગતિની સાદિઅનંત પર્યાયમાં જ એમ ને એમ રહી જઈશ. આહાહા..!

જુઓને ... સવારમાં એક સસલું હતું ને? સસલાનું નાનું બચ્ચું હતું. આ હડફેટમાં આવી ગયું હશે. શું કહેવાય? નાનું આવડું હતું બિચારું. ભગવાન અંદરથી નીકળી ગયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવતો હતો ત્યાં સુધી આઉં... આઉં... આઉં... ક્યાં ધૂળમાં છે તું? આ તો માટી છે. આમ પડ્યું હતું. ખટારામાં ઘણાં મરી જાય છે. શિયાળ, ઉંદરડા, સર્પો, દેડકા. દેડકા બિચારાના ભૂક્કા બોલી જાય, પંખી, ... આહાહા..! સ્થિતિ પૂરી થાય ત્યારે પ્રભુ અંદરથી ચાલી નીકળે. શરીર અહીં પડ્યું રહે. હતું ત્યાં સુધી એ જ હું છું એમ માનતો હતો. કહે છે, કે વીતરાગભાવે શરીર છૂટે, એને ધ્રુવફળ મુક્તિ પામે એમ કહે છે. આ તો પોતાની માન્યતા ત્યાં હતી અને શરીર તો વયુ ગયું. શરીર છોડ્યું નથી છૂટી ગયું છે. આહાહા..! આવા ફળને પામીશ તું.

## શ્લોક-૯૦

(द्रुतविलंबित)

**समितिसंहतितः फलमुत्तमं**
**सपदि याति मुनिः परमार्थतः।**
**न च मनोवचसामपि गोचरं**
**किमपि केवलसौख्यसुधामयम्।।९०।।**

**[શ્લોકાર્થ :–] સમિતિની સંગતિ દ્વારા ખરેખર મુનિ મન-વાણીને પણ અગોચર (–મનથી અચિંત્ય અને વાણીથી અકથ્ય) એવું કોઈ કેવળસુખામૃતમય ઉત્તમ ફળ શીઘ્ર પામે છે. ૯૦.**

## શ્લોક-૯૦ ઉપર પ્રવચન

૯૦ મો કળશ.

**समितिसंहतितः फलमुत्तमं**
**सपदि याति मुनिः परमार्थतः।**
**न च मनोवचसामपि गोचरं**
**किमपि केवलसौख्यसुधामयम्।।९०।।**

આહાહા..! શું કહે છે? **શ્લોકાર્થ :– 'સમિતિની સંગતિ દ્વારા...'** ભાષા જુઓ! જેણે આત્મામાં વીતરાગતાની પર્યાય સાથે સંગતિ કરી છે. આહાહા..! જેણે રાગનો સંગ છોડી દીધો છે. **'સમિતિની સંગતિ દ્વારા ખરેખર મુનિ...'** આવા સંતો... આહાહા..! કેવળીના તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિરહ પડ્યા પણ એવા મુનિઓના વિરહ પડ્યા. આહાહા..! કહે છે, કે **'સમિતિની સંગતિ દ્વારા...'** રાગનો સંગ નહિ, નિમિત્તનો સંગ નહિ એમ કહે છે. શુદ્ધ ભગવાન પવિત્ર આનંદ, એના સંગ દ્વારા, એની સંગતિ.

મુમુક્ષુ :– વ્યવહારમાંથી નિશ્ચય કાઢે છે.

ઉત્તર :– હા, કાઢે છે ત્યારે ઓલાને ગોઠતું નથી. વ્યવહાર કહેવાનો હેતુ શું છે? નિશ્ચય છે, એને છોડીને ઠરવા માટે વ્યવહારનો હેતુ છે. ... મુનિ તો મુક્ત જ છે. પણ વિકલ્પ છે એટલી અસ્થિરતા છે. એને છોડીને સ્થિરતામાં જા. એ માટે વ્યવહાર જણાવે છે. એ વ્યવહાર આવે એ જણાવે તો ખરા ને. જ્ઞાન તો કરાવે ને. જાણેલો પ્રયોજનવાન છે.

**'સમિતિની સંગતિ દ્વારા...'** ઓલા આમાંથી વ્યવહાર સમિતિ લઈ લે. એય..! અહીં તો સમિતિની સંગતિ અંદર વીતરાગ પરિણતિનો પરિચય, એની સંગતિ. આહાહા..! એ વાતને પણ સાંભળતા એને પ્રમોદ આવે એવી ચીજ છે આ તો. આહાહા..! **'સમિતિની સંગતિ દ્વારા...'** 'પદ્મપ્રભમલધારિદેવે'એ પણ વ્યવહારના સ્થાનમાં નિશ્ચય વસ્તુ આદરણીય તો એ જ છે. વ્યવહાર આવે છે એ જાણવાલાયક છે. આવું હોય છે. વ્યવહાર જ્યારે વિકલ્પ હોય છે ત્યારે હોય છે, બસ એટલું.

**'ખરેખર મુનિ મન-વાણીને પણ અગોચર...'**આહાહા..! મનના વિકલ્પને અને વાણીથી અગમ્ય એવી ચીજ. **'(-મનથી અચિંત્ય અને વાણીથી અકથ્ય)...'** એમ બે અર્થ કર્યા. મનથી તો અચિંત્ય છે. મનથી જણાય એવી ચીજ નથી. આહાહા..! વાણીથી અકથ્ય છે. શું કહે એને? પુણ્ય-પાપના રાગ રહિત વીતરાગ પરિણતિ, એ વીતરાગ પરિણતિને શું કહેવું? દાખલો આપો કાંઈક કહે છે લ્યો. દાખલો શું પણ આમાં? વસ્તુ વીતરાગ... રાગથી છૂટીને એમાં એકાગ્ર થવું, એનું નામ વૈરાગ્ય પરિણતિ છે. એનું નામ મનથી અચિંત્ય અને વાણીથી અકથ્ય. **'એવું કોઈ...'** એવું કોઈ, આહાહા..! એમ કે અલૌકિક. **'કેવળસુખામૃતમય...'** આહાહા..! આવી રમણતા દ્વારા ભગવાન તને કેવળસુખામૃત. એકલો સુખ અને અમૃતનો સાગર, એવું **'ઉત્તમ ફળ...'** તું પામીશ. તે પણ **'શીઘ્ર પામે છે.'** પાછો. એમ. જલ્દી પામે એમાં ક્રમબદ્ધ ક્યાં ગયું? એનો અર્થ કે આવું હોય એને અલ્પકાળમાં ક્રમમાં એ જ મુક્તિ થાય એમ કહે છે. આવી દશા જેને અંદર હોય, એને અલ્પકાળમાં એના ક્રમમાં મુક્તિ આવે જ, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'કોઈ કેવળસુખામૃતમય ઉત્તમ ફળ...'** તે પણ સપદિ. સપદિ છે ને? ભાષા તો ઘણી બધી આવી છે, હોં! **'શીઘ્ર પામે છે.'** આહાહા..! આવી ચારિત્રની સમ્યગ્દર્શનજ્ઞાન સહિતની રમણતા, એને તો મુક્તિ અલ્પકાળમાં પ્રાપ્ત થશે. સંસારનો અલ્પકાળમાં અંત આવશે. સમિતિની વ્યાખ્યા કરતા સમિતિનો ભાવસમિતિનો પ્રમોદ અને એનું ફળ બતાવ્યું, લ્યો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૬૬

कालुस्समोहसण्णारागद्दोसाइअसुहभावाणं।
परिहारो मणुगुत्ती ववहारणयेण परिकहियं।।६६।।

कालुष्यमोहसंज्ञारागद्वेषाद्यशुभभावनाम्।
परिहारो मनोगुप्तिः व्यवहारनयेन परिकथिता।।६६।।

व्यवहारमनोगुप्तिस्वरूपाख्यानमेतत्।

क्रोधमानमायालोभाभिधानैश्चतुर्भिः कषायैः क्षुभितं चित्तं कालुष्यम्। मोहो दर्शनचारित्रभेदाद् द्विधा। संज्ञा आहारभयमैथुनपरिग्रहाणां भेदाच्चतुर्धा। रागः प्रशस्ताप्रशस्तभेदेन द्विविधः। अशह्यजनेषु वापि चासह्यपदार्थसार्थेषु वा वैरस्य परिणामो द्वेषः। इत्याद्यशुभपरिणामप्रत्ययानां परिहार एव व्यवहारनयाभिप्रायेण मनोगुप्तिरिति।

---

કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના
પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬.

અન્વયાર્થ :– [ कालुष्यमोहसंज्ञारागद्वेषाद्यशुभभावानाम् ] કલુષતા, મોહ, સંજ્ઞા, રાગ, દ્વેષ વગેરે અશુભ ભાવોના [ परिहारः ] પરિહારને [ व्यवहारनयेन ] વ્યવહારનયથી [ मनोगुप्तिः ] મનોગુપ્તિ [ परिकथिता ] કહેલ છે.

ટીકા :– આ, વ્યવહાર [1]મનોગુપ્તિના સ્વરૂપનું કથન છે.

ક્રોધ, માન, માયા અને લોભ નામના ચાર કષાયોથી ક્ષુબ્ધ થયેલું ચિત્ત તે કલુષતા છે. દર્શનમોહ અને ચારિત્રમોહ એવા (બે) ભેદોને લીધે મોહ બે પ્રકારે છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એવા (ચાર) ભેદોને લીધે સંજ્ઞા ચાર પ્રકારે છે. પ્રશસ્ત રાગ અને અપ્રશસ્ત રાગ એવા (બે) ભેદને લીધે રાગ બે પ્રકારનો છે. અસહ્ય જનો પ્રત્યે અથવા અસહ્ય પદાર્થસમૂહો પ્રત્યે વૈરનો પરિણામ તે દ્વેષ છે.–ઇત્યાદિ

---

૧ મુનિને મુનિત્વોચિત શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) મન-આશ્રિત, વચન-આશ્રિત કે કાય-આશ્રિત શુભોપયોગ તેને વ્યવહાર ગુપ્તિ કહેવામાં આવે છે, કારણ કે શુભોપયોગમાં મન, વચન કે કાય સાથે અશુભોપયોગરૂપ જોડાણ નથી. શુદ્ધપરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે. તે શુભોપયોગ તો વ્યવહારગુપ્તિ પણ કહેવાતો નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[૨]અશુભપરિણામપ્રત્યયોનો પરિહાર જ (અર્થાત્ અશુભપરિણામરૂપ ભાવપાપાસ્રવોનો ત્યાગ જ) વ્યવહારનયના અભિપ્રાયથી મનોગુપ્તિ છે.**

---

**પ્રવચન નં. ૬૮, શ્લોક-૯૧, ગાથા-૬૬-૬૭, બુધવાર, અષાઢ સુદ ૧૪, તા.૭-૭-૧૯૭૧**

---

**કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના**
**પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬.**

**ટીકા :– 'આ વ્યવહાર મનોગુપ્તિના સ્વરૂપનું કથન છે.'** નીચે નોટ. વ્યવહારચારિત્રનો અધિકાર છે ને? જેને અંતરમાં આત્મદર્શન, શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વરૂપ, એનું જેને અંતરમાં ભાન થઈ ગયું છે, એ ઉપરાંત સ્વરૂપમાં જેની સ્થિરતા, ચારિત્રની કેટલીક સ્થિરતા થઈ છે. એને આવી મનોગુપ્તિ વ્યવહારે હોઈ શકે છે. મનોગુપ્તિનો વિકલ્પ છે. **'મુનિને મુનિત્વોચિત...'** નોટમાં. મુનિની વ્યાખ્યા છે. વાસ્તવિક મુનિપણું કેવું હોય, એમાં વ્યવહાર કેવો હોય. અંતર સ્વરૂપ જેણે આનંદ સ્વરૂપની પ્રાપ્તિ કરી છે. સમ્યગ્દર્શનમાં આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ (છે) એવી આત્માની ઉપલબ્ધિ–પ્રાપ્તિ કરી છે. એ ઉપરાંત સ્વરૂપમાં શાંતિ અને સ્થિરતાની જાગૃતિ કેટલીક થઈ છે. એને અશુભથી ગોપવીને શુભભાવ થાય, એને વ્યવહાર મનોગુપ્તિ કહે છે. આટલી શરતો સહિત.

એ **'મુનિને મુનિત્વોચિત...'** એને લાયક **'શુદ્ધપરિણતિની સાથે વર્તતો...'** એટલે કે આત્મા પવિત્ર આનંદ છે, એની અવસ્થા પરિણતિ શુદ્ધ તો થઈ છે. સમ્યગ્દર્શનમાં પણ આત્મા આનંદ છે એની શુદ્ધ અવસ્થા થોડી થઈ છે. મુનિને વિશેષ શુદ્ધ દશા થઈ છે. આનંદ અને શાંતિની પવિત્રતા એને ઘણી પરિણમી ગઈ છે. આહાહા..! એની **'સાથે વર્તતો...'** એવી શુદ્ધ દશાની સાથે રહેતો **'(હઠ વગરનો) મન-આશ્રિત,...'** ભાવ શુભોપયોગ. **'વચન-આશ્રિત કે કાય-આશ્રિત શુભોપયોગ...'** રાગ. **'શુભોપયોગ તેને વ્યવહાર ગુપ્તિ કહેવામાં આવે છે,...'** લ્યો. વ્યવહારગુપ્તિ, વચનગુપ્તિ, મનને અશુભથી ગોપવ્યું છે અને શુભમાં પ્રવર્તે છે.

**'કારણ કે શુભોપયોગમાં મન, વચન કે કાય સાથે અશુભોપયોગરૂપ જોડાણ નથી.'** એમ. એટલે ગુપ્તિ એમ કહે છે. શુભરાગમાં અશુભરાગ નથી. શુદ્ધ પરિણતિ ન હોય, જ્યાં આગળ આત્માની પવિત્રતા શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિરૂપ પરિણમન ન હોય, એનો શુભોપયોગ જે હોય એ હઠ સહિત હોય છે. તે શુભોપયોગ વ્યવહારગુપ્તિ પણ કહેવાતી નથી. આહાહા..! શું કહ્યું? કે વ્યવહારગુપ્તિ એને કહેવાય, કે જેને આત્માનો આનંદ અને

---

**૨ પ્રત્યયો = આસ્રવો; કારણો. (સંસારના કારણોથી આત્માનું ગોપન-રક્ષણ કરવું તે ગુપ્તિ છે. ભાવપાપાસ્રવો તેમ જ ભાવપુણ્યાસ્રવો સંસારના કારણો છે.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન અને પવિત્રતાની પ્રભુતા શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિમાં પરિણમી છે. સ્વભાવને આશ્રયે વીતરાગી પરિણતિ, વીતરાગી અવસ્થા થઈ છે. એને હઠ વિનાનો અશુભથી ગોપનરૂપ મનનો શુભભાવ, એને વ્યવહારગુપ્તિ કહેવામાં આવે છે. પણ જેને એ શુદ્ધ પરિણતિનો અનુભવ જ નથી, આત્મા આનંદની શુદ્ધ પરિણતિ જ જેને પ્રગટ થઈ નથી, એવા અજ્ઞાનીના શુભભાવને હઠવાળો એ તો શુભભાવ છે. એથી એને વ્યવહારગુપ્તિ પણ કહેવામાં આવતી નથી. આહાહા..! ભારે શરતો. આવો માર્ગ છે, ભાઈ! એને શું માર્ગ છે એવું જાણવું એણે તો પડશે ને? કેમ કે આત્માનું સમ્યગ્દર્શન, આત્મજ્ઞાન અને એનું ચારિત્ર એ મુક્તિનું કારણ છે. સ્વરૂપમાં રમણતા, આનંદમાં રમણતા, ચરવું, રમવું, જમવું, આનંદનો અનુભવ કરવો, એવું જે ચારિત્ર હોય છે, એને સાચું ચારિત્ર અને મુક્તિનું કારણ કહે છે. એવી ચારિત્ર દશામાં શુદ્ધોપયોગરૂપ પરિણમન જ્યારે ન હોય, ત્યારે એને આવું અશુભથી ગોપનરૂપ શુભના ભાવરૂપ શુભોપયોગરૂપ મન વ્યવહારે ગુપ્તિ કહેવાય છે. ચેતનનો અરૂપી મધુર જેનો આનંદ સ્વાદ છે. આહાહા..! આવે છે ને? એ નીચે નોટની વ્યાખ્યા થઈ.

હવે **'ક્રોધ, માન, માયા અને લોભ નામના ચાર કષાયોથી ક્ષુબ્ધ થયેલું ચિત્ત તે કલુષતા છે.'** પહેલા કલુષતાની વ્યાખ્યા છે. મલિન પરિણામ. ક્રોધ, માન, કપટ અને લોભ એ ચાર કષાયથી કંપાયમાન, અસ્થિર થયેલી ક્ષુબ્ધતા એવું ચિત્ત, એને કલુષતા કહે છે. વ્યાખ્યા કરે છે. એ કલુષતા તો અશુભભાવ છે, એને છોડવો. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના કેટલાક ભાવ સહિત આવા કલુષભાવને મનમાં છોડવા અને શુભભાવનું થવું, એને મનની વ્યવહારગુપ્તિ કહેવામાં આવે છે.

પછી **'દર્શનમોહ અને ચારિત્રમોહ એવા (બે) ભેદોને લીધે મોહ બે પ્રકારે છે.'** આમ જુઓ તો ચારિત્રના ભાગમાં કોઈપણ રાગ નથી એમ કહ્યું. દર્શનમોહ અને ચારિત્રમોહ બે એમાં આવી ગયા. શુભ અને અશુભરાગ બન્ને એમાં આવી જાય છે. પણ એની વ્યાખ્યા લેવી. અને ચારિત્રમોહમાં તો રાગ શુભ પણ આવી જાય અને અશુભ પણ આવી જાય. હવે એ બેની નિવૃત્તિ તો નિશ્ચય મનોગુપ્તિ થઈ. પણ એમાંથી અશુભનો ત્યાગ લેવો. શૈલી તો એ બધી છે. રાગ દોષાદિ અશુભભાવન. એટલે ટીકા પણ એવી જાતની કરી છે. એમાંથી અશુભભાવ એમ નથી. એ અશુભભાવન એમ છે. એવા જે અશુભભાવ, એને છોડવા. છોડવું ને એ બધો વ્યવહાર છે ને?

**'આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એવા (ચાર) ભેદોને...'** એ તો અશુભભાવ જ છે. એ ચાર તો અશુભભાવ જ છે. ચારિત્રમોહમાં તો હજી શુભરાગ પણ આવી જાય. પણ એમાંથી અશુભરાગને છોડવો અને શુભરાગમાં રહેવું એને અહીંયા વ્યવહાર મનોગુપ્તિ કહે છે. રહેવું એટલે છે, એમ. આહાહા..! એક કોર સમ્યગ્દષ્ટિ શુભ-અશુભરાગથી મુક્ત છે. આત્મા જ્ઞાનાનંદ છે એવું ભાન થતાં સમ્યગ્દષ્ટિ શુભ-અશુભ વિકલ્પથી તો ભિન્ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ છે. પણ અહીંયા ચારિત્રની અપેક્ષાએ અસ્થિરતાનો જે ભાવ, એના બે ભાગ. શુભની અને અશુભની. એ અશુભની અસ્થિરતા છોડીને શુભમાં હોય છે. જ્ઞાન કરે છે કે આ ભાવ છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે ને? એને અહીંયા વ્યવહારે મનોગુપ્તિ કહેવામાં આવે છે.

**'આહારસંજ્ઞા,...'** હોં! આહાર કરવાનો વિકલ્પ છે એ સંજ્ઞા નથી. આહાર કરવાનો વિકલ્પ છે એ સંજ્ઞા નથી. આ તો અશુભભાવ છે. મુનિને તો આહાર લેવાની વૃત્તિ હોય છે. આમ તો શાસ્ત્ર ના પાડે કે અશુભભાવ તો એને હોય જ નહિ. એટલે આહારસંજ્ઞા એ તો ગૃદ્ધિ બતાવે છે. એ ગૃદ્ધિ એને હોતી નથી. આહાર લેવાનો ભાવ એ આહારસંજ્ઞા છે એમ નથી. સમજાણું કાંઈ?

**'પ્રશસ્તરાગ અને અપ્રશસ્ત રાગ એવા (બે) ભેદને લીધે રાગ બે પ્રકારનો છે.'** એક શુભરાગ અને એક અશુભરાગ. એમાંથી અશુભરાગને છોડવો અને શુભરાગમાં વ્યવહાર કહેવાય એને મનોગુપ્તિ કહેવામાં આવે છે. અહીં તો એમ કહે છે, ઇત્યાદિ બધાને છોડવું. એ બધા અશુભપરિણામ છે. ધ્વનિ તો ઇ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમ ગોટા ન ચાલે. અહીં તો પાઠ તો ચોખ્ખો છોડવું એમ કહે છે. પણ એનો અર્થ આટલો કરવો. અશુભ છોડવું અને શુભમાં હોય એટલી વાત. બસ. વાત હોય એમ આવે ને? આડીઅવળી કાંઈ થાય? પાઠ એવો છે ને? જુઓને. એમાં એમ ક્યાં કીધું **'रागद्दोसाइअसुहभावाणं'** એમ શબ્દ છે ને? ચોખ્ખો પાઠ છે. પણ એમાંથી આમ લેવું. એમાં જે અશુભભાવ છે, એને છોડવો એટલી વાત. પાઠ પાછો વ્યવહાર છે ને? પાઠ પાછો વ્યવહારનય અને 'વ્યવહારનયેણં પરિકહીયં' એમ. એનો અર્થ કે અશુભને છોડતા શુભ રહે છે. એને વ્યવહારે મનોગુપ્તિ છે. બસ, આટલી જ વાત છે. એમાં કાંઈ બીજું આડુઅવળું ચાલે એવું નથી. સમજાણું કાંઈ? એ રાગના બે પ્રકાર પાડ્યા. એટલું અહીંયા લેવું જોઈએ. પણ એ બન્ને છોડ્યા છે. બન્ને છોડે તો તો નિશ્ચય મનોગુપ્તિ થઈ જાય. અહીં પાઠ વ્યવહારનયનો છે. એમાં જે બંધબેસતું હોય એનો અર્થ થવો જોઈએ ને.

દ્વેષની વ્યાખ્યા. **'અસહ્યજનો પ્રત્યે...'** એવા મનુષ્ય હોય કે આમ આકરી ગાળ્યું દે, માર મારે, એવા પ્રત્યેનો દ્વેષ, એવા પ્રત્યે એને વેરના પરિણામ દ્વેષ, એ છોડી દેવો. એવા મનુષ્ય હોય છે ને? એવી ગાળ્યું દે, વીંછીના ડંખ જેવા મારે. આંકડા મારે એવા આકરા શબ્દો કહે. એનો દ્વેષ ન કરવો. છતાં એના પ્રત્યે દ્વેષ, વેરના પરિણામ ન થાય. **'અથવા અસહ્ય પદાર્થસમૂહો પ્રત્યે..'** બે. અસહ્ય જનો અને અસહ્ય પદાર્થ. બહારમાં સહન ન થાય એવા કાંટા, લોઢાના પતરા, કેટલાક હોય છે ને? જમીનમાં અંદર પથરો ચોંટેલો હોય. હવે એક ઠેબુ વાગે, એ તો ઉખડે નહિ અને અહીં છોલું પાડે. પછી ઓલા ઉપર દ્વેષ કરે. જમીનમાં ઊંડો પથરો ચોંટેલો હોય ને? બહારમાં જરીક નીકળેલો હોય. એ જરા આમ ઠેબુ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મારે તો નીકળી જાય. શું નીકળે? એ તો ઊંડો હોય ને. અંગુઠે મારવા જાય તો અંગુઠો છોલાય. એ પદાર્થ પ્રત્યે દ્વેષ કરે એમ કહે છે. કાંટા હોય છે, જુઓને! આ બાવળના, શું કહેવાય આ ગોરડના. એવા ચુંભે કે એ બાવળના કાંટા ઉપર દ્વેષ કરે. કહે છે, મુનિ એવા દ્વેષનો ત્યાગ કરે.

**'વૈરનો પરિણામ તે દ્વેષ છે.—ઇત્યાદિ...'** પાઠ છે ખરો ને એટલે એ પ્રમાણે જ ટીકા કરી છે. **'અશુભપરિણામપ્રત્યયોનો....'** અશુભપરિણામરૂપી આસ્રવોનો પરિહાર. એમાંથી એટલું લેવું. સમ્યગ્દર્શન શુદ્ધ છે, ત્રણ કષાયના અભાવનું ચારિત્ર પણ શુદ્ધ છે, એની ભૂમિકામાં એને અશુભથી છૂટીને યોગ્ય શુભરાગ હોય છે. તેને અહીંયા મનોગુપ્તિ વ્યવહારે કહે છે. પાઠ એમ લીધો ને. **'दोसाइअसुहभावाणं' 'परिहारो ववहारणयेण परिकहियं'** પાઠ પોતે આમ બોલે છે. ટીકા પછી એ પ્રમાણે કરવી પડે ને? પણ એનો અર્થ આમ લઈ લેવો.

પછી અર્થ કર્યો છે. **'(અર્થાત્ અશુભપરિણામરૂપ ભાવપાપાસ્રવોનો ત્યાગ જ)'** અશુભપરિણામ ભાવપાપાસ્રવો. પૂર્ણ આસ્રવનો ત્યાગ થઈ જાય તો તો નિશ્ચયગુપ્તિ થઈ જાય. પાપના પરિણામનો ત્યાગ, સ્વરૂપની દૃષ્ટિ અને ચારિત્રની ભૂમિકામાં, અને શુભ પરિણામનો ભાવ આવે, એને વ્યવહારનયના અભિપ્રાયથી મનોગુપ્તિ કીધી છે. લ્યો. હવે જરી નીચે એનો અર્થ જોઈએ તો નીચે આવશે. પાઠ અશુભ પરિણામ પ્રત્યયોનો પરિહાર છે. હવે નીચે અર્થમાં પાછા પાપ-પુણ્યાસ્રવ પણ નાખ્યા છે.

**'પ્રત્યયો (એટલે) આસ્રવો; કારણો. (સંસારના કારણોથી આત્માનું ગોપન-રક્ષણ કરવું તે ગુપ્તિ છે.'** આ નિશ્ચયનો અર્થ છે. **'ભાવપાપાસ્રવો તેમ જ ભાવપુણ્યાસ્રવો સંસારના કારણો છે.'** બેથી ગોપન તે નિશ્ચયગુપ્તિ છે અને પાપાસ્રવથી ગુપ્તિ એ વ્યવહારગુપ્તિ છે. આહાહા..! લોકોને શાસ્ત્રનો અભ્યાસ ઘટી ગયો છે. અને એ વિના બધું માંડ્યું. વાસ્તવિક તત્ત્વ શું છે? કઈ રીતે પરિણામ છે? શુભ શું છે? શુદ્ધ શું છે? ત્રિકાળી શુદ્ધ શું છે? એના વાસ્તવિક દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાન વિના એમ ને એમ ચાલી નીકળે, ચારિત્ર અને દીક્ષા, દખ્યા છે. એ બિચારા દખ્યા છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની કેટલી સ્પષ્ટ વાત છે!

ભાવપુણ્યાસ્રવ અને ભાવપાપાસ્રવ બન્ને બંધના કારણો છે. એ બન્નેને છોડે તો નિશ્ચયગુપ્તિ કહેવાય. સમ્યગ્દર્શન તો છે, સમ્યગ્જ્ઞાન છે, ત્રણ કષાયના અભાવનું ચારિત્ર પણ છે. એમાં પાપના પરિણામ છોડે તો વ્યવહાર ગુપ્તિ કહેવાય. અને પુણ્ય-પાપ છોડીને સાતમી ભૂમિકામાં જાય તો નિશ્ચયગુપ્તિ કહેવાય. ભારે! દીક્ષા લે એટલે એને છકાયના બોલ અને નવતત્ત્વ ને એવું શીખવા માંડે. દંડકની ગતાગતિ. એનું પણ કેટલાકને ઠેકાણું ન મળે. અમારે એક 'અંજવાળીબાઈ' હતા. 'ઉમરાળા'ના ભાવસાર. 'અંજવાળીબાઈ' હતા. 'બરવાળા'માં દીક્ષા નહોતી લીધી? 'અંજવાળીબાઈ' હતા. વ્યાખ્યાન બહુ કરે. અને લોકો બિચારા આ ભોઠ જેવા હોય. આ વાણિયા અત્યારના શું છે? 'ગઢડા'માં. એની આઠ વર્ષની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દીક્ષા. એમાં હું દુકાન છોડીને ત્યાં આઠ મહિના રહ્યો હતો. પછી એને ત્યાં તો ગોરાણ્યુ, દિવાળીબાઈ, ઓલા વિશાશ્રીમાળી હતા ને તમારા નાગનેશના છે. વીસાશ્રીમાળી. અપાસરાની બહાર દુકાન હતી. એના ગોરાણી હતા. એ બિચારાને કાંઈ આવડે નહિ. આઠ વર્ષની દીક્ષા. (સંવત) ૧૯૬૦માં દીક્ષા લીધી. ૧૯૬૯માં હું ગયો. એટલે એ .. કહે, ભાઈ! 'કાનજીભાઈ'! આમને ગતિના બોલો શીખવો. હવે ઓલી આઠ વર્ષથી વ્યાખ્યાન વાંચે. ગતાગતિના બોલ. થોકડો આવે છે ને? એ તો અમે પહેલા ૧૯૬૮માં શીખેલા. એટલે ૧૯૬૯માં આઠ મહિના રહ્યા હતા. પછી જો નીચે બેઠ કહે, .. ગોરાણી કહે. 'કાનજીભાઈ' નીચે બેસે તું નીચે બેસ. શીખવું છે તો કાંઈ તું પાટે બેસ અને આ નીચે બેસે એમ શીખાય? ભાવસાર હતા. 'અંજવાળીબાઈ' હતા. અમારા ગામના હતા. 'ઉમરાળા'ના હતા. સંઘવી ભાવસાર હતા. 'પોરબંદર' રહેતા. એના મોટાભાઈની વહુ. પણ આઠ વર્ષે તો ગતાગતિના થોકડા મારી પાસે શીખ્યા. જુઓ! આ કેટલું ચાલે છે આ સંપ્રદાયમાં. ઓહો..હો..! મને એ વખતે એમ લાગ્યું હતું, પણ આ વાંચે છે. કેમ વાંચે, કેવું વાંચે, એ બોલ શીખેલા હોય. ઓલું શું કહેવાય? અળાવા... .. જુદા કાઢેલા હોય. ...ના બોલ હોય ને એમાંથી લે. ... એ શીખ્યા હોય એ વાંચે. હવે ગતાગતિની ખબર ન મળે. ક્યાંથી કોણ જાય. આઠ વર્ષની વાત છે. એને મૂળ વાત એવી થઈ ગઈ કે બસ લૂંગડા ફેરવો અને થઈ જાવ ત્યાગી. તત્ત્વ શું છે હજી. શ્રદ્ધા-જ્ઞાન તો એક કોર રહ્યું, પણ વ્યવહારુ જ્ઞાન આ જીવ ક્યાં જાય અને ક્યાંથી આવે અને શું થાય. એની ખબર ન મળે.

અહીં કહે છે, **'વ્યવહારનયના અભિપ્રાયથી મનોગુપ્તિ છે.'** એમ કીધું ને? પાઠમાં એમ છે ને. અભિપ્રાય વધારે નાખ્યો. **'व्यवहारनयाभिप्रायेण'** આહાહા..! સમ્યગ્દર્શન આત્માના ભાનપૂર્વક સાચું ચારિત્ર વર્તતું હોય, એને શુદ્ધોપયોગનો જ્યારે અભાવ હોય ત્યારે એને આવો શુભભાવ હોય છે. એને વ્યવહાર મનોગુપ્તિ કહેવામાં આવે છે. એ શુભથી પણ છૂટીને શુદ્ધોપયોગમાં રમે, એ તો નિશ્ચય મનોગુપ્તિ થઈ ગઈ. આ વ્યવહાર મનોગુપ્તિ આસ્રવનું કારણ છે. એનાથી પુણ્યાસ્રવ આવે. મનને અશુભથી ગોપવવું એનાથી પુણ્યાસ્રવ આવે. ધર્મ નહિ. આહાહા..!

## શ્લોક-૯૧

(**वसंततिलका**)

**गुप्तिर्भविष्यति सदा परमागमार्थ-**
**चिंतासनाथमनसो विजितेन्द्रियस्य।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**बाह्यान्तरङ्गपरिषङ्गविवर्जितस्य**
**श्रीमज्जिनेन्द्रचरणस्मरणान्वितस्य।।९१।।**

**[હવે ૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ ]**

**[શ્લોકાર્થ :–] જેનું મન પરમાગમના અર્થોના ચિંતનયુક્ત છે, જે વિજિતેંદ્રિય છે (અર્થાત્ જેણે ઇન્દ્રિયોને વિશેષપણે જીતી છે), જે બાહ્ય તેમ જ અભ્યંતર સંગ રહિત છે અને જે શ્રીજિનેંદ્રચરણના સ્મરણથી સંયુક્ત છે, તેને સદા ગુપ્તિ હોય છે. ૯૧.**

## શ્લોક–૯૧ ઉપર પ્રવચન

**'[હવે ૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ ]'**

૯૧મો શ્લોક.

**गुप्तिर्भविष्यति सदा परमागमार्थ-**
**चिंतासनाथमनसो विजितेन्द्रियस्य।**
**बाह्यान्तरङ्गपरिषङ्गविवर्जितस्य**
**श्रीमज्जिनेन्द्रचरणस्मरणान्वितस्य।।९१।।**

વ્યવહાર નાખ્યો છે લ્યો.

જે મુનિ. સમ્યગ્જ્ઞાની, સમ્યગ્દર્શની, સમ્યક્ચારિત્રી **'જેનું મન પરમાગમના અર્થોના ચિંતનયુક્ત છે,'** ભાષા જોઈ? પરમાગમ. સર્વજ્ઞે કહેલા. પરમેશ્વર ત્રિલોકનાથે કહેલા પરમ આગમો. સમજાણું કાંઈ? એમાં **'જેનું મન પરમાગમના અર્થોના ચિંતનયુક્ત છે,...'** છે શુભ વિકલ્પ. જુઓ! ભગવાનના નહિ કહેલા એવા શાસ્ત્રો, એની અહીં વાત નથી લીધી. કારણ કે એની વસ્તુની દૃષ્ટિ જ ખોટી છે. પરમાગમ. લ્યો. આપણે આનું નામ પણ પરમાગમ મંદિર છે ને? કો'ક પૂછતું હતું કાલે ક્યારે થશે? શી ખબર પડે ક્યારે થશે. આપણને શી ખબર પડે આમાં ક્યાં ઠેકાણું છે. ૨૦ મહિના થઈ ગયા. 'વજુભાઈ' શું કરે અંદર બળતા હોય તો પણ. એ કો'ક પૂછતું હતું કાલે. બે વર્ષે થાશે? થાય ત્યારે ખરું. પણ આ પરમાગમ આવ્યું ને?

**'પરમાગમના અર્થોના ચિંતનયુક્ત...'** એ સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત, ચારિત્ર સહિત, એને શુભ વિકલ્પ અને શુભરાગ (આવે એ) વ્યવહાર મનોગુપ્તિ કહેવામાં આવે છે. શાસ્ત્રનું ચિંતવન, શાસ્ત્રનું વાંચન, શાસ્ત્રમાં મનને રોકે, એનું નામ શુભભાવ છે. મુનિને પણ. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત હોય એને. જેને ખોટા આગમની શ્રદ્ધા છે, એ આગમના ખોટા સાધુની શ્રદ્ધા છે, એને તો દર્શન જ જ્યાં સાચું નથી, ત્યાં ચારિત્ર તો હોતું નથી. તેથી એને મનોગુપ્તિ વ્યવહારે પણ હોતી નથી. આહાહા..! શરતું ભારે, ભાઈ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જેનું મન...'** વીતરાગ પરમેશ્વરે કહેલા પરમાગમ, એની ચિંતા, એના અર્થોની વિચારણામાં રોકાય છે, એ શુભભાવ છે. એ શુભભાવ છે. હવે ઓલામાં એમ કહ્યું કે સ્વાધ્યાય કરે તો અસંખ્યગુણી નિર્જરા થાય. એય..! 'ધવલ'માં. એ નાખે ઓલો મોઢા આગળ. આવે છે કે નહિ? 'ધવલ'માં એમ આવે છે. અહીં કહે છે, એ પરમાગમનું ચિંતવન કરે એ શુભભાવ છે એમ કહે છે. ત્યાં તો અંદર આનંદસ્વરૂપમાં ધ્યેયમાં એકાગ્રતા છે, એને લક્ષે સ્વાધ્યાય કરે છે. વિકલ્પથી ભલે હો, પણ જોર છે સ્વભાવ સન્મુખનું. એને લઈને નિર્જરા થાય છે. આ શુભભાવ તો ચિંતવન છે. પરમાગમનો વિચારણાનો વિકલ્પ છે. લ્યો. લોકો એ નાખે. આ લોકો કહે આ નાખે અને ઓલું અમારું નાખતા નથી, વળી એમ કહે. ભાઈ! સંભારીએ છીએ નથી નાખતા ક્યાં? એય..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પરમાગમમાં ક્યાંક કીધું છે. સ્વાધ્યાય કરતા અસંખ્યગુણી નિર્જરા કીધી છે. અહીં પરમાગમનું ચિંતવન કરતાં શુભભાવ કીધો છે. ઓલું તો સ્વાધ્યાયમાં સ્વનો આશ્રય છે, એને લક્ષે, શુદ્ધિને લક્ષે થાય છે. એ તો 'પ્રવચનસાર'માં ન કહ્યું? જ્ઞાનને લક્ષે જ્ઞેયોનું જ્ઞાન કરવું. આવે છે ને? ભાઈ! 'પ્રવચનસાર' જ્ઞાન અધિકાર પૂરો થઈ ગયો. ... અંતરમાં આત્માનું જ્ઞાન થયું છે, એને લક્ષે હવે જ્ઞેયો. છ દ્રવ્ય આદિનું લે છે. અહીંયા દર્શનનો અધિકાર છે. જ્ઞેય અધિકાર કહો, દર્શન અધિકાર કહો. એનું વાંચન, શ્રવણમાં ઉપયોગ જોડાય છે આત્મામાં. એની પ્રતીતિથી આત્માનું ચિંતવન, શાસ્ત્રનું ચિંતવન કરે છે, તો એને સ્વના આશ્રયથી નિર્જરા થાય છે. અહીં પરનો એકલો વિકલ્પ છે એટલી વાત લેવી છે.

**'જેનું મન પરમાગમના અર્થોના ચિંતન...'** શું કહે છે? એવા અર્થો, શબ્દોનો ભાવ, વિચારવામાં મન (રોકાય).

મુમુક્ષુ :– તો મુનિઓને અર્થ નહિ આવડતો હોય?

ઉત્તર :– આવડે છે પણ વિશેષ, સ્વાધ્યાય કરતા વિશેષ છે કે નહિ? .. આવે છે ને. ગમે તેટલું હોય, સર્વાર્થસિદ્ધના દેવ ૩૩-૩૩ સાગર સુધી સ્વાધ્યાય કરે છે, લ્યો.

મુમુક્ષુ :– એ તો ચોથા ગુણસ્થાને.

ઉત્તર :– ચોથા ગુણસ્થાને. છતાં એનો પાર નથી આવતો. એવો સ્વાધ્યાય. ૩૩ સાગર કોને કહે? એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, અને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ. એક પલ્યના અસંખ્યમા ભાગમાં. એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્યાતા અબજ વર્ષ. એવો એવો અસંખ્યગુણો પલ્યોપમ, એવા દસ ક્રોડા ક્રોડીનો એક સાગરોપમ, એવી ૩૩ સાગરની સ્થિતિ સર્વાર્થસિદ્ધના દેવની છે. અત્યારે એકાવતારી છે. સ્વર્ગના દેવ સર્વાર્થસિદ્ધમાં છે. ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષે જવાના છે. એ ૩૩ સાગર સુધી સ્વાધ્યાય કરે. શુભ વિકલ્પ. ત્યાં એને કાંઈ બાયડી નથી, વેપાર નથી. આહાહા..! દેવો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભેગા થઈ સ્વાધ્યાય કર્યા કરે, ચર્ચા, વાર્તા. બાયડી નહિ, છોકરા નહિ, ધંધો નહિ, દુકાન નહિ, તાર-ટપાલ નહિ, વકીલાતનું ભણતર નહિ. વકીલાતના કાયદા કાઢવા એ કાંઈ ત્યાં છે? આહાહા..! તો પણ અંતે અંદર જઈ મુનિ થશું અને વીતરાગતા પ્રગટ કરીને શ્રેણી કરશું ત્યારે કેવળ થશે. આ કારણે કેવળ થશે નહિ. આહાહા..!

અહીં તો શુભભાવ સિદ્ધ કરવો છે ને? એ શુભભાવ છે. એમ. એકાવતારી છે. એક ભવે મોક્ષ જનારા સંખ્યાતા દેવ સર્વાર્થસિદ્ધમાં છે. મુનિ હતા ભાવલિંગી સંત, એ ત્યાં જાય. એકલા સમકિતી ન જઈ શકે. સમકિત સહિત ચારિત્ર હોય, એવા ત્યાં એકાવતારી થઈને સર્વાર્થસિદ્ધમાં અસંખ્યાતા દેવ છે. બધા એકભવતારી છે. એક જ ભવ છેલ્લો મનુષ્યનો દેહ. ૩૩ સાગર સુધી સ્વાધ્યાય કરે પણ એ શુભઉપયોગ છે એમ કહેવું છે. જેટલું સ્વનું લક્ષ રહે છે એટલી ત્યાં નિર્જરા થાય છે. કહે છે, કે ધર્માત્મા મુનિની વ્યાખ્યા છે ને અત્યારે તો?

**'જેનું મન પરમાગમના અર્થોના ચિંતનયુક્ત છે, જે વિજિતેંદ્રિય છે. (અર્થાત્ જેણે ઇન્દ્રિયોને વિશેષપણે જીતી છે),...'** **'जो इंदिये जिणित्ता'** **'જે બાહ્ય તેમ જ અભ્યંતર સંગ રહિત છે...'** લ્યો. છતાં અહીંયા વ્યવહાર એને કહેશે. **'અને જે શ્રીજિનેંદ્રચરણના સ્મરણથી સંયુક્ત છે,...'** અહો..! જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા સર્વજ્ઞ અરિહંતદેવ વીતરાગ આવા હોય, એનું જેને સ્મરણ વર્તે છે. યાદ કરે તો વીતરાગને યાદ કરે છે, એમ કહે છે. આહાહા..! **'શ્રીજિનેંદ્રચરણના સ્મરણથી સંયુક્ત છે,...'** સહિત છે, જોયું? એ જ સ્મરણ છે. અહો..! જેણે વીતરાગતા પ્રગટ કરી છે, જેને રાગનો અંશ રહ્યો નથી, એવા જિનેન્દ્રદેવ એનું મુનિઓને પણ શુભરાગમાં સ્મરણ વર્તે છે.

**'તેને સદા ગુપ્તિ હોય છે.'** લ્યો. તેને આ વ્યવહાર ગુપ્તિ હોય છે. વ્યવહાર ગુપ્તિની વાત છે ને અહીં તો? કારણ કે જિનેન્દ્રનું સ્મરણ છે, પરમાગમના અર્થનું ચિંતવન છે. તો દેવ અને શાસ્ત્ર બે આવી ગયા. ગુરુ તો પોતે છે. એ વાત આવી ગઈ. બાહ્ય અને અભ્યંતર સંગ રહિત છે. દિગંબર સંતોની કથની કોઈ અલૌકિક છે. એક એક ભાવમાં પરમ રહસ્ય ભરેલું છે. **'તેને સદા ગુપ્તિ હોય છે.'** જુઓ! નિશ્ચય ગુપ્તિ તો હોય છે પણ સાથે આ શુભરાગ તે વ્યવહાર ગુપ્તિ છે, એમ. જેટલી રાગ રહિત પરિણતિ થઈ ગઈ છે એ તો નિશ્ચયગુપ્તિ છે પણ આ જે વ્યવહાર છે એની ગુપ્તિ થઈ નથી. એથી એનો ભાવ વ્યવહાર કહેવામાં આવે છે.

૬૭ ગાથા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# ગાથા–૬૭

थीराजचोरभत्तकहादिवयणस्स पावहेउस्स।
परिहारो वयगुत्ती अलियादिणियत्तिवयणं वा।।६७।।

स्त्रीराजचौरभक्तकथादिवचनस्य पापहेतोः।
परिहारो वाग्गुप्तिरलीकादिनिवृत्तिवचनं वा।।६७।।

इह वाग्गुप्तिस्वरूपमुक्तम्।

अतिप्रवृद्धकामैः कामुकजनैः स्त्रीणां संयोगविप्रलंभजनितविविधवचनरचना कर्तव्या श्रोतव्या च सैव स्त्रीकथा। राज्ञां युद्धहेतूपन्यासो राजकथाप्रपंचः। चौराणां चौरप्रयोगकथनं चौरकथाविधानम्। अतिप्रवृद्धभोजनप्रीत्या विचित्रमंडकावलीखंडदधिखंडसिताशनपानप्रशंसा भक्तकथा। आसामपि कथानां परिहारो वाग्गुप्तिः अलीकनिवृत्तिश्च वाग्गुप्तिः। अन्येषां अप्रशस्तवचसां निवृत्तिरेव वा वाग्गुप्तिः इति।

तथा चोक्तं पूज्यपादस्वामिभिः -

(अनुष्टुभ्)

``एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः
एष योगः समासेन प्रदीपः परमात्मनः।।

---

સ્ત્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની
તસુ ત્યાગ, વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭.

અન્વયાર્થ :– [ पापहेतीः ] પાપનાં હેતુભૂત એવાં [ स्त्रीराजचौरभक्तकथादिवचनस्य ] સ્ત્રીકથા, રાજકથા, ચોરકથા, ભક્તકથા ઇત્યાદિરૂપ વચનોનો [ परिहारः ] પરિહાર [ वा ] અથવા [ अलीकादिनिवृत्तिवचनं ] અસત્યાદિકની નિવૃત્તિવાળાં વચનો [ वाग्गुप्तिः ] તે વચન-ગુપ્તિ છે.

ટીકા :– અહીં વચનગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.

જેમને કામ અતિ વૃદ્ધિ પામ્યો હોય એવા કામી જનો વડે કરવામાં આવતી અને સાંભળવામાં આવતી એવી જે સ્ત્રીઓની સંયોગવિયોગજનિત વિવિધ વચનરચના (–સ્ત્રીઓ સંબંધી વાત) તે જ સ્ત્રીકથા છે; રાજાઓનું યુદ્ધહેતુક કથન (અર્થાત્ રાજાઓ વડે કરવામાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આવતાં યુદ્ધાદિકનું કથન) તે રાજકથાપ્રપંચ છે; ચોરોનું ચોરપ્રયોગકથન તે ચોરકથાવિધાન છે (અર્થાત્ ચોરો વડે કરવામાં આવતા ચોરીના પ્રયોગોની વાત તે ચોરકથા છે); અતિ વૃદ્ધિ પામેલી ભોજનની પ્રીતિ વડે મેંદાની પુરી ને ખાંડ, દહીં-ખાંડ, સાકર ઇત્યાદિ અને પ્રકારનાં અશન-પાનની પ્રશંસા તે ભક્તકથા (ભોજનકથા) છે. — આ બધી કથાઓનો પરિહાર તે વચનગુપ્તિ છે. અસત્યની નિવૃત્તિ પણ વચનગુપ્તિ છે. અથવા (અસત્ય ઉપરાંત) બીજાં અપ્રશસ્ત વચનોની નિવૃત્તિ તે જ વચનગુપ્તિ છે.**

**એવી રીતે (આચાર્યવર) શ્રી પૂજ્યપાદસ્વામીએ (સમાધિતંત્રમાં ૧૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**“[શ્લોકાર્થ :—] એ રીતે બહિર્વચનોને ત્યાગીને અંતર્વચનોને અશેષતઃ (સંપૂર્ણપણે) ત્યાગવાં,— આ, સંક્ષેપથી યોગ (અર્થાત્ સમાધિ) છે—કે જે યોગ પરમાત્માનો પ્રદીપ છે (અર્થાત્ પરમાત્માને પ્રકાશનાર દીવો છે).”**

---

## ગાથા–૬૭ ઉપર પ્રવચન

---

હવે વચનગુપ્તિનું સ્વરૂપ કહ્યું. પહેલા મનોગુપ્તિનું સ્વરૂપ કહ્યું.

**થીરાજચોરભત્તકહાદિવયણસ્સ પાવહેઉસ્સ।**
**પરિહારો વયગુત્તી અલિયાદિણિયત્તિવયણં વા।।૬૭।।**

**સ્ત્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની**
**તસુ ત્યાગ, વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭.**

આહાહા..! એક બાજુ એમ કહે, કે રાગના ત્યાગનો કર્તા પણ આત્મા નથી. એવું એનું સ્વરૂપ જ છે. રાગનો ત્યાગ કર્તા કહેવો એ પણ વ્યવહારનયનું કથન છે. લ્યો, આ ત્યાગનું આ. આત્મા રાગનો ત્યાગ કરે છે, એ પણ એક વ્યવહારનયનું કથન અન્યથા છે, એમ કહે છે. પરમાર્થે જોઈએ તો ભગવાનઆત્મા રાગના ત્યાગનો કર્તા પણ નથી. રાગના ભાવનો કર્તા તો નથી પણ એના ત્યાગનો કર્તા નથી. આહાહા..! અહીં કહેવું છે કે વચનનો ત્યાગ કરે. એ બધા વ્યવહારનયના કથનો છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– વિરોધ ન આવ્યો ને.

ઉત્તર :– વિરોધ બિલકુલ નથી. બે નયનું કથન જ વિરોધ હોય. બે નયના કથનો જ વિરુદ્ધ છે. બે નય શેની પડી? આહાહા..! ઝીણું ભારે, ભાઈ! વસ્તુની સ્થિતિ જ એવી છે. ‘**તસુ ત્યાગ, વા અલીકાદિનો**’ ત્યાગગુપ્તિ વચનની કહો. આ ‘કુંદકુંદાચાર્ય’ કહે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'સમયસાર'માં 'કુંદકુંદાચાર્ય' કહે, રાગનો ત્યાગ આત્મા કરતો નથી. ત્યાગ શું કરે? સ્વરૂપમાં આનંદમાં પડ્યો છે ત્યાં રાગ ઉત્પન્ન થતો નથી. એનું નામ રાગ ત્યાગ કરે છે એ વ્યવહારના કથનો છે. આહાહા..! ભારે આકરું. અહીં કહે કે વચનનો ત્યાગ કરે. એનો અર્થ વાણી. વાણીનો ત્યાગ ક્યારે છે કે બોલવામાં અશુભભાવ નથી તો એણે એ જાતનો વાણીનો ત્યાગ કર્યો એમ કહેવાય. વાણીનો ત્યાગ અસદ્ભતૂ વ્યવહારનય ક્યાં છે? આત્મા વાણી બોલે છે ક્યાં અને વાણીને આત્મા છોડે છે ક્યાં? હું મૌન રહું. મૌન કોણ રહે. આત્મા વાણી બોલી શકે? વાણી થવાની અટકાવી શકે? આહાહા..!

**ટીકા :– 'અહીં વચનગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.'** લ્યો. સ્ત્રીકથાની વ્યાખ્યા કરે છે. એવી સ્ત્રીકથા મુનિ અશુભભાવને છોડી દે છે, એમ કહે છે. **'જેમને કામ અતિ વૃદ્ધિ પામ્યો હોય...'** કામની વાસના જેને અતિ વૃદ્ધિ પામી હોય. **'એવા કામી જનો વડે કરવામાં આવતી અને સાંભળવામાં આવતી એવી જે સ્ત્રીઓની સંયોગવિયોગજનિત વિવિધ વચનરચના...'** એવી જે સ્ત્રીઓની સંયોગવિયોગજનિત. આવી સ્ત્રીનો સંગ હોય, આવી સ્ત્રી ન હોય તો આમ થાય, એવી **'વિવિધ વચનરચના (–સ્ત્રીઓ સંબંધી વાત) તે જ સ્ત્રીકથા છે;...'** આહાહા..! મુનિને એવી સ્ત્રીકથા હોતી નથી. આહાહા..! મુનિને સ્ત્રીનો પરિચય જ હોતો નથી એમ કહે છે. સમજાણું? એને વળી શીખવવું, અડધો કલાક બે ગાથા શીખો. આ ધંધા તારા? એ તો સ્ત્રીકથા વિશેષ થઈ ગઈ. રાગ અને પ્રેમ... આહાહા..! એવો ભાવ મુનિને હોતો નથી.

**'રાજાઓનું યુદ્ધહેતુક કથન...'** રાજકથા. યુદ્ધમાં આમ લડાઈ થઈ, આમ થયું, આમ થયું. આહાહા..! **'(અર્થાત્ રાજાઓ વડે કરવામાં આવતા યુદ્ધાદિકનું કથન) તે રાજકથાપ્રપંચ છે;...'** રાજકથાનો પ્રપંચ મુનિ છોડી દે છે. એને વ્યવહાર વચનગુપ્તિ કહેવાય. રાજકથાપ્રપંચ. જુઓને! અત્યારે બંગલાનું કાંઈક થાય છે લખાણ.. લખાણ.. એટલું આવે છે. આમાં પણ આવે છે. જૈન પત્રોમાં. બધે મારા માર છે. માહોમાહે મુસલમાન કાપી નાખે છે. કો'ક દેશવાળાએ પાછું કાંઈક કરેલું. યુદ્ધના શસ્ત્રો વિમાનમાં આવતા હતા, એમાં 'કેનેડા'એ ન જવા દીધું. એને શાબાશી આપી. એવું આમાં આવ્યું હતું કાંઈક. આહાહા..! એ બધા ખુશી થાય, આ થાય એ બધી પાપકથા છે. આણે હથિયાર આને આપ્યા, આ હથિયારથી લડે છે. આમ છે એથી એનો જય થશે. હવે ધૂળમાં જય કોનો કહેવો? આહાહા..! માણસના સંહાર, બાળકના સંહાર કાળાકેર થાય છે. એવી યુદ્ધની કથાનો ત્યાગ કરે. મુનિ એવી કથામાં પડે નહિ. અહીં તો શાસ્ત્રની કથા કરવી એ પણ શુભભાવ છે. આહાહા..! શાસ્ત્રનો સ્વાધ્યાય, વ્યાખ્યાન. સમકિત સહિત જ્ઞાનીને, હોં! એ પણ વ્યાખ્યાન આદિ શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :– નિર્જરા તો થાય.

ઉત્તર :– ધૂળમાં પણ નિર્જરા નથી. શુભભાવથી નિર્જરા થાય? પણ એ વખતે એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાતનો વિકલ્પ હોય છે. પ્રભુનો માર્ગ તો નિવૃત્તિમાર્ગ છે. આહાહા..! એવા રાગથી પણ નિવર્તવું એવો સ્વભાવ માર્ગ છે. સમજાણું કાંઈ? પણ કહે છે, કે એટલો ન હોય તો એ પરમાગમ આદિની સ્વાધ્યાયમાં મનને રોકે. આહાહા..! માર્ગથી માર્ગ સમજાય.

**'ચોરોનું ચોરપ્રયોગકથન...'** ચોર આમ સંતાય, પછી આમ થાય, પછી આમ થાય. એવી વાતું આવે તો બધા માણસો ખુશી થઈ જાય. **'ચોરપ્રયોગકથન તે ચોરકથાવિધાન છે (અર્થાત્ ચોરો વડે કરવામાં આવતા ચોરીના પ્રયોગોની વાત...)'** પહેલા આમ કરવું, પછી આમ કરવું, આમ કરવું. એવી વિકથાઓ, પાપકથા છે. આ ઢાળ સાગરને વાંચે છે ને એમાં પણ બધા ખુશી થઈ જાય. રાવણને માર્યો આમ છે, ફલાણાને આમ માર્યો. કાલે હવે રાવણને રામ મારશે. વાર્તા કહેતા હતા. ત્યાં ઓલા અરે..! આવી ને આવી વાતો. ઢાળ સાગર વાંચે છે. ઢાળ સાગર તે દિ' નહોતું કહ્યું? નામ પછી આવ્યું. ઢાળસાગર કહેવાય. આ કૃષ્ણની વાત હોય એને ઢાળ સાગર કહે. અને રામની વાત ને રામરાજ કહેવાય. તે દિ' કહ્યું હતું ને (સંવત) ૧૯૭૦ની સાલમાં. અષાઢ સુદ ૧૫. આજે ચૌદશ છે. તે દિ' શરૂ કરી હતી ઢાળ સાગર. 'બોટાદ'માં 'રતનસિંહ' ભાવસાર પટેલ હતા. મહારાજ! નીચે આવજો. હવે બધી વિકથા છે. મોટા રાગડા તાણવા ને ભેગા કરવા. અરે..! એટલી સામાયિક તો થાય ને. પણ સામાયિક.. એમાં આવી વિકથા સાંભળે. (મુમુક્ષુ :– બેસેને એટલીવાર સામાયિકમાં) એટલી વાર બેસે. આહાહા..! ઓલાએ આમ માર્યું, ઓલાએ આમ માર્યું, ઓલાએ આમ કર્યું ત્યાં રાજી રાજી થઈ જાય. એ બધી વિકથાઓ મુનિ ન કરે. એ પાપવૃત્તિને છોડી દે. આહાહા..!

**'અતિ વૃદ્ધિ પામેલી ભોજનની...'** કથા આવે છે. **'પ્રીતિ વડે મેંદાની પુરી ને ખાંડ,...'** પોચી એવી મેંદાની પુરી હતી અને ખાંડ અને સાકર ઓહોહો..! શું છે પણ હવે? પાપકથા છે બધી. આહાહા..! **'અતિ વૃદ્ધિ પામેલી ભોજનની પ્રીતિ...'** એમ કહે છે. શેની? **'મેંદાની પુરી ને ખાંડ, દહી-ખાંડને, સાકર...'** શીખંડ હોય ઉંચો આમ. એવું દહીં .. એમાં સાકર નાખીને .... શીખંડ. શું છે પણ હવે? વિષ્ટા છે. છ કલાક પછી એની વિષ્ટા થશે. વિષ્ટાનું પૂર્વ રૂપ છે ઇ. આહાહા..! એની આટલી પ્રીતિ શી? એની હોશું. આજ તો આમ હતું. આજ તો મેસુબ  અને પતરવેલિયા હતા, હોં! ઓહો..! તેલમાં તો તળે પણ આ તો ઘીમાં તળેલા. અને એવા રાતા કરેલાં. અળવીના પાંદડા હોય ને? એને અળવીના પાન કહેવાય ને? એના ઉપર લોટ ચોપડે પછી છરીથી કટકા કરે. કટકા કરનારો ભારે હોંશિયાર હતો. સરખા કર્યા. અર..ર..! બાપા! આવી વાત! આત્માના આનંદની વાતું છોડીને. કાં પરમાગમના ચિંતવનના અર્થો છોડીને આવી કથાઓ મુનિને હોય નહિ. ખાવાની વાત તુચ્છ છે. એ તુચ્છ નથી કીધું? 'શ્રીમદ્દે' એવી તુચ્છ વાર્તા ધર્માત્માને હોય નહિ.

**'દહી-ખાંડ, સાકર ઇત્યાદિ અનેક પ્રકારનાં અશન-પાનની પ્રશંસા...'** એવો આહાર હોય,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉંચા પાણી હોય, મોસંબીના, દાડમના, શું કહેવાય છે ઓલું ઉંચા દાડમને? 'દિલ્હી'ના. ... 'દિલ્હી'ના દાડમ મોટા આવે. આવા મોટા દાણા. રાખી મૂકે ત્યાં. પડ્યા હોય એમાંથી થોડું થોડું ખાય. મજા કરે. મોટા મોટા.. અરે..! ધૂળની વાતું આવી તારી? એવી વિકથા **'પ્રશંસા તે ભક્તકથા (ભોજનકથા) છે.—આ બધી કથાઓનો પરિહાર તે વચનગુપ્તિ છે. અસત્યની નિવૃત્તિ પણ વચનગુપ્તિ છે.'** જૂઠું બોલવાની નિવૃત્તિ અને સત્ય બોલવું એ પણ એક નિવૃત્તિ છે. **'અથવા (અસત્ય ઉપરાંત) બીજાં અપ્રશસ્ત વચનોની નિવૃત્તિ...'** ભૂંડા વચનો એવા. જે વચનોથી પરિણામ ભૂંડા થાય એવા વચનોની નિવૃત્તિ એ પણ એક વચનગુપ્તિ છે. વ્યવહાર વચનગુપ્તિ છે. આત્માને પૂછે, આત્માને વાંચે, આત્માની કથા કરે એ કથા પણ એક શુભરાગ છે. સમજાય છે? એમાં પણ એને વ્યવહાર વચનગુપ્તિ કહેવામાં આવે છે. પાઠમાં અશુભમાં જતો નથી એ અપેક્ષાએ. વચનગુપ્તિની વ્યાખ્યા થઈ.

**'એવી રીતે (આચાર્યવર) શ્રી પૂજ્યપાદસ્વામીએ (સમાધિતંત્રમાં ૧૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः**
**एष योगः समासेन प्रदीपः परमात्मनः ।।**

એ નિશ્ચય છે. આ નિશ્ચયની વાત છે.

**'એ રીતે બહિર્વચનોને ત્યાગીને...'** ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એમાં જોડી દેને. અહીંયા ક્યાં મફતનું જોડ્યું? એમ કહે છે. આહાહા..! **'અંતર્વચનોને અશેષતઃ...'** અંતરના જલ્પ-વિકલ્પને પણ સર્વથા છોડીને. **'અશેષતઃ...'** એટલે બધી રીતે, પૂર્ણ રીતે. **'આ, સંક્ષેપથી યોગ (અર્થાત્ સમાધિ) છે—'** એ આ સંક્ષેપથી સમાધિ છે. સમાધિ. 'સમાહિવરમુત્તમં દિંતુ' એવું લોગસ્સમાં આવતું નથી? અર્થની ખબર ન હોય. હાંકચે રાખે. 'સમાહિવરમુત્તમં દિંતુ, ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિંય પયાસયરા.' જાવ. ઊભા થઈ ગયા પડિક્કમણું થઈ ગયું. સમાધિ... સમાધિ... સમાધિ. આધિ–મનના સંકલ્પથી રહિત, વ્યાધિ–શરીરની વ્યાધિથી રહિત, ઉપાધિ—બહારના સંયોગથી રહિત. આત્માની અંતર શાંતિ, સમાધિ. **'—કે જે યોગ પરમાત્માનો પ્રદીપ છે...'** લ્યો. આત્મા આનંદ સ્વરૂપમાં જોડાણ કરવું, મનનો સંગ છોડવો, વાણીનો સંગ છોડવો, સ્વભાવનો સંગ કરવો. આહાહા..! શુદ્ધ આનંદનું ધામ ભગવાન એનો સંગ કરવો. અસંગનો સંગ, એવો જે યોગ. સ્વરૂપની એકાગ્રતા, એ **'પરમાત્માનો પ્રદીપ છે (અર્થાત્ એ પરમાત્માને પ્રકાશનાર (અંદર) દીવો છે).'** સમ્યગ્જ્ઞાનના નેત્ર દ્વારા, સમાધિ દ્વારા આત્માને જોવે એ પરમાત્માને પ્રકાશ કરનારો દીવો છે. પુણ્ય-પાપના વિકલ્પમાં કાંઈ પરમાત્માનો પ્રકાશ થતો નથી, એમ કહે છે. પાઠ જ છે ને, જુઓને!

**'एष योगः समासेन प्रदीपः परमात्मनः'** એમ કહે છે કે વાણીનો યોગ વિકલ્પ છે એ પણ કાંઈ આત્માને પ્રકાશ કરવામાં કારણ નથી, એમ કહે છે. વચનગુપ્તિમાં નાખ્યું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને આ? ગમે તેવો સ્વાધ્યાય કરે, ઉપદેશ કરે એ તો વસ્તુનો વિકલ્પ છે. આહાહા..! આત્મામાં જોડાણ કરી દેવું, એ જ પરમાત્માને પ્રકાશ કરનારો યોગ છે. કે જેને અહીં સમાધિની શાંતિ કહે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૬૯, શ્લોક-૯૨ થી ૯૪, ગાથા-૬૮-૬૯, શુક્રવાર, અષાઢ વદ ૧, તા.૦૯-૦૭-૧૯૭૧

---

આજ ભગવાન 'મહાવીરસ્વામી'નો દિવ્યધ્વનિનો દિવસ છે. ભગવાન 'મહાવીર' પરમાત્માને વૈશાખ સુદ દસમે. ચાર જ્ઞાનનો નાશ થઈને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. ત્યારે વાણી નહોતી નીકળી. કેમ કે એમની વાણી હોય અને ધર્મ પામનારા ન હોય એમ બને નહિ. કારણ કે જ્યારે તીર્થંકરગોત્ર બાંધ્યું, બંધાણું ત્યારે ભાવમાં એમ હતું કે હું પૂર્ણ થાઉં અથવા ધર્મ જીવ પામે. એથી તીર્થંકરની વાણી નીકળે ત્યારે ધર્મ પામનારા હોય જ. એવો એનો સંબંધ છે. વૈશાખ સુદ દસમે. ધર્મ પામનારા ગણધર જે મુખ્ય જોઈએ તે નહોતા એટલે ૬૬ દિવસ સુધી વાણી ન નીકળી. એ વાણીને નીકળવાનો કાળ નહોતો. એમાં આજ શ્રાવણ વદ એકમ. સિદ્ધાંતની શ્રાવણ વદ એકમ છે આજ. તે દિ' ઇન્દ્ર, ગણધરને લાવ્યા, ગૌતમને. લાવ્યા અને અહીંયા વાણી છૂટી. તેથી આવ્યા માટે વાણી નીકળી એ નિમિત્ત છે. વાણી એ વખતે નીકળવાનો કાળ હતો. એ સિદ્ધાંત ચાલ્યો છે. ઇન્દ્ર પહેલા ગૌતમને કેમ ન લાવ્યા? ભાઈ! કાળલબ્ધિ નહોતી. એનો સમજવાનો કાળ નહોતો અને અહીં વાણી નીકળવાનો. એ વાણી આજ શ્રાવણ વદ એકમ ભગવાનના મુખથી દિવ્યધ્વનિ નીકળી. એ વાણીના સિદ્ધાંતના અર્થના કરનારા ભગવાન 'મહાવીર'. એ દ્રવ્ય વસ્તુ થયું. ક્ષેત્ર વિપુલાચલ પર્વત. રાજગૃહી નગરીની પાસે પાંચ પર્વત છે. એમાં એક વિપુલાચલપર્વત (છે), તે ક્ષેત્રમાં ભગવાનની વાણી નીકળી. કાળ આ શ્રાવણ વદ એકમ હતો. એ કાળ છે. શ્રાવણ વદ એકમે દિવ્યધ્વનિ નીકળી.

પ્રભુએ ભાવશ્રુતજ્ઞાનની પ્રરૂપણા કરી. છે તો કેવળજ્ઞાની, પણ ભાવશ્રુતની પ્રરૂપણા કરી. કેમ કે જે ગણધર ભાવશ્રુતને પામનારા, એને નિમિત્ત તો ભાવશ્રુત હોય. એમ. એ ભાવશ્રુતની પ્રરૂપણા પરમાત્માએ કરી. આજ શ્રાવણ વદ એકમ. અર્થના કરનારા ભગવાન, અને પછી સૂત્રની રચનાના કરનારા ગણધર. એ સૂત્રની રચના અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરી. એ પણ આજ દિવસ છે. દિવ્યધ્વનિ નીકળી અને રચના કરી, ગણધરે સાંભળી, રચના કરી એ પણ આ દિવસ છે. એ આજ વાણીનો દિવ્યધ્વનિનો દિવસ છે. શ્રાવણ વદ એકમ. સિદ્ધાંતથી આ શ્રાવણ વદ એકમ છે આ. સિદ્ધાંતને હિસાબે વદ પહેલી બેસે. સુદ પછી. કારણ કે આ પૂનમ ગઈને કાલ? પૂનમ એટલે પૂર્ણ મહિનો. પૂનમ એટલે પૂર્ણ મહિનો કાલે પૂરો થયો. અને આ વદ બેઠી. મહિનાનો પહેલો દિવસ. અમાસ થાય ત્યારે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અડધો માસ થાય. અ-માસ છે ને? અડધો માસ થાય. પૂનમ થાય ત્યારે પૂર્ણ માસ થાય. એટલે યુગનો પહેલો દિવસ શ્રાવણ વદ એકમ. તે દિ' ભગવાનની દિવ્યધ્વનિ નીકળી અને ગણધર ભગવાને રચના કરી. ભાવશ્રુતના પરિણમનથી, ગણધરદેવે ભાવશ્રુતથી પરિણમીને દ્રવ્યશ્રુતની રચના કરી. સમજાણું કાંઈ?

ભગવાનની વાણીમાં ભાવશ્રુતનો અર્થ આવ્યો, ગણધરે ભાવશ્રુતને પરિણમેલા એણે દ્રવ્યશ્રુતની રચના કરી. અર્થના કર્તા ભગવાન, સૂત્રના કર્તા ગણધરદેવ. એ આ દિવ્યધ્વનિનો દિવસ છે. એ વખતે હશે ત્યારે તો ગણધરો, ઇન્દ્રો વિપુલાચલ પર્વત પર સાક્ષાત્ દિવ્યધ્વનિ ૬૬ દિવસથી બંધ હતી. ભગવાનને કેવળજ્ઞાન થયું છતાં, ગણધર મુખ્ય છે. એ નહોતા એથી વાણી નીકળી નહિ એમ વ્યવહારથી કહેવાય છે. ઓલા લોકો કહે નહિ, જુઓ! ગણધર નહોતા માટે વાણી ન નીકળી. ગણધરનું નિમિત્ત થયું એટલે વાણી આવી. એમ નથી. કહો, સમજાણું કાંઈ? વાણી તો વાણીને કાળે જ એને નીકળી. ગણધરનું નિમિત્ત હતું.

એ ભગવાને કહેલા સિદ્ધાંતો, એમને સંતોએ શાસ્ત્રમાં રચ્યા. એમાનું આ એક 'નિયમસાર' સિદ્ધાંત છે. 'નિયમસાર' છે ને આ? 'નિયમસાર' એટલે મોક્ષનો માર્ગ. નિયમનો અર્થ જ મોક્ષનો માર્ગ થાય. આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એનો અંતર અનુભવમાં સમ્યગ્દર્શન પ્રગટ કરી, જ્ઞાન અને સ્વરૂપની રમણતા પ્રગટ કરી, એવો જે મોક્ષમાર્ગ, એના ફળ તરીકે મોક્ષ. એ માર્ગ અને માર્ગના ફળની બન્ને વ્યાખ્યા આમાં છે. પહેલી ગાથામાં આવી ગઈ છે. કાલે સજ્જાય આવી હતી. માર્ગ અને માર્ગના ફળમાં...

## શ્લોક–૯૨

(मंदाक्रांता)

त्यक्त्वा वाचं भवभयकरीं भव्यजीवः समस्तां
ध्यात्वा शुद्धं सहजविलसच्चिच्चमत्कारमेकम्।
पश्चान्मुक्तिं सहजमहिमानन्दसौख्याकरीं तां
प्राप्नोत्युच्चैः प्रहतदुरितध्वांतसंधातरूपः।।९२।।

**વળી (આ ૬૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**

**[શ્લોકાર્થ :–] ભવ્યજીવ ભવભયની કરનારી સમસ્ત વાણીને છોડીને શુદ્ધ સહજ-વિલસતા ચૈતન્યચમત્કારનું એકનું ધ્યાન કરીને, પછી, પાપરૂપી તિમિરસમૂહને નષ્ટ કરીને સહજમહિમાવંત આનંદસૌખ્યની ખાણરૂપ એવી તે મુક્તિને અતિશયપણે પ્રાપ્ત કરે છે. ૯૨.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૯૨ ઉપર પ્રવચન

**'વળી (આ ૬૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :'** ૯૨મો શ્લોક, 'નિયમસાર'

**त्यक्त्वा वाचं भवभयकरीं भव्यजीवः समस्तां**
**ध्यात्वा शुद्धं सहजविलसच्चिच्चमत्कारमेकम्।**
**पश्चान्मुक्तिं सहजमहिमानन्दसौख्याकरीं तां**
**प्राप्नोत्युच्चैः प्रहतदुरितध्वांतसंधातरूपः।।९२।।**

આ ૬૭મી ગાથા. વચનગુપ્તિની વાત ચાલે છે. લ્યો. ભગવાને વાણી કહી, હવે એમાં એમ આવ્યું કે વચનગુપ્તિ કોને કહેવી? સમજાણું કાંઈ? કહે છે, શ્લોકાર્થ છે ને?

**શ્લોકાર્થ :– 'ભવ્યજીવ...'** પહેલી જ વાત લીધી છે. પાત્રજીવ જે છે (તે). આત્માની શાંતિ મોક્ષના માર્ગને પામવાને લાયક છે. **'ભવ્યજીવ ભવભયની કરનારી સમસ્ત વાણી...'** લ્યો. વાણી છે એ તો જડ છે. પણ એમાં બોલવાનો વિકલ્પ છે એ ભવભયને કરનારી વિકલ્પદશા છે. વાણી તો જડ છે. ભાષા તો એમ છે. જુઓ! **'ભવ્યજીવ ભવભયની કરનારી સમસ્ત વાણીને છોડીને...'** એનો અર્થ કે વિકલ્પને છોડી. વાણી બોલવામાં જે વિકલ્પ રાગ છે, એને છોડી એમ એનો અર્થ. આ સંસ્કૃત પ્રમાણે તો આવો અર્થ ન થાય. વાણીને છોડીને એમ લખ્યું છે. લ્યો. વાણી શું છોડે? વાણી કરે કે દિ' તે વાણી છોડે? એ તો જડ છે. પણ વાણી બોલવાનો જે ભાવ છે એ રાગ છે. આહાહા..! છદ્મસ્થને, હોં! કેવળીને કાંઈ છે નહિ. રાગ નથી. એ તો ઇચ્છા વિના દિવ્યધ્વનિ ભગવાનની વાણી નીકળે છે. પણ છદ્મસ્થ છે, રાગી છે એટલે વાણીના યોગમાં રાગનું પરિણામ નિમિત્ત છે.

એ પરિણામને છોડીને. જુઓ! એ વ્યાખ્યાન કરવાની વાણીમાં પણ શુભરાગ છે, કહે છે. આહાહા..! છદ્મસ્થને. એને વાણીની ગુપ્તિની વાત છે ને. એ **'ભવભયની કરનારી સમસ્ત વાણીને છોડીને...'** શુભરાગ. વાણીમાં જે અશુભરાગ એ તો ઠીક, પણ ધર્મની વાણીમાં જે કહેવામાં રાગ છે... આહાહા..! એને પણ છોડીને **'શુદ્ધ સહજવિલસતા ચૈતન્યચમત્કારનું એકનું ધ્યાન કરીને,...'** એ વાણીનો વિકલ્પ છે એને છોડી, સ્વભાવિક શુદ્ધ સહજવિલસતા. ભગવાનઆત્મા સ્વભાવિક વિલસતો ખીલતો પ્રભુ ચૈતન્ય અંદર છે. એવો ચૈતન્યચમત્કાર. ભગવાનઆત્મામાં ચૈતન્યચમત્કાર ભરેલો છે. એવું ચૈતન્યચમત્કાર આત્માનું તત્ત્વ **'એકનું ધ્યાન...'** એનું એકનું ધ્યાન. આહાહા..!

વાણીના રાગને છોડી. એ રાગ તો ભવભયનો કરનાર છે, કહે છે. આહાહા..! રચના તો જુઓ! ઉપદેશમાં શુભરાગ એ ભવભયનું કારણ છે. આહાહા..! મુનિનો. પેલા કહે, ઉપદેશ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેવામાં નિર્જરા છે. કેટલો આંતરો! ઉપદેશથી બીજા ધર્મ પામે, એનો જીવને લાભ થાય. અહીં કહે છે, એ વાત બધી ખોટી. ઉપદેશની વાણી છદ્મસ્થની છે એમાં રાગ આવે છે. એ રાગને છોડી વીતરાગ સહજ વિલસતો પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા, ચૈતન્ય ચમત્કાર મૂર્તિ પ્રભુ પોતે છે, એનું એકનું ધ્યાન કરીને. દેખો! એ આત્માનું એકનું ધ્યાન. એના દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ, કે ભગવાનનું ધ્યાન, એ નહિ. ભગવાનનું ધ્યાન કરવા જાય તો વિકલ્પ, રાગ ઉઠે છે. કારણ કે ભગવાન પરવસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક ભગવાન પાછા. એક શબ્દ કેમ વાપર્યો છે? કે આ વસ્તુ આત્મા છે અને એમાં ગુણ છે, અને દશા છે એવા ભેદ નથી. એકલું ચૈતન્યબિંબ પ્રભુ એકનું ધ્યાન કરીને. આ મોક્ષનો માર્ગ છે. આ 'નિયમસાર' છે ને? અંતર આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદ. ઇન્દ્રિયોમાં કલ્પેલો આનંદ એ તો દુઃખ છે. ઇન્દ્રિયોના વિષયમાં કલ્પેલું સુખ એ તો દુઃખ-ઝેર છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય અમૃતનો રસ છે. આહાહા..! એવો આત્મા, એનું એકનું ધ્યાન કરવું. એ જ ધ્યાનને અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર કહે છે.

**'ચૈતન્યચમત્કાર એકનું...'** એ દ્રવ્ય થયું. વસ્તુ. **'ધ્યાન કરીને,...'** એ પર્યાય થઈ. સમજાણું કાંઈ? જેને આત્માનું હિત કરવું હોય અને આ ચાર ગતિના દુઃખ ટાળવા હોય, એણે શું કરવું એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા સ્વભાવિક વિલસતો... આહાહા..! ચૈતન્યચમત્કાર પ્રભુ આત્મા છે. એ એક સ્વરૂપ એનું છે. એકરૂપ છે. એનું ધ્યાન કરીને... આહાહા..! સમ્યગ્દર્શનમાં પણ એને ધ્યેય બનાવી, જ્ઞાનમાં પણ એને ધ્યેય બનાવી, ચારિત્રમાં પણ એને વિષય બનાવી... આહાહા..! વીતરાગનો માર્ગ આવો છે. દિવ્યધ્વનિમાં આ આવ્યું હતું. વિપુલાચલ પર્વત પર ભગવાનની વાણી ઇન્દ્રો, ગણધરોની સમક્ષ વાણી છૂટી એ આ નીકળી. આહાહા..!

ભગવાન! તારું સ્વરૂપ સહજ ચૈતન્યચમત્કાર, એવી ચીજ તું અંદર છો. એનું ધ્યાન કર, એને ધ્યેય બનાવ, વિષય એને બનાવ. રાગ અને પરનો વિષય લક્ષમાંથી છોડી દે. આહાહા..! ચૈતન્ય ભગવાનઆત્મા, એકલો અમૃતના, શાંતિના રસથી ભરેલો સમુદ્ર છે. આહાહા..! એને પામર તરીકે લોકોએ કલ્પ્યો. મૃગની નાભીમાં કસ્તૂરી, મૃગલાને એની કિંમતું નથી. એમ પરમાત્મા કહે છે, કે તારા સ્વભાવમાં અતીન્દ્રિય આનંદની કસ્તૂરી પડી છે. આહાહા..! એને ન માનતા બહાર ગોતે છે. કાંઈક વિષયોમાં સુખ છે, પૈસામાં સુખ છે, આબરૂમાં (સુખ છે). ઝેર છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ બેસે પણ? આ લહેર છે. એય..! 'ધીરૂભાઈ'! લાડવા ખાતા હોય, પૈસા કાંઈક ૫૦ હજાર પેદા થાતા હોય. કાલે કો'ક કહેતું હતું કે ૫૦ હજાર પેદા કરે છે. કો'ક કહેતું હતું. મને તો પૈસા બહુ વધી ગયા. દુઃખના નિમિત્ત. એ કોઈક કાલે કહેતું હતું. બાર મહિને ૫૦ હજાર પેદા કરે છે. એ કો'ક કહેતું. ઘણાં માણસો આવે છે. લાખ, બે લાખ, દસ લાખ પેદા કરે એમાં શું થયું પણ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધૂળ. એ તો જડ છે. એ તો માટી-ધૂળ છે. ધૂળમાં સુખ છે? એના ઉપર લક્ષ જાય છે એ રાગ અને આકુળતા છે. આહા..! 'ધીરુભાઈ!' માર્ગ ભારે!

અહીં તો કહે છે, ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમાત્મા સાક્ષાત્ સમવસરણમાં બિરાજતા હોય અને એનું લક્ષ કરે અને ધ્યાન કરવા જાય તો રાગ છે. કારણ કે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં રાગ જ થાય. આહાહા..! આત્મા અખંડાનંદ પ્રભુ, ચૈતન્યમૂર્તિ પ્રભુ અંદર, એનું ધ્યાન કરવાથી શાંતિ અને આનંદ થાય. એને ધર્મ થાય. પરદ્રવ્યના લક્ષે અને ધ્યાને ધર્મ થાય નહિ. આહાહા..!

એવું **'ધ્યાન કરીને, પછી,..'** એને શું ફળ આવે એમ કહે છે. બન્ને લે છે. માર્ગ અને માર્ગનું ફળ. **'પાપરૂપી તિમિરસમૂહને નષ્ટ કરીને...'** પાપ શબ્દે પુણ્ય અને પાપના બન્ને ભાવને અહીં પાપ કહ્યા છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન અંતર અમૃતસ્વરૂપ અતીન્દ્રિય આનંદથી ડોલતો નાથ, પ્રભુ અંદર છે. આહાહા..! અરે..! કહે છે કે એને પકડને, એને ધ્યાનમાં લે ને, એનું ધ્યાન રાખ ને, એનું ધ્યાન રાખ ને, એનું ધ્યાન કર ને. આહાહા..! તો તને શાંતિ થશે અને એના ફળ તરીકે પુણ્ય અને પાપનો અંધકાર. ભાષા જુઓ! પુણ્ય અને પાપના ભાવ એ તો અજ્ઞાન-અંધકાર છે. એ ચૈતન્યચમત્કાર નથી એમ સામે નાખવું છે ને? અહીં ચૈતન્યચમત્કાર. ભગવાનઆત્મા ચૈતન્યચમત્કારનું નૂર, એનું પૂર આત્મા છે. આહાહા..! અને પુણ્ય ને પાપ તિમિર છે, અજ્ઞાન-અંધકાર છે. ભાવમાં, હોં! ફળની વાત, ધૂળની વાત નથી. આહાહા..! આ તો શુભ અને અશુભભાવ, વાણીને છોડી.. રાગ એ તો પાપ છે કહે છે, અંધકાર છે. આહાહા..!

ભગવાનઆત્મા ચૈતન્યના પ્રકાશના ચમત્કારનું નૂર, એનું ધ્યાન કરવાથી, એનો આશ્રય કરવાથી, એને અવલંબનમાં લેવાથી જે દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી દશા થાય, તે પુણ્ય-પાપના અંધકારનો નાશ કરનાર છે. કહો, સમજાણું કાંઈ? **'પાપરૂપી તિમિરસમૂહને...'** આહાહા..! અસંખ્ય પ્રકારના પુણ્ય-પાપના વિકલ્પો, અહીં તો વાણી બોલવામાં રાગ (થાય) એ અંધકાર છે કહે છે. વિકલ્પ છે ને? એ તિમિર છે. અંધકારના સમૂહને **'નષ્ટ કરીને...'** આહાહા..! એક એક બોલ સમજવામાં હજી વાંધા. ધર્મ તો પછી પણ હજી શું કહે છે અને કેમ (છે) એ સમજવાના ઠેકાણા ન મળે. અને ધર્મ થઈ ગયો. જિંદગી એમ ને એમ ચાલી જાય છે. આહાહા..!

અરે...! **'સહજમહિમાવંત...'** આનંદસુખની ખાણરૂપી એવી મુક્તિ. એ મુક્તિના વિશેષણ છે. પહેલા **'સહજ વિલસતા ચૈતન્યચમત્કાર...'** દ્રવ્યનું વિશેષણ હતું. એનું ધ્યાન એ પર્યાય. હવે મુક્તિ થાય એ પણ પર્યાય છે. એવા અંતરના સ્વરૂપને ધ્યાનમાં લેવાથી, તેના ફળમાં સહજ મહિમાવંત, મુક્તિ સહજ મહિમા છે. સિદ્ધપદ. **'સહજમહિમાવંત આનંદસૌખ્યની ખાણરૂપ...'** ભાષા જુઓ! આનંદરૂપ સુખ. આહાહા..! આનંદની સુખની ખાણ છે. કોણ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુક્તિ, હોં! આહાહા..! આમ તો લોગસ્સમાં રાડું પાડ્યા કરે 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' એય..! લોગસ્સમાં આવે છે કે નહિ? લોગસ્સના અર્થને સમજે નહિ કાંઈ. તુમડીમાં કાંકરા. ગડિયો હાંકે જાય. પહેલા લોગસ્સ-બોગસ્સ કર્યો હતો કે નહિ? કર્યો હશે. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' હે સિદ્ધ ભગવાન! સિદ્ધપદ અમને દેખાડો. દેખાડોનો અર્થ કેવળજ્ઞાન અમને થાય એમ માગણી કરે. આહાહા..! સામાયિકમાં સાત પાઠ આવે છે, નહિ? ૧. ણમો અરિહંતાણં, ૨. તિખ્ખુતો, ૩. ઇચ્છામિ પડિક્કમણું, ૪. તસ્સ ઉત્તરી, ૫. લોગસ્સ, ૬. કરેમિ ભંતે, ૭. નમોથ્થણું. સાત પાઠ. અર્થની કાંઈ ખબર ન મળે. હજી અર્થની ખબર ન મળે એને ભાવનું ભાસન થાવું, અંતરમાં આત્મા (કેમ ભાસે?) બસ, સાત વાર બોલે એટલે સામાયિક થઈ ગઈ. અમે પણ પહેલા ત્યાં એવું બધું કરતા. 'પાલેજ'માં પર્યુષણ આવે એટલે પછી સાંજે ભેગા થઈને પડિક્કમણા કરીએ. આખો દિ' દુકાન ચાલે. અપવાસ કર્યો હોય, ચોવિયારો અપવાસ હોય તોપણ દુકાનમાં બેસીએ. સાંજે બધા ભેગા કરીને પડિક્કમણા કરીએ. એકાદ-બે ગાયન ગાઈએ. થઈ ગયો ધર્મ, લ્યો. ધૂળમાં પણ નહોતો થાતો.

ગાઈએ. 'જુઓ રે.. જુઓ રે.. જૈનો કેવા વ્રતધારી...' એવું આવે છે ને? 'જંબુસ્વામી' એવું ગાઈએ. બધા મોઢે કરેલા. બધા બેઠા હોય ત્યાં ગાઈએ. નહિ ખબર .. અમારે બધા સાંભળનારા આવે. 'ઝવાભાઈ' ને 'ધીરૂભાઈ'ને એ હતા ને? 'ધીરજલાલ' 'મનહર'નો બાપ. બધા ભોળાભટ જેવા. આહાહા..! પછી ઇ સત્યનારાયણની કથા બેસાડે. (મુમુક્ષુ :– આત્મા સત્યનારાયણ છે ને?) પણ સત્યનારાયણ તો આ છે. ઓલો તો સત્યનારાયણ એ બ્રાહ્મણ કરે અને પછી એની પ્રસાદી ન લીધી એનું વહાણ બુડી ગયું, ઢીકણું થયું એવી વાતો આવે. આવે છે કે નહિ? છેલ્લી ઓલી પ્રસાદી... એટલે ત્યાં સુધી એને બેસવું એમ. એટલે બ્રાહ્મણે એવી ગોઠવણ કરી રાખેલી. ચાલ્યો ન જાય એમ. પ્રસાદી જેણે ન લીધી એનું વહાણ બૂડી ગયું, આમ થયું. એટલે ત્યાં સુધી સાંભળવા બેસવું. ઓલો ગમે તેવા ગપ્પા મારે. અમે એ બધું ત્યાં સાંભળ્યું છે, હોં! કર્યું નથી પણ સાંભળ્યું છે. આહાહા..! જૈનમાં નામ ધરાવે તોપણ એને કાંઈ ભાન ન મળે.

કહે છે, આહાહા..! જેણે આત્મા અખંડાનંદ પ્રભુ, પરમાત્મ જેનું અંતર સ્વરૂપ છે, એને જેણે ધ્યાનમાં લઈને પકડ્યો, એને મુક્તિ સહજ મહિમાવંત આનંદસુખની ખાણ, **'એવી તે મુક્તિને અતિશયપણે પ્રાપ્ત કરે છે.'** ખાસ કરીને (પ્રાપ્ત કરે છે). એને મુક્તિ જ હોય. બીજું હોય નહિ. એમ કહે છે. આહાહા..! એને ગતિ-બતિ ન હોય. મોક્ષના માર્ગે તો મોક્ષ જ મળે. એ માર્ગ છે, એ માર્ગે જાય તો ત્યાં મોક્ષ આવે. મુક્તસ્વરૂપ ભગવાનઆત્મા, મુક્તસ્વરૂપ એ તો છે. એનું ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તિ પ્રગટ થાય છે. આહાહા..! આ એની મોક્ષની ક્રિયા, મોક્ષમાર્ગની આ ક્રિયા. આ ક્રિયાની સૂઝ પડે નહિ. એકવાર જાત્રા કરી આવો. ચાલો. અષાઢ સુદ ચૌદશની. પાલીતાણા. બાર મહિનાનું પાપ ધોવાઈ જાય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પછી પાછું નવું પાપ બાંધવાનું. આહાહા..! ધર્મને નામે અનાદિથી છેતરાણો છે ને. ધર્મ શું ચીજ છે એની ખબર ન મળે. એ ૬૭મી ગાથા થઈ. ૬૮મી ગાથા.

## ગાથા–૬૮

बंधणछेदणमारणआंकुचण तह पसारणादीया।
कायकिरियाणियत्ती णिद्दिट्ठा कायगुत्ति त्ति।।६८।।

बंधनछेदनमारणाकुंचनानि तथा प्रसारणादीनि।
कायक्रियानिवृत्तिः निर्दिष्टा कायगुप्तिरिति।।६८।।

अत्र कायगुप्तिस्वरूपमुक्तम्।

कस्यापि नरस्य तस्यान्तरंगनिमित्तं कर्म, बंधनस्य बहिरंगहेतुः कस्यापि कायव्यापारः। छेदनस्याप्यन्तरंगकारणं कर्मोदयः, बहिरंगकारणं प्रमत्तस्य कायक्रिया। मारणस्याप्यन्तरङ्गहेतुरांतर्यक्षयः, बहिरङ्गकारणं कस्यापि कायविकृतिः। आकुंचनप्रसारणादिहेतुः संहरणविसर्पणादिहेतुसमुद्घातः। एतासां कायक्रियाणां निवृत्तिः कायगुप्तिरिति।

---

વધ, બંધ ને છેદનમયી, વિસ્તરણ-સંકોચનમયી
ઇત્યાદિ કાયક્રિયા તણી નિવૃત્તિ તનગુપ્તિ કહી. ૬૮.

**અન્વયાર્થ :–** [ बंधनछेदनमारणाकुंचनानि ] બંધન, છેદન, મારણ (–મારી નાખવું), આકુંચન (–સંકોચવું) [ तथा ] તથા [ प्रसारणादीनि ] પ્રસારણ (–વિસ્તારવું) ઇત્યાદિ [ कायक्रियानिवृत्तिः ] કાયક્રિયાઓની નિવૃત્તિને [ कायगुप्तिः इति निर्दिष्टा ] કાયગુપ્તિ કહી છે.

**ટીકા :–** અહીં કાયગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.

કોઈ પુરુષને બંધનનું અંતરંગ નિમિત્ત કર્મ છે, બંધનનો બહિરંગ હેતુ કોઈનો કાયવ્યાપાર છે; છેદનનું પણ અંતરંગ કારણ કર્મોદય છે, બહિરંગ કારણ પ્રમત્ત જીવની કાયક્રિયા છે; મારણનો પણ અંતરંગ હેતુ આંતરિક (નિકટ) સંબંધનો (આયુષ્યનો) ક્ષય છે, બહિરંગ કારણ કોઈની કાયવિકૃતિ છે; આકુંચન, પ્રસારણ વગેરેનો હેતુ સંકોચ-વિસ્તારાદિકના હેતુભૂત સમુદ્ઘાત છે.—આ કાયક્રિયાઓની નિવૃત્તિ તે કાયગુપ્તિ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા-૬૮ ઉપર પ્રવચન

આ કાયગુપ્તિની વ્યાખ્યા છે. ૬૮મી ગાથા.

**बंधणछेदणमारणआंकुचण तह पसारणादीया।**
**कायकिरियाणियत्ती णिद्दिट्ठा कायगुत्ति त्ति।।६८।।**

નીચે હરિગીત.

**વધ, બંધ ને છેદનમયી, વિસ્તરણ-સંકોચનમયી**
**ઇત્યાદિ કાયક્રિયા તણી નિવૃત્તિ તનગુપ્તિ કહી. ૬૮.**

આ અંતરંગ કારણ આવ્યું ભાઈ! **'અહીં કાયગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.'** એ અંતરંગ કારણ.

મુમુક્ષુ :- નિમિત્તને અંતરંગ કારણ કહ્યું.

ઉત્તર :- અહીં તો બીજી વાત છે.

**ટીકા :- 'કોઈ પુરુષને બંધનનું અંતરંગ નિમિત્ત તો એનું કર્મ છે,...'** એને કોઈ બાંધે. પણ એ બાંધવામાં અંતરંગ કારણ તો એનું કર્મ છે. કર્મ એને છે માટે એને કોઈ બાંધે છે. અંતરંગ કારણ કર્મ છે. **'બંધનનો બહિરંગ હેતુ કોઈનો કાયવ્યાપાર છે;...'** બાંધે ખરોને, એટલે કાયાનો વેપાર એ બહારનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? **'કોઈ પુરુષને બંધનનું અંતરંગ નિમિત્ત...'** એને બાંધે, કોઈ ઝાડ સાથે બાંધે, દોરડે બાંધે, પગ બાંધે, લોઢાના સળીયે બાંધે. પણ એ બાંધવામાં મૂળ કારણ તો અશાતાનું કર્મ અંદર છે એ ખરું નિમિત્ત છે. બહારમાં કાયનો વેપાર બીજાને બાંધવાનો.

**'છેદનનું પણ અંતરંગ કારણ કર્મોદય છે,...'** કોઈ છેદે. શરીરના કટકા કરે, કાન કાપે, નાક કાપે. અંતરંગ કારણ તો કર્મોદય છે. .. 'વીરજીભાઈ' બસમાં હતા. એમાં લુંટારા આવ્યા હતા. 'ઢસા' પાસે. 'વીરજીભાઈ' અંદર હતા. સૌને નીચે ઉતાર્યા. એમાં જે બસનો ડ્રાઈવર હતો એનું નાક કાપી નાખ્યું. 'વીરજીભાઈ' સૌને કહે, મોઢા ઓલી કોર રાખો. એટલે પાછું પોતાને આ બાજુ ભાગવું ખરું ને. મોઢા બધાને ઓલી કોર રખાવ્યા. 'વીરજીભાઈ' કહે આનું બિચારાનું નાક કપાઈ ગયું. નાખી દીધું છે તો લાવને ગોતીએ. પણ એ નાક પણ સાથે લઈ ગયો. 'વીરજીભાઈ' કહે હું પણ સાથે હતો. બધાને ઓલી કોર ઉતારી નાખો. ભાઈ! અમારી પૈસા હોય તો લઈ લો. એ ન લીધા. ઓલા સાથે વેર હતું. તેથી એનું નાક કાપ્યું. અંતરંગ હેતુ તો એનો અશાતાનો ઉદય છે. નિમિત્ત.

બાહ્ય છેદવાનું **'બહિરંગ કારણ પ્રમત્ત જીવની કાયક્રિયા છે;...'** ભાષા જુઓ! કોઈ જીવ પણ છેદાય જાય. પ્રમત્ત મુનિ ચાલતો હોય, એની કાયક્રિયા. એને પાપ લાગે એ પ્રશ્ન અત્યારે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. અહીં તો એને નિમિત્ત કોણ? પ્રમત્ત જીવ હોય ત્યાં સુધી.. ચાલતો હોય પ્રમત્તમાં ચાલે ને? અપ્રમત્તમાં તો સ્થિર હોય. એટલે પહેલા ગુણસ્થાન સુધી પ્રમત્ત ક્રિયા હોય છે. એના છેદનમાં કાયનો વ્યાપાર નિમિત્ત હોય. ... **'મારણનો પણ અંતરંગ હેતુ આંતરિક (નિકટ) સંબંધનો (આયુષ્યનો)...'** છે. મારણનો અંતર હેતુ અંદર આયુષ્ય છે. આયુષ્ય પૂરું થયું એટલે મરે. બહાર કોઈ મારી શકે એમ છે નહિ. આહાહા..!

**'બહિરંગ કારણ કોઈની કાયવિકૃતિ છે;...'** કાયાનો વેપાર નિમિત્ત થાય અને ઓલો મરી જાય. આયુષ્ય પૂરું થાય એ અંતરંગ કારણ, આ બાહ્ય નિમિત્ત. **'આકુંચન, પ્રસારણ વગેરેનો હેતુ સંકોચવિસ્તારાદિકના હેતુભૂત સમુદ્‌ઘાત છે.'** સમુદ્‌ઘાત થાય ને? આ પ્રદેશ બહાર નીકળે. **'આ કાયક્રિયાઓની નિવૃત્તિ તે કાયગુપ્તિ છે.'** ત્રણેયથી નિવૃત્ત થવું અને અંતર આત્માના ધ્યાનમાં જવું, એનું નામ કાયગુપ્તિ કહેવામાં આવે છે. પહેલું સમજે તો ખરો કે આ કાયગુપ્તિ કોને કહેવી? કરી શકે ન કરી શકે એ પ્રશ્ન પછી. પણ કાયાનો વેપાર વિકલ્પ જે છે એને છોડવો, અને અંતરના આત્માના આનંદના ધ્યાનમાં આવવું એને કાયગુપ્તિ કહેવામાં આવે છે. આહાહા..!

## શ્લોક–૯૩

(अनुष्टुभ्)

**मुक्त्वा कायविकारं यः शुद्धात्मानं मुहुर्मुहुः।**
**संभावयति तस्यैव सफलं जन्म संसृतौ।।९३।।**

**[હવે ૬૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**[શ્લોકાર્થ :–] કાયવિકારને છોડીને જે ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે, તેનો જ જન્મ સંસારમાં સફળ છે. ૯૩.**

## શ્લોક–૯૩ ઉપર પ્રવચન

**'[હવે ૬૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

**मुक्त्वा कायविकारं यः शुद्धात्मानं मुहुर्मुहुः।**
**संभावयति तस्यैव सफलं जन्म संसृतौ।।९३।।**

**શ્લોકાર્થ :–** **'કાયવિકારને છોડીને...'** કાયવિકારને છોડીને. **'જે ફરીફરીને શુદ્ધાત્માની**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે.**' લ્યો. આહાહા..! શુદ્ધપ્રભુ ચૈતન્ય આનંદમૂર્તિ એની ભાવના કરે છે. એમાં એકાગ્ર થાય છે '**તેનો જ જન્મ સંસારમાં સફળ છે.**' બાકી બધાના જન્મ (નિરર્થક છે). જન્મ્યા એ મરશે નિરર્થક. વળી પાછા જન્મશે. આહાહા..! '**કાયવિકારને છોડીને જે ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના (સમ્યક્ભાવના)...**' એમ. એટલે કે ચૈતન્ય વસ્તુ ભગવાનઆત્મા એની અંતરની બરાબર એકાગ્રતા (થાય), એને સંભાવના–ભાવના કહેવામાં આવે છે. '**તેનો જ જન્મ સંસારમાં સફળ છે.**' જન્મી અને ફરીને ન જન્મવું એવું એણે કર્યું. કાયાગુપ્તિ છે ને? શરીર નહિ મળે એમ કહે છે. એને જન્મ જ નહિ થાય. આહાહા..!

અંતર વસ્તુ ભગવાનઆત્મા, પૂર્ણાનંદ સ્વરૂપ એનું જેણે ધ્યાન (કર્યું), વર્તમાન ધ્યાનની દશામાં એને જેણે વિષય બનાવ્યો, એને જન્મ કેવા? કહે છે. એને મળેલો જન્મ સફળ છે. ફરીને કાયા મળશે નહિ. આહાહા..! '**તેનો જ જન્મ સંસારમાં સફળ છે.**' કાયાગુપ્તિમાં એ નાખ્યું, લ્યો. હવે આ મન, વચન ગુપ્તિની નિશ્ચયની વાત કરે છે. પહેલા વ્યવહારની વાત હતી. મન, વચન ગુપ્તિની, વ્યવહારની વાત હતી. હવે નિશ્ચયની વાત કરે છે.

૬૯મી ગાથા.

## ગાથા–૬૯

**जा रायादिणियत्ती मणस्स जाणीहि तं मणोगुत्ती।**
**अलियादिणियत्तिं वा मोणं वा होइ वइगुत्ती।।६९।।**

**या रागादिनिवृत्तिर्मनसो जानीहि तां मनोगुप्तिम्।**
**अलीकादिनिवृत्तिर्वा मौनं वा भवति वाग्गुप्तिः।।६९।।**

**निश्चयनयेन मनोवाग्गुप्तिसूचनेयम्।**

**सकलमोहरागद्वेषाभावादखंडाद्वैतपरमचिद्रूपे सम्यगवस्थितिरेव निश्चयमनोगुप्तिः। हे शिष्य त्वं तावदचलितां मनोगुप्तिमिति जानीहि। निखिलानृतभाषापरिहृतिर्वा मौनव्रतं च। मूर्तद्रव्यस्य चेतनाभावाद् अमूर्तद्रव्यस्येंद्रियज्ञानागोचरत्वादुभवयत्र वाक्प्रवृत्तिर्न भवति। इति निश्चयवाग्गुप्तिस्वरूपमुक्तम्।**

---

**મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તે મનગુપ્તિ છે;**
**અલીકાદિની નિવૃત્તિ અથવા મૌન વાચાગુપ્તિ છે. ૬૯.**

**અન્વયાર્થ :– [ मनसः ] મનમાંથી [ या ] જે [ रागादिनिवृत्तिः ] રાગાદિની નિવૃત્તિ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[ ताम् ] તેને [ मनोगुप्तिम् ] મનોગુપ્તિ [ जानीहि ] જાણ. [ अलीकादिनिवृत्तिः ] અસત્યાદિની નિવૃત્તિ [ वा ] અથવા [ मौनं वा ] મૌન [ वाग्गुप्तिः भवति ] તે વચનગુપ્તિ છે.**

**ટીકા :– આ, નિશ્ચયનયથી મનોગુપ્તિની અને વચનગુપ્તિની સૂચના છે.**

**સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે અખંડ અદ્વૈત પરમચિદ્રૂપમાં સમ્યક્‌પણે અવસ્થિત રહેવું તે જ નિશ્ચયમનોગુપ્તિ છે. હે શિષ્ય! તું તેને ખરેખર અચલિત મનોગુપ્તિ જાણ.**

**સમસ્ત અસત્ય ભાષાનો પરિહાર અથવા મૌનવ્રત તે વચનગુપ્તિ છે. મૂર્તદ્રવ્યને ચેતનાનો અભાવ હોવાને લીધે અને અમૂર્તદ્રવ્ય ઈન્દ્રિયજ્ઞાનથી અગોચર હોવાને લીધે બન્ને પ્રત્યે વચનપ્રવૃત્તિ થતી નથી. આ રીતે નિશ્ચયવચનગુપ્તિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.**

## ગાથા-૬૯ ઉપર પ્રવચન

**जा रायादिणियत्ती मणस्स जाणीहि तं मणोगुत्ती।**
**अलियादिणियत्तिं वा मोणं वा होइ वइगुत्ती।।६९।।**

**મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તે મનગુપ્તિ છે;**
**અલીકાદિની નિવૃત્તિ અથવા મૌન વાચાગુપ્તિ છે. ૬૯.**

બે પ્રકાર.

**ટીકા :– 'આ, નિશ્ચયનયથી...'** એટલે સાચી દૃષ્ટિથી **'મનોગુપ્તિ અને વચનગુપ્તિની સૂચના છે.'** સાચી મનોગુપ્તિ અને સાચી વચનગુપ્તિની વ્યાખ્યા છે. ઓલો વ્યવહાર હતો. સાચી નહોતી, વ્યવહાર હતો, વિકલ્પ હતો.

મુમુક્ષુ :— એ અધિકારમાં જ નિશ્ચય આપ્યો છે.

ઉત્તર :– હા, ત્યાં જ આપ્યું છે. આહાહા..! નિશ્ચય વિના વ્યવહાર કેવો? એમ સિદ્ધ કરે છે. પહેલી વ્યવહારની વાત કરી હતી, પછી નિશ્ચયની કરી. વિકલ્પ કર્યો અશુભથી છૂટવું, અને શુભમાં આવવું એ વ્યવહાર મનગુપ્તિ છે. ત્યાંથી છૂટીને સ્વરૂપમાં આવવું એ નિશ્ચયગુપ્તિ છે. આહાહા..! **'આ, નિશ્ચયનયથી મનોગુપ્તિની અને વચનગુપ્તિની સૂચના છે.'**

**'સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે અખંડ અદ્વૈત પરમચિદ્રૂપમાં સમ્યક્‌પણે અવસ્થિત રહેવું તે જ નિશ્ચયમનોગુપ્તિ છે.'** લ્યો. પહેલામાં એમ આવ્યું હતું, કે સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન શાંતિની ભૂમિકામાં અશુભથી હટીને શુભમાં આવવું એ વ્યવહાર મનોગુપ્તિ છે. અહીં તો શુભ અને અશુભ બેય વિકલ્પથી હટીને અંદરમાં જવું. જુઓ! **'સકળ મોહરાગદ્વેષનો અભાવ..'** ઓલામાં રાગ હતો. વ્યવહાર મનોગુપ્તિમાં ધર્મીને પણ શુભરાગ હતો. આ તો **'સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે...'** જેણે મોહ એટલે મિથ્યાત્વભાવ છોડ્યો છે અને રાગ ને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્વેષના વિકલ્પ છોડ્યા છે.

**'અખંડ અદ્વૈત પરમચિદ્રૂપમાં...'** લ્યો. ભગવાનઆત્મા અખંડ આત્મા છે, અદ્વૈત છે. જેમાં બે ભેદ જ નથી. લ્યો, આ અદ્વૈત આત્મા આવ્યો. બધા થઈને આત્મા એક એમ નહિ. જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી. એમ કહે છે. અખંડ છે અને દ્વૈત નથી. અદ્વૈત છે. એક સ્વરૂપ છે. પરમચિદ્રૂપ–પરમજ્ઞાનરૂપ. પ્રભુ! જ્ઞાનસ્વભાવરૂપ પરમ જ્ઞાનસ્વભાવરૂપ. **'સમ્યક્પણે અવસ્થિત રહેવું...'** યથાર્થપણે અંતરમાં અખંડ ચિદ્રૂપમાં સ્થિર રહેવું, **'તે જ નિશ્ચયમનોગુપ્તિ છે.'** લ્યો, એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? સાચી મનોગુપ્તિ એનું નામ છે. ત્યારે કોઈ કહે, આ તો બધી કેવળીની વાત. કેવળીની ક્યાં? અહીં તો મુનિની વાત છે. (મુમુક્ષુ :– કેવળી થવાની વાત છે) કેવળી થવાનો ઉપાય, એવો જે મુનિમાર્ગ, એની આવી દશા હોય છે એની વાત છે. એને પહેલા શ્રદ્ધામાં તો લેવું પડે ને? સાચું સાધુપણું કેવું હોય, સાચું મુનિપણું કેવું હોય, આ તો કાંઈ ભાન મળે અને થઈ ગયા સાધુ. આચાર્ય ભગવંતો... આહાહા..! ભાઈ! એમાં તો વસ્તુના સ્વરૂપના ભાન વિના તો નુકસાન છે. તારા અહિતના નાશની વાત છે આ તો. હિતપણું તો ભગવાનઆત્માનું,..

પોતાનો શુદ્ધ આનંદ સ્વભાવ અખંડ અદ્વૈત પરમજ્ઞાનરૂપ. પરમજ્ઞાનરૂપ. એ તો જ્ઞાનરૂપ જ છે. જાણવાના સ્વભાવનું રૂપ છે. એમાં **'સમ્યક્પણે અવસ્થિત રહેવું...'** સ્થિર રહેવું **'તે જ નિશ્ચયમનોગુપ્તિ છે. હે શિષ્ય!..'** **'जाणीहि'** છે ખરું ને? બીજા પદમાં. **'जाणीहि'** છે ને? એટલે કાઢ્યું. **'હે શિષ્ય!...'** અહીં 'કુંદકુંદાચાર્ય' કહે છે ને? **'मणस्स जाणीहि तं मणोगुत्ती'** આહાહા..! આને તો જાણ કે આનું નામ મનોગુપ્તિ કહેવાય. વાણી નથી, મનનો વિકલ્પ નથી અને અંતરમાં અખંડ આનંદ અભેદ ચિદ્રૂપમાં લીનતા છે, એને અહીંયા સાચી મનોગુપ્તિ કહેવામાં આવે છે.

**'હે શિષ્ય! તું તેને ખરેખર અચલિત મનોગુપ્તિ જાણ.'** એમ. **'जाणीहि'** હતું ને એમાંથી કાઢ્યું. **'जाणीहि'** તો આ કો'કને કહે છે કે નહિ? એનો અર્થ થયો કે 'કુંદકુંદાચાર્ય' શિષ્યને કહે છે, સંતોને કહે છે. **'તું તેને ખરેખર અચલિત...'** અંદર આત્માના આનંદમાં ઠરવું, તેને મનનો શુભ વિકલ્પ એ પણ નહિ. તેને **'અચલિત મનોગુપ્તિ (એમ તું) જાણ.'** અને તે જ ધર્મ અને તે જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! લુખુંલહ લાગે, કોઈ વાર્તા હોય, કથા હોય તો મન પણ ખૂંચે. કારણ કે .. એવી વાત આવે તો મન ખૂંચે ત્યાં. ખૂંચે ને? લુખીલહ વાત લાગે.

અંદર વીતરાગમૂર્તિ ભગવાન, એમાં રાગ નથી એવું ચૈતન્યસ્વરૂપ, એનું વિકલ્પ છોડીને ધ્યાન કરે. એનું નામ મનોગુપ્તિ કહેવામાં આવે છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું ન હોય, વિચારમાં લીધું ન હોય, પ્રયોગ તો કર્યો ન હોય. માર્ગ બહુ અલૌકિક છે. વીતરાગમાર્ગ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્માએ કહેલો માર્ગ કોઈ બીજી જાત છે. અત્યારે બધી ગડબડ બહુ ચાલે છે. બહારમાં બધે ધર્મ મનાઈ ગયા છે. આહાહા..! બાપા! આ તો તારો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળ જાય છે, પ્રભુ! આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

પરમ અદ્વૈત અખંડ ચિદ્રૂપ, એમાં અંદરમાં સ્થિતિ કરવી, અંદરમાં આસન લગાવી દેવું. એને હે શિષ્ય! તું મનની ગુપ્તિ કરી એમ તું જાણ. જુઓ! નિશ્ચયમાં એમ આવ્યું. આનું જ્ઞાન ... મનોગુપ્તિ આને કહેવાય એમ કહે છે. આહાહા..! હવે આવા બધા ધંધા ક્યારે કરવા? રળવું ક્યારે?

મુમુક્ષુ :– આ એક જ કમાણી છે.

ઉત્તર :– ધૂળમાં પણ કાંઈ નથી ત્યાં સાંભળને. હેરાનના રસ્તા છે બધા પાપના. પુણ્ય અને પાપ બેય પાપ છે. એને રસ્તે દોરાતા ચાર ગતિના દુઃખ છે. અહીં તો મોક્ષના માર્ગની વ્યાખ્યા છે ને? એ મનની વાત કરી. નિશ્ચય મનોગુપ્તિની વાત કરી, સાચી મનોગુપ્તિની વાત કરી. હવે સાચી અસત્ય વાણીની વાત કરે છે.

**'સમસ્ત અસત્ય ભાષાનો પરિહાર...'** એક વાત. **'સમસ્ત અસત્ય ભાષાનો પરિહાર અથવા મૌનવ્રત તે વચનગુપ્તિ છે. મૂર્તદ્રવ્યને ચેતનાનો અભાવ હોવાને લીધે...'** લ્યો. મૂર્તદ્રવ્યને ચેતનાનો ભાષામાં અભાવ છે. **'અને અમૂર્તદ્રવ્ય ઇન્દ્રિયજ્ઞાનથી અગોચર હોવાને લીધે બન્ને પ્રત્યે વચનપ્રવૃત્તિ થતી નથી.'** અહીંયા 'સમાધિશતક'ની શૈલી લીધી. કહે છે, કે હું કોને બોલું? ભાષા તો જડ છે. એમાં આ જડમાં તો ચેતનાનો અભાવ છે. આહાહા..! વાણીમાં આત્મા નથી. ચેતનાનો અભાવ વાણીમાં છે. એટલે જડ વાણીમાં ચેતનાનો અભાવ હોવાને લીધે **'અને અમૂર્તદ્રવ્ય ઇન્દ્રિયજ્ઞાનથી અગોચર હોવાને લીધે...'** આ આત્મા છે એ અમૂર્ત છે. ઇન્દ્રિયજ્ઞાનને અગોચર છે. કોની સાથે હું વાત કરું એમ કહે છે. વચન ગોપવાની રીત છે. અહીંયા તો (એમ કહે), ઉપદેશ દેવાથી લાભ થાય. લોકો ધર્મ સમજે એનો લાભ મળે. એ વાત ખોટી છે, કહે છે. સમજાણું કાંઈ? ઉપદેશમાં લાભ મળે ને? બે-બે કલાક, ત્રણ-ત્રણ કલાક સવારે સમજાવવું. કાંઈક આપે કે નહિ? દસમો ભાગ નહિ મળતો હોય? આ ગરાસિયાને મળે છે.

મુમુક્ષુ :– દરબારને મળે.

ઉત્તર :– મળે છે. ગરાસિયાને કહે કે અમારી જમીનમાં ધર્મ થાય એનો દસમો ભાગ અમે આપશું. અહીંયા તે દિ' થયું હતું ને? પ્રવચનહોલનું જ્યારે ખાતમુહૂર્ત થયું ત્યારે એક ભાઈ હતા ગુજરી ગયા. 'કેશુભાઈ'ના ભાઈ. એ કહે આ ગરાસિયાની જમીનમાં ધર્મ થાય તો દસમો ભાગ મળે. એ જમીન તમારી ક્યાં રહી હવે? પણ તમારી હોય તો પણ કરનારના પરિણામ પ્રમાણે એને ભાવ હોય. આહાહા..!

મુમુક્ષુ :– જમીન જમીનની છે.

ઉત્તર :– પણ આ કહે ને, ભાઈ! એક મંદિર બનાવો. એમાં જે કાંઈ ધર્મ-ધ્યાન થશે એ મંદિર બનાવનારને લાભ થશે. ધૂળેય નહિ થાય, સાંભળને. કેમ હશે આ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– હવે અમદાવાદનું મંદિર થઈ ગયું, વાંધો નહિ.

ઉત્તર :– હજી ઘણું બાકી છે. એમ ને એમ આ બધા બીજે રખડ્યા કરે અને પ્રમુખ તરીકે મોઢા આગળ નામ આવે. અંદર કામ કરે નહિ કાંઈ. એય..! ત્રણ-ત્રણ મહિના 'મુંબઈ' રખડ્યા કરે. એય..! કેટલું કામ છે? દરવાજો એક લાખ રૂપિયાનો કરવાનો છે, અંદર કામ ઘણું છે. હમણાં જઈ આવ્યા ને બે મહિના. પહેલીવાર.. પછી બધા લોકો વાત કરે ને? તમે ત્યારે નહોતા. કહે અહીં ઘણું કામ કરવાનું બાકી છે. પણ કોઈ ધ્યાન આપતું નથી. છોકરાની છોકરીના લગ્ન કરવા હોય તો ત્યાં મહિનો, બે મહિના રોકાય. કોઈ એવી વાતું કરે, દાક્તર!

મુમુક્ષુ :– ન કરે તોપણ કર્યા બરોબર જ છે ને.

ઉત્તર :– છોકરીના લગ્નમાં પાંચ-છ લાખ ખર્ચ્યા. 'ન્યાલભાઈ' અને એના બાપે કહ્યું, 'અમદાવાદ' માટે તારે પચાસ હજાર–લાખ કાંઈ દેવું છે કે નહિ? પણ એ માને નહિ.

મુમુક્ષુ :– જેને ખરેખર ધરમ સમજવો હોય એને પૈસા ખરચવા જોઈએ ને. મને શેના કહે છે?

ઉત્તર :– શું કહે છે? 'મલૂકચંદભાઈ'! એમ કહે તમારે કરવો છે, અમારે ક્યાં કરવો છે? એટલા બધા પૈસા એની પાસે ન હોય તો ક્યાંથી આપે? આહાહા..! કોણ પૈસા આપે અને લે. એ તો પૈસા જ્યાં જવાના હોય ત્યાં જાય. આહાહા..! આપનાર આપે માટે વપરાય? એ તો જડના રજકણો જે ઠેકાણે ગોઠવવાના–વપરાવાના હોય એ ત્યાં વપરાય. કોણ વાપરી શકે? આહાહા..! આવી વાત છે.

અહીં તો કહે છે, કે આત્મા ઇન્દ્રિયને અગમ્ય અને આ જડ વાણીમાં ચૈતન્ય નહિ. **'બન્ને પ્રત્યે વચનપ્રવૃત્તિ થતી નથી.'** જાવ. **'આ રીતે નિશ્ચયવચનગુપ્તિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.'** લ્યો! વાણીમાં આત્મા નહિ, આત્મા ઇન્દ્રિયથી જણાય નહિ. કોની સાથે વાત કરવી? વચનને ગોપવું એમ કહે છે. વિકલ્પ ન કરવો એમ. વચન તો.. વિકલ્પ.. વાણીમાં આત્મા નથી, ત્યાં વિકલ્પ શું કરે? અને આત્મા ઇન્દ્રિયથી ગમ્ય નથી, તો હું કોની સાથે વાત કરું?

મુમુક્ષુ :– વાણી સાંભળવી કે ન સાંભળવી?

ઉત્તર :– એવી વાતું છે. અગમ્યગમ્યની વાતું છે. સાંભળવામાં આવે, પણ એ શુભરાગ છે. સાંભળવામાં છે એ તો શુભરાગ છે. એને કાંઈ રાગથી જ્ઞાન થાતું નથી. સાંભળવાથી થતું નથી. એવી વાત ભારે ભાઈ! આ તો વીતરાગમાર્ગ એવો છે. અંતરના આત્માના જ્ઞાનસ્વરૂપનો સ્પર્શ કરવાથી જ્ઞાન થાય. એને અડવાથી, અનુભવથી જ્ઞાન થાય. એવી વાત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક-૯૪

(शार्दूलविक्रीडित)

शस्ताशस्तमनोवचस्समुदयं त्यक्त्वात्मनिष्ठापरः
शुद्धाशुद्धनयातिरिक्तमनघं चिन्मात्रचिन्तामणिम्।
प्राप्यानंतचतुष्टयात्मकतया सार्धं स्थितां सर्वदा
जीवन्मुक्तिमुपैति योगितिलकः पापाटवीपावकः।।९४।।

[હવે ૬૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[શ્લોકાર્થ :–] પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવો યોગિતિલક (મુનિશિરોમણિ) પ્રશસ્ત-અપ્રશસ્ત મનવાણીના સમુદાયને છોડીને આત્મનિષ્ઠામાં પરાયણ રહેતો થકો, શુદ્ધનય અને અશુદ્ધનયથી રહિત એવા અનઘ (–નિર્દોષ) ચૈતન્યમાત્ર ચિંતામણિને પ્રાપ્ત કરીને, અનંતચતુષ્ટયાત્મકપણા સાથે સર્વદા સ્થિત એવી જીવન્મુક્તિને પામે છે. ૯૪.

## શ્લોક-૯૪ ઉપર પ્રવચન

'[હવે ૬૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

शस्ताशस्तमनोवचस्समुदयं त्यक्त्वात्मनिष्ठापरः
शुद्धाशुद्धनयातिरिक्तमनघं चिन्मात्रचिन्तामणिम्।
प्राप्यानंतचतुष्टयात्मकतया सार्धं स्थितां सर्वदा
जीवन्मुक्तिमुपैति योगितिलकः पापाटवीपावकः।।९४।।

મુનિપણું કેવું હોય છે? યોગીમાં તિલક. આહાહા..! **'પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન...'** છે. મુનિ તો એને કહીએ કે પુણ્ય અને પાપના વિકલ્પને બાળવામાં સમર્થ છે. આહાહા..! પાપ એટલે પુણ્ય અને પાપ બન્ને, હોં! **'અગ્નિ સમાન એવો યોગિતિલક...'** આહાહા..! **'પ્રશસ્ત-અપ્રશસ્ત મનવાણીના સમુદાયને છોડીને...'** જુઓ! શુભ અને અશુભ, મનનો વેપાર અને વાણીનો વેપાર છોડી દઈને. મન સંબંધી અને વાણી સંબંધી એ શુભવિકલ્પ પણ છોડી દઈને. એમ કહે છે. આહાહા..!

**'પાપરૂપી અટવીને...'** મોટું વન. પુણ્ય-પાપના સંકલ્પ-વિકલ્પની જાળું એ મોટી વનઅગ્નિ છે. એને બાળવામાં અગ્નિ મુનિ છે. એમ કે એ તો મોટી અટવી છે. ઓ..હો..! સ્વરૂપમાં,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદમાં રહેનાર, અતીન્દ્રિય આનંદમાં રહેનાર એવો મુનિ પુણ્ય-પાપના વનને બાળીને રાખ કરે છે. **'(મુનિશિરોમણિ)..'** છે ને? તિલક. યોગીમાં પણ શિરોમણી. **'પ્રશસ્ત-અપ્રશસ્ત મનવાણીના સમુદાયને છોડીને આત્મનિષ્ઠામાં પરાયણ રહેતો થકો,..'** ભાષા જુઓ! ફેરવીને વ્યવહારચારિત્રમાં પણ આ અધિકાર લીધો. મુનિઓની પદ્ધતિ જ સંતોની જુદી વાત છે.

**'આત્મનિષ્ઠામાં પરાયણ...'** શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ એવો આત્મા, એમાં તત્પર છે.મુનિ તો એમાં તત્પર છે. આહાહા..! **'શુદ્ધનય અને અશુદ્ધનયથી રહિત એવા અનઘ (-નિર્દોષ) ચૈતન્યમાત્ર ચિંતામણિને પ્રાપ્ત કરીને,...'** શુદ્ધનય અને અશુદ્ધનયથી રહિત. શુદ્ધનય એટલે વિકલ્પ. હું શુદ્ધ આનંદ છું એવો વિકલ્પ અને અશુદ્ધ રાગની પર્યાય સ્વભાવમાં છે નહીં. બેથી રહિત. **'શુદ્ધનય અને અશુદ્ધનય(ના બે વિકલ્પ)થી રહિત એવા અનઘ (–નિર્દોષ)...'** લ્યો. અઘ એટલે પુણ્ય અને પાપ બે. એનાથી અનઘ–નિર્દોષ **'ચૈતન્યમાત્ર ચિંતામણિને પ્રાપ્ત કરીને,...'** ચૈતન્ય સ્વરૂપ ભગવાન ચિંતામણિ રતન આત્મા છે. આહાહા..! એને પ્રાપ્ત કરીને એ ચિંતામણિ છે. જેટલો એમાં એકાગ્ર થાય એટલી એમાં શાંતિ અને આનંદ મળે એવો ચિંતામણિ રત્ન ભગવાન છે. એને પામર કરીને મનાવ્યો છે. એને માન્યો છે. આહાહા..! શુભ અને અશુભભાવ, ઉલ્લસિત થઈને એમાં રોકાણો છે એને આત્માના ચિંતામણિરત્નની કિંમત નથી.

**'અનંતચતુષ્ટયાત્મકપણા સાથે...'** **'सार्धं'** છે ને **'सार्धं'**? ઓલામાં પણ **'सार्धं'** છે ને? ૧૫મી ગાથામાં. પરિણતિની સાથે **'सार्धं'** એ પર્યાય છે ને અંદર? કારણપર્યાય. ત્યાં પણ **'सार्धं'** છે. **'અનંતચતુષ્ટયાત્મકપણા સાથે સર્વદા સ્થિત...'** મુક્તિ-મુક્તિ. જે આત્મામાં પરાયણ છે, એને આવી દશા પ્રાપ્ત થાય છે. **'અનંતચતુષ્ટયાત્મકપણા સાથે સર્વદા સ્થિત એવી જીવન્મુક્તિને પામે છે.'** જીવતા મુક્ત થઈ ગયો. રાગથી, વિકલ્પથી, વાણીથી (મુક્ત થઈ ગયો). જેને આત્માના સ્વભાવનું ધ્યાન છે, એ ધ્યાનીને આવી દશા પ્રગટ થાય છે. એટલે મુક્તિ મળે, મોક્ષનો માર્ગ મળે. એનું ફળ મોક્ષ. બેય વાત એમાં છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૭૦

**कायकिरियाणियत्ती काउस्सग्गो सरीरगे गुत्ती।**
**हिंसाइणियत्ती वा सरीरगुत्ति त्ति णिद्दिट्ठा।।७०।।**

**कायक्रियानिवृत्तिः कायोत्सर्गः शरीरके गुप्तिः।**
**हिंसादिनिवृत्तिर्वा शरीरगुप्तिरिति निर्दिष्टा।।७०।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



निश्चयशरीरगुप्तिस्वरूपाख्यानमेतत्।

सर्वेषां जनानां कायेषु बह्वयः क्रिया विद्यन्ते, तासां निवृत्तिः कायोत्सर्गः, स एव गुप्तिर्भवति। पंचस्थावराणां त्रसानां च हिंसानिवृत्तिः कायगुप्तिर्वा। परसंयमधरः परमजिनयोगीश्वरः यः स्वकीयं वपुः स्वस्य वपुषा विवेश तस्यापरिस्पंदमूर्तिरेव निश्चयकायगुप्तिरिति।

तथा चोक्तं तत्त्वानुशासने -

(अनुष्टुभ्)

``उत्सृज्य कायकर्माणि भावं च भवकारणम्।
स्वात्मावस्थानमव्यग्रं कायोत्सर्गः स उच्यते।।

---

જે કાયકર્મનિવૃત્તિ કાયોત્સર્ગ તે તનગુપ્તિ છે;
હિંસાદિની નિવૃત્તિને વળી કાયગુપ્તિ છે. ૭૦.

અન્વયાર્થ :– [ कायक्रियानिवृत्तिः ] કાયક્રિયાઓની નિવૃત્તિરૂપ [ कायोत्सर्गः ] કાયોત્સર્ગ [ शरीरके गुप्तिः ] શરીરસંબંધી ગુપ્તિ છે; [ वा ] અથવા [ हिंसादिनिवृत्तिः ] હિંસાદિની નિવૃત્તિને [ शरीरगुप्तिः इति ] શરીરગુપ્તિ [ निर्दिष्टा ] કહી છે.

ટીકા :– આ, નિશ્ચયશરીરગુપ્તિના સ્વરૂપનું કથન છે.

સર્વ જનોને કાયાસંબંધી બહુ ક્રિયાઓ હોય છે; તેમની નિવૃત્તિ તે કાયોત્સર્ગ છે; તે જ ગુપ્તિ (અર્થાત્ કાયગુપ્તિ) છે. અથવા પાંચ સ્થાવરોની અને ત્રસોની હિંસાનિવૃત્તિ તે કાયગુપ્તિ છે. જે પરમસંયમધર પરમજિનયોગીશ્વર પોતાના (ચૈતન્યરૂપ) શરીરમાં પોતાના (ચૈતન્યરૂપ) શરીરથી પ્રવેશી ગયા, તેમની અપરિસ્પંદમૂર્તિ જ (–અકંપ દશા જ) નિશ્ચયકાયગુપ્તિ છે.

એવી રીતે શ્રી તત્ત્વાનુશાસનમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[શ્લોકાર્થ :–] કાયક્રિયાઓને તથા ભવના કારણભૂત (વિકારી) ભાવને છોડીને અવ્યગ્રપણે નિજ આત્મામાં સ્થિત રહેવું, તે કાયોત્સર્ગ કહેવાય છે."

---

**પ્રવચન નં. ૭૦, શ્લોક-૯૫-૯૬, ગાથા-૭૦-૭૧, શનિવાર, અષાઢ વદ ૨, તા.૧૦-૭-૭૧**

---

વ્યવહારચારિત્રના અધિકારમાં નિશ્ચય શરીરની ગુપ્તિની વ્યાખ્યા છે. કાયોત્સર્ગ કોને કહેવો? ૭૦મી ગાથા.

कायकिरियाणियत्ती काउस्सग्गो सरीरगे गुत्ती।
हिंसाइणियत्ती वा सरीरगुत्ति त्ति णिद्दिट्ठा।।७०।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નીચે એનું હરિગીત.

**જે કાયકર્મનિવૃત્તિ કાયોત્સર્ગ તે તનગુપ્તિ છે;**
**હિંસાદિની નિવૃત્તિને વળી કાયગુપ્તિ છે. ૭૦.**

**ટીકા :– ‘આ, નિશ્ચયશરીરગુપ્તિના સ્વરૂપનું કથન છે. સર્વ જનોને કાયાસંબંધી બહુ ક્રિયા હોય છે;...’** આ દેહ, શરીર જડ છે એ સંબંધીની ઘણી પ્રવૃત્તિ શરીરમાં શરીરને લઈને હોય છે. **‘તેમની નિવૃત્તિ...’** તે શરીરની ક્રિયા તરફનું રાગના વિકલ્પનું વલણ જે છે, એનાથી નિવૃત્તિ એ શરીરની ક્રિયાથી નિવૃત્તિ એમ કહેવામાં આવે છે. **‘સર્વ જનોને...’** આ શરીર છે એ તો જડ છે, અજીવ છે. એની જે ઘણાં પ્રકારની ક્રિયાઓ **‘તેમની નિવૃત્તિ તે કાયોત્સર્ગ છે;...’** એટલે કે અંદરમાં શુભ-અશુભ રાગ થાય, રાગ, એનાથી પણ નિવૃત્તિ કરીને સ્વરૂપમાં એકાગ્ર થવું, એનું નામ શરીરગુપ્તિ અથવા કાયોત્સર્ગ કહેવામાં આવે છે.

કાયાનો ઉત્સર્ગ એટલે કે આત્મામાં શરીર છે નહિ, અને શરીરની ક્રિયા તરફના વલણવાળો ભાગ પણ આત્મામાં નથી. એવો જે શુભ-અશુભરાગ વિકલ્પ, કાયાની ક્રિયાના સંબંધમાં થાય તે, એનાથી નિવૃત્તિ કરીને અખંડ આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં અતીન્દ્રિય આનંદમાં એકાગ્ર થવું, એનું નામ ભગવાન સાચો કાયોત્સર્ગ કહે છે. તસ્સ ઉત્તરીમાં આવે છે ને? તાવ, કાયં, ઠાણેણં, માણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ. કાયા તરફનું વલણ છોડું છું. વચનનું અને ધ્યાનમાં મનનું. ઠાણેણાં, માણેણં, ઝાણેણં. એમ ત્રણ છે ને? કાયા, મન અને વાણી, ત્રણેથી હું છૂટું છું. કાયોત્સર્ગ આવે છે ને? તસ્સ ઉત્તરી! એય..! ‘બાબુભાઈ’! અર્થ પણ ન આવડતા હોય. એમ ને એમ ગાડા હાંક્યે રાખ્યા હોય. એમાં ચોથા પાઠમાં આવે છે. તાવ કાય ઠાણેણં, માણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામી.

અહીં પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ કહે છે કે કાયોત્સર્ગ તો એને કહીએ, કે જે આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છે, એમાં લીન થઈને, કાયાની ક્રિયાઓ સંબંધીના વિકલ્પની વૃત્તિઓનો અભાવ કરીને સ્વરૂપમાં ઠરવું, આનંદનું વેદન કરવું, અતીન્દ્રિય આનંદનું વેદન કરવું, એનું નામ કાયોત્સર્ગ છે.

મુમુક્ષુ :– અંદરના આનંદમાં...

ઉત્તર :– આનંદ સિવાય શું કરે છે એ ભાવ આનંદનો છે. આ દુઃખનો છે. કાયા સંબંધી, ક્રિયા સંબંધીનો વિકલ્પ છે એ બધું દુઃખ છે. શુભ-અશુભ રાગની વૃત્તિ વિકલ્પ ઉઠે, કાયાસંબંધી, મનસંબંધી કે વાણીસંબંધી, એ દુઃખ છે. ધર્મ કાંઈ દુઃખરૂપ હોય? એ દુઃખના વિકલ્પો જે રાગ, એનાથી નિવૃત્તિ, એટલે કે સ્વરૂપમાં પ્રવૃત્તિ. એમ. સ્વરૂપ આનંદ.. હજી આગળ કહેશે.

**‘તેમની નિવૃત્તિ તે કાયોત્સર્ગ છે; તે જ ગુપ્તિ (અર્થાત્ કાયગુપ્તિ) છે.’** એને ભગવાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુપ્તિ કહે છે. આહાહા..! સ્વરૂપમાં અંદરમાં જવું અને વિકલ્પોનો નાશ થવો, એનું નામ પરમાત્મા કાયોત્સર્ગની ગુપ્તિ કહે છે. કહો, સમજાણું કાંઈ? એ કાયોત્સર્ગરૂપી ગુપ્તિ છે. **'અથવા પાંચ સ્થાવરોની અને ત્રસોની હિંસાનિવૃત્તિ તે કાયગુપ્તિ છે.'** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ (એ) છકાય છે ને? પાંચ સ્થાવર અને ત્રસ, એના તરફની હિંસાની નિવૃત્તિ, એનું નામ કાયગુપ્તિ છે. પર તરફના વલણની હિંસાનો ભાવ, એનાથી છૂટવું. અને અંતર સ્વભાવ આત્માનો, એમાં એકાગ્ર થવું, એનું નામ કાયગુપ્તિ કહેવાય છે.

**'જે પરમસંયમધર...'** મુનિની મુખ્યતાની વાત લીધી છે ને? **'જે પરમસંયમધર...'** પરમ આત્માના આનંદમાં જેને સંયમદશા પ્રગટી છે. મુનિ એને કહીએ. જેને વિકલ્પથી છકાયની હિંસા છૂટી ગઈ છે, તેમ અવ્રતનો ભાવ પણ જેને છૂટી ગયો છે. આત્માના અતીન્દ્રિય નિજ સ્વરૂપમાં જે પરમ યોગીશ્વર સ્થિર છે. **'પરમસંયમધર...'** છે એવા **'પરમજિનયોગીશ્વર...'** આહાહા..! પરમજિનયોગીશ્વર. જિનયોગીશ્વર એટલે જેણે રાગના વિકલ્પને જીત્યો છે, ઉત્પન્ન થવા દેતો નથી. વીતરાગ ભાવના ઉત્પન્ન કરે છે, એને પરમજિનયોગીશ્વર, સંત–મુનિ એને કહેવામાં આવે છે.

**'પરમસંયમધર પરમજિનયોગીશ્વર પોતાના (ચૈતન્યરૂપ) શરીરમાં પોતાના (ચૈતન્યરૂપ) શરીરથી પ્રવેશી ગયા,...'** જુઓ! આહાહા..! કહે છે, કે આ શરીરની ગુપ્તિની વ્યાખ્યા ચાલે છે ને? તો આ શરીર છે એ તો અજીવ–જડ છે. એના તરફની પ્રવૃત્તિનો વિકલ્પ છે એ પણ વિકાર છે. એનાથી આત્મામાં પ્રવેશ થતો નથી. પણ એ વિકલ્પની, વિકારની લાગણીઓથી રહિત શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા એવું જે નિજશરીર પોતાનું. શરીરગુપ્તિ છે ને? એટલે અહીં શરીર લીધું. આ શરીરની પ્રવૃત્તિના વિકલ્પ-રાગથી છૂટી, અને નિજશરીર.. વીતરાગસ્વભાવસ્વરૂપ આત્મા એ નિજશરીર છે. આહાહા..! નિજશરીરમાં પોતાના શરીરથી એટલે ચૈતન્યરૂપ શરીરથી પ્રવેશી ગયા. શું કહે છે? પુણ્ય-પાપનો શુભ-અશુભ વિકલ્પ છે એ તો વિકાર છે, એ કાંઈ આત્મા નથી. આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ, એવું પોતાનું સ્વરૂપ, એ પોતાનું શરીર, એમાં ચૈતન્યરૂપ શરીરથી–નિર્મળ વીતરાગી પરિણતિથી–પ્રવેશી ગયા. ભાષા પણ સમજવી કઠણ પડે. આવું હોય એના કરતા એક જાત્રા-બાત્રા કરી આવીએ અને કલ્યાણ થઈ ગયું જાવ. આહાહા..! કલ્યાણ આખી ચીજ જુદી છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ, પરમજિનયોગીશ્વર સંતોની ગુપ્તિનું વર્ણન કરે છે. આહાહા..! શરીર આ જડ, માટી, એની ક્રિયાઓથી નિવર્ત્યો હોય એટલે એના તરફના વલણવાળો વિકલ્પ, એનાથી નિવર્ત્યો એટલે શરીરની ક્રિયાથી નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. ત્યાંથી નિવર્ત્યો ત્યારે ગયો ક્યાં હવે? કે ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા, એને નિર્મળ વીતરાગી પરિણતિથી અંદરમાં પ્રવેશ કર્યો. આહા..! આ વાત! આવો પ્રભુનો માર્ગ છે, ભાઈ! આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દુનિયા કંઈને કંઈક માને, માર્ગ ક્યાંક રહી ગયો.

ત્રિલોકનાથ પરમાત્મા, ઇન્દ્રો અને નરેન્દ્રોની સમક્ષમાં આ શરીરની ગુપ્તિનું વર્ણન કરતા હતા. આહા..! ભાઈ! આ શરીર છે એ તો માટી-જડ છે. એની પ્રવૃત્તિની ક્રિયા તો જડથી જડમાં છે. પણ તને વિકલ્પ થતો કે હું શરીરનું આમ કરું, આમ કરું, એવો જે પુણ્ય-પાપનો વિકલ્પ જે છે, એ પણ ખરેખર તો કાયા છે, પરકાયા છે. આહાહા..! એ આસ્રવતત્ત્વ છે એ પરકાયા છે. એટલે પરનો સંગ છે ઇ, એ ચૈતન્ય નથી. આહાહા..!

ચૈતન્ય તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ! એવા ચૈતન્યમાં ચૈતન્ય વડે, સ્વશરીરમાં સ્વશરીર વડે. સ્વશરીર એટલે ચૈતન્ય જ્ઞાનમૂર્તિ, એમાં જ્ઞાન અને વીતરાગની વીતરાગી શુદ્ધ પરિણતિ દ્વારા ચૈતન્યના દ્રવ્યમાં પ્રવેશ કર્યો, એનું નામ કાયોત્સર્ગ કહેવામાં આવે છે. 'બાબુભાઈ'! બાપ-દાદાએ કોઈએ કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય. આ કરી નાખી સામાયિક. આ તો હવે કોક દિ' સાંભળવા આવે છે, એનો બાપ તો સાંભળે જ નહિ. જુની રૂઢિ. કેમ 'ચીમનભાઈ'! એમ જ છે ને. દરેકમાં એ જ્યાં જ્યાં પડ્યા હોય... આહાહા..! પારસનાથ પરચો પૂરે. એવું બોલતા અવારનવાર અમારે. પિતાજી દાતણ કરી... એટલું બોલતા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બસ એટલું સમજે. પારસનાથ પરચો પૂરે, શાંતિનાથ શાતા કરે. એને કાંઈ બીજી ખબર નહિ. ભોળા માણસ છે. ભોળા એટલે ધર્મને માટે ભોળા, હોં! સંસારમાં તો... પારસનાથ પરચો પૂરે, શાંતિનાથ શાતા કરે. એમ બોલતા ખરા. બે-ત્રણ લીટી. આહાહા..! આ પારસનાથ તો તું છે. આનંદનું ધામ સચ્ચિદાનંદ પ્રભુ, એવો જે આત્મા એમાં નિર્મળ પરિણતિ દ્વારા પ્રવેશ કરવો એટલે અભેદ થવું. આહાહા..! શું કહે છે એ હજી પકડાવું કઠણ. 'શાંતિભાઈ'! આહાહા..! આનું નામ કાયોત્સર્ગ અને એનું નામ શરીરની ગુપ્તિ. આ શરીર તરફના લક્ષને છોડી અને ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા, આનંદનું ધામ આત્મા, એમાં નિર્મળ વીતરાગી પર્યાય દ્વારા અંદરમાં પ્રવેશ કરવો, એનું નામ કાયોત્સર્ગ કહે છે. કાયોત્સર્ગ કોઈ દિ' કર્યો તો નથી પણ કાયોત્સર્ગ કેમ થાય એની ખબર પણ નથી. આહાહા..! એમને એમ માની બેસે. ભગવાન સામે આમ ઊભા રહે. તાઉ કાય ઠાણેણં. ભગવાનના દર્શન કરવા સામે ઊભા રહે છે ને? એ તો બધો શુભરાગ છે, એ તો વિકલ્પ છે, પુણ્યભાવ છે, એ ધર્મ નથી. એ કાયોત્સર્ગ નથી. આહાહા..!

કાયોત્સર્ગ તો એને કહે, કે જે કાયા સંબંધીની વૃત્તિઓને છોડી દઈને–ઉત્સર્ગ, એનો ઉત્સર્ગ કર્યો–છોડ્યું. એને છોડ્યું ત્યારે ગયો ક્યાં? એમ કહે છે. તેથી અર્થ એવો કર્યો. કાયોત્સર્ગ છે ને? એટલે એમાં આ વાત કરી. મનની વાણી દેહની જે વિકલ્પદશા રાગ છે, એનાથી નિવર્ત્યો. નિવર્ત્યો ત્યારે ગયો ક્યાં? કે આનંદસ્વરૂપ જે આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ! એને નિર્મળ પરિણતિ દ્વારા અંદરમાં અભેદ થયો, એનું નામ કાયોત્સર્ગ કહેવામાં આવે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આવું સાંભળે 'ગુણવંતભાઈ'! બહારમાં તો સંભળાય નહિ. બસ આમ કરો, સામાયિક કરો, ઇચ્છામિ, પડિક્કમિઉં, ઇરિયા વહિયાએ. લ્યો. તત્સ મિચ્છામિ દુક્કમ. શું કીધું? એ ભાષા જડ છે, એમાં વિકલ્પ થયો એ રાગ છે. કાંઈ ખબર ન મળે. અનંતકાળ એમ ને એમ વાસ્તવિક તત્ત્વના ભાન વિના ગાળ્યો અને ચોરાશીના અવતારમાં ગળી ગયો. કેવી વાત કરી? જુઓ! આહાહા..!

આ શરીર ઉપરનું લક્ષ છોડી દઈ. શરીર તો શરીર છે એ તો જડની ક્રિયા છે. એ કાંઈ તારાથી છૂટે નહિ અને તારાથી થાય પણ નહિ. પણ અહીંયા એના તરફનું લક્ષ છોડ્યું એટલે શરીરની ક્રિયા છોડી એમ કહેવામાં આવ્યું. એના તરફનું લક્ષ છોડ્યું, ત્યારે એનો અર્થ થયો કે પુણ્ય અને પાપના વિકલ્પથી પણ લક્ષ છોડ્યું. અને એનાથી લક્ષ છોડ્યું ત્યારે ગયો ક્યાં? પ્રવેશ ક્યાં કર્યો? રાગમાં પ્રવેશ હતો, શુભ-અશુભ રાગમાં પ્રવેશ હતો એ તો અકાયોત્સર્ગ હતો–મિથ્યાત્વભાવ હતો. રાગમાં એકાકાર એ તો મિથ્યાત્વભાવ હતો. સમ્યક્ ભાવ? ભગવાન ચૈતન્યશરીર સ્વ એની વસ્તુ છે. જ્ઞાન, આનંદ, જાણકસ્વભાવ એવું જે ચૈતન્યનું નિજ, અનાદિ શરીર એટલે સ્વરૂપ, એમાં નિજશરીરથી અને નિજસ્વરૂપથી. નિજસ્વરૂપથી પ્રવેશ કરે, એનું નામ કાયોત્સર્ગ છે. આહાહા..! જૈનના વાડામાં જન્મ્યા હોય છતાં આ વાત શું છે એ સાંભળી ન હોય. 'બાલચંદભાઈ'! ડોસાએ સાંભળી હતી? આહાહા..!

તીર્થંકર ત્રિલોકનાથ, ઇન્દ્રના પૂજનીક પૂર્ણાનંદ સ્વરૂપ પ્રાપ્ત, એની વાણીમાં આવ્યું એ વાત સંતો કહે છે. પાઠમાં છે ને? **'स्वकीयं वपुः स्वस्य वपुषा विवेश' 'स्वकीयं वपुः'** સંસ્કૃત છે. **'स्वकीयं वपुः'** પોતાનું જે **'वपुः'** એટલે શરીર. આનંદ અને જ્ઞાનનું ધામ આત્મા એ એનું શરીર. આહાહા..! એને આ શરીર નથી. આ તો માટી જડ છે. પુણ્ય-પાપના વિકલ્પ-ભાવ ઊઠે, એ પણ વિકાર છે, અચેતન છે. એ કાંઈ ચૈતન્યની જાત નથી. એ વિકારના પુણ્ય-પાપના રાગથી રહિત ચૈતન્યજ્યોત ભગવાનઆત્મા વસ્તુ પદાર્થ છે, સત્ત્વ છે, તત્ત્વ છે, વસ્તુ છે, એવું નિજ સ્વકીય શરીર, જ્ઞાન અને આનંદનો સાગર એવો સ્વકીય શરીર, એમાં **''स्वकीयं वपुः स्वस्य वपुषा'** સંસ્કૃતમાં છે ને? આહાહા..! ભારે કરે છે. ટીકા. આ આકરું પડે એટલે ઓલા લોકો કાઢી નાખે. અપૂર્વ વાત છે. 'બાબુભાઈ'! અપૂર્વ કહેતા હતા ને કાલે? વાત તો એવી છે. આ તો વીતરાગની છે. એ વાત બીજે ક્યાંય ત્રણકાળમાં સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર સિવાય આવું સ્વરૂપ ક્યાંય હોઈ શકે નહિ. આહાહા..! જુઓને રીત.

શરીરની ગુપ્તિ એટલે કે શરીર તરફના રાગના પુણ્ય-પાપના ભાવને છોડીને એણે કાયાની ક્રિયાઓ છોડી એમ કહેવામાં આવે છે. ત્યારે શું ગ્રહ્યું? કે ચૈતન્ય ભગવાનઆત્મા અંતર આનંદ અને જ્ઞાનનો સાગર પ્રભુ છે. એવું નિજ સ્વશરીર એટલે સ્વસ્વરૂપ, એ સ્વસ્વરૂપ વડે પ્રવેશ કર્યો. નિર્મળ દશા દ્વારા અંદર એકાકાર થયો. આહાહા..! એ પુણ્યના વિકલ્પથી પણ અંતર એકાકાર થવાતું નથી. એનાથી તો નિવૃત્તે ત્યારે અહીં પ્રવેશ થાય એમ કહે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પહેલી સમજણ તો કરે. સત્ય શું છે? પ્રભુનો માર્ગ શું છે? વીતરાગ શું કહેવા માગે છે? ખબરું ન મળે. અને એમ ને એમ જિંદગી ચાલી જાય. શરીર મૃત્યુની નજીક થતું જાય. જે મુદત લઈને આવ્યો છે એની નજીક થાતો જાય છે. ખરું કે નહિ? આહાહા..!

આ જીવતી જ્યોત તો ચૈતન્ય છે. આહા..! જ્ઞાન અને શાંતિ, આનંદ અને સ્વચ્છતા, પ્રભુતાથી ભરેલો, પ્રભુ! એવું એનું સ્વસ્વરૂપ કહો કે સ્વશરીર કહો. એને રાગથી પાછો હઠાવી, અને રાગ વિનાની નિર્મળ પર્યાય, નિર્મળ દશા દ્વારા નિર્મળાનંદ પ્રભુને પકડવો, એમાં પ્રવેશ કરવો એનું નામ શરીરગુપ્તિ અને કાયોત્સર્ગ છે. આહાહા..! નિવૃત્તિનો અર્થ આ. એના તરફનું લક્ષ છોડ્યું એટલે કે અહીં નિવૃત્તિ થઈ ગઈ. અહીં નિવૃત્તિ છે. ત્યાં ક્યાં એમાં ઘૂસી ગઈ છે? ઓલો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. શરીરથી આમ કરવું એવો રાગ છે, એને અને આ ક્રિયાને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, એ સંબંધને છોડ્યો, એણે કાયાની ક્રિયાને છોડી નિવૃત્તિ એમ કહેવામાં આવે છે. શું થાય? ભાષામાં કહેવું હોય તો એની રીત પ્રમાણે ભાષામાં આવે. પાઠમાં છે ને? '**कायकिरियाणियत्ती**'.

ભગવાનઆત્મા... આહાહા..! પણ કોણ છે એની ખબર વિના અંદર ઠરે ક્યાંથી? અંદર જાય ક્યાંથી? છે કોણ આ ચીજ? હું આત્મા... આત્મા... આત્મા... કહેવાય છે. એ કોઈ વસ્તુ છે કે એમાં શું છે? છે શું એ? જેમ આ જડાદિ વસ્તુ છે એમ ભગવાનઆત્મા પણ વસ્તુ છે. અને જડમાં જેમ જડની શક્તિઓ છે, એમ ભગવાનઆત્મામાં એની અરૂપી ચૈતન્ય અનંતશક્તિઓ છે. એવી અનંતશક્તિનું સ્વરૂપ એકરૂપ ભગવાન, એમાં નિર્મળ દશા દ્વારા અંદરમાં જવું, એને કાયોત્સર્ગ અને એને યોગ અને એને ગુપ્તિ કહેવામાં આવે છે. એનું નામ ધર્મ છે. આહાહા..!

'શ્રીમદ્' કહે છે ને, કે અપ્પાણં વોસરામિ. આખો આત્મા વોસરાવી દે. તાઉ, કાય, ઠાણેણં, માણેણં, ઝાણેણં, અપ્પાણં વોસરામિ. એ ક્યો આત્મા વોસરાવવો છે અને ક્યો આત્મા ગ્રહણ કરવો એની કાંઈ ખબર નથી. અપ્પાણં વોસરામિ, 'શ્રીમદ્' કહે છે. આત્માને વોસરાવ્યો. પણ કયો આત્મા? શું કહે છે તું? એ પુણ્ય અને પાપની લાગણીઓ છે એ અનાત્મા છે, એ યથાર્થ આત્મા નહિ. એને વોસરાવ્યો, એને છોડ્યો અને આત્મા ત્રિકાળ આનંદસ્વરૂપ છે તેને પકડ્યો. આહાહા..! કહો, 'મોહનભાઈ'! આવે છે ને? અપ્પાણં વોસરામિ. 'શ્રીમદે' ટીકા કરી છે. બોલનારને ભાન ન મળે. કે હું અપ્પાણં વોસરામિ. આત્માને વોસરાવું. પણ કયા આત્માને વોસરાવું અને ક્યા આત્માને ગ્રહણ કરું? 'હિંમતભાઈ'! આવે છે ને? પાઠ મોઢે કર્યો છે? નથી કર્યો? 'કપુરભાઈ'એ કર્યો હશે. પહેલાના જૂના ડોસા હોય એણે (કર્યો હોય). તમે નહિ કર્યો હોય 'અરવિંદભાઈ'? કર્યો છે? આહાહા..!

કહે છે, કે અપ્પાણં વોસરામિનો અર્થ શું? કે કાયા, મન અને વાણી તરફના પુણ્ય-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાપના વિકલ્પો જે રાગ, તે અશુદ્ધ આત્મા, તે વ્યવહાર આત્મા, તે વિકાર આત્મા, એને હું છોડું છું. પણ શું બરાબર? અત્યાર સુધી કોઈ દિ' ધ્યાન રાખ્યું છે? ઓલા વેપારમાં કેટલા અંદર મશગુલ થઈ જાય. શરીરને સારું ન હોય તો પણ ત્યાં જાય.

મુમુક્ષુ :– એમાં સમજણ પડે.

ઉત્તર :– એમાં સમજણ પડે. શરીરને ઠીક નહોતું ને કેટલાય મહિના. તો પણ સારું ઝટ થઈ જાય તો કામમાં જઈએ. ઝટ થઈ જાય. એમ સાધારણ રીતે માણસને થાય. કે ઝટ મટી જાય પછી દુકાનમાં ઘાણીના બળદની જેમ મજુરીમાં જોડાઈ જઈએ. આહાહા..! વાત તો અહીં ખૂબી આ કરી છે.

**'શરીરમાં પોતાના (ચૈતન્યરૂપ) શરીરથી પ્રવેશી ગયા,...'** ધર્માત્માનો કાયોત્સર્ગ કાળ એવો છે કે... આહાહા..! ભગવાનઆત્મા... આ શરીરથી છૂટ્યું ત્યારે નિજશરીર શું? કે જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતાનું ધામ પ્રભુ અંદર આત્મા છે. સિદ્ધ ભગવાનને જે દશાઓ પ્રગટ થઈ, એ બધી દશાઓ આત્મામાં ભરી છે. આહાહા..! એ દશાઓ આવી ક્યાંથી? કાંઈ બહારથી આવે છે? સિદ્ધ ભગવાન, અરિહંત ભગવાનને જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય પ્રગટ્યું, એ ક્યાંથી આવ્યું? કોઈ દેહમાંથી આવે છે? વાણીમાંથી, મનમાંથી, રાગમાંથી એ દશા આવે છે? આહાહા..! એક સમયની પર્યાયમાંથી આવે છે? પર્યાય તો એક સમયની છે. વસ્તુ છે ધ્રુવ, ચૈતન્ય ભગવાન. અનંત એવી નિર્મળ પર્યાયનો પિંડ છે. એને અહીંયા નિર્મળ પર્યાય દ્વારા અંદર પર્યાયવાનને પહોંચી જવું. આહાહા..! કેટલાકે તો આવા શબ્દો પણ આખી જિંદગીમાં સાંભળ્યા નહિ હોય. કેમ ભાઈ! 'મુલચંદજી'! સાચી વાત છે? આવી સ્થિતિ છે, બાપા! આહા..! આ તો જન્મ, જરા અને મરણના અંત લાવવાની વાતું છે, બાપુ! જન્મમરણ તો અનાદિથી કરી રહ્યો છે. આ ધૂળ શેઠિયા, આ દેવ એ બધા દુ:ખી છે બિચારા. એમ હશે? 'બાલચંદભાઈ'! 'મલૂકચંદભાઈ'! દુ:ખી હશે આ? 'પૂનમચંદ' દુ:ખી હશે? આહાહા..!

અહીં તો પર તરફના વલણનો વિકાર, તે દુ:ખ અને તે આકુળતા છે. આહાહા..! એને છોડીને એટલે કે એના તરફનો આશ્રય અને વલણ છોડીને અહીં ભગવાન ચૈતન્યદ્રવ્ય સ્વરૂપ, એમાં નિર્મળ દશા.. અહીં રાગથી છૂટ્યો એટલે નિર્મળ દશા થઈ, એ નિર્મળ દશા દ્વારા અંદરમાં ગયો એમ કહેવામાં આવે છે. આહાહા..! આ કાયોત્સર્ગની વ્યાખ્યા છે. પેલા તો મોઢા આગળ ઉભા રહે (અને બોલે) કાઉ ઠાય ઝાણેણં, માણેણં નમો અરિહંતાણં લ્યો થઈ ગયો કાયોત્સર્ગ, બે મિનિટમાં. આહાહા..! બાપુ! એક સેકન્ડનો કાયોત્સર્ગ જન્મ-મરણના અંતને લાવે એ વાત છે અહીંયા. આહાહા..! જેમાં જન્મ-મરણ અને જન્મ-મરણના ભાવ જેમાં નથી એવા આત્મામાં... આહાહા..! **'हिसाइणियत्ती वा सरीरगुप्ति ति णिदिट्ठा'**

**'તેમની અપરિસ્પંદમૂર્તિ જ (–અકંપા દશા જ) નિશ્ચયકાયગુપ્તિ છે.'** લ્યો. ભગવાનઆત્મા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિજ જ્ઞાન અને આનંદ સ્વરૂપમાં સ્થિર થાય, કંપે નહિ. અપરિસ્પંદ એટલે પુણ્ય-પાપની કંપન દશા જ્યાં નથી. એવી **'અપરિસ્પંદમૂર્તિ જ (–અકંપા દશા જ) નિશ્ચયકાયગુપ્તિ છે.'** એને ભગવાન શરીરની ગુપ્તિ અને કાયગુપ્તિ કહેવામાં આવે છે. હવે **'એવી રીતે તત્ત્વાનુશાસનમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** છે ને શ્લોક માથે ૧૩૭ પાને.

**उत्सृज्य कायकर्माणि भावं च भवकारणम्।**
**स्वात्मावस्थानमव्यग्रं कायोत्सर्गः स उच्यते।।**

એનો અર્થ. ૧૩૭ પાને અર્થ છે.

**શ્લોકાર્થ :– 'કાયક્રિયાઓને...'** એ નિમિત્તથી વાત લીધી. જડની ક્રિયા. ઓલામાં નિમિત્ત-નિમિત્ત સંબંધ છે ને? એટલે કાયક્રિયા નૈમિત્તિક અને વિકાર નિમિત્ત. **'કાયક્રિયાઓને તથા ભવના કારણભૂત (વિકારી) ભાવને...'** જુઓ! ભવનું કારણ. પુણ્ય ને પાપના વિકલ્પો રાગ એ તો ભવનું કારણ છે. આહાહા..! ભગવાન પરમાત્માની ભક્તિનો ભાવ એ શુભભાવ, એ ભવનું કારણ છે. આહાહા..! બાપુ! આ તો વીતરાગ માર્ગ છે. વીતરાગ માર્ગમાં રાગ, એ વીતરાગ માર્ગમાં હોઈ શકે નહિ. હોય એને જાણવાલાયક આવે પણ આદરણીય છે એમ નથી. હોય ખરો ભાવ. આહાહા..!

બે વાત લીધી. **'કાયક્રિયાઓને તથા ભવના કારણભૂત...'** પુણ્ય-પાપનો વિકલ્પ જે શુભ-અશુભરાગ એ ભવનું કારણ છે. ઓલી કાયક્રિયા નિમિત્ત જડની, એ કાંઈ ભવનું કારણ નથી, કારણ આ છે. આહાહા..! **'છોડીને...'** એ વિકારી ભાવને (છોડીને). ચાહે તો ભગવાનની ભક્તિનો વિકલ્પ હો, કે દયા-દાનનો હો, વ્રતનો હોય એ બધો રાગ છે. એ રાગ ભવનું કારણ છે. ઓલા રાડ્યું પાડે છે કે, સમકિતીના પુણ્ય ભવનું કારણ? હવે સાંભળને, ભાઈ! રાગ છે ત્યાં. આહાહા..! ભારે માર્ગ, બાપા! વાત એવી સાંભળવી પણ મુશ્કેલ થઈ ગઈ અત્યારે. બહારના ઢસરડા રહી ગયા. સર્પ ગયા અને ઢસરડા રહ્યા, કહે છે ને? આહાહા..!

કહે છે, એ કાયક્રિયાઓ છે એનું લક્ષ છોડી દે અને તેના કારણરૂપ જે ભવનું કારણ એવા વિકારી ભાવ, એને છોડીને એટલે કે એનું લક્ષ છોડી દઈને **'અવ્યગ્રપણે નિજ આત્મામાં સ્થિત રહેવું,...'** આનંદપણે. પુણ્ય-પાપમાં વ્યગ્રતા હતી. શુભ-અશુભભાવ છે એ તો વ્યગ્રતા છે, અસ્થિરતા છે, કંપન છે, દોષ છે. આહાહા..! **'અવ્યગ્રપણે નિજ આત્મામાં...'** પાછું એમ. ભગવાનનો આત્મા માને એ નહિ, એ તો પર છે. આહાહા..! **'નિજ આત્મામાં સ્થિત રહેવું,...'** ભગવાનઆત્મા આનંદનું ધામ, અતીન્દ્રિય સ્વભાવનો સાગર એવા નિજ આત્મામાં અંદર સ્થિર રહેવું, એ કાયોત્સર્ગ કહેવાય છે. આહાહા..! એનું નામ ધર્મ કહો, એનું નામ કાયોત્સર્ગ કહો, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. કહો, છે કે નહિ અંદર સામે? પાઠ છે સામે. પાઠનો તો અર્થ થાય છે. વાણિયા દિવાળીમાં નામા મેળવે કે નહિ? ચોપડામાં નથી મેળવતા? દશેરા આવે ત્યારે મેળવે કે નહિ? ભાઈ! તારામાં કેટલું લેણું છે? આમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૨૭૮૩૫ નીકળે છે. તારે કેટલું નીકળે છે ભાઈ? અહીં તો ૩૦૦૦ નીકળે છે. એટલો બધો ફેર ક્યાં હોય? મેળવો. કોઈ રકમ બાકી રહી ગઈ. ત્યાં મેળવે વાણિયા. અહીં મેળવવામાં વખત મળે નહિ.

મુમુક્ષુ :– ત્યાં લાભ દેખાય છે ને અહીં લાભ દેખાડો.

ઉત્તર :– ધૂળમાં પણ ત્યાં લાભ નથી. આહાહા..! ભગવાનઆત્મા... લાભ સવાયા. લખે છે ને વાણિયા? બારણે લખે. લક્ષ લાભ એટલે આત્માનું લક્ષ કર તો લાભ થાય એમ છે એનો અર્થ. ... આહાહા..!

એકવાર અમે કહ્યું હતું ને? 'પાલેજ'માં સાથે ચોપડા લખ્યા હતા. ચોપડામાં નામું લખે ને? લોટિયા વોરા. એક ગૃહસ્થ મોટા 'વડોદરા'માં. નામા સાથે લખેલા. અને માલ લેવા ગયા. હું 'મુંબઈ' માલ લેવા ગયો હતો. આ તો (સંવત) ૧૯૬૪-૬૫ની સાલની વાત છે. એમાં એ લોટિયા વોરા સામે હતો. ૫૦ હજારનું કાપડ બળી ગયું. લખીને બધા આપે એનું બળી ગયું. 'મુંબઈ' એ શેઠ રસ્તામાં મળ્યા. કેમ છે શેઠ? બળી ગયું બધું. નામા તો સાથે લખ્યા હતા. ચોપડા લખીને અમે ત્યાં રહ્યાં. શું કહેવાય? ફટાકડા. ફટાકડા ફોડે. ઓલા શેઠિયાની દુકાને બધા સાથે નામા લખવા જાય. પણ સાથે નામા લખ્યા હતા ને કીધું આમાં? ... ના ભાઈ હતા. ૫૦ હજારનું કાપડ, હોં! બાયડ્યું માંડ માંડ નીકળી. અગ્નિ કેવી લાગી રાત્રે, બહારથી નીકળ્યા ઓલા શું કહેવાય મેડી ન હોય? બારણામાંથી બહાર નીકળીને નીચે ઉતર્યાં. નીચે હળ.. હળ.. હળ.. એલા પણ નામા લખ્યા હતા ને? એ ત્યાં શું કરતું હતું? પાપનો ઉદય આવે તો નામા પણ પડ્યા રહે. આહા..! સળગી ગયું.

મુમુક્ષુ :– લુગડા બળી ગયા એમાં પાપનો ઉદય શું?

ઉત્તર :– ૫૦ હજાર ગયા. હાય.. હાય.. ભિખારી થઈ ગયો બહારમાં. એ વખતની વાત છે આ તો. ૧૯૬૪-૬૫-૬૬ની સાલની વાત. એ વખતમાં ૫૦ હજાર એટલે? અત્યારે તો તમારે રૂપિયા ગણતરીમાં ક્યાં આવે છે. અત્યારના વીસ લાખ અને પહેલાના એક લાખ. એટલો બધો ભાવ ફરી ગયો છે ને?

મુમુક્ષુ :– માણસમાં પણ ફરી ગયો.

ઉત્તર :– બધો ફરી ગયો. માણસનો ફરી ગયો, દાણાનો ફરી ગયો, ઘીનો ફરી ગયો, પાણીનો ફરી ગયો, બધો ફરી ગયો. આહાહા..! એમાં શું થયું? સાથે નામા લખ્યા હતા.

અહીં તો કહે છે, કે એ તો પૂર્વના પુણ્ય-પાપ પ્રમાણે બહારની ક્રિયાઓ થાય. ત્યાં કાંઈ તારી જાળવી રહે નહિ. આ જાળવ્યું રહે એવું છે એમ કહે છે. આત્મામાં ઠીક રહેવું. નિજ ભગવાન વસ્તુ છે, પદાર્થ છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા પોતે છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ છે, એમાં સ્થિત રહેવું, પુણ્ય-પાપના વિકલ્પને છોડીને સ્થિત રહેવું. એનું નામ ભગવાન કાયોત્સર્ગ અને શરીરગુપ્તિ ને ધર્મ કહે છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૯૫

तथा हि -

(अनुष्टुभ्)

अपरिस्पन्दरूपस्य परिस्पन्दात्मिका तनुः।
व्यवहाराद्भवेन्मेऽतस्त्यजामि विकृतिं तनोः।।९५।।

વળી (૭૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[શ્લોકાર્થ :–] અપરિસ્પંદાત્મક એવા મને પરિસ્પંદાત્મક શરીર વ્યવહારથી છે; તેથી હું શરીરની વિકૃતિને તજું છું. ૯૫.

## શ્લોક–૯૫ ઉપર પ્રવચન

'વળી (૭૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—' પોતાનો શ્લોક છે. 'પદ્મપ્રભમલધારીદેવ'.

अपरिस्पन्दरूपस्य परिस्पन्दात्मिका तनुः।
व्यवहाराद्भवेन्मेऽतस्त्यजामि विकृतिं तनोः।।९५।।

**શ્લોકાર્થ :–** અરે..! **'અપરિસ્પંદાત્મક એવા મને...'** પોતે કહે છે, હું તો અપરિસ્પંદ એટલે પુણ્ય-પાપના વિકલ્પમાં ન આવું એવી હું ચીજ છું. ચૈતન્યબિંબ ધ્રુવ સ્વરૂપ ભગવાન, અપરિસ્પંદાત્મક સ્થિર બિંબ આત્મા છે. આહાહા..! કહો, સમજાણું? ક્યાં ગયા? 'ચેતનજી' નથી? પાછળથી આવ્યા લાગે છે. **'અપરિસ્પંદાત્મક એવા મને...'** હું તો અંદર પુણ્ય-પાપના રાગથી ભિન્ન (છું). એ પુણ્ય-પાપ અને શરીરાદિ બધું પરિસ્પંદ, કંપન્ન છે. મારું નિજ સ્વરૂપ અપરિસ્પંદક છે. કંપન નથી, અસ્થિરતા નથી, પુણ્ય-પાપનો વિકલ્પ નથી. સ્થિર બિંબ શાંત આનંદકંદ છું. આહાહા..! **'એવા મને પરિસ્પંદાત્મક શરીર વ્યવહારથી છે;...'** આવું આ પુણ્ય-પાપ અને શરીર એ તો વ્યવહારથી મારા છે, નિશ્ચયથી મારામાં છે નહિ. પર્યાયમાં નિમિત્ત-નિમિત્ત સંબંધે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વ્યવહારથી એટલે છે નહિ એને કહેવો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- 'છે' એનો અર્થ 'નથી' કરવો?

ઉત્તર :- હા. 'છે' આ? કહે 'ના'. વ્યવહારથી કહેવાય કે નથી. આહાહા..!

તારું શરીર તો અપરિસ્પંદ છે. ધ્રુવ ધ્રુવ નિત્યાનંદ અવિનાશી આદિ-અંત વિનાનું તારું સત્ત્વ, એવા મને આ પરિસ્પંદક વિકાર અને શરીર એ મારે વ્યવહારથી કહેવામાં આવ્યા છે. પરમાર્થે મારામાં છે નહિ. આહાહા..! ભારે ભાઈ આવી ક્રિયા! **'તેથી હું શરીરની વિકૃતિને તજું છું.'** વ્યવહારથી પરિસ્પંદ છે ને? એમ. માટે તે વ્યવહારને હું છોડું છું એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન! મારી ચીજ તો આનંદનું ધામ, સ્થિરબિંબ, એમાં રહીને **'પરિસ્પંદાત્મક શરીર વ્યવહારથી...'** કહેવામાં એને હું છોડું છું. એ **'શરીરની વિકૃતિને તજું છું.'** એ પુણ્ય-પાપનો ભાવ બધો શરીરની વિકૃતિ છે. આત્માનો એ ભાવ છે નહિ. લ્યો, એ ગુપ્તિની વ્યાખ્યા કરી.

હવે ભગવાનની વ્યાખ્યા કરે છે. અરિહંત ભગવાન. ણમો અરિહંતાણં. એ અરિહંત કેવા હોય એને ઓળખાવે છે. વ્યવહાર છે ને આ? પરદ્રવ્ય છે ને? પાંચેય પરમેષ્ઠી પર છે. આત્માને માટે પર છે એટલે વ્યવહાર છે. પંચ પરમેષ્ઠી ઉપર લક્ષ જતાં રાગ જ થાય. એથી અહીં વ્યવહારમાં એનો અધિકાર નાખ્યો છે. સમજાણું કાંઈ? પરદ્રવ્ય છે ને? નિજ ભગવાન સ્વદ્રવ્યનો આશ્રય કરતાં, એના અવલંબે જતાં એને ધર્મ થાય. પરને આશ્રયે જતાં ધર્મ ન થાય, શુભભાવ પુણ્ય થાય.

મુમુક્ષુ :- તોપણ લોકો જાય છે ને.

ઉત્તર :- જાય, ન જાય અહીં નિશ્ચયની વાત છે. વસ્તુ આ છે. ગયા વિના રહે નહિ રાગ છે માટે. અહીં તો વસ્તુની સ્થિતિ શું છે એ કહે છે. ત્યાં જઈને ધર્મ માની લે છે ને? ધર્મ કરી આવ્યા. ઉપર જઈને નીચે ઉતર્યા લ્યો, જાવ. એ ધર્મ નથી. પાંચ પરમેષ્ઠીનો આશ્રય લઈને રાગ જ થાય, એમ કહે છે. પરદ્રવ્ય છે ને? આ ક્યાં સ્વદ્રવ્ય છે? આહાહા..! ત્યાં જઈને કહે, 'શિવપદ અમને દેજો રે મહારાજ.' ભગવાન કહે, શિવપદ તારું તારામાં છે. મારી સામું જોઈને નહિ મળે. આહાહા..! દુનિયાથી તો ભારે કામ આકરું!

## ગાથા-૭૧

**घणघाइकम्मरहिया केवलणाणाइपरमगुणसहिया।**
**चोत्तिसअदिसयजुत्ता अरिहंता एरिसा होंति।।७१।।**

**घनघातिकर्मरहिताः केवलज्ञानादिपरमगुणसहिताः।**
**चतुस्त्रिंशदतिशययुक्ता अर्हन्त ईद्दशा भवन्ति।।७१।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



भगवतोऽर्हत्परमेश्वरस्य स्वरूपाख्यानमेतत्।

आत्मगुणघातकानि घातिकर्माणि घनरूपाणि सान्द्रीभूतात्मकानि ज्ञानदर्शनावरणान्तरायमोहनीयानि तैर्विरहितास्तथोक्ताः। प्रागुप्तघातिचतुष्कप्रध्वंसनासादितत्रैलोक्यप्रक्षोभहेतुभूतसकलविमलकेवलज्ञानकेवलदर्शनकेवलशक्तिकेवलसुखसहिताश्च। निःस्वेदनिर्मलादिचतुस्त्रिंशदतिशयगुणनिलयाः। ईद्दशा भगन्ति भगवन्तोऽर्हन्त इति।

ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે;
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૭૧.

અન્વયાર્થ :– [ घनघातिकर्मरहिताः ] ઘનઘાતીકર્મ રહિત, [ केवलज्ञानादिपरमगुणसहिताः ] કેવળજ્ઞાનાદિ પરમ ગુણો સહિત અને [ चतुस्त्रिंशदतिशययुक्ताः ] ચોત્રીશ અતિશય સંયુક્ત; [ ईद्दशाः ] આવા [ अर्हन्तः ] અર્હંતો [ भवन्ति ] હોય છે.

ટીકા :– આ, ભગવાન અર્હત્ પરમેશ્વરના સ્વરૂપનું કથન છે.

[ભગવંત અર્હંતો કેવા હોય છે?] (૧) જેઓ આત્મગુણોનાં ઘાતક ઘાતિકર્મો છે અને જેઓ ઘન એટલે કે ઘાટાં છે—એવાં જે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય ને મોહનીય કર્મો તેમનાથી રહિત વર્ણવવામાં આવેલા; (૨) જે પૂર્વે વાવેલાં ચાર ઘાતિકર્મોના નાશથી પ્રાપ્ત થાય છે એવાં, ત્રણલોકને *પ્રક્ષોભના હેતુભૂત સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળશક્તિ ને કેવળસુખ સહિત; તથા (૩) સ્વેદરહિત, મળરહિત ઇત્યાદિ ચોત્રીશ અતિશયગુણોના રહેઠાણરૂપ;—આવા, ભગવંત અર્હંતો હોય છે.

## ગાથા–૭૧ ઉપર પ્રવચન

૭૧ ગાથા છે.

घणघाइकम्मरहिया केवलणाणाइपरमगुणसहिया।
चोत्तिसअदिसयजुत्ता अरिहंता एरिसा होंति।।७१।।

અરિહંત ભગવાન આવા હોય. હજી અરિહંત ભગવાન કેવા હોય એની ખબર ન મળે. અરિહંત ભગવાન છે, અરિહંત ભગવાન છે. આહાહા..!

નીચે એનું હરિગીત છે.

* પ્રક્ષોભ = ખળભળાટ [તીર્થંકરના જન્મકલ્યાણાદિ પ્રસંગે ત્રણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે.]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે;**
**કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૭૧.**

એની ટીકા છે ને? **ટીકા :– 'આ, ભગવાન અર્હત્ પરમેશ્વરના સ્વરૂપનું કથન છે.'** ટીકા છે? **'આ, ભગવંત...'** ણમો અરિહંતાણં. એ અરિહંત કેવા હોય એની ઓળખાણ આપે છે. ઓલી કોર ૧૩૮ પાને.

**'[ભગવાન અર્હંતો કેવા હોય છે?] (૧) જેઓ આત્મગુણોનાં ઘાતક ઘાતિકર્મો છે અને જેઓ ઘન એટલે કે ઘાટાં છે—એવાં જે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અંતરાય ને મોહનીય કર્મો તેમનાથી રહિત વર્ણવવામાં આવેલાં;...'** છે. અરિહંત ભગવાન તો ચાર ઘાતિકર્મોનો નાશ કરેલા. સમજાય છે કાંઈ? ભગવાન 'મહાવીર' આદિ જ્યારે અરિહંત પદે બિરાજતા ત્યારે એમને ચાર ઘાતિકર્મોનો નાશ થયેલો. જ્ઞાનાવરણીય, દર્શનાવરણી, મોહનીય અને અંતરાય. અત્યારે તો ભગવાન સિદ્ધ છે. તીર્થંકરો અત્યારે તો સિદ્ધ છે. એ તો અશરીરી છે. અત્યારે અરિહંત નથી. અત્યારે મહાવિદેહમાં અરિહંત 'સીમંધર' ભગવાન છે. ચોવીસ તીર્થંકરો તો અત્યારે ણમો સિદ્ધાણંમાં ભળી ગયા, એ તો સિદ્ધ થઈ ગયા. એ અરિહંતો જ્યારે હતા ત્યારે અહીં હતા. અત્યારે અરિહંત મહાવિદેહમાં બિરાજે છે. વીસ વિહરમાન તીર્થંકર. 'સીમંધર' ભગવાન વિદ્યમાન તીર્થંકરો, એ અત્યારે અરિહંત પદે છે અને તીર્થંકરો અત્યારે સિદ્ધપદે છે. એ કહે છે, **'આત્મગુણોનાં ઘાતક...'** એટલે નિમિત્ત ઘાતક. ઘાતિકર્મો જે ઘન એટલે ઘાટાં છે. એવા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય કર્મ, તેમનાથી રહિત કહેવામાં આવ્યા છે. ભગવાન અરિહંતો ચાર કર્મથી રહિત થઈ ગયા છે.

**'(૨) જે પૂર્વે વાવેલાં ચાર ઘાતિકર્મોના નાશથી પ્રાપ્ત થાય છે એવાં, ત્રણલોકને પ્રક્ષોભના હેતુભૂત...'** આનંદનું કારણ એમ કહે છે. ભગવાન અરિહંતને જ્યારે કેવળજ્ઞાન થાય, ત્યારે ત્રણલોકમાં જરી શાતા થાય. ભગવાન જન્મે, કેવળજ્ઞાન પામે ત્યારે ત્રણલોકમાં, નારકીને પણ જરી શાતા થાય. **'ત્રણલોકને પ્રક્ષોભના હેતુભૂત...'** નિમિત્તભૂત. જુઓ! નિમિત્તભૂત-હેતુભુત કીધું ને? **'સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન,...'** પરમાત્માને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવું કેવળજ્ઞાન હોય છે. આહાહા..! એક 'ક' ના અસંખ્યમાં ભાગમાં. 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય. એના એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક ભગવાન જાણે. ગત અનંતકાળની અનંતીપર્યાય, વર્તમાન અને ભવિષ્ય, બધી પર્યાયો સહિત દ્રવ્યને એક સમયમાં ભગવાન જાણે. થયું, થાય અને થશે. બધું ભગવાન જાણે છે. ભગવાનના જ્ઞાનથી કાંઈ અજાણ્યું નથી. આહાહા..! જગતમાં આવું જ્ઞાન હોય છે, એ પણ હજી સત્તાનો સ્વીકાર કરવો. સમજીને, હોં! અરિહંત ભગવાન, એને કેવળજ્ઞાન હોય છે. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે. જેને કેવળજ્ઞાન થતાં જગતના ત્રણલોકમાં જરીક ક્ષોભ થઈ જાય. ક્ષોભ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે સુખ. ખળભળાટ થઈ જાય. અહો..! કંઈક કોઈક પરમાત્મા કેવળજ્ઞાન પામ્યા છે. એવો નિમિત-નૈમિત્તિક સંબંધ છે.

**'સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન,...'** હોય છે ભગવાનને. આહાહા..! **'કેવળદર્શન,...'** હોય છે. કેવળવીર્ય. શક્તિ એટલે વીર્ય. ભગવાનને અનંતું વીર્ય પ્રગટ્યું હોય છે. અને **'કેવળસુખ...'** એકલા આનંદ સહિત ભગવાન છે. ભગવાનને તો ત્યાં કોઈ પૈસા નથી, મકાન નથી, બાયડી નથી, ખાવું નથી, આહાર-પાણી નથી, ખુરશી-ટેબલ નથી. આ બધા બેસે છે ને? ઉંચી ખુરશીએ ખાવા બેસે. અહીં લુગડુ લટકતું હોય. એ બધું ત્યાં નથી. અને કહે છે કે અનંત સુખ છે. બહારમાં ક્યાં ધૂળમાં સુખ હતું. બહારના લક્ષમાં જાય એટલી તો આકુળતા અને રાગ છે. ભગવાન તો અંતર આનંદની દશા શક્તિરૂપ છે એને પ્રગટ કરી છે. આહાહા..! સુખી તો ભગવાન કેવળી છે. પૈસાવાળા ને બાદશાહ અને શેઠિયાઓ સુખી નથી એમ કહે છે. પૂર્ણ આનંદ જેને પ્રગટ્યો છે. આહાહા..!

અરે..! એવા અસ્તિત્વની સત્તાનો સ્વીકાર કરવા જાય, ત્યારે એ મહાસત્તા આવડી એક સમયની કેવળજ્ઞાન આદિ છે, એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય ત્યારે એનો સ્વીકાર થાય. આહાહા..! ભારે વાત, ભાઈ! **'કેવળસુખ સહિત;...'** ભગવાન છે. આહાહા..! એમ કહીને (કહે છે), એને આહાર-પાણીનું દુઃખ નથી હવે. કે આહાર-પાણી લેવા છે. અરિહંતની વાત છે ને? શરીર સહિત છે એની. અરિહંતની વાત છે ને? શરીર છે, છતાં આહાર-પાણીનું દુઃખ નથી. આહાર-પાણી એને હોતા નથી. એને અંદરમાં અનંત આનંદ છે. એ સહિત છે. મુખ્ય ચાર શક્તિથી સહિત છે. અનંતાગુણનું પરિણમન છે પણ આ ચાર મુખ્ય છે.

**'સ્વેદરહિત,...'** છે. ભગવાનને પસીનો ન હોય. અરિહંત ભગવાનને પસીનો ન હોય. સ્વેદ એટલે પસીનો. **'મળરહિત...'** છે. એને દિશા, જંગલ, પેશાબ ન હોય. એને ખાવાનો આહાર નથી. **'ઇત્યાદિ ચોત્રીશ અતિશયગુણોના રહેઠાણરૂપ;—...'** આ વ્યવહાર નાખ્યો. ઓલો નિશ્ચય ગુણ. પુણ્યપ્રકૃતિમાં આવો ભાવ એને હોય છે.

**'ચોત્રીશ અતિશયગુણોના રહેઠાણરૂપ;—આવા ભગવંત અર્હંતો હોય છે.'** વાસ્તવિક અરિહંતનું સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણે તો એને આત્મા સાથે મેળવવાનો પ્રસંગ આવે. એની ક્યાં દરકાર અત્યારે છે? ભગવાન છે.. ભગવાન છે... બસ થઈ રહ્યું. **'ચોત્રીશ અતિશયગુણોના રહેઠાણરૂપ;—આવા, ભગવંત અર્હંતો હોય છે.'** આવા અરિહંત ભગવાન હોય છે. સાધારણ પ્રાણી પોતાને અરિહંત મનાવે, આહાર હોય, પાણી હોય, શરીરમાં રોગ હોય અને અરિહંત છે એમ નથી એમ બતાવે છે. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૯૬

(मालिनी)

जयति विदितगात्रः स्मेरनीरेजनेत्रः
सुकृतनिलयगोत्रः पंडिताम्भोजमित्रः।
मुनिजनवनचैत्रः कर्मवाहिन्यमित्रः
सकलहितचरित्रः श्रीसुसीमासुपुत्रः।।९६।।

**[હવે ૭૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોકો કહે છેઃ ]**

**[શ્લોકાર્થ :–] પ્રખ્યાત (અર્થાત્ પરમૌદારિક) જેમનું શરીર છે, પ્રફુલ્લિત કમળ જેવાં જેમનાં નેત્ર છે, પુણ્યનું રહેઠાણ (અર્થાત્ તીર્થંકરપદ) જેમનું ગોત્ર છે, પંડિતરૂપી કમળોને (વિકસાવવા માટે) જેઓ સૂર્ય છે, મુનિજનરૂપી વનને જેઓ ચૈત્ર છે (અર્થાત્ મુનિજનરૂપી વનને ખિલવવામાં જેઓ વસંતઋતુ સમાન છે), કર્મની સેનાના જેઓ શત્રુ છે અને સર્વને હિતરૂપ જેમનું ચરિત્ર છે, તે શ્રી સુસીમા માતાના સુપુત્ર (શ્રી પદ્મપ્રભ તીર્થંકર) જયવંત છે. ૯૬.**

## શ્લોક–૯૬ ઉપર પ્રવચન

**'[હવે ૭૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોકો કહે છેઃ ]'** પાંચ શ્લોક. ઓહોહો..!

जयति विदितगात्रः स्मेरनीरेजनेत्रः
सुकृतनिलयगोत्रः पंडिताम्भोजमित्रः।
मुनिजनवनचैत्रः कर्मवाहिन्यमित्रः
सकलहितचरित्रः श्रीसुसीमासुपुत्रः।।९६।।

બધા 'त्रः' એક-એક પદે.

'પદ્મપ્રભ' ભગવાનને સંભાર્યા છે. પોતે 'પદ્મપ્રભમલધારિદેવ' છે ને? ટીકા કરનાર 'પદ્મપ્રભમલધારિ' મુનિ છે. એટલે 'પદ્મપ્રભુ'ને સંભાર્યા છે. આ ટીકા કરનાર 'પદ્મપ્રભમલધારિ' મુનિ, સંત દિગંબર વનવાસી હતા. આચાર્ય નહોતા, મુનિ હતા. તો પોતાના નામના ભગવાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે 'પદ્મપ્રભુ' છે એને યાદ કરીને કહે છે. ભગવાન કેવા હતા? અરિહંત પદે હતા ત્યારે. અત્યારે તો સિદ્ધ થઈ ગયા છે. ચોવીશ તીર્થંકર અત્યારે તો સિદ્ધ થઈ ગયા. અત્યારે શરીર નથી. આઠ કર્મનો નાશ કરીને સિદ્ધ થઈ ગયા. આ તો હતા ત્યારની વાત છે.

**'પ્રખ્યાત (અર્થાત્ પરમૌદારિક) જેમનું શરીર છે,...'** પરમૌદારિક જેમનું શરીર છે. ભગવાન અરિહંત થાય, કેવળજ્ઞાન થાય ત્યારે એનું શરીર સ્ફટિક જેવું પરમૌદારિક રજકણો થઈ જાય. એને રોગ ન હોય, આહાર ન હોય, પાણી ન હોય, એવું શરીર જ સ્ફટિક જેવું થઈ જાય. આહાહા..! જેમાં નજર નાખ્યે.. ભામંડળ આદિ હોય ને જોડે. આઠ ભવનું જ્ઞાન થઈ જાય. ભવ હોય એને. ન હોય એને ભૂતના ત્રણ અને વર્તમાન. એવું પરમૌદારિક શરીર ભગવાનને હોય છે. અરિહંતને આવું શરીર હોય છે. લ્યો, આ તો એક 'પદ્મપ્રભુ'નું નામ નાખ્યું છે પણ બધા અરિહંતોને આમ જ હોય છે.

**'પ્રફુલ્લિત કમળ જેવાં જેમનાં નેત્ર છે.'** આહા..! તીર્થંકર પુણ્યવંત હોય છે. કમળ ફાટેલું હોય લાંબી શેડ હોય, એવી આંખ હોય છે. સાધારણ પ્રાણી કરતાં તીર્થંકરના પુણ્ય તો સર્વોત્કૃષ્ટ છે ને? તેથી એમની આંખ પણ **'પ્રફુલ્લિત કમળ જેવાં નેત્ર...'** ખીલેલું કમળ હોય એવી એની આંખ હોય છે. આંખથી એને કાંઈ જોવું નથી, હોં! આ તો શરીર આવું હોય એમ બતાવે છે. એ તો કેવળજ્ઞાની છે. કેવળજ્ઞાનથી ત્રણકાળ અને ત્રણલોકને જોવે છે. આહાહા..! **'પુણ્યનું રહેઠાણ...'** છે. એવું ગોત્ર છે, લ્યો. તીર્થંકરપદ છે ને? પુણ્યનું રહેઠાણ છે. સર્વોત્કૃષ્ટ પુણ્યના ફળ એની પાસે છે.

મુમુક્ષુ :– પુણ્યફલા અરિહંતા.

ઉત્તર :– એ આ પુણ્યફલા અરિહંતા.

**'પંડિતરૂપી કમળોને (વિકસાવવા માટે) જેઓ સૂર્ય છે,...'** કેવા છે તીર્થંકર ભગવાન અરિહંત પરમાત્મા? પંડિત જે કોઈ ડાહ્યા અને સમજુ જીવો હોય, એવા કમળોને વિકસાવવા માટે સૂર્ય છે. મૂંઢને શું કરે કહે છે. જેને સમજવાની યોગ્યતા અને પાત્રતા છે, એવા પંડિતોને, **'પંડિતરૂપી કમળોને (વિકસાવવા માટે) જેઓ સૂર્ય પરમાત્મા છે,...'** કહો, સમજાણું કાંઈ? જેમ આ સવારમાં કમળ ખીલે છે ને? સૂર્યના નિમિત્તથી જેમ કમળ ખીલે. એ કમળ ખીલે ને? લાકડા ખીલે? એમ પાત્ર જીવ જે હોય, એવા પંડિતોને, પંડિતરૂપી કમળોને પ્રગટ થવામાં એ સૂર્ય સમાન છે.

**'મુનીજનરૂપી વનને જેઓ ચૈત્ર છે...'** વસંત ઋતુ. ચૈત્ર મહિનામાં વસંત ઋતુ હોય છે ને? ફૂલ બધા ખીલી જાય છે. પાંચ વર્ણા ફૂલ ખીલી જાય છે. ભગવાનના કાળે એવા જીવો ખીલી ઉઠે છે. **'(મુનિજનરૂપી વનને ખિલવવામાં...)'** સંતો, લાખો મુનિઓ હોય છે, એના ખીલવામાં ભગવાન **'(વસંતઋતુ સમાન છે),...'** આહાહા..! **'કર્મની સેનાના જેઓ શત્રુ છે...'** એટલે કે એને મારી નાખ્યા છે. બાકી ચાર મડદા રહ્યા છે. ઘાતિને બાળ્યા છે અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અઘાતિ ચાર (રહી ગયા છે). ભગવાનને ચાર કર્મ રહી ગયા છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. સિદ્ધ ભગવાન આઠ કર્મરહિત છે. અરિહંતને ચાર ગયા અને ચાર બાકી છે.

**'અને સર્વને હિતરૂપ જેમનું ચરિત્ર છે,...'** આહાહા..! ચરિત્ર જ એવું છે કહે છે, એનું ચારિત્ર. **'ચરિત્ર છે,...'** એમ શબ્દ છે ને? **'सकलहितचरित्रः'** એમનું બધું વર્તન જ આખું સરળ જીવને હિતકારી છે. **'તે શ્રી સુસીમા માતાના સુપુત્ર...'** સુસીમા માતાના સુપુત્ર **'(શ્રી પદ્મપ્રભ તીર્થંકર) જયવંત છે.'** કહો, અત્યારે તો 'પદ્મપ્રભુ' મોક્ષમાં પધાર્યા છે. પણ પૂર્વના અરિહંતપદે હતા એને યાદ કર્યા છે. જયવંત વર્તો. આહાહા..! એમનો કહેલો ભાવ, અમારામાં જયવંત વર્તે છે. ભગવાન પણ જયવંત વર્તે છે. એમ કહીને માંગલિક કર્યું છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૯૭

(मालिनी)

**स्मरकरिमृगराजः पुण्यकंजाह्निराजः**
**सकलगुणसमाजः सर्वकल्पावनीजः।**
**स जयति जिनराजः प्रास्तदुःकर्मबीजः**
**पदनुतसुरराजस्त्यक्तसंसारभूजः ।।९७।।**

**[શ્લોકાર્થ :–] જેઓ કામદેવરૂપી હાથીને (મારવા) માટે સિંહ છે, જેઓ પુણ્યરૂપી કમળને (વિકસાવવા) માટે ભાનુ છે, જેઓ સર્વ ગુણોના સમાજ (–સમુદાય) છે, જેઓ સર્વ કલ્પિત (–ચિંતિત) દેનાર કલ્પવૃક્ષ છે, જેમણે દુષ્ટ કર્મના બીજને નષ્ટ કર્યું છે, જેમનાં ચરણમાં સુરેંદ્રો નમે છે અને જેમણે સંસારરૂપી વૃક્ષનો ત્યાગ કર્યો છે, તે જિનરાજ (શ્રી પદ્મપ્રભ ભગવાન) જયવંત છે. ૯૭.**

---

**પ્રવચન નં. ૭૧, શ્લોક-૯૭ થી ૯૯, રવિવાર, અષાઢ વદ ૩, તા.૧૧-૦૭-૧૯૭૧**

---

'નિયમસાર' વ્યવહારચારિત્ર અધિકાર. એમાં અરિહંત ભગવાનનો અધિકાર છે. અરિહંત... અરિહંત એ પણ પર છે ને માટે વ્યવહારમાં નાખ્યા. વ્યવહારચારિત્રનો અધિકાર છે. પંચ પરમેષ્ઠી પણ પરદ્રવ્ય છે માટે વ્યવહારમાં નાખ્યા છે.

મુમુક્ષુ :— એ તો શુદ્ધ છે.

ઉત્તર :– શુદ્ધ છે પણ પર છે ને? ભલે શુદ્ધ છે પણ આનાથી તો પર છે ને? એનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લક્ષ કરવાથી તો રાગ થાય છે. એનો આશ્રય કરવાથી કાંઈ ધર્મ થતો નથી. એટલે વ્યવહાર પરાશ્રિત છે, નિશ્ચય સ્વઆશ્રિત છે. એટલે વ્યવહારચારિત્રમાં એ અધિકાર નાખ્યો. ૯૬ શ્લોક થઈ ગયો છે.

૯૭મો શ્લોક.

**स्मरकरिमृगराजः पुण्यकंजाह्निराजः**
**सकलगुणसमाजः सर्वकल्पावनीजः।**
**स जयति जिनराजः प्रास्तदुःकर्मबीजः**
**पदनुतसुरराजस्त्यक्तसंसारभूजः।।९७।।**

ભૂજ એટલે શું થયું પાછું? ભુજ–પૃથ્વીમાં જન્મવું. (ભુ એટલે પૃથ્વી, જ એટલે જન્મવું) આહાહા..!

પોતે 'પદ્મપ્રભમલધારિદેવ' ટીકાકાર છે. એથી ચોવીસ તીર્થંકરમાં 'પદ્મપ્રભુ'ને યાદ કર્યા છે. ટીકાકાર 'પદ્મપ્રભુ' છે ને? એ ચોવીસ તીર્થંકરમાં 'પદ્મપ્રભુ' પોતાના નામે છે, એને યાદ કરીને સ્તુતિ કરી છે. સમજાણું? થોડા થોડા નજીક આવો એટલે પાછળ જગ્યા થાય. આજે રવિવાર છે ને એટલે છોકરા ને ભેળું થયું હોય ને આજ. 'ભાવનગર' ને 'રાજકોટ' ને...

શું કહ્યું? કહે છે, 'પદ્મપ્રભ' ભગવાન એવા છે, એનો અર્થ કે હું આત્મા એવો છું. **'જેઓ કામદેવરૂપી હાથીને (મારવા) માટે સિંહ છે,...'** **'स्मर'** છે ને? **'स्मर'** એટલે કામદેવ. ઇચ્છા, પાંચ ઇન્દ્રિયના વિષય તરફની વલણની વૃત્તિ. એવો કામ **'करि'** એટલે હાથી. **'मृगराजः'** એટલે સિંહ. **'स्मरकरिमृगराजः'** કેવા છે પ્રભુ? **'કામદેવરૂપી હાથીને (મારવા) માટે સિંહ છે,...'**

મુમુક્ષુ :– એ તો .. થાય છે.

ઉત્તર :– ઓલા કહે છે કે મારવું એમ ન બોલવું. શબ્દોને શું ... ણમો અરિહંતાણં. ચર્ચા આવી છે ને મોટી? ભગવાનને વળી દુશ્મન કેવા? દુશ્મનને મારવું એ જૈનને ન શોભે. એ શબ્દો લખવા પણ ન શોભે. એમ વળી આવ્યું. આવે ને આવા. શબ્દની સાથે શું છે?

**'કામદેવરૂપી હાથી...'** **'करि'** આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એણે અતીન્દ્રિય આનંદના આશ્રયે પાંચ ઇન્દ્રિયોના વિષયની વૃત્તિઓ જે વિકલ્પ, એને જેણે હણી નાખ્યા, એવા એ સિંહ છે. ભગવાનઆત્મા પણ એવો જ છે. એમ પોતે પોતાનું નામ નાખીને કહ્યું છે. પાંચ ઇંદ્રિયના વિષય તરફની વૃત્તિઓ, એનો વ્યય કરવા માટે. અહીં તો ઉપદેશના વાક્યો છે ને? ખરેખર તો વ્યય કરતો નથી. સ્વરૂપમાં સ્થિર થાય એટલે વિકાર ઉત્પન્ન થતો નથી. એને વ્યય–નાશ કરે એમ કહેવામાં આવે છે. શું થાય પણ? ભાષાથી વાતું કરવી (અને) વસ્તુ ભાષાતીત. આહાહા..! સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, **'કામદેવરૂપી હાથીને (મારવા) માટે સિંહ છે,...'** એમ ભગવાનઆત્મા પણ અણીન્દ્રિય. આ આત્મા અણીન્દ્રિય સ્વરૂપ છે. એના આશ્રયે ઇન્દ્રિયની વૃત્તિઓ નાશ થાય છે. એવો આત્મા છે. એવા 'પદ્મપ્રભુ' ભગવાન છે અને એવો જ આ આત્મા છે. સમજાણું કાંઈ? **'જેઓ પુણ્યરૂપી કમળને (વિકસાવવા) માટે ભાનુ છે,...'** લ્યો. **'पुण्यकंज'** છે ને? પાણીમાં ઉત્પન્ન થયેલું કમળ. પરમાત્મા કેવા છે? **'પુણ્યરૂપી કમળને (વિકસાવવા) માટે ભાનુ છે,...'** પહેલો ગુણ લીધો અને બીજું પુણ્ય લીધું. બહારની ઋદ્ધિ બતાવી. પુણ્યરૂપી કમળને વિકસાવવા માટે સૂર્ય છે. એમ આત્મા પણ તેનો આશ્રય લેતાં ઇન્દ્રિયોની વૃત્તિઓ તો નાશ થાય, પણ એના આશ્રયમાં કમી રહી જાય, તો એને પુણ્ય વિકલ્પ પણ એવા થાય, કે જે તીર્થંકરપણાને પણ પ્રાપ્ત થાય, એવો એ આત્મા છે. કહો, સમજાણું કાંઈ?

**'જેઓ સર્વ ગુણોના સમાજ (–સમુદાય) છે,'** લ્યો. **'सकलगुणसमाजः'** ત્રીજું પદ છે. ૯૭ શ્લોક. ભગવાન સકળ ગુણનો સમાજ છે. લ્યો. સમાજ. એમ ભગવાનઆત્મા અનંતગુણનો સમાજ છે. અનંતગુણનો પિંડ પ્રભુ પોતે જ સમાજ છે. એને અહીંયા આત્મા કહીએ. એમ પરમાત્માને પ્રગટરૂપ છે. સર્વ ગુણની પર્યાય પ્રગટ સમાજ છે, સમુદાય છે. **'सर्वकल्पावनीजः'** **'જેઓ સર્વ કલ્પિત (–ચિંતિત) દેનાર કલ્પવૃક્ષ છે,...'** **'कल्पावनीजः'** અવનીજ શબ્દ છે ને? એ કલ્પવૃક્ષ. અવનીજ પૃથ્વીનું ઉત્પન્ન થયેલું. અવની એટલે પૃથ્વી અને જ એટલે ઉત્પન્ન થયેલું. કલ્પવૃક્ષ. **'सर्वकल्पावनीजः'** ભગવાન ત્રિલોકનાથ **'સર્વ કલ્પિત (–ચિંતિત) દેનાર કલ્પવૃક્ષ છે,...'** એમ આ આત્મા પણ અનંતજ્ઞાન, આનંદ સંપન્ન છે એ **'સર્વ કલ્પિત...'** એટલે એકાગ્ર થાય, તો એમાં સર્વ મનોરથ પૂર્ણ થાય એવો આ આત્મા છે. 'બાબુભાઈ'! આવો આત્મા છે એમ સાંભળ્યું નથી. આ બધી બહારમાં માંડી છે. ભક્તિ, પૂજા, વ્રત, તપ. અહીંયા હતા ને? 'અગાસ'માં. એક વખત કહ્યું હતું કે વ્રત, નિયમ કરવા એ તમારો અધિકાર છે. એમ કહ્યું. પણ એ બધું કર્મનું કાર્ય છે. કર્મસ્વરૂપ છે, એ આત્મસ્વરૂપ નથી. એમ કહ્યું હતું. 'અગાસ'. આમ તો કહ્યું, ભાઈ! વ્રત અને નિયમ એ તો બધો વિકલ્પ છે. અને એ વિકલ્પ કર્મનો ખરેખર તો કર્તવ્ય છે. જીવનું એ સ્વરૂપ છે જ નહિ. અહીં કલ્પવૃક્ષ એટલે પોતાના આનંદાદિની પરિણતિને પ્રગટ કરે એવો આત્મા છે. એવું કલ્પવૃક્ષ છે.

**'જેમણે...'** **'स जयति जिनराजः'** **'જેમણે દુષ્ટ કર્મના બીજને નષ્ટ કર્યું છે,...'** પાછળનું પદ લીધું. **'प्रास्तदुःकर्मबीजः'** **'प्रास्तदुःकर्मबीजः'** જેણે કર્મના બીજને તો બાળીને નાશ કર્યો છે. આહાહા..! **'જેમના ચરણમાં સુરેન્દ્રો નમે છે...'** **'पदनुतसुर'** એમ. **'पदनुतसुर'** **'જેમના ચરણમાં...'** **'नुत'** નામ નમે છે. **'नुतसुरराज'** દેવોના ઇંદ્રો પણ જેના ચરણકમળમાં નમે છે. એવા 'પદ્મપ્રભુ' ભગવાન, એને અહીંયા અરિહંત પદની વ્યાખ્યા છે ને? એટલે એમાં એમને સ્મરણ કર્યા છે. એવું સ્વરૂપ જ મારું છે એમ પણ ભેગું યાદ કર્યું છે.

**'અને જેમણે સંસારરૂપી વૃક્ષનો ત્યાગ કર્યો છે,...'** લ્યો. **'त्यक्तसंसारभूजः'** ચોથું પદ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ને? **'त्यक्तसंसारभूजः'** ભૂ. પૃથ્વીમાં ઉત્પન્ન થયેલું ઝાડ. એ સંસારરૂપી ઝાડ, એનો જેણે નાશ કર્યો છે. ભગવાનઆત્મા સંસારનો નાશ કરવાવાળો જ સ્વભાવ છે. સંસારને ઉત્પન્ન કરે એવો એનો સ્વભાવ નથી. નાશ કરવાનો સ્વભાવ છે એ પણ વ્યવહાર છે. પરમાર્થે આત્મા રાગના નાશનો કર્તા પણ નથી. સંસાર વિકાર છે, એનો નાશ કર્તા કહેવો એ પણ પરમાર્થ નથી. આત્માનો આનંદ સ્વભાવ, એમાં અંતરમાં એકાકાર થતાં સંસાર એટલે રાગની ઉત્પત્તિ ન થાય, એને સંસારનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! શબ્દના અર્થ પ્રમાણે કઈ નયનું કથન છે એ ન સમજાય તો ગડબડ કરે. સિદ્ધાંતમાં 'ધવલ'માં તો એમ કહ્યું, કોઈપણ સૂત્ર, કોઈપણ અર્થ, નય-વાક્ય વિના હોય શકે નહિ. નય વિના હોઈ શકે નહિ. કોઈપણ શાસ્ત્રનો મૂળ શબ્દ કે એનો અર્થ નય વાક્ય છે. વ્યવહારનયનું વાક્ય છે કે નિશ્ચયનયનું વાક્ય છે? એ એણે જાણવું જોઈએ. જાણ્યા વિના અર્થ કરે તો એ અર્થનો અનર્થ થઈ જાય.

**'સંસારરૂપી વૃક્ષનો ત્યાગ કર્યો છે,...'** લ્યો. વળી ઓલામાં એમ કહે કે રાગનો ત્યાગ કર્તા આત્મા પરમાર્થે નથી. નામ માત્ર (છે). અહીં કહે છે, નાશ થઈ ગયો છે ને? સ્વભાવ પરિપૂર્ણ અખંડ અભેદ, એનો આશ્રય લઈ, એનાથી ઉત્પન્ન થયેલી મોક્ષ દશા, અરિહંત પણ મોક્ષ જ છે. પ્રસિદ્ધ મોક્ષ છે એમ કહેશે. પ્રસિદ્ધ જેનો મોક્ષ છે, પછી કહેશે. એને પ્રસિદ્ધ મોક્ષ છે. ભાવમોક્ષ થઈ ગયેલો છે. અરિહંતને ભાવમોક્ષ બધા ગુણો પર્યાયમાં પરિણમી ગયા છે. કહે છે, **'સંસારરૂપી વૃક્ષનો ત્યાગ કર્યો છે, તે જિનરાજ (શ્રી પદ્મપ્રભ ભગવાન) જયવંત છે.'** આ ભગવાન તો અત્યારે મોક્ષમાં પધાર્યા છે. પણ એણે જાણે આમ સમવસરણમાં બિરાજતા હોય, એમ યાદ કરીને આત્મા પણ જાણે આખો વિદ્યમાન બિરાજમાન હોય, એમ કરીને આત્માની સ્તુતિમાં 'પદ્મપ્રભુ' ભગવાનની સ્તુતિ, વર્તમાન તીર્થંકરપણે જ હોય, એને વંદન કર્યા છે. નહિતર એ તો મોક્ષમાં છે, સિદ્ધ છે. સો ઇન્દ્રો નમે છે, ચરણમાં નમે છે. ક્યાં? પાઠમાં તો એમ આવ્યું. ચરણમાં સુરેન્દ્રો નમે છે. ભગવાન તો સિદ્ધ થયા. એને ક્યાં અત્યારે (ઇન્દ્ર છે?) પણ એ સમવસરણમાં હતા ત્યારે જે વિદ્યમાન છે, એ તીર્થંકરને યાદ કરીને, હું પણ આખું તત્ત્વ વિદ્યમાન છું. નથી એમ નહિ. જેમ તીર્થંકર અત્યારે નથી એમ નહિ. સાક્ષાત્ બિરાજે છે. એમ કરીને સ્તુતિ કરું છું. આહાહા..! 'પ્રવીણભાઈ'!

એમ ભગવાનઆત્મા એવો ને એવો વિદ્યમાન, વર્તમાન ધ્રુવ અખંડાનંદ પ્રભુ છે. એમાં હું એકાગ્ર થાઉં છું એ મારી મોક્ષની પ્રસિદ્ધિનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ૯૭ શ્લોક થયો. અહીં તો પાઠ એમ છે ને? જયવંત વર્તે. **'स जयति'** એમ છે ને? ત્રીજા પદનું. **'स जयति'** જયવંત વર્તે છે, જયવંત છે. ઇન્દ્રો જેના પગને નમે છે, એવા જયવંત ભગવાન છે. એય..! આહાહા..! ભૂતકાળમાં જેમ ભગવાન હતા. એવા જ વર્તમાનમાં જાણે છે. એમ પંચમકાળના મુનિ, એમાં અનાદિનો એવો ને એવો છું, એવો વિદ્યમાન ભગવાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છું, એની સ્તુતિ એટલે એને હું નમું છું. બહારમાં આવા 'પદ્મપ્રભુ' ભગવાન અરિહંતપદે હતા, તેને યાદ કરીને નમું છું. વિકલ્પથી વ્યવહારથી. વ્યવહારચારિત્ર છે ને? એ ૯૭મો કળશ થયો.

## શ્લોક–૯૮

(मालिनी)

जितरतिपतिचापः सर्वविद्याप्रदीपः
परिणतसुखरूपः पापकीनाशरूपः।
हतभवपरितापः श्रीपदानम्रभूपः
स जयति जितकोपः प्रह्वविद्वत्कलापः।।९८।।

**[શ્લોકાર્થ :–] કામદેવના બાણને જેણે જીતી લીધાં છે, સર્વ વિદ્યાઓના જેઓ પ્રદીપ (–પ્રકાશક) છે. સુખરૂપે જેમનું સ્વરૂપ પરિણમ્યું છે. પાપને (મારી નાખવા) માટે જેઓ યમરૂપ છે, ભવના પરિતાપનો જેમણે નાશ કર્યો છે, ભૂપતિઓ જેમના શ્રીપદમાં (–મહિમાયુક્ત પુનિત ચરણોમાં) નમે છે. ક્રોધને જેમણે જીત્યો છે અને વિદ્વાનોનો સમુદાય જેમની આગળ ઢળી પડે છે, તે (શ્રી પદ્મપ્રભનાથ) જયવંત છે. ૯૮.**

## શ્લોક–૯૮ ઉપર પ્રવચન

૯૮મો કળશ.

जितरतिपतिचापः सर्वविद्याप्रदीपः
परिणतसुखरूपः पापकीनाशरूपः।
हतभवपरितापः श्रीपदानम्रभूपः
स जयति जितकोपः प्रह्वविद्वत्कलापः।।९८।।

દરેકમાં કામદેવ આવે છે. ચારમાં. એ શબ્દ નવો લાગે. અમારા જેવાને સંસ્કૃત ન આવડતું હોય એને. **'पापकीनाशरूपः'** એટલે યમ જેવો. પાપને નાશ કરવા યમ. ૯૮.

**શ્લોકાર્થ :– 'કામદેવનાં બાણને જેમણે જીતી લીધાં છે,...'** અણીન્દ્રિય આત્મા પ્રગટ કર્યો છે. જેને પાંચ ઇન્દ્રિયના વિષયની વૃત્તિઓ હણાઈ ગઈ છે. પાંચે ઇન્દ્રિયના વિષય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કામબાણ, હોં! આહા..! કામદેવના બાણને (જીતી લીધા છે). આનંદમૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં, જેને કામદેવના બાણ વાગતા નથી પણ કામદેવને મારી નાખ્યો છે, કહે છે. આહાહા..! જીતી લીધો છે. અણીન્દ્રિય ભગવાન આનંદનો નાથ, એનું અવલંબન લઈને પર તરફની વૃત્તિઓનો જેણે નાશ કરી નાખ્યો છે. એ **'કામદેવના બાણને જેમણે જીતી લીધાં છે,...'** **'जितरतिपतिचापः'** એ પહેલા પદનો અર્થ છે. **'जितरतिपतिचापः'** બાણ. **'चाप''** એટલે બાણ ને? રતિપતિનું ચાપ એમ. **'रतिपति'** એટલે કામદેવ, એનું **'चापः'** એટલે બાણ, એને જેણે જીત્યા છે. **'जितरतिपतिचापः'**

**`सर्वविद्याप्रदीपः'** જેઓ **'સર્વ વિદ્યાઓના જેઓ પ્રદીપ (–પ્રકાશક) છે,...'** કેવળજ્ઞાન પ્રકાશે છે. જોકે ભગવાન તો શ્રુતજ્ઞાન પ્રકાશે છે. પણ એ શ્રુતજ્ઞાનમાં આખો પ્રકાશ બધો આવી જાય છે. પરમ દિ' આવ્યું હતું ને? ભાઈ! (શ્રાવણ વદી) એકમ. ભગવાન છે એ ભાવશ્રુત પ્રકાશે છે. ભગવાન કેવળજ્ઞાન પ્રકાશતા નથી. ધવલમાં આવે છે. ભાવશ્રુત પ્રકાશે છે. કેમ? કે જેને ભાવશ્રુત થાય છે, એને આ વાણી નિમિત્ત છે એટલે ભાવશ્રુતનો પ્રકાશ છે. કેવળજ્ઞાનને શું પ્રકાશે? સમજાણું કાંઈ?

**'સર્વ વિદ્યાઓના જેઓ પ્રદીપ (–પ્રકાશક) છે,...'** બધું. એ ભાવશ્રુતની અંદર પ્રકાશતા ભગવાનની વાણીમાં આવતા બધો પ્રકાશ થઈ જાય છે. ભાવશ્રુતમાં પછી કેવળજ્ઞાની કેવા, એ બધું એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? ભગવાનની દિવ્યધ્વનિ કેવળજ્ઞાનને પ્રકાશે છે એમ નથી લીધું. અર્થકર્તા છે. ભગવાન ગણધરદેવ સૂત્રકર્તા છે. અર્થકર્તાનો અર્થ એ ભાવશ્રુત કહે છે. દ્રવ્યશ્રુત તો પછી એની રચના ગણધર કરે છે. આહાહા..! **'સર્વ વિદ્યાઓના જેઓ પ્રદીપ...'** પ્ર–વિશેષે દીવો. પ્રકાશ કરનાર છે. લ્યો 'પ્રદીપ'! આ નામ આવ્યું આમાં. **'સર્વ વિદ્યાઓના જેઓ (–પ્રકાશક) છે,...'** એને પ્રદીપ કહીએ એમ કહે છે. જગતમાં જ્ઞાનાદિની બધી વિદ્યાઓ છે એ પ્રકાશે છે તેને પ્રદીપ કહીએ, એમ કહે છે. પછી?

**'परिणतसुखरूपः'** આહાહા..! **'સુખરૂપે જેમનું સ્વરૂપ પરિણમ્યું છે,...'** અનાદિથી દુઃખ પુણ્ય-પાપના વિકારપણે પરિણમતું હતું, એ દુઃખરૂપે પરિણમતું હતું. **'સુખરૂપે જેમનું સ્વરૂપ પરિણમ્યું છે,...'** સુખ મળ્યું છે કે પ્રાપ્ત થયું છે એમ નહિ. **'સુખરૂપે જેમનું સ્વરૂપ પરિણમ્યું છે,...'** સમજાણું કાંઈ? આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ 'પદ્મપ્રભુ' એની વાત યાદ કરે છે. જેમની પર્યાયમાં અતીન્દ્રિય આનંદરૂપી પરિણમન થઈ ગયું છે. આનંદને પ્રાપ્ત થશે અને આનંદને મેળવશે એ વાત અહીં નથી, કહે છે. એ તો આનંદની પરિણતિ જ પરિણમી ગઈ છે. જેવો અતીન્દ્રિય આનંદ એનો સ્વભાવ, એવી જ પરિણતિ પરિણમી ગઈ છે. આહાહા..!

**'સુખરૂપે જેમનું સ્વરૂપ પરિણમ્યું છે,...'** આહા..! સંસારના દુઃખરૂપે જેનું પરિણમન પરિણમ્યું છે. એ પરિણમન એ શરીર, વાણી, મન એને લઈને નથી, એમ કહે છે. સંસારમાં પણ પુણ્ય અને પાપના વિકારરૂપે, દુઃખરૂપે પરિણમે છે, એ એની દશા છે, એ એની અવસ્થા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ પણ એક સુખરૂપ પરિણમે એ એની અવસ્થા છે. લોકાલોકને જાણે છે અને બધાને જાણે માટે એને સુખરૂપ થાય છે. થોડાને જાણે તો સુખ હોય, ત્રણકાળને જાણે એને કેટલું સુખ હોય?

મુમુક્ષુ :- ઢગલા મોઢે.

ઉત્તર :- ખોટી વાત છે. પરનું જાણવું એ સુખ નથી. અંદર આનંદની પરિણતિ સુખરૂપે થઈ ગઈ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પણ ધર્મની પહેલી દશામાં સુખરૂપ અંશે આનંદરૂપ પરિણતિ થાય છે. આ સિદ્ધ, અરિહંતને પૂર્ણ આનંદની પરિણતિ થઈ ગઈ. સમજાણું કાંઈ? એમ કહીને પોતાની પણ વાત કરે છે, કે મુનિઓને પણ અતીન્દ્રિય આનંદની પરિણતિરૂપે એની ભૂમિકાને યોગ્ય.. એની ભૂમિકાને યોગ્ય અતીન્દ્રિય આનંદની સુખરૂપ પરિણતિ છે. અરિહંતને પૂર્ણ છે. એમ કહીને એમ કહેશે, એ જયવંત છે. સમજાણું? પહેલા બધામાં એ નાખ્યું હતું ને?

**'પાપને (મારી નાખવા) માટે જેઓ યમરૂપ છે,...'** **'पापकीनाशरूपः'** **'कीनाश'** નો અર્થ યમ. **'कीनाश'** એટલે યમ. નવી ભાષા. એ સંસ્કૃતવાળાને વધારે (ખબર પડે). પાપને પાપનું એ **'कीनाश'** છે. પાપને નાશ કરવાનું યમરૂપ છે. જમ છે જમ. આહાહા..! **'પાપને (મારી નાખવા) માટે જેઓ યમરૂપ છે,...'** જમ છે જમ. આહાહા..! ભગવાનઆત્મા પણ પાપ શબ્દે પુણ્ય અને પાપના વિકલ્પો, એનો નાશ કરવા માટે યમ સમાન ભગવાનઆત્મા છે. સમજાય છે કાંઈ? એવો ભગવાન અતીન્દ્રિય આનંદ, એનો જ્યાં આશ્રય લીધો, કહે છે કે એ તો વિકારને યમ સમાન છે. એને વિકારમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. એટલે વિકારનો નાશ કરવા આત્માનો સ્વભાવ યમરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભવના પરિતાપનો જેમણે નાશ કર્યો છે,...'** **'हतभवपरितापः'** ભવનો પરિતાપ. જુઓ! ખૂબી. ચાર ગતિનો પરિતાપ. ચારે ગતિમાં આકુળતા છે એમ કહે છે. સ્વર્ગમાં પણ પરિતાપ જ છે ત્યાં સુખ છે નહિ. 'જમભાઈ'! આ પૈસાવાળા બધા સુખી કહેવાય કે નહિ? તમને ત્યાં શેઠસાહેબ, શેઠસાહેબ કરે કે નહિ? એમાં કાંઈક એને સુખ થાતું હશે કે નહિ? આકુળતા થાય, કહે છે. ચારે ગતિમાં આકુળતા છે એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- શેઠસાહેબ ન કહે તો આકુળતા થાય. મજા પડે.

ઉત્તર :- માન્યું છે એમ કહે છે. ત્યાં ધૂળની કલ્પના ઉઠી છે. એય..! 'મલૂકચંદભાઈ'! શું કીધું આ? આકુળતા છે. **'हतभवपरितापः'** ભવનો. પાછો એકલો તાપ નહિ, પરિતાપ. આહાહા..! ચાર ગતિના ભવમાં અગ્નિ સળગે છે, કહે છે. સમજાય છે કાંઈ? એ શેઠાઈ અને રાજાઈ અને દેવ, એ બધા અગ્નિથી, કષાયથી સળગે છે. તેઓ **'भवपरितापः'** તેનો **'हत'** હણી નાખ્યો છે જેણે. ભાષા તો એમ જ આવે ને. ઉપદેશમાં શું આવે?

મુમુક્ષુ :- જ્યાં ત્યાં મારવાની જ એકલી વાત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– મારી નાખે છે. ઓલો કહે એમ ન લેવું. હવે મફતના. 'પરમાત્મપ્રકાશ'માં નથી કહ્યું? અરે..! અનાદિના... હોં! બંધુનો મારનાર છો તું. એમ કહ્યું. 'બાબુભાઈ'! આત્માને એમ કહ્યું. 'તારો બંધવ સાથે રહેનારો એને તેં મારી નાખ્યા.' બિચારા સાથે રહેતા. જ્યાં જાય ત્યાં સાથે ને સાથે. રસ્તામાં પણ સાથે. એક સમય દૂર ન રહે એવા તો એ મિત્ર હતા. ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં આરૂઢ થયો, કર્મનો નાશ થઈ ગયો. એ કર્મના નાશનો ઉપાય એક સ્વરૂપમાં આરૂઢ થવું એ એક જ વાત છે. એ ક્રિયા કર્મના નાશની છે.

**'ભવના પરિતાપનો જેમણે નાશ કર્યો છે,..'** આકુળતા... આકુળતા. એ પૈસાવાળા દેખાય, બાયડી-છોકરા-કુટુંબી દેખાય. બધા ભવના પરિતાપ છે. સમજાણું કાંઈ? એ વીતરાગ પર્યાય પરિણમનમાં કોઈ રાગ કે નિમિત્ત કે શરીર અનુકૂળ હતું માટે પરિણમ્યું છે એમ નહિ. આત્મામાં અનાદિનો વીતરાગભાવ જે છે એ એને પરિણમવામાં અનુકૂળ હતો.

**'ભૂપતિઓ જેમના શ્રીપદમાં...'** એ શ્રીની વ્યાખ્યા કરી છે. **'(–મહિમાયુક્ત પુનિત ચરણોમાં)..'** એમ. એકલા ચરણ નહિ. મહિમાયુક્ત પુનિત ચરણો–એ શ્રીની વ્યાખ્યા કરી. **'નમે છે.'** આહાહા..! ઇન્દ્રો આવીને. ભૂપતિઓ અહીં તો ભૂપતિ છે. **'तत्त्वविज्ञानदक्षः'** ત્યાં આવ્યું ને? નહિ એ તો ૯૮માં. **'स जयति जितकोपः'** જેણે કોપને તો જીત્યો છે. દ્વેષનો અંશ નથી. કાંઈક પ્રતિકૂળતા હોય તો અણગમો થાય, એ વાત ભગવાનને રહી નથી. **'जितकोपः प्रह्वविद्वत्कलापः'** **'વિદ્વાનોનો સમુદાય જેમની આગળ ઢળી પડે છે,...'** આહાહા..! મોટા વિદ્વાન અને પંડિતો, એના ટોળા આમ અરિહંતપદ, સર્વજ્ઞપદ, એમાં વિદ્વાનો ઢળી પડે છે. એમ વિદ્વાનો એટલે જ્ઞાનની દશા ગમે તેટલી પ્રગટી હોય, એ બધા સ્વભાવમાં ઢળી પડે છે. સમજાય છે કાંઈ? એવું એ અરિહંતપદ છે, એવું એ આ આત્મપદ છે.

**'તે (શ્રી પદ્મપ્રભનાથ) જયવંત છે.'** છે? **'स जयति'** જયવંત છે, એમ કહે છે. આવા ભગવાન જાણે સાક્ષાત્ સમવસરણમાં બિરાજતા હોય. જેના પદમાં નમે છે એનો અર્થ ન્યાં ક્યાં ભગવાનને પગ છે અત્યારે? સિદ્ધમાં તો પગ નથી. પણ અહીં હતા એમ જાણે નજરે તરવરે છે. એમ ભગવાનઆત્મા પણ વર્તમાનમાં પૂર્ણ વિદ્યમાન આનંદનું તત્ત્વ દૃષ્ટિમાં તરવરે છે, જયવંત વર્તે છે. એ વસ્તુ જયવંત વર્તે છે. અહીં ભગવાન જયવંત વર્તે છે. અહીં જેણે દૃષ્ટિ અને જ્ઞાને આખી ચીજને પકડી છે એ વસ્તુ જયવંત વર્તે છે. આહાહા..! એ ૯૮મો શ્લોક થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૯૯

(मालिनी)

जयति विदितमोक्षः पद्मपत्रायताक्षः
प्रजितदुरितकक्षः प्रास्तकंदर्पपक्षः।
पदयुगनतयक्षः तत्त्वविज्ञानदक्षः
कृतबुधजनशिक्षः प्रोक्तनिर्वाणदीक्षः।।९९।।

**[શ્લોકાર્થ :–] પ્રસિદ્ધ જેમનો મોક્ષ છે, પદ્મપત્ર (–કમળનાં પાન) જેવાં દીર્ઘ જેમનાં નેત્ર છે, *પાપકક્ષાને જેમણે જીતી લીધી છે, કામદેવના પક્ષનો જેમણે નાશ કર્યો છે, યક્ષ જેમના ચરણયુગલમાં નમે છે, તત્ત્વવિજ્ઞાનમાં જેઓ દક્ષ (ચતુર) છે, બુધજનોને જેમણે શિક્ષા (શિખામણ) આપી છે અને નિર્વાણદીક્ષા જેઓ ઉચ્ચર્યા છે, તે (શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર) જયવંત છે. ૯૯.**

## શ્લોક–૯૯ ઉપર પ્રવચન

૯૯ શ્લોક.

जयति विदितमोक्षः पद्मपत्रायताक्षः

બધા 'ક્ષ' છે. ઓલામાં 'સ' હતા. ઓલામાં 'જ' હતા. પહેલામાં 'ત્ર' હતા. પહેલામાં બધા ત્ર હતા.

जयति विदितगात्रः स्मेरनीरेजनेत्रः

બીજામાં 'જ' હતા. બધા 'જ'.

स्मरकरिमृगराजः पुण्यकंजाह्निराजः

ત્રીજામાં બધા 'પ' હતા.

जितरतिपतिचापः सर्वविद्याप्रदीपः

'ત્ર', 'જ', 'પ' અને હવે 'ક્ષ'.

जयति विदितमोक्षः पद्मपत्रायताक्षः

* કક્ષા = ભૂમિકા; શ્રેણી; સ્થિતિ; પડખું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



प्रजितदुरितकक्षः प्रास्तकंदर्पपक्षः।
पदयुगनतयक्षः तत्त्वविज्ञानदक्षः
कृतबुधजनशिक्षः प्रोक्तनिर्वाणदीक्षः।।९९।।

**શ્લોકાર્થ :– 'પ્રસિદ્ધ જેમનો મોક્ષ છે,...'** સિદ્ધં પ્રસિદ્ધં નથી આવતું? શું કહેવાય?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એ. સિદ્ધ સમૂહ તો પ્રસિદ્ધ છે. આહાહા..! પ્રસિદ્ધ સિદ્ધ સમૂહ, આવે છે ને? અનંત સિદ્ધો પ્રસિદ્ધ છે. એમ અરિહંતોનો મોક્ષ પ્રસિદ્ધ છે. આહાહા..! એમ આત્માનો મોક્ષ પ્રસિદ્ધ છે. મોક્ષ થાય એ પ્રસિદ્ધ છે. સંસાર-ફંસાર આત્માને રહે નહિ. એને આત્મા કહીએ એમ કહે છે. સમજાણું કાંઈ? સંસારવાળો આત્મા માનવો એ તો મિથ્યાત્વ છે એમ કહે છે. સંસારવાળો આત્મા માનવો. સંસાર એટલે વિકલ્પ અને આસ્રવ. આસ્રવસહિત માનવો એ તો તત્ત્વની દૃષ્ટિ વિપરીત છે.

**'પ્રસિદ્ધ જેમનો મોક્ષ છે,...'** આહાહા..! જે આત્મામાં પ્રસિદ્ધ મોક્ષ મુક્તસ્વરૂપ પડ્યું જ છે. એને પર્યાયમાં પ્રસિદ્ધ મોક્ષ થાય, એ કોઈ વિશેષતા, નવીનતા નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

મુમુક્ષુ :—....

ઉત્તર :– બધું એક જ છે. બે શુદ્ધ જ છે. 'સમયસાર'માં આવ્યું હતું. ... કારણ અને કાર્ય બે શુદ્ધ જ છે. શુદ્ધ છે એનો અર્થ, કે છે જ આવું. ત્રિકાળ છે અને ત્રિકાળ છે એનો જેણે આશ્રય લીધો એને શુદ્ધતા જ પૂર્ણ પ્રગટશે, એ શુદ્ધ જ છે. અશુદ્ધતા રહેશે જ નહિ. આવું ઝીણું છે 'બાબુભાઈ'! બહારમાં એક જાત્રા કરી આવ્યા એટલે પતી ગયું એમ નથી. આ અષાઢ સુદ પૂનમની .... ચૌદશની કરે, પૂનમની ન કરે. પછી કારતક સુદ પૂનમ. આહાહા..! અહીં તો કહે છે સમયે-સમયે જાત્રા કરનારો આત્મા છે.

**'પ્રસિદ્ધ જેમનો મોક્ષ છે,...'** આહાહા..! શુદ્ધ સ્વરૂપ પરમાનંદની વિદ્યમાનતા, જ્યાં દૃષ્ટિમાં આવી (ત્યાં) પ્રસિદ્ધ મોક્ષ છે. પ્રસિદ્ધ મોક્ષ છે... પ્રસિદ્ધ મોક્ષ છે. પ્રતીતમાં આવી પ્રસિદ્ધ પર્યાયમાં મોક્ષ થશે, થશે અને થશે જ. એવો આત્મા છે. જેમાં સંસારની ગંધ નહિ રહે એમ કહે છે. આહાહા..! જેણે આત્મા પકડ્યો અને આત્મા જાણ્યો અથવા આત્મા છે એમ માન્યું. છે એ માન્યું ક્યારે કહેવાય? આખો પરિપૂર્ણ ભગવાન છે. એમ જેણે સમ્યગ્દર્શનમાં માન્યું, એને પ્રસિદ્ધ મોક્ષ છે. એને ભગવાનને પૂછવા નહિ જવું પડે કે, ભાઈ! મારો મોક્ષ કે દિ' થશે? મોક્ષ જ છે. અરિહંતોને ભાવમોક્ષ પ્રસિદ્ધ થઈ ગયો છે. કહે છે.

**'પદ્મપત્ર (–કમળનાં પાન) જેવાં દીર્ઘ જેમનાં નેત્ર છે,...'** કમળના પાન. પુણ્યવંત પ્રાણીને અહીંથી ત્યાં શેડ આમ ચાલતી હોય છે. કમળ-કમળ હોય ને? શેડ ચાલે. આમ કમળનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફૂલ હોય એવી એની આંખ હોય. તીર્થંકર તો પૂર્ણ પુણ્યના ધણી છે ને? અંદરમાં પહેલા ગુણની વાત કરી. બીજી એના શરીરની વ્યાખ્યા કરી. **'જેવાં દીર્ઘ જેમનાં નેત્ર છે,...'** અંદર કેવળજ્ઞાનના દીર્ઘ નેત્ર થઈ ગયા છે, બહારમાં પણ આંખ એવી હોય છે. ચક્રવર્તી, બળદેવ, એમાં તીર્થંકરનું તો શું કહેવું?

**'પાપકક્ષાને જેમણે જીતી લીધી છે,...'** પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. એનું પડખું જીતી લીધું છે એમ કહે છે. સંસારનું પડખું પુણ્ય-પાપ છે. એ પડખે જે ચડી ગયો હતો એનેથી ખસી ગયો છે. આહાહા..! અનાદિથી શુભ અને અશુભને પડખે ચડ્યો હતો. એ મિથ્યાત્વ અને સંસાર હતો. આહાહા..! એ પાપકક્ષાની **'ભૂમિકા; શ્રેણી; સ્થિતિ; પડખું.'** જુઓ! કક્ષા છે ને કક્ષા? એક બાજુનું પડખું. એમ. સંસારનું પડખું જેણે જીતી લીધું છે. સ્વભાવને પડખે ચડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? જેવા અરિહંત છે એવો જ તું છો એમ પાછું.

'તત્ત્વાનુશાસન'માં આવે છે ને? 'તત્ત્વાનુશાસન'ને? એમ કે અરિહંતનું ધ્યાનનું નથી આવતું? એમ કહે અરિહંતનું ધ્યાન કરે તો ફોગટ તું છો. તું અરિહંત ક્યાં છો? સાંભળને હવે. અમે અત્યારે અરિહંત છીએ. કેમ કે અરિહંતસ્વરૂપ આત્મા છે, એનું ધ્યાન કરીને શાંતિ વળે છે એટલે સાક્ષાત્ અરિહંત વિના ક્યાંથી વળે? માટે અમે અંદરમાં અરિહંત જ છીએ. 'તત્ત્વાનુશાસન'માં એવો શ્લોક છે. સમજાણું? એમ કે અરિહંત તો અત્યારે નથી. અને તમે કયા અરિહંતનું ધ્યાન કરો છો? તમારું ખોટું છે. તને ખબર નથી. અમે અંદર અરિહંત જ છીએ. આહાહા..! એનું ધ્યાન કરતાં શાંતિ આવે છે એનો અર્થ કે ખોટા અરિહંતનું ધ્યાન કરતા શાંતિ આવે? આહાહા..! પાંચ પદ જ અમે છીએ. આહાહા..! સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! ભારે વાત આવી! ઘણાં કહે નાના મોઢે મોટી વાતું. આને ખબર નથી. અહીં નાનું મોઢું છે જ નહિ. કામકક્ષા, પાપકક્ષા.

સંસારને પડખેથી ખસી ગયેલો આત્મા છે. એને આત્મા કહીએ. ભગવાન સંસારને પડખેથી ખસી ગયા છે. એમ આત્મા પણ સંસાર પડખેથી ખસી ગયો છે. એને આત્મા કહીએ. સંસારને પડખે ઊભો છે એ અનાત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં સંસારનું પડખું છૂટી ગયું છે. સંસારથી મુક્ત છે. વ્યવહારથી મુક્ત કહો કે સંસારથી મુક્ત કહો, બધું એક જ છે. સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી સીડી. વ્યવહારથી મુક્ત. વ્યવહાર એટલે વિકલ્પથી મુક્ત છે. એને સંસારનું પડખું છુટી ગયું છે. આહાહા..! પૂર્ણ અતીન્દ્રિય આનંદરૂપી મુક્ત સ્વભાવ, એને પડખે ગયો ત્યારે સંસાર પડખું છુટ્યું, ત્યારે તેણે આત્માના અનુભવને માન્યો એમ કહેવામાં આવે છે.

**'प्रजितदुरितकक्षः'** **'दुरित'** નો અર્થ પાપ કર્યો. એમ. **'प्रजितदुरितकक्षः'** **'प्रास्तकंदर्पपक्षः'** **'કામદેવના પક્ષનો જેમણે નાશ કર્યો છે,...'** ઓલી કક્ષા હતી. આ પક્ષ છે. **'કામદેવના પક્ષનો**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેમણે નાશ કર્યો છે,...**' '**क्षः**' છે ને? '**क्षः**'. '**प्रजितदुरितकक्षः प्रास्तकंदर्पपक्षः पदयुगनतयक्षः**' એમાં ચાર શબ્દ છે. '**યક્ષ જેમના ચરણયુગલમાં નમે છે,...**' ચામર ઢાળે છે ને? ઇન્દ્રો, યક્ષો ચોસઠ ચામર સમવસરણમાં. હવા સારી આવે માટે હશે? ભગવાનને ગરમી ન થાય. વીંઝણા નથી નાખતા? વીંઝણા. એને શું છે? ભગવાન તો અનંત આનંદમાં બિરાજે છે. એ તો ભક્તિવાળાનો દેખાવનો ભાવ છે. ચામર ઢાળે, ચામર. અહીંયા ઢાળે છે ને? પંખો. કેટલાકના હાથમાં પુસ્તક હોય તો એને લઈને પવન નાખે. બહુ ગરમી લાગે ને? નાનું પુસ્તક હોય હાથમાં તો એનાથી પવન નાખે. એ ઠીક કહેવાય? બહુ ગરમી લાગતી હોય તો શું કરવું? સહન કરવી. કાગળનો પંખો. કેટલાક છોકરાઓના હાથમાં નાની ચોપડી હોય તો (પંખો કરે). એમ ન કરાય. શાસ્ત્રની અશાતના કહેવાય. આહાહા..! '**યક્ષ જેમના ચરણયુગલમાં નમે છે,...**' એ તો પુણ્યનું કારણ છે અને ઇન્દ્રો–દેવો આવીને ચામર ઢાળે. એમાં એને શું છે? એને હવા લાગે અને ગરમી થતી હશે, એમ હશે? એ તો અતીન્દ્રિય આનંદમાં બિરાજમાન છે. એ તો ભક્તો ભક્તિના ભાવથી એ કરે.

'**तत्त्वविज्ञानदक्षः**' '**તત્ત્વવિજ્ઞાનમાં જેઓ દક્ષ (ચતુર) છે,...**' અરિહંત, સર્વજ્ઞ પરમાત્મા. જગતની જેટલી વિદ્યાઓ અને જ્ઞાન છે એ બધામાં પ્રવિણ છે. એમ કહે આ ફલાણો વળી મંત્રને જાણે, ફલાણો તંત્રને જાણે, ફલાણો આવી વિદ્યા જાણે. એ બધામાં ભગવાન પ્રવિણ છે. કાંઈ કરે નહિ, હોં! જુઓ! '**તત્ત્વવિજ્ઞાનમાં જેઓ દક્ષ (ચતુર) છે,...**' એટલી જ વાત લીધી છે ને?

'**कृतबुधजनशिक्षः**' '**બુધજનોને જેમણે શિક્ષા (શિખામણ) આપી છે....**' કહો, અજ્ઞાનીને, બડથોલને નહિ એમ કહે છે. જે પાત્ર રૂડા જેવો છે એને ભગવાને શિક્ષા આપી છે એમ કહે છે. આહાહા..! જેને શિક્ષા લાગુ પડે છે, એને શિક્ષા આપી છે, એમ કહે છે. '**બુધજનોને જેમણે શિક્ષા (શિખામણ) આપી છે...**' બુધ તો સમજેલા છે. સમજેલાને કહે છે, એને સમજાવ્યા છે. અણસમજ્યાને સમજાવતા નથી. એય..!

'**प्रोक्तनिर्वाणदीक्षः**' છેલ્લો બોલ. '**નિર્વાણદીક્ષા જેઓ ઉચ્ચર્યા છે,...**' જેને નિર્વાણની જ પ્રાપ્તિ થવાની એવી જ દીક્ષા એમણે લીધી છે. જે દીક્ષામાં મોક્ષ થાય, એવી દીક્ષા ઉતર્યા છે. આહાહા..! સ્વર્ગ મળે કે ફલાણું મળે એવી દીક્ષા નહિ એમ કહે છે. કહે છે કે નહિ? બે ઘડી દીક્ષા લે તો એને સ્વર્ગ કપાળમાં. એવું સાંભળ્યું હતું. બે હજારની સાલમાં. ત્યાં 'રાજકોટ'. 'મનસુખ'ભાઈની દીકરી દીક્ષા લેવાના હતા ને. 'ચીમન..'ના ભાઈ 'મનસુખભાઈ' એની બે દીકરીની દીક્ષા હતી તે દિ'. 'રાજકોટ'માં બે હજારની સાલમાં. એમ બધી વાતું આવતી. ત્યાં 'ત્રંબકભાઈ'ને છોકરીઓ મળવા આવી હતી. સગા થાય ને એને? 'ત્રંબકલાલ શેઠ' 'નાનાલાલભાઈ'ના બનેવી. ત્યાં છોકરીઓ આવી હતી. અમે ત્યાં 'વાંકાનેર' હતા. વાતું કરતા હતા. કે, અહીંયા તો મહારાજ એમ કહે છે, કે બે ઘડી જો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાધુપણું આવે તો એના કપાળમાં સ્વર્ગ તો ખરું. ધૂળમાં પણ નથી, હવે સાંભળને. આહાહા..!

અહીં તો **'નિર્વાણદીક્ષા જેઓ ઉચ્ચર્યા છે,...'** સ્વર્ગ મળશે એ વાત દીક્ષાના સ્વભાવમાં છે જ નહિ. આહાહા..! આવી લાલચ આપીને મુંડે. એય..! સ્વર્ગ મળશે. ત્યાં પછી એય... ખાવા-પીવાનું એમ ન હોય પણ હજાર વર્ષે ઇચ્છા થાય એને. એમાં શું થયું પણ. ધૂળ? એ બધા ભવ તો પરિતાપવાળા છે એમ કીધું. ક્લેશ અને આકુળતાવાળા ભવ છે. તારે એ ભવમાં જાવું છે? એ દીક્ષાનું ફળ? દીક્ષા તો એને કહીએ જેનાથી નિર્વાણ પ્રાપ્ત થાય. આહાહા..! **'નિર્વાણદીક્ષા જેઓ ઉચ્ચર્યા છે,...'** લ્યો.

**'તે (શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર) જયવંત છે.'** અમારે તો કહે છે કે એ જયવંત વર્તે છે. એટલે, કે મોક્ષનું કારણ એવી દીક્ષા અમારે જયવંત વર્તે છે. એમ 'પદ્મપ્રભમલધારી' મુનિ પોતે કહે છે. મોક્ષનું કારણ એવી જે દીક્ષા અમારે જયવંત વર્તે છે. એના ફળમાં અમને મુક્તિ જ આવશે. આહાહા..! પુણ્ય કરશે તો ગતિ તો સુધરશે. પાપમાં જાય એ કરતાં. કહે છે, તારી શ્રદ્ધા અને જ્ઞાન જ બધા ખોટા છે. જેના ફળમાં સ્વર્ગ માગ, એના કારણમાં પુણ્ય હોય અને પુણ્યની ઇચ્છાવાળો મિથ્યાદૃષ્ટિ છે.

ધર્મીને તો આત્માના સ્વભાવની ભાવના છે. એનું નામ દીક્ષા. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત સ્વરૂપની રમણતાની દીક્ષા જેણે ગ્રહણ કરી છે. એ દીક્ષા નિર્વાણનું કારણ છે. આહાહા..! એ દીક્ષાને દીક્ષા કહીએ, એમ કહે છે. એય..! 'જયંતિભાઈ'! આ તો કહે હવે પાપથી તો છૂટીએ. ચૂલાના, અગ્નિના અને છકાયના આરંભથી. એવી વાત કરે. અને ક્યાંક તો બિચારાને થાય. શું ધૂળ થશે? સંસાર છે એનો એ છે. આહાહા..! જેનાથી નિર્વાણ, કેવળમુક્તિ, એવી જે દીક્ષા એટલે આત્માના સ્વભાવનું આચરણ, શુદ્ધનું આચરણ એ જ દીક્ષા, હોં! પંચમહાવ્રતના વિકલ્પ-ફિકલ્પ એ દીક્ષા નહિ એમ કહે છે. આહાહા..! ભારે માર્ગ! દિગંબર સંતોની કથની પણ... કડક.

**'નિર્વાણદીક્ષા જેઓ ઉચ્ચર્યા છે, તે (શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર) જયવંત છે.'** પ્રભુ! એ જયવંત છે. આહાહા..! અમારો ભાવ પણ મોક્ષનું કારણ જયવંત છે. અમારા જે પરિણામ, વીતરાગ ભાવ જે મોક્ષનું કારણ, એ જયવંત છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પાંચમા આરાના મુનિ છે. કોઈ વળી કહે કે એ તો બધી ચોથા આરાની વાતું છે. આરો હોય કે ફારો વસ્તુ કાંઈ ફરતી હશે? જુઓને! આચાર્ય મુનિ પોતે... આહાહા..! અમારી દીક્ષા તો નિર્વાણનું કારણ છે. એવી દીક્ષા અમને આવી છે. ભગવાનને પણ એ જ દીક્ષા ઉતરી હતી અને એ દીક્ષા સમજાવી હતી. સમજાણું કાંઈ? જે દીક્ષામાં કારણ થઈને મોક્ષ થાય, એવી દીક્ષા ભગવાને સમજાવી હતી, એમ કહે છે. 'બાબુભાઈ'! આવો, મુંડાવો અહીં સાધુ થાવ, તમને અહીં સ્વર્ગ મળશે. એમ લલચાવ્યા નહોતા, એમ કહે છે. આહાહા..! શિખામણ આપી છે એમ કીધું, હોં! દીક્ષાની આવી શિખામણ, જેનાથી મુક્તિ થાય એવી દીક્ષા એવી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાવી હતી. એ તો આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિર્વિકારી, નિર્વિકલ્પ પરિણતિ, એ મોક્ષનું કારણ છે. એમ ભગવાને સમજાવ્યું હતું. કે તારી દીક્ષાથી તને સ્વર્ગ મળશે અને શેઠાઈ મળશે. એ દીક્ષાનું ફળ જ નથી. આહાહા..!

**'નિર્વાણદીક્ષા જેઓ ઉચ્ચર્યા છે,...'** નિર્વાણનું કારણ એવી દીક્ષાને જેણે સમજાવી છે, એમ કહે છે. **'તે (શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર) જયવંત છે.'** લ્યો. ઓલામાં લીધું અર્થમાં. અહીં એમ લીધું. કેટલામો છે આ? ૯૯. શ્લોક કેટલામો? ૭૧ ગાથા. છેલ્લો. દક્ષ (ચતુર). ભવ્યજીવોને શિક્ષા.. તથા જેમણે નિર્વાણનું કારણ મુનિદીક્ષાનું સ્વરૂપ કહ્યું છે. એમ ભાઈ 'શીતલપ્રસાદે' અર્થ કર્યો હતો ને પહેલા? નિર્વાણનું કારણ મુનિદીક્ષા, મોક્ષનું કારણ મુનિદીક્ષા, વીતરાગી પરિણતિ, એવી જીવોને શિક્ષા પ્રદાન કરી છે. આહાહા..! એનું નામ દીક્ષા અને એનું નામ દીક્ષાનું ફળ મોક્ષ. આ તો ગપે ગપ મારે. ક્રિયાના ઠેકાણા નહિ અને પંચમહાવ્રત પાળીએ છીએ અને એમાંથી મુક્તિ થશે. ધૂળેય નહિ થાય. લ્યો. ૯૯મો શ્લોક થયો. ૧૦૦મો શ્લોક બાકી રહી ગયો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૦૦

(मालिनी)

मदननगसुरेशः कान्तकायप्रदेशः<br>
पदविनतयमीशः प्रास्तकीनाशपाशः।<br>
दुरघवनहुताशः कीर्तिसंपूरिताशः<br>
जयति जगदधीशः चारुपद्मप्रभेशः।।१००।।

**[શ્લોકાર્થ :–] કામદેવરૂપી પર્વતને માટે (અર્થાત્ તેને તોડી નાખવામાં) જેઓ (વજ્રધર) ઇન્દ્ર સમાન છે, કાન્ત (મનોહર) જેમનો કાયપ્રદેશ છે, મુનિવરો જેમનાં ચરણમાં નમે છે, યમના પાશનો જેમણે નાશ કર્યો છે, દુષ્ટ પાપરૂપી વનને (બાળવા) માટે જેઓ અગ્નિ છે, સર્વ દિશાઓમાં જેમની કીર્તિ વ્યાપી ગઈ છે અને જગતના જેઓ અધીશ(નાથ) છે, તે સુંદર પદ્મપ્રભેશ જયવંત છે. ૧૦૦.**

---

**પ્રવચન નં. ૭૨, શ્લોક-૧૦૦ થી ૧૦૨, ગાથા-૭૨, સોમવાર, અષાઢ વદ ૪, તા.૧૨-૦૭-૧૯૭૧**

---

આ 'નિયમસાર' વ્યવહારચારિત્ર અધિકાર છે. ૭૧ ગાથા. ૧૦૦મો કળશ. ૧૦૦ કળશ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ને? અરિહંત કેવા છે એનું સ્વરૂપ છે.

मदननगसुरेश: कान्तकायप्रदेश:
पदविनतयमीश: प्रास्तकीनाशपाश: ।
दुरघवनहुताश: कीर्तिसंपूरिताश:
जयति जगदधीश: चारुपद्मप्रभेश: ।।१००।।

'પદ્મપ્રભુ' ભગવાનની સ્તુતિ કરે છે. પોતાનું 'પદ્મપ્રભુ' નામ છે ને? ટીકાકારનું પદ્મપ્રભુ નામ છે. એ નામે ભગવાન પદ્મપ્રભુને યાદ કરીને અરિહંતનું એ રીતે સ્તવન અને સ્તુતિ કરે છે.

**શ્લોકાર્થ :– 'કામદેરૂપી પર્વતને માટે (અર્થાત્ તેને તોડી નાખવામાં) જેઓ (વજ્રધર) ઇન્દ્ર સમાન છે,...'** ઇન્દ્રને હાથમાં વજ્ર હોય છે. એટલે એને વજ્રધર કહેવામાં આવે છે. એમ ભગવાન 'પદ્મપ્રભુ' ભગવાન **'કામદેવરૂપી પર્વતને માટે (અર્થાત્ તેને તોડી નાખવામાં) જેઓ (વજ્રધર) ઇન્દ્ર સમાન છે,...'** વાહ..! **'मदननगसुरेश:'** મદનરૂપી પર્વતને **'सुरेश:'** નામ ઇન્દ્રની જેમ. સુરેશ–ઇન્દ્રનો ઇશ. વજ્રધર તો નાખ્યું ઓલું ... આવ્યું ને એટલે નામ નાખ્યું. આહાહા..! વજ્ર, વજ્રથી .. થાય એમ ભગવાનનો આત્મા કામદેવની વાસનાનું તો ચૂરણ કરી નાખ્યું છે.

**'કાન્ત (મનોહર) જેમનો કાયપ્રદેશ છે,...'** એ બાહ્યબુદ્ધિ. જેમનું મનોહર શરીર છે. પરમૌદારિક, એમ કહે છે. અરિહંતના શરીરને વ્યાધિ, ક્ષુધા, તૃષા, રોગ એવું હોય નહિ. કાન્ત શરીર છે, મનોહર શરીર છે. **'જેમનો કાયપ્રદેશ...'** એટલે શરીરના પ્રદેશો. ભગવાનઆત્માના પ્રદેશો તો નિર્મળ, પણ એના શરીરના પ્રદેશો પણ નિર્મળ છે. પરમૌદારિક શરીર છે ને? દરેક અરિહંતને એમ હોય છે. અહીં તો અત્યારે 'પદ્મપ્રભુ' નામથી યાદ કર્યા છે.

**'મુનિવરો જેમનાં ચરણમાં નમે છે,...'** મુનિવરો, જેને વીતરાગતા પ્રગટી છે, એવા મુનિવરો પણ સર્વજ્ઞ અરિહંત પરમાત્માના ચરણમાં નમે છે. એમને પણ ભક્તિ હોય છે એમ કહે છે. મુનિવર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વગેરે અરિહંતના ચરણમાં વીતરાગતા પૂર્ણ પ્રગટી છે, તેના ચરણમાં નમે છે.

મુમુક્ષુ :— હેય બુદ્ધિએ છે.

ઉત્તર :– આવ્યા વિના રહે છે? હેય છે પણ આવે છે કે નહિ? ભક્તિનો વિકલ્પ છે એ તો ઉપયોગ છે, પણ આવ્યા વિના રહેતો નથી. હશે જ એટલે? એ તો છે એ આદરણીય નથી. પણ છે ખરો કે નહિ? છે એને આદરણીય નથી એમ કહેવું. ભાવ તો આવે. આદરણીય નથી હેય છે. હેય શું કરવા કરવો? પણ કરવો શું? એ આવ્યા વિના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહે જ નહિ. બધું કહે. અગ્નિ કહે, ધગધગતા અંગારા કહે. ભાવ છે, કષાય છે, રાગ છે. મુનિવરોને પણ આવે છે, હોય છે, જાણે છે. એવું સ્વરૂપ જ છે. પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ શાંતરસે પૂર્ણ પરિણમી ગયા છે. એના ઉપર મુનિવરોને પણ ભક્તિ આવે છે.

**'જેમનાં ચરણમાં નમે છે, યમના પાશનો જેમણે નાશ કર્યો છે,...'** **'प्रास्तकीनाशपाशः'** યમના પાશનો, બંધનનો જેમણે નાશ કર્યો છે. ભાવનું બંધન નથી રહ્યું એમ કહે છે. **'દુષ્ટ પાપરૂપી વનને (બાળવા) માટે જેઓ અગ્નિ છે,...'** દુષ્ટ પાપ અને પુણ્ય બેય, એવું જે વન, એને બાળવાને જેઓ અગ્નિ છે. એટલે કે એને છે નહિ. વીતરાગ શાંતરસ, અકષાય સ્વભાવે જેનું પરિણમન છે, (એમણે) આવા પાપ અને પુણ્યના વનને બાળી નાખ્યા છે. બાળવાને સમર્થ છે એમ કહેવામાં આવે છે.

**'સર્વ દિશાઓમાં જેમની કીર્તિ વ્યાપી ગઈ છે...'** પુણ્ય લીધું. ચારે દિશામાં જેની કીર્તિ પ્રસરી ગઈ છે, વ્યાપી ગઈ છે. **'कीर्तिसंपूरिताशः'** તીર્થંકર એટલે અને અરિહંતની ગુણ દશા પૂર્ણ, એની પુણ્યપ્રકૃતિ પૂર્ણ એવી હોય છે, કે ચારે દિશામાં ઇન્દ્રો આદિ એનો આદર કરે છે. એવી કીર્તિ વ્યાપી ગઈ છે. એ તો પવિત્રતા અને પુણ્ય બેની વાત કરે છે. જણાવવું હોય તો જણાવે ને? **'અને જગતના જેઓ અધીશ (નાથ) છે,...'** જગતના જેઓ નાથ છે. વ્યવહારે નાથ કહેવામાં આવે છે. ત્રણલોકના જાણનાર છે ને. એટલે એમાં નાથ છે.

**'તે સુંદર પદ્મપ્રભેશ જયવંત છે.'** એવા સુંદર 'પદ્મપ્રભુ' ભગવાન,... જુઓ! અહીં તો કાન્ત જેમનો કાયપ્રદેશ છે. એ તો અરિહંત તરીકે યાદ કર્યા છે. નહિતર એ તો સિદ્ધ થઈ ગયા છે. અત્યારે તો સિદ્ધ છે. અરિહંતની હયાતીમાં હતા એની સ્તુતિ છે. અત્યારે તો સિદ્ધ થઈ ગયા છે. અહીં લોગસ્સમાં આવે છે ને? ... તીર્થંકર મને પ્રસન્ન થાઓ. તીર્થંકર તો ગયા, તીર્થંકર તો અત્યારે સિદ્ધ થઈ ગયા. ...માં આવ્યું હતું ને. લોગસમાં આવે છે. તીર્થંકરો તો મોક્ષ પધાર્યા છે. અત્યારે તીર્થંકર નથી. પણ એને તીર્થંકરની હયાતી હતી એ રીતે યાદ કરીને વંદન કર્યું છે. ભૂતકાળમાં તીર્થંકર હતા ને? તિથ્થયરા મેં પસિયંતુ. એમ છે ને એમાં? તીર્થંકરો મને પ્રસન્ન થાઓ. પ્રસન્ન થતા હશે? પોતાનો આત્મા પોતામાં પ્રસન્ન થાય, એને ભગવાન મને પ્રસન્ન થાવ એમ કહેવામાં આવે છે. એવી વાત છે. ભગવાન તો વીતરાગ છે. એ પ્રસન્ન થતા નથી અને અપ્રસન્ન પણ થતા નથી. એ તો સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા વીતરાગ છે. પોતાના આત્મામાં આનંદની શાંતિની પ્રસન્નતા વર્તે છે, એથી જાણે કે પ્રસન્ન ભગવાન છે. હું પોતે પ્રસન્ન મારે માટે છું, ભગવાન મને પ્રસન્ન છે. એ ૭૧ ગાથા થઈ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૭૨

णट्ठट्ठकम्मबंधा अट्ठमहागुणसमण्णिया परमा।
लोयग्गठिदा णिच्चा सिद्धा ते एरिसा होंति।।७२।।

नष्टाष्टकर्मबन्धा अष्टमहागुणसमन्विताः परमाः।
लोकाग्रस्थिता नित्याः सिद्धास्ते ईद्दशा भवन्ति।।७२।।

भगवंता सिद्धपरंपराहेतुभूतानां सिद्धपरमेष्ठीनां स्वरूपमत्रोक्तम्।

निरवशेषैणान्तर्मुखाकारध्यानध्येयविकल्पविरहितनिश्चयपरमशुक्लध्यानबलेन नष्टाष्टकर्मबंधाः। क्षायिकसम्यक्त्वाद्यष्टगुणपुष्टितुष्टाश्च। त्रितत्त्वस्वरूपेषु विशिष्टगुणाधारत्वात् परमाः। त्रिभुवनशिखरात्परतो गतिहेतोरभावात् लोकाग्रस्थिताः। व्यवहारतोऽभूतपूर्वपर्याय प्रच्यवनाभावान्नित्याः। ईद्दशास्ते भगवन्तः सिद्धपरमेष्ठिन इति।

છે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,
શાશ્વત, પરમ ને લોક-અગ્રવિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.

અન્વયાર્થ :– [ नष्टाष्टकर्मबन्धाः ] આઠ કર્મના બંધને જેમણે નષ્ટ કરેલ છે એવા, [ अष्टमहागुणसमन्विताः ] આઠ મહાગુણો સહિત, [ परमाः ] પરમ, [ लोकाग्रस्थिताः ] લોકના અગ્રે સ્થિત અને [ नित्याः ] નિત્ય;– [ ईद्दशाः ] આવા, [ ते सिद्धाः ] તે સિદ્ધો [ भवन्ति ] હોય છે.

ટીકા :– સિદ્ધિના પરંપરાહેતુભૂત એવા ભગવંત સિદ્ધપરમેષ્ઠીઓનુ સ્વરૂપ અહીં કહ્યું છે.

[ભગવંત સિદ્ધો કેવા હોય છે?] (૧) [1]નિરવશેષપણે અંતર્મુખાકાર, ધ્યાનધ્યેયના વિકલ્પરહિત નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી જેમણે આઠ કર્મના બંધને નષ્ટ કરેલ છે એવા; (૨) [2]ક્ષાયિક સમ્યક્ત્વાદિ અષ્ટ ગુણોની પુષ્ટિથી તુષ્ટ; (૩) વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી

૧. નિરવશેષપણે = અશેષતઃ; કાંઈ બાકી રાખ્યા વિના; સંપૂર્ણપણે; સર્વથા. [પરમ-શુક્લધ્યાનનો આકાર અર્થાત્ સ્વરૂપ સંપૂર્ણપણે અંતર્મુખ હોય છે.]

૨. સિદ્ધભગવંતો ક્ષાયિક સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની પુષ્ટિથી સંતુષ્ટ–આનંદમય હોય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તત્ત્વનાં ત્રણ સ્વરૂપોમાં [૩]પરમ; (૪) ત્રણલોકના શિખરથી આગળ ગતિહેતુનો અભાવ હોવાથી લોકના અગ્રે સ્થિત; (૫) વ્યવહારથી અભૂતપૂર્વ પર્યાયમાંથી (–પૂર્વે કદી નહિ થયેલા એવા સિદ્ધપર્યાયમાંથી) ચ્યુત થવાનો અભાવ હોવાને લીધે નિત્ય;– આવા, તે ભગવંત સિદ્ધપરમેષ્ઠીઓ હોય છે.**

## ગાથા–૭૨ ઉપર પ્રવચન

૭૨મી ગાથા. સિદ્ધની. એ અરિહંતની ગાથા હતી. હવે સિદ્ધની ગાથા. વ્યવહાર છે ને વ્યવહાર? એમાં પાંચે પરમેષ્ઠી નાખ્યા. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, વ્યવહાર અને નિશ્ચય બેય નાખ્યા.

**णट्ठट्ठकम्मबंधा अट्ठमहागुणसमण्णिया परमा।**
**लोयग्गठिदा णिच्चा सिद्धा ते एरिसा होंति।।७२।।**

**છે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,**
**શાશ્વત, પરમ ને લોક-અગ્રવિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.**

સિદ્ધનો અર્થ શાશ્વત બતાવ્યો. લ્યો.

**ટીકા :– 'સિદ્ધિના પરંપરાહેતુભૂત...'** સિદ્ધ ભગવાન મુક્તિના પરંપરા હેતુ છે. સાક્ષાત્ હેતુ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (છે). એનું નિમિત્ત છે, તેથી પરંપરાહેતુ કહેવામાં આવે છે. સાક્ષાત્ સિદ્ધ પરમાત્મા આની મુક્તિનું સાક્ષાત્ કારણ નથી. સાક્ષાત્ કારણ તો સ્વચૈતન્યના આશ્રયે વર્તતા દર્શન, જ્ઞાન અને ચારિત્ર, એ સાક્ષાત્ કારણ છે. એમાં વ્યવહારશ્રદ્ધા સિદ્ધ ભગવાનની આવે છે. તેથી પરંપરાહેતુ કહેવામાં આવ્યું છે. પરંપરા નિમિત્ત, **'એવા ભગવંત સિદ્ધપરમેષ્ઠીઓનું સ્વરૂપ અહીં કહ્યું છે.'**

**'[ભગવંત સિદ્ધો કેવા હોય છે ?]'** હવે સિદ્ધ કેમ થયા એ વાત સાથે કહે છે. **'(૧) નિરવશેષપણે અંતર્મુખાકાર, ધ્યાનધ્યેયના વિકલ્પ રહિત નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી જેમણે આઠ કર્મના બંધને નષ્ટ કરેલ છે...'** લ્યો. આમ કહ્યું છે. અપવાસ કરીને કે આમ કરીને નાશ કર્યો છે એમ નથી એમ કહે છે. એ તો વિકલ્પ છે. આ તો **'નિરવશેષપણે...' 'અશેષત:; કાંઈ બાકી રાખ્યા વિના; સંપૂર્ણપણે; સર્વથા. [પરમ શુક્લધ્યાનનો આકાર અર્થાત્ સ્વરૂપ સંપૂર્ણપણે અંતર્મુખ હોય છે.]'**

---

**૩. સિદ્ધભગવંતો વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી બહિ:તત્ત્વ, અંત:તત્ત્વ અને પરમતત્ત્વ એવા ત્રણ તત્ત્વસ્વરૂપોમાંથી પરમતત્ત્વસ્વરૂપ છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ અંતર છે, એના ઉપર શુક્લ ધ્યાન અંતરસ્વરૂપ છે. અંતરમાં સ્વરૂપ છે. એ બાહ્ય છે નહિ. નિરવશેષપણે જેણે અંતર્મુખ **'ધ્યાનધ્યેયના વિકલ્પ રહિત...'** ધ્યાન કરવું અને આ ધ્યેય ભગવાનઆત્મા છે, એવા ભેદનો પણ જ્યાં વિકલ્પ એટલે રાગ નથી. આહાહા..! એવા ધ્યાન અને ધ્યેયના વિકલ્પ એટલે રાગરહિત અંતર્મુખ જેનું સ્વરૂપ છે. શુક્લધ્યાનનું. અંતર્મુખ જેનો ભાવ છે. બહિર્મુખ જરીયે નથી. એવા **'નિશ્ચય પરમશુક્લધ્યાનના બળથી...'** લ્યો. પરમશુક્લ પાછું. પરમશુકલ ધ્યાન. એમ. અંતરના શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન, એમાં અંતર્મુખ થઈને પરમશુક્લધ્યાન જે પ્રગટ્યું, એના **'બળથી જેમણે આઠ કર્મના બંધને નષ્ટ કરેલ છે...'** પેલા ચાર તો ખરા પણ બીજા ચાર નય એટલે આઠ નષ્ટ કર્યા એમ કહે છે. ચાર ઘાતિકર્મ તો અંતર્મુખના ધ્યાન દ્વારા નાશ થાય છે. અંતર્મુખની પરિણતિ દ્વારા નાશ થાય છે. બહિર્મુખના કોઈપણ વિકલ્પ દ્વારા કોઈ કર્મનો નાશ થતો નથી. આહાહા..!

દર્શનમોહનો નાશ અંતર્મુખ દૃષ્ટિના સ્વરૂપે તે નાશ થાય છે. જુઓ! આમાં આમ આવે ને કે જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો નાશ થાય છે. 'ધવલ'માં આવે છે ને? એ તો નિમિત્તની વ્યાખ્યા છે. જિનબિંબ તો આ આત્મા, અંતર વીતરાગમૂર્તિ પ્રભુ, એમાં અંતર્મુખ થઈને દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? આઠેય કર્મનો નાશ કહ્યો ને? અંતર્મુખાકાર. અંતર્મુખાકાર પહેલા ધર્મધ્યાનનો અંતર્મુખાકાર છે. આ અશેષ પણ અંતર્મુખાકાર છે. બધી પૂર્ણ રીતે. ધર્મધ્યાનમાં સમ્યગ્દર્શન થવામાં પણ, દર્શનમોહના નાશમાં પણ અંતર્મુખ આશ્રય છે, પૂર્ણ આનંદ સ્વરૂપના આશ્રયથી જ દર્શનમોહનો નાશ થાય છે. સમજાણું કાંઈ? શુભોપયોગથી શુદ્ધોપયોગ થાય એમ નથી એમ કહે છે. શુભોપયોગ તો બહારનો વેપાર છે. શુદ્ધ છે એ તો અંતર્મુખનો વેપાર છે. બેની દિશામાં ફેર છે.

**'નિરવશેષપણે અંતર્મુખાકાર,...'** તો પહેલો અંતર્મુખના સ્વરૂપે દર્શનમોહનો નાશ કર્યો, પછી અંતર્મુખમાં ચારિત્રનો પણ નાશ થયો, પછી પૂર્ણ અંતર્મુખ થયા, તો આઠેયનો નાશ થયો. અહીં તો ઓલા ચાર અઘાતિને પણ અંતર્મુખાકાર નાશ કર્યો. **'નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી જેમણે આઠ કર્મના બંધને નષ્ટ કરેલ છે...'** આ સિદ્ધ કેમ થયા એ ઓળખાવે છે. સિદ્ધપદ આ રીતે પ્રાપ્ત થાય, કોઈ બહારની ક્રિયાકાંડથી એ પ્રાપ્ત થાય નહિ. સમજાણું કાંઈ? એ તો આઠ કર્મનો નાશ કર્યો. **'अट्ठमहागुणसमण्णिया'** **'ક્ષાયિક સમ્યક્ત્વાદિ અષ્ટ ગુણોની પુષ્ટિથી તુષ્ટ;...'** છે. આઠ ગુણોની પુષ્ટિથી આનંદમય છે. નીચે (ફૂટનોટ). **'સિદ્ધભગવંતો ક્ષાયિક સમ્યક્ત્વ,...'** સમકિત પહેલું લીધું, લ્યો. **'અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની પુષ્ટિથી સંતુષ્ટ–આનંદમય હોય છે.'** આમાં ચારિત્ર ન આવ્યું એટલે કેટલાક કહે છે કે એને ચારિત્ર ન હોય. એ ખોટી વાત છે. ચારિત્ર આવી ગયું. અનંતસુખ છે ને? સમકિતનું સુખ અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્રનું સુખ બે થઈને અનંત સુખ પ્રગટ્યું. સિદ્ધ ભગવાનમાં પણ ચારિત્ર છે. પોતાનો ચારિત્ર ગુણ સ્વભાવ પૂર્ણ પ્રગટી ગયો છે. વ્યવહારચારિત્રના નામ જે છે સામાયિક અને ... એ છે. ઓલું ચારિત્ર ન આવ્યું. નીચે સિદ્ધનું ચારિત્ર નથી. સિદ્ધને પૂર્ણ ચારિત્ર છે. આહાહા..! ત્યાં એ ચારિત્ર શું હોય છે? પોતાના સ્વરૂપના આનંદમાં રમણતા એ ચારિત્ર છે. એ પૂર્ણ રમણતા પ્રગટ થઈ ગઈ એ પૂર્ણ ચારિત્ર છે.

તુષ્ટી–સંતુષ્ટ છે. તુષ્ટ છે ને? તુષ્ટ-તુષ્ટ છે. આઠ ગુણોથી સંતુષ્ટ. સંતુષ્ટ એટલે આનંદ છે. અનંત આનંદ પણ સાથે છે. આહા..! ગુણ કહ્યા છે પણ એ છે પર્યાય. ગુણ કહ્યા છે ને? ક્ષાયિક સમકિત આદિ અષ્ટ ગુણો. લ્યો. કેટલાક એ કહે ને, ભગવાને આઠ ગુણ કહ્યા છે. તમે કહો છો કે એ પર્યાય છે. ભગવાને પર્યાય કીધી છે. પર્યાયને ગુણ કહ્યો છે. ગુણ પ્રગટતા હશે? ગુણ તો ત્રિકાળ છે. અહીં તો પુષ્ટિથી તુષ્ટ છે. બધા આનંદસહિત પ્રગટ થયા છે. પર્યાયની વાત છે. સિદ્ધ પણ પર્યાય છે. ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. એની ઉલટી અવસ્થા સંસાર. પૂર્ણ સુલટી અવસ્થા તે મોક્ષ. પર્યાય છે. સમકિત પણ પર્યાય છે, ચારિત્ર પણ પર્યાય છે, સિદ્ધ પણ પર્યાય છે.

**'વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી તત્ત્વનાં ત્રણ સ્વરૂપોમાં પરમ;...'** છે. સિદ્ધ ભગવાન તો વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી. ગુણ એટલે પર્યાય. બહિર્તત્ત્વ, અંતઃતત્ત્વ અને પરમતત્ત્વ. એવા ત્રણ તત્ત્વ સ્વરૂપમાંથી પરમ તત્ત્વસ્વરૂપ પર્યાય, પોતે ઉત્કૃષ્ટ પર્યાય છે ને? એ પરમતત્ત્વ. ધ્રુવની અહીં વાત નથી. **'વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી...'** ખાસ બધી પર્યાયો પૂર્ણ પ્રગટી હોવાથી એની પર્યાયનો આધાર સિદ્ધ ભગવાન છે. એ **'તત્ત્વનાં ત્રણ સ્વરૂપોમાં...'** બહિર્તત્ત્વ, અંતઃતત્ત્વ–દ્રવ્ય, બહિર્તત્ત્વ-પર્યાયો, એમાં પણ પરમતત્ત્વ એટલે સિદ્ધની પૂર્ણ પર્યાય ઉત્કૃષ્ટ છે. લ્યો. ત્રણ સ્વરૂપમાં પરમ છે. પૂર્ણ દશા પ્રગટી છે.

**'ત્રણલોકના શિખરથી આગળ ગતિહેતુનો અભાવ હોવાથી લોકના અગ્રે સ્થિત;...'** છે. લ્યો. લોકના અગ્રે સિદ્ધ ભગવાન બિરાજે છે. **'ત્રણલોકના શિખરથી આગળ ગતિહેતુનો અભાવ હોવાથી...'** વ્યવહારથી વાત કરી છે. **'લોકના અગ્રે સ્થિત;...'** છે તે બરાબર નિશ્ચય છે. નિશ્ચય એટલે? પરને કારણે નથી, પોતાને કારણે સ્થિત છે. આમ નિશ્ચય તો સ્વરૂપમાં સ્થિત છે. સ્વરૂપને અગ્રે સ્થિત છે એ તો વ્યવહાર કહેવામાં આવે છે. **'ત્રણલોકના શિખરથી આગળ ગતિહેતુનો અભાવ હોવાથી લોકના અગ્રે સ્થિત;...'** છે. ... ધર્માસ્તિનો અભાવ હોવાથી લોકના અગ્રે સ્થિત છે. એનો અર્થ જ એ છે. એની અવસ્થા જ ત્યાં રહેવાની લાયકાત છે. એટલે ધર્માસ્તિ નથી. વ્યવહારથી .. વ્યવહાર છે, પણ નિશ્ચય તો આ છે. લોકના અગ્રે સિદ્ધ પણ કથંચિત્ પરતંત્ર છે એમ કહે છે. એમ નથી. પૂર્ણ સ્વતંત્ર છે. કહે છે ને, કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર. એમ લગાવે છે. અનેકાંતને જ્યાં-ત્યાં મારે એવું ઊંધુ લાકડું ઘૂસી ગયું છે. કદાચિત્ શુભભાવથી ધર્મ થાય, કદાચિત્ શુદ્ધથી પણ થાય. કદાચિત્ સમકિતથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બંધ પણ થાય અને સમકિતથી મુક્તિ પણ થાય. એનું નામ અનેકાંત એમ કહે છે.

મુમુક્ષુ :– ગતિ મળે છે.

ઉત્તર :– સમકિતથી શું ગતિ મળે. રાગથી મળે. એવી ભાષા સમકિતની સાથે હોય છે માટે એમ કહ્યું. સમકિત છે એ તો નિર્મળ દશા છે. નિર્મળ દશાથી સ્વર્ગ મળે? તીર્થંકરપણું એને પણ શુભભાવનો અપરાધ છે. તીર્થંકરપણું બાંધે અને મુનિને આહારક શરીર બાંધે એ શુભોપયોગનો અપરાધ છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ કલ્યાણ કરતું હતું? પોતાને એવો શુભભાવ આવ્યો, થઈ ગયું. ... ... એક મનુષ્યના બે ભવ થશે. એક ભવમાં કેવળ નહિ લઈ શકે. ...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એનો અર્થ શું? એનો અભાવ કરશે, એને મુક્તિ થશે. જે ભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું એ ભાવનો પણ અભાવ કરશે. આહાહા..! કેવી વાત! વસ્તુનું સ્વરૂપ આવું છે. વાદવિવાદ કરે એથી કાંઈ વસ્તુ બદલી જાય? તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ અપરાધ છે. એમ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં પાઠ છે. અપરાધ છે એવો પાઠ છે. 'અમૃતચંદ્રાચાર્ય'. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ એ અપરાધ છે, વિકલ્પ છે, રાગ છે. જગતને પકડ્યું હોય એમાંથી ખસવું, ભારેકામ!

**'ત્રણલોકના શિખરથી આગળ ગતિહેતુનો અભાવ હોવાથી...'** કારણ આ આપ્યું. જુઓ! આ. પણ પહેલા પરિણમન સિદ્ધ કર્યું ને? સમજાણું? ... **'લોકના અગ્રે સ્થિત;...'** છે. લ્યો. ત્યાં નિમિત્ત નથી અને ત્યાં સ્થિત પોતે ઉપાદાનથી છે. બસ. ઉપાદાન બતાવે છે. પોતાને પણ આગળ જવાની યોગ્યતા છે જ નહિ. વ્યવહારથી એ સિદ્ધ ભગવાન વ્યવહારથી નિત્ય કહેવામાં આવે છે. પાઠ છે ને? **'लोयग्गठिदा णिच्चा'** વ્યવહારથી નિત્ય છે. નિશ્ચયથી તો પરિણમન સમયે સમયે બદલે છે. સિદ્ધ પણ સમયે સમયે બદલે છે. સ્તુતિમાં એક આવે છે, પ્રભુ! તમે તો સમયે સમયે બદલો છો, હું તો અસંખ્ય સમયે બદલું છું. અસંખ્ય સમયનો ખ્યાલ આવે. એ પણ બદલે છે તો સમયે સમયે. અસંખ્ય સમયે ખ્યાલ આવે. સ્તુતિમાં આવે છે. ક્યાંક આવતું હશે. તમે તો સમયે સમયે બદલો, પણ મારે તો અંતર્મુહૂર્તમાં બદલાય. એનો અર્થ કે મારી એવી સ્થુળતા છે. આપને સૂક્ષ્મતા પ્રગટ થઈ ગઈ છે. વ્યવહારથી તે નિત્ય છે.

**'અભૂતપૂર્વ પર્યાય...'** ભગવાનને પૂર્વે નહોતી એવી સિદ્ધ પર્યાય પ્રગટેલી. **'(–પૂર્વે કદી નહિ થયેલા એવા સિદ્ધપર્યાયમાંથી) ચ્યુત થવાનો અભાવ હોવાને લીધે...'** એ પર્યાય થઈ એમાંથી નાશ થવાનો અભાવ હોવાથી. નાશ એટલે? વ્યવહારે તે નિત્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું? એમ ને એમ પર્યાય રહેવાની છે એ અપેક્ષાએ. પર્યાય તો સમયે સમયે બદલે જ છે. **'વ્યવહારથી અભૂતપૂર્વ પર્યાયમાંથી (–પૂર્વે કદી નહિ થયેલા એવા સિદ્ધપર્યાયમાંથી)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ચ્યુત થવાનો અભાવ હોવાને લીધે નિત્ય;–આવા, તે ભગવંત સિદ્ધપરમેષ્ઠી હોય છે.**' લ્યો. જૈનમાં રહેલાને પણ એના જૈન સંપ્રદાયમાં શું ચીજ છે એની ખબર ન મળે. જ્યાં-ત્યાં અથડાય. આ હમણાં 'મુંબઈ'માં કરવાના છે ને? અઢાર દિ'ના પર્યુષણ. છાપામાં આવ્યું હતું. મહાવીરની વાણી. આઠ શ્વેતાબંરના અને દસ દિગંબરના. મહાવીરની વાણીનો ... અઢાર દિ'.

મુમુક્ષુ :– ... મૂર્ખા છે.

ઉત્તર :– એવા મૂર્ખા તો કોઈ થયું જ નથી એમ કહે છે. કોણ જાણે પહેલા ઓલામાં ઘૂસી ગયો. પછી વળી આમાં .. નાખ્યું. .... અઢાર દિ'ના પર્યુષણ. સો રૂપિયાની ટિકિટ. અઢાર દિન વ્યાખ્યાન સાંભળવું હોય તો સો રૂપિયા દેવાના. કાલે છાપામાં આવ્યું હતું ને? પૈસા ઉઘરાવવા અને મહાવીરના નામની વાણી. ક્યાં મહાવીર અને ક્યાં... મહાવીર તો મહાવીર જ છે. આહાહા..! મહાવીરની ઓલા બિચારા કહે છે ભગવાનની ૨૫૦૦ વર્ષે ઉજવણી કરવી. આપણા તો જૈન થોડા છે. એવી આપણે ઉજવણી નહિ કરી શકીએ. જેવી વિશ્વમાં બૌદ્ધની થઈ એવી કાંઈ આપણે નહિ કરી શકીએ. ભગવાન તો કાંઈ .. બુદ્ધને એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ હતા. આ તો ત્રણલોકના નાથ, સર્વજ્ઞદેવ પરમેશ્વર પૂર્ણાનંદ એની આપણે ઉજવણી શું કરી શકીએ? અને નહિતર બધા ઉજવણીમાં ભેગા ભળી જાય એમ કહે છે. ઈસુની પણ ઉજવણી, બુદ્ધની ઉજવણી, ગાંધીની ઉજવણી અને મહાવીરની ઉજવણી.

મુમુક્ષુ :– લૌકિક સાથે મળી જાય.

ઉત્તર :— લૌકિક હારે આપણે (સમન્વય ન થાય) ... અરે..! મહાવીર કોણ અને ઇસુને બૌદ્ધ કોણ. ત્રણલોકના નાથ એક સમયે જેને પરિપૂર્ણ જ્ઞાન.. પરમેશ્વર કૃત કૃત થઈ ગયા. એમની ઉજવણી આ .. મેળવવું... સાધારણ સાથે મેળવવી ... એક મત છે. ... એની મોટપ કાંઈ ઘટે એવી નથી. એ કહ્યું હતું ત્યાં. 'શાહુજી' ત્યાં આવ્યા ને? કહ્યું હતું, વાત તો આમ છે. આપણે જૈન ગમે તેવા હોઈએ.. ગમે તેટલી હોય પણ ઉજવણી ઇસુની કરી એવી ન કરી શકીએ. એ તો કરોડો રૂપિયા સાધારણ આખો વર્ગ જ અત્યારે મિથ્યાદૃષ્ટિનો મોટો છે. એ તો .. મોટો હોય છે. મનુષ્યમાં વધારે.

ભગવાન! આહાહા..! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક (જાણે), એને નહિ પણ પર્યાય જાણતા જણાય જાય. આહાહા..! એવી વાતની ગંધ બીજે ક્યાં છે? ઇસુ ને બૌદ્ધ ને એ બધા .. જરી બધા ... આવ્યા... જૈનો .. થોડા એ થોડા પણ મતભેદ એકકોર મૂકી દઈને એક થાય તો કરો બીજું શું. શુભભાવ છે. એ કાંઈ શુદ્ધ નથી. એમ કહ્યું હતું ત્યારે. શાહુજી. '...ભાઈ'. આહાહા..! આત્મા અનંતગુણ અને બધા પૂર્ણ પ્રગટ પર્યાયરૂપે પરિણમન થઈ ગયું. અને એક સમયમાં જેને ત્રણકાળ, ત્રણલોક જાણવામાં આવે, અને તે તે દશા એમ ને એમ કાયમ રહે, તેથી તેને નિત્ય કહેવામાં આવે છે. કુટસ્થ છે ને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સિદ્ધ ભગવાનની પર્યાયને કુટસ્થ કીધી. કુટસ્થનો અર્થ? એવી ને એવી રહે છે એ અપેક્ષાએ. બાકી સમયે સમયે બદલે છે. સિદ્ધનું જ્ઞાન, કેવળજ્ઞાન સમયે સમયે બદલે છે. સિદ્ધનું જ્ઞાન તો પર્યાય છે, કોઈ ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. આહાહા..! એની ઉજવણી કોણ કરે? અંતરમાં અનુભવ કરીને ઉગ્રતા પ્રગટ કરે એ ઉજવણી છે. આહાહા..! એ પ્રભુની પામર પ્રાણી શું ઉજવણી કરે?

અહીં કહે છે, એ પર્યાય કાયમ રહે માટે એને નિત્ય કહેવામાં આવે છે. આહાહા..! ધ્રુવ તો નિત્ય છે પણ પર્યાય પણ એવી ને એવી સદાય રહે માટે એને પર્યાયને પણ નિત્ય કહેવામાં આવે છે. ધ્રુવ આવ્યું છે ને પહેલું? ધ્રુવ, અચલ. 'સમયસાર'ની પહેલી ગાથા. સિદ્ધ ભગવાન ધ્રુવ છે. એ પર્યાયની વાત છે. ધ્રુવ છે ને? **'वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं'** એ પર્યાય ધ્રુવ છે. આમ સમયે સમયે નાશવાન છે. એ કહ્યું. છતાં એવી ને એવી છે માટે ધ્રુવ છે એમ કહેવામાં આવે છે. એણે કોઈ દિ' અનંતકાળમાં આ આત્મા શું? વસ્તુ શું? શક્તિ શું? દશા શું? તેની સંભાળ કરવાની એણે દરકાર કરી નથી. આ દુનિયાની આળ પંપાળ જંજાળ, વ્યવહાર, ધંધા, શુભની ક્રિયામાં રોકાઈ અને આત્મા આવો રાગથી ભિન્ન આવું અનંત સામર્થ્યવાળું તત્ત્વ, જેની એક સમયની પર્યાયમાં ત્રણકાળ જણાય, એવી ને એવી પર્યાય નિત્ય રહ્યા કરે. આહાહા..!

## શ્લોક–૧૦૧

(मालिनी)

**व्यवहरणनयेन ज्ञानपुंजः स सिद्धिः**
**त्रिभुवनशिखराग्रग्रावचूडामणिः स्यात्।**
**सहजपरमचिच्चिन्तामणौ नित्यशुद्धे**
**निवसति निजरूपे निश्चयेनैव देवः।।१०१।।**

**[હવે ૭૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]**

**[શ્લોકાર્થ :–] વ્યવહારનયથી જ્ઞાનપુંજ એવા તે સિદ્ધભગવાન ત્રિભુવનશિખરની ટોચના (ચૈતન્યઘનરૂપ) નક્કર [1]ચૂડામણિ છે; નિશ્ચયથી તે દેવ સહજપરમચૈતન્યચિંતામણિસ્વરૂપ નિત્યશુદ્ધ નિજ રૂપમાં જ વસે છે. ૧૦૧.**

---

૧. ચૂડામણિ = શિખામણિ; કલગીનું રત્ન; ટોચ ઉપરનું રત્ન.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૧૦૧ ઉપર પ્રવચન

'[હવે ૭૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]'

**व्यवहरणनयेन ज्ञानपुंजः स सिद्धिः**
**त्रिभुवनशिखराग्रग्रावचूडामणिः स्यात्।**
**सहजपरमचिच्चिन्तामणौ नित्यशुद्धे**
**निवसति निजरूपे निश्चयेनैव देवः।।१०१।।**

ભગવાન સિદ્ધ પરમાત્મા વ્યવહારનયથી લોકને અગ્રે છે એમ કહેવામાં આવે છે. પરના ક્ષેત્રમાં છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી તો ભગવાન પોતાના સ્વરૂપમાં જ છે. લોકને અગ્રે કહેવું એ વ્યવહાર છે એમ કહે છે. લોક પર છે ને? પરાશ્રય તે વ્યવહાર, આ તો ભગવાન પોતાના ગુણની પર્યાયમાં વસેલા છે. ભાવમાં વસેલા છે. પોતાના ક્ષેત્રમાં વસેલા છે. પરક્ષેત્રમાં નથી. પોતાનું અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર છે, એના અનંતગુણની પર્યાયના પરિણમનમાં વસેલા છે. નિજક્ષેત્રમાં વસ્યા છે એ નિશ્ચય. લોકને અગ્રે રહે છે એ વ્યવહાર. ઓલા કહે લોકને અગ્રે વ્યવહાર એ ખોટું છે? વ્યવહાર અભૂતાર્થ છે ને? અભૂતાર્થનો અર્થ? લોકને અગ્રે ખરેખર નથી. ખરેખર પોતાના સ્વરૂપમાં છે. સમજાણું કાંઈ? હવે એવો અર્થ કરે કે તમે લોકને અગ્રેને વ્યવહાર કહો છો. વ્યવહાર તો અભૂતાર્થ છે. તો લોકને અગ્રે નથી? બીજે છે? .... આહાહા..!

નિશ્ચયથી લોકને અગ્રે નથી. નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પોતે ભગવાન બિરાજે છે. પર ક્ષેત્રમાં નથી. છતાં પરક્ષેત્રમાં છે એમ કહેવું વ્યવહાર છે. વ્યવહાર અન્યથા કહે છે. વ્યવહારથી વ્યવહારને સાચો સિદ્ધ કરવો છે.

**'વ્યવહારનયથી જ્ઞાનપુંજ એવા તે સિદ્ધભગવાન...'** જ્ઞાનનો પુંજ પ્રભુ છે એ તો. એકલી જ્ઞાનદશા. પૂર્ણ જ્ઞાનપુંજ થઈ ગયો છે. એવો જ આ આત્મા છે. એકલો જ્ઞાનનો પુંજ છે. **'વ્યવહારનયથી...'** એટલું રાખવું. **'જ્ઞાનપુંજ એવા તે સિદ્ધ ભગવાન ત્રિભુવનશિખરની ટોચના...'** ત્રિભુવનની શીખર ઉપર **'(ચૈતન્યઘનરૂપ) નક્કર ચૂડામણિ છે;....'** ચૈતન્યઘન તો પોતાનો સ્વભાવ છે. પણ ત્યાં શિખરની ઉપર છે એ વ્યવહારે કહેવામાં આવે છે. નક્કર-નક્કર. નક્કર ચૂડામણિ. **'કલગીનું રત્ન; ટોચ ઉપરનું રત્ન.'** .. છે. અસંખ્ય પ્રદેશમાં અનંતગુણનો પિંડ છે, એમાં વિકલ્પનો પ્રવેશ નથી. ત્યાં પરક્ષેત્રનો પ્રવેશ નથી. આહાહા..! લોકનો અગ્ર કહો પણ એ અગ્રનું ક્ષેત્રનો અંદર પ્રવેશ નથી. પોતાના ક્ષેત્રમાં એ પોતે છે. આહાહા..!

**'નિશ્ચયથી તે દેવ સહજપરમચૈતન્યચિંતામણિસ્વરૂપ નિત્યશુદ્ધ...'** ઓલો વ્યવહાર હતો. લોકના અગ્રે એ. **'નિશ્ચયથી તે દેવ...'** પરમાત્મા સિદ્ધ ભગવાન. **'સહજ પરમચૈતન્ય...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવિક પરમચૈતન્ય **'ચિંતામણિસ્વરૂપ...'** પરમ ચૈતન્ય ચિંતામણિ. આહાહા..! જેનામાં લોકાલોક.. એક સમય, 'સ' ના બોલવામાં અસંખ્ય સમય જાય. એમાં એક સમયમાં લોકાલોક જણાઈ જાય એવો ચૈતન્ય ચિંતામણિ રત્ન છે. **'નિશ્ચયથી તે દેવ સહજપરમચૈતન્યચિંતામણિસ્વરૂપ નિત્યશુદ્ધ...'** પર્યાય કાયમ એટલે **'નિજ રૂપમાં જ વસે છે.'** પર્યાય નિર્મળ શુદ્ધ છે ત્યાં વસે છે, એમ કહે છે. પોતાની પરમ આનંદ દશા, અતીન્દ્રિય આનંદના અમૃત, એ સમયે સમયે અનંત અમૃતનું ભોજન ભગવાન કરે છે. આહાહા..! સિદ્ધ ભગવાનને અતીન્દ્રિય અમૃતનો ભોગ સમયે સમયે છે. આ ભગવાનને ભોગ ચડાવે છે ને? શું કહેવાય? થાળ. વૈષ્ણવ ચડાવે. એ ભોગ ધૂળના છે. આ તો અતીન્દ્રિય આનંદનો અનુભવનો ભોગ, પરમાત્માને અનંતો ભોગ પ્રગટ્યો છે. એવા ચિંતામણિ **'નિત્યશુદ્ધ નિજ સ્વરૂપમાં જ વસે છે.'** એ બધી પર્યાયની વાત છે. **'નિત્યશુદ્ધ નિજ સ્વરૂપ'** પરિણતિ એમાં એ વસે છે. નિશ્ચયથી એમાં વસે છે એમ કહે છે. વ્યવહારથી લોકને અગ્રે વસે છે. લોકને અગ્રે છે એ બરાબર છે. પણ આત્મા લોકને અગ્રે છે એ વ્યવહાર છે. એમ કહે છે. આહાહા..! જોયું? પણ છે ને? એ અપેક્ષાએ બરાબર છે પણ આત્મા એમાં અગ્રે છે એ વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાના સ્વરૂપમાં છે.

પોતાનું નિજ મંદિર, નિરાવરણ, નિર્મળ દશા થઈ એમાં એ વસે છે. અરે..! અરૂપી પણ મહાપદાર્થ છે. અરૂપી તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. અરૂપીનું સ્વરૂપ છે. અરૂપીને રૂપ સ્વરૂપ છે. લે. સ્વરૂપ છે કે નહિ અરૂપી પણ? આ જડ સ્વરૂપ છે. અરૂપી સ્વરૂપ છે. સ્વરૂપ પદાર્થ છે. વિજ્ઞાનઘન ચિંતામણિ રત્ન એવો નિત્ય શુદ્ધ નિજ સ્વરૂપમાં જ વસે છે. એનું ક્ષેત્ર એ છે. લોકને અગ્રે કહેવું એ પરની અપેક્ષાથી વ્યવહાર છે. બીજો શ્લોક. ૧૦૨.

## શ્લોક-૧૦૨

(स्त्रग्धरा)

नीत्वास्तान् सर्वदोषान् त्रिभुवनशिखरे ये स्थिता देहमुक्ता
तान् सर्वान् सिद्धिसिद्धयै निरुपमविशदज्ञानदृक्शक्तियुक्तान्।
सिद्धान् नष्टष्टकर्मप्रकृतिसमुदयान् नित्यशुद्धाननन्तान्
अव्याबाधान्नमामि त्रिभुवनतिलकान् सिद्धिसमीन्तिनीशान्।।१०२।।

**[શ્લોકાર્થ :–] જેઓ સર્વ દોષોને નષ્ટ કરીને દેહમુક્ત થઈને ત્રિભુવનશિખરે સ્થિત**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે, જેઓ નિરુપમ વિશદ (–નિર્મળ) જ્ઞાનદર્શનશક્તિથી યુક્ત છે, જેમણે આઠ કર્મની પ્રકૃતિના સમુદાયને નષ્ટ કર્યો છે, જેઓ નિત્યશુદ્ધ છે, જેઓ અનંત છે, અવ્યાબાધ છે, ત્રણલોકમાં પ્રધાન છે અને મુક્તિસુંદરીના સ્વામી છે, તે સર્વ સિદ્ધોને સિદ્ધિની પ્રાપ્તિ અર્થે હું નમું છું. ૧૦૨.**

## શ્લોક–૧૦૨ ઉપર પ્રવચન

**नीत्वास्तान् सर्वदोषान् त्रिभुवनशिखरे ये स्थिता देहमुक्ता**
**तान् सर्वान् सिद्धिसिद्धयै निरुपमविशदज्ञानदृक्शक्तियुक्तान्।**
**सिद्धान् नष्टष्टकर्मप्रकृतिसमुदयान् नित्यशुद्धाननन्तान्**
**अव्याबाधान्नमामि त्रिभुवनतिलकान् सिद्धिसमीन्तिनीशान्।।१०२।।**

એ શું કહ્યું? .. અર્થ કર્યો છે? અવ્યાબાધ છે પણ આમાં પાછું ... છે એ? નમામિ. અવ્યાબાધાન નમામિ. અવ્યાબાધ એવા ભગવાનના સ્વરૂપને હું નમસ્કાર કરું છું.

**શ્લોકાર્થ :– 'જેઓ સર્વ દોષોને નષ્ટ કરીને...'** એનો અર્થ ... **'સર્વ દોષોને નષ્ટ કરીને...'** લ્યો. પણ કેટલાક સિદ્ધ તો અનાદિના છે. સિદ્ધ પણ દોષનો નાશ કરીને જ સિદ્ધ થયા છે. અનાદિની પરંપરા તો એ જ છે. આહાહા..! વાંધા ઉઠાવે છે. એમ કે સિદ્ધ અનાદિના અનંત છે. એ પહેલા સંસારી હતા, પછી સિદ્ધ થયા. ત્યારે પહેલા સંસાર દશા મોટી થઈ, .. પછી સિદ્ધ થયા. એક-એક વ્યક્તિની અપેક્ષાએ તો એમ જ કહેવાય. અનંતની અપેક્ષાએ અનંતા સિદ્ધો અનાદિના છે. પહેલા કોઈ સિદ્ધ નહોતા અને પહેલા થયા, એમ હોય નહિ. પહેલા કોઈ સિદ્ધ નહોતા અને પહેલા સંસારનો નાશ કરીને થયા છે. એમ હોય નહિ. સિદ્ધ અનંત અનાદિ સંસારી અનંત અનાદિ એમ ને એમ છે. સિદ્ધ થયા એમ જ્યારે કહેવું હોય, ત્યારે એમ જ કહેવાય.

**'સર્વ દોષોને નષ્ટ કરીને દેહમુક્ત થઈને...'** લ્યો. દેહ હતો એ મુક્ત થઈને **'ત્રિભુવનશિખરે સ્થિત છે,...'** ત્રણ ભુવનના શિખરની ઉપર સ્થિત છે. **'જેઓ નિરુપમ વિશદ (-નિર્મળ) જ્ઞાનદર્શનશક્તિથી યુક્ત છે,...'** જેને ઉપમા ન અપાય એવા નિર્મળ જ્ઞાન-દર્શનથી યુક્ત છે. સહિત છે. જ્ઞાન-દર્શનથી સહિત છે. પરથી સહિત છે એમ નથી. નિર્મળ વિશદ, નિરુપમ–જેની ઉપમા ન મળે. એવા **'જ્ઞાનદર્શનશક્તિથી યુક્ત છે,...'** એ પર્યાયની વાત છે. જ્ઞાન, દર્શનશક્તિ એ પર્યાયની વાત છે. ....

**'જેમણે આઠ કર્મની પ્રકૃતિના સમુદાયને નષ્ટ કર્યો છે,...'** ... જેણે આઠ કર્મની પ્રકૃતિ પાછી, એનો સ્વભાવ, એના સમુદાયને નષ્ટ કર્યો છે. પોતાનો સ્વભાવ પૂર્ણ પ્રગટ કર્યો છે. **'જેઓ નિત્ય શુદ્ધ છે,..'** લ્યો, અહીં આવ્યું. નિત્ય શુદ્ધ છે. જે નિર્મળ દશા પ્રગટ થઈ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ કાયમ એવી ને એવી રહે છે. વ્યય વિનાનો ઉત્પાદ અને ઉત્પાદ વિનાનો વ્યય, આવે છે ને? ભાઈ! 'પ્રવચનસાર'માં. આહાહા..! વ્યય વિનાનો ઉત્પાદ. સિદ્ધ પર્યાય પ્રગટી કેવી? કે વ્યય વિનાની. ઉત્પાદ વિનાનો વ્યય. સંસારનો નાશ થયો, સંસાર વિના ... હવે ઉત્પાદ .. છે? 'પ્રવચનસાર' ... અંદર છે. વ્યય વિનાનો ઉત્પાદ અને ઉત્પાદ વિનાનો વ્યય. આહાહા..! તો જ સિદ્ધપણું રહે ને? નિત્ય છે ને? જે નિત્ય પર્યાય પ્રગટી, ઉત્પાદ. વ્યય વિનાનો ઉત્પાદ. હવે એ પર્યાયનો વ્યય-નાશ થાય નહિ. એ સંસારનો વ્યય થયો એ ઉત્પાદ વિનાનો વ્યય થયો. હવે પછી સંસાર ઉત્પન્ન નહિ થાય. આહાહા..! એવા ભગવાન સિદ્ધ ભગવાનની નાતનો તું છો, કહે છે. આહાહા..! આવું ક્યાં સ્વરૂપ છે? બીજા બધા માળા ગપ્પા મારે છે. મહાવીરની વાણી .... આહાહા..! વસ્તુનું સ્વરૂપ જ આવું છે. જૈનદર્શન એટલે કોઈ સંપ્રદાય નથી, વિશ્વદર્શન છે. વિશ્વનું સ્વરૂપ છે, આત્માનું, જડનું સ્વરૂપ છે, એવું આનું સ્વરૂપ છે. એવી જે સિદ્ધ ભગવાનની પર્યાય પ્રગટી એ નિત્ય શુદ્ધ છે, એમ કહે છે.

**'જેઓ અનંત છે,...'** એ પર્યાય અનંત છે. એમ ને એમ અંત વિનાની થયા જ કરશે. **'અવ્યાબાધ છે,...'** કોઈ વિઘન કરનાર નથી. લ્યો. અવ્યાબાધ છે. ધર્માસ્તિકાયે સિદ્ધને રોક્યા છે તો અવ્યાબાધ ન રહે. સિદ્ધને ધર્માસ્તિકાયે રોક્યા છે ને? આ કેમ ઉપર જતા નથી?

મુમુક્ષુ :– લોકનો આત્મા લોકમાં રહે.

ઉત્તર :– આત્મા લોકનું દ્રવ્ય છે, લોકમાં રહે. અલોકમાં ક્યાં જતું હતું? આહાહા..! લોકની ચીજ છે લોકમાં રહે. અલોકમાં ક્યાંથી જાય? લોક તો એને કહીએ. લોક્યંતે ઇતિ લોક. જ્યાં છ દ્રવ્ય દેખાય એને લોક કહે. અલોક એટલે જ્યાં છ દ્રવ્ય છે નહિ, એક આકાશ છે એનું નામ અલોક. આહાહા..! આવી વાત જુઓ તો ખરા! સર્વજ્ઞ પરમેશ્વરે આવી વસ્તુની સ્થિતિ વર્ણવી એવી સ્થિતિ ક્યાંય, ક્યાંય બીજે નથી. બધા મોટી મોટી વાતું કરે છે. લાખો માણસ ભેગા થાય. ધૂળમાં પણ કહે છે નથી. આહાહા..! સત્ય તો આ છે.

**'ત્રણલોકમાં પ્રધાન છે...'** ત્રિભુવન તિલક. ત્રણલોકનું તિલક છે. ઉપર. **'અને મુક્તિ સુંદરીના સ્વામી છે,...'** લ્યો. **'सिद्धिसमीन्तिनीशान्।'** મુક્તિરૂપી સુંદરી. એ પવિત્ર આનંદની દશા અને પૂર્ણ જ્ઞાન દશા, એવી જે એની પર્યાય, એના એ સ્વામી છે. પોતાની નિર્મળ પર્યાયના સ્વામી છે. લોકના નાથ કહેવાય છે ને? એ તો જાણે છે. 'લોગનાહાણં, લોગ-હિઆણં, લોગ-પઈવાણં, લોગ-પજ્જોઅગરાણં, અભય-દયાણં, ચક્ખુ-દયાણં, મગ્ગ-દયાણં,..' આવે છે કે નહિ? .... ઘણાં વિશેષણ લગાડે. શું છે પણ. અર્થની ખબર ન મળે. મગ્ગ-દયાણં, વ્યાખ્યાનમાં કરતા હશે. ઘડીયા હાંકે. આહાહા..!

**'મુક્તિસુંદરીના સ્વામી છે,...'** લ્યો. **'તે સર્વ સિદ્ધોને સિદ્ધિની પ્રાપ્તિ અર્થે હું નમું છું.'** લ્યો. ઠીક. હું ભગવાનને નમું છું, એનાથી મને સિદ્ધિ પ્રાપ્ત થશે. સિદ્ધિને નમે એ તો વિકલ્પ છે. એ તો વાત છે. ઓલામાં નથી આવતું? 'વંદે તદ્ગુણ લબ્ધયે' હે ભગવાન!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તમારા ગુણોની પ્રાપ્તિ માટે તમને નમું છું. એ તો વાત કરે. તમારી જાત છે એ મારે અંતરમાંથી પ્રગટ કરવી છે. તમારા વંદન કરું એવા વિકલ્પમાં કાંઈ નથી. એ તો 'સમયસાર'માં પહેલા ન કહ્યું? આ ટીકા કરતા મારી શુદ્ધિ વધી જજો. ટીકા કરતા વધી જજો તો ટીકાનો તો વિકલ્પ છે.

મુમુક્ષુ :- અત્યારે કેમ લખે? હોય ત્યારે લખાય.

ઉત્તર :- શું લખે? લખે છે એ બરાબર લખે છે. અંતરમાં મારો આશ્રય ચૈતન્યમાં વર્તે છે. એ લખવા ટાણે પણ મારો આશ્રય તો ચૈતન્ય દ્રવ્ય જ છે. એના આશ્રયની ઉગ્રતા થતાં અશુદ્ધતા ટળી જજો, એમ કહે છે.

અહીં કહે છે, એ **'સિદ્ધોને સિદ્ધિની પ્રાપ્તિ અર્થે...'** મુક્તિની પ્રાપ્તિ અર્થે વંદું છું. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંત્તુ' આવે છે ને? હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધિ દેખાડો. એનો અર્થ કે કેવળજ્ઞાન હું પ્રગટ કરું ત્યારે તમારી સિદ્ધિ દેખાય. લોગસ્સ આવડે છે કે નહિ? 'હિંમતભાઈ'! નહિ આવડતું હોય. એ લોગસ્સમાં આવે છે. ... એ સર્વ સિદ્ધિની પ્રાપ્તિ અર્થે, મારું પ્રયોજન મારા સ્વભાવનો આશ્રય લઈ અને પૂર્ણ પ્રાપ્તિ કરું એ મારો હેતુ છે, એમ કહે છે. વંદન કરવાનો વિકલ્પ છે એનાથી થાય. એવા વંદનના વિકલ્પ કાળે પણ મારો આશ્રય સ્વ ચૈતન્ય ઉપર છે. એ આશ્રય વધીને મુક્તિની પ્રાપ્તિ થાય. માટે હું અત્યારે .. છું એમ કહે છે. **'અર્થે હું નમું છું.'** લ્યો. સિદ્ધ ભગવાનને નમવું એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને નમવું એ તો વિકલ્પ છે. વિલ્કપ જ છે, રાગ છે. એ વખતે સ્વના આશ્રયનું જોર કરીને હું મુક્તિને પ્રાપ્ત કરું એ જ મારી અભિલાષા છે. રાગમાં અટકું અને રાગનું ફળ મને મળજો, એ નથી. આહાહા..! ભાઈ! વીતરાગની વાણી... વ્યવહારથી વર્ણવે કંઈક, નિશ્ચયથી વર્ણવે કંઈક.

મુમુક્ષુ :- બે નયનો વિરોધ હોય.

ઉત્તર :- એ બે નય વિરોધ થઈ. એ ૧૦૨ શ્લોક થયો. ૧૦૩ શ્લોક કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૦૩

(अनुष्टुभ्)

स्वस्वरूपस्थितान् शुद्धान् प्राप्ताष्टगुणसंपदः।
नष्टष्टकर्मसंदोहान् सिद्धान् वंदे पुनः पुनः।।१०३।।

**[શ્લોકાર્થ :-] જેઓ નિજ સ્વરૂપમાં સ્થિત છે, જેઓ શુદ્ધ છે, જેમણે આઠ ગુણરૂપી સંપદા પ્રાપ્ત કરી છે અને જેમણે આઠ કર્મોનો સમૂહ નષ્ટ કર્યો છે, તે સિદ્ધોને હું ફરીફરીને વંદું છું. ૧૦૩.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રવચન નં. ૭૩, શ્લોક-૧૦૩-૧૦૪, ગાથા-૭૩-૭૪, મંગળવાર, અષાઢ વદ ૬, તા.૧૩-૦૭-૧૯૭૧**

૧૦૩ કળશ.

**स्वस्वरूपस्थितान् शुद्धान् प्राप्ताष्टगुणसंपदः।**
**नष्टष्टकर्मसंदोहान् सिद्धान् वंदे पुनः पुनः।।१०३।।**

૧૦૩ કળશ. ૭૩ ગાથા ઉપર.

સિદ્ધ ભગવાન **'જેઓ નિજસ્વરૂપમાં સ્થિત છે,...'** પોતાના આનંદ આદિ અનંતગુણની પરિણતિ નિર્મળ, એમાં સિદ્ધ પરમાત્મા સ્થિત છે. **'જેઓ શુદ્ધ છે,...'** પરિપૂર્ણ પવિત્ર છે. **'જેમણે આઠ ગુણરૂપી સંપદા પ્રાપ્ત કરી છે...'** આઠ ગુણ. અનંત સમકિત, અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ આઠ ગુણની પર્યાય પ્રાપ્ત કરી છે. **'જેમણે આઠ કર્મોનો સમૂહ નષ્ટ કર્યો છે, તે સિદ્ધોને હું ફરીફરીને વંદું છું...'** એવા સિદ્ધ ભગવાન–ણમો સિદ્ધાણં. આવા સિદ્ધને ઓળખીને હું ફરી ફરીને નમસ્કાર કરું છું. એમ ટીકાકાર 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે.

હવે ૭૩મી ગાથા. એની ટીકા.

**'અહીં આચાર્યનું સ્વરૂપ કહ્યું છે.'** આ બાજુ છે ને? **'[ભગવંત આચાર્યો કેવા હોય છે ?]'** જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, તેના શાસનમાં આચાર્યોનું સ્વરૂપ કેવું હોય છે એનું વર્ણન કરે છે. જે **'જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય નામના પાંચ આચારોથી પરિપૂર્ણ;...'** છે. નિશ્ચય આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છે, એનું જેને જ્ઞાન આચરણ અંતરથી શુદ્ધ જ્ઞાનનું પરિણમન પ્રગટ્યું છે. **'જ્ઞાન,...'**આચાર, **'દર્શન,...'**આચાર. સમ્યગ્દર્શનનું શુદ્ધ પરિણમન જેને પ્રગટ્યું છે. **'ચારિત્ર,...'** સ્વરૂપ આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા, એની રમણતારૂપ ચારિત્ર, એમાં અંતર રમણતા, એવું ચારિત્ર જેને પ્રગટ્યું છે. **'તપ,...'** શુદ્ધ આનંદ આદિની પરિણતિ શોભિત, તપિત, વિશેષે પરિણિત નિર્મળ દશા થઈ છે. એને તપ કહીએ. **'વીર્ય,...'** જેનું બળ પાંચ આચારમાં પરિણમી રહ્યું છે. શુદ્ધ, પુણ્ય-પાપના રાગ વિના જેનું વીર્ય સ્વરૂપની શુદ્ધ શક્તિનું સત્ત્વ, એનું પરિણમન કરવામાં વીર્ય સમર્થ રહ્યું છે. એ **'નામના પાંચ આચારોથી પરિપૂર્ણ;...'** છે. આવા જૈનદર્શનમાં આચાર્યોનું અંતઃ સ્વરૂપ આવું હોય છે. બાહ્યમાં પંચ આચાર પણ વિકલ્પરૂપ હોય છે. જેની નગ્ન દશા હોય છે, જે જંગલમાં વસતા હોય છે. આહાહા..! ત્રણેકાળમાં જૈન શાસનમાં આચાર્યનું આવું સ્વરૂપ છે.

જેને **'સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર નામની પાંચ ઈન્દ્રિયોરૂપી મદાંધ હાથી...'** પાંચ ઇન્દ્રિયનો મદ હાથી જાણે મદમાં આવેલા હોય એના **'દર્પનું દલન કરવામાં દક્ષ (–પંચેન્દ્રિયરૂપી મદમત્ત હાથીના મદના ચૂરેચૂરા કરવામાં નિપુણ);...'** ઓ..હો..! અતીન્દ્રિય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદ જેને ઉગ્રપણે પરિણમ્યો છે. એ દ્વારા પાંચ ઇન્દ્રિયના વિષયને **'પાંચ ઇન્દ્રિયરૂપી મદાંધ હાથીના દર્પનું દલન કરવામાં દક્ષ (–પંચેન્દ્રિયરૂપી મદમત્ત હાથીના મદના ચૂરેચૂરા કરવામાં નિપુણ);...'** છે. વિષયની વિકલ્પ દશા ઉત્પન્ન થતી નથી. આહાહા..! નિર્વિકલ્પ રાગ વિના આનંદની દશામાં રમતા, અતીન્દ્રિય આનંદની પરિણતિમાં ઝૂલતા એમણે પાંચ ઇન્દ્રિયના મદનો તો નાશ કર્યો છે. બહુ ઝીણું છે. શરીર સાથે સંબંધ નથી. આ તો જડ-માટી છે. અંદર ભગવાન પૂર્ણ શુદ્ધ આનંદ સ્વરૂપ, એનું જેને પરિણમન એટલે અવસ્થા અતીન્દ્રિય ઉગ્રપણે પરિણમી છે. એથી એણે પાંચ ઇન્દ્રિયના વિષયોને જીત્યા છે.

**'સમસ્ત ઘોર ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરતા હોવાથી...'** આત્મામાં એકલી શાંતિ, અવિકારી દશા, નિર્દોષ પવિત્રતા પ્રગટી છે કે ઘોર ઉપસર્ગો પ્રત્યે પણ વિજય પ્રાપ્ત કર્યો છે. પ્રતિકુળતાના અનંત ગંજ આવે, તો પણ તેના પ્રત્યે આ ઠીક નથી એવો વિકલ્પ જેને થતો નથી. આનંદમાં રમતા હોય છે. આહાહા..! આચાર્યો આને કહીએ. ણમો આઇરિયાણં આવે છે ને? ણમો લોએ સવ્વ આઇરિયાણં. આવા અઢી દ્વિપમાં સંતો, આચાર્યો, જૈનદર્શનના હોય છે. **'સમસ્ત ઘોર ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરતા હોવાથી ધીર...'** છે. એક વાત. એ ત્રીજો બોલ.

**'અને ગુણગંભીર;—'** છે. જેના ગુણની દશા એટલી ગંભીર છે. સાધારણ જીવને એનો પત્તો ન ખાય એવી દશા છે. અતીન્દ્રિય આનંદપૂર્વક નિર્મળ જ્ઞાન, શ્રદ્ધા, આનંદ, શાંતિ વગેરે એવી દશા પ્રગટી છે કે જેના ગુણ ગંભીર છે. આહાહા..! આવું જૈનદર્શનના આચાર્યોનું સ્વરૂપ છે. **'આવાં લક્ષણોથી લક્ષિત, તે ભગવંત આચાર્યો હોય છે.'** લ્યો. શબ્દ વાપર્યો છે. પહેલા તો કૌંસમાં નાખ્યું હતું. આ તો પાઠમાં આવ્યું. એવા ભગવંત આચાર્યો હોય છે. આહાહા..!

**'એવી રીતે (આચાર્યવર) શ્રી વાદિરાજદેવે કહ્યું છે કે :–'** બીજાનો આધાર આપે છે. શ્લોક.

**पंचाचारपरान्नकिंचनपतीन्नष्टकषायाश्रमान्**
**चंचज्ज्ञानबलप्रपंचितमहापंचास्तिकायस्थितीन्।**
**स्फराचंचलयोगचंचुरधियः सूरीनुदंचद्गुणान्**
**अंचामो भवदुःखसंचयभिदे भक्तिक्रियाचंचवः।।**

**'भक्तिक्रियाचंचवः'** **'चंचवः'** જૈન સાધુ-આચાર્ય કેવા હોય છે? નીચે શ્લોકાર્થ.

**'પંચાચારપરાયણ છે,...'** અંતરના જ્ઞાન-દર્શન-આનંદ આદિ વીર્ય, તપમાં તત્પર છે. શુદ્ધ આચરણમાં અંદર પુણ્ય-પાપના રાગરહિત આનંદનું ધામ ભગવાન, એના પંચાચારમાં એ તત્પર છે. આત્માનું આચરણ, એમ કહે છે. એમાં તત્પર છે. વીતરાગી પરિણતિમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ તત્પર છે એમ કહે છે. **'જેઓ અકિંચનતાના સ્વામી છે,...'** જેને એક પરિગ્રહનો, રાગનો અંશ નથી અને કપડાનો કટકો નથી. એવા જૈનના આચાર્ય ભગવાન, ભગવાને વર્ણવ્યા છે. **'અકિંચનતાના સ્વામી છે,...'** બાહ્યમાં નગ્ન દશા, અંતરમાં રાગનો કણ પણ જેને નથી. આહાહા..!

**'જેમણે કષાયસ્થાનોને નષ્ટ કર્યાં છે,...'** શુભ-અશુભ રાગ, એવા જે કષાય એટલે વિકારભાવ, એનો જેણે નાશ કર્યો છે. વીતરાગ પરિણતિમાં ઝૂલે છે. આહાહા..! **'પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ મહા પંચાસ્તિકાયની સ્થિતિને સમજાવે છે.'** કહે છે, કે પંચાસ્તિકાય છે આ જગતમાં. એટલે કાળ સિવાય આત્મા, પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. એવા પાંચ અસ્તિકાય. કાળ છે એ અસ્તિ છે પણ કાય નથી. એટલે પાંચ અસ્તિમાં એને ન લેવું. એવું પંચાસ્તિકાયનું સ્વરૂપ **'પરિણમતા જ્ઞાનના બળ વડે...'** એકલી ધારણામાંથી નહિ એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનમાં પરિણમન, અંદર વીતરાગી પરિણમન થઈ ગયું છે.

**'પરિણમતા જ્ઞાનના બળ વડે...'** એકલી વાત કરવા બેઠા છે એમ નહિ, એમ કહે છે. આહાહા..! એકલા પંચાસ્તિકાય ભગવાને કહ્યા છે, એવી ધારણા કરી છે અને કહે છે એમ પણ નથી. આહાહા..! અંતર પંચાસ્તિકાય જગતમાં છે, એનું જ્ઞાનમાં પરિણમન થઈ ગયું છે. જ્ઞાનસ્વરૂપ આત્મા, ચિદાનંદ સ્વરૂપ આત્મા, એનું જ્ઞાનનું પરિણમન જ અંદર થઈ ગયું છે. પરિણમનના બળ વડે પંચાસ્તિકાયનું કથન કરે છે એમ કહે છે. ભગવાન પાસેથી સાંભળેલું છે, સાંભળેલું કહે છે. એમ નહિ. આહાહા..! શુદ્ધ ચૈતન્ય ભગવાન પવિત્રની પરિણતિ, જેની દશા થઈ ગઈ છે, કહે છે. એ દશાના પરિણમતાપૂર્વક પંચાસ્તિકાયનું કથન કરે છે.

**'મહા પંચાસ્તિકાય...'** ભાષા એમ લીધી છે ને? આકાશ લોકાલોકનું આકાશ. આકાસ્તિકાય એક-એક જીવ અસંખ્ય પ્રદેશી એવા અનંત આત્માઓ, એથી અનંતગુણા પરમાણુઓ, ધર્માસ્તિ અને અધર્માસ્તિ, એવી મહા પંચાસ્તિકાયની મર્યાદા–સ્થિતિને એ સમજાવે છે. જગતમાં એક જ આત્મા છે અથવા અનંત આત્મા જ છે એમ નથી. અનંત આત્મા, અનંત પરમાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. એવા પાંચ અસ્તિકાય. અસ્તિ એટલે છે. ઘણાં પ્રદેશનો સમૂહ એટલે કાય. ભાષા આખી જુદી! આવું સ્વરૂપ છે.

**'પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ...'** જેનું જ્ઞાનસ્વરૂપ અંદર વીતરાગભાવે પરિણમી ગયું છે. એવા પરિણમનના બળ વડે મહા પંચાસ્તિ. એમ ભાષા લીધી છે ને? આકાશનો તો ક્યાંય અંત નથી એવું આકાશ છે. એની **'સ્થિતિને સમજાવે છે.'** આચાર્ય છે ને? **'વિપુલ અચંચળ યોગમાં (–વિકસિત સ્થિર સમાધિમાં) જેમની બુદ્ધિ નિપુણ છે...'** વિપુલ અચંચળ યોગ **'(-વિકસિત સ્થિર...)'** આનંદ. સ્થિર સમાધિ-શાંતિ. અકષાય શાંતિ. વીતરાગ ભાવની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શાંતિનું પરિણમન, એવી સમાધિ અચંચળ યોગ વિપુલ, **'જેમની બુદ્ધિ નિપુણ છે...'** આનંદની સમાધિમાં જેની બુદ્ધિ નિપુણ છે. આનંદની શાંતિ અને સમાધિ. સમાધિ એટલે ઓલા બાવા-જોગી કરે એની અહીં વાત નથી, હોં! સમાધિ. 'લોગસ્સ'માં એ આવે છે. આવે છે ને 'લોગસ્સ'માં? અર્થ કોને આવડે. ભગવાન જાણે અર્થ તો. **'સમાહિવરમુત્તમં દિંતુ. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસું અહિયં પયાસયરા;'** અહીં તો **'સમાહિવરમુત્તમં દિંતુ.'** એનો અર્થ શું? મને ઉત્તમ સમાધિ આપો. કઈ સમાધિ? ઓલા બાવા કરે એ?

અહીંયા તો આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત આત્માની વીતરાગી શાંતિ તેને સમાધિ કહે છે. આધિ એટલે મનના સંકલ્પ-વિકલ્પ રહિત, વ્યાધિ એટલે શરીરના રોગ રહિત અને ઉપાધિ એટલે સંયોગ રહિત. એવી આત્મામાં શાંત.. શાંત.. શાંત... એને શાંતિનો દરિયો ઉછળ્યો છે. આહાહા..! વિકસિત થયું છે ને? કહ્યું ને? નિપુણ એટલે વિકસિત. સ્થિર સમાધિમાં બુદ્ધિ નિપુણ છે. એમાં એ આચાર્ય ડાહ્યા છે. પરમ આનંદની શાંતિ, એમાં એ ઝૂલે છે, એમાં એ નિપુણ છે.

**'જેમને ગુણો ઊછળે છે,...'** લ્યો. આત્માના અનંત જે ગુણ છે, એ ઉછળે છે એટલે પર્યાયમાં પરિણમે છે. દરિયામાં જેમ ભરતી આવે, અંદરથી ઉછળીને ભરતી આવે, એમ મુનિને, આચાર્યોને અંતરમાં અનંતગુણનો જે દરિયો ભર્યો છે એ ગુણો ઉછળે છે. અંતરના, અનુભવના દૃષ્ટિના જોરે અનંત-અનંત આનંદ આદિ ગુણની દશા ઉછળે છે. ઉછાળા મારે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! દરિયો ઉછળ્યો છે કહે છે. ભગવાનઆત્મામાં અનંતા-અનંતગુણ છે. એક-એક આત્મામાં. એ અનંતા અનંતગુણો ઉછળે છે. એની પર્યાયમાં ભરતી આવે છે. શું હશે આ અનાદિથી ખબર નથી. આહાહા..!

ભગવાન ચૈતન્યસ્વરૂપ અનંત આનંદ અને જ્ઞાન અને શાંતિથી ભરેલું તત્ત્વ છે. એવા તત્ત્વનો જ્યાં અનુભવ કર્યો, અને એમાં એકાગ્ર થયો એટલે અનંતા શક્તિરૂપ ગુણ છે, એ એની પર્યાયમાં ઉછળે છે. લ્યો. ઓલું આવ્યું ને? શક્તિ ઉછળે છે. જ્ઞાનમાં બીજી શક્તિ ઉછળે છે. શક્તિમાં આવે છે ને? ૪૭ શક્તિ. આહાહા..! જ્ઞાનનું સમ્યક્ પરિણમન થતાં, શુદ્ધ ચૈતન્યદ્રવ્યનો આશ્રય લેતાં, સમ્યક્જ્ઞાનનું પરિણમન થતાં અનંતા ગુણોની પર્યાય, એ જ્ઞાનની પર્યાયમાં ઉછળે છે, આવે છે. આહાહા..! ધર્મીને પુણ્ય-પાપના રાગ આવતા નથી, ઉછળતા નથી. આહાહા..!

**'જેમને ગુણો ઉછળે છે,..'** અજ્ઞાનીને વિકાર ઉછળે છે. પુણ્ય-પાપના ભાવ ઉછાળા મારે, આંધળો થઈ એમાં પડે. અસ્થિરતા એમાં જોડાઈ જાય છે. રાગમાં એકાકાર થઈ જાય. આ અંદર આનંદમાં એકાકાર થઈ જાય. **'તે આચાર્યોને...'** આવા વીતરાગ માર્ગના અંતર અનુભવી સંતોને **'ભક્તિક્રિયામાં કુશળ એવા અમે...'** પોતે મુનિ છે ને? ટીકા કરનાર મુનિ છે. એટલે આવા આચાર્યો જૈનના હોય, તેને અમે **'ભક્તિક્રિયામાં કુશળ એવા અમે...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ પાછું. એવા સંતોની ભક્તિ કરવામાં અમે કુશળ છીએ. અમને ખબર છે કે આવા સંતો છે. એનું બહુમાન કરવાને અમે ડાહ્યા છીએ. ડાહ્યા છીએ, કુશળ છીએ, નિપુણ છીએ, ચતુર છીએ.

મુમુક્ષુ :– રાગમાં...

ઉત્તર :– રાગમાં એટલે ઓલા ગુણમાં. એના ગુણને વંદન કરવામાં ચતુર છીએ. ભલે વિકલ્પ હો. આહાહા..! આ મુનિ છે એ પણ ભાવલિંગી સંત છે. અનંત આનંદ જેને ઉછળ્યો છે. સાચા મુનિ તો એને કહીએ. લુગડા ફેરવીને બેસે એટલે મુનિ થઈ ગયા, એમ છે નહિ. આહાહા..! ઝીણી વાત, ભાઈ! એ મુનિ પોતે કહે છે, અ..હો..! આવા આચાર્યો જૈનમાં!

મુમુક્ષુ :– આચાર્ય આચાર્યને કહે છે...

ઉત્તર :– આ તો મુનિ આચાર્યને કહે છે. ટીકાકાર મુનિ છે ને? મુનિ કહે છે, કે અમે... 'પદ્મપ્રભમલધારી' મુનિ છે. આ વાદિરાજ આચાર્ય છે. પણ એ પોતે આધાર આપે છે ને? 'વાદિરાજ' પંચાચાર એ કરે છે આચાર્ય કહે છે. પણ અમે પણ એ કરીએ. આહાહા..! એ તો પૂર્વે થઈ ગયા.

એવા '**કુશળ એવા અમે ભવદુઃખરાશિને ભેદવા માટે...**' લ્યો. એમ જ આવે. કથન શું આવે? એવા સંતોને, આચાર્ય આચાર્યને, આચાર્યે મુનિને, મુનિ આચાર્યને.. આહાહા..! '**ભેદવા માટે પૂજીએ છીએ.**' ભવના દુઃખો સંસારની જાળ, સ્વર્ગ-નરકના ભવની દુઃખ જાળ... આહાહા..! એને છેદવા માટે અમે વંદન કરીએ છીએ એમ કહે છે. એમાં ભવમાં કાંઈ નરક અને તિર્યંચના ભવ છેદવા માટે એમ નથી કાંઈ. આખા બધા ભવની દુઃખની રાશિ. ચારેય ગતિ... આહાહા..! ભવના દુઃખનો ઢગલો. ચોરાશીના અવતારમાં બધે દુઃખ છે, ભાઈ! દેવો દુઃખી, શેઠિયા દુઃખી, રાજા દુઃખી, બધા ભિખારી, રાગના ભિખારી. વિકારના અભિલાષીઓ બધા દુઃખી છે. .... આવે છે ને? વીતરાગી મુનિ પણ, હોં! આવે છે ને આ. 'અકિંચનતા સ્વામી છે.' અંતરમાં અકિંચનતા અને બહારમાં અકિંચનતા. ધન્ય અવતાર! એણે અવતાર સફળ કર્યા છે. આહાહા..!

ચારિત્રસ્વરૂપ જેને અંતરમાં.. નગ્ન દશા બાહ્ય અને અંતરમાં ચારિત્ર પરિણમી ગયું છે. આહાહા..! જેને આખી દુનિયાની દરકાર નથી. એવો આત્મા, એને ભક્તો કહે છે. લ્યો. આચાર્ય આચાર્યના પણ ભક્ત આચાર્ય અને મુનિ પણ આચાર્યના ભક્ત છે. '**ભેદવા માટે પૂજીએ છીએ.**' ભાષા તો એમ જ આવે ને? વંદે તદગુણ લબ્ધયે. આવ્યું હતું.

પ્રાપ્તિ અમારે. ભાવ તો અંદરમાં એ છે. વિકલ્પ ભલે અંદર છે. એનાથી કાંઈ પ્રાપ્ત થતું નથી. લ્યો. આચાર્ય પોતે પોતાની વાત કરે છે, અને આવા આચાર્ય હોય એને હું વંદન કરું છું એમ પણ કહે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# ગાથા-૭૩

पंचाचारसमग्गा पंचिंदियदंतिदप्पणिद्दलणा।
धीरा गुणगंभीरा आयरिया एरिसा होंति।।७३।।

पंचाचारसमग्राः पंचेन्द्रियदंतिदर्पनिर्दलनाः।
धीरा गुणगंभीरा आचार्या ईद्दशा भवन्ति।।७३।।

अत्राचार्यस्वरूपमुक्तम्।

ज्ञानदर्शनचारित्रतपोवीर्याभिधानैः पंचभिः आचारैः समग्राः। स्पर्शनरसनघ्राणचक्षुः-श्रोत्राभिधानपंचेन्द्रियमदान्धसिंधुरदर्पनिर्दलनदक्षाः। निखिलघोरोपसर्गविजयोपार्जितधीरगुणगंभीराः। एवंलक्षणलक्षितास्ते भगवन्तो ह्याचार्या इति।

तथा चोक्तं श्रीवादिराजदेवै :-

(शार्दूलविक्रीडित)

``पंचाचारपरान्नकिंचनपतीन्नष्टकषायाश्रमान्
चंचज्ज्ञानबलप्रपंचितमहापंचास्तिकायस्थितीन्।
स्फराचंचलयोगचंचुरधियः सूरीनुदंचद्गुणान्
अंचामो भवदुःखसंचयभिदे भक्तिक्रियाचंचवः।।''

---

પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,
પંચેંદ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.

અન્વયાર્થ :– [ पंचाचारसमग्राः ] પંચાચારોથી પરિપૂર્ણ, [ पंचेन्द्रियदंतिदर्पनिर्दलनाः ] પંચેંદ્રિયરૂપી હાથીના મદનું દલન કરનારા, [ धीराः ] ધીર અને [ गुणगंभीराः ] ગુણગંભીર;— [ ईद्दशाः ] આવા, [ आचार्याः ] આચાર્યો [ भवन्ति ] હોય છે.

ટીકા :– અહીં આચાર્યનું સ્વરૂપ કહ્યું છે.

[ભગવંત આચાર્યો કેવા હોય છે?] (૧) જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય નામના પાંચ આચારોથી પરિપૂર્ણ; (૨) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર નામની પાંચ ઈન્દ્રિયોરૂપી મદાંધ હાથીના દર્પનું દલન કરવામાં દક્ષ (–પંચેંદ્રિયરૂપી મદમત્ત હાથીના મદના ચૂરેચૂરા કરવામાં નિપુણ); (૩-૪) સમસ્ત ઘોર ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરતા હોવાથી ધીર અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગુણગંભીર;—આવાં લક્ષણોથી લક્ષિત, તે ભગવંત આચાર્યો હોય છે.**

**એવી રીતે (આચાર્યવર) શ્રી વાદિરાજદેવે કહ્યું છે કે :—**

**"[શ્લોકાર્થ :—] જેઓ પંચાચારપરાયણ છે, જેઓ અકિંચનતાના સ્વામી છે, જેમણે કષાયસ્થાનોને નષ્ટ કર્યાં છે, પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ મહા પંચાસ્તિકાયની સ્થિતિને સમજાવે છે, વિપુલ અચંચળ યોગમાં (-વિકસિત સ્થિર સમાધિમાં) જેમની બુદ્ધિ નિપુણ છે અને જેમને ગુણો ઊછળે છે, તે આચાર્યોને ભક્તિક્રિયામાં કુશળ એવા અમે ભવદુઃખરાશિને ભેદવા માટે પૂજીએ છીએ."**

## ગાથા-૭૩ ઉપર પ્રવચન

વ્યવહારચારિત્રનો અધિકાર. ૭૩ ગાથા. આચાર્યો કેવા હોય. જૈનદર્શનમાં વીતરાગના માર્ગમાં પંચ પરમેષ્ઠી કેવા હોય એનું વર્ણન છે. અરિહંત અને સિદ્ધનું વર્ણન આવી ગયું. આજે આચાર્યનું વર્ણન.

**पंचाचारसमग्गा पंचिंदियदंतिदप्पणिद्दलणा।**
**धीरा गुणगंभीरा आयरिया एरिसा होंति।।७३।।**

**પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,**
**પંચેંદ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.**

એની ટીકા. શું કીધું? કળશ બાકી છે એમને?

૧૦૩. હું વાંચી ગયો હતો એટલે જાણે એમ કે આવી ગયું.

મુમુક્ષુ :- અંદર વાંચી લીધો હોય ને.

ઉત્તર :- અંદર વાંચી ગયો હોઉંને એટલે.

## શ્લોક-૧૦૪

**तथा हि -**

(**हरिणी**)

**सकलकरणग्रामालंबाद्विमुक्तमनाकुलं**
**स्वहितनिरतं शुद्धं निर्वाणकारणकारणम्।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



शमदमयमावासं मैत्रीदयादममंदिरं
निरुपममिदं वंद्यं श्रीचन्द्रकीर्तिमुनेर्मनः ।।१०४।।

વળી (આ ૭૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[શ્લોકાર્થ :–] સકળ ઇન્દ્રિયસમૂહના આલંબન વિનાનું, અનાકુળ, સ્વહિતમાં લીન, શુદ્ધ, નિર્વાણના કારણનું કારણ (–મુક્તિના કારણભૂત શુક્લધ્યાનનું કારણ), [1]શમ-દમ-યમનું નિવાસસ્થાન, મૈત્રી-દયા-દમનું મંદિર(ઘર)—એવું આ શ્રી ચંદ્રકીર્તિમુનિનું નિરુપમ મન (ચૈતન્યપરિણમન) વંદ્ય છે. ૧૦૪.

## શ્લોક–૧૦૪ ઉપર પ્રવચન

'વળી (આ ૭૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :'

सकलकरणग्रामालंबाद्विमुक्तमनाकुलं
स्वहितनिरतं शुद्धं निर्वाणकारणकारणम्।
शमदमयमावासं मैत्रीदयादममंदिरं
निरुपममिदं वंद्यं श्रीचन्द्रकीर्तिमुनेर्मनः ।।१०४।।

કળશ-૧૦૪.

આચાર્યે આચાર્યને નમન કર્યું એટલે પોતે મુનિ હવે, મારા ગુરુને વંદન. ગુરુ-આચાર્યને જુઓ! આહાહા..! એમના આચાર્ય ગુરુ પણ આવા છે એમ જ્ઞાનમાં નક્કી થઈ ગયું છે. છે ને? ચંદ્રકીર્તિ મુનિનું મન એટલે ચૈતન્યપરિણતિ. મારા આચાર્યના, મારા ગુરુ-આચાર્ય, એને વીતરાગ પરિણતિ પરિણમી ગઈ છે, એને હું વંદન કરું છું. આહાહા..!

**શ્લોકાર્થ :– 'સકળ ઇન્દ્રિયસમૂહના આલંબન વિનાનું,...'** શું કહે છે? પોતાના ગુરુ જે 'ચંદ્રકીર્તિ'. 'પદ્મપ્રભમલધારિદેવ'ના આચાર્ય છે. ઓહોહો..! મુનિ પણ જુઓને એવા પાક્યા. આચાર્ય આવા લ્યો. 'પદ્મપ્રભમલધારિ' મુનિ... આહાહા..! કહે છે, અમારા ગુરુ અને એને અમે ઓળખ્યા છે, કે એમનું ચૈતન્ય પરિણમન, વીતરાગી દશા એ કેવી છે? **'સકળ ઇન્દ્રિયસમૂહના આલંબન વિનાનું,...'** એમનું પરિણમન છે. આહાહા..! અંતરના વીતરાગી નિર્દોષ આનંદનું પરિણમન, અવસ્થા જેને ઇન્દ્રિયના સમૂહના આલંબનનો અભાવ છે. એવી અતીન્દ્રિય આલંબન દશા પ્રગટ થઈ છે. **'અનાકુળ,...'** છે. અમારા ગુરુનું પરિણમન કેવું છે? આનંદરૂપ છે, અનાકુળ છે. આહાહા..! બીજા મુનિની જ્ઞાનની વાત જાણી લીધી? જણાય જાય?

૧ શમ = શાંતિ; ઉપશમ; દમ = ઇન્દ્રિયાદિનું દમન; જિતેંદ્રિયતા. યમ = સંયમ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- કેવળજ્ઞાન થાય ત્યારે...

ઉત્તર :- કેવળજ્ઞાન.. આ તો અત્યારે જાણે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- પંચમ કાળમાં?

ઉત્તર :- પંચમ કાળમાં અને એની પરિણતિ શુદ્ધ એને જાણી લીધી. આહાહા..! સ્વપરપ્રકાશક જ્ઞાનનું બળ અંદર છે. સ્વભાવને આશ્રયે પ્રગટેલું, એ બળમાં અમારા આચાર્ય મુનિ મહારાજ આવા હતા. એનું પરિણમન એવું જે મન. મન એટલે એનું પરિણમન, એને હું વંદન કરું છું. પંચમહાવ્રતના વિકલ્પ ને એ તો રાગ છે. એ કાંઈ વંદન કરવાલાયક નથી. ભારે વાત! એ કાંઈ મુનિપણું નથી. પંચમહાવ્રત એ તો વિકલ્પ-રાગ છે. એ કાંઈ ચારિત્ર નથી, એ વંદનીય નથી, એમ કહે છે. વંદનીય તો ભગવાનઆત્મા શુદ્ધ આનંદના પરિણમન અવસ્થારૂપે ઉગ્રપણે પરિણમે, એ ચારિત્ર અને એ વંદનને લાયક છે. નગ્નપણું હોય એ કાંઈ વંદનીય નથી. હોય. નિમિત્તપણે (દશા) એવી હોય. પણ જડની દશા. અંતરમાં ઉતરેલા ઊંડે-ઊંડે અંતરમાં જઈને જેણે ચૈતન્યના પત્તા મેળવ્યા... આહાહા..! એવી જે વીતરાગી પરિણતિ દશા એ અનાકુળ છે. બિલકુલ આકુળતા છે જ નહિ. આનંદ.. આનંદ... આનંદ...

**'સ્વહિતમાં લીન,...'** છે. અમારા ગુરુ, આચાર્ય પોતાના હિતમાં લીન છે. જુઓ! પરનું હિત કેમ.. આહાહા..! **'સ્વહિતમાં લીન,...'** છે. આત્માનું શુદ્ધ આનંદ સ્વરૂપ, એવું જે સ્વહિત, એમાં એ લીન છે. **'શુદ્ધ,...'** છે. જેનું પરિણમન, વીતરાગી અનાકુળ દશા, સ્વહિતમાં લીનવાળી, ઇન્દ્રિયોના આલંબન વિનાની શુદ્ધ દશા છે. પુણ્ય-પાપનો ભાવ તો અશુદ્ધ છે. પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ તો અશુદ્ધ છે. આ તો શુદ્ધ દશા છે. આહાહા..! **'નિર્વાણના કારણનું કારણ...'** છે. મુક્તિનું કારણ તો શુક્લધ્યાન પોતાનું. એનું આ ચૈતન્ય પરિણમન, મારા ગુરુનું પરિણમન એ નિમિત્ત છે.

**'(-મુક્તિના કારણભૂત શુક્લધ્યાનનું કારણ),...'** ભગવાન અમારા ગુરુ, આચાર્ય વીતરાગી થયેલા, હોં! એકલા રાગથી ધર્મ માને અને પુણ્યથી ધર્મ માને, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ ધર્મી નથી, સાધુ નથી અને આચાર્ય પણ નથી. આહાહા..! આ તો પંચમઆરાના મુનિ છે, લ્યો. **'નિર્વાણના કારણનું કારણ...'** છે. મોક્ષ આત્માની પૂર્ણ આનંદ દશા, એનું કારણ શુક્લધ્યાન, એના આશ્રયમાં દ્રવ્ય, ઉપાદાન તરીકે અને બાહ્ય નિમિત્ત તરીકે અમારા ગુરુનું ચૈતન્ય પરિણમન. લ્યો. ગાથા જ એવી છે. એમનો અભિપ્રાય અંતરંગ કારણ એમ કહ્યું ને? અહીં અંતરંગની જ વાત લીધી.

**'શમ-દમ-યમનું નિવાસસ્થાન,...'** છે. આહાહા..! વીતરાગી ભગવાનઆત્મા, એને અવલંબે પ્રગટેલી વીતરાગી દશા શાંતિ... શાંતિ... શાંતિ... ઉપશમ. શાંતિ અને ઉપશમ તો નિવાસસ્થાન છે. શાંતિને રહેવાનું ઘર છે. આહાહા..! આત્માની શાંતિ, અકષાય પરિણતિ, એને રહેવાનું એ ગુરુનું ચૈતન્ય પરિણમન, એ શાંતિને નિવાસનું સ્થાન છે. આહાહા..! **'દમ= ઇન્દ્રિયોનું**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**દમન; જિતેંદ્રિયતા.**' જિતેંદ્રિયતાનો નિવાસ છે. આહાહા..! અને '**યમ = સંયમ.**' ભાવસંયમ, એનું નિવાસસ્થાન છે. કહો, એ વખતે આવા મુનિ હશે ને! નવસો વર્ષ પહેલા.

આવો ભગવાનઆત્મા અંતરના શુદ્ધ સ્વભાવથી પરિણતિ થઈને ઉછળી રહ્યો છે. એ '**શમ-દમ-યમનું નિવાસસ્થાન,...**' છે. રહેવાનું ઘર એ છે. આહાહા..! અને '**મૈત્રી-દયા-દમનું મંદિર...**' છે. ઓલામાં પણ દમ હતું અને આમાં પણ દમ છે. પણ ઓલું નિવાસસ્થાન છે, આ મૈત્રી-દયા-દમનું મંદિર છે, ઘર છે. એ નિવાસસ્થાન કહ્યું. ધર્મની નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દશા, એ '**મૈત્રી-દયા-દમનું મંદિર (ઘર)...**' છે. '**એવું આ શ્રી ચંદ્રકીર્તિમુનિનું નિરુપમ મન (ચૈતન્યપરિણમન) વંદ્ય છે.**' મનની વ્યાખ્યા ચૈતન્યપરિણમન છે. ભાવમન, નિર્વિકલ્પ દશા, વીતરાગી દશા મુનિની, એ અમારે વંદ્ય છે. એના પંચમહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું એ નહિ, એમ કહે છે. આવી દશા અમારે આદરણીય છે. સમજાણું? લ્યો, આ અરિહંત, સિદ્ધ અને આચાર્ય ત્રણની વ્યાખ્યા થઈ. આવા આચાર્ય હોય છે. આહાહા..! દેખવા દુર્લભ થઈ ગયા છે. વીતરાગમાર્ગ, પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ, એના શાસનમાં તો આવા આચાર્ય હોય અને આચાર્ય મનાય. એકલી બાહ્ય ક્રિયાકાંડ કરે, પંચમહાવ્રતના વિકલ્પ હોય, અને એને ધર્મ માને, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ જૈનના સાધુ પણ નથી, જૈનના આચાર્ય નથી.

મુમુક્ષુ :– જૈનધર્મમાં તો છે ને?

ઉત્તર :– જૈનધર્મમાં ક્યાં રહ્યા? અજ્ઞાનધર્મમાં છે. આહાહા..! જૈનધર્મ તો પુણ્ય-પાપના રાગથી રહિત, સ્વભાવને આશ્રયે પ્રગટતી શુદ્ધ પરિણતિ, એ જૈનધર્મ છે. જૈનધર્મ કાંઈ આત્માની પરિણતિથી દૂર નથી. આહાહા..! એ પોતે શુદ્ધ પરિણતિ એ જૈનશાસન છે. આહાહા..! ૧૫મી ગાથામાં આવ્યું ને? આત્મા પરમ આનંદનું ધામ શુદ્ધ ચૈતન્યઘન, એમાંથી પ્રગટેલી શુદ્ધ અને વીતરાગી દશા, એ વંદ્ય અને એને જૈનશાસન કહેવામાં આવે છે. એવું જૈનશાસનનું પરિણમન અમારે વંદનીય છે એમ કહે છે. ભારે આમાં. બહારમાં તો કાંઈ સૂઝ પડે એવું ન મળે. આ બધું કરતા હોય એને તો કાંઈ નામ પણ ન મળે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શું કરે? ભગવાન! આ તો માટી-જડ છે. એનું હાલવું-ચાલવું થાય એ તો જડને લઈને છે. બોલવું થાય એ જડને લઈને છે. એ કાંઈ તારું નથી. વિકલ્પ ઊઠે, આને દયા પાળું, વ્રત પાળું એ બધો રાગ છે. એ કાંઈ ધર્મ નથી, એ કાંઈ જૈનશાસન નથી. આહાહા..! આ 'ચંદ્રકીર્તિ' પોતાના ગુરુને યાદ કરીને એનું પરિણમન જાણી લીધું? એય..! આહાહા..! છદ્મસ્થ-છદ્મસ્થના પરિણમનને જાણે?

મુમુક્ષુ :– આ કાળમાં ...

ઉત્તર :– આ કાળમાં જાણે. અહીં કોની વાત આવી? આ પંચમકાળની તો વાત છે. પંચમકાળના મુનિ છે અને પંચમકાળના ગુરુને વંદન કરે છે. આહાહા..! .. ....

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૭૪

रयणत्तयसंजुत्ता जिणकहियपयत्थदेसया सूरा।
णिक्कंखभावसहिया उवज्झाया एरिसा होंति।।७४।।

रत्नत्रयसंयुक्ताः जिनकथितपदार्थदेशकाः शूराः।
निःकांक्षभावसहिताः उपाध्याया ईद्दशा भवन्ति।।७४।।

अध्यापकाभिधानपरमगुरुस्वरूपाख्यानमेतद्।

अविचलिताखंडाद्वैतपरमचिद्रूपश्रद्धानपरिज्ञानानुष्ठानशुद्धनिश्चयस्वभावरत्नत्रयसंयुक्ताः। जिनेन्दवदनारविंदविनिर्गतजीवादिसमस्तपदार्थसार्थोपदेशशूराः। निखिलपरिग्रहपरित्यागलक्षणनिरंजनिजपरमात्मतत्त्वभावनोत्पन्नपरमवीतरागसुखामृतपानोन्मुखास्तत एव निष्कांक्षाभावनासनाथाः। एवंभूतलक्षणलक्षितास्ते जैनानामुपाध्याया इति।

---

રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,
જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.

અન્વયાર્થઃ– [ रत्नत्रयसंयुक्ताः ] રત્નત્રયથી સંયુક્ત, [ शूराः जिनकथितपदार्थदेशकाः ] જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક અને, [ निःकांक्षाभावसहिताः ] નિઃકાંક્ષભાવ સહિત; [ ईद्दशाः ] આવા, [ उपाध्यायाः ] ઉપાધ્યાયો [ भवन्ति ] હોય છે.

ટીકાઃ– આ, અધ્યાપક (અર્થાત્ ઉપાધ્યાય) નામના પરમગુરુના સ્વરૂપનું કથન છે.

[ઉપાધ્યાયો કેવા હોય છે?] (૧) અવિચલિત અખંડ અદ્વૈત પરમ ચિદ્રૂપનાં શ્રદ્ધાન, જ્ઞાન અને [1]અનુષ્ઠાનરૂપ શુદ્ધ નિશ્ચય-સ્વભાવરત્નત્રયવાળા; (૨) જિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલા જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને ઉપદેશવામાં શૂરવીર; (૩) સમસ્ત પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ જે નિરંજન નિજ પરમાત્મતત્ત્વ તેની ભાવનાથી ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃતના પાનમાં સન્મુખ હોવાથી જ નિષ્કાંક્ષભાવના સહિત;—આવાં લક્ષણથી લક્ષિત, તે જૈનોના ઉપાધ્યાયો હોય છે.

૧ અનુષ્ઠાન = આચરણ; ચારિત્ર; વિધાન; અમલમાં મૂકવું તે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા-૭૪ ઉપર પ્રવચન

હવે ઉપાધ્યાય. જૈનના ઉપાધ્યાય કેવા હોય? ણમો લોએ સવ્વ ઉવઝાયાણં. ણમો ઉવઝાયાણં પણ એનું ણમો લોએ સવ્વ ઉવઝાયાણં એમ કર્યું. પહેલું પદ છે એ બધામાં નાખવું. ણમો લોએ સવ્વ સાહુણં છે ને? એ બધામાં નાખવાનું. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઇરિયાણં, ણમો લોએ સવ્વ ઉવઝાયાણં. ણમો લોએ સવ્વ સાહૂણં. છેલ્લું પદ બધાને લાગુ પડે છે.

હવે ઉપાધ્યાયની વ્યાખ્યા. આહાહા..!

**रयणत्तयसंजुत्ता जिणकहियपयत्थदेसया सूरा।**
**णिक्कंखभावसहिया उवज्झाया एरिसा होंति।।७४।।**

નીચે હરિગીત.

**રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,**
**જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.**

આહાહા..!

**'આ, અધ્યાપક (અર્થાત્ ઉપાધ્યાય) નામના પરમગુરુના સ્વરૂપનું કથન છે.'** જૈનના **'[ઉપાધ્યાયો કેવા હોય છે?] (૧) અવિચલિત અખંડ અદ્વૈત પરમ ચિદ્રૂપના શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનરૂપ શુદ્ધ નિશ્ચયસ્વભાવરત્નત્રયવાળા;...'** હોય. આહાહા..! કહે છે, કે ભગવાનઆત્મા અંદર ત્રિકાળ અવિચળ છે. દ્રવ્ય અખંડ છે, અદ્વૈત છે. ગુણ-ગુણીનો ભેદ પણ નથી. પરમ ચિદ્રૂપ, ત્રિકાળી જ્ઞાનરૂપ એવું આત્મસ્વરૂપ, એનું શ્રદ્ધાન. એની શ્રદ્ધા. એ સમકિત છે. નવતત્ત્વની શ્રદ્ધા કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિત નહિ. એ તો વિકલ્પ છે, રાગ છે.

પરમ ચિદ્રૂપ **'અવિચલિત અખંડ અદ્વૈત પરમ ચિદ્રૂપ...'** જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણ, એની શ્રદ્ધા એટલે એની સન્મુખ થઈને નિર્વિકલ્પ પ્રતીત કરવી, એનું નામ સમકિત. આહાહા..! અને **'અવિચલિત અખંડ અદ્વૈત પરમ ચિદ્રૂપનું શ્રદ્ધાન, જ્ઞાન...'** નિષ્કાંક્ષભાવ નાખ્યો, જોયું? એટલે એમાં શું હેતુ છે? કે એ પ્રરૂપણા કરે છે, એમાંથી આ મારા શિષ્યો થશે, મને માનશે એવી કાંક્ષા હોતી નથી. નિષ્કાંક્ષભાવ તેથી નાખ્યો છે. સ્વાધ્યાય છે ને? આમ ભણાવે છે ને? અને એથી તો આટલા અમારી પાસે ભણે તો આટલા તો અમને માનતા થશે, આટલા તો મારા શિષ્યો થયા. એ જૈનદર્શનમાં એવી કાંક્ષા હોતી નથી. કહો, સમજાણું કાંઈ? એ બધું વજન અહીં છે.

આવા **'નિશ્ચય-સ્વભાવરત્નત્રયવાળા;...'** ભાષા જુઓ! વ્યવહારની ના પાડી. વ્યવહારરત્નત્રય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. નિશ્ચય સ્વભાવરત્નત્રય. આહાહા..! ત્રિકાળ ચૈતન્યબિંબ પ્રભુ, પરમ સ્વભાવભાવ, એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાન. સ્વરૂપમાં રમણતા એ અનુષ્ઠાન. એવા આત્માના સ્વરૂપમાં રમવું એ ચારિત્ર, એ વિધાન, એ એણે અમલમાં મૂક્યું એ વિધાન. એ અનુષ્ઠાન કહીએ. આહાહા..! પરમ ચિદ્રૂપ અખંડ અભેદ, એની અંતર શ્રદ્ધા, એનું જ્ઞાન. એનું જ્ઞાન એ જ્ઞાન. શાસ્ત્રના ભણતરના જ્ઞાન એ જ્ઞાન નહિ. અહીં તો શાસ્ત્રનું થોડું મોઢે આવડ્યું અને કહેવા માંડે એટલે થઈ રહ્યું. હવે તમે દીક્ષા-બીક્ષા લ્યો તો અમારી પાસેથી લેજો. અમે તમને શીખવશું. વાડાબંધી થઈ જાય. દીક્ષા લેવી તો અહીં લેવી. કહે છે, કે એવો માર્ગ વીતરાગમાર્ગ હોઈ શકે નહિ. આહાહા..!

જેને કાંક્ષા નથી, ઇચ્છા જ નથી. આ પ્રરૂપણા કહીએ છીએ, સમજાવીએ છીએ. એ તો નિશ્ચય રત્નત્રયસ્વભાવવાળા છે. જોયું? અહીં સ્વભાવરત્નત્રય કીધું. ઓલું વિભાવરત્નત્રય થયું. વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન એ વિભાવ છે, રાગ છે. એવા **‘શુદ્ધ નિશ્ચય-સ્વભાવરત્નત્રયવાળા;. (૨) જિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલા...’** જુઓ! કોઈએ કલ્પીને શાસ્ત્રો કે સૂત્રો બાંધ્યા એ નહિ. આહાહા..! જિનેન્દ્રના મુખરૂપી અરવિંદ–કમળ **‘નીકળેલા જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને...’** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવતત્ત્વ. **‘જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને ઉપદેશવામાં શૂરવીર;...’** છતાં કાંક્ષા નહિ.

આ **‘णिक्कंखभावसहिया’** એમ શબ્દ છે ને? નિઃકાંક્ષભાવના સહિત છે. એમ. આહાહા..! કે આટલું આપણે કહીએ, બોલતા આવડ્યું, શિખવાડ્યું એટલે આપણા આટલા માનનારા થશે. આપણો પક્ષ તો કરશે. એવી કાંક્ષા ધર્માત્માને હોતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન. અરે..! દુનિયાને સાંભળવા ન મળે. અને એનાથી ઊલટો માર્ગ સાંભળવા મળે અને માને, અરે..રે..! જિંદગી ચાલી જાય છે. બહારમાં કોઈ શરણ નથી. શરણ તો ભગવાનઆત્મા પોતાનું સ્વરૂપ. એ શરણ છે. એને આશ્રયે પ્રગટેલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વભાવરત્નત્રય, એવા પ્રગટેલા સ્વભાવરત્નત્રયવાળા અને ભગવાનના મુખમાંથી નીકળેલા નવ પદાર્થ, એ ઉપદેશમાં શૂરવીર. પણ આવા હોય એ. ભાઈ! આવા નિશ્ચય સ્વભાવરત્નત્રય નથી અને ઉપદેશવામાં સમર્થ છે એમ નહિ. ... આહાહા..! એથી પહેલા એ છાપ્યું છે. અહો..! પાઠ છે ને? **‘रयणत्तयसंजुत्ता’** પછી **‘जिणकहियपयत्थदेसया’** પછી લીધું છે. આહાહા..!

શુદ્ધ નિશ્ચય-સ્વભાવરત્નત્રયવાળા, એવા ઉપાધ્યાય **‘જિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલા જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને ઉપદેશવામાં શૂરવીર;...’** ઉપદેશ તો વાણીને કારણે વાણી છે પણ જ્ઞાનના ક્ષયોપશમમાં એટલી અંદર શૂરવીરતા છે એમ કહે છે. જ્ઞાનનો એટલો ક્ષયોપશમ છે, કે .. ભગવાને કહેલા પદાર્થને સમજાવવામાં સમર્થ છે એમ. ભાષા તો ભાષાને કારણે છે. પણ અંદરના જ્ઞાનના ક્ષયોપશમમાં એવી દશા છે. આ રીતે સમજાવે છે. એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવરત્નત્રયવાળા હોય તે.

**'સમસ્ત પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ જે નિરંજન નિજ પરમાત્મતત્ત્વ તેની ભાવનાથી ઉત્પન્ન તથા પરમ વીતરાગ સુખામૃતના પાનમાં સન્મુખ હોવાથી...'** લ્યો. એ નિઃકાંક્ષ કેમ છે? આહાહા..! તેઓ **'નિજ પરમાત્મતત્ત્વ...'** પાછું. ભગવાનનું તત્ત્વ નહિ. નિજ પરમતત્ત્વ, એની ભાવના. જુઓ! આ ભાવના આવી. ધ્રુવ આનંદ પ્રભુ, એમાં એકાગ્રતા, એ જ ભાવના. કલ્પના એમ કહે કે આ પુણ્ય કરવું, આ કરવું એમ નહિ. નિજ પરમાત્મ તત્ત્વ નિરંજન. જેમાં પરનો બિલકુલ અભાવ. **'તેની ભાવનાથી ઉત્પન્ન...'** એવો આનંદસ્વરૂપ ભગવાન ધ્રુવ પોતે નિજ, એની એકાગ્રતાથી **'ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃતના પાનમાં સન્મુખ...'** છે એ તો. ઓહોહો..!

પરમ વીતરાગ સુખરૂપી અમૃત. પરમવીતરાગી સુખરૂપી અમૃત, એના નિર્વિકલ્પ પીણામાં સન્મુખ છે એ તો. અતીન્દ્રિય આનંદને અનુભવવામાં, પીવામાં સન્મુખ છે. એથી એને કાંક્ષા હોતી નથી. એમ કહે છે. વાતું ભારે, ભાઈ! એમાં કલાકમાં એવું આવ્યું, કે ભગવાનની ભક્તિ કરજો, પૂજા કરજો, દયા કરજો, વ્રત કરજો એવું તો આવ્યું નહિ આમાં. આ વસ્તુ છે એને શ્રદ્ધા-જ્ઞાન થયા, અને એમાં સ્થિરતા થાય એને .. શુભ વિકલ્પ આવે પણ એની અહીં વાત નથી.

**'પરમ વીતરાગ સુખામૃતના પાનમાં...'** આહાહા..! સંતો, ઉપાધ્યાય નિર્વિકલ્પ આનંદના રસના પીણામાં તત્પર છે. ત્યાં સન્મુખ છે. ઇચ્છાથી તો વિમુખ છે. આહાહા..! અહીં તો જ્યાં થોડું બોલતા આવડે, કહેતા આવડે, ત્યાં પોતે ઉપાધ્યાયનું પદ લઈ લે. ઉપાધ્યાયને ઠેકાણું લઈ લે. એમ નથી, ભાઈ! બાપા! વસ્તુ જુદી છે આ. આ તો વીતરાગમાર્ગ છે. અંતર વીતરાગતા... આહાહા..! નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવરત્નત્રય અને ભગવાનના કહેલા પદાર્થોમાં શૂરવીર અને પોતે નિજ પરમાત્મતત્ત્વ, શુદ્ધ ભગવાન ત્રિકાળી ધ્રુવ, એમાં એકાગ્રતા એ પર્યાય છે. નિજપરમાત્મ તત્ત્વ એ તો ત્રિકાળી ધ્રુવ, એની ભાવના એ પર્યાય. એમાં એકાગ્ર થતાં, એકાગ્રતાથી ઉત્પન્ન થતાં પાછું. એમ. પરમ વીતરાગ સુખામૃત. સુખરૂપી અમૃત અંતરથી પ્રગટ્યું. મુનિઓની આ દશા હોય એને મુનિ કહેવામાં આવે છે.

**'પરમ વીતરાગ સુખામૃતના પાનમાં...'** સુખરૂપી અમૃતના પીણામાં **'સન્મુખ હોવાથી...'** એ તો આનંદના પીણામાં સન્મુખ છે. **'હોવાથી જ...'** આ કારણે **'નિષ્કાંક્ષભાવના સહિત;...'** લ્યો. નિષ્કાંક્ષભાવના સહિત. નિષ્કાંક્ષભાવ કહ્યો છે ને? ઇચ્છા વિનાની ભાવના સહિત છે. એમાં એને ઇચ્છા હોતી નથી. આહાહા..! આવો ઉપદેશ કરીએ, મોટી સભા ભરાય, આપણા માર્ગમાં નામ નીકળે. અરે..! ભગવાન! નામ ક્યાં? નામ હતું ક્યાં? અંતર આનંદના પીણામાં **'સન્મુખ હોવાથી જ નિષ્કાંક્ષભાવના સહિત;—આવાં લક્ષણથી લક્ષિત, તે જૈનોના ઉપાધ્યાયો હોય છે.'** વીતરાગમાર્ગમાં જૈનમાં.. અન્યમાં તો કોઈ છે નહિ. પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સિવાય બીજે તો ક્યાંય છે જ નહિ. પણ જૈનોમાં પણ આવા ઉપાધ્યાયો હોય છે. એનો શ્લોક કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૦૫

**तथा हि -**

**(अनुष्टुभ्)**

**रत्नत्रयमयान् शुद्धान् भव्यांभोजदिवाकरान्।**
**उपदेष्टृनुपाध्यायान् नित्यं वंदे पुनः पुनः।।१०५।।**

**[ હવે ૭૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**[શ્લોકાર્થ :–] રત્નત્રયમય, શુદ્ધ, ભવ્યકમળના સૂર્ય અને (જિનકથિત પદાર્થોના) ઉપદેશક–એવા ઉપાધ્યાયોને હું નિત્ય ફરી ફરીને વંદું છું. ૧૦૫.**

---

**પ્રવચન નં. ૭૪, શ્લોક-૧૦૫ થી ૧૦૮, ગાથા-૭૫-૭૬, બુધવાર, અષાઢ વદ ૭, તા.૧૪-૦૭-૧૯૭૧**

---

૭૫ ગાથા ઉપર એક કળશ બાકી છે. ઉપાધ્યાય કેવા હોય એની વ્યાખ્યા થઈ ગઈ. હવે એનો કળશ છે.

**रत्नत्रयमयान् शुद्धान् भव्यांभोजदिवाकरान्।**
**उपदेष्टृनुपाध्यायान् नित्यं वंदे पुनः पुनः।।१०५।।**

**'રત્નત્રયમય,...'** જૈનના ઉપાધ્યાય એને કહીએ, જેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર, ત્રણ રત્નોમય જેની અભેદ પરિણતિ થઈ છે. શુદ્ધ આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ, તેનો આશ્રય લઈ અને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય એની અભેદ પરિણતિ થઈ છે. એને ઉપાધ્યાય કહીએ. સાધુને એ હોય, ફેર આટલો આનો. **'ભવ્યકમળના સૂર્ય અને (જિનકથિત પદાર્થોના) ઉપદેશક–'** આટલું અહીંયા લેશે. શુદ્ધ શુદ્ધ છે. રત્નત્રયમય વીતરાગી પરિણતિ જેને શુદ્ધ થઈ છે. **'ભવ્યકમળના સૂર્ય...'** લાયક પ્રાણી, એના સૂર્ય. જેની અંતર યોગ્યતા ચૈતન્યના પ્રકાશની પ્રગટવાની યોગ્યતા (છે) એને ઉપાધ્યાય સૂર્ય સમાન છે. વીતરાગે કહેલા પદાર્થોના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપદેશક. એમ. એને ઉપદેશક કહ્યા છે ને? સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વરે જે પદાર્થો કહ્યા તેને ઉપદેશવામાં સમર્થ છે.

**'એવા ઉપાધ્યાયોને હું નિત્ય...'** મુનિ કહે છે. **'નિત્ય ફરીફરીને વંદું છું.'** એવી દશાવાન પરિણતિ વીતરાગ દશા જેને થઈ છે અને જૈન પદાર્થના ઉપદેશક છે, એને હું ફરી ફરીને વંદન કરું છું. વ્યવહાર અધિકાર છે ને? પાંચે પરમેષ્ઠી સ્વદ્રવ્યની અપેક્ષાએ તો વ્યવહાર, પર છે. પાંચને માનવા, વંદન આદિ બધો વ્યવહાર શુભરાગ છે. એટલે વ્યવહારચારિત્રમાં એને નાખ્યા.

## ગાથા–૭૫

**वावारविप्पमुक्का चउव्विहाराहणासयारत्ता।**
**णिग्गंथा णिम्मोहा साहू दे एरिसा होंति।।७५।।**

**व्यापारविप्रमुक्ताः चतुर्विधाराधनासदारक्ताः।**
**निर्ग्रन्था निर्मोहाः साधवः ईदृशा भवन्ति।।७५।।**

**निरन्तराखंडितपरमतपश्चरणनिरतसर्वसाधुस्वरूपाख्यानमेतत्।**

**ये महान्तः परमसंयमिनः त्रिकालनिरावरणनिरंजनपरमपंचमभावभावनापरिणताः अत एव समस्तबाह्यव्यापारविप्रमुक्ताः। ज्ञानदर्शनचारित्रपरमतपश्चरणाभिधानचतुर्विधाराघनासदानुरक्ताः। बाह्याभ्यन्तरसमस्तपरिग्रहाग्रहविनिर्मुक्तत्वान्निर्ग्रन्थाः। सदा निरञ्जननिजकारणसमयसारस्वरूप-सम्यक्श्रद्धानपरिज्ञानाचरणप्रतिपक्षमिथ्यादर्शनज्ञानचारित्राभावान्निर्मोहाः च। इत्थंभूतपरमनिर्वाणसीमंतिनीचारुसीमंतसीमाशोभायसृणधुसृणरजःपुंजपिंजरितवर्णालंकारावलोकन-कौतूहलबुद्धयोऽपि ते सर्वेऽपि साधवः इति।**

---

**નિર્ગ્રંથ છે. નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,**
**ચૌવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.**

**અન્વયાર્થ :– [ व्यापारविप्रमुक्ताः ] વ્યાપારથી વિમુક્ત (–સમસ્ત વ્યાપાર રહિત), [ चतुर्विधाराधनासदारक्ताः ] ચતુર્વિધ આરાધનામાં સદા રક્ત, [ निर्ग्रन्थाः ] નિર્ગ્રંથ અને [ निर्मोहाः ] નિર્મોહ;— [ ईदृशाः ] આવા [ साधवः ] સાધુઓ [ भवन्ति ] હોય છે.**

**ટીકા :– આ, નિરંતર અખંડિત પરમ તપશ્ચરણમાં નિરત (–લીન) એવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[સાધુઓ કેવા હોય છે?] (૧) પરમસંયમી મહાપુરુષો હોવાથી ત્રિકાલનિરાવરણ નિરંજન પરમ પંચમભાવની ભાવનામાં પરિણમેલા હોવાને લીધે જ સમસ્ત બાહ્યવ્યાપારથી વિમુક્ત; (૨) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને પરમ તપ નામની ચતુર્વિધ આરાધનામાં સદા અનુરક્ત; (૩) બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણ રહિત હોવાને લીધે નિર્ગ્રંથ; તથા (૪) સદા નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપમાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ પરિજ્ઞાન અને સમ્યક્ આચરણથી પ્રતિપક્ષ એવા મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનો અભાવ હોવાને લીધે નિર્મોહ;—આવા, પરમનિર્વાણસુંદરીની સુંદર સેંથીની શોભારૂપ કોમળ કેસરના રજ-પુંજના સુવર્ણરંગી અલંકારને (કેસર-રજની કનકરંગી શોભાને) અવલોકવામાં કૌતૂહલબુદ્ધિવાળા તે બધાય સાધુઓ હોય છે (અર્થાત્ પૂર્વોક્ત લક્ષણવાળા, મુક્તિસુંદરીની અનુપમતા અવલોકવામાં આતુર બુદ્ધિવાળા બધાય સાધુઓ હોય છે).**

## ગાથા–૭૫ ઉપર પ્રવચન

હવે ૭૫મી ગાથા. સાધુ. જૈનના સાધુ.

મુમુક્ષુ :– બીજી જાતિમાં સાધુ હોય.

ઉત્તર :– જૈનમાં પણ ઘણાં લોકો સાધુ કહે છે ને? એ લોકો કહે છે ને, ણમો લોએ સવ્વ સાહૂણં. જગતના બધા સાધુ એમાં આવે. લોએ સવ્વ સાહૂણં. જૈનના એ જ સાધુ (છે), બાકી કોઈ સાધુ નથી. અન્યમાં છે જ નહિ.

મુમુક્ષુ :– અર્થ ઘણોં સંકુચિત છે.

ઉત્તર :– સંકુચિત અર્થ છે. વીતરાગ પરમેશ્વરે જે આત્મા વીતરાગસ્વરૂપ કહ્યો, એવા વીતરાગસ્વરૂપમાં જેની અંતર્મુખ દૃષ્ટિ અને અનુભવની સ્થિરતા છે, એને સાધુ કહીએ. એ અન્યમાં હોતા નથી. જૈન પરમેશ્વર સિવાય બીજામાં એ હોતા નથી. ણમો લોએ સવ્વ સાહૂણં. આવા બધા સાધુ હોય એ એમાં આવે. જે-તે ભેખ ધાર્યા હોય ને. જૈનમાં પણ અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ, પુણ્યથી ધર્મ માનનારા, વ્યવહાર ક્રિયાના માનનારા, એ પણ સાધુપણામાં ન આવે.

મુમુક્ષુ :– પુણ્યને ધર્મ ન માને પુણ્યને ઉપાદેય માને.

ઉત્તર :– એ તો એનું એ થયું ને? આહાહા..! ભગવાનઆત્મા આનંદ વીતરાગની મૂર્તિ એ જ ઉપાદેય છે. એ સિવાય વિકલ્પ જે રાગ એ તો હેય છે. આવું ન માનતા હોય, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને જૈન સાધુમાં ગણવામાં આવતા નથી. એથી કહે છે, જુઓ! પહેલો શબ્દ છે. ૭૫મી ગાથા.

**वावारविप्पमुक्का चउव्विहाराहणासयारत्ता।**
**णिग्गंथा णिम्मोहा साहू दे एरिसा होंति।।७५।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવા સાધુ વીતરાગમાર્ગમાં હોય છે.

**નિર્ગ્રંથ છે. નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,**
**ચૌવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.**

**ટીકા :– 'આ, નિરંતર અખંડિત પરમ તપશ્ચરણમાં નિરત...'** જુઓ! **'નિરંતર અખંડિત પરમ તપશ્ચરણમાં...'** અતીન્દ્રિય આનંદમાં ઉગ્રપણે પુરુષાર્થથી જે એકાગ્ર થઈ ગયા છે, એ નિરંતર અખંડિત. પરમ ઇચ્છા વિના અમૃત સ્વરૂપ ભગવાનઆત્મા, એમાં જે નિરત–લીન છે. જુઓ! પંચમહાવ્રતમાં લીન છે, અઠ્યાવીશ મૂળગુણમાં લીન છે એ નથી લીધું. કારણ કે પંચમહાવ્રતાદિ તો વિકલ્પ છે, એ તો આસ્રવ છે. એમાં લીન હોતા નથી. આવી બહુ આકરી વાત છે. **'નિરંતર અખંડિત પરમ તપશ્ચરણમાં નિરત...'** ઠીક. તપશ્ચરણ એટલે મુનિપણું, મુનિપણું એટલે ચારિત્ર. પરમ ચારિત્ર. આ તો વસ્તુની સ્થિતિ છે. આ કોઈ સંપ્રદાય નથી. આત્મા જ વીતરાગમૂર્તિ... આહાહા..! એની જેને નિરંતર અખંડ સ્વરૂપમાં પરમ સ્થિરતા, પરમ લીનતા (થઈ છે) **'એવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે.'** આવા સર્વ સાધુઓના...

**'[સાધુઓ કેવા હોય છે ?] (૧) પરમસંયમી મહાપુરુષો હોવાથી...'** પરમસંયમી મહાપુરુષ હોવાથી **'ત્રિકાળનિરાવરણ નિરંજન પરમ પંચમભાવની ભાવનામાં પરિણમેલા હોવાને લીધે...'** આહાહા..! વ્યાપારથી પ્રવિમુક્તની વ્યાખ્યા કરે છે. આહાહા..! જેને વિકલ્પનો વેપાર પણ છૂટી ગયો છે. આહાહા..! **'પરમસંયમી મહાપુરુષો હોવાથી...'** આવા હોવાને કારણે. એમ. **'ત્રિકાળનિરાવરણ નિરંજન પરમ પંચમભાવ...'** પોતાનો ત્રિકાળી પરમ પંચમભાવ... આહાહા..! ધ્રુવ ધ્રુવભાવ. ભગવાનઆત્માનું ત્રિકાળી નિત્ય સ્વરૂપ, એવા **'પંચમભાવની ભાવના...'** ભાવના શબ્દે એકાગ્રતા. એમાં **'પરિણમેલા હોવાને લીધે...'** એકલી પંચમ ભાવની વિકલ્પની ભાવના, એમ નહિ. જુઓ! આમાં ભાવનામાં પરિણમેલા લીધા છે. ધ્રુવ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, ત્રિકાળી આનંદનું ધામ, પરમ પંચમભાવ, વસ્તુની હયાતીનો ત્રિકાળ ભાવ, એની ભાવનામાં પરિણમેલા છે. પંચમભાવ એ ત્રિકાળી ભાવ છે અને એની ભાવના એ વર્તમાન પર્યાય છે. આહાહા..! આવા સાધુ હોય છે. જૈન પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથના શાસનમાં આવા સાધુ હોય. એને સાધુ કહેવામાં આવે છે.

આને **'લીધે જ સમસ્ત બાહ્યવ્યાપારથી વિમુક્ત;...'** વ્યાપાર પ્રવિમુક્ત કેમ? વિકલ્પનો વેપાર પ્રવિમુક્ત છૂટી ગયો છે. આહાહા..! નિર્વિકલ્પ અખંડ ત્રિકાળી પંચમસ્વભાવ, એની ભાવનામાં પરિણમેલા, એ અવસ્થારૂપે થઈ ગયેલા હોવાને લીધે. આહાહા..! આ કારણે એને બાહ્યનો વ્યાપાર છૂટી ગયો છે. **'બાહ્યવ્યાપારથી વિમુક્ત;...'** ખરેખર તો એ પંચમહાવ્રતના વિકલ્પથી પણ વિમુક્ત છે. આહાહા..! વીતરાગનું સ્વરૂપ ઝીણું બહુ. અલૌકિક પરમાત્મા પોતે જ ધ્રુવ નિત્યને ભાવનામાં પરિણમાવીને એવો નિત્ય ભગવાન એની ભાવના–એકાગ્રતા,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમાં વર્તમાન દશામાં પરિણમિત થઈને બાહ્ય વેપારથી છૂટી ગયા છે. આહાહા..! આવી પરિણતિ ઊભી થઈ એટલે બાહ્ય વિકલ્પનો વેપાર અટકી ગયો છે. જુઓ! આ સાધુ.

પરમાનંદની પ્રાપ્તિ જેને પૂર્ણ કરવી છે એને તો આવી આરાધનામાં ત્રિકાળી આનંદમાં લીન થાય એને પરમાનંદની પ્રાપ્તિ થાય. એટલે મુક્તિ થાય. એમ. સમસ્ત બાહ્ય વ્યાપાર. એમ. '**विप्पमुक्का**' છે ને? એમાં એ કહ્યું. સમસ્ત શબ્દ લઈ લીધો. સમસ્ત બાહ્ય વ્યાપાર. આહાહા..! કારણ કે મુનિને તો ઉપદેશ પણ નથી. ઉપદેશ તો આચાર્ય, ઉપાધ્યાયને હોય છે. આહાહા..! મુનિ તો પોતાના સ્વરૂપને સાધે છે. '**બાહ્યવ્યાપારથી વિમુક્ત;...**' છે. એને એકલું વીતરાગભાવનું પરિણમન છે એમ કહે છે. આત્મા પોતે ત્રિકાળી વીતરાગસ્વભાવ, એની ભાવના વીતરાગી પરિણતિ. બસ, એ એનું સ્વરૂપ છે. હવે આરાધનામાં લીન છે એ બતાવે છે.

'**(૨) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને પરમ તપ નામની ચતુર્વિધ આરાધનામાં સદા અનુરક્ત;...**' છે. ભગવાનઆત્મા તરફની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ અને ઇચ્છા નિરોધ, અમૃતસ્વરૂપ ભગવાન, એમાં આરાધવામાં લીન છે. આહાહા..! દુનિયા ધર્મ પામે કે ન પામે, એવો વિકલ્પ અહીં છે જ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન, આત્મચારિત્ર અને આત્મામાં વિશેષ ઉગ્ર પુરુષાર્થથી લીન એવી '**ચતુર્વિધ આરાધનામાં સદા અનુરક્ત;...**' એમ. '**चउव्विहाराहणासयारत्ता**' છે ને પાઠ? ત્યારે હવે ખાય, પીવે કે દિ'? સદા અનુરક્ત. એ ખાતા નથી અને પીતા પણ નથી. આહાહા..! એ ક્રિયા થાય અને વિકલ્પ આવે એના જાણનાર રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ણમો લોએ સવ્વ સાહૂણં. એની વ્યાખ્યા છે આ.

જેને ચાર પ્રકારની આરાધના, સેવન (છે). દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનું સેવન, એમાં લીન છે. આહાહા..! સાધે ઇતિ સાધુ. પૂર્ણ સ્વરૂપને અંતરમાં સાધન કરે એ સાધુ. એવું પૂર્ણ સ્વરૂપ તો સર્વજ્ઞ વીતરાગ માર્ગમાં હોય. અને એવા પૂર્ણ શક્તિને ધરનાર આત્મા પણ એવા વીતરાગમાર્ગમાં જ હોય. એવા પૂર્ણ સ્વરૂપના આરાધનમાં તત્પર છે કે જેથી એની પૂર્ણ સ્વરૂપની પર્યાયમાં પ્રાપ્તિ થાય. નિર્ગ્રંથ છે. સાધુ નિર્ગ્રંથ છે.

'**બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણ રહિત હોવાને લીધે...**' બાહ્યમાં વસ્ત્રનો તાણો પણ ન હોય. મુનિને વસ્ત્રનો એક કટકો પણ ન હોય. તીલતુષ કહ્યું છે ને? તલના ફોતરા જેટલો પણ પરિગ્રહ હોય તો પણ એ મુનિ નથી. આહાહા..! અને એ મુનિ પોતાને માને તો કહે છે કે નિગોદમાં જાય. આહાહા..! વસ્તુની સ્થિતિ એવી છે. મુનિદશામાં વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ એને હોય નહિ. મુનિ કોને કહે? આહાહા..! ધન્ય દશા..! ધન્ય અવતાર..! જેણે કેવળજ્ઞાનને હથેળીમાં લેવાની તૈયારી કરી. એવા મુનિ બાહ્યમાં વસ્ત્ર નહિ, અભ્યંતરમાં રાગનો કણ નહિ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સમસ્ત પરિગ્રહના ગ્રહણ રહિત હોવાને લીધે...'** આ કારણે નિર્ગ્રંથ છે એમ કહે છે. નિર્ગ્રંથ કેમ છે? બાહ્ય-અભ્યંતરનો ગ્રંથ રાગ છૂટી ગયો છે. અભ્યંતર રાગ, પરિગ્રહ અને બાહ્યમાં વસ્ત્રનો કટકો બધું છૂટી ગયું છે. એથી એને નિર્ગ્રંથ કહેવામાં આવે છે. હવે એને નિર્મોહ કહે છે. મુનિ નિર્મોહ હોય છે.

**'(૪) સદા નિરંજન નિજ કારણસમયસાર...'** લ્યો. સદા નિરંજન નિજ કારણપ્રભુ, નિરંજન ત્રિકાળ શુદ્ધ છે આત્મા. એવો નિજ કારણસમયસાર. ત્રિકાળ પરમાત્મસ્વરૂપ ધ્રુવ, એના **'સ્વરૂપનાં સમ્યક્ શ્રદ્ધાન,...'** એવો કારણસમયસાર ભગવાન નિત્ય, એના સ્વરૂપનું શ્રદ્ધાન, સમ્યક્શ્રદ્ધાન પરિણમનરૂપ એમ કહે છે. સમ્યક્ પરિજ્ઞાન. આહાહા..! **'નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપનાં...'** પરિજ્ઞાન. એથી એને નિર્મોહ કહેવામાં આવે છે, એમ કહે છે. કહો, **'સદા નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપનું...'** એવું જે ત્રિકાળી ભગવાનઆત્માનું વીતરાગી સ્વરૂપ આત્માનું ધ્રુવ, એનું **'સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ પરિજ્ઞાન અને સમ્યક્ આચરણથી પ્રતિપક્ષ એવા મિથ્યાદર્શન,...'** આમાં એમ લીધું. નહિતર કેટલાક કહે છે ને ઓલા વ્યવહાર પ્રતિપક્ષ. વ્યવહાર પ્રતિપક્ષ નહિ આ પ્રતિપક્ષ. શું કરે? એ તો બેની વાત છે. ઓલો કહે, નિશ્ચય, વ્યવહારના પ્રતિપક્ષ રહિત છે. વ્યવહારના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ત્યાં તો વ્યવહારના વિકલ્પનો અભાવ બતાવીને એકલું બતાવવું છે. અહીં તો બીજી વાત છે. નિર્મોહ છે ને? નિર્મોહ દશા પ્રગટ કરી છે, એને આવા ભાવનો જેને અભાવ છે. પણ એ કહે છે એમાંથી. આમાં જુઓ આમાં. શું કીધું? 'શાંતિભાઈ'! શું કીધું?

અહીંયા **'સદા નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપનાં...'** સમ્યક્ શ્રદ્ધાન. સમ્યક્ જ્ઞાન **'અને સમ્યક્ આચરણથી પ્રતિપક્ષ એવાં મિથ્યાદર્શન...'** લીધું છે. એનાથી પ્રતિપક્ષ મિથ્યાજ્ઞાન **'એવાં મિથ્યાદર્શન, મિથ્યા જ્ઞાન અને મિથ્યા ચારિત્રનો અભાવ હોવાને લીધે નિર્મોહ;—'** છે. લ્યો. અને પહેલા આવ્યું હતું એ વ્યવહારના પરિહાર અર્થે સાર પદ યોજેલ છે.

મુમુક્ષુ :– એ પ્રતિપક્ષ ક્યાં હમણાં પામે એ તો ૪૯માં લીધું.

ઉત્તર :– એ તો બધું આવે છે. એ તો બધું આવે જ છે ને? વ્યવહારનું ફળ અને વ્યવહાર બેથી પ્રતિપક્ષ નિશ્ચય. માણસને અંદર એવો આગ્રહ થઈ જાય છે ને? અને ઓલું નિશ્ચયનું ભાન ન મળે, પછી વ્યવહાર છે એ સર્વસ્વ મનાઈ ગયો કે આ બધું અમારું મુનિપણું જ આ છે અને સાધુપણું આ છે. મોક્ષનો માર્ગ આ છે. ભાઈ! માર્ગ એમ નહિ મળે. આ તો ઉપશમરસ, શાંતરસ. ભગવાન શાંતરસ છે, અકષાયરસ છે. એ અકષાયરસનું પરિણમન, એ મોક્ષનો માર્ગ છે. મિથ્યા વ્યવહાર કષાય છે એ કાંઈ મોક્ષનો માર્ગ નથી.

ત્યાં તો 'નિયમસાર' શબ્દ હતો ને? 'નિયમસાર' શબ્દ હતો. સાર શબ્દને ... મૂક્યો. સાર કેમ કહ્યો છે? કે વ્યવહારના પરિહાર અર્થે. વિપરીતના પરિહાર અર્થે. ત્યાં વ્યવહાર હોય તો તેને ... વિપરિતના પરિહાર અર્થે. એવું વિપરીતના પરિહાર અર્થે. વિપરીત એટલે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાદર્શન-જ્ઞાન એમ કહે છે. અહીં તો નિયમ જેમ આત્મા, સમયસાર, દ્રવ્યકર્મ, ભાવકર્મ રહિત એ સમયસાર. એમાં ભાવકર્મ આવ્યા. પુણ્ય-પાપ બેય વિકલ્પ આવ્યા. એનાથી રહિત જે 'સમયસાર'. એમ 'નિયમસાર' સ્વભાવિક આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વ આશ્રયે નિર્મળ પ્રગટ થયું, એનાથી વિરુદ્ધ વ્યવહારનો વિકલ્પ, એનાથી રહિત માટે સાર. જેમ 'સમયસાર'માં સાર કેમ? ભાવકર્મ રહિત માટે સાર. એમ. દ્રવ્યકર્મ રહિત તો છે જ. અહીં સાર કેમ? વ્યવહારના વિકલ્પ રહિત માટે સાર. એ અહીંયા અર્થ નથી. અહીં તો નિર્મોહ કહેવું છે. આહાહા..! શાસ્ત્રોના અર્થ કરવામાં પોતાના સ્વાર્થે પોતાનો પક્ષ પોષવા (એવા અર્થ કરે). આહાહા..! અરે..રે..! શું કરે છે? જીવને નુક્સાન (થાય છે) એની એને ખબર નથી.

**'સદા નિરંજન નિજ કારણસમયસાર સ્વરૂપનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ પરિજ્ઞાન અને સમ્યક્ આચરણથી પ્રતિપક્ષ એવા મિથ્યાદર્શન, મિથ્યા જ્ઞાન અને મિથ્યા ચારિત્રનો અભાવ હોવાને લીધે નિર્મોહ;...'** મુનિ છે. **'આવા, પરમનિર્વાણસુંદરીની સુંદર સેંથીની શોભારૂપ કોમળ કેસરના રજ-પુંજના સુવર્ણરંગી અલંકારને...'** ત્યાં વિશેષ. **'(કેસર-રજની કનકરંગી શોભાને) અવલોકવામાં...'** આનંદની દશાને અવલોકવામાં, અનુપમતા અવલોકવામાં આતુર બુદ્ધિવાળા. એમ. પૂર્ણ આનંદની દશાને પ્રાપ્ત કરવામાં આતુર બુદ્ધિવાળા. એને પુણ્ય થશે અને સ્વર્ગમાં જશું. લોકો માનશે કે પૂજશે એ વાત છે નહિ. આહાહા..! પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, એને **'અવલોકવામાં કૌતૂહલબુદ્ધિવાળા તે બધાય સાધુઓ હોય છે....'** લ્યો. આવા બધા સાધુઓ હોય છે.

**'(અર્થાત્ પૂર્વોક્ત લક્ષણવાળા, મુક્તિસુંદરીની અનુપમતા અવલોકવામાં આતુર બુદ્ધિવાળા બધાય સાધુઓ હોય છે.)'** જૈનના આવા સાધુ હોય છે. બીજે એવા સાધુ હોતા નથી. ણમો લોએ સવ્વ સાહૂણંમાં બધા ભળી જાય એમ નથી. અન્યમતના પણ સાધુ નાખશો ત્યારે એમ કહે,... કોઈ એક જણ એમ કહેતા હતા. સંખ્યા પૂરી થાય. કરોડ સાધુ કીધા છે. અઢી દ્વિપમાં એટલા બધા ક્યાંથી લાવશો? એમ કહે. એ તો અન્યમતના નાખશો ત્યારે થશે. નાખ્યા. અન્યમત તો મિથ્યાદૃષ્ટિ છે, એને શું નાખે? અહીં તો ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા પણ આમાં ન આવે. ચોથા અને પાંચમા ગુણસ્થાનવાળા આ પદમાં ન આવે. આહાહા..!

એવા સાધુ સ્વરૂપનું આરાધન, આનંદની સેવા, અતીન્દ્રિય આનંદની સેવા કરે છે. એની આરાધનામાં તત્પર, લીન છે. એને અહીં સાધુ કહેવામાં આવે છે. જેટલા સાધુના ભાવ છે એમાં એકદેશ શ્રાવકને પણ લાગુ પડે છે. 'પુરુષાર્થસિદ્ધિ'માં કહ્યું છે ને? જેટલા સાધુના ભાવ કહ્યા, એનો એક દેશ, એક ભાગ બધો શ્રાવકને લાગુ પડે. સમજાણું કાંઈ? હવે એને નિશ્ચય રત્નત્રય આવ્યું કે નહિ? એમ મારું કહેવું છે. એકદેશ આવ્યું ને ભલે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધો જેટલો ભાગ છે એમાં કાંઈ શ્રદ્ધા-જ્ઞાનનો એક દેશ નહિ. આચરણનો એકદેશ. આચરણના એકદેશ એ સર્વદેશના ભાગ છે. દર્શનના કાંઈ ભાગ નથી. મુનિને તો સર્વદેશી સમકિત છે અને શ્રાવકને એકદેશી એક અંશે છે. એમ છે? આહાહા..!

## શ્લોક–૧૦૬

(आर्या)

**भविनां भवसुखविमुखं त्यक्तं सर्वाभिषंगसंबंधात्।**
**मंक्षु विमंक्ष्व निजात्मनि वंद्यं नस्तन्मनः साधोः।।१०६।।**

**[હવે ૭૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**[શ્લોકાર્થ :–] ભવવાળા જીવોના ભવસુખથી જે વિમુખ છે અને સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે, એવું તે સાધુનું મન અમને વંદ્ય છે. હે સાધુ ! તે મનને શીઘ્ર નિજાત્મામાં મગ્ન કરો. ૧૦૬.**

## શ્લોક–૧૦૬ ઉપર પ્રવચન

**'[હવે ૭૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

**भविनां भवसुखविमुखं त्यक्तं सर्वाभिषंगसंबंधात्।**
**मंक्षु विमंक्ष्व निजात्मनि वंद्यं नस्तन्मनः साधोः।।१०६।।**

આહાહા..! **'ભવવાળા જીવોના ભવસુખથી જે વિમુખ છે...'** જુઓ! ભવવાળા જીવોના ભવસુખ એમ. ભવમાં રહેલા અજ્ઞાનીઓ, એને જે ભવસુખની કલ્પના છે. ઇંદ્રિયોમાં સુખ છે, આબરૂમાં સુખ છે, એવા ભવમાં રહેલા જીવોના... આહાહા..! **'ભવવાળા (ભવ્ય) જીવોના ભવસુખથી જે વિમુખ છે...'** પાંચ ઇન્દ્રિયના વિષયમાં, રાગમાં, પુણ્યમાં પણ ક્યાંય સુખ છે નહિ. **'ભવવાળા જીવોના ભવસુખથી જે વિમુખ છે અને સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે,...'** સાધુ છે ને? સર્વસંગ છૂટી ગયો છે. અસંગ ભગવાનઆત્માના સંગમાં પડ્યા, પરના સંગ જેને છૂટી ગયા છે. આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્રનો–જિનવાણીનો સંગ તો હોય ને?

ઉત્તર :– એ નથી. અંતરમાં નથી. વાંચનનો વિકલ્પ છે એનાથી છૂટેલા છે. વ્યવહારથી વિમુક્ત છે. ચોથે ગુણસ્થાને વ્યવહારથી મુક્ત છે તો મુનિની શું વાત કરવી? આહાહા..! સમ્યગ્દર્શનમાં જ વિકલ્પથી મુક્ત દશા છે. અસ્થિરતાની અપેક્ષાએ વિકલ્પ હો, પણ દૃષ્ટિમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનાથી મુક્ત છે. દૃષ્ટિનો વિષય નથી અને દૃષ્ટિના પરિણમનમાં એકપણે રાગ આવતો નથી. મુનિને એ શાસ્ત્રના ભણતરનો વિકલ્પ (આવે) પણ એનાથી છૂટેલા પડ્યા છે એમ કહે છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં પણ શાસ્ત્રના ભણતરનો જે વિકલ્પ (આવે) એનાથી છૂટ્યા છે એ. આહાહા..! માર્ગ આવો છે. વસ્તુ જ એવી છે. વીતરાગરસે પરિણમેલો ભગવાન, એના રાગના રસથી તો છૂટો પડી ગયો છે. આહાહા..! આ વાત પકડાવી એવી કઠણ જગતને. એટલે અંતરની પક્કડ વિના બહારમાં પકડીને હાલી નીકળ્યા. માર્ગ એવો છે, ભાઈ! આ તો તારા સ્વભાવના લાભની વાત છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

**'સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે,...'** કહો. જિનવાણી અને દેવ-ગુરુ પણ પર સંગ. એ સંગ પણ જેને અંતરમાં છૂટી ગયો છે. ચોથે કીધું ને? પરસંગ રાગથી તો મુક્ત છે. દેવ-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ, એનાથી મુક્ત છે. આહાહા..! બાપુ! મોક્ષના માર્ગ તો કોઈ અલૌકિક છે. એ અંતર અવલોકન વિના બહારથી પ્રાપ્ત થાય એવું નથી. એવા **'સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે,...' 'સર્વાભિષંગસંબંધાત્ ત્યક્તં'** એમ છે ને? કંઈપણ સંગ જ નથી. આહાહા..! ચોથે ગુણસ્થાને વિકલ્પનો સંગ નથી. મુક્ત છે. પણ અસ્થિરતાની અપેક્ષાએ ત્યાં રાગ છે. એ અસ્થિરતાના રાગથી પણ છૂટી ગયા છે, એમ કહે છે. આહાહા..! એકલી વીતરાગધારા, એ સાધુપણું. આહાહા..! વચ્ચે પંચમહાવ્રતાદિ વિકલ્પ (આવે) કર્મધારા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! કહો,

**'એવું તે સાધુનું મન અમને વંદ્ય છે.'** મુનિ પોતે કહે છે. આવું તે સાધુનું ચૈતન્ય પરિણમન. મન એટલે એ. **'ભવવાળા જીવોના ભવસુખથી જે વિમુખ...'** એટલે આત્માના આનંદના સુખની સન્મુખ. એમ. **'સર્વસંગના સંબંધથી જે વિમુક્ત છે,...'** અસંગ એવો ભગવાન એના સંગમાં લીન. એવું જે એનું પરિણમન, અમને વંદ્ય છે. કહો, મુનિ મુનિને માટે કહે છે. આહાહા..!

**'હે સાધુ! તે મનને શીઘ્ર નિજાત્મામાં મગ્ન કરો.'** આહાહા..! એ શુદ્ધપરિણતિને અંદરમાં વાળો. તે પરિણતિને **'શીઘ્ર નિજાત્મામાં મગ્ન કરો.'** ઉગ્રપણે અંદર સ્થિર થાવ એમ કહે છે. જ્યાં ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ બિરાજે છે એ પોતે પ્રભુ, એમાં લીન થાવ. એ સાધુનું કર્તવ્ય અને કાર્ય છે. આહાહા..! આ વાતની તો ગંધ, સાંભળવા પણ મળે નહિ. અને આ કરો.. આ કરો.. આ કરો... થઈ રહ્યું. ૧૦૬ કળશ થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા-૭૬

एरिसयभावणाए ववहारणयस्स होदि चारित्तं।
णिच्छयणयस्स चरणं एत्तो उड्ढं पवक्खामि।।७६।।

ईद्दग्भावनायां व्यवहारनयस्य भवति चारित्रम्।
निश्चयनयस्य चरणं एतदूर्ध्वं प्रवक्ष्यामि।।७६।।

व्यवहारचारित्राधिकारव्याख्यानोपसंहारनिश्चयचारित्रसूचनोपन्यासोऽयम्।

इत्थंभूतायां प्रागुक्तपंचमहाव्रतपंचसमितिनिश्चयव्यवहारत्रिगुप्तिपंचपरमेष्ठिध्यानसंयुक्तायाम् अथिप्रशस्तशुभभावनायां व्यवहारनयाभिप्रायेण परमचारित्रं भवति, वक्ष्यमाणपंचमाधिकारे परमपंचमभावनिरतपंचमगतिहेतुभूतशुद्धनिश्चयनयात्मपरमचारित्रं द्रष्टव्यं भवतीति।

तथा चोक्तं मार्गप्रकाशे -

(वंशस्थ)

``कुसूलगर्भस्थितबीजसोदरं
भवेद्विना येन सुद्दष्टिबोधनम्।
तदेव देवासुरमानवस्तुतं
नमामि जैनं चरणं पुनः पुनः।।''

---

આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;
આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.

અન્વયાર્થ :– [ ईद्दग्भावनायाम् ] આવી (પૂર્વોક્ત) ભાવનામાં [ व्यवहारनयस्य ] વ્યવહારનયના અભિપ્રાયે [ चारित्रम् ] ચારિત્ર [ भवति ] છે; [ निश्चयनयस्य ] નિશ્ચયનયના અભિપ્રાયે [ चरणम् ] ચારિત્ર [ एतदूर्ध्वम् ] આના પછી [ प्रवक्ष्यामि ] કહીશ.

ટીકા :– આ, વ્યવહારચારિત્ર-અધિકારનું જે વ્યાખ્યાન તેના ઉપસંહારનું અને નિશ્ચયચારિત્રની સૂચનાનું કથન છે.

આવી જે પૂર્વોક્ત પંચમહાવ્રત પંચસમિતિ, નિશ્ચય-વ્યવહાર ત્રિગુપ્તિ અને પંચપરમેષ્ઠીના ધ્યાનથી સંયુક્ત, અતિપ્રશસ્ત શુભ ભાવના તેમાં વ્યવહારનયના અભિપ્રાયે પરમ ચારિત્ર છે; હવે કહેવામાં આવનારા પાંચમા અધિકારને વિષે, પરમ પંચમભાવમાં લીન, પંચમગતિના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હેતુભૂત, શુદ્ધનિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર દ્રષ્ટવ્ય (–દેખવાયોગ્ય) છે.**

**એવી રીતે માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**

**''[શ્લોકાર્થ :–] જેના વિના (–જે ચારિત્ર વિના) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોઠારની અંદર પડી રહેલાં બીજ (–અનાજ) જેવાં છે, તે જ દેવ-અસુર-માનવથી સ્તવવામાં આવેલા જૈન ચરણને (–એવું જે સુર-અસુર-મનુષ્યોથી સ્તવવામાં આવેલું જિનોક્ત ચારિત્ર તેને) હું ફરીફરીને નમું છું.''**

---

## ગાથા–૭૬ ઉપર પ્રવચન

---

હવે વ્યવહાર ચારિત્રની છેલ્લી ગાથા છે આ.

**एरिसयभावणाए ववहारणयस्स होदि चारित्तं।**
**णिच्छयणयस्स चरणं एत्तो उड्ढं पवक्खामि।।७६।।**

**આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;**
**આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.**

**ટીકા :– 'આ, વ્યવહારચારિત્ર-અધિકારનું જે વ્યાખ્યાન તેના ઉપસંહારનું...'** એ પૂરું કરવામાં આવે છે એમ કહે છે. **'અને નિશ્ચયચારિત્રની સૂચનાનું કથન છે.'** હવેથી નિશ્ચયચારિત્રની વ્યાખ્યા આવશે.

**'આવી જે પૂર્વોક્ત પંચમહાવ્રત,....'** એ બધો શુભભાવ. **'પંચસમિતિ, નિશ્ચય-વ્યવહાર ત્રિગુપ્તિ...'**માં પણ જે વ્યવહાર ભાગ એ. એમ લેવું. **'અને પંચપરમેષ્ઠીના ધ્યાનથી સંયુક્ત, અતિપ્રશસ્ત શુભ ભાવના...'** નહિતર ઓલા નિશ્ચયગુપ્તિમાં તો શુદ્ધતા આવે છે. પણ નિશ્ચય અને વ્યવહારમાં જે આ શુભભાવ લેવો. વ્યવહાર છે ને? **'પંચમહાવ્રત, પંચસમિતિ, નિશ્ચય-વ્યવહાર ત્રિગુપ્તિ...'**માં શુભભાવના અને **'પંચપરમેષ્ઠીના ધ્યાનથી સંયુક્ત,...'** પંચપરમેષ્ઠીનું ધ્યાન પણ શુભભાવ છે. એમાં શુદ્ધતા નથી. આહાહા..!

મુમુક્ષુ :– પ્રશસ્ત ને અપ્રશસ્ત.

ઉત્તર :— શુભભાવ છે, શુભ.

**'શુભભાવનાં તેમાં વ્યવહારનયના અભિપ્રાયે પરમ ચારિત્ર છે;...'** વ્યવહારનયથી એને ચારિત્ર કહેવામાં આવે છે. નિશ્ચયથી પરમચારિત્ર આ તો એને વ્યવહારથી પરમચારિત્રને આરોપ દેવામાં આવે છે. પરમ શબ્દ વાપર્યો છે ને? શુભભાવ. પણ સમકિત, દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત છે તેને. અજ્ઞાનીની અહીં વાત નથી. **'અતિપ્રશસ્ત શુભ ભાવના તેમાં વ્યવહારનયના અભિપ્રાયે પરમ ચારિત્ર છે;...'** નિશ્ચય સ્વરૂપનો અંતર અનુભવ, આનંદની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધા, આનંદનું જ્ઞાન અને આનંદની રમણતા, એમાં ઓછપ છે. પૂર્ણ વીતરાગતા નથી તેથી વચમાં આવો શુભભાવ એને હોય છે. અહીં અજ્ઞાનીની વાત નથી. જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, એને આવો શુભભાવ હોય છે. એ શુભભાવને વ્યવહારચારિત્ર કહેવાય છે.

**'હવે કહેવામાં આવનારા પાંચમા અધિકારને વિષે,...'** ચાર અધિકાર થયા. **'પરમ પંચમભાવમાં લીન,...'** લ્યો, આ નિશ્ચયચારિત્ર. **'પરમ પંચમભાવમાં લીન,...'** ત્રિકાળી પરમાત્મસ્વરૂપ પોતાનું, એમાં જેની લીનતા જામી છે. **'પંચમગતિના હેતુભૂત,...'** જુઓ! વ્યવહારમાં પંચમગતિના હેતુભૂત એમ શબ્દ નહોતો. એને એમ પાંચમા એમ કહ્યું, કે વ્યવહારનયના અભિપ્રાય પરમચારિત્ર છે બસ એટલું. આ તો પંચમગતિના હેતુભૂત, મોક્ષનું કારણ. અંદર ધ્રુવ સ્વભાવ, એમાં લીનતા એ નિર્વિકારી નિર્વિકલ્પ દશા. વીતરાગી પરિણતિ. પંચમભાવ એ ધ્રુવ. લીન એ વર્તમાન વીતરાગ પરિણતિ, એ પંચમગતિનું કારણ છે. મોક્ષનું કારણ છે. શુદ્ધ નિશ્ચયનયસ્વરૂપ પરમચારિત્ર **'દ્રષ્ટવ્ય (–દેખવાયોગ્ય) છે.'** લ્યો.

**'શુદ્ધનિશ્ચયનય..'**સ્વરૂપ. શુદ્ધ નિશ્ચયનયસ્વરૂપ એમ પાછું. પરમ ચારિત્ર, શુદ્ધ નિશ્ચયનયનો વિષય કે શુદ્ધ નિશ્ચય એમ નહિ. એ શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ જ પરમ ચારિત્ર. પરિણતિને શુદ્ધનિશ્ચસ્વરૂપ કીધું. **'શુદ્ધનિશ્ચયનયાત્મક પરમચારિત્ર દ્રષ્ટવ્ય (–દેખવાયોગ્ય) છે.'** અનુભવવા યોગ્ય છે, સ્થિરતા કરવા યોગ્ય છે. એ અધિકાર પાંચમાં કહેશું એમ કહે છે.

**'એવી રીતે માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ–'**

**कुसूलगर्भस्थितबीजसोदरं**
**भवेद्विना येन सुदृष्टिबोधनम्।**
**तदेव देवासुरमानवस्तुतं**
**नमामि जैनं चरणं पुनः पुनः।।**

આમાં ચારિત્રની પ્રધાનતા બતાવે છે. આહાહા..! સ્વરૂપની રમણતા ચારિત્ર, **'જેના વિના (–જે ચારિત્ર વિના) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોઠારની અંદર પડી રહેલા બીજ (–અનાજ) જેવાં છે,...'** બીજ ઊગે નહિ, ફાટે નહિ. ચારિત્ર પણ એમ છે. ત્યાં બીજ જેવા છે. સમ્યગ્દર્શન, જ્ઞાન **'કોઠારની અંદર પડી રહેલાં બીજ (–અનાજ) જેવાં છે,...'** એમાં ચારિત્રનું પરિણમન થાય, ત્યારે મુક્તિ થાય એમ કહે છે. એકલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનથી મુક્તિ થાય નહિ એમ સિદ્ધ કરે છે.

**'કોઠારની અંદર પડી રહેલાં બીજ (–અનાજ) જેવાં છે,...'** અનાજ જેવાં છે ને પણ? ફળ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ચારિત્રની પરિણતિ જોઈએ, એ ન હોય ત્યાં સુધી સમ્યગ્દર્શન, જ્ઞાન અનાજ જેવા, બીજ જેવા છે. તેવું ચારિત્ર, કે જે સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર વિનાનું એ ચારિત્ર. **'દેવ-અસુર-માનવથી સ્તવવામાં આવેલા...'** સ્વર્ગના દેવો, અસુરદેવો અને માનવ (તેમના દ્વારા) **'સ્તવવામાં આવેલા...'** સ્તવન કરવામાં આવેલા. પશુ અને નારકી તો કાંઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે નહિ. દેવ વૈમાનિક, અસુર નીચે અને માનવ. એનાથી સ્તવવામાં આવેલું **'જૈન ચરણ...'** અહો..! જૈનનું ચારિત્ર.

**'(-એવું જે સુર-અસુર-મનુષ્યોથી સ્તવવામાં આવેલું જિનોક્ત ચારિત્ર...'** પરમેશ્વરે કહેલું, અંતર આનંદની રમણતારૂપ ચારિત્ર, **'તેને) હું ફરી ફરીને નમું છું.'** આહાહા..! પોતે પણ મુનિ છે, અને એવા ચારિત્રને વારંવાર એમાં મારું સ્તવન છે, નમન છે. આહાહા..! પરિણમન છે અને વિશેષ નમું છું. આહાહા..! અરે..! આ કરવાની વસ્તુ, એને એવું કરવાનું રહી જાય અને ન કરવાનું કરે, અને થઈ રહ્યું. ગુમાવે. આહાહા..! હજી તો આવી વસ્તુ છે એવી શ્રદ્ધા કરવામાં એને પરસેવા ઉતરે છે. નહિ.. નહિ.. અત્યારે તો વ્યવહાર જ હોય. શુદ્ધ હોય નહિ. લ્યો. ઠીક. શુદ્ધ ન હોય તો એને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. શુદ્ધ આચરણ, શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર ન હોય તો એને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. નિશ્ચય હોય તો વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! શું થાય? પોતે પોતાને છેતરે અને માને કે અમે કાંઈક લાભમાં છીએ. આહાહા..! શું થાય? એમ અનાદિથી જગત લૂંટાણું છે. આવું જૈનનું ચારિત્ર... ઓહો..! એવા **'જૈન ચરણને...'** ભગવાને કહેલા ચારિત્રને **'હું ફરીફરીને નમું છું.'** લ્યો.

## શ્લોક-૧૦૭

(आर्या)

**शीलमपवर्गयोषिदनंगसुखस्यापि मूलमाचार्याः।**
**प्राहुर्व्यवहारात्मकवृत्तमपि तस्य परंपरा हेतुः ।।१०७।।**

**इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रह श्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ व्यवहारचारित्राधिकारः चतुर्थः श्रुतस्कन्धः ।।**

**વળી (આ વ્યવહારચારિત્ર અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :-**

**[શ્લોકાર્થ :-] આચાર્યોએ શીલને (-નિશ્ચયચારિત્રને) મુક્તિસુંદરીના અનંગ (-અશરીરી) સુખનું મૂળ કહ્યું છે; વ્યવહારાત્મક ચારિત્ર પણ તેનું પરંપરા કારણ છે. ૧૦૭.**

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) વ્યવહારચારિત્ર અધિકાર નામનો ચોથો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

## શ્લોક–૧૦૭ ઉપર પ્રવચન

**'વળી (આ વ્યવહારચારિત્ર અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—'**

ઓલું માર્ગ પ્રકાશનું હતું. માર્ગપ્રકાશ એ પોતે પણ ચારિત્ર નમે છે એમ કહે છે.

**शीलमपवर्गयोषिदनंगसुखस्यापि मूलमाचार्याः।**
**प्राहुर्व्यवहारात्मकवृत्तमपि तस्य परंपरा हेतुः।।१०७।।**

**શ્લોકાર્થ :– 'આચાર્યોએ શીલને (નિશ્ચયચારિત્રને)...'** આત્માના આનંદની રમણતારૂપ ચારિત્રને, **'મુક્તિસુંદરીના અનંગ (–અશરીરી) સુખનું મૂળ કહ્યું છે;...'** પરમાનંદની પ્રાપ્તિ એવી મુક્તિ, એ અનંગ એટલે અંગ વિનાનું, આત્માનું **'(–અશરીરી) સુખનું મૂળ કહ્યું છે;...'** લ્યો, આ ચારિત્રનું ફળ આ છે, એમ કહે છે. સ્વરૂપનું સમ્યગ્દર્શન, સ્વરૂપનું જ્ઞાન, અનુભવ, આનંદ એ ઉપરાંત અંતરમાં લીનતા, એવું જે ચારિત્ર મોક્ષરૂપી **'(–અશરીરી) સુખનું મૂળ કહ્યું છે; વ્યવહારાત્મક ચારિત્ર પણ તેનું પરંપરા કારણ છે.'** લ્યો. પણ કોને? નિશ્ચય છે એને. પરંપરા એટલે વ્યવહાર. એને છોડીને થશે ત્યારે થાશે. એવું છે ભારે, ભાઈ! પક્ષનો વ્યામોહ. પોતાના પક્ષની પુષ્ટિ આપે એવા અર્થ કરે. અને કહે પાછા અમે બરાબર ભગવાન પ્રમાણે કરીએ છીએ.

**'વ્યવહારાત્મક ચારિત્ર પણ તેનું પરંપરા કારણ છે.'** લ્યો. કોનું? મુક્તિસુંદરી અનંગ-અશરીરી સુખનું. પણ એ પરંપરા, સાક્ષાત્ નહિ. સાક્ષાત્ કારણ તો આ. એ છૂટીને પછી સ્થિરતા થશે ત્યારે એને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ પ્રાપ્ત થશે. **'આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...'** આ ટીકાકાર. **'એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) વ્યવહારચારિત્ર અધિકાર નામનો ચોથો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'** બધાને એક એકને શ્રુતસ્કંધ કહ્યો. શ્રુતસ્કંધ. ચતુર્થ શ્રુતસ્કંધ. આખા શ્રુતનો આ ચોથો શ્રુતસ્કંધ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# – ૫ –
# પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર

## શ્લોક–૧૦૮

(वंशस्थ)

नमोऽस्तु ते संयमबोधमूर्तये
स्मरेभकुंभस्थलभेदनाय वै।
विनयपंकेजविकाशभानवे
विराजते माधवसेनसूरये।।१०८।।

अथ सकलव्यावहारिकचारित्रतत्फलप्राप्तिप्रतिपक्षशुद्धनिश्चयनयात्मकपरमचारित्र-प्रतिपादनपरायणपरमार्थप्रतिक्रमणाधिकारः कथ्यते। तत्रादौ तावत् पंचरत्नस्वरूपमुच्यते। तद्यथा --

अथ पंचरत्नावतारः।

[અધિકારના પ્રારંભમાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્રી માધવસેન આચાર્યદેવને શ્લોક દ્વારા નમસ્કાર કરે છે :]

[શ્લોકાર્થ :–] સંયમ અને જ્ઞાનની મૂર્તિ, કામરૂપી હાથીના કુંભસ્થળને ભેદનાર અને શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન—એવા હે વિરાજમાન (શોભાયમાન) માધવસેનસૂરિ! તમને નમસ્કાર હો. ૧૦૮.

હવે, સકળ વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું જે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે. ત્યાં શરૂઆતમાં પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :

## શ્લોક–૧૦૮ ઉપર પ્રવચન

હવે પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર લ્યો. એ નિશ્ચય આવ્યું હવે. પહેલો વ્યવહાર સમજાવી, પછી નિશ્ચયની વાત લીધી. તેથી વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એમ નથી એમાં કાંઈ. એ તો સમજાવવાની રીત એવી છે. તેથી વ્યવહાર પહેલો આવે અને નિશ્ચય પછી આવે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ નથી. નિશ્ચયની સાથે આવો વ્યવહાર પહેલો સમજાવ્યો છે.

**'[અધિકારના પ્રારંભમાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્રી માધવસેન આચાર્યદેવને શ્લોક દ્વારા નમસ્કાર કરે છે :]'** પોતાનો. 'ચંદ્રકીર્તિમુનિ' હતા. એના કોઈક બહુ ઊંચા મુનિ હશે. એને વંદન કર્યું હતું ને? ત્યાં મુનિ શબ્દ હતો. 'ચંદ્રકીર્તિમુનિ'નું નિરૂપણ. આ એના કોઈ આચાર્ય હશે. એ વખતે તો બધા સોનાની ખાંપણું જેવા બધા પાકેલા. મુનિ, આચાર્ય... આહાહા..! નવસો વર્ષ પહેલાની વાત છે ને? વીતરાગી બિંબ બધા. એ ચંદ્રકીર્તિમુનિનું ... એમ કહ્યું ને? અહીં આચાર્યને વંદન કરે છે.

**नमोऽस्तु ते संयमबोधमूर्तये**

આ પરની ખબર પડે છે કે નહિ? કે કેવળજ્ઞાનીને ખબર પડે? ભાવલિંગી છે કે દ્રવ્યલિંગી એ કેવળજ્ઞાનીને ખબર પડે. લ્યો. આ ભાવલિંગી છે એમ અહીં મુનિને ખબર પડી છે. પોતાના આચાર્યની. પંચમઆરાના. બન્ને પંચમઆરાના છે ને? આહાહા..! છદ્મસ્થને એટલી બધી ખબર પડી ગઈ? કે મારા ગુરુ આવા છે, મુનિ આવા છે. એવી ખબર પડી ગઈ?

મુમુક્ષુ :– છદ્મસ્થને જ્ઞાન ન હોય એમ ને?

ઉત્તર :– કેવળજ્ઞાની જાણે. છદ્મસ્થ ન જાણે.

મુમુક્ષુ :– તો શું જાણે?

ઉત્તર :– એ જાણે.

**नमोऽस्तु ते संयमबोधमूर्तये**
**स्मरेभकुंभस्थलभेदनाय वै।**

આહાહા..! જુઓ! આ બધી મુનિને ઓળખાણ થઈ છે કે નહિ? 'પદ્મપ્રભમલધારીદેવ'ને.

**विनयपंकेजविकाशभानवे**
**विराजते माधवसेनसूरये।।१०८।।**

આહાહા..! વીતરાગી સંતો પણ એ વખતે બિરાજતા હતા. આહાહા..! **'સંયમ અને જ્ઞાનની મૂર્તિ,...'** હતી કહે છે. લ્યો. શી રીતે આ જણાણું. પણ આ તો અરૂપી મતિ-શ્રુતજ્ઞાનમાં જણાઈ ગયું? કેવળી જાણે કે મતિ-શ્રુતજ્ઞાની જાણે ખરા કે નહિ? આહાહા..! **'સંયમ અને જ્ઞાનની મૂર્તિ,...'** હતી. અમારા આચાર્ય, એ સ્વરૂપની રમણતા અને આત્માનું જ્ઞાન, એની તો મૂર્તિ હતા. એનું સ્વરૂપ જ એ હતું, કહે છે.

**'કામરૂપી હાથીના કુંભસ્થળને ભેદનાર...'** કહે છે કે એ કેવા હતા? વિષય વાસનારૂપી હાથી, એના કુંભસ્થળને ભેદનાર. ઓહોહો..! આવા નિર્વિકારી બ્રહ્માનંદ પરિણમન જેને હતું એમ કહે છે. આ તો હજી નવસો વર્ષ પહેલાની વાત છે. એ તો કેવળી પણ નહોતા. એ વખતે તો ચાર જ્ઞાન પણ ક્યાં હતા? અવધિજ્ઞાની ક્યાં હતા? મતિ અને શ્રુતજ્ઞાનમાં પણ આવી નિર્મળતાથી છદ્મસ્થનું છદ્મસ્થ જાણી લે છે એમ કહે છે. આહાહા..! **'કામરૂપી**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હાથીના કુંભસ્થળ...**' શું કહેવાય? માથે કુંભ હોય ને હાથીનું? એને કુંભસ્થળ કહે. આ માથું નહીં? ઉપર હોય ઉપર.

મુમુક્ષુ :– કાંધ.

ઉત્તર :– કાંધ શું કહેવાય કાંધ. ભાષા બીજી છે. મોટી કાંધ હોય ને ત્યાં મારે. ત્યાં આગળ બધા આંતરડાનો લોચો ત્યાં હોય છે ને? મોટી કાંધ હોય ને? ત્યાં ઓલો સિંહ થાપ મારે ત્યાં. બધા આંતરડા ખેંચાઈ જાય. કાંધ, કાંધ.

'**કામરૂપી હાથીના કુંભસ્થળને...**' એના કાંધને ભેદનાર. '**શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન—**' લ્યો. શિષ્યરૂપી કમળને વિકસાવવામાં નિમિત્ત. નિમિત્ત સંબંધીની વ્યાખ્યા છે ને? '**એવા હે વિરાજમાન (શોભાયમાન) માધવસેનસૂરિ!**' 'માધવસેન' એમના ગુરુ, આચાર્ય! '**તમને નમસ્કાર હો.**' અહીંથી શરૂ કરીને હવે નિશ્ચય અધિકાર શરૂ કરવો છે ને? આવા જે નિશ્ચય સંયમ અને જ્ઞાનની મૂર્તિ, કામદેવને તો તોડીને અતીન્દ્રિય આનંદને પ્રગટ કર્યો છે એમ કહે. '**હે વિરાજમાન (શોભાયમાન) માધવસેનસૂરી! તમને નમસ્કાર હો.**' વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૭૫, શ્લોક-૧૦૮, ગાથા-૭૭ થી ૮૧ શનિવાર, કારતક સુદ ૭, તા.૨૭-૧૦-૧૯૭૯

---

'નિયમસાર' નિશ્ચયચારિત્ર અધિકાર–પ્રતિક્રમણ અધિકાર.

'**[અધિકારના પ્રારંભમાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્રી માધવસેન આચાર્યદેવને શ્લોક દ્વારા નમસ્કાર કરે છે : ]**' પોતાના ગુરુને નમસ્કાર કરે છે. પછી પ્રતિક્રમણ શરૂ કરશે. આહાહા..!

**नमोऽस्तु ते संयमबोधमूर्तये**
**स्मरेभकुंभस्थलभेदनाय वै।**
**विनयपंकेजविकाशभानवे**
**विराजते माधवसेनसूरये।।१०८।।**

પોતાના ગુરુ કેવા છે અને એ ગુરુને નમસ્કાર કેમ કરે છે? કે એ ગુરુ સંયમ અને ચારિત્રથી ભરપૂર છે. '**સંયમ અને જ્ઞાનની મૂર્તિ,...**' છે. આહાહા..! જુઓ! આ પંચમ આરાના મુનિ 'પદ્મપ્રભમલધારીદેવ', એ ટીકા કરે છે. પોતાના આચાર્યને નમસ્કાર કરે છે. અમારા આચાર્ય સંયમ અને જ્ઞાનની મૂર્તિ છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન પૂર્ણ, ભલે છદ્મસ્થ છે અને સંયમની મૂર્તિ (અર્થાત્) અંતર અતીન્દ્રિય સંયમમાં સ્થિર, એવા જ્ઞાન અને સંયમની મૂર્તિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..!

**'કામરૂપી હાથીના કુંભસ્થળને ભેદનાર...'** વિષયરૂપી વાસના, કામરૂપી હાથી, એના કુંભસ્થળને ભેદનાર છે. આહાહા..! જેને વિષયની વાસનાનો નાશ થઈ ગયો છે. અંતર અતીન્દ્રિય આનંદપણું, મુનિપણું. અતીન્દ્રિય આનંદનો સ્વાદ પ્રકૃષ્ટ ઊંચો આવ્યો છે, તેથી કામદેવના ભાવને છેદી નાખ્યું છે. **'શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન—'** છે. આહાહા..! આ પંચમઆરાના મુનિ! **'શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન—'** છે. 'માધવસેન મુનિ'. આહાહા..! એ મુનિરાજ પોતે પોતાના ગુરુને વંદન કરતાં ગુરુના વખાણ કરે છે. આહાહા..! આ તો હજાર વર્ષ પહેલાંની વાત છે. ૮૦૦-૯૦૦ વર્ષ પહેલાંની વાત છે. **'એવા હે વિરાજમાન (શોભાયમાન) માધવસેનસૂરિ! તમને નમસ્કાર હો.'** આહાહા..! જ્ઞાનની મૂર્તિ અને સંયમનું પૂર્ણ સ્વરૂપ. સંયમની મૂર્તિ, અતીન્દ્રિય આનંદની રમણતામાં સંયમની મૂર્તિ, એવા માધવસેન મુનિને શિષ્ય 'પદ્મપ્રભમલધારિદેવ' નમસ્કાર કરે છે.

**'હવે, સકળ વ્યાવહારિક ચારિત્રથી...'** શું કહે છે હવે? જેટલો વ્યવહાર ક્રિયાકાંડ છે, વ્યવહાર સામાયિક, વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર ક્ષમાપના, વ્યવહાર પ્રાયશ્ચિત, વ્યવહાર પ્રતિક્રમણ વગેરે એ બધી **'વ્યવહારચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ...'** વ્યવહારચારિત્ર છે એ રાગ છે, રાગ છે અને એનું ફળ એ બંધન છે. એનાથી પ્રતિપક્ષ. આહાહા..! **'એવું જે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર...'** શુદ્ધ નિશ્ચયસ્વરૂપ, આનંદસ્વરૂપમાં રમણતા. જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાનઆત્મા, એ જ્ઞાન અને આનંદમાં જેની રમણતા (છે)... આહાહા..! એ નિશ્ચયચારિત્ર છે. પંચમહાવ્રતાદિ વિકલ્પ એ ચારિત્ર નહિ, એ વ્યવહાર (છે). વ્યવહાર અને વ્યવહારના ફળથી નિશ્ચયચારિત્ર વિરુદ્ધ છે. આહાહા..! પંચમઆરાના મુનિ કહે છે. પંચમઆરાના પોતાના ગુરુને વંદન કરી અને પોતે કહે છે કે, વ્યવહાર પ્રતિક્રમણ આદિના કામ-રાગ અને એનું ફળ દુઃખ, એનાથી વિરુદ્ધ એવું નિશ્ચયચારિત્ર કે જેનું ફળ આનંદ, એવા નિશ્ચયચારિત્રના ભેદને, પ્રતિક્રમણને હું કહીશ. આહાહા..! આવી વાત છે.

**'નિશ્ચયનયાત્મક...'** શુદ્ધ નિશ્ચયનય સ્વરૂપ **'પરમ ચારિત્ર...'** આહાહા..! આનંદસ્વરૂપ ભગવાનમાં પરમ લીનતા, અતીન્દ્રિય આનંદમાં રમણતા. આહાહા..! **'તેનું પ્રતિપાદન કરનારો...'** તેને કહેનારો. **'પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે.'** પરમાર્થ સાચું પ્રતિક્રમણ સત્ય, જે મોક્ષનો નિર્વિકલ્પ માર્ગ, તેને અહીં કહેવામાં આવે છે. આહાહા..! અત્યારે તો વ્યવહાર-વ્યવહારના પણ ઠેકાણા ન મળે. અહીં તો કહે, તારા વ્યવહાર, સામાયિક વ્યવહાર, પડિક્કમણું વ્યવહાર, પચ્ચખાણ, એનું ફળ રાગ અને એનું ફળ દુઃખ છે. એનાથી વિરુદ્ધ જે નિશ્ચયચારિત્ર છે એનું ફળ અતીન્દ્રિય આનંદ, એનો અધિકાર હું કહીશ. આહાહા..!

**'તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે. ત્યાં શરૂઆતમાં પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે.'** આ ગાથા પંચરત્ન છે. જેમ 'પ્રવચનસાર'માં છેલ્લી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાંચ (ગાથાને) રત્ન કહ્યા ને? એમ આ પંચરત્ન છે. અંતર આત્માનું આનંદનું રતન પ્રગટ થાય એ રત્ન છે. એ પાંચ રતનની ગાથા કહેવામાં આવે છે. આહાહા..! ક્યાં ગયા? 'શાંતિભાઈ'! આ તમારા ધૂળના રતનની વાત નથી. મોટા રતનના વેપારી છે ને. હીરા-માણેકના મોટા વેપારી છે. ૨૫ જણા તો હીરા-માણેકના કામ કરે છે. એક-એકને પાંચસો, સાતસો, હજારનો એક મહિનો પડે છે. એવા પચ્ચીસ જણા કામ કરે છે. ધૂળના. 'સુમેરુમલજી'! તમારી પાછળ બેઠા છે. 'શાંતિભાઈ' ઝવેરી.. ઝવેરી. 'મુંબઈ'માં. ભાઈ! ઓળખો છો તમે? 'સુમેરુમલજી'! ૨૦-૨૫ જણા તો હીરાને ઘસે છે. એટલા એના કામ. એક-એક માણસને મહિને પાંચસો, સાતસો, હજાર રૂપિયા પડે એવા પચ્ચીસ જણા કામ કરે છે. ધૂળનું. આહાહા..!

અહીંયાં તો પરમાત્મા કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો. આહાહા..! નિશ્ચયચારિત્ર જે પ્રતિક્રમણ, એનું સ્વરૂપ હું કહીશ. એ વ્યવહારપ્રતિક્રમણ અને વ્યવહાર ક્રિયાકાંડથી વિપરીત છે. વિપરીત છે. આહાહા..! હવે એ વિપરીત છે, વિપરીતથી, વ્યવહારથી નિશ્ચય થાય?

મુમુક્ષુ :– કોઈ કાળે ન થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હવે અહીં તો વ્યવહારથી તો નિશ્ચય વિરુદ્ધ છે. આહાહા..!

**'ત્યાં શરૂઆતમાં પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે.'** એ પાંચ રતનનું અવતરણ કરવા ગાથા કહે છે.

**'હવે પાંચ રત્નોનું અવતરણ કરવામાં આવે છે :–'**

## ગાથા–૭૭ થી ૮૧

**णाहं णारयभावो तिरियत्थो मणुवदेवपज्जाओ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७७।।**

**णाहं मग्गणठाणो णाहं गुणठाण जीवठाणो ण।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७८।।**

**णाहं बालो बुड्ढो ण चेव तरुणो ण कारणं तेसिं।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७९।।**

**णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।८०।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



णाहं कोहो माणो ण चेव माया ण होमि लोहो हं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।८१।।

नाहं नारकभावस्तिर्यङ्मानुषदेवपर्यायः।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तॄणाम्।।७७।।

नाहं मार्गणास्थानानि नाहं गुणस्थानानि जीवस्थानानि न।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तॄणाम्।।७८।।

नाहं बालो वृद्धो न चैव तरुणो न कारणं तेषाम्।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तॄणाम्।।७९।।

नाहं रागो द्वेषो न चैव मोहो न कारणं तेषाम्।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तॄणाम्।।८०।।

नाहं क्रोधो मानो न चैव माया न भवामि लोभोऽहम्।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तॄणाम्।।८१।।

अत्र शुद्धात्मनः सकलकर्तृत्वाभावं दर्शयति।

बह्वारंभपरिग्रहाभावादहं तावन्नारकपर्यायो न भवामि। संसारिणो जीवस्य बह्वारंभपरिग्रहत्वं व्यवहारतो भवति अत एव तस्य नारकायुष्कहेतुभूतनिखिलमोहरागद्वेषा विद्यन्ते, न च मम शुद्धनिश्चयबलेन शुद्धजीवास्तिकायस्य। तिर्यक्पर्यायप्रायोग्यमायामिश्राशुभकर्माभावात्सदा तिर्यक्पर्यायकर्तृत्वविहीनोऽहम्। मनुष्यनामकर्मप्रायोग्यद्रव्यभावकर्माभावान्न मे मनुष्यपर्यायः शुद्धनिश्चयतो समस्तीति। निश्चयेन देवनामधेयाधारदेवपर्याययोग्यसुरससुगंधस्वभावात्मकपुद्गलद्रव्यसम्बन्धाभावान्न मे देवपर्यायः इति।

चतुर्दशभेदभिन्नानि मार्गणास्थानानि तथाविधभेदविभिन्नानि जीवस्थानानि गुणस्थानानि वा शुद्धनिश्चयनयतः परमभावस्वभावस्य न विद्यन्ते।

मनुष्यतिर्यक्पर्यायकायवयःकृतविकारसमुपजनितबालयौवनस्थविरवृद्धावस्थाद्यनेकस्थूलकृशविविधभेदाः शुद्धनिश्चयनयाभिप्रायेण न मे सन्ति।

सत्तावबोधपरमचैतन्यसुखानुभूतिनिरतविशिष्टात्मतत्त्वग्राहकशुद्धद्रव्यार्थिकनयबलेन मे सकलमोहरागद्वेषा न विद्यन्ते।

सहजनिश्चयनयतः सदा निरावरणात्मकस्य शुद्धावबोधरूपस्य सहजचिच्छक्तिमयस्य सहजदृक्स्फूर्तिपरिपूर्णमूर्तेः स्वरूपाविचलस्थितिरूपसहजयथाख्यातचारित्रस्य न मे निखिलसंसृतिक्लेशहेतवः क्रोधमानमायालोभाः स्युः।

अथामीषां विविधविकल्पाकुलानां विभावपर्यायाणां निश्चयतो नाहं कर्ता, न कारयिता

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



वा भवामि, न चानुमंता वा कर्तृणां पुद्गकर्मणामिति।

नाहं नारकपर्यायं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचितये। नाहं तिर्यक्पर्यायं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये। नाहं मनुष्यपर्यायं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचितये। नाहं देवपर्यायं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचितये।

नाहं चतुर्दशमार्गणास्थानभेदं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये। नाहं मिथ्यादृष्ट्यादिगुणस्थानभेदं कूर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये। नाह मेकेन्द्रियादिजीवस्थानभेदं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचितये।

नाहं शरीरगतबालाद्यवस्थानभेदं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये।

नाहं रागादिभेदभावकर्मभेदं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये।

नाहं भावकर्मात्मकषायचतुष्कं कुर्वे, सहजचिद्विलासात्मात्मानमेव संचिंतये।

इति पंचरत्नांचितोपन्यासप्रपंचनसकलविभावपर्यायसंन्यासविधानमुक्तं भवतीति।

---

નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.

હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.

હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.

હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.

હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.

[ अहं ] હું [ नारकभावः ] નારકપર્યાય, [ तिर्यङ्मानुषदेवपर्यायः ] તિર્યંચપર્યાય, મનુષ્યપર્યાય કે દેવપર્યાય [ न ] નથી, [ कर्ता न हि कारयिता ] તેમનો (હું) કર્તા નથી, કારયિતા (–કરાવનાર) નથી, [ कर्तृणाम् अनुमंता न एव ] કર્તાનો અનુમોદક નથી.

[ अहं मार्गणास्थानानि न ] હું માર્ગણાસ્થાનો નથી, [ अहं ] હું [ गुणस्थानानि न ] ગુણસ્થાનો નથી, [ जीवस्थानानि न ] જીવસ્થાનો નથી, [ कर्ता न हि कारयिता ]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેમનો (હું) કર્તા નથી, કારયિતા (–કરાવનાર) નથી, [ कर्तृणाम् अनुमंता न एव ] કર્તાનો અનુમોદક નથી.

[ न अहं बालः वृद्धः ] હું બાળ નથી, વૃદ્ધ નથી, [ न च एव तरुणः ] તેમ જ તરુણ નથી; [ तेषां कारणं न ] તેમનું (હું) કારણ નથી; [ कर्ता न हि कारयिता ] તેમનો (હું) કર્તા નથી, કારયિતા (–કરાવનાર) નથી, [ कर्तृणाम् अनुमंता न एव ] કર્તાનો અનુમોદક નથી.

[ न अहं रागः द्वेषः ] હું રાગ નથી, દ્વેષ નથી, [ न च एव मोहः ] તેમ જ મોહ નથી; [ तेषां कारण न ] તેમનું (હું) કારણ નથી; [ कर्ता न हि कारयिता ] તેમનો (હું) કર્તા નથી, કારયિતા (–કરાવનાર) નથી, [ कर्तृणाम् अनुमंता न एव ] કર્તાનો અનુમોદક નથી.

[ न अहं क्रोधः मानः ] હું ક્રોધ નથી, માન નથી, [ न च एव अहं माया ] તેમ જ હું માયા નથી, [ लोभः न भवामि ] લોભ નથી; [ कर्ता न हि कारयिता ] તેમનો (હું) કર્તા નથી, કારયિતા (–કરાવનાર) નથી, [ कर्तृणाम् अनुमंता न एव ] કર્તાનો અનુમોદક નથી.

ટીકા :– અહીં શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે.

બહુ આરંભ તથા પરિગ્રહનો અભાવ હોવાને લીધે હું નારકપર્યાય નથી. સંસારી જીવને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી હોય છે અને તેથી જ તેને નારક-આયુના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષ હોય છે, પરંતુ મને–શુદ્ધનિશ્ચયના બળે શુદ્ધજીવાસ્તિકાયને–તેઓ નથી. તિર્યંચપર્યાયને યોગ્ય માયામિશ્રિત અશુભ કર્મનો અભાવ હોવાને લીધે હું સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું. મનુષ્યનામકર્મને યોગ્ય દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો અભાવ હોવાને લીધે મારે મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી. ‘દેવ’ એવા નામનો આધાર જ દેવપર્યાય તેને યોગ્ય સુરસ-સુગંધસ્વભાવવાળાં પુદ્ગલદ્રવ્યના સંબંધનો અભાવ હોવાને લીધે નિશ્ચયથી મારે દેવપર્યાય નથી.

ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો તથા તેટલા (ચૌદ) ભેદવાળાં જીવસ્થાનો કે ગુણસ્થાનો શુદ્ધનિશ્ચયનયથી પરમભાવસ્વભાવવાળાને (–પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને) નથી.

મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયાના, વયકૃત વિકારથી (–ફેરફારથી) ઉત્પન્ન થતા બાળ-યુવાન-સ્થવિર-વૃદ્ધાવસ્થાદિરૂપ અનેક સ્થૂલ-કૃશ વિવિધ ભેદો શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયે મારે નથી.

સત્તા, અવબોધ, પરમચૈતન્ય અને સુખની અનુભૂતિમાં લીન એવા વિશિષ્ટ આત્મતત્ત્વને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગ્રહનારા શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે મારે સકળ મોહરાગદ્વેષ નથી.

સહજ નિશ્ચયનયથી (૧) સદા નિરાવરણસ્વરૂપ, (૨) શુદ્ધજ્ઞાનરૂપ, (૩) સહજ ચિત્શક્તિમય, (૪) સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ મૂર્તિ (–જેની મૂર્તિ અર્થાત્ સ્વરૂપ સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ છે એવા) અને (૫) સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા એવા મને સમસ્ત સંસારક્લેશના હેતુ ક્રોધ-માન-માયા-લોભ નથી.

હવે, આ (ઉપરોક્ત) વિવિધ વિકલ્પોથી (ભેદોથી) ભરેલા વિભાવપર્યાયોનો નિશ્ચયથી હું કર્તા નથી, કારયિતા નથી અને પુદ્ગલકર્મરૂપ કર્તાનો (–વિભાવપર્યાયોના કર્તા જે પુદ્ગલકર્મો તેમનો–) અનુમોદક નથી (એમ વર્ણવવામાં આવે છે).

હું નારકપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું તિર્યંચપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું મનુષ્યપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું દેવપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

હું ચૌદ માર્ગણાસ્થાનના ભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું એકેંદ્રિયાદિ જીવસ્થાનભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

હું શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

હું રાગાદિભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

હું ભાવકર્માત્મક ચાર કષાયોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

(અહીં ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું, તેમ કારયિતા અને અનુમંતા–અનુમોદક– વિષે પણ સમજી લેવું).

આ રીતે પાંચ રત્નોના શોભિત કથનવિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાયોના સંન્યાસનું (–ત્યાગનું) વિધાન કહ્યું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૭૭ થી ૮૧ ઉપર પ્રવચન

णाहं णारयभावो तिरियत्थो मणुवदेवपज्जाओ।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७७।।

णाहं मग्गणठाणो णाहं गुणठाण जीवठाणो ण।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७८।।

णाहं बालो बुड्ढो ण चेव तरुणो ण कारणं तेसिं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७९।।

णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।८०।।

णाहं कोहो माणो ण चेव माया ण होमि लोहो हं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।८१।।

હરિગીત. અહીં નકારથી લીધું છે. નિર્વાણ શબ્દનું ભાઈએ લીધું છે. સવારે પ્રશ્ન હતો ને? નિર્વાણ અને સિદ્ધ. નિર્વાણની વ્યાખ્યા-નિર્વાણ એ સિદ્ધ છે. પણ નિર્વાણમાં એ લીધું છે, કે પીડા નથી, દુઃખ નથી, રાગ નથી, કર્મ નથી. એમ લઈને નિર્વાણની વ્યાખ્યા કરી છે. પછી એ નિર્વાણ તે સિદ્ધ છે એમ અસ્તિથી વાત કરી. ભાઈ! નિર્વાણમાં. એમાંથી તો એક નવું નીકળ્યું, કે ૧૮૦ ગાથા છે. ઓહોહો..! છે ૧૮૦? ૧૮૦.

‘**પરમ નિર્વાણને યોગ્ય પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.**’ છે? હવે અહીં તો બીજું કહેવું છે. જરી ઓલા પ્રદેશ-અપ્રદેશ છે ને? ‘**(પરમતત્ત્વ) અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...**’ શું કહ્યું? આત્મા... આ ઇન્દ્રિયોથી જાણે એ તો અમુક-અમુક પ્રદેશથી જાણે. પણ કેવળજ્ઞાની તો અખંડ પ્રદેશ, અખંડ એમાંથી જાણે. એથી એને પરમનિર્વાણને ‘**અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...**’ ‘ચંદુભાઈ’! એકપ્રદેશી લીધું છે. ‘પંચાસ્તિકાય’માં પણ એકપ્રદેશી (લીધું છે) એ બીજી વસ્તુ છે. એ તો એકરૂપ અભેદ. અહીં પણ એકપ્રદેશી એટલે? કે આ પાંચ ઇન્દ્રિયમાં એક-એક ખંડ-ખંડના પ્રદેશથી જાણે એ નહિ પણ અખંડ પ્રદેશ એકસાથે અખંડ પ્રદેશથી જાણે. એથી એને અખંડપ્રદેશી એકપ્રદેશી કહ્યું. સમજાય છે કાંઈ? આહાહા..!

‘**(પરમતત્ત્વ) અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...**’ પાંચ ઇન્દ્રિયથી તે જાણતો નથી. પાંચ ઇન્દ્રિયોનો વેપાર નથી એમ કહે છે. નથી (કહીને) અહીં તો નકાર કર્યો છે. આહાહા..! કેમ કે એ પરમ એકરૂપ, અસંખ્યપ્રદેશી એકરૂપ, એકરૂપ અસંખ્યપ્રદેશથી જાણે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. અસંખ્યપ્રદેશી એકપ્રદેશ શી રીતે જાણે છે? અને જે ઇન્દ્રિયનું જુદા જુદા પ્રદેશથી જાણવું છે એ નથી. સમજાય છે કાંઈ આમાં?

'પંચાસ્તિકાય'માં એમ કહ્યું કે અસંખ્યપ્રદેશી તે એકપ્રદેશી છે. એ તો અખંડતા બતાવી. અહીં કહે છે, પાંચ-પાંચ ઇન્દ્રિયના જે પ્રદેશો છે, તેનાથી નથી જાણતો. અખંડ-એકપ્રદેશથી જાણે છે. એટલે આખા અસંખ્યપ્રદેશ એકરૂપ છે એનાથી જાણે છે. આહાહા..! એનું નામ અહીંયાં નિર્વાણ અને પરમાત્મા ને સિદ્ધ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ઇન્દ્રિયોથી જાણતો નથી એમ નકારથી વાત કરી છે. પણ એ નિર્વાણ છે અને એ સિદ્ધ છે. એમ નકાર કરીને પછી હકાર કરીને સિદ્ધ કર્યું છે. આહાહા..!

અહીં કહે છે,... હરિગીત આવ્યું ને? **'નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;'** આ તો નકારનું આવ્યું એ. એ પાંચ ઇન્દ્રિયથી ભગવાન જાણતા નથી, અખંડ અસંખ્યપ્રદેશથી જાણે છે. એકપ્રદેશી. આહાહા..! ઝીણું બહુ, ભાઈ! વાણિયાને વખત મળે નહિ. આ વખત.. 'જેઠાલાલજી'! ધંધા આડે આવો નિર્ણય કરવાનો વખત મળે નહિ. આખો દિ' પાપનો વખત મળે. આહાહા..! ભલે પછી પાંચ, પચ્ચીસ કરોડ રૂપિયા ભેગા થાય. આ ચાલીસ કરોડ નહોતા? આપણા ભાઈ 'શાહુ શાંતિપ્રસાદ' ચાલીસ કરોડ. બીજા આપણે ન કીધા? આ 'પોપટભાઈ'ના સાળા. આ 'પોપટભાઈ' તમારી પાછળ બેઠાને? એના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ. બે અબજ ચાલીસ કરોડ, બસ્સો ચાલીસ કરોડ. આ બેઠા જુઓ! સામે. એના સાળા. આ એમના બનેવી છે. અને હમણા એક વૈષ્ણવ આવ્યો હતો. 'ચીમનભાઈ'નો શેઠ ત્યાં 'મુંબઈ' દર્શન કરવા આવ્યો હતો. પચાસ કરોડ. નામ શું? 'રામદાસ' આવ્યો હતો. વૈષ્ણવ છે. ઘરે બૈરાં બધા શ્વેતાંબર જૈન છે. બૈરાંઓ બધા જૈન છે અને આદમીઓ બધા વૈષ્ણવ છે.

મુમુક્ષુ :- બહુ સુખી લોકો છે.

ઉત્તર :- ધૂળમાં પણ સુખી નથી, દુઃખી છે. એ તો એમ બિચારા આવીને કહે. વૈષ્ણવ ખરાને? એટલે એમ કે કર્તા ઈશ્વર છે ને? આમ નરમથી બોલતા બિચારા. પગે લાગવા આવ્યા હતા. પચાસ કરોડ રૂપિયા અત્યારે છે. અને પગે લાગ્યા, એક હજાર રૂપિયા મૂક્યા, નાળિયેર મૂક્યું અને વિનંતી કરી, મહારાજ! મારા ઘરે પધારશો. ઘરે બૈરાં બધા આપણા દેરાવાસી શ્વેતાંબર જૈન. બધા બૈરાંને પ્રેમ બહુ. એટલે કહે, મહારાજ! ઘરે પધારશો. ઘરે ગયા હતા. પંદરસો રૂપિયા પાછા મૂક્યા. નાળિયેર મૂક્યું. પણ વૈષ્ણવ છે ને? કર્તા (માને). મેં એને કહ્યું, ભાઈ! તમે જો વૈષ્ણવને કર્તા માનતા હોય તો 'નરસિંહ મહેતા'એ તો એમ કહ્યું છે, કે 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' ત્યાં એણે એમ નથી કહ્યું, 'જ્યાં લગી ઈશ્વરને કર્તા માન્યો નહિ.' આ આત્મતત્ત્વ છે, એનો જ્યાં સુધી અનુભવ કર્યો નથી, એનું જ્ઞાન ન કર્યું અને ક્રિયાકાંડમાં રહ્યો તો ચાર ગતિમાં મરી ગયો. શું કર્યું... હમણા આવ્યું હતું એક. .. છાપામાં આટલું (આવ્યું હતું). 'શું કર્યું સેવા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને તીર્થ અને ભક્તિ કર્યા થકી, શું કર્યું જાત્રા ને દાન-દયા થકી?' એમાં કાંઈ ધર્મ-બર્મ નથી. આહાહા..! કીધું, આમ કહે છે ને? પછી સાંભળતા હતા બિચારા. સંસ્કાર ઘણા પડી ગયેલા. ઈશ્વરકર્તા. કર્તા કોણ? અહીં તો એ કહેશે. ઈશ્વર તો કર્તા નથી. પણ અમે નારક નહીં. નારકીની ગતિ એ મારી નથી, હું એનો કર્તા નથી. આહાહા..!

છે ને? **'નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;'** અર્થમાં આવશે. આ તો ટીકા છે. **'કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં.'** મારી મનુષ્યગતિ આદિનો કર્તા હું નહિ. ઈશ્વર તો કર્તા નહિ પણ આ ગતિ આદિ છે એનો હું કર્તા નથી. આહાહા..! હું તો એક જાણનાર, દેખનાર ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છું. આ ધર્મીની દૃષ્ટિ હોય છે. આહાહા..!

**હું માર્ગણાસ્થાનો નહી, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.**

**હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.**

**હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.**

**હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.**

**ટીકા :- 'અહીં શુદ્ધ આત્માને...'** શુદ્ધસ્વરૂપ જ્યાં આત્માનું જ્ઞાન, ભાન થયું. હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં, પોતાનો શુદ્ધસ્વભાવ જ્યાં ભાનમાં આવ્યો, તો કહે છે, કે **'શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે.'** એ શુદ્ધ આત્મા કોઈનો કર્તા નથી. આહાહા..! આવી ઝીણી વાત છે. આ પંચ રતન કીધા છે.

**'બહુ આરંભ તથા પરિગ્રહનો અભાવ હોવાને લીધે હું નારકપર્યાય નથી.'** શું કહે છે? 'જેઠાલાલજી'! આ નારકીમાં જે જાય ને? નીચે સાત નરક છે. એ બહુ આરંભ અને ઘણો પરિગ્રહ કરી મરીને નર્કમાં જાય છે. છે? એ બહુ આરંભ તથા પરિગ્રહ મારા છે જ નહિ અને એનો હું કર્તા છું નહિ. આહાહા..!

મુમુક્ષુ :– બહુ આરંભ અને પરિગ્રહ નથી તો કેટલો...

ઉત્તર :– એ જરીયે પરિગ્રહ.. થોડો પરિગ્રહ હોય થોડી વાત છે. એ તો સમકિતીને સમકિતી પાંચમા ગુણસ્થાનવાળાને પણ પરિગ્રહ પરિમાણ હોય છે. ભલે તેની પાસે દસ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હજાર હોય, છતાં પરિમાણ લાખનું કરે. છતાં એની એને મર્યાદા છે. શું કીધું સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન અને દર્શન થયું છે અને મૂડી છે એક લાખ રૂપિયાની. છતાં પરિમાણ પાંચ લાખનું કરે તો પણ તે મર્યાદાવાળો (છે), એને પરિગ્રહની મર્યાદા છે. આહાહા..! અને અજ્ઞાની કંઈપણ પરિગ્રહ ન રાખે પણ પરિગ્રહનો કર્તા અને ભોક્તા છે તો બધા પરિગ્રહનો આરંભ અને પરિગ્રહનો કર્તા છે. આહાહા..! શું કહ્યું ઇ?

સમકિતી આત્મજ્ઞાની આત્મા જે શુદ્ધ ચૈતન્ય છે... અહીં કીધું ને શુદ્ધ ચૈતન્ય! એવું જે શુદ્ધ આત્માનું જ્ઞાન અને ભાન થયું, તેને આરંભ અને પરિગ્રહ હોય છે પણ નરકમાં જાય એવો આરંભ અને પરિગ્રહ નહિ. અલ્પ આરંભ પણ હોય છે. એ તો સાતમી પડિમા સુધી હજી આરંભ કરે. અને આહાર-પાણી પણ સાથે બનાવે. એને પરિગ્રહની મર્યાદા છે ત્યાં. છતાં એ સમકિતી ને પંચમ ગુણસ્થાનમાં છે. આહાહા..! અજ્ઞાની, આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, એની જેને ખબર નથી, એ ભલે પરિગ્રહનું માપ કરે–પરિમાણ કરે, છતાં અંદરમાં તો રાગની એકતાબુદ્ધિ છે તો મહાઆરંભ અને મહાપરિગ્રહ છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– છતાં એ નરકમાં તો જાતો નથી.

ઉત્તર :– ન જાય. નરકમાં જાય નહિ ને. કીધું ને? અલ્પઆરંભ અને અલ્પપરિગ્રહ છે. નરકમાં પહેલું આયુષ્ય બંધાઈ ગયું હોય, પછી સમકિત થયું હોય તો જાય. એ તો પહેલા બંધાઈ ગયું એને કારણે. મિથ્યાત્વભાવમાં આરંભ અને પરિગ્રહમાં આસક્તિ તીવ્રને લઈને નરકનું આયુષ્ય બંધાઈ ગયું હોય અને પછી સમકિત થયું હોય.

જેમ 'શ્રેણિક'રાજા છે. 'શ્રેણિક'રાજા. પહેલી નરકનું આયુષ્ય બંધાઈ ગયું. મુનિની અશાતના કરી હતી. નગ્નમુનિ દિગંબર ઉપર મરી ગયેલો સર્પ નાખ્યો. કરોડો કીડીઓ. ઘરે રાણીને કહ્યું, 'ચેલણા'રાણી સમકિતી. ઘરે સ્ત્રી હતી એ સમકિતી, પોતે મિથ્યાત્વી બૌદ્ધમતિ. એ સ્ત્રીને કહે છે કે તારા ગુરુની માથે હું મરી ગયેલો સર્પ નાખી આવ્યો છું. એ કાઢી નાખ્યો હશે. પ્રભુ! અન્નદાતા! એ મારા ગુરુ એમ ન કરે. આહાહા..! 'ચેલણા' રાણી સમકિતી હતી. મારા ગુરુ એ પરિષહ આવ્યા એ કાઢી ન નાખે. અરે..! હાલ-હાલ હાલ જોવા. સાથે ગયા ત્યાં તો આનંદમાં, ધ્યાનમાં મસ્ત હતા. અને કરોડો કીડીઓ. એ 'ચેલણા'રાણીએ ... કરી સર્પ ઉપાડ્યો. લ્યો, સ્વામી ! નાથ! જુઓ! આ મરેલો સર્પ છે, કરોડો કીડીઓ છે, એને કાંઈ ખબર પણ નથી. એ તો ધ્યાનમાં મસ્ત છે. સર્પ કાઢી તો નાખ્યો નથી, પણ તેના તરફ લક્ષ પણ નથી. આહાહા..!

એ વખતે એ 'શ્રેણિક'રાજા.. મુનિ સમજાવે છે, ઉપદેશ આપે છે. એને એમ થઈ ગયું કે.. ઓહોહો..! આવી દશા જેની! જેની ઉપર મેં સર્પ નાખ્યો હતો એને ખબર પણ નથી. કરોડો કીડીઓ આમ ખાય છે. આહાહા..! એ 'ચેલણા' મારી સ્ત્રી, એના આ ગુરુ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવા ગુરુ! ઓહોહો..! ગજબ વાત, ભાઈ! મહારાજ! પ્રભુ! મને આત્મજ્ઞાન સમજાવો. આત્મજ્ઞાનની વાત કરી, પ્રભુ! તું તો શુદ્ધ ચૈતન્યઘન છો. એ પુણ્ય અને પાપના વિકલ્પ અને રાગથી ભિન્ન છો. આહાહા..! એવું ભાન થયું અને કર્યું તો સમકિત થયું. પણ પેલું નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું છે. અત્યારે નરકમાં છે. 'શ્રેણિક' રાજા સમકિતી છે, તીર્થંકરગોત્ર બાંધ્યું છે, આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થવાના છે. છતાં અત્યારે પહેલી નરકમાં છે. ચોરાશી હજારની (આયુષ્ય) સ્થિતિ. આયુષ્ય તો બંધાણું હતું તેત્રીસ સાગરનું. પણ સમકિત પામ્યા, તો સ્થિતિ તોડી નાખી. ૩૩ સાગરની સ્થિતિ તોડીને ૮૪ હજારની રહી.

લાડુ જે વળે એ લાડવામાંથી ઘી કાઢીને પૂરી-બૂરી ન થાય. એ લાડવો ખાધે છૂટકો. એમ નરકનું આયુષ્ય બંધાઈ ગયું, એ ઘટે પણ અભાવ ન થાય. આહાહા..! સાતમી નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. જ્યાં આત્મજ્ઞાન આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા હું છું. હું તો રાગ નહિ, વિકલ્પ પણ નહિ. આહાહા..! શરીર અને સ્ત્રી, કુટુંબ તો મારા છે જ નહિ. એ તો પરચીજ છે. મારી ચીજ તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ (છે) એવો અનુભવ થયો... ચોરાશી હજારની સ્થિતિ રહી અને ૩૩ સાગરની સ્થિતિ તોડી નાખી. અત્યારે નરકમાં છે. ૮૪ હજાર વર્ષની સ્થિતિ, અઢી હજાર વર્ષ ગયા. સાડી બ્યાસી હજાર (વર્ષની) સ્થિતિમાંથી નીકળ્યા પછી તીર્થંકર થવાના છે. આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર. ચારિત્ર નહોતું, ત્યાગ નહોતો, પણ સમ્યગ્દર્શન આત્માનો અનુભવ (થયો હતો). આહાહા..!

એ તીર્થંકરગોત્ર બાંધ્યું. આવતી ચોવીશીમાં રાણીને કૂંખે આવશે, ત્યારથી ઇન્દ્રો આવીને એની માને ગર્ભ સાફ કરશે. કેમકે નરકમાંથી નીકળીને પ્રભુ પધારવાના છે. આહાહા..! મોટું માણસ આવે ત્યારે બધું સાફ કરે છે કે નહિ? એમ ભગવાન નરકમાંથી નીકળીને માતા! તારા પેટમાં પ્રભુ આવવાના છે. સાફ કરે છે. આહાહા..! એ પછી સવા નવ મહિના. રહે છે, જન્મે છે. પહેલા ગર્ભનો મહોત્સવ ઇન્દ્રો કરે છે. પછી જન્મનો મહોત્સવ કરે છે. એ બધો આત્મજ્ઞાનનો પ્રતાપ છે. એ રાગ અને પુણ્યથી ભિન્ન મારી ચીજ છે, એનો અનુભવ તે સમ્યગ્દર્શન છે. આહાહા..! બાકી બધા થોથા છે. આહાહા..! બાપુ! કાંઈ સમજાય છે કે નહિ? આ ગુજરાતી ભાષા સમજે છે ને? એ તો તમારે 'મુંબઈ'માં જાતા હશે ને? આહાહા..!

**'આરંભ તથા પરિગ્રહનો અભાવ હોવાને લીધે...'** શું કહે છે? સમ્યગ્દષ્ટિ એમ જાણે છે કે, મારે આરંભ અને પરિગ્રહ નથી, તેથી નારકપર્યાય નથી, તેથી નારકીની પર્યાય મારી નથી. આહાહા..! એ નરકમાં ગયેલો જીવ પણ એમ માને છે. મને આરંભ પરિગ્રહ અત્યારે નથી અને નારકીપર્યાય મારી નથી. આહાહા..! મારી મૂડી તો અનંત આનંદનો સાગર પ્રભુ, અમૃતથી ભરેલો પ્રભુ તે હું (છું). મારે આરંભ અને પરિગ્રહ નથી તેથી નારકીની ગતિ મને છે જ નહિ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ! આ નિશ્ચયપ્રતિક્રમણ. આહાહા..! સાચું આ પ્રતિક્રમણ. આમ ગડિયા બોલે એમ બોલે. મિચ્છામી દુક્કડમ... એવું તો અનંતવાર કર્યું. પણ આ આત્મા આનંદનો નાથ, પ્રભુ! જ્ઞાન અને આનંદનો સાગર, એના તરફની દૃષ્ટિ કરીને જ્ઞાન અને આનંદની પર્યાય પ્રગટ કરે, ત્યારે તે એમ માને છે, કે આરંભ અને પરિગ્રહ મારામાં નથી, તેથી તે નારકની ગતિ–પર્યાય મારી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભલે પહેલા આરંભ અને પરિગ્રહથી નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. ત્યાં છે પણ ત્યાં એમ માને છે કે હું નારકી નથી. આહાહા..!

**'સંસારી જીવને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી હોય છે...'** સંસારી પ્રાણીને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી હોય છે. **'તેથી તેને નારક-આયુના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષ હોય છે,....'** તેને તો મોહ-મિથ્યાત્વ, રાગથી લાભ માને, પુણ્યથી લાભ માને, શરીર આદિ મારી ક્રિયા છે એમ માને. એવા મિથ્યાદૃષ્ટિ જીવોને મોહ-રાગ-દ્વેષ હોય છે. આહાહા..! **'પરંતુ મને–શુદ્ધનિશ્ચયના બળે શુદ્ધજીવાસ્તિકાયને—તેઓ નથી.'** આહાહા..! શુદ્ધ સ્વરૂપ મારો પ્રભુ, આહાહા..! પરમાનંદનો અનાકુળ આનંદકંદ પ્રભુ હું. એવો જે મારો શુદ્ધજીવાસ્તિકાય. જીવાસ્તિકાય. એવા શબ્દ લીધા છે ને? અન્યમાં એમ નથી. કાય લીધું, આ અસંખ્ય પ્રદેશી લેવું છે એટલે કાય લીધું છે. આહાહા..! સર્વજ્ઞ સિવાય આત્માના અસંખ્ય પ્રદેશ કોઈએ જોયા જ નથી. વીતરાગ જિનેશ્વર ત્રિલોકનાથ, એણે આત્માના અસંખ્ય પ્રદેશ જોયા. એથી એને જીવાસ્તિકાય કીધું છે. બીજામાં જીવાસ્તિકાય એવો શબ્દ છે જ નહિ. આહાહા..!

એ કહે છે, કે **'જીવાસ્તિકાયને—તેઓ...'** શુદ્ધનિશ્ચયના બળે. મારા પરમપવિત્ર ભગવાનના આનંદના બળે, એના અંદરના આશ્રયના બળે... આહાહા..! **'શુદ્ધજીવાસ્તિકાય...'** હું તો શુદ્ધ જીવનો અસંખ્યપ્રદેશી સમૂહ. શુદ્ધ જીવનો અસંખ્યપ્રદેશી સમૂહ, તેઓ તેને આરંભ અને પરિગ્રહ નથી. અને નારકની ગતિ નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! જિનેશ્વરનો માર્ગ બાપુ! એ બહારથી મળે એવો નથી. અંદર જિનસ્વરૂપી ભગવાન, જિનસ્વરૂપી 'જિન સો હી આત્મા, અન્ય સો હી કર્મ, યહી વચનસે સમજલે જિનપ્રવચન કા મર્મ.' વીતરાગ ત્રિલોકનાથના વચનના મર્મ તો આ છે, પ્રભુ! આહાહા..! શરીર-બરીર તો માટી-ધૂળ છે. આહાહા..! હું નારકી નથી. મનુષ્ય તો પછી લેશે. આહાહા..!

**'તિર્યંચપર્યાયને યોગ્ય...'** હવે તિર્યંચ જે પશુ થાય. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય, ઢોર, નારકી મનુષ્ય ઓલા ઘોડા, ગાય, બળદ એ તિર્યંચને યોગ્ય **'માયામિશ્રિત અશુભ કર્મ...'** કપટથી મિશ્રિત અશુભ કર્મ, એનો અભાવ હોવાને લીધે એ મારામાં છે નહિ. આહાહા..! માયા મિશ્રિત અશુભકર્મ એ મારામાં છે જ નહિ. હું તો શુદ્ધ ચિદાનંદ આત્મા તેનાથી ભિન્ન છું. આહાહા..! આ નિશ્ચય સાચું પ્રતિક્રમણ. આહાહા..!

**'સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું.'** આહાહા..! છે? ઓલામાં સમુચ્ચય નાખ્યું હતું. અહીં તો **'તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું.'** એમ કીધું. તિર્યંચની પર્યાયના કર્તાથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હું રહિત છું. નારકીમાં સમુચ્ચય નાખ્યું હતું. મને મોહ-રાગ-દ્વેષ નથી. અહીં તો કહે, કે તિર્યંચમાં ઉત્પન્ન થવાને લાયક માયામિશ્રિત જે પરિણામ છે, એ મારામાં છે નહિ. હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ (છું). આહાહા..! આવી ઝીણી વાતું! એવા **'તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું.'** તિર્યંચની શરીરની અવસ્થાના કર્તાથી, એ શરીરની તિર્યંચ અવસ્થા મારી, એનો કર્તા એ હું નહિ. આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાન, તેની જ્ઞાનની પર્યાયનો કર્તા (છું) એમ અપેક્ષાથી કહેવાય. આહાહા..! સમજાય છે કાંઈ? નહિતર પર્યાય પર્યાયની કર્તા (છે). પણ હું આત્મા જીવાસ્તિકાય શુદ્ધ ચૈતન્ય છું, એ તિર્યંચની પર્યાય મારી નહિ, એનો હું કર્તા નહિ. આહાહા..! છે? **'કર્તૃત્વ વિહીન છું.'** ઓલામાં–નરકમાં પણ કર્તૃત્વ વિહીન છું એમ લીધું છે.

**'મનુષ્યનામકર્મને યોગ્ય દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો અભાવ હોવાને લીધે...'** આહાહા..! મનુષ્યપણું પામવાને યોગ્ય. જડકર્મ અને તેનો ભાવકર્મ વિકાર, એનો તો મને અભાવ હોવાને લીધે. આહાહા..! હું શુદ્ધજીવાસ્તિકાયનો પિંડ પ્રભુ! મારામાં મનુષ્ય થવાને લાયક જે દ્રવ્યકર્મ અને ભાવકર્મ, એનો **'અભાવ હોવાને લીધે મારે મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી.'** આહાહા..! એવી મનુષ્યપર્યાય મને નથી. આહાહા..! આ શરીર નહિ, હોં ! શરીર તો જડ છે. એ મનુષ્ય પર્યાય નહિ. અંદર ગતિની જે યોગ્યતા ઉદયભાવની મનુષ્યની પર્યાય, એ હું નહિ. આ તો શરીર છે, આ કાંઈ મનુષ્યગતિ નથી. આ તો જડ છે, માટી પરમાણુ છે. મનુષ્યગતિને યોગ્ય જે અંદર ઉદયભાવ (તે મનુષ્ય ગતિ છે). આહાહા..!

હું એક ચૈતન્ય જ્ઞાયકભાવ, તેના ભાવના અસ્તિત્વને લઈને, મારામાં મનુષ્યગતિને યોગ્ય ભાવકર્મ, દ્રવ્યકર્મ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રતિક્રમણનો અધિકાર એવો છે. નિશ્ચયપ્રતિક્રમણ. એમાં આ ગાથાને પંચરતન કીધી છે. આ ગાથા પંચરતન છે. આ ધૂળના રતન નહિ. એય..! આહાહા..! મનુષ્યરૂપી જે યોગ્યતાની જે ઉદયની ગતિ, એના કારણરૂપ જે વિકારભાવ અને દ્રવ્યકર્મ, એ હું નથી. તેથી તે મનુષ્યગતિની પર્યાય તે હું નથી. હું નથી પણ હું એનો કર્તા નથી, કરાવનાર નથી અને અનુમોદનાર નથી. તેમ તેનું હું કારણ નથી. આહાહા..! આવી વાતું હવે. **'શુદ્ધનિશ્ચયથી નથી.'**

**'દેવ' એવા નામનો આધાર જે દેવપર્યાય તેને યોગ્ય સુરસ-સુગંધસ્વભાવવાળાં પુદ્ગલદ્રવ્યના સંબંધનો અભાવ હોવાને લીધે...'** આહાહા..! દેવમાં સુગંધ અને સુરસ આદિ ભાવ છે તે મારામાં નથી. દેવપર્યાય મારામાં નથી. હું તો દિવ્યશક્તિનો ધણી, જ્ઞાનાનંદ, સહજાનંદ પ્રભુ! એ દેવપર્યાય મારી નહિ. સુગંધ અને સુરસવાળી જે શરીરની અવસ્થા (એ હું નહિ). આહાહા..! હજાર વર્ષે તો એને આહારનો ઓડકાર આવે, પંદર દિવસે તો શ્વાસોશ્વાસ લે. ઊંચો-નીચો શ્વાસ પંદર દિવસે લે. અને એક હજાર વર્ષે આહારનો વિકલ્પ આવે. કંઠમાંથી અમૃત ઝરે. એ હું નહિ. આહાહા..! હું તો આત્મામાંથી અમૃત ઝરે એ આત્મા છું. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઝીણી વાત છે, ભાઈ!

વીતરાગ માર્ગ, અંતરનો સૂક્ષ્મ માર્ગ કોઈ અલૌકિક છે. જગતને સાંભળવા મળતો નથી. એ બિચારા શું કરે? આહાહા..! એક તો સંસારના કામ આડે નવરા નથી. અને કલાક નવરા થાય તો સાંભળવાનું એવું મળે કે એક કલાકમાં એનું બધું લુંટાઈ જાય. પૈસામાં ધર્મ મનાવે કાં દાનમાં કાં પૂજામાં કાં ભક્તિમાં, વ્રતમાં, તપમાં. આહાહા..! અરે..રે..! જીંદગી જાય છે. કહે છે, કે સાચું પ્રતિક્રમણ કરતા તને ન આવડ્યું.

હું દેવપર્યાય નહિ. આહાહા..! દેવો જે મનુષ્યપણાને ઇચ્છે છે, એ મનુષ્યપણાની ગતિ માટે નહિ. દેવો મનુષ્યપણાને ઇચ્છે છે એ મનુષ્યપણાની ગતિ માટે નહિ. મનુષ્યપણામાં જઈ અને મારા આત્માને સમ્યગ્દર્શન જ્ઞાન સહિત સંયમ થાય, એ માટે મને મનુષ્યપણું મળે એમ ભાવના કરે છે. આહાહા..! અરે..રે..! દેવગતિમાં સંયમ નહિ, ચારિત્ર નહિ. એ મનુષ્યગતિમાં આ મળે એ પ્રાપ્તિ માટે મનુષ્યગતિની ભાવના કરે છે. ગતિના પર્યાય માટે નહિ પણ આ ભાવ માટે (ભાવના કરે છે). આહાહા..!

(સુરસ-સુગંધસ્વભાવવાળા પુદ્ગલદ્રવ્યના સંબંધનો અભાવ) **'હોવાને લીધે મારે મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી.'** આહાહા..! છે? **'णाहं णारयभावो तिरियत्थो मणुवदेवपज्जाओ। कत्ता ण हि कारइदा अणुमंता'** એ ત્રણેમાં ત્રણ-ત્રણ લઈ લેવું. મનુષ્યગતિ, નરકગતિ, દેવગતિ કે તિર્યંચગતિ, એનો હું કર્તા પણ નથી, કરાવનાર પણ નથી, અનુમોદનાર નથી, તેનું હું કારણ પણ નથી. આહાહા..! આનું નામ સમ્યગ્દર્શન સહિતનું સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! અરે..! માણસને આકરું પડે. નવરાશ ન મળે. અને દુનિયા બધું કરે ભેગું. દુનિયા કરે, ભેગું અમે કરીએ છીએ. અમે ક્યાં નવું કરીએ છીએ? દુનિયા આખી કરે છે, (અમે પણ) ભેગું કરીએ છીએ. પણ બધા રખડીને મરશે. એમાં તારે પણ રખડીને મરવું છે? આહાહા..!

અહીં તો પરમાત્મા 'કુંદકુંદાચાર્ય'નો પોકાર છે. આહાહા..! એ ચાર ગતિના કારણો અને ચાર ગતિ મેં કરી નથી, મેં કરાવી નથી, એનું અનુમોદન મને નથી. તેમ તે ગતિનું કારણ તે હું નથી. આહાહા..! હું તો શુદ્ધજીવાસ્તિકાયના બળે આનંદ અને શાંતિનો સાગર તે હું છું. આહાહા..! અને મારી પર્યાયમાં તો આનંદ અને શાંતિ આવે, એ મારું કર્તવ્ય છે. આહાહા..! આ ગતિ આદિનું મારું કર્તવ્ય નહિ. ભાષા આદિનું મારું કર્તવ્ય નહિ. આ તો જડ છે. આહાહા..! આવી વાતું!

પછી કહે છે, **'ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો...'** આમાં નામ નથી આપ્યા. ચૌદ ભેદવાળા માર્ગણાસ્થાન છે. ગતિ, જાતિ, જ્ઞાનના ભેદો, દર્શનના ભેદો, ભવ્ય-અભવ્ય, એવા બધા ભેદો છે, તે સ્થાનો મારામાં નથી. આહાહા..! **'ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો...'** આત્મા કઈ અવસ્થામાં છે? લૌકિક બહાર. તે બધી અવસ્થાઓની માર્ગણાથી તો રહિત હું છું. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માર્ગણા એટલે ક્યાં, કઈ અવસ્થામાં હું છું? એવી જે માર્ગણા ગતિ, જાતિ, ભવ્ય, અભવ્ય, જ્ઞાનની પાંચ દશા, અજ્ઞાનની ત્રણ દશા, શ્રદ્ધા દશા આદિ ભેદો, એ બધા ભેદોમાં હું નથી. આહાહા..!

**'ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો...'** આમાં જુદા નામ નથી આપ્યા. પહેલા આવી ગયા છે. શેમાં આવ્યા છે? ૮૭ પાનું. પહેલા આવી ગયા છે. ચૌદ છે ને? એ **'ગતિ,...'** ગતિ. એ ગતિમાં હું નથી. આહાહા..! **'ઇન્દ્રિય,...'**માં હું નથી. પાંચ ઇન્દ્રિયમાં હું નથી. **'કાય,...'**માં હું નથી. ઔદારિક આદિ. **'યોગ,...'**માં હું નથી. મન, વચન, કાયાના યોગ. **'વેદ,...'**માં હું નથી. સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુસંકવેદ, એમાં હું નથી. આહાહા..! એ મારા શુદ્ધજીવાસ્તિકાયમાં આ બધા ભેદો છે નહિ. **'કષાય,...'** મારામાં નથી. પુણ્ય અને પાપનો ભાવ એ મારામાં નથી. હું તો શુદ્ધ જીવઅસ્તિ, જીવઅસ્તિ-કાય અસંખ્યપ્રદેશી પિંડ આનંદનો કંદ છું. **'જ્ઞાન,...'**ના ભેદ મારામાં નથી. આહાહા..! મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ અને ત્રણ અજ્ઞાન, એવા આઠ ભેદ મારામાં નથી. હું તો એક અખંડ જ્ઞાનસ્વરૂપી પ્રભુ છું. આહાહા..!

**'સંયમ,...'** ને અસંયમ એ મારામાં નથી. આ બધા ભેદો પર્યાય છે. આહાહા..! **'દર્શન,...'** ચક્ષુદર્શન, અચક્ષુદર્શન આદિ ભેદ મારામાં નથી. અવધિદર્શન, કેવળદર્શન એ ચાર ભેદ મારામાં નથી. એ તો ભેદ છે. હું તો અભેદ ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છું. ભારે આકરું કામ. **'લેશ્યા,...'** છ લેશ્યા, કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ, શુક્લ. કષાયસહિતનો યોગ ને લેશ્યા. એ હું નહિ. લેશ્યા અને અલેશ્યા એ પણ હું નહિ. અલેશ્યા પણ એક પર્યાય છે એ પણ હું નહિ. આહાહા..!

એમ **'ભવ્યત્વ,...'** અભવ્યત્વ હું નહિ. જુઓ! એ ભવ્યત્વ અને અભવ્યત્વ, મોક્ષને લાયક અને મોક્ષને લાયક એ હું નહિ. હું તો ત્રિકાળી જ્ઞાયક છું. આહાહા..! આ સાચું પ્રતિક્રમણ. પ્રતિ–પાછું હઠવું. પરભેદથી હટીને અભેદમાં આવવું, એનું નામ પ્રતિક્રમણ. આહાહા..! ઝીણો બોલ બહુ, ભાઈ! **'ભવ્યત્વ,...'** અભવ્ય હું નહિ. સમકિત ને સાસાદન, ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ એ બધા ભેદો એ હું નહિ. આહાહા..! નિમિત્ત તો હું નહિ, રાગ તો હું નહિ, પણ ભેદ હું નહિ. શુદ્ધજીવાસ્તિકાય મારું સ્વરૂપ ત્રિકાળ, પ્રભુ! જેની સત્તામાં આ જણાય છે, એ જાણનારો, જાણનારો તે પૂર્ણ સ્વરૂપે છે, તે હું છું. આ બધું જણાય છે એ તો જાણનારો જાણે છે. આ તો માટી પરવસ્તુ છે. જેની સત્તામાં જણાય છે કે આ છે. એવી સત્તા મારા જ્ઞાનની સત્તામાં ભેદ નથી. આહાહા..! એમ **'સંજ્ઞિત્વ,...'** અસંજ્ઞિત્વપણું. સંજ્ઞિ મનવાળા અને મન વિનાના. એ બેય હું નહિ. **'આહાર,...'** આહાર બેય હું નહિ. એ મારામાં નથી. છે?

**'ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો તથા તેટલા (ચૌદ) ભેદવાળાં જીવસ્થાનો...'** એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત એવા ભેદ, એ હું નહિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! પંચેન્દ્રિય હું નહિ, એકેન્દ્રિય હું નહિ, બે ઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત હું નહિ. આવું ક્યારે સાંભળે? આહાહા..! આખો દિ' ધમાલ. 'મુંબઈ' એ તો મોહનગરી. આહાહા..! એટલા કીધા ને? જીવસ્થાન એ હું નહિ. જીવના ચૌદ ભેદો.

**'શુદ્ધનિશ્ચયથી પરમભાવસ્વભાવવાળાને...'** આહાહા..! જે દૃષ્ટિ સમ્યગ્દર્શનનો વિષય, જે **'શુદ્ધનિશ્ચયથી પરમભાવસ્વભાવવાળાને (–પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને) તે ભેદો નથી.'** માર્ગણાના ચૌદ ભેદો નથી, જીવના ભેદ નથી, ગુણસ્થાનના ભેદ નથી. આહાહા..! ત્રણ લીધા. ચૌદ માર્ગણા, ચૌદ જીવસ્થાન, ચૌદ ગુણસ્થાન. ચૌદ તેરી બેતાલીસ (-૪૨). આહાહા..! એ હું નહિ. હું તો શુદ્ધજીવાસ્તિકાય, પરમાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, એ હું છું. એ પરથી હું પાછો ફરું છું. અને રહું છું આ, એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ છે. આહાહા..!

આવું ઝીણું પડે. પછી વાતું કરે, એ તો બધી 'સોનગઢ'ની વાતું છે. ઓલા ભાઈ કહેતા હતા. 'કાંતિભાઈ' આવ્યા હતા ને? એ ત્યાં ગયા હતા. ક્યું શું ગામ એનું? 'કુચામણ'. ત્યાં સાધુ હશે. 'રાજમલ'ની સાથે એને પ્રેમ છે. એકબીજાને મેળ ખાય એટલે ત્યાં જાય. એમાં કેટલીક વાતું ત્યાં સાધુને કરતા હશે. સાધુએ સાંભળ્યું. બહુ બોલ્યા નહિ. પણ એક આર્જિકા બોલ્યા, કે આ તો બધી 'સોનગઢ'ની વાત છે. કહો, સાચી વાત આવે તો એ 'સોનગઢ'ની. અને બહારની વ્યવહારની વાત આવે એ (અમારી). એ કહેતા હતા. ભાઈ ગયા ને? 'કાંતિભાઈ' કહે, હું ત્યાં ગયો હતો. 'રાજમલ' મારો મિત્ર છે. એકબીજાને મેળ ખાય. ત્યાં સાધુ છે અને આર્જિકા છે. એટલે કેટલીક વાતું કરી. પંદર દિ' રહ્યો એમ કાંઈક કહેતા હતા. એટલે પછી છેવટે આર્જિકા એમ બોલ્યા કે આ વાત તો 'સોનગઢ'ની છે. ચોથે ગુણસ્થાને અનુભૂતિ એ વાત 'સોનગઢ'ની છે. અનુભવ ચોથે ગુણસ્થાને ન હોય, અનુભૂતિ તો સાતમે ગુણસ્થાને હોય. કહો, હવે.. આહાહા..!

મુમુક્ષુ :– કોને આધારે કહેતા હશે?

ઉત્તર :– શુદ્ધ ઉપયોગ છે એ તો સાતમે ગુણસ્થાને હોય ને. નીચે હોય? આહાહા..! એ આર્જિકા બોલ્યા હતા. એમ કહીને કાઢી નાખ્યું.

આ પહેલેથી ચોથે ગુણસ્થાને... આ વાત પંડિતજીએ કાઢી હતી ને? 'જ્ઞાનસાગર'માં. 'સમયસાર' .. ચોથે ગુણસ્થાને. ટીકાનો ઉદ્દેશ ચોથે ગુણસ્થાને શુદ્ધોપયોગનો છે. એમ લખ્યું છે. પણ ટીકામાં પાંચમા ગુણસ્થાન ઉપરની પણ વાત છે. એમ નીચે પછી નાખ્યું છે. પણ આ ટીકાનો ઉદ્દેશ એવો લાગે છે, કે ચોથે ગુણસ્થાને સમકિતમાં શુદ્ધોપયોગમાં થાય છે. એમાં લખ્યું છે. આહાહા..! એ નથી ને? આહાહા..!

શુભ અને અશુભરાગ, એ તો અશુદ્ધ ઉપયોગ છે. એનાથી ખસીને ચૈતન્યદ્રવ્ય ઉપર આવવું, એ તો શુદ્ધઉપયોગ છે. આહાહા..! એ શુદ્ધઉપયોગમાં સમ્યગ્દર્શન થાય છે. હવે એને માનવું નહિ તો શું કરવું? શુદ્ધઉપયોગ પહેલા ગુણસ્થાને ન હોય, સાતમે ગુણસ્થાને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય. બસ, થઈ રહ્યું. જાવ. પણ સાતમે હોય તો પછી તું એમ કહે, કે શુદ્ધઉપયોગ સાતમે ગુણસ્થાને હોય તો કેટલો કાળ રહે? થોડો કાળ અને પછી છટ્ઠે ગુણસ્થાનમાં આવે. તો છઠ્ઠુ અને સાતમું ગુણસ્થાન તમને છે? 'પાટણીજી'! ભલે સાતમે તું કહે. પણ સાતમે ગુણસ્થાને રહે કેટલો કાળ? જો લાંબો કાળ રહે તો શ્રેણી માંડીને સર્વજ્ઞ થઈ જાય. એ તો અત્યારે છે નહિ. શુદ્ધ ઉપયોગમાંથી નીચે છટ્ઠે ગુણસ્થાને આવી જાય, અને છટ્ઠે ક્ષણિક રહે અને વળી સાતમે ગુણસ્થાને આવે, તો સાતમું નથી તો છઠ્ઠું પણ નથી, તો ગુણસ્થાન પણ નથી, તો મુનિ જ નથી. ઝીણી વાત. બિચારા શું કરે? વ્યવહારથી લઈને પડ્યા અને 'સોનગઢ'નું આવું નીકળ્યું. એટલે લોકોને બિચારાને આકરું પડે. માર્ગ તો આ છે, બાપુ! આહાહા..!

ચોથે ગુણસ્થાને સમકિતમાં અનુભૂતિ, સમ્યગ્દર્શન, સ્વરૂપનું આચરણ, એ બધું ચોથે ગુણસ્થાને ઉત્પન્ન થાય છે. દર્શન, જ્ઞાન ને સ્થિરતાનો અંશ બધું ચોથે ગુણસ્થાને ઉત્પન્ન થાય છે. મોક્ષના માર્ગની શરૂઆત ત્યાંથી છે. આહાહા..! હવે એ માને નહિ. કારણ કે એને છે નહિ. સાતમે હોય તો અત્યારે સાતમું અમારે કાંઈ આવતું નથી. સાતમું આવતું નથી તો છઠ્ઠું ગુણસ્થાન પણ નથી. છઠ્ઠું નથી તો મુનિ નથી. થઈ રહ્યું. આહાહા..! સમજાણું?

સાતમે ગુણસ્થાને શુદ્ધોપયોગ કહે તો સાતમાનો શુદ્ધઉપયોગ તો અલ્પકાળ રહે, વધારે રહેવા જાય તો શ્રેણી માંડે. એ તો અત્યારે છે નહિ. ત્યારે શુદ્ધઉપયોગ પાછો હટીને છટ્ઠે ગુણસ્થાને આવે ત્યારે જો છટ્ઠે આવે અને ક્ષણમાં રહીને પાછો સાતમે ગુણસ્થાને આવે, તો એ તો તમારે સાતમું છે નહિ. તો છઠ્ઠું નથી તો મુનિપણું પણ નથી. 'બાબુભાઈ'! આહાહા..! તમારા અનાદરને માટે નથી, પ્રભુ! આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..!

ભગવાન! બધાને પરમાત્મપણું આપો અને પરમાત્માની બુદ્ધિ થાઓ. કોઈની અવળી બુદ્ધિ ન રહો. એ તો ધર્મીની ભાવના હોય છે. પણ વસ્તુનું સ્વરૂપ છે તે પ્રમાણે આવે, બીજું શું આવે? આહાહા..!

એ અહીં કહે છે. એવા વિવિધ ભાવો જે ચૌદ ભેદો તે મારામાં નથી. પછી વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૭૬, ગાથા-૭૭ થી ૮૧, રવિવાર, કારતક સુદ ૮, તા.૨૮-૧૦-૧૯૭૯

---

'નિયમસાર' પરમાર્થ પ્રતિક્રમણ. યથાર્થ પ્રતિક્રમણ કોને કહે છે? ઝીણી વાત છે.

એ **'ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો...'** આહાહા..! જ્ઞાનની પર્યાયના ભેદો, ગતિના ભેદો, દર્શનના ભેદો, સમકિતના ભેદો, એવા જે ભેદો, એ મારો પરમસ્વભાવભાવ, એમાં એ નથી. ધર્મીને દૃષ્ટિમાં ત્રિકાળી પરમસ્વભાવભાવ લેતાં આ ભેદો તેમાં છે નહિ. આહાહા..! ચૌદ ભેદો એ નથી. તેમ ચૌદ જીવના ભેદો, પરમસ્વભાવભાવ વસ્તુ, જ્ઞાન આનંદનો સ્વભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમ જે ત્રિકાળ, તેવા અભેદ સ્વભાવમાં જીવના ચૌદ ભેદો નથી. આહાહા..! તેમ ચૌદ ગુણસ્થાનો નથી. આહાહા..! ગુણસ્થાન જે પર્યાયમાં ભેદો છે બધા, ચૌદમું ગુણસ્થાન અને તેરમું ગુણસ્થાન, એ પર્યાયના ભેદો ત્રિકાળી પરમસ્વભાવની દૃષ્ટિ કરતાં, તેમાં એ ભેદ છે નહિ. આહાહા..! ત્રણ (થઈને) બેતાલીસ (૪૨) આવ્યા. ચૌદ માર્ગણા, ચૌદ જીવસ્થાન, ચૌદ ગુણસ્થાન.

**'શુદ્ધનિશ્ચયથી...'** પરમ શુદ્ધનિશ્ચયનો સ્વભાવભાવ, એકરૂપ પરમસ્વભાવભાવ, એકરૂપ ત્રિકાળી સહજાત્મસ્વરૂપ ત્રિકાળી સ્વભાવ પારિણામિકભાવ કે જ્ઞાયકભાવ એ **'શુદ્ધનિશ્ચયનયથી પરમભાવસ્વભાવવાળાને...'** આહાહા..! હું તો પરમસ્વભાવભાવવાળો મારો આત્મા (છે). પરમસ્વભાવભાવ. પરમભાવસ્વભાવવાળો એમ ભાષા લેવી. પરમભાવસ્વભાવવાળો. પરમભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, શુદ્ધ પારિણામિકભાવ, એવા **'પરમભાવસ્વભાવવાળાને (–પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને) નથી.'** આહાહા..! અભેદ દૃષ્ટિમાં એ ભેદ છે નહિ. એ બધા ભેદ તો વ્યવહારનયનો વિષય છે. છે એટલું જાણવાલાયક છે, આદરવાલાયક એ નથી. આહાહા..! પરમભાવ સ્વભાવવાળું તત્ત્વ, પરમભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ, એવું સ્વભાવવાળું તત્ત્વ, જેનો સ્વભાવ પરમભાવ, એમાં ભેદો નથી. ઓહોહો..! આ સમ્યગ્દર્શનનો વિષય. ઝીણું પડે પણ માર્ગ તો આ છે. આહાહા..!

વર્તમાન પર્યાયને ત્રિકાળી પરમભાવસ્વભાવ તરફ વાળવી, તેમાં પણ પરમસ્વભાવભાવમાં એ પર્યાય જે વાળી એ પણ એમાં નથી. આહાહા..! આવો માર્ગ! પરમશાંત, શીતળ ચંદ્ર સ્વભાવ જેમ શીતળ એમ પરમ શીતળ સ્વભાવ એવો આત્મા, પૂર્ણ સ્વભાવ, એકરૂપ ભાવ, અભેદ ભાવ એમાં આ ભેદ મારે નથી. આહાહા..! કહો, હવે અહીંયાં તો હજી ધંધા અને વેપારમાં.. હમણા ગાયું નહિ? સરવાળો માંડજો. શું જીંદગીનો સરવાળો? શું કર્યું તમે જિંદગીમાં? સરવાળો માંડજો. આહાહા..!

હું... એમ કહ્યું ને? પરમસ્વભાવ, **'પરમભાવસ્વભાવવાળાને...'** પરમભાવસ્વભાવવાળાને, એટલે જેણે દૃષ્ટિમાં પરમસ્વભાવભાવ લીધો, એને-મને આ ભેદો મારામાં નથી. આહાહા..! અહીં સુધી જાવું. એ વિના સમ્યગ્દર્શન ન હોય, સમ્યગ્જ્ઞાન ન હોય, (સ્વરૂપના) આચરણનો આનંદ પણ અભેદની દૃષ્ટિ વિના ન થાય. આહાહા..!

ભાષા કેવી છે? કે **'શુદ્ધનિશ્ચયનયથી...'** શુદ્ધ નિશ્ચયસ્વભાવની ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિથી, **'પરમભાવસ્વભાવવાળાને...'** એટલે કે મને. હું **'પરમભાવસ્વભાવવાળાને...'** એટલે જેણે પરમભાવસ્વભાવ દૃષ્ટિમાં લીધો તેને, મને તે આ ગુણસ્થાન અને ભેદ છે નહિ. આહાહા..! હવે અહીં તો દયા, દાન, વ્રત કરો (તો) કલ્યાણ થાય, ભાઈ! આ તો ચોથે ગુણસ્થાને પરમસ્વભાવવાળાને.

ચૈતન્યદળ વસ્તુ જે આખી પડી છે, સત્ તત્ત્વ, આત્મતત્ત્વ, જે વસ્તુનું દળ–તત્ત્વ છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પરમસ્વભાવવાળાને, પરમભાવસ્વભાવવાળાને... આહાહા..! મારો પરમભાવસ્વભાવવાળાને, મને એ માર્ગણા, જીવસ્થાન ને ગુણસ્થાન નથી. આહાહા..! અહીં સુધી જાય ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહાહા..! સમ્યગ્દર્શન પણ જેનો વિષય નથી. ચોથું ગુણસ્થાન, તેરમું ગુણસ્થાન પણ જેનો વિષય નથી. આહાહા..! જે દૃષ્ટિ પર ઉપર અને ભેદ ઉપર ને પર્યાય ઉપર છે, એ દૃષ્ટિની ગુલાંટ ખાતા પરમભાવસ્વભાવવાળો હું. એમ દૃષ્ટિએ જ્યારે પરમભાવસ્વભાવને પકડ્યો, ત્યારે કહે છે કે પરમભાવસ્વભાવવાળા એવા મને આ ભેદો નથી. આહાહા..! હવે અહીં તો તકરાર (કરે). બહારના વાંધા. નિમિત્તથી થાય અને ક્રમબદ્ધ નહિ ને પર્યાયમાં પણ દયા, દાનના કષાય મંદના ભાવ કરવાથી, સરાગચારિત્ર કરવાથી વીતરાગચારિત્ર થાય. આહાહા..!

અહીં તો (કહે છે), દૃષ્ટિના વિષયમાં પરમભાવસ્વભાવવાળો એવો હું, તેને મારી ચારિત્રની પર્યાયના ભેદ પણ એ મારી ચીજમાં નથી. આહાહા..! છે? **'પરમભાવસ્વભાવવાળાને...'** એટલે કે એવા મને.. એવા મને. કથનમાં કહેવું હોય તો શું કરે? પરમભાવસ્વભાવ નિધાન, જેના એક જ્ઞાનગુણમાં કેવળની પર્યાયો અનંતી અનંતી પડી છે એવો એક જ્ઞાનગુણ, ક્ષાયિક સમકિતની પર્યાય જે અનંતી અનંતી છે એવો એક શ્રદ્ધાગુણ. આનંદની પર્યાય પરમાત્માને અનંત અનંત આનંદ પ્રગટ્યો, એવા અનંત આનંદની અનંતી પર્યાય જેમાં ભરેલી છે એવા આનંદમાં, એવો આનંદાદિ ગુણનો સ્વભાવ એવો પરમભાવ... આહાહા..! એવા **'પરમભાવસ્વભાવવાળાને...'** એટલે કે એવા મને, એમ. આહાહા..! ગજબ કામ છે, પ્રભુ! માર્ગ બહુ ઝીણો છે. આહાહા..!

અહીં તો બહારની ધમાલથી જાણે આમ કર્યું... આ કર્યું... આ કર્યું... મંદિર બનાવ્યું ને ૨૫ લાખનું મંદિર બનાવ્યું, ૫૦ લાખનો ખર્ચ કર્યો અને એનાથી ધર્મ થશે. આહાહા..! રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે. પણ એ પુણ્ય પણ મારા પરમભાવસ્વભાવવાળાને નથી. આહાહા..! ત્રણકાળ, ત્રણલોકમાં રહેલો ભગવાન મારું સ્વરૂપ, પરમભાવસ્વભાવ, પરમભાવસ્વભાવ... આહાહા..! એવા મને... એવા મને આ ભેદો નથી. આહાહા..! એનું નામ પરથી હટીને અભેદમાં ગયો તેનું નામ નિશ્ચયપ્રતિક્રમણ છે. આહાહા..!

હવે બીજી વાત લે છે. **'મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયાના,...'** નારકી અને દેવ નથી લીધા. કારણ કે એ તો નારકીનું શરીર તો ... દેવનું શરીર અનુકૂળ.. હવે આ તિર્યંચ અને મનુષ્ય બેની વાત લીધી. અને એ જ પોતે સમકિત પામી શકે છે. તિર્યંચ પાચમું ગુણસ્થાન પામી શકે છે, મનુષ્ય કેવળ પામી શકે છે. નારકી અને દેવ તો ચોથા ગુણસ્થાનને પામી શકે. આગળ વધી શકે નહિ. એથી એની દેહની વાત ન લીધી. અહીં તો **'મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયા...'** આ શરીર, એમાં **'વયકૃત વિકારથી...'** વયકૃત વિકાર. શરીરની અવસ્થારૂપી વય. બાળવય, યુવાનવય, સ્થવિરવય, વૃદ્ધવય, એવા **'(ફેરફારથી) ઉત્પન્ન થતા**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**બાળ-યુવાન-સ્થવિર-વૃદ્ધાવસ્થારૂપ અનેક સ્થૂલ-કૃશ વિવેધ ભેદો...**' આહાહા..! શરીરની અવસ્થા બાળ, યુવાન અને વૃદ્ધ અને સ્થવિર. એ બધી અવસ્થાઓ મારે નથી. આહાહા..! હું યુવાન નથી, હું વૃદ્ધ નથી, હું બાળક નથી, હું સ્થવિર નથી. આહાહા..!

એવા '**ભેદો શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયે...**' શુદ્ધનિશ્ચયનો જે અભિપ્રાય, ત્રિકાળી પરમ એકરૂપ સ્વભાવભાવના અભિપ્રાયે, બાળ-યુવાન-વૃદ્ધ અવસ્થા આદિ મારે નથી. આહાહા..! ૨૫-૩૦ વર્ષની યુવાન અવસ્થા. ફાટેલું શરીર હોય, પાંચ-પાંચ ચુરમાના લાડવા ઉડાવતા હોય. પતરવેલીયા સાથે લે. ચાલે તો જમીન ધ્રુજે, જોડા પહેરેલા હોય ને... આહાહા..! બાપુ! શરીરની અવસ્થાની દશા એ આત્માની નથી. આહાહા..! ભાઈ! એ તો જડની દશા છે. એ વયકૃત વિકાર છે. બાળ-યુવાન એ બધો વયકૃત વિકાર છે. સ્વભાવમાં નથી. આહાહા..! અહીં જાવું.

યુવાન અવસ્થા. ચક્રવર્તીનો પુત્ર હોય, તીર્થંકરનો પુત્ર હોય... આહાહા..! જેની દેવો સેવા કરતા હોય, તેની દેવ પણ સંભાળ કરે. આહાહા..! એવું જે યુવાન શરીર, રૂપાળું, પહેલા સંઘયણવાળું. પણ આ બાળ-યુવાન-વૃદ્ધ-સ્થવિર એ વયકૃત અવસ્થા, એ શરીરની સ્થિતિ-અવસ્થા છે. એ મારે નથી, હું એમાં નથી, મારામાં એ નથી. આહાહા..! એ અંતરમાં ઉતારવું, બાપુ! એ અપૂર્વ વાત છે. આહાહા..!

એ બાળ અવસ્થા, યુવાન અવસ્થા, સ્થવિર.. ૫૦-૬૦-૭૦ વર્ષની ઉંમરે સ્થિર થયો. '**વૃદ્ધાવસ્થાદિરૂપ અનેક સ્થૂલ-**' શરીરનું સ્થૂળ. '**કૃશ...**' પાતળું, જાડું, લઠ્ઠ. આહાહા..! એવા '**વિવિધ ભેદો શુદ્ધનિશ્ચયના અભિપ્રાયે...**' મારા સમ્યગ્દર્શનના અભિપ્રાયે... આહાહા..! એના વિષયમાં જે અખંડ પરમાત્મા છે, તેમાં મારે આ અવસ્થાઓ નથી. આહાહા..! યૌવન અવસ્થા છતી ચીજ છે, એ મારી છતી ચીજમાં એ છતી નથી. આહાહા..! રૂપાળું શરીર હોય, સુંદર શરીર હોય, બધા અવયવો નમણા હોય, કુણા હોય, પાતળા હોય, કહે છે કે એ બધી અવસ્થાઓ સ્થૂળ કે કૃશ લઠ્ઠ જેવી હોય કે પાતળી હોય (એ મારે નથી). આહાહા..! લોકો નથી કહેતા કે મારી કાઠી પાતળી છે. શરીર પાતળું છે, મારું શરીર દળદાર છે, પુષ્ટ છે. અરે..! પ્રભુ! એ તો જડની દશા છે ને. એ આત્મામાં ક્યાંથી આવી? આત્મા એ દશાને અડતો પણ નથી ને. આહાહા..! યુવાન-બાળ-વૃદ્ધ અવસ્થાને આત્મા અડતો પણ નથી ને. આહાહા..! અને યુવાનની ઇન્દ્રિયો જે પુષ્ટ થાય એને પણ આત્મા અડતો નથી અને આત્માથી ઇન્દ્રિયની પુષ્ટિ થતી નથી. આહાહા..! એ તો જડની દશા (છે). આહાહા..! એ લિંગ આદિ કઠણ થાય કે નબળું પડે કે પાતળું પડે કે નપુસંકતા થાય, એ બધી જડની દશા છે. આહાહા..! મને નથી.

બાહ્યમાં કોઈ મનુષ્ય નપુંસક હોય, છતાં એ સમકિત પામી શકે છે. નારકી તો બધા નપુંસક જ છે. એની વાત લીધી નથી. દેવમાં નપુંસક છે નહિ. ત્યાં બધા દેવી ને દેવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્ત્રી અને પુરુષ જ છે. અહીંયાં તિર્યંચ અને મનુષ્યમાં વયકૃત ભેદ પડે છે. બાળ, વૃદ્ધ, યુવાન, સ્થવિર. આહાહા..! એ બધા ભેદો શુદ્ધનિશ્ચય મારો પ્રભુ સ્વભાવ, પરમસ્વભાવભાવ એવા મારે એ (ભેદો) છે નહિ. આહાહા..! પછી.

**'સત્તા,...'** મારી, **'અવબોધ,...'** જ્ઞાન. **'પરમચૈતન્ય (સ્વરૂપ) અને સુખની અનુભૂતિમાં...'** આહાહા..! **'લીન એવા વિશિષ્ટ આત્મતત્ત્વને ગ્રહનારા...'** આહાહા..! અહીં તો ચોથે ગુણસ્થાનથી... આહાહા..! અનુભૂતિ લીધી છે ને? **'સત્તા, અવબોધ, પરમચૈતન્ય અને સુખની અનુભૂતિમાં લીન એવા વિશિષ્ટ આત્મતત્ત્વ...'** એવું જે મારું ખાસ આત્મતત્ત્વ, કે જે હું આત્મતત્ત્વની અનુભૂતિમાં છું. આહાહા..! તેમાં **'શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે...'** શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન છે, તેના **'બળે મારે સકળ મોહરાગદ્વેષ નથી.'** મોહ અને સકળ રાગ મારા સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..!

જુઓ! આ પ્રતિક્રમણ. પ્રતિ–પાછું ખસવું, પાછું હઠવું. આહાહા..! પાછા હઠીને છે ત્યાં એકાગ્ર થાવું. ઝીણી વાતું, ભાઈ! વીતરાગધર્મ બહુ અલૌકિક છે. લોકોએ બહારથી મનાવીને ચલાવી લીધો છે. વ્રત કર્યા, અપવાસ કર્યા, શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું એટલે થઈ ગયો ધર્મ. એ ધર્મ નથી. આહાહા..! એ શરીરથી ક્રિયા ન થઈ. એ મેં નથી કર્યું માટે ન થઈ. આહાહા..! અને મને રાગ થયો માટે શરીરની વિષયની ક્રિયા થઈ, એ પણ જૂઠી વાત છે. આહાહા..! અને મેં વિષયનો રાગ ન કર્યો તેથી શરીરની વિષયની ક્રિયા ન થઈ, એ પણ જૂઠી વાત છે. આહાહા..! એ શરીરની અવસ્થા તો શરીરને કારણે થઈ છે. એ (તો) મારામાં નથી પણ મારામાં મોહ અને રાગ-દ્વેષ એ પણ નથી. આહાહા..! આકરું પડે.

અહીં તો એમ કીધું ને? **'સુખની અનુભૂતિમાં લીન...'** આહાહા..! મારો પ્રભુ અતીન્દ્રિય આનંદથી ભરેલો, એકલો જ્ઞાન અને આનંદનો કંદ-દળ, અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનું દળ, ધ્રુવ સત્ત્વ, તત્ત્વ, એમાં લીન. આહાહા..! એવા મને **'વિશિષ્ટ આત્મતત્ત્વ...'** એવો જે છે, તેને ગ્રહનારો જે શુદ્ધદ્રવ્યાર્થિક નય છે. આવું જે તત્ત્વ છે, તેને ગ્રહનારો જે શુદ્ધદ્રવ્યાર્થિક—શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન છે તે તેને પકડે છે. એના **'બળે મારે સકળ મોહરાગદ્વેષ નથી.'** આહાહા..! ભગવાનની પૂજા ને દયાનો ભાવ શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે મારામાં નથી. એટલે? શુદ્ધદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિનું બળ આવવાથી શુદ્ધ દ્રવ્યના પ્રયોજનની જે દૃષ્ટિ થતાં મારામાં મોહ અને રાગ-દ્વેષ છે નહિ. આહાહા..! પર્યાયમાં છે તે જાણવા લાયક છે. આદરવા લાયક તો આ ચીજ છે. આહાહા..!

હવે (કહે છે), **'સહજ નિશ્ચયનયથી...'** સ્વભાવિક નિશ્ચયદૃષ્ટિથી **'(૧) સદા નિરાવરણસ્વરૂપ,...'** મારો પ્રભુ ત્રિકાળી નિરાવરણ છે. સકળ નિરાવરણ છે. વસ્તુને કોઈ દિ' આવરણ થયું નથી. આહાહા..! ૩૨૦ ગાથામાં આવ્યું છે. સકળ નિરાવરણ. આહાહા..! વસ્તુ છે, તત્ત્વ છે, જ્ઞાયકભાવથી ભરેલો, આનંદથી ભરેલો પદાર્થ (છે) એને આવરણ કેવું?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! એ તો પર્યાય ને રાગનો સંબંધ ને આવરણ પર્યાયમાં કહેવાય. વસ્તુમાં આવરણ-ફાવરણ છે નહિ. વસ્તુને આવરણ થાય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. સમજાય છે કાંઈ? વસ્તુ છે એ જો ઢંકાય તો તો અવસ્તુ થઈ જાય. આહાહા..!

સહજ નિશ્ચયના સ્વભાવને કારણે **'(૧) સદા નિરાવરણસ્વરૂપ, (૨) શુદ્ધજ્ઞાનરૂપ,...'** હું. હું સદા સહજ ચૈતન્યના નિશ્ચયનયથી **'(૧) સદા નિરાવરણસ્વરૂપ, (૨) શુદ્ધજ્ઞાનરૂપ, (૩) સહજ ચિત્શક્તિમય,...'** આહાહા..! સ્વાભાવિક ચિત્શક્તિ. આહાહા..! એ લીધું છે. સ્વાભાવિક ચિત્શક્તિ. સ્વાભાવિક જ્ઞાનનું દળ. સ્વાભાવિક જ્ઞાનનું દળ. એ ત્રિકાળ જે સ્વાભાવિક જ્ઞાનનું દળ અને **'(૪) સહજ દર્શનના સ્ફૂરણથી...'** સહજ દર્શનના સ્ફૂરણથી **'પરિપૂર્ણ મૂર્તિ...'** આહાહા..! **'(--જેની મૂર્તિ...'** સહજ સ્વરૂપ **'સ્વરૂપ સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ છે...)'** પૂર્ણ છે, પ્રગટ પ્રગટ છે, વ્યક્ત છે. સંપૂર્ણ દર્શન પ્રગટ છે, વ્યક્ત છે પરિપૂર્ણ ભરેલું તત્ત્વ આખું. આહાહા..!

**'અને (૫) સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...'** ચારિત્ર લે છે. **'સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા...'** મારું સ્વરૂપ તો ચારિત્ર, યથાર્થ સ્વરૂપ ચારિત્ર ત્રિકાળ, ત્રિકાળ યથાખ્યાત ચારિત્રસ્વરૂપ મારું સ્વરૂપ છે. આહાહા..! સહજ નિરાવરણ, સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચિત્શક્તિ અને સહજ યથાખ્યાત ચારિત્ર. આહાહા..! આ પ્રગટ પર્યાયની વાત નથી. વસ્તુ સ્વરૂપ અકષાયસ્વરૂપ છે-વસ્તુસ્વરૂપ વીતરાગસ્વરૂપ છે. એ વીતરાગસ્વરૂપ છે એ યથાખ્યાત ચારિત્રસ્વરૂપ છે. આહાહા..! પર્યાયમાં જે યથાખ્યાત પ્રગટે છે, એ યથાખ્યાત ચારિત્ર સ્વભાવમાંથી પ્રગટે છે. યથાખ્યાત ચારિત્ર સ્વરૂપ હું ત્રિકાળ છું. આહાહા..!

આવી વાત બહાર આવે તો કેટલાક કહે છે, એ તો 'સોનગઢ'ની વાત છે. વ્યવહારની વાત આવે તો એ આપણી. અરે...! ભગવાન! 'સોનગઢ' એટલે સોનું. એને કાટ ન હોય. એમ ભગવાન ત્રિલોકના નાથને કાટ અને આવરણ કેવા? પ્રભુ! આહાહા..! એ લોઢાને કાટ હોય, સોનાને ન હોય. એમ સુવર્ણ સમાન ભગવાન યથાખ્યાત ચારિત્ર સંપન્ન સ્વરૂપ પ્રભુ... આહાહા..! ત્રિકાળ. કઠણ પડે પણ વસ્તુ તો આવી જ છે, ભાઈ! એને કોઈ રીતે હળવી, ને મોળી ને વિકારી અને અલ્પતાવાળી માનવી એ બધી વિપરીતતા છે. આહાહા..! સમજાય છે?

**'સહજ...'** બધું લીધું. **'શુદ્ધનિશ્ચયથી (૧) સદા નિરાવરણસ્વરૂપ, (૨) શુદ્ધજ્ઞાનરૂપ, (૩) સહજ ચિત્શક્તિમય,...'** વીર્યવાળું ચિતશક્તિ. દર્શનરૂપ. પરિપૂર્ણ દર્શનની સ્ફૂરણા અને સહજ **'અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા...'** આહાહા..! તત્ત્વ જે છે વસ્તુ આત્મા, યથાખ્યાત ચારિત્રના સ્વરૂપથી ભરેલું છે એ. આહાહા..! એવું સ્વરૂપ જો ન હોય તો યથાખ્યાત (ચારિત્ર) પર્યાયમાં આવે ક્યાંથી? બહારથી આવે છે? આહાહા..! વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન છે. એ એવો છે તો પર્યાયમાં તેના આશ્રયે વીતરાગતા આવે છે. આહાહા..! પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ભગવાન છે તો એને આશ્રયે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. પૂર્ણ દર્શનસ્વરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે તો એને આશ્રયે પૂર્ણ દર્શન પ્રગટ થાય છે. પૂર્ણ વીર્ય પ્રભુસ્વરૂપ છે, પૂર્ણ વીર્યસ્વરૂપ છે, તો અનંત વીર્યની પર્યાય પ્રગટ થાય છે. આહાહા..! આવો માર્ગ. એ તો નિશ્ચયની વાત છે, નિશ્ચયની વાત છે. પણ નિશ્ચયની એટલે સાચી વાત છે. એમ કહીને કાઢી નાખે. એ તો નિશ્ચયની વાત છે. અને બહુ તો એવું થઈ ગયું છે, એ તો 'સોનગઢ'ની વાત છે. નિશ્ચયની સાચી વાત તે 'સોનગઢ'ની અને આપણી વ્યવહારની વાત ખોટી એ આપણી.

મુમુક્ષુ :– એવો ભાગ પાડવામાં શું વાંધો છે?

ઉત્તર :— વાંધો એને પોતાને છે. એને ખતવવું છે કે અમે પણ આ વ્યવહાર કરતાં કરતાં ધર્મી છીએ, એમ એને કહેવું છે. અમે શુભભાવમાં રહ્યા છતાં પણ અમારે ધર્મ છે. અમે સાધન કરીએ છીએ. આહાહા..! શું થાય? પ્રભુ! ભગવાન! પૂર્ણાનંદ પ્રભુ તું છો, નાથ! તને એવી બુદ્ધિ પ્રગટો, અને પૂર્ણાનંદને પ્રાપ્ત થાય. છો એવો થા. એવી જ વસ્તુની સ્થિતિ છે. આહાહા..! કોઈ પ્રાણી વિરોધ કરે અને વિરોધથી હલકામાં જાય એ ભાવના ધર્મીની હોય નહિ. આહાહા..! ગમે તેટલો વિરોધ હો પણ પ્રભુ! તું તો આવો છો ને નાથ! એ છો તેમાં આવ ને. તો છે તેમાં આવ તો છે એવી દશા તને પ્રગટ થશે. આહાહા..! આવું છે. 'હીરાલાલજી' નથી આવ્યા? 'મુંબઈ' ગયા હશે. આહાહા..! બહુ સરસ વાત. આહાહા..!

સ્વભાવિક નિશ્ચયસ્વરૂપથી, સત્ય સ્વરૂપથી તે સહજ ચિત્શક્તિમય, સહજજ્ઞાનમય, સહજચારિત્રમય... આહાહા..! સહજવીર્યમય, સહજદર્શનમય સ્વભાવસ્વરૂપ. સ્વભાવને કોઈ સંખ્યા, એને કોઈ ક્ષેત્રની મોટપની જરૂર નથી. મોટું ક્ષેત્ર હોય તો મોટો એમ નથી. આહાહા..! નિગોદના જીવ એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંતા રહ્યા છે, તે પણ એક એક આત્મા આવા છે. આહાહા..! સદાય કીધું ને? સદાય નિરાવરણ કીધું છે ને? કે ક્યારેક એમ છે? આહાહા..!

પ્રભુ! કહે છે, નિગોદના જીવ, જેનો એક શ્વાસ આયુષ્ય સરખું ... પણ ભિન્ન-ભિન્ન તત્ત્વ છે. અને તે ભિન્ન તત્ત્વ પરિપૂર્ણ આવું છે. એમાં પણ આવું જ છે. પર્યાયમાં ફેર છે વસ્તુ તો આવી જ છે. આહાહા..! નિગોદમાં હોય કે અભવિ હોય, લ્યો ને. આહાહા..! પણ એનો આત્મસ્વભાવ તો આવો જ છે. એ પર્યાયમાં પ્રગટ ન થાય, એની લાયકાત ન હોય એ જુદી વસ્તુ છે. છતાં પણ અભવિની વસ્તુ તો આવી જ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..! એ અભવિ કોઈ ગુણ નથી, અભવિ પર્યાયની લાયકાત અને યોગ્યતા છે. ભવિ પણ એવો કોઈ ગુણ નથી. ગુણ હોય તો તો ત્રિકાળ રહે. ભવિપણું ગુણ હોય તો ત્રિકાળ રહે તો ભવ્યપણું કોઈ દિ' જાય જ નહિ. અને એ ભવ્યપણું એ તો પર્યાયની લાયકાત છે. અહીં તો કહે છે હું તો આવો છું એમાં તો ભવિપણું પણ મારામાં નથી. એય..! આહાહા..! એ ચૌદ માર્ગણામાં આવી ગયું ને? ચૌદ માર્ગણા. ભવિ-અભવિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હું નથી. આહાહા..!

હવે અહીં તો અત્યારે એમ કહે છે, કે આપણે ભવિ છીએ કે અભવિ? કાળલબ્ધિ પાકી છે કે નહિ પાકી? એ સર્વજ્ઞ જાણે. આપણને ખબર ન પડે. અરે..રે..! પ્રભુ! પ્રભુ! શું કરે છે? ભાઈ! આહાહા..! આ શોભતું નથી, નાથ! મહાપ્રભુ ચૈતન્યનો, આનંદનો સાગર, એને તું હજી ભવિ-અભવિ છીએ કે નહિ એ ખબર નથી એમ તું કહે, અને કાળલબ્ધિ પાકી છે કે નહિ એ કેવળી જાણે. શું તું કહેવા માગે છે? ભાઈ! આહાહા..! એમ કહે છે. એક 'જ્ઞાનમતિ' છે ને. 'દિલ્હી'માં ૨૫ લાખનું જંબુદ્વીપ બનાવ્યું છે. અહીં 'હસ્તિનાપુર'માં મેરુ પર્વત બનાવ્યો છે. એ એમ કહે છે. છાપામાં આવ્યું હતું. આપણે ભવિ છીએ કે અભવી છીએ? કે કાળલબ્ધિ પાકી ન પાકી એ સર્વજ્ઞ જાણે. અર..ર..! પ્રભુ! પ્રભુ! તેં આ શું વાત કરી? આવી બુદ્ધિ પ્રભુ તને ક્યાંથી આવી? આહાહા..! ભવિ અને અભવિ હું નથી. હું તો ત્રિકાળી નિરાવરણ અખંડાનંદ પ્રભુ છું. આહાહા..! છે?

**'યથાખ્યાત ચારિત્રવાળા એવા મને...'** આચાર્ય પોતે કહે છે. **'એવા મને...'** પંચમઆરાના છદ્મસ્થ મુનિ... આહાહા..! ભગવાનના (નિર્વાણના) હજાર વર્ષ ગયા પછી 'અમૃતચંદ્રાચાર્ય' પોકારે છે. આહાહા..! આ 'પદ્મપ્રભમલધારિદેવ' (પોકાર કરે છે). **'એવા મને સમસ્ત સંસારક્લેશના હેતુ ક્રોધ-માન-માયા-લોભ નથી.'** આહાહા..! મને નથી, એમ કહે છે. ભગવાન પોતે નથી, કેવળી નથી, છતાં પોતે કહે છે. આહાહા..! તે પંચમઆરાના મુનિ (કહે છે). આહાહા..! ત્યાં આરો ક્યાં છે? એ તો ત્રિકાળ નિરાવરણ પ્રભુ છે. સ્વાભાવિક ચિત્શક્તિ, સ્વાભાવિક જ્ઞાન, સ્વાભાવિક વીર્ય, સ્વાભાવિક દર્શન, સ્વાભાવિક ચારિત્ર, એ સ્વભાવ જેનો.. જેનો સ્વભાવ છે તેને મર્યાદા શું? જેનો સ્વભાવ છે એ તો અનંત... અનંત... અનંત... અનંત... આહાહા..! અનંત (સ્વભાવ) જેનો છે, જેની દરેક ગુણની શક્તિનું સામર્થ્ય જ અનંત છે. એવા ગુણનો ધરનાર એવો હું... આહાહા..!

**'મને...'** છે ને? બધામાં એમ આવ્યું. ઓલામાં પણ એમ આવ્યું હતું, નહિ? મારે દેવપર્યાય નથી. એમ આવ્યું હતું ને? જુઓને. મારે ભેદો નથી, મારે મનુષ્ય-તિર્યંચ-વયકૃત નથી, મારે આ સકળ-મોહરાગદ્વેષ નથી. આહાહા..! પંચમઆરાના જીવ. એ પંચમઆરાનો જીવ જ નથી. આહાહા..! એને કોઈ આરો-કાળ લાગુ પડતો જ નથી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા હજાર વર્ષ પહેલા.. આ તો પછી થયા. આઠસો વર્ષ થયા. એ 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ. 'કુંદકુંદાચાર્ય'ના પાઠમાં છે એમાંથી કહ્યું છે ને? પંચરત્ન. ગાથામાં ... છે. **'णाहं णारयभावा'** છે ને? નથી મને નારકભાવ, તિર્યંચભાવ, નથી મને **'मग्गणठाणो णाहं गुणठाण'** એ 'કુંદકુંદાચાર્ય' કહે છે. આહાહા..! મારો પ્રભુ સ્વભાવથી ભરેલો ત્રિકાળ છે. તેમાં આ બધું છે નહિ. આહાહા..! એ કાંઈ વાતે વડા થાય એવું નથી. આહાહા..! એના અંતર વીર્યનું કામ, અંતરના પરમસ્વભાવભાવને કબુલે... આહાહા..! હું આ છું મને આ નથી. હું આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છું, મને આ નથી. આહાહા..! અસ્તિ-નાસ્તિ. અનેકાંત. આહાહા..!

ભગવાન છે ને બધા... આહાહા..! અમૃતના સાગરથી ભરેલા પ્રભુ છે ને, ભાઈ! અલ્પજ્ઞ અને વિકાર એ તારું સ્વરૂપ છે જ નહિ. તારા સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! દેહ પણ તારું સ્વરૂપ નથી, રાગ તારું સ્વરૂપ નથી, ભેદ પણ તારું સ્વરૂપ નથી. આહાહા..! ધ્રુવ ભગવાન પૂર્ણાનંદનો નાથ, જ્ઞાનનો સાગર, આનંદનો સાગર, યથાખ્યાત ચારિત્રનો પિંડ પ્રભુ! આહાહા..! અરે..! પણ યથાખ્યાત ચારિત્ર તો અગિયારમે, બારમે ગુણસ્થાને પ્રગટે. એ તો પર્યાયની વાત છે. ઇ ક્યાં અહીં વાત છે? અહીં તો ત્રિકાળ. યથાપ્રસિદ્ધ જેવું એનું સ્વરૂપ છે, તેવો ચારિત્રવાળો એ પોતે ભગવાન છે, ત્રિકાળ છે. એ નિગોદમાં પણ એવો છે. પણ એને ખબર નથી.

અહીં તો કહે છે, હું આવો છું. આહાહા..! એવા બધા ભગવાન એવા છે. આહાહા..! જેવો હું છું, તેવો જ બીજા બધા આત્માને હું માનું છું. બધા આત્માઓ પરિપૂર્ણ પ્રભુ છે. આહાહા..! શરીરને ન જો, પર્યાયને ન જો, રાગને ન જો, મારો પ્રભુ પૂર્ણ ભગવાનથી ભરેલો છે ને. ભગ એટલે લક્ષ્મીથી ભરેલો, પૂર્ણ લક્ષ્મીથી ભરેલો પ્રભુ છે. આહાહા..! એવા મને... આહાહા..! છે? નથી, મારે નથી. આહાહા..! એ ક્રોધ-માન-માયા-લોભ મારે નથી.

**'મને સમસ્ત સંસારક્લેશના હેતુ...'** સંસારનો હેતુ જે ક્રોધ-માન-માયા-લોભ કષાય, જે સંસારનો લાભ, મારા સ્વરૂપમાં છે જ નહિ. અહીં તો આનંદના લાભવાળો ભગવાન હું છું. આહાહા..! આત્માને માનવો એ કાંઈ સાધારણ વાત નથી. આવા આત્માને માનવો. આવો આત્મા. આત્મા એટલે આત્મા એમ નહિ. આહાહા..! આવા સ્વભાવવાળો ભરેલો, દરેક સમયે પરિપૂર્ણ પ્રભુ! સહજ નિરાવરણ ચૈતન્યશક્તિ, જ્ઞાન, દર્શન અને યથાખ્યાત ચારિત્રથી પરિપૂર્ણ પ્રભુ! એવા મને ક્રોધ-માન-માયા-લોભ નથી.

અરે..! પ્રભુ! પંચમઆરાના તમે સાધુ અને ભગવાન પછી પંદરસો વર્ષે થયા. આહાહા..! હજાર વર્ષ. તો આ તમને આવી ક્યાંથી ખબર પડી? આહાહા..! એ અમે છીએ ને બાપુ! અમે છીએ તેની ખબર પડી છે. આહાહા..! પણ તમે ભગવાનને પૂછવા ગયા નથી. 'કુંદકુંદાચાર્ય' તો વળી ગયા હતા. પણ તો એ તો સમકિતી .... આહાહા..! પ્રભુ! તમે કેવળી પરમાત્મા બિરાજે છે ત્યાં ગયા નથી અને પંચમઆરાના તમે સાધુ આવી વાતું કરો. અમે ભગવાન પાસે ગયા છીએ. અમારો ભગવાન જે છે એ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન સહજ નિરાવરણ, પૂર્ણ શાંતિ અને પૂર્ણ યથાખ્યાત શાંતિથી ભરેલો, ચારિત્રથી ભરેલો (છે). આહાહા..! એવા મને.. આ હું છું એવા મને આ ક્રોધ-માન-માયા-લોભ મારે નથી. આહાહા..! થઈ ગયું કેવળજ્ઞાન? ક્રોધ-માન-માયા (નથી એમ કહો છો). સાંભળને હવે. કેવળજ્ઞાન થયું એ તો પર્યાય છે. અહીં તો કેવળજ્ઞાન એ પર્યાય હું નથી. હું તો મહાપ્રભુ છું. આહાહા..!

મુમુક્ષુ :– કેવળજ્ઞાનનો બાપ છું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– કેવળજ્ઞાનનો બાપ. કેવળજ્ઞાન એ પ્રજા છે. એ પ્રજાનો તો આ પિતા છે. પર્યાય છે, પ્રજા એટલે પર્યાય. આહાહા..!

વસ્તુનો સ્વભાવ આવો જ ત્રિકાળ છે. આહાહા..! એ ગાથામાં ન આવ્યું? **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।'** આવે છે ને 'સમયસાર'ની ત્રીજી ગાથામાં? **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।'** સર્વત્ર લોકમાં સુંદર ભગવાન પૂર્ણાનંદથી ત્રિકાળ ભરેલો છે. એને રાગનો ને બંધનો સંબંધ કેવો એ તો વિસંવાદ ઝઘડો ઊભો કર્યો. આહાહા..! ત્રીજી ગાથાથી ઉપાડ્યું. **'एयत्तणिच्छयगदो समओ'** પદાર્થ **'सव्वत्थ** સર્વત્ર 'શ્રીમદ્દે' કહ્યું, સત્ સત્ છે. સત્ સર્વત્ર છે. સત્ સર્વત્ર છે. સત્ સરળ છે. આવા શબ્દો વાપર્યા છે. સત્ સત્ છે, સત્ સર્વત્ર છે સત્ સરળ છે. સત્ સમજાવનાર ગુરુ જોઈએ એટલી વાત લીધી છે. આહાહા..! બહુ સરસ વાત! ગજબ વાત છે! આહાહા..!

પ્રભુ! તું આવો છો. આ વિશેષ અતિશય કરીને વાત થતી નથી. આત્મા કહીએ તે આત્મા આવો જ છે. નવતત્ત્વમાં આત્મા કહીએ તે આત્મા આવો જ છે. ત્રિકાળ આત્મા એવો છે. ગમે તે પર્યાયમાં હોય પણ વસ્તુ તો ત્રિકાળ એવી જ છે. આહાહા..! એની દૃષ્ટિ કરવી, એનું આલંબન લેવું. એ 'નિર્જરા અધિકાર'માં આવે છે ને? જ્ઞાનનું આલંબન લેતા આમ થાય છે પછી આમ ભ્રાંતિ ટળે છે. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ પ્રભુ! એનો આશ્રય લેતાં, આલંબન કરતાં ભ્રાંતિ ટળે છે, સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આહાહા..! 'નિર્જરા અધિકાર'માં છે. કર્મ ટળે છે ને એ બધા ઘણા બોલ લીધા છે. આહાહા..! એમાં હોય એ ટળે ક્યાંથી? એમાં એ નથી. આહાહા..! એનામાં કર્મ તો નથી પણ અલ્પજ્ઞ પર્યાય એમાં નથી. આહાહા..! 'નિર્જરા અધિકાર'માં લીધું છે ને? ભાઈ! મતિ-શ્રુતજ્ઞાન એ વધતું જાય છે એ સામાન્યને અભિનંદે છે. તોડતું નથી. આહાહા..! છે ને? મતિ-શ્રુતની શુદ્ધિ વધે છે, એ ભેદ કરતો નથી. એ અભેદને અભિનંદે છે. સામાન્યમાં એકાકાર વિશેષ થાય છે. આહાહા..! 'નિર્જરા અધિકાર'માં છે.

અહીં તો મને નથી. પ્રભુ! તમને તો અવધિજ્ઞાન નથી ને. મનઃપર્યયજ્ઞાન નથી, કેવળજ્ઞાન નથી. પંચમઆરાના સાધુ મતિ અને શ્રુતજ્ઞાન બે છે. બાપુ! એ મતિ-શ્રુતજ્ઞાનમાં જ આ આત્મા આવો જણાય છે. આહાહા..! અવધિ અને મનઃપર્યયની જરૂર નથી. કારણ કે એ સાધક નથી. મતિ-શ્રુત સાધક છે અને સાધ્ય કેવળજ્ઞાન છે. ધ્યેય દ્રવ્ય છે. ધ્યેય પરિપૂર્ણ છું એ દ્રવ્ય છે. ધ્યેય. સાધક છે એ મતિ-શ્રુતજ્ઞાન છે. સાધ્ય છે એ ઉપેય છે, એ સિદ્ધ છે. ઉપાય છે તે સાધન, ધ્યેય છે તે દ્રવ્ય ત્રિકાળી આવું છે. આહાહા..! અરે..! ભગવાનના વિરહ પડ્યા. પાછળથી લોકોએ આત્માને કઈ રીતે કલ્પી નાખ્યો. અને સત્ય હતું એને અસત્ય કરી નાખ્યું અને અસત્યને સત્ય ઠરાવી દીધું. આહાહા..! આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાથી થાય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'નિર્જરા અધિકાર'માં કહ્યું, કોઈ જિનઆજ્ઞાની બહાર કરે ... તોપણ કાંઈ ન થયું અને જિનઆજ્ઞામાં કહેલા વ્રતાદિને કરે તો પણ મિથ્યાદૃષ્ટિ છે. આવે છે ને? આહાહા..! આ જે નિશ્ચય વસ્તુ છે, પૂર્ણ સ્વભાવથી ભરેલો, જ્ઞાનથી પરિપૂર્ણ, પ્રભુતાથી પરિપૂર્ણ, દર્શનથી પરિપૂર્ણ, શાંતિથી પરિપૂર્ણ, ચારિત્રથી પરિપૂર્ણ, વીતરાગતાથી પરિપૂર્ણ, આનંદથી પરિપૂર્ણ, જીવતરશક્તિથી પરિપૂર્ણ, કર્તાશક્તિથી પરિપૂર્ણ, કર્મશક્તિ, કાર્યશક્તિથી પરિપૂર્ણ... આહાહા..! એવા પરિપૂર્ણ સ્વભાવથી ભરેલા મને, ક્રોધ-માન-માયા-લોભ નથી. આહાહા..! થઈ ગયા કેવળી? સાંભળને હવે, કેવળી તો પર્યાય છે. થઈ ગયો ભગવાન? હું ભગવાન પૂર્ણાનંદનો નાથ ભગવાનસ્વરૂપ છું, તે હું છું. આ પર્યાયના ભેદ-ફેદ એ હું છું નહિ. આ પ્રતિક્રમણ. આહાહા..!

એટલી વાત કરીને હવે કહે છે, **'આ (ઉપરોક્ત) વિવિધ વિકલ્પોથી (ભેદોથી) ભરેલા વિભાવપર્યાયોનો નિશ્ચયથી હું કર્તા નથી,...'** ચૌદ માર્ગણા, ચૌદ જીવસ્થાન, ચૌદ ગુણસ્થાન, ક્રોધ, માન, માયા, લોભ... આહાહા..! અને કાયાકૃતાદિ ભેદ, એનો હું કર્તા નથી. આહાહા..! ત્યારે કોણ કર્તા છે? સવારમાં ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને? રાગ રાગને કરે, હું કર્તા નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! પ્રભુના વિરહ પડ્યા અને પ્રભુનો માર્ગ રહી ગયો વાણીમાં. શાસ્ત્ર વાણી રહી ગઈ, વાણીમાં ભાવ ભરેલા રહ્યા. એ ભાવ ભરેલો આત્મા, એ રહેલો છે આહાહા..! સમજાય છે કાંઈ? એવો જે ભગવાનઆત્મા, આવા ભેદોનો હું કર્તા નથી, એ કરાવતો નથી, હું એનો કરાવનાર નથી. ચૌદ ગુણસ્થાનનો કર્તા નથી, ચૌદ જીવસ્થાનનો કર્તા નથી, ચૌદ... આહાહા..! માર્ગણાસ્થાનનો કર્તા નથી. ઓહોહો..!

**'પુદ્ગલકર્મરૂપ કર્તાનો (–વિભાવપર્યાયોના કર્તા જે પુદ્ગલકર્મો તેમનો–) અનુમોદક નથી..'** કર્તા ઠરાવ્યો પાછો. **'(–વિભાવપર્યાયોના કર્તા જે પુદ્ગલકર્મો...)'** એ તો બધા કર્મના નિમિત્તે બધા ભેદ આદિ થાય છે. મારા સ્વભાવમાં છે નહિ. તેમનો **'અનુમોદક નથી...'** ભલે એ નિમિત્તને આધિન એવા થાય પણ હું એનો અનુમોદક નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૭૭, ગાથા-૭૭ થી ૮૧, સોમવાર, કારતક સુદ ૯, તા.૨૯-૧૦-૧૯૭૯

---

આહાહા..! કારયિતા નથી. તેનો કરનારો નથી, તેમ કરાવનાર નથી. તેમ **'પુદ્ગલકર્મરૂપ કર્તાનો...'** આહાહા..! એ ચૌદ માર્ગણાસ્થાન, ચૌદ જીવસ્થાન, ચૌદ ગુણસ્થાન, એ પણ **'પુદ્ગલકર્મરૂપ કર્તાનો અનુમોદક નથી...'** ઝીણી વાત બહુ. **'(એમ વર્ણવવામાં આવે છે).'**

**'હું નારકપર્યાયને કરતો નથી.'** આહાહા..! જેને સમ્યગ્દર્શન કરવું હોય, ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું ચઢવું હોય, તો એને અભેદ ચૈતન્યસ્વરૂપ, જેમાં નારકીની ગતિની પર્યાયનો પણ હું કર્તા નથી. એમ કરાવનાર નથી, તેમ અનુમોદન નથી. આહાહા..! છે? નારકીની પર્યાયનો હું કર્તા નથી. ગતિ, હોં! ગતિ. શરીર નહિ. નારકની પર્યાયની જે ગતિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, તેનો કર્તા નથી, કરાવનાર નથી, તેમ તેનો હું અનુમોદક નથી. કારણ કે તે બધા પુદ્ગલના કાર્યના ભેદ છે. આહાહા..!

**'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...'** ભગવાનઆત્મા સ્વભાવિક ચૈતન્યનો વિલાસ જ્ઞાન અને આનંદના સ્વભાવથી પરિપૂર્ણથી ભરેલો પ્રભુ, એના **'ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.'** આહાહા..! આનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ. આકરી વાત બહુ. જગતને ક્યાંથી ક્યાં ...? એ નારકની વાત કરી. પછી કહેશે. **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...'** ભગવાન જ્ઞાન અને આનંદ સ્વરૂપ પ્રભુ, એવો જે આત્મા તેને હું **'ભાવું છું.'** મારી પર્યાયમાં તેને હું ભાવું છું. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અનુભવુ છું. ભાવું છું એટલે અનુભવુ છું. ત્રિકાળી સહજ ચૈતન્ય વિલાસ એવો ભગવાનઆત્મા તેને હું અનુભવું છું, ભાવું છું, તેની તરફની દૃષ્ટિથી મારી અનુભૂતિની પરિણતિ પ્રગટ થાય છે. આહાહા..! આવી વાતું. અનંત કાળથી રખડે છે. ચોરાશીના અવતાર, એનો મટવાનો ઉપાય તો આ એક છે. જેમાં કર્મ અને કર્મના કાર્ય અને ભેદો જેમાં નથી, એવું જે સહજ ચૈતન્ય વિલાસ પ્રભુ. 'નિર્જરા અધિકાર'માં આવી ગયું છે, કે એટલું સત્ય છે કે જેટલો આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ છે તેટલું જ સત્ય છે. આહાહા..! તેની રુચિ કરવી, તેની રતિ કરવી, તેનો પ્રેમ કરવો. આહાહા..!

દુનિયાના બધા ભાવો તરફથી ઉદાસ થઈ, પોતાનામાં પણ ભેદરૂપ જે દશા (છે), તે તરફથી પણ ઉદાસ થઈ... આહાહા..! જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન પ્રભુ! એના વિલાસને હું ભાવું છું. વર્તમાનમાં તેની અનુભૂતિને હું કરું છું, એમ કહે છે. આહાહા..! ચૈતન્યના વિલાસનો અનુભવ કરું છું. તે ધર્મ અને તે મોક્ષનો માર્ગ છે. આહાહા..! આવી વાતું, હવે ક્યાં પહોંચવું?

તેમ **'હું તિર્યંચપર્યાયને કરતો નથી,...'** તિર્યંચની પર્યાય એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય, એ કર્મનું કાર્ય (છે). તિર્યંચપર્યાયને હું કરતો નથી. આહાહા..! નારકીનો જીવ હોય સમકિતી, નરકમાં પણ સમકિતી જીવ હોય, એ કહે છે કે નરકની પર્યાયને હું કરતો નથી, કરાવતો નથી, મારું અનુમોદન નથી. હું તો ચૈતન્યવિલાસની ભાવનામાં અનુભવું છું. એ હું છું. આહાહા..! આવું આકરું. આ પ્રતિક્રમણ-નિશ્ચયપ્રતિક્રમણ. વ્યવહાર પ્રતિક્રમણ એ તો વિકલ્પ અને રાગ (છે). એ આત્માના સ્વરૂપમાં નથી. આહાહા..!

તિર્યંચમાં રહેલો સમકિતી જીવ. તિર્યંચ-પશુમાં સિંહ અને વાઘ અને મચ્છ. હજાર યોજનના મચ્છ સમકિતી છે. એ કહે છે, કે હું તિર્યંચ પર્યાયને કરતો નથી. આહાહા..! તિર્યંચગતિને હું કરતો નથી, કરાવતો નથી. એ ગતિ જે કર્મને કારણે થઈ, તેનું અનુમોદન નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! જન્મમરણ મટવાની રીત બાપુ! બહુ ઝીણો માર્ગ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! અત્યારે તો મુશ્કેલી થઈ પડી છે. બહારમાં ધમાધમ અને બહારમાં બધું માની બેઠા.

અહીં તો કહે છે, કે તિર્યંચની પર્યાયમાં સમકિતી જે છે, એ કહે છે કે હું આ તિર્યંચની પર્યાયને કરતો નથી, કરાવતો નથી, અનુમોદક નથી. **'ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.'** આહાહા..! ચૈતન્યસ્વરૂપ જે ભગવાનઆત્મા, જ્ઞાનસ્વરૂપી પ્રભુ! આનંદમૂર્તિ પ્રભુ! એની ભાવનાની એકાગ્રતાને હું ભાવું છું. આહાહા..! આનું નામ મોક્ષનો માર્ગ, આનું નામ સાચું પ્રતિક્રમણ. પરથી હઠીને અંદર ચૈતન્યના વિલાસની રમતું અને આનંદનો અનુભવ એ નિશ્ચયપ્રતિક્રમણ છે. આહાહા..! એ (તિર્યંચ) પર્યાયને કરતો નથી. **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.'** હવે મનુષ્ય આવ્યો.

**'હું મનુષ્યપર્યાયને કરતો નથી,...'** આહાહા..! શરીર નહિ. મનુષ્યની ગતિની પર્યાય જે ઉદયભાવ છે, તેને હું કરતો નથી. એ મનુષ્યની ગતિની પર્યાયને હું કરાવતો નથી. તેમ તે કર્મથી થયેલી મનુષ્યની ગતિ તેનું હું અનુમોદન (કરતો) નથી. આવો માર્ગ!

પહેલું 'નિર્જરા અધિકાર'માં આવી ગયું. એટલું જ સત્ય છે કે જેટલું જ્ઞાન છે તે આત્મા. એટલું જ કલ્યાણ છે કે જેટલું જ્ઞાન છે તેટલો આત્મા, એટલું જ અનુભવનીય છે કે જેટલો એ જ્ઞાનસ્વભાવ છે તેટલો અનુભવનીય છે તે આત્મા. આહાહા..! અરે..રે..! નવરાશ ક્યાં? ફૂરસદ ક્યાં? પરિભ્રમણ આડે. દેહની સ્થિતિ તો અલ્પકાળ છે. એ સ્થિતિ તો ખલાસ થઈ જશે. આત્મા તો અનાદિઅનંત છે.

એને હવે કહે છે કે અનાદિઅનંત એવો જે હું, એ મારો ચૈતન્યસ્વભાવ, તેના વિલાસની ભાવનામાં છું. આહાહા..! રાગ નહિ અને એ ગતિ નહિ. માણસ કહે ને મનુષ્યગતિ હોય તો ધર્મ થાય. આહાહા..! મનુષ્યગતિ હોય તો કેવળજ્ઞાન થાય. અહીં ના પાડે છે, ભાઈ! એ ગતિ સ્વરૂપ જ તારું નથી. આહાહા..! અંદર ચૈતન્યનું ચોસલું. જેમ મેસુબના ચોસલા હોય છે ને? એમ ભગવાન આનંદ અને જ્ઞાનનું ચોસલું અંતર દળ, આનંદદળ પડ્યું છે. નિત્યાનંદ પ્રભુ, ચૈતન્યના સ્વભાવથી ભરેલો, આનંદના સ્વભાવથી ભરેલો, પ્રભુતાના સ્વભાવથી ભરેલો પ્રભુ! એની હું ભાવનામાં મનુષ્યની ગતિની પર્યાયને અનુમોદતો નથી. કે મનુષ્યની ગતિ મળી તો મને ઠીક થયું. આહાહા..! આકરું કામ છે.

સવારમાં 'સમાધિશતક'માં આવ્યું હતું. હું બીજાને ઉપદેશ દઉં અને ઉપદેશ સાંભળું... આહાહા..! બેય ઉન્મતતા છે, બેય વિકલ્પ છે. આકરી વાત છે, બાપુ! જન્મમરણરહિતની વાત પરમાત્માની, જિનેશ્વરદેવ સિવાય એ વાત બીજે ક્યાંય છે નહિ. આહાહા..! કહે છે, કે હું આત્મા ઉપદેશ સાંભળું કે ઉપદેશ કરું, એ મારી ચીજ નિર્વિકલ્પ છે, એમાં વિકલ્પ તે ઉન્માદ છે. આહાહા..! સવારમાં આવ્યું હતું 'સમાધિશતક'માં? સવારમાં આવ્યું હતું. આહાહા..! હું ઉપદેશ બીજાને કરું, એવો એક વિકલ્પ છે. અને ઉપદેશ હું સાંભળું એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ એક વિકલ્પ રાગ છે.

મુમુક્ષુ :– એ ચારિત્રનો રાગ છે. શ્રદ્ધાની ક્યાં વાત છે?

ઉત્તર :– એ રાગ વિકલ્પ છે, પણ એનાથી લાભ માને તો મિથ્યાત્વ છે એમ કહે છે. ભલે ચારિત્રદોષ છે. પણ સાંભળવાના વિકલ્પથી મને જ્ઞાન થશે અને સંભળાવવા માટે હું સંભળાવું તેથી બીજાને જ્ઞાન થશે (એ મિથ્યાત્વ છે). આકરી વાત છે, પ્રભુ! આહાહા..!

૨૦-૨૦ વર્ષના, ૨૦-૨૫ વર્ષના જુવાન. આમ અજાણ્યા એકદમ ફટ મરે છે. અને પાછા ક્યાં (અવતરે). કાલે સડક ઉપર બે કૂતરા મરી ગયેલા, ભાઈ! આ સડક ઉપર. રવિવાર હતો ને. બહાર જઈએ છીએ ને? એવા કૂતરા યુવાન. પણ ખટારાની હડફ આવી હશે. મરી ગયેલા બે પડેલા. આહાહા..! જુઓ! આ અવતાર! પાછું એને મરીને ઢોરમાં જાવાનું હોય. બિચારા બહુ માંસ આદિ ન ખાતા હોય તો નરક ન હોય. બાકી મનુષ્ય, દેવ તો થાય જ નહિ. આહાહા..! એ તિર્યંચના અવતાર અને વળી મરીને પાછા ક્યાંક ખિસકોલી કે કાગડા કે કૂતરામાં અવતરે. આહાહા..! આવા અવતાર કરી કરીને ઘાણીમાં પીલાઈ ગયો છે. એ દુઃખી છે, ભાઈ! આહાહા..! પૈસાવાળા દુઃખી, રાજા દુઃખી, રંક દુઃખી, દેવ દુઃખી.

ભગવાનઆત્મામાં મનુષ્યની પર્યાય મળી, એ પણ મારું કર્તવ્ય નથી, મારું કાર્ય નથી. આહાહા..! અને તે મળી તે ઠીક છે એમ અનુમોદનારું નથી. કે મનુષ્યપણું મળ્યું તે મને સાંભળવાનું મળશે, એમ નથી. આહાહા..! આવી વાતું છે, બાપુ!

મુમુક્ષુ :– પુણ્ય હોય તો સાંભળવાનું મળે..

ઉત્તર :– સાંભળવા મળે એટલે શું થયું? એથી એના આત્માને શું થયું? આત્મા આનંદમૂર્તિ ભગવાન એના તરફની દૃષ્ટિ વિના જેટલું સાંભળવા આદિ કરે એ બધો વિકલ્પ છે. આહાહા..! એ શ્લોક 'સમાધિશતક'માં આવ્યો છે. 'દેહથી આત્મા ભિન્ન છે એમ કહે, બોલે, સાંભળે એથી શું છે?' આહાહા..! સવારમાં શ્લોક આવ્યો હતો. 'સમાધિશતક' અને 'ઇષ્ટોપદેશ' આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ હું નહિ, કહે છે. એ સાંભળવું અને સંભળાવવું, એ પણ એક વિકલ્પ છે, એ ઉન્મતતા છે. આહાહા..! કેમ કે પ્રભુ આત્મામાં એ વિકલ્પ છે જ નહિ. એ તો નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ પ્રભુ છે. આહાહા..! તારી હોંશુ પરમાં જાય છે અને પરમાં સ્વની હોશુંમાં તું અટકી ગયો છો. આહાહા..! જે સ્વમાં ઉત્સાહથી જવું જોઈએ, ઉલ્લસિત વીર્યથી અંદરમાં જવું જોઈએ. આહાહા..! ઉલ્લાસના વીર્યથી અંદરમાં જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મામાં જવું જોઈએ એને ઠેકાણે આ મનુષ્યપણું મળ્યું એ ઠીક છે, સાંભળવા મળ્યું એ ઠીક છે. કહે છે એ બધું સત્યનું ખૂન કરનારું છે. આહાહા..!

મુમુક્ષુ :– ગુરુ ઉપદેશ વિના...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– એ ગુરુ ઉપદેશ... એ 'સમાધિશતક'માં આવ્યું હતું. એ બેયમાં આવ્યું. 'ઇષ્ટોપદેશ' અને 'સમાધિશતક'માં આવ્યું હતું. પોતે ગુરુ છે એમ આવ્યું હતું. સવારમાં આવ્યું હતું? ધ્યાન રાખે તો પણ... ગુરુ પોતે છે. પોતે પોતાને ચૈતન્ય વિલાસરૂપી અનુભવે તે ગુરુ પોતે છે. આહાહા..! એમાં આવ્યું હતું. 'સમાધિશતક'માં અને 'ઇષ્ટોપદેશ' બેયમાં આવ્યું છે. આહાહા..!

અહીં તો નિરાવલંબી ભગવાન અંદર, જેને કોઈનું આલંબન જ નથી. એવો ચૈતન્યવિલાસી ભગવાનઆત્મા... આહાહા..! એવા ચૈતન્ય સ્વરૂપના વિલાસને હું તો અનુભવું અને ભાવું છું. બાકી બીજી કોઈ ચીજ મારી નથી. આહાહા..! પૈસા, સ્ત્રી-કુટુંબ એ તો ક્યાંય રહી ગયા, બાપુ! એ તો તારી પર્યાયમાં પણ નથી. અહીં તો તારી પર્યાયમાં ગુણસ્થાન છે, જીવસ્થાન છે, માર્ગણાસ્થાન છે (એ પણ તારા નથી, એમ કહે છે). આહાહા..! સમજાય છે કાંઈ? આ આત્મા દ્રવ્ય અને ગુણ તો ધ્રુવ છે, એની પર્યાય જે વર્તમાન અવસ્થા, એમાં શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ પર્યાયમાં નથી, એ તો એમાં પરમાં છે. આહાહા..! પણ એની પર્યાયમાં જે ભેદો છે... આહાહા..! એની પર્યાયમાં ગુણસ્થાનના, જીવસ્થાનના, માર્ગણાસ્થાનના ભેદો છે. આહાહા..!

મુમુક્ષુ :– એ જીવનું સ્વરૂપ ક્યાં છે?

ઉત્તર :– એ ત્રિકાળી સ્વરૂપનું અવલંબન લેતા એ પોતાની ચીજ છે જ નહિ. જો પોતાની હોય તો કાયમ રહે. આહાહા..!

મુમુક્ષુ :– એ તો પુદ્‌ગલના પરિણામ કીધા છે.

ઉત્તર :– એ પુદ્‌ગલના જ પરિણામ છે. ભગવાનઆત્માનું એ સ્વરૂપ જ નથી. આહાહા..! 'નિર્જરા અધિકાર'માં તો ત્યાં સુધી કહ્યું છે ને કે આવા અજીવના ભેદોને જો હું મારા માનું તો હું અજીવ થઈ જાઉં. એક ગાથા છે. આહાહા..! હું તો જીવ જ્ઞાયકસ્વરૂપી પ્રભુ છું. એવા ભેદને હું મારા માનું (તો હું અજીવ થઈ જાઉં). આહાહા..! વિકારને, રાગને, ભેદ એ બધા પુદ્‌ગલના પરિણામ (છે). આહાહા..! એને જો હું મારા માનું તો હું અજીવ થઈ જાઉં. અને એ અજીવનો સ્વામી તે અજીવ હોય. ભેંસનો સ્વામી પાડો હોય. એમ આ અજીવનો સ્વામી હું થાઉં તો હું અજીવ થઈ જાઉં. આહાહા..! કહો, 'ભૂપતભાઈ'! આવી વાતું છે. જગતની હોંશ અને હરખના સડકા ઉતરી જાય એવું છે. આહાહા..! 'પ્રવીણભાઈ'!

ભગવાનઆત્મા,... અહીં મનુષ્યની પર્યાય આપણે ચાલે છે ને? **'હું મનુષ્યપર્યાય કરતો નથી,...'** મેં મનુષ્યપર્યાય કરી નથી. ગતિ, હોં! શરીર નહિ. આ તો જડ-માટી છે. આ મનુષ્યપર્યાય નથી. આ તો શરીરની–જડની દશા છે. અંદર મનુષ્યગતિની પર્યાય તે હું નથી. આહાહા..! મેં કરી નથી. એ મનુષ્યની પર્યાય મેં કર્મ પાસે કરાવી નથી. તેમ કરેલી છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેને અનુમોદન મારું નથી. આહાહા..!

**'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...'** સ્વભાવિક ચૈતન્યનો વિલાસ જે આનંદનો સાગર નાથ, એના ઉપર મારું વલણ હોવાથી હું તેને ભાવું છું. આહાહા..! આકરી વાત છે, ભાઈ! (આ) નિશ્ચયપ્રતિક્રમણ. હવે લોકોને એમ કે વ્યવહાર પ્રતિક્રમણ કરીએ તો નિશ્ચય થાય. અહીં કહે છે પણ વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ છે એ પુદ્ગલના પરિણામ છે. લે! આહાહા..!

હું એક સત્યસ્વરૂપ ચૈતન્યવિલાસના સ્વભાવથી ભરેલો પ્રભુ, જેમાં અનંત ગુણના સાગર ભર્યા છે. આહાહા..! અનંત ગુણના થેલા અંદર ભર્યા છે. એવો જે હું ચૈતન્યવિલાસી આત્મા, તેની ભાવનાને હું ભાવું છું. મનુષ્યની પર્યાયને હું અનુમોદન પણ નથી કરતો કે ઠીક થયું, મને મનુષ્યપણું મળ્યું.

આમ તો 'શ્રીમદ્'માં ઓલું ગવાણું નહિ? 'બહુ પુણ્ય કેરા પુંજથી, શુભદેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો. સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે.' આમાં સુખ છે... આમાં સુખ છે... આમાં સુખ છે... પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે, ભોગમાં સુખ છે. એ 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે.' પ્રભુ! તારા આનંદનો ત્યાં નાશ થાય છે. 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે. લેશ એ લક્ષે લહો. ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે...' 'શ્રીમદ્ રાજચંદ્ર' સોળ વર્ષે કહે છે. દેહની સોળ વર્ષની ઉંમર. આત્મા તો અનાદિઅનંત છે. સોળ વર્ષે! 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચિ રહો.' અરે..રે..! રાગ અને બહારની પર્યાયમાં (તેં) પ્રેમ કર્યો. એ ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ થઈ રહ્યું છે તારું. ચૈતન્યની જાગતી જ્યોતનો અનાદર કરી અને એ ગતિ ને રાગ ને પુણ્ય આદિના પ્રેમમાં પડ્યો, પ્રભુ! આહાહા..! ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ થઈ રહ્યું છે. દેહના છૂટવાને કાળે તો દેહનું મરણ (થશે). આ તો ભાવમરણ તો ક્ષણે ક્ષણે થઈ રહ્યું છે. આહાહા..! રાગ હું ને પુણ્ય હું ને મનુષ્ય હું ને આહાહા..! અહીંયાં 'સમાધિ શતક'માં તો ત્યાં સુધી લીધું... આહાહા..! હું સાંભળું તો મને જ્ઞાન થાય, હું બીજાને સંભળાવું તો એને જ્ઞાન થાય. આહાહા..! એ તો કહે છે કે ઉન્મત્ત દશા છે, પ્રભુ! આહાહા..! નિર્વિકલ્પ ભગવાનઆત્મા, એમાં વિકલ્પ ઉઠાવવો! આહાહા..!

અહીં તો કહે છે, કે એ વિકલ્પનો હું કર્તા નથી, કરાવતો નથી, અનુમોદક નથી. હું તો ચૈતન્યસ્વરૂપનો વિલાસ તેમાં મેં મારી રમત માંડી છે. 'નિજપદ રમે સો રામ કહીએ.' આનંદસ્વરૂપ ભગવાનઆત્મામાં રમે તે રામ. બાકી ગતિ અને રાગમાં રમે તે હરામ છે. આવું છે, પ્રભુ! આહાહા..!

તારી પ્રભુતાનો પાર નથી, પ્રભુ! વાણીમાં પણ પૂર્ણ પ્રભુતા આવી નથી. આમ પૂર્ણ કહી છે, એક અપેક્ષાએ. પાંચમી ગાથામાં.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.**
**તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભગોચરમાત્ર રહ્યું તે જ્ઞાન જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**
**ક્યારે થઈશું બાહ્યાતંર નિર્ગ્રંથ જો.**

આહાહા..! નગ્ન મુનિ દિગંબર થઈ અંતરમાં ધ્યાનમાં ક્યારે જામી જઈએ. આહાહા..! ભાવના સોળ વર્ષે ભાવે છે. આહાહા..! સોળ વર્ષની ઉંમર! પૂર્વના સંસ્કાર લઈને આવેલા. ભગવાન પાસે દિગંબર સાધુ થયા હતા. પણ દ્રવ્યલિંગી એટલે કંઈ... આહાહા..!

અહીં કહે છે, મનુષ્યની પર્યાયને હું અનુમોદતો નથી. આહાહા..! એક જણો પંડિત આવ્યો હતો. એ એમ કહેતો હતો, કે મનુષ્યપર્યાય મળે તો કેવળજ્ઞાન થાય. વજ્રનારાચસંઘયણ હોય તો કેવળજ્ઞાન થાય. કીધું, ભાઈ! એમ નથી, બાપુ! આહાહા..! એ કેવળજ્ઞાન તો ચૈતન્યના વિલાસની રમત માંડતા કેવળજ્ઞાન થાય. એ સંઘયણ અને મનુષ્યની ગતિથી કેવળજ્ઞાન થાય નહિ. પંડિત હતા ને? ક્યાંના? 'ઘાસીલાલજી' 'કુચામણ'નો હતો. ઘણા વર્ષ પહેલા આવ્યા હતા. ઘણા આવે, ઘણા આવે. અરે..! પ્રભુ શું થાય? આહા..!

અહીં કહે છે, મનુષ્યની પર્યાયને હું કરતો નથી, કરાવતો નથી, અનુમોદતો નથી. **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ...'** ભાષા છે? આત્માને જ. કેવો ચૈતન્ય? કેવો? કે **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ...'** આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન અંદર આત્મા, એને હું તો ભાવું છું. આહાહા..! મારો નાથ અંદર અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ, એની ભાવના હું ભાવું છું. બાકી બીજી કોઈ ચીજ મારી છે નહિ. આહાહા..! કહો, 'ભંડારીજી'! આ ભંડાર અહીંયાં છે.

મુમુક્ષુ :– બે ભંડાર છે. એક બહારમાં ને એક અંદરમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ બહારના ધૂળના ભંડાર છે. આહાહા..!

અહીં તો પ્રભુ! તારો ભંડાર એવો અંદર ભર્યો છે (કે) અનંત ગુણનો ખજાનો નિધાન છે. જેમાંથી કેવળજ્ઞાન નીકળે તો પણ પાર ન આવે એટલો ખજાનો અંદર ભર્યો છે. કેવળજ્ઞાન-કેવળજ્ઞાન પર્યાય નીકળે તો અનંતી અનંતી નીકળે તો પાર ન આવે એટલો અંદર ખજાનો છે. આહાહા..! ભાઈ! પણ એનો વિશ્વાસ આવવો. આહાહા..! બીજા તરફનો વિશ્વાસ છોડી દઈ અને આ સ્વરૂપનો વિશ્વાસ આવવો, એ વિશ્વાસે વહાણ તરે. આહાહા..! એ આનંદનો નાથ એમાં તરીને મુક્તિને પામે. આહાહા..! બાકી કોઈ ક્રિયાકાંડ અને બહારના કારણોથી કાંઈ મળે એવું છે નહિ.

**'હું દેવપર્યાયને કરતો નથી,...'** ઠીક. દેવપર્યાય. સમકિતી દેવ છે. શક્રેન્દ્ર અત્યારે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકાવતારી છે. પહેલા દેવલોકમાં ૩૨ લાખ વૈમાન. એમાં અસંખ્ય-અસંખ્ય દેવનું એક-એક વૈમાન એવા ઘણા વૈમાન. કોઈ સંખ્યાત દેવનું વિમાન (છે). એ અસંખ્ય દેવના ૩૨ લાખ વૈમાનનો લાડો ચક્રવર્તી અત્યારે શક્રેન્દ્ર છે. આહાહા..! ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. એ દેવપર્યાયમાં એમ ભાવે છે... આહાહા..! હું દેવપર્યાય નહિ. મને દેવપર્યાય મળી માટે હું ભગવાન પાસે જઈ શકું એમ પણ નહિ. આહાહા..! એ દેવપર્યાયનો હું કર્તા નથી. હું દેવપર્યાયનો કરાવનાર નથી. દેવપર્યાય થઈ એ કર્મના કાર્યે, એને હું અનુમોદતો નથી. આહાહા..! ઉથલપાથલની વાતું છે, ભાઈ! દુનિયાથી જુદી જાત છે, બાપા! દુનિયાને તો બધી જાણી છે ને? જોઈ છે ને. આહાહા..! **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ...'** ભાષા એ છે. આત્માને-એકાંત આત્માને જ. આહાહા..! એ ભેદોના પર્યાયને નહિ. એકલા આત્મા ચૈતન્યસ્વરૂપની જ ભાવના કરું છું. ભાવના શબ્દે એની જ એકાગ્રતા છે. આહાહા..! એ પર્યાયમાં એકાગ્રતા એ મારી નથી.

**'હું ચૌદ માર્ગણાસ્થાનના ભેદોને કરતો નથી,...'** આહાહા..! જ્ઞાનના પાંચ ભેદ અને દર્શનના ચાર ભેદ અને સમકિતના ભેદો ને ચારિત્રના ભેદો, ભવિ-અભવિના ભેદો... આહાહા..! એવા ભેદને હું કરતો નથી. આહાહા..! **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.'** આહાહા..! સ્વાભાવિક ચૈતન્યનો વિલાસ ભગવાન અંદર અનાદિઅનંત ચીજ પડી છે. કોઈએ કરી નથી, થઈ છે એમ નથી, નાશ થશે એમ નથી, છે એ વસ્તુ અવિનાશી અંદર પ્રભુ છે. અનાદિઅનંત એવો ચૈતન્ય ભગવાન, એના વિલાસને હું ભાવું છું. આહાહા..! છે? ઝીણી વાત છે પણ છે ઊંચી, બાપા! પ્રભુ! માર્ગ તો આવો છે, ભાઈ! બીજા ગમે તે રીતે ઢીલો કરીને બતાવે (પણ એ માર્ગ નથી). આહાહા..! તમે મંદિર બનાવો, કરોડો રૂપિયા ખરચો, અબજો ખર્ચો, પાંજરાપોળ કરો, દુઃખીના આસું લુછો, ભૂખ્યાને અનાજ આપો, તરસ્યાને પાણી આપો, સ્થળ ન હોય એને જમીન આદિ રહેવાના સ્થાન આપો, તો તમને કલ્યાણ થશે. અહીં કહે છે, એ વાતમાં કાંઈ માલ નથી. આહાહા..! કોણ આપે? પ્રભુ! આહારના રજકણો છે એ જડ છે, એ આપે કોણ? અને લે કોણ? પૈસા માટી છે, ધૂળ છે, અજીવ-જડ છે. એને લે કોણ? આપે કોણ અને રાખે કોણ? 'પ્રવીણભાઈ'! આ બધા કરોડોપતિ બેઠા. ધૂળપતિ. કરોડ એટલે પૈસો, પૈસો એટલે ધૂળ અને ધૂળ એટલે પતિ. આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, બાપા! ચૈતન્યલક્ષ્મીનો ભંડાર છો ને તું, પ્રભુ! તારો વિલાસ તો કોઈ અલૌકિક અંદર છે, ભાઈ! જ્ઞાનનો વિલાસ, આનંદનો વિલાસ, પ્રભુતાનો વિલાસ, શાંતિનો વિલાસ... આહાહા..! સમકિતનો વિલાસ, ચારિત્રનો વિલાસ... આહાહા..! એવા જે ભગવાનમાં ભરેલા અનંતા ગુણો, તેના વિલાસને હું ભાવું છું. આહાહા..! વાત થોડા શબ્દોમાં (કરી છે પણ) ભાવ ઘણા ભર્યા છે, ભાઈ!

લોકો નથી કહેતા આપણે લગન કરે ત્યારે? થોડું લખ્યું ઘણું કરીને જાણજો. કહે છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને? જમાઈ-બમાઈ થોડો આકરો હોય, બે-ચાર દિકરી હોય અને જમાઈ આકરો હોય તો એમ લખે, કે માંડવે આવશો તો શોભા થાશે અને થોડું લખ્યું ઘણું કરીને જાણજો. અમારી દીકરીને લઈને આવજો. માંડવાની શોભા થાશે. એમ લખે. એમ લખે ને? શેના માંડવા? બાપા! બધા રખડવાના માંડવા છે. આ મંડપ અંદર ભગવાન ચૈતન્યનો મંડપ અંદર ખોલ. આહાહા..! એ ખજાના ખોલ અંદર, ભાઈ! એ ખજાનો અનંત અનંત ગુણથી ભર્યો છે.

એમાં ચૌદ માર્ગણાના ભેદો પણ નથી. આહાહા..! તેમ તેને હું કરતો પણ નથી. પાછળથી કહેશે. એ ચૌદ ભેદોને હું કરતો નથી, ચૌદ ભેદોને હું કરાવતો નથી, ચૌદ ભેદોને હું અનુમોદતો નથી. આહાહા..! ગજબ વાત છે. એ બધું પાઠમાં છે ને? ત્યાં એક એક લઈને પાછળથી કહ્યું છે.

પ્રભુ! આત્મા ચૈતન્યવિલાસ અંદર, અતીન્દ્રિય આનંદનો સાગર અંદર ભર્યો છે, પ્રભુ! આહાહા..! એવા અતીન્દ્રિય આનંદના વિલાસમાં હું ભાવના કરતાં, જગતની કોઈ ચીજને હું અનુમોદતો નથી. દેવપર્યાય અરે..! મારામાં પર્યાયના ભેદ પડે એને પણ કરતો નથી. આહાહા..! બીજી ચીજની તો વાત એક કોર રહી પણ આ ચૌદ ભેદ જે પડે છે... આહાહા..! એને હું કરતો નથી. હું કરાવતો નથી. એ તો કર્મને લઈને ભેદ પડ્યા તેથી એને અનુમોદતો પણ નથી. આહાહા..! મારો નાથ તો અભેદ અંદર ચૈતન્યપ્રભુ, પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી અંદર બિરાજે છે. આહાહા..! અરે..રે..! આવું સાંભળવું મળે નહિ. એ ક્યારે જાય? ક્યારે સમજે? અને કરે? આહાહા..! દુઃખી... દુઃખી... દુઃખી અનંત કાળથી રખડે છે. આહાહા..!

**'હું મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનભેદોને કરતો નથી,...'** ગજબ વાત છે. મિથ્યાત્વ અવ્રત, સાસાદન, મિશ્ર, અવિરત સમ્યગ્દષ્ટિ, પંચમ ગુણસ્થાન, છઠ્ઠું, સાતમું, આઠમું, નવ, દસ, અગિયાર, બાર, તેર, ચૌદ. એ ચૌદ ગુણસ્થાન આદિને કરતો નથી. ભેદ છે તેને હું કરતો નથી. તેને હું કરાવતો નથી. ભેદ પડ્યા તેને હું અનુમોદતો નથી. આહાહા..! જુઓ! આ સાચું પ્રતિક્રમણ. સાંજ-સવાર પ્રતિક્રમણ કરે, ઘડિયા કરે... મિચ્છામી દુક્કડમ. અમે પણ બધું દુકાન ઉપર કરતા, હોં! આઠ દિ' પર્યુષણના આવે ને? તે દિ' ૧૮-૧૯ વર્ષની ઉંમરની વાત છે. ૭૦-૭૨ વર્ષ પહેલા. પડિક્કમણું કરતા. ૧૦ વર્ષની ઉંમરથી પડિક્કમણું મોઢે હતું. સામાયિક પડિક્કમણું બધું પહેલેથી કરેલું ને? ત્યાં અમારે દુકાનમાં બધા માણસો ભેગા થાય ત્યારે હું કરાવતો. અને આઠ દિ'માં ચાર અપવાસ કરીએ. ચોવિહાર, હોં! અપવાસ. દુકાને બેસીએ ધંધા કરીએ. પણ ચોવિહારા અપવાસ અને સાંજે પડિક્કમણા કરીએ. કાંઈ ભાન ન મળે. પડિક્કમણા કરે તો અમારે 'ગાંડાભાઈ'ને એ બધા બિચારા સાંભળે. કાંઈ ખબર ન મળે. પછી સંઘને ભેગા કરીને જમાડે. આપણા સ્થાનકવાસીના જેટલા ઘર હોય એ સૌને જમાડે. આપણે પર્યુષણ ઉજવ્યા. ધૂળમાં પણ કાંઈ નથી. આહાહા..! અને એ તો વળી અમારે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'ગાંડાભાઈ' હતા, એ તો વળી સત્યનારાયણની કથા પણ કરાવે. કાંઈ ખબરું ન મળે માણસને. જૈન નામ ધરાવે છતાં સત્યનારાયણની કથા (કરાવે)! આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સત્યનારાયણ ત્યાં કેવા સાચા? સત્યનારાયણ તો અહીં છે.

મુમુક્ષુ :– ... પૂજે

ઉત્તર :– કબીરને પૂજે ને એ અમારે કાંઈ નથી. કબીર શું આ કેવા શાહ? હૈદરશાહને પૂજે. અમારા 'ગાંડાભાઈ'ના છે ને? 'કુંવરજીભાઈ'ના છોકરાઓએ છોડી દીધું. આ છોકરાઓ જે સવારે આવે છે એણે છોડી દીધું. એના કુટુંબની પરંપરામાં હૈદરશાહ અહીં આવ્યા હતા. એ હૈદરશાહ એવું કાંઈક બોલેલા કે કંઈક મને આપો. તમારા ઘરે આવ્યું છે. તો ઓલાને થયું કે ઓહો..! ફકીરને ક્યાંથી ખબર પડી? ઘરે પીરસણું આવેલું. એટલે એમાંથી એને પૂજનીક માનેલા. એને બધા ઘણા માનનારા છે. મૂંઢ ઘણા જીવો છે 'ઉમરાળા'માં.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળેય રૂપિયા નથી. હૈદરશાહને માનતા હતા ત્યારે એ ભીખ માગતા હતા. 'ગાંડાભાઈ'ના બાપ તો કપડાની ફેરવણી કરતા હતા. ત્યાં હૈદરશાહ ક્યાં ગયો હતો? અને અત્યારે 'સુરત'માં એના દીકરાના દીકરા પાસે કરોડ રૂપિયા છે. 'ગાંડાભાઈ' પાસે કાંઈ નહોતું. બે-પાંચ હજાર રૂપિયા હશે. અત્યારે કરોડ રૂપિયા છે. હમણા એને અકસ્માત થઈ ગયો છે. એમાં થાય, બાપા! એ લોકો માને નહિ, હવે અહીંયાં આવનારા. હૈદરશાહ અહીં 'પાલીતાણા' છે. 'પાલીતાણા' હૈદરશાહ આ બાજુ મોઢા આગળ પીરનું સ્થાન છે. અરે..રે..! હૈદરશાહ કેવો? અહીં તો ત્રણલોકના નાથ તીર્થંકર પરમાત્માને માનવા એ પણ રાગ છે. આહાહા..! ભગવાન ત્રણલોકના નાથ પરમાત્મા જિનેશ્વરની પૂજા કરવી એ પણ રાગ પુણ્ય છે, એ ધર્મ નથી. આહાહા..!

અહીં તો કહે છે, કે ગુણસ્થાનના ભેદો હું કરતો નથી. આહાહા..! ચૌદમું, તેરમું ગુણસ્થાન હું કરતો નથી. હું તો અભેદ ચિદાનંદ ચૈતન્ય વિલાસથી ભરેલો ભગવાન છું. અભેદની દૃષ્ટિમાં ભેદનો વિલાસ આત્માનો છે નહિ. આહાહા..! અભેદમાં એ ભેદ દેખાતો નથી. અંદર ભગવાન પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ થતાં, અભેદમાં દૃષ્ટિ થતાં ભેદ તેમાં દેખાતો નથી. માટે તે ભેદ મારું કર્તવ્ય નથી, કરાવતો નથી અને ભેદને હું અનુમોદતો નથી. આહાહા..! કહો, 'ચીમનભાઈ'! કેવું સાંભળ્યું હતું? તમારા બાપે આ બધું ત્યાં સાંભળ્યું નહોતું. ભક્તિ કરતા 'શ્રીમદ્'ની. ખબર છે ને. ડેલામાં તમારે ઘરે ઘણી વાર આવી ગયેલા. 'હિંમતભાઈ' હતા ત્યારે. અહીં તો ઘણા વર્ષ થયા ને? ૬૬ વર્ષ તો દીક્ષાને થયા. આ માગશર સુદ ૯, ૬૭મું બેસશે. નોમ થઈને આજે? કારતક સુદ નોમ અને માગશર સુદ નોમ. દીક્ષાનું ૬૭મું વર્ષ બેઠશે. ૬૬ વર્ષ પૂરા થશે. સાડી ત્રેવીસ વર્ષે દીક્ષા લીધી હતી. આહાહા..! ઘણા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જોયા, ઘણું વાંચ્યું, ઘણા મળ્યા. આ ચીજ કોઈ જુદી (છે). આહાહા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવની ધ્વનિમાં એમ આવ્યું, જેટલા ભેદો પડે તે ભેદનો કર્તા તું નથી. આહાહા..! એ ગુણસ્થાનના ભેદનો કર્તા નહિ, કરાવનાર નહિ, અનુમોદક નહિ. આહાહા..! છે? **'મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું એકેંદ્રિયાદિ જીવસ્થાનભેદોને કરતો નથી,...'** એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી, પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા ચૌદ ભેદ છે. જીવના ચૌદ ભેદ, એ હું નથી. ભેદ મારામાં નથી, ભેદ મેં કર્યા નથી, હું કરતો નથી અને કરાવતો નથી. આહાહા..! એ પંચેન્દ્રિયનું પર્યાપ્તપણું મેં કર્યું નથી. આહાહા..! કહો, 'ભૂપતભાઈ'! કેવું આ સાંભળ્યું નથી ક્યાંય. આ બધા પૈસાવાળા બેઠા. ધૂળ-ધૂળ ભેગી કરી. આહાહા..!

ત્રણલોકનો નાથ ચૈતન્યની લક્ષ્મીથી ભરેલો પ્રભુ! એની દૃષ્ટિ કરતાં અભેદની દૃષ્ટિમાં ભેદનો કર્તા હું નથી. આહાહા..! રાગનો કર્તા નથી, પરનો કર્તા નથી, પણ ભેદનો પણ કર્તા હું નથી. આહાહા..! મારી પર્યાયમાં જે ચીજ નથી એનો તો હું કર્તા, કરાવતા છું નહિ, મારી પર્યાયમાં રાગાદિ થાય તેનો પણ કર્તા, કરાવતા નથી, મારા પર્યાયમાં ગુણસ્થાનના ભેદ થાય એનો કર્તા-કરાવતા-અનુમોદનાર નથી. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! આહાહા..! ભાગ્યશાળીને તો કાને પડે એવું છે. એવી વીતરાગની વાત છે, બાપા! ત્રણલોકનો નાથ મહાવિદેહમાં બિરાજે એની આ વાણી છે. પરમાત્મા... આહાહા..!

એકેન્દ્રિય આદિ, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય. એ પંચેન્દ્રિય અને પંચેન્દ્રિય પર્યાપ્ત એ હું નથી. પંચેન્દ્રિય પર્યાપ્ત હું નથી, પંચેન્દ્રિય પર્યાપ્ત મેં કર્યું નથી, એ મેં કરાવ્યું નથી અને મેં અનુમોદ્યું નથી. આહાહા..! પંચેન્દ્રિયપણું મળે તો સાંભળવાનું તો મળે. સાંભળે તો (ખરો). એ વાત અહીં કાઢી નાખી. આહાહા..! ભગવાન! અહીં તો જન્મ-મરણ રહિતની વાતું છે, પ્રભુ! જેનાથી ભવ મળે એ વાતું નહિ. ભવ મળે તો નરક અને નિગોદના ભવ, બાપા! કીડા અને કાગડાના. ઓહોહો..! એ કાલે જોયું હતું. અહીં સડક ઉપર એવા બે લઠ જેવા કૂતરા હતા. પણ કોઈનો ધક્કો લાગ્યો હશે, ખટારાનો. લઠ્ઠ જેવા હતા. મરી ગયા. માથે પૈડું ફર્યું હશે. આહાહા..! અને પાછા એ મરીને બિચારા ઢોરમાં જાય ક્યાંક. તિર્યંચમાં ક્યાંક અવતરે. ખિસકોલી, બકરા, કૂતરા કે... આહાહા..! આવા અવતાર અનંત કર્યા, ભાઈ!

આત્માની અંતર અભેદ દૃષ્ટિ કરી નહિ. ભેદની દૃષ્ટિ પણ છોડી નહી. બીજી તો ઠીક પણ... આહાહા..! ચૌદ ગુણસ્થાનના જે ભેદ પડે, જીવસ્થાનના, માર્ગણાસ્થાનના, એ ભેદ પણ દૃષ્ટિ મારી નહિ. આહાહા..! હું થાય તેને જાણનારો ખરો. પણ એ ભેદ મારું કર્તવ્ય છે એમ નહિ. આહાહા..! આવું છે, ભગવાન! પ્રભુ ભગવાન છે ને! અંદર પ્રભુ બિરાજે છે. પરમાત્મા છે. માતાઓ કે દીકરીઓ એ બધા શરીર છે, અંદર તો ભગવાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ તો માટી-ધૂળના શરીર છે. અંદર પરમાત્મા ચિદાનંદ ચૈતન્ય વિલાસી પડ્યો છે, પ્રભુ! આહાહા..! એવા ભેદને હું કરતો નથી.

**'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ...'** ભાષા જોઈ? બધામાં આત્માને જ. એકાંત કર્યું છે. સમ્યક્ એકાંત. આહાહા..! ભેદને ભાવતો નથી, ભેદમાં હું કરતો-કરાવતો નથી. હું એક ભગવાન ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનાનંદ પ્રભુ પૂર્ણાનંદ આત્મા, એને જ હું ભાવું છું. એટલે તેમાં જ મારી એકાગ્રતા છે, એ જ મારી ચીજ છે. આહાહા..!

**'હું શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો નથી,...'** આ શરીરમાં બાળક અવસ્થા, યુવાન અવસ્થા, વૃદ્ધ અવસ્થા, એ હું કરતો નથી. એ તો જડનું કાર્ય છે. આહાહા..! **'શરીરસંબંધી બાલાદિ..'** બાળ, યુવાન, વૃદ્ધ અને સ્થવિર એવી અવસ્થાઓને કરતો નથી. આહાહા..! વૃદ્ધાવસ્થા થઈ ગઈ. યુવાન અવસ્થા હમણા ચાલે છે. બાળ અવસ્થા વીતી ગઈ. અહીં કહે છે, બાળ અવસ્થા, યુવાન અવસ્થા, વૃદ્ધ અવસ્થા એ આત્મામાં છે જ નહિ. એ અવસ્થાને હું કરતો નથી, કરાવતો નથી અને એ અવસ્થા યુવાની હોય તો ધર્મમાં ઠીક પડે (એમ) એને હું અનુમોદતો નથી. આહાહા..! છે?

બાળ, આ ચાર ભાવ છે. બાળ, યુવાન, વૃદ્ધ અને સ્થવિર. એ ચાર ભાવને હું કરતો નથી. આહાહા..! તેમ કરાવતો નથી. આહાહા..! યુવાન અવસ્થાને હું કરતો નથી, હું કરાવતો નથી. એ તો કર્મનું કાર્ય છે. તેમ બહુ યુવાન છે માટે ઠીક છે એમ અનુમોદતો નથી. આહાહા..! વૃદ્ધ અવસ્થા થાય એટલે ઇન્દ્રિયો મોળી પડે એટલે વિષયનું ઓછું (થાય). (કહે છે), વૃદ્ધા અવસ્થા હોય તે હું કરતો નથી, કરાવતો નથી અને અનુમોદતો નથી. આહાહા..! **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.'** આહાહા..!

**'હું રાગાદિભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી,...'** લ્યો. પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધ, એવા પરિણામને હું કરતો નથી, હું એને કરાવતો નથી, એને થયેલાને હું અનુમોદતો નથી. આહાહા..! આવું ક્યાંય સાંભળ્યું નથી. અને પૈસાવાળાને બધા લોકો રાજી કરી દે. પાંચ-પચ્ચીસ લાખ ખર્ચે. રાજી રાજી કરી દે. ઓહો.હો.! તમે તો આમ કર્યું ધર્મ ધુરંધર. પત્થરની તક્તી ચોડે. નામ માટે તસ્દી લઈને. તસ્દી લઈને તક્તિ ચોડે. ભેગા કરીને (દેખાડે), જુઓ! મેં આમ કર્યું. અમારા નામની તક્ત્તિ ચોડો. પાછા બે-ચાર નામ લખે. ફલાણા હસ્તે, ફલાણાના નામે, ફલાણાના સ્મરણાર્થે. આમ છે ને? આ તો બધું જોયું છે ને. અહીં તો ૯૧ વર્ષ ચાલે છે. ઘણું જોયું, ઘણું સાંભળ્યું, બાપા! આખી જિંદગી નિવૃત્તિમાં ગઈ છે. ૧૩ વર્ષ અહીં 'ઉમરાળે' જન્મસ્થાન (રહ્યા). ૯ વર્ષ દુકાનમાં. ચાર વર્ષ તો પિતાજી હતા. (સંવત) ૧૯૫૯ થી ૧૯૬૩. ૧૯૬૩ થી ૧૯૬૮ પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. ૧૯૬૮ના વૈશાખે દુકાન છોડી દીધી. ૧૯૬૮ના વૈશાખે. ૭૦માં દીક્ષા થઈ. સ્થાનકવાસીમાં. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, એ ભાવકર્મના ભેદોને હું કરતો નથી. આહાહા..! અત્યારે તો ઓલા પોકાર કરે છે. એક 'શ્રુતસાગર' દિગંબર છે. અત્યારે તો શુભયોગ જ હોય, બસ. બીજું કાંઈ ન હોય. અરે..! પ્રભુ! પ્રભુ! પ્રભુ! શું કરે છે? ભાઈ! એમ કહે ને કે ભાઈ! શુભયોગ જ છે મારી પાસે, ધર્મ અમને નથી. એમ કહે તો હજી...

મુમુક્ષુ :– તો તો મુનિ મનાય નહિ.

ઉત્તર :— મુનિપણું બાપુ! મુનિપણું કોઈ અલૌકિક વાત છે, ભાઈ! આહા..! અહીં તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે આ તો. સમ્યગ્દર્શનમાં દ્રવ્યની દૃષ્ટિ જ હોવાથી, અભેદની દૃષ્ટિ હોવાથી ભેદનું કર્તવ્ય મારું નથી. એની વાત ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ રાગાદિ ભેદ. રાગ એટલે પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ. એ '**ભાવકર્મના ભેદોને કરતો નથી,...**' એ ભાવનું કર્તવ્ય મારું નથી. એ હું કરાવતો નથી. આહાહા..! અને કરતા હોય તેને હું અનુમોદન કરતો નથી. આહાહા..! ગજબ વાત છે. હવે પછી 'સોનગઢ'વાળાને એમ કહે ને, કે નિશ્ચયની જ વાતું કરે છે. પણ નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે ઉપચારિક આરોપિત વાતું છે. સત્ય તો આ છે, પ્રભુ! સચ્ચિદાનંદ નાથ અંદર પરમાત્મસ્વરૂપે બિરાજમાન (છે). એનો આશ્રય અને એની અભેદની દૃષ્ટિ કરવી અને ભેદની દૃષ્ટિ છોડવી, એ વીતરાગના માર્ગનું અંતરનું રહસ્ય તો આ છે. આહાહા..! બાકી બધી વાતું છે. આહાહા..! રાગાદિ ભાવોને કરતો નથી. આહાહા..!

'**હું ભાવકર્માત્મક ચાર કષાયોને કરતો નથી,...**' ભાવકર્મ એટલે પુણ્ય-પાપ ભાવ. કષાયની વાત ત્યાં લીધી. ઓલા રાગાદિ લીધા. '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**'

'**(અહીં ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું, તેમ કારયિતા અને અનુમંતા-અનુમોદક–વિષે પણ સમજી લેવું.)**' પાઠમાં કર્તા એકલું જ છે. પણ કારયિતા અને અનુમોદક હું નથી એમ ભેગું સમજી લેવું. કર્તા તો શબ્દ પડ્યો છે. '**આ રીતે પાંચ રત્નોના શોભિત કથનવિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાયોના સંન્યાસનું (–ત્યાગનું) વિધાન કહ્યું છે.**' આહાહા..! આ પાંચ રત્નોથી શોભિત ગાથા. વિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાય... સકળ વિભાવપર્યાય, એના ત્યાગનું વિધાન કર્યું છે. વિશેષ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૧૦૯

(वसंततिलका)

भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः
स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।
मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं
प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात्।।१०९।।

**[હવે આ પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે : ]**

**[શ્લોકાર્થ :–] આ પ્રમાણે પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે અને નિજ દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે, તે ભવ્ય જીવ નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડી અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે. ૧૦૯.**

---

**પ્રવચન નં. ૭૮, શ્લોક-૧૦૯, ગાથા-૮૨, મંગળવાર, કારતક સુદ ૧૦, તા. ૩૦-૧૦-૧૯૭૯**

---

'નિયમસાર' પહેલી પાંચ ગાથાનો કળશ છે. ૧૦૯ કળશ.

भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः
स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।
मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं
प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात्।।१०९।।

**શ્લોકાર્થ :- 'આ પ્રમાણે પંચરત્નો દ્વારા...'** ભેદથી ભિન્ન બતાવ્યું ને? ખરેખર તો ભાઈએ ત્રણ શબ્દ મૂક્યા છે. રંગ, રાગ અને ભેદથી ભિન્ન. 'હુકમચંદ'. રંગ, રાગ અને ભેદથી ભિન્ન. રંગ શબ્દે વર્ણ આદિ ચીજ, રાગ શબ્દે પુણ્ય-પાપના ભાવ અને ભેદ શબ્દે પર્યાયોના ભેદો. આ ગુણસ્થાન, માર્ગણાસ્થાન ભેદો. રંગ, રાગ અને ભેદથી ભિન્ન, એવું જે જ્ઞાનાત્મક તત્ત્વ. **'પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી...'** પરની ચિંતા નિમિત્તની, રાગની, ભેદની ચિંતાને છોડી. આહાહા..! ઝીણી વાત છે બહુ, ભાઈ! જ્યાં જાવું છે એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચીજ અભેદ છે. અખંડ જ્ઞાન, આનંદનો કંદ એ પરના વિષયગ્રહણથી રહિત થઈ, પરના વિષયોના ગ્રહણની ચિંતાને છોડી. આહાહા..! ભેદ છે તેની પણ ચિંતા છોડી. આહાહા..!

**'અને નિજ દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં...'** **'स्वद्रव्यपर्ययगुणात्मनि'** એમ શબ્દ છે. નિજદ્રવ્ય એ વસ્તુ, એના જે જ્ઞાનાદિ અનંત ગુણો અને એની જે નિર્મળ પર્યાય છે, એમાં જેની રમણતા છે. આહાહા..! **'નિજ દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે,...'** નિમિત્તો, સંયોગો એ તો પોતાની પર્યાયમાં પણ નથી. કર્મ, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ, પૈસો, લક્ષ્મી એ તો પર્યાયમાં પણ નથી. એ તો ભિન્ન છે. પર્યાયમાં જે રાગ-દ્વેષ છે, એથી પણ સ્વરૂપ તો ભિન્ન છે. અને સ્વરૂપમાં, પર્યાયનો જે ભેદ દેખાય છે, એ તો પર્યાયદૃષ્ટિએ, પર્યાયબુદ્ધિએ જણાય છે. વસ્તુબુદ્ધિએ એમાં ભેદ છે નહિ. આહાહા..!

સંસારને કિનારે જાવું છે. આહાહા..! જ્યાં મુક્તિના મંડપ અંદર પડ્યા છે. આહાહા..! મુક્ત સ્વરૂપ જ છે એ. જ્યાં રંગ અને રાગથી ભિન્ન અને ભેદથી પણ ભિન્ન, એવી એ ચીજ મુક્તસ્વરૂપ અભેદ ચિદાનંદ (છે). આહાહા..! અહીંયાં જાવું એને.

કેટલું છોડવું અને કોને ગ્રહણ કરવું? આહાહા..!

ભેદ, રંગ અને રાગનું લક્ષ છોડી, અભેદ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ ધ્રુવ નિત્ય, જે સત્ છે એ તો ત્રિકાળ છે. અને સત્ છે એ તો એકરૂપે ત્રિકાળ અભેદ છે. એમાં એકાગ્ર થઈને. આહાહા..! નિજ દ્રવ્ય-ગુણ-પર્યાય. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય નહિ. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય તો પરમાં ગયા. એ તો સંયોગમાં ગયા. એ તો પર્યાયમાં પણ નથી. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય તો આ પર્યાયમાં પણ નથી. ફક્ત પર્યાયમાં તેના તરફની ભક્તિ આદિનો રાગ છે પણ એ રાગથી પણ ભિન્ન સ્વરૂપ અંદર છે. આહાહા..! અને રાગને જાણનારી જ્ઞાનની અવસ્થાઓ, મતિ-શ્રુત આદિના ભેદો, એથી પણ અભેદ ચીજ તો જુદી તદ્દન છે. આહાહા..! અરે..રે..! અહીંયાં હવે જાવું.

એવા **'સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે,...'** જ્ઞાનાનંદ પ્રભુ ધ્રુવ અભેદ ચીજ જે છે, તેમાં જ્ઞાનની પર્યાયને... ચિત્તને એટલે જ્ઞાનની પર્યાયને **'એકાગ્ર કર્યું છે,...'** આહાહા..! હવે અહીંયાં ક્યાં જાવું? 'ચીમનભાઈ'! આ બહારની ઉપાધિ ને... આહાહા..! ભાઈ! હિતના પંથ. હિતનો પંથ કોઈ જુદો છે. અનંતકાળથી એણે હિત કર્યું નથી. એની દૃષ્ટિ નિમિત્ત ઉપર કાં ભેદ ઉપર કાં રાગ ઉપર રહી છે. આહાહા..! અભેદમાં રાગ રહિતમાં સંયોગરહિત ચીજ છે, તેમાં એકાગ્ર કોઈ દિ' થયો જ નથી. આહાહા..! એકાગ્ર એટલે એને એકને દૃષ્ટિમાં લઈને તેમાં લીનતા કરવી. આહાહા..!

**'ચિત્તને એકાગ્ર કર્યું છે, તે ભવ્યજીવ...'** તે ભવ્યજીવ અલ્પકાળમાં મોક્ષને લાયક છે. અલ્પકાળ આવશે. એનો અર્થ કરવો પડશે પછી. **'તે ભવ્ય જીવ નિજભાવથી ભિન્ન...'** નિજભાવ જે જ્ઞાયક અને જ્ઞાનાનંદ ધ્રુવ સ્વરૂપ, જે દૃષ્ટિનો વિષય જે ધ્યેય, પૂર્ણાનંદનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાથ પ્રભુ, એવા નિજભાવથી ભિન્ન. પરદ્રવ્ય ભિન્ન, રાગ ભિન્ન અને પર્યાયના ભેદ પણ ભિન્ન. આહાહા..! હવે આવો ઉપદેશ. માર્ગ તો આવો છે, ભાઈ!

અનંત અનંત કાળ વીત્યા, ચોરાશીના અવતાર. ચોરાશી લાખ યોની-ઉત્પત્તિના સ્થાન. એક એક યોનીમાં અનંતવાર ઊપજ્યો છે. એ અભેદની દૃષ્ટિ કરી નથી માટે. આહાહા..! જે પૂર્ણ સત્ છે, અનાદિ શાશ્વત છે, એકરૂપ જ્ઞાયકભાવ, એકરૂપ ધ્રુવ સ્વભાવ, એકરૂપ ભાવ છે, એની એકાગ્રતા વિના ભવનો અંત આવે એવું નથી. આહાહા..! બહારની પ્રવૃત્તિ ગમે તેટલી ક્રિયાકાંડની કરે, એ બધી રાગની વૃત્તિઓ છે, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી.

સ્વ-રૂપ. સ્વ એનું રૂપ જે છે, સ્વ એનો ભાવ જે છે એ તો ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ ચૈતન્ય, તેમાં એકાગ્ર થઈ... આહાહા..! સકળ ભાવ **'નિજ ભાવથી ભિન્ન...'** નિજભાવ, જ્ઞાયકભાવ, ચિદાનંદ ભાવ, તેનાથી ભિન્ન, **'એવા સકળ વિભાવને છોડી...'** એટલે કે ભેદના ભાવને પણ છોડી. આહાહા..! રાગના વિકલ્પને તો છોડી, એ તો ઠીક પણ ભેદભાવને પણ છોડી. કારણ કે ભેદભાવમાં પણ વિભાવ છે. એ ભેદભાવ પણ કર્મના નિમિત્તથી થયેલા ભેદ છે. વસ્તુમાં એ નથી. આહાહા..!

**'નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડી અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.'** અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે એમાં ક્રમબદ્ધ ક્યાં આવ્યું? આ તો થોડા કાળમાં પ્રાપ્ત કરે છે એમ કહ્યું. જે કાળે મુક્તિ થવાની છે તે કાળનું અહીં ક્યાં આવ્યું? અહીં તો અલ્પકાળે કીધું. એનો અર્થ જ એ થયો, પ્રભુ! કે જેણે નિજભાવને ગ્રહણ કર્યો અને પરભાવને છોડ્યો, એને હવે અલ્પકાળમાં જ એના ક્રમમાં કેવળજ્ઞાન આવવાનું છે. અલ્પકાળમાં એટલે કંઈ કાળ આઘો-પાછો થાય એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? છે ને? અલ્પકાળ શબ્દ છે. 'अचिरात्' સંસ્કૃતમાં 'अचिरात्' છે. અલ્પકાળમાં. આહાહા..! એનો અર્થ જ એ. જેણે ભગવાન પૂર્ણાનંદના નાથને પકડ્યો, એમાં ચિત્તને એકાગ્ર કર્યું, એને હવે થોડા કાળમાં જ કેવળજ્ઞાન પ્રાપ્તિનો ક્રમ છે. ક્રમબદ્ધમાં થોડા કાળમાં જ કેવળ થવાનું છે, એને લાંબો કાળ હોતો નથી. આહાહા..! આવી વાતું છે. ક્રમબદ્ધ તૂટે નહિ અને અલ્પકાળમાં મુક્તિ થાય એનો અર્થ આ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'સકળ વિભાવને છોડી...'** સંપૂર્ણ સ્વભાવમાં એકાગ્ર થઈ. આહાહા..! એને તો અલ્પકાળમાં પરમાનંદની, મુક્તિની પ્રાપ્તિ છે. એને હવે લાંબો કાળ છે નહિ. છે ક્રમબદ્ધમાં. આહાહા..! પણ આવી જેની દૃષ્ટિ થઈ અને સર્વ વિભાવની ચિંતા છોડી અને પૂર્ણ સ્વભાવમાં એકાગ્ર થયો, એને પૂર્ણની પ્રાપ્તિ થવાનો કાળ જ અલ્પ છે. ક્રમબદ્ધમાં એને કાળ જ અલ્પ છે હવે. આહાહા..! સમજાય છે કાંઈ? 'अचिरात्' કીધું માટે ત્યાં ક્રમબદ્ધ ફરી જાય છે એમ નથી. આહાહા..! શબ્દ તો આ છે. આમાં એકાગ્ર થાય એટલે કે એને ક્રમે કેવળજ્ઞાન થશે, એમ ન લીધું. એનો અર્થ જ એ થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથને જેણે પકડ્યો... આહાહા..! પૂર્ણ પરમાત્મસ્વરૂપ જ્ઞાયકભાવ, એમાં જેની એકાગ્રતા થઈ, એની પર્યાયમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનો ક્રમ જ હવે અલ્પ છે. આહાહા..! થાશે તો જે સમયે મુક્તિ થવાની તે સમયે જ થાય. પણ આમ જેણે કર્યું તેને અલ્પકાળમાં થશે એવું જ ક્રમબદ્ધ એમાં છે. આહાહા..! આવી વાતું છે. અરે..રે..! એણે નવરાશ લીધી નથી. પોતાના હિતને માટે ફૂરસદ મળતી નથી. અહિતના કામમાં ફૂરસદનો કાળ બધો ત્યાં ગાળે. અરે..રે..!

અહીં એ કહે છે, કે એકવાર પ્રભુ તું પરભાવ અને પરના ભેદભાવને પણ છોડીને જ્ઞાનાનંદ ધ્રુવ સત્ સત્ સત્ શાશ્વત, અભેદ ચીજ છે તેમાં એકાગ્ર થા. અને અભેદમાં એકાગ્ર થતાં, પ્રભુ! તને અલ્પકાળમાં હવે કેવળજ્ઞાન થવાનું છે. એને લાંબો કાળ હોતો નથી. આહાહા..! એની મુક્તિ અલ્પકાળમાં છે. એવા ક્રમબદ્ધમાં એની મુક્તિ અલ્પકાળમાં થાય તેવો જ એનો કાળ છે. આહાહા..!

અરે..રે..! જગતના બાહ્ય પદાર્થોની વિસ્મયતા, અધિકતા અને તેના મહાત્મ્ય અને મોટપ આગળ ભગવાનની મોટપ એને સૂઝતી નથી. આત્માની અંદર જે મોટપ છે, તેના સિવાય જગતની શરીર, વાણી, મન, ચેષ્ટાઓ, રંગ, રાગ એની એને વિસ્મયતા ને અચિંત્યતા ને અપૂર્વતા દેખાય છે. તેથી તેમાં રોકાઈને ભગવાન એવો અપૂર્વ સ્વભાવ તેને ભૂલી ગયો છે એ. જેનું મહાત્મ્ય કરવું જોઈએ તેને ભૂલી ગયો, અને જેનું મહાત્મ્ય છોડવું જોઈએ તેના મહાત્મ્યમાં ઘૂસી ગયો. આહાહા..! સમજાય છે? આ તો અંદર ગળગળાટ થઈ જાય એવું છે. 'માણેકચંદભાઈ' સવારમાં કહેતા હતા. આહાહા..! વાત એવી, બાપુ! શું કરીએ? આહા..!

જેમાં ભવ અને ભવના ભાવ નથી. અરે..! જેમાં ભેદ નથી. આહાહા..! ભવ અને ભવનો ભાવ તો જે ચીજમાં નથી, પણ જે ચીજનો ભેદ પડે તે ભેદ પણ એ ચીજમાં નથી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, શરીર ઉપરના દેખાવ છોડી દે, ભાઈ! એ ચીજ કાંઈ તારી નથી. એ કાંઈ તારે લઈને નથી, એ તો બધું જડને લઈને છે. આ બધો દેખાવ. આહાહા..! પંચરત્નની ગાથા છે ને? આહાહા..! ઓલા રતન નહિ તમારા, એય..! ધૂળના રતન નહિ. આહાહા..! આ તો ચૈતન્યરતન.

અનંત અનંત આનંદ અને અનંત અનંત બેહદ જ્ઞાન, અનંત અનંત વીર્ય અને અનંત અનંત શાંતિરસનો પિંડ પ્રભુ! શાંત.. શાંત.. શાંતનો દરિયો. આહાહા..! 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આવે છે ને? ઉપશમરસ વરસે પ્રભુ ! આહાહા..! જેમાં ઉપશરસ, અકષાય સ્વભાવ. શાંત... શાંત... શાંત... શાંત. અનંતી શાંતિ, અનંતી સ્વચ્છતા, એવો જે ભગવાનઆત્મા, એમાં જે એકાગ્ર થયો તેને પર્યાયમાં પૂર્ણ શાંતિ અને પ્રાપ્તિનો કાળ જ અલ્પ છે હવે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સવ્વ સિદ્ધાંણ. એવો શાસ્ત્રમાં પાઠ છે. તે પોતે પણ અલ્પકાળમાં સિદ્ધ થવાનો છે તે નમો લોએ સવ્વ સિદ્ધાણંમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? મૂળ આખું પદ એવું છે-નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એમ છે. અહીં તો ણમો અરિહંતાણં, પછી એનું છેલ્લું આવે છે, નમો લોએ સવ્વ સાહૂણં. એ છેલ્લું પદ બધાને લાગુ પડે છે. નમો લોએ સવ્વ અરિહંતાણં. એ ઉપરાંત પરમાગમમાં એ આવ્યું છે કે, ત્રિકાળવર્તી... આહાહા..! કેટલો કાળ લક્ષમાં લીધો? કે ત્રણે કાળમાં વર્તતા અરિહંતોને નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. નમસ્કાર. આહાહા..! નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. એમાં પોતે પણ અલ્પકાળમાં સિદ્ધ થવાનો છે તો એને પણ નમસ્કાર પહોંચી જાય છે. આહાહા..!

નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. આચાર્યનું પદ કોઈને આવવાનું હોય તો. ન હોય તો તો પાધરું (સીધો) સાધુ અરિહંત ને સિદ્ધ થશે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્જાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. આ આખું પદ આમ છે. 'ધવલ'માં આમ લીધું છે. આહાહા..! અરે..રે..! કયાં કાંઈ પડી છે? કોણ આ શું?

ત્રિકાળ વસ્તુ, જેની પ્રતીતમાં વ્યવહાર પણ ત્રિકાળ અરિહંતો, ત્રિકાળ સિદ્ધો, ત્રિકાળ આચાર્ય, ઉપાધ્યાય. આહાહા..! જેની વ્યવહારની વિકલ્પની શ્રદ્ધામાં પણ આ ત્રિકાળી પંચ પરમેષ્ઠીઓ જ્યાં આવી જાય છે. આહાહા..! અને એ પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ જ આત્માનું છે. આત્મા પંચ પરમેષ્ઠી સ્વરૂપે જ છે. સમજાય છે કાંઈ? આહાહા..! શું થાય? વસ્તુ ક્યાંય પડી રહી અને માર્ગ પણ ક્યાંય (પડ્યો રહ્યો). ક્યાંક દોરે દોરાઈ ગયા. ધર્મને નામે પંથ કપાણા નહિ, પંથ વધી ગયા. આહાહા..!

અહીં કહે છે, એવા નિજભાવથી **'તે ભવ્ય જીવ નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને (ભેદો આદિને) છોડી અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.'** આહાહા..! અલ્પકાળમાં પરમાત્મા સિદ્ધ થવાનો છે. સમજાય છે કાંઈ? આહાહા..! પંચમઆરાને પ્રાણીને પણ આમ, અપ્રતિબદ્ધ શ્રોતાને પણ આચાર્ય આમ કહે છે. પંચમઆરાના સાધુ, આચાર્ય એમ કહે છે, કે પંચમઆરાના જીવ પણ જો સર્વ ભાવને છોડીને અંતર એકાગ્ર થાય તો અલ્પકાળમાં મુક્તિ થશે. આહાહા..! એને કહે છે ને? આ કહેનાર પંચમઆરાના સાધુ છે ને? સાંભળનારા પણ પંચમઆરાના છે ને? આહાહા..! ભલે એને એકાદ-બે ભવ થાય, પણ એ મુક્તિ પામવાના છે. આહાહા..!

આનંદના સાગરને જ્યાં અંદરમાં ઉછાળ્યો... આહાહા..! પર્યાયમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ આવ્યા, એ સ્વાદમાં પંચ પરમેષ્ઠીનું રૂપ પણ ખ્યાલમાં આવી ગયું. આહાહા..! અને દ્રવ્યસ્વભાવનું સ્વરૂપ પણ ખ્યાલમાં આવી ગયું. એ અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત થશે. પંચમઆરાના જીવને આમ કહે! અત્યારે મુક્તિ નથી ને. ભાઈ! સાંભળને ભાઈ! આમ કરશે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને એકાદ-બે ભવે પણ મુક્તિ થશે એ એને અલ્પકાળ જ છે. ટીકામાં ક્યાંક આવે છે. ઓલું નથી આવતું ક્યાંક પાછળ? એમ કે આમ કરશે એને મુક્તિ થશે. ચરમશરીરી અને અચરમશરીરીની વાત આવે છે ને? એમાં ટીકામાં આવે છે. 'પરમ અધ્યાત્મ તરંગિણી'માં, બે-ત્રણ ભવે મોક્ષ જશે. ભલે અચરમશરીરી છે, છેલ્લું શરીર નથી. ટીકામાં છે, સંસ્કૃત ટીકામાં. આહાહા..! 'પરમઅધ્યાત્મ તરંગણી'માં છે. ચરમશરીરી અને અચરમશરીરીમાં એ વાત નથી આવતી? ગાથામાં આવે છે ને? તીર્થંકરો, અરિહંતો એમાં આવે છે ને? આમ કર્યું બધાએ. એ ગાથા આવે છે. આહાહા..!

એ અહીં કહે છે. અલ્પકાળમાં મુક્તિ થશે. બહુ જ ગાથા. બહુ જ માંગલિકની છે. આહાહા..! માંગલિકના મંડપ નાખ્યા. આહાહા..! એનું મંગળીક પૂર્ણ થઈ જવાનું. આહાહા..! જેને બહારના રસ છૂટી ગયા, બહારની વિસ્મયતા, અચિંત્યતા, અધિકતા, મહિમા, કોઈપણ ચીજની મહિમા, ઇન્દ્રના પદની પણ મહિમા જેને છૂટી ગઈ છે. આહાહા..! જેને રાગ અને સ્વર્ગનો વિકલ્પ પણ છૂટી ગયો છે. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, ભલે પંચમઆરામાં રહેલો જન્મ્યો છે, પણ કહે છે, કે પ્રભુ! તું પંચમઆરામાં પણ પૂર્ણસ્વરૂપે છે કે અપૂર્ણ થઈ ગયું છે? આહાહા..! વસ્તુ તો પૂર્ણ ત્રિકાળે છે. એમાં પંચમઆરામાં આ પૂર્ણ ન પામે અને પૂર્ણ નથી. પૂર્ણ નથી એમ કેમ કહેવું? અને પૂર્ણ છે, એને પૂર્ણની પ્રાપ્તિ ન થાય એમ કેમ કહેવું? કહે છે. 'પાટણીજી'! આહાહા..!

મુમુક્ષુ :– અજબ વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત તો આવી છે, ભગવાન! આહાહા..! નાની નાની ઉંમરના બાળકો. આ વાલની વ્યાધિ થાય છે ને? વાલની નહિ? મરી જાય છે બિચારા. દસ-દસ વર્ષની, પંદર-પંદર વર્ષની ઉંમર. વાલ થાય છે કયાંક. અહીં એક આપણો જૈનશાળાનો છોકરો ભણતો. ૧૫-૧૭ વર્ષનો યુવાન હતો. આવતો. એ અહીં મરી ગયો. પહેલા બીજામાં પોસ્ટ માસ્તરને ત્યાં હતો. પહેલું ત્યાં હતું ને ત્યાં. એ બહાર ઉતર્યો હેઠે જ્યાં પેશાબ કરવા. ઉડી ગયો. ક્યાંક વાલ થાય. એક બાઈ પણ કહે છે કે મને વાલ થાય છે. હમણા દવા કરવા જવાના. આપણા આને પણ વાલ હતો ને? 'વિનુભાઈ'ને. આ 'હિંમત'ના કાકાને. આહાહા..! એને વાલ હતો. ક્યારે ક્યાં દેહને શું થાય? એ તો નાશવાન છે. એને ક્યે ક્ષણે કેમ થાય? એનું તારે શું કામ છે? તારી ક્ષણ પકડને. આહાહા..!

આ શ્લોક પંચરતનનો સરવાળો કર્યો છે. આહાહા..! હવે ૮૨ ગાથા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# ગાથા–૮૨

एरिसभेदब्भासे मज्झत्थो होदि तेण चारित्तं।
तं दिढकरणणिमित्तं पडिक्कमणादी पवकखामि।।८२।।

ईद्दग्भेदाभ्यासे मध्यस्थो भवति तेन चारित्रम्।
तद्दृठीकरणनिमित्तं प्रतिक्रमणादिं प्रवक्ष्यामि।।८२।।

अत्र भेदविज्ञानात् क्रमेण निश्चयचारित्रं भवतीत्युक्तम्।

पूर्वोक्तपंचरत्नांचितार्थपरिज्ञानेन पंचगतिप्राप्तिहेतुभूते जीवकर्मपुद्गयोर्भेदाभ्यासे सति, तस्मिन्नेव च ये मुमुक्षवः सर्वदा संस्थितास्ते ह्यत एव मध्यस्थाः, तेन कारणेन तेषां परमसंयमिनां वास्तवं चारित्रं भवति। तस्य चारित्राविचलस्थितिहेतोः प्रतिक्रमणादिनिश्चयक्रिया निगद्यते। अतीतदोषपरिहारार्थं यत्प्रायश्चितं क्रियते तत्प्रतिक्रमणम्। आदिशब्देन प्रत्याख्यानादीनां संभश्चोच्यत इति।

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभि :-

(अनुष्टुभ्)

``भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केतन।।''

---

આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને;
પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદઢતા કારણે. ૮૨.

અન્વયાર્થ :– [ ईद्दग्भेदाभ्यासे ] આવો ભેદ-અભ્યાસ થતાં [ मध्यस्थः ] જીવ મધ્યસ્થ થાય છે, [ तेन चारित्रम् भवति ] તેથી ચારિત્ર થાય છે. [ तद्दृढीकरणनिमित्तं ] તેને (ચારિત્રને) દઢ કરવા નિમિત્તે [ प्रतिक्रमणादिं प्रवक्ष्यामि ] હું પ્રતિક્રમણાદિ કહીશ.

ટીકા :– અહીં, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે એમ કહ્યું છે.

પૂર્વોક્ત પંચરત્નોથી શોભિત અર્થપરિજ્ઞાન (–પદાર્થોના જ્ઞાન) વડે પંચમ ગતિની પ્રાપ્તિના હેતુભૂત એવો જીવનો અને કર્મપુદ્‌ગલનો ભેદ-અભ્યાસ થતાં, તેમાં જ જે મુમુક્ષુઓ સર્વદા સંસ્થિત રહે છે, તેઓ તે (સતત ભેદાભ્યાસ) દ્વારા મધ્યસ્થ થાય છે અને તે કારણથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તે પરમ સંયમીઓને વાસ્તવિક ચારિત્ર થાય છે. તે ચારિત્રની અવિચળ સ્થિતિના હેતુએ પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે. અતીત (–ભૂતકાળના) દોષોના પરિહાર અર્થે જે પ્રાયશ્ચિત કરવામાં આવે છે તે પ્રતિક્રમણ છે, 'આદિ' શબ્દથી પ્રત્યાખ્યાનાદિનો સંભવ કહેવામાં આવે છે (અર્થાત્ પ્રતિક્રમણાદિમાં જે 'આદિ' શબ્દ છે તે પ્રત્યાખ્યાન વગેરેનો પણ સમાવેશ કરવા માટે છે).**

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**"[શ્લોકાર્થ :–] જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે; જે કોઈ બંધાયા છે તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે."**

---

## ગાથા–૮૨ ઉપર પ્રવચન

---

**एरिसभेदब्भासे मज्झत्थो होदि तेण चारित्तं।**
**तं दिढकरणणिमित्तं पडिक्कमणादी पवकखामि।।८२।।**

**આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને;**
**પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદઢતા કારણે. ૮૨.**

એ મુનિરાજ પંચમઆરાના સંતને કહે છે. પંચમઆરામાં આમ થઈ શકે છે. આહાહા..! નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન, સત્ય પ્રતિક્રમણ, સત્ય પ્રત્યાખ્યાન, સત્ય વંદન, સત્ય ભક્તિ, સત્ય સમાધિ, સત્ યોગ, એને હું હવે કહીશ. આહાહા..! પંચમઆરાના પ્રાણી પણ તેને પહોંચી શકશે, માટે તેને હું કહીશ એમ કહે છે. આહાહા..! એમ ઓથ ન લે કે પંચમકાળ છે, હીણ સંઘયણ છે. સંઘયણ મોળા છે, આમ છે, તેમ છે. એમ રહેવા દે, ભાઈ! વસ્તુ તો જેવી તીર્થંકરના સમવસરણમાં ગયો ત્યારે પૂર્ણ હતી, એવી જ પૂર્ણ અત્યારે છે. આહાહા..! એ પૂર્ણમાં કોઈ અપૂર્ણતા અને વિપરીતતા તો એક અંશ પણ આવી નથી. આહાહા..! પણ એ પૂર્ણની પ્રતીતિ અને પૂર્ણનો અનુભવ (થવો) એ કોઈ અલૌકિક વાતું છે, ભાઈ! આહાહા..! એ વિના એને સંસારના પરિભ્રમણના આરાનો અંત નહિ આવે, પ્રભુ! મનાવી લેશે ભલે. બહારથી કાંઈક પ્રવૃત્તિ કરે, દયા, દાન, વ્રત, ભક્તિ અને મનાવી લે કે આમાંથી આપણને થશે. એ સંસાર છે. આમાં નહોતું આવ્યું? સમાધિમાં આવ્યું હતું. તન સંસાર છે. આવ્યું હતું ને? આ શરીર એ સંસાર છે. એમ કીધું છે. રાગની તો વાત શું કરવી? આહાહા..! આ તો જડ છે, અજીવ છે, માટી છે, જે આત્માની પર્યાયમાં પણ નથી. આત્માના દ્રવ્ય-ગુણમાં તો નથી પણ આત્માની પર્યાયમાં શરીર નથી. શરીર તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરીરમાં છે. આહાહા..! એ તનને સંસાર કીધો. આહાહા..! બે ગાથા આવી હતી. કાલે સજ્જાયમાં. તન શરીર છે તો સંસાર છે. તો રાગ તો સંસાર છે જ, ભાઈ! આહાહા..! જ્યારે આત્માની પર્યાયમાં ચીજ નથી એને સંસાર કીધો... આહાહા..! તો એની પર્યાયમાં રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ પર્યાયમાં છે, (એ) સંસાર છે. આહાહા..! એનાથી રહિત પ્રભુ મુક્તસ્વરૂપ અંદર છે. એને અહીંયાં કહે છે.

**ટીકા :- 'અહીં, ભેદવિજ્ઞાન દ્વારા...'** શરીરથી ભિન્ન, રાગથી ભિન્ન, ભેદથી ભિન્ન. આહાહા..! પરમસત્ય પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરનું પરમસત્ય કોઈ અલૌકિક છે, ભાઈ! આહાહા..! એને અત્યારે વિકૃત કરી નાખ્યું છે. આહાહા..! જેને ઇન્દ્રો સાંભળવા જાય છે, ગણધરો જેને સાંભળે છે, એકભવતારી ઇન્દ્ર એ પ્રભુ પાસે સાંભળવા જાય છે. એ વાત કેવી હશે? ભાઈ! આહાહા..!

અહીં કહે છે, કે **'અહીં, ભેદવિજ્ઞાન દ્વારા...'** રાગથી ભિન્ન, રંગથી ભિન્ન અને ભેદથી ભિન્ન. આહાહા..! ભગવાન અંદર આત્મા આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, પરમાત્મ સ્વરૂપ જ પોતાનું છે... આહાહા..! કેમ બેસે? એ પરમાત્મ સ્વરૂપને **'ભેદજ્ઞાન દ્વારા...'** શરીર-વાણી તો હું નહિ, પણ દયા, દાનના રાગના પરિણામ એ હું નહિ. અને એમાં ગુણસ્થાનના, જીવસ્થાનના ભેદ પડે છે એ પણ હું નહિ. આહાહા..! અંદર સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર, એને ભેદજ્ઞાન દ્વારા. આહાહા..! છે?

**'ભેદવિજ્ઞાન દ્વારા...'** એમ નથી કહ્યું કે રાગ દ્વારા, નિમિત્ત દ્વારા તને મુક્તિ પ્રાપ્ત થશે. આહાહા..! **'ભેદવિજ્ઞાન દ્વારા...'** પ્રભુ પૂર્ણાનંદનો નાથ અંદર, એને પરથી ભેદ કરીને. આહાહા..! હવે જેનાથી જુદું પડવું છે એ વ્યવહારથી નિશ્ચય થાય કેમ? લખાણ આવે શાસ્ત્રમાં, એ તો જ્ઞાન કરાવવા માટે. આહાહા..! જેનાથી ભેદ કરવો છે એનાથી આત્માની પ્રાપ્તિ થાય... અરે..! પ્રભુ! એ શી રીતે બને? એથી અહીં **'ભેદવિજ્ઞાન દ્વારા...'** લીધું છે. નિમિત્તથી જુદો, દયા, દાન અને ભક્તિના પરિણામથી જુદો અને એક સમયની પર્યાયથી પણ અભેદ તે જુદી ચીજ છે. આહાહા..!

આ તો દુનિયાનું કરવું કે આ કરવું, હવે આ શું કરવું? આ બાયડી-છોકરાને સાચવવા કે... ૨૦ વર્ષની યુવાન અવસ્થા થાય, બાયડી પરણે, છોકરા થાય, એને સાચવવા, પાલવવા શું કરવું? હવે આ કરવું કે આ કરવું? હોળી. આહાહા..! અરે..! પ્રભુ એ તો હોળી અનંત કાળથી કરી છે ને, પ્રભુ! એ હોળીને તો હવે શાંત કરવાની છે અહીં તો. આહાહા..!

કહે છે, કે **'ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે...'** ક્રમે. આહાહા..! પહેલા રાગથી ભિન્ન કરે, પછી પર્યાયનો ભેદ એનાથી ભિન્ન કરે. આહાહા..! એ **'ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે.'** આ ક્રમે નિશ્ચય ચારિત્ર થાય છે **'એમ કહ્યું છે.'** અરે..રે..! એ વાત તો આખી પડી રહી. નિશ્ચયચારિત્ર નહિ, અત્યારે તો શુભજોગ જ હોય, શુભરાગ હોય, લ્યો. આહાહા..! 'શ્રુતસાગર' છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'શાંતિસાગર'ના કેડાયત. 'ધર્મસાગર' આચાર્યપદે છે અને આને આચાર્યપદ ન મળ્યું. વાંચન એનું વધારે છે. એ એમ કહે છે. છાપામાં આવ્યું હતું. અત્યારે તો સાધુને કે બધાને શુભજોગ જ હોય. અહીં પ્રભુ કહે છે કે શુભજોગ છે એ સંસાર છે. અર..ર..! અત્યારે સંસાર જ હોય, સંસારરહિત ધર્મ હોય નહિ (એમ) એનો અર્થ થયો. આહાહા..! હમણા 'કાંતિભાઈ' ત્યાં ગયા હતા. ચોમાસું ત્યાં છે ને? ઓલા 'રાજમલ'નું ગામ ક્યું? 'કુચામણ' ત્યાં ચોમાસું હતું. 'રાજમલ' એના મિત્ર છે. 'કાંતિભાઈ'ને એની શ્રદ્ધાનો મેળ ખાય. આહાહા..! ત્યાં ગયા હતા, થોડી વાત કરી, એમાં પછી સાંભળી. પણ એક અર્જિકા એમ બોલી કે આ તો તમે 'સોનગઢ'ની વાતું કરો છે. લ્યો. સાચી વાત હોય એ 'સોનગઢ'ની. અને આ ઉપચારી ને ખોટી વાત હોય એ અમારી ઘરની. આહાહા..!

અહીં કહે છે, કે **'ભેદવિજ્ઞાન દ્વારા...'** ચારિત્ર કેમ થાય? કે પહેલા રાગથી ભિન્ન પડીને સ્વરૂપનો અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય. પછી રાગની અસ્થિરતા રહે, તેનાથી છૂટીને અંદર સ્થિર થાય ત્યારે ચારિત્ર થાય. આહાહા..! આવું કામ મોટું. કાંઈ સહેલું નહિ હોય કામ? રતનનું થાય, હીરાનું થાય અને આ પણ થાય. બે નહિ હોય? આહાહા..! એમાં બે-ચાર છોડીયું હોય અને બે-ચાર છોકરા હોય ને. એને પરણાવવા, એને સારે ઠેકાણે નાખવા. એને સારે ઠેકાણે એટલે એણે માનેલું સારું. સારું ઠેકાણું ક્યાં સંસારમાં છે? આહાહા..!

મુમુક્ષુ :– હોય એનું શું કરવું?

ઉત્તર :– શું છે પણ? એની પાસે ક્યાં છે અને એના ક્યાં છે ઇ?

મુમુક્ષુ :– એના ભલે ન હોય.

ઉત્તર :– એના કે દિ'? 'સુમનભાઈ' 'સુમનભાઈ'માં છે. 'રામજીભાઈ' પાસે એ કે દિ' આવ્યા છે એ?

મુમુક્ષુ :– સંયોગમાં તો છે ને.

ઉત્તર :– સંયોગ તો સંયોગનો અર્થ શું થયો? સંયોગનો અર્થ ભિન્ન છે, સંયોગનો અર્થ ભિન્ન છે. સંયોગનો અર્થ એકત્વ છે એમ ન આવ્યું. સંયોગને? આ આંગળી અને આ આંગળીનો સંયોગ. સંયોગ એટલે એ તો બે ભિન્ન પડ્યા. આ આંગળીમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે એ એના છે. અને આ આંગળીનો એને સંયોગ છે. સંયોગ એટલે કે ભિન્ન છે. એક નથી. એ એકના એ નથી. આહાહા..!

એમ ભગવાનઆત્મા આહાહા..! ચીજને તો સંયોગી કહી છે, પણ પુણ્ય-પાપના ભાવને સંયોગભાવ કીધા છે. આવે છે ને કર્તા-કર્મમાં? ૬૯-૭૦ ગાથા. સંયોગભાવ છે. વસ્તુ તો સંયોગ, એ તો બહાર રહી ગઈ. આહાહા..! પણ પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિના પરિણામ, એને સંયોગીભાવ કીધા છે. એ સંયોગ છે, સ્વભાવ નહિ. આહાહા..! અરે..! ભગવાન તો ત્યાં સુધી લઈ ગયા છે. એ સંયોગ બહારની ચીજ તો ક્યાંય એને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણે છે, વિકાર પણ સંયોગી એને કારણે છે... આહાહા..! પણ પ્રભુ ત્રિકાળી નિત્યાનંદના નાથમાં પર્યાયની ઉત્પત્તિ થાય છે, એ સંયોગ છે. 'પંચાસ્તિકાય'માં છે. આહાહા..! કેમ કે વસ્તુ જે છે એની સાથે આ તો નિર્મળપર્યાય છે એ સંયોગી છે. ઉત્પાદ છે તે ધ્રુવમાં સંયોગ છે. આહાહા..! અરે..રે..! સાંભળે ક્યાં?

'પંચાસ્તિકાય'માં પાઠ છે. ૧૮મી ગાથા. ભગવાનઆત્મા જે નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ જે એકરૂપ ત્રિકાળ છે, એમાં પર્યાયની ઉત્પત્તિ થાય એ સંયોગ છે અને પર્યાયનો વ્યય થાય તે વિયોગ છે. આહાહા..! એ ધ્રુવની સાથે પર્યાયનો સંયોગ-વિયોગ છે. આહાહા..! એવી જે ધ્રુવ વસ્તુ છે ત્યાં દૃષ્ટિ કરવાની છે, કહે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! નવું લાગે. ન સાંભળેલું હોય એટલે ઝીણું લાગે. પણ માર્ગ આ છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- આ તો મુનિ માટે છે.

ઉત્તર :- મુનિ પણ પહેલી શ્રદ્ધા ને જ્ઞાન સમકિત પહેલું છે કે નહિ? પહેલું ભેદજ્ઞાન રાગથી ભેદ પાડવો એ સ્વભાવ સમકિતીમાં છે કે નહિ? પછી આ તો વિશેષ સ્થિરતા.. અસ્થિરતાથી જુદું પાડીને ચારિત્ર એ ચારિત્રની વ્યાખ્યા છે.

મુમુક્ષુ :- આખું શાસ્ત્ર આચાર્યદેવે પોતા માટે લખ્યું છે.

ઉત્તર :- શિષ્યો માટે જ લખ્યું છે. પોતા માટે શું લખે? એ તો પોતાની ભાવના માટે કહ્યું છે. નિજભાવના માટે. પણ લખ્યું છે બીજાના હેતુનો. બીજા સમજે કે આવી ભાવના સંતોની હતી. આહાહા..! મેં મારી ભાવના માટે 'નિયમસાર' બનાવ્યું છે, એવો પાઠ છેલ્લી ગાથામાં છે. આહાહા..! છે છેલ્લી, જુઓ! ૧૮૭ ગાથા છે.

**'णियभावणाणिमित्तं मए कदं णिमयसारणामसुदं। णच्चा जिणोवदेसं'** જિનનો ઉપદેશ સાંભળીને, જાણીને મેં આ કર્યું છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પંચમઆરાના મુનિ છે, એ કહે છે, કે મેં મારી ભાવના માટે આ બનાવ્યું છે. એ પણ **'णच्चा जिणोवदेसं'** ત્રણલોકના નાથના ઉપદેશને જાણીને મેં આ બનાવ્યું છે. છે? **'पुव्वावरदोसणिम्मुक्कं'** પૂર્વ ને પરમાં દોષરહિત છે આ. આહાહા..! સમકિતીને પણ રાગથી ભિન્ન કરીને ભેદજ્ઞાન કરવાનું છે. ચારિત્રવાળાને અસ્થિરતાથી ભિન્ન કરીને સ્થિરતાનું ભેદજ્ઞાન કરવાનું છે. આહાહા..! ભેદઅભ્યાસ છે ને? એ પણ આમાં આવે છે. ૨૦૫. ૨૦૫ પાનું છે ને? એમાં એ આવે છે.

**'एवं भेदब्भासं जो कुव्वइ'** ૧૦૬ ગાથા છે. ૧૦૬ ગાથા છે. છે? **'एवं भेदब्भासं जो कुव्वइ जीवकम्मणो णिच्चं।'** ઠીક. જીવ અને કર્મ બેનું ભેદજ્ઞાન જે અંદર કરે, તેને **'पच्चक्खाणं सक्कदि'** તેને સાચું પચ્ચખાણ થઈ શકે. આહાહા..! આવી વાતું છે. પણ શું થાય? અનાદિથી રખડતો છે અને બહારની પ્રવૃત્તિ આડે એને નવરાશ ન મળે. આહા..! ભેદઅભ્યાસ... ૧૦૬ ગાથા. પાનું ૨૦૫, ગાથા ૧૦૬. ભેદઅભ્યાસ. આહાહા..! ત્યાં તો જીવ અને કર્મનો જુદો અભ્યાસ કર એમ કહે છે. અહીં પણ પહેલેથી છેલ્લે સુધીનો ભિન્ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અભ્યાસ કર એમ કહ્યું છે. ઓલું છે એ નિશ્ચય પ્રત્યાખ્યાન છે. આહાહા..! માળે! આવી જાતનો ઉપદેશ! પકડવામાં મુશ્કેલ પડે. કરી તો ક્યારે શકે આહાહા..! મગજમાં, ભેજામાં ઉતારવું કે આ શું કહે છે?

આવું શરીર, જોડે કર્મ, જોડે રાગ, જોડે પુણ્ય-પાપ અને પર્યાયનો ભેદ. આવી વસ્તુ હોવા છતાં, કહે છે કે એ ભેદ-રાગ અને વસ્તુથી અંદર જુદી ચીજ છે. આહાહા..! તું જેને પરમાત્માનો આત્મા કહેવાય છે, એ તું તદ્દન જુદો છો. પરમાત્માનું સ્વરૂપ જ તારું છે. જો પરમાત્માનું સ્વરૂપ ન હોય તો પર્યાયમાં પરમાત્માપણું આવશે ક્યાંથી? ક્યાંય બહારથી આવે છે?

લીંડીપીપરમાં ચોસઠ પહોરી પીપરની તિખાશ ભરી છે. ચરપરાઈ-ચરપરાઈ. આ લીંડીપીપર નથી થાતી? છોટી પીપર? કાળી. એ ચોસઠ પહોરી અંદર તિખાશ, ચરપરાઈ ભરી છે. એ ઘૂંટે છે ત્યારે આવે છે એ ક્યાંથી આવે છે? ઘૂંટવાથી આવે છે? ઘૂંટવાથી આવે તો લાકડા અને કોલસાને ઘૂંટે નહિ. એમાં છે. ચોસઠ પહોરી એટલે સોળ આના, રૂપિયે રૂપિયો તીખો ભાવ અંદર પડ્યો છે અને લીલો રંગ પૂર્ણ આખો... પીપર અવગાહન નાનું, રંગે કાળી છતાં તેના સ્વભાવમાં સોળ આના ચરપરાઈ અને તિખાશ અને લીલો રંગ પડ્યો છે.

એમ પ્રભુ આ દેહ પ્રમાણે હોવા છતાં અને રાગ અને દ્વેષની પર્યાયમાં દેખાવા છતાં, તે ભગવાનઆત્મા તેનાથી તદ્દન ભિન્ન છે. સોળ આના એટલે એમાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા અંદર ભરી છે. અરે..રે..! એ બહારની વાત માને, પણ પોતે કેવડો છે (એની ખબર ન મળે). આહાહા..!

**'ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે...'** કીધું ને? ક્રમે કહેતાં પહેલો રાગથી ભિન્ન પાડીને સમ્યગ્દર્શન કરે. પછી રાગની અસ્થિરતાથી ભિન્ન કરીને સ્થિરતા કરે. ક્રમે કીધું ને? આહાહા..! આ તો ભગવાન સંતોના વચન છે. દિગંબર મુનિઓના વચન છે. એ તો કેવળીના કેડાયતો છે. ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરના પુત્ર છે એ તો. ગણધરને પુત્ર કીધા છે. સંતો નંદન છે. પરમાત્માના નંદન, જિનેશ્વરના નંદન છે. સમકિતીને જિનેશ્વરના નંદન કીધા છે. તો આ તો મોટા પુત્ર છે. આહાહા..! મુનિ એટલે, બાપુ! એ તો અત્યારે તો શું કહેવું? આહાહા..! અરે..! સમ્યગ્દર્શનના ઠેકાણા નથી ત્યાં મુનિપણા તો ક્યાં રહ્યા? આહાહા..! આકરું કામ, ભાઈ!

અહીં તો પરમાત્માનો વિચાર કરતાં પરમાત્મા સૌ થાઓ. કોઈપણ પ્રાણી સંસારમાં ન રહો. આહા..! પરમાત્મપદને પામો, ભાઈ! પણ વસ્તુસ્થિતિ આવી છે. આવી સ્થિતિને સમજ્યા વિના, માન્યા વિના, ઠર્યા વિના, પરમાત્મપદ પ્રાપ્ત થશે નહિ, ભાઈ! આહાહા..!

**'અહીં, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે...'** શબ્દ વાપર્યો છે ને? પહેલો રાગના વિકલ્પ અને ભેદથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભિન્ન અભેદ છે એવી દૃષ્ટિ સમ્યગ્દર્શન કરવું, પછી જે અસ્થિરતાનો રાગ છે એને છોડીને સ્વરૂપમાં સ્થિર થવું. એમ **'ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે...'** આમાં ક્રમે નિશ્ચય-સાચું ચારિત્ર થાય છે. આહાહા..! પહેલેથી જેને હજી ભેદજ્ઞાન નથી, રાગથી ભેદજ્ઞાન જેને નથી એને તો ચારિત્ર થતાં જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'ભેદવિજ્ઞાન દ્વારા...'** આહાહા..! એ શ્લોક મૂકશે. પછી અંદર શ્લોક કહેશે, હોં! પાછળ શ્લોક કહેશે. 'સંવર અધિકાર'નો, 'સમયસાર'નો. અત્યાર સુધી જે કોઈ સિદ્ધ થયા, એ ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા. છે જુઓ પાછળ. પછીના શ્લોકમાં. **'જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...'** એ 'સંવર અધિકાર'નો શ્લોક છે. પાછળ છે. છે? અત્યાર સુધી જેટલા મુક્તિ પામ્યા પરમાત્મા નમો સિદ્ધાણં. સિદ્ધ જેટલા થયા, એ બધા ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. કોઈ રાગથી, વિકારથી અને વ્યવહાર રત્નત્રયથી મુક્ત થયા એમ છે નહિ. આહાહા..! વ્યવહારનો વિકલ્પ છે તેનાથી પણ ભેદ પાડીને સમ્યગ્દર્શન થાય છે. પછી અસ્થિરતાનો ભેદ પાડીને સ્થિર થયા છે. આહાહા..! આવું સ્વરૂપ છે. મારી નાખે પણ આ જગતની જંજાળ. બહારના ભભકા...

કહ્યું નહોતું? એક ફેરી અમે ગયા હતા. છે ને ત્યાં? 'મણિભાઈ' કરીને 'મુંબઈ'માં છે. પાંચ-છ કરોડ રૂપિયા. આહાર કરવા ગયા હતા. પછી કેટલાય ઓલા હોલ તમારા શું કહેવાય? હોલમાં મખમલ પાથરેલા. પાંચ લાખ રૂપિયાનું તો એ હશે. ઘરવખરી એટલી. આપણા 'શાંતાબહેન'ના બેનના નણદોઈ છે. ત્યાં 'મુંબઈ' રહે છે. એક ફેરી ત્યાં આહાર કરવા ગયા હતા. એક ભાઈ હતો. 'ગુના'નો એક ભાઈ બહુ છોકરો સારો હતો, હોશિયાર હતો. 'વિજય'. બહુ છોકરો ઓલો હતો. પ્રેમ બહુ હતો. પણ એકદમ એને અંદરથી થઈ ગયું. પછી એને દર્શન દેવા ગયા હતા. એ 'જમશેદપુર'નું ત્યાં છે તાતાનું. ત્યાં નોકર હતો. એક વર્ષનું પરણેતર. બિચારાને એની માએ કિડની આપી, પણ દેહ છૂટી ગયો. એક વર્ષના પરણેતરે. બાપુ! ક્યારે દેહને શું (થાશે ક્યાં ખબર છે). આ હાડકા-ચામડા. ક્યારે ક્યાં થશે? અહીં થશે કે અહીં થશે કે અહીં થશે. આહાહા..! એ રૂપાળા લાગે પણ એ બધા હાડકા છે. આહાહા..!

એક હમણા ત્યાં સ્વાધ્યાય મંદિરમાં એક કાગડો કૂતરાનું મોઢું જૂનું હાડકાનું... બહાર છે ને બહાર ઓલી કોરનો ભાગ. સ્વાધ્યાય મંદિરનો. બારણાની બહાર. ત્યાં હાડકાનું આવડું પડેલું. કૂતરાનું જૂનું સડી ગયેલું હાડકાનું મોઢું. કાગડો લાવ્યો હશે. ત્યાં મૂકીને ભાગ્યો. ત્યાં પડ્યું હતું. પછી ભંગડી આવી હતી, બિચારી લઈ ગઈ. આહાહા..!

આ હાડકા, આ ચામડા. હવે એમાં પોતાપણું માનવું અને એના રૂપાળતામાં મોહ. આહાહા..! પ્રભુ! તું ક્યાં મુંઝાઈ ગયો? તારામાં આનંદ છે ને. એ રાગથી ભિન્ન પાડને, પ્રભુ! એમ કહે છે. એ રાગ છે તે દુઃખ છે, પ્રભુ! એ વિષયનો રાગ, આબરૂનો રાગ, પૈસાનો રાગ, રળવાનો રાગ, એ દુઃખ છે, આકુળતા છે. 'માણેકચંદભાઈ'! આહાહા..! દુનિયાથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુદી જાત છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– પૈસા હોય તો જ માણસ સુખી થાય.

ઉત્તર :– પૈસામાં ધૂળેય સુખો નથી. હેરાન-હેરાન છે બિચારા. આખો દિ' માથાફોડ. આનું આ લાવ્યા, આનું આ આવ્યું. એમાં છ-છ છોકરા, સાત-સાત છોકરા હોય, બધું રળતા હોય અને ૨–૨ લાખની મહિને પેદાશ કરતા હોય. જાણે ઓહોહો..! અમેં ક્યાં ચડ્યા છીએ? ઊંચે કેટલા ચડ્યા? કેટલા હેઠે ઉતર્યા છે એની ખબર નથી. ગરીબ માણસ પણ જો સમકિત પામે તો એ ઊંચે ચડી ગયો છે અને આ બધા મિથ્યાત્વ ભ્રાંતિમાં પડ્યા છે એ બધા હેઠે પડ્યા છે.

અહીં એ કહે છે, **'ભેદવિજ્ઞાન દ્વારા...'** એ આવ્યું ને? જે કોઈ સિદ્ધ થયા એ ભેદજ્ઞાનથી સિદ્ધ થયા, જે કોઈ બંધાયા તેના ભેદવિજ્ઞાનના અભાવથી બંધાયા, એમ કીધું. કર્મથી બંધાણા અને કર્મને લઈને એમ ન કહ્યું. પરથી ભિન્ન પાડવાના અભાવથી બંધાણા છે. અને જેટલા છૂટ્યા છે એ પરથી ભિન્ન પાડીને છૂટ્યા છે. એ માટે ભેદજ્ઞાનની પહેલી વાત આમાં લીધી છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૭૯, ગાથા-૮૨, બુધવાર, કારતક સુદ ૧૧, તા.૩૦-૧૦-૧૯૭૯

---

'નિયમસાર' ગાથા-૮૨.

**ટીકા :- 'અહીં, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે...'** શું કહે છે? ભેદજ્ઞાન દ્વારા ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ રાગ-વિકલ્પથી ભિન્ન. કેમ કે નવ તત્ત્વમાં પુણ્ય-પાપ તત્ત્વ એ આત્માથી ભિન્ન છે. એ ભેદજ્ઞાન દ્વારા. વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવ એ રાગ છે. રાગથી ભગવાનઆત્માને ભેદજ્ઞાન દ્વારા-જુદાપણા દ્વારા... આહાહા..!

**'અહીં, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે...'** ક્રમે કેમ લીધું છે? કે પહેલા તો આત્માનું સમ્યગ્દર્શન થાય છે. રાગ અને પુણ્ય-પાપનો વિકલ્પ જે છે, એનાથી ભિન્ન વસ્તુ સ્વભાવ શુદ્ધ પરિપૂર્ણ એવો જે આત્મા, (એનો) રાગથી ભિન્ન થઈને અનુભવ થાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. માણસને આકરી વાત પડે.

અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ છે, એ વિકારની પ્રવૃત્તિરૂપ ભાવ છે. એ પ્રવૃત્તિથી નિવૃત્તિ અને શુદ્ધ સ્વભાવમાં પ્રવૃત્તિ. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! માર્ગ એવો ઝીણો છે. જન્મ-મરણના અંત લાવવાની વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એની આજ્ઞામાં તો આ છે. પ્રભુ! તું શુદ્ધ ચૈતન્યઘન છો ને. એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ રાગ છે, એ તો આસ્રવ છે, બંધનું કારણ છે. એનાથી ભેદજ્ઞાન કરવું અર્થાત્ એ તરફનું લક્ષ છોડવું અને શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો પ્રભુ, એ તરફ ઝુકવાથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગથી ભિન્ન થઈને પ્રથમ સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

અનંતકાળ થયા પરિભ્રમણ કરતાં. પોતાનું નિજ સ્વરૂપ એ રાગના વિકલ્પથી ભિન્ન શરૂઆતમાં કરવું જોઈએ એ કર્યું નથી. આહાહા..! પહેલા એ કરવાનું છે. આહાહા..! આ દેહ તો માટી, જડ, ધૂળ છે. કર્મ એ માટી, અજીવ ધૂળ છે. એ તો પોતાની પર્યાયમાં નથી. એ તો શરીર ને કર્મ છે નહિ. પર્યાય એટલે અવસ્થા અને દ્રવ્ય-ગુણ એટલે ત્રિકાળી ધ્રુવ. પર્યાયમાં શરીર અને કર્મ નથી. પર્યાયમાં રાગ, દ્વેષ, મિથ્યા ભ્રમ અને ભ્રાંતિ, એ પર્યાયમાં છે. એનાથી ભેદ કરવો. એનો અર્થ કે પર્યાયદૃષ્ટિ છોડી દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય પૂર્ણ સ્વરૂપનો અનુભવ કરવો, એ પ્રથમમાં પ્રથમ ભેદજ્ઞાનનો ક્રમ છે. આહાહા..! આવું સ્વરૂપ છે. બીજાને આકરું લાગે. બીજો માર્ગ છે કે આ વળી આવું ક્યાંથી કાઢ્યું? એમ કહે બિચારા, કહે. શું થાય? ભાઈ! માર્ગ તો અનાદિનો આ છે.

તીર્થંકરો, કેવળીઓ, અનંત પરમાત્માનું આ ફરમાન છે. એ કહેશે, મેં મારી ભાવના માટે આ બનાવ્યું છે. 'કુંદકુંદાચાર્ય' છેલ્લી ગાથામાં કહે છે. મેં મારી ભાવના માટે બનાવ્યું છે. તમારે એમાંથી સમજવાનું હોય તો સમજી લો. આહાહા..! મારી ભાવના તો રાગથી ભિન્ન એવો મારો આત્મા છે, એવો મારો અનુભવ છે અને આગળ ક્રમે ક્રમે જે રાગની અસ્થિરતા છે, એને પણ છોડીને સ્વરૂપની દૃષ્ટિમાં જ્ઞાયક ચિદાનંદ આવ્યો, તેમાં રાગથી ભિન્ન થઈને જ્ઞાયકભાવમાં સ્થિર થવું, રમણતા કરવી એ ચારિત્ર છે. આહાહા..! આકરું કામ છે. નગ્નપણું કે પંચમહાવ્રતના પરિણામ એ કોઈ ચારિત્ર નથી. નગ્ન તો જડ-માટી-ધૂળ છે. એ આત્મામાં નથી.

આત્મામાં પર્યાયમાં વિકાર છે. તો કહે છે, કે એ વિકારથી ભેદ કરવો. આહાહા..! પર્યાય અવસ્થામાં પુણ્ય-પાપના ભાવ છે, એને પોતાના માની અનાદિથી મિથ્યાત્વ ભ્રમમાં રખડે છે, તો એકવાર પ્રભુ! એનાથી ભેદજ્ઞાન કર. આહાહા..! જેમ કાંકરાથી ઘઉં ભિન્ન છે. કંકરી. ઘઉં ઘઉં કાંકરાથી ભિન્ન છે. એમ અંદર પુણ્ય અને પાપના ભાવ મલિનરૂપી કાંકરીથી પ્રભુ તો ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ 'ક્રમ' શબ્દ લીધો. છે?

**'ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે..'** ક્રમે અર્થાત્ સમ્યગ્દર્શન પહેલા એકદમ ચારિત્ર નથી હોતું. આહાહા..! સમ્યક્ નામ સત્યદર્શન, પૂર્ણ આનંદદળ પ્રભુ અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા, અતીન્દ્રિય જ્ઞાનનો અનંત સ્વભાવ, બેહદ જેનો જ્ઞાન, આનંદ સ્વભાવ, એવી ચીજ જે અનંત ગુણનું ધામ. ભગવાન અનંત ગુણનું ગોદામ છે. તમારા ગોદામમાં તો કરોડ-અબજની ચીજ રહે. આ ગોદામમાં તો અનંત ગુણ રહે છે. આહાહા..! કેટલા અનંત? કે જે અનંતનો અંત નથી. આહાહા..! અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એને અનંત ગુણા ગુણે તો પણ પાર ન આવે એટલા અનંત ગુણ અંદર છે. ધ્રુવ. એ અનંત ગુણનો પિંડ, પ્રભુ! પ્રથમમાં પ્રથમ ક્રમમાં ચારિત્ર પ્રાપ્ત થયા પહેલા એ રાગથી ભિન્ન થઈને, ચૈતન્યની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિ સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ પ્રથમ માર્ગ છે. 'માણેકલાલભાઈ'! આવું સ્વરૂપ છે, ભાઈ! શું થાય? લોકોએ તો સાંભળ્યું ન હોય. આ કરો... આ કરો... આ કરો... વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, આ કરો. એ તો અનંતવાર કર્યું છે, ભાઈ! એ તો રાગની ક્રિયા છે. ધર્મને નામે ધમાધમ ચાલી. રાગની ક્રિયામાં ધર્મ માન્યો છે.

જે તત્ત્વ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન રાગ પુણ્યતત્ત્વ છે. નવ તત્ત્વ છે ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ પુણ્યના પરિણામ દયા, દાન, વ્રતના પરિણામ તો પુણ્ય તત્ત્વ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપ તત્ત્વ છે. બેય આસ્રવ તત્ત્વ છે, બેય બંધ છે. આહાહા..! એ પુણ્ય-પાપના આસ્રવ અને બંધતત્ત્વથી ભગવાન અંદર અબંધસ્વરૂપ ચિદાનંદ છે (એ ભિન્ન તત્ત્વ છે). શબ્દોએ પાર ન પડે, પ્રભુ! વસ્તુ એવી છે. આહાહા..!

પોતાની સત્તા પૂર્ણ છે, એનું અવલંબન લઈને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રથમ ક્રમમાં પ્રગટ કરવું એ ક્રમ છે. અને એ ક્રમ પછી **'નિશ્ચય-ચારિત્ર થાય છે...'** પછી રાગની અસ્થિરતા રહે છે. આત્માને રાગથી ભિન્ન કર્યો છતાં રાગ અસ્થિરતા રહે છે. તો એ રાગની અસ્થિરતાથી પણ ભિન્ન થઈને જ્ઞાયક ચૈતન્યમૂર્તિ જે દૃષ્ટિમાં આવ્યો છે, એ જ્ઞાયકભાવ જે દૃષ્ટિમાં આવ્યો છે, એમાં લિન થવું, રાગથી ભિન્ન થઈને લિન થવું એ ચારિત્ર છે. હવે આવી વ્યાખ્યા આકરી પડે. વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે અને આવી વાતું. આહાહા..! સમજાણું કાંઈ?

પહેલી લીટી. લીટીને શું કહે છે? પંક્તિ. પહેલી લીટીમાં આટલું ભર્યું છે. પછી કહે છે, કે **'પૂર્વોક્ત પંચરત્નોથી શોભિત...'** પાંચ ગાથા કહીને? પાંચ રતન ગાથા. ગાથાને રત્ન કહી છે. એ આત્મા-રત્નને બતાવનારી છે માટે પંચરત્ન કહી. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન, આનંદ અને પ્રભુતાના સ્વભાવથી અતીન્દ્રિય પ્રભુતા-ઈશ્વરતાના સ્વભાવથી ભર્યો પ્રભુ છે. એ પંચરત્નને રત્નો કહ્યા હતા. એ **'પંચરત્નોથી શોભિત...'** પંચરત્નથી શોભિત. આહાહા..!

**'અર્થપરિજ્ઞાન (–પદાર્થોના જ્ઞાન) વડે...'** પદાર્થ એટલે ભગવાનઆત્મા અને પુણ્ય-પાપ પણ પદાર્થ છે. નવ પદાર્થ છે. નવ પદાર્થમાં પોતાના આત્માનું પદાર્થજ્ઞાન કરીને, પુણ્ય-પાપ પર છે એવું જ્ઞાન કરીને **'પંચમ ગતિની પ્રાપ્તિના હેતુભૂત...'** આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પોતાની વાત કરે છે. પંચમઆરામાં બે હજાર વર્ષ પહેલા થયા. ભગવાન પાસે ગયા. સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં ગયા હતા. ત્યાં આઠ દિવસ રહ્યા હતા. આવીને આ સંદેશો લાવ્યા. આહાહા..! કોઈ માણસ પરદેશમાં જાય તો કહે, સાહેબ! શું લાવ્યા? અમારા માટે શું લાવ્યા? એમ આ પરદેશમાં પરમાત્મા પાસે ગયા હતા. આહાહા..! ભરતક્ષેત્રના મનુષ્ય પૂછે છે, પ્રભુ! તમે શું લાવ્યા? ત્યાં જઈને શું લાવ્યા? તો કહે છે, આ લાવ્યા. આહાહા..! એય..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પંચમ ગતિની પ્રાપ્તિના હેતુભૂત...'** ચાર ગતિ નહિ. નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ એ તો ચાર ગતિ રખડવાના દુઃખ છે. ચાર ગતિ એ તો દુઃખ છે. આહાહા..! **'પંચમ ગતિની પ્રાપ્તિના હેતુભૂત એવો જીવનો અને કર્મપુદ્ગલનો ભેદ-અભ્યાસ થતાં,...'** આહાહા..! ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ! અને પુણ્ય અને પાપ બધા પુદ્ગલસ્વરૂપ, એમ **'જીવનો અને કર્મપુદ્ગલનો ભેદ-અભ્યાસ થતાં,...'** આહાહા..! ભેદ અભ્યાસનો અર્થ કે ભેદનો અનુભવ થતાં... આહાહા..! અંદર પરમાત્મસ્વરૂપ આત્મા 'જિન સો હી આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' જિન સો હી આત્મા, જિન વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. અરે..! કેમ બેસે? આહાહા..! જિન સો હી આત્મા-જિનસ્વરૂપી ભગવાનઆત્મા છે. પુણ્ય-પાપના રાગથી ભિન્ન. 'જિન સો હી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ.' પુણ્ય અને પાપ આદિ બે ભેદ કર્યા ને? બે ભેદ કર્યા ને?

**'જીવનો અને કર્મપુદ્ગલનો ભેદ-અભ્યાસ...'** આહાહા..! 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ.' એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ બધા પુદ્ગલના પરિણામ છે. આહાહા..! 'યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' ત્રણલોકના નાથ વીતરાગ પરમાત્મા, એની વાણીનો સાર આ છે. આહાહા..! **'જીવનો અને કર્મપુદ્ગલનો ભેદ-અભ્યાસ થતાં,...'** ભેદજ્ઞાન કરીને અનુભવ કરવામાં આવતાં. આહાહા..! **'તેમાં જ જે મુમુક્ષુઓ સર્વદા સંસ્થિત રહે છે,...'** રાગથી ભિન્ન થઈને આત્મામાં સમ્યગ્દર્શન થયું, પછી એ સ્વરૂપમાં સ્થિત રહે છે. આહાહા..! મુમુક્ષુ-મોક્ષના અભિલાષી જીવ, **'તેમાં જ જે મુમુક્ષુઓ સર્વદા સંસ્થિત રહે છે,...'** સર્વદા. આહાહા..! ચારિત્રની વ્યાખ્યા ચાલે છે ને? આહાહા..!

અતીન્દ્રિય આનંદમાં સર્વદા સંસ્થિત. સર્વદા અને સંસ્થિત. સર્વ કાળે અંદર આનંદમાં વિશેષ રમણ કરે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં સ્થિત રહે છે. એ પંચમગતિનો હેતુ છે. સિદ્ધનો હેતુ આ છે. આહાહા..! અંદર છે કે નહિ? આહાહા..! **'જીવનો અને કર્મપુદ્ગલનો ભેદ-અભ્યાસ થતાં, તેમાં જ જે મુમુક્ષુઓ સર્વદા...'** આત્મામાં લીન રહે છે. આહાહા..! વીતરાગ સ્વભાવમાં લીન રહે છે તે ચારિત્ર છે. આહાહા..! **'મુમુક્ષુઓ સર્વદા સંસ્થિત રહે છે,...'** સર્વદા અને સં-સમ્યક્ પ્રકારે સ્થિત. આહાહા..! આનંદનો નાથ ભગવાન અતીન્દ્રિય આનંદનું દળ, એના સ્વાદમાં લીન રહે છે. આહાહા..! પોતાના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં લીન રહેવું એ ચારિત્ર છે. અરે! આવી વ્યાખ્યા.

**'તેઓ તે (સતત ભેદાભ્યાસ) દ્વારા...'** આવો સતત અભ્યાસ. આહાહા..! નિરંતર રટણ. રાગથી મારી ચીજ ભિન્ન (છે), એવું નિરંતર રટણ અંદરમાં કરતાં કરતાં અંદરમાં સંસ્થિત થઈ જવું. છે? **'(સતત ભેદાભ્યાસ) દ્વારા મધ્યસ્થ થાય છે...'** મધ્યસ્થ એટલે વીતરાગભાવમાં સ્થિર થાય છે. આહાહા..! આ પંચમઆરાના સંત, પંચમઆરાના શ્રોતાને કહે છે, કે મારી ભાવના તો આ છે. આવો માર્ગ છે. આહાહા..! બધેથી વૃત્તિ ઉઠાવી લે અને જ્યાં ભગવાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ ચૈતન્યપ્રભુ છે ત્યાં દૃષ્ટિ લગાવી દે. જ્ઞાનસ્વરૂપી, આનંદસ્વરૂપી પ્રભુ, એને દૃષ્ટિમાં પકડી લે અને પકડીને એમાં સ્થિત થા. સતત–નિરંતર સંસ્થિત થઈ જા. આહાહા..! અરે..! પંચમઆરો છે ને, પ્રભુ! આરા-ફારા આત્માને નડતા નથી. આહાહા..!

**'મધ્યસ્થ થાય છે...'** મધ્યસ્થ એટલે વીતરાગભાવ. કોઈ અનુકૂળ-પ્રતિકૂળમાં રાગ-દ્વેષ નથી. મધ્યસ્થ છે. સમ્યગ્દર્શન થયું પછી સ્વરૂપમાં લીનતા કરીને મધ્યસ્થ થયો, વીતરાગ થયો. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે, મેં મારી ભાવના માટે બનાવ્યું છે. આહાહા..! પંચમઆરાના સંત, એની ટીકા કરે છે. 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ. આહાહા..! આ 'નિયમસાર' વાંચ્યું પણ નહિ હોય. છે? પડ્યું છે? ઘરમાં પડ્યું તો હશે. છે કે નહિ? હોય તો ખરું ને. આહાહા..! રત્ન ભર્યા છે. 'નિયમસાર'માં તો અંતરના રત્ન છે. આહાહા..!

પોતાના આનંદમાં સતત સ્થિર થાય છે. આહાહા..! એ **'મધ્યસ્થ થાય છે અને તે કારણથી તે પરમ સંયમીઓને...'** આહાહા..! આ કારણે પરમસંયમીઓને, અંતર આનંદમાં સ્થિત રહેતાં એ પરમ સંયમીઓને. એ સંયમી છે. આહાહા..! છે? **'વાસ્તવિક ચારિત્ર થાય છે.'** પહેલા જ્ઞાન તો કરવું પડશે ને કે ચારિત્ર કોને કહેવું. તેને વાસ્તવિક ચારિત્ર સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં આવ્યું અને 'કુંદકુંદાચાર્ય' પોતે (કહે છે), મારી ભાવના માટે મેં તો આ બનાવ્યું છે. આહાહા..! બનાવ્યું છે. થોડું ગુજરાતી આવી જાય છે. આહાહા..! ગાથા બહુ અલૌકિક છે. આ તમારા પૈસા એ બધી ધૂળ છે, અહીં તો કહે છે. આહાહા..! કરોડપતિ, બે કરોડપતિ, દસ કરોડપતિ છે. આ તો આત્મપતિ છે. આહાહા..! સ્વસ્વામી સંબંધ. પૂર્ણાનંદનો નાથ સ્વ-પોતાનો સ્વામી, એ સ્વના સ્વામી થવું એનું નામ દર્શન અને ચારિત્ર છે. આહાહા..! જેમાં રાગ, દયા, દાનનો પણ સ્વામી નથી. પ્રભુ! માર્ગ આકરો છે, ભાઈ! આહાહા..! અનંતકાળ ગુમાવ્યો છે. કાંઈ  કાંઈ હળવો માર્ગ અને ધીમેથી આગળ જવાય એમ કરીને કાંઈક ઉંધે રસ્તે ચડી ગયો છે. મૂળ માર્ગમાં ચડ્યો નથી. આહાહા..!

'શ્રીમદ્'માં આવે છે ને? 'શ્રીમદ્'માં, નહિ ? ઓલામાં આવ્યું છે. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે,' 'શ્રીમદ્'માં આવે છે. 'મૂળ મારગ સાંભળો જિનનો રે. કરી વૃત્તિ અખંડ સન્મુખ...' 'શ્રીમદ્ રાજચંદ્ર' ગૃહસ્થાશ્રમમાં હતા. ૩૩ વર્ષે દેહ છોડી દીધો. ૨૨ વર્ષે આત્મજ્ઞાન થયું હતું. લાખોનો ઝવેરાતનો ધંધો હતો. પણ અંદર નિર્લેપદૃષ્ટિમાં જેમ નાળિયેરમાં ગોળો છૂટો રહે, નાળિયેરનો ગોળો, એમ સમકિતી રાગથી ભિન્ન રહે છે. આહાહા..! 'મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ,' તારી પરિણતિ જે પર્યાય છે તેને દ્રવ્ય સન્મુખ અખંડ કર. આહાહા..! લ્યો, એમ કહે છે, મારી ભક્તિ કરવી એમાં તમારું કલ્યાણ છે એમ કહેતા નથી. તારી વૃત્તિ જે પરિણતિ છે પર્યાયની, એને અંદર અખંડ સન્મુખ કર. આહાહા..! એ જૈનનો મૂળમાર્ગ છે. પરમેશ્વર ત્રિલોકનાથ, જિનેશ્વરદેવનો આ હુકમ અને આજ્ઞા છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ કહે છે, એવા સંયમીઓ **'પરમ સંયમીઓ...'** આહાહા..! અરે..! પંચમઆરાના મુનિ કહે છે કે અમે પરમસંયમી છીએ. આહાહા..! અંદર રમણતા જેને જામી છે. અતીન્દ્રિય આનંદમાં જેમ... આહાહા..! ગન્ના.. ગન્ના, ગન્નાનો રસ હોય છે ને? ગટક-ગટક પીએ છે. અમારે ગુજરાતીમાં શેરડી કહે છે. તમારે શું કહે છે? ગન્ના? એનો રસ ગટક ગટક પીએ છે. એમ કહે છે, ધર્માત્મા સંયમીઓ અતીન્દ્રિય આનંદના ગટક ગટક રસ પીએ છે. આહાહા..!

'દ્રવ્યદષ્ટિપ્રકાશ'માં આવ્યું છે. 'દ્રવ્યદષ્ટિપ્રકાશ' છે ને? તમને આપ્યું છે ને? વાંચ્યું છે કે નહિ? વાંચ્યું નહિ હોય. પડ્યું હશે. .... પડ્યું. ભાઈને આપ્યું હતું ને? 'સોગાની'. બાપાએ વાંચ્યું છે કે નહિ? શેઠને આપ્યું નથી? એમાં છે. પુસ્તક છે ને? 'સોગાની' 'અજમેર'માં ઘણા મોટા લાખોપતિ હતા. પછી તો વૈરાગ્ય થયો અને અહીં આત્મજ્ઞાન પામ્યા હતા. સમિતિમાં. સમિતિના ઓરડામાં આખી રાત ધ્યાનમાં રહ્યા. પછી એમણે આ બનાવ્યું. 'લાલચંદભાઈ' અને 'શશીભાઈ'. મોઢ.. મોઢ 'શશીભાઈ' આવ્યા હતા ને? મોઢ, વૈષ્ણવ હતા. એ બે એ ભેગું કરીને પુસ્તક બનાવ્યું છે. 'દ્રવ્યદષ્ટિપ્રકાશ' એ પુસ્તકનું નામ છે. એમાં આ લીધું છે. 'સોગાની' 'નિહાલચંદ સોગાની' 'અજમેર'ના. અત્યારે 'કલકત્તા'માં. હમણા આવ્યા હતા. (એ કહે છે), ધર્મી તો... આહાહા..! ચારિત્રવંત જે અંદર છે, એ તો અતીન્દ્રિય આનંદનો જેમ શેરડીનો રસ ગટક ગટક પીએ, તેમ અતીન્દ્રિય આનંદનો રસ પીએ છે. આહાહા..! તેનું નામ સંયમ અને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! શું કીધું? જુઓ!

**'તે કારણથી તે પરમ સંયમીઓને વાસ્તવિક ચારિત્ર થાય છે.'** ખરેખર તેને ચારિત્ર થાય છે. આહાહા..! હજી તો ચારિત્ર કોને કહેવું એની ખબર ન મળે. આ ક્રિયા કરવી, નગ્ન થઈ ગયા, પંચમહાવ્રતના પરિણામ પણ બધા સમજવા જેવા છે. અત્યારે તો એને માટે ચોકા કરીને લે છે. મૂળ ગુણના વ્યવહારના ઠેકાણા નહિ. મૂળ ગુણનો છેદ કરે એને એકેય ગુણ સાચો હોય નહિ, એમ 'અષ્ટપાહુડ'માં 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે. શેરડીનો રસ કાઢે, કેરીનો રસ કાઢે, મોસંબીનો રસ, દાળ, ભાત, શાક. આહાહા..! બનાવે. અને બોલે એવું, આહાર શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ, કાય શુદ્ધ. બધું જૂઠું. બનાવે એની માટે અને કહે આહાર શુદ્ધ છે. ... ઘણો ફેરફાર થઈ ગયો, પ્રભુ! વીતરાગ માર્ગમાં બહુ ફેરફાર. સંયમીઓ તો પ્રાણ જાય તો પણ એને માટે પાણીનું એક બિંદુ બન્યું હોય તો લે નહિ. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ. આહાહા..! જળ જળના એક બિંદુમાં અસંખ્ય જીવ. આહાહા..! એમાં નિગોદના જીવ અંદર હોય. આહાહા..! અનંત... પાણી ગાળે તો પણ અંદર વયા જાય. શાસ્ત્ર તો ત્યાં સુધી પ્રભુ કહે છે, કે પાણી ગમે તેટલા ગરણે... ગરણું કહે છે? શું કહે છે? જાડા કપડા. ગમે તેટલા જાડા કપડાથી તું પાણી ગાળે, પણ પ્રભુ તીર્થંકરદેવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કહે છે, કે એટલા એમાં ત્રસ છે કે આંગળીના અસંખ્ય ભાગમાં ત્રસ ઉત્પન્ન થાય. એ પાણીમાં ત્રસ પણ આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પાણીના એક બિંદુને ગમે તેટલા જાડા ગરણાથી... ગરણું કહે છે? કપડા. પણ એમાં અંગુલના અસંખ્ય ભાગમાં પાણીમાં ત્રસ-કીડા હોય છે. અંગુલનો અસંખ્યમો ભાગ. ઝીણા કીડા. એ પાણીમાં ગાળે તો પણ ત્રસ આવી જાય છે. આહાહા..! એ પાણી જેને માટે બનાવ્યું એને માટે તો ત્રસની હિંસા, પાણીની હિંસા (થાય છે). આહાહા..!

અહીં તો પરમાત્મા કહે છે, **'સંયમીઓને વાસ્તવિક ચારિત્ર થાય છે.'** જેને પાણીનું એક બિંદુ પણ પ્રાણ જાય તો પણ તેને માટે બનાવેલું લે નહિ. આહાહા..! અને અંતરની આનંદની રમણતામાં એટલી શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિના રસના રસમાં પરની કોઈ દરકાર નથી. પરિષહ આવો, ઉપસર્ગ આવો પણ એની દરકાર નથી. બાપુ! સંયમ કોને કહે? પંચ પરમેષ્ઠી, જેને ગણધર નમસ્કાર કરે. નમો લોએ સવ્વ સાહૂણં. પંચ નમસ્કાર. ગણધર જે શાસ્ત્ર રચે, ત્યારે એમાં આવે કે નહિ? નમો લોએ સવ્વ સાહૂણં. ચાર જ્ઞાનના ધણી, ચૌદ પૂર્વની અંતર્મુહૂર્તમાં રચના કરનારા, એ ગણધર પણ જેને પગે લાગે, એ મુનિપણું કેવું હોય? ભાઈ! આહાહા..!

ભગવાન તીર્થંકર બાદશાહ. ગણધર એમના દિવાન, એ પણ જ્યારે શાસ્ત્ર રચે ત્યારે નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. નમો લોએ તો... નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એમ પાઠ છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. એમ ગણધર નમસ્કાર કરે. આહાહા..! જેના ચરણમાં ગણધરના નમસ્કાર પહોંચે, પ્રભુ! એ ચારિત્ર કેવી દશા હોય! આહાહા..!

એ અહીં કહે છે, **'સંયમીઓને વાસ્તવિક ચારિત્ર થાય છે. તે ચારિત્રની અવિચળ સ્થિતિના હેતુએ...'** સ્વરૂપની અંતર રમણતા, એવું જે ચારિત્ર, એ **'ચારિત્રની અવિચળ સ્થિતિ...'** ત્યાંથી ચળે નહિ એવી **'સ્થિતિના હેતુએ પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે.'** પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સમાધિ, ભક્તિ, નિશ્ચય આવશ્યક, એ ક્રિયા કહેવામાં આવે છે. નિશ્ચય ક્રિયા અંદરની ક્રિયાને કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સાધારણ માણસ, પંચમઆરા... આહાહા..! અને આવી વાતું. માર્ગ તો એવો છે, ભાઈ! આહાહા..!

'કુંદકુંદાચાર્ય' કહે છે, કે **'તે ચારિત્રની અવિચળ સ્થિતિના હેતુએ...'** આત્માના સમ્યગ્દર્શન અનુભવ સહિત સ્વરૂપમાં રમણતારૂપી ચારિત્ર, એની **'અવિચળ સ્થિતિના હેતુએ પ્રતિક્રમણાદિ...'** પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સમાધિ, ભક્તિ, આવશ્યક એવી **'નિશ્ચયક્રિયા...'** આહાહા..! સ્વરૂપની રમણતાની નિશ્ચયક્રિયા **'કહેવામાં આવે છે.'** આ ક્રિયા.

ક્રિયા ત્રણ પ્રકારની છે. એક આ શરીર જડ, માટી આ ક્રિયા જડની છે. નાક, કાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ જડની ક્રિયા છે. અંદર દયા, દાનનો ભાવ એ પુણ્ય–રાગની ક્રિયા છે, હિંસા, જૂઠના પરિણામ એ પાપની ક્રિયા છે. અને આ પુણ્ય-પાપથી રહિત સ્વરૂપની રમણતારૂપી નિશ્ચયક્રિયા છે. અરે..રે..! આહાહા..! આવો માર્ગ છે. ફુરસદ લઈ, નિવૃત્તિ લઈને એનો અભ્યાસ કરવો જોઈએ. ભાઈ! આવા ટાણા ક્યારે મળશે? મનુષ્યપણા... આહાહા..!

એક ફૂલ, નીમ-નીમ. લીમડાના ફૂલ કહે છે ને? એક ફૂલમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા તેનાથી અનંતગુણા જીવ. આહાહા..! લીમડો-લીમડો. લીમડાનું પાન છે એ પ્રત્યેક છે. એ એક પાનમાં અસંખ્ય શરીર, અને એક શરીરમાં એક જીવ છે. પણ જે ફૂલ છે, એમાં એક રાય જેટલી કટકી લ્યો, તેમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. એક શરીરમાં અત્યાર સુધી છ માસ અને આઠ સમયમાં છસ્સો આઠ મુક્તિ પામ્યા. અત્યાર સુધી જે સિદ્ધની સંખ્યા થઈ એનાથી અનંતગુણા જીવ તો એક શરીરમાં છે. આહાહા..! એ દરેક જીવ ભગવાન પરિપૂર્ણ સ્વભાવથી ભરેલા છે. આહાહા..! દ્રવ્ય તો એવું ને એવું છે. પર્યાયમાં અને વિકારની અવસ્થામાં બધો ફેર. નિગોદ અને નારકી, દેવ એ તો બધી પર્યાયની વાત છે. વસ્તુ તો દ્રવ્ય સ્વભાવ. આહાહા..! જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ! એ એક શરીરમાં અનંત જીવ, એક એક જીવનો એવો સ્વભાવ છે. આહાહા..! એ વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞે જોયું છે એ કહ્યું છે. એ વાત જિનેશ્વર સિવાય ક્યાંય છે નહિ. કોઈએ માન્યું નથી. આહાહા..! અસંખ્યપ્રદેશ સર્વજ્ઞ સિવાય કોઈએ માન્યા નથી. જીવના અસંખ્યપ્રદેશ છે. આહાહા..! જેમ સોનાની ચેઈન હોય છે ને? ચેઈન. એ ચેઈનની સો-બસ્સો કડી હોય છે ને? એમ ભગવાનઆત્મામાં અસંખ્યપ્રદેશ કડી એટલે પ્રદેશ, અસંખ્ય પ્રદેશનો ભગવાનઆત્મા છે. અરે..રે...! એ અસંખ્ય પ્રદેશમાં એક એક પ્રદેશમાં અનંત ગુણ પડ્યા છે. આહાહા..!

એ એમ કહે છે, કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. એ બધાથી તારી ચીજ અંદર ભિન્ન છે. એવી અવિચળ સ્થિતિ. જ્ઞાન અને આનંદ અને ઈશ્વરશક્તિ, એવો અનુભવ થયો. હવે એમાં લીન થવાની ક્રિયા, વીતરાગી ક્રિયા, નિશ્ચયક્રિયા, સત્યક્રિયા, વાસ્તવિક આત્માની શુદ્ધ પરિણતિરૂપી ક્રિયા એ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે. આહાહા..! એમ .. કહી છે. 'કુંદકુંદાચાર્ય' છે ને? પણ પંચમઆરાના માણસને, સાધારણ પ્રાણીને... બાપુ! સાધારણ નથી, ભગવાન છે.

મુમુક્ષુ :– ભગવાન થવાની લાયકાત જોઈએ ને?

ઉત્તર :– હા, અરે..! ભગવાન જ છે. સ્વરૂપ તો ભગવાન છે એનું. એ ભગવાન છે તો પર્યાયમાં ભગવાન થવાનો છે. આહાહા..! એ ભગવાનપણું કાંઈ બહારથી આવતું નથી.

લીંડીપીપરનું દૃષ્ટાંત નહોતું કહ્યું? છોટી પીપર. પીપર છે ને? રંગે કાળી. અવગાહન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આટલું નાનું. પણ અંદર ચરપરાઈ (તીખાશ) અને લીલો રંગ, સોળ આના ચોસઠ પહોરી ભરી છે. ચોસઠ પહોરીને તમે શું કહો છો? ચોસઠ પહોરી ચરપરાઈ, તીખો ભાવ અને લીલો રંગ સોળ આના એટલે ચોસઠ પહોરી ભરી છે. આહાહા..!

એમ આ ભગવાનઆત્મા ક્ષેત્રથી ભલે શરીર પ્રમાણે દેખાય, પણ અંદરમાં સોળ આના પૂર્ણ જ્ઞાન-આનંદ-શાંતિ એવી પૂર્ણ શક્તિથી ભર્યો છે, પ્રભુ! એ શક્તિમાં સ્થિરતા થાય એની વાત અમે કરીશું. આહાહા..! અરે..રે..! આવું સાંભળવા મળે નહિ. અને સાંભળવા મળે તો (કહે), અરે..! આ તો નિશ્ચય વાતું છે એકલી સત્યની. વ્યવહારની વાતું... પણ વ્યવહાર એટલે શું? સાંભળને પ્રભુ! વ્યવહાર તો અભવી પણ અનંત વાર કરે છે. આહાહા..!

અહીં તો આચાર્ય કહે છે, અવિચળ સ્થિતિ આનંદમાં સ્વરૂપમાં રમણતા કરવી. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વભાવ, જેનો સ્વભાવ, જેની હદ નથી, મર્યાદા નથી. એવો બેહદ આનંદ, બેહદ જ્ઞાન, બેહદ ત્રિકાળી શ્રદ્ધા, બેહદ શાંતિ ત્રિકાળી, એવું જે સ્વરૂપ, એમાં સ્થિર થવાની નિશ્ચયક્રિયાની વાત અમે કરશું. આચાર્ય કહે છે કે નિશ્ચયક્રિયા અમે કહીશું. વ્યવહાર ક્રિયાનો નિષેધ છે. આહાહા..! ક્યારે આવી નવરાશ મળે? આહાહા..!

ઉદ્યોગપતિ એમ કહેતા હતા ને? આપણા શાહુજી છે ને? 'શાંતિપ્રસાદ' ૪૦ કરોડ. ઉદ્યોગપતિ. ઉદ્યોગપતિને? ઉદ્યોગ બનાવ્યા, કારખાના બનાવ્યા. કોણ બનાવે? સાંભળને, પ્રભુ! મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કર્યા છે. પરને બનાવું છું એ તો મિથ્યાત્વભાવ છે. આકરી વાત, ભાઈ! આહાહા..! 'ચીમનભાઈ' શેઠ વૈષ્ણવ 'મુંબઈ' દર્શન કરવા આવ્યા. આવે તો બધા આવે રાજા આવે, કરોડપતિ, અબજપતિ આવે બધા આવે. નામ સાંભળે પુણ્ય દેખાય કે પુણ્યશાળી છે. ૫૦ કરોડ છે. આ 'ચીમનભાઈ' એમાં નોકર હતા. પચાસ કરોડ 'મુંબઈ'માં છે. આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. બૈરાને લઈને. બૈરા બધા શ્વેતાંબર જૈન, બૈરા બધા શ્વેતાંબર જૈન અને છોકરાઓ ને આદમી બધા વૈષ્ણવ. અને ૫૦ કરોડ. ધૂળમાં પણ છે નહિ, કીધું.

મુમુક્ષુ :– સગવડવાળી બધી વસ્તુ લઈ શકે.

ઉત્તર :– સગવડ કેની કહેવી? સગવડ તો આત્માના આનંદમાં રમે એ સગવડ છે. બાકી તો બધી અગવડ છે. આવી વાત છે, પ્રભુ! ઝીણી પડે, ભાઈ! અરે..! એણે કોઈ દિ' સાંભળ્યું નથી. અને સત્ય કાને પડે તો એને એમ લાગે કે અરે..! એ તો નિશ્ચય, એ તો નિશ્ચય એમ કરીને કાઢી નાખે. આહાહા..! નિશ્ચય એટલે સત્ય. પરમસત્ય પ્રમાણ નિશ્ચય. એ કહે છે. આચાર્ય કહે છે, નિશ્ચયક્રિયા કહીશ. વ્યવહારક્રિયા કહીશ, એમ કહેતા નથી. આહાહા..!

પંચમઆરાના મુનિ કહે છે, અમે પ્રતિક્રમણ આદિ નિશ્ચયક્રિયા જે અંતરમાં રમણતા, નિર્વિકલ્પ સમાધિ અને શાંતિ થાય છે. આહાહા..! એ નિષ્ક્રિય ક્રિયા રાગની પ્રવૃત્તિની અપેક્ષાએ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિષ્ક્રિય અને સ્વરૂપમાં પ્રવૃત્તિ અપેક્ષાએ સક્રિય. એ આવ્યું ને? ઇ ક્રિયા કહે છે ને? નિશ્ચયક્રિયા. એ ક્રિયા તો પ્રવૃત્તિ, સ્વરૂપમાં રમણતા એ ક્રિયા છે. રાગની અપેક્ષાએ નિવૃત્તિ છે, પણ સ્વરૂપમાં રમણતાની અપેક્ષાએ સક્રિય-ક્રિયા છે. આહાહા..! એક ગાથામાં કેટલું સમાડ્યું છે!

**'પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે. અતીત (-ભૂતકાળના) દોષના પરિહાર અર્થે...'** ગયા કાળના દોષના ત્યાગને માટે **'પ્રાયશ્ચિત કરવામાં આવે છે...'** પ્રાયશ્ચિત. એ નિશ્ચય. આહાહા..! **'તે પ્રતિક્રમણ છે.'** તેને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! પૂર્વે જેટલા પુણ્ય અને પાપ આદિ મિથ્યાભ્રાંતિ આદિ જે દોષ કર્યા, એ બધાનું પ્રતિક્રમણ કરવું, એનાથી હટીને સ્વરૂપમાં રમવું... આહાહા..! એ પ્રતિક્રમણની નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો પોકાર છે. સભાની વચ્ચે આવીને કહ્યું છે. આહાહા..! સમાજ સમતોલ રહેશે કે કેમ એની દરકાર એને નથી. આ સમાજ માનશે કે નહિ એની દરકાર નથી. નાગા બાદશાહથી આઘા. વસ્તુ આ છે.

નિશ્ચયક્રિયા અમે કહીશું. એ પુણ્ય અને પાપ આદિ દોષ, એનો અભાવ કરવો એ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત છે. શુભ-અશુભભાવ, એનાથી રહિત પોતામાં લીનતા કરવી એ પ્રાયશ્ચિત અને એ પ્રતિક્રમણ છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- અમે કરીએ એ વ્યવહાર પ્રતિક્રમણ કહેવાય?

ઉત્તર :— ક્યાં વ્યવહાર? નિશ્ચય વિના વ્યવહાર કેવા? આકરી વાત છે, પ્રભુ! વીતરાગમાર્ગ પરમેશ્વર ભરતક્ષેત્રમાં પરમાત્માના વિરહ પડ્યા. પરમાત્મા રહી ગયા ત્યાં. આહાહા..! અહીંયા કેવળજ્ઞાન થતું નથી. કેવળજ્ઞાનીના વિરહ પડ્યા, પ્રભુ! આ વાત પાછળ રહી ગઈ. 'કુંદકુંદાચાર્ય' આહાહા..! અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની કોઈ રહ્યા નહિ. છતાં હું તો સત્યક્રિયા કહીશ. આહાહા..! અંતરની અવિચળ સ્થિતિ આત્માને સમ્યગ્દર્શન સહિત, સ્થિરતા કરવા હું નિશ્ચયક્રિયા કહીશ. આહાહા..! પ્રભુ! પણ આ સમાજ તોલના કરશે કે નહિ? સમાજ માનશે કે નહિ? સમાજ સમાજને ઘરે રહે. માર્ગ આ છે. આહાહા..! નગ્ન મુનિ છે, વીતરાગી છે. જગતની કાંઈ પડી નથી. આપણે કહેવાય છે ને નાગા બાદશાહથી આઘા. બાદશાહને ન ગણે એ નાગા. અંદરથી નાગા અને બહારથી નાગા. અંદરથી રાગરહિત અને બહારથી વસ્ત્રરહિત. આહાહા..! એ મુનિરાજ કેવળજ્ઞાની પરમાત્માની વાત અવિચળ સ્થિતિએ રહેવા માટે (કહીશ). આહાહા..! નિશ્ચયપ્રતિક્રમણ અને નિશ્ચય પ્રાયશ્ચિત, નિશ્ચય પ્રત્યાખ્યાન, પચ્ચખાણ, એ ક્રિયા હું કહીશ. એ નિશ્ચયક્રિયા હું કહીશ એમ કહે છે. છે? આહાહા..!

**''આદિ' શબ્દથી પ્રત્યાખ્યાનાદિનો સંભવ કહેવામાં આવે છે...'** પચ્ચખાણ પણ નિશ્ચય શું છે, નિશ્ચયક્રિયા પચ્ચખાણ શું છે એ કહીશ. નિશ્ચય ભક્તિ શું છે? ભગવાનની ભક્તિ નહિ. ભગવાનની ભક્તિ તો રાગ છે. આહાહા..! આગળ આવશે. નિશ્ચયભક્તિ કહીશ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિશ્ચય સમાધિ કહીશ, નિશ્ચય પ્રતિક્રમણ કહીશ, નિશ્ચય પ્રાયશ્ચિત કહીશ, નિશ્ચય પચ્ચખાણ કહીશ, નિશ્ચય સંવર અને આલોચના કહીશ. આહાહા..! પ્રભુ પંચમઆરાના માણસ છે ને? સાધારણ પ્રાણીને. એ સાધારણ નથી, ભાઈ! અનંતગુણથી ઓપતો–શોભતો પ્રભુ છે. માથે નહોતું આવ્યું? પંચરત્નોથી શોભિત. એના ભાવથી, હોં! આહાહા..!

ભગવાન તો માર્ગણાસ્થાનથી ભિન્ન, જીવસ્થાનથી ભિન્ન, ગુણસ્થાનથી ભિન્ન, ચૌદ ગુણસ્થાનથી ભિન્ન. આહાહા..! એવા જે પંચરત્ન. આહાહા..! અખંડાનંદ પ્રભુ અભેદ, જેમાં માર્ગણાસ્થાન જ્ઞાનની પર્યાય, મતિ, શ્રુત, અવધિ આદિ ભેદ, રંગ, રાગ અને ભેદથી ભિન્ન વાત કરીશ. રંગ શબ્દે જડાદિ પદાર્થ, રાગ શબ્દે ભાવકર્મ વિકારી, ભેદ શબ્દે ગુણસ્થાન આદિના ભેદ અને પ્રકાર. એ રંગ, રાગ અને ભેદથી (ભિન્ન) અભેદ વાત કરીશ. આહાહા..! અમૃત રેડ્યા છે. આહાહા..! ભગવાન સંતોએ, દિગંબર મુનિઓએ અમૃત રેડ્યા છે. ક્યાંય એ વાત છે નહિ. મુનિ સિવાય આ વાત ક્યાંય નથી. આહાહા..!

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.
હે ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસ્યા રે પંચમ કાળમાં.

'અમૃતચંદ્રાચાર્ય'ના કથનોએ અમૃત વરસાવ્યા છે. દિગંબર સંતોએ તો વનમાં રહીને સિદ્ધ સાથે વાતું કરતા અમૃત વરસાવ્યા છે! આહાહા..! આવી વાતું છે. કહો, 'દિવાકરભાઈ'! તમારા ઓલા છોકરા ... એના ભત્રીજાના .. શું કહેવાય એ? ...

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ધૂળ. .... ધૂળમાં કાંઈ છે નહિ. આહાહા..!

શરીરમાં નિર્ધનપણું, શરીરમાં રોગ હો, વૃદ્ધા અવસ્થા આવે, નિર્ધનતા આવે, ખોરાક માટે પાંચ-પચ્ચીસ રૂપિયા પણ મળતા ન હોય પણ જેને આત્મજ્ઞાન છે એ તો મહાપ્રભુ ભગવાન છે, મહારત્નનો ધણી છે. આહાહા..! આવી વાત છે. એક એક શ્લોકમાં રત્ન ભર્યા છે. મુનિરાજે, દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે. કેવળજ્ઞાનના કેડાયતો અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાના છે. એક-બે ભવે કેવળજ્ઞાન લઈને મોક્ષ પધારવાના છે. આહાહા..! અત્યારે તો વૈમાનિકમાં છે. 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'પદ્મપ્રભમલધારિદેવ' અત્યારે તો વૈમાનિકમાં છે. આહાહા..! પંચમઆરામાં એટલે પુરુષાર્થ નથી કે કેવળજ્ઞાન થાય, તેનો અભાવ છે. પણ અલ્પકાળમાં કેવળજ્ઞાન લેશે એમ કેવળજ્ઞાનની ઝંખના કરે છે. આહાહા..! ત્યાંથી મનુષ્યપણું પામીને કેવળજ્ઞાન લઈને મોક્ષમાં ચાલ્યા જશે. આહાહા..! એવી સ્થિતિ એની છે. એ મુનિરાજ એમ કહે છે, હું નિશ્ચયક્રિયા કહીશ. અર્થાત્ પ્રતિક્રમણ આદિ. જે આદિ શબ્દ છે તે પ્રત્યાખ્યાન આદિનો પણ સમાવેશ કરવા માટે છે. પચ્ચખાણના ને એ બધાના અધિકાર ઘણા છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૧માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।**

આહાહા..! ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય'નો પોકાર છે, કે ભેદજ્ઞાન સિદ્ધા. છે? **'જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...'** છે? શ્લોક છે કે નહિ? આહાહા..! અત્યાર સુધી જે પરમાત્મા નમો સિદ્ધાણં જે સિદ્ધ થયા, છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થાય છે. અત્યારે અહીંથી નથી થતા, મહાવિદેહમાંથી થાય છે. મહાવિદેહમાંથી છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિ પામે છે. આહાહા..! એ બધા સિદ્ધ થયા, ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા. આહાહા..!

એ રાગના વિકલ્પથી ભિન્ન પાડીને, પોતાના નિર્વિકલ્પ અનુભવમાં આવી, ભેદજ્ઞાનથી પરમાત્મા થયા છે. જે રાગની ક્રિયા છે, એનાથી તો નહિ, કેમ કે એનાથી તો ભેદ કરવો છે. આહાહા..! તો વ્યવહારથી નિશ્ચય થાય છે એ વાત રહી નહિ. આ તો પ્રતિપક્ષ આવી ગયો. આહાહા..! આમાં આવી ગયું પહેલા. શરૂઆતમાં આપણે આવી ગયું છે ને? પડિક્કમણાનો અધિકાર ચાલે છે. ઓલામાં આવી ગયું છે.

**'સકળ વ્યવહારિક ચારિત્રથી અને એના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું જે શુદ્ધ-નિશ્ચયનયાત્મક પરમચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે.'** પહેલી ગાથા છે શરૂઆતની. આહાહા..! અરે..! બહુ આકરું પડે. શું થાય? માણસને નિવૃત્તિ ન મળે અને એકાદ કલાક સાંભળવા જાય ત્યાં એવું સાંભળે, આ વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, જાત્રા કરો. અરે..રે..! અહીં તો કહે છે, કે નિશ્ચય ક્રિયા અમે કહીશું. કેમ કે ભેદવિજ્ઞાનથી અત્યાર સુધી અનંત સિદ્ધ થયા છે. કોઈ રાગથી સિદ્ધ થયા છે એવી વાત જૈનદર્શનમાં નથી.

**'ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે; જે કોઈ બંધાયા છે તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.'** રાગનો ભેદ કર્યો નહિ તો બંધાયો છે. આહાહા..! શ્લોક ઘણો ઊંચો છે. 'સંવર અધિકાર'માં છે. અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા એ બધા રાગથી ભિન્ન થઈને ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. અને જે કોઈ અત્યાર સુધી બંધનમાં પડ્યા છે, એ ભેદજ્ઞાનના અભાવથી બંધનમાં પડ્યા છે. રાગ મારી ચીજ છે, રાગથી મને લાભ થશે. એવા ભેદજ્ઞાનના અભાવથી બંધનમાં આવ્યા છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૧૧૦

(मालिनी)

इति सति मुनिनाथस्योच्चकैर्भेदभावे
स्वयमयमुपयोगाद्राजते मुक्तमोहः।
शमजलनिधिपूरक्षालितांहःकलंकः
स खलु समयसारस्यास्य भेदः क एषः।।११०।।

વળી (આ ૮૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :–

[શ્લોકાર્થ :–] એ રીતે જ્યારે મુનિનાથને અત્યંત ભેદભાવ (ભેદવિજ્ઞાનપરિણામ) થાય છે, ત્યારે આ (સમયસાર) સ્વયં ઉપયોગ હોવાથી, મુક્તમોહ (મોહ રહિત) થયો થકો, શમજલનિધિના પૂરથી (ઉપશમસમુદ્રની ભરતીથી) પાપકલંકને ધોઈ નાખીને, વિરાજે (–શોભે) છે;—તે આ ખરેખર, આ સમયસારનો કેવો ભેદ છે! ૧૧૦.

**પ્રવચન નં. ૮૦, શ્લોક-૧૧૦, ગાથા-૮૩, ગુરુવાર, કારતક સુદ ૧૨, તા.૦૧-૧૧-૭૯**

'નિયમસાર' કળશ આવી ગયો. ભેદવિજ્ઞાનનો આવી ગયો ને. હવે ૧૧૦મો કળશ.

इति सति मुनिनाथस्योच्चकैर्भेदभावे
स्वयमयमुपयोगाद्राजते मुक्तमोहः।
शमजलनिधिपूरक्षालितांहःकलंकः
स खलु समयसारस्यास्य भेदः क एषः।।११०।।

**શ્લોકાર્થ :- 'એ રીતે જ્યારે મુનિનાથને...'** મુખ્યપણે મુનિની વાત કરી છે. મોક્ષનો માર્ગ તો એ છે ને? આહાહા..! પ્રથમ સમ્યગ્દર્શન, એ પણ રાગના વિકલ્પથી ભિન્ન પડીને ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એની અનુભૂતિ થાય, અનુભવ થાય, એ તો પ્રથમ સમ્યગ્દર્શન છે. એ પ્રથમ માર્ગ છે. પછી અંતરમાં લીન થવું. મુનિનાથ કીધું છે ને? મુનિનાથ છે, મુનિના નાથ. આહાહા..! અંતર વીતરાગી આનંદકંદ પ્રભુ, એમાં લીન છે, એવા જે **'મુનિનાથને અત્યંત ભેદભાવ (ભેદવિજ્ઞાનપરિણામ) થાય છે,...'** એને. અત્યંત પરથી ભિન્ન આનંદસ્વરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે. આહાહા..! આ ચારિત્ર.

મુમુક્ષુ :– એ તો સિદ્ધદશા થાય ત્યારે થાય.

ઉત્તર :– અહીં ચારિત્ર સિદ્ધદશા થયા પહેલાની વાત છે. કોણે કહ્યું? આ પહેલેથી થાય છે. આહાહા..! ૩૮ ગાથામાં ન કહ્યું? કળશમાં કળશમાં. '**मज्जन्तु**' ભગવંતસ્વરૂપ પ્રભુ! તું નિર્વિકલ્પ છો, અભેદ છો, શુદ્ધ છો, શુદ્ધનયે તદ્દન પરમસ્વભાવભાવ છે. તેમાં '**मज्जन्तु**' ત્યાં જા, મગન થા, પ્રભુ! આહાહા..! ૩૮ ગાથાનો કળશ છે. સર્વ જીવો એમાં મગન થાઓ, ભાઈ!

આનંદસ્વરૂપ ભગવાન જે શરીર, વાણી, મનથી તો ભિન્ન છે, પણ પુણ્ય-પાપના, દયા-દાનના, વ્રતના વિકલ્પથી પણ ભિન્ન છે. આહાહા..! એ 'સમયસાર'ની ૧૫૬ ગાથામાં આવી ગયું. 'સમયસાર'. '**मोत्तूण णिच्छयट्ठं**' વિદ્વાનો શાસ્ત્રો વાંચીને વ્યવહાર કાઢીને વ્યવહારમાં વર્તે છે. પણ.. આહાહા..! નિશ્ચયથી વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન વીતરાગસ્વરૂપ (છે) એને છોડી દે છે અને વ્યવહારમાં વર્તે છે. મુક્તિ તો નિશ્ચય સ્વભાવ શુદ્ધ ચૈતન્યને આશ્રયે થાય છે. આહાહા..! પુણ્ય-પાપનો અધિકાર છે ને? ૧૪૪ ગાથા (સુધી) કર્તા-કર્મ (અધિકાર છે), પછી પુણ્ય-પાપ (અધિકારની) ૧૫૬ ગાથા. આહાહા..!

'કુંદકુંદાચાર્ય'ને એ વખતે એમ કહેવું પડ્યું... આહાહા..! કે નિશ્ચય વસ્તુ આનંદનો નાથ, નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ, તેની દૃષ્ટિ છોડી, તેની સન્મુખતા છોડી અને વિદ્વાનો શાસ્ત્રો ભણીને એમાંથી કાઢ્યું અને એ વ્યવહારમાં વર્તન કરે, પણ મુક્તિ તો નિશ્ચયને આશ્રયે, સ્વભાવને આશ્રયે થશે. આહાહા..! આવી વાત છે, ભાઈ! પ્રભુનો તો આમ પોકાર છે. એક એવી નહિ, એવી ત્રણ વાત (છે). '**मज्जन्तु**' ન્યાં કહ્યું. અહીં વ્યવહારના વર્તન કરનારાને બંધન થાય (એમ કહ્યું). વસ્તુનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમાં અંદરમાં રમે તેને મુક્તિ થાય. ૩૮માં કળશમાં એમ કહ્યું, સર્વ લોકો.. '**मज्जन्तु**' આનંદના સ્વરૂપમાં આવીને બધા જીવો મગન થાઓ. આહાહા..!

તેમ 'દ્રવ્યસંગ્રહ'માં અવાયને અધિકારે કહ્યું, ધર્મધ્યાનનો વિચાર કરનાર ધર્મી... આહાહા..! એવો વિચાર (કરે છે), એટલો બધો શુદ્ધ અને પરમસ્વભાવની ભાવના કરે છે, કે હું તો પરિપૂર્ણ પરમાત્મપદને પામું, બધા જીવો પામો. કોઈ જીવ દુઃખી ન થાઓ. આહાહા..! બધા આત્માના સ્વરૂપમાં મગન થાઓ અને સુખી થાઓ. આહાહા..! તેમ 'બંધ અધિકાર' અને 'સર્વવિશુદ્ધ અધિકાર'માં છેલ્લે આ 'સમયસાર' સમજીને, જ્ઞાત કરીને કર્તવ્ય શું? કરવું શું? કે કરવાનું એ કે હું નિર્વિકલ્પો, શુદ્ધ ચૈતન્ય (છું). શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ, ત્રણકાળમાં, ત્રણલોકમાં મન, વચન ને કાયા કૃત, કારિત અનુમોદનથી ભિન્ન આખી મારી ચીજ છે. હું તો શુદ્ધ ચિદાનંદ આનંદથી ભરેલો ભગવાન છું. જગતત્રયે, કાળત્રયે ત્રણકાળ અને ત્રણલોકમાં... આહાહા..! મન, વચન અને કાયાથી કરવું, કરાવવું, અનુમોદનથી ભિન્ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મારી ચીજ છે. આહાહા..! એવી ભાવના હે જીવ! તું કર અને સર્વ જીવ નિરંતર ભાવના આમ કરો. એવો પાઠ છે. આહાહા..! સર્વ જીવા. અરે..! દુઃખી કોણ થાય?

પ્રભુ! તું આનંદ છો ને. આહાહા..! દુનિયાથી ઉદાસ થઈ જા, પ્રભુ! અને સ્વભાવમાં પ્રેરક થઈને અંદરમાં લીન થા. અને તે ભાવના એવી કર કે હું પણ પૂર્ણાનંદ શુદ્ધ છું અને બધા જીવો પૂર્ણાનંદ શુદ્ધ છે, એવી નિરંતર ભાવના કર્તવ્ય છે. આહાહા..! ગજબ છે. બધા જીવો, બાળગોપાળ. બધા આત્માઓ છે ને, પ્રભુ! તમે પરમેશ્વરપદમાં પડ્યા છો. ભગવત્ સ્વરૂપ તારું છે, નાથ! આહાહા..! તો બધા ભગવત્ સ્વરૂપમાં લીન થાઓ. એમ સર્વે જીવોની ભાવના ધર્મી તો એમ કરે છે. કોઈ દુઃખી થાવ અને રખડો એવી ભાવના કરતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

૩૮ (ગાથામાં) કહ્યું, આ અવાયમાં કહ્યું અને છેલ્લે બંધ અને મોક્ષ અધિકાર, સર્વવિશુદ્ધમાં છેલ્લે કહ્યું. સર્વ જીવો એને જીવ કહીએ. અતીન્દ્રિય આનંદનો સાગર, અનંત જ્ઞાનનો સાગર, અનંત અનંત પારિણામિક સ્વભાવભાવથી ભરેલો, મહાપ્રભુ તેમાં લીન થાઓ, તેવો હું છું. હું અલ્પજ્ઞ નહિ, હું રાગ નહિ, હું નિમિત્ત નહિ. આહાહા..! હું તો પૂર્ણાનંદ સ્વરૂપ છું તેવી ભાવના સર્વ જીવો કરો અને સર્વ જીવો નિશ્ચયને પામો. આહાહા..! આમ છે. અહીં તો વીતરાગભાવની વાત છે, પ્રભુ! આહાહા..! અને આ વાત ફેરવે છે શું? ઓલી ૧૨મી ગાથા છે ને? '**ववहारादेसिदा**' એનો અર્થ એવો કરે છે, કે હેઠલા પ્રાણીને તો વ્યવહારનો જ ઉપદેશ કરવો. એવો અર્થ કરે છે.

મુમુક્ષુ :– હેઠલા કહેવા કોને?

ઉત્તર :– આમાં 'વિદ્યાનંદે' લખ્યું છે. પણ એનો અર્થ જ ટીકાકારે કર્યો. ટીકાકારને કહે, ટીકાકારે દુરુહ કરી નાખ્યું એમ કહ્યું. એમ કહીને ટીકાકાર આચાર્યને ઉડાવી દીધા. 'અમૃતચંદ્રાચાર્ય' મહા ભગવંતસ્વરૂપ, એને ઉડાવી દીધા. અને નીચલા જીવને તો વ્યવહારનો ઉપદેશ કરવો. એમ એનો અર્થ છે જ નહિ.

જેને પરમાત્મપદ પ્રાપ્ત થયું છે એને તો કાંઈ હવે કરવાનું રહ્યું નથી. પણ જે કંઈ અંદર પરમાત્મપદમાં લીન થવા માગે છે, એ લીનતામાં હજી કમીને લઈને જો રાગાદિ હોય, તો તેને જાણેલો પ્રયોજનવાન છે. રાગ છે તેમ જાણવું તે પ્રયોજન છે. આહાહા..! રાગનો ઉપદેશ કરવો એ પ્રભુ! એમાં છે નહિ. અરે..! શું થાય? આવા અર્થ કરે. આમાં એ અર્થ કર્યો છે. ટીકાકારે દુરુહ કરી નાખ્યું. ટીકાકારે જેમ અર્થ થતો હોય એમ કર્યો. 'અમૃતચંદ્રાચાર્ય'ને જૂઠા પાડવા! જ્યાં ભગવત્ સ્વરૂપે કામ કર્યું છે ને! આહાહા..! વ્યવહાર વચ્ચે આવે, પૂર્ણ આનંદસ્વરૂપનો આશ્રય લીધો છતાં પૂર્ણતા પ્રાપ્ત ન થાય તો વચમાં અશુદ્ધતાનો રાગ આવે, પણ તે રાગ જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો, આદરણીય નહિ. આહાહા..! આવી વાત છે. હવે આમાં અર્થ બીજા કરે એનું શું કરવું? આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં એ કહે છે, **'મુનિનાથ...'** આહાહા..! જેને અત્યંત ભેદભાવ થાય છે. આહાહા..! જેને અંદર વિકલ્પથી તો જુદો પણ પર્યાયથી લક્ષ છૂટીને ભેદભાવ થાય છે. આહાહા..! અખંડાનંદ પ્રભુ અંદર પૂર્ણાનંદ પરમેશ્વર પરમાત્મા, એમાં તેની પરથી ભિન્ન પડીને લીનતા થાય છે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! એ ભેદવિજ્ઞાન અત્યંત થાય છે **'ત્યારે આ (સમયસાર) સ્વયં ઉપયોગ હોવાથી,...'** આહાહા..! એ ભગવાન પોતે તો સ્વયં જ્ઞાનદર્શનઉપયોગસ્વરૂપ છે. ત્રિકાળ, હોં! પર્યાય (નહિ). સ્વયં ઉપયોગસ્વરૂપ છે એ તો. આહાહા..! જ્ઞાન-દર્શનનો ઉપયોગરૂપ એ એનું સ્વરૂપ છે. એમાં કોઈ રાગ, દયા, દાન, વ્રત, વિકલ્પ એના કોઈ સ્વરૂપમાં નથી. આહાહા..!

**'આ સ્વયં ઉપયોગ હોવાથી,...'** આહાહા..! સ્વયં ભગવાન જ્ઞાન અને દર્શનરૂપી ઉપયોગ હોવાથી. આહાહા..! **'મુક્તમોહ...'** છે. સ્વયં ઉપયોગ અંદર જ્ઞાન અને દર્શનનો સ્વભાવ છે. એવો ઉપયોગસ્વરૂપ છે તેમાં ઉપયોગ જામી ગયો. આહાહા..! આઠ વર્ષનો બાળક પણ કેવળજ્ઞાન પામે, પ્રભુ! એને કાંઈ ઉંમરની જરૂર નથી. આહાહા..! અંદર પ્રભુ બિરાજે છે, ભાઈ! તને એની મોટપની ખબર નથી. તેની મહિમાનો પાર નથી. જેની મહિમા સર્વજ્ઞની વાણીમાં પણ પૂરી કહી શકાય એમ નથી. વચનાતીત, વિકલ્પાતીત એવી ચીજ છે એ કોઈ. આહાહા..!

એ કહે છે, કે સ્વયં ઉપયોગરૂપ છે ને, પ્રભુ! આહાહા..! એ દયા, દાનના રાગરૂપે તો નથી પણ અલ્પજ્ઞપણે પણ નથી. આહાહા..! સ્વયં ઉપયોગ, જ્ઞાન-દર્શનનો સ્વયં ઉપયોગ ત્રિકાળ. આહાહા..! એવા ઉપયોગમાં એકાગ્ર થયો એ પર્યાય. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! આ તો જન્મ-મરણ મૂકવાની વાત છે, બાપુ! ચોરાશીના અવતાર કરી કરી હોથા નીકળી ગયા છે. આહાહા..! એક એક અવતારમાં અનંત અનંત દુઃખ સહન કર્યા છે. ક્યાંય શાંતિ નથી, ક્યાંય સુખનો સડકો નથી. એ શાંતિ અને સુખ તો આત્મામાં છે. આહાહા..! 'શાંતિભાઈ'! શાંતિ ક્યાં છે? આહાહા..!

પ્રભુ! તું શાંતરસથી ભરેલો છો ને. સ્વયં ઉપયોગ કીધું ને? સ્વયં ઉપયોગ છે. એ તો જ્ઞાનદર્શનનો દરિયો છે. આહાહા..! ત્રિકાળી જાણક અને દર્શન એવા સ્વભાવથી ભરેલો, એવું સ્વરૂપ તારું ત્રિકાળ છે. આહાહા..! એવો **'સ્વયં ઉપયોગ હોવાથી, મુક્તમોહ (મોહ રહિત) થયો થકો,...'** એ સ્વયં ઉપયોગમાં એકાકાર થવાથી મુક્ત મોહ થઈ ગયો. રાગાદિ મોહ છૂટી ગયો. અને સ્વયં ઉપયોગસ્વરૂપ જેવડો છે, એવડો પર્યાયમાં પ્રગટ થઈ ગયો. 'માણેકલાલભાઈ'! આવી વાતું છે, બાપુ! અરે..! જગતને ક્યાં ક્યાં.. વીતરાગમાર્ગને ક્યાં જોડી દીધો.

**'સ્વયં ઉપયોગ હોવાથી,...'** આહાહા..! **'મુક્તમોહ થયો થકો, શમજલનિધિના પૂરથી...'** આહાહા..! જેમ દરિયાને કાંઠે પાણીની ભરતી આવે, એમ ભગવાન દર્શન, જ્ઞાન અને આનંદનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમુદ્ર ભર્યો છે. એમાં એકાગ્ર થવાથી તેની પર્યાયમાં આનંદની ભરતી આવે છે. અતીન્દ્રિય આનંદની ભરતી. બાઢ.. બાઢ તમારી હિન્દી ભાષામાં. આહાહા..! દરિયાને કાંઠે જેમ બાઢ આવે છે, એ અંદર ભર્યો છે એમાંથી આવે છે. ક્યાંય ઉપરથી આવતી નથી. દરિયામાં ૨૫ ઈંચ વરસાદ પડે, પણ જ્યારે એને પાછું હઠવાનું હોય.. શું કહેવાય? ઓટ કરવાનું હોય પણ ૨૫ ઈંચ તો પણ કાંઈ ભરતી ન લાવે. આહાહા..! અને ૧૧૮ ડિગ્રીનો તડકો હોય, પણ છતાં જ્યારે ભરતીનો કાળ હોય (તો) એ તાપ રોકી ન શકે. આહાહા..! અને એમાં જ્યાં પૂનમનો ચંદ્ર હોય, એથી પાણી આખું અંદરથી ઉછાળા મારે. એવો ચંદ્ર ને અને એને બેને નિમિત્તનિમિત્ત સંબંધ છે. સમજાણું કાંઈ? પૂનમનો પૂર્ણ ચંદ્ર હોય અંદર, ત્યાં દરિયો ભરતી-ભરતી એમ અંદરથી ઉછાળા મારે.

એમ ભગવાનઆત્મા.. આહાહા..! ચંદ્રમાં સમાન શીતળ સ્વરૂપ પ્રભુ! એમાં એકાગ્ર થવાથી **'શમજલનિધિના પૂરથી...'** આવ્યું? **'(ઉપશમસમુદ્રની ભરતીથી)...'** લ્યો, ભરતી આવી. આહાહા..! માર્ગ પ્રભુ શાંતિનો જુદો બહુ. આહાહા..! અરે..! સત્યને સાંભળવા મળે નહિ, એ સત્યને, સુખને પંથે ક્યારે જાય? દુઃખને પંથે દોરાઈ ગયો, પ્રભુ! અનંતકાળથી દુઃખને પંથે દોરાઈ ગયો છે. એ મહાદુઃખી છે. પૈસાવાળા દુઃખી મોટા ભિખારા છે. શાસ્ત્રમાં રાંકા-વરાંકા ગણ્યા છે. આ લાવો... આ લાવો... આ લાવો... પણ મારામાં આનંદ ભર્યો છે, મારે કાંઈ જોઈતું નથી. આહાહા..! મારામાં ઉપશમરસ અને આનંદનો કંદ પ્રભુ સ્વયં આનંદ અને જ્ઞાનના દર્શનના ઉપયોગસ્વરૂપ છું. એ ભરતી એમાંથી પર્યાયમાં આવે, એ મારે જોવે છે. બીજું કાંઈ જોઈતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'શમજલનિધિના પૂરથી...'** ભાષા જુઓ! શમજલ–સમતારૂપી, ઉપશમરૂપી જળ, એનો નિધિ એટલે સમુદ્ર, એનું પૂર. આટલા શબ્દો વાપર્યા છે. શમજલનિધિનું પૂર! એ સમતાનો સાગર વીતરાગમૂર્તિ પ્રભુ! આનંદનો કંદ સાગર, એ સમતા નામ ઉપશમરસથી ભરેલો પ્રભુ! એમાં એકાગ્ર થવાથી તેની પર્યાયમાં-અવસ્થામાં **'શમજલનિધિના પૂરથી (ઉપશમ સમુદ્રની ભરતીથી) પાપકલંકને ધોઈ નાખીને,...'** આહાહા..! ધોઈ નાખીને એટલે એ એક ઉપદેશ છે. આમ જ્યાં ગયો એટલે ઓલું પાપ થતું નથી એને ધોઈ નાખ્યું એમ કહેવામાં આવે છે. આહાહા..! પૂર્ણાનંદના નાથમાં જ્યાં લીન થાય છે, ત્યાં એની પર્યાયમાં પૂર્ણ શાંતરસ, અકષાયભાવ ઉપશમરસ, એની ભરતી આવે છે. આહાહા..! ત્યારે પાપનું કલંક છે એ છૂટી જાય છે. આહાહા..! આ રસ્તો છે, પ્રભુ! આકરો પડે, જેમ પડે પણ આ વિના એના જન્મ-મરણ નહિ મટે, પ્રભુ! બહારથી ભલે મનને મનાવી લેશે. બહારથી કાંઈ ક્રિયા કરીને, આ કર્યું, આ કર્યું... આહાહા..! એ દુઃખને દરિયે ડૂબી ગયો છે, ભાઈ!

આ તો **'શમજલનિધિના પૂર'** જ્યાં અંદર વહે છે. આહાહા..! કહે છે કે પૂર્ણ ભરેલો તો છે જ પણ જ્યાં એમાં એકાગ્ર થયો ત્યાં શમજલનિધિનું પૂર, પર્યાયમાં ભરતી આવી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! એની વર્તમાન દશામાં શાંતરસ, અકષાયરસ, વીતરાગરસ, એ પર્યાયમાં ઉછળી આવ્યો, ઉછાળા માર્યા. આહાહા..! તેને અહીં ભરતી કહે છે. ગુજરાતી ભાષા સાદી છે, પણ કાંઈ ઓલી નથી. સમજાય એવું છે કે નહિ? આ ભાઈ હિન્દી છે. આહાહા..! માર્ગ એવો છે, બાપા! આમાં વાદ અને વિવાદ, ઝઘડા બાપા આમાં કાંઈ (નથી). આહાહા..!

સત્ય જ પ્રભુ એવું અંદર છે. શમજલનિધિનું પૂર. એ તો પર્યાયમાં કહ્યું. શમજલનિધિનું પૂર તો પોતે છે જ. આહાહા..! એ મુક્તમોહ થયો એટલે ઉપશમરસની ભરતી આવી, એણે પાપકલંકને ધોઈ નાખ્યું. આહાહા..! **'ધોઈ નાખીને, બિરાજે છે;...'** અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતીમાં ભગવાનઆત્મા બિરાજે છે. એનું નામ મુક્તિ અને એનું નામ સિદ્ધપદ છે. અરે..રે..! આવી વાતું છે. આકરું પડે પણ માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..! કાંઈ સહેલો (રસ્તો) બતાવોને, કોઈ એમ પૂછે છે. 'ભભુતમલજી'! સહેલો કહો કે આ કહો, બાપા! બીજો કોઈ રસ્તો નથી. આહાહા..!

શમજલનિધિ-સમતારૂપી જળથી ભરેલો દરિયો ભગવાન, એમાં એકાગ્ર થવાથી મુક્તમોહ, મોહથી રહિત થવાથી, ભરતીથી સહિત થવાથી. મોહથી મુક્ત થવાથી અને આનંદની ભરતીથી સહિત થવાથી... આહાહા..! પાપકલંકને તે ધોઈ નાખે છે. આહાહા..! એવી રીતે શોભે છે.

**'તે આ ખરેખર,...'** મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ' છે. **'આ ખરેખર, આ સમયસારનો કેવો ભેદ છે!'** આ તે શું 'સમયસાર'ની દશા છે! કહે છે. આહાહા..! ભગવાન સમયસારસ્વરૂપ છે. એનું ભાન થઈને સ્થિરતા થઈ આ તે 'સમયસાર'નો કેવો ભેદ છે! આ તે કેવો પ્રકાર છે! આહાહા..! આકરું પડે. વ્યવહાર ક્રિયાકાંડીના રસવાળાને એવું લાગે, આ લુખ્ખું લાગે. ત્યાં ઓલો રસ છે ને, એ તો અનાદિનો રસ પડ્યો છે.

અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ, વીતરાગનો પિંડ છે, અકષાયસ્વભાવનો સાગર છે. નિર્વિકલ્પોહં એમાં લખ્યું છે. જોયું? છેલ્લી છે ને છેલ્લી? ભાવનાનું લખ્યું છે. 'બંધ અધિકાર'માં છેલ્લે છે. બંધ છે ને? આમાં લખ્યું. 'બંધ અધિકાર'માં છેલ્લે છે. 'મોક્ષ અધિકાર' છે આ તો. બંધ-બંધ, હોં! જુઓ! આહાહા..!

શું કહે છે, જુઓ! 'तस्य बंधस्य विनाशार्थं' બંધને નાશને માટે પ્રભુ તારે શું કરવું? બંધના નાશને માટે પ્રભુ તારે શું કરવું? 'विनाशार्थं विशेषभावनामाह' આ. વિશેષ અંતરની ભાવના કરવી. એટલે શું? 'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं'. 'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं' આહાહા..! છે? બે-ત્રણ ઠેકાણે છે. બંધ-અધિકારમાં છે, છેલ્લે સર્વવિશુદ્ધ અધિકારમાં છે અને 'પરમાત્મપ્રકાશ'માં છેલ્લે છે. પ્રભુ! આમ ભાવના તો કર એકવાર. આહાહા..! આ પૈસાની, આબરૂની, બાયડીની, છોકરાની, ઢીંકણાની બધા.. આહાહા..! પાપના પોથા બધા બંધની ભાવના કરે એ કરતાં આ તો કર એકવાર. કેવું કીધું?

એ એકવાર કહ્યું હતું. (સંવત) ૧૯૬૪ની સાલ. સંવત ૧૯૬૪. ૭૨ વર્ષ પહેલાની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત છે. ઉંમર ૧૮ વર્ષની હતી. દુકાનનો માલ લેવા જતા. 'વડોદરા' માલ લેવા ગયેલ. ૧૮ વર્ષની ઉંમર. દુકાન ચાલતી હતી, મોટી હતી અંદર માલ લેવા જતા. દિવસે માલ લીધો. રાત પડી, તો ત્યાં એક નાટક હતું. અનસૂયાનું નાટક. 'ભરૂચ'ને કાંઠે 'નર્મદા' છે ને? એ 'નર્મદા' અને અનસૂયા બે બહેનો હતી. સતિ. આ તો તે દિ'ની વાત છે. ૬૪ની સાલની વાત છે. ૭૨ વર્ષ પહેલાની. એ નાટક જોવા ગયેલા. રાત્રે નિવૃત્તિ હોય. એ વખતે વૈરાગ્યના નાટક બહુ (આવતા).

એમાં એક બાઈ હતી, અનસૂયા, એ સ્વર્ગમાં જાતી હતી. તો સ્વર્ગમાંથી નકાર આવ્યો. એ લોકો એમ કહે છે, ને? 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ' જેને દીકરો ન હોય એને ગતિ ન મળે. કારણ કે ઓલો શ્રાદ્ધ કરનાર ન મળે એટલે. એ લોકો માને છે પણ એ બધી વાત ખોટી છે. પણ એ બાઈ ગઈ એટલે સ્વર્ગમાંથી ના પાડી. મોટું નાટક હતું. ૧૮ વર્ષની ઉંમરની વાત છે. ત્યારે કહે, મારે હવે જાવું ક્યાં? કે સ્વર્ગ નહિ મળે. દીકરો હશે તો મળશે. હેઠે હોય એને પરણ. તો નીચે આંધળો બ્રાહ્મણ હતો, એને પરણી, એને થયું છોકરું. એ છોકરું ક્યાંકથી લઈ આવ્યા'તા. એ તો બધા આદમી હતા ને. પણ ગાતી હતી. આહાહા..! તે દિ'ની વાત છે. ૭૨ વર્ષ પહેલાની વાત છે. આ છે ઇ. બેટા! તું નિર્વિકલ્પો છો, સહજાનંદ છો, ઉદાસીન છો, બુદ્ધો છો. આટલા શબ્દો યાદ છે. બાકી તો ઘણા ગાયા હતા. અહીં આમાં તો ઘણા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ ત્રણેમાં છે એ તો કીધું ને? ત્રણેમાં છે. આમાં બેમાં છે અને એક બીજે, ત્રણ જગ્યાએ છે. પણ ત્યાં એ વખતે એ બાઈ છોકરાને હાલરડું ગાય. નાટકમાં એ વાત હતી. અત્યારે તો બધા કાળાકેર થઈ ગયા છે. બાયડી આમ જોવે, હાથ નાખે, આ અનીતિના બહાર દેખાવ, નીતિના આચરણના ઠેકાણા ન મળે. એ વખતે તો નાટકમાં વૈરાગ્ય.

છોકરાને હિલોળા કરતાં (કહે છે), બેટા! તું નિર્વિકલ્પ છો. એમ કહેતી. તું વિકલ્પ વિનાનો અભેદ ચિદાનંદ પ્રભુ છો. શુદ્ધો છો-શુદ્ધ છો. બુદ્ધો છો-જ્ઞાનનો પિંડ છો. ઉદાસીનો છો, રાગાદિ બધાથી ઉદાસ પ્રભુ! તારી દશા છે. એવા ચાર ભાગ યાદ રહ્યા. એ વખતે તો ચોપડી લીધી હતી. એ વખતે ટેવ એવી હતી. ટીકીટ તો લીધી બાર આનાની, પણ મેં કીધું તમે શું બોલો છો એ ચોપડી લાવો. ચોપડીના પૈસા લ્યો. પણ તમે બોલો એ સમજવું જોઈએ ને. સમજ્યા વિના અમે શું સાંભળીએ. પહેલેથી એવી ટેવ હતી ને. કોઈપણ વાતને પરીક્ષા કર્યા વિના એમ ને એમ માનવી નહિ. તમે શું બોલો છો એની ચોપડી લાવો. બાર આનાની ચોપડી લીધેલી અને બાર આનાની ટીકિટ લીધી. દોઢ રૂપિયો. એમાં આ બધું લખેલું અને એ બાઈ અંદર બોલતી હતી. આહાહા..! એ વખતે અંદરથી ધૂન ચડી જતી, હોં! વાહ! બેટા! નિર્વિકલ્પ છો ને તું. શુદ્ધ છો ને. જ્ઞાનનો પિંડ છો, ઉદાસ છો. આખી દુનિયાથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તારું આસન ભિન્ન છે પ્રભુ અંદર. આહાહા..! 'ભૂપતભાઈ'! આહાહા..!

અહીં કહે છે, એ કહે છે, જુઓ! 'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं'. આહાહા..! ક્યાંથી મળે? ભાવના આ કર કહે છે. 'निर्विकल्पोहं, उदासीनोहं, निरंजननिजशुद्धात्मसम्यक्श्रद्धान-ज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसंजातवीतरागसहजानंदरूपसुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन' મારા આનંદના જ્ઞાનથી હું જણાવ એવો છું, બાકી બીજી રીતે જણાવ એવો નથી. એમ ભાવના કર પહેલી, કહે છે. આહાહા..! છે? 'स्वसंवेदनज्ञानेन संवेद्यो गम्यः' હું તો મારા જ્ઞાનથી પ્રત્યક્ષ મને જાણું એવો હું છું. મને રાગની ને નિમિત્ત ને દેવ-ગુરુ-શાસ્ત્રની જરૂર નથી. આહાહા..! આ પાઠ અંદર છે, હોં! આ તો સંસ્કૃત છે. છે?

'प्राप्यः, भरितावस्थोऽहं' 'भरितावस्थो' પૂર્ણ ભરેલો છું. આહાહા..! જેમ પાણીનો ઘડો પૂર્ણ ભરેલો હોય, એ માટીનો ઘડો છે, એમ આ ચૈતન્ય ઘડો અંદર આનંદનો કંદ પૂર્ણ ભરેલો છે. આહાહા..! છે? 'भरितावस्थो' ભરિત અવસ્થા. અહીં પર્યાય ન લેવી. 'भरितावस्थो' ભરેલો. અવસ્થિત-મારું સ્વરૂપ ભરેલું પૂર્ણ છે. આહાહા..!

'राग-द्वेष-मोह-क्रोध-मान-माया-लोभ-पंचेन्द्रियविषयव्यापार, मनोवचनकायव्यापार-भावकम-नोकर्म-ख्याति-पूजा-लाभ-दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानमायामिथ्याशल्यत्रयादि-सर्वविभावपरिणामरहितः शून्योऽहं' આહાહા..! 'शून्योऽहं' પરથી હું શૂન્ય છું. મારા સ્વરૂપે પરિપૂર્ણ ભરેલો છું. પરથી હું શૂન્ય શૂન્ય છું. આહાહા..! પેલો 'રજનીશ' શૂન્ય કહે છે. પણ આ વસ્તુ ભરેલી જુદી છે એ વિના તને શૂન્ય ક્યાંથી આવ્યું? અંદર પરિપૂર્ણ વસ્તુ ભગવાન અંદર પરિપૂર્ણ ભરેલો છે. એ ભરિત અવસ્થા કીધા પછી 'शून्योऽहं' કીધું. સમજાય છે કાંઈ? પરથી શૂન્ય છું. આહાહા..! છે?

'जगत्रये' ત્રણ જગતમાં, ત્રણલોકમાં 'मनोवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयेन' શુદ્ધનિશ્ચયથી મારું સ્વરૂપ તો આવું છે. પરમાનંદ સ્વરૂપ ભગવાન વીતરાગમૂર્તિ, નિર્વિકલ્પ શૂન્ય અને પરથી ભિન્ન મારું સ્વરૂપ છે. એમ 'तथा सर्वे जीवाः इति निरंतर' 'सर्वे जीवाः इति निरंतर भावना कर्तव्या' બધા જીવો એવા છે, પ્રભુ! એમ ભાવના કર. આહાહા..! કેવા શ્લોક પડ્યા છે, જુઓને! અરે..! કાને પડે નહિ. આવી ચીજ છે એને સાંભળવા મળે નહિ, એ કે દિ' જાય? આકરી વાત છે, બાપા! અહીં તો કહે છે, કે 'सर्वे जीवाः' અભવી (પણ)? અહીં અભવી-ફવીની વાત જ નથી. બધા જીવો પૂર્ણાનંદથી ભરેલા અને પરથી શૂન્ય છે, એવી ભાવના કર્તવ્ય છે. નિરંતર ભાવના કર્તવ્ય છે. આહાહા..! આ ત્રણ ઠેકાણે છે.

અહીં શબ્દ શું આવ્યો છે? શમજલનિધિનું પૂર. આહાહા..! જેમ પાણીનું ઘોડાપૂર આવે ને? ઘોડાપૂર સમજો છો? અમારી નદીમાં.. અમારું જન્મસ્થળ 'ઉમરાળા' છે ને? એ નદી બહુ મોટી છે. મોટી નદી. એમાં છોકરાઓ રમતા હોઈએ, તો પચ્ચીસ ગાઉ છેટે વરસાદ હોય અને અહીં તો તડકો હોય. પાણી એટલું આવે પાણી. ઘોડાપૂર, આટલું ઊંચુ દળ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાણી ભરાય અને નેરામાંથી ભેગું થઈ આટલું ઊંચું ઘોડાપૂર આવે. એકદમ. છોકરા રમતા હોય તો બહારથી રાડું પાડે. બધા નીકળી જાવ... નીકળી જાવ.. પાણીનું ઘોડાપૂર આવે છે. આટલું ઊંચુ પૂર ચાલ્યું આવે છે. એમ આ આત્મા ઘોડાપૂર અંદર ભરેલો છે. આહાહા..! 'ઉમરાળા'ની મોટી નદી છે. 'કરિયાણા' ૨૫ ગાઉ દૂરથી વરસાદ વરસ્યો હોય તો ત્યાં પાણી બે કાંઠે ભરાય જાય. ત્રણ-ત્રણ માથોડા પાણી, ચાર-ચાર માથોડા પાણી. એ પૂર કહેવાય.

અહીં એ કહે છે. શમજલનિધિનું પૂર. આહાહા..! **'(ઉપશમસમુદ્રની ભરતીથી) પાપકલંકને ધોઈ નાખીને, વિરાજે (-શોભે) છે;—તે આ ખરેખર, આ સમયસારનો કેવો ભેદ છે !'** મુનિરાજ એમ કહે છે, કે આહાહા..! આવા આત્માના અનુભવની સ્થિરતાની રમણતા, એ તે કોઈ 'સમયસાર'નો કેવો પ્રકાર છે! જેમાં પૂર આવ્યું છે, કહે છે. પર્યાયમાં આનંદનું પૂર આવ્યું છે. અતીન્દ્રિય શાંતિનો રસ ઝરે છે. અરે...! આ તે કોઈ 'સમયસાર'નો કેવો ભેદ છે! આહાહા..! 'શાંતિભાઈ'! આવું ત્યાં સાંભળ્યું નથી. ત્યાં ઓલા હીરા-માણેકને ફેરાફેર કરે. ત્યાં ક્યાં છે? અત્યારે તો વાડામાં પણ નથી. મારી નાખ્યા બિચારાને. શું કરીએ? આ કરો અને આ કરોમાં જિંદગી ચાલી જાય છે. આહાહા..!

અહીં પરમેશ્વરની વાત મુનિરાજ કરે છે. અરે..રે..! આવો ભગવાન આનંદસહિત ભરેલો, અતીન્દ્રિય આનંદનો સાગર, એની પર્યાયમાં ભરતી આવી, એ તે કેવો 'સમયસાર'નો પ્રકાર હશે! એટલે કે 'સમયસાર'નો અનુભવ તે 'સમયસાર'નો એક પ્રકાર છે. એ ૧૧૦ શ્લોક (પૂરો) થયો. ૮૩ ગાથા.

## ગાથા-૮૩

**मोत्तूण वयणरयणं रागादीभाववारणं किच्चा।**
**अप्पाणं जो झायदि तस्स दु होदि त्ति पडिकमणं।।८३।।**

**मुक्त्वा वचनरचनां रागादिभाववारणं कृत्वा।**
**आत्मानं यो ध्यायति तस्य तु भवतीति प्रतिक्रमणम्।।८३।।**

**दैनं दैनं मुमुक्षुजनसंस्तूयमानवाङ्मयप्रतिक्रमणनामधेयसमस्तपापक्षयहेतुभूतसूत्रसमुदयनिरासोऽयम्।**

**यो हि परमतपश्चरणकारणसहजवैराग्यसुधासिन्धुनाथस्य राकानिशीथिनीनाथः अप्रशस्तवचनरचनापरिमुक्तोऽपि प्रतिक्रमणसूत्रविषमवचनरचनां मुक्त्वा संसारलतामूलकंदानां निखिलमोहरागद्वेषभावानां निवारणं कृत्वाऽखंडानंदमयं निजकारणपरमात्मानं ध्यायति, तस्य**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



खलु परमतत्त्वश्रद्धानावबोधानुष्ठानाभिमुखस्य सकलवाग्विषयव्यापारविरहितनिश्चयप्रतिक्रमणं भवतीति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः :-

(मालिनी)

``अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति।।''

---

રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,
જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.

અન્વયાર્થ :– [ वचनरचनां ] વચનરચનાને [ मुक्तवा ] છોડીને, [ रागादिभाववारणं ] રાગાદિભાવોનું નિવારણ [ कृत्वा ] કરીને, [ यः ] જે [ आत्मानं ] આત્માને [ ध्यायति ] ધ્યાવે છે, [ तस्य तु ] તેને [ प्रतिक्रमणं ] પ્રતિક્રમણ [ भवति इति ] હોય છે.

ટીકા :– દિને દિને મુમુક્ષુ જનો વડે ઉચ્ચારવામાં આવતો જે વચનમય પ્રતિક્રમણ નામનો સમસ્ત પાપક્ષયના હેતુભૂત સૂત્રસમુદાય તેનો આ નિરાસ છે (અર્થાત્ તેનું આમાં નિરાકરણ-ખંડન કર્યું છે).

પરમ તપશ્ચરણના કારણભૂત સહજવૈરાગ્યસુધાસાગરને માટે પૂર્ણિમાનો ચંદ્ર એવો જે જીવ (–પરમ તપનું કારણ એવો જે સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર તેને ઉછાળવા માટે અર્થાત્ તેમાં ભરતી લાવવા માટે જે પૂર્ણ ચંદ્ર સમાન છે એવો જે જીવ) અપ્રશસ્ત વચનરચનાથી પરિમુક્ત (–સર્વ તરફથી છૂટેલો) હોવા છતાં પ્રતિક્રમણસૂત્રની વિષમ (વિવિધ) વચનરચનાને (પણ) છોડીને સંસારલતાનાં મૂળ-કંદભૂત સમસ્ત મોહરાગદ્વેષભાવોનું નિવારણ કરીને અખંડ-આનંદમય નિજ કારણપરમાત્માને ધ્યાવે છે, તે જીવને—કે જે ખરેખર પરમતત્ત્વનાં શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનની સંમુખ છે તેને–વચનસંબંધી સર્વ વ્યાપાર વિનાનું નિશ્ચયપ્રતિક્રમણ હોય છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૪૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

''[શ્લોકાર્થ :—] બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ; અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમ અર્થને એકને જ નિરંતર અનુભવો; કારણ કે નિજ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (–પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી (–સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી).''**

## ગાથા–૮૩ ઉપર પ્રવચન

**मोत्तूण वयणरयणं रागादीभाववारणं किच्चा।**
**अप्पाणं जो झायदि तस्स दु होदि त्ति पडिकमणं।।८३।।**

સાચું પ્રતિક્રમણ કોને કહેવું એની વાત પરમાત્મા ફરમાવે છે. આમ તો બધા મિચ્છામિ દુક્કડમ... મિચ્છામિ દુક્કડમ કરી કરીને અનંતવાર મરી ગયો. આહાહા..! પણ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એમાં અંદર સ્થિર થઈને રાગથી ખસી જાય છે અને સ્વરૂપમાં ઠરે છે, ત્યારે તેને સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! અમે પણ પહેલા દુકાન ઉપર પડિક્કમણા કરતા, હોં! ગડિયા હાંકતા. એકેય અર્થની ખબર ન મળે.

**રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.**

**ટીકા :– 'દિને દિને મુમુક્ષુ જનો વડે...'** શું કહે છે હવે? સવાર-સાંજમાં દરરોજ ધર્મીજીવ પ્રતિક્રમણ કરે છે. એ **'દિને દિને મુમુક્ષુ જનો વડે...'** મોક્ષાર્થી જીવો વડે **'ઉચ્ચારવામાં આવતો જે વચનમય પ્રતિક્રમણ...'** વચનમય પ્રતિક્રમણ. મિચ્છામિ દુક્કડમ... ઇચ્છામિપડિક્કમણા. એ **'નામનો સમસ્ત પાપક્ષયના હેતુભૂત...'** એ તો પાપના પરિણામના અભાવસ્વરૂપ પુણ્ય. પુણ્ય છે ઇ. વ્યવહાર પ્રતિક્રમણ એ બધું પુણ્ય છે. પાપનો જરી ક્ષય થાય અને પુણ્યના પરિણામ થાય. ધર્મ નહિ. આહાહા..!

દિને દિને મુમુક્ષુજીવે. આહાહા..! સવાર અને સાંજ **'ઉચ્ચારવામાં આવતો જે વચનમય પ્રતિક્રમણ નામનો સમસ્ત પાપક્ષયના હેતુભૂત સૂત્રસમુદાય...'** સિદ્ધાંતના વચનો **'તેનો આ નિરાસ છે...'** એના નકાર માટે આ પ્રતિક્રમણની વ્યાખ્યા છે. આહાહા..! એ વચનમય પ્રતિક્રમણ છે એ વિકલ્પવાળું છે. એ તો બંધનું કારણ છે. એના નિરાસ માટે, એનો અભાવ કરવા માટે આ વાત છે. આહાહા..! અહીં તો એના વ્યવહાર પડિક્કમણાના અર્થની ખબર ન હોય. ણમોત્થુણં આવે છે ને? ણમોત્થુણં કર્યું હતું? 'ભભૂતમલજી'! પહેલું કર્યું હતું? ઠીક. એમાં આવે છે. લોગસ્સમાં આવે છે. લોગસ્સ છે ને? 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;...' એમાં 'વિહુયરયમલા' આવે છે. 'વિહુયરયમલા' લોગસ્સમાં (આવે છે). અર્થની ખબર ન મળે. પછી એક બાઈ બોલવા માંડી અહીં 'લીંબડી'માં વિશાશ્રીમાળી અને દશાશ્રીમાળીને તકરાર (ચાલતી હતી). એટલે દશાશ્રીમાળી બાઈ આ બોલી વિહુયરયમલા એટલે વીહા રોઈ મળ્યા. અર્થની ખબર ન મળે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લોગસ્સમાં આવે છે. છેલ્લું નહિ? 'એવંમએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમણા;..' 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;' આ તો દસ વર્ષની ઉંમરથી કરેલું છે. એમાં 'વિહુયરયમલા' આવે છે. એક બાઈ અર્થ કરવા માંડી કે વીહા રોઈ મળ્યા. ઓલા કહે આપણી તકરાર આમાં ક્યાંથી આવી? આમાં તો એવો અર્થ નથી. (સાચો અર્થ) શું છે?

વિહુય- હે પરમાત્મા! વિશેષે હુય એટલે ટાળ્યા છે. રયમલા–રય એટલે કર્મની રજ અને મલ એટલે પુણ્ય-પાપનો મેલ. આપે ટાળ્યા છે ત્યારે આપ પરમાત્મા થયા છો. એય..! છે? અર્થની ખબર હતી? આહાહા..! ણમોત્થુણંમાં એવું આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– 'સરણગઈપઇટ્ઠા'. 'દીવોતાણં સરણગઈપઈટ્ઠા' નમોત્થુણંમાં આવે છે. 'નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તિત્થયરાણં' આવે છે ને? એમાં 'દીવોતાણં સરણગઈપઈટ્ઠા' (આવે છે). હવે બાઈ અર્થ કરવા માંડી. સામે વિરોધ હતો. 'દીવા ટાણે સંઘવી પીટ્યા' એમાંથી એવું કાઢ્યું. 'દીવોતાણં સરણગઈપઈટ્ઠા'નો અર્થ આવડે નહિ. 'દીવા ટાણે સંઘવી પીટ્યા'. કીધું, આ નમોત્થુણંમાં ક્યાંથી આવું આવ્યું? જુઓ તો ખરા. 'દીવોતાણં સરણગઈપઈટ્ઠા' સમુદ્રમાં જેમ દ્વિપ હોય છે, એમ આ સંસાર તરવાનો ઉપાય ભગવાનઆત્મામાં અંદર છે એ શરણ છે. અંદર શરણભૂત ભગવાનઆત્મા છે. અર્થની ખબર ન મળે અને હાંકે રાખે ગાડા.

અહીં તો કહે છે, કે એ પ્રતિક્રમણના વચનનો વિકલ્પ અને તેનો જે રાગ, તેને નિરાસ કરવાની વ્યાખ્યા છે. એનું ખંડન કરે છે કે વ્યવહાર નહિ, વ્યવહાર સંસાર બંધનું કારણ છે. આવે, હોય. આહાહા..! **'(અર્થાત્ તેનું આમાં નિરાકરણ-ખંડન કર્યું છે).'**

**'પરમ તપશ્ચરણના કારણભૂત...'** આહાહા..! જુઓ! લેશે. **'પરમ તપશ્ચરણના...'** આનંદનો નાથ અંદર સ્વરૂપ સમ્યગ્દર્શન સહિત, સ્વરૂપની ચારિત્રની રમણતા સહિત, સોનું જેમ ગેરુથી શોભે, એમ અંતર આત્માની શોભા વીતરાગભાવથી શોભે, એને અહીંયાં તપસ્યા કહે છે. આરે.. આરે..! તપસ્યાની વ્યાખ્યા જુદી. એ કહે છે, જુઓ!

**'પરમ તપશ્ચરણના કારણભૂત સહજવૈરાગ્યસુધાસાગરને માટે પૂર્ણિમાનો ચંદ્ર એવો જે જીવ...'** આહાહા..! જેમ પૂનમનો ચંદ્ર પૂર્ણ ઊગે (ત્યારે) દરિયામાં ભરતી આવે. એમ મુનિરાજ... આહાહા..! અંદર વીતરાગની ભાવનાનો રસીલો રસે ચડી ગયો (તો પર્યાયમાં) ભરતી આવી. આહાહા..! છે?

**'પૂર્ણિમાનો ચંદ્ર એવો જે જીવ...'** એ જીવને જ ચંદ્રમા કીધો. **'(—પરમ તપનું કારણ એવો જે સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર...'** આહાહા..! ભગવાન તો અમૃતનો સાગર છે, સુખનો સાગર છે. અમૃત એટલે સુખ. આહાહા..! એ અમૃતનો સાગર એવો ભગવાન. અમૃતના સાગરને ઉછાળવા માટે અંદર અમૃતનો સાગર ભગવાન ભર્યો (છે). ચંદ્રમાં જેમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂનમનો ઉછળે, એમ જે મુનિ પોતાના સ્વરૂપમાં રમે છે, એની પર્યાયમાં આનંદ ઉછળે છે. આહાહા..! આ નિશ્ચયપ્રતિક્રમણ. અરે..રે..! આવી વાતું છે. બધી વાતુંમાં ફેર. એટલે કેટલાક કહે ને, કે 'સોનગઢ'વાળાએ નવું કાઢ્યું. 'ભૂપતભાઈ'! નવું નથી કાઢ્યું, ભગવાન! અનાદિનું ભગવાન કહે છે તે આ છે. બાપુ! તેં સાંભળ્યું નથી એટલે તને નવું લાગે. માર્ગ તો અનાદિનો આ છે. અંદર છે કે નહિ? આહાહા..!

કહે છે, કે એ મુનિ કેવા છે? કે જેમ પૂનમનો ચંદ્ર થાય અને જેમ ભરતી આવે, એવો એ મુનિ પોતાના આનંદસ્વરૂપમાં એકાગ્ર થઈને... આહાહા..! પર્યાયમાં, અવસ્થામાં અમૃતના ઉછાળા આવે, અમૃતની ભરતી આવે, એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ કહે છે. આહાહા..! આવી વાતું છે. તેથી કહે ને 'સોનગઢ'વાળાએ વ્યવહારને ઉથાપી નાખ્યો. ફલાણું આમ કર્યું. બધું સાંભળ્યું છે, બધું સાંભળ્યું છે, બાપા! સાંભળને હવે. અહીં શું કહે છે? વ્યવહારને તો નિરાસ કરીએ છીએ. વ્યવહાર આવે, પણ એ ખંડન કરવાલાયક છે, નિષેધ કરવા લાયક છે. આહાહા..! વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એવું સ્વરૂપ નથી. આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહાર કરતાં કરતાં બંધ થાય.

ઉત્તર :– વ્યવહાર તો બંધ પણ વ્યવહાર પોતે બંધસ્વરૂપ છે. બંધસ્વરૂપથી બંધ જ થાય. અને આત્મા મુક્તસ્વરૂપ છે, એને આશ્રયે મુક્તદશા થાય. આહાહા..! પુણ્ય-પાપ અધિકારમાં આવે છે. વિકાર છે એ બંધસ્વરૂપ જ છે. તેમાં બંધ જ થાય. અને ભગવાનઆત્મા મુક્તસ્વરૂપ છે તો મુક્ત સ્વભાવના આશ્રયે મુક્તપણું જ આવે. 'સમયસાર'માં પુણ્ય-પાપના અધિકારમાં છે. આહાહા..!

**'સહજ વૈરાગ્યરૂપી...'** શું કહે છે? **'પરમ તપનું કારણ એવો જે સહજ વૈરાગ્યરૂપી...'** પરથી એકદમ ઉદાસ. આહાહા..! દુનિયાના વિકલ્પથી પણ જે ઉદાસ છે. આહાહા..! પરચીજથી તો ઉદાસ છે પણ શુભ વિકલ્પ જે પ્રતિક્રમણનો વ્યવહાર આવે છે, એનાથી પણ પરમ ઉદાસ-વૈરાગી છે. આહાહા..! આકરી વાત, ભાઈ! પરિચય નહિ, અભ્યાસ નહિ એટલે આકરું લાગે.

વસ્તુ તો પોતે ભરી છે. ભગવાન પડી છે. ભગવત્ સ્વરૂપ છે. બધા ભગવાન છે. કોઈ અપૂર્ણ અને કોઈ વિકારી આત્મા છે જ નહિ. આહાહા..! બધા ભગવાન સ્વરૂપે અનંત છે. આહાહા..! એવા ભગવાન સ્વરૂપને જે ઓળખીને અંદરમાં સ્થિર થયો, એ ચંદ્રમા જેમ પૂનમે ઊગે અને પાણીની ભરતી આવે, એમ પર્યાયમાં **'સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર તેને ઉછાળવા માટે અર્થાત્ તેમાં ભરતી લાવવા માટે જે પૂર્ણ ચંદ્ર સમાન છે...'** મુનિ. આહાહા..! પંચમઆરાના સંત કહે છે. આ ટીકાકાર તો ૯૦૦ વર્ષ પહેલા થયા. આહાહા..! એવી મુનિની દશા છે. મુનિની દશા બાપુ! મુનિ કાંઈ લુગડા ફેરવ્યા અને નગ્ન થયો માટે મુનિ છે? આહાહા..!

અહીંયાં તો કહે છે, અંદરમાં એટલો ઉદાસ છે, કે જેને વિકલ્પ પણ રુચતો નથી,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગોઠતો નથી. આહાહા..! શરીર, વાણી અને પર પદાર્થની તો શું વાત કરવી? પણ જેને વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ જે રાગ છે, એ જેને પોસાતો નથી, રુચતો નથી, ગોઠતો નથી. આહાહા..!

**'(પૂર્ણ ચંદ્ર સમાન છે એવો જે જીવ)...'** આહાહા..! **'અપ્રશસ્ત વચનરચનાથી પરિમુક્ત...'** કહે છે, કે અશુભભાવથી તો પરિમુક્ત છે. એમ **'હોવા છતાં પ્રતિક્રમણસૂત્રની વિષમ (વિવિધ) વચનરચનાને (પણ) છોડીને...'** અશુભભાવ તો છોડ્યો છે, પણ પ્રતિક્રમણનો, વ્યવહારનો જે પ્રતિક્રમણનો વિકલ્પ છે, તેને પણ છોડીને. આરે.. આવી વાતું છે. શાસ્ત્રમાં જોવે નહિ, વાંચે નહિ, વિચારે નહિ અને 'સોનગઢ'ને નામે તો એય..! 'સોનગઢ' તો નિશ્ચયાભાસ છે. વ્યવહારથી તો વાત કરતા નથી. ભગવાન!

મુમુક્ષુ :– વાત જ બધી વ્યવહારની છે.

ઉત્તર :– આ વિકલ્પ ઊઠે એ પણ વ્યવહાર છે, વાણી એ બધો વ્યવહાર છે. પણ એ આદરવા લાયક નથી. આહાહા..!

કહે છે, કે સત્ય પ્રતિક્રમણ કરનાર, અપ્રશસ્ત રાગથી તો ઉદાસ છે, છૂટી ગયો છે. છે? પણ **'પ્રતિક્રમણસૂત્રની વિષમ (વિવિધઃ વચનરચનાને (પણ) છોડીને...'** આહાહા..! ઇચ્છામી પડિકમણું... એ બધા શબ્દોને છોડીને અને એના તરફના વિકલ્પને છોડી દઈને એમ કહે છે. હવે આવી વાતું છે, ભાઈ! આહાહા..! માર્ગ તો આવો છે, બાપુ! આહાહા..! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' પરમાર્થનો પંથ તો આ એક જ હોય. બીજો વ્યવહાર પણ એક (માર્ગ) છે એમ છે નહિ. આહાહા..! એ વિકલ્પને પણ છોડી દઈને... આહાહા..! છે?

**'સંસારલતાના મૂળ-કંદભૂત સમસ્ત મોહરાગદ્વેષભાવોનું નિવારણ કરીને...'** સંસારરૂપી વેલડી–લતા. સંસારરૂપી વેલડી ફાલે છે. એ સંસારલતાના મૂળ-કંદભૂત, એનું મૂળીયું... **'સમસ્ત મોહરાગદ્વેષ...'** એ સમસ્ત રાગદ્વેષમોહ એ સંસારલતાનું મૂળિયું છે. ચાહે તો દયા, દાન અને વ્રતનો વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ (હો) પણ સંસારલતાનું મૂળિયું છે. આહાહા..! સાંભળવું કઠણ પડે. અંદર છે કે નહિ? ઓલા ચોપડા જોયા પણ આ ચોપડા જોયા નહિ હોય, અંદર વાંચ્યું પણ નહિ હોય. આહાહા..!

**'સંસારલતાના મૂળ-કંદભૂત...'** મૂળકંદ–મૂળિયું. સંસારની વેલડીનું મૂળિયું. કોણ? મોહરાગદ્વેષભાવ. આહાહા..! મિથ્યાત્વ અને પુણ્ય અને પાપનો ભાવ, એ સંસારલતાની વેલડીનું મૂળિયું છે. આહાહા..! એમાં સંસાર વેલડી ફાટે છે. આહાહા..! કઠણ પડે, બાપુ! જરી વિચાર કરવો જોઈએ, ભાઈ! એનું **'નિવારણ કરીને અખંડ-આનંદમય નિજ કારણપરમાત્માને ધ્યાવે છે,...'** આહાહા..! જુઓ! છે? કહે છે, કે પર સંયોગથી તો ઉદાસ છે, અપ્રશસ્ત રાગ અશુભરાગ તો છૂટી ગયો છે, પણ શુભરાગને પણ છોડીને... આહાહા..! **'અખંડ-આનંદમય...'** પ્રભુ! અંદર અખંડ આનંદમય પ્રભુ છે. આહાહા..! જેમાં પર્યાયનો ભેદ પણ નથી, એવો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અખંડ આનંદમય પ્રભુ! અતીન્દ્રિય આનંદનો રસવાળો, એવો આત્મા.

એવો **'નિજ કારણપરમાત્મા...'** પોતાનો કારણપરમાત્મા, નિજ કારણપરમાત્મા. આહાહા..! જુઓ! **'અખંડ આનંદમય નિજ કારણપરમાત્માને...'** અહીં આત્માને નિજ કારણપરમાત્મા કહ્યો. આહાહા..! બે બીડી સરખી પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને દીશા ઉતરે. આવા અપલખણ. એને એમ કહેવું કે અંદર નિજકારણ પરમાત્મા (તું છો). ક્યે માપે માપ કરે? આહાહા..!

અહીં તો પરમાત્મા પંચમઆરાના સંતો પણ જગતને જાહેર કરીને પોકાર કરે છે. આહાહા..! પંચમઆરાના હીન પુણ્ય ને સાધારણ એમ ન માનતા. એ તો બહારની દશા છે. પ્રભુ! તું તો પરિપૂર્ણ ભગવાન છો ને! આહાહા..! કેવો? **'અખંડ-આનંદમય...'** આનંદવાળો પણ નહિ. **'અખંડ-આનંદમય...'** જેમ સાકર ગળપણમય (છે). એમ અખંડ અતીન્દ્રિયઆનંદમય પ્રભુ આત્મા છે. આહાહા..! કોણ? અખંડ આનંદમય કોણ? નિજ કારણપરમાત્મા. ત્રિકાળી દ્રવ્ય કારણપરમાત્મા, એને મુનિ ધ્યાવે છે, એને મુનિ ધ્યાનમાં ધ્યેયમાં લઈને એનું ધ્યાન કરે છે. આહાહા..! તે જીવને શું છે એ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૮૧, શ્લોક-૧૧૧, ગાથા-૮૪, શુક્રવાર, કારતક સુદ ૧૩, તા.૦૨-૧૧-૭૯**

---

'નિયમસાર' ૮૩ ગાથાની પાછળ કળશ છે ને? કળશ. 'સમયસાર'નો. ૧૧૧ પહેલા.

**अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-**
**रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।**
**स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-**
**न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति।।**

'સમયસાર'નો શ્લોક છે. આહાહા..!

**શ્લોકાર્થ :- 'બહુ કહેવાથી...'** આચાર્ય કહે છે, તમને શું વિશેષ કહીએ? પ્રભુ! **'અને બહુ દુર્વિકલ્પોથી...'** શું? અનેક પ્રકારના વિકલ્પો, વૃત્તિઓ ઊઠે, એનાથી શું? એ ચીજમાં છે નહિ. **'બસ થાઓ,...'** અનેક વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના છે, એનાથી બસ થાઓ. એ રાગ છે. ભગવાન એનાથી ભિન્ન છે. **'અલમ'** વિકલ્પથી પૂરું પડો હવે. અને એનાથી છૂટીને **'બસ થાઓ;...'**

**'અહીં એટલું જ કહેવાનું છે...'** આહાહા..! આખું 'સમયસાર' ભગવાનની દિવ્ય ધ્વનિમાં એટલું કહેવું છે **'કે આ પરમ અર્થને એકને...'** આહાહા..! પરમ પદાર્થ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ પ્રભુ, જે વસ્તુ છે. જેમ બરફની... શું કહેવાય? શીલા. બરફની શીલા હોય છે ને? 'મુંબઈ'માં, નહિ? ૫૦-૫૦ મણની. ઠંડી-ઠંડી ૫૦ મણની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઠંડી. એમ ભગવાનઆત્મા શીતળ શીતળ અવિકારી વીતરાગ સ્વરૂપની શીલા છે-પાટ છે. અરે..રે..! કેમ બેસે? આહા..! અંતર સ્વરૂપ તો વીતરાગ સ્વરૂપની પાટ આત્મા છે.

કહે છે, **'પરમ અર્થને એકને...'** પરમ પદાર્થ આત્મા. આહાહા..! બીજી વાત, વિકલ્પોની લાગણી આદિ છોડી દે, ભાઈ! એનાથી તને કંઈ લાભ નથી. આહાહા..! પરમ પદાર્થ ભગવાન અંદર સચ્ચિદાનંદ સત્ જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ, એ **'અર્થને એકને જ નિરંતર અનુભવો;...'** આ વાત છે, ભાઈ! આકરી છે. આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એનો અનુભવ કરો. એ ધર્મ અને મોક્ષમાર્ગ છે. આહાહા..! આકરી વાત છે.

'અમૃતચંદ્રાચાર્ય' 'સમયસાર'ની ઘણી ટીકા કહી ગયા. કરતા કરતા છેલ્લે આમ બોલ્યા, પ્રભુ! હવે બસ થાઓ તારી વાત કરતા કરતા. તારી ચીજ અંદર અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલી ધ્રુવ પાટ અંદર છે, એવા એક આત્માનો અંતર અનુભવ કરો. એનાથી તને મોક્ષનો માર્ગ પ્રગટશે. આહાહા..! આ બધું વ્યવહારનું શું સમજવું? વ્યવહાર આવે છે એ રાગ છે, એ ધર્મ નહિ. આહાહા..! શીતળ ચૈતન્યપાટ પ્રભુ, નિત્ય ધ્રુવ અવિનાશી વિષય (છે). સમ્યગ્દર્શન પર્યાયનો વિષય અવિનાશી પદાર્થ આત્મા છે. તેનો એકનો અંતર્મુખ થઈને અનુભવ કરો, એ મોક્ષનો માર્ગ છે. આવી વાત છે. અહીં તો વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો. એ શુભભાવ વચ્ચે આવે, પણ એ કોઈ ધર્મ નથી. આહાહા..! વીતરાગ પરમાત્મા જે વીતરાગસ્વરૂપ હતું, તો એનાથી વીતરાગસ્વરૂપ થયું. તો વીતરાગસ્વરૂપ આત્મા જ છે. આહાહા..! પરમેશ્વર ભગવત્સ્વરૂપ આત્મા, એ એક પદાર્થનો જ અનુભવ કરો. ટૂંકી વાત બહુ કરી.

મુમુક્ષુ :- કામ ઘણું પણ ક્યારે કરે?

ઉત્તર :- ક્યાં કામ ઘણું? મફતનો હેરાન થઈને મરી જાય છે આખો દિ'. 'ભભૂતમલજી'! કામ ઘણું સ્ટીલનું ને લોઢાનું વેચવાનું ને. ઓલો 'શાંતિલાલ' નહોતો કીધું? 'શાંતિલાલ ખુશાલ' બે અબજ ચાલીસ કરોડ. આખો દિ' કામ... કામ... કામ. એક એક લાખની નાની બોટ હતી. એવી ત્રણસો બોટ ઘરે હતી. ઓલું મેંગેનીઝ લોઢું-લોઢું હતું. અમુક કાંઈક સીત્તેર લાખની જમીન લીધેલી, એમાં અબજો રૂપિયાનું મેંગેનીઝ નીકળ્યું. લોઢું. એ એક ગામથી બીજે પહોંચાડવા ત્રણસો તો બોટ હતી. એક-એક લાખની એવી ત્રણસો (બોટ). આખો દિ' હોળી સળગે. આ કરો... આ કરો... અહીં મોકલો, અહીં કરો. એના પૈસા પતાવવાના, એટલા આમ લાવવા ને આમ મૂકવું. આહાહા..! અરે..રે..! મજૂરીના વિકારના પરિણામથી નવરો થતો નથી. એ બધી સંસારની મજૂરી છે.

અહીં તો આચાર્ય મહારાજ કહે છે, કે બહુ શું કહીએ પ્રભુ તને હવે? ઘણું કહ્યું તને. હવે એનો સરવાળો આ છે કે એક **'પરમ અર્થ...'** પરમ પદાર્થ ભગવાન દ્રવ્યવસ્તુ, ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ, શુદ્ધમૂર્તિ પ્રભુ! **'એકને જ...'** એકને જ (કહીને) એકાંત કર્યું. વ્યવહાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ કરો અને આ પણ કરો એમ નથી કહ્યું. આહાહા..! આ ભગવાનઆત્મા અંદર આનંદસ્વરૂપ ચિંતામણિ રત્ન પ્રભુ, નિત્યાનંદ ચિંતામણી નિત્ય વસ્તુ, એવો એક પરમપદાર્થ આત્મા, એનો એકનો જ અંતર અનુસરીને અનુભવ કરો. આહાહા..! બાર અંગનો સાર આ છે. વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં પરમાર્થનું આ સ્વરૂપ છે. નવરા કે દિ' થાવું? એમ 'રામજીભાઈ' કહે છે. આહાહા..!

અરે..! ઘણું કર્યું, ભાઈ! પા કલાકમાં ઉડી ગઈ લ્યો હમણા એક. આ 'પ્રેમચંદભાઈ'ની વહુ. 'રાણપુર' 'પ્રેમચંદભાઈ મગન' નહોતા? પા કલાક, એક કલાક દુઃખ આવ્યું જરી. (બાકી) કાંઈ ન મળે. બે દિ' પહેલા. આજે છોકરાનો કાગળ આવ્યો છે. 'મુંબઈ'થી બધા આવ્યા છે. જરીક દુઃખાવો ઉપડ્યો તો એક કલાકમાં તો ખલાસ થઈ ગયા. દેહ છૂટી ગયો. કલાક પહેલા કાંઈ નહોતું. પણ દેહને છૂટવાને તો એક સમય છે ને, બાપા! આહાહા..! એની સ્થિતિ પૂરી થઈ એટલે એક સમયમાં ફડાક દઈને દેહ છૂટી જશે. લાખ તારા ડોક્ટરો આવે અને ઇન્દ્રો ઉતરે તો પણ એક સમય અધિક વધે એવું નથી. આહાહા..! આજે છોકરાનો મહાસુખનો કાગળ છે. આહાહા..!

અહીં કહે છે, પરમાત્મા. સંતો કહે છે એ પરમાત્માના આડતિયા છે. એ કહે છે, પ્રભુ! તારી કેટલી વાત કરીએ? નાથ! તને શું કહેવું પ્રભુ હવે? એક પરમપદાર્થ એવો આત્મા દ્રવ્યસ્વભાવ... આહાહા..! એનો અનુભવ કરવો. એમાં તને આનંદ આવશે, તને શાંતિ મળશે, તને વીતરાગતા થશે. આહાહા..! આ બધો વ્યવહાર ને ફ્યવહાર બધું ગયુ ક્યાં ત્યારે? 'ભભૂતમલજી'! આઠ લાખનું મંદિર બનાવ્યું.

'ભરતે' કરોડો રૂપિયાના બનાવ્યા. ત્રણકાળના તીર્થંકરોના બનાવ્યા છે. ઓલામાં છે, પરમાગમમાં છે. અહીં છે? ત્રણકાળના તીર્થંકરોના ત્રણ ચોવીશીના મંદિર બનાવ્યા. પણ એ તો પરમાણુની પર્યાય તે કાળે ત્યાં થવાની. કરનારાના ભાવમાં ભાવ હોય તો શુભ છે, પુણ્ય છે. આહાહા..! એ કોઈ ધર્મ નથી, એ કોઈ ધર્મનું કારણ પણ નથી. એ શુભભાવ ધર્મમાં સહાયક થાય, એમ નથી. આહાહા..!

પરમપદાર્થ એવો જે આત્મા અંદર ભગવાન, એનો પ્રભુ! તું અનુભવ કર. છે? **'પરમ અર્થને એકને જ નિરંતર અનુભવો;...'** આહાહા..! સાર છે. હવે આ તો બાયડી-છોકરાને પાળવા ક્યારે? એને બચાવવા... આહાહા..! આજે એક ખાનગી ગુપ્ત કાગળ આવ્યો છે. બહુ દુઃખી છું, બહુ આવો છું.. આવો છું... હવે કાંઈ સાધન નથી. આઠ-દસ વર્ષ ચલાવ્યું. હવે તો દેહ છૂટવાના ટાણા આવ્યા છે. અમારી પાસે માગે છે. અમારી પાસે શું છે? આહાહા..! હું ત્યાં આવું તો કોઈક પૈસા આપે તો ફેક્ટરી કરું, ધંધો ચલાવું. આહાહા..! અરે..! પ્રભુ! અહીં તો શુભ વિકલ્પ છે એ પણ બંધનું કારણ છે. આહાહા..!

શું કહે છે? કે 'સમયસાર' સિદ્ધાંતનો સાર આ છે, કે એક આત્માનું નિરંતર... **'એકને**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ...**' એકનું જ. એકરૂપ સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ, '**એકને જ...**' નિશ્ચય કહ્યો. આહાહા..! અનુભવ કરો. '**કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન...**' આહાહા..! એ રાગના રસથી ભિન્ન રસના ફેલાવ(સ્વરૂપ) એવું જે પૂર્ણ જ્ઞાન, આનંદ પૂર્ણ સ્વરૂપ ભગવાન, '**તેના સ્ફુરાયમાન થવામાત્ર...**' આહાહા..! અંતર પૂર્ણાનંદનો નાથ, એમાં અંતર અનુભવ કરતાં, પરમાત્મા પર્યાયમાં સ્ફુરાયમાન થાય છે. આહાહા..! પર્યાયમાં પરમાત્મા હોય છે. દ્રવ્યમાં પરમાત્મા છે, વસ્તુ (સ્વરૂપે) તું પરમાત્મા છો, પ્રભુ! આહાહા..! અંદર બધા આત્મા ભગવાન છે. એ ભગવાનનો અર્થ એકાગ્ર થા, તો તને ભગવાનપણું પર્યાયમાં પ્રગટ થશે. પર્યાયમાં પ્રગટશે. આહાહા..! આવું બધું. આવી વાતું, લ્યો. આ વ્યવહાર-બ્યવહાર શું કરવો? લોકો વ્યવહારનો બહુ પક્ષ કરતા. આજે 'કાંતિભાઈ'નો કાગળ આવ્યો છે. 'કાંતિભાઈ ઈશ્વરનો'. બહુ સરસ વાત છે. એ પહેલા વિરોધ કરતા. છાપામાં વિરોધ (કરે). અજ્ઞાની આમ કરે છે અને અજ્ઞાની આમ કરે છે એમ લખતા. આજે વળી આમ આવ્યું. અહીંયાં થોડા દિ' રહી ગયા ને? 'કાંતિલાલ ઈશ્વર' આહાહા..! વાત તો એવી સત્ય છે. બરાબર છે એ જ વાત છે. ભાઈ! માર્ગ તો આ છે. ધીમેથી કહે, ઉતાવળથી કહે, મોટે અવાજે કહે, ગમે તે રીતે દૃષ્ટાંત દઈને કહે, પણ વસ્તુ તો એ પ્રભુ અંદર આખો બિરાજે છે. એકનો જ અનુભવ કરવો એ એનો સાર છે. હવે આવો વખત ક્યારે મળે આમાં? એય...! આ લોઢાના વેપાર આડે તમને વખત ક્યાં (છે)? લોઢાનું છે? કે પત્થરનું છે? લાદી.. લાદીનું. આહાહા..!

મુમુક્ષુ :– છ ખંડનું રાજ ચલાવે એને...

ઉત્તર :– છ ખંડનું રાજ કોણ ચલાવે? પ્રભુ! શું કહીએ? એ પરમાણુની પર્યાય તે તે કાળે તેને કારણે તે પરિણમે છે. અજ્ઞાની એનો કર્તા થઈને અભિમાનમાં મિથ્યાત્વ સેવે છે. આહાહા..! આવી વાતું છે, ભાઈ!

અમારા ભાઈને અમે કહ્યું હતું ને. અમે કીધું નહિ? ભાગીદાર અમારા ફઈના દીકરા. 'કુંવરજીભાઈ' દુકાનમાં (ભાગીદાર હતા). દુકાન તો અત્યારે ચાલે છે. એમની બુદ્ધિ ઓછી હતી પણ કાંઈક પુણ્ય હતું એટલે દુકાન ચાલે. એ ગુજરી ગયા ત્યારે થોડી પેદાશ હતી. બે લાખની. અત્યારે વધી ગઈ છે. બે લાખની પેદાશ હતી, દસ લાખ રૂપિયા હતા. બધું હતું. એટલે એને તો હું કર્યું... હું કર્યું... મેં કર્યું આ બધું. એવું અભિમાન. આહાહા..! એ તો એટલું બોલે... એટલું બોલે... આનું આમ કરવું... આનું આમ કરવું... આનું આમ કરવું... આ પ્રમાણે દુકાન ચાલે. ઘણાની દુકાન તૂટી ગઈ. આપણે આમ કરીએ તો દુકાન ચાલે. ભાઈ! તમે આ રહેવા દ્યો બાપુ! કીધું. (સંવત) ૧૯૬૬ની સાલની વાત છે. ૨૦ વર્ષની ઉંમર. ૭૦ વર્ષ પહેલાની વાત છે. ભાઈ! તમે આ શું કરો છો? બાપુ! દુકાન તો હું પણ ચલાવું છું પણ આટલું અભિમાન તમને! ભાઈ! શું કહું? મારાથી ચાર વર્ષ મોટા હતા.

અત્યારે મારે શરીરના ૯૦ ચાલે છે. જન્મના. ગર્ભના ૯૧. એને ૯૫ વર્ષ. મોટા હતા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાંભળે. ભગત છે.. ભગત છે.. એ ભગત છે. બોલવા દ્યો, બોલવા દ્યો. મારી સામું બોલે નહિ કોઈ. ભાઈ! શું કહું? મને તો એવું લાગે છે, ભાઈ! મરીને તમે દેવ તો નહિ થાવ, નરકમાં તો નહિ જાવ. આપણે તો કાંઈ માંસ, ઈંડા ખાતા નથી એટલે નરકમાં નહિ જાવ, ભાઈ! ૭૦ વર્ષ પહેલાની વાત છે. ૨૦ વર્ષની ઉંમર હતી. ૧૯૪૬માં જન્મ અને ૧૯૬૬ની વાત છે આ. દુકાને ભેગા જમતા. એની બહુ મમતા દેખીને એક દિ' મારાથી બોલાઈ ગયું. આ શું કરો છો તમે આખો દિ'? યાદ રાખો કીધું, મરીને તમે નરકમાં તો નહિ જાવ. દેવ માટે તમારી લાયકાત નથી, મનુષ્યપણાની લાયકાત નથી. ભાઈ! હું કહું તો મરીને ઢોરમાં જવાના છો. દુકાને બેઠા હતા. થડામાં બેઠા હતા. બોલે નહિ. દાંત કાઢે. ભગત છે. ભગત બોલે એ સાંભળો. ભાઈ! આ શું કરો છો? આખો દિ' આ તમે.. ક્યાં જાવું છે? બાપા! આ જિંદગી તો પૂરી થઈ જશે. જેટલું આયુષ્ય છે ત્યાં સુધી છે. હવે ક્યાં જઈશ? બાપા! આહાહા..! ભવિષ્યમાં અનંતકાળ રહેવું છે, નાથ! તારો કાંઈ નાશ થાય એવું છે? ભવિષ્ય તો અનંતકાળ રહેશે. તો ક્યાં રહીશ? પ્રભુ! આવી દૃષ્ટિ અને આ કરું.. કરતા-કરતા એવી બુદ્ધિમાં રહીશ. ભવિષ્યમાં મિથ્યાત્વના દુઃખમાં અનંતકાળ ગાળવો પડશે, પ્રભુ! આહાહા..! પણ માણસને વર્તમાનની મીઠાશ આડે.. બધી સગવડતા ભાળે, પૈસાની, આબરૂની, દુકાનની, ઢીકણાની, નોકરોની, નોકરો પણ એવા સારા મળે, બધું જાણે આમ. ઓહો..! પણ શું છે?

અહીં કહે છે, કરવાનું હોય તો પ્રભુ ! એક આ છે. આ આત્મા અંદર ચિદાનંદ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ પરમ પદાર્થ અંદર વસ્તુ છે. એકનો જ અનુભવ કરવા જેવો છે. આહાહા..! બીજું શું કહીએ? કહે છે, આહાહા..! તને શું કહીએ? ભાઈ! તને ઠીક ન લાગે. બહારના રસના રસીલાને આ વાત ઠીક ન લાગે. પ્રભુ! ઠીક ન લાગે તો પણ વાત તો આ છે. આહાહા..! અરે..રે..! અહીંયાં ક્યાં જાવું છે? ક્ષણમાં દેહ ઊડી જાય છે. આહાહા..! જુઓને કાલે આવ્યું છે ને. 'આણંદભાઈ'ના બનેવી. આઠ દિ'માં બે વાર તો આ આવ્યું... શું કહેવાય? હાર્ટ એટેક. 'આણંદભાઈ' છે. 'નાનાલાલભાઈ' કરોડપતિ. 'નાનાલાલ' કરોડપતિ. 'આણંદભાઈ' હમણા હતા ને? એના બનેવી. આઠ દિ' માં બે વાર એટેક આવ્યો. ૬૦ વર્ષની ઉંમર. છોકરાનો કાગળ આવ્યો, ભાઈ! તમે આવો. માથે લોહી ચડી ગયું છે. વાચા બંધ થઈ ગઈ છે. પરમાણુની ભાષા જડ છે, બાપુ! એ ક્યારે બંધ થાય અને ક્યારે ચાલે એ તો તારે આધારે નથી. આહાહા..! એ શરીર પણ ચાલે ક્યારે અને કેમ સ્થિર થાય એ પણ તારે આધારે નથી. અરે..રે..! તો પછી શરીર અને વાણી પણ તારા આધારે નથી તો આ જગતની બહારની ચીજ ચાલે, રહે અને ટકે, પ્રભુ! તારી ભ્રમણા છે. આહાહા..! એકવાર પરમ અર્થને.. એવી ગાથા છે.

**'પરમ અર્થને એકને જ નિરંતર અનુભવો; કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ ભર્યો છે. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનના પૂર્ણ રસથી (ભર્યો છે). આહાહા..! કોઠીમાં જેમ અનાજ ભર્યું હોય એમ નહિ. પણ સાકરમાં જેમ ગળપણ ભર્યું છે એમ આ ભગવાનમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન પૂર્ણ ભર્યું છે. આહાહા..! એવો જે ભગવાન, એના **'ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર...'** આહાહા..! એ ચૈતન્ય ભગવાનની એકાગ્રતાથી, જે જ્ઞાન અને આનંદની દશા સ્ફુરે... આહાહા..! એ **'સમયસાર (પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...'** એ પરમાત્મા છે અને પરમાત્માની એકાગ્રતાથી પર્યાયમાં પરમાત્મા બને, એ સિવાય કોઈ ઊંચી ચીજ જગતમાં છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ઊંચી હોય તો કોઈક હલકી છે એમ કેમ...

ઉત્તર :– બધી હલકી શું? ઊંધી છે. અરેરે..! આવી વાતું છે. દુનિયાને નવરાશ ન મળે. નિર્ણય કરવાનો વખત મળે નહિ. આહાહા..! આ તે શું છે? દ્રવ્ય જેને આત્મા કહે, એ આત્મા શું ચીજ છે? એમાં ભર્યું છે શું? એ નિત્ય છે કે અનિત્ય છે? વિકૃત છે કે અવિકૃત છે? શું છે આ ચીજ? શું છે? આહાહા..!

મુમુક્ષુ :– વિકલ્પ અમારી ભાષામાં શબ્દ જ વપરાતો નથી.

ઉત્તર :– બાપા! શું કરે? પ્રભુ! આહાહા..! અહીં એ જ કહે છે.

એક **'સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (–પરમાત્મા)...'** આહાહા..! વસ્તુ પોતે પરમાત્મા છે. અરે..રે..! કેમ બેસે? બે બીડી પીવે ત્યાં એને તલપ ચડી જાય તો અંદર આમ.. આહાહા..! બીડી પીવે. પાયખાને દિશાએ જાય ત્યારે બે બીડી પીવે ત્યારે દિશા ઉતરે. હવે આત્માના આવા અપલક્ષણ. હવે એને કહે કે તું પરમાત્મા છો, પ્રભુ! આહાહા..! તારે તો પરદ્રવ્ય વિના ચાલે એવી તારી ચીજ છે. આહાહા..! પરદ્રવ્યના સહારાથી તારું ટકવું થાય એવી તું ચીજ છો નહિ. આહાહા..! એવો જે ભગવાનઆત્મા એ **'સ્ફુરાયમાન થવા માત્ર જે સમયસાર (–પરમાત્મા) તેનાથી ઊંચુ ખરેખર બીજું કાંઈ પણ નથી...'** એનાથી ઊંચું દુનિયામાં કોઈ ઇન્દ્રાસન અને સર્વાર્થસિદ્ધના દેવ, એનાથી ઊંચી કોઈ ચીજ છે નહિ. આહાહા..! **'(–સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી.)'** આહાહા..!

**'વળી (આ ૮૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'** આ 'અમૃતચંદ્રાચાર્ય'નો શ્લોક છે. અને આ શ્લોક હવે 'પદ્મપ્રભમલધારિદેવ' ટીકાકાર. એનો શ્લોક છે. ૧૧૧.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૧૧૧

तथा हि -

(आर्या)

अतितीव्रमोहसंभवपूर्वार्जितं तत्प्रतिक्रम्य।
आत्मनि सद्बोधात्मनि नित्यं वर्तेऽहमात्मना तस्मिन्।।१११।।

વળી (આ ૮૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–

[શ્લોકાર્થ :–] અતિ તીવ્ર મોહની ઉત્પત્તિથી જે પૂર્વે ઉપાર્જેલું (કર્મ) તેને પ્રતિક્રમીને, હું સદ્બોધાત્મક (સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મામાં આત્માથી નિત્ય વર્તું છું. ૧૧૧.

## શ્લોક–૧૧૧ ઉપર પ્રવચન

अतितीव्रमोहसंभवपूर्वार्जितं तत्प्रतिक्रम्य।
आत्मनि सद्बोधात्मनि नित्यं वर्तेऽहमात्मना तस्मिन्।।१११।।

આહાહા..! **'અતિ તીવ્ર મોહની ઉત્પત્તિથી...'** આહાહા..! પર તરફના **'તીવ્ર મોહની ઉત્પત્તિથી જે પૂર્વે ઉપાર્જેલું (કર્મ)...'** આહાહા..! પોતાના શુદ્ધ નિજ સ્વરૂપ ભગવત્ સ્વરૂપને ભૂલી અને પર તરફનો તીવ્ર ઉત્સાહ અને તીવ્ર મોહને લઈને જે કંઈ કર્મ ઉત્પન્ન થયા, **'તેને પ્રતિક્રમીને,...'** પ્રભુ! હવે પ્રતિક્રમણ કર. ત્યાંથી હવે ફરી જા, હવે ફર, એમ કહે છે. એ પ્રતિક્રમણ આ. ત્યાંથી હટી જા. વિકલ્પથી, પુણ્ય-પાપથી ખસી જા. ખસ, વસ. આહાહા..!

એક ક્ષુલ્લક હતા. અહીં આવતા. બિચારા ગુજરી ગયા. ભીલવાડાના હતા. શું નામ? 'આદિસાગર' ક્ષુલ્લક હતા. બુદ્ધિ થોડી હતી. પણ અહીંની વાત એને બહુ ગોઠતી-રુચતી. પછી બીજાઓને એમ કહેતા, 'પરથી ખસ, આત્મામાં વસ, એટલું તારે માટે બસ.' આહાહા..! પરથી ખસ. રાગથી હટી જા, સ્વભાવમાં વસ, એટલું તારા માટે બસ. એય..! બિચારાની બુદ્ધિ થોડી હતી તો આવું એક ટૂંકું લોકોને કહે. ઘણીવાર અહીં આવતા. ત્યાં રખિયાલ પણ આવતા.

ભગવાન પૂર્ણાનંદનો નાથ છે, તે બહારના વિકલ્પમાં ગયો છે, એમાંથી ખસી જા, હટી જા. અને સ્વમાં વસ. જ્ઞાનાનંદ પ્રભુમાં વસ, તને પ્રતિક્રમણ થશે, તને આનંદ થશે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાં રહેવાથી તને દુઃખ થશે. પુણ્ય અને પાપના વિકલ્પમાં રહેવાથી તો તને દુઃખ થશે. ત્યાંથી ખસીને ભગવાન જ્ઞાનસ્વરૂપમાં પરથી ખસીને પ્રતિક્રમણ કરીને... છે? **'હું સદ્‌બોધાત્મક...'** સદ્‌બોધાત્મક **'(સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મા...'** જ્ઞાનસ્વરૂપ, જાણનસ્વરૂપ (છે) એ તો. આહાહા..! જાણન એટલે શાસ્ત્રનું જાણવું એ જ્ઞાન નહી. જાણન એનો સ્વભાવ. જેની સત્તામાં આ જણાય છે. આ... આ... આ... આ... આ... આ... એ તો એની સત્તામાં જણાય છે. જડની સત્તામાં જણાય છે?

ચૈતન્યસત્તા, સદ્‌બોધ જ્ઞાનસ્વરૂપની સત્તા, એમાં એ જણાય છે. નિશ્ચયથી એ જણાતું નથી. નિશ્ચયથી તો તે તરફનું પોતાનું જ્ઞાન પોતામાં જણાય છે. આહાહા..! આ બધું દેખાય. આંખ આટલી, દેખાય કેટલું? અંદર જ્ઞાનની પર્યાયમાં, જ્ઞાનની સત્તાના અસ્તિત્વમાં આ બધું જ આ છે એમ જાણનાર તત્ત્વ છે એ પર્યાયતત્ત્વ છે. પર્યાયતત્ત્વ એટલું છે કે જેમાં આ જાણે એ પોતાની પર્યાય છે. એને જાણવું એટલે એની પર્યાય છે એમ નહિ. આહાહા..! એ પર્યાયની અંદર અંતર આત્મા ભગવાન પૂર્ણ આનંદ પડ્યો છે, એનું તું લક્ષ કર. આહાહા..! સ્ફુરાયમાન હોવાથી સદ્‌બોધાત્મક... એ સદ્‌જ્ઞાન બોધસ્વરૂપ છે. આહાહા..!

જ્ઞાનરૂપી ચંદ્ર, ચંદ્રના પ્રકાશનો પુંજ, પ્રભુ! જ્ઞાનના પ્રકાશનો પુંજ ધ્રુવ, એવો સદ્‌બોધાત્મક સ્વરૂપ **'એવા તે આત્મામાં આત્માથી નિત્ય વર્તું છું.'** આત્મામાં આત્માથી એટલે શું કહ્યું? મારો ત્રિકાળ શુદ્ધ સ્વભાવ જે છે, એની પર્યાયમાં, સ્વભાવથી હું પર્યાયમાં વર્તું છું. શુદ્ધપર્યાયથી શુદ્ધ સ્વભાવમાં વર્તું છું. આહાહા..! રાગથી મારી ચીજમાં વર્તું છું એમ બની શકે નહિ. આહાહા..! પોતાનો સ્વભાવ જે જ્ઞાન અને આનંદ (છે), એની પર્યાયમાં જે સ્વભાવ ઉત્પન્ન થયો, એ સ્વભાવથી હું અંતરમાં વર્તું છું. આહાહા..! આવું આકરું પડે એટલે... આખો દિ' ઓલું સાંભળ્યું હોય કે આમ કરવું... આમ કરવું... અને આમ કરવું. મોટા ગજરથ કાઢવા, રથયાત્રા કાઢવી, કોઈ વળી પાંચ-દસ બ્રહ્મચર્ય લે તો એની રથયાત્રા કાઢે, એના વખાણ કરે કે ઓહો..! લોકો જાણે... આહાહા..! અરે..! પ્રભુ! એવી વાતું તો અનંતવાર કરી સાંભળને. આહાહા..!

**'સદ્‌બોધાત્મક (સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મામાં...'** સદ્‌બોધસ્વરૂપ, સચ્ચિદાનંદ પ્રભુ, એવો સદ્‌બોધસ્વરૂપ આત્મા **'એવા તે આત્મામાં આત્માથી...'** સ્વભાવની નિર્મળતાથી પૂર્ણ નિર્મળતામાં **'નિત્ય વર્તું છું.'** એનું નામ સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. અરે..રે..! આવી વાતું હવે. પછી કહે છે ઘણા, 'સોનગઢ'નું નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય.. વ્યવહારની તો ના જ. અરે..! પણ સાંભળને, પ્રભુ! નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે આરોપિત વાત, એ તો કથન (છે). પરમસત્ય એનું નામ નિશ્ચય. પરમાનંદનો નાથ ભગવાન અંદર.. આહાહા..! તેને આત્મામાં નિજરસથી, નિજ સ્વભાવથી વર્તું છું. એનું નામ નિશ્ચય પ્રતિક્રમણ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવાય છે. એ ૮૩ ગાથા થઈ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૮૪ ગાથા.

## ગાથા–૮૪

आराहणाइ वट्टइ मोत्तूण विराहणं विसेसेण।
सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८४।।

आराधनायां वर्तते मुक्त्वा विराधनं विशेषेण।
स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात्।।८४।।

अत्रात्माराधनायां वर्तमानस्य जन्तोरेव प्रतिक्रमणस्वरूपमुक्तम्।

यस्तु परमतत्त्वज्ञानी जीवः निरन्तराभिमुखतया ह्यत्रुट्यत्परिणामसंतत्या साक्षात् स्वभावस्थितावात्माराधनायां वर्तते अयं निरपराधः। विगतात्माराधनः सापराधः, अत एव निरवशेषेण विराधनं मुक्त्वा। विगतो राधो यस्य परिणामस्य स विराधनः यस्मान्निश्चयप्रतिक्रमणमयः स जीवस्तत एव प्रतिक्रमणस्वरूप इत्युच्यते।

तथा चोक्तं समयसारे -

``संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।
अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो।।''

---

છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.

અન્વયાર્થ :– [ विराधनं ] જે (જીવ) વિરાધનને [ विशेषेण ] વિશેષતઃ [ मुक्त्वा ] છોડીને [ आराधनायां ] આરાધનામાં [ वर्तते ] વર્તે છે, [ सः ] તે (જીવ) [ प्रतिक्रमणम् ] પ્રતિક્રમણ [ उच्यते ] કહેવાય છે, [ यस्मात् ] કારણ કે તે [ प्रतिक्रमणमयः भवेत् ] પ્રતિક્રમણમય છે.

ટીકા :– અહીં આત્માની આરાધનામાં વર્તતા જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.

જે પરમતત્ત્વજ્ઞાની જીવ નિરંતર અભિમુખપણે (–આત્મસંમુખપણે) અતૂટ (–ધારાવાહી) પરિણામસંતતિ વડે સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં—આત્માની આરાધનામાં—વર્તે છે તે નિરપરાધ છે. જે આત્માના આરાધન રહિત છે તે સાપરાધ છે; તેથી જ, નિરવશેષપણે વિરાધન છોડીને—

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**એમ કહ્યું છે. જે પરિણામ 'વિગતરાધ' અર્થાત્ *રાધ રહિત છે તે વિરાધન છે. તે (વિરાધન વિનાનો-નિરપરાધ) જીવ નિશ્ચયપ્રતિક્રમણમય છે, તેથી જ તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે.**

**એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—**

**"[ગાથાર્થ :—] સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત—એ શબ્દો એકાર્થ છે; જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધથી રહિત છે તે આત્મા અપરાધ છે."**

## ગાથા–૮૪ ઉપર પ્રવચન

**आराहणाइ वट्टइ मोत्तूण विराहणं विसेसेण।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८४।।**

**છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.**

**'ટીકા :– અહીં આત્માની આરાધનામાં વર્તતા...'** આત્મા આનંદસ્વરૂપ પ્રભુ. જ્ઞાનનો પિંડ આત્મા, એની સન્મુખ થઈને આરાધનાએ વર્તતો, એની સેવનામાં વર્તતો. આહાહા..! સેવ્ય-સેવક. સેવક છું અને ભગવાન સેવ્ય એ પણ જેમાં નથી. આહાહા..! સેવ્ય હું અને સેવક પણ હું. સેવ્ય એટલે પરમાત્મસ્વરૂપ તે મારું સેવવા યોગ્ય છે અને વર્તમાન મારી નિર્મળપર્યાયથી તે સેવવા લાયક છે. આહાહા..!

**'અહીં આત્માની આરાધનામાં વર્તતા જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.'** એણે પ્રતિક્રમણ કર્યું. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપની આરાધનામાં રહે છે, અંતરની સેવામાં (રહે છે) તેને જ નિશ્ચયપ્રતિક્રમણ કહે છે. આહાહા..! ભાષાથી પ્રતિક્રમણ બોલે, અંદર વિકલ્પ ઊઠે, એ પ્રતિક્રમણ નહિ. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..!

સર્પ છે એ સાણસે પકડાય. સાણસો સમજો છો? સર્પ હોય ને સર્પ? સાણસાને શું કહે છે? લાકડાનો. 'શુકનલાલ' ગયા? 'ભાવનગર'. સાણસો કહે છે ને? એ સાણસે સર્પ પકડાય. પણ સાણસે મોતી પકડાય? આ બાયું મોતી જડે છે ને? એ સાણસે પકડીને મોતી મૂકાય? ઝીણી સાણસી જોઈએ. લોઢાની ઝીણી (સાણસી) અને કાં હાથ (જોઈએ).

*** રાધ = આરાધના; પ્રસન્નતા; કૃપા; સિદ્ધિ; પૂર્ણતા; સિદ્ધ કરવું તે; પૂર્ણ કરવું તે**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ ભગવાનને પકડવા માટે... આહાહા..! પુણ્ય અને પાપ સ્થુળ-સ્થુળ, જાડી ચીજ એનાથી એ પક્કડમાં નથી આવતો. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપના અધિકારમાં (લીધું છે), અતિ સ્થુળ સંકલેશ પરિણામ અને અતિ સ્થુળ વિશુદ્ધ પરિણામ. શુભભાવને અતિ સ્થુળ વિશુદ્ધ પરિણામ કહ્યા છે. શુભભાવ. આહાહા..! ભગવાન તો વિશુદ્ધ અને શુભ-અશુભભાવથી રહિત, નિજ સ્વરૂપની આરાધનમાં વર્તે, એ નિશ્ચય પ્રતિક્રમણ છે. આહાહા..! પણ એનું કાંઈ સાધન હશે? કે પાધરું આ થાય? સીધું કોઈ સાધન-બાધન (ખરું કે નહિ)? સાધન એ, રાગથી ભિન્ન કરીને પ્રજ્ઞાછીણી મારવી એ સાધન છે. આહાહા..!

'સમયસાર'માં આગળ આવે છે. પ્રજ્ઞાછીણી. જેમ છીણી મારી લોઢાના કટકા કરે ને? છીણી મારે (એટલે) બે કટકા થઈ જાય. એમ ભગવાનઆત્મા અને પુણ્ય-પાપના, દયા-દાનના વિકલ્પ–રાગ, બે વચ્ચે ભેદજ્ઞાનની છીણી મારે તો બે જુદા પડી જાય. બે જુદા તો છે જ. બે વચ્ચે સાંધ છે. રાગ અને સ્વભાવ વચ્ચે તડ છે, તડ. તડ સમજો છો? સાંધ. દરાર. આહાહા..! આ પત્થર હોય છે ને? લાખો મણ પત્થર (હોય) એમાં નાની રગ હોય છે. ઝીણી-ઝીણી લાલ દોરી, ધોળી રગ હોય છે. ત્યાં અંદર સુરંગ મારે તો લાખો મણના પત્થર નીકળી જાય. કારણ કે એકબીજા વચ્ચે સંધિ છે ત્યાં મારે. એમ ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ અને પુણ્ય-પાપનો રાગ બે વચ્ચે સાંધ અને ત્રડ છે. આહાહા..! આવી વાતું હવે.

અહીં પરમાત્મા એમ ફરમાવે છે, સંતો એની વાત પરમાત્મા તરફથી કહે છે. **'આત્માની આરાધનામાં વર્તતા...'** જોયું? વર્તતા પુરુષાર્થથી. સ્વભાવમાં અંતરમાં પુરુષાર્થથી શાંતિ અને આનંદની દશામાં વર્તતા. અંતરસ્વરૂપ નિર્મળ પ્રભુ, એમાં પર્યાયમાં નિર્મળતાથી વર્તતા. આહાહા..! **'જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.'** એ જીવ જ પ્રતિક્રમણસ્વરૂપ છે. રાગથી ભિન્ન થઈને પોતાના સ્વરૂપનો અનુભવ કરે, એ જ પ્રતિક્રમણસ્વરૂપ જીવ છે. જુઓ! આવ્યા લાગે છે બેય. 'શુકનલાલજી' આવ્યા ને? 'શશીભાઈ' આવ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કીધું?

**'આત્માની આરાધનામાં વર્તતા જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.'** જીવને પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે. કોઈ વિકલ્પ અને રાગ એ પ્રતિક્રમણસ્વરૂપ નથી. આહાહા..! અરે..રે..! આવી વાતું સાંભળવા મળે નહિ અને સાંભળવા મળે તો (એમ કહે), એ તો નિશ્ચય છે.. નિશ્ચય છે... એમ કરીને કાઢી નાખે. પ્રભુ! તારા સ્વભાવનો અનાદર કરી નાખ્યો. આહાહા..! ભાઈ! બીજો કોઈ પંથ નથી. તારી ચીજનો આદર ને સત્કાર ને સેવના સિવાય કોઈ માર્ગ નથી. કોઈ દયા, દાન, વ્રત આદિના પરિણામ તો સંસાર છે, રાગ છે. ત્યાં શરીરને સંસાર કીધો છે ને? 'સમાધિશતક'માં આવ્યું હતું. આ શરીર એ સંસાર છે. એ તો જડ છે, એ તો આત્માની પર્યાયમાં નથી. શરીર આત્માની પર્યાયમાં નથી, ભિન્ન છે. પણ આત્માની પર્યાયમાં પુણ્ય ને પાપ અને એ મારા, એવું મિથ્યાત્વ એની પર્યાયમાં છે. એ સંસાર છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..!

આ આત્મા જે ત્રિકાળી દ્રવ્ય છે અને ત્રિકાળી ગુણ, એમાં તો વર્તમાન પર્યાય પણ નથી. એ પર્યાયમાં પરદ્રવ્ય નથી. એ પર્યાયમાં અહંકાર, પરનો રાગ અને દ્વેષ અને મિથ્યાત્વનો અહંકાર એ પર્યાયમાં છે પણ એ દ્રવ્ય-ગુણમાં નથી. કહે છે કે તારે પ્રતિક્રમણ કરવું હોય તો એનાથી હટીને સ્વભાવની આરાધના કર. એ જીવમય આરાધના છે, એ જીવમય પ્રતિક્રમણ છે. આહાહા..! અંદર વિકલ્પ ઊઠે એ પ્રતિક્રમણ નથી. આવી વાત છે. આહાહા..! અરે..રે..! માંડ અનંતકાળે (મનુષ્યપણું મળ્યું) એમ કરવાનું તો આ છે. આહાહા..! જે મૂળ ચીજ છે એ કરવાની રહી ગઈ. અને જે નથી કરવાનું એ કરીને રખડી મર્યો છે કોઈ ઘણી ધોરી નથી. આહાહા..! હાર્ટની પીડા દેખી છે. અમે દેખી છે.

(સંવત) ૧૯૭૬ની સાલની વાત છે. ૧૯૭૬ની સાલ. 'ધ્રાંગધ્રા' હતા. એ પછી બહુ પીડા એને થઈ એટલે (કહ્યું), મહારાજને બોલાવો. માંગલિક સંભળાવવા. અપાસરાની જોડે 'ધાંગ્રધા'. ૭૬ની સાલની વાત છે. એને ખાટલે તો સુવાડે નહિ. પણ નીચે સુવે ત્યાં રહી શકે નહિ એટલી પીડા. નીચે ફર્યા ફર કરે. માંગલિક સાંભળવાનો વખત મળે નહિ. એટલી પીડા હતી. સંઘવી કોઈ હતા. વિશાશ્રીમાળી. અપાસરો છે ને? 'ધાંગ્રધા'માં એનું જોડે મકાન છે. 'સૂરચંદ સંઘવી' રહેતા. આહાહા..! કાપડની મોટી દુકાન હતી. આ પણ હતા. પણ એની પીડા... નીચે પથારીમાં બેસી તો શકે નહિ, સૂઈ શકે નહિ. આહાહા..! પ્રભુ! એની પીડા કેટલી હશે? આહાહા..! એવી પીડાઓ પ્રભુ! તેં અનંતવાર સહન કરી છે. આહાહા..! ભાઈ! તારું આત્મતત્ત્વ આરાધવા લાયક છે, સેવવા લાયક છે. આહાહા..! એની પ્રસન્નતા મેળવવા લાયક છે. એ પ્રસન્ન થાય ત્યારે વીતરાગતા થાય છે. આહાહા..! રાગની પ્રસન્નતા થાય તો તેમાં દુઃખ થાય છે. જગતથી ઉંધું તો છે, ભાઈ! આહાહા..!

એવા તો ઘણા જોયેલા. 'વઢવાણ'માં (સંવત) ૧૯૮૨ની સાલમાં એક હતો. ઓલા ... આહાહા..! એ શરીરની પીડા છે એ આત્માની પર્યાયમાં નથી. શું કીધું? શરીરની જે પીડા છે એ તો જડની અવસ્થા છે. એ આત્માની પર્યાયમાં નથી. આત્માની પર્યાય અને દેહના રોગની પર્યાય બે અત્યંત ભિન્ન છે. પણ અજ્ઞાનીની બુદ્ધિ ત્યાં છે એ મને આમ થાય છે... મને આમ થાય છે (એમ માને છે). આની કોરની નજરું નથી એટલે મને એમ થાય છે એમ કરીને મિથ્યાત્વમાં દુઃખને સેવે છે. આહાહા..!

એ અહીં કહે છે. પ્રભુ! તું જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ જાણ. આહાહા..! **'જે પરમતત્ત્વજ્ઞાની જીવ...'** પરમ તત્ત્વ એવો જે ભગવાનઆત્મા, એકલો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનું દળ, એવું જે પરમતત્ત્વ, એવું જેને જ્ઞાન થયું... આહાહા..! બીજું જ્ઞાન એક કોર રાખો કહે છે. પરમતત્ત્વ ભગવાન એનું જે જ્ઞાન થયું... આહાહા..! એ જ્ઞાની જીવ **'નિરંતર અભિમુખપણે (–આત્મસંમુખપણે)...'** આહાહા..! જેણે સમ્યગ્દર્શનમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મસન્મુખ પર્યાય કરી છે. આહાહા..! મિથ્યાદર્શન છે એ આત્માથી વિમુખ અને રાગ અને વિકારની સન્મુખ થઈને મિથ્યાત્વ સેવ્યું છે. આહાહા..! એને છોડીને જેણે આત્માના અભિમુખ પરિણામ કર્યાં છે. આહાહા..! છે?

**'પરમતત્ત્વજ્ઞાની જીવ નિરંતર અભિમુખપણે (–આત્મસંમુખપણે) અતૂટ (–ધારાવાહી) પરિણામસંતતિ વડે...'** આહાહા..! શબ્દો તે શબ્દો છે ને. રામબાણ છે. રામના બાણ જેમ ફરે નહિ એમ આ બાણ ફરે નહિ. આહાહા..! પરમતત્ત્વજ્ઞાની જીવ, શાસ્ત્રને ભણનારો એમ નથી કહ્યું. તેમ પુણ્યપાપને જાણનારો એમ પણ નથી કહ્યું. પરમતત્ત્વજ્ઞાની... આહાહા..! એમાં પુણ્ય-પાપ આદિ નથી એવું એમાં જ્ઞાન આવી જાય છે. પણ **'પરમતત્ત્વજ્ઞાની જીવ નિરંતર અભિમુખપણે...'** આહાહા..! નિરંતર સ્વની-સ્વભાવની સન્મુખ, સ્વભાવની સન્મુખ **'પરિણામસંતતિ વડે...'** પરિણામસ્વભાવની સંતતિ દ્વારા, સ્વભાવની સન્મુખ દ્વારા, પરિણામની સંતતિ દ્વારા એટલે પરિણામનો પ્રવાહ સ્વભાવ સન્મુખ વહ્યા જ કરે છે. આહાહા..! રાગથી અને નિમિત્તથી ઉપયોગ ખસી જઈ અને ઉપયોગ સતત નિરંતર સ્વભાવની અભિમુખ વર્તતો થકો... આહાહા..! **'સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં...'** એવી પરિણામ સંતતિ દ્વારા નિર્મળ સ્વભાવની પર્યાય દ્વારા **'સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં—આત્માની આરાધનામાં—વર્તે છે...'** આહાહા..! બાપુ! વાતું ઝીણી બહુ, ભાઈ!

આત્મા અંદર વસ્તુ ભગવાન મહા, એની સન્મુખ વર્તતો થકો. એની સન્મુખ વર્તતો થકો. રાગ અને પર્યાયથી વિમુખ થયેલો. આહાહા..! અરે...! પંચમઆરાના સંતો આવી વાતું કરે! પંચમઆરો તો હલકો આરો કહેવાય. અને એના પ્રાણીઓ પણ હલકા કહેવાય. એમ નથી, પ્રભુ! હલકા નથી. એ જીવ તો ભગવાનસ્વરૂપ છે. ત્રિકાળ તે ભગવાનસ્વરૂપ છે. કોઈ કાળે એ પરમાત્મા પોતે નિર્બળ અને દરિદ્ર થયો જ નથી. અનંત ગુણનો ધરનારો સધન-લક્ષ્મીવાળો છે ઈ. આહાહા..!

દુનિયાથી બધું ઊંધુ છે. આહાહા..! જે રસ્તે સંસાર, તે રસ્તે મોક્ષ નહિ. જે રસ્તે મોક્ષમાર્ગ, તે રસ્તે સંસાર નહિ. આહાહા..! બહારની બધી આ મૂકીને... આહાહા..! મોટી દુકાન હોય, પાંચ-પાંચ, દસ-દસ લાખ રૂપિયાના મખમલના ગાલીચા પાથર્યા હોય. આહાહા..! એકવાર કહ્યું હતું ને? 'મુંબઈ'માં (છે). પાંચ-છ કરોડ રૂપિયા છે. એક 'મણિભાઈ' કરીને છે. આપણે ત્યાં આવે છે. એની.. શું કહેવાય? એની પાસે પાંચ-છ કરોડ રૂપિયા છે. એને શું કહેવાય? અરબસ્તાનમાં મોટી દુકાન છે. પેદાશ ઘણી છે. પછી એણે આહાર કરવા સાંજે આમંત્રણ આપ્યું હતું. આહાર કરવા ગયા. પણ મકાનમાં ઓરડા એટલા બધા એમાં બધે મખમલ પાથરેલા. પાંચ લાખ રૂપિયાના તો મખમલ પાથર્યા હશે. મને તો દેખીને એવું થાય, કે અરે..રે...! આમાંથી નીકળવું મુશ્કેલ પડશે આને. આહાહા..! આવામાંથી નીકળવું... આહાહા..! દેહથી છૂટવા ટાણે હાય.. હાય.. મને કોઈ રાખો, મને કોઈ મદદ કરો. ડોક્ટર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે પણ એમાં અમારું અત્યારે કાંઈ ચાલે એવું નથી, ભાઈ! હાથ ધોઈ નાખું છું. આહાહા..! અને ડોક્ટર એમ કહે કે હાથ ધોઈ નાખું ત્યાં તો રાડ નાખે અંદર હાય.. હાય.. હવે હું નહિ બચું ત્યારે? તું તો ત્રિકાળ બચેલો જ છો. આહાહા..! એ બચેલા ઉપર તારી દૃષ્ટિ નથી, પ્રભુ! આહાહા..! આ શરીર ને રાગ ઉપર દૃષ્ટિ (છે). આહાહા..!

એથી તે છોડીને **'સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં—આત્માની આરાધનામાં-વર્તે છે...'** આહાહા..! પ્રતિક્રમણની વ્યાખ્યા ચાલે છે. આત્માની આરાધના. શુદ્ધ સ્વરૂપ પ્રભુ, એની સન્મુખ થઈને તેની આરાધનામાં વર્તે છે. આહાહા..! અરે..! આવો માર્ગ. **'તે નિરપરાધ છે.' 'આત્માની આરાધનામાં—વર્તે છે તે નિરપરાધ છે.'** અને રાગમાં વર્તે છે. ચાહે તો દયા, દાન, ભક્તિનો રાગ હો, એ અપરાધ છે, અપરાધ છે. આહાહા..!

'પુરુષાર્થ સિદ્ધિઉપાય'માં 'અમૃતચંદ્રાચાર્યે' તો એમ કહ્યું, કે પરની દયાનો ભાવ એ તારી હિંસા છે. કારણ કે પરની દયાનો ભાવ રાગ છે. રાગ તારી હિંસા છે. આહાહા..! અહીં તો (એમ કહે), દયા પાળો તો ધર્મ થશે. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિ ગયા...' આવી વાતું કરે, અરે...! પ્રભુ! કઈ દયા? પરની કે આની? આહાહા..! આ અનંત આનંદનો નાથ, એની દયા તો પાળ. એ એવડો જેવડો છે એટલો માન ત્યારે એની દયા પાળી કહેવાય. જેવડો છે અને જેટલો છે એમ ન માન તો એની હિંસા કરી કહેવાય. આહાહા..! છે ને? ૮૪ છે ને? પાનું ફરી ગયું.

**'આત્માની આરાધનામાં—વર્તે છે તે નિરપરાધ છે. જે આત્માના આરાધન રહિત છે...'** આત્માના આરાધન રહિત છે **'તે સાપરાધ છે;...'** અપરાધી છે. પોતામાં રહ્યો છે તે નિરપરાધ છે. છે? **'આત્માની આરાધનામાં-વર્તે છે તે નિરપરાધ છે.'** ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં વર્તે તે નિરપરાધ છે. અને આત્માની આરાધન રહિત, ચાહે તો દયા, દાન, ભક્તિના પરિણામ વર્તે અને સ્વભાવમાંથી ખસી જાય, એ સાપરાધ છે. આહાહા..! હવે આવું આકરું. હવે અહીં તો નિવૃત્તિ મળે નહિ, હજી ધંધા આડે નિવૃત્તિ ન મળે. એને કહે કે તારા પુણ્યના પરિણામ એ પણ અપરાધ છે. આહાહા..! એમાં છે કે નહિ? વાંચ્યું નથી પણ કોઈ દિ' ત્યાં. આહાહા..!

બે વાત કરી. આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ પવિત્ર ચિદ્‌ઘન, એ પર્યાયમાં જે વર્તે છે, એ નિરપરાધી જીવ છે. એ મોક્ષમાર્ગમાં છે. એનો અલ્પકાળમાં મોક્ષ થશે. અને **'જે આત્માના (શુદ્ધ સ્વરૂપમાં) આરાધન રહિત છે...'** અને રાગ અને પુણ્યના પરિણામને આરાધે છે તે પ્રાણી સાપરાધી છે, અપરાધી છે. આહાહા..! આ પૈસાવાળાને આ બધું શું કરવું? આહાહા..! પૈસાવાળો કે દિ' છે ઇ? એક વાળો નીકળે તો દુઃખ થાય છે. પગમાં ઓલો વાળો નથી (થાતો)? પાણીમાં વાળો આવે છે ને? રાડ નાખે. અહીં તો બાયડીવાળો, છોકરાવાળો, પૈસાવાળો, મકાનવાળો, આબરૂવાળો.. કેટલા વાળા? તને કેટલા વાળા વળગ્યા?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! પ્રભુ! શું થયું આ? અરે..રે..! તેં તારું શું બગાડ્યું?

**'જે આત્માના આરાધન રહિત છે તે સાપરાધ છે;...'** એ ગુનેગાર છે. આહાહા..! ચાહે તો એ પુણ્ય-પાપમાં વર્તે તો એ ગુનેગાર છે એમ કહે છે. આહાહા..! આટલે બધે જવું, કાંઈક બીજો રસ્તો નથી? પણ રસ્તો તો જે હોય એ હોય કે બીજો રસ્તો હોય? આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ આનંદનું દળ, એના આનંદમાં વર્તવું, એ નિરપરાધી દશા છે, એ નિર્દોષ દશા છે, એ મોક્ષમાર્ગની દશા છે. અને એ નિરપરાધી પ્રભુ! રાગમાં, પુણ્યમાં વર્તે... આહાહા..! ઉદારતા પોતાના સ્વરૂપને છોડી દઈ અને જે સ્વરૂપમાં નથી એવા રાગ અને દયા, દાન, વ્રત, ભક્તિમાં વર્તે, એ ગુનેગાર છે. અરે..! આમાં વાદવિવાદ કરવો ક્યાં? પાર આવે? આહાહા..!

**'સાપરાધ છે; તેથી જ, નિરવશેષપણે વિરાધન છોડીને—'** આ કારણે અપરાધ છે એને બિલકુલ છોડી દે. પુણ્યનો એક કણ હોય, રાગનો નિરવિશેષ, કાંઈપણ બાકી રાખ્યા વિના વિરાધના થાય એ છોડી દે. આહાહા..! છે? **'તેથી જ, નિરવશેષપણે...'** કંઈ બાકી રાખ્યા વિના. કાંઈપણ રાગ કરું તો મદદ થશે, કંઈક પુણ્ય કરું તો, વ્યવહાર કરું તો કંઈ નિશ્ચયમાં જવાશે, એમ છોડી દે. **'નિરવશેષપણે વિરાધન છોડીને—એમ કહ્યું છે. જે પરિણામ 'વિગતરાધ' અર્થાત્ રાધ રહિત છે...' 'રાધ = આરાધના;'** રહિત છે. નીચે અર્થ છે. તે વિરાધક છે. વિરાધન છે. તે વિરાધનરહિત નિરપરાધ છે. **'જીવ નિશ્ચયપ્રતિક્રમણમય છે, તેથી જ તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે.'** વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**उक्तं हि समयसारव्याख्यायां च -**

(**मालिनी**)

``अनवरतमनंतैर्बध्यते सापराधः
स्पृशति निरपराधो बंधनं नैव जातु।
नियतमयमशुद्धं स्वं भजन्सापराधो
भवति निरपराधः साधु शुद्धात्मसेवी।।

**શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૧૮૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**''[શ્લોકાર્થ :–] સાપરાધ આત્મા નિરંતર અનંત (પુદ્‌ગલપરમાણુરૂપ) કર્મોથી બંધાય છે; નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ. જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો સાપરાધ છે; નિરપરાધ આત્મા તો ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.''**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૮૨, શ્લોક-૧૧૨, શુક્રવાર, કારતક વદ ૧૨, તા.૧૬-૧૧-૧૯૭૯

'નિયમસાર' પાનું ૧૬૦. પહેલો કળશ છે ને?

**'શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૧૮૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** એના પહેલા આવી ગયું. પ્રતિક્રમણની વ્યાખ્યા છે ને? **'સાપરાધ આત્મા નિરંતર...'** સાપરાધી આત્મા એટલે? જે કંઈ અશુદ્ધ પરિણામ શુભાશુભભાવ અને કર્મના કારણે મળેલી સામગ્રી, એને પોતાની જે માને, એ અશુદ્ધ આત્મા છે, એ અપરાધી આત્મા છે. આહાહા..! એ ચોર છે, ચોર. પોતાની ચીજ જે શુદ્ધ ચિદાનંદ છે, એ સિવાય શુભ-અશુભભાવ અને અઘાતિકર્મના કારણે મળેલી સામગ્રી, ઘાતિના નિમિત્તથી થયેલો પુણ્ય-પાપનો ભાવ, અઘાતિથી મળેલી બહારની સામગ્રી, એને જે પોતાની માને (તે અપરાધી છે). આહાહા..!

મુમુક્ષુ :– આખી દુનિયા માને.

ઉત્તર :– માટે કહે છે કે એ અપરાધી પ્રાણી છે, ગુનેગાર છે, એ ચોર છે. આવી વાત છે. આહાહા..! પોતાની જ્ઞાન અને આનંદ લક્ષ્મી મૂકીને જે અપરાધ પુણ્ય-પાપના ભાવ (થાય), એ ઘાતિનું નિમિત્ત છે. નિમિત્ત છે. છે તો પોતાથી. અને બહારની સામગ્રી પૈસા, બાયડી-છોકરા અનુકૂળતા કે પ્રતિકૂળતા એ અઘાતિનું ફળ છે. એ મારા છે એમ માનનારો અપરાધી છે. આહાહા..!

મુમુક્ષુ :– પોતાના છોકરાને છોકરા ન માનવા?

ઉત્તર :– છોકરા કે દિ' હતા? કોના? છોકરાનો આત્મા છોકરાનો, છોકરાનું શરીર શરીરનું, જડનું. આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદની લક્ષ્મીવાળો, પરમપારિણામિક જ્ઞાયકભાવ, એને છોડીને એનાથી વિરુદ્ધ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો, કે ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષય, ક્રોધ, માન, માયાના હોય કે ચાહે તો બહારની સામગ્રી અનુકૂળ-પ્રતિકૂળ હોય, પણ એને મારી માનવી, એ અપરાધી પ્રાણી ગુનેગાર છે. આહાહા..! આવી વાત છે. આકરું કામ છે. પ્રતિક્રમણ છે ને? જેનાથી પાછું ફરવું છે એમાં જઈને પોતાનું માનવું છે! આહાહા..! વીતરાગમાર્ગ ઝીણો બહુ, ભાઈ! આત્મા જ અરૂપી ચિદાનંદ ભગવંત સ્વરૂપ છે, જેમાં શુભ-અશુભ પરિણામની ગંધ નથી. પરની સામગ્રી તો છે જ નહિ પણ જેના શુભાશુભભાવ એની પણ જેમાં ગંધ નથી. એમાં તો જ્ઞાન અને આનંદની ગંધ છે. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનાનંદસ્વભાવી, આનંદસ્વભાવી આત્મા (છે).

**'સાપરાધ આત્મા નિરંતર અનંત (પુદ્ગલકર્મપરમાણુરૂપ) કર્મોથી બંધાય છે;...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અબંધસ્વરૂપ ભગવાનઆત્મા એ સંયોગી ચીજ અને સંયોગીભાવને પોતાના માને એ નિરંતર નવા કર્મોથી અનંત બંધાય છે. આવી વાતું છે.

મુમુક્ષુ :– ઊંઘી જાય ત્યારે તો કાંઈ કામ કરતા નથી.

ઉત્તર :– ઊંઘી જાય ત્યારે બધું જડનું કામ કરે છે. નિંદ્રા તે મારી, નિંદ્રામાં સૂઈ ગયો પ્રમાદ એ મારો. એ બધું એમાં કરે, માને છે. જ્ઞાની તો નિંદ્રામાં પણ જાગૃત છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! નિંદ્રા એ પ્રમાદ છે. એ પ્રમાદમાં પોતાપણું માનીને સુવે છે એ તો અપરાધી-ગુનેગાર છે. આહાહા..! આવી વાતું છે.

એ '**સાપરાધ આત્મા...**' આત્મા સાપરાધ નથી. આત્મા તો નિરપરાધી શુદ્ધ ચૈતન્ય (સ્વરૂપ છે). એ પોતાના સ્વરૂપને ન માનતા, સંયોગી ભાવ અને સંયોગી ચીજ (એને પોતાની માને છે). સંયોગી ભાવ એટલે પુણ્ય અને પાપ અને સંયોગી ચીજ એટલે સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, ધંધા, વેપાર. એ સંયોગી ભાવ અને સંયોગી ચીજ. તેને અસંયોગી એવો જે આત્મા અબંધસ્વરૂપ, (તે) સંયોગી ચીજને અને સંયોગી ભાવને પોતાના માને, એ અપરાધી, ગુનેગાર, ચોર છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અપરાધી છે. એ નિરંતર... આહાહા..!

સ્વભાવ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય, અનાકૂળ આનંદનો રસ, ચૈતન્યચમત્કાર રસ, જ્ઞાનરસ, શ્રદ્ધારસ, શાંતરસ, વીતરાગરસ, આનંદરસ, વીર્યરસ, સ્વચ્છતારસ, એવા અનંત ગુણના રસથી ભરેલો ભગવાન, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા... આહાહા..! એને છોડીને રાગનો નાનામાં નાનો કણ અને સંયોગી ચીજને પોતાની માને એ ગુનેગાર, અપરાધી છે. કહો, સમજાય છે? આવી વાત છે. સવારની વાત ઝીણી હતી, વળી અત્યારે પાછી આ (ઝીણી વાત આવી). આહાહા..!

એકકોર રામ અને એકકોર ગામ. એકકોર રામ આતમરામ. સચ્ચિદાનંદ સ્વરૂપ પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ અને પૂર્ણ વીતરાગથી ભરેલો ભગવાન, અને એકકોર પુણ્ય અને પાપના પરિણામથી માંડીને સંયોગી ચીજ. એ આતમરામ પોતાના સ્વરૂપને ભૂલી, જે એનામાં નથી, જે એના નથી, જેને એ ખરેખર તો સ્પર્શ્યો પણ નથી. ૬ઠ્ઠી ગાથામાં આવી ગયું ને એ કે જ્ઞાયકસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ એ શુભ-અશુભભાવ જે અચેતન, એ અચેતનપણે આત્મા જ્ઞાયક તે થયો જ નથી. આહાહા..! ૬ઠ્ઠી ગાથામાં આવ્યું. 'ण वि होदि अप्पमत्तो ण पमत्तो' આવ્યું હતું ને આ? આવ્યું હતું કે નહિ? આહાહા..!

એકકોર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અને એકબાજુ એક વિકલ્પથી માંડીને સંયોગી ચીજ લક્ષ્મીના ઢગલા કે બાયડી, છોકરા, કુટુંબ, દીકરા, દીકરીઓ, મકાન, મહેલ, શુભ અને અશુભભાવ, એ માહ્યલી કોઈપણ ચીજ મારી છે (એમ માનનાર) એવો એ અપરાધી આત્મા... આહાહા..! એ ગુનેગાર આત્મા (છે). જેમાંથી પાછું ફરવું જોઈએ, એમાંથી પાછું ન ફરતાં તેમાં જોડાઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'યશપાલજી'! આવી વાત છે. જેમાંથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાછું ફરવું એટલે જેમાં એ છે જ નહિ. પોતામાં એ છે નહિ. એમાં પોતે નથી. રાગમાં આત્મા નથી અને આત્મામાં રાગ નથી. સંયોગી ચીજમાં અબંધસ્વરૂપી ભગવાન નથી... આહાહા..! અને અબંધસ્વરૂપીમાં સંયોગી ચીજ નથી. આહાહા..! આ તો શાંતિના માર્ગ છે, ભાઈ!

એવો જે અપરાધી '**નિરંતર અનંત (પુદ્‌ગલપરમાણુરૂપ) કર્મોથી બંધાય છે; નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ.**' એક ભાષા લીધી છે. અજ્ઞાની કાંઈ બંધનને સ્પર્શે છે એમ નહિ. અજ્ઞાની બંધન જડ છે એને સ્પર્શે છે એમ નહિ. પણ એમાં પોતાને માને છે એવી માન્યતામાં ઊભો છે. સ્પર્શે છે એટલે કંઈ અડે છે એવું કંઈ નથી. આહાહા..! અજ્ઞાની કર્મને સ્પર્શે છે એટલે કે કાંઈ કર્મને અડે છે એમ નહિ. અજ્ઞાની પોતાના સ્વરૂપને નહિ જાણતા અજ્ઞાનમાં અનંત કર્મના સંબંધમાં જોડાય છે, એને સ્પર્શે છે એમ વ્યવહારથી કહેવાય છે.

જ્ઞાની નિરપરાધી આત્મા... આહાહા..! હું તો એક જ્ઞાયકચૈતન્યસ્વરૂપ આનંદ અને શાંતિનો સાગર નિત્યાનંદ પ્રભુ ધ્રુવ, એ મારો સ્વભાવ અને એ હું. મારો સ્વભાવ અને એ હું એ પણ ભેદ છે. આહાહા..! હું શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ, અકષાય વીતરાગી સ્વરૂપ, એવો જે આત્મા, એને જે માનનારો એ નિરપરાધી છે. આહાહા..! '**નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ.**' ત્યારે ઓલો અજ્ઞાની બંધનને સ્પર્શે છે એ ભાષા છે. બંધનને સ્પર્શતો નથી બંધન એને જોડે આવે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપની જોડે કર્મના રજકણો આવે છે એને બંધાય છે, સ્પર્શે છે એમ કહેવામાં આવે છે. બાકી એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે એ વાતની તો ત્રીજી ગાથામાં ના પાડી. સમજાણું કાંઈ? આહાહા..!

આ હાથ છે એ આ લુગડાને અડે છે? કે ના. આહાહા..! એક ચીજ (અને) બીજી ચીજની વચ્ચે અત્યંત અભાવસ્વભાવરૂપ ભાવ (છે). આહાહા..! એ બીજાને કેમ અડે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કે બીજા દ્રવ્યના ગુણને કે બીજા દ્રવ્યની પર્યાયને કોઈ દિ' અડે નહિ, ચૂંબે નહિ, સ્પર્શે નહિ. આહાહા..! દરેક દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયને ચૂંબે, સ્પર્શે અને અડે. ભલે વિભાવરૂપે હો કે સ્વભાવરૂપે હો પણ એ પરિણમે. એ આવ્યું છે ને? ૪૦૪ ગાથા. પ્રયોગી. ચાહે તો આત્મા પ્રયોગી કર્મના નિમિત્તથી થતો વિકાર હોય, કે સ્વભાવ હોય, પણ એનાથી પરદ્રવ્યને એ ગ્રહણ કરી શકતો જ નથી. આહાહા..! પરદ્રવ્યને એ ગ્રહતો નથી.

અહીં શબ્દો સમજાવવા છે એટલે એમ કહ્યું, કે '**નિરપરાધ આત્મા...**' ત્યારે સાપરાધ આત્મા સ્પર્શતો હતો? એનો અર્થ કે બંધાતો હતો. સમજાણું કાંઈ? આહાહા..! છતાં એ બે ભિન્ન-ભિન્ન રહેતું. કર્મપણાનું બંધન જડપણે અને ચૈતન્યનું ચૈતન્યપણે. પણ આમાં નિમિત્તનિમિત્ત સંબંધરૂપે હતું. આહાહા..! એને પોતાનો માનનાર અપરાધી અનંત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાણુઓથી બંધાય છે. બંધાય છે. ભાષા થોડી, ભાવ ઘણા ગંભીર છે. આહાહા..! ઘણી નિવૃત્તિ જોઈએ ભાઈ! નિવૃત્તિમાં એણે અંદરમાં ભેદજ્ઞાન કરવું જોઈએ. ભેદજ્ઞાન છે જ, ભેદપણે છે જ પણ માન્યું નથી એણે. આહાહા..!

એવું જે ભેદજ્ઞાન જેને થયું, એ **'નિરપરાધી આત્મા બંધનને કદાપિ સ્પર્શતો જ નથી.'** **'जातु'** શબ્દ છે ને? **'जातु'** **'जातु'** શબ્દ એટલે એનો કદાપિ. કોઈ કાળે પણ નિરપરાધી આત્મા, ચૈતન્ય જ્ઞાન અને આનંદસ્વરૂપ હું (છું) એવો અનુભવ કરનાર, એવું માનનાર, એવું જાણનાર, એમાં રહેનાર, એ કદાપિ એ કર્મને સ્પર્શતો નથી એટલે એને કર્મ બંધાતા નથી. કર્મને સ્પર્શતો નથી. એટલે કે કર્મ એને બંધાતા નથી. આહાહા..! સામે પુસ્તક છે ને? આહાહા..! અરે..! પરમસત્ય વાત ગોપાઈ ગઈ અને અંતરની વાતું મૂકીને બહારની ઉપરટપકાની જંજાળમાં પડાવ નાખ્યો. બહારમાં પડાવ નાખ્યો. ભગવાનનો પડાવ તો અંદરમાં છે. આહાહા..! એને રાગ અને રાગના ફળ તરીકે પ્રતિકૂળ કે અનુકૂળ સંયોગ (પ્રાપ્ત થાય). આહાહા..! એનાથી રહિત હું છું. એવો **'નિરપરાધી આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ.'** અજ્ઞાની અડતો નથી. અજ્ઞાનીને જોડે થાય છે. પણ થાય છે એને ઠેકાણે સ્પર્શે છે એમ કહ્યું. અહીં સ્પર્શતો નથી એમ કહ્યું. આહાહા..!

**'જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો...'** હવે કહે છે કે શું કર્યું? અપરાધીનો અર્થ હવે શું કરવો? સાપરાધી. આત્મા બંધાય છે એમ કીધું, તો એ સાપરાધી એટલે શું? સાપરાધી એટલે શું? કે **'નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...'** એ સાપરાધી. આહાહા..! આ બધું ભપકા બધા, પૈસા, બાયડી, છોકરા, મોટા મકાન... આહાહા..! અને દુકાને થડે બેઠો હોય, કાપડનો ધંધો હોય, બે પાંચ લાખ, દસ લાખનું કાપડ હોય. હંમેશા બે, ચાર, પાંચ હજાર પેદા થતા હોય અને બે-પાંચ પચીસ નોકરો હોય, ધમાલ ચાલતી હોય. હવે એમાં એમ માનવું કે આ મારું નથી.

મુમુક્ષુ :– ચક્રવર્તી...

ઉત્તર :– ચક્રવર્તી માને છે કે હું તો અહીં છું. કોઈ મારું નથી. રાગનો કણ મારો નથી તો બાયડી-છોકરા વળી મારા ક્યાંથી આવ્યા? જેના આત્મા જુદા, જેના શરીરના રજકણો પરમાણુ જુદા (એ મારા ક્યાંથી થયા?). આહાહા..!

અહીં કહે છે, કે **'નિરપરાધી આત્મા...'** પહેલા **'સાપરાધી આત્મા...'** એટલે શું? એમ કહે. એ **'નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...'** શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, તેને પુણ્ય અને પાપના ભાવવાળો અને સંયોગી ચીજવાળો માનવો તે અશુદ્ધ સેવે છે. એ અશુદ્ધતાને સેવે છે. આહાહા..! આ બધું પૈસા-બૈસા બે, પાંચ કરોડ થાય, મકાન મોટા પચ્ચીસ લાખના-પચાસ લાખના થાય, લ્યો. એનું શું કરવું? તું કર શું? એ તો છે એ છે. તે એમાં છે. તારામાં ક્યાં હતા? આ મોટું ૨૬ લાખનું મકાન છે, લ્યો. ૨૬ લાખ. એ તો સાડા પાંચ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્ષ પહેલાની વાત છે. હવે તો અત્યારે મોંઘુ થઈ પડ્યું પાછું. એ તો એના પરમાણુ જગતની ચીજ છે, તે ક્ષેત્રાંતર થઈને તેને જે સ્થાન મળ્યું છે ત્યાં રહ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– આપ બિરાજમાન હતા...

ઉત્તર :– બિલકુલ નહિ. ‘રામજીભાઈ’ પ્રમુખ હતા માટે થયું છે એમ પણ નહિ. ‘વજુભાઈ’... શું કહેવાય? ઇજનેર હતા માટે થયું છે એમ પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :– આપ બિરાજમાન ન હોત તો ...

ઉત્તર :– એ તો એને કાળે, એને ક્ષેત્રે જે આવવાનું હોય તે આવે, એમાં આને કારણે આવે છે એ વાત જ ક્યાં છે? એ પરમાણુનો જે ક્ષેત્રનો જે સમય આવવાનો છે એ સમયે ત્યાં આવે.

મુમુક્ષુ :– એનું કાંઈ નિમિત્ત હોય ને.

ઉત્તર :– ત્યાં નિમિત્ત હોય એટલે એનો અર્થ એ કે એનાથી કાંઈ નથી. નિમિત્તનો અર્થ જ ઇ છે કે નિમિત્તથી કાંઈ ત્યાં થાતું નથી. અહીં થાય છે ત્યારે ઓલી ચીજ છે એને નિમિત્ત કહેવામાં આવે. આહાહા..! આવી વાતું. ધર્મને નામે પેલા દયા, વ્રત પાળે, ઓલી ભક્તિ-પૂજા કરે, ઓલા લુગડા છોડીને નગ્ન થાય, પડિમા ધારણ કરે. અરે..! ભગવાન! પણ તું કોણ છો એ ચીજને જાણ્યા વિના તને શેનો ત્યાગ? જેને હજી મિથ્યાત્વનો ત્યાગ નથી ત્યાં બહારનો ત્યાગ? બહારનો ત્યાગ તો ત્રિકાળ છે. બાહ્યનો ત્યાગ (તો છે જ). ત્યાગ ઉપાદાન શૂન્યત્વશક્તિ. પરનું ગ્રહણ અને પરના ત્યાગથી તો આત્મા શૂન્ય છે, ત્રિકાળ શૂન્ય છે. આહાહા..! જે અંદર મિથ્યાત્વનો અપરાધ છે, એને છોડવો જોઈએ. એ સ્વભાવને આશ્રયે છૂટે એ વાતની તો ખબરું ન મળે. ‘છોટાભાઈ’! આવી વાતું છે. આહાહા..!

મુમુક્ષુ :– અહીંયાં તો હા પાડવી પડે.

ઉત્તર :– વિચાર કરવો કે એક તત્ત્વ છે. આ આંગળી છે એનું અસ્તિત્વ છે. એમાં આનું નાસ્તિત્વ છે. આનું આમાં નાસ્તિત્વ છે ત્યારે આનું અસ્તિત્વ ટકી રહ્યું છે. આને લઈને આ હોય તો ટકી શકે નહિ. એમ દરેક પદાર્થ પોતા વડે છે અને પર વડે નથી. ત્યારે તો સ્વપણે ટકી રહ્યું છે. આહાહા..! આવો ઉપદેશ અને આવી શૈલી હવે. ‘સોનગઢ’ને નામે એકાંત છે (એમ) પોકાર કરે. એકાંત છે, નિશ્ચયાભાસ છે. બાપુ! જેમ છે એમ છે, ભાઈ! આહાહા..! બાપુ! મારગડા જુદા પ્રભુના છે, ભાઈ!

સચ્ચિદાનંદ પ્રભુ અંદર બિરાજે છે, મહાપ્રભુ, એને પામર એવા રાગ અને પામર એવી પરચીજને પોતાની પ્રભુતામાં ગોઠવવી (એ કલંક છે). આહાહા..! અનંત અનંત પ્રભુતાથી ભરેલો ભગવાન, અનંત પ્રભુતા, જ્ઞાન પ્રભુતા, જ્ઞાન અનંત પ્રભુતા, દર્શન અનંત પ્રભુતા, આનંદ અનંત પ્રભુતા, જીવતરશક્તિ અનંત પ્રભુતા, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકુચિતવિકાસત્વ, અકાર્યકારણ. પરનું કારણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ નહિ અને પરનું કાર્ય નહિ એવી અનંત શક્તિથી ભરેલો ભગવાન તું છો. એ શું કહ્યું?

તારા સિવાય કોઈપણ રાગ અને પરચીજ, તેનું તું કારણ પણ નથી અને તે તારું કાર્ય નથી. એવો જ તારો અકાર્યકારણ નામનો અનાદિઅનંત ગુણ ઉપાદાન શુદ્ધપણે પડ્યો છે. આહાહા..! આકરું પડે આમાં. એમાં વળી યુવાન શરીર હોય, એમાં પાંચ-પચીસ લાખ, બે-પાંચ કરોડ રૂપિયા મળ્યા હોય, એમાં નોકરો, માણસો, કુટુંબી, ભાઈ-ભાઈઓ બધા સરખા મળ્યા હોય. પછી હું... આ હું... હું... હું... થઈ જાય. આહાહા..! એ હું.. એ હું... હું તે તું અને તું તે હું. આહાહા..! એ અહીં કહે છે.

નિયમથી અપરાધી જીવ **'પોતાને અશુદ્ધ સેવતો થકો...'** કર્મને લઈને સેવતો થકો એમ નથી કહ્યું. શું કહ્યું ઇ? સાપરાધી આત્મા તે તો નિશ્ચયથી **'નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...'** કર્મનું જોર છે માટે અશુદ્ધ સેવે છે એ વાત અહીં નથી. અને એમ છે નહિ. આહાહા..! આકરા નિકાચિત બંધ. નિધત કર્મ હોય આકરા, એને લઈને એને અશુદ્ધતા સેવવી પડે. ના, ના. એ તારી ભૂલને લઈને અશુદ્ધ સેવે છે એ તારો ઊંધો પુરુષાર્થ છે. કર્મનું કાંઈ કારણ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોએ પણ થોડા શબ્દોમાં કેટલું ભર્યું છે! ઘણું ઘણું ભર્યું છે.

**'સાપરાધી આત્મા છે તે તો નિયમથી...'** નિશ્ચયથી–ખરેખર **'પોતાને અશુદ્ધ સેવતો થકો...'** હું તો દયાનો પાળનાર છું, રાગવાળો છું, પ્રશસ્ત રાગવાળો છું, શુભરાગ તો મારો છે ને? આહાહા..! 'સમયસાર'માં ૧૪૮ પ્રકૃતિ લીધી છે ને? ૧૪૮ પ્રકૃતિ. ત્યાં તો એમ કહ્યું, હું તીર્થંકર નામકર્મના ફળને ભોગવતો નથી. આહાહા..! પ્રકૃતિનું ફળ સંયોગ. પ્રકૃતિ જુદી, જે શુભભાવ બંધાણો એ જુદો. પ્રકૃતિ બંધાણી જુદી, એનું ફળ આ સંયોગ સમવસરણ એ બધા જુદા. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ એમ માને છે, હું તીર્થંકરપ્રકૃતિના ફળને પણ ભોગવતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– ઉદયમાં આવે.

ઉત્તર :– એ આવે એની મેળાએ આવીને ખરી જાય છે. ઇ એનામાં જડમાં (થાય છે). આત્માને કાંઈ ન મળે. આહાહા..! આવું કામ છે. પછી લોકો એમ જ કહે ને 'સોનગઢ'વાળાને, એ તો નિશ્ચયની વાતું... નિશ્ચયની વાતું (કરે છે), વ્યવહારની તો વાતું કરતા નથી. પણ નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે ઉપચાર અને આરોપથી કથન. 'છોટાભાઈ'! આવું છે, બાપુ! આહાહા..!

પ્રભુ! તારી પ્રભુતા અંદર મોટી છે, ભગવાન! એ મોટાને નાનો માનવો, એ મોટાને રાગના અપરાધવાળો અને પરના સંયોગવાળો માનવો, એ પામર માન્યો, પ્રભુને તેં પામર માન્યો. આહાહા..! બહારની મોટપથી હું મોટો છું એમ માન્યું, એણે આત્માની હિણી દશા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરી નાખી. આત્માની મોટપને એણે મારી નાખી. આહાહા..! બહારની કાંઈક પુણ્યની પ્રકૃતિ, શરીર, બાયડી, છોકરા, કુટુંબ, આબરૂ, કીર્તિ. સાધુ હોય તો આબરૂ-કીર્તિ મોટી બહારમાં ફેલાય, લ્યો ને. પણ એ બધી ચીજોમાં હું છું અને એ મને છે... મને છે. આહાહા..! (એમ માને છે ઇ) ગુનેગાર છે. આહાહા..!

'અમૃતચંદ્રાચાર્ય'નો 'સમયસાર'નો આ કળશ છે. **'નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...'** જોયું! નિશ્ચયથી પોતાને અશુદ્ધ સેવતો થકો. આહાહા..! **'સાપરાધ છે; નિરપરાધ આત્મા...'** આહાહા..! જે રાગ અને રાગના ફળની પ્રકૃતિ અને પ્રકૃતિનું ફળ સંયોગ, ત્રણથી તો રહિત મારી ચીજ ત્રિકાળ છે. જ્ઞાયકસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યશક્તિનો રસ, આનંદનો રસ, શાંતનો રસ, વીતરાગીરસ, ધ્રુવરસ, એ આત્મા છું. આહાહા..! એવો જે **'નિરપરાધી આત્મા તો ભલી રીતે...'** ભલી રીતે એટલે? એકલું ધારણામાં રાખ્યું કે આત્મા આવો છે, તેમ છે, એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'ભલી રીતે શુદ્ધ આત્માને સેવનાર હોય છે.'** આહાહાહા..! શુદ્ધ છું એમ જે ધારી રાખ્યું છે એ નહિ. આહાહા..!

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ, જેવું છે તે રીતે ભલી રીતે સેવતો, તે શુદ્ધને સેવતો, એ શુદ્ધને આરાધતો, એ શુદ્ધમાં એકાકાર થતો... આહાહા..! એ **'શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.'** લ્યો. આહાહા..! એ પણ વ્યવહારથી. શુદ્ધ આત્મા અને એનો સેવનાર. સમજાવવું છે ને? આહાહા..! પવિત્ર ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ! ત્રિકાળ અતીન્દ્રિય આનંદના રસથી પૂર્ણ ભરેલો, ત્રિકાળ જ્ઞાન અને શાંતિના, વીતરાગના રસથી પૂર્ણ ભરેલો, એને સેવતો એટલે તેમાં એકાગ્ર થતો... આહાહા..! તે નિરપરાધી છે, એ બિનગુનેગાર છે. આહાહા..! એ ગુનાથી રહિત છે. સમજાય એટલું સમજવું, ભાઈ! આ તો માર્ગ બાપા! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ... આહાહા..! જેની પાસે ૧૦૦ ઇન્દ્રો... આહાહા..! ગલુડિયા, કુતરાના બચ્ચાની જેમ સાંભળવા બેસે. એ ચીજ કેવી હોય? બાપુ! આહાહા..!

પૂર્ણાનંદનો નાથ હું નિરપરાધી આત્મા (છું). મારામાં રાગનો કણ નથી, કર્મનો સંયોગ નથી, કર્મથી ફળેલી, મળેલી ચીજ સામગ્રી, એ તો એની એનામાં એને છે. આહાહા..! એને અહીંયાં નિરપરાધી આત્મા (કહે છે). સમજાય છે? આહાહા..! આવું સ્વરૂપ છે. એમાં વાદવિવાદ કોની સાથે કરવા? ઝઘડા, વાદ કરો. ખાણિયા ચર્ચા કરો. એ ખોટી પાડે. એનો છેલ્લો ઉત્તર અમે આપ્યો નથી. છેલ્લો તમારો ઉત્તર રહી ગયો. એ 'ફૂલચંદજી' સાથે કર્યું. આહાહા..! અરે..! પ્રભુ! તારી પ્રભુતાને, પરને આધીન પ્રભુતાને પ્રગટાવવી, એમ માનવી, એ પ્રભુતાને પામર માનીને અપરાધી થા છો, ભાઈ! આહાહા..! દુનિયા તો રાજી થાશે. આમ કરું, શુભભાવ કરીને એકબીજાને મદદ કરવી, સહાય કરવી, તે પામર છે એટલે એને સારું લાગે. આહાહા..! આપણને દેવાનું, મદદ કરવાનું કરે છે. ગરીબ માણસો છે તો પૈસાવાળાને એમ કહે મદદ કરો. ખુશી થાય. અરે..! ભગવાન! બાપુ! એ ખુશી થવાનું સ્થાન નથી. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.'** એટલે શુદ્ધનો અનુભવ કરે છે એમ કહે છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, શુભ વ્યવહારરત્નત્રય, એનો એ સેવનાર નથી. આહાહા..! હવે એ વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થાય... આહાહા..! જે અપરાધ છે એનાથી નિરપરાધ થાય, બાપુ! ચર્ચાએ પાર ન આવે. શાસ્ત્રમાં નિમિત્તને હસ્તાવલંબ દેખીને વાતું ઘણી કરી છે. પણ એથી શું? એ તો જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે.

ભગવંત! તું તો એક અતીન્દ્રિય આનંદનો... આહાહા..! જેમ બરફની મોટી પાટ હોય.. બરફની પાટ.. એમ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય વીતરાગતાની અરૂપી સ્વભાવી પાટ છો. આહાહા..! આ 'મુંબઈ'માં આવે છે ને? ૫૦-૫૦ મણની પાટ ખટારામાં નીકળે, ખટારામાં જોઈએ. ૫૦-૫૦ મણની ઠંડી પાટ હોય. એ તો રૂપી છે, તોલદાર છે. આ અરૂપી છે, તોલ વિનાની ચીજ છે. તોલ વિનાની ચીજ એની તુલના કરી શકાય નહિ એવી એ ચીજ છે. આહાહા..!

બેહદ જ્ઞાન, અનંત શાંતિ, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતાની શક્તિ, સંખ્યાનો તો પાર ન મળે પણ એક એક શક્તિની સામર્થ્યતાનો પાર ન મળે. એવો જે ભગવાનઆત્મા, પોતાને સેવે છે તે નિરપરાધી છે. ભગવાનને નહિ. સેવ્ય-સેવક હું. હું સેવક અને ભગવાન સેવવા લાયક, એ અહીં નથી. આહાહા..! એમ આવ્યું કે નહિ આમાં? આત્માનો સેવનાર થાય છે એમ આવ્યું ને? ભગવાનનો સેવનાર થાય છે એમ આવ્યું? સેવવા લાયક પણ હું અને સેવા કરનારો પણ હું. સેવા કરનારો હું અને સેવવા લાયક ભગવાન, એ તો વ્યવહાર થઈ ગયો. એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! આકરી વાતું બહુ, બાપુ! આમાં ચારે કોર ઘૂંચાઈ ગયો હોય એમાંથી આવી વાતું કરવી એકદમ.. છૂટો... છૂટો... છૂટો.. છૂટો... છૂટો... છૂટો... છૂટો છો તે છૂટો થા. આહાહા..! એ શ્લોક પૂરો થયો.

## શ્લોક–૧૧૨

**तथा हि -**

(**मालिनी**)

**अपगतपरमात्मध्यानसंभावनात्मा**
**नियतमिह भवार्तः सापराधः स्मृतः सः।**
**अनवरतमखंडाद्वैतचिद्भावयुक्तो**
**भवति निरपराधः कर्मसंन्यासदक्षः।।११२।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વળી (આ ૮૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**[શ્લોકાર્થ :–] આ લોકમાં જે જીવ પરમાત્મધ્યાનની સંભાવના રહિત છે (અર્થાત્ જે જીવ પરમાત્માના ધ્યાનરૂપ પરિણમનથી રહિત છે—પરમાત્મધ્યાને પરિણમ્યો નથી) તે ભવાર્ત જીવ નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે; જે જીવ નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે તે કર્મસંન્યાસદક્ષ (–કર્મત્યાગમાં નિપુણ) જીવ નિરપરાધ છે. ૧૧૨.**

## શ્લોક–૧૧૨ ઉપર પ્રવચન

**'વળી (આ ૮૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :'** એ શ્લોક તો 'અમૃતચંદ્રાચાર્ય'નો હતો. હવે પોતે 'પદ્મપ્રભમલધારિદેવ' આ 'નિયમસાર'ની ટીકા કરનાર, એ પોતે શ્લોક કહે છે.

**अपगतपरमात्मध्यानसंभावनात्मा**
**नियतमिह भवार्तः सापराधः स्मृतः सः।**
**अनवरतमखंडाद्वैतचिद्भावयुक्तो**
**भवति निरपराधः कर्मसंन्यासदक्षः।।११२।।**

**શ્લોકાર્થ :- 'આ લોકમાં જે જીવ પરમાત્મધ્યાનની સંભાવના રહિત છે...'** આહાહા..! પરમાત્મા-પરમાત્મા પરમસ્વરૂપ. પરમાત્મા એટલે પરમસ્વરૂપ. જે પરમજ્ઞાયકભાવ, પરમપારિણામિક સ્વભાવભાવ, અરૂપી પણ પરમસ્વભાવ, એવો જે પરમઆત્મ પરમસ્વભાવ, એ પરમાત્મધ્યાન. એનું જેને ધ્યાન છે. એ પરમસ્વરૂપની જેને એકાગ્રતા છે, એની જેને સેવના છે, એમાં જેની લીનતા છે, એવી **'પરમાત્મધ્યાનની સંભાવના રહિત છે...'** એ રહિત છે. આવા ધ્યાનની સંભાવનાથી રહિત છે. જેવી અંદર એકાગ્રતા (જોઈએ) એનાથી રહિત રાગ અને સંયોગમાં આવી ગયો છે. આહાહા..!

**'જે જીવ પરમાત્માના ધ્યાનરૂપ પરિણમનથી રહિત છે...'** આહાહા..! પરમાનંદનો નાથ પ્રભુ, એનાથી રહિત. રાગના કણમાં, એક નાનામાં નાનો કણ, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ, એમાં પણ જે ધ્યાનમાં લીન એકાકાર છે. આહાહા..! **'(અર્થાત્ જે જીવ પરમાત્માના ધ્યાનરૂપ પરિણમનથી રહિત છે—'** રાગના ધ્યાનમાં એકાકાર છે, તે પરમાત્માના ધ્યાનથી રહિત છે. આહાહા..! જેના ધ્યેયમાં શુભરાગ આદિ છે, એ શુભરાગના ધ્યાનમાં મસ્ત છે, તે પરમાત્માના ધ્યાનથી રહિત છે. આહાહા..!

**'આ લોકમાં જે જીવ પરમાત્મધ્યાનની સંભાવના રહિત છે...'** સંભાવના એટલે અનુભવ, એની એકાગ્રતા. **'(અર્થાત્ જે જીવ પરમાત્માના ધ્યાનરૂપ પરિણમનથી રહિત છે—**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પરમાત્મધ્યાને પરિણમ્યો નથી)...**' આહાહા..! પરમસ્વરૂપ ચિદ્દ્ઘન આનંદનો સાગર પ્રભુ! અતીન્દ્રિય આનંદનો દરિયો આત્મા, એના ધ્યાનથી જે રહિત છે, એનું જેને પરિણમન નથી અને રાગ અને પુણ્ય આદિનું પરિણમન છે, '**તે ભવાર્ત જીવ...**' તે ભવમાં ભ્રમણ કરનારો જીવ. આહાહા..! એક-એક શ્લોક અને એક-એક કળશ...!

'**ભવાર્ત...**' ભવમાં પીડાયેલો. આહાહા..! પરમાત્માના ધ્યાનથી રહિત છે એ ભવમાં પીડાયેલો છે. ચાહે તો એ શુભરાગ હોય એ ભવ સંસાર છે. આહાહા..! એ શુદ્ધઆત્મધ્યાનથી રહિત છે. એ ભવાર્ત એટલે ભવ સંસારની પીડામાં પડ્યો છે. ચાહે તો ભલે શુભરાગમાં હોય, (તે) ભવાર્તની પીડામાં (છે). આહાહા..! '**નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે;...**' એ નિશ્ચયથી નિરપરાધી નહિ પણ સાપરાધી ગણવામાં આવ્યો છે. કહો, હવે ભગવાનનું– પરમાત્માનું ધ્યાન કરે. અરિહંતદેવ ત્રિલોકનાથ (એનું ધ્યાન કરે). 'જ્ઞાનાર્ણવ'માં આવે છે. પહેલું આમ કરે... પહેલું આમ કરે પછી છોડીને અંદર જાય. આહાહા..!

'**પરમાત્મધ્યાને પરિણમ્યો નથી...**' એટલે કે દયા, દાનના રાગાદિ કે શુભ-અશુભભાવપણે પરિણમ્યો છે. આહાહા..! '**તે ભવાર્ત જીવ...**' ભવથી પીડાયેલો, ભવમાં પીડાયેલો જીવ '**નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે;...**' નિશ્ચયથી તેને અપરાધી કહેવામાં આવ્યો છે. આહાહા..! અહીં તો હજી શુભભાવ કરે, આમ કરે, ત્યાગ કરે તો.. ઓહોહો..! તમે બહુ સારું કામ કર્યું. સદાચાર કર્યા-સદાચાર. એ અસદાચાર છે. શુભભાવ એ અસદાચાર છે. શુદ્ધ સ્વભાવની શુદ્ધતા તે સદાચાર છે. સત્સ્વરૂપ જે ભગવાન પૂર્ણાનંદ, એની એકાગ્રતા તે સદાચાર છે. આહાહા..!

વાતે વાતે ફેર. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક ત્રાંબિયાના તેર.' ભગવાન કહે છે, કે અનાદિ સંસારના પ્રાણીથી વાતે વાતે ફેર છે, પ્રભુ! આહાહા..! ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા..! દાખલો આપે. આ ઠેકાણે આમ કર્યું, જુઓ! આણે આમ કર્યું. તીર્થંકર ગોત્ર બાંધ્યું, જુઓ! તેથી સંસાર તોડી નાખ્યો એણે. હતો શુભભાવ. તીર્થંકરગોત્ર બાંધ્યું અને કેવળજ્ઞાન તેથી થશે. અરે..! ભાઈ! એ શુભભાવ એ અધર્મ હતો. અધર્મથી તીર્થંકરપ્રકૃતિ બંધાય, ધર્મથી ન બંધાય. આહાહા..! ધર્મીજીવ એ ભાવ આવે તેને જાણે છે, પોતાનો માનતા નથી. તીર્થંકર પ્રકૃતિ બંધાણી માટે બહુ સારું થયું... આહાહા..! એમ માનતા નથી. 'યશપાલજી'! આવી વાતું છે, ભગવાન! આહાહા..! તારી મોટપની શું વાતું કરવી? કહે છે. આહાહા..! વચનથી પાર, વિકલ્પથી પાર એવો તારો નાથ પરમાત્માસ્વરૂપ અંદર બિરાજે છે. પ્રભુ! તું પોતે જ પરમેશ્વર છો. આહાહા..!

'**જે જીવ નિરંતર અખંડ-અદ્વૈત ચૈતન્યભાવથી યુક્ત છે...**' હવે સવળી વાત છે. '**જે જીવ...**' ઓલામાં નિરંતર લીધું હતું. આહા..! આહાહા..! ઓલામાં નિરંતર આવ્યું હતું. પહેલા શ્લોકમાં. '**સાપરાધ આત્મા નિરંતર અનંત કર્મોથી બંધાય છે;...**' પહેલા શ્લોકમાં આવ્યું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતું. **'આ લોકમાં જે જીવ પરમાત્મધ્યાનની સંભાવના રહિત છે (અર્થાત્ જે જીવ પરમાત્માના ધ્યાનરૂપ પરિણમનથી રહિત છે—પરમાત્મધ્યાને પરિણમ્યો નથી) તે ભવાર્ત જીવ નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે; જે જીવ નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે...'** આહાહા..! જેની દૃષ્ટિમાં નિરંતર અખંડ; પર્યાયનો ભેદ પણ નહિ, અદ્વૈત—એકરૂપ, **'ચૈતન્યભાવથી યુક્ત છે...'** એકરૂપ ચૈતન્યભાવથી યુક્ત છે. આહાહા..!

ભગવાન અંદર આત્મા દેહથી, કર્મથી, રાગથી તો ભિન્ન છે પણ જેમાં પર્યાયનો પણ ભેદ નથી... આહાહા..! એવો **'નિરંતર અખંડ-અદ્વૈત-...'** નિરંતર સત્ સત્ સત્ સત્ સ્વરૂપ નિરંતર છે.. છે... છે... પૂર્ણાનંદનો નાથ. પૂર્ણ સ્વભાવથી ભરેલો નિરંતર અખંડ છે, અદ્વૈત છે. બે નથી. દ્રવ્ય અને પર્યાય બે નથી. દ્રવ્યરૂપ અખંડ અદ્વૈત છે. આહાહા..! સમજાય છે કાંઈ? ૩૨૦ ગાથામાં દ્રવ્ય અને પર્યાયનું જોડલું કહ્યું. એ તો જણાવ્યું છે. અહીં તો આશ્રય કરવાલાયક (દ્રવ્ય જણાવ્યું છે). આશ્રય કરે છે, પર્યાય પણ એ પર્યાય કોનો આશ્રય કરે છે? કે નિરંતર અખંડ ચૈતન્યભાવથી યુક્ત છે. આહાહા..! પર્યાયમાં નિરંતર અખંડ ચૈતન્યભાવથી યુક્ત છે. ધ્રુવ તો ધ્રુવ છે અખંડ પણ પર્યાયને ત્યાં વાળી છે. આહાહા..!

જે શુભ અને અશુભભાવમાં વળેલી અપરાધી હતી... આહાહા..! એ પર્યાયને **'નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે...'** પાછું **'નિરંતર અખંડ-અદ્વૈત...'** એ તો પરમાણુમાં પણ લાગુ પડે પણ આ પ્રભુ પોતે **'નિરંતર-અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે...'** ચૈતન્યભાવ, જ્ઞાયકભાવ, જાણકસ્વભાવ. સત્ત્વ જેનું જ્ઞાયક. સત્‌નું સત્ત્વ જેનું જ્ઞાયકસત્ત્વ, ધ્રુવસત્ત્વ... આહાહા..! એવા ચૈતન્યભાવથી સહિત છે. **'તે કર્મસંન્યાસદક્ષ...'** લ્યો. સંન્યાસ આવ્યો. ત્યાગ. એ **'(–કર્મત્યાગમાં નિપુણ)' 'કર્મસંન્યાસદક્ષ...'** એ કર્મના ત્યાગમાં દક્ષ એટલે નિપુણ છે. આહાહા..!

**'જે જીવ નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે...'** પર્યાય અખંડ ચૈતન્યભાવ તરફ વળેલી છે. વળેલી છે તો પર્યાય, પણ ક્યાં? કે અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવ (તરફ). આહાહા..! એનાથી જે પર્યાયમાં યુક્ત છે. આહાહા..! આવો ઉપદેશ હવે. માણસને કઈ જાતનો લાગે? આહાહા..!

કહે છે કે, પ્રભુ! તું વસ્તુ છો કે નહિ? વસ્તુ છે કે નહિ? તત્ત્વ છે કે નહિ? તો તત્ત્વ છે તે આદિ વિનાનું છે કે શરૂઆતવાળું છે? અનાદિ છે. અને છે તેનો નાશ થાય એવું એ તત્ત્વ છે? એ છે તે એ સ્વભાવવાળું તત્ત્વ છે કે સ્વભાવ વિનાનું છે? આહાહા..! તો તત્ત્વ છે એ સ્વભાવ છે, તત્ત્વ સ્વભાવવાન છે. એનો સ્વભાવ ચૈતન્યભાવસ્વભાવ. **'અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવ...'** સ્વભાવ. આહાહા..! દયા-દાનના વિકલ્પથી તો રહિત, પણ પર્યાયથી રહિત. પર્યાયની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે, કહે છે. આહાહા..! આ કઈ જાતનો ઉપદેશ? 'છોટાભાઈ'! ત્યાં દિગંબર સંપ્રદાયમાં સાંભળ્યો હતો? નહિ? દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા છો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવી વાતું બહુ (ઝીણી), બાપા! આહાહા..!

**'નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવ...'** ભાવવાન પ્રભુ એનો ચૈતન્યભાવ. આહાહા..! **'નિરંતર અખંડ-અદ્વૈત...'** ઓલા અદ્વૈત કહે છે એ નહિ, હોં! સર્વવ્યાપક આત્મા વેદાંત કહે છે, સર્વવ્યાપક એક આત્મા, એ અદ્વૈત નહિ. આ તો આ આત્મા અદ્વૈત એટલે એકરૂપ એમ. એવા-એવા અનંત આત્માઓ છે. વેદાંત તો એમ કહે છે, વ્યાપક એક જ આત્મા છે. સર્વવ્યાપક. એ નિશ્ચયાભાસ છે. અહીં તો નિરંતર અખંડ ચૈતન્ય એક. અદ્વૈત કીધું ને? અદ્વૈત એટલે પોતે એક છે. એક ચૈતન્યભાવથી યુક્ત છે. આહાહા..!

**'તે કર્મસંન્યાસદક્ષ...'** છે. તે જીવ આવી જેની દૃષ્ટિ થઈ છે. આવા ચૈતન્યભાવ ઉપર જેની દૃષ્ટિ પડી છે, એમાં જેનું દક્ષપણું જેના સ્વરૂપમાં છે એ કર્મસંન્યાસમાં દક્ષ છે. એ કર્મના ત્યાગમાં ડાહ્યો છે. **'(–કર્મત્યાગમાં નિપુણ)...'** છે. આહાહા..! **'નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે...'** એમાં જે નિપુણ છે, તે કર્મસંન્યાસદક્ષમાં નિપુણ છે. સમજાણું કાંઈ? આહાહા..! જે **'નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત (સહિત) છે...'** આહાહા..! એ કર્મસંન્યાસ, કર્મના ત્યાગમાં ડાહ્યો છે. આહાહા..! ઓલો કર્મ રાગ આદિ ગ્રહણમાં ડાહ્યો છે અને રાગસહિત જ આત્મા છે એમ માને છે. આ તો નિરંતર અખંડ ચૈતન્યભાવયુક્ત કર્મસંન્યાસદક્ષ-રાગાદિ કર્મના ત્યાગમાં ડાહ્યો. આહાહા..! એ અપેક્ષાથી સમજાવવું છે ને? **'(–કર્મત્યાગમાં નિપુણ) એ જીવ નિરપરાધ છે.'** એ જીવને નિરપરાધી ગણવામાં આવ્યો છે. આહાહા..! આવી વ્યાખ્યા છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૮૫

**मोत्तुण अणायारं आयारे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८५।।**

**मुक्त्वानाचारमाचारे यस्तु करोति स्थिरभावम्।**
**स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात्।।८५।।**

**अत्र निश्चयचरणात्मकस्य परमोपेक्षासंयमधरस्य निश्चयप्रतिक्रमणस्वरूपं च भवतीत्युक्तम्।**

**नियतं परमोपेक्षासंयमिनः शुद्धात्माराधनाव्यतिरिक्तः सर्वोऽप्यनाचारः, अत एव सर्वमनाचारं मुक्त्वा ह्याचारे सहजचिद्विलासलक्षणनिरंजने निजपरमात्मतत्त्वभावनास्वरूपे यः सहजवैराग्यभावनापरिणतः स्थिरभावं करोति, स परमतपोधन एव प्रतिक्रमणस्वरूप ईत्युच्यते, यस्मात् परमसमरसीभावनापरिणतः सहजनिश्चयप्रतिक्रमणमयो भवतीति।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે;**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.**

**અન્વયાર્થ :– [यः तु] જે (જીવ) [अनाचारं] અનાચાર [मुक्त्वा] છોડીને [आचारे] આચારમાં [स्थिरभावम] સ્થિરભાવ [करोति] કરે છે. [सः] તે (જીવ) [प्रतिक्रमणम] પ્રતિક્રમણ [उच्यते] કહેવાય છે, [यस्मात] કારણ કે તે [प्रतिक्रमणमयः भवेत] પ્રતિક્રમણમય છે.**

**ટીકા :– અહીં (આ ગાથામાં) નિશ્ચયચરણાત્મક પરમોપેક્ષાસંયમના ધરનારને નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે એમ કહ્યું છે.**

**નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને શુદ્ધ આત્માની આરાધના સિવાયનું બધુંય અનાચાર છે; તેથી જ સઘળો અનાચાર છોડીને સહજ ચિદ્વિલાસલક્ષણ નિરંજન નિજ પરમાતત્મતત્ત્વની ભાવના સ્વરૂપ *આચારમાં જે (પરમ તપોધન) સહજ વૈરાગ્યભાવનારૂપે પરિણમ્યો થકો સ્થિરભાવ કરે છે, તે પરમ તપોધન જ પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે, કારણ કે તે પરમ સમરસીભાવનારૂપે પરિણમ્યો થકો સહજ નિશ્ચયપ્રતિક્રમણમય છે.**

---

**પ્રવચન નં. ૮૩, શ્લોક-૧૧૩, ગાથા-૮૫, શનિવાર, કારતક વદ ૧૩, તા.૧૭-૧૧-૭૯**

---

'નિયમસાર' ગાથા-૮૫.

**मोत्तुण अणायरं आयारे जोदु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८५।।**

**જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે;**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.**

'**ટીકા :– અહીં (આ ગાથામાં) નિશ્ચયચરણાત્મક...**' નિશ્ચયચરણ આચાર. સ્વરૂપ આત્મસ્વરૂપમાં આચરણ કરવું. નિજાનંદ ભગવાનઆત્મા, એમાં આચરણ કરવું એનું નામ આચાર. આહાહા..! એ નિશ્ચયચરણસ્વરૂપ, એનું નામ નિશ્ચયચારિત્રસ્વરૂપ. એ '**પરમોપેક્ષાસંયમ...**' રાગની અપેક્ષા છોડી વ્યવહારરત્નત્રયના વિકલ્પની પણ અપેક્ષા છોડી... ઝીણી વાત છે, ભાઈ! '**પરમોપેક્ષાસંયમ...**' જેને કોઈ રાગની અપેક્ષા નથી. ચિદાનંદ સહજાનંદસ્વરૂપ પ્રભુ, એના અવલંબનમાં સ્થિરતા કરે છે, સ્થિર કરે છે. એનું નામ પરમઉપેક્ષાસંયમ કહેવાય

---

*** સહજચૈતન્યવિલાસાત્મક નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને ભાવવું-અનુભવવું તે જ આચારનું સ્વરૂપ છે; એવા આચારમાં જે પરમ તપોધન સ્થિરતા કરે છે તે પોતે જ પ્રતિક્રમણ છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એના **'ધરનારને..'** એવા પરમોપેક્ષાસંયમ, એને **'ધરનારને નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે...'** એને સાચું પ્રતિક્રમણ હોય છે. સાચું પ્રતિક્રમણ કહો, સાચી સામાયિક અંતર વીતરાગદશા કહો, સાચી અંદર વીતરાગની સ્તુતિ કહો, વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા એની સ્તુતિ- અંદર એકાગ્રતા. શુદ્ધસ્વરૂપમાં એકાગ્રતાનું આચરણ, એને અહીંયાં આચાર કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. એનું **'સ્વરૂપ હોય છે એમ કહ્યું છે.'** હવે વિશેષ (કહે છે).

**'નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને...'** એટલે? જેને ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, એની જેને અપેક્ષા અને આશ્રય છે, એને રાગાદિ દયા, દાનના વ્યવહારરત્નત્રયના રાગ, એની પણ જેને ઉપેક્ષા છે. સ્વભાવની જેને અપેક્ષા છે, તેને વિભાવની ઉપેક્ષા છે. આવી વાતું છે. એનું નામ સાચું પ્રતિક્રમણ કહેવાય. એનું નામ સાચો સંયમ અને સાચો આચાર કહેવામાં આવે છે. આ આચાર. આહાહા..!

**'નિયમથી..'** નિશ્ચયથી **'પરમોપેક્ષાસંયમ...'** જેને કોઈ વિકલ્પની અપેક્ષા જ નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્રને ભણવા તરફના વલણનો રાગ, એની જેને ઉપેક્ષા છે. કારણ કે એ ત્રણે બંધનનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રતિક્રમણ છે ને? પરમાર્થ પ્રતિક્રમણ. એટલે કે દોષોથી પાછું હઠવું. એમ ન કહેતા અહીંયાં નિર્મળાનંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, એમાં રમણતા કરવી એ જ પરથી ઉપેક્ષા છે. આહાહા..!

**'નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને શુદ્ધ આત્માની આરાધના સિવાયનું...'** આહાહા..! શુદ્ધ ચિદાનંદ પ્રભુ, અનાકુળ આનંદનો કંદ પ્રભુ આત્મા, એની રમણતા સિવાય, એની આરાધના સિવાય, એની લીનતા સિવાય **'બધુંય અનાચાર છે;...'** આહાહા..! ભગવંત! માર્ગ એવો ઝીણો છે. લોકોને વ્યવહારના પ્રેમમાં ફસીને અનાદિકાળથી ચૈતન્યની આનંદ શક્તિ છે તેને ગુમાવી છે. આહાહા..! એ સચ્ચિદાનંદ પ્રભુ! સત્ એટલે શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ, એની અપેક્ષા રાખીને અને પરની અપેક્ષા છોડી. કારણ કે એ આત્માની સ્વભાવની અપેક્ષા સિવાય, **'બધુંય અનાચાર છે;...'** આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એ રાગ છે એ અનાચાર છે. આકરી વાત છે, ભાઈ! છે?

**'શુદ્ધ આત્માની આરાધના સિવાય...'** આહાહા..! શુદ્ધ જ્ઞાયકભાવ જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો ભગવાન પૂર્ણ ધ્રુવ, જ્ઞાન ને આનંદ ને શાંતિ, એની પૂર્ણતાથી ભરેલો પ્રભુ ભગવાન, એની આરાધના, એની સન્મુખતા, એ સિવાયની જેટલી પરસન્મુખતા (છે) એ બધો અનાચાર છે. આચાર અને અનાચારની આ વ્યાખ્યા. લોકો તો બહારની ક્રિયાકાંડ કાંઈક કરે એ સદાચાર કરે છે એમ લોકો કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ!

તારી મોટપનો પાર નથી, નાથ! ભગવત્સ્વરૂપ અંદર, પરમેશ્વરસ્વરૂપ આત્મા છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય વીતરાગતા, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય પ્રભુતા, એવી અનંત અનંત શક્તિનો સમૂહ તે પ્રભુ આત્મા છે. આહાહા..! એને પામર રાગની દશા છે એ પામર દશા છે. દેહાદિની વાતું શું કરવી? આ તો જડ, માટી, ધૂળ છે. એ માટી છે, એ તો આત્મામાં છે નહિ. આત્માની છે જ નહિ. વાણી અને શરીર ને મન એ ત્રણે જડ છે, એમાં આત્મા નથી, આત્મામાં એ નથી. એની તો ભિન્નતા છે. પણ અંદરમાં ઉત્પન્ન થયેલો વ્યવહારરત્નત્રયનો રાગ... આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! શું કરે? એકાંત લાગે એવું લાગે છે. એકાંત છે એમ લોકોને લાગે છે. કહે છે બિચારા. શું કરે? છે, એકાંત જ છે, સમ્યક્ એકાંત જ આ છે. સમ્યક્ એકાંત. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા પૂર્ણ આનંદનો નાથ, તેની તરફની સન્મુખતા અને એકાગ્રતા એ સમ્યક્ એકાંત છે. આહાહા..! એ અહીં કહે છે.

નિશ્ચયથી નિયમ એટલે નિશ્ચયથી '**પરમોપેક્ષાસંયમવાળાને...**' પરમ ઉપેક્ષા. જેને રાગની–વ્યવહારની પણ જેને અપેક્ષા નથી. નિમિત્તની અપેક્ષા તો છે જ નહિ. બાહ્ય નિમિત્ત. અંદરનું નિમિત્ત જે વ્યવહારરત્નત્રયનો રાગ એની પણ જેને અપેક્ષા નથી. એવો જે ભગવાનઆત્મા પરમ સંયમી અને '**શુદ્ધ આત્માની આરાધના સિવાયનું...**' સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદના વેદન સિવાય '**બધુંય અનાચાર છે;...**' વ્યવહારરત્નત્રયનો જે રાગ છે એ પણ દુઃખ છે. આ બેસે કેમ? દેવ-ગુરુ ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ છે એ રાગ છે. એ રાગ છે એ દુઃખ છે. ભગવાનઆત્મા તો અનાકુળ આનંદ સ્વરૂપ છે. આહાહા..!

'**શુદ્ધ આત્મા...**' પરમ આનંદ અને પરમ જ્ઞાન અને પરમ શાંતિ વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન, પૂર્ણથી ભરેલો, એવા '**શુદ્ધ આત્માની આરાધના...**' એ શુદ્ધ આત્માની સેવના. શુદ્ધ આત્માની સન્મુખતા કરીને સેવના, સન્મુખતા કરીને એકાગ્રતા, એ '**સિવાયનું બધું અનાચાર છે;...**' છે? આહાહા..! માર્ગ પ્રભુ! એવો ઝીણો છે. લોકોને એવું લાગે 'સોનગઢ'વાળા નિશ્ચય એકાંત કરે છે, એકાંત કરે છે, એમ બિચારા કહે છે. વ્યવહારની તો વાત ઉડાડી દે છે. વ્યવહારથી કાંઈ લાભ થાય એ વાત કરતા જ નથી. વાત તો સાચી છે ને. પ્રભુ! તારી વાત સાચી છે. માર્ગ આ છે, બાપા! અરે..રે..! ચોરાશીના અવતારમાં અનંતકાળથી રખડતાં એને પરની ઉપેક્ષા આવી જ નથી અને સ્વની અપેક્ષા થઈ જ નથી. પરની અપેક્ષા રાખી છે અને સ્વની ઉપેક્ષા કરી છે. ભાષા સાદી છે, ભગવાન! આહાહા..!

ભગવંત! તું પરમાત્મસ્વરૂપ અંદર છો, પ્રભુ! પણ કેમ બેસે? આહાહા..! પરમાનંદનો નાથ, કહે છે, કે એની સેવા સિવાય, એની સન્મુખની આરાધના સિવાય, '**બધુંય અનાચાર છે;...**' 'કુંદકુંદાચાર્ય' મહારાજ એમ કહે છે કે હે નાથ! આત્મા! શુદ્ધ સ્વરૂપ તારું અંદર છે, એની સેવના સિવાય અમારા તરફનું તારું લક્ષ જાય, એ પણ રાગ અને અનાચાર છે. આહાહા..! આ વીતરાગી સંતોની વાણી. આહાહા..! એક લીટીમાં કેટલું ભર્યું છે! આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ! આ તો મોક્ષમાર્ગની વાત છે, બાપુ! મોક્ષમાર્ગ તો વીતરાગભાવ હોય. રાગભાવ એ તો દુઃખરૂપ ભાવ હોય. મોક્ષમાર્ગ તો વીતરાગભાવ આનંદભાવ હોય, અનાકુળભાવ હોય, શાંતભાવ હોય. આહાહા..!

**'શુદ્ધ આત્માની આરાધના...'** આહાહા..! એક જ શબ્દે તો ગજબ કર્યું છે! પૂર્ણ સચ્ચિદાનંદ આત્મા ધ્રુવ નિત્યાનંદ, અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ આત્મા, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ અંદર છે. ભગવાન! તું ભગવાન છો. એની આરાધના સિવાય, એની સન્મુખતા સિવાય, પરસન્મુખતા જેટલી થાય એ બધો અનાચાર છે. છે એમાં? આહાહા..! આવું છે ભગવન્!

આ બીજા બે પુસ્તક આવ્યા છે ઇ કો'કના છે હોં. ઓલા 'વિદ્યાસાગરે' બનાવ્યું છે ને? અને 'રયણસાગર'માં ઓલો વ્યવહાર છાપ્યો છે ને? એને પુસ્તક આપ્યા છે એ મોકલ્યા છે. 'હુકમીચંદજી'ને. આહાહા..! શું થાય? પ્રભુ! અધ્યાત્મનું એકાંતનું સ્વરૂપ ઇન્દોરમાંથી નિષેધ કરી નાખ્યું છે. એવું છાપામાં આવ્યું છે. નિષેધ કરી નાખ્યું. 'ઇંદોર'માં ... અધ્યાત્મનું એકાંત છે. અરે..! પ્રભુ! સાંભળને, ભાઈ! ભગવાન! બાપુ! તારા સન્મુખની વાતું છે એ તને ગોઠે નહિ. અને પરસન્મુખની વાતું જે વિરાધના અને રાગ અને દુઃખ, એ તને ગમે, પ્રભુ! એ તારી પ્રભુતાને લાંછન છે, નાથ! આહાહા..! વાત આ છે, પ્રભુ! આહાહા..!

બધા પ્રભુ છે અને પ્રભુ થાવ બધા. આહાહા..! એ ભૂલ નીકાળીને પ્રભુ થાવ. પ્રભુ છો એવો થા. બધા જીવો ભગવંત છે. આહાહા..! શુદ્ધ સ્વરૂપે બિરાજમાન અનાકુળ આનંદનો રસકંદ ધ્રુવ (છે) એવી તારી પર્યાયમાં તને અનાકુળ આનંદની દશા થાવ, બધા આત્માઓ એમ થાવ. આહાહા..! ધર્મીની તો એ ભાવના હોય છે ને! આહાહા..!

એ અહીં કહે છે, **'શુદ્ધ આત્માની આરાધના સિવાય...'** હિન્દીમાં પણ જરા સમજી લેવું. શુદ્ધ આત્માની સેવના વિના, એમ. એટલે ભાષા ગુજરાતી પણ સાદી છે. **'આરાધના સિવાયનું બધુંય...'** બધુંય. ગજબ કર્યો છે ને! આહાહા..! નગ્ન મુનિ નાગા બાદશાહથી આઘા. જેને સમાજની પડી નથી કે સમાજ સમતોલ રહેશે કે નહિ? આ વાત બહાર પાડતા ભાગ પડી જશે કે નહિ? આહાહા..! પ્રભુ! તું આ માર્ગે છો અને એ માર્ગ આ છે.

શુદ્ધ સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ, જેમાં દયા, દાનના વિકલ્પની ગંધ નથી. દયા-દાન પણ હિંસા છે, પરની દયાનો ભાવ એ હિંસા છે, રાગ છે. આહાહા..! ભગવાન પરમાત્મા છે એની ભક્તિનો ભાવ પણ રાગ છે અને હિંસા છે. એ અનાચાર છે એમ કહે છે અહીં. આહાહા..! છે કે નહિ એમાં? આહાહા..! પ્રભુ! તું તારે પડખે ચડ. એ રાગના પડખેથી ખસી જા, નાથ! આહાહા..! એ વિકલ્પનો જે રાગ ઊઠે છે, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પંચમહાવ્રત કે શાસ્ત્ર ભણવું, એ બધો રાગ છે. ભગવંત! એ રાગને પડખેથી ખસી જા. તારું સ્વરૂપ એ રાગ નહિ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'શુદ્ધ આત્માની આરાધના સિવાયનું બધુંય અનાચાર છે;...'** આહાહા..! આકરું લાગે માણસને. ભગવાનની ભક્તિ કરીએ, ભગવાનનું સ્મરણ કરીએ.. ણમો અરિહંતાણં... અરિહંતાણં... એ તો કહે છે, કે એ સ્મરણ કર તો એ રાગ છે, વિકાર છે અને દુઃખ છે. પરદ્રવ્ય તરફનું લક્ષ કરીને જે ભાવ થાય એ રાગ છે. આહાહા..! આકરું લાગે. 'સોનગઢ'ને નામે એકાંત છે, (એમ કહે). આજે આવ્યું છે, ભાઈ! 'કરુણાદિપ'માં 'ઇંદોર'માંથી અધ્યાત્મનું એકાંતનું ખંડન કર્યું, દૂર કરી દીધું છે. એવું આવ્યું છે. 'ઇંદોર'માંથી 'સોનગઢ'નું. ના 'સોનગઢ'નું નથી આપ્યું. અધ્યાત્મનું એકાંત છે, એને 'ઇંદોર'માંથી દૂર કરી દીધું. આહાહા..! પ્રભુ! પ્રભુ! શું કર્યું? પ્રભુ તેં.

અહીં કહે છે, આ 'પદ્મપ્રભમલધારીદેવ'ની ટીકા છે. મુનિરાજ છે ને? 'પદ્મપ્રભમલધારિદેવ' સંત, મુનિ, ભાવલિંગી સંત પંચ પરમેષ્ઠીમાં છે. પંચ પરમેષ્ઠીમાં જેને ગણધર નમસ્કાર કરે. એની આ વાણી છે. એ વાણી છે 'કુંદકુંદાચાર્યદેવ'નો શ્લોક, પણ એની એમણે ટીકા કરી છે, સ્પષ્ટીકરણ કર્યું છે. થોડું કહ્યું પણ ઘણું કરીને, પ્રભુ! જાણજે, ભાઈ! આહાહા..! બહુ મોટી મોટી વાતું તો ઘણી આવશે અને એમાં તું તારા રાગમાં રંજિત થઈ જઈશ. રાગમાં રંગાઈ જઈશ. પ્રભુ! તારો સ્વભાવ તો વીતરાગ છે ને? આહાહા..! એ રાગમાં રંગાયેલો... આહાહા..!

રંગનો દાખલો આપ્યો છે ને? (નયમાં) રંગારાનો દાખલો આપ્યો છે. રંગારો જેમ રંગ કરે છે એમાં આત્મા પણ રાગને કરે છે. એ પણ એક એનામાં નય છે. ૪૭ નય આવે છે ને? ભાઈ! ૪૭ નય. એમાં ઓલી કર્તાનય છે ને? એમાં ઓલા રંગારાનો દાખલો આપ્યો છે, કે રંગારો જેમ રંગ કરે છે ને? લુંગડું બોળે. અમે તો જોયું હતું. અમારે ભાઈના દીકરા છે ને ત્યાં? 'મુંબઈ' 'ભૂપેન્દ્ર ડાઈંગ વર્કસ'. ત્યાં એને મોટું ખાતું. હવે ત્રણે જુદા પડી ગયા. ભેગા હતા ત્યારે મોટું ચાલતું. ત્યાં એક વખત દુકાને પગલા કરવા લઈ ગયા હતા. ત્યાં એના નોકરો રંગતા હતા. ઘણા નોકરો. ત્રણ ભેગા હતા ત્યારે એક દિવસની પાંચ હજારની પેદાશ હતી. અત્યારે તો શું? ધર્મ-બર્મની કાંઈ નહિ. 'મુંબઈ' જઈએ તો સાંભળવા આવે નહિ.

મુમુક્ષુ :– પૈસા ઘણા છે ને.

ઉત્તર :– પૈસા ધૂળ (છે). આહાહા..!

મારે તો બીજું કહેવું હતું. હું ત્યાં ગયો ત્યારે એના નોકરો રંગતા હતા. હાથમાં તો કપડું લેવાય નહિ. ઊનું હોય ને એટલે લાકડામાં નાખી લુગડાને રંગમાં બોળતા હતા. આમ ઊંચું-નીચું કરતા હતા. રંગારા રંગ લગાડતા હતા. એમ પ્રભુ! તને પુણ્ય અને પાપનો રંગ અનાદિથી લાગી ગયો છે. રંગાઈ ગયો છે. એ રંગને હવે છોડ. આહાહા..! આ પ્રતિક્રમણ છે ને? આહાહા..! આકરી વાત છે, પ્રભુ! મોંઘી પડે એવી છે પણ માર્ગ તો આ છે, ભાઈ! અનંત નિગોદ અને નરકના ભવ કર્યા, પ્રભુ! એ ભૂલી ગયો. ભૂલી ગયો માટે નહોતા કેમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(કહેવાય)? ભાઈ! આહાહા..! આત્મા અનાદિનો છે. અનાદિનો રહ્યો ક્યાં? નરક, નિગોદ, ઇયળ, કીડી, કાગડા અને કૂતરાના ભવ કરીને રહ્યો. આહાહા..! અને માણસ જ્યાં થયો ત્યાં ભૂલી ગયો. થઈ રહ્યું. જાણે અમે માણસ છીએ. અમે આ બધું છીએ. અમે આમ છીએ.

મુમુક્ષુ :— એનું નામ પર્યાયદષ્ટિ છે.

ઉત્તર :– પર્યાયદષ્ટિ, બહારદષ્ટિ આ બધા ભભકા. આહાહા..! છોકરા અને છોકરાના છોકરા અને એના છોકરાના છોકરાની વહુઓ, એ સારા લુગડા પહેરીને નીકળે તો પોતાની આંખ ઠરે. કે.. આહાહા..! પાંચ-પાંચ હજારનો સાડલો હોય અને પહેરીને નીકળે તો બીજા નજરું કરે. તો કહે, આપણો સાડલો દેખાય છે. એમાં આપણી શોભા દેખાય છે. અરે...! પ્રભુ! શું કરે છે તું આ? તું ક્યાં જાય છે? આહાહા..! અહીં તો પ્રભુ ત્યાં સુધી કહે છે, કે એક આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાનની અંદરમાં સેવના સિવાયનું બધું અનાચાર છે. ભાઈ! તારે શું કહેવું છે?

મુમુક્ષુ :– તારામાંથી નીકળી જાય તો...

ઉત્તર :— તારામાં નીકળી જાય, તારામાં એ છે જ નહિ. તું એ આત્મા જ નહિ. રાગાદિ તો અનાત્મા, વિકાર છે. આહાહા..!

એ '**બધુંય અનાચાર છે; તેથી જ...**' હવે કહે છે, કે શું કારણ? કે આ '**શુદ્ધ આત્માની આરાધના સિવાયનું...**' સિવાય કહે છે ને? હિન્દીમાં શું કહે છે? અલાવા? એના અલાવા. '**બધુંય અનાચાર છે;...**' પંચમહાવ્રતધારી સંત મુનિ 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિરાજ 'કુંદકુંદાચાર્યદેવ'ની (ગાથાની) ટીકા કરે છે. આમ મુનિરાજ 'કુંદકુંદાચાર્ય' કહેવા માગે છે. તમને બેસે ન બેસે, બાપુ! આપ સ્વતંત્ર છો. પણ ભાઈ! '**તેથી જ સઘળો અનાચાર છોડીને...**' આહાહા..! છે? '**સઘળો અનાચાર છોડીને...**' પ્રભુ! આહાહા..!

જ્ઞાનઆચાર અને દર્શનઆચાર જે વ્યવહાર છે વ્યવહાર, એ બધો પણ અનાચાર છે કહે છે. આહાહા..! વ્યવહાર. નિશ્ચય જ્ઞાનાચાર તો આત્મા જ્ઞાનમાં રમે તે જ્ઞાનાચાર છે. અને શાસ્ત્રનું ભણવું અને એનું ધ્યાન રાખવું એ વ્યવહાર જ્ઞાનાચાર છે. એ રાગ છે. રાગ છે એ બધું અનાચાર છે. અને અનાચાર છે '**તેથી સઘળો અનાચાર છોડીને...**' આહાહા..! એમ નથી કહ્યું કે અમુક જાતનો રાગ રાખ અને અમુક જાતનો રાગ છોડ. આહાહા..! '**સઘળો અનાચાર છોડીને...**' આહાહા..! પણ પ્રભુ! અમારે ગૃહસ્થાશ્રમમાં રહેવું, હવે તમે કહો કે આ કાંઈ ન કરવું. લાભ થાય (નહિ)... તો હવે અમારે કરવું શું? પણ ગૃહસ્થાશ્રમમાં છો જ ક્યાં? તું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છો. આહાહા..! ગૃહસ્થાશ્રમની પર્યાય તો તારી નથી પણ મુનિની પર્યાય જેટલો પણ તું નથી. આહાહા..!

ભગવંત! તારા આચાર જે આરાધના, એ સિવાયનો બધોય અનાચાર છોડી દઈ...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સઘળો અનાચાર છોડીને...'** આહાહા..! લોકો દયા, દાન, વ્રત, તપને સદાચાર કહે છે. એ સદાચાર નથી, એ અસદાચાર છે. એ રાગ છે, વિકલ્પ છે. પ્રભુ! માર્ગ ઝીણો છે, પ્રભુ! દુનિયાથી જુદી જાત છે, ભાઈ! આહાહા..! એને શ્રદ્ધા કરવામાં હજી વાંધા આવે છે. આચરણ કરવું એ તો વળી એક બાજુ રહ્યું. માર્ગ આ છે.

શુદ્ધ ચૈતન્યસ્વભાવની રમણતા સિવાય **'બધુંય અનાચાર છે; તેથી સઘળો અનાચાર છોડીને સહજચિદ્‌વિલાસલક્ષણ નિરંજન નિજ...'** આહાહા..! હવે આચારની વ્યાખ્યા કરે છે. **'સઘળો અનાચાર છોડીને...'** હવે આચાર એટલે શું? સ્વભાવિક ચિદ્‌જ્ઞાનવિલાસલક્ષણ. સ્વભાવિક ભગવાન, જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનલક્ષણથી લક્ષ થાય એવો જે **'સહજચિદ્‌વિલાસલક્ષણ નિરંજન નિજ પરમાત્મતત્ત્વ...'** નિરંજન... આહાહા..! નિરંજન-જેમાં અંજન-મેલ નથી, રાગ નથી, પુણ્ય નથી, સંસાર નથી. જેમાં ઉદયભાવ સંસાર નથી. આહાહા..! એ તો મુક્તસ્વરૂપ પ્રભુ અંદર છે. અરે..રે..! દ્રવ્યસ્વરૂપ જે વસ્તુ છે એ તો મુક્તસ્વરૂપ છે. એ મુક્તસ્વરૂપને **'નિરંજન નિજ પરમાત્મતત્ત્વ...'** ભાષા તો જુઓ! પર ભગવાન એમ નહિ, અરિહંત અને સિદ્ધ એ નહિ. **'નિજ પરમાત્મતત્ત્વની ભાવના...'** આહાહા..! કેમ બેસે? આહાહા..!

માપ કાઢતા આવડ્યું નથી ને? માપ કરવાનું માપલું જ જુદું છે. આહાહા..! જેનો સ્વભાવ એને માપ શું? હદ શી? જેનું સ્વરૂપ શુદ્ધ સહજ છે, તેની હદ અને પરિમિતતા-મર્યાદા શી? આહાહા..! ભલે ક્ષેત્ર શરીર પ્રમાણે હો પણ સહજ ચિદ્‌વિલાસ એ તો અપાર સ્વભાવ જેનો છે. આહાહા..! એવો ભગવાનઆત્મા સહજ ચિદ્‌વિલાસ. ચિદ્ એટલે જ્ઞાન. જ્ઞાનનો વિલાસલક્ષણ. એ જ્ઞાનનું એ વિલાસ લક્ષણ છે એ તો. દયા, દાન, વ્રત, ભક્તિ, વિકલ્પ એ કાંઈ આત્માનું લક્ષણ નથી. આહાહા..! આવી વાતું છે.

**'સહજચિદ્‌વિલાસલક્ષણ નિરંજન...'** જેને અંજન નથી, મેલ નથી. નિરંજન નિરાકાર પરમાત્મા અંદર છે. એવું જે દ્રવ્યસ્વરૂપ ભગવાન પરમાત્મા **'નિજ પરમાત્મતત્ત્વ...'** પોતાનો પરમાત્મા. પર પરમાત્મા એ તો વ્યવહાર થઈ ગયો. પંચ પરમેષ્ઠીને માનવા અને પંચ પરમેષ્ઠી ઉપર લક્ષ જવું, હોય, આવે પણ છે રાગ. આહાહા..! સ્વદ્રવ્ય સન્મુખ જવું. નિજ પરમાત્મતત્ત્વ એમ લીધું છે ને? **'નિજ પરમાત્મતત્ત્વ...'** પર પરમાત્મતત્ત્વ નહિ. આહાહા..! **'નિજ પરમાત્મતત્ત્વની ભાવનાસ્વરૂપ...'** હવે જુઓ! અહીં કેટલાક એમ કહે છે ને કે ભાવના એ તો કલ્પના છે. ઓલું આવે છે ને? ભાઈ! શ્રાવકનું. તે દિ' આણે કહ્યું હતું ને? 'દયાચંદજી'. શ્રાવકને સામાયિકમાં શુદ્ધ ઉપયોગની ભાવના હોય છે. ત્યારે એ કહે, ભાવના એટલે ભાવે. પણ અહીં તો શુદ્ધઉપયોગની ભાવના એ તો શુદ્ધઉપયોગ છે. આ જુઓ! શું કહે છે?

**'નિજ પરમાત્મતત્ત્વની ભાવનાસ્વરૂપ આચાર...'** ભાવનાસ્વરૂપ આચાર. આહાહા..! ગાથા તો બહુ સારી આવી ગઈ છે. આહાહા..! નિજ પરમાત્મા. નિજ એટલે પોતાનો પરમ સ્વરૂપ ભગવાન, નિત્યાનંદ નાથ, તેની **'ભાવનાસ્વરૂપ...'** તેની ભાવનાસ્વરૂપ એટલે અંતર એકાગ્રતા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ. **'આચાર...'** એનું નામ આચાર. બાકી તો આથણાને આચાર કહે છે ને? શું કહેવાય એ? આથણું શું કહેવાય? આ કેરીના... એને આચાર કહે છે કે નહિ? કેરી, ગુંદાને આચાર કહે છે. આ આચાર સિવાય ઇ બધા (આચાર) આથણા છે. આહાહા..! અરે..! નિવૃત્તિ ક્યાં? પ્રભુ! વખત ચાલ્યો જાય છે. દેહને પડવાની સન્મુખતા તો થાય છે. મુદ્દત જે છે એ મુદ્દત પ્રમાણે આ `રહેશે. એમાં તો મુદ્દત નક્કી થઈ ગયેલી છે. આહાહા..!

આ **'નિજ પરમાત્મતત્ત્વની ભાવનાસ્વરૂપ...'** એમ લીધું છે ને? એકલી ભાવના-ભાવના કલ્પના એમ નહિ. **'પરમાત્મતત્ત્વની ભાવનાસ્વરૂપ આચાર...'** આનું એટલે આચાર છે. નીચે અર્થ છે. **'સહજચૈતન્યવિલાસાત્મક...'** આત્મક એટલે સ્વરૂપ. **'નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને ભાવવું—અનુભવવું...'** અંતર અનુભવવું. અતીન્દ્રિય આનંદસ્વભાવ ભગવાનને અનુભવવો. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનઆત્મા એને અનુભવવો એનું નામ આચાર છે. આહાહા..! છે કે નહિ? 'છોટાભાઈ'! અંદર છે ને? આહાહા..!

**'નિજ પરમાત્મતત્ત્વની ભાવનાસ્વરૂપ...'** ભાવના એટલે વિકલ્પ નહિ. એકાગ્રતા સ્વરૂપ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ વીતરાગમૂર્તિ પ્રભુ, એમાં એકાગ્રતાસ્વરૂપ આચાર. કે જે આચાર **'પરમાત્મતત્ત્વને ભાવવું–અનુભવવું તે જ આચારનું સ્વરૂપ છે;...'** આચારનું આ સ્વરૂપ છે. આ આચાર કરે છે કે નહિ? ક્યો આચાર? કે આ. આહાહા..! સમજાણું કાંઈ? આવી આકરી વાતું. નવરાશ ન મળે. ઝીણું પડે, આકરું પડે એમ લાગે. અને આ બધું કરે છે એ એને સહેલું પડે. અનાદિનો રાગ ને દ્વેષ ને વિકલ્પ. રાગ-દ્વેષ અને વિકલ્પ કરે છે, હોં! બીજું કાંઈ કરતો નથી. પરનું કાંઈ લુંગડું ફેરવી શકે કે કોઈને એક ચીજ દઈ શકે, લઈ શકે એ તો ત્રણકાળમાં કરી શકતો નથી. કરી શકે છે એ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ અને મિથ્યાત્વના ભાવ. આહાહા..! સમજાય છે કાંઈ?

એ આવો આચાર. ભાષા તો જુઓ! ટીકા ઓહોહો..! ભરતક્ષેત્રમાં આવી ટીકા બીજે ક્યાંય નથી. દિગંબર સંતોએ તો પરમાત્માને નીચે ઉતાર્યા છે. પ્રભુ! અહીંયાં આવ, મારે ત્યાં આવવું છે. આહાહા..! સિદ્ધની સાથે વાતું કરી છે. સિદ્ધ આ આત્મા, હોં! આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવે છે ને? 'ચેતનરૂપ અનૂપ અમૂરત. સિદ્ધ સમાન સદા પદ મેરો. મોહ મહાતમ કીયો પરસંગ મહાતમ ઘેરો. જ્ઞાનકલા ઉપજી અબ મોકુ કહું ગુણ નાટક આગમ કેરો.' આહાહા..! 'ઘટ વાસ વસે.. મટે' આહાહા..!

**'એવા આચારમાં જે પરમ તપોધન...'** એ આચારમાં જે પરમ તપોધન મુનિ. આહાહા..! પરમ તપરૂપી જેનું ધન છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે, અતીન્દ્રિય આનંદ એ એનું ધન છે. અતીન્દ્રિય આનંદનો જે અનુભવ છે એ એનું ધન છે. એ તપરૂપી એ ધન છે. આ લોકને ધૂળરૂપી ધન છે. આહાહા..! ઊગમણો–આથમણો મોટો ફેર લાગે. વાત તો સાચી, ભાઈ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવા '**સહજવૈરાગ્યભાવનારૂપે પરિણમ્યો થકો...**' આવી ભાવનાના સ્વરૂપમાં આચારમાં રહ્યો અને સહજવૈરાગ્ય-પરથી '**વૈરાગ્યભાવનારૂપે પરિણમ્યો થકો...**' એમ. અસ્તિપણે સ્વરૂપમાં આચારમાં રહ્યો થકો, નાસ્તિપણે સહજ વૈરાગ્યભાવનારૂપે રહ્યો થકો. આહાહા..! પુણ્ય-પાપના અધિકારમાં કહ્યું છે ને? ભાઈ! શુભ અને અશુભભાવથી વિરક્ત તે વૈરાગ્ય છે. શ્લોક છે ને? 'સમયસાર'માં પુણ્ય-પાપ અધિકારમાં. વૈરાગ્ય કોને કહીએ? આ બાયડી, છોકરા છોડી, દુકાન છોડીને બેઠા એ વૈરાગ્ય? એ વૈરાગ્ય નથી. 'સમયસાર'માં અધિકાર છે. શુભ અને અશુભભાવ, રાગ એનાથી વિરક્ત થવું તેનું નામ વૈરાગ્ય છે. આત્મામાં રક્ત થવું અને વિકારથી વિરક્ત થવું... આહાહા..! વૈરાગ્યની વ્યાખ્યા જુદી. આહાહા..!

અંતર ભગવાનઆત્મા અતીન્દ્રિયસ્વરૂપ ભગવાનમાં અંદર પ્રેમ-રતિ-લિનતા અને પુણ્યપાપના ભાવથી વિરક્તતા એને વૈરાગ્ય કહેવામાં આવે છે. આહાહા..! શબ્દે શબ્દે ફેર. દુનિયાથી બીજી જાત લાગે, ભાઈ! આખો દિ' એ સાંભળ્યું હોય કે આ કરો.. આ કરો.. આ કરો.. આ કરો... આ કરો... સવારમાં ઉઠી ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો, સ્તુતિ કરો, આ કરો. થોડું પાંચ-દસ મિનિટ વાંચો. છ આવશ્યક છે ને? ભાઈ! એ તો બધી વિકલ્પની– રાગની વાતું છે. હોય. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો રાગ હોય પણ એ રાગ છે તે અનાચાર છે. આહાહા..! એમાં છે કે નહિ?

તે '**સહજવૈરાગ્ય ભાવનારૂપે...**' સહજ કેમ કીધું? ત્યાં હઠ નથી. આહાહા..! અતીન્દ્રિય આનંદનું દળ ભગવાન જ્યાં અનુભવમાં આવ્યો, ત્યાં સહજપણે રાગથી વૈરાગ્ય થઈ ગયો, વિરક્ત થઈ ગયો. '**સહજ વૈરાગ્યભાવનારૂપે પરિણમ્યો થકો...**' રાગના અભાવસ્વભાવરૂપે પરિણમ્યો થકો. આહાહા..! ગાથાના એક-એક શબ્દમાં આટલું ભર્યું છે, લ્યો.

'**સ્થિરભાવ કરે છે,...**' અંદર આત્મા આનંદસ્વરૂપ, પ્રભુ! આનંદનું ધામ, અતીન્દ્રિય આનંદનું ધામ. સ્વયં જ્યોતિ સુખધામ, એમાં જે અંદર સ્થિર કરે છે. સ્થિર... સ્થિર. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં લીન થઈ જાય છે. આહાહા..! '**તે પરમ તપોધન જ...**' તે પરમ તપોધન. એ તપરૂપી ધન જેને (છે). એ તપ આ અપવાસ કરો એ તપ નહિ. એ તો બધી લાંઘણો છે. અમૃતના સાગરને ઉછાળવો. સોનાને જેમ ગેરુ લગાવીને ઓપે-ઓપે શોભે. ગેરુ-ગેરુ. એમ ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત ઇચ્છાનો નિરોધ કરીને અંદર અમૃતસાગરમાં ડૂબે, એનું નામ તપ કહેવામાં આવે છે. આહાહા..! વ્યાખ્યા એકે એક જુદી. 'વિજયંતે ઇતિ તપઃ'. જેમાં આત્માનો વિજય થાય. શુદ્ધતાની, વીતરાગતાની વૃદ્ધિ થાય. એ વિજય થાય એનું નામ તપ કહેવામાં આવે છે. ભાષા તો સાદી છે પણ પ્રભુ! ભાવ તો છે ઇ છે. શું થાય? આમાં કાંઈ વાદવિવાદે પાર પડે એવું નથી. અને સમાજનો મોટો ભાગ બિચારા કાંઈ વિચારમાં પણ પડ્યા નથી. ધંધાપાણીમાં પડ્યા હોય. કલાક સાંભળવા જાય. માથે– પાટે બેઠો હોય એ જે કહે એ જયનારાયણ. આહાહા..! જય જય! થઈ રહ્યું. વિચારની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તુલના કરીને સત્ય અને અસત્ય શું છે? એની તુલના કરવાનો પણ અવસર અને ફૂરસદ નથી. આહાહા..! અહીં તો પુણ્ય અને પાપના ભાવથી પણ નિવૃત્ત થઈને ફૂરસદ લેવાની છે એમ કહે છે. એ વૈરાગ્યપરાયણ છે. આહાહા..!

**'સહજવૈરાગ્ય ભાવનારૂપે...'** જુઓ! ત્યાં પણ ભાવના આવી. ઓલામાં પણ ભાવના આવી હતી. પરમાત્મતત્ત્વની ભાવના અસ્તિરૂપે હતી. આ સહજવૈરાગ્યભાવના પરથી નાસ્તિરૂપે. **'પરિણમ્યો થકો સ્થિરભાવ કરે છે,...'** અંતર આનંદમાં જે સ્થિર થાય છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ! પ્રભુ આત્મા આનંદનું દળ છે તેમાં જે સ્થિર થાય છે... આહાહા..! **'તે પરમ તપોધન જ...'** જોયું? **'તે પરમ તપોધન જ...'** બીજા નહિ. આવા જે પરમતપોધન છે, **'પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે,...'** એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. એને પ્રતિક્રમણ કર્યું એમ કહેવામાં આવે છે. આહાહા..! હવે આમાં ધંધા આડે ફૂરસદ ન મળે. બાયડી, છોકરા સાચવવા, રળવા, કમાવું, એને પાછા ભૂખ્યા રાખવા? લુગડા-લત્તા દેવા. કરવું શું? હવે એમાં આ ક્યાં નવરો છે? આહાહા..! અરે..રે..! એમ ને એમ અનાદિકાળના વર્ષ ગુમાવ્યા. એવી ક્ષણને પ્રગટ કર, કે ભૂલી જા પરને અને ભગવાનને સંભાળ. સંભાળ એટલે અંદર ભગવાન છે એમાં લીન થા. આહાહા..!

એવા **'તપોધન જ પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે,...'** આ પ્રતિક્રમણનું આ સ્વરૂપ છે. આહાહા..! હવે બપોરે-સાંજે જઈને મિચ્છામિ દુક્કડમ ફલાણું કરીને થઈ ગયું પ્રતિક્રમણ. એ તો રાગની ક્રિયા છે અને વાણીની ક્રિયા મારી છે એમ માને એ તો મિથ્યાત્વ છે. આહાહા..! આકરું કામ. **'કારણ કે તે...'** એ પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે એનું કારણ? આહાહા..! **'કે તે પરમ સમરસીભાવનારૂપે પરિણમ્યો થકો...'** આહાહા..! પહેલું એનું જ્ઞાન તો કરે કે વસ્તુ આ છે. આહાહા..!

**'પરમસમરસીભાવનારૂપે...'** જુઓ! એ ભાવના પાછી આવી. ત્રીજી વાર આવી. પહેલી પરમતત્ત્વની ભાવના હતી, પછી સહજવૈરાગ્યભાવનારૂપે પરિણમ્યો થકો પછી સમરસીભાવના. ભાવના એટલે કે અંદર એકાગ્રતા છે ઇ. આહાહા..! **'પરમસમરસીભાવ...'** એકલો સમરસી નહિ. પરમવીતરાગભાવરૂપે પરિણમ્યો થકો. સમરસી એટલે વીતરાગતા. પરમ વીતરાગભાવનારૂપે **'પરિણમ્યો થકો...'** આહાહા..! **'સહજ નિશ્ચયપ્રતિક્રમણમય છે.'** પહેલું કહ્યું હતું કે આને પ્રતિક્રમણ કહેવાય. પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય એમ કીધું હતું. હવે કહે છે કે એ જીવ પ્રતિક્રમણમય જ છે. આહાહા..! આને પ્રતિક્રમણ કહેવાય, કે જે સહજ નિજ પરમાત્મતત્ત્વની આરાધનામાં રમે છે અને પરથી વૈરાગ્યમાં રમે છે એને પ્રતિક્રમણ કહેવાય. એ પ્રતિક્રમણ કહેવાય. હવે એ આત્માને પ્રતિક્રમણમય કહેવાય, એમ કહે છે. એ પ્રતિક્રમણ અને આત્મા બે જુદા નહિ. એમ. આહાહા..! છે?

**'પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે, કારણ કે તે પરમ સમરસીભાવનારૂપે...'** પરમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીતરાગભાવરૂપે, એ થઈ શકે નહિ ઇ જુદું પણ એની શ્રદ્ધા અને જ્ઞાન તો કરે પહેલું. સાચું વસ્તુનું સ્વરૂપ આ છે. જેને હજી શ્રદ્ધા-જ્ઞાનના ઠેકાણા નથી એને વીતરાગતા, ચારિત્ર, આચાર-ફાચાર ક્યાંથી આવતા હતા? આહાહા..! **'કારણ કે સમરસીભાવનારૂપે પરિણમ્યો થકો...'** હવે અભેદ કહેવું છે ને? એ પ્રતિક્રમણ કહેવાય છે એમ કીધું. પણ હવે કહે છે કે એ **'સમરસીભાવનારૂપે પરિણમ્યો થકો...'** પ્રતિક્રમણમય જ છે ઇ. પ્રતિક્રમણમય–પ્રતિક્રમણસ્વરૂપ જ ઇ છે. આહાહા..!

મુમુક્ષુ :– ભેદ કાઢી નાખ્યો.

ઉત્તર :– ભેદ કાઢી નાખ્યો. પ્રતિક્રમણસ્વરૂપ આને કહેવું. અંદર નિજ પરમાત્મતત્ત્વમાં રમે અને વૈરાગ્યથી પરથી ભિન્ન પડે એને પ્રતિક્રમણ કહેવાય. પછી કહે પ્રતિક્રમણ કહેવાય એ તો વાત કરી. પણ એ આત્મા જ પ્રતિક્રમણમય છે. આહાહા..!

**'કારણ કે તે પરમ સમરસીભાવનારૂપે...'** સમતારૂપે પરિણમ્યો છે ઇ, વીતરાગભાવરૂપે થયો છે ઇ. આહાહા..! નિર્વિકલ્પ આનંદ અને વીતરાગરૂપે થયેલો પ્રભુ એને સહજ નિશ્ચયપ્રતિક્રમણમય કહેવાય. નિશ્ચયપ્રતિક્રમણમય. એ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ જ ઇ છે. આહાહા..! પાંચ લીટી છે. પાંચ લીટીમાં તો કેટલું ભર્યું છે! આહાહા..! હવે આ એમ ને એમ વાંચી જાય. કહે વાંચી ગયા. બાપુ! એ ચોપડાના વાંચવા જુદા અને આ ચોપડા જુદા છે. આહાહા..! શ્લોક આવ્યો ને?

## શ્લોક–૧૧૩

(मालिनी)

**अथ निजपरमानन्दैकपीयूषसान्द्रं**
**स्फुरितसहजबोधात्मानमात्मानमात्मा।**
**निजशममयवार्भिर्निर्भरानंदभक्त्या**
**स्नपयतु बहुभिः किं लौकिकालापजालैः।।११३।।**

**[હવે આ ૮૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છેઃ]**

**[શ્લોકાર્થ :-] આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલા, [1]સ્ફૂરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માને નિર્ભર (-ભરચક) આનંદ-ભક્તિપૂર્વક નિજ શમમય જળ વડે સ્નાન**

૧ સ્ફૂરિત = પ્રગટ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કરાવો; બહુ લૌકિક આલાપજાળોથી શું પ્રયોજન છે (અર્થાત્ બીજા અને લૌકિક કથનસમૂહોથી શું કાર્ય સરે એમ છે) ? ૧૧૩.**

## શ્લોક-૧૧૩ ઉપર પ્રવચન

(मालिनी)

**अथ निजपरमानन्दैकपीयूषसान्द्रं**
**स्फुरितसहजबोधात्मानमात्मानमात्मा।**
**निजशममयवार्भिर्निर्भरानंदभक्त्या**
**स्नपयतु बहुभिः किं लौकिकालापजालैः।।११३।।**

**શ્લોકાર્થ :- 'આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલા,...'** આહાહા..! અહીં તો કહે પૈસામાં સુખ છે, ભોગમાં સુખ છે. આબરૂમાં, કોઈ વખાણ કરે એમાં સુખ છે. ધૂળમાંય સુખ નથી. ઝેર છે. આહાહા..! બહુ તું સારો, બહુ હોંશિયાર, બહુ વિદ્વાન અને પંડિત એ વખાણ સાંભળીને ખુશી થાય. ઝેર છે.

મુમુક્ષુ :– વખાણ સાંભળીને કદરદાન...

ઉત્તર :– કદરદાન. એની કદર કરી કહેવાય. માન થયું તને ઇ? આહાહા..! કદર કરે ન કરે એથી કાંઈ તારામાં હીણપ-અધિક થઈ જાય છે? કદર કરે તો અધિક થઈ જાય અને ન કરે તો હીણપ થઈ જાય એમ છે? આહાહા..! આવું કામ આકરું બહુ, બાપા! એકાંત અધ્યાત્મને છોડી દ્યો. આ કરો... આ કરો... આ કરો... આ કરો... એમ કહે છે. પ્રભુ! શું કરીશ તું? વિકલ્પ કરવો એ પણ એક ઝેરના પ્યાલા પીવા (જેવું) છે. આહાહા..! રાગને કરવું, શુભને કરવો એ પણ ઝેરનો પ્યાલો–વિષકુંભ છે. ઝેરનો ઘડો છે. 'સમયસાર'માં મોક્ષ અધિકારમાં પાઠ છે. આહાહા..! પ્રભુ! કરવાનું તો આ છે. નિર્વિકલ્પ અમૃતને પી. આહાહા..!

**'આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃત...'** આહાહા..! **'ગાઢ ભરેલા,...'** ઓહોહો..! કેવો છે પ્રભુ? **'નિજ પરમાનંદરૂપી..'** પરમ અતીન્દ્રિય આનંદ, એ સ્વરૂપી અદ્વિતીય અજોડ– અમૃત. એવું અમૃત બીજે ક્યાંય છે નહિ. એવા અમૃતથી ભરેલો ભગવાન છે. આ આત્મા આનંદમૂર્તિથી ભરેલો અંદર ભગવાન છે. અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો છે. આહાહા..! **'ગાઢ ભરેલા,...'** પાછી ભાષા જોઈ? **'આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય...'** અજોડ એક **'અમૃતથી ગાઢ ભરેલા,...'** આહાહા..! એવા **'સ્ફુરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ...'** એવા પ્રગટ સહજ જ્ઞાનસ્વરૂપ. પ્રગટ જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. **'આત્માને નિર્ભર (–ભરચક)...'** આહાહા..! નિર્ભર. ભરથી પણ નિર્ભર. આ ગાડાના ભર નથી ભરતા? એ ભર અને આ તો નિર્ભર. એથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિશેષ ગાઢ ભરેલો છે. આહાહા..! **'(–ભરચક) આનંદ-ભક્તિપૂર્વક નિજ શમમય જળ વડે સ્નાન કરાવો;...'** એ વિશેષ વાત આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૮૪ શ્લોક-૧૧૩-૧૧૪, રવિવાર, કારતક વદ ૧૪, તા.૧૮-૧૧-૧૯૭૯

'નિયમસાર'. ૧૧૩ કળશ. કળશ છે. સાર સાર છે. સત્ય.

**'આત્મા નિજ પરમાનંદરૂપી...'** આત્માનો સ્વભાવ ત્રિકાળ નિજ પરમાનંદ (સ્વરૂપ છે). જેમ ગોળનું ગળપણ, સાકરની મીઠાશ (છે) એમ ભગવાનઆત્મા પોતાના નિજ પરમાનંદરૂપી **'અદ્વિતીય અમૃતથી...'** આહાહા..! અદ્વિતીય અજોડ અમૃત, એનાથી **'ગાઢ ભરેલા,...'** આહાહા..! વસ્તુ છે ને? વસ્તુ છે એ પોતાના અતીન્દ્રિય આનંદથી ગાઢ ભરેલા... આહાહા..! એકલું તત્ત્વ છે અહીં તો. એમ અદ્વિતીય, અજોડ એક આ **'ગાઢ ભરેલા, સ્ફુરિત...'** પ્રગટ છે. અતીન્દ્રિય આનંદ અંદર પ્રગટ છે. શક્તિરૂપ, સ્વભાવરૂપ પ્રગટ છે. આહાહા..! એવો જે આત્મા એણે **'સહજ-જ્ઞાન-સ્વરૂપ આત્માને...'** એવા સહજ જ્ઞાન, આનંદ અને જ્ઞાન બે ભેગા લીધા. સ્વભાવિક જે ત્રિકાળ જ્ઞાન છે, આત્માનો ત્રિકાળી સહજજ્ઞાન સ્વભાવ, જેવો સહજ આનંદથી ગાઢથી ભરેલો એમ સહજજ્ઞાનથી ભરેલો, પ્રગટ એવા આત્માને... આહાહા..!

**'નિર્ભર...'** ભરથી પણ નિર્ભર. **'(–ભરચક)...'** ભરેલો. જ્ઞાન અને આનંદથી ગાઢ નિર્ભર ભરચક ભરેલો ભગવાન છે. આહાહા..! આ એનું ધ્રુવ સ્વરૂપ છે. એ સ્વતઃ અનાદિ પોતાનું સત્‌નું એ સત્ત્વ છે. સત્‌નું આ સત્ત્વ છે. આહાહા..! એવા **'નિર્ભર (–ભરચક) આનંદ-ભક્તિપૂર્વક...'** આહાહા..! અતીન્દ્રિય આનંદનું ભજન. આહાહા..! અતીન્દ્રિય આનંદના **'શમમય જળ વડે તેને સ્નાન કરાવો;...'** આહાહા..! **'સ્નાન કરાવો;...'** છે ને? નિજ અતીન્દ્રિય આનંદ શમમય જળ. ભરચક ભરેલો ભગવાન, એમાં એકાગ્ર થઈને સ્નાન કરાવો. મલિનતાનો નાશ કરો. આહાહા..! અહીંયાં તો વ્યવહારરત્નત્રય પણ મળ છે. આહાહા..! એને **'નિજ શમમય જળ વડે...'** સમતા, જ્ઞાન, આનંદ એવા ત્રણ લીધા. વીતરાગતા, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા, એને **'શમમય જળ વડે સ્નાન કરાવો;...'** એટલે કે તેની સન્મુખ થઈને, વીતરાગભાવ વડે અશુદ્ધતાનો નાશ કરવા સ્નાન કરાવો. આ સ્નાન છે. સવારમાં ઉઠીને સ્નાન કરે. મેલ ચઢે છે, મેલ. આમ થાય. શેત્રુંજય નદીમાં નહાય તો મેલ ટળે, ગંગામાં જાય તો આ થાય. આહાહા..! આ તો આ ગંગા છે. ઓહો..! ટૂંકી ભાષા. એકદમ રહસ્ય ભર્યું છે.

નિમિત્ત અને વ્યવહારની તો વાત જ નહિ અહીં. એ વસ્તુમાં છે જ નહિ. વસ્તુમાં તો અતીન્દ્રિય આનંદ, સમજળ વીતરાગતા અને સમ્યક્ આનંદ, જ્ઞાન. આહાહા..! જ્ઞાન, આનંદ અને વીતરાગભાવ વડે સ્નાન કરાવો. સંસારની દશાનો નાશ કરો. આહાહા..! આવું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આકરું લાગે. આ કરું.. આ કરું... ક્રિયા કરવી. એ તો અક્રિયસ્વરૂપ છે. ખરેખર પરિણતિ નિર્મળ છે એ પણ એ વસ્તુમાં નથી. આહાહા..! એવો જે અક્રિય આનંદથી ભરેલો ભગવાન, અક્રિય જ્ઞાનથી ભરેલો સહજ સ્વભાવ, એને વીતરાગભાવ વડે કરીને એકાગ્ર કરો. એને સ્નાન કરાવો. આહાહા..! એનાથી સંસારનો મેલ ટળશે, બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! નિમિત્તને તો દૂર કર્યું. એમાં તો નથી. પણ એની પર્યાયમાં જે વિકાર છે, એને પણ દ્રવ્યસ્વભાવમાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન અને વીતરાગભાવથી તેને સ્નાન કરાવો. આહાહા..!

આવી વાત આકરી લાગે. પછી વ્યવહાર આમ છે... વ્યવહાર આમ છે... આહાહા..! વ્યવહાર સાધક છે. 'જયસેનાચાર્ય'માં ઘણું આવે છે. એ જ્ઞાન કરાવ્યું છે. એથી ઓલા 'વિદ્યાસાગરે' લખ્યું છે, કે 'જયસેનાચાર્ય' છે એ પરંપરાના આચાર્ય છે અને 'અમૃતચંદ્રાચાર્ય' તો કાષ્ટાસંઘી છે, પરંપરાના નથી. અરે..! પ્રભુ! અર..ર..! આવી સૂઝ ક્યાંથી પડી પ્રભુ તને? આહાહા..! અમૃતનો સાગર ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' અમૃતના વહેણલા વાયા છે. આહાહા..! એને કાષ્ટાસંઘી કહેવો, પ્રભુ! પ્રભુ! સાંભળવા જેવું (નથી). એણે એમ લખ્યું છે. 'જયસેનાચાર્ય' પરંપરાના આચાર્ય છે. અને આ નવા કાષ્ટાસંઘી નવા પરંપરાના નથી. આહાહા..! પ્રભુ! પ્રભુ! ઓહો..! સાંભળીને રુદન આવી જાય એવું છે. આહા..! અરે..! આવી વાત? પ્રભુ! અમૃતથી ભરેલો ભગવાન, એને 'અમૃતચંદ્રાચાર્યે', આ 'પદ્મપ્રભમલધારિદેવ' છે. આહાહા..! બેએ ટીકા કરીને અમૃતના વહેણલા વાયા છે. આહાહા..! અનાદિ સનાતન તીર્થંકરો, કેવળીઓ, મુનિઓ અને સમકિતીઓ જે... આહાહા..!

હવે ત્યાં સુધી એમ કહે છે, મહાવ્રત ધાર્યા વિના અનુભૂતિ આનંદ અને સમકિત હોય નહિ. અર..ર..! અરે..રે..! આવું? પ્રભુ! શું કરે છે તું આ? સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને ક્ષાયિકસમકિતી... આહાહા..! 'શ્રેણિકરાજા'. હજારો રાજા સેવા કરતા. ક્ષાયિકસમકિતી. 'ભરત' ચક્રવર્તી કે જેને ૯૬ હજાર સ્ત્રીઓ, ૯૬ કરોડ પાયદળ. કોઈ નહિ. હું છું તે પૂર્ણ છું. આહાહા..! મારામાં પૂર્ણાનંદમાં પર્યાયની અવસ્થાની ગંધ નથી. રાગની તો ગંધ ક્યાંથી હોય? પ્રભુ! આહાહા..! એમ કહ્યું ને?

**'અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલા...'** અને **'આનંદ-ભક્તિપૂર્વક...'** આહાહા..! વિકલ્પના દુઃખ ભક્તિપૂર્વકથી એ નહિ સમજાય, એમ કહે છે. આહાહા..! વિકલ્પ જે છે ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ (હોય), એ દુઃખથી નહિ જણાય. **'આનંદ-ભક્તિપૂર્વક...'** આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એને અતીન્દ્રિય આનંદની પર્યાયની ભક્તિ. એ અતીન્દ્રિય આનંદમાં એકાગ્રતા એ ભક્તિ. આહાહા..! ભગવાનની ભક્તિ તો રાગ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદના અમૃતથી ભરેલો, એને આનંદભક્તિપૂર્વક. આનંદભક્તિપૂર્વક, અતીન્દ્રિય આનંદની પરિણતિપૂર્વક. આહાહા..! આવું સ્વરૂપ છે. આહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય અમૃતના જ્ઞાનથી તો ગાઢ ભરેલો. ધ્રુવ, વજ્રથી ભરેલો. આહાહા..! એવા ભગવાનઆત્માને રાગની ભક્તિ અને પરની ભક્તિથી નહિ પણ આનંદની ભક્તિથી... આહાહા..! અતીન્દ્રિય આનંદની પર્યાયથી તેને સ્નાન કરાવો. 'યશપાલજી'! બીજાને આવી વાત આકરી લાગે. શું થાય? આહાહા..! પ્રભુ! એની મોટપની એને ખબર નથી. એ પામર નથી, એ પર્યાયની નિર્મળતાનો અંશ છે એટલો એવડો એ નથી. આહાહા..! એ ધ્રુવ અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનથી ગાઢ ભરેલો, એને આનંદભક્તિથી સ્નાન કરાવ. આહાહા..! ભક્તિ શબ્દ કેમ લીધો? ભગવાનની ભક્તિ છે, એનાથી કાંઈ નિર્મળ સ્નાન નહિ થાય, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– એ રાગ..

ઉત્તર :– એ રાગ છે. તેથી શબ્દ વાપર્યો છે. આનંદભક્તિ. ભગવાનની ભક્તિ એ રાગભક્તિ છે, પ્રભુ! આહાહા..! આવી વાતું. ભગવાન અતીન્દ્રિય અમૃતના સ્વભાવથી (ભરેલું) તત્ત્વ છે, વસ્તુ છે તો અનંત આનંદ અને અનંત જ્ઞાન અને વીતરાગતાના સ્વભાવથી ગાઢ–પૂર્ણ ભરેલો છે. એને પર્યાયમાં આનંદની ભક્તિથી સ્નાન કરાવ. આહાહા..! આખું તત્ત્વ ભગવાન પૂર્ણ છે, તેની સન્મુખ થઈને આનંદરૂપી ભક્તિથી એને સ્નાન કરાવ. આહાહા..! પાણીથી સ્નાન નહિ, તેલથી નહિ, બીજી બહારની કોઈપણ ઊંચી ચીજથી નહિ, અશુભરાગથી નહિ, શુભરાગથી નહિ. આહાહા..!

**'આનંદ-ભક્તિ...'** ગજબ શબ્દ વાપર્યો છે ને! **'આનંદ-ભક્તિપૂર્વક...'** અતીન્દ્રિય આનંદના ઝરણા એમાંથી વહે. જ્ઞાયકસ્વરૂપ ભગવાન તું છો ને, પ્રભુ! તારામાં અનંત ગુણની પ્રભુતા ભરી છે ને, નાથ! પૂર્ણ અતીન્દ્રિય આનંદ ભર્યો છે ને! તો પર્યાયમાં આનંદની ભક્તિથી એને સ્નાન કરાવ. અહીં પર્યાયની વાત છે. આહાહા..! સાંભળવું કઠણ પડે. બાપુ! ભગવાન! આત્મા એટલે શું? ભાઈ! આહાહા..! આત્મા એટલે પરમાત્માના પૂર્ણ શક્તિના સ્વભાવનો સાગર ભગવાન. એને આનંદની ભક્તિથી સ્નાન કરાવ. રાગની ભક્તિ રહેવા દે. આહાહા..!

જુઓ! આ પંચમઆરાના મુનિરાજ. આ તો હજી હમણા 'અમૃતચંદ્રાચાર્ય' પછી થયા છે. 'પદ્મપ્રભમલધારિદેવ' આહાહા..! પંચમઆરાના સંત છે. એ શ્રોતાને એમ કહે છે. એને એમ નથી લાગતું કે આ શ્રોતા હીણા છે અને નાના સાધારણ છે. એને એવી વાત કેમ કરું? આહાહા..! ભગવાન! પંચમઆરો એને લાગુ નથી પડતો. એને હિણી, હિણી અવસ્થા પણ લાગુ પડતી નથી. એવી જે આનંદશક્તિથી ભરેલો ભગવાન, પરમજ્ઞાયકસ્વભાવ, પારિણામિકસ્વભાવ, સહજ સ્વભાવ, અકૃત્રિમ સ્વભાવ, અનાદિ સ્વભાવ, એવા આનંદભક્તિથી એને સ્નાન કરાવ. આહાહા..! છે?

**'આનંદ-ભક્તિપૂર્વક...'** એ શબ્દ વાપર્યો છે આ કારણે, કે રાગભક્તિ નહિ. તેમ આત્મા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણી અને ગુણ છે તેવા ભેદના વિકલ્પની ભક્તિ એ પણ ભક્તિ નહિ. આહાહા..! 'છોટાભાઈ'! આ મોટાભાઈની વાત છે. આહાહા..! અંદર ભગવાન મોટો પડ્યો (છે), પ્રભુ! આહાહા..! અરે..! તારી મોટપ તને બેસે નહિ, પ્રભુ! છતી ચીજ ન બેસે... આહાહા..! અને અછતી, નહિ ટકતી ચીજ ઉપર તને વિશ્વાસ? સંયોગ અને રાગાદિ જે અટકતી ચીજ છે, પ્રભુ! તને એનો વિશ્વાસ? અને તારું જે ગુણ અને અનંત ગુણનું ધામ ધ્રુવ, ગાઢ સ્વભાવથી ભરેલો એવો નિત્ય... આહાહા..! એનો તને ભરોસો નહિ, એનો તને વિશ્વાસ નહિ, એના તરફનું પોષણ નહિ, પોહાણ નહિ અને પોષણ નહિ. પોસાતું નથી તેથી તેનું પોષણ નથી. આહાહા..! અમૃતના ઝરણા વહાવ્યા છે. પંચમઆરે અમૃત વહેવડાવ્યા છે.

બધા ભગવાન છે ને, પ્રભુ! આઠ વર્ષના બાળકને પણ અહીં તો આ કહે છે. આહાહા..! કરોડ પૂર્વના આયુષ્યવાળો જીવ હોય, એ તો દેહની સ્થિતિ છે. આઠ વર્ષનું બાળક એ તો દેહની સ્થિતિ છે. રાગ હોય છે એ પણ ક્ષણિક સ્થિતિ છે. તારી સ્થિતિ તો અંદર ધ્રુવ નિત્યાનંદ ભગવાન અંદર પડ્યો છે ને આખો. આહાહા..! એવા પ્રભુને આનંદ ભક્તિપૂર્વક સ્નાન કરાવ.

**'આનંદ-ભક્તિપૂર્વક નિજ શમમય જળ વડે...'** જોયું? પાછું. નિજ એટલે પોતાનો વીતરાગભાવ, પોતાનો જે વીતરાગભાવ જળ, એ વડે સ્નાન કરાવો. ગજબ ભાષા છે. આહાહા..! એક કળશે તો ગજબ કર્યો છે ને. ભગવાન! તને ન ગોઠે એવી આ વાત નથી. પ્રભુ! તું પૂર્ણ છો ને તને કેમ ન ગોઠે? આહાહા..! પૂર્ણ ભરેલો છો ને, પ્રભુ! આહાહા..! આચાર્યો ભગવાન તરીકે તને સંબોધે. આહાહા..! તું પામરતામાં ખપી જા, એ તને શોભે નહિ, પ્રભુ! આહાહા..!

એવા **'આનંદ-ભક્તિપૂર્વક...'** ભાષા કેમ એ લીધી છે? કે ભક્તિ તો છે. દેવ-ગુરુ-શાસ્ત્રની આદિ ભક્તિ છે, હોય છે. પણ એ કંઈ આત્માના મલિન જળનો નાશ થાય, વીતરાગ જળ વડે મેલનો નાશ થાય. એ રાગ વડે મલિનનો નાશ ન થાય. આહાહા..! એ અતીન્દ્રિય દરબાર છે, એમાં જા. અતીન્દ્રિય દરબાર અંદર ભર્યો છે. આહાહા..!

એવામાં **'આનંદ-ભક્તિપૂર્વક...'** આહાહા..! **'નિજ શમમય જળ વડે...'** પોતાનો જે વીતરાગભાવ છે, તે જળ વડે. આહાહા..! ગજબ કામ કર્યું છે ને? આ પંચમઆરાના સંત, એ પંચમઆરાના શ્રોતાને કહે છે. તું નાનો છો, આળસુ છો, આ કર તો થાય એમ (નથી કહેતા). ભગવાન! તું પ્રભુ મોટો છો ને? બાપુ! તને કેમ એનો વિશ્વાસ બેસતો નથી? આહાહા..! શરીર પ્રમાણે અને રાગના વેશના ભેખમાં ગરી ગયો તું. પણ પ્રભુ! રાગનો ભેખ જ તારો નથી. શરીર તો તારું છે જ નહિ. આહાહા..! દયા, દાનની ભક્તિનો રાગ એ પણ તારો ભેખ નથી. આહાહા..! ઓહોહો..!

'સમયસાર'માં તો એમ કહ્યું, મોક્ષ પણ એક ભેખ છે. આહાહા..! પર્યાય છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંવર, નિર્જરા ને મોક્ષ એ ભેખ-દશા છે. એ આખું સ્વરૂપ નથી. આહાહા..! એમાં કહ્યું છે ને? મોક્ષનો વેશ પ્રવેશ થાય છે. એને જાણીને નીકળી જાય છે. સંવર-નિર્જરા પ્રવેશ કરે છે. આહાહા..! મોક્ષરૂપી પર્યાયનો ભેખ પણ તારું મૂળ સ્વરૂપ આખું નથી. એ પણ એક ભેખ-અવસ્થા છે. આહાહા..! એવો જે અવસ્થાયી પ્રભુ, જેને કેવળજ્ઞાન આદિ મોક્ષ પણ એક અવસ્થાનો ભેખ છે, એક સમયની પર્યાયનો ભેખ છે, વેશ છે. આહાહા..! તારું સ્વરૂપ તો પ્રભુ એ વેશથી પાર છે. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ.. પર્યાય તો નાશવાન છે. મોક્ષની પર્યાય પણ એક સમયે રહે અને બીજે સમયે એનો નાશ થાય છે. આ તો ભગવાન ધ્રુવ અંદર ભરેલો, વીતરાગસ્વભાવ અને આનંદથી ભરેલો. એને... આહાહા..! **'આનંદ-ભક્તિપૂર્વક...'** વીતરાગ શમમય જળ. નિજ શમમય જળ. પોતાનો જે વીતરાગ સ્વભાવભાવ પર્યાય, એ **'વડે સ્નાન કરાવો;...'** પ્રભુ! શું કહો છો તમે? આહાહા..! કોને સંભળાવો છો આ? સમાજ સાધારણ છે, પંચમઆરો છે.

મુમુક્ષુ :– એ લાગુ પડતું નથી.

ઉત્તર :– એ લાગુ પડતું નથી, પ્રભુ! આહાહા..! આ બાળકો છે અને આ અજાણ્યા આવ્યા છે. કોઈ દિ' સાંભળ્યું નથી. પ્રભુ! એમ રહેવા દે. તું ભગવાન છો એ સાંભળ. આહાહા..!

આ શ્લોકમાં ઘણું ઘણું ભર્યું છે. **'આનંદ-ભક્તિપૂર્વક...'** રાગ છે એ તો દુઃખ છે. તેથી **'આનંદ-ભક્તિપૂર્વક નિજ શમમય જળ...'** એટલે વીતરાગભાવ. આહાહા..! **'આનંદ-ભક્તિપૂર્વક નિજ શમમય જળ વડે...'** પોતાની વીતરાગી પર્યાય વડે **'સ્નાન કરાવો;...'** આહાહા..!

હવે જરી કહે છે, **'બહુ લૌકિક આલાપજાળોથી શું પ્રયોજન છે...'** લૌકિક વ્યવહારરત્નત્રયના વિકલ્પ આદિ તો લૌકિક છે. આહાહા..! બહારની દેહની ક્રિયા અને વાણી એ તો જડ છે, એની સાથે કાંઈ નહિ પણ તારામાં જે કાંઈ લૌકિક વ્યવહાર, દયા, દાનની ક્રિયા, વ્યવહારરત્નત્રયના (વિકલ્પ ઉઠે) એ લૌકિક જાળ છે, ભાઈ! એ લોકોત્તર સ્વરૂપ નથી. આહાહા..!

**'બહુ લૌકિક આલાપજાળોથી...'** વ્યવહારના કથન ખૂબ આવે એમાં રાજી-રાજી થઈ જાય. જુઓ વ્યવહાર.. જુઓ વ્યવહાર... વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. વ્યવહાર કારણ છે, નિશ્ચય કાર્ય છે. પ્રભુ! સાંભળ, ભાઈ! આહાહા..! એવા **'બહુ લૌકિક...'** ઘણા પ્રકારના વીતરાગના શાસ્ત્રમાં પણ વ્યવહારની વાતું આવે, એ વ્યવહાર ને **'લૌકિક આલાપજાળોથી શું પ્રયોજન છે.'** આહાહા..! હવે આ કહે છે કે મહાવ્રત ધારે એને અનુભૂતિ થાય. આહાહા..! પ્રભુ! પ્રભુ! શું કરે છે? ભાઈ!

મુમુક્ષુ :– ...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– છે ને. આમાં લખ્યું છે. આમાં ક્યાંક છે. ક્યાંક છે, હોં! વાંચ્યું હતું ખરું. ચિહ્ન કર્યું છે. ક્યાંક છે. રત્નત્રય અર્થાત્ મહાવ્રતના સ્વીકાર બિના જો આત્મધ્યાનકી ઇચ્છા કરતા હૈ વહ મૂર્ખ માના જાતા હૈ. અરરર...! મહાવ્રત વિના આત્માનું ધ્યાન કરવા જાય. અરે...! પ્રભુ! તું શું કહે છે? પ્રભુ! આહાહા..!

'અષ્ટપાહુડ'માં તો ત્યાં સુધી કહ્યું છે કે, પ્રભુ! સમકિતનું ધ્યાન કર. ભાઈ! આવે છે ને? શ્લોક આવે છે. આહાહા..! હવે આવા લખાણ આવે સાધુના. પ્રભુ! પ્રભુ! શું કરે? ભાઈ! કહેતા શરમ આવે. તને આવું કહેવું અને આ વાત બહાર પાડવી એ પણ શરમ આવે એવી વાત છે. આહાહા..! 'રત્નત્રય, મહાવ્રત કે સ્વીકાર બિના જો આત્મધ્યાન કી ઇચ્છા કરતા હૈ વહ મૂર્ખ માના જાતા હૈ.' આહાહા..! વીતરાગ સ્વસંવેદન, વીતરાગ સમ્યગ્દર્શન, વીતરાગ ચારિત્ર, શુદ્ધ ઉપયોગ, સ્વરૂપ આચરણચારિત્ર. શુદ્ધ ઉપયોગ છે એ ચારિત્ર છે. નિશ્ચય-બિશ્ચય નહિ. આહાહા..! એવું ઘણું લખ્યું છે. આવા પુસ્તકો બહાર પાડે છે. પ્રભુ-પ્રભુ! જુવાન છે, નાની ઉંમર છે. શરીરમાં જુવાન.. બાહ્ય ક્રિયામાં મસ્ત છે એટલે આવી મસ્તી થઈ ગઈ છે, પ્રભુ! આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! **'બહુ લૌકિક આલાપજાળથી શું પ્રયોજન છે...'** સમ્યગ્દૃષ્ટિ પણ સ્વરૂપનું ધ્યાન કરે છે. ભલે વ્રત નથી. આહાહા..! સમ્યગ્દર્શનમાં પણ થતાં કાળે શુદ્ધઉપયોગમાં સમ્યગ્દર્શન થાય, પછી પણ કેટલેક કાળે કોઈને આઠ દિ', મહિનો-બે મહિને શુદ્ધ ઉપયોગમાં આવે, જ્ઞાતા-જ્ઞાનને ભૂલી જાય, એવી દશા ચોથે ગુણસ્થાને પણ હોય છે. અરે..! પ્રભુ! એ મહાવ્રત ધારે એને આવી રીતે (થાય), મહાવ્રત રાગ છે એને ધારે એને આમ થાય. આહાહા..! અરે..રે..! શું કહ્યું?

**'બહુ લૌકિક...'** લૌકિક શબ્દે વ્યવહાર. 'નિયમસાર'માં આવે છે નહિ? બહુ કથન વ્યવહારનું કર્યું છે. એક શ્લોક નથી? 'નિયમસાર'માં એક આવે (છે), વ્યવહારના બહુ કથનથી શું છે? એ કાંઈ (નથી). લૌકિક આવે છે. આહાહા..! આ 'નિયમસાર' છે ને? ક્યાંક આવે છે. ક્યાં? આ બાજુ છે. બહુ કથનથી શું? ૧૩૨ પાને. ૧૩૨ પાને. ૧૨૧મો કળશ. ૧૨૧મો કળશ છે. કુદરતે હાથ આવ્યું. આપણે ૧૧૩મો કળશ ચાલે છે ને? તો ૧૨૧ કળશ. પાનું ૧૭૨. છે? **'જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (–કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં સાંભળ્યું છે...'** જોયું? છે? ભાઈ! 'સુજાનમલજી'! હાથ આવ્યું કે નહિ? શું થયું? ૧૭૨ પાનું. ૧૨૧મો કળશ.

**'જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (–કહેવામાત્ર) કારણ છે...'** આહાહા..! **'તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં સાંભળ્યું છે અને આચર્યું (–અમલમાં મૂક્યું) છે; પરંતુ અરેરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી.'** છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! એકલા અમૃત મૂક્યા છે. આ તો લૌકિક કીધું ને? એ અહીં લૌકિક છે. એવા વ્યવહાર અનંતવાર સાંભળ્યા. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત એવા વ્યવહારરત્નત્રય તો અનંતવાર સાંભળ્યા અને અનંતવાર આચર્યાં. આહાહા..! એથી શું? માણસને બહુ આકરું લાગે. શરૂઆત જ અહીંથી થાય છે.

પૂર્ણાનંદનો નાથ, આનંદ અને જ્ઞાન અને વીતરાગસ્વભાવથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ, અનાદિઅનંત, એને આનંદની ભક્તિપૂર્વક તેનું સ્નાન કર. આહાહા..! લૌકિક જાળ રહેવા દે. એ વ્યવહારત્નત્રય લૌકિક જાળ છે. ભવભવમાં કર્યું. આવી ગયું ને? ભવભવમાં. આહાહા..! એ શેમાંથી કાઢ્યું? **'બહુ લૌકિક આલાપજાળોથી શું પ્રયોજન છે...'** એ બધું લૌકિક છે, લોકોત્તર નહિ. વ્યવહારરત્નત્રય છે એ લૌકિક છે. આહાહા..! કેમ કે ભવભવમાં અનંતવાર કર્યું છે. આવ્યું ને? ભવભવમાં અનંતવાર. આહાહા..!

મુમુક્ષુ :– જગપંથ કહ્યો છે.

ઉત્તર :– એ જગપંથ છે, લૌકિક કહો કે જગપંથ કહો, વ્યવહાર કહો, વ્યવહારજાળ કહો, એ દુઃખનો ભાવ કહો, રાગની જાળ કહો. આહાહા..! અરે..રે..! આવી વાતું. નવા સાંભળનારને તો એવું લાગે કે આવું ક્યાંથી (કાઢ્યું)? આ તો બધું આવું. ભગવાન! આ તો અનાદિની વાત આમ જ છે, પ્રભુ!

ત્રણલોકનો નાથ, ભગવાન બિરાજે છે ત્યાં આ વાત થઈ રહી છે. આ વાત ત્યાંથી આવી છે. ત્યારે ઓલા ના પાડે છે કે 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહમાં ગયા એ વાત સાચી નથી. અર..ર..! હવે શાસ્ત્રપાઠ (છે). 'સમયસાર'ના, 'પંચાસ્તિકાય'ના 'જયસેનાચાર્ય'ની ટીકાનો પાઠ. 'દર્શનસાર'માં પાઠ, 'અષ્ટપાહુડ'માં પાઠ (છે). 'દર્શનસાર'ના પાઠમાં તો ત્યાં સુધી કહ્યું અરે..રે..! પરમાત્મા! 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહમાં જઈને જો આ વાત ન લાવ્યા હોત તો અમે મુનિપણું કેમ પામત? આહાહા..! હવે એને આ ના પાડે છે. શું થાય? પ્રભુ! કોણ રોકે એવું છે. જીભ ચાલે એમાં... આહાહા..! આ જીભનો લવો વળે એને કોણ અટકાવે? આહાહા..!

અહીં તો આચાર્ય મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે, એ કહે છે, કે **'બહુ લૌકિક...'** વ્યવહારની વાતું શાસ્ત્રમાં પણ આવે. 'સમયસાર'ની ૧૧મી ગાથામાં આવે છે ને? ભાઈ! હસ્તાવલંબ જાણીને આવે છે ઘણું પણ એનું ફળ તો સંસાર છે. 'સમયસાર'ની ૧૧મી ગાથા. ભગવાને કહેલો વ્યવહાર પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, આ ને તે એ પણ વ્યવહાર છે, રાગ છે એનું ફળ સંસાર છે. એ મહાવ્રત આદિ બધું સંસાર છે. ત્યારે આ કહે છે કે મહાવ્રત વિના આત્મધ્યાન થાય નહિ. અર..ર..ર..! પ્રભુ! પ્રભુ! શું કરે છે તું? આજ સવારમાં બે પુસ્તક આપ્યા 'ખીમચંદભાઈ'એ. થોડું વાંચ્યું જરી. ઝીણા અક્ષર છે ને? આંખમાં જરી કચાશ છે. બહુ ઝીણા અક્ષર ઉકલતા નથી. આંખો બળે છે. આંખ ઉપર કાંઈક ફેર છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..!

અહીં તો કહે છે, **'બહુ...'** ઘણું... ઘણું... ઘણું... ઘણું કહેવું, લૌકિક જાળ, એવા **'આલાપજાળોથી શું પ્રયોજન છે (અર્થાત્ બીજા અનેક લૌકિક કથનસમૂહોથી શું કાર્ય સરે એમ છે) ?'** એનાથી તારું કાર્ય શું સરે એવું છે? એ વ્યવહારની ક્રિયાકાંડના લૌકિકથી તારું કાર્ય શું સરે એવું છે? એમ કહે છે. એક શ્લોક (પૂરો) થયો.

## શ્લોક-૧૧૪

(स्त्रग्धरा)

मुक्त्वानाचारमुच्चैर्जननमृतकरं सर्वदोषप्रसंगं
स्थित्वात्मन्यात्मनात्मा निरूपमसहजानंददृग्ज्ञप्तिशक्तौ।
बाह्याचारप्रमुक्त: शमजलनिधिवार्बिन्दुसंदोहपूत:
सोऽयं पुण्य: पुराण: क्षपितमलकलिर्भाति लोकोद्धसाक्षी।।११४।।

**[શ્લોકાર્થ :-] જે આત્મા જન્મ-મરણને કરનારા સર્વ દોષોના [૨]પ્રસંગવાળા અનાચારને અત્યંત છોડીને, નિરુપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં આત્માથી સ્થિત થઈને, બાહ્ય આચારથી મુક્ત થયો થકો, શમરૂપી સમુદ્રના જળબિંદુઓના સમૂહથી પવિત્ર થાય છે, તે આ પવિત્ર પુરાણ (-સનાતન) આત્મા મળરૂપી કલેશનો ક્ષય કરીને લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે. ૧૧૪.**

## શ્લોક-૧૧૪ ઉપર પ્રવચન

૧૧૪.

मुक्त्वानाचारमुच्चैर्जननमृतकरं सर्वदोषप्रसंगं
स्थित्वात्मन्यात्मनात्मा निरूपमसहजानंददृग्ज्ञप्तिशक्तौ।
बाह्याचारप्रमुक्त: शमजलनिधिवार्बिन्दुसंदोहपूत:
सोऽयं पुण्य: पुराण: क्षपितमलकलिर्भाति लोकोद्धसाक्षी।।११४।।

**શ્લોકાર્થ :- 'જે આત્મા...'** ભાઈ! આ કાંઈ વાર્તા નથી, નાથ! ત્રણલોકના નાથ વીતરાગ,

૨ પ્રસંગ = સંગ; સહવાસ; સંબંધ; જોડાણ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની સભા, એમાં ઇન્દ્રો બેઠા હોય, ચાર જ્ઞાનના ધણી ગણધર બેઠા હોય, એ વાતું બાપુ કેવી હોય? આહાહા..! આ તિર્યંચ સભામાં હજારો સિંહ અને હજારો વાઘ અને હજારો નાગ બેઠા હોય. આહાહા..! મનુષ્ય સભામાં ઇન્દ્રો, ગણધરો... આહાહા..! એની સભામાં ભગવાનની વાણી ૐ ધ્વનિ છૂટે. 'ૐધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..! એ ભગવાનની વાણી કેવી હોય? ભાઈ! સમજાય છે કાંઈ?

અનંત અનંતકાળમાં એક સેકન્ડ પણ સમજાણું નથી. અગિયાર અંગ ભણ્યો, પંચમહાવ્રત અનંતવાર પાળ્યા. ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે તેવી ક્ષમા પણ પરલક્ષી કરી, પણ એક ક્ષણ આત્મા આનંદનો નાથ સાગર છે, તેની નજરું ન કરી એણે. તેનો એને વિશ્વાસ ન આવ્યો. હું આવો? આહાહા..! એક બીડી વિના ચાલે નહિ. એક ટંકમાં રોટલી (મળે), જ્યાં બે ટંકનું એક ટંક થઈ જાય તો ઠીક ન પડે. ત્યાં એને આવો આત્મા, અનાહારી આત્મા... આહાહા..! આહાર વિનાનો ટકતો આત્મા, રાગ વિનાનો ટકતો આત્મા, લૌકિક વ્યવહારરત્નત્રયથી રહિત ટકતો આત્મા (એ કેમ બેસે?) આહાહા..!

**'જે આત્મા જન્મ-મરણને કરનારા, સર્વ દોષોના પ્રસંગવાળા...'** દોષનો સંગ. શુભ અને અશુભરાગ, એનો સંગ, એનો પ્રસંગ... આહાહા..! એનો સંબંધ, એનો સહવાસ, એનું જોડાણ. ભગવાન અમૃતનો સાગર, એને રાગરૂપી દુઃખની સાથે જોડાણ. આહાહા..! અમૃતનો સાગર પૂર્ણસ્વરૂપ ભરેલો, નિર્ભર-ભરથી પણ નિર્ભર. ગાડાના ભારને ભર કહે છે ને? આખું ગાડુ ભરે એને ભર કહે. આ તો નિર્ભર. એથી પણ નિ-ઉપસર્ગ કરીને (નિર્ભર કહ્યું છે). આહાહા..! ભરચક ભગવાન અંદર આનંદ અને શાંતિથી ભરેલો પૂર્ણ. એવા **'આત્માને જન્મ-મરણને કરનારા, સર્વ દોષોના પ્રસંગવાળા અનાચારને અત્યંત છોડીને,...'** આહાહા..! એ બધા અનાચાર છે. શુભરાગાદિ ક્રિયા પણ અનાચાર છે. આહાહા..!

**'જે આત્મા જન્મ-મરણને કરનારા, સર્વ દોષોના પ્રસંગવાળા...'** સહવાસવાળો એવો જે અનાચાર છે (તેને) **'અત્યંત છોડીને,...'** આહાહા..! એ રાગના પરિણામને અત્યંત છોડીને. આહાહા..! વીતરાગ સ્વભાવી ભગવાનને અત્યંત પ્રેમ અને ભક્તિથી અંદર જો. આનંદ અને શાંતિની ભક્તિથી એને જો. આહાહા..! એવા **'જન્મ-મરણને કરનારા, સર્વ દોષો...'** આમાં સર્વ દોષો લીધા ને? રાગનો કણમાત્ર પણ ગુણ-ગુણીનો ભેદનો વિકલ્પ પણ દોષ છે. આહાહા..! ભગવાનઆત્માના સ્વરૂપમાં એ નથી. આહાહા..! કહો, 'યશપાલજી'! આ લોકો એકાંત કહે ને પછી 'સોનગઢ'નું! ન કહે? એકાંત છે, નિશ્ચયાભાસ છે, મિથ્યાત્વ છે. પ્રભુ! તને કહેવાનો હક છે, બાપા! આહાહા..! તારી દશામાં તું કહે. તને પ્રભુને શોભે નહિ. આહાહા..!

અહીં તો કહે છે. **'સર્વ દોષોના પ્રસંગવાળા..'** સહવાસ. એનો સહવાસ, એનો સંગ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ છોડ. એ શુભરાગનો સંગ છોડ. આહાહા..! શુભરાગનો સહવાસ, સંબંધ છોડ.

મુમુક્ષુ :– વરસાદ ગાજ્યો.

ઉત્તર :– ગાજ્યો ને? ગાજ્યો. આહાહા..!

**'જે આત્મા જન્મ-મરણને કરનારા,...'** એટલે ભવને કરનારા. **'સર્વ દોષોના...'** શુભ અને અશુભભાવ એ સંસાર છે, એ દોષ છે. આહાહા..! એના પ્રસંગને–સહવાસને છોડી દઈ. આહાહા..! એનો સંગ, સંબંધ અને સહવાસ છોડી દઈ, એનું જોડાણ છોડી દઈ. આહાહા..! ત્રિલોકનો નાથ આનંદનો સાગર, તેમાં જોડાણ કરીને રાગનું જોડાણ છોડી દે. આહાહા..! **'પ્રસંગવાળા અનાચારને અત્યંત છોડીને,...'** પાછું એકલું છોડીને એમ નહિ. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર છે ને? આહાહા..! અતીન્દ્રિય અમૃતના સાગરના સ્વાદથી ભરેલો પ્રભુ પૂર્ણ છે ને. આહાહા..! એનો આશ્રય લઈને આ રાગનો સંગ છોડી દે. અસંગ ચીજનો સંગ કર અને સંગ જે રાગ છે તેને છોડી દે. આહાહા..!

**'નિરુપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં...'** હવે છોડીને પણ જાવું ક્યાં? કે **'નિરુપમ...'** જેની ઉપમા કોઈ નથી. આહાહા..! એવું **'સહજ આનંદ...'** ભગવાન સહજાત્મ આનંદ, જેને કોઈ ઉપમા નથી. ઉપમા શું હોય? ઇન્દ્રના સુખોથી આત્માનું સુખ અનંતગણુ. એમ છે? ઇન્દ્રનું સુખ તો ઝેર છે. આહાહા..! એને આત્માના સુખની સાથે મેળવે કે અનંતગણુ સુખ છે, એ વાત છે જ નહિ. આહાહા..! સંસારી જે સુખ-કલ્પના છે એ તો ઝેર છે. આહાહા..!

એથી કહે છે, **'નિરુપમ...'** જેને કોઈ ઉપમા નથી. એની ઉપમા એને. એવો સ્વભાવિક આનંદ, સ્વભાવિક દર્શન, સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક વીર્યવાળો આત્મા (છે). આવો આત્મા છે કહે છે. આહાહા..! એ રાગવાળો, વિકલ્પવાળો આત્મા નથી. આહાહા..! **'નિરુપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં આત્માથી...'** આત્મામાં આત્માથી. આત્મામાં રાગથી નહિ પણ આત્માથી, એના સ્વભાવથી. આહાહા..! **'આત્મામાં આત્માથી...'** લ્યો, 'થી' લીધું. વ્યવહારથી, નિમિત્તથી એમ ન લીધું. આહાહા..! એવા **'આત્માથી સ્થિત થઈને,...'** આત્મામાં આત્માથી એટલે વીતરાગ પર્યાયથી. આહાહા..! વીતરાગમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર, એને અતીન્દ્રિય આનંદ અને વીતરાગી પર્યાયથી... આહાહા..! **'સ્થિત થઈને,...'** એમાં સ્થિત થઈને. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય વીતરાગ સ્વભાવમાં સ્થિત થઈને. આહાહા..! આને છોડીને અને આમાં સ્થિત થઈને. અનાચાર, રાગાદિને છોડીને અત્યંત છોડીને. અને સહજ આત્મામાં સ્થિત થઈને.

**'બાહ્ય આચારથી મુક્ત થયો થકો,...'** આહાહા..! બાહ્ય આચાર જેટલો વિકલ્પનો છે, એનાથી **'મુક્ત થયો થકો,...'** ઓહોહો..! **'શમરૂપી સમુદ્રના જલબિંદુઓના સમૂહથી પવિત્ર થાય છે,..'** પર્યાય લેવી છે ને? સમતારૂપી સમુદ્રના વીતરાગરૂપી પર્યાયમાં **'શમરૂપી સમુદ્રના**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જલબિંદુઓ...**' નિર્મળ પર્યાય વીતરાગી, એના '**સમૂહથી...**' આત્મા '**પવિત્ર થાય છે,...**' આહાહા..! પોતાના સ્વભાવથી જ આત્મા પવિત્ર થાય છે. અલિંગગ્રહણમાં આવે છે ને? છઠ્ઠો બોલ. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. રાગથી, નિમિત્તથી, વ્યવહારથી જણાય એવું સ્વરૂપ નથી. આહાહા..!

'**બાહ્ય આચારથી મુક્ત થયો થકો,...**' આહાહા..! એ ઓલામાં કહ્યું છે ને? 'સમયસાર'માં. દ્રવ્યલિંગને છોડીને. પછી અર્થ કર્યો છે કે દ્રવ્યલિંગને છોડીને એટલે કે વ્રતને છોડીને, અવ્રતમાં જવું એમ નથી. એ વ્રતાદિને છોડીને અંદરમાં જાવું, એમ કહેવું છે. તું જાણે વ્રત છોડીને અવ્રતમાં જાવું એમ નથી. આહાહા..!

'**શમરૂપી સમુદ્રના જલબિંદુઓના સમૂહથી પવિત્ર થાય છે,...**' તેનાથી પ્રભુ પર્યાયમાં પવિત્ર થાય છે. પર્યાયમાં સમતારૂપી જળથી આત્મા પવિત્ર થાય છે. એ રાગના ભાવથી આત્મા પવિત્ર થતો નથી. આહાહા..! ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય પણ એ ભાવથી આત્મા પવિત્ર થતો નથી. આહાહા..! કેમ કે એ રાગ છે.

અહીં કહે છે, કે '**શમરૂપી સમુદ્રના જલબિંદુઓ...**' આ ભગવાન તો સમતાનો આખો દરિયો છે. સમતાનો દરિયો–સમુદ્ર છે પણ એમાંથી પર્યાયમાં '**જલબિંદુઓના સમૂહથી...**' શુદ્ધ પરિણતિને પ્રગટ કરીને. આહાહા..! રાગાદિને છોડીને તેનાથી '**પવિત્ર થાય છે,...**' બાહ્ય કોઈ વ્યવહાર ક્રિયાકાંડથી આત્મા, વ્યવહારરત્નત્રયથી આત્મા પવિત્ર થતો નથી. આહાહા..! હવે એ બધાને કહે વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય, વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. 'જયસેનાચાર્ય'ની ટીકામાં આવે એ બધે નાખે. એ તો જ્ઞાન કરાવે છે. જેણે પરથી ભિન્ન કર્યો અને સાધન નિશ્ચય થયું, ત્યારે આ વ્યવહારને વ્યવહારનો આરોપ આપીને વ્યવહાર સાધન કહ્યું. નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. પણ બહુ આકરી વાત છે, ભાઈ! આહાહા..! '**શમરૂપી સમુદ્રના...**' એ પોતે ભગવાન, એના '**જલબિંદુઓના સમૂહથી...**' એની પર્યાયમાં વીતરાગભાવથી. ભવનો નાશ કરીને કેવળજ્ઞાન અને કેવળદર્શન '**ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે.**' કેવળી થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૮૬

**उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८६।।**

**उन्मार्ग परित्यज्य जिनमार्गे यस्तु करोति स्थिरभावम्।**
**स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात्।।८६।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अत्र उन्मार्गपरित्यागः सर्वज्ञवीतरागमार्गस्वीकारश्चोक्तः।

यस्तु शंकाकांक्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवमलकलंकपंकनिर्मुक्तः शुद्धनिश्चयसद्दृष्टिः बुद्धादिप्रणीतमिथ्यादर्शनज्ञानचारित्रात्मकं मार्गाभासमुन्मार्गं परित्यज्य व्यवहारेण महादेवाधिदेवपरमेश्वरसर्वज्ञवीतरागमार्गे पंचमहाव्रतपंचसमितित्रिगुप्तिपंचेन्द्रियनिरोधषडावश्यकाद्यष्टाविंशतिमूलगुणात्मके स्थिरपरिणामं करोति, शुद्धनिश्चयनयेन सहजबोधादिशुद्धगुणालंकृते सहजपरमचित्सामान्यविशेषभासिनि निजपरमात्मद्रव्ये स्थिरभावं शुद्धचारित्रमयं करोति, स मुनिर्निश्चयप्रतिक्रमणस्वरूप इत्युच्यते, यस्मान्निश्चयप्रतिक्रमणं परमतत्त्वगतं तत एव स तपोधनः सदा शुद्ध इति।

---

પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.

અન્વયાર્થ :– [यः तु] જે (જીવ) [उन्मार्गं] ઉન્માર્ગ [परित्यज्य] પરિત્યાગીને [जिनमार्गे] જિનમાર્ગમાં [स्थिरभावम्] સ્થિરભાવ [करोति] કરે છે, [सः] તે (જીવ) [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ [उच्यते] કહેવાય છે, [यस्मात्] કારણ કે તે [प्रतिक्रमणमयः भवेत्] પ્રતિક્રમણમય છે.

ટીકા :– અહીં ઉન્માર્ગનો પરિત્યાગ અને સર્વજ્ઞવીતરાગ-માર્ગનો સ્વીકાર વર્ણવવામાં આવેલ છે.

જે શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદષ્ટિપ્રશંસા અને *અન્યદષ્ટિસંસ્તવરૂપ મળકલંકપંકથી વિમુક્ત (-મળકલંકરૂપી કાદવથી રહિત) શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ (જીવ) બુદ્ધાદિપ્રણીત મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગાભાસરૂપ ઉન્માર્ગને પરિત્યાગીને, વ્યવહારે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ, છ આવશ્યક ઇત્યાદિ અઠ્યાવીશ મૂળગુણસ્વરૂપ મહાદેવાધિદેવ-પરમેશ્વર-સર્વજ્ઞ-વીતરાગના માર્ગમાં સ્થિર પરિણામ કરે છે, અને શુદ્ધનિશ્ચયનયે સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોથી અલંકૃત, સહજ પરમ ચૈતન્યસામાન્ય અને (સહજ પરમ) ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજ પરમાત્મદ્રવ્યમાં શુદ્ધચારિત્રમય સ્થિરભાવ કરે છે, (અર્થાત્ જે શુદ્ધનિશ્ચય-સમ્યગ્દષ્ટિ જીવ વ્યવહારે અઠ્યાવીશ મૂળગુણાત્મક માર્ગમાં અને નિશ્ચયે શુદ્ધ ગુણોથી શોભિત દર્શનજ્ઞાનાત્મક પરમાત્મદ્રવ્યમાં સ્થિરભાવ કરે છે,) તે મુનિ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે, કારણ કે તેને પરમતત્ત્વગત (-પરમાત્મતત્ત્વ સાથે સંબંધવાળું) નિશ્ચયપ્રતિક્રમણ છે તેથી જ તે તપોધન સદા શુદ્ધ છે.

---

* અન્યદષ્ટિસંસ્તવ = (૧) મિથ્યાદષ્ટિનો પરિચય; (૨) મિથ્યાદષ્ટિની સ્તુતિ. (મનથી મિથ્યાદષ્ટિનો મહિમા કરવો તે અન્યદષ્ટિપ્રશંસા છે અને મિથ્યાદષ્ટિના મહિમાનાં વચનો બોલવાં તે અન્યદષ્ટિસંસ્તવ છે.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૮૫, ગાથા-૮૬, સોમવાર, કારતક વદ ૧૫, તા.૧૯-૧૧-૧૯૭૯

'નિયમસાર' ૮૬-ગાથા.

**उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८६।।**

**'ટીકા :– અહીં ઉન્માર્ગનો પરિત્યાગ...'** પ્રતિક્રમણ કહે છે. સત્ય પ્રતિક્રમણ એને કહીએ, કે જિનમાર્ગ સિવાય જેટલા અન્યમાર્ગ છે, એનો એને ત્યાગ હોય. કોઈપણ અન્યમતિના માર્ગની પ્રશંસા કે પક્ષ એ તરફનો હોય ત્યાં સુધી ઇ ઉન્માર્ગે છે. આહાહા..! અહીં તો એમ પાઠ છે ને? **'उम्मग्गं परिचत्ता' 'ઉન્માર્ગનો પરિત્યાગ અને સર્વજ્ઞવીતરાગ-માર્ગનો સ્વીકાર વર્ણવવામાં આવેલ છે.'** નિશ્ચયથી તો 'કુંદકુંદાચાર્ય' 'અષ્ટપાહુડ'માં એમ કહે છે, 'णग्गो विमोक्खमग्गो, सेसा उम्मग्गया' (સૂત્ર પાહુડ-ગાથા-૨૩). બાહ્યમાં નગ્નપણું અને અભ્યંતરમાં વિકલ્પરહિત નગ્નદશા, આનંદની દશા એ માર્ગ છે. એનાથી બીજો ઉન્માર્ગ છે. 'णग्गो विमोक्खमग्गो' નગ્નપણામાં મોક્ષમાર્ગ છે. એકલું બાહ્ય નગ્ન નહિ. 'सेसा उम्मग्गया' એ સિવાય જેટલા માર્ગ (છે એ) બધા ઉન્માર્ગ છે.

**'उम्मग्गं परिचत्ता'** પહેલો શબ્દ એ છે. **'ઉન્માર્ગનો પરિત્યાગ...'** આકરું પડે એવું છે. જૈનદર્શન સિવાય અન્યમત છે, એ બધા એકાંત મત મિથ્યાદષ્ટિ છે. જૈનમાં પણ આ સ્થાનકવાસી અને શ્વેતાંબર છે, એ પણ ઉન્માર્ગ છે, એ જૈનમાર્ગ નથી. આકરું લાગે.

'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. સમ્યગ્દર્શન સહિત ચારિત્ર હતું પણ વિશેષ નિર્મળતા થઈ, આવીને આ શાસ્ત્ર રચ્યા. અને આ પણ શાસ્ત્ર કહે છે, મેં મારા માટે રચ્યું છે. આ 'નિયમસાર'. આહાહા..! 'સમયસાર'માં 'वंदित्तु सव्वसिद्धे' છે ને? 'वोच्छामि समयपाहुड'. એનો અર્થ એવો કર્યો ઓલાએ, કે 'કુંદકુંદાચાર્ય' તો વક્તા છે, કર્તા નથી એમ કહે છે. પણ વક્તા અને કર્તા પોતે છે. હું નિજ વૈભવથી કહીશ. એમ આવ્યું ને? પહેલા આવ્યું 'वोच्छामि' (અર્થાત્) કહીશ. પછી કહ્યું, નિજ વૈભવથી કહીશ. મારા નિજ વૈભવથી હું 'સમયસાર' કહીશ. વક્તા જ એકલા છે અને કર્તા નથી એમ નથી. આમાં એમ લખ્યું છે 'અષ્ટપાહુડ' માં. એ વક્તા હતા, કર્તા નહિ. અરે..! પ્રભુ! શું કરે છે? અને આ કહે છે, કે મેં મારા આત્મા માટે આ 'નિયમસાર' બનાવ્યું છે. મોક્ષમાર્ગના કર્તા અને વક્તા બેય હતા. સમજાય છે કાંઈ? આહાહા..! એકલા વક્તા જ છે અને કર્તા નથી, એમ નથી.

તેથી અહીં આવ્યું, કે **'ઉન્માર્ગનો પરિત્યાગ અને સર્વજ્ઞવીતરાગમાર્ગનો સ્વીકાર**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વર્ણવવામાં આવેલ છે.'**

**'જે શંકા,...'** કાંઈ પણ શંકા વીતરાગમાર્ગ, નિર્ગ્રંથમાર્ગ, પૂર્ણ વીતરાગસ્વભાવી માર્ગ, એમાં કાંઈક શંકા અને કંઈક બીજે પણ હશે. કંઈક હશે. એવી શંકા જેને ન હોય, તેને સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! હવે અત્યારે બધા એક થાવ... એક થાવ... એક થાવ... એમ કહે છે. અહીં ના પાડે છે. ઉન્માર્ગને છોડી દે. અત્યારે એ ચાલ્યું છે. બધા એક થાવ... એક થાવ.. સૌનો ધર્મ એક છે. આહાહા..! આકરું કામ, ભાઈ! વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વરે કહ્યો, એમ કીધું ને? **'સર્વજ્ઞવીતરાગ-માર્ગનો સ્વીકાર...'** આહાહા..! અને તે હું મારે માટે આ કહું છું. મારા માટે આ બનાવ્યું છે એમ કહે છે. એટલે માર્ગનો કર્તા પણ હું છું અને વક્તા પણ હું છું. એમ થયું ને ભાઈ? તો આમાં ના પાડે છે. આ આવ્યા છે ને લખાણ આમાં? અરે..રે..! શું થાય?

**'શંકા,...'** કંઈ પણ ઊંડે ઊંડે વીતરાગ સર્વજ્ઞ નિર્વિકલ્પ સ્વરૂપ, એ સમ્યગ્દર્શન, એ સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર એમાંથી કંઈપણ શંકા થાય, કે બીજામાં કાંઈક કાંઈક તો હશે. આવા મોટા બધા રાજાઓ માને, શેઠિયાઓ માને, અબજોપતિ માને, જેની સભામાં લાખો માણસ ભેગા થાય તો એમાં કાંઈક હશે કે નહિ?

મુમુક્ષુ :– સાચું ન હોય પણ કાંઈક હોય તો ખરું ને.

ઉત્તર :– જરીએ પણ સાચું નથી. આહાહા..! માર્ગ બાપા આવો છે. કોઈ વ્યક્તિને માટે નથી. આ તો પ્રભુ તારું સત્ સ્વરૂપ છે. વીતરાગ સ્વરૂપ જ તારું છે. એના સિવાય કોઈપણ રીતે રાગથી, નિમિત્તથી, ભેદથી, કંઈ પણ ધર્મ મનાવ્યો હોય, એ બધો ઉન્માર્ગ છે. આહાહા..! કહો, પહેલી આ વાત કરે. પડિક્કમણું એને હોય, જેને ઉન્માર્ગનો એક પણ અંશ ન હોય અને ત્યાગ કર્યો હોય અને યથાર્થ વીતરાગમાર્ગે કહેલો જે આત્મા, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા હોય, એને સાચું પ્રતિક્રમણ અને સાચો ધર્મ કહેવામાં આવે છે.

**'શંકા, કાંક્ષા,...'** કંઈ પણ ઇચ્છા રહે. અન્યમતમાં કાંઈપણ ઇચ્છા, કાંઈક તો હશે, કાંઈક થોડુઘણું હશે. વીતરાગે કહ્યું છે એ બધું પૂરું કહી શક્યા નથી, એક જણો એમ કહે છે, માટે કાંઈક બીજું પણ હશે. આ કહ્યું છે એ સિવાય બીજું પણ કાંઈક હશે. એ કોણ કહે છે? જિનેન્દ્ર. 'જિનેન્દ્ર' છે ને? 'પાણીપત'નો વર્ણી. એમ કહે (છે), જે વસ્તુ છે એ પૂરી કહેવાણી નથી એટલે વીતરાગે કહ્યા સિવાયનો કંઈક બીજો પણ માર્ગ હોય. આહાહા..! અરે..! પ્રભુ! શું કરે?

અહીં તો કહે છે, જરી પણ બીજાના માર્ગનો વિપરીત અંશ હોય એને છોડી દે. આહાહા..! અમે આટલા વર્ષથી આ સંપ્રદાયમાં પોષાણા, આટલા સાધુને માન્યા અને આ બધું માન્યું. ભલે ગમે તે માન્યું હોય, છોડી દે. ઉન્માર્ગ છે એ છોડી દે. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે કહેલો તે માર્ગને અંગીકાર કર. ત્યારે સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! આવું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'કાંક્ષા,...'** ઇચ્છા ન મળે. આહાહા..! આત્માના સ્વભાવની ભાવના સિવાય, વીતરાગ ભાવના સિવાય બીજી કોઈ ઇચ્છાના વિકલ્પને આદર નથી.

**'વિચિકિત્સા,...'** આહાહા..! પહેલામાં શંકા એટલે રાગ નહિ, કાંક્ષા એટલે દ્વેષ નહિ. શંકા એટલે શંકા નહિ, કાંક્ષા એટલે રાગ નહિ. **'વિચિકિત્સા,...'** એટલે દ્વેષનો અંશ નહિ. આહાહા..! વીતરાગમાર્ગ એકલો છે. વીતરાગના માર્ગમાં કડક વાત લાગે, આકરી વાત લાગે પણ એના ઉપર દ્વેષ નહિ, દુગંચ્છા નહિ, એમ કહે છે. એક સમયમાં પૂર્ણાનંદનો નાથ અનંત અનંત જ્ઞાન, આનંદ, શાંતિથી ભરેલો, જેમાં પર્યાયનો પ્રવેશ નથી એવો પરમાત્મા પોતે છે. એમાં જરીપણ અનાદર, દુગંચ્છા કરીશ નહિ. આહાહા..! આવું બધું સ્વરૂપ ક્યાં હશે? શરીરમાં તો કાંઈ દેખાતું નથી. આંખો મીચે તો અંધારું દેખાય છે. પણ એ અંધારું દેખાય છે એ દેખનાર કોણ છે? કોના અસ્તિત્વમાં એ અંધારું દેખાય છે? આ બધું દેખાય છે એ જ્ઞાનની પર્યાય દેખાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાનની પર્યાયનું સ્વરૂપ એવું છે કે સ્વપરને જાણે. એ પરને જાણે માટે પરથી જાણે છે અને પર છે માટે જાણે છે એમ પણ નથી. એવો વીતરાગમાર્ગ છે, તેના પ્રત્યે દુગંચ્છા કરીશ નહિ. આહાહા..! ક્યાંય અંદરમાં ઊંડેથી પણ અનાદર કરીશ નહિ. આ શું કહે છે? આવડો આત્મા! નિગોદના એક શરીરમાં અનંતા જીવો, એક અંગુળના અસંખ્યમા ભાગમાં, નિગોદનો એક રાય જેટલો કટકો લ્યો, (એમાં) અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ, અને એક જીવ પરિપૂર્ણ આનંદનો કંદ શક્તિનો સાગર આત્મા છે. 'યશપાલજી'! આહાહા..! પૂર્ણ સ્વરૂપ ક્ષેત્રથી મોટો નહિ માટે ભાવથી આવો મોટો કેમ હોય? એમ દુગંચ્છા કરીશ નહિ, પ્રભુ! એ વિચિકિત્સા એમ કરીશ નહિ. આહાહા..! આવો માર્ગ છે.

**'અન્યદૃષ્ટિપ્રશંસા...'** ચોથો બોલ છે ને? એનો નીચે અર્થ કર્યો છે. **'(૧) મિથ્યાદૃષ્ટિનો પરિચય; (૨) મિથ્યાદૃષ્ટિની સ્તુતિ. (મનથી મિથ્યાદૃષ્ટિનો મહિમા કરવો તે અન્યદૃષ્ટિપ્રશંસા છે...'** ચોથો બોલ. છે? ચોથો બોલ છે ને? જેની શ્રદ્ધા વિપરીત છે એ અંશ પણ ક્યાંય... એની સ્તુતિ, એનો પરિચય, એનો સંગ, એની સોબતે રહેવું, એ સોબત રહેતાં ઠીક આપણને લાભ મળશે, એ મનથી મિથ્યાદૃષ્ટિનો મહિમા કરવો, તે અન્યદૃષ્ટિપ્રશંસા છે. તે અન્યદૃષ્ટિની પ્રશંસા છે. આહાહા..! બહુ આકરું કામ, ભાઈ! આહાહા..! હવે આ બધું ભેગું નાખે. આવે છે ને જગત... શું કહેવાય? પત્ર. જગત-જગત. જૈન જગત? પત્ર. બધું એમાં નાખે. સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, સર્વજ્ઞ ... ફલાણા મુનિ આવા સ્થાનકવાસીમાં હતા. દિગંબરમાં આવા મુનિ... બધાનું ભેગું ખીચડો....

મુમુક્ષુ :– જગત..

ઉત્તર :– એકલું જગત? છે. આવ્યું હતું. જૈનજગત. જૈનજગત. જૈનજગત એટલે ત્રણેનું બધું. આકરું પડે, ભાઈ! આહાહા..! આવા આવા મોટા હેમચંદ્રાચાર્ય જેવા થઈ ગયા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



યશોવિજયજી જેવા થઈ ગયા. હરિભદ્રાચાર્ય થઈ ગયા. ગમે એ થયા.

મુમુક્ષુ :– યશોવિજયજી પોતે કહેતા અમે સાધુ જ નથી.

ઉત્તર :– એ તો પોતે બિચારા પાછળથી કહી ગયા હતા કે અમે સાધુ નથી, અમે તો સંઘવીજી છીએ. બહાર નીકળવા ન દીધા. એ બહુ બુદ્ધિવાળો માણસ અને વિચાર્યું બહુ. એને લાગ્યું કે સાધુપણું આપણું આ નથી, બાપુ! સાધુપણું જુદી જાત છે. બહાર વાત પાડી ત્યાં લોકોએ બંધ કર્યું કે બહાર નીકળશો નહિ. અહીં ને અહીં રહો. એવું સાંભળ્યું છે. લખાણમાં આવ્યું એવું સાંભળ્યું છે. આહાહા..! આકરી વાત, ભાઈ! કોઈની નિંદાની વાત નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહાહા..!

સર્વજ્ઞદેવ વીતરાગ એમ કીધું ને? સર્વજ્ઞદેવ વીતરાગે જે માર્ગ વર્ણવ્યો એ માર્ગનો સ્વીકાર અને એના સિવાય અજ્ઞાનીઓએ કલ્પનાથી (માર્ગ કહ્યો તેનો અસ્વીકાર). સર્વજ્ઞ છે એણે ત્રણકાળ, ત્રણલોક જોયા છે. એણે જે કહ્યું છે એ યથાર્થ વસ્તુ છે. સર્વજ્ઞ સિવાય કલ્પિત વાતું કરવામાં મોક્ષમાર્ગ મનાવ્યો, એ માર્ગનો સ્વીકાર છોડી દે. આહાહા..! ત્યારે એની ઓળખાણ કરવી પડશે ને? કે વિપરીત કોણ છે? અવિપરીત કોણ છે? સત્ય શું છે? અસત્ય શું છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નક્કી કરવું પડશે. આહાહા..!

કોઈ પ્રત્યે દુગંચ્છા નહિ. કોઈ પ્રત્યે વેર-વિરોધ નહિ. એ ભગવાન છે. પર્યાયમાં ભૂલ્યા છે. પર્યાય છોડશે એટલે ભગવાન થાશે. પણ જે છે એ પ્રમાણે તો એણે જાણવું જોઈએ. આહાહા..! 'નેમચંદભાઈ' તો એમ કહેતા હતા, ભાઈ! કે આ 'વિદ્યાસાગર' કહે છે કે ચોથે ગુણસ્થાને અનુભૂતિ ન હોય. અનુભૂતિ મુનિને હોય. બસ. આહાહા..! જે સમ્યગ્દર્શન અનંતકાળમાં નહિ થયેલું અપૂર્વ, અપૂર્વ આનંદનો સ્વાદ, અનુભૂતિનો સ્વાદ... આહાહા..! આખો પરિપૂર્ણ પરમાત્માની અંદર ભાનસહિતની પ્રતીતિ... આહાહા..! લોકો બાહ્ય ત્યાગની મહિમામાં રોકાઈને વાસ્તવિક તત્ત્વની મહિમા છોડી દે છે. બાહ્ય ત્યાગ દેખે, નગ્નપણું, લુગડા છોડ્યા, આ છોડ્યું, આ પકડ્યું. આહાહા..! આકરી વાત છે.

અહીં તો 'કુંદકુંદાચાર્યે' પોતે પોતા માટે લખ્યું છે. જગતને સંભળાવે છે. માર્ગના કર્તા પણ છે અને માર્ગના વક્તા પણ છે. એકલા વક્તા છે એમ નથી. આહાહા..! ટીકામાં તો ઘણે ઠેકાણે આવે છે ને. અમે આમ અનુભવીએ છીએ, અમે જાણીએ છીએ. 'સર્વવિશુદ્ધ...'માં (આવે છે), અમે જાણીએ છીએ, કે આમ આત્મા છે. આહાહા..! ગાથાઓ છે ને સર્વવિશુદ્ધની? એમાં આવ્યું છે. અમે જાણીએ છીએ. આહાહા..! અમે અનુભવથી કહીએ છીએ. અનુભવથી અમે અનુભવમાં છે એમાંથી કહીએ છીએ. આહાહા..! સ્વરૂપના કર્તા પણ છે અને વક્તા પણ છે. એને એકલા વક્તા કહેવા એ અનાદર છે. સમજાણું કાંઈ? આહાહા..! થોડો ફેર હવે ક્યાં ફેર છે. મોટો ઊગમણો-આથમણો ફેર છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ અહીં કહે છે **'અન્યદૃષ્ટિપ્રશંસા...'** બહુ વિદ્વતા હોય, લાખો માણસો સભામાં ભરાય માટે એમાં કાંઈક તો હશે કે નહિ? એમ અન્યદૃષ્ટિની પ્રશંસા છોડી દે. આહાહા..! પણ અન્યદૃષ્ટિ કોને કહેવી એ ખબર વિના છોડે શું? આહાહા..! **'અન્યદૃષ્ટિપ્રશંસા અને...'** મિથ્યાદૃષ્ટિની મહિમાના વચનો બોલવા. આહાહા..! એ તો ભાઈ! મહાવિદ્વાન છે. લાખો માણસોને ઉપદેશે છે. લાખો માણસને જૈનમાં વાળે છે. દૃષ્ટિ મિથ્યાત્વ છે અને એની આવી મહિમા કરવી નહિ, કહે છે. આહાહા..! ત્યારે તો સૌ એમ કહે. દરેક માર્ગ એમ કહે.

મુમુક્ષુ :– અમારો માર્ગ સાચો, કોઈ એમ કહે કે અમારો માર્ગ ખોટો છે?

ઉત્તર :– કોઈ એમ કહે કે અમારો માર્ગ ખોટો છે? ખોટો-સાચો કોણ છે એની પરીક્ષા કરવી પડશે ને? બાપા! કપડું લેવા જાય તો પણ તપાસ કરે છે. કપડામાં કાંઈ ખજુરો નથી. ગાંઠ પડેલી હોય ને ખજુરો? સરખું વણાયેલું નથી. આમ લુગડું  હોય છે ને? ગાંઠ પડી જાય ને? ખજુરો હોય તો. બનુસ હોય તો એ ન લે. આહાહા..!

અહીં કહે છે કે **'અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિ...'**નો મહિમા, વચનો બોલવા તે **'અન્યદૃષ્ટિસંસ્તવરૂપ...'** છે. આહાહા..! આકરું કામ. આ તો અતડા થઈ જાય એવું છે. માણસ કહે ને કે અતડો છે. બાપુ! માર્ગ તો આ છે. પ્રભુ! તારા હિતનો, તારા કલ્યાણનો પંથ આ છે ને, ભાઈ! આહાહા..! સર્વ જીવો આ પંથે આવો, આ પંથે આવો. કલ્યાણ કરો, પ્રભુ! તમારું કલ્યાણ કરો. આહાહા..! **'અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિસંસ્તવ...'** સ્તુતિ. સ્તુતિ એટલે મહિમા. એવા **'મળકલંકપંકથી વિમુક્ત...'** એવા **'મળકલંકપંક...'** મળકલંકપંક-કાદવ. આહાહા..! એવા **'મળકલંકપંકથી વિમુક્ત (–મળકલંકરૂપી કાદવથી રહિત)...'** આહાહા..!

'નિયમસાર' છે. છેલ્લી ગાથામાં પોતે કહે છે, મેં મારી ભાવના માટે બનાવ્યું છે. આહાહા..! '**णियभावणाणिमित्तं**' 'કુંદકુંદાચાર્ય' જેવા... આહાહા..! જે ત્રીજે નંબરે આવ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. એ એમ કહે, કે મેં મારે માટે બનાવ્યું છે, બાપુ! આહાહા..! આ તો કર્મની પનોતી ઉતરી જાય એની વાત છે અને આત્માની પવિત્રતા પ્રગટ થાય એની વાત છે. માણસ કહે છે ને કે આ કર્મની પનોતી આને લાગી છે. પણ એ ધૂળેય નથી, સાંભળને. તેં ઊંધી દૃષ્ટિ વળગાડી છે એ પનોતી છે. આહાહા..!

**'અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિસંસ્તવરૂપ...'** મહિમા કરવી અને એની પ્રશંસા કરવી, એ બધું છોડી દે. આહાહા..! ગમે તેવો વિદ્વાન હોય, લાખો માણસ ભેગા થતા હોય. 'જવાહરલાલજી' અહીં 'ભાવનગર' આવ્યા હતા. 'જવાહરલાલ' ગુજરી ગયા ને? 'ગાંધીજી' પછી હતા 'જવાહરલાલ'. લાખો માણસ ભેગા થતા હતા. થાય ને? લૌકિક વાત, બધા ધર્મ સરખા.. બધા ધર્મ સરખા... એમ વાતું કરે તો બધાને બહુ પસંદ પડે. આહાહા..!

અહીં તો એક સર્વજ્ઞ વીતરાગ સિવાય કોઈપણ માર્ગ સાચો છે નહિ. ઉન્માર્ગ છે. આહાહા..! અને તે પણ દિગંબર સંપ્રદાયમાં પણ વાડામાં બંધાયેલા છે એમાં વાસ્તવિક ભૂલ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય, એ પણ સત્ય નથી. આહાહા..! કહો, 'મોહનભાઈ'! તમે તો ઘણા વર્ષથી આવ્યા છો. (સંવત) ૧૯૮૦ની સાલથી. 'બોટાદ' નહિ? ૧૯૮૦. કેટલા વર્ષ થયા? ૨૦ અને ૩૬ = ૫૬. ઓલામાં આવ્યા હતા ને? અપાસરાની જોડે. ૮૦ની સાલમાં. આહાહા..! માર્ગ ભાઈ જુદી જાત છે. માર્ગ કોઈ એવો છે. આહાહા..!

પાંચ પ્રકારનો જે મેલ છે, એને છોડી દે. અને **'શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ (જીવ)...'** આહાહા..! **'શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ (જીવ)...'** આહાહા..! આ કાંઈ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનવાળાની વાત નથી. ચોથા ગુણસ્થાનવાળો શુદ્ધસમ્યગ્દષ્ટિ છે. સમજાય છે કાંઈ? આ 'વિદ્યાસાગર' એમ કહે છે કે ચોથા ગુણસ્થાને અનુભૂતિ હોય નહિ. મુનિને જ હોય. ભાઈ કહેતા હતા. 'નેમચંદભાઈ'ની સાથે ખૂબ ચર્ચા થઈ હતી. પણ બહાર ત્યાગ, જુવાન માણસ છે. શરીર કાંઈક દેખાવ પણ છે. આચાર્યપદ છે. લોકો માને. શું થાય? પ્રભુ! આહાહા..!

**'શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ (જીવ) બુદ્ધાદિપ્રણીત મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક...'** બુદ્ધ એટલે બૌદ્ધમત છે ને? ક્ષણિકવાદ? એ આદિ બધા પંથો. **'બુદ્ધાદિપ્રણીત મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગાભાસરૂપ..'** માર્ગ નહિ પણ માર્ગાભાસ. આહાહા..! **'માર્ગાભાસરૂપ...'** માર્ગાભાસ એટલે માર્ગ નહિ પણ માર્ગ જેવો દેખાવ. આહાહા..! નગ્ન મુનિ હોય, એકલો રહેતો હોય, એકલો આવે, એકલો જાય, જંગલમાં રહે. આમ દેખાય કે... આહાહા..! પણ દૃષ્ટિ વિપરીત શું છે એની જગતને ખબર નથી. આહાહા..! આવે છે ને? વનવાસમાં રહે છે. આવ્યું હતું. ઘણી વાર વનવાસમાં અનશન આદિ કર્યા, વનવાસ રહ્યો, એથી શું થયું? વનવાસમાં એકલો રહ્યો, કોઈની સહાય વિના.. આહાહા..! છ-છ મહિના સુધી આહાર ન લે. એ ચીજ શું છે? પ્રભુ!

નિર્વિકલ્પ આનંદનો સાગર પૂર્ણાનંદ પ્રભુ, પર્યાય પણ જ્યાં ઉપર તરતી છે એવો જે દ્રવ્યસ્વભાવ... આહાહા..! એકલો વીતરાગ ને નિર્મળ આનંદથી ભરેલું તત્ત્વ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અભેદ (છે) એવી જે દૃષ્ટિ છે... આહાહા..! તે શુદ્ધનિશ્ચયદૃષ્ટિ છે. એ શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ છે. આહાહા..! હવે આમાં જાજા માણસ રાજી થાય એવું ક્યાં છે? જાજા માણસ ભેગા થાય, રાજી થાય. આહાહા..!

**'બુદ્ધાદિપ્રણીત...'** અન્યમતિનું કહેલું **'મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગાભાસરૂપ ઉન્માર્ગને પરિત્યાગીને,...'** એ બધો ઉન્માર્ગ છે. આહાહા..! તમારે 'મક્ષી'માં તો ભારે ગોટો ઉઠ્યો હતો. 'ફુલચંદજી'! મક્ષીમાં પણ આ માર્ગ અને આ માર્ગ અને આ માર્ગ. અહીં સુધી શ્વેતાંબર દર્શન કરે, પછી દિગંબર દર્શન કરે. આ બારણેથી આમ નીકળવું... અર..ર..! પ્રભુ! પ્રભુ! પ્રભુ! શું થાય? સર્વજ્ઞદેવના વિરહ પડ્યા, સમકિતી દેવ આવીને મદદ કરે એના વિરહ પડ્યા. આહાહા..! આ માર્ગ રહી ગયો. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ! એમાંથી કંઈ પણ રાગથી લાભ થાય, નિમિત્તથી લાભ થાય, આત્મા અલ્પજ્ઞ જ છે, સર્વવ્યાપક છે, આદિ અનેક વિપરીતતાને છોડી દે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ઉન્માર્ગને પરિત્યાગીને,...'** પરિત્યાગીને કીધું. જોયું? પાઠમાં છે ને? **'उम्मग्गं परिचत्ता'** એકલો **'चत्ता'** નહિ. એકલો ઉન્માર્ગને છોડવો એમ નહિ. **'उम्मग्गं परिचत्ता'** સમસ્ત પ્રકારે છોડીને. આહાહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય'નું વચન છે. પરિ છે (એટલે) સમસ્ત પ્રકારે છોડી દે. ભાઈ! આવા ટાણા ક્યારે મળશે? પ્રભુ! માંડ વખત મળ્યો છે ને. દુનિયાને નહિ પહોંચાય. દુનિયા તો અનેક પ્રકારે બોલશે, બાંધશે પણ આ માર્ગ છે એમાં તું પહોંચી શકીશ. કારણ કે તારું સ્વરૂપ જ એ છે. આહાહા..!

આ ૪૭ શક્તિનું વર્ણન, ભાઈ! 'અમૃતચંદ્રાચાર્ય'માં આવે છે. 'જયસેનાચાર્ય'માં નથી આવતું. ૪૭ નય. 'જયસેનાચાર્ય'માં નથી આવતું. અવ્યક્તનું પણ જેવું વર્ણન 'અમૃતચંદ્રાચાર્યે' કર્યું છે, એવું અવ્યક્તનું પણ વર્ણન એમાં 'જયસેનાચાર્ય'ની ટીકામાં નથી. ભાઈ! એ હમણા જોતો હતો. અવ્યક્તનું છ બોલનું વર્ણન જેવું 'અમૃતચંદ્રાચાર્યે' કર્યું છે એવું વર્ણન નથી. 'પ્રવચનસાર'માં ૪૭ નય કીધી છે એ નહિ. ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે... આહાહા..! એ પણ નથી. 'અમૃતચંદ્રાચાર્ય' એટલે.. આહાહા..! અમર અમર બનાવી દીધા. ૪૭ શક્તિમાં કેટલું વર્ણન! ઇત્યાદિ અનેક શક્તિ પાછી. આહાહા..! અને ૪૭ નય. એવી અનંત નય પાછી. આમ છે ને? જેટલા વચનપંથ એટલા નયપંથ. આવે છે ને? આહાહા..! એવું વર્ણન.

'પ્રવચનસાર'માં તો એમ કહ્યું, પ્રભુ! આ માર્ગ કહું છું ને, તું આજે જ અંગીકાર કરજે, હોં! વાયદો કરીશ નહિ, પ્રભુ! જો તને ગોઠતું હોય, રુચ્યું હોય એને વાયદો શો? આહાહા..! ગોઠતું હોય અને રુચ્યું હોય એને વાયદો શેનો? આહાહા..! જુઓ! એના વચન તો જુઓ! 'કુંદકુંદાચાર્ય'ની ટીકા કરનાર, હવે એને કાષ્ઠાસંઘી ઠરાવે છે આમાં. અર..ર..! જૈનધર્મની પરંપરામાં એ નથી એમ લખ્યું છે. પરંપરામાં 'જયસેનાચાર્ય' છે. આહાહા..! અરે..! પ્રભુ! પ્રભુ! બહાર ત્યાગ, નગ્નપણું, જુવાન અવસ્થા, આચાર્ય (હોય). શું થાય? પ્રભુ!

**'ઉન્માર્ગને પરિત્યાગીને, વ્યવહારે પાંચ મહાવ્રત,...'** હવે કહે છે, કે નિશ્ચય અને વ્યવહાર બેય જે વીતરાગે કહેલો તેમાં આવી જા. એમ કહે છે. બીજાનો તો વ્યવહાર પણ નહિ. નિશ્ચય તો છે જ નહિ પણ બીજાનો વ્યવહાર પણ નહિ. વીતરાગે જે મુનિના પંચમહાવ્રત કીધા, પંચમહાવ્રત. એ **'પંચમહાવ્રત, પાંચ સમિતિ,...'** વ્યવહાર. સમિતિ, ભગવાને જે પાંચ સમિતિ કીધી. **'ત્રણ ગુપ્તિ, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ,...'** આહાહા..! વ્યવહારના અઠ્ઠાવીશ મૂળગુણ. એ વીતરાગમાર્ગમાં નિશ્ચયસહિત વ્યવહાર છે. બીજે ક્યાંય એવા છે નહિ. આહાહા..!

**'પાંચ ઇન્દ્રિયોનો નિરોધ, છ આવશ્યક...'** સામાયિક, ચઉવિસંતુ, વંદન, પ્રતિક્રમણ (આદિ છ). **'ઇત્યાદિ અઠ્ઠાવીશ મૂળગુણસ્વરૂપ...'** આહાહા..! એ **'અઠ્ઠાવીશ મૂળગુણસ્વરૂપ મહાદેવાધિદેવ-પરમેશ્વર-સર્વજ્ઞ-વીતરાગના માર્ગમાં સ્થિર પરિણામ કરે છે,...'** આવા મહાવ્રત આદિ લઈને, અવ્રતમાંથી છૂટીને વ્યવહારે એટલો સ્થિર કરે છે. વ્યવહારમાં પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ઇન્દ્રિય નિરોધ કરી અને પરથી છૂટી એટલો વ્યવહારે સ્થિર કરે છે. વ્યવહાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે. હવે પછી નિશ્ચય કહેશે. આહાહા..! આવો વ્યવહાર પણ અન્યમતમાં નથી. આહાહા..! માને હવે એવો માને શું થાય? અઠ્ઠાવીશ મૂળગુણ શ્વેતાંબરમાં નથી. ત્યાં સાધુના ૨૭ ગુણ કહ્યા છે. આ તો અઠ્ઠાવીશ મૂળગુણ વિકલ્પ છે. આવો વિકલ્પ સર્વજ્ઞના વીતરાગમાર્ગમાં નિશ્ચયસહિત પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે આવું આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર **'મહાદેવાધિદેવ...'** એમણે કહેલા વ્યવહાર, હોં! એમ કહે છે. અજ્ઞાનીઓએ કહેલો વ્યવહાર એ નહિ. **'મહાદેવાધિદેવ-પરમેશ્વર-સર્વજ્ઞ વીતરાગના માર્ગમાં સ્થિર પરિણામ...'** અવ્રત આદિ છોડીને આવા વ્રતના વ્યવહારમાં આવે, પણ તે નિશ્ચયસહિત. આહાહા..! સમજાણું કાંઈ? અઠ્ઠાવીશ મૂળગુણમાં તો એ આવે છે કે વસ્ત્ર રહિત નગ્નપણું. 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું.' ભગવાને તો એમ કહ્યું છે. જેવો જન્મ થાય એવું મુનિનું નગ્ન રૂપ હોય છે પણ એકલું નગ્ન નહિ. એ નિશ્ચયસહિત વ્યવહાર આવો હોય. આહાહા..! આ વ્યવહાર છે એ પુણ્યબંધનું કારણ છે. એ સર્વજ્ઞે દેવાધિદેવ પરમેશ્વરે વીતરાગે (જે) વ્યવહાર કહ્યો, વીતરાગ થયા પહેલા એવો નિશ્ચયસહિત વ્યવહાર આવે. એકલો નિશ્ચય ન હોય અને વ્યવહાર (પાળે) એ વ્યવહાર નહિ. તેમ સર્વજ્ઞ સિવાયએ કહેલો જે વ્યવહાર એ વ્યવહાર નહિ. આહાહા..! એવો મૂળગુણ સ્વરૂપ... આહાહા..! 'અષ્ટપાહુડ'માં આવે છે ને? કે જે મૂળગુણમાં દોષ છે એને બધો દોષ જ (છે). મૂળગુણ. એને માટે કરેલો આહાર, ચોકા કરીને આહાર લે, એના મૂળગુણમાંથી જ એનું બધું ખોટું છે. આહાહા..! શું થાય? ગામમાં આવ્યા હોય ત્યારે શું એને મરવા દેવા? જે અગ્રેસર મોઢા આગળ હોય એણે કરવું પડે. બાપુ! આમાં દુનિયાની લાજ અને શરમ પણ રાખવા જેવી નથી. ભગવાનની લાજ રાખવી હોય એણે દુનિયાની લાજ છોડી દેવી પડશે. આહાહા..!

તેથી શબ્દ વાપર્યો છે ને? કે આવા જે મૂળગુણ **'મહાદેવાધિદેવ-પરમેશ્વર-સર્વજ્ઞ-વીતરાગના માર્ગમાં સ્થિર પરિણામ કરે છે, અને શુદ્ધનિશ્ચયનયે...'** એ વ્યવહાર છે તેવાને નિશ્ચય આવો હોય છે, એમ કહે છે. આહાહા..! એકલો વ્યવહાર એ નહિ. **'શુદ્ધનિશ્ચયનયે સહજજ્ઞાનાદિ...'** સ્વભાવિક જ્ઞાન, આનંદ આદિ. અંતર ભગવાનઆત્મા સ્વભાવિક જ્ઞાન અકૃત્રિમ જે અનાદિ સ્વભાવ, વસ્તુનો સ્વભાવ જે જ્ઞાન અનંત મહિમાવંત, અનંત આનંદ, અનંત શ્રદ્ધા-દર્શન-પ્રતીત, અનંત વીર્ય, અનંત પુરુષાર્થ, પ્રભુતા, એવી સ્વભાવિક વસ્તુનો જે સ્વભાવ છે. **'સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોથી અલંકૃત,...'** આહાહા..! શુદ્ધ પર્યાય છે. ગુણ તો ત્રિકાળ છે ને? એને આશ્રયે પર્યાય (થાય).

**'શુદ્ધગુણોથી અલંકૃત,...'** એવા શુદ્ધ ગુણોથી જે (અલંકૃત છે). એ એનો અલંકાર છે. જેમ શરીરમાં દાગીના, સોનાના, હીરા માણેકના રાખે. હીરા ને માણેકના અલંકાર કરાય. આહાહા..! 'જામનગર'નો દરબાર હતો ને? એની પાસે નીલમણીનો આખો કોટ હતો, કોટ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હીરાનો, નીલમણીનો કોટ. એ જ્યારે રસ્તે નીકળે ત્યારે પહેરતા. 'જામનગર'ના દરબાર. કરોડો રૂપિયાની ઊપજ એટલે પછી પહેલેથી ઘણા વર્ષથી ચાલે. એકલા નીલમણીનો કોટ. એક-એક નીલમણીની લાખોની કિંમત એનો આખો કોટ, આખો મુગટ. આહાહા..! એ અલંકાર નહિ, કહે છે. આ હીરા-માણેકના ચૈતન્ય ભરેલા, ભગવાન ભરેલા અંદર એવા અનંત ગુણોથી અલંકૃત એવો બાદશાહ, રાજા આત્મા (છે). આહાહા..!

**'શુદ્ધગુણોથી અલંકૃત, સહજ પરમ ચૈતન્યસામાન્ય...'** સ્વભાવિક પરમ સામાન્ય ત્રિકાળી, દર્શન સામાન્ય ત્રિકાળ **'(સહજ પરમ) ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજ પરમાત્મદ્રવ્ય...'**આહાહા..! પહેલા તો અનંત શુદ્ધ ગુણ આદિથી અલંકૃત છે (એમ કહ્યું), એના પછી મુખ્ય આટલા શબ્દ લીધા છે. ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષ એ એનો પ્રકાશ છે. દર્શન અને જ્ઞાનનો જેનો પ્રકાશ, જેનું સ્વરૂપ જ દર્શન અને જ્ઞાન, અનંત દર્શન અને જ્ઞાન, એનો ચૈતન્યનો પ્રકાશનો એનો સ્વભાવ છે. એવું ચૈતન્યરત્ન. આહાહા..!

**'(સહજ પરમ) ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજ પરમાત્મદ્રવ્યમાં...'** આહાહા..! જોયું? એવા નિજ પરમાત્મા, નિજ-પોતાનું પરમાત્મદ્રવ્ય, આ પ્રતિક્રમણ કહે છે, ધર્મ કહે છે, સામાયિક કહે છે, ભગવાનની સ્તુતિ કહે છે, ભક્તિ આવશ્યક કહે છે. આ આવશ્યક આહાહા..! **'નિજ પરમાત્મદ્રવ્યમાં શુદ્ધચારિત્રમય સ્થિરભાવ કરે છે,...'** બે વાત લીધી. ઓલામાં એમ લીધું હતું કે સ્થિર પરિણામ કરે છે. વ્યવહારમાં હતું ને? વીતરાગના માર્ગમાં સ્થિર પરિણામ વ્યવહારથી કરે છે. વ્યવહાર-શુભભાવ. અને આ નિશ્ચય શુદ્ધભાવ. નિશ્ચય શુદ્ધભાવ સ્થિર કરે છે ત્યાં શુભભાવ વ્યવહારનો વીતરાગ ન હોય ત્યારે હોય છે. બેયને સ્થિર ભાવ કરે છે એમ શબ્દ વાપર્યો છે. આહાહા..! એવો જે પ્રકાશ **'એવા નિજ પરમાત્મદ્રવ્યમાં...'** નિજ પોતાનું દ્રવ્ય ભગવાન પરમાત્મા નહિ, તીર્થંકર નહિ. **'નિજ પરમાત્મદ્રવ્યમાં શુદ્ધ ચારિત્રમય સ્થિરભાવ કરે છે,...'** શુદ્ધ વીતરાગમય સ્થિર ભાવ કરે છે. આહાહા..!

**'(અર્થાત્ જે શુદ્ધનિશ્ચય-સમ્યગ્દષ્ટિ જીવ વ્યવહારે અઠ્ઠાવીશ મૂળગુણાત્મક માર્ગમાં...'** એનો ખુલાસો કર્યો. **'અને નિશ્ચયે શુદ્ધ ગુણોથી શોભિત દર્શનજ્ઞાનાત્મક પરમાત્મદ્રવ્યમાં સ્થિરભાવ કરે છે,)'** એ વ્યવહાર નિશ્ચયનો ખુલાસો કર્યો. આહાહા..! નિશ્ચય સહિત આવો વ્યવહાર વીતરાગમાર્ગમાં હોય. એ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. આહાહા..! પરમસત્ દિગંબર જૈનધર્મ અનાદિ સનાતન સત્ય. એમાં આ નિશ્ચયસહિતનો આવો વ્યવહાર ત્યાં હોય. આહાહા..!

**'તે મુનિ...'** આહાહા..! આવો જે હોય **'તે મુનિ...'** ઊંચી વાત પ્રતિક્રમણની છે ને છેલ્લી. **'નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે,...'** ઓલો વ્યવહાર છે અને અહીં નિશ્ચય છે. તેને **'નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે,...'** આહાહા..! તે નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે. આહાહા..! એક કળશમાં ક્યાંક વ્યવહાર અને નિશ્ચય આવે છે. નિશ્ચય અને વ્યવહારનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માર્ગ આદરે, એવું આવે છે. બે શબ્દ એકસાથે આવે છે. સાથે હોય છે ને? નિશ્ચય અને વ્યવહાર. તે જ નિશ્ચય છે ત્યાં એમ કીધું છે. શ્લોક છે ક્યાંક. 'પ્રવચનસાર'માં છે.

અહીં એ કીધું, નિશ્ચય સ્વરૂપ જ્ઞાન, દર્શન અને આનંદ, એમાં સ્થિર કરે છે અને શુભભાવ અંદર ઇન્દ્રિયનો નિરોધ આદિ એ શુભભાવમાં સ્થિર કરે છે. એવો નિશ્ચય અને વ્યવહાર હોય છે. આહાહા..! એટલે કે નિશ્ચયવાળાને વ્યવહાર ગમે તેવો હોય, એમ નહિ. એ માટે આ વાત કરે છે. નિશ્ચય જે આત્માનું શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર જેને નિશ્ચય છે, તેને વ્યવહાર પછી ગમે તે જાતનો હોય, એમ નહિ. આવો જ વ્યવહાર હોય. આહાહા..! **'તે મુનિ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે.'** આહાહા..!

**'કારણ કે તેને પરમાત્મતત્ત્વગત (–પરમાત્મતત્ત્વ સાથે સંબંધવાળું)...'** પરમતત્ત્વ ભગવાન પરમાત્મા... આહાહા..! પૂર્ણ પરમાત્મા નિર્વિકલ્પ શુદ્ધ આનંદકંદ પ્રભુ, એની સાથે સંગવાળો, સંબંધવાળો. **'પરમતત્ત્વગત...'** છે ને? એટલે **'(–પરમાત્મતત્ત્વ સાથે સંબંધવાળું) નિશ્ચયપ્રતિક્રમણ છે તેથી જ તે તપોધન સદા શુદ્ધ છે.'** આહાહા..! તેથી તે મુનિ તપોધન, જેને આનંદ અને જ્ઞાનનું તપરૂપી ધન પ્રગટ્યું છે, એ આત્મા મુનિ શુદ્ધ છે. આહાહા..!

પોતે 'નિયમસાર'માં કહે છે, કે તારાથી ન પળી શકે પણ જેવી છે તેવી શ્રદ્ધા તો રાખજે. ભાઈ! આવે છે ને? આમાં 'નિયમસાર'માં છેલ્લે. શ્રદ્ધા તો કરજે. ફેરફાર કરીશ નહિ, કે ના, ના હું પાળી શકતો નથી માટે એ પણ એક માર્ગ છે. એમ રહેવા દેજે. આહાહા..! શ્રદ્ધા તો જેવું ભગવાને કહ્યું છે તેવી જ શ્રદ્ધા રાખજે. ધ્યાન-બ્યાન એટલું બધું ન થઈ શકતું હોય તો પણ શ્રદ્ધામાં તો બરાબર રાખજે કે વસ્તુ આ છે તે માર્ગ છે. છે ને આમાં? પાછળ છે ને? ૧૫૪? ૧૫૪ ગાથા.

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ, પરદ્રવ્યથી પરાઙ્મુખ અને સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિવાળા, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી, પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખકમળથી શોભાયમાન હે મુનિશાર્દુલ ! સંહનન અને શક્તિનો પ્રાદુર્ભાવ હોય તો મુક્તિસુંદરીના પ્રથમ દર્શનની ભેટસ્વરૂપ નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રાયશ્ચિત્ત, નિશ્ચયપ્રત્યાખ્યાન વગેરે શુદ્ધનિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે. જો આ દગ્ધકાળરૂપ (હીનકાળરૂપ) અકાળમાં તું શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.'** એમાં ફેર કરીશ નહિ કે આમ પણ હોય.. આમ પણ હોય. શ્રદ્ધામાં તો બરાબર રાખજે કે, બાપુ! નિશ્ચય તો આ જ હોય અને વ્યવહાર તો આ જ હોય. પળી શકે નહિ માટે તું આ પણ માર્ગ છે એમ કરીશ નહિ. જુઓને, 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે. આહાહા..! એ કહે છે.

**'તેથી જ તે તપોધન સદા શુદ્ધ છે.'** લ્યો. પછી શ્લોક કહેશે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



तथा चोक्तं प्रवचनसारव्याख्यायाम् :-

(शार्दूलविक्रीडित)

`इत्येवं चरणं पुराणपुरुषैर्जुष्टं विशिष्टादरै-
रुत्सर्गादपवादतश्च विचरद्बह्वीः पृथग्भूमिकाः।
आक्रम्य क्रमतो निवृत्तिमतुलां कृत्वा यतिः सर्वत-
श्चित्सामान्यविशेषभासिनि निजद्रव्ये करोतु स्थितिम्।।

**એવી રીતે શ્રી પ્રવચનસારની અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**

**[શ્લોકાર્થ :-] એ પ્રમાણે વિશિષ્ટ [1]આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું, ઉત્સર્ગ અને અપવાદ દ્વારા ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે ચરણ, (-ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને, ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરીને, ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં સર્વતઃ સ્થિતિ કરો.''**

---

**પ્રવચન નં. ૮૬, શ્લોક-૧૧૫, ગાથા-૮૭, મંગળવાર, માગશર સુદ ૧, તા.૨૦-૧૧-૭૯**

---

'નિયમસાર' ગાથા પછી કળશ છે ને? ૮૬ ગાથા પછી કળશ છે. ૧૧૫ નહિ એની ઉપર. એને આંકડો નથી. 'અમૃતચંદ્રાચાર્ય'ની છે. ૧૧૫ની ઉપર.

इत्येवं चरणं पुराणपुरुषैर्जुष्टं विशिष्टादरै-
रुत्सर्गादपवादतश्च विचरद्बह्वीः पृथग्भूमिकाः।
आक्रम्य क्रमतो निवृत्तिमतुलां कृत्वा यतिः सर्वत-
श्चित्सामान्यविशेषभासिनि निजद्रव्ये करोतु स्थितिम्।।

આહાહા..! 'નિયમસાર' છે.

**શ્લોકાર્થ :- 'આ પ્રમાણે...'** જરી ઝીણી વાત છે, ભાઈ! અનંત અનંતકાળના પરિભ્રમણમાં આત્મા અંદર સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્ય અમૃતસાગર છે, એની કોઈ દિ' એણે દૃષ્ટિ કરી નથી. એ વિના બધું આ બહારમાં ધમાલ-પાપની. સંસારના ધંધા આદિ તો આખો દિ' પાપ છે. ધર્મને નામે આવે તો પણ પૂજા, ભક્તિ, વ્રત, તપ આદિ એ પણ શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. એ કાંઈ જન્મ-મરણના અંતનું કારણ નથી. આહાહા..!

કહે છે, **'આ પ્રમાણે વિશિષ્ટ આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું,...'** એટલે શું કહે

---

**(૧) આદર = કાળજી; સાવધાની; પ્રયત્ન; બહુમાન.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે? જે ધર્માત્મા અંતર શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદસ્વરૂપ પ્રભુ, એની અંતરદૃષ્ટિ કરીને જેની સેવના સ્વરૂપમાં ઠરે છે, એ નિશ્ચયપ્રતિક્રમણ અને નિશ્ચયધર્મ છે. આહાહા..! ભગવાનઆત્મા... આ દેહ તો જડ માટી છે. પૈસા, આબરૂ, કીર્તિ, જડ એ તો જડ છે, પર છે. અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ વિકાર ને દોષ ને સંસાર છે. એનાથી રહિત ચૈતન્ય જ્ઞાયક, ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની અંતર દૃષ્ટિ કરીને સેવના કરવી. એ ખાસ આદરવાળા સાવધાની પુરુષો. પ્રસન્ન સ્વરૂપમાં પ્રસન્ન આનંદવાળા. આહાહા..!

જેનો આદર રાગ અને પરમાં અનાદિથી વર્તે છે, એ તો સંસારના રખડવાના રસ્તા પરિભ્રમણના, નરક અને નિગોદના એ બધા પંથ છે. એ દૃષ્ટિ છોડી દઈ, ખાસ પુરુષોએ. વિશિષ્ટ કહ્યુંને? ખાસ આત્માર્થી પુરુષોએ, આદરવાળા પુરાણ પુરુષોએ, અંતર સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એનો સાવધાનપણે આદર કર્યો. એણે **'સેવેલું, ઉત્સર્ગ અને અપવાદ દ્વારા...'** આ માર્ગ ઝીણો બહુ, પ્રભુ!

મુખ્ય માર્ગ તો ઉત્સર્ગ એટલે? જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ આત્મા, એમાં રમવું, એકાગ્રતા, એ ઉત્સર્ગ નામ મોક્ષનો મૂળમાર્ગ, એ ધર્મમાર્ગ (છે). એનું ભાન થયા છતાં તેના સેવનમાં એકાગ્ર રહી શકે નહિ તો અપવાદીક માર્ગ એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, વ્રત, તપનો ભાવ એ અપવાદ માર્ગ છે. એ મૂળધર્મ માર્ગ નથી. પણ ભાન થયું છતાં અંદર સ્વરૂપમાં જ્યારે રહી શકે નહિ (ત્યારે એવો અપવાદ માર્ગ હોય છે). આહાહા..!

સ્વરૂપ ચિદાનંદ આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. એ પુરુષોત્તમ પુરુષ એકલો જ્ઞાન ને શાંતિ ને વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા છે. એની દૃષ્ટિ કરીને અંદરમાં રમવું, એ તો ઉત્સર્ગમાર્ગ, મોક્ષનો ખરો માર્ગ છે. એમાં ભાન થઈને રહી શકે નહિ, ભાન થયું હોય કે હું શુદ્ધ ચૈતન્ય છું, એની દૃષ્ટિ થઈ હોય, એને શાંતિનું અને આનંદનું જરી વેદન પણ હોય, પણ ધ્યાનમાં સ્થિર થઈ શકે નહિ તો એણે અપવાદ માર્ગ લેવો. અપવાદ એટલે વ્યવહારમાર્ગ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વ્રત, તપના પરિણામ એને હોય છે. એ વ્યવહાર છે, એ પુણ્યબંધનું કારણ છે. જન્મ-મરણના અંતનું એ કારણ નથી. પણ એ આવ્યા વિના રહેતું નથી. અરે..રે..! આમાં શું સમજવું?

**'ઉત્સર્ગ અને અપવાદ...'** ઉત્સર્ગ તો એ સચ્ચિદાનંદ પ્રભુ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પ રાગ છે, એનાથી ભિન્ન છે. આહાહા..! એને આદરીને, સાવધાન થઈને, તેમાં પ્રસન્નતા કરીને. આહાહા..! છે અંદર? કાળજી કરીને, પ્રયત્ન અંતરમાં શુદ્ધ ચૈતન્યમાં પ્રયત્ન કરવો, એ મૂળમાર્ગ છે. મૂળ ધર્મમાર્ગ એ છે. પણ એવી દૃષ્ટિ અને જ્ઞાન થયા છતાં, અંદરમાં જરી સ્થિરતા પણ હોવા છતાં, ધ્યાનમાં અંદર લીન ન થઈ શકે તો તેને તે આત્માના લક્ષ અને દૃષ્ટિપૂર્વકની દશામાં, એને અપવાદમાર્ગ એટલે પૂજા, ભક્તિ, વ્રત, તપના વિકલ્પનો રાગ આવે, એને અહીંયાં અપવાદ માર્ગ કહેવામાં આવે છે. અરે..રે..! આવી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાતું આવે. કાંઈ ચોપડામાં હોય નહિ, વેપારમાં હોય નહિ. એકલા પાપના ધંધા આખો દિ'. સવારથી સાંજ આ કર્યું... આ કર્યું... આ કર્યું. એકલું પાપ. ધર્મ તો નહિ, પણ પુણ્ય પણ નહિ. એકલા પાપ (કરીને) દુર્ગતિ જવાના લક્ષણ. આહાહા..!

મુમુક્ષુ :– અત્યારે બધા મોજ-મજા માણી રહ્યા છે.

ઉત્તર :– મોજ એટલે એ દુઃખી છે. મોજ-મજા શેની? રાગના, દ્વેષના પરિણામમાં ઊભો છે એ દુઃખી છે. એને સુખી કોણ કહે? અબજોપતિ પ્રાણી દુઃખી છે. કેમ કે એની દૃષ્ટિ પર ઉપર જાય છે અને આ ઠીક છે એટલે એને રાગ થાય છે. એ રાગ તે દુઃખ છે, આકુળતા છે, શાંતિની ઝળહળ જ્યોતિ ત્યાં બળી જાય છે. આહાહા..! આવું સ્વરૂપ આકરું બહુ, બાપુ!

ભગવાનઆત્માની શક્તિની વિશેષતા, વિસ્મયતા અને વિશિષ્ટતા ખાસ ચીજ છે ઇ. એના ઉપરનો આશ્રય, વિસ્મયતા છોડીને બહારની કોઈપણ ચીજ, ઇન્દ્રના ઇન્દ્રાસન હોય કે અબજોપતિ પૈસા હોય, આત્મા સિવાય બીજી ચીજની અધિકતા, વિશિષ્ટતા, ઉત્સાહ, વીર્યમાં રાગનો રંગ ચડી જાય, એ પ્રાણી દુઃખી અને પાપી છે.

મુમુક્ષુ :– પૈસા ન હોય એ દુઃખી અને પૈસા હોય એ સુખી.

ઉત્તર :– પૈસા મળે છે એ પુણ્યને લઈને પણ પૈસાવાળા છે એ પાપી છે. એ શું કહ્યું? પૈસા મળે આ ધૂળ બે પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ, એ મળે એ પૂર્વના પુણ્યને લઈને, પણ ચીજ છે એ પરિગ્રહ છે, તે પાપ છે. આહાહા..! દુનિયા જેને પુણ્યશાળી કહે, પૂર્વના પુણ્યને લઈને મળ્યું એટલે. જ્ઞાની એને પાપી કહે. કેમ કે પૈસા, આબરૂ, કીર્તિ, બે-પાંચ કરોડ, પચાસ કરોડ, દસ કરોડ, અબજ કરોડ. પૈસાવાળા પણ ઘણા મળેલા છે ને.

આપણો ભાઈ પણ મરી ગયો ને? 'શાંતિ ખુશાલ'. બે અબજ ચાલીસ કરોડ. 'શાંતિલાલ ખુશાલ'. 'વીરચંદભાઈ'! નામ સાંભળ્યું છે? 'ગોવા'માં આપણો દશાશ્રીમાળી વાણિયો હતો. એના બનેવી અહીંયાં આવે છે. 'પોપટભાઈ'. શું 'પોપટભાઈ'નામ છે? 'પોપટભાઈ' 'લીંબડી'ના. એમના બનેવી અહીંયાં આવે છે. એમની દીકરી બાળબ્રહ્મચારી છે. એના સાળા 'શાંતિલાલ ખુશાલ, ગોવા' બસ્સો ચાલીસ કરોડ, બે અબજ અને ચાલીસ કરોડ. અત્યારે છોકરા છે. એ તો દોઢ-પોણા બે વર્ષ પહેલા મરી ગયો. ૬૧ વર્ષની ઉંમર હતી. બૈરાને હેમરેજ થયેલું, અહીં 'મુંબઈ' દવા કરવા આવેલા. ત્યાં 'ગોવા'માં તો મોટા ૬૦ લાખના મકાન છે. એક ૪૦ લાખનો, ૧૦-૧૦ લાખના બે. મોટો ગૃહસ્થ દશાશ્રીમાળી વાણિયો હતો પાણસણાનો. એની વહુને કાંઈક થયેલું એટલે 'મુંબઈ' આવેલો. પોણા બે વર્ષ થયા. એમાં એકદમ બે-ચાર દિ' થયા હશે. રાત્રે કહે, મને દુઃખે છે. ડોક્ટરને બોલાવો, એમ કીધું. ડોક્ટર આવે ત્યાં ભાઈસાહેબ રવાના. ઢોર આદિમાં જવાના. ઘણા તો પશુમાં જવામાં. પાપ કરે નહિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માંસ અને ઇંડા એ ન (ખાતા) હોય, પુણ્ય પણ ન હોય એટલે એવા પાપના પરિણામમાં ઘણા તો મરીને આડોડાઈને લઈને પશુ આડા તિર્યંચ થવાના. એ ક્રોધ અને માન-માયા જે કષાયભાવ છે, એ આડોડાઈ ભાવ છે. એ આડોડાઈને લઈને મરીને આડા શરીર થવાના. આમ માણસ ઊભા છે, એ મરીને આડા થવાના. ખીસકોલી, વાંદરા, કૂતરા. આહાહા..! આટલી વાત પણ ન બેસે, બાપા! શું થાય? પ્રભુનો તો આ પોકાર છે.

તિર્યંચ કેમ થાય છે? તિર્યંચ-તિરછા. આ ગાયું, ભેસું આમ આડા છે ને? આડા શરીર. ગાય, ભેસ, ખીસકોલી, નોળ, કોળ એ બધા તિર્યંચ ઢોર આડા છે. એ આડા કેમ થયા છે? કે પૂર્વે આડોડાઈ બહુ કરી છે. આડોડાઈ એટલે? ક્રોધ, માન, માયા, લોભ, રાગ, તૃષ્ણા આદિ સેવ્યા, એ સ્વરૂપથી આડાઈ કરી છે. એ આડાઈને લઈને એનો આત્મા તો આડો થયો, પણ એના ફળમાં શરીર આડું થઈ ગયું. આમ વાંકા-આડા શરીર મળ્યા. આહાહા..! આવું!

દુનિયા જેને સુખી કહે, પરમાત્મા એને પાપી કહે. હવે આવો ક્યાં મેળ ખાય? પરિગ્રહ છે ને ઇ? પૈસો છે એ પરિગ્રહ છે. અને ચોવીસ પ્રકારનો પરિગ્રહ છે. ચૌદ અભ્યંતર પરિગ્રહ, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ અને દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ. ક્ષેત્ર, વસ્તુ, પૈસા, લક્ષ્મી આદિ. એ બધા પરિગ્રહ છે એ પાપ છે. મળ્યું છે પુણ્યથી પણ હવે અત્યારે મળ્યું છે એ પાપ છે. આહાહા..! અને એ પાપમાં પડેલા જીવો તિર્યંચના-ઢોરના અવતારમાં જવાના. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! તારી એકવાર કાળજી કરને. સાવધાન કીધું છે ને? આદરવાલાયક કીધું ને? આ આત્મા અંદર આનંદકંદ છે, પ્રભુ! એ પુણ્ય અને પાપના વિકલ્પના રાગથી જુદો છે. એ પૂર્ણાનંદથી ભરેલો છે, અતીન્દ્રિય આનંદનો સાગર છે. આહાહા..! એનાથી કોઈ ઊંચી ચીજ જગતમાં છે નહિ. એ 'સમયસાર'ના છેલ્લા કળશમાં આવ્યું છે ને? ભાઈ! 'સમયસાર'થી ઊંચું કોઈ નથી અનુભવમાં. વસ્તુ તો વસ્તુ છે. મહાપ્રભુ છે. આહાહા..! જેને કેવળજ્ઞાની પરમાત્મા પણ એક સમયની પર્યાયવાળો આત્મા નથી માનતા. આખો પૂર્ણાનંદનો નાથ, સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાનાનંદના સ્વભાવથી ભરેલો ભંડાર, એવા ભગવાનની જેને સાવધાની છે, કાળજી છે, પ્રસન્નતા છે... આહાહા..! બહુમાન છે, એના પ્રત્યેનો પ્રયત્ન છે... આહાહા..! એવા જીવો આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને સેવના કરનારા (છે). સમજાય છે કાંઈ? આહાહા..!

એક સ્તવનમાં સ્તુતિમાં આવે છે. ચાર સજ્જાયમાળા છે. અહીં તો પહેલા નાની ઉંમરથી એ જ ધંધો હતો ને. દુકાનમાં પાંચ વર્ષ ધંધો કર્યો, પણ દુકાનમાં આ વાંચતો. સજ્જાયમાળા ચાર છે. એક એક સજ્જાયમાળામાં બસ્સો-અઢીસો સજ્જાયુ છે. ચાર સજ્જાયમાળા છે. એ તો તે દિ' દુકાન ઉપર વાંચેલી. ૨૦ વર્ષની ઉંમર. અત્યારે તો ૯૦ વર્ષ થયા. ૭૦

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્ષ પહેલાની વાત છે. વાંચેલું. એમાં એક ગાયન-સજ્જાય આવી હતી. 'હોંશીડા મત હોંશ ન કીજે.' એ.. હોંશીડા! પરમાં હોંશ ન કરીએ નાથ! મરીને દુર્ગતિએ જઈશ, ભાઈ! આહાહા..! દુકાન ઉપર એ વાંચતા. પિતાજીની–ઘરની દુકાન હતી. અત્યારે તો દુકાન છે ને. મોટી દુકાન છે. ૪૦ લાખ રૂપિયા છે અત્યારે. દુકાનની ૪ લાખની પેદાશ છે. 'પાલેજ'. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. બધા પાપના ધંધા. આહાહા..!

અહીં કહે છે, કે હે કાળજીવાળા! શેની કાળજી? આ આત્માની. છે ને? **'આ પ્રમાણે વિશિષ્ટ આદરવાળા પુરાણ પુરુષોએ...'** એનો અર્થ આ છે. પ્રભુ! તારી પ્રભુતાનો અંદર પાર નથી. પ્રભુ! તેં તારી પ્રભુતાને પારખી નથી. અને પામર ચીજની અંદર કિંમત અને બહુમાન, વિશેષતા અને વિસ્મયતા કરીને ચોરાશીના અવતારમાં રખડી મર્યો છે. આહાહા..! અહીં પ્રભુ કહે છે, કે એ પ્રમાણે ખાસ **'આદરવાળા પુરાણ પુરુષો...'** અનાદિ પરમાત્માસ્વરૂપ આત્મા એવા પુરાણ પુરુષો, એણે આનંદમાં સ્વરૂપની સાવધાની કરી... આહાહા..! **'સેવેલું,...'** આત્માની શાંતિ અને પુણ્ય-પાપના રાગથી રહિત ભગવાનઆત્માના આનંદને સેવેલો એટલે જે અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવેલો. આહાહા..!

આ ઇન્દ્રિયોના જે વિષયના સ્વાદ છે એ તો ઝેરના પ્યાલા છે. ઝેરના પ્યાલા, વિકારના પ્યાલા–ઝેરના પ્યાલા છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર, એની અંતરમાં રુચિપૂર્વકની રમણતા (કરે છે) એ અમૃતના પ્યાલા પીવે છે. આહાહા..! એ ધર્મ છે. અરે..! આવો ધર્મ, ભાઈ! કઈ જાતનો? આહાહા..! એવા જીવોએ ખાસ.. કીધું ને? વિશેષણ ખાસ. **'આદરવાળા પુરાણ પુરુષો...'** અંતરની ચીજ પૂર્ણાનંદનો નાથ આત્મા, અતીન્દ્રિય શાંતિનો સાગર, અતીન્દ્રિય જ્ઞાનનો દરિયો... આહાહા..! જેના ગુણની સંખ્યાનો પાર નથી એવા અનંત ગુણનો દરિયો, પ્રભુ! અને એક એક ગુણની શક્તિના સામર્થ્યનો પાર નથી. એવી એક એક શક્તિમાં અનંત સામર્થ્ય અને એવી અનંત શક્તિઓનું સામર્થ્ય, એવા આત્માનો આદર કરીને, કાળજી કરીને પ્રસન્નતા કરીને... આહાહા..! **'સેવેલું,...'** એવા આત્માને જેણે સેવ્યો છે. એ ઉત્સર્ગમાર્ગ છે. મોક્ષનો મૂળમાર્ગ એ છે. ઉત્સર્ગ કીધો. છે ને? **'સેવેલું, ઉત્સર્ગ....'** ઝીણી વાત છે, ભાઈ! એની મેળે વાંચે તો કાંઈ પકડાય એવું નથી.

આખો દિ' પાપના ચોપડા વાંચ્યા કરે, એમાં આ શું સમજે કે આમાં શું લખ્યું છે? આહાહા..! અરે..રે..! જિંદગી ગુમાવીને ચાલ્યા જાય. કીધુંને? ઓલો પાંચ મિનિટમાં મરી ગયો. બે અબજ ચાલીસ કરોડ. અને ચાલીસ લાખનો બંગલો અને દસ-દસ લાખના બે ૬૦ લાખના બંગલા છે. હમણા 'મુંબઈ' અમે ગયા ત્યારે છોકરો આવ્યો હતો. છોકરો કહે, મહારાજ! મારા બાપને દર્શનનો કરવાનો ઘણો ભાવ હતો. વાતું તો કરે બિચારા. મરી ગયો. આહાહા..! એ બધા પશુમાં અવતરવાના. નરકમાં તો ન જાય. માંસ, દારૂ આદિના ખોરાક તો ન હોય. ધર્મનું તો ભાન ન મળે. બે-ચાર કલાક સત્‌સમાગમ, સાચો સમાગમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મળીને વાંચન, શ્રવણ, મનન કરે તો એને પુણ્ય પણ થાય. એ પણ ન મળે. અડધો કલાક-કલાક મળે તો સાંભળવા જાય. તે પણ એવું સાંભળવાનું મળે (કે) વ્રત કરો, તપ કરો, પૂજા કરો, ભક્તિ કરો ધર્મ થાય. એ પણ મિથ્યાત્વના સેવનમાં જાય. આહાહા..!

અહીં કહે છે, કે અંતરના આદરવાળા પુરુષો... આહાહા..! પુણ્યની ક્રિયાના પરિણામમાં પણ જેની સાવધાની નથી. પુણ્યની ક્રિયામાં પણ જેની પ્રસન્નતા અને ઉત્સાહ નથી. આહાહા..! આવો માર્ગ છે.

આ તો પહેલેથી અમારે પૂર્વના સંસ્કાર હતા. માટે ૧૮ વર્ષથી આ બધું થાય છે. ૧૮ વર્ષની ઉંમરથી. ૭૨ વર્ષ થયા. શરીરને ૯૦ થયા. આ વૈશાખ સુદ બીજે ૯૧મું બેસશે. ૭૨ વર્ષ પહેલા હું તો બધાને કહેતો. દુકાનદારને કહેતો. એલા પણ આ શું કરો છો આખો દિ'? દુકાન તો હું પણ ચલાવતો હતો. પણ એકકોર શાસ્ત્ર વાંચું, ગામમાં સાધુ આવે તો દુકાન છોડી દઉં. અને ઓલા તો રાત્રે આઠ વાગે જાય. સાધુ આવ્યા હોય તો આઠ વાગે જાય. આખો દિ' દુકાન અને ધંધો. પુણ્ય પણ ન મળે. ધર્મ તો ન મળે પણ પુણ્યના ઠેકાણા ન મળે. આહાહા..!

અમારા ફઈના દીકરા ભાઈ ભાગીદાર હતા. 'કુંવરજીભાઈ' હતા. છોકરા સારા છે બિચારા. મરીને તિર્યંચ-ઢોર થાઈશ, બાપુ! યાદ રાખજે. (સંવત) ૧૯૬૬ની સાલની વાત છે. ૧૯૬૬ની સાલ. કેટલા વર્ષ થયા? ૭૦. તે દિ' કહ્યું હતું, ભાઈ! તમે આખો દિ' આ શું કરો છો? મરીને ઢોરમાં જવાના તમારા લક્ષણ છે, કીધું. યાદ રાખજો. ભલે તારે વર્ષની બે લાખની પેદાશ છે. મરી ગયો તો બે લાખની પેદાશ, દસ લાખની પેદાશ (હતી). અત્યારે તો ચાલીસ લાખ છે. છોકરાઓ તો વાંચન કરે, ભક્તિ, પૂજા, વાંચન કરે પછી દુકાને જાય. ઓલાને તો એક જ વાત. અરે..રે..! શું થાશે? બાપુ! કીધું, ભાઈ!

અહીં એ કહે છે, કે જેને આત્માનો આદર નથી, એની તો વાત અમે કરતા નથી. એ તો રખડવાના છે. જેને આત્માનો આદર છે... આહાહા..! જેને દયા, દાન અને વ્રતના પરિણામ આવે છતાં તેનો આદર નથી. કારણ કે રાગ છે, બંધનું કારણ છે. આહાહા..! આવી વાતું. એ **'આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું, ઉત્સર્ગ...'** આત્માના અતીન્દ્રિય આનંદને જેણે સેવ્યો છે. આહાહા..! એમાં જ્યારે રહી શકતો નથી ત્યારે **'અપવાદ દ્વારા...'** અપવાદ એટલે પુણ્યના પરિણામ ત્યારે એને આવે છે. દૃષ્ટિમાં ભાન છે કે હું જ્ઞાયક છું, ચૈતન્ય છું, પૂર્ણાનંદ સ્વરૂપ છું. એવી દૃષ્ટિ હોવા છતાં સ્વરૂપમાં ઠરી શકતો નથી અને શુદ્ધદશા છે ત્યારે એને આવો દયાનો, દાનનો, પૂજાનો, ભક્તિનો આવો શુભભાવ આવે. એ અપવાદ છે.

આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિની સેવના એ ઉત્સર્ગ અને મૂળમાર્ગ છે. એ માર્ગમાં અંદર સ્થિર રહી શકે નહિ અને ભાન હોવા છતાં એને અપવાદ એટલે વચ્ચે શુભભાવ આવે. જે પુણ્યબંધનું કારણ છે. એને અહીંયાં અપવાદમાર્ગ કહેવામાં આવે છે. આહાહા..! આવી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાતું જિંદગીમાં સાંભળી પણ નહિ હોય. એક તો આખો દિ' ધંધો અને નવરો થાય તો ઓલો જોડી દે વ્રત, તપ, ભક્તિ અને પૂજામાં. બેય પાપ છે. આહાહા..! 'પુણ્યને પુણ્ય તો સૌ કહે, પણ અનુભવી જન પુણ્યને પાપ કહે.' આહાહા..! આકરું કામ, પ્રભુ!

**'અપવાદ દ્વારા ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકા...'** શું કહે છે ઇ? અંતર સ્વરૂપ અતીન્દ્રિય આનંદ, એની પણ સેવના છે અને સેવનામાં રહેવા છતાં સ્થિર નથી થઈ શકતો ત્યારે અપવાદ માર્ગમાં એટલે કે વ્રત, તપ, ભક્તિ, પૂજાના ભાવમાં આવે. એવી **'ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકા...'** ઝીણી ઝીણી વાત છે, પ્રભુ! **'પૃથક્ પૃથક્ ભૂમિકા,...' 'ઉત્સર્ગ અને અપવાદ...'** ઉત્સર્ગ અને અપવાદ. અપવાદ રાગ આવે વળી છોડીને સ્વરૂપમાં સ્થિર ધ્યાનમાં આવી જાય. એમાં ન રહી શકે ત્યારે વળી આવો શુભભાવ આવે. સમજાય છે કાંઈ? આહાહા..! આ ચોપડા નથી કે વાંચીને એની મેળાએ સમજી જાય. પાપના ચોપડા બધા ભર્યા છે. આહાહા..!

**'ઉત્સર્ગ અને અપવાદ દ્વારા ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકા...'** એ કેમ કહ્યું? કે આનંદસ્વરૂપ, પ્રભુ! એનો અનુભવ સમ્યગ્દર્શન છે અને અંતરમાં આનંદનું સેવન છે. પણ એમાં ઠરી શકતો નથી ત્યારે તેને અપવાદ માર્ગ એવો શુભભાવ વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાનનો ભાવ આવે. એ પૃથક્ પૃથક્ ભૂમિકા. વળી સ્વરૂપમાં ઠરે ત્યારે એ ભાવ ન હોય, વળી ઠરી શકે નહિ ત્યારે એ ભાવ હોય. એમ પૃથક્ પૃથક દશાઓ આવે છે. આરે..! આવો માર્ગ હવે. સમજાય છે કાંઈ?

એવી **'ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપ્તું જે ચરણ...'** છે ને? **'(–ચારિત્ર)...'** સ્વરૂપ છે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, જેમાં દયા, દાન, પૂજા, ભક્તિના વિકલ્પનો પણ અવકાશ નથી. એ તો નિર્મળાનંદ પ્રભુ છે. એવા ભગવંતની સેવા, એ ઉત્સર્ગ માર્ગ છે. પણ જ્યારે એમાં રહી શકે નહિ અને ભાન હોવા છતાં રાગની પરિણતિ શુભમાં આવે. દયા, ભક્તિ, પૂજા, વ્રત આદિ વાંચન, શ્રવણ. વાંચન, શ્રવણ એ બધો શુભરાગ છે. આહાહા..! એ **'પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપ્તું ચરણ (–ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને,...'** આહાહા..! મુનિની ઉત્કૃષ્ટ વાત છે ને? યતિ એટલે સ્વરૂપની જતના–યતના જેણે કરી છે. આ યતિ એટલે આ જતડા એ જતિ નહિ. જેણે આનંદના નાથના સાગરની યતના-જતના કરી છે, જેણે પુણ્ય અને પાપથી જીવને અંદરમાં બચાવ્યો છે... આહાહા..! એને અહીંયાં યતિ કહેવામાં આવે છે. એણે સ્વરૂપની યતના-જતના કરી. આહાહા..! એવા યતિએ. છે?

(તેને) **'યતિ પ્રાપ્ત કરીને,...'** અંતરના આનંદસ્વરૂપને પ્રાપ્ત કરી, એમાં રહી ન શકે તો આનંદની દૃષ્ટિ તો છે અને શુભરાગમાં આવે, વળી ત્યાંથી ખસીને અંતરમાં આવે, વળી ત્યાં ન ઠરી શકે તો રાગમાં આવે. એમ ઘણી **'ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકામાં વ્યાપતું જે ચરણ (–ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને, ક્રમશઃ...'** ક્રમે કરીને **'અતુલ નિવૃત્તિ કરીને,...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! ક્રમે કરીને અતુલ નિવૃત્તિ. તદ્દન વિકલ્પથી રહિત નિર્વિકલ્પમાં ઠરી જવું, ત્યારે તેને મોક્ષ થાય. આવો માર્ગ છે. સાંભળવો કઠણ પડે. સંપ્રદાયમાં એ વાત ચાલતી નથી. ૪૫ વર્ષ જોયું છે ને. ૪૫ અહીંયાં થયા. ૪૫ વર્ષ એમાં હતા. ૯૦ થયા. આહાહા..! આ આમ કરો. અમારે 'હિરાજીમહારાજ' (કહે), દયા કરો, વ્રત કરો, તપ કરો. આ કર્યા કરે બિચારા.

અહીં કહે છે, કે આ પ્રમાણે અતીન્દ્રિય આનંદના સાગરના સેવનમાં રહીને અંતરમાં ધ્યાનમાં ઠરી શકે નહિ તો શુભરાગમાં આવે, વળી ત્યાંથી ખસીને સ્થિરમાં આવે, વળી ત્યાં સ્થિર ન રહી શકે તો રાગમાં આવે. એમ પૃથક્ પૃથક્ દશાઓને સેવીને. આહાહા..! છે? એવું ચારિત્ર. **'ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરીને,...'** અતુલ નિવૃત્તિ. છેવટે અંતર એકલો આત્મા આનંદનો સાગર, વિકલ્પનો અવકાશ જ્યાં નથી. એવો **'અતુલ નિવૃત્તિ કરીને, ચૈતન્યસામાન્ય...'** દર્શન દષ્ટાપણું ભગવાનસ્વરૂપ આત્મા છે. દષ્ટા-દર્શન સ્વરૂપ આત્મા અને જ્ઞાનસ્વરૂપ આત્મા વિશેષ. **'ચૈતન્યસામાન્ય...'** એ દર્શન **'અને ચૈતન્યવિશેષરૂપ...'** એ જ્ઞાન. એ **'જેનો પ્રકાશ છે...'** એ તો દષ્ટા અને જ્ઞાતા એનો પ્રકાશ ચૈતન્યસૂર્ય પ્રભુ છે. ચૈતન્યચંદ્રમાં અંદર શીતળ આનંદ ભરેલો છે. આહાહા..! એને **'અતુલ નિવૃત્તિ કરીને,...'** **'જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં સર્વતઃ સ્થિતિ કરો.'** ઓહોહો..! **'નિજદ્રવ્યમાં...'** પરમાત્મામાં પણ નહિ. પરમાત્મા પરદ્રવ્ય છે. પરદ્રવ્યમાં ભક્તિ આદિ થાય એ રાગ છે. એ કાંઈ ધર્મ નથી. આહાહા..! કહો, 'યશપાલજી'! આવો માર્ગ છે. જગતને ક્યાં નવરાશ છે? આહાહા..! નિજ ધંધો શું છે એની ખબરું ન મળે. આહાહા..! પરધંધામાં વિચિક્ષણ, પરધંધામાં ડાહ્યા, એ ધર્મમાં મૂરખ (છે). ધર્મમાં ડાહ્યા એ સંસારના મૂરખ. સંસારમાં એનું ડહાપણ કામ ન આવે. આહાહા..! આવું છે, પ્રભુ!

એ **'નિજદ્રવ્યમાં...'** નિજદ્રવ્ય એટલે પોતાનું સ્વરૂપ. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનમાં **'સર્વતઃ...'** સર્વ પ્રકારે બિલકુલ વિકલ્પ છોડી દઈને **'સ્થિતિ કરો.'** એ મનુષ્યપણામાં કરવાનું કર્તવ્ય આ છે. જો ધર્મ અને મુક્તિ કરવી હોય તો. બાકી તો અનંતકાળથી રખડી મરે છે. આહાહા..! એક કળશમાં કેટલું ભર્યું છે! જોયું? આહાહા..! આ 'પ્રવચનસાર'નો શ્લોક છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૫૫

(मालिनी)

विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः
तपसि निरतचित्ताः शास्त्रसंघातमत्ताः ।
गुणमणिगणयुक्ताः सर्वसंकल्पमुक्ताः
कथममृतवधूटीवल्लभा न स्युरेते।।११५।।

**વળી (આ ૮૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-**

**[શ્લોકાર્થ :-] જેઓ વિષયસુખથી વિરક્ત છે, શુદ્ધ તત્ત્વમાં અનુરક્ત છે, તપમાં લીન જેમનું ચિત્ત છે, શાસ્ત્રસમૂહમાં જેઓ *મત્ત છે, ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે અને સર્વ સંકલ્પોથી મુક્ત છે, તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય? (અવશ્ય થાય જ.) ૧૧૫.**

## શ્લોક–૧૧૫ ઉપર પ્રવચન

**'વળી (આ ૮૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :'** હવે ૧૧૫મો શ્લોક આવ્યો. હવે શ્લોક.

विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः
तपसि निरतचित्ताः शास्त्रसंघातमत्ताः ।
गुणमणिगणयुक्ताः सर्वसंकल्पमुक्ताः
कथममृतवधूटीवल्लभा न स्युरेते।।११५।।

આહાહા..! ભાઈ! આ તો સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે ત્યાંથી આ વાણી આવી છે. આહાહા..! એ સમજવી કઠણ પડે એવી છે. આહાહા..!

**શ્લોકાર્થ :- 'જેઓ...'** વ્યાખ્યા. **'વિષયસુખથી વિરક્ત છે,..'** બાહ્ય તરફના વલણમાં

*** મત = મસ્ત; ઘેલા; અતિશય; પ્રીતિવંત; અતિ આનંદિત.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે સુખ માને એ કલ્પના છે, ધર્મી એનાથી વિરક્ત છે. આહાહા..! પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, સુંદર શરીરમાં, આત્મા સિવાય કંઈ પણ બીજી ચીજમાં વિશેષતા કંઈ લાગે, અધિકતા કાંઈ લાગે... આહાહા..! કાંઈક એમાં વિસ્મયતાની અચિંત્યતા લાગે એ બધો મિથ્યાત્વભાવ છે. મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ છે.

એ '**વિષયસુખથી વિરક્ત છે,...**' ધર્મી તો વિષયના સુખ, બહારના વિસ્મયથી વિરક્ત છે. આહાહા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન, એમાં જેની રક્તતા છે, લીનતા છે અને બહારના વિષયસુખથી વિરક્ત છે. અહીં રક્ત છે અને અહીંથી વિરક્ત છે. અજ્ઞાની સ્વભાવથી વિરક્ત છે, ત્યારે વિભાવમાં રક્ત છે. આહાહા..! અનાદિકાળથી પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર, તેનાથી વિરક્ત છે અને રાગની ક્રિયામાં અંદરમાં રક્ત છે. એ સંસારમાં રખડવાના લક્ષણ છે. આહાહા..!

અહીં '**જેઓ વિષયસુખથી વિરક્ત છે,...**' અહીંયાં ક્યાં સુખ છે? ધૂળમાં? સુખ તો અહીં પ્રભુમાં છે. અતીન્દ્રિય આનંદનો નાથ એમાં સુખ છે. આહાહા..! એ ઇન્દ્રિયના વિષયમાં, ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં, પૈસામાં, શરીરની સુંદરતામાં, મકાન આદિની વિશેષની વિસ્મયતામાં જે સુખ કલ્પે છે, એ મૂંઢ જીવ, મિથ્યાદૃષ્ટિ, અનંત જન્મ-મરણના ગર્ભને કરવાના કારણરૂપે ભાવ સેવે છે. આહાહા..!

અહીં કહે છે, કે '**જેઓ વિષયસુખથી વિરક્ત છે,...**' ભારે આકરું કામ. '**શુદ્ધતત્ત્વમાં અનુરક્ત છે,...**' શબ્દો બધા સરખા છે. જોયા? '**विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः**' બધા મેળવાળા શબ્દો છે. '**વિષયસુખથી વિરક્ત છે,...**' આત્માના આનંદના સ્વભાવ સિવાય કોઈપણ ચીજમાં જેને કાંઈ રતિ, ખુશીપણું ઉઠતું જ નથી. '**શુદ્ધ તત્ત્વમાં અનુરક્ત છે,...**' અહીંથી વિરક્ત છે તો અહીંથી અનુરક્ત છે. અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ તેમાં અનુસરીને રક્ત છે. આહાહા..! આવો ઉપદેશ કેવો પણ આ! માંડ માંડ પકડાય એવો ઉપદેશ. ઓલું તો સહેલુસટ હતું.

મુમુક્ષુ :– એને પકડાય એવો...

ઉત્તર :– માર્ગ જ આ છે ને. અનંતકાળમાં અભ્યાસમાં આવ્યો નથી એટલે એને આકરું લાગે. સત્‌ પ્રભુ અંદર (બિરાજે છે). આ તો નાશવાન ચીજ ધૂળ છે, આ તો માટી છે, આ તો હાડકા છે. પૈસા તો ક્યાંય ધૂળ છે. પૈસો તો એની પર્યાયમાં પણ નથી. શું કહ્યું એ? આ શરીરના રજકણો જે ધૂળ છે, એ તો આત્માની પર્યાય જે અવસ્થા એમાં પણ આ નથી. આ તો પર્યાયથી જુદી ચીજ છે. આત્મા જે દ્રવ્ય-ગુણ ત્રિકાળી ધ્રુવ છે, એમાં તો વર્તમાન જે પર્યાય અવસ્થા છે એ પણ નથી. હવે એની જે પર્યાય છે એમાં આ શરીર અને કર્મ એની પર્યાયમાં નથી. એની પર્યાયમાં અનાદિથી અજ્ઞાન અને રાગ-દ્વેષ અને વિકાર છે. એની અંદર હોય તો અજ્ઞાનીને પર્યાયમાં રાગ-દ્વેષ અને અજ્ઞાન છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. એની પર્યાયમાં પૈસો નથી, કર્મ નથી, શરીર નથી. કર્મ પર્યાયમાં નથી. કર્મ તો જુદી ચીજ છે. શરીર પણ જુદી ચીજ છે. મકાન, પૈસા, આબરૂ, કીર્તિ તો ક્યાંય ધૂળ બહારમાં રહી ગયા. એની પર્યાયમાં પણ નથી એ તો બહાર છે. આહાહા..! એનાથી તો વિરક્ત (છે) પણ પર્યાયમાં પરમાં સુખ માનવું એનાથી પણ વિરક્ત (છે). આવી વાતું છે, ભાઈ! 'સોનગઢ'ની વાતું કરે પછી નિશ્ચયની વાતું. આમ છે અને તેમ છે. અરે..! બાપુ! કરો. માર્ગ તો છે એ છે. આહાહા..!

**'શુદ્ધ તત્ત્વમાં અનુરક્ત છે, તપમાં લીન જેમનું ચિત્ત છે,...'** તપ એટલે આ અપવાસ આદિ નહિ. શુદ્ધ ચૈતન્ય આનંદનો ઘન, તેની ઉત્કૃષ્ટ નિર્મળતા, એનું નામ તપ. જેમ સોનાને ગેરુ લગાડતા સોનું ઓપે અને શોભે, એમ ભગવાનઆત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત, ચારિત્ર સહિત સ્વરૂપની રમણતામાં શુદ્ધતાથી ઓપે અને શોભે એને તપ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'તપમાં લીન જેમનું ચિત્ત છે,...'** આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એમાં જેની લીનતા છે, એનું નામ તપ કહેવાય છે. તપયન્તે ઇતિ તપઃ. જેમાંથી અશુદ્ધતા ટળે અને અતીન્દ્રિય આનંદ જાગૃત થાય, એને અહીંયા પરમાત્મા તપ કહે છે. બાકી બધી લાંઘણું છે.

**'શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે,...'** આહાહા..! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એમણે કહેલા જે શાસ્ત્રો, એમાં જે મસ્ત છે, ઘેલા છે. દુનિયાને ગાંડા જેવા લાગે. દુનિયા પાગલ છે એથી શાસ્ત્રજ્ઞાનવાળાને પાગલ જેવું લાગે. આહાહા..! ઘેલા છે.

એ પહેલા ત્યાં 'પાલેજ'માં અમારી દુકાનમાં એક સગાવ્હાલા હતા. એ વૈષ્ણવ હતા. પછી આ સત્ શું કહેવાય ઓલી? સત્યનારાયણની કથા, નહિ? સત્યનારાયણની કથા કરતા. વિષ્ણુ હતા. પછી ત્યાં અંદર ગાતા. 'જગતડા કહે છે રે ભગતડા ઘેલા છે. પણ ઘેલા ન જાણશો રે પ્રભુને ત્યાં પહેલા છે.' આ તે દિ' (સંવત) ૧૯૬૪-૬૫ની વાત છે. સંવત ૬૪ અને ૬૫. એ વૈષ્ણવ હતા. ઘોઘાના. લાતીનો મોટો વેપાર હતો. લાતી હતી. હવે એના છોકરા તો 'ભરૂચ' રહે છે. પણ બધા ત્યાં સગાવહાલામાં સંબંધ ખરા ને? ત્યાં સત્યનારાયણની કથા હોય તો જાવું તો પડે. ત્યાં આ ગાતા. 'જગતડા કહે છે રે ભગતડા ઘેલા છે. પણ ઘેલા ન જાણશો રે, પ્રભુને ત્યાં ઇ પહેલા છે.' આહાહા..! એ કાંઈક બીજી ભાષા હતી.

મુમુક્ષુ :– કાલા.

ઉત્તર :– 'જગતડા કહે છે રે ભગતડા કાલા છે, પણ કાલા ન જાણશો રે પ્રભુને ત્યાં ઇ વહાલા છે.' તે દિ' એવું ગાતા. આ તો ૭૨ વર્ષ પહેલાની વાતું છે.

એમ અહીં કહે છે, જ્ઞાની **'શાસ્ત્રસમૂહમાં...'** ઘેલા છે. છે? મત્ત છે, મત્ત છે. શાસ્ત્રના જ્ઞાનમાં મસ્ત છે. દુનિયાને ઘેલા જેવું, ગાંડા જેવું લાગે છે. શું આવી વાતું કરે છે? આજે આખો દિ' વાતું ચાલે છે એમાં કોઈ એવી વાત જ આવતી નથી. નવી નવી વાતું. આમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે, તેમ કરે, ઢીંકણું. આહાહા..! **'શાસ્ત્રસમૂહમાં...'** સિદ્ધાંત સર્વજ્ઞ વીતરાગના શાસ્ત્રમાં, એના જ્ઞાનના સમૂહમાં જેઓ મત્ત છે. નીચે (ફૂટનોટમાં અર્થ) છે ને? **'મસ્ત;..'** છે **'ઘેલા;...'** છે. **'અતિશય પ્રીતિવંત;..'** છે. અંતર સમ્યગ્જ્ઞાનમાં અતીશય પ્રીતિવંત ધર્માત્મા છે. આહાહા..! આ લૌકિકજ્ઞાન આ વકિલાત, ડોક્ટર ને એ બધા ગાંડા જ્ઞાન છે, પાગલના જ્ઞાન છે. આહાહા..! આ ઘેલા છે. અંતર સ્વરૂપના જ્ઞાનમાં વીતરાગે કહેલું જે શાસ્ત્રજ્ઞાન, તેમાં ધર્માત્મા ઘેલા છે, મસ્ત છે. આહાહા..! જેની મસ્તી જગતને ઘેલા જેવું લાગે એવું છે. આહાહા..! અને દુનિયાના પાગલ એ ધર્મીને ગાંડા જેવા, પાગલ જેવા લાગે. 'પરમાત્મપ્રકાશ'માં છે. 'પરમાત્મપ્રકાશ' શાસ્ત્ર છે ને? એમાં આ લખાણ છે. પાગલોને ધર્માત્મા પાગલ જેવા લાગે. ધર્માત્માને દુનિયા પાગલ જેવી લાગે. આહાહા..!

મુમુક્ષુ :– બેમાંથી સાચું કોણ?

ઉત્તર :– સાચું તો જે આ સાચું છે એ સાચું છે. આત્માના જ્ઞાનમાં શાસ્ત્રસમૂહમાં ઘેલા છે એ સાચા છે. દુનિયાના જ્ઞાનમાં પ્રવિણ છે તે ઘેલા અને પાગલ છે. દુનિયાની વાતું કરવા બેસે તો જાણે મોટા દેવના દીકરા ઉતર્યા. પાંચ-પચ્ચીસ માણસ બેઠા હોય અને વાતું કરે છે આમ છે, તેમ છે, ઢીકણું છે, ફીકણું છે. અલક-મલકની માંડે. અગમ્ય-ગમ્યની નહિ પણ અલક-મલકની. આહાહા..!

ધર્માત્મા... આહાહા..! **'જેઓ વિષયસુખથી વિરક્ત છે,...'** વિષયસુખમાં રુચિ ઊડી ગઈ છે. આહાહા..! એક મ્યાનમાં બે તલવાર ન રહે. પરમાં સુખબુદ્ધિ રહે અને આત્મામાં સુખબુદ્ધિ રહે એમ બે ન રહી શકે. આહાહા..! જેને પરમાં સુખબુદ્ધિ (નથી), ઇન્દ્રના ઇન્દ્રાસન હોય પણ સમકિતી-ધર્મીને સુખબુદ્ધિ ઊડી ગઈ છે. અને પોતામાં **'અનુરક્ત છે,...'** શુદ્ધ તત્ત્વ જે આનંદનો નાથ પ્રભુ, તેમાં અનુરક્ત છે. આહાહા..! કળશો પણ આવ્યા છે ને! અમૃતથી ભરેલા કળશો છે. જે અંતરમાં લીન છે, શાસ્ત્રસમૂહમાં જેઓ ગાંડા-ઘેલા થઈ ગયા છે. **'ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે...'** લ્યો, આ દુનિયા મણિ ને રત્નથી યુક્ત છે. આહાહા..! બધા ગાંડા જેવા લાગે. 'મુંબઈ' તમારો શેઠ મળ્યો હતો કે નહિ? 'ચીમનભાઈ' નોકર હતા. વૈષ્ણવ છે. પચાસ કરોડ રૂપિયા છે. પચાસ કરોડ. નામ શું?

મુમુક્ષુ :– રામદાસ કીલાચંદ દેવચંદ.

ઉત્તર :– આવ્યા હતા. દર્શન કરવા આવે ને. પચાસ કરોડ. વૈષ્ણવ. બૈરાઓ બધા શ્વેતાંબર જૈન. બૈરાઓ બધા શ્વેતાંબર જૈન અને આદમીઓ બધા વૈષ્ણવ. એટલે દર્શન કરવા આવેલા. આવ્યા હતા. એક હજાર રૂપિયા મૂક્યા, નાળિયેર મૂક્યું. બૈરાઓ શ્વેતાંબર જૈન ખરા ને? મહારાજ! ઘરે પગલા કરશો? આ તો વૈષ્ણવ. એને પ્રેમથી બતાવતો હતો. વૈષ્ણવ તો ઈશ્વરકર્તા માને છે ને? મેં કીધું પણ ઈશ્વરકર્તા માને છે પણ તમે 'નરસિંહ મહેતા'નું નથી સાંભળ્યું? 'નરસિંહ મહેતા'એ શું કીધું છે? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' આ તમારા વૈષ્ણવ 'જૂનાગઢ'ના 'નરસિંહ મહેતા' એણે કહ્યું છે. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્ન્યો નહિ...' આત્માનું જ્ઞાન અને અનુભવ ન કર્યો ત્યાં સુધી સાધના, એ ભક્તિ, પૂજા, વ્રત, દાન બધા મોટા મીંડા છે. એકડા વિનાના મીંડા. એ આકડાના મીંડા ગણાય નહિ. સાંભળતા હતા બિચારા. અમારે ક્યાં એની પાસેથી લેવું હતું. પચાસ કરોડ રૂપિયા.

અહીંયાં તો કહે છે, ગુણરૂપી મણિ. ધર્મી પાસે તો અંતર ગુણરૂપી મણિ હોય છે. જ્ઞાન-દર્શન-આનંદ આદિ મણિ અંદર છે એ ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે. એ **'ગુણરૂપી મણિના સમુદાય...'** સમુદાય એટલે ગુણનો આખો ભંડાર છે. આત્મા અનંત અનંત ગુણનો મોટો સમુદાય, ભંડાર છે. આહાહા..! પરમેશ્વર છે, ભગવંત છે, પ્રભુ છે. આહાહા..! એ **'ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે અને સર્વ સંકલ્પોથી મુક્ત છે,...'** અહીં તો ઉત્કૃષ્ટ વાત લેવી છે ને? ધર્મની ધર્મદશા થતાં **'સંકલ્પોથી મુક્ત છે...'** એને પ્રભુના સ્મરણનો સંકલ્પ પણ જેને નથી. એનાથી મુક્ત છે અને આત્માના સ્વરૂપમાં મસ્ત થઈ ગયા છે. આહાહા..!

**'તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય?'** આહાહા..! આવા જીવો મુક્તિ એટલે મોક્ષ, પરમઆનંદનો લાભ એવી મુક્તિ, પરમ અતીન્દ્રિયનો લાભ એવી જે મુક્તિ, આવા જીવો એ મુક્તિના વલ્લભ કેમ ન થાય? એટલે કે એને મુક્તિ કેમ ન થાય? આહાહા..! મુક્તિ થાય જ. આહાહા..! ગાંડા જેવું લાગે. પણ અમે આટલા વર્ષથી આ બધું સાંભળ્યું એનું શું કરવું? મીંડા વાળવા. આ તો નવા એકડા ઘૂંટવાની વાત છે. આહાહા..! છે?

**'મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય?'** આવા જીવો અંતરમાં... આહાહા..! જેને વિષયસુખની વિરક્તતા, શુદ્ધતત્ત્વની લીનતા, અંતરના તપમાં તો મસ્ત, શાસ્ત્ર સમુદ્રમાં ઘેલા... આહાહા..! **'ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે અને સર્વ સંકલ્પોથી મુક્ત છે,...'** આહાહા..! એને મુક્તિ મળે, મુક્તિ-મોક્ષ એને થાય. બીજાને મોક્ષ થાય નહિ. આહાહા..! એ બે કળશ થયા.

## ગાથા-૮૭

**मोत्तूण सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८७।।**

**मुक्त्वा शल्यभावं निःशल्ये यस्तु साधुः परिणमति।**
**स प्रतिक्रमणमुच्यते प्रतिकर्मणमयो भवेद्यस्मात्।।८७।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



इह हि निःशल्यभावपरिणतमहातपोधन एव निश्चयप्रतिक्रमणस्वरूप इत्युक्तः।

निश्चयतो निःशल्यस्वरूपस्य परमात्मनस्तावद् व्यवहारनयबलेन कर्मपंकयुक्तत्वात् निदानमायामिथ्याशल्यत्रयं विद्यत इत्युपचारत। अत एव शल्यत्रयं परित्यज्य परमनिःशल्यस्वरूपे तिष्ठति यो हि परमयोगी स निश्चयप्रतिक्रमणस्वरूप इत्युच्यते, यस्मात् स्वरूपगतवास्तवप्रतिक्रमणमस्त्येवेति।

---

**જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે ૮૭.**

અન્વયાર્થ :– [यः तु साधुः] જે સાધુ [शल्यभावं] શલ્યભાવ [मुक्त्वा] છોડીને [निःशल्ये] નિઃશલ્યભાવે [परिणमति] પરિણમે છે, [सः] તે (સાધુ) [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ [उच्यते] કહેવાય છે, [यस्मात्] કારણ કે તે [प्रतिक्रमणमयः भवेत्] પ્રતિક્રમણમય છે.

ટીકા :– અહીં નિઃશલ્યભાવે પરિણત મહાતપોધનને જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.

પ્રથમ તો, નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્માને, વ્યવહારનયના બળે કર્મપંકથી યુક્તપણું હોવાને લીધે (-વ્યવહારનયે કર્મરૂપી કાદવ સાથે સંબંધ હોવાને લીધે) 'તેને નિદાન, માયા અને મિથ્યાત્વરૂપી ત્રણ શલ્યો વર્તે છે' એમ ઉપચારથી કહેવાય છે. આમ હોવાથી જ ત્રણ શલ્યો પરિત્યાગીને જે પરમ યોગી પરમ નિઃશલ્ય સ્વરૂપમાં રહે છે તેને નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે, કારણ કે તેને સ્વરૂપગત (-નિજ સ્વરૂપ સાથે સંબંધવાળું) વાસ્તવિક પ્રતિક્રમણ છે જ.

---

## ગાથા–૮૭ ઉપર પ્રવચન

---

૮૭ ગાથા. ૮૭ ગાથા.

**मोत्तूण सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८७।।**

આ પ્રતિક્રમણની વ્યાખ્યા ચાલે છે. શુભ-અશુભરાગથી ખસી અને સ્વરૂપમાં રમે તેને પ્રતિક્રમણ કહીએ. પ્રતિક્રમ. પ્રતિ એટલે પાછો ફરીને. ચાહે તો દયા, દાનના, વ્રતના પરિણામ હોય પણ એ તો બંધનું કારણ છે. એનાથી પાછો ખસીને સ્વરૂપમાં ઠરે એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આ સાંજ-સવાર પ્રતિક્રમણ કરે ણમો અરિહંતાણં, ણમો... મિચ્છામિ દુક્કડમ. લ્યો થઈ ગયા પડિક્કમણા. અરે..! ભાઈ! એક સમયનું પડિક્કમણું તેને મુક્તિ આપે એવી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશા છે. એવા પડિક્કમણાના થોથા તો અનંતવાર કર્યા. આહાહા..!

**मोत्तूण सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८७।।**

નીચે.

**જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે ૮૭.**

**'ટીકા :– અહીં નિઃશલ્યભાવે પરિણતિ મહાતપોધનને જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.'** શું કહે છે? નિઃશલ્ય. મિથ્યાશલ્ય, નિદાનશલ્ય, માયાશલ્ય. તસ્સ ઉતરીમાં આવે છે. તસ્સ ઉતરી કરણેણં પ્રાયશ્ચિત કરણેણં વિશલ્યકરણેણં. એને અર્થની પણ ખબર ન હોય. તસ્સ ઉતરી, તસ્સ ઉતરી, પહેલો પાઠ. પહેલો ણમો અરિહંતાણ, બીજો તીક્ખુતો, ત્રીજો ઇચ્છામી પડિક્કમણા ચોથો સૂત્રી. વિશલ્યીકરણ. શલ્ય રહિત થવા માટે. એ શલ્ય, મિથ્યાશલ્ય, નિદાનશલ્ય, માયાશલ્ય. આહાહા..! એ ત્રણ શલ્યરહિત નિઃશલ્યભાવે પરિણમે... આહાહા..! એવા **'મહાતપોધનને જ નિશ્ચયપ્રતિક્રમણ...'** એટલે નિશ્ચયધર્મ હોય છે. એને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે. વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૮૭, ગાથા-૮૭, બુધવાર, માગશર સુદ ૨, તા.૨૧-૧૧-૧૯૭૯**

---

'નિયમસાર' ૮૭ ગાથા.

**मोत्तूण सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८७।।**

**જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે ૮૭.**

સાધુની મુખ્યતાથી વાત કરી છે.

**ટીકા :- 'અહીં નિઃશલ્યભાવે પરિણત...'** આહાહા..! નિઃશલ્ય આવે છે તસ્સ ઉતરીમાં? તે વખતે કહ્યું હતું ને? 'પ્રવીણભાઈ'! તસ્સ ઉતરી કર્યું હતું કે નહિ સ્થાનકવાસીમાં? તસ્સ ઉતરી નિઃશલ્ય-શલ્યરહિત. મિથ્યાશલ્ય, માયાશલ્ય, નિદાનશલ્ય. ઘણો વિસ્તાર છે. મિથ્યાશલ્યમાં ઘણા અનંત પ્રકાર મિથ્યાત્વના (છે). ટૂંકામાં અસંખ્ય. આત્મા પૂર્ણાનંદસ્વરૂપ તેનાથી વિરૂદ્ધ જે રાગાદિ ભાવને પોતાના માનવા એ મિથ્યાદર્શન શલ્ય છે. એ શલ્ય છે એ ચાર ગતિમાં રખડવાનું કારણ છે. આહાહા..! એ અહીં ત્રણ શલ્ય રહિત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અહીં નિઃશલ્યભાવે પરિણત...'** ત્રણ જે શલ્ય છે. એક રાગનો કણ અને રજકણ તે મારો છે અને હું એનો છું એવી જે અંતર માન્યતા છે એ મહામિથ્યાત્વશલ્ય છે. આહાહા..! કરોડપતિ, અબજપતિ, લખપતિ કહેવાય છે એ લખપતિ કહેવાય છે પણ જે પતિ માને છે, લખનો પતિ છું, કરોડનો પતિ છું, એ મિથ્યાદર્શન શલ્ય મોટું શલ્ય છે. આહાહા..! જે અનંતા જન્મ અને મરણની ઉત્પત્તિનો ગર્ભ છે. મિથ્યાત્વ ગર્ભ છે. આહાહા..! અહીં કહે છે, **'નિઃશલ્યભાવે પરિણત...'** એ ત્રણ શલ્યરહિત જેની દશા થાય છે. ત્રિકાળી આનંદસ્વરૂપ ભગવાન, એનો અનુભવ થઈને નિર્મળ શુદ્ધ અતીન્દ્રિય આનંદની દશા (થાય છે). દરિયામાં જેમ કાંઠે ભરતી આવે, એમ આત્માની પર્યાયમાં, વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે. એને નિઃશલ્યરૂપે પરિણમેલો કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું છે.

એવા **'નિઃશલ્યભાવે પરિણત મહાતપોધનને જ...'** મહામુનિ સંતોને જ **'નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.'** આહાહા..! વ્યવહાર પ્રતિક્રમણ કરે, મિચ્છામી.. એને નહિ. શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસકંદ, તેના અનુભવમાં શલ્યરહિત થઈને પરિણતિ કરે, પર્યાયમાં વીતરાગી દશા ઉત્પન્ન કરે, એને નિઃશલ્યભાવે પરિણત તપોધન, પરમાર્થપ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..!

**'પ્રથમ તો, નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા...'** શું કહે છે? આ પરમાત્મા જે પોતે આત્મા, એ તો નિઃશલ્ય છે. એના સ્વરૂપમાં શલ્ય છે નહિ. આહાહા..! પરમાત્મા–આત્મા એને કહીએ, કે જે નિશ્ચયથી પ્રથમ નામ મુખ્ય તો આ કહેવું છે, કે ભગવાનઆત્મા અંદર અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય શાંતિ, એવો જે નિઃશલ્ય સ્વભાવ, એ પરમાત્મા (છે) એટલે એ આત્મા છે. શું કીધું સમજાણું? આ આત્મા છે એ નિઃશલ્ય આત્મા પરમાત્મા જ છે. આહાહા..! રાગાદિ તો નથી પણ અલ્પતા પણ એનામાં નથી. એવો જે આ આત્મા નિઃશલ્યભાવે (બિરાજમાન છે). આહાહા..! શું કહે છે?

**'નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા..'** આહાહા..! આ આત્મા જે અંદર છે, એને તો પરમાત્માએ નિઃશલ્ય પરમાત્મસ્વરૂપ જ કહ્યું છે. એમાં મિથ્યાત્વ, નિદાન, માયા, ક્રોધ કે રાગ એના પરમાત્મસ્વરૂપ-દ્રવ્યસ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યક્ધર્મની પહેલી દશા... આહાહા..! જન્મના અંતને લાવવાની પહેલી દશા–સમ્યગ્દર્શન. એનો જે વિષય આત્મા (છે) એ તો નિઃશલ્ય પરમાત્મા છે. આહાહા..! કોનો? આ (નિજ આત્મા). ભગવાન થઈ ગયા એની અહીં વાત નથી. આહાહા..!

અહીં તો પહેલેથી ઉપાડ્યું છે. મૂળ વાત આ કહેવી છે કે સાચો ધર્મ અને સાચું નિઃશલ્ય પરિણમન કોને હોય? કે જે પ્રથમ પોતાના આત્માને નિઃશલ્ય પરમાત્મા તરીકે જાણે છે તેને. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજી વાત એ કહેવી છે, કે એમ પરમાત્મા કહે છે, નિશ્ચયથી તો ખરેખર નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા (છે). આહાહા..! અંદર ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ કેવળ સત્ય અને પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, ધ્રુવસ્વરૂપ ભગવાન, અનાદિઅનંત એકરૂપ જેની સ્થિતિ છે એવો નિઃશલ્ય પરમાત્મા નિશ્ચયથી તો આ પરમાત્મા નિઃશલ્ય છે, શલ્યરહિત જ છે. આહાહા..! એને શલ્યવાળો માનવો, મનવાળો માનવો, રાગવાળો માનવો, પૈસાવાળો માનવો એ તો મિથ્યાદર્શન શલ્ય છે. આહાહા..! મિથ્યાશ્રદ્ધાનું મહાશલ્ય. ચોરાશીમાં રખડવાનું શલ્ય છે. કેમ કે આત્મા તો નિઃશલ્ય પરમાત્મા છે. કોનો? દરેકનો. પરમાત્મા થઈ ગયા એની વાત અહીં નથી. આહાહા..!

ખરેખર મુખ્ય મુદ્દાની વાત એ છે, કે નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા... આહાહા..! પરમસ્વરૂપ જે આત્મા અંદર ભગવત્સ્વરૂપ અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતા, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવી શક્તિઓનો સાગર ભગવાનઆત્મા નિશ્ચયથી તો શલ્યરહિત જ પરમાત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું આકરું પડે. આ તો દયા પાળવી ને વ્રત કરવા ને ભક્તિ કરવી, એ બધો રાગ સ્વરૂપમાં છે જ નહિ. એ તો નિઃશલ્ય પરમાત્મા છે. આહાહા..! આકરું કામ છે.

મિથ્યાત્વનું પ્રતિક્રમણ ક્યારે થાય?

આ આત્મા શરીર, વાણી, મન, કર્મ, લક્ષ્મી-પૈસો, એનાથી તો જુદો છે, એ મારા નથી પણ અંદર પુણ્ય દયા, દાન ને વ્રતના ભાવ એ પણ મારા નથી. મારામાં નથી, એનામાં હું નથી. આહાહા..! એવો જે આત્મા, મુખ્ય વાત તો એ કહેવી છે, કે નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા આ આત્મા (છે). આહાહા..! સમજાય છે આમાં? આ દેહ તો માટી-ધૂળ છે. પૈસા-બૈસા એ તો માટી-ધૂળ. જગતની જડ પુદ્ગલ માટી છે. એ મારા એ માન્યતા તો મિથ્યાત્વશલ્ય છે. મિથ્યાત્વશલ્ય છે એ જ અપ્રતિક્રમણ છે એટલે કે દોષ છે. આહાહા..! એ ઉપરાંત અંદરમાં માયા, નિદાન, પુણ્ય અને પાપના ભાવ મારે કરવા જેવા છે અને એ પુણ્ય કરું તો એનું ફળ મને કાંઈક સ્વર્ગ આદિ કે પૈસા આદિ, ધૂળ આદિ મને મળશે એવો જે મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવના શલ્યથી રહિત પરમાત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એકસાથે જ જાય છે. એક જાય તો ત્રણે સાથે જ જાય છે. નિઃશલ્યીકરણેન એમ કહ્યું છે ને? પહેલા સ્થાનકવાસીમાં તસ્સ ઉત્તરી કર્યું હતું? નહોતું કર્યું. તસ્સ ઉત્તરી આવે છે. પહેલું ણમો અરિહંતાણં, પછી તિક્ખુત્તો પછી તસ્સ ઉત્તરી કરણેન. એમાં નિઃશલ્યીકરણેન (અર્થાત્) શલ્યરહિત થઈને હું મારો કાયોત્સર્ગ નામ રાગથી દૂર થઈને સ્વરૂપમાં સ્થિર થાઉં છું. આહાહા..! તસ્સ ઉત્તરી કર્યું હતું કે નહિ? 'ન્યાલભાઈ'! નહિ કર્યું હોય. પૈસા આદિમાં નવરા ક્યાં હતા. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- મિથ્યા જે શલ્ય છે ...

ઉત્તર :- ત્રણ શલ્ય છે. મિથ્યાશલ્ય, નિદાનશલ્ય કે આ કાંઈ પુણ્ય કરું તો એનું ફળ મને ત્યાં સારું મળે.

મુમુક્ષુ :- એ તો મિથ્યાત્વશલ્ય..

ઉત્તર :- એ તો નિદાનશલ્યની વાત અને નિદાન ... છે. અને માયાશલ્ય. કપટ. કુટિલતા, કપટ કરીને સરળતા બતાવવી એ પણ એક શલ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :— માયા, ક્રોધ, માન ...

ઉત્તર :- ત્રણે શલ્ય એકસાથે જ છે.

અહીં તો બીજું કહેવું છે કે આ જે આત્મા જે અંદર વસ્તુ છે, જેને નવતત્ત્વમાં આત્મતત્ત્વ કહીએ, એ તત્ત્વ તો નિઃશલ્યસ્વરૂપે પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! ... પાંચ, પચાસ કરોડ રૂપિયા, મોટા બંગલા પચાસ-પચાસ લાખના, બાયડી-છોકરા અને ધંધા... ઓહોહો..! ફાલ્યો-ફૂલ્યો. પાપમાં ફાલ્યો-ફૂલ્યો દેખાય. પાપમાં.

અહીં તો કહે છે, પ્રભુ! મુખ્ય વાત એ કહેવી છે કે **'પ્રથમ તો, નિશ્ચયથી...'** ખરેખર **'નિઃશલ્યસ્વરૂપ પરમાત્માને,....'** આ આત્મા નિશ્ચયથી તો નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા છે. એને વ્યવહારે આ શલ્ય લાગુ પડી ગયા છે એમ કહે છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! વીતરાગમાર્ગ. વીતરાગમાર્ગ ઝીણો બહુ. આ બહારથી આમ કરો, આ કર્યા, આ કર્યા, આ કર્યા... પૈસા ઉઘરાવવા, મંદિરો બનાવવા, એમાં લાભ માનવો... આહાહા..! એ મિથ્યાત્વશલ્ય છે.

જગતની ચીજ જગતને કારણે ટકીને બદલે છે. બીજી રીતે કહીએ તો કોઈ દ્રવ્ય નકામું નથી. એટલે શું? કોઈપણ દ્રવ્ય પોતાની પર્યાયની અવસ્થાના કાર્ય વિનાનું નથી. આહાહા..! ક્યાં જાવું જગતને? જગતમાં, પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ કહે છે, કે આ જગતમાં કોઈપણ દ્રવ્ય નકામું નથી. એટલે કે પર્યાયરૂપી કાર્ય વિનાનું દ્રવ્ય નથી. દ્રવ્ય અને ગુણ તો બધા ત્રિકાળી છે પણ એનું કાર્ય-પર્યાયરૂપી કાર્ય વિનાનું દ્રવ્ય નથી. એને બીજો એમ કહે કે આની પર્યાય, આનું કાર્ય હું કરું, એ મિથ્યાદર્શન શલ્ય અને મહાપાપ છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

સત્યસ્વરૂપ પરમાત્મા, જિનેશ્વરદેવે જે આત્મા કહ્યો, બીજાએ કહ્યો એ નહિ. પરમેશ્વર જિનેશ્વર સર્વજ્ઞ વીતરાગ, એણે જે આત્મા કહ્યો, એ નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા છે. આહાહા..! એમાં રાગનો અંશ નથી અને રાગ મારો એવું મિથ્યાત્વ નથી અને રાગ કરું તો એનું કાંઈક ફળ મળે એવું એના સ્વરૂપમાં નથી. આહાહા..! થોડું પણ ઘણું સમાવ્યું છે. અંદર છે કે નહિ? આહાહા..! ... છે ને? અંદર છે. નિશ્ચય છે ને? ... છે ને? આહાહા..! વાત તો એક ઇ સાંભળવી જોઈએ, પ્રભુ! અંદર ભગવાન જે આત્મા છે એ તો ત્રણ શલ્યરહિત જ છે. ત્રિકાળ. ચાહે તો નિગોદમાં હોય, ડુંગળીમાં હોય, લસણમાં હોય પણ આત્મા જેને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહીએ, પરમાત્મા કહીએ... આહાહા..! એ આત્મા તો નિઃશલ્યસ્વરૂપ જ આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– શરૂઆત...

ઉત્તર :– ... નથી રાખ્યું? રાગથી રહિત થઈ નિઃશલ્ય સ્વરૂપ મારું છે એવી અંતર દૃષ્ટિ અને અનુભવ કરવો એ કરવાનું છે. બાકી બધા થોથાં છે. આહાહા..! છે કે નહિ એમાં? 'ન્યાલભાઈ'! આ ન્યાલ કરવાનો રસ્તો છે. બધા ... ... બધા અન્ય માર્ગમાં ... છે. રખડવાના. આહાહા..!

મુમુક્ષુ :– હવે કરવું શું?

ઉત્તર :– એ કાલે જ કહેતો હતો કે બાયડી-ભાયડો બે જ છે. પૈસા ઘણા છે. કરોડ, બે કરોડ આપી દે તો. પણ એને કાંઈ કહી શકે નહિ. બાયડી-ભાયડો બે જ છે. ચાર કરોડ રૂપિયા ઉપર રૂપિયા છે એની પાસે. ધૂળ-ધૂળ, માટી. એ માટી મારી છે અને હું એનો છું અને તેને હું ખર્ચી શકું છું, રક્ષણ કરી શકું છું, તેનું વ્યાજ ઉપજાવી શકું છું, અને કોઈ ઠેકાણે પાડીને ઘણા પૈસા એટલે કે વેપારમાં પણ કોઈ કોઈને પાંચ-દસ લાખ આપીને રૂપિયાનું વ્યાજ અને અડધો ભાગ એમ કરીને બધી વ્યવસ્થા હું કરી શકું છું. એ બધી માન્યતા મિથ્યાદર્શન શલ્ય છે.

મુમુક્ષુ :– અમે કરીએ છીએ એ કાંઈક તો સાચું છે કે નહિ?

ઉત્તર :– સાચું છે ને. સાચું છે. ખોટી શ્રદ્ધા છે એ સાચું છે. મિથ્યાશ્રદ્ધા એ સાચી છે. એ મિથ્યાશ્રદ્ધા ખોટી નથી, મિથ્યાશ્રદ્ધા સાચી છે. આહાહા..! ભારે કામ, ભાઈ!

વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમેશ્વરનો હુકમ છે, એની આજ્ઞામાં દિવ્યધ્વનિમાં આ આવ્યું છે એ સંતો જગતને જાહેર કરે છે. આહાહા..! એક લીટીમાં તો મહા ભર્યું છે. સવારમાં એ આવ્યું હતું ને, કે આત્મા પરમાર્થે પોતાથી અકારક છે. સવારમાં આવ્યું હતું ને? આત્મા પોતાથી અકારક છે. એ જ આ વાત છે. આહાહા..! એ તો નિમિત્ત પરદ્રવ્ય ઉપર એનું લક્ષ જાય છે તેથી તે વિકાર ઊભા કરે છે, એ નિમિત્ત-નિમિત્ત સંબંધ ઊભો કરે છે, ત્યારે તે રાગ અને વિકારનો કર્તા મિથ્યાદૃષ્ટિ થાય છે. એના સ્વભાવમાં રાગનું કરવું અને રાગના ફળને ઇચ્છવું એવું એના સ્વરૂપની અંદર છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? છે એમાં? આ તો પહેલી લીટીનો અર્થ થાય છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- આકરું પડે... પણ બધી વાતું ... આ તમે પાંચ લાખ આપ્યા હતા અને બાર આનાના વ્યાજે અત્યાર સુધી ખાધા. હવે મૂળ રકમ છે એ તો લાવ. વ્યાજ એક કોર રહ્યું, રકમ (લાવ). રકમ નથી. વ્યાજ બાર મહિને આપશું. પહેલા બાર આના હતું ને, આઠ આના (હતું). હવે વધી ગયું છે. મુદ્દાની રકમ છે? એમ આ મુદ્દાની રકમ નિઃશલ્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાત્મા છે કે નહિ? આહાહા..! કે રાગ, પુણ્ય, દયા, દાન, વિકલ્પ એ જ છે? આહાહા..! આકરું કામ, પ્રભુ! શું થાય? .. ઓછા થયા. .... થોડા. ... આહાહા..! જે સમયે જે પર્યાય થવાની હોય એ જાય ક્યાં? આહાહા..!

**'પ્રથમ તો,...'** મુખ્ય વાત એ કહેવી છે કે નિશ્ચય એટલે ખરેખર તો સાચે સાચી વાત કહીએ તો નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા છે. પોતે પરમાત્મા નિઃશલ્યસ્વરૂપ જ પરમાત્મા છે. આહાહા..! સાંભળ્યું ન હોય તો બેસે ક્યાંથી? ... આહાહા..! આ દાનનું આવે છે કે નહિ? દાન અધિકારમાં. ત્યાં આપ્યું છે ને? ... 'પદ્મનંદિ પંચવિંશતી'.

મુમુક્ષુ :– ઉકડિયાની વાત..

ઉત્તર :– ઉકડિયાની વાત છે. માટીનું જે આ વાસણ છે, હાંડલું, એમાં ચોખાની ખીચડી જરી દઝાય છે. એ તો ચોખા-ખીચડી જે હોય એ ખાય. પછી ઓલું દાઝેલું ઉકડીયા ખાય. દાઝેલાને ઉકડીયા કહે છે. 'પદ્મનંદિ પંચવિશતિ'માં સિદ્ધાંત છે. એ ઉકડિયા કાઢી નાખે ત્યારે નીચે ન નાખે. અમારે ત્યાં 'પાલેજ'માં અમારી દુકાનની પાછળ એક મુસલમાન હતા. એ પત્થરનું ઓલું રાખતા. પત્થરનું.. જે વધ્યું-ઘટ્યું (હોય ઇ) એમાં નાખે. બહાર નાખે તો ધૂળ થઈ જાય ને. આ તો પોણોસો વર્ષ પહેલાની વાત છે. અમારે 'પાલેજ'ની વાત છે. અમારી દુકાન હતી એની પાછળ હતું. એ ઉકડિયામાં નાખે. એ ઉકડિયા એકલો કાગડો ન ખાય. કૂતરો એકલો ખાય. એકલો એ ખાય અને બીજા આવે તો વઢે. બીજો જો કૂતરો આવે તો વઢે. કાગડાનો એવો સ્વભાવ નથી. એ ઉકડિયો એકલો ન ખાય. બે-પાંચ બધાને કૌ.. કૌ... કૌ.. કરીને ખાય. ત્યાં 'પદ્મનંદિ પંચવિંશતિ'માં દાખલો આપ્યો હતો. 'પદ્મનંદિ' મુનિ ભાવલિંગી સંત, દિગંબર મુનિ છે. એ ઉકડિયા એકલો ખાય એ કૂતરો કહેવાય અને એ ઉકડિયાને ભેગા કરીને ખાય એ કાગડા. એમ આ ઉકડિયા બહારની ધૂળ તને ઉકડિયા મળ્યા છે. કેમ? કે પૂર્વમાં તારી શાંતિ બળી હતી ત્યારે આ પુણ્યભાવ થયા હતા. તારી શાંતિ બળી હતી એ શુભભાવ ઉકડિયા છે. એ શુભભાવમાંથી આ પૈસો મળ્યો-ધૂળ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ ઉકડિયા કહ્યા, આમ પૂર્વના પુણ્યને લઈને મળ્યું. પણ મળેલી ચીજ છે એ પાપ છે. અહીં મળેલી એ પરિગ્રહ છે. ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ અને દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ છે. એમાં મળેલી ચીજ એ પાપ છે. મળી છે તે પૂર્વના પુણ્યને લઈને પણ મળી છે તે પાપ છે. માટે મળેલી ચીજોવાળો પાપી છે. એ પુણ્યવંત્ત અંદર નથી. એને એમ કહ્યું છે, કે ઉકડિયા કાગડો એકલો ન ખાય. એમ તને કાંઈક પૂર્વના પુણ્યને લઈને વર્તમાન પાપ મળ્યું હોય, પૂર્વના પુણ્યને લઈને વર્તમાન પાપ (મળ્યું હોય)... એ શું કહ્યું? પૂર્વના પુણ્યના શુભભાવ પરમાણુ પડ્યા હતા, એ શુભ. મળ્યું એ પુણ્ય નથી પણ ચીજ મળી છે એ પરિગ્રહ પાપ છે. પરિગ્રહ જે છે એ પાપ છે. એ પાપના ઉકડિયામાં એકલો જો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખા.. આહાહા..! અને જો ભાગ ન પાડ તો કાગડામાંથી જાઈશ. ત્યાં એમ કહ્યું છે.

મુમુક્ષુ :– કાગડામાંથી જઈશ એમ વાણિયામાંથી જઈશ એમ ન કહ્યું.

ઉત્તર :– વાણિયો તો ક્યાંય રહ્યો હવે. વાણીયો હતો કે દિ'? અરે..! જગતને ક્યાં બિચારા... ક્યાંનું ક્યાં રખડે છે. ત્યાં એમ કાગડાનું કહ્યું છે આચાર્યે કહ્યું છે, હોં! મુનિ પોતે ભાવલિંગી સંત છે, નગ્ન મુનિ દિગંબર છે એનો પોકાર છે, કે એ મળેલી ચીજ છે એ પાપ છે. તને મળ્યું છે એ. પૂર્વનું પુણ્ય હતું પણ મળ્યું છે એ પાપ–પરિગ્રહ છે. પરિગ્રહ છે એટલે પાપ છે. એ પાપમાં જો પાપના પરિણામથી ઉકડિયામાં એકલો વાપરીશ તો કાગડામાંથી જાય એવો છો.

અહીં તો એથી આગળ વધીને કહે છે... આહાહા..! કે એ દેવાના પરિણામમાં જે પુણ્યના ભાવ થયા, એ પુણ્ય પરિણામ મારા છે, તે પણ મિથ્યાદર્શન શલ્ય છે. આહાહા..! ક્યાં દુનિયા પડી અને ક્યાં માર્ગ રહી ગયો? નામ ધરાવે જૈન. જૈનની ગંધની ખબર ન મળે. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો આ કહે છે.

ત્યાં જરી શુભભાવ કરાવવા એમ કીધું. પાપની વસ્તુ મળી એને ઘટાડવા, રાગને ઘટાડવા. ત્યાં એમ વાત કરી છે. પણ રાગ ઘટ્યો છે એ પુણ્ય છે, એ ધર્મ છે, એમાંથી મને લાભ છે, એમ માને તે મિથ્યાત્વનું શલ્ય છે. જે ત્રિકાળ મહાશલ્ય સંસારમાં રખડવાનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીંયાં કહ્યું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ વિકલ્પ છે ઇ પાપ છે. મેં આપ્યું, મેં પૈસા આપ્યા એ માન્યતા જ મિથ્યાત્વ છે. પૈસા ક્યાં તારા હતા? એ તો જડના છે. એ પૈસા મારા છે એ માન્યતા મિથ્યાત્વશલ્ય છે અને એ પૈસા હું બીજાને આપું છું, એ તો જડ છે. જડનો સ્વામી થાય ત્યારે આપું છું એમ માને છે. એ તો મિથ્યાત્વશલ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :– શલ્ય વગરનું મિથ્યાત્વ ક્યું?

ઉત્તર :– મિથ્યાત્વ એ શલ્ય જ છે. શલ્ય વિનાનો ભગવાનઆત્મા છે એ તો અહીં સિદ્ધ કરવું છે ને? આત્મા શલ્ય વિનાનો છે. એ પુણ્ય અને પાપ મારા એવી માન્યતા વિનાનો અને પુણ્ય-પાપ વિનાનો છે. એ પુણ્ય અને પાપ મારા એ વિનાનો અને પુણ્ય-પાપ મારા હું કરું છું, મને એમાં લાભ થાય એ વિનાનો આત્મા છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ! જગતને બહારમાં ધમાલ હો-હા (કરવી ગમે છે). એ કરમાઈ જવાના, મરીને સુકાઈ જવાના. આહાહા..! એમાં સુખ દેખાય છે એ બધા કરમાઈ જવાના છે.

અહીં એ કહે છે, પ્રભુ તો શલ્ય વિનાનો છે. આહાહા..! જેમાં ત્રણ શલ્યની ગંધ નથી એવો પરમાત્મા તું અંદર છો, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ પરમાત્મા, એને વ્યવહારનયના બળે... હવે આવ્યું. નિશ્ચયથી શલ્ય વિનાનો પરમાત્મા પોતે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, એ સત્ય છે. પણ વ્યવહારનયના બળે, હવે **'વ્યવહારનયના બળે કર્મપંકથી યુક્તપણું હોવાને લીધે..'** કર્મના નિમિત્તના સંબંધથી હોવાને લીધે... આહાહા..! **'(–વ્યવહારનયે કર્મરૂપી કાદવ સાથે સંબંધ હોવાને લીધે) તેને નિદાન, માયા અને મિથ્યાત્વરૂપી ત્રણ શલ્યો વર્તે છે...'** વ્યવહારે. આહાહા..! ભગવાન તો નિઃશલ્ય પરમાત્મસ્વરૂપ જ છે. આત્મતત્ત્વ છે ઇ. એ નિશ્ચય છે. પણ તેને વ્યવહારનયે એટલે કે પરના આશ્રયે થતી દશા અને તે દશાને પોતાની માનવી, એવી વ્યવહારનયે ત્રણ શલ્ય.. ત્રણ યુકત હોવાથી ત્રણ સહિત વ્યવહારનયથી ગણવામાં આવે છે. આહાહા..! છે ...?

બે નય કીધી. નિશ્ચયનયથી પરમાત્મા નિઃશલ્યસ્વરૂપ છે. પણ કર્મ ને નિમિત્તની અપેક્ષાથી કર્મના સંબંધને લઈને એનામાં વ્યવહારનયે મિથ્યાત્વ, નિદાન, માયા એ શલ્યસહિત વ્યવહારનયે દેખાય છે. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચયથી તો રહિત જ છે પણ વ્યવહારને લઈને આ અનાદિથી અજ્ઞાની જૈનનો સાધુ થયો, દિગંબર મુનિ થયો, પંચમહાવ્રત લીધા પણ એ મહાવ્રતનો રાગ છે તે દુઃખ છે. એને પોતાને સુખનું કારણ માનીને મિથ્યાત્વને સેવ્યું છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ! આ સાંભળવું કઠણ પડે એવું છે. સાંભળવા એક તો મળે એવું નથી. બહારની હો-હા.. આહાહા..!

ભગવાનઆત્મા **'નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા...'** સ્વરૂપ હોવા છતાં **'વ્યવહારનયના બળે...'** પરની નિમિત્તની અપેક્ષાને લઈને, કર્મયુક્ત હોવાથી ત્રણે શલ્ય સહિત સંબંધવાળો હોવાને લીધે તે **'ત્રણ શલ્યો વર્તે છે...'** પર્યાયમાં ત્રણ શલ્ય વર્તે છે. દ્રવ્ય અને ગુણમાં નહિ. અરે..રે..! આવી વાતું હવે. દ્રવ્ય જે વસ્તુ ભગવાનઆત્મા, જે પરમાત્મા થયા એ પરમાત્મા અંદર હતા એ થયા, અંદર હતા એ થયા. પરમાત્મા કાંઈ બહારથી આવતા નથી. એ પરમાત્મા શક્તિ–સ્વભાવ હતો તે પ્રગટ થયો. એમ આ પરમાત્મસ્વરૂપ જ છે પણ વ્યવહારનયે કર્મના યુક્તના સંબંધને લઈને વ્યવહારે ત્રણ શલ્ય વર્તે છે. આહાહા..! છે? **'ત્રણ શલ્યો વર્તે છે...'** પાછો વ્યવહાર નથી એમ નહિ. વ્યવહાર જૂઠો છે અને એ તો પર્યાયે પણ પરમાત્મસ્વરૂપ જ છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'ત્રણ શલ્યો વર્તે છે...'** પર્યાયમાં એમ કહ્યું. પરમાત્મસ્વરૂપ નિશ્ચયથી હોવા છતાં વ્યવહારનયે .. પર ચીજ છે, તેના સંબંધમાં હોવાથી, તેને વર્તમાનમાં ત્રણ શલ્ય વર્તે છે. આહાહા..! ... ઘણું કહ્યું. નિશ્ચય અને વ્યવહાર. અરે..રે..! ક્યાં પડી છે જીવને? શું થશે મારું? અહીંથી મરીને ક્યાં જઈશ? દેહ છૂટવાના ટાણા છે હવે વધારે લાંબુ કાંઈ છે? ૫૦-૬૦ વર્ષ થયા એ ૫૦-૬૦ વર્ષ હવે કાંઈ જીવવાના નથી. આહાહા..! દેહ તો છૂટવાનો છે. આ મિથ્યાશલ્યથી ઊંધી માન્યતા સેવીને ... નરક ને નિગોદ ને કાગડા ને કૂતરાના ભવમાં રખડશે. પાછું અનંતે કાળે મનુષ્યપણું મળવું મુશ્કેલ (પડશે) એવી દશા થશે, ભાઈ! આહાહા..! છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એમ ઉપચારથી કહેવાય છે.'** આહાહા..! શું કીધું ઇ? ભગવાનઆત્મા નિશ્ચયથી પરમાત્મસ્વરૂપ હોવા છતાં વ્યવહારનયે કર્મના સંબંધથી શલ્યવાળો વર્તે છે એમ ઉપચારથી, વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! આ સંસાર ઉપચારથી આત્માને કહેવામાં આવે છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- તો તો પરમાત્મા થઈ ગયો?

ઉત્તર :- પરમાત્મા જ છે. વ્યવહારનયે ઉપચારથી ત્રણ શલ્યવાળો કહેવામાં આવે છે. આહાહા..!

**'ત્રણ શલ્યો વર્તે છે એમ ઉપચારથી કહેવાય છે.'** મારે તો બીજું કહેવું છે. ત્રણ શલ્ય વ્યવહારથી વર્તે છે એમ કીધું છે પણ વ્યવહારથી પૈસાવાળો, શરીરવાળો, બાયડીવાળો, છોકરાવાળો વર્તે છે એ વાત અહીં નથી (કરી). આહાહા..! જેને સંબંધ નથી. સ્ત્રીનો આત્મા જુદો, તારો આત્મા જુદો, એ શરીરના રજકણ જુદા, તારા શરીરના રજકણ જુદા. અનંતકાળમાં ક્યાંય મેળ ન મળે. એટલે એ મારા છે એવી માન્યતામાં વર્તે છે. પણ એ ચીજમાં એ વર્તતો નથી. આહાહા..! સમજાય છે આમાં? ભાષા તો જુઓ! ટીકા... આહાહા..!

મુમુક્ષુ :- આ ગાથામાં તો ઉપચાર એટલે જૂઠી વાત.

ઉત્તર :- ઉપચાર છે. ઉપચાર પણ વ્યવહાર. વ્યવહાર કહો કે ઉપચાર કહો, બે છે. નથી એમ નથી. ત્રિકાળની અપેક્ષાએ જૂઠું છે, એની અપેક્ષાએ સાચું છે. ત્રિકાળની અપેક્ષાએ જૂઠું છે પણ પર્યાયમાં વર્તે છે એ અપેક્ષાએ નથી એમ નહિ. સંસાર અને શલ્ય પર્યાયમાં નથી એમ નહિ. આહાહા..! આવું કામ છે. ... જૈનધર્મમાં .. ભગવાનની મૂર્તિ હોય, એક ફોટો હોય એની પૂજા કરે, ભક્તિ કરે. થઈ ગયો ધર્મ, જાવ. એ રખડી મરે ત્રેવીસ કલાક. એમાં ધૂળેય ધર્મ નથી, સાંભળને. એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે. અને પુણ્ય છે એ મારું છે એ તો મિથ્યાત્વશલ્ય છે. આહાહા..! એ પણ વ્યવહારે ત્યાં પર્યાયમાં છે. નિશ્ચયમાં, વસ્તુમાં તો છે નહિ. આહાહા..!

અહીં શું કહેવું છે? કે તારી પર્યાયમાં વર્તે છે એને ઉપચાર કહીએ છીએ. વસ્તુ આ શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પૈસા, બંગલા, મકાન કાંઈ તારી પર્યાયમાં વર્તતા નથી. એ તો એના કારણે વર્તી રહ્યા છે. તારે કારણે નથી વર્તી રહ્યા. માટે તે તારામાં વર્તે છે એમ અમે કહેતા નથી. આહાહા..! અને તારે લઈને એ વર્તે છે એ તો અમે કહેતા જ નથી. આહાહા..! તારામાં વ્યવહારનયે કર્મનો સંબંધ હોવાથી ત્રણ શલ્યો વર્તે છે એમ કહીએ છીએ. તે ત્રણ શલ્ય વર્તતા કર્મ સહિત વર્તે છે, બાયડી સહિત વર્તે છે, કુટુંબ સહિત વર્તે છે, લક્ષ્મી સહિત વર્તે છે વ્યવહારનયે એમ અમે કહેતા નથી. એ તો એને વર્તવાને અને તારે વર્તવાને કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! આ કેવો ઉપદેશ હશે!

મુમુક્ષુ :- છે એને અસદ્ભૂત વ્યવહાર કેમ કહેવાય?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– અસત્ છે. આ વસ્તુની અપેક્ષાએ બીજા દ્રવ્યો અદ્રવ્ય છે. આ સ્વદ્રવ્યની અપેક્ષાએ બીજા બધા દ્રવ્યો અદ્રવ્ય છે, અક્ષેત્ર છે, અકાળ છે, અભાવ છે. એની અપેક્ષાએ એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે. આની અપેક્ષાએ અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ, અભાવ છે. એ આત્માની પર્યાયમાં છે એમ કહ્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એની પર્યાયમાં વર્તતું હોય તો ત્રણ શલ્ય વર્તે છે. આહાહા..! એમ ઉપચારથી એટલે વ્યવહારથી કહેવાય છે. આહાહા..! માટે એ વ્યવહારથી અને ઉપચારથી જે પર્યાયમાં કહેવાય છે તેને...

**'આમ હોવાથી જ ત્રણ શલ્યો પરિત્યાગીને...'** કેમ કે એ તો પર્યાયમાં છે એટલે બદલી શકે છે. એના દ્રવ્ય-ગુણમાં નથી. આહાહા..! એ પુણ્ય અને પાપના પરિણામના શલ્ય-મારા છે અને હું એનો છું, એવા શલ્યનો ત્યાગ કરીને... એ **'ત્રણ શલ્યોને પરિત્યાગીને...'** એ શું કહ્યું? બાયડી, છોકરા, પૈસાને છોડીને એમ નથી કહ્યું. કેમ કે એ તો છૂટા પડ્યા છે. એ કાંઈ તારા છે નહિ. કાંઈ લેવા અને દેવા. આહાહા..! એ પૈસા, તારા બંગલા, એ બગીચા એ તો ધૂળ એને કારણે છે. એ તારામાં છે જ નહિ. તારી પર્યાયમાં એ તો છે જ નહિ. એ તો એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વર્તે છે. તારામાં વર્તતું હોય તો વ્યવહારનયે શલ્ય વર્તે છે. આહાહા..! ઝીણું પડે, બાપુ! પણ શું થાય? સવારે પ્રતિક્રમણની વ્યાખ્યા હતી. આ પણ પ્રતિક્રમણની વ્યાખ્યા છે. પ્રતિક્રમણ કહો કે ધર્મ કહો. આહાહા..!

એ ત્રણ શલ્ય રહિત થવું એ ધર્મ. ત્રણ શલ્ય સહિત રહેવું એ અધર્મ અને સંસાર છે. સમજાણું કાંઈ? આ બધું .... પૈસા-બૈસા ઘણા, કરોડો રૂપિયા, આ બંગલા મોટા ૫૦-૫૦ લાખના અને કરોડના. એ ... ક્યાં વાત કરવી? એ ક્યાં તારી પર્યાયમાં છે? એ તો એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વર્તે છે. તારી પર્યાયમાં તો એ મારા છે, એવું શલ્ય છે એમાં તું વર્તે છે. એ શલ્યને ત્યાગ, તારી પર્યાયમાં હોય એને ત્યાગ. એવું ત્યાગગ્રહણ, પરનું ત્યાગગ્રહણ તો છે જ નહિ. આહાહા..! આત્મામાં પરનો ત્યાગ અને ગ્રહણ તો છે જ નહિ. આ શલ્ય છે તેને છોડ. આહાહા..! આવું સાંભળવું ઝીણું પડે બહુ. ....

મુમુક્ષુ :– ...ભાઈ...

ઉત્તર :– એ '..ભાઈ' હતા ને? હા. એ સાચું. એ .. લાવ્યા હતા. મહેમાન લઈને આવે છે. હવે આમાં શું સમજે? મોટી શેત્રુંજયની જાત્રા કરવા આવ્યા હોય, નવ્વાણુ વાર જાત્રા કરે તો કલ્યાણ થઈ જાય. અહીં કહે છે, અનંત વાર જાત્રા કરી ... રાગની મંદતા હોય તો પુણ્ય છે અને પુણ્ય મારું છે, પુણ્ય ધર્મ છે તો એ મિથ્યાત્વ છે, લ્યો. આહાહા..! એ 'સ્વીટ્ઝરલેન્ડ'માં મળે એવું નથી, હોં! ત્યાં તો પાપ મળે એવું છે. ક્યાં ગયા 'હિંમતભાઈ'? આ તમારા ભત્રીજાની વાત કરે છે. કહેતા હતા, બાયડી-ભાયડો બે જણ, રૂપિયા કરોડો છે. એકાદ કરોડ ધર્મને નામે આપી દેતા હોય તો? કારણ કે પાપથી તો પેદા કર્યા છે અને પાપથી રાખે છે અને પાછું કો'કને આપશે તો પાપ આપશે. એ કો'ક કહેતું હતું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'...ભાઈ' કે કો'ક કહેતું હતું. આહાહા..! અરે..! શું થાય?

અનંતકાળથી રખડતો એ શલ્યોને ત્યાગ કહે છે. પરનો ત્યાગ કર એમ નથી કીધું. પરનો ત્યાગ તો છે જ તે. પણ મારા માન તો પણ ત્યાગ જ છે. તારામાં તે નથી, તેનામાં તું નથી. પણ તારી પર્યાયમાં ત્રણ શલ્ય છે, અસ્તિ છે. છે તેનો ત્યાગ કર. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારની વાતું ... એમ લાગે. સભા ભરાય, લાખો માણસ ભેગા થાય. હો-હા.. હો-હા... આવી વાત.

**'ત્રણ શલ્યો વર્તે છે એમ ઉપચારથી કહેવાય છે. આમ હોવાથી જ...'** એટલે ઉપચાર અને વ્યવહાર હોવાથી જ **'ત્રણ શલ્યો પરિત્યાગ...'** અહીં તો વસ્તુમાં છે નહિ. નિઃશલ્ય પરમાત્મસ્વરૂપ છે એની દૃષ્ટિ કરીને ત્રણને છોડી દે. આહાહા..! એ વ્યવહારનું કથન છે. એ જ્યારે અંદરમાં ઠરે છે (ત્યારે) એ ત્રણ ઉત્પન્ન થતા નથી, તેને છોડે છે એમ કહેવામાં આવે છે. ખરેખર તો એવો અર્થ છે. પરિત્યાગીનો અર્થ ઇ છે. આનંદસ્વરૂપ ભગવાન, એમાં ઠરે છે ત્યારે મિથ્યાત્વ શલ્ય ઉત્પન્ન થતાં નથી તેનો પરિત્યાગ કરે છે એમ કથનમાત્રથી કહેવામાં આવે છે. આહાહા..!

**'પરિત્યાગીને જે પરમ યોગી..'** પરમ મુનિ ધર્માત્મા **'પરમ નિઃશલ્ય સ્વરૂપમાં રહે છે...'** પરમ નિઃશલ્યસ્વરૂપ ભગવાન, રાગના વિકલ્પ વિનાની ચીજમાં જે અંદર રહે છે, **'સ્વરૂપમાં રહે છે...'** તેનું નામ પ્રતિક્રમણ છે. તેનું નામ સામાયિક અને એનું નામ ધર્મ છે. બાકી બધી વાતું છે. આહાહા..! છે? **'સ્વરૂપમાં રહે છે તેને નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે,...'** શલ્યથી ..., નિઃશલ્યસ્વરૂપ ભગવાનમાં ઠર્યો એથી **'તેને નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે.'** આહાહા..!

**'કારણ કે તેને સ્વરૂપગત (– નિજ સ્વરૂપ સાથે સંબંધવાળું) વાસ્તવિક પ્રતિક્રમણ છે જ.'** એને સ્વરૂપ સાથે સંબંધવાળું ખરું પ્રતિક્રમણ છે. પર સાથે ઠરતો એ અપ્રતિક્રમણ હતું. સ્વરૂપમાં ઠરે છે. આનંદસ્વરૂપ ભગવાન... આહાહા..! અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશામાં રહે છે, તેનું નામ સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૧૬

(अनुष्टुभ्)

शल्यत्रयं परित्यज्य निःशल्ये परमात्मनि।
स्थित्वा विद्वान्सदा शुद्धमात्मानं भावयेत्स्फुटम्।।११६।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[હવે આ ૮૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]**

**[શ્લોકાર્થ :-] ત્રણ શલ્યને પરિત્યાગી, નિઃશલ્ય પરમાત્મામાં સ્થિત રહી, વિદ્વાને સદા શુદ્ધ આત્માને સ્ફુટપણે ભાવવો. ૧૧૬.**

---

## પ્રવચન નં. ૮૮, શ્લોક-૧૧૬-૧૧૭, ગાથા-૮૮, ગુરુવાર, માગશર સુદ ૩, તા.૨૨-૧૧-૧૯૭૯

---

૮૭ ગાથાનો કળશ. કળશ છે ને? ૧૧૬ મો કળશ.

**शल्यत्रयं परित्यज्य निःशल्ये परमात्मनि।**
**स्थित्वा विद्वान्सदा शुद्धमात्मानं भावयेत्स्फुटम्।।११६।।**

**શ્લોકાર્થ :-** '**ત્રણ શલ્યને પરિત્યાગી,...**' આ તો મૂળ વાત છે ને. મિથ્યાશલ્ય, નિદાનશલ્ય અને માયાશલ્ય. '**ત્રણ શલ્યને પરિત્યાગી,...**' પરિ એટલે સમસ્ત પ્રકારે ત્યાગીને. ફરીને ઉત્પન્ન ન થાય એ રીતે. એ શબ્દ વાપર્યો છે. પરિત્યાગીને. ત્રણ પ્રકારના શલ્ય છોડી દઈને, સર્વથા છોડી દઈને '**નિઃશલ્ય પરમાત્મામાં...**' કેમ કે પરમાત્મસ્વરૂપ જે છે એ તો નિઃશલ્ય છે. પોતાનું પરમાત્મ સ્વરૂપ, ભગવત્ સ્વરૂપ, શુદ્ધ પરમેશ્વર સ્વરૂપ એ તો નિઃશલ્ય છે. વસ્તુ છે એ તો નિઃશલ્ય છે. વસ્તુમાં શલ્ય નથી, આવરણ નથી, વસ્તુમાં કાંઈ અલ્પતા પણ નથી. એવો નિઃશલ્ય પરમાત્મા (પોતે છે). આહાહા..! વાત બેસવી કઠણ (પડે). પ્રથમ સમ્યગ્દર્શનમાં, આ નિઃશલ્ય પરમાત્મા છે તેમ એને દૃષ્ટિમાં, અનુભવમાં આવવું જોઈએ. પરમાત્મા પરમ સ્વરૂપ જે ભગવાન, એમાં કોઈ રાગ-દ્વેષ તો નથી, શલ્ય નથી. નિઃશલ્ય પરમાત્મા. પહેલા આવી ગયું છે. પહેલા આવ્યું હતું ને?

'**નિશ્ચયથી નિઃશલ્ય સ્વરૂપ પરમાત્મા...**' કાલે પહેલી લીટી આવી હતી. ૮૭-ગાથાની પહેલી લીટી. આહાહા..! ચૈતન્યસ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા, પરમસ્વરૂપ પરમાત્મા એ નિઃશલ્ય છે. વસ્તુમાં શલ્ય છે નહિ પણ પર્યાયમાં જે શલ્ય છે, એથી કહે છે, '**નિઃશલ્ય પરમાત્મામાં સ્થિત રહી,...**' વસ્તુ છે તો શલ્ય રહિત પણ પર્યાયમાં જે શલ્ય હતું એને છોડીને '**નિઃશલ્ય પરમાત્મામાં સ્થિત રહી,...**' પરમસ્વરૂપ પરમાનંદમૂર્તિ પ્રભુ, ભગવત્સ્વરૂપ, એમાં સ્થિત રહીને. આ પ્રતિક્રમણ, આ સામાયિક, આ ધર્મ, આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ આ છે. આહાહા..!

પહેલી વાત એ કરી, ત્રિશલ્ય પરમાત્મા પરિત્યાગી. પર્યાયમાં શલ્ય છે પણ પરમાત્મસ્વરૂપ ત્રિકાળી દ્રવ્ય છે એમાં શલ્ય નથી. તેથી પરમાત્માનું ધ્યાન કરી અને નિઃશલ્ય એવા પરમાત્મામાં સ્થિર થા. '**નિઃશલ્ય પરમાત્મામાં સ્થિર રહી,...**' ચૈતન્યબિંબ આનંદકંદ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર–દરિયો, એવો જે પરમાત્મા પોતે આત્મા, તેને સર્વથા શલ્યરહિત એટલે કે ફરીને શલ્ય ન થાય એવી રીતે. આહાહા..! આવું કામ છે.

તેથી '**પરમાત્મામાં સ્થિત રહી, વિદ્વાને...**' વિદ્વાન એને કહીએ. આહાહા..! બહુ શાસ્ત્રને જાણ્યા હોય, ભણ્યા હોય, દુનિયાને સમજાવતા–કહેતાં આવડ્યું હોય એની અહીં વાત નથી. આ વિદ્વાન. નિઃશલ્ય પરમાત્મામાં સ્થિર રહે તે વિદ્વાન. આહાહા..! એ પંડિત, વિદ્વાન. ભલે જાણપણું થોડું હોય, બીજાને સમજાવતા આવડતું પણ ન હોય... આહાહા..! પણ નિઃશલ્ય પરમાત્મામાં સ્થિર રહે તે વિદ્વાન છે. જે કામ મોક્ષને માટે કરવું છે તે કર્યું. આહાહા..! મોક્ષના માર્ગને સેવ્યો, એ વિદ્વાન છે. આહાહા..!

'**વિદ્વાને સદા શુદ્ધ આત્માને...**' આહાહા..! પંડિત એને કહીએ કે '**નિઃશલ્ય પરમાત્મામાં સ્થિર રહી, વિદ્વાને સદા...**' કોઈ ક્ષણ એવી કરીને નહિ, સદા. આહાહા..! '**શુદ્ધ આત્માને સ્ફુટપણે...**' વસ્તુ જેવી શુદ્ધ છે, પરમાત્મસ્વરૂપ જ છે એને પ્રગટ સ્ફુટપણે. પર્યાયમાં પ્રગટ સ્ફુટપણે... આહાહા..! સદા આત્માને સ્ફુટપણે–પ્રગટપણે (ભાવવો). શક્તિ અને દ્રવ્યસ્વભાવ તો છે, પરમાત્મા જ છે પણ વિદ્વાને પર્યાયમાં પ્રગટ કરીને. શક્તિની-સ્વભાવની વ્યક્તિ પર્યાયમાં પ્રગટ કરીને '**ભાવવો.**' બહુ થોડા શબ્દો છે.

'**સદા શુદ્ધ આત્માને સ્ફુટપણે...**' પ્રગટપણે, વ્યક્તપણે '**ભાવવો.**' એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ, એનું નામ ભાવપ્રતિક્રમણ (છે). આ તો એવા ઘણા પડિક્કમણા કર્યા. એ પ્રતિક્રમણ નહિ. જેનાથી ખસ્યો અને જેમાં વસ્યો, એમાંથી ખસે નહિ. એનું નામ અહીંયાં પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! શું કહ્યું ઇ? પ્રતિક્રમણ શબ્દ છે ને? એ શલ્ય અને વિકારથી ખસ્યો અને ત્રિકાળી પરમાત્મા નિઃશલ્ય તેમાં વસ્યો, તેમાં સ્થિર થયો, એણે સદાય આત્માને પ્રગટપણે ભાવવો. પર્યાયમાં એ પરમાત્મા છે તેમ ભાવના કરવી. આહાહા..! આવું આકરું પડે. પણ એનું વ્યવહાર સાધન કાંઈક હશે નહિ? આવું સાધન! સાધન આ જ છે. બીજું સાધન છે નહિ. બીજું કહેવામાં આવ્યું હોય, વ્યવહાર ઉપચારથી કથન (આવ્યા હોય) એ વાસ્તવિક વસ્તુ નથી. આહાહા..!

જેવો એ પ્રભુ પૂર્ણાનંદનો નાથ પરમાત્મા અંદર છે, એને સ્વભાવ છે અને પરમાત્માની શક્તિ છે, તેને પર્યાયમાં પ્રગટપણે પરમાત્માની ભાવના કરીને પ્રગટ કરવો. આહાહા..! આનું નામ પ્રતિક્રમણ, એનું નામ પચ્ચખાણ, એનું નામ આત્માની ભક્તિ, એનું નામ આત્માની સમાધિ, એનું નામ આત્માનું ધ્યાન, એનું નામ આત્માની ભાવના. આહાહા..!

'**શુદ્ધ આત્માને...**' જે ત્રિકાળ શલ્યરહિત પ્રભુ આત્માને ભાવવો એટલે કે ત્રિકાળી શુદ્ધ પરમાત્મા નિઃશલ્ય સ્વરૂપ (છે) તેમાં એકાગ્ર થવું, એ પરમાત્માની ભાવના (છે). ભાવના શબ્દે વિકલ્પ એમ નહિ. ભાવવું એટલે કલ્પનાથી ભાવવું એમ નહિ. એ વસ્તુ ભાવસ્વરૂપ, શુદ્ધ પૂર્ણ આનંદનું ધામ 'સ્વયં જ્યોતિ સુખધામ' સ્વયં ચૈતન્યપ્રકાશ અને આનંદનું ધામ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(છે) તેને પર્યાયમાં ભાવવો. આહાહા..! એને ધ્યેય બનાવી અને પર્યાયમાં તેની ભાવના કરવી. નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ ભાવ કરવો એનું નામ ભાવના, એનું નામ સાચું પ્રતિક્રમણ છે. જૂઠા પ્રતિક્રમણ તો અનંતવાર કર્યા. એમાં કાંઈ વળ્યું નહિ. આહાહા..! ભવનો અભાવ થયો નહિ. 'લંડન'નો કાગળ આવ્યો છે 'વીરચંદભાઈ'! 'પ્રેમચંદ' 'લંડન'નો કાગળ આવ્યો છે. બહુ ખુશાલી બતાવી છે. 'ભગવાનજીભાઈ' ત્યાં ગયા હશે હમણા. 'મોમ્બાસા' 'લંડન' વાંચન કર્યું હશે 'લંડન'. પચાસેક માણસ ભેગા થતાં. આમંત્રણ થોડાને આપ્યું હતું, જગ્યા થોડી હતી. નહિતર કહે બહુ માણસ (આવત). આ વાત 'લંડન'માં ચાલી છે. આહા..!

ઘરે પુસ્તકો વસાવ્યા છે. ટેપ રેકોર્ડિંગ કેટલાય વસાવ્યા છે. ટેપ રેકોર્ડિંગ કેટલાકને આપ્યા. 'લંડન'માં પ્રચાર કરે છે. બાપુ! માર્ગ આ છે. બીજે માર્ગે જશો તો આ ભવ તો એના એ રહેશે. ચોરાશીના અવતાર ભવાટવીનો તને ભાવ, એ ભવાટવીનો ભાવ પણ અનાદિનો છે, પ્રભુ! આહાહા..! એનાથી રહિત ભાવ થયા વિના ભવાટવી ટળે એવું નથી. આહાહા..! બહુ ખુશાલી બતાવી છે. ત્રણ-ચાર પાના આવ્યા છે. એ ૧૧૬મો કળશ થયો.

## શ્લોક-૧૧૭

(पृथ्वी)

कषायकलिरंजितं त्यजतु चित्तमुच्चैर्भवान्
भवभ्रमणकारणं स्मरशराग्निदग्धं मुहुः।
स्वभावनियतं सुखं विधिवशादनासादितं
भज त्वमलिनं यते प्रबलसंसृतेर्भीतितः।।११७।।

**[શ્લોકાર્થ :-] હે યતિ ! જે (ચિત્ત) ભવભ્રમણનું કારણ છે અને વારંવાર કામબાણના અગ્નિથી દગ્ધ છે - એવા કષાયકલેશથી રંગાયેલા ચિત્તને તું અત્યંત છોડ; જે વિધિવશાત્ (-કર્મવશપણાને લીધે) અપ્રાપ્ત છે એવા નિર્મળ *સ્વભાવનિયત સુખને તું પ્રબળ સંસારની ભીતિથી ડરીને ભજ. ૧૧૭.**

* સ્વભાવનિયત = સ્વભાવમાં નિશ્ચિત રહેલ; સ્વભાવમાં નિયમથી રહેલ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૧૭ ઉપર પ્રવચન

૧૧૭.

**कषायकलिरंजितं त्यजतु चित्तमुच्चैर्भवान्**
**भवभ्रमणकारणं स्मरशराग्निदग्धं मुहुः।**
**स्वभावनियतं सुखं विधिवशादनासादितं**
**भज त्वमलिनं यते प्रबलसंसृतेर्भीतितः।।१९७।।**

**શ્લોકાર્થ :-** **'હે યતિ !...'** મુનિની મુખ્યતાથી વાત કરી છે ને? **'હે યતિ!'** હે મુનિ! હે સ્વરૂપનું યતન કરનાર, જતન કરનાર જતિ! સ્વરૂપ પરમાત્મા જે નિઃશલ્ય છે, તેની જતના, યતના, રક્ષા કરનાર યતિ. **'જે (ચિત્ત) ભવભ્રમણનું કારણ છે...'** આહાહા..! જે ચિત્ત શલ્યસહિત છે એ ભવભ્રમણનું કારણ છે. આહાહા..! મિથ્યાત્વશલ્ય, નિદાનશલ્ય, માયાશલ્ય, **'જે (ચિત્ત)...'** એટલે ભાવ **'ભવભ્રમણનું કારણ છે...'** બહારમાં સંયોગોને ભવભ્રમણનું કારણ કહ્યું નથી. ભવભ્રમણનું કારણ અંદરની ચિત્ત મલિનતા. પર્યાયમાં મિથ્યાત્વ રાગાદિની મલિનતા, એ ભવભ્રમણનું કારણ છે. સંયોગી ચીજ અનંતી હોય એ ભિન્ન છે. એ કંઈ ભવભ્રમણનું કારણ નથી. આહાહા..! તારી પર્યાયમાં દ્રવ્ય સ્વભાવનો અનાદર કરી અને રાગાદિ શલ્યને પોતાના માની, આદર કરે તે ભવભ્રમણનું કારણ છે. આહાહા..! પ્રવૃત્તિ આડે એને આવી નિવૃત્તિ લેવી. આહાહા..!

એ **'ભવભ્રમણનું કારણ છે...'** કોણ? મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા નિદાન અને માયા (શલ્ય) એ ભવભ્રમણનું કારણ છે. ભગવાન દ્રવ્યસ્વભાવ ત્રિકાળ નિરાવરણ અને ભવના સ્વભાવના ભાવથી અભાવરૂપ છે. એને પર્યાયમાં ભવભ્રમણના કારણવાળા ભાવથી... આહાહા..! **'અને વારંવાર કામબાણના અગ્નિથી દગ્ધ છે–'** આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ (છે) એને વારંવાર વિકલ્પો ઉત્પન્ન કરી.. આહાહા..! પુણ્ય અને પાપના વિકલ્પોને ઉત્પન્ન કરી **'કામબાણના અગ્નિથી દગ્ધ છે–'** એ વિકલ્પના ભાવ છે એ કામબાણ છે. તેનાથી આત્મા અશાંતિમાં બળી રહ્યો છે. આહાહા..! ઝીણું પડે. કામબાણ નામ ઇચ્છા, આત્મામાં ઇચ્છા નથી. આત્મા તો ઇચ્છારહિત શુદ્ધ છે. એને ઇચ્છાના કામબાણ. એક પછી એક ઇચ્છાના કામબાણથી... આહાહા..! **'અગ્નિથી દગ્ધ છે...'** ઇચ્છાના બાણથી, અગ્નિથી દગ્ધ છે.

ભગવાન નિર્મળાનંદ શાંત, તે આ ઇચ્છાઓના બાણથી દગ્ધ છે. આહાહા..! ચાહે તો એ શુભ-અશુભની કલ્પના હો, પણ એ ઇચ્છાના બાણથી શાંતમૂર્તિ ભગવાન પર્યાયમાં દગ્ધ નામ બળી ગયો છે. આહાહા..! ઇચ્છા વિનાનો આત્મા છે. એને ઇચ્છાના બાણથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પન્ન કરી અને વર્તમાન પર્યાયમાં શાંતિથી બળી રહ્યો છે. દ્રવ્ય તો દ્રવ્ય છે. આહાહા..! પણ પર્યાયમાં ઇચ્છાની જાળ ઊભી કરી અને આત્માની શાંતિ બળી રહી છે. આહાહા..! ઇચ્છારૂપી અગ્નિથી 'ક્યા ઇચ્છત અબૈ, હૈ ઇચ્છા દુઃખ મૂલ'. 'ક્યા ઇચ્છત અબૈ, હૈ ઇચ્છા દુઃખ મૂલ'આહાહા..! એ ઇચ્છા-વૃત્તિનું ઉત્પન્ન થવું, સ્વભાવ-સ્વભાવની ભાવના સિવાય... આહાહા..! પોતાના દ્રવ્ય સિવાય અનંત-અનંત દ્રવ્યો પર છે તેના તરફની ઇચ્છારૂપી બાણથી સ્વરૂપની પર્યાય બળી ગઈ છે, બળી રહી છે. શાંતિ બળે છે. પર્યાયથી, હોં! વસ્તુની શાંતિનું સ્વરૂપ તો ત્રિકાળ ધ્રુવ નિત્ય છે. સમજાય છે કાંઈ?

એ ઇચ્છારૂપી... આહાહા..! **'વારંવાર કામબાણ...'** વારંવાર એટલે? એક પછી એક ઇચ્છાઓ કર્યા જ કરે. ક્યાંક ને ક્યાંક. ક્યાંક ને ક્યાંક. જેમ શું કહેવાય એ? રેટીયામાં સાંધે ને એક પછી એક પૂણી પછી એક. એમ આમાં એક પછી એક ઇચ્છાની પૂણી સાંધ્યા જ કરે. આહાહા..! એનાથી આત્માની શાંતિ દગ્ધ છે. ચાહે તો શુભ હોય કે ચાહે તો અશુભ હોય. આત્મા નિર્વિકાર શાંતસ્વરૂપનો સાગર, એની પર્યાયમાં શુભાશુભભાવની ઇચ્છાથી દાઝે છે ઇ. દાઝ છે. આહાહા..!

**'એવા કષાયક્લેશથી રંગાયેલા ચિત્તને...'** **'रंजित'** છે ને **'रंजित'**? ઇચ્છારૂપી કષાય, એવા કષાયરૂપી ક્લેશ, એથી રંગાયેલું ચિત્ત. **'रंजित'** છે ને? આહાહા..! સ્વભાવ ભગવાન વીતરાગસ્વરૂપ, વીતરાગ સ્વભાવે રંગાવું જોઈએ. વીતરાગ સ્વભાવનો રંગ લાગવો જોઈએ. વીતરાગ સ્વભાવની મસ્તી પ્રગટવી જોઈએ. એને ઠેકાણે રાગના રંગથી રંગાયેલું ચિત્ત (છે). આહાહા..! એને **'તું અત્યંત છોડ;...'** એવા રાગથી રંગાયેલું ચિત્ત, ચાહે તો શુભ હો કે અશુભ હો, એવા રંગાયેલા રાગથી રંજિત થયેલા ચિત્તને છોડ. આહાહા..! પરવસ્તુ છોડ એમ નથી કહ્યું. પરવસ્તુ તો છૂટેલી પડી જ છે. શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, કર્મ એ કંઈ આત્મામાં વળગ્યા નથી. આહાહા..!

આ ચિત્ત, પર્યાયમાં રંગાયેલું ચિત્ત છે, એને છોડ. કે કેમ? અત્યંત છોડ. આહાહા..! એવા રાગને અત્યંત છોડ કે ફરીને રાગનો અંકુર થાય નહિ. સંતોની વાણી અપ્રતિહત્ છે. રાગનો રંગાયેલો છૂટતા, ફરીને રાગનો રંગ લાગે, એવો છે નહિ, પ્રભુ! રાગના રંગને અત્યંત છોડ, સ્વરૂપમાં રાગનો રંગ છે જ નહિ એવા સ્વરૂપની તને પ્રાપ્તિ થશે. આહાહા..! આવું સ્વરૂપ છે. આ બાયડી છોડ, છોકરા છોડ, કુટુંબ છોડ, ધંધો છોડ એમ નથી કહ્યું. એ તો છૂટેલું જ છે. ગ્રહ્યું છે કે દિ' તે છોડે? આ તો ગ્રહ્યું છે. ચિત્તમાં કષાયનો, ઇચ્છાનો ભાવ પકડ્યો છે. રાગથી રંગાઈ ગયો છે. પરથી રંગાયેલો નથી. પરવસ્તુ તારી પર્યાયમાં અડતી પણ નથી. આહાહા..! તારી પર્યાયમાં, હાલતમાં પરવસ્તુ અડી જ નથી. એથી એને ત્યાગવું એ શબ્દ અહીં છે નહિ. ફક્ત તારી પર્યાયમાં, ચિત્તમાં રાગનો રંગ રંગાઈ ગયો છે. જે સ્વરૂપમાં નથી એવું જે ચિત્ત રાગથી રંગાયેલું, એને અત્યંત છોડ. **'અત્યંત છોડ;...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કીધું છે. પહેલામાં આવ્યું હતું ને? પરિત્યાગ. પૂર્ણ રીતે ત્યાગ કર. આ અત્યંત છોડ. બીજી ભાષા કહી. એનો જ કળશ છે ને? આ ગાથાનો કળશ છે ને? આહાહા..!

આ તો ભવભ્રમણથી ગભરાયેલાની વાતું છે, બાપા! ભવભ્રમણ. આ દેહ છૂટીને ક્યાં જશે? આત્મા તો નિત્ય છે. કાયમ રહેશે. આ બધું છોડી, દેહનો કટકો પણ સાથે નહિ આવે. માણસ એમ કહે છે ને? એ જીવ ગયો. જીવ મરી ગયો એમ કહે છે? આ બધું પડ્યું રહ્યું. એની બધી ભેગી કરેલી મોકાણ. માણસની જાળું... આહાહા..! ઘરવખરી, બાયડી, છોકરા.. આહાહા..! અગ્નિનો ઘેરો ઘાલ્યો હતો, એ છૂટી ગયો. ગયો રખડવા. આહાહા..! પ્રભુ! તું ક્યાં જઈશ? ભવિષ્યના અનંતકાળમાં અનંતકાળ રહેવું છે. ભવિષ્યમાં અનંતકાળમાં તારે અનંતકાળ રહેવું (છે). તારો નાશ થાય એવું કાંઈ નથી. ત્યારે હવે તારે ક્યાં રહેવું છે? પ્રભુ! આમાં તો રહ્યો હવે, ચિત્તના રંગાયેલ રાગમાં તો અનંતકાળ રહ્યો. એથી તો દુઃખી છો.

હવે **'અત્યંત છોડ;...'** એને છોડ. આહાહા..! ભવભ્રમણનો નાશ કરવો હોય તો રાગના રંગને છોડ. રાગની પ્રીતિને છોડ. અસ્થિરતાનો રાગ થાય પણ એની રુચિ અને પ્રીતિ છે એને છોડ. આહાહા..! **'ચિત્તને તું અત્યંત છોડ; જે વિધિવશાત્...'** આહાહા..! હવે જે કર્મ જડ છે તેને વશ પડેલો પ્રભુ તું, આ વસ્તુની પ્રાપ્તિ નથી, અપ્રાપ્ત છે. કર્મને વશે પડેલો તને આત્મા અપ્રાપ્ત છે. આહાહા..! ભાષા છે ને. આહાહા..! તારો જે ચૈતન્યસ્વભાવ પરમાત્મસ્વરૂપ, એને વશે ન કરતાં, કર્મને વશે રહ્યો. કર્મને લઈને એમ નથી કહ્યું. કર્મને લઈને રખડે છે એમ નથી કહ્યું. શું કીધું?

**'વિધિવશાત્...'** તું કર્મને વશ થઈ ગયો છો. આમ વશ થવું જોઈએ. આહાહા..! અતીન્દ્રિય અનાકુળ આનંદનો નાથ પ્રભુ, અનાદિઅનંત અકષાયસ્વભાવની મૂર્તિ, એને વશ ન રહેતા તું કર્મને વશ પડ્યો. કર્મે તને વશ પાડ્યો છે એમ નહિ. આહાહા..! કર્મને વશાત્. આહાહા..! **'(–કર્મવશપણાને લીધે) અપ્રાપ્ત છે...'** તું અપ્રાપ્ત છો. કર્મને વશ પડ્યા છતાં તને તો વિકારની, દોષની, દુઃખની પ્રાપ્તિ છે. ભગવાનની તો અપ્રાપ્તિ છે. આહાહા..! આ તો શાંતિની વાતું છે. આ કાંઈ મોટી કથા-વાર્તા નથી. કારણ નથી મોટું. આહાહા..! આ તો અંતર અધ્યાત્મની વાત છે. 'પ્રેમચંદભાઈ' બહુ બિચારાએ (લખ્યું છે). 'ભગવાનજીભાઈ'એ પરમ દિ' વાંચ્યું હતું. બહુ ખુશી થયા. (કાગળ મોટો હતો.) આહાહા..!

અરે..! આવી વાત ક્યાં છે? લોકોનો પોકાર એ છે, કર્મને કારણે રખડી રહ્યો છે. ચાર ગતિમાં કર્મને કારણે રખડે છે. પ્રભુનું વચન એમ છે, કે કર્મને વશ તું પડ્યો છો માટે રખડે છે. આવો ફેર છે. આહાહા..! ક્યાં ફેર છે એ સાંભળનારને ખબર ન પડે અને જી હા કર્યા કરે. આહાહા..! સમજાણું કાંઈ? સ્થાનકવાસીમાં પહેલા વ્યાખ્યાન વાંચે ને? ત્યારે પાંચ-દસ મિનિટ સ્તુતિ કરે. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક..' એ સવારમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બોલે. પછી વ્યાખ્યાન ચાલુ કરે. હવે એમ કે ... એ પહેલા કરતા ને. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તું પરમાત્મા છો ને! એ પરમાત્માને આશ્રયે જવું જોઈએ, વશ પડવું જોઈએ. એને છોડીને તું ક્યાંક વશ તો છો. કોને વશ છો? કે કર્મને વશ પડ્યો છો તું. કર્મે તને વશ કર્યો નથી. કર્મે તને દાબ્યો નથી. તું કર્મને વશે દબાઈ ગયો છો. આહાહા..! ઓલા કહે કે નિમિત્તથી નૈમિત્તિક થાય. નિમિત્તથી નૈમિત્તિક ન માને એ મિથ્યાત્વ છે. પ્રભુ! પ્રભુ! અત્યારે સમાજ સાધારણ છે એમાં આ વાત ચાલશે. ભાઈ! પ્રભુના વિરહ છે એટલે ગમે તે રીતે વાતને ચલાવે. બાપુ! આમ ન ચાલે, ભાઈ! નિમિત્ત આવે એ પ્રમાણે નૈમિત્તિક થાય. એવું ન માને એ મિથ્યાત્વી છે એમ કહે છે.

વીતરાગની વાણી છે દિવ્યધ્વનિ, એનાથી નૈમિત્તિક જ્ઞાન થાય છે. અરે..! ભગવાન! તું કર્મને વશ પડ્યો, તને સમજણમાં આવતું નથી. કર્મનો વશ છોડ તો એ વાણી કાને પડે પણ જ્ઞાન તો તારાથી થાય છે. તે પણ જ્ઞાન પરલક્ષી, એ કંઈ સમ્યગ્જ્ઞાન નથી. આહાહા..! દિવ્યધ્વનિ કાને પડે. એ તો પરમાણુ છે. એથી અહીં જ્ઞાનની પર્યાય થાય એમ તો નથી. અહીંયા તે કાળે તેને જ્ઞાનપર્યાય ક્રમે ક્રમકાળમાં આવવાની છે એ થાય ત્યારે વાણી નિમિત્ત કહેવાય છે. એ જ્ઞાનની પર્યાય થઈ એ પણ કાંઈ સમ્યગ્જ્ઞાન નથી. કેમ કે એ હજી પરવશનું જ્ઞાન, પરસત્તાઅવલંબી જ્ઞાન છે. આહાહા..!

'પરમાર્થવચનિકા'માં આવ્યું છે ને? ભાઈ! પરસત્તાઅવલંબી જ્ઞાનને ધર્મી મોક્ષમાર્ગ કહેતા નથી. સ્વસત્તાઅવલંબીને મોક્ષમાર્ગ કહે છે. છે ને? 'બનારસીદાસ'. અને આ કેવળી વચન અનુસાર કહું છું એમ લખ્યું છે. છેલ્લો બોલ એમ લખ્યો છે. કેવળી વચન અનુસાર છે આ વચનો. આહાહા..! 'બનારસીદાસ.' સમકિત તો તિર્યંચ અને સિદ્ધનું સમકિત તો સરખું છે. સમકિતમાં શું ફેર છે? આહાહા..! ચારિત્રમાં સ્થિરતામાં ફેર છે.

અહીં એમ કહે છે,... આહાહા..! વિધિ એટલે કર્મ. વિધિ એટલે કર્મ. એને વશાત્. એને વશપણાને લીધે, પ્રભુ અપ્રાપ્ત છે. **'એવા નિર્મળ સ્વભાવનિયત...'** આહાહા..! કર્મને વશ પડેલો **'અપ્રાપ્ત છે એવા નિર્મળ સ્વભાવનિયત...' 'સ્વભાવમાં નિશ્ચિત રહેલ; સ્વભાવમાં નિયમથી રહેલ.'** પ્રભુ. આહાહા..! સ્વભાવમાં રહેલો ભગવાન. એ **'સ્વભાવનિયત સુખને તું પ્રબળ સંસારની ભીતિથી ડરીને ભજ.'** આહાહા..! શું કહે છે? પ્રભુ! તું સ્વવશ થા. પરવશને છોડી દઈ, કર્મના તાબેપણાને, વશને છોડી દઈ, એવો જે **'નિર્મળ સ્વભાવનિયત...'** સ્વરૂપસ્વભાવમાં નિશ્ચિત રહેલું સ્વરૂપ. સ્વભાવમાં નિત્ય રહેલ એવું સુખ. આત્માના સ્વભાવમાં નિયત અતીન્દ્રિય આનંદ પડ્યો છે. કર્મને વશે પડતા, વશે રહેતા પ્રભુ! તને દુઃખ થાય છે. એને છોડીને સ્વભાવને વશે જા. એ સ્વભાવ કેવો છે? કે **'નિર્મળ સ્વભાવનિયત સુખ..'** નિર્મળ સ્વભાવમાં રહેલું સુખ, નિર્મળ સ્વભાવમાં નિયત-નિશ્ચયથી રહેલો આનંદ. આહાહા..!

**'જે વિધિવશાત્ અપ્રાપ્ત છે એવા નિર્મળ સ્વભાવનિયત સુખને તું પ્રબળ સંસારની ભીતિથી**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ડરીને ભજ.**' આ બાજુ ફરી જા. આહાહા..! કર્મ જડને વશે.. હવે જે ન દેખાય એની વાતું. કર્મ ઇન્દ્રિયથી દેખાય નહિ. આત્માનું દુઃખ છે એ ઇન્દ્રિય દેખાય નહિ. આત્માનું સુખ છે ઇન્દ્રિયથી દેખાય નહિ. આહાહા..! ભગવાન! પણ છે ને? ઇન્દ્રિયથી દેખાય કે ન દેખાય પણ વસ્તુ છે કે નહિ? એ કર્મને તાબે થયેલો છે કે નહિ? કેમકે તને આત્મા જે સ્વભાવમાં રહેલું સુખ, સ્વભાવમાં નિયત આનંદ રહેલું સુખ, એની અપ્રાપ્તિ છે, એથી તું પરને વશે પડ્યો છો એમ છે. અને પરવશને છોડ તો સ્વભાવમાં રહેલું સુખ '**પ્રબળ સંસારની ભીતિથી ડરીને...**' આહાહા..! આ ચાર ગતિના ભવો... ઓહો..! અહીંથી નીકળીને ક્યાં જઈશ? પ્રભુ! એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચ... આહાહા..!

એ '**પ્રબળ સંસારની ભીતિથી ડરીને...**' કર્મને વશે પડેલો છે એવો જે આત્મા એ નિર્મળ સ્વભાવનિયત સુખ છે એને ભજ. એ આત્મામાં આનંદ છે તેને ભજ. આહાહા..! ભાષા થોડી અને ભાવ ઘણા. આમ વશ પડ્યો છે, એ કરતાં સ્વભાવમાં નિયત સુખ છે ત્યાં આવને. એમ કહે છે. કર્મને વશે પડીને સંસારમાં રખડી રહ્યો છો, તો એ સંસારના ભયથી ડરીને... આહાહા..! ક્યાં ઉપજીશ? ક્યાં જઈશ? ત્યાંથી પછી તને કેવો ભવ મળશે? મનુષ્યભવ ગયો પછી મનુષ્યભવ ક્યારે મળશે? અને મળે તો પણ અનંતવાર મળી ગયો છે. આહાહા..!

ભવ, સંસારના ભવની ભીતિ એટલે ભય, એનાથી ડરીને ભજ. આહાહા..! ડરીને દુઃખથી એ તો નરકનું, તિર્યંચનું દુઃખ એમ નહિ. દુઃખથી ડરીને ભજ એમ નહિ. સંસાર આખું પરિભ્રમણનું, ચારે ગતિ દુઃખરૂપ છે. આહાહા..! ચારે ગતિના. સંસાર આખો લીધો છે ને? આ ક્યાં નરક અને તિર્યંચનું દુઃખ જ એટલું છે. સ્વર્ગમાં પણ રાગનું દુઃખ છે. એકલી આકુળતા છે. આહાહા..!

'**પ્રબળ સંસારની ભીતિથી...**' પાછું એમ કહે છે. ઉગ્ર સંસારનો ડર લાવ. આહાહા..! '**નિર્મળ સ્વભાવનિયત સુખ...**' ક્યારે મળે? કે પ્રબળ સંસારના ડરથી. તને સંસારનો ડર લાગે... આહાહા..! અરે..! હું આત્મા છું તો ખરો. આ દેહ તો અમુક કાળ રહેશે. પછી કયાં જઈશ? ચોરાશીના અવતાર બધા પડ્યા છે. ક્યાંય પત્તો નહિ મળે. એવા સંસારના પરિભ્રમણના દુઃખથી ડરીને. સ્વર્ગનું સુખ છે એ દુઃખ છે. સંસાર શબ્દે અહીં કાંઈ નરક અને તિર્યંચ એકલી નહિ, ચારેય ગતિ. આહાહા..! આ શેઠાઈ છે કે મોટા રાજા છે માટે સુખી છે (એમ નથી), બિચારા બધા દુઃખી છે. અને વળી મરીને પાછા ક્યાંય ઢોરમાં જવાના. આહાહા..! ભાષા કેવી! આમ વશ થયો છો ને? તું. તેને લઈને નહિ. તારે લઈને.

હવે તારું પરવશને લઈને અપ્રાપ્ત છે, તો એવા નિર્મળ સ્વભાવનિયતમાં રહેલું સુખ, એ '**પ્રબળ સંસારની ભીતિથી ડરીને...**' સુખને ભજને. સંસારના ભવના ડરથી આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો સાગર છે, એને ભજને. આહાહા..! આવો ઉપદેશ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! ટૂંકા શ્લોકો. **'પ્રબળ સંસારની ભીતિથી...'** પ્રબળ સંસારનો ભય. એકલો સાધારણ નહિ. આહાહા..! ક્યાં જઈશ? કયે ઠેકાણે પડીશ? નિગોદમાં ગયો તો અનંતે કાળે પાછો ત્રસ થવું મુશ્કેલ પડશે. આહાહા..!

**'પ્રબળ સંસારના...'** ડરથી, ભયથી. ભયથી ડરીને ભજ. ભયથી ડરીને ભજ. આ કોને ભજ? આત્માના આનંદને. આત્મામાં રહેલો આનંદ છે. અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ નિયત નિશ્ચય ભરેલો છે. નિત્ય છે, ધ્રુવ છે, કાયમ છે, એકરૂપ છે. આહાહા..! એને ભજ. પ્રબળ સંસારના ભયથી ડરીને ભજ. જો આમાંથી ખસ્યો તો ક્યાં જઈશ? ક્યાં થઈશ? આહાહા..! મોળો પાડી દે એવું છે એકવાર તો. '...ભાઈ'! આ દીકરા આવા થયા છે, પૈસા આવા પેદા થયા, ઢીકણા.. આપણે વધ્યા. પહેલા સાધારણ હતા અને મા-બાપ પાસે થોડું હતું. આપણે વધી ગયા. ક્યાં વધ્યા? શેમાં વધ્યા? આહાહા..!

**'પ્રબળ સંસારના...'** ભયથી ડર. ક્યાં જઈશ? ક્યાં થશે? એનાથી ડરીને આત્મામાં છે જ. નિયત છે. આત્મામાં આનંદ ભર્યો છે. એ તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. આહાહા..! એ ઇન્દ્રિયથી જણાય એવો નથી, મનથી પણ જણાય એવો નથી, રાગથી પણ જણાય એવો નથી. આહાહા..! એવા અતીન્દ્રિય નિયત, નિશ્ચય આત્મામાં રહેલું, એને **'પ્રબળ સંસારની ભીતિથી ડરીને ભજ.'** આહાહા..! ૧૧૭ થયો. ૧૧૭મો કળશ થયો ને?

## ગાથા–૮૮

चत्ता अगुत्तिभावं तिगुत्तिगुत्तो हवेइ जो साहू।
सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८८।।

त्यक्त्वा अगुप्तिभावं त्रिगुप्तिगुप्तो भवेद्यः साधुः।
स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात्।।८८।।

त्रिगुप्तिगुप्तलक्षणपरमतपोधनस्य निश्चयचारित्राख्यानमेतत्।

यः परमतपश्चरणसरःसरसिरुहाकरचंडचंडरश्मिरत्यासन्नभव्यो मुनीश्वरः बाह्यप्रपंचरूपम् अगुप्तिभावं त्यक्त्वा त्रिगुप्तिगुप्तनिर्विकल्पपरमसमाधिलक्षणलक्षितम् अत्यपूर्वमात्मानं ध्यायति, यस्मात् प्रतिक्रमणमयः परमसंयमी अत एव स च निश्चयप्रतिक्रमणस्वरूपो भवतीति।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે ૮૮.**

**અન્વયાર્થ :– [यः साधुः] જે સાધુ [अगुप्तिभावं] અગુપ્તિભાવ [त्यक्त्वा] તજીને [त्रिगुप्तिगुप्तः भवेत्] ત્રિગુપ્તિગુપ્ત રહે છે [सः] તે (સાધુ) [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ [उच्यते] કહેવાય છે, [यस्मात्] કારણ કે તે [प्रतिक्रमणमयः भवेत्] પ્રતિક્રમણમય છે.**

**ટીકા :– ત્રિગુપ્તિગુપ્તપણું (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું) જેનું લક્ષણ છે એવા પરમ તપોધનને નિશ્ચયચારિત્ર હોવાનું આ કથન છે.**

**પરમ તપશ્ચરણરૂપી સરોવરના કમળસમૂહ માટે પ્રચંડ સૂર્ય સમાન એવા જે અતિ-આસન્નભવ્ય મુનીશ્વર બાહ્ય પ્રપંચરૂપ અગુપ્તિભાવ તજીને ત્રિગુપ્તિગુપ્ત નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણથી લક્ષિત અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે, તે મુનીશ્વર પ્રતિક્રમણમય પરમસંયમી હોવાથી જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે.**

---

## ગાથા–૮૮ ઉપર પ્રવચન

---

હવે ૮૮મી ગાથા. ૮૮-ગાથા.

**चत्ता अगुत्तिभावं तिगुत्तिगुत्तो हवेइ जो साहू।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८८।।**

**જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે ૮૮.**

આહાહા..! નિમિત્તને તો ક્યાંય ઉડાડી દીધું. પણ અંદરનું નિમિત્ત વ્યવહાર પ્રતિક્રમણ આદિ એને પણ ઉડાડી દીધું. આહાહા..! આ નિમિત્તથી અહીં થાય અને આ નિમિત્તથી અહીં થાય. અરે..રે..! પ્રભુ! આહાહા..! તે સમયનો પર્યાય તારાથી થાય છે, ત્યાં બીજું નિમિત્ત તને શું કરે? અડતું નથી. જેને અડતું નથી. તું અડતો નથી, તે અડતું નથી. આહાહા..! આવું સ્વરૂપ છે.

**જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે ૮૮.**

**'ટીકા :– ત્રિગુપ્તિગુપ્તપણું (–ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું)...'** હવે શું કહે છે? મન, વચન અને કાયા જે પર તરફ વળે છે, એ અગુપ્તિ છે. એને હવે ગુપ્ત-છોડી દે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભિન્ન ભિન્ન રીતે પ્રતિક્રમણની વ્યાખ્યા (કરી છે). કેમ કે ભિન્ન-ભિન્ન પ્રકારના પ્રતિક્રમણ દોષ છે કે નહિ? દોષ પણ ભિન્ન-ભિન્ન પ્રકારના છે ને? તે ભિન્ન-ભિન્ન પ્રકારના દોષોથી પાછો વાળવા, અંદર ઠરવા માટે ભિન્ન-ભિન્ન પ્રકારની વાત કરે છે. આહાહા..! **'ત્રિગુપ્તિગુપ્તપણું (–ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું) જેનું લક્ષણ છે એવા પરમતપોધનને...'** આહાહા..! જે મન, વચન અને કાયાના લક્ષથી છૂટી ગયો છે. આહાહા..! મન, વચન, કાયાની પ્રવૃત્તિ તરફના વલણથી છૂટી ગયો છે. મન, વચન, કાયા તો જડ છે. પણ તેના તરફના વલણવાળી જે અગુપ્તિ એનાથી ગુપ્તિમાં છૂટ્યો છે. આહાહા..! આ પ્રતિક્રમણ કહે છે, આ સાચી સામાયિક કહે છે. આહાહા..!

**'ત્રિગુપ્તિગુપ્તપણું (–ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું)...'** મન, વચન અને કાયા, જે આ ત્રણ છે, તેના તરફના વલણનો ભાવ તે અગુપ્તિ છે. તેને છોડીને ગુપ્ત થા, અંદરમાં જા. આહાહા..! આ પ્રતિક્રમણ છે. આહાહા..! આવું તો સાંભળ્યું પણ ન હોય. સાંભળ્યું હોય તો દરકાર કરી નથી. અનંતકાળથી. ઓહો..! ભવનો ભયનો ડર. **'એવા પરમ તપોધનને...'** મુનિની વાત મુખ્ય લીધી છે ને? મન, વચન અને કાયા આ ત્રણ તો જડ છે. એના તરફના વલણનો ભાવ તે અગુપ્તિભાવ છે. તે અગુપ્તિભાવને છોડીને અંદરમાં ગુપ્ત થા. આહાહા..! મન, વચન, કાયા જડ છે એને છોડવા નથી. **'ત્રિગુપ્તિગુપ્તપણું (–ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું)...'** એમ કહ્યું ને? મન, વચન અને કાયા જડથી ગુપ્ત થા એમ નહિ. આ તો જડ છે. મન, વાણી. એના તરફનું જે વલણ છે તે અગુપ્તિભાવ છે. તેને છોડીને ગુપ્ત થા. આવી વાતું.

**'જેનું લક્ષણ છે એવા પરમ તપોધન...'** મહામુનિ, તેને **'નિશ્ચયચારિત્ર હોવાનું...'** તેને સાચું ચારિત્ર હોવાનું **'આ કથન છે.'** સાચું પ્રતિક્રમણ કહો કે સાચું ચારિત્ર કહો (કે) નિશ્ચયચારિત્ર (કહો). વ્યવહાર પંચમહાવ્રત એ નહિ. પંચમહાવ્રતના વિકલ્પો એ બધી મન, વચન, કાયા તરફના વલણવાળી વાત છે. વ્યવહાર પાંચ સમિતિ, ગુપ્તિ આદિ. એનાથી છૂટીને અંદરમાં જા. **'એવા પરમ તપોધનને નિશ્ચયચારિત્ર હોવાનું આ કથન છે.'** વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૮૯, શ્લોક-૧૧૮, ગાથા-૮૮-૮૯, શુક્રવાર, માગશર સુદ ૪, તા.૨૩-૧૧-૧૯૭૯

---

ગુજરાતી લીધું. ઓલું તો હિન્દી કહેતા હતા. એ તો વયા ગયા. 'નિયમસાર'. ૮૮મી ગાથા. ૮૮માં ... ગુપ્તિનો અધિકાર છે. ગુપ્તિ-ગુપ્તિ. મન, વચન, કાયા તરફના વલણ, જે ભાવ એ અગુપ્તિ છે. એ અગુપ્તિ છે. તેને છોડવું. મન, વચન, કાયા તરફના વલણની જે અગુપ્તિ છે, તેને છોડવું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પરમ તપશ્ચરણરૂપી સરોવરના કમળસમૂહ માટે પ્રચંડ સૂર્ય સમાન...'** અહીં તો ઉત્કૃષ્ટ મુનિની વાત ચાલે છે ને. પ્રતિક્રમણ-નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચય સાચું પ્રતિક્રમણ કોને હોય છે. એ ચાલે છે. પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર ચાલે છે. કહે છે, **'પરમ તપશ્ચરણરૂપી સરોવરના કમળ..'** આહાહા..! અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ ભરેલો છે, તેની દૃષ્ટિ કરીને તેમાં સ્થિરતા કરવી, એથી એને **'પરમ તપશ્ચરણરૂપી સરોવરના કમળસમૂહ માટે પ્રચંડ સૂર્ય સમાન...'** જેમ સૂર્ય ઊગે અને કમળ ખીલે, સૂર્ય ઊગે અને કમળ ખીલે એમ અંતર સ્વરૂપની એકાગ્રતા થતાં શાંતિ અને આનંદ ખીલે. આહાહા..! આનું નામ પ્રતિક્રમણ છે. છે?

**'પરમ તપશ્ચરણ...'** એટલે આનંદસ્વરૂપ, આનંદ સચ્ચિદાનંદ પ્રભુ (છે). એ આનંદરૂપી સરોવરમાં **'કમળસમૂહ માટે પ્રચંડ સૂર્ય...'** જેની દશા રાગથી રહિત થઈ અગુપ્તિભાવને રુચિ અને ગુપ્ત મન, વચન, કાયાના પરિણામને છોડી શુદ્ધ સ્વરૂપમાં ગુપ્ત થાય છે એ સરોવરમાં જેમ કમળને ખીલવામાં સૂર્ય છે, એમ તે ધર્માત્મા આનંદરૂપી કમળને ખીલવવામાં સૂર્ય સમાન છે. આહાહા..! આવી વાત છે. અતીન્દ્રિય આનંદનો સાગર છે. આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. એને વર્તમાનમાં તેના તરફના ઝુકાવથી, પર તરફના ઝુકાવને રોકીને શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતાથી સરોવરમાં જેમ કમળ ખીલે એમ આનંદની કળીઓ અને અનંતગુણની કળીઓ પર્યાયમાં ખીલે (છે). આવી વાત છે. એને અહીંયાં પ્રતિક્રમણ કહેવામાં આવે છે. એને સાંભળવું મુશ્કેલ પડે.

પરમ તપશ્ચરણ (સ્વરૂપ જે) મુનિ, એ મુનિ કેવા હોય છે?

જેને અંદર પરમતપસ્યા એટલે આનંદરૂપી દશાની ઉગ્રતા. એના કમળને ખીલવાને માટે જેની વર્તમાનમાં અંતર એકાગ્રતાની દશા ખીલી ગઈ છે એને અહીંયાં નિશ્ચયપ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. જેને હવે સંસાર (અંત) નિકટ થઈ ગયો છે, મોક્ષ થવાની તૈયારી છે. આહાહા..!

**'અતિઆસન્નભવ્ય...'** મોક્ષને માટે જેની યોગ્યતા અતિ નજીક થઈ ગઈ છે. આહાહા..! એવો જે આત્મા, **'મુનીશ્વર બાહ્ય પ્રપંચરૂપ અગુપ્તિભાવ તજીને,...'** આહાહા..! મન, વચન અને કાયા તરફના વિકલ્પો, એ બધો પ્રપંચ છે. ચાહે તો શુભ વિકલ્પ અને રાગ હોય તો પણ એ પ્રપંચ છે. આહાહા..! છે? **'બાહ્ય પ્રપંચરૂપ અગુપ્તિભાવ...'** બાહ્ય તરફના ઢળતા વિકલ્પો એ બધો પ્રપંચ છે તેને છોડીને. આહાહા..!

**'ત્રિગુપ્તિગુપ્ત-નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણથી લક્ષિત...'** અંદરમાં ગુપ્ત થઈ, આનંદમાં લીન થઈને જે નિઃશલ્ય-નિર્વિકલ્પ રાગરહિત વીતરાગદશાસહિત **'પરમસમાધિલક્ષણથી...'** પરમ શાંતિ... પરમ શાંતિ... પરમ સમાધિ એટલે પરમ શાંતિ, એવી પરમ શાંતિના લક્ષણથી લક્ષિત **'અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...'** એવો જે અતિ-અપૂર્વ ભગવાન આનંદ, જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા, તેને અગુપ્તિ ભાવના પ્રપંચથી છોડી, અંદરમાં જે આત્માને ધ્યાવે છે તેને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાચું પ્રતિક્રમણ કહેવાય છે. આહાહા..! આ તો કહે છે કે ઊંચા ગુણ ઠાણાની વાત છે. તેરમા ગુણસ્થાનની, ચૌદમા ગુણસ્થાનની. અહીં તો હજી છઠ્ઠા ગુણસ્થાનની વાત છે. મુનિને આવું ચારિત્ર હોય. નહિતર ચારિત્ર હોઈ શકે નહિ. આહાહા..!

સ્વરૂપ જે શુદ્ધ અનંતગુણનો પિંડ છે તેમાં ચરવું અને અગુપ્તિભાવને છોડી અને સ્વરૂપમાં ગુપ્ત થવું, એનું નામ અહીંયાં નિશ્ચયપ્રતિક્રમણ અથવા નિશ્ચયગુપ્તિ કહેવામાં આવે છે. **'તે મુનીશ્વર પ્રતિક્રમણમય પરમસંયમી હોવાથી...'** આહાહા..! આવું મુનિપણું. પંચમઆરાના જીવને આમ કહે છે. પંચમઆરાના મુનિ પંચમઆરાના જીવને સંબોધીને આમ કહે છે, પ્રભુ! તારામાં આ શક્તિને પ્રગટ કરવાની તાકાત છે. પાંચમો આરો છે માટે નથી એમ નહિ. આહાહા..!

**'તે મુનિશ્વર...'** આ મુનિ. આહાહા..! **'પ્રતિક્રમણમય...'** એ તો પ્રતિક્રમણમય થઈ ગયો. ત્રણ અગુપ્તિથી હઠીને અંદરમાં ગુપ્ત થયો, આનંદસ્વરૂપમાં લીન થયો એ પ્રતિક્રમણમય થઈ ગયો. પ્રતિક્રમણ કરે છે એમ નહિ એ તો પ્રતિક્રમણસ્વરૂપ જ થઈ ગયો. આવી વાતું. ૯૦૦ વર્ષ પહેલા તો મુનિ થયા 'પદ્મપ્રભમલધારિદેવ', એ તો ટીકા કરે છે અને 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા થયા. પંચમઆરામાં થયા. એમણે તો આ પોતાને માટે આ પુસ્તક બનાવ્યું. આહાહા..! એને અહીંયાં ધર્મ પ્રતિક્રમણમય ધર્મ, પચ્ચખાણમય ધર્મ, એવા જીવને કહેવામાં આવે છે. આહાહા..!

અહીં તો ત્રણ અગુપ્તિને છોડીને (એમ કહ્યું છે). પરવસ્તુને છોડીને એમ નહિ. પરવસ્તુ તો છૂટેલી જ પડી છે. પર્યાયમાં જે મન-વચન-કાયાના વિકલ્પ ઊઠે છે, રાગ જે ઊઠે છે, ચાહે તો શુભ (હો) પણ એ બધો પ્રપંચ છે. પર્યાયમાં શુભરાગ પણ પ્રપંચ છે. એ પ્રપંચને છોડી દઈને. આહાહા..! આવા વીતરાગી મુનિને સાચું પ્રતિક્રમણ હોય છે. એમાં છે કે નહિ?

**'પ્રતિક્રમણમય પરમસંયમી હોવાથી...'** પરમ સંયમી છે. અંદર આનંદસ્વરૂપ ભગવાન. એના મહેલમાં પધરાણા. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન, એમાં જેની સ્થાપના થઈ ગઈ છે, એમાં અંદર પેઠા છે, સ્થિર થઈ ગયા છે. આનંદની લહેરમાં સમતાના સાગર, વીતરાગભાવે રમે છે. તે **'પરમસંયમી હોવાથી જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે.'** પ્રતિક્રમણમય કીધું છે ને? પ્રતિક્રમણવાળો એમ નહિ. પ્રતિક્રમણમય. એ પ્રતિક્રમણમય છે. આહાહા..! આવું પહેલું તો કથન સાંભળવું. પહેલું સમજે તો ખરો કે ચારિત્ર કેવું હોય? સમકિત કેવું હોય એ વ્યાખ્યા તો થઈ ગઈ. હવે ચારિત્ર કેવું હોય? આહાહા..! એ કાંઈ લુંગડા ફેરવ્યા, નગ્ન થઈ ગયો, પંચમહાવ્રતના પરિણામ થયા માટે ચારિત્ર છે એમ નથી. આહાહા..!

ભગવાન પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ દળ, તેમાં જે લીન થઈ ગયો છે અને રાગાદિ પ્રપંચનો અગુપ્તિભાવ જેણે છોડ્યો છે તે મુનિ પ્રતિક્રમણમય છે. પ્રતિક્રમણવાળો છે એમ પણ નહિ, એ પ્રતિક્રમણ કરનારો છે એમ પણ નહિ, એ પ્રતિક્રમણમય છે. આહાહા..! આવી વાતું છે. મુનિરાજ 'કુંદકુંદાચાર્યે' પોતાને માટે આ બનાવ્યું છે. જગત પાસે જાહેર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે છે. માર્ગ આ છે, બાપા! આહાહા..! સમ્યગ્દર્શનસહિત આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિની અનુભવની પ્રતીતિ સહિત, શુભરાગના પ્રપંચને છોડી અને શુદ્ધતામાં લીનતા જામી જાય, તે પ્રતિક્રમણમય જ આત્મા થઈ ગયો. પ્રતિક્રમણ કરનાર પ્રતિક્રમણમય સ્વરૂપ એ થયો. આહાહા..!

## શ્લોક-૧૧૮

(**हरिणी**)

**अथ तनुमनोवाचां त्यक्त्वा सदा विकृतिं मुनिः**
**सहजपरमां गुप्तिं संज्ञानपुंजमयीमिमाम्।**
**भजतु परमां भव्यः शुद्धात्मभावनया समं**
**भवति विशदं शीलं तस्य त्रिगुप्तिमयस्य तत्।।११८।।**

**[હવે આ ૮૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**[શ્લોકાર્થ :-] મન-વચન-કાયની વિકૃતિને સદા તજીને, ભવ્ય મુનિ સમ્યગ્જ્ઞાનના પુંજમયી આ સહજ પરમ ગુપ્તિને શુદ્ધાત્માની ભાવના સહિત ઉત્કૃષ્ટપણે ભજો. ત્રિગુપ્તિમય એવા તે મુનિનું તે ચારિત્ર નિર્મળ છે. ૧૧૮.**

## શ્લોક-૧૧૮ ઉપર પ્રવચન

**'[હવે આ ૮૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'** કોઈ કહે ભાઈ! 'સમયસાર'માં બધું છે. પણ આ 'નિયમસાર'માં પણ શું બાકી છે? આહાહા..! કેટલીક વાત તો 'નિયમસાર'માં 'સમયસાર'થી પણ વિશેષ કરી છે. આહાહા..! પોતાના જાત અનુભવને માટે, સ્થિરતાને માટે આ બનાવ્યું છે. એમાં કેટલીક વિશેષતા છે. 'શીતલપ્રસાદે' પણ એમ લખ્યું છે, કે 'સમયસાર' કરતાં પણ 'નિયમસાર'માં કેટલીક વાત ઘણી ઊંચી થઈ છે. 'શીતલપ્રસાદે' 'નિયમસાર'ના હિન્દી અર્થ કર્યા છે. હિન્દી-હિન્દી બીજું નાનું 'નિયમસાર'.

અહીં કહે છે, **'મન-વચન-કાયની વિકૃતિને સદા તજીને,...'** આહાહા..! ભગવાનઆત્મા મન, વચન, કાયાથી તો રહિત છે. એ તો રહિત છે પણ મન-વચન અને કાયા તરફના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પથી પણ રહિત છે. એ મન, વચન અને કાયા, એની વિકૃતિ કીધી છે. મન, વચન, કાયા તરફની વિકૃતિ એટલે અગુપ્તિ-વિકલ્પ. આહાહા..! **'મન-વચન-કાયાની વિકૃતિ...'** મન-વચન-કાયા પર છે પણ તેના તરફની જે વિકૃતિ, પરદ્રવ્ય તરફના વલણનો જે વિકૃતિ ભાવ... આહાહા..! તેને **'સદા તજીને,...'** આહાહા..! જુઓ! આ ચારિત્ર, આ પ્રતિક્રમણ, આ સંયમ. આહાહા..!

મન-વચન-કાયા ત્રણ વસ્તુ અને એક કોર પ્રભુ. મન-વચન-કાયા તરફની વિકૃતિ, તેના તરફનો ઝુકાવ, તેના તરફનું વલણ જે વિકાર, તે **'વિકૃતિને સદા તજીને,...'** તે વિકૃતિને સદા તજીને. આહાહા..! આ તો બહારથી બાયડી, છોકરા, કુટુંબ, ધંધો છોડે, લુંગડું કાંઈક ફેરવે તો થઈ ગયો ત્યાગી. અને શેઠિયાઓ પણ એને ત્યાગી તરીકે માને. ભાઈ! આપણા કરતાં તો ત્યાગી છે. કાંઈક છોડ્યું છે. માર્ગ બહુ આકરો, બાપા! માર્ગ ઘણો સરળ (છે). વસ્તુ છે ત્યાં જાવું છે તો સરળ છે. જેમાં નથી તેમાંથી ખસવું છે, જેમાં એ આત્મા નથી... આહાહા..! એ મન, વચન, કાયામાં તો આત્મા નથી પણ તેના તરફની વિકૃતિમાં પણ આત્મા નથી. આહાહા..! એ અછતી ચીજમાંથી ખસીને છતી ચીજમાં આવવું છે. આહાહા..! આવું કામ છે.

**'મન-વચન-કાયાની વિકૃતિને સદા તજીને,...'** ભાષા સમજ્યા? મન-વચન-કાયાને છોડીને નહિ. એ તો છૂટા જ પડ્યા છે. આહાહા..! કાયા-વચન અને મન તો છૂટા જ પડ્યા છે. એને અને આત્માને કાંઈ સંબંધ છે જ નહિ. આહાહા..! પણ એ મન-વચન-કાયા તરફની વિકૃતિ, સ્વભાવથી વિરુદ્ધ, પર તરફના ઝુકાવની વિકૃતિ, એને સદા તજીને. આહાહા..! આટલા શબ્દમાં ઘણું ભર્યું છે. એકકોર ભગવાન પૂર્ણ શક્તિ સંપન્ન પરમેશ્વર, એ પરમેશ્વરને પર્યાયમાં મન-વચન-કાયા તરફનો જે ઝુકાવ છે, તે પર્યાયનો ઝુકાવ તેને છોડીને. વસ્તુ તો આખી પડી છે. છતી ચીજ છે, છતો પરમેશ્વર છે, ભગવત્ સ્વરૂપ છે. તે વિકૃતિ છોડીને.. આહાહા..!

**'ભવ્ય મુનિ...'** લાયક મુનિ. મોક્ષને માટે જેની નજીકતા છે, એવા લાયક મુનિ **'સમ્યગ્જ્ઞાનના પુંજમયી...'** હવે શું કીધું? આહાહા..! એકબાજુ મન, વચન અને કાયા, એક બાજુ આત્મા. હવે એ મન, વચન, કાયા તરફનો ઝુકાવ, એક બાજુ પરમાનંદ પૂર્ણ શુદ્ધ. હવે એ વિકૃતિભાવને છોડીને જ્ઞાનનો પુંજ એવો આત્મા (ત્યાં મુનિનો ઝુકાવ છે). આહાહા..! જગતથી ભાષા જુદી, ભાવ જુદા. ભાઈ! મોક્ષનો માર્ગ કોઈ જુદો છે ને. આહાહા..! **'સમ્યગ્જ્ઞાનના પુંજમયી આ સહજ પરમ ગુપ્તિને...'** દેખો! આહાહા..! સમ્યગ્જ્ઞાનનો પુંજ પ્રભુ! એવી **'સમ્યગ્જ્ઞાનના પુંજમયી આ સહજ પરમ ગુપ્તિ...'** એ ગુપ્તિ જ પોતે જ્ઞાનમય છે કહે છે. જેમ ભગવાન સહજ જ્ઞાનમય છે તો એના તરફનો ઝુકાવ થયો તે સહજ જ્ઞાનમય દશા છે. એમાં અગુપ્તિભાવ, પર તરફના વિકલ્પનો બિલકુલ અભાવ છે. આહાહા..! આ નિયમસાર.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સમગ્જ્ઞાનના પુંજમયી આ સહજ પરમ ગુપ્તિને શુદ્ધાત્માની ભાવના સહિત...'** આહાહા..! ગુપ્તિ એ જ શુદ્ધાત્માની ભાવના છે. પરમાનંદનો નાથ પરમાત્મા, શુદ્ધ આનંદકંદ, તેની ભાવના. લ્યો, આ ભાવના આવી. ભાવના એટલે કે કલ્પના એમ નહિ. ભાવના એટલે તેનો વિકલ્પ કરવો, વિચાર કરવો એ નહિ. આહાહા..! **'શુદ્ધાત્માની ભાવના સહિત...'** પરમાનંદ એવો ભગવાનઆત્મા, તેની એકાગ્રતા સહિત. ભાવના એટલે એકાગ્રતા. વસ્તુ તો વસ્તુ છે. આ બાજુથી ત્રણ અગુપ્તિથી ખસી અને ત્રિગુપ્તિ એટલે આ બાજુ જ્ઞાનના પુંજની પર્યાયમાં એકાગ્ર થવું. આહાહા..! એ **'ભાવના સહિત ઉત્કૃષ્ટપણે ભજો.'** આહાહા..!

'કુંદકુંદાચાર્ય મહારાજ' કરુણા કરીને જગતને કહે છે. એ એમ જોતા નથી કે આ પંચમઆરો છે, આ માણસ હલકા છે, સમાજ સાધારણ છે. હું આ કોની પાસે વાત કરું છું? કે હું ભગવાનની પાસે વાત કરું છું. આહાહા..! પામર પાસે વાત નથી. પામર તો પર્યાયમાં છે, એ પામરતા કાંઈ તારું સ્વરૂપ નથી. આહાહા..! દયા, દાન ને વિકલ્પ છે એ તો પામરતા છે. એ કાંઈ તારું સ્વરૂપ નથી. હું એને કહેતો નથી.

પરમાનંદનો નાથ, જેની ગુપ્તિમાં જ્ઞાનપુંજપણું પ્રગટે છે, રાગનું પુણ્યપણું જે હતું, એમાંથી ખસી ગયો છે અને આત્મામાં તે જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય પ્રગટી છે. એ અનંત ગુણના પુંજની પર્યાય પ્રગટી છે એવી જે ગુપ્તિ... આહાહા..! એણે **'શુદ્ધાત્માની ભાવના સહિત...'** શુદ્ધાત્મામાં એકાગ્રતા. શુદ્ધ પરમાત્મા ભગવત્ સ્વરૂપ, પરમાત્મસ્વરૂપ, પરમેશ્વરસ્વરૂપ, એની ભાવના એટલે એકાગ્રતાને ભજ. આહાહા..! **'ભાવના સહિત ઉત્કૃષ્ટપણે ભજો.'** આ હીણી દશાપણે ત્રણ ગુપ્તિ નહિ એમ કહે છે. આહાહા..! અગુપ્તિ છોડી એમ પણ નહિ. આહાહા..! જુઓ! આ પંચમઆરાના સંત. એવા **'ઉત્કૃષ્ટપણે ભજો.'** એનું ભજન કર. પરમાત્મા પૂર્ણાનંદનો નાથ, તેનું ભજન-એકાગ્રપણે, ઉત્કૃષ્ટપણે ભજન કર. આહાહા..!

**'ત્રિગુપ્તિમય એવા તે મુનિનું...'** તે ત્રિગુપ્તિ મન-વચનથી ખસીને ગુપ્ત થયો છે **'તે મુનિનું તે ચારિત્ર નિર્મળ છે.'** એનું ચારિત્ર નિર્મળ છે. આહાહા..! કહો, 'યશપાલજી'! આ ચારિત્ર આવું! આ પાંચ, સાત, દસ પડિમા લઈને બેસે. અગિયાર પડિમા. પંચમહાવ્રત અને નગ્નપણું. દીક્ષા... દીક્ષા... દીક્ષા... દીક્ષા.. દીક્ષા... આહાહા..! કહે છે, **'તે મુનિનું ચારિત્ર નિર્મળ છે.'** એના ચારિત્રને નિર્મળ કહીએ. આહાહા..! મન-વચન-કાયા તરફનો ઝુકાવ એ અચારિત્ર છે. સ્વભાવ શુદ્ધ તરફનો ઉત્કૃષ્ટપણે અંદર જઘન્ય એટલે એકાગ્રતા (થવી) એ ચારિત્ર નિર્મળ છે. આહાહા..! આવી વાત. બીજો સહેલો માર્ગ કાંઈક હશે કે નહિ? ત્યાં વળગ્યા ને? 'જયસેનાચાર્ય'માં વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય એમ આવ્યું હતું. એ પસંદ કર્યું. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા સખત, એ પસંદ ન કરી. આહાહા..! આ 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે. આ 'અમૃતચંદ્રાચાર્ય' નથી. 'અમૃતચંદ્રાચાર્યદેવ' પછી થયેલા 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે. આહાહા..! એ આ ટીકા કરે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન! તું છો કે નહિ? કે આ બધું આ જ છે? અને એ બધું જણાય છે એ પણ તારી પર્યાયમાં જણાય છે. એ પર્યાયમાં જણાય છે, તે પર્યાય જેટલો તું છો? આહાહા..! જેની સત્તામાં, જેની હયાતીમાં આ બધું જણાય છે, એટલું પર્યાયનું જાણપણું, એટલામાં એ જણાતું નથી, ખરેખર તો એ પર્યાય જણાય છે, એ પર્યાય જેટલો પણ તું નથી. આહાહા..! જેની વર્તમાન દશામાં આ બધું છે એમ જાણે છે કોણ? જાણનારની દશા જાણે છે. જાણનારની દશા ખરેખર તો પોતાને જાણે છે પણ એનું લક્ષ પર ઉપર છે એથી જાણે હું આને જાણું છું (એમ લાગે છે). પણ જેનામાં જ્ઞાન નથી, એને જાણવાનું, એમાંથી જાણવાનું ક્યાંથી આવ્યું? એનું જ્ઞાન એનામાં નથી, એનું જ્ઞાન જડમાં નથી, એ જ્ઞાન ત્યાંથી (જડમાંથી) અહીં કેમ આવે? જ્ઞાન તો અહીં (અંદર) છે. એ જ્ઞાનની પર્યાયમાં આ જણાય છે. એ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. એ બધું છે એવી જ્ઞાનની પર્યાયની સત્તા જાણે છે પણ એ પર્યાય જેટલો પણ તું નથી. આહાહા..! તું ત્રિકાળી શુદ્ધાત્મા છો ત્યાં જા. એને ભજ. કીધું ને? '**શુદ્ધાત્માની ભાવના સહિત ઉત્કૃષ્ટપણે ભજો.**' આહાહા..! શબ્દો થોડા, ભાવ ઘણા ભરેલા.

નવરાશ ન મળે. પોતાના હિતને પંથને માટે ફુરસદ ન મળે. અહિતને માટે કલાકોના કલાકો (કાઢે). કેમ 'બાબુભાઈ'! આ ઘડિયાળ, સંચો, ઢીકણું, ફીકણું, ગ્રાહક આવ્યા, વેચ્યા અને પચાસ-સો પેદા થયા. અર..ર...! આખો દિ' અહિતના પંથે દોરાઈ ગયો, કહે છે. આહા..! એ તો વિકલ્પોમાં દોરાઈ ગયો છે. એને છોડીને જેમાં એ વિકલ્પ નથી પણ જ્ઞાનનો પુંજ પ્રભુ છે, એને પર્યાયમાં જ્ઞાનના પુંજરૂપી દશા-ગુપ્તિ પ્રગટ કર. આહાહા..! એને ભજ. ભજન તો કર પણ એને ભજ. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... માળા ગણે. એ માળા રહેવા દે, આ માળા લે. એ માળા ગણવામાં પણ અહિત જ છે. એ પણ અગુપ્તિ છે. આહાહા..! વ્યવહાર... વ્યવહાર.. વ્યવહાર છે જ નહિ? કોણે કહ્યું નથી? વ્યવહાર છે એ બધું બંધનનું કારણ છે. આહાહા..! વ્યવહાર એ બધા બંધના સાધન છે. શુદ્ધ સ્વરૂપનું સાધન એમાં નથી. આહાહા..!

'**એવા તે મુનિનું તે ચારિત્ર નિર્મળ છે.**' બાકી કહે છે કે બધા મલિન છે. આહાહા..! આ મુનિનું ચારિત્ર તે નિર્મળ કહેવાય. એ ચારિત્ર તે પંચપરમેષ્ઠીના વંદનમાં આવે. આહાહા..! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. આવા નિર્મળ ચારિત્રવંત ત્રિકાળ ચારિત્રવંત નમસ્કારમાં આવે છે. આહાહા..! એ ૮૮મી ગાથા (પૂરી) થઈ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા–૮૯

मोत्तूण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा।
सो पडिकमणं उच्चइ जिणवरणिद्दिड्ठसुत्तेसु।।८९।।

मुक्त्वार्तरौद्रं ध्यानं यो ध्यायति धर्मशुक्लं वा।
स प्रतिक्रमणमुच्यते जिनवरनिर्दिष्टसूत्रेषु।।८९।।

ध्यानविकल्पस्वरूपाख्यानमेतत्।

स्वदेशत्यागात् द्रव्यनाशात् मित्रजनविदेशगमनात् कमनीयकामिनीवियोगात् अनिष्टसंयोगाद्वा समुपजातमार्तध्यानम्, चौरजारशात्रवजनवधबंधननिबद्धमहद्द्वेषजनितरौद्रध्यानं च, एतद्द्वितयम् अपरिमितस्वर्गापवर्गसुखप्रतिपक्षं संसारदुःखमूलत्वान्निरवशेषेण त्यक्त्वा, स्वर्गापवर्गनिःसीमसुखमूलस्वात्माश्रितनिश्चयपरमधर्मध्यानम्, ध्यानध्येयविविधविकल्पविरहितान्तर्मुखाकारसकलकरणग्रामातीतनिर्भेदपरमकलासनाथनिश्चयशुक्लध्यानं च ध्यात्वा यः परमभावभावनापरिणतः भव्यवरपुंडरीकः निश्चयप्रतिक्रमणस्वरूपो भवति, परमजिनेन्द्रवदनारविन्दविनिर्गतद्रव्यश्रुतेषु विदितमिति। ध्यानेषु च चतुर्षु हेयमाद्यं ध्यानद्वितयं,त्रितयं तावदुपादेयं, सर्वदोपादेयं च चतुर्थमिति।

तथा चोक्तम् -

(अनुष्टुभ्)

``निष्क्रियं करणातीतं ध्यानध्येयविवर्जितम्।
अन्तर्मुखं तु यद्ध्यानं तच्छुल्लकं योगिनो विदुः।।''

---

તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,
તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯.

અન્વયાર્થ :– [यः] જે જીવ [आर्तरौद्रं ध्यानं] આર્ત અને રૌદ્ર ધ્યાન [मुक्त्वा] છોડીને [धर्मशुक्लं वा] ધર્મ અથવા શુક્લ ધ્યાનને [ध्यायति] ધ્યાવે છે, [सः] તે (જીવ) [जिनवरनिर्दिष्टसूत्रेषु] જિનવરકથિત સૂત્રોમાં [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ [उच्यते] કહેવાય છે.

ટીકા :– આ, ધ્યાનના ભેદોના સ્વરૂપનું કથન છે.

(૧) સ્વદેશના ત્યાગથી, દ્રવ્યના નાશથી, મિત્રજનના વિદેશગમનથી, કમનીય (ઈષ્ટ,

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સુંદર) કામિનીના વિયોગથી અથવા અનિષ્ટના સંયોગથી ઊપજતું જે આર્તધ્યાન, તથા (૨) ચોર-જાર-શત્રુજનોનાં વધ-બંધન સંબંધી મહા દ્વેષથી ઊપજતું જે રૌદ્રધ્યાન, તે બન્ને ધ્યાનો સ્વર્ગ અને મોક્ષના અપરિમિત સુખથી પ્રતિપક્ષ સંસારદુઃખનાં મૂળ હોવાને લીધે તે બન્નેને નિરવશેષપણે (સર્વથા) છોડીને, (૩) સ્વર્ગ અને મોક્ષના નિઃસીમ (-બેહદ) સુખનું મૂળ એવું જે સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન, તથા (૪) ધ્યાન ને ધ્યેયના વિવિધ વિકલ્પો રહિત, *અંતર્મુખાકાર, સકળ ઈંદ્રિયોના સમૂહથી અતીત (-સમસ્ત ઈન્દ્રિયાતીત) અને નિર્ભેદ પરમ કળા સહિત એવું જે નિશ્ચય-શુક્લધ્યાન, તેમને ધ્યાઈને, જે ભવ્યવરપુંડરીક (-ભવ્યોત્તમ) પરમભાવની (પારિણામિક ભાવની) ભાવનારૂપે પરિણમ્યો છે, તે નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે- એમ પરમ જિનેન્દ્રનાં મુખારવિંદથી નીકળેલાં દ્રવ્યશ્રુતમાં કહ્યું છે.**

**ચાર ધ્યાનોમાં પહેલા બે ધ્યાન હેય છે, ત્રીજું પ્રથમ તો ઉપાદેય છે અને ચોથું સર્વદા ઉપાદેય છે.**

**એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**

**“[શ્લોકાર્થ :–] જે ધ્યાન નિષ્ક્રિય છે, ઇન્દ્રિયાતીત છે, ધ્યાનધ્યેયવિવર્જિત (અર્થાત્ ધ્યાન ને ધ્યેયના વિકલ્પો રહિત) છે અને અંતર્મુખ છે, તે ધ્યાનને યોગીઓ શુક્લધ્યાન કહે છે.”**

## ગાથા–૮૯ ઉપર પ્રવચન

૮૯ ગાથા. ૮૯ આવી ને?

**मोत्तूण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा।**

જુઓ! અહીં ધર્મધ્યાન આવ્યું. ચોથેથી ધર્મધ્યાન હોય છે. ચોથા ગુણસ્થાનથી ધર્મ-ધ્યાન આવે છે. નિશ્ચયધર્મધ્યાન, હોં! ટીકામાં આવશે.

**सो पडिकमणं उच्चइ जिणवरणिद्दिड्ठसुत्तेसु।।**

જિનવરે કહેલા શાસ્ત્રોમાં આમ કહ્યું છે. આહાહા..!

**તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯.**

‘**ટીકા :– આ, ધ્યાનના ભેદોના સ્વરૂપનું કથન છે.**’ ધ્યાનના ભેદોના સ્વરૂપ. પછી કહે કોનું ધ્યાન અને કોના સ્વરૂપ? આ ધ્યાનનું સ્વરૂપ છે.

‘**(૧) સ્વદેશના ત્યાગથી, દ્રવ્યના નાશથી, મિત્રજનના વિદેશગમનથી, કમનીય (ઇષ્ટ**

*** અંતર્મુખાકાર = અંતર્મુખ જેનો આકાર અર્થાત્ સ્વરૂપ છે એવું.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સુંદર) કામિનીના વિયોગથી અથવા અનિષ્ટના સંયોગથી ઊપજતું જે આર્તધ્યાન,...'** આર્તધ્યાનની વ્યાખ્યા કરી. આર્તધ્યાન કોને કહેવું કે જે છોડવા યોગ્ય છે? **'સ્વદેશના ત્યાગથી...'** પોતાનો દેશ હોય એમાંથી બીજે જાવું, ઓળખે નહિ (કોઈ તો) આર્તધ્યાન થાય. અત્યારે તો રળવા જાય છે. મહાજન લોકો બહારમાં ગયા છે. કરોડોપતિ થઈ ગયા. કુટુંબ, કબીલા મૂકીને જાવું... આહાહા..! એ **'સ્વદેશના ત્યાગથી,...'** આર્તધ્યાન થાય.

**'દ્રવ્યના નાશથી,...'** વસ્તુ છે કે મકાન, પૈસો, એના નાશથી આર્તધ્યાન થાય. **'મિત્રજનના વિદેશગમનથી,...'** વહાલાના વિયોગથી, વહાલા મિત્ર હોય એનો વિયોગ થાય. અમે તો પરદેશમાં જાઈએ છીએ. એને લઈને આર્તધ્યાન થાય. **'કમનીય (ઇષ્ટ સુંદર) કામિનીના વિયોગથી...'** એમ વાત લેવી છે. ઇષ્ટ અને સુંદર **'કામિનીના વિયોગથી...'** એને અંદર.. આહાહા..! આવી સુંદર સ્ત્રી હતી, નાગરાણી જેવી રૂપાળી. અરે..રે..! મરી ગઈ. એનાથી આર્તધ્યાન થાય.

**'અથવા અનિષ્ટના સંયોગથી ઊપજતું...'** પ્રતિકૂળ સંયોગ. રોગ, પ્રતિકૂળતા, નિર્ધનતા, દુશ્મનનો સંયોગ, એવા સંયોગને લઈને **'ઊપજતું જે આર્તધ્યાન,...'** એ આર્તધ્યાન, પાપધ્યાન છે. આહાહા..! આવું આર્તધ્યાન તો આખો દિ' ચાલતું હોય છે. આટલા પ્રકારમાંથી કોઈ પ્રકાર તો ચાલતો હોય. સ્વદેશનો ત્યાગ, પરદ્રવ્યમાં પૈસા, મકાન, બહારના સુખ સાધનનો નાશ, મિત્રજનના વિયોગગમનથી, વહાલી સ્ત્રીના વિયોગથી અને અનિષ્ટના સંયોગથી. અનિષ્ટ, જે પ્રિય નથી એનો સંયોગ થાય. દુશ્મન, અનાજ, પાણી, રહેવાના સ્થાન, એવા મકાન, એવા વસ્ત્રો ન ગોઠતા એવા અનિષ્ટના સંયોગમાં આર્તધ્યાન થાય. એ પાપધ્યાન છે. આહાહા..! એને છોડીને. એમ કહેવું છે. (હવે) રૌદ્રધ્યાન.

**'(૨) ચોર-જાર...'** લંપટી. **'શત્રુજનોનાં વધ...'** એના આયુને વધ કરે **'બંધન સંબંધી મહા દ્વેષથી ઊપજતું...'** ચોર આવીને બાંધે. લાવ કુંચી. તિજોરીની કુંચી લાવ. ખાટલા સાથે બાંધી અને લાવ, તોડી નાખીએ. નહિતર આ બંધુક... આહાહા..! એ વખતે જુઓ રૌદ્રધ્યાન એનું. આહાહા..! જાર-લંપટી. એવા લંપટીઓનો દેખાવ થાય ઘરમાં આવીને. અરે..! આ માણસ લંપટી છે. આ ક્યાંથી? એટલે ઘરમાં ગોટો લાગે છે. એમાં પછી રૌદ્રધ્યાન થાય. આર્તધ્યાનથી આકરું. **'શત્રુજનોનાં...'** શત્રુજનો આવીને વધ કરે. **'બંધન સંબંધ...'** બાંધે. આહાહા..! એ ખાટલે બાંધે, થાંભલે બાંધે, કમાડે બાંધે અને ઘરમાં લૂંટે.

મુમુક્ષુ :– કેટલા મકાનને તાળુ મારીને સૂઈ જાય.

ઉત્તર :– તો દુઃખ થાય. આહા..! આવા પ્રકારથી રૌદ્રધ્યાન થાય. પ્રતિકૂળ સંયોગથી રૌદ્રધ્યાન થાય, રૌદ્રધ્યાન. આહાહા..!

**'તે બન્ને ધ્યાનો સ્વર્ગ અને મોક્ષના અપરિમિત સુખથી પ્રતિપક્ષ...'** છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બેય સ્વર્ગ અને મોક્ષના સુખને સર્વથા છોડીને. એ સ્વર્ગ અને મોક્ષનું અપરિમિત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સુખ, એનાથી વિરુદ્ધ સંસાર દુઃખનું મૂળ, એને બન્ને છોડીને.

**‘(૪) સ્વર્ગ અને મોક્ષના બેહદ સુખનું મૂળ સ્વત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન,’** હવે આ આવ્યું. આર્તધ્યાન, રૌદ્રધ્યાનને છોડી અને આત્મા અંદર આનંદસ્વરૂપ ભગવાન, તેનો આશ્રય કર (એ) નિશ્ચયધર્મધ્યાન, એનું નામ સાચું ધર્મ ધ્યાન છે. સ્વઆત્મા, જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એવા આત્માનો અંદર આશ્રય કર. છે? **‘સ્વર્ગ અને મોક્ષના નિઃસીમ (–બેહદ) સુખનું મૂળ...’** કેમ કે જરી વ્યવહાર શુભરાગ હોય એનાથી સ્વર્ગ મળે અને જેટલું આત્માના સ્વઆશ્રિત ચૈતન્યમૂર્તિ ભગવાન પુણ્ય અને પાપરહિત, એવો જે આત્મા, એનો આશ્રય લે તેનું નામ ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહાહા..! એનું નામ નિશ્ચય ધર્મધ્યાન કહેવામાં આવે છે. અને એમાં વિકલ્પ જે બાકી રહી જાય એને વ્યવહાર ધર્મધ્યાન કહે. વિકલ્પ બાકી રહે એને ... છે અને આત્માના આશ્રયે જે આનંદ, શુદ્ધ ચૈતન્યના આશ્રયે અતીન્દ્રિય આનંદનું ધ્યાન, એ મોક્ષનું કારણ છે. આહાહા..! આ ધર્મધ્યાન. બહારથી કહે ને, અમે આ ધર્મધ્યાન કરીએ છીએ. બાપુ! ધર્મધ્યાન ઝીણી ચીજ છે, ભાઈ!

આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે. એ આત્માના સ્વભાવનો આશ્રય લઈને અંતર એકાગ્ર થાય, તે નિશ્ચય ધર્મધ્યાન છે. તે મોક્ષનું કારણ છે. વચમાં જરી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિનો શુભરાગ રહી જાય, એ રાગનું ફળ સ્વર્ગ છે.

ધર્મ-ધ્યાનના બે પ્રકાર : (૧) નિશ્ચય ધર્મધ્યાન (૨) વ્યવહાર ધર્મધ્યાન. નિશ્ચય ધર્મધ્યાન આત્માના આનંદનું ધ્યાન, નિશ્ચય સ્વઆશ્રિત ધ્યાન. છે ને? **‘(૩) સ્વર્ગ અને મોક્ષના નિઃસીમ (–બેહદ) સુખનું મૂળ એવું જે સ્વાત્માશ્રિત...’** સ્વઆત્મા આનંદનો નાથ, પ્રભુ! અંતર વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા તો છે. આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે. ‘સિદ્ધ સમાન સદા પદ મેરો.’ એવું અંદર સ્વરૂપ છે. પણ ખબર ક્યાં છે? આહાહા..!

એવો જે સ્વઆત્મા, એને આશ્રિત **‘નિશ્ચય-પરમધર્મધ્યાન,...’** જોયું? આહાહા..! એને ધર્મધ્યાન કહીએ. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ અને અતીન્દ્રિય જ્ઞાન અને વીતરાગમૂર્તિ આત્મા છે. આત્મા ભગવત્‌સ્વરૂપ છે, પરમેશ્વરસ્વરૂપ છે. સ્વભાવે પરમેશ્વરસ્વરૂપ છે. એનો સ્વભાવ, એની શક્તિ ભગવત્‌સ્વરૂપ છે. એનું જે ધ્યાન, એવા આત્માના પરમ પવિત્ર સ્વભાવના આશ્રયે ધ્યાન, એ નિશ્ચયધર્મધ્યાન મોક્ષનું કારણ છે. એ નિશ્ચયધર્મધ્યાન તે ધર્મ છે. વચમાં જરી દેવ-ગુરુ, ધર્મની ભક્તિનો શુભરાગ આવે એ પુણ્યનું કારણ છે, એ સ્વર્ગનું કારણ છે. એ ધર્મ નહિ. એ પુણ્ય છે. આહાહા..! ક્યાં જાવું એને? આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છોડી અને ધર્મધ્યાનમાં આવી જા.

ધર્મધ્યાન એટલે? કે સ્વઆત્મા જે ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા વીતરાગમૂર્તિએ જોયો છે. વીતરાગ સ્વરૂપ ન હોય તો વીતરાગદશા આવે ક્યાંથી? વીતરાગ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે એ વીતરાગદશા સ્વભાવ છે એમાંથી આવે છે. અને ભગવાનને અનંત આનંદ પ્રગટે છે એ આવે ક્યાંથી? કાંઈ બહારથી આવે છે? અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ અંદર છે. અતીન્દ્રિય આનંદનો આત્મા દળ છે. આહાહા..! એવો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એવો જે સ્વઆત્મા... સ્વઆત્મા, પર નહિ. છે? જે અંતર લીનતા થાય, નિર્વિકલ્પ રાગરહિત દશા થાય, તેને અહીંયા નિશ્ચય ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ!

જગત ક્યાં પડ્યું છે? ક્યાં આવ્યું? એ તો આર્ત અને રૈદ્રધ્યાનથી નવરો થાતો નથી. આખો દિ' વેપાર ને ધંધા ને આ ને તે, આ કર્યા અને તે કર્યા. એમાં વળી પાંચ-પચાસ લાખ મળ્યા એટલે થઈ રહ્યું. હું પહોળો અને શેરી સાંકડી થઈ ગઈ. અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એમ કહે છે. કે પરને આશ્રયે જેટલા ભાવ થાય તે આર્ત અને રૈદ્રધ્યાન છે. એ છોડીને સ્વઆશ્રિત... સ્વઆશ્રિત કહ્યું ને? પરને આશ્રયે જેટલા ભાવ થાય એ ભૂંડા ધ્યાન છે. આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો, વેપાર એના આશ્રયે જેટલા ભાવ (થાય છે) એ બધા ભૂંડા ધ્યાન છે. આર્તધ્યાન અને રૈદ્રધ્યાન છે. આહાહા..! આ સ્વઆશ્રિત...

ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ પ્રભુ! મન, વચન અને કાયાથી ભિન્ન અને પુણ્ય અને પાપના વિકલ્પથી, રાગથી પણ ભિન્ન એવા સ્વઆત્માનો આશ્રય કરે તેને નિશ્ચય સાચું ધર્મધ્યાન થાય. તે ધર્મધ્યાન મોક્ષનું કારણ થાય. એમાં રાગ થોડો બાકી રહી જાય એને સ્વર્ગ મળે. રાગના ફળમાં સ્વર્ગ મળે અને વીતરાગી ધ્યાનમાં મોક્ષ મળે. આહાહા..! આવું આકરું કામ છે, બાપુ! નવરાશ ન મળે. દુનિયા આડે, બહારની પ્રવૃત્તિ આડે જીવને ફૂરસદ ન મળે.

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ ત્રિલોકનાથ એમ કહે છે, કે **'મોક્ષના નિઃસીમ સુખનું મૂળ...'** એમાં સ્વર્ગનું પણ લીધું છે. મોક્ષનું સુખ તો બેહદ. **'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.'** **'સમાહિવરમુત્તમં દિંતુ.'** આવે છે ને? લોગસમાં આવે છે. **'સમાહિવરમુત્તમં દિંતુ.'** અંતર અનંત આનંદ, જે સિદ્ધનું સુખ, એવો અનંત આનંદ અહીં આત્મામાં ભર્યો છે. આહાહા..! એ આનંદ પ્રગટે ક્યાંથી? અંદર છે એમાંથી આવે છે. એવો અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ! એવો સ્વઆત્મા. પર આત્મા નહિ. ભગવાન નહિ. ભગવાનની ભક્તિ આદિ રાગનું કારણ છે. નિશ્ચયધર્મધ્યાન નહિ. આહાહા..! આકરું કામ, ભાઈ! ભગવાનની ભક્તિ, પૂજા, ભક્તિ, જાત્રા આદિ એ બધો શુભરાગ છે. આત્મા અંદર સ્વઆત્મા આશ્રય અંદર, એકલો રાગ અને વિકલ્પથી રહિત સ્વઆત્માને આશ્રયે... છે?

**'નિશ્ચય-પરમધર્મધ્યાન,...'** પરમધર્મધ્યાન... આહાહા..! એનું ફળ મોક્ષ અને સ્વર્ગ છે. જેટલો અંતર વીતરાગી સ્વભાવમાં ધ્યાનમાં આવે, એટલું મોક્ષનું કારણ અને પરમેશ્વરની ભક્તિ કે પૂજા આદિનો જરી રાગ બાકી રહે એ રાગનું ફળ સ્વર્ગ હોય છે. પુણ્યનું ફળ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વર્ગ મળે, એમાંથી મોક્ષ ન મળે. આહાહા..! આકરું કામ, પ્રભુ!

અંદર પરમાત્મા બિરાજે છે. પૂર્ણાનંદનો નાથ ચૈતન્યસ્વરૂપ ભગવત્સ્વરૂપ છે. એ ભગવત્સ્વરૂપ ન હોય તો ભગવત્સ્વરૂપ પરમાત્મા કેવળજ્ઞાન ક્યાંથી લાવ્યા? કેવળજ્ઞાની પરમાત્મા કેવળજ્ઞાન લાવ્યા ક્યાંથી? ક્યાંયથી બહારથી આવે છે? અરિહંત પરમાત્મા ણમો અરિહંતાણં, અનંત સિદ્ધ, અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ લાવ્યા ક્યાંથી? એ અંદર ભરી છે. આહાહા..! અંદર પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ શક્તિ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવી અનંત શક્તિઓનો સંગ્રહ ભગવાનઆત્મા છે. કેમ બેસે? એવા આત્માનો આશ્રય કરે, એનું અવલંબન લે, તેને નિશ્ચય સાચું ધર્મધ્યાન થાય. છે એમાં?

**'સ્વાત્માશ્રિત..'** સ્વાત્માઆશ્રિત. આહાહા..! પરઆત્મા આશ્રિત નહિ. જેટલો ભગવાન પરાશ્રિત પરનો આશ્રય લે તો રાગ થાય. અને જેટલો સ્વઆશ્રિત અંદર ભગવાનઆત્મામાં એકાગ્ર થાય એટલો વીતરાગ અને એટલો મોક્ષનો માર્ગ થાય. આહાહા..! એવા પરમધર્મધ્યાન. ચાર ધ્યાન વર્ણવવા છે ને? આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બે છોડવા લાયક છે અને ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન બે આદરવાલાયક છે. ધર્મધ્યાન આત્માના આશ્રયે થાય. સ્વઆત્માને આશ્રયે થાય. દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયે પણ નિશ્ચયધર્મધ્યાન થાતું નથી. એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યના આશ્રયે થાય ત્યાં શુભરાગ થાય, પુણ્ય થાય. સ્વઆશ્રયે આત્મા જે ચિદાનંદ પ્રભુ છે... આહાહા..! એને અવલંબે અંદર એકાગ્ર થાય, એટલું એને સાચું સત્ય ધર્મધ્યાન થાય. એનું ફળ એને મોક્ષ થાય. અને શુક્લધ્યાન તો અત્યારે નથી પણ વ્યાખ્યા કરે ત્યારે તો બધી વ્યાખ્યા કરે ને.

**'(૪) ધ્યાન ને ધ્યેયના વિવિધ વિકલ્પો રહિત,...'** ધ્યાન ને ધ્યેયના વિકલ્પ રાગ રહિત. આહાહા..! **'અંતર્મુખાકાર,...' 'અંતર્મુખ જેનો આકાર અર્થાત્ સ્વરૂપ છે એવું.' 'સકળ ઇન્દ્રિયોના સમૂહથી અતીત (–સમસ્ત ઇન્દ્રિયાતીત) અને નિર્ભેદ...'** ભેદ વિનાનું અંદર ધ્યાન. **'પરમ કળા સહિત એવું જે નિશ્ચય-શુક્લધ્યાન,...'** એ અત્યારે નથી. વસ્તુ આવે ત્યારે તો બધું વર્ણવે ને? **'એવું જે નિશ્ચય-શુક્લધ્યાન, તેમને ધ્યાઈને,...'** એવા ધર્મધ્યાન અને શુક્લધ્યાનને ધ્યાઈને. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને છોડીને. આહાહા..! ફુરસદ ન મળે. આખો દિ' પાપ-ધંધા. સવારથી સાંજ સુધી આ કર્યું... આ કર્યું... આ કર્યું... લીધું અને દીધું. એકલા પાપ. એમાં ધર્મ તો ક્યાં આવ્યો? નવરો થાય તો ભક્તિ અને જાત્રા આદિ કરે તે શુભભાવ પુણ્ય છે, નિશ્ચય નહિ, ધર્મ નહિ. નિશ્ચય ધર્મધ્યાન સ્વઆત્માના આશ્રયે થાય. આકરું બેસે, ભાઈ! સ્વઆત્માના આશ્રયે નિશ્ચય થાય અને શુક્લધ્યાન તો બહુ ઊંચી ચીજ છે. એનાથી તો કેવળજ્ઞાન એકદમ થઈ જાય. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૯૦, શ્લોક-૧૧૯-૧૨૦, ગાથા-૮૯, શનિવાર, માગશર સુદ ૫, તા.૨૪-૧૧-૧૯૭૯

'નિયમસાર' ધ્યાનની વ્યાખ્યા. છેલ્લો છે. ચાર ધ્યાનોમાં... ચાર ધ્યાન કહ્યાને? આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન. એમાં આર્તધ્યાન રોદ્રધ્યાન હેય છે, છોડવા લાયક છે. ધર્મધ્યાન પહેલું ઉપાદેય છે. પહેલું ધ્યાન એ .... શુદ્ધતાની અલ્પતા. સ્વઆશ્રય આવ્યું હતું ને? સ્વઆત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન. ટીકામાં આવ્યું હતું. સ્વ આત્મા... ઝીણી વાત બહુ, ભાઈ! .. કહેતા હતા. 'નાઈરોબી'વાળા. .. હતા ને? ...વાળા નહિ. ... ગયા, એ તો ગયા. આવું ઝીણું ત્યાં ન ચાલે. 'નાઈરોબી'માં. આહાહા..!

અહીંયાં કહે છે, સ્વ જે આત્મા, એ સ્વઆશ્રિત જઘન્ય ધર્મધ્યાન થાય. તે પહેલા ઉપાદેય છે. પછી શુક્લધ્યાન થાય એ તો ઉપાદેય છે જ. અહીં ધર્મધ્યાનમાં શુભભાવ ઉપાદેય છે એમ નથી. સમજાણું કાંઈ? ક્યાંક આવી ગયું છે ને? સ્વઆત્માઆશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને શુક્લધ્યાન. વાત એ છે કે આ ચૈતન્ય પરમ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય અનંતજ્ઞાન, અતીન્દ્રિય અનંત શાંતિ, અવિકારી ત્રિકાળ સ્વભાવ, એનો આશ્રય લેતાં ધર્મધ્યાન થાય. લાખ વાત બીજી હોય તોય. શુભભાવ હોય.

મુમુક્ષુ :– વ્યવહાર ધર્મધ્યાન કહેવાય.

ઉત્તર :– વ્યવહાર ધર્મધ્યાન એટલે પુણ્ય. આ નિશ્ચય ધર્મધ્યાન એટલે શુદ્ધ. આહાહા..! શુદ્ધ સત્ સ્વરૂપ અસ્તિ છે ને? અસ્તિ છે એ તત્ત્વ છે. તત્ત્વ છે તો એ તત્ત્વ સ્વભાવથી ખાલી ન હોય. સ્વભાવવાન છે. સ્વભાવ છે તેની હદ ન હોય. અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત શાંતિ, અનંત વીતરાગતા એવી અનંત અનંત શક્તિ એટલે સ્વભાવ, એ આત્મા. એવા આત્માના આશ્રયે જેઓ જઘન્ય પામે એને અહીંયાં ધર્મધ્યાન કહેવામાં આવે છે. શુભભાવની અહીંયાં વાત જ નથી. ઝીણી વાત છે. છોકરાવ છે ને. સાત, આઠ, દસ પૈસા ઘણા. એમ કહે, આ બહુ ઝીણુ. આત્મા અકારક છે. નિમિત્ત-નિમિત્ત સંબંધે કાળ કહેવાય છે. એ કાળે પર્યાયમાં અકારક કહેવાય છે. એના બાપ-દાદાએ સાંભળ્યું ન હોય. આહા..! પ્રભુનો માર્ગ તો આ છે, ભાઈ! પ્રભુ! તું પ્રભુ થવાને લાયક છો, હોં! .... એનો અર્થ પ્રભુ થવાને લાયક એટલે પ્રભુ તું છો. આહાહા..! ભગવાન છો, પરમેશ્વર છો. અનંત અનંત ગુણનો સાગર છો, ગુણનો સાગર છો. અરૂપી છે, ક્ષેત્ર નાનું છે એથી સ્વભાવની હદ ન હોઈ શકે. શરીર પ્રમાણે ક્ષેત્ર નાનું એટલે સ્વભાવની મર્યાદા ન હોય. મર્યાદા તો અપરિમિત જેનો સ્વભાવ છે એવો જે ભગવાનઆત્મા, એનો આશ્રય લેવો, અવલંબન લેવું, એને ધ્યેય બનાવીને ધ્યાનમાં રહેવું. એ નીચલું ધર્મધ્યાન, જઘન્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશા ધર્મધ્યાન કહેવાય છે.

**'ત્રીજું પ્રથમ તો ઉપાદેય છે...'** પ્રથમ એ શ્રેણી આ અપેક્ષાએ ઉપાદેય છે, આદરણીય છે. **'અને ચોથું સર્વદા ઉપાદેય છે.'** પૂર્ણાનંદના નાથમાં પૂર્ણ આશ્રય કરીને ઠરવું એ તો ઉપાદેય છે જ. એનાથી જ કેવળ થાય છે. આહાહા..! બાહ્યક્રિયાની કોઈ વાત આમાં આવી નહિ. બાહ્ય આવી ક્રિયા કરે, આવું કરે તો આમ થાય. આવા નિમિત્તો કરે, ભક્તિ કરે, પૂજા કરે, સાધર્મીઓને સહાય કરે, સાધર્મીને મદદ કરે, કર્મથી પડતાને સ્થિર કરે. એ બધા વિકલ્પો છે. આહાહા..!

સ્વઆશ્રય. પ્રભુ આત્મા સત્ સત્ અસ્તિ, સત્પણે અસ્તિ અને અપરિમિત સ્વભાવપણે અસ્તિ, એવા ભગવાનઆત્માનો આશ્રય લેતાં જે દશા થાય તેને ધર્મધ્યાન કહેવામાં આવે છે. એ પહેલે ધર્મધ્યાન શરૂઆતમાં ઉપાદેય છે. પૂર્ણ શુક્લધ્યાન ન થાય ત્યાં સુધી ઉપાદેય છે.

**'ચોથું સર્વદા ઉપાદેય છે.'** પૂર્ણ આત્મા આનંદમાં પૂર્ણ રીતે સ્વઆશ્રયમાં એકદમ લીન થઈ જવું, એ તો સર્વદા ઉપાદેય છે. આ ધર્મધ્યાનના ભેદ છે. આહાહા..! પરિભ્રમણ કરતાં અનંતકાળ થયા કદી એણે સાચી સમજણ, સમ્યગ્દર્શન કેમ પામવું એની સમજણ પણ કરી નહિ. આહાહા..! બીજા બધી વાતું કરી. મૂળ ચીજ કેમ પમાય, એનો એણે પ્રયત્ન-પ્રયાસ કર્યો નથી. પ્રથમમાં પ્રથમ પ્રયત્ન અને પ્રયાસને ધર્મધ્યાન કહે. ઉત્કૃષ્ટ પ્રયત્ન અને પ્રયાસને શુક્લધ્યાન કહે. એ શુક્લધ્યાન સર્વદા ઉપાદેય આદરણીય છે.

**'એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** શ્લોક. ઉપરનો.

**निष्क्रियं करणातीतं ध्यानध्येयविवर्जितम्।**
**अन्तर्मुखं तु यद्धयानं तच्छुल्लकं योगिनो विदुः।।**

**શ્લોકાર્થ :- 'જે ધ્યાન નિષ્ક્રિય છે,...'** આકરું પડે, ભાઈ! જે ધ્યાનમાં રાગની ક્રિયાનો અંશ પણ નથી. રાગ છે એ સક્રિય છે. એ રાગની સક્રિય અપેક્ષાએ ધ્યાન છે તે નિષ્ક્રિય છે. દ્રવ્યની અપેક્ષાએ નિષ્ક્રિય તે સક્રિય છે. દ્રવ્યની અપેક્ષાએ નિષ્ક્રિય, એ રાગની અપેક્ષાએ નિષ્ક્રિય એ દ્રવ્યની અપેક્ષા સક્રિય છે. શું કીધું એ? નિષ્ક્રિય કીધું એ તો રાગની અપેક્ષાએ. બાકી ધ્યાન છે એ તો પરિણતિ છે. પરિણતિ છે તે સક્રિય છે. ત્રિકાળી દ્રવ્ય તે નિષ્ક્રિય છે. આહાહા..!

નિષ્ક્રિય ધ્યાન **'ઇન્દ્રિયાતીત છે,...'** ઇન્દ્રિયથી અતીત અનિન્દ્રિય. ભગવાન અનિન્દ્રિયસ્વરૂપ છે. આહાહા..! આવું આકરું લાગ્યું ને? આ પ્રતિક્રમણની વ્યાખ્યા બધી આકરી આવી ને. 'નાઈરોબી'વાળા ભાઈને એમ થયું ને કે સરળ કહેજો સરળ. ગુજરાતી ચાલશે. પણ આ આકરું પડશે. પહેલુંવહેલું છે. આહાહા..! શું બને છે? કેમ કરે? જે સમયે જે પર્યાય થવાની તે થવાની. એમાં કોઈની કરી થાય.. આહાહા..! કરી થાય પણ તે પ્રકારે પર્યાય થવાને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળે થાય તેને કરી થાય. આહાહા..!

અહીં કહે છે, ધ્યાન, શુક્લધ્યાન, ઊંચું ધ્યાન **'નિષ્ક્રિય છે,...'** જેમાં રાગનો અંશ પણ નથી. **'ઇન્દ્રિયાતીત છે,...'** અનિન્દ્રિયમય ધ્યાન છે. ઇન્દ્રિયથી અતીત ભિન્ન છે. આહાહા..! **'ધ્યાનધ્યેયવિવર્જિત...'** છે. આ ધ્યાન કરવા લાયક દ્રવ્ય છે અને હું ધ્યાન કરું છું એવો ધ્યાન અને ધ્યેયનો વિકલ્પ રાગ, એથી રહિત છે. ત્યાં ધ્યાન અને ધ્યેયનો વિકલ્પ પણ નથી. આહાહા..! પંચમઆરાના મુનિઓ જગતને જાહેર કરે છે. એને ખબર નથી આ પંચમઆરો છે? હલકો કાળ છે. કાળ હલકો છે તો એ આત્મા ક્યાં હલકો છે? આહાહા..! આત્મા તો પ્રભુ છે ને, બાપુ! તારી માન્યતામાં ખામી છે. માન્યતામાં એ વાત કોઈ રીતે બેસતી નથી. આ પ્રભુ છે, ભગવાન છે, પરમેશ્વર પૂર્ણ સ્વરૂપ છે. તેનું જે ધ્યાન, એ ધ્યાન ને ધ્યેય, ધ્યેય તે આત્મા અને ધ્યાન તે પર્યાય, એવા ધ્યાન ધ્યેયના વિકલ્પથી અતીત છે. એવા ધ્યાન-ધ્યેયનો પણ ત્યાં વિકલ્પ છે નહિ. એવું શુક્લધ્યાન. એણે સાંભળીને નક્કી તો કરવું પડશે ને? શુક્લધ્યાન કોને કહેવું? પરમધ્યાન કોને કહેવું? આહાહા..!

**'(અર્થાત્ ધ્યાન ને ધ્યેયના વિકલ્પો રહિત) છે અને અંતર્મુખ છે,...'** તે ધ્યાન તો અંતર્મુખ છે. અંતર્મુખ એટલે અંતર્મુહૂર્ત એમ નહિ. અંતર્મુહૂર્ત જુદું અને અંતર્મુખ જુદું. અંતર્મુહૂર્ત તે કાળ બતાવે છે. અહીંયાં અંતર્મુખ એ ત્રિકાળી સ્વભાવ સન્મુખતા બતાવે છે. આહાહા..! આવો ઉપદેશ છે. ભગવાન પૂર્ણસ્વરૂપ પરમેશ્વર ભગવત્સ્વરૂપ એની અંતર્મુખ, એની સન્મુખ. આહાહા..! **'તે ધ્યાનને યોગીઓ શુક્લધ્યાન કહે છે.'** તે ધ્યાનને સંતો શુક્લધ્યાન કહે છે. એ શુક્લધ્યાન વડે કેવળ થાય છે. કોઈ ક્રિયાકાંડથી અને વ્યવહારથી કેવળજ્ઞાન થાય એમ નથી એમ બતાવવું છે. આહાહા..!

'કુંદકુંદાચાર્યે' પોતે પોતાના માટે બનાવ્યું છે ને? એમાંથી આ કહ્યું. હું પણ જ્યારે પૂર્ણ ધ્યાન અને ધ્યેયના વિકલ્પ રહિત પૂર્ણ દ્રવ્યનો આશ્રય અંતર્મુખ લઈ અને થઈશ ત્યારે કેવળજ્ઞાન થશે. એ વિના થશે નહિ. ભલે અત્યારે એ છે નહિ પણ આમ કરીશ તે દિ' કેવળજ્ઞાન થશે. એમ અત્યારથી કબુલાત કરે છે. આહાહા..! ભલે પંચમઆરામાં આવી રીતે શુક્લધ્યાનનો અભાવ છે પણ આ ભગવાનઆત્મામાં શુક્લધ્યાન થવાની લાયકાત છે. એ શુક્લધ્યાન કરશે ત્યારે કેવળ પામશે. એમ પોકાર કરતાં દેહ છોડીને સ્વર્ગમાં ચાલ્યા ગયા છે. એમ અંદરમાં ભાવના કરતાં કરતાં દેહ છૂટી સ્વર્ગમાં ચાલ્યા ગયા છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૧૧૯-૧૨૦

(वसंततिलका)

ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति
व्यक्तं सदाशिवमये परमात्मतत्त्वे।
सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-
स्तत्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम्।।११९।।

(वसंततिलका)

सद्बोधमंडनमिदं परमात्मतत्त्वं
मुक्तं विकल्पनिकरैरखिलैः समन्तात्।
नास्त्येष सर्वनयजातगतप्रपंचो
ध्यानावली कथय सा कथमत्र जाता।।१२०।।

[હવે આ ૮૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

[શ્લોકાર્થ :-] પ્રગટપણે સદાશિવમય (-નિરંતર કલ્યાણમય) એવા પરમાત્મતત્ત્વને વિષે *ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. 'તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)' એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. હે જિનેંદ્ર! આવું તે તત્ત્વ (-તેં નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ), અહો! મહા ઈંદ્રજાળ છે. ૧૧૯.

[શ્લોકાર્થ :-] સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પસમૂહોથી સર્વતઃ મુક્ત (-સર્વ તરફથી રહિત) છે. (આમ) સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી (અર્થાત્ ધ્યાનાવલી આ પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે) તે કહો. ૧૨૦.

* ધ્યાનાવલી = ધ્યાનપંક્તિ; ધ્યાનપરંપરા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૧૯ ઉપર પ્રવચન

**'[હવે આ ૮૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]'** એ ૧૧૯મો શ્લોક.

**ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति**
**व्यक्तं सदाशिवमये परमात्मतत्त्वे।**
**सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-**
**स्तत्त्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम्।।११९।।**

આહાહા..! હે નાથ! તારી નયની વ્યાખ્યા ઇન્દ્રજાળ જેવી છે. એક કોર ઇન્દ્રજાળ જેમ વિસ્તાર કરે અને એક કોર પાછું સંકેલી લે. એકકોર નયના વિસ્તારની વ્યાખ્યા કરે, એક કોર સંકેલીને અંદરમા વયો જા. આહાહા..!

**શ્લોકાર્થ :- 'પ્રગટપણે સદાશિવમય (–નિરંતર કલ્યાણમય)...'** ભગવાનઆત્મા સદા શિવમય છે, સદા કલ્યાણમય છે એમ પહેલું એને અનુભવમાં બેસવું જોઈએ. આ આત્મા **'પ્રગટપણે...'** શક્તિ છે એ શક્તિ પણ પ્રગટ છે. **'પ્રગટપણે સદાશિવમય...'** આહાહા..! વ્યક્ત છે ઇ પર્યાયની અપેક્ષાએ ભલે એને અવ્યક્ત કહ્યો, દ્રવ્યની અપેક્ષાએ તો દ્રવ્ય વ્યક્ત છે. **'સદાશિવમય...'** સદા કલ્યાણમય ભગવાન છે. આહાહા..! જેમાં અકલ્યાણનો અંશ નથી, સંસારની જેમાં ગંધ નથી. અતીન્દ્રિય આ પૂર્ણઆનંદની જ્યાં ગંધ છે એવો સ્વભાવ શિવમય ભગવાનઆત્મા છે. આહાહા..! આત્માને મૂકીને બધી વાતું. ધર્મ કરો... ધર્મ કરો... પણ ધર્મ કોણ કરે? અને કરનાર કોણ? કરનાર કોણ અને કરે છે એ કેવડો? ધર્મ કરે. ધર્મ તો પર્યાય છે. પણ ધર્મ કરનાર છે કેવડો? આહાહા..! વરને મૂકીને જાન જોડી દીધી. આહાહા..!

ભગવાનઆત્મા... આ અતિશયોક્તિ નથી, હોં! વિશેષ વિશેષ મહિમા કરીને આ વાત નથી, વસ્તુ સ્વરૂપ એવું છે. સદાશિવમય... આહાહા..! સદાશિવમય નહિ હોય તો કલ્યાણમાં સદાશિવમય થશે ક્યાંથી? લોગસ્સમાં નથી આવતું? 'શિવમય..' શ્વેતાંબરમાં આવે છે. નમોત્થુણં. શિવમય,... આપણામાં દિગંબરમાં પણ નમોત્થુણં આવે છે. સામાયિકમાં આવે છે. સામાયિકમાં દિગંબરમાં એ નમોત્થુણં લોગસ્સ આવે છે. પાઠ છે, શાસ્ત્ર છે. બધા વાંચ્યા છે. અહીંયા છે. નમોત્થુણં પણ છે. દિગંબરમાં પરિચય નથી. શ્વેતાંબરમાં તો પહેલેથી સામાયિક શીખવે ત્યારથી શીખવે.

શિવમય અચળ. શિવસ્વરૂપ છે પ્રભુ. આહાહા..! કલ્યાણસ્વરૂપ. શિવ એટલે કલ્યાણસ્વરૂપ છે. શિવ એટલે ઓલા શિવ-શંકર નહિ. આ તો ભગવાન પોતે શિવસ્વરૂપ જ છે. આહાહા..! આ વાત વિશ્વાસમાં લીધા પછી એને સમકિત થાય. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા **'સદાશિવમય...'** સદાશિવમય, ત્રિકાળ શિવમય. કોઈ દિ' અકલ્યાણ અને અંદર અલ્પ કલ્યાણમય એ સ્વરૂપ નથી. સદા કલ્યાણમૂર્તિ પ્રભુ છે. આહા..! એવી વાત આત્મા છે અહીં તો. આત્મા વિના બધી વર વિના જાન (જોડી). (એને) જાન ન કહેવાય માણસના ટોળા કહેવાય. મુખ્ય આત્મા ન મળે પછી આ વ્યવહાર.. વ્યવહાર... વ્યવહાર. એ વ્યવહારનું ક્યાં? આહાહા..!

**'પ્રગટપણે સદાશિવમય...'** છે? આહાહા..! છે ને? ૧૧૯ છે ને? **'व्यक्तं सदाशिवमये'** બીજું પદ છે. **'व्यक्तं सदाशिवमये'** આહાહા..! વ્યક્ત એટલે પ્રગટ. ૪૯ ગાથામાં એમ કહે કે વ્યક્તની અપેક્ષાએ દ્રવ્ય અવ્યક્ત છે. આવે છે ને? ભાઈ! પર્યાયને વ્યક્ત અને અવ્યક્તનું જ્ઞાન મિશ્રિત હોવા છતાં વ્યક્તને તે સ્પર્શતો નથી. શું કહ્યું ઇ? ૪૯ ગાથામાં છે. વ્યક્ત એટલે પર્યાય, અવ્યક્ત એટલે દ્રવ્ય. બેયનું જ્ઞાન એકસાથે હોવા છતાં તે વ્યક્તને અડતો નથી, વ્યક્તને સ્પર્શતો નથી. આહાહા..! અરે..રે..! આવી વાતું ક્યાં (છે)? મૂળ વાત રહી ગઈ. થોથા ખાંડ્યા ઉપરથી.

મુમુક્ષુ :– મૂળ વાત કઈ?

ઉત્તર :– મૂળ વાત આ. **'સદાશિવમય...'** ત્રિકાળ શિવમય, ત્રિકાળ કલ્યાણમય. કલ્યાણ પર્યાયમાં કરવું એ જુદી વસ્તુ છે. આ તો વસ્તુ સદા કલ્યાણમય છે. શિવ. આહાહા..! **'પ્રગટપણે સદાશિવમય (–નિરંતર કલ્યાણમય)...'** સદા એટલે. એવો જે ભગવાન, **'એવા પરમાત્મતત્ત્વને...'** એવા પરમાત્મતત્ત્વને. સદાશિવમય એવું પરમાત્મતત્ત્વ. દેહથી ભિન્ન ભગવાન, રાગથી પણ ભિન્ન ભગવાન, સદા કલ્યાણમય એવું પરમાત્મતત્ત્વ. આહાહા..! બાળગોપાળ આદિ બધા. શરીર ગમે તે હો. સ્ત્રીના શરીર હોય કે પુરુષના શરીર હોય, તિર્યંચના શરીર હાથી, ઘોડા, કીડી, કાગડાના શરીર હોય, ભગવાન અંદર તો સદાશિવમય છે. આહાહા..!

વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? અસ્તિ છે કે નહિ? અસ્તિ છે તો એ કાયમ છે કે નહિ? કાયમ છે તો તે પરની અપેક્ષા વિના છે કે નહિ? પરની અપેક્ષા વિના છે તો સદાશિવમય છે. આહાહા..! આવો ઉપદેશ ક્યાંય સાંભળ્યો હતો? 'વીરચંદભાઈ'! 'લાઠી'માં (સંવત) ૧૯૮૫ની સાલમાં બધા પોષા કરે, પડિક્કમણા કરે. .... આ કર્યું, આ કર્યું, આ છોડ્યું, આ મૂક્યું. આહાહા..!

પ્રભુ! તું પહેલી એક વાત નક્કી કર. બીજી બધી વાત પછી. 'છ ઢાળા'માં આવે છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આહાહા..! 'છોડી દ્વંદ્વ ફંદ દ્વૈત પણ છોડી.' 'દ્વંદ્વ ભેદ દ્વંદ્વ પદ છોડી નિજ આતમ ઉર ધ્યાઓ.' નિજ ઉત્તમ આત્મ ભગવાન, આહાહા..! એ સદાશિવમય નિજ પરમાત્મા જ છે. પોતે નિજ પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! એક પૈસો ખોવાઈ જાય તો ગોતવા માટે રાત્રે કેટલો મથે. દીવો કરે, આ ક્યાં ગયો? ક્યાં ગયો?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ...

ઉત્તર :– રૂપિયો નહિ, બે રૂપિયા કહો. ગિની ગઈ હોય, લ્યોને, ગિની. આહાહા..! ધૂળ માટે ગોતવા માટે, દીવા અને માણસ દોડાવે. મારી નજર પહોંચતી નથી, તમે જુઓ ક્યાં છે. ગિની પડી છે આ પડ્યો રહ્યો મોટો સદાશિવ-કલ્યાણમય (પદાર્થ છે). આહાહા..! એને જોવા માટે નવરો થા ને. ત્યાં દીવાનો પ્રકાશ, ચૈતન્યનો પ્રકાશ ત્યાં મૂક. પર્યાયમાં ચૈતન્યનો પ્રકાશ ત્યાં મૂક. આહાહા..!

**'એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.'** આહાહા..! મુનિઓની દશા તો જુઓ! આવું જે સદા કલ્યાણય, પરમાત્મમય તત્ત્વ, એનું આ ધર્મધ્યાન કરને, શુક્લધ્યાન કરને, આ કર. એવી પર્યાયના ભેદોની ઉપાધિ કહેતા નથી, કહે છે. આવું છે પણ વાંચ્યું નહોતું કોઈ દિ'. વાંચ્યું હતું આ? આહા..! શ્વેતાંબરના શાસ્ત્ર દુકાન ઉપર વાંચતા. આમાં હતા ખરા ને. (સંવત) ૧૯૬૫-૬૬ની સાલ. 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન'. પણ આ ક્યાં છે? બાપા! આ તો એકલા હીરાના ઝરણા છે. અરે..! આવું એક એક પદ, એક એક લીટી કયાં છે? ભાઈ! બીજાને પક્ષ લાગે. પક્ષ નથી પ્રભુ! વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

અહીં તો પ્રભુ એમ કહે છે, કે **'સદાશિવમય (–નિરંતર કલ્યાણમય) એવા (નિજ) પરમાત્મતત્ત્વને..'** એમાં આ ધ્યાન, ધર્મ અને આ શુક્લધ્યાન ને એ ભિન્ન-ભિન્ન ધ્યાનની પર્યાયો પૂર્ણ સ્વરૂપમાં ભગવાન કહેતા નથી. આહાહા..! .. બહુ ઝીણું. 'નાઈરોબી'માં તો આવવું પડશે. ન્યાંને લાયક ન્યાં આવશે, અહીને લાયક અહીં આવે. આહાહા..! અરે..રે..! પ્રભુ તો અનંત અમૃતનો દરિયો છે. આહાહા..! ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશનું અહીં કામ નથી. એમાં ભરેલો અમૃત સ્વભાવ (છે). અમૃત, અતીન્દ્રિય અમૃત. શિવ એટલે ઉપદ્રવ રહિત અમૃત. અમૃતનો સાગર એવું પરમાત્મતત્ત્વ, એમાં ત્રણલોકના નાથ... આહાહા..! **'ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.'** તદ્દન શુદ્ધનય છે એ તો ત્રિકાળી પરમાત્મતત્ત્વ એમ કહે છે. ત્રિકાળી પરમાત્મતત્ત્વ છો એમ શુદ્ધનય કહે છે.

**'ધ્યાનપંક્તિ; ધ્યાનપરંપરા.'** ધ્યાનની પરંપરા અને એ પણ પર્યાય છે. ત્રિકાળી જે જ્ઞાયક સ્વભાવ અમૃતનો સાગર પૂર્ણ પ્રભુ એકલો અમૃતનો સાગર ધ્રુવ વજ્રનો બિંબ પડ્યો છે અમૃતનો સાગર, એમાં શુદ્ધનય જે છે, પરમશુદ્ધનય, એ આનું ધર્મધ્યાન અને આ શુક્લધ્યાન ને એ ધ્યાનની પર્યાયની વાતું શુદ્ધનય નથી કહેતી. આહાહા..! સમજાય એટલું સમજવું. બાપુ! વીતરાગનો માર્ગ તો આવો છે. આહાહા..!

પ્રભુ! ત્રણલોકનો નાથ ત્યાં કહેતો હશે વ્યાખ્યાનમાં પ્રભુ. મહાવિદેહમાં કરોડો વર્ષ. કરોડો વર્ષ રહેવાના છે. સભામાં દિવ્યધ્વનિ કેવી હશે! આહાહા..! એવા મુનિઓની આ શ્રેણી, છદ્મસ્થની.. આહાહા..! ભગવાન તું બીજું ભૂલી જા. કહે છે, બીજું તો ભૂલી જા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ શુદ્ધનય ત્રિકાળી દ્રવ્ય સિવાય ધ્યાન કરવું અને ધ્યાનની ધારા વધવી, એવી પર્યાયની વાત શુદ્ધનય નથી કહેતી. આહાહા..! પાગલ લાગે એવું છે. શું આ કહે છે? આહાહા..!

આ બધા ભગવાન (છે). આબાળગોપાળ એ પરમતત્ત્વ સદા કલ્યાણમય, એમાં શુદ્ધનય એકલી પરમશુદ્ધનય એ તો એ ધ્રુવ પરમાત્મતત્ત્વ છે કલ્યાણમય એને કહે છે. એનું ધ્યાન કર ને એનું આમ કર એ શુદ્ધનય કહેતી નથી. આહાહા..! ધંધાપાણી ધમધોકાર ચાલતો હોય... જુઓ! પાગલ જુઓ! આહાહા..! આ લાવ... આ લાવ... આ લાવ... આ લાવ.. આ લ્યો... આ કરો... આ અહીં ફેરવી દ્યો. આકરી વાત છે. આહાહા..! ધમધોકાર ધંધા ચાલતા હોય. ધંધામાં ગુંચાઈ જાય. આહાહા..!

અહીં તો પ્રભુ ત્યાં સુધી કહે છે, 'પદ્મપ્રભમલધારીદેવ' નવસો વર્ષ પહેલા પંચમઆરાના સાધુ (આમ કહે છે). ઓહોહો..! પ્રભુ! પણ તમને નથી શુક્લધ્યાન, નથી શુકલધ્યાનનું ફળ એ બધું કહે છે, ધ્યાન અને ધ્યાનાવલી વાત જ અમારામાં નથી. અમે તો સદા શિવમય છીએ. સાંભળ. આહાહા..! 'છોટાભાઈ'! ભગવાન.. આહાહા..! આવી વાણી ક્યાં? એકવાર તો ઠારી દે. જાણપણું ઓછું-વત્તું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. સભાને રંજન કરતા ન પણ આવડે, એની સાથે શું છે? આને રંજન કરતા આવડે. પણ એ કહે છે રંજન કરતા આવડે એ પર્યાય પણ શુદ્ધનય કહેતી નથી. આહાહા..! શું કહ્યું ઇ? ભગવાનઆત્માનું રંજન એટલે નિર્મળ ધ્યાન, આ અતીન્દ્રિય આનંદનો અનુભવ વધતો શુદ્ધ વધતો, વધતો શુદ્ધ વધતો વધતો શુક્લધ્યાન કેવળજ્ઞાન (થાય) એવી ધારાને શુદ્ધનય કહેતી નથી. આહાહા..! 'રમણીકભાઈ'! સમજાય છે આ? આવું છે, બાપુ! આહાહા..!

પ્રભુ! તારી પ્રભુતામાં ધ્યાનની પર્યાયની પણ કહે છે ઇન્દ્રજાળ છે. આહાહા..! તારી પ્રભુતા, પૂર્ણ પરમેશ્વરતા, પૂર્ણ કલ્યાણમય નાથ, એમાં ધ્યાનાવલી, ધ્યાનની ધારા, સ્વરૂપની ધ્યાનની ધારા એ તો પર્યાય છે. ભલે ધર્મધ્યાન હોય, ધર્મધ્યાન વધતું હોય, શુક્લધ્યાન હોય એ તો પર્યાય છે. એ ધર્મધ્યાનાવલી હોવાનું પણ (શુદ્ધનય કહેતી નથી). આહાહા..!

પ્રભુ! તારામાં શરીર, વાણી, મન તો નથી, કર્મ સંયોગી તો નથી, વિકાર તો નથી, તારા દ્રવ્યમાં તારી વિકારી પર્યાય તો નથી પણ દ્રવ્યમાં નિર્વિકારી ધર્મધ્યાનની ધારા, શુદ્ધતા જે વધતી જાય. શુદ્ધ ધ્યાનાવલી... આહાહા..! એ **'હોવાનું પણ...'** બીજાની તો શું વાત કરવી? કહે છે. 'પણ' શબ્દ વાપર્યો છે ને? બીજાની તો શું વાત કરવી કે એમાં રાગ છે, પુણ્ય છે, કર્મ છે, શરીર છે. એની તો શું વાત કરવી? બાપુ! એ તો છે જ નહિ. છે પણ એનામાં છે, તારામાં નથી. આહાહા..! જેનું અસ્તિત્વ છે એ એનામાં છે અને ધ્યાનનું અસ્તિત્વ તો પર્યાયમાં છે. આહાહા..! એ ધ્યાનની ધારાની અવસ્થા, શુદ્ધનય ત્રિકાળ કલ્યાણમય પરમાત્માની અંદર એ નથી. એ પર્યાય શુદ્ધ ત્રિકાળી સ્વભાવમાં નથી. આહાહા..! આકરું લાગે, ભાઈ! આ પંચમઆરાના સાધુ છે. દિગંબર તો મુનિ છે. એ તો શ્રોતાને કહે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. લાજ નથી આવતી? કે કઈ સભા કેવી છે અને એને તમે આવી મોટી વાત કરો. સમાજને જોઈને વાત કરો. એ સાંભળ... સાંભળ... તું, આત્માને જોઈને વાત કરીએ (છીએ) અમે તો. આહાહા..! ગજબ વાત છે.

**'પ્રગટપણે સદાશિવમય...'** વસ્તુ જે છે આત્મા, એ **'પ્રગટપણે સદાશિવમય (-નિરંતર કલ્યાણમય)...'** નિરંતર આનંદમય, નિરંતર પૂર્ણમય... આહાહા..! નિરંતર પ્રભુમય, નિરંતર ઈશ્વરમય, નિરંતર અખંડ વીર્યમય, અખંડ વીર્ય પૂર્ણ પુરુષાર્થ વીર્યમય અખંડ છે. આહાહા..! **'એવા પરમાત્મતત્ત્વને...'** એવા કીધું ને? **'પ્રગટપણે સદાશિવમય (-નિરંતર કલ્યાણમય) એવા પરમાત્મતત્ત્વને વિષે...'** એવું પરમાત્મતત્ત્વ ભગવાનઆત્મા (એના વિષે). આહાહા..! થોડું આકરું લાગે પણ પ્રભુ! તારી મોટપનો પાર નથી. તારી મોટપની પર્યાયની વાત કરતા કહે છે અમને લજ્જા આવે છે. આહાહા..! અમે બીજી વાત તો શું કરીએ? પણ તું અખંડાનંદ સદા નિરંતર આનંદમય, કલ્યાણમય, ધ્રુવ આનંદ (છો) એને ધ્યાન કરવાની પર્યાય કહેતા પણ લજ્જા આવે છે. આહાહા..! છે?

એ **'ધ્યાનાવલી હોવાનું પણ...'** પણ કેમ કહ્યું? કે બીજું તો શું કહેવું? એમાં વળી દયા, દાન ને વ્રતના પરિણામ છે, ફલાણું છે, ભક્તિના (પરિણામ છે), એની વાત તો શું કરવી? પ્રભુ! પણ **'ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.'** આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ સદા કલ્યાણની મૂર્તિ, ત્રિકાળ કલ્યાણસ્વરૂપ, એમાં કલ્યાણનું ધ્યાન કરવું, એવી જે પર્યાય તે શુદ્ધનય કહેતી નથી. શુદ્ધનય તો સદા પરમાત્મા કલ્યાણમય છે એમ કહે છે. આહાહા..! ભાગ્ય છે ને, બાપા! આવી વાત ભાગ્યશાળી વિના કાને પડે નહિ. આહાહા..!

ભગવાનની વાણી છે, સંતોની વાણી છે આ. દિગંબર સંતો એકાદ ભવમાં મોક્ષ જનારા. આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ'. એમાં એક શૈલી મગજમાં આવી, ભવિષ્યમાં તીર્થંકર થવાના લાગે છે. વાંચતા એવું મગજમાં આવ્યું હતું. આહાહા..! મુનિ છે. એવી શૈલી એમાં હતી. આહાહા..! જેને સમાજની પડી નથી, જેને સમાજનો સમુદાય માનશે કે નહિ માને? ભાગ પડશે કે નહિ પડી જાય, એને કાંઈ પડી નથી. એને એક જ કલ્યાણમય પરમાત્માનું વલણ (વર્તે છે) પણ એ વલણ પણ કહે છે કે શુદ્ધનય તો કહેતી નથી, બાપા! આહાહા..! શુદ્ધનય પર્યાયને કબુલતી નથી. 'દેવીલાલજી'! આહાહા..! આવું ક્યાં સાંભળવા મળે? સ્થાનકવાસીમાં છે? દેરાવાસીમાં છે? ક્યાંય છે નહિ, બાપા! દિગંબરમાં છે પણ એને ક્યાં ખબર પડે છે? એનામાં બધું ઘણું પડ્યું છે પણ અત્યારે કંઈક કરે છે. આહાહા..! પુણ્યથી ત્યાગ થાય. એવું લખાણ આવે છે. કરુણાદીપમાં આજે આવ્યું છે. ત્યાગ છે. ત્યાગ વિશેષ કરે છે એ પુણ્યને લઈને ત્યાગ કરે છે. આહાહા..!

અહીં તો કહે છે, કે શુદ્ધનય પરમસત્તા કલ્યાણની મૂર્તિ, પ્રભુ! ધ્રુવ, એના ધ્યાનની વાત શુદ્ધનય કહેતી નથી. 'દેવીલાલજી'! ભગવાન! આહાહા..! તારા પૂર્ણ પ્રભુની વાત તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જો! આહાહા..! આમાં ઝઘડા શા? વાદવિવાદ શા? ભાઈ! ભલે ન બેસે. અને એને બેસનારા થોડા હોય. વસ્તુ બધી છે. વસ્તુ બધા ભગવાન છે, સદાકલ્યાણમય પરમાત્મા છે પણ બેસવાની વાત બાપા! બહુ થોડાને હોય. આહાહા..!

અહીં કહે છે, **'ધ્યાનાવલી હોવાનું પણ...'** બીજી વાત તો શું કરવી? **'શુદ્ધનય કહેતો નથી. તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)...'** આહાહા..! એ શુક્લધ્યાન અને ધર્મધ્યાન, નિશ્ચય નિર્મળપર્યાયની શુદ્ધિની વૃદ્ધિ. પર્યાયમાં, હોં! શુદ્ધિ, શુદ્ધિની વૃદ્ધિ.. શુદ્ધિની વૃદ્ધિ... શુદ્ધિની વૃદ્ધિ... આહાહા..! એ ધ્યાનાવલી **'એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે.'** ગજબ વાત છે, બાપા! આહાહા..! એ તો શુદ્ધતાના પર્યાયભેદો વ્યવહારમાર્ગે કહ્યા છે. 'યશપાલજી'! આહાહા..! પ્રભુ! આમાં શેની તકરાર લેવી? બાપા! આહાહા..!

સત્તાનો સ્વીકાર કરનાર પર્યાયને પણ શુદ્ધનય સ્વીકારતી નથી. આહાહા..! પૂર્ણાનંદનો નાથ, નિરંતર શિવમય, સદા કલ્યાણમય પરમાત્મા, એને નિરંતર રહેનારું તત્ત્વ, એને નિરંતર નહિ રહેનારી પર્યાય, ધર્મધ્યાનની, શુક્લધ્યાનની હોં! નિરંતર નહિ રહેનારી ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પર્યાય (તેને પણ શુદ્ધનય સ્વીકારતી નથી). કેમ કે પર્યાય તે વ્યવહાર છે અને દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા..! 'પંચાધ્યાયી'માં છે, 'પંચાધ્યાયી'માં. પર્યાય વ્યવહાર છે, દ્રવ્ય નિશ્ચય છે. આ પર્યાય છે ને આ? ધ્યાનાવલી, ધ્યાન અને શુદ્ધતાના પર્યાય વધે અને વધે અને એક પછી એક વધે, એ તો ભેદ પડ્યો અને ત્રિકાળની અપેક્ષાએ તે ભેદ છે. શુદ્ધનય ધ્યાનાવલીને પણ કહેતો નથી. આહાહા..! એ વ્યવહારનય કહે. અરે..! આહાહા..! જુઓ તો ખરા! દયા, દાન, વ્રત, ભક્તિને વ્યવહાર કહ્યો. એ તો અસદ્ભૂત વ્યવહાર છે. આ ધ્યાનાવલી સદ્ભૂત વ્યવહાર છે. આહાહા..! એ પણ વ્યવહારનય કહે. આહાહા..! એમ માત્ર. પાછી ભાષા જોઈ?

**'તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે) એમ (માત્ર) વ્યવહારમાર્ગે...'** આહાહા..! **'કહ્યું છે.'** ત્રિકાળી દ્રવ્ય કલ્યાણમય પ્રભુમાં એના ધ્યાનની, આનંદની ધારા વધતી જાય અને પૂર્ણ આનંદનું, જ્ઞાન શુક્લધ્યાનમાં થાય, એ વાત અરે..! પૂર્ણ આનંદ થઈ જાય મોક્ષપર્યાય, એ પણ શુદ્ધનય કહેતી નથી. શુદ્ધ તો કહે સદાય કલ્યાણમય, ત્રિકાળમય પ્રભુ આત્મા છે. આહાહા..! આકરું પડે એવું છે. ... આહાહા..! પણ આમાં છે કે નહિ? કે ઘરનું કહેવાય છે?

મુમુક્ષુ :- એક બાજુ હા અને એક બાજુ ના.

ઉત્તર :- આહાહા..!

**'હે જિનેન્દ્ર!'** મુનિરાજ કહે છે **'હે જિનેન્દ્ર!'** એક કોર શુદ્ધનયમાં ધ્યાનની પર્યાય કહેતા નથી અને એક બાજુ ધ્યાનની પર્યાયને વ્યવહાર કહે છે, પ્રભુ! આ તો તારી ઇન્દ્રજાળ નય છે. એમાંથી પહોંચવું જગતને આકરું છે. આહાહા..! આવા સંતો જગતમાં સિદ્ધ સમાન. નગ્ન મુનિ દિગંબર જ્યારે હશે ત્યારે... આહાહા..! ધન્યઘડી ! ધન્યકાળ..! આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ભાવિ તીર્થંકરની વાત ૨૧૨ કળશમાં છે.

ઉત્તર :– ભાવિ તીર્થંકરનું મગજમાં આવ્યું હતું. તીર્થંકર થવાના છે. વાંચનમાં ક્યાંક આવ્યું હતું. કાંઈ બધું યાદ રહે છે? આહાહા..!

**'શુદ્ધનય કહેતો નથી.'** વ્યવહારમાર્ગે કહે છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પર્યાય એ વ્યવહારમાર્ગે કહે છે. ઓલા દયા, દાન અને વ્રત વ્યવહારરત્નત્રયની તો વાત પણ નહિ. એ તો આગળ આવશે હમણા. હમણા કહેશે આગળ. બીજે પાને આવશે. (કળશ-૧૨૧). **'મોક્ષનું કાંઈક કથનમાત્ર (-કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહારરત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (-ઘણા ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (-અમલમાં મૂક્યું) છે.'** એના પછીના (કળશમાં) છે, એક પાના ફેરે, પછીના એક પાના ફેરે (છે). જે મોક્ષનું કંઈક કથનમાત્ર, વ્યવહાર નામમાત્ર છે. આહાહા..! આ તો મોક્ષનું કારણ છે. ધ્યાનાવલી તો કારણ છે. વ્યવહાર તો કથનમાત્ર છે. આહાહા..! કહેવામાત્ર છે. આહાહા..!

**'હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ (–તેં નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપઃ, અહો! મહા ઇન્દ્રજાળ છે.'** અહો! પ્રભુ! ઇન્દ્રજાળ છે. એક કોર પર્યાયની વાતું કરવી. પર્યાય પર્યાય દીઠ નિર્મળ થાય તેની વાત કરવી, એક બાજુ દ્રવ્ય એકરૂપ છે એ વાત કરવી. પ્રભુ! આ તો ઇન્દ્રજાળ જેવું છે. પર્યાયની વાત કરતાં વિસ્તાર પામે અને દ્રવ્યની વાત કરતા સંકેલ પામી જાય. ઇન્દ્રજાળની જેમ સંકેલ પામી જાય. આહાહા..! ઇન્દ્રની જાળ જેમ આમ વિસ્તાર પામે અને સંકેલાઈ જાય. એમ શુદ્ધનયથી સંકેલ પામે, વ્યવહારનયથી પર્યાયની વાત કરે. આહાહા..! **'હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ (– તેં નય દ્વારા કહેલુ વસ્તુસ્વરૂપ), અહો! મહા ઇન્દ્રજાળ છે.'** આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૯૧, શ્લોક-૧૨૦, ગાથા-૯૦, રવિવાર, માગશર સુદ ૬, તા.૨૫-૧૧-૭૯**

---

**सद्बोधमंडनमिदं परमात्मतत्त्वं**
**मुक्तं विकल्पनिकरैरखिलैः समन्तात्।**
**नास्त्येष सर्वनयजातगतप्रपंचो**
**ध्यानावली कथय सा कथमत्र जाता।।१२०।।**

આહાહા..! ઝીણી વાત છે જરી. કહે છે, આ ધર્માત્મતત્ત્વ છે. અંદર આત્મતત્ત્વ એ પરમાત્મતત્ત્વ જ છે. એની શક્તિ અને સ્વરૂપ પરમેશ્વર પરમાત્મસ્વરૂપ છે. એવા પરમાત્મતત્ત્વમાં એ **'સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ...'** છે. એ સમ્યગ્જ્ઞાનના સ્વભાવવાળું પરમાત્મતત્ત્વ છે. આવો આત્મા છે. એના સમ્યગ્જ્ઞાનની શોભાથી આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાત્મતત્ત્વ છે. એમાં પુણ્ય અને પાપ, દયા અને દાન, કામ અને ક્રોધ એ પરિણામ–વિકલ્પ એમાં છે જ નહિ. આહાહા..! ચૈતન્યતત્ત્વને પહોંચવું આકરું કામ છે. **'સમ્યગ્જ્ઞાનનું આભૂષણ..'** છે એ તો. સમ્યગ્જ્ઞાનની શોભાવાળું તત્ત્વ છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પનો સમૂહ છે નહિ. એને અહીંયા આત્મા કહે છે. અને એ આત્માની અંતરદૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન, ધર્મની પહેલી શરૂઆત કહે છે. આહાહા..!

**'સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પસમૂહોથી સર્વતઃ મુક્ત...'** છે. કોઈપણ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, ગુણ-ગુણીના ભેદનો પણ વિકલ્પ રાગ, એ વસ્તુમાં નથી. આહાહા..! જેને આત્મા કહીએ, જેને આત્મા-પરમાત્મા કહીએ, જે આત્મા નવ તત્ત્વમાં ભિન્ન આત્મા કહીએ, એ આત્માની દૃષ્ટિ કરતાં એ આત્મામાં વિકલ્પના રાગ, વિકલ્પની રાગની લાગણીનો સમૂહ એમાં નથી. આહાહા..! આવું આકરું છે. આ તો બહારથી આ કરો... આ કરો.. આ ક્રિયા કરો. એ તો બધી રાગની ક્રિયા (છે) એમાં ધર્મ મનાવ્યો છે. (એ) મિથ્યાત્વનું સેવન (છે અને) એ બધા સંસારમાં રખડવાના લક્ષણ છે.

અહીં તો એ કહે છે, કે એની શોભા તો સમ્યગ્જ્ઞાનની શોભાથી છે. વિકલ્પનો કોઈપણ સમૂહ એમાં નથી. અસ્તિ-નાસ્તિ કરી. આવા આત્માને અંદર ઓળખવો. એવા આત્માને અંદર ઓળખીને શ્રદ્ધા કરવી, એનું નામ ધર્મની પહેલી શરૂઆત છે. આહાહા..! આવું કામ છે. છે? **'સમસ્ત વિકલ્પસમૂહ...'** વિકલ્પ નામ રાગની લાગણી, કોઈપણ ગુણ-ગુણી ભેદનો વિકલ્પ રાગ કે દયા, દાનના વિકલ્પનો રાગ, એ જ્ઞાનની શોભાવાળું તત્ત્વ (છે) એમાં વિકાર છે જ નહિ. આહાહા..! એ વિકલ્પ છે એ તો મલિનતા છે અને પ્રભુ તો જ્ઞાનની શોભાવાળું તત્ત્વ છે. આહાહા..!

અનંતકાળથી એ વાત બેઠી નથી. ચોરાશીના અવતારમાં રખડી મર્યો છે. સાધુ થાય, બહારનો ત્યાગી થાય તો પણ એ રાગની ક્રિયાને પોતાની માને. જે રાગ સ્વરૂપમાં નથી. આહાહા..! એ દયા, દાન, વ્રત અને ભક્તિ એ તો વિકલ્પ, રાગ છે. એ **'સમસ્ત વિકલ્પસમૂહ...'** જ્ઞાનની શોભાવાળું તત્ત્વ જ્ઞાનથી ભરેલું, એકલું જ્ઞાનથી ભરેલું શોભાવાળું તત્ત્વ, એમાં અજ્ઞાન ને વિકલ્પ, વિકાર, એના સમૂહનો અભાવ છે. આ પ્રતિક્રમણ છે. આનું નામ પ્રતિક્રમણ છે. આહાહા..! બાકી તો સાંજ-સવાર ઘડિયા ગણી જાય. પડિકમણા કરી લે. મિથ્યાત્વ છે. આહાહા..! એક વાત (થઈ). બીજી.

**'સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ...'** આહાહા..! ભગવાનઆત્મા પરમાત્મતત્ત્વ (છે) એ જ્ઞાનથી શોભાવાળું છે. એને વિકલ્પથી પામવું એવી એ ચીજ નથી. નય, નયનો વિકલ્પ. વ્યવહારનયનો વિકલ્પ, નિશ્ચયનયનો વિકલ્પ. આહાહા..! વિકલ્પ એ રાગની વૃત્તિ છે. **'સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ...'** આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં નયસમૂહનો તો પ્રપંચ છે. આહાહા..! એ વિકલ્પની લાગણીમાં નિશ્ચયના, વ્યવહારને આશ્રિત .... એ બધા વિકલ્પની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાગણીઓનો સમૂહ, એ બધું જ્ઞાનની શોભાવાળા તત્ત્વમાં પ્રપંચ છે. આહાહા..! આવું તત્ત્વ છે.

**'તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે...'** હોય? આહાહા..! બે ન્યાય આપીને વાત કરી. ઝીણી વાત છે, પ્રભુ! સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ. એનો જે વિષય ચૈતન્ય પરમાત્મતત્ત્વ જ્ઞાનભૂષણ એવું જે આત્મતત્ત્વ, એમાં વિકલ્પનો સમૂહ તો નથી પણ વ્યવહારનય અને નિશ્ચયનયના વિકલ્પોનો પ્રપંચ પણ જેમાં નથી. આહાહા..! છે? મૂળ માર્ગ છે. વાડામાં તો આ ચાલે એવું નથી. એ વાત ચાલતી નથી. સંપ્રદાયમાં તો ક્રિયાકાંડ, રાગની ક્રિયા આ કરો... આ કરો... આ કરો... આ કરો... આ કરો. એ મિથ્યાત્વનું સેવન (છે) જે સ્વરૂપમાં નથી એવા રાગનું સેવન એ મિથ્યાત્વનું સેવન છે. આહાહા..! અને જેમાં રાગ અને વિકલ્પ નથી, એવા જ્ઞાનના સ્વભાવવાળું તત્ત્વ, એની સેવા એ સમ્યક્તત્ત્વ છે. આહાહા..! ઝીણું છે. માર્ગ બહુ ઝીણો, બાપા! દુનિયા અત્યારે ચાલે છે એનાથી આખી જાત જુદી છે.

જ્યારે જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ એટલે સર્વજ્ઞસ્વરૂપી પૂર્ણ જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ આત્મા પૂર્ણ જ્ઞાનથી ભરેલું અનંત અનંત બેહદ જ્ઞાન જેનો સ્વભાવ, એવા તત્ત્વથી શોભતો આત્મા, એને સર્વ વિકલ્પના સમૂહનો તો અભાવ છે પણ વ્યવહાર અને નિશ્ચયના વિકલ્પનો એમાં પ્રપંચ નથી. જ્યારે એ નથી... આહાહા..! તો ત્રીજી વાત.

**'તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી...'** આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એની પર્યાયમાં એનું ધ્યાન, ધ્યાન કરવું અને પર્યાયની નિર્મળતા પ્રગટ કરવી અને પર્યાયની નિર્મળતા વધારવી એવી પર્યાયનો ધ્યાનનો વિષય, એ વસ્તુમાં ક્યાં છે? આહાહા..! ક્યાં લઈ ગયા?

પહેલા તો વિકલ્પના સમૂહનો નિષેધ કર્યો. એવું એ તત્ત્વ જ છે, ભગવાન પરમેશ્વર સ્વરૂપ જ છે. ભગવત્સ્વરૂપ, એમાં જગત તરફના વિકલ્પ એટલે રાગનો સમૂહ તો નથી પણ તેના વ્યવહાર અને નિશ્ચયનયના વિકલ્પના રાગનો પ્રપંચ પણ નથી. જ્યારે એ નથી તો પછી તેવો એકરૂપ જે જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં ધ્યાનાવલી એટલે ધ્યાનની શ્રેણી-ધારા... આહાહા..! ધ્યાનની શ્રેણીની ધારા એક પછી એક, એક પછી એક શુદ્ધિ, એ શુદ્ધિની ધારા એ પર્યાય છે, એ પર્યાય દ્રવ્યમાં ક્યાં છે? આહાહા..! 'ચંદુભાઈ'! આવું તત્ત્વ છે. ઝીણું પડે, બાપુ! શું થાય? કોઈ દિ' કર્યું નથી. અનંતકાળ પરિભ્રમણમાં ગયો અને એ સમજ્યા વિના ત્યાં ને ત્યાં ચોરાશીના અવતારમાં જવાનો, પરિભ્રમણમાં રખડવા. કાગડા, કૂતરા, ઢોરમાં અવતાર. આહાહા..!

ત્રણ પ્રકાર કહ્યા. એ તો જ્ઞાન અને આનંદથી શોભિત તત્ત્વ છે. એમાં રાગના વિકલ્પોનો તો સમૂહ નથી પણ નયના વિકલ્પનો પ્રપંચ એમાં નથી તો ધ્યાનાવલી-ધ્યાનની શ્રેણી શુદ્ધ-શુદ્ધ, એ ધ્યાનની શ્રેણી શુદ્ધ, પર્યાયની શુદ્ધિ વધે. શુદ્ધિ વધે.. શુદ્ધિ વધે... એવી શુદ્ધતાની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધારા એ પર્યાય છે. તે દ્રવ્યમાં ક્યાં છે? આહાહા..! ભારે આકરું કામ.

મુમુક્ષુ :- આવી વાત 'આફ્રિકા'માં ન મળે.

ઉત્તર :- વાત આવી છે. માર્ગ દુનિયાને મળતો નથી. બિચારા ધર્મને નામે ક્યાંય રખડે છે. દયા, વ્રત, તપ, અપવાસ... આહાહા..! મરી ગયા એમાં ને એમાં. પડિમા લઈ લ્યો, બે પડિમા લ્યો, ચાર પડિમા લ્યો. વ્રત લ્યો. પહેલું વ્રત, બીજુ વ્રત. પણ મૂળ તત્ત્વ ન મળે એમાં વ્રત આવ્યા ક્યાંથી? જે ચીજ છે, જેમાં ઠરવું છે એ ચીજ દૃષ્ટિમાં આવ્યા વિના ઠરવું શેમાં? ઠરવું એ વ્રત છે.

જે ચીજ અંદર છે, અનાદિઅનંત નિત્યાનંદનો દળ, ધ્રુવ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતસ્વચ્છતા અને અનંતવીર્ય, અનંત પ્રભુતાનો પ્રભુ પોતે છે. આહાહા..! એની શોભા એના ગુણથી છે. અહીં જ્ઞાનથી કીધી પણ જ્ઞાન કહેતા આખા અનંત ગુણથી એની શોભા છે. એમાં વિકલ્પની જાળો, રાગ, ક્યાંથી આવ્યો? ભાઈ! એમાં ક્યાં રાગ છે? એ તો નથી પણ આ નિશ્ચયનયે આવો છે, વ્યવહારનયે આવો છે એવા વિકલ્પના રાગની પ્રપંચજાળ પણ એમાં ક્યાં છે? એ તો ઠીક. એ તો રાગ આવ્યો. એ તો બેય રાગ આવ્યા. પણ વિકલ્પનો સમૂહ અને નયનો પ્રપંચ એ તો વિકલ્પ રાગ આવ્યો. હવે અહીં તો પ્રભુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, આનંદથી શોભતો ધ્રુવ ચૈતન્ય, એમાં એના ધ્યાનના પર્યાયની ધ્યાનની ધારા, નિર્મળધારા પર્યાય, એ પર્યાયની શ્રેણી પણ ધ્રુવમાં ક્યાં છે? આહાહા..! આવો માર્ગ છે, બાપા! શું થાય? અનાદિથી સાંભળવા મળે નહિ. સાંભળ્યું નથી, મળ્યું નથી. ... આહાહા..!

અહીં કરોડોપતિ વાણિયો હોય, મરીને ઢોર થાય. ઘણા પશુ થવાના. નરકમાં ન જાય. કારણ કે માંસ અને ઇંડાને એ નથી. દેવ અને મનુષ્યમાં તો જાય નહિ. કારણ કે પુણ્ય નથી. ધર્મ તો છે નહિ. આહાહા..! એ અબજોપતિ અને કરોડોપતિ બધા પશુમાં જવાના. છેલ્લા ચૌદ બોલ આવ્યા છે ને? એ બધામાં પશુ કીધા છે. પશુ.. પશુ.. પશુ. પછી એકેન્દ્રિયમાં જાય, નિગોદમાં જાય કે પંચેન્દ્રિયમાં જાય પણ બધા પશુ છે, તિર્યંચ છે. આહાહા..! તત્ત્વનો વિરોધ બહુ ઘણો કરે એ નિગોદમાં લસણ અને ડુંગળીમાં જાય. આહાહા..! એને તો ખબર પણ ન મળે કે હું તત્ત્વનો વિરોધ કરું છું કે નહિ. ત્યાં 'પશુ' શબ્દ લીધા છે. પશુનો મૂળ અર્થ એવો છે, પશુ-પશ્યતિ ઇતિ બદ્ધતિ ઇતિ પશુ. કર્મથી અને વિકારથી બંધાય એ પશુ છે. આહાહા..!

ભગવાનઆત્મા અબદ્ધસ્વરૂપ (છે) એને બંધનના ભાવથી લાભ માનવો એ વિકલ્પની જાળથી લાભ માનવો, એ મિથ્યાત્વભાવ એ પશુમાં જવાના લક્ષણ છે. આહાહા..! બહુ વિરાધના હોય તો નિગોદમાં જાય, સાધારણ વિરાધના હોય તો પંચેન્દ્રિય ઊંટ, ગાય, ભેંસ, ખિસકોલી થાય. રખડે ત્યાંથી મરીને. આહાહા..! જુઓને આ રસ્તામાં કૂતરા હમણા મરી જાય છે. રસ્તામાં મોટા મોટા કૂતરા મરી ગયેલા સડક ઉપર પડ્યા હોય છે. ખટારા માથે ફરી જાય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ રહ્યું, વળી મરીને બિચારા ક્યાંક પશુમાં જાય. માંસ ખાતા હોય તો નરકમાં જાય. આહાહા..! આત્મા તો અનાદિઅનંત છે. એ દેહ છૂટ્યો એટલે કંઈ આત્મા નાશ થાય છે? આત્મા ત્યાંથી જાય છે અને અહીં પશુ હતો પણ ભાન તો કાંઈ હતું નહિ. આહાહા..! રસ્તામાં મરેલા પશુ પડ્યા હોય છે. આહાહા..! આત્મા ક્યાંય રખડતો. એવા અનંતા ભવ (કર્યા).

ચૈતન્યની શોભા જ્ઞાન અને આનંદથી છે. જ્ઞાન કહેતાં ત્યાં વિકલ્પ નથી એમ કહેવું છે. સર્વજ્ઞસ્વભાવી છે, પૂર્ણ સર્વસ્વભાવી છે. એવા પરમાત્મતત્ત્વમાં બહારની જેટલી રાગની બધી લાગણીઓ (ઉત્પન્ન થાય છે) એ બધો વિકલ્પનો સમૂહ કહેવાય છે. સ્ત્રી સંબંધી, પુરુષ સંબંધી વિકલ્પ, વેપાર સંબંધી, ધંધા સંબંધી, પૈસા સંબંધી, આત્મા સિવાય બીજા પરપદાર્થ સંબંધી, જેટલા વિકલ્પો ઊઠે એ બધો વિકાર, રાગ છે. આહાહા..! આત્મા સંબંધીમાં પણ નયના વિચાર આવે એ પણ પ્રપંચ છે, કહે છે. આહાહા..! એ તો ઠીક. પણ શુદ્ધ ચૈતન્ય શુદ્ધનય જે ચૈતન્યદ્રવ્ય છે, એનું જે ધ્યાન થાય, ધ્યાનની ધારા, શુદ્ધતાની ધારા, મોક્ષમાર્ગની પર્યાય ધારા એ પણ ધ્યાનાવલી ધ્યાનની શ્રેણી, એ પણ સ્વરૂપમાં ક્યાં છે? એ તો વ્યવહારનો વિષય છે. ત્રિકાળી વસ્તુ નિશ્ચયનો વિષય છે. એ સમ્યગ્દર્શનનો વિષય તો ત્રિકાળી ધ્રુવ છે. ધ્યાનની ધારા એ પણ કાંઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! આમાં સાંભળવું શું? આખો દિ' .... હવે એને અહીંયાં કહેવું કે ધ્યાનની ધારાની પરિણતિ પણ તારામાં નથી. ત્યાં દૃષ્ટિ કર ને. આહાહા..!

વસ્તુ જે છે ધ્યાનનું ધ્યેય, એ ધ્યેયમાં ધ્યાનની ધારા નથી. આહાહા..! આમ જિનેશ્વર, પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગની ધ્વનિ આમ છે. અરે..રે..! સાંભળવા મળે નહિ. જિંદગી પશુની જેમ ચાલી જાય છે. મૃત્યુની સમીપ જાય છે. આયુષ્ય તો જે નક્કી છે તે સમયે દેહ છૂટવાનો. જેટલા દિવસ અને રાત્રી જાય છે એ બધા મૃત્યુની સમીપ જાય છે. આહાહા..! તે છોડીને રખડવા ચાલ્યો જશે. આહાહા..! અરે..! પ્રભુ! તને દયા નથી આવતી? તારી તને દયા નથી આવતી?

પ્રભુ કહે છે કે ધ્યાનાવલી પર્યાય છે એ પણ દૃષ્ટિનો વિષય નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર તો ક્યાંય રહી ગયા. સ્વદ્રવ્ય સિવાય, સ્વદ્રવ્ય જે જ્ઞાનથી શોભિત ચૈતન્યમૂર્તિ પ્રભુ, જેનો અલંકાર, ચૈતન્ય આનંદ અને શાંતિ જેના અલંકાર છે એવું એ પરમાત્મતત્ત્વ ભગવાનઆત્મા છે. એને કહે છે, કે બહાર પરદ્રવ્યના સંબંધીના વલણવાળા રાગ, એ તો એમાં છે નહિ. પણ સ્વદ્રવ્ય સંબંધીના નિશ્ચયનય અને વ્યવહારના વિકલ્પો, એ છે નહિ પણ એને લક્ષે થતી ધ્યાનની ધારાની પર્યાય, એ ધ્યાનાવલીની શ્રેણી પણ એમાં નથી. આહાહા..! અહીં સુધી જાવું. જરીએ નવરું થાવું નથી. રખડવાના રસ્તે ચડ્યો છે. આ શ્લોક ઊંચો છે. ત્રણ આવ્યા ને? ભાઈ! આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માથે કહેવાઈ ગયું, કે શુદ્ધનય ધ્યાનાવલીને કહેતો નથી. એ તો વ્યવહારનય કહે. આત્મા જ્ઞાયક ત્રિકાળી ધ્રુવ પ્રભુ, એના ધ્યાનની પર્યાય શુદ્ધ. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... વધે એ બધી પર્યાયને તો વ્યવહારનય કહે. નિશ્ચયનય તો એને કહે જ નહિ. આહાહા..! આવો ઉપદેશ છે. **'તો પછી તે ધ્યાનાવલી...'** ધ્યાનાવલી સમજ્યા? ધ્યાનની શ્રેણી-ધારા. એક પછી એક શુદ્ધ પરિણતિ શુદ્ધ, શુદ્ધ હોં! એ શુદ્ધ મોક્ષમાર્ગની પર્યાય. વિકલ્પ-નય વિકલ્પ અને પર તરફના વિકલ્પો તો બંધના કારણ છે. આ તો મોક્ષનો માર્ગ (એ પણ સ્વરૂપમાં નથી). આહાહા..!

ધ્રુવ ધામ ભગવાન પરમાત્મા,... વસ્તુ કઠણ બહુ, પ્રભુ! સચ્ચિદાનંદ સત્ શાશ્વત સત્ ચિદાનંદ જ્ઞાન આનંદથી શોભિત, એવું જે ધ્રુવતત્ત્વ, એમાં વિકલ્પનો તો અવકાશ છે નહિ પણ ધ્યાનાવલી પણ એમાં ક્યાંથી આવી? એનાથી બહાર રહે છે. ધ્યાનાવલી પણ ધ્યેય જે છે, એનાથી ધ્યાનાવલી તો ઉપર રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિકલ્પ છે એ તો રાગ છે, દોષ છે, દુઃખ છે. પણ મોક્ષનો માર્ગ છે એ શુદ્ધ છે. આહાહા..! પણ એ ધ્રુવસ્વરૂપ ભગવાન, જે સમ્યગ્દર્શનનું ધ્યેય, જે દૃષ્ટિનો વિષય એવી જે ચીજ છે, એમાં પર્યાય-ધ્યાનાવલીની પર્યાય આવી ક્યાંથી? એ તો વ્યવહારનો વિષય છે. આહાહા..! 'ચંદુભાઈ'! આવું છે. કેટલાયે તો જિંદગીમાં સાંભળ્યું ન હોય. વાત સાંભળી ન હોય, સમજે તો ક્યાંથી? રખડવાના રસ્તે.. અર..ર..!

મુમુક્ષુ :– આવો આત્મા દેખાય નહિ એ અમારે જાણવો, ઓળખવો કઈ રીતે?

ઉત્તર :– પણ દેખાય નહિ એ નિર્ણય કોણે કર્યો? દેખાય નહિ એ નિર્ણય દેખનારે કર્યો. 'મનસુખભાઈ'! હું સમજાતો નથી. એ કોણે જાણ્યું? હું દેખાતો નથી. કોણ કહે છે ઇ? કોણ જાણે છે ઇ? હું દેખાતો નથી એ કોણ જાણે છે? એ દેખનારો જાણે છે. આહાહા..! આ તો અલૌકિક વાતું છે, બાપુ! આહાહા..!

'શ્રીમદે' ગાથા લીધી છે. 'નાના નાસ્તિ વિચાર, એ જ અસ્તિ તે સૂચવે'. આ નથી... આ નથી... આ નથી... આ નથી. આ નથી... આ નથી... આ નથી... એ કોણ નક્કી કરે છે? નક્કી કોણે કર્યું? કઈ સત્તામાં નક્કી થયું? કોની હયાતીમાં એ જ્ઞાન થયું? જેની હયાતીમાં જ્ઞાન થયું એ ભગવાનઆત્મા છે. આહાહા..! 'કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર પણ એ જ સૂચવે અસ્તિ...' નકાર કરે કે હું નથી, હું નથી. કોણે નિર્ણય કર્યો? રાગે કર્યો? જડે કર્યો? નિર્ણય કોણે કર્યો? વિચાર્યું છે કોઈ દિ'? આંધળે આંધળા હાલ્યે જાય છે. આંધળાઓ દેખનારાને દેખતા નથી અને આંધળાને મોઢા આગળ કરીને આંધળાને દેખે છે. આહાહા..!

બીજી રીતે. આ છે એ શેમાં જણાય છે? એમાં જણાય છે? આ શરીર છે એ શરીરમાં જણાય છે? આ બાયડી, છોકરા, દેહ, કુટુંબ છે એ એમાં જણાય છે? કે આત્માની પર્યાયમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જણાય છે? જે પર્યાયનું અસ્તિત્વ છે તેમાં એ જણાય છે. તે ખરેખર એ જણાતું નથી. ખરેખર તો એની પર્યાય જણાય છે. એ પર્યાય પણ જેમાં નથી. આહાહા..! લોજિકથી કાંઈ ન્યાય પકડશે કે નહિ?

જેની સત્તામાં આ સત્તાનો સ્વીકાર થાય છે, એ ચૈતન્યની પર્યાયની સત્તામાં આ છે (એમ જણાય છે). પૈસા છે, બાયડી છે, આ છોકરા છે એ કાંઈ એની પર્યાયમાં એ ચીજ આવતી નથી. પર્યાય એટલે અવસ્થા. જાણવાની અવસ્થા. ત્રિકાળ દ્રવ્ય અને ત્રિકાળ ગુણ. અને વર્તમાન પર્યાયની અવસ્થા, એ અવસ્થામાં એ ચીજ કાંઈ આવતી નથી. પણ એ ચીજ છે એમ જાણે છે. એ પણ એ ચીજને જાણતો નથી. આહાહા..! એ ચીજ તો આવતી નથી પણ એ ચીજને જાણતો નથી. જાણનારને જાણે છે ઇ. આહાહા..! આવું છે, પ્રભુ! આ તો વીતરાગ જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની વાણી આ છે, બાપા! લોકોએ પામર તરીકે કાઢી નાખી. એકેન્દ્રિયની દયા પાળો, ફલાણાની દયા પાળો, આ વ્રત કરો એમ કરીને જૈનધર્મને પામર કરી નાખ્યો છે. જેની પ્રભુતાનો પાર નથી, જેની મોટપનો પાર નથી. આહાહા..!

જે આ જગતમાં ચીજો છે, આ છે. શરીર છે, આ છે. શરીર છે. શરીર છે, લ્યોને. શરીર છે તો એનામાં શરીરને ખબર પડે છે? શરીર છે ઇ શરીરને ખબર પડે છે? એ આત્માની પર્યાયમાં ખબર પડે છે કે આ શરીર છે. છતાં એ પર્યાયમાં-અવસ્થામાં એ શરીર આવતું નથી. ખરેખર એ પર્યાય શરીરને જાણતી નથી. આહાહા..! એ પર્યાય પર્યાયને જાણે છે. કેમ કે શરીરને જાણતો નથી એટલે શરીરમાં તન્મય થતો નથી, તો તન્મય થયા વિના તેને જાણવું કહેવું એ બરાબર નથી.

આ શરીર છે, વાણી છે, રાગ છે, આ પૈસો-ધૂળ છે, આ માટી છે, મકાન છે, જે આત્માની પર્યાય એટલે અવસ્થાની સત્તામાં જણાય છે. એ જણાય છે એ આત્માની સત્તાની અવસ્થા જણાય છે. એ વસ્તુ નથી. જેને મુખ્ય કરીને જણાય છે એને મુખ્ય કરીને ન રાખવો, ઓલાને મુખ્ય કરીને રાખવો. આવી ભ્રમણા એ બધા ચોરાશીમાં રખડવાના રસ્તા છે. જેની એક સમયની પર્યાયમાં આ છે બધું આ છે.

એક ફેરી ડુંગર ઉપર ચડતા હતા, ઉતરતા હતા. ગિરનાર ચઢતા તો આમ નજર જાય. ઉતરતા બધું દેખાય. ઉતરતા બધું દેખાય. આટલો આત્મા, આટલા ભાગમાં આવડું બધું દેખાય. કેટલેથી છેટું દેખાય? ગિરનાર ઉપરથી 'જેતપુર' દેખાય. આહાહા..! આ બધું દેખાય છે એ શું છે? એ દેખાય છે? એમાં આત્માની પર્યાય ગઈ છે તે એને દેખે છે? પર્યાય પર્યાયમાં રહીને પર્યાયને દેખે છે. આહાહા..! અરે..રે..! આવું ક્યાંથી કરવું? નવરાશ ક્યાંથી? સંસારના પાપ આડે નવરો ક્યાં થાય છે? પાપની પીંજણ પૂંજ્યા કરે છે. પાપની પીંજણ આખો દિ'. ધર્મ તો ક્યાંય રહ્યો પણ પુણ્યના ઠેકાણા ન મળે. આહાહા..! આ બધું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેખાય છે. અહીં તો આટલા આમ દેખાયા. ખરેખર તો અસંખ્ય પ્રદેશમાં દેખાય છે. આ તો અહીંથી નિમિત્ત છે. અસંખ્ય પ્રદેશમાં પર્યાયમાં જણાય છે. એ પર્યાયમાં પર્યાયની શક્તિથી પર્યાયને જાણે છે. પર્યાયની શક્તિથી પર્યાયને પર્યાય જાણે છે.

જ્યારે એક પર્યાય આવી શક્તિને જાણે એટલી તાકાતવાળી, તો એ પર્યાયનો ધરનાર પર્યાયવાન જેમાં પર્યાયનો પ્રવેશ નથી, ધ્યાનાવલીનો પ્રવેશ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે પણ ભાવ ભાઈ!... આહાહા..! ચાલતા ભાવથી જુદી જાત છે, બાપુ! વીતરાગ જિનેશ્વર પરમેશ્વર ત્રિલોકનાથના વિરહ પડ્યા. એની પાછળ જિનેશ્વરના નામે અનેક પ્રકારે સ્વચ્છંદ માર્ગને લોકોએ સેવ્યા. આહાહા..! માર્ગ તો બીજો રહી ગયો. આ માર્ગ છે. આહાહા..! આ શું કીધું? જુઓને!

જે પર્યાયમાં જણાય છે તે પર્યાય પણ અંદરમાં નથી, ધ્રુવમાં નથી. આહાહા..! કે દિ' પણ પાપ આડેથી વિચાર વખત મળે? આખો દિ' પાપની પીંજણ કરે. આહાહા..! એના સરવાળા આવશે. કુદરતના નિયમમાં એ સરવાળા આવશે. આહાહા..! આચાર્યોએ શું ટૂંકી ભાષામાં કેવી રીતે સત્‌ને જાહેર કર્યું છે! આહાહા..!

પ્રભુ! તું તો જ્ઞાન એટલે ગુણથી શોભાયમાન છો ને. આહાહા..! તું તો આનંદ ને જ્ઞાન ને શાંતિ ને સ્વચ્છતા, પ્રભુતા, એ તારા ગુણોથી શોભાયમાન છો ને. એમાં પરના વિકલ્પોથી તને તો અશુદ્ધતા અને કલંક લાગે છે. અને એમાંથી તને શોભા લાગે છે, કે આ મેં કર્યું, આ મેં કર્યું, મેં આનું આ કર્યું, મેં આનું આ કર્યું. તને શું ભ્રમણા થઈ છે? પ્રભુ! આહાહા..! ઝીણી વાતું છે, ભગવાન! આહાહા..!

આનંદ અને જ્ઞાનથી શોભનારું તત્ત્વ, એવું જે પરમાત્મતત્ત્વ પોતે પ્રભુ નિજ પરમાત્મા, એની પર્યાયમાં આ કરું... આ કરું... આ કરું... આ કરું... એ ચીજ તો અહીંયાં આવતી નથી અને તારી પર્યાય એ ચીજમાં જાતી નથી, તો પરનું કરું એ તો એમાં આવતું નથી. પણ પરને જાણવું કહેવું એ પણ વ્યવહાર છે, અસદ્‌ભૂત વ્યવહાર છે. કેમ કે પરમાં તન્મય થતો નથી. ફક્ત પોતાની પર્યાયને જાણે છે એ કહેવું એ સદ્‌ભૂત વ્યવહાર છે. એ પણ પર્યાયની ધારા... આહાહા..! પ્રભુ! તારા ધ્રુવમાં ક્યાંથી આવી? ધ્રુવ ઉપર એ તો તરે છે. તારા દૃષ્ટિનો વિષય છે એ કાંઈ ધ્યાનાવલી નથી. ધ્યાનની ધારા એ દૃષ્ટિનો વિષય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં કહે છે. આ ગાથાના કળશમાં ઘણું ભર્યું છે. ત્રણ બોલ કહીને તો ઘણું ભર્યું છે. આહાહા..!

મુમુક્ષુ :– હરખના જમણ છે એને લડાવ્યું.

ઉત્તર :– એમાં છે. એમાં છે કે નહિ પણ આ? એક પરમાત્મ શબ્દ કહો તો એમાં શું બાકી છે? પછી એને લડાવવું એટલે અનંતા ગુણો અને અનંતી પર્યાયો અને આવો ને આવો. એ તો એવો છે એનું કહેવાનું છે. આત્મા નિજ પરમાત્મા પરમેશ્વરસ્વરૂપે જ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. જો શક્તિ અને સ્વભાવે પરમેશ્વર ન હોય તો પર્યાયમાં પરમેશ્વર અરિહંત થયા એ ક્યાંથી થયા? ક્યાંય બહારથી પરમેશ્વરપણું આવે છે? અંદરમાં પડ્યું છે એમાંથી આવે છે. આહાહા..! એ પડેલા પરમેશ્વરમાં ધ્યાનની ધ્યાનાવલીનો પણ અવકાશ નથી. આહાહા..! એ વ્યવહારનો વિષય છે. આહાહા..! પ્રભુ આમ કહે છે. ઝીણી વાત છે, ભાઈ! બેસે ન બેસે પણ સત્ય તો આ છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરનું તો આમ કહેવું છે. એનાથી ઓછું, અધિક, વિપરીત માનશે, એ મિથ્યાત્વ સેવીને ચાર ગતિમાં રખડશે. નરક અને નિગોદમાં જાશે. આહાહા..! ત્યાં કોઈ સહારો નથી. ત્યાં કોઈ સફારશ નહિ લાગુ પડે. અમે આટલા પુણ્ય કર્યા હતા, આટલા દાન કર્યા, અમે આ કર્યા હતા. એ તારા દાન-પુણ્ય તો ક્યાં..? એરણની ચોરી અને સોયનું દાન. આખો દિ' પાપના પોટલા બાંધે અને એમાં કોક દિ' સહેજ પુણ્યના ભાવ કરે એ સોયનું દાન અને એરણની ચોરી. તારા પુણ્યના પણ ક્યાં ઠેકાણા છે? ધર્મના તો ઠેકાણા ક્યાં છે? આહાહા..! આ એક શ્લોક થયો. પોણા કલાકમાં એક શ્લોક થયો. આહાહા..! બહુ ભર્યું છે, ઘણું ભર્યું છે.

દ્રવ્ય અને પર્યાય અને વ્યવહાર અને નિશ્ચય બેની વાત બહુ ભરી છે. એક પરદ્રવ્યના વિકલ્પથી ભરેલી છે, એનાથી રહિત થયું. પછી સ્વદ્રવ્યના નય અને નિષેધના વ્યવહારના વિકલ્પથી રહિત કીધું, પછી સ્વદ્રવ્યના ધ્યાનાવલીની પર્યાયથી રહિત કીધું. આહાહા..! એમાં છે કે નહિ?

બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, ધંધો તો ક્યાંય રહી ગયો, એની તો અહીં વાત પણ નથી. એના સંબંધીના જે રાગ થાય એ તારી પર્યાયમાં છે. એ ચીજો તો એનામાં રહી છે. એ ક્યાં તારી પાસે છે અને તારી પાસે અંદર આવે છે? આહાહા..! રાગ થાય એને પહેલો ઉડાવ્યો. એ રાગનો સમૂહ તારામાં નથી. પર્યાયમાં છે એ દ્રવ્યમાં નથી. ઓલી ચીજ તો પર્યાયમાં પણ નથી. આહાહા..! શું કીધું ઇ? સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરૂ, મકાન, પૈસા એ તો આત્માની પર્યાયમાં પણ નથી. એ તો બહારમાં એનામાં રહે છે. પણ એની પર્યાયમાં એના સંબંધીનો વિકલ્પ છે એની વાત કરી છે. આહાહા..! વિકલ્પ એટલે રાગ. એના સંબંધીનો તને જે રાગ થાય એ તારી પર્યાયમાં છે પણ એ દ્રવ્યમાં નથી. જ્યાં આખું પરમાત્મતત્ત્વ પડ્યું છે એમાં એ નથી. એક બોલ એમ કહ્યો.

બીજો બોલ એમ કહ્યો કે ... આ નિશ્ચયથી આવો અને વ્યવહારથી આવો, સદ્ભૂતથી આવો અને અસદ્ભૂતથી આવો, આ તારા આત્મામાં ભેદ પાડીને જ્ઞાનના ભેદો... આહાહા..! એ સમૂહ પણ પ્રપંચ છે. આહાહા..! પ્રભુ! તારામાં એ નથી. ત્યાં દૃષ્ટિ કર.

ત્રીજું. પહેલામાં વિકલ્પ છે એ પણ દુઃખરૂપ છે એમ કીધું. પહેલા અને બીજા બેય વિકલ્પમાં દુઃખ છે. અને ત્રીજામાં સુખ છે. ત્રીજામાં સુખ છે, અતીન્દ્રિય સુખ છે. પણ એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં સુખધારા.. ઓછું, વધતું વધતું વધતું સુખની ધારા વધે છે. એવી પર્યાય વધે છે, એકરૂપતા નથી. એ એકરૂપ વસ્તુમાં એ પર્યાયની ધારા એકરૂપ વસ્તુમાં નથી. આહાહા..! આવું છે. આવો ઉપદેશ કઈ જાતનો? આહાહા..!

એને ડર લાગતો નથી. એ સર્પને દેખીને ડર લાગે. વીંછીને દેખીને ડર લાગે. પણ ભવભ્રમણ કેટલા થશે એનો એને ડર લાગતો નથી. કોઈ શત્રુ છરી લઈને મારવા આવે તો ડર લાગે. આહાહા..! અનંતા ભવોનો ભવ કરવાનો ભાવ, એને ભવનો ડર લાગતો નથી. આહાહા..! એ ૮૯ ગાથા થઈ.

## ગાથા–૯૦

मिच्छत्तपहुदिभावा पुव्वं जीवेण भाविया सुइरं।
सम्मत्तपहुदिभावा अभाविया होंति जीवेण।।९०।।

मिथ्यात्वप्रभृतिभावाः पूर्वं जीवेन भाविताः सुचिरम्।
सम्यक्त्वप्रभृतिभावाः अभाविता भवन्ति जीवेन।।९०।।

आसन्नानासन्नभव्यजीवपूर्वापरपरिणामस्वरूपोपन्यासोऽयम्।

मिथ्यात्वाव्रतकषाययोगपरिणामास्सामान्यप्रत्ययाः, तेषां विकल्पास्त्रयोदश भवन्ति `मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं' इति वचनात्, मिथ्यादृष्टिगुणस्थानादि-सयोगिगुणस्थानचरमसमयपर्यंतस्थिता इत्यर्थः।

अनासन्नभव्यजीवेन निरंजननिजपरमात्मतत्त्वश्रद्धानविकलेन पूर्वं सुचिरं भाविताः खलु सामान्यप्रत्ययाः, तेन स्वरूपविकलेन बहिरात्मजीवेनानासादितपरमनैष्कर्म्यचरित्रेण सम्यग्दर्शनज्ञानचारित्राणि न भावितानि भवन्तीति। अस्य मिथ्यादृष्टेर्विपरीतगुण-निचयसंपन्नोऽत्यासन्नभव्यजीवः। अस्य सम्यग्ज्ञानभावना कथमिति चेत् -

तथा चोक्तं श्रीगुणभद्रस्वामिभिः :-

(अनुष्टुभ्)

``भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः।
भावये भाविता नेति भवाभावाय भावनाः।।''

**મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;**
**સમ્યક્ત્વ-આદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અન્વયાર્થ :– [मिथ्यात्वप्रभृतिभावाः] મિથ્યાત્વાદિ ભાવો [जीवेन] જીવે [पूर्वं] પૂર્વે [सुचिरम्] સુચિર કાળ (બહુ દીર્ઘ કાળ) [भाविताः] ભાવ્યા છે; [सम्यकत्वप्रभृतिभावाः] સમ્યક્ત્વાદિ ભાવો [जिवेन] જીવે [अभाविताः भवन्ति] ભાવ્યા નથી.

ટીકા :– આ, આસન્નભવ્ય અને અનાસન્નભવ્ય જીવના પૂર્વાપર (-પહેલાંના અને પછીના) પરિણામના સ્વરૂપનું કથન છે.

મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગરૂપ પરિણામો સામાન્ય પ્રત્યયો (આસ્ત્રવો) છે; તેમના ભેદ તેર છે, કારણ કે *`मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं' એવું (શાસ્ત્રનું) વચન છે; મિથ્યાદૃષ્ટિગુણસ્થાનથી માંડીને સયોગીગુણસ્થાનના છેલ્લા સમય સુધી પ્રત્યયો હોય છે - એવો અર્થ છે.

નિરંજન નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાન રહિત અનાસન્નભવ્ય જીવે ખરેખર સામાન્ય પ્રત્યયોને પૂર્વે સુચિર કાળ ભાવ્યા છે; જેણે પરમનૈષ્કર્મ્યરૂપ ચારિત્રપ્રાપ્ત કર્યું નથી એવા તે સ્વરૂપશૂન્ય બહિરાત્મ-જીવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ભાવ્યાં નથી. આ મિથ્યાદૃષ્ટિ જીવથી વિપરીત ગુણસમુદાયવાળો અતિઆસન્નભવ્ય જીવ હોય છે.

આ (અતિનિકટભવ્ય) જીવને સમ્યગ્જ્ઞાનની ભાવના ક્યા પ્રકારે હોય છે એમ પ્રશ્ન કરવામાં આવે તો (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૩૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

'[શ્લોકાર્થ :-] *ભવાવર્તમાં પૂર્વે નહી ભાવેલી ભાવનાઓ (હવે) હું ભાવું છું. તે ભાવનાઓ (પૂર્વે) નહી ભાવી હોવાથી હું ભવના અભાવ માટે તેમને ભાવું છું (કારણ કે ભવનો અભાવ તો ભવભ્રમણના કારણભૂત ભાવનાઓથી વિરુદ્ધ પ્રકારની, પૂર્વે નહિ આવેલી એવી અપૂર્વ ભાવનાઓથી જ થાય).'

## ગાથા–૯૦ ઉપર પ્રવચન

૯૦મી ગાથા.

मिच्छत्तपहुदिभावा पुव्वं जीवेण भाविया सुइरं।
सम्मत्तपहुदिभावा अभाविया होंति जीवेण।।९०।।

નીચે હરિગીત.

*અર્થ : (પ્રત્યયોનો, તેર પ્રકારનો ભેદ કહેવામાં આવ્યો છે-) મિથ્યાદૃષ્ટિગુણસ્થાનથી માંડીને સયોગકેવળીગુણસ્થાનના ચરમ સમય સુધીનો.

*ભવાવર્ત = ભવ-આવર્ત; ભવનો ચકરાવો; ભવનું વમળ; ભવ-પરાવર્ત.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;**
**સમ્યક્ત્વ-આદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.**

**'ટીકા :– આ, આસન્નભવ્ય...'** કહે છે કે નજીકમાં જેની મુક્તિ છે તેની વાત. **'અને અનાસન્નભવ્ય...'** કોઈ દિ' મુક્તિ નથી થઈ એનો ભાવ. એ **'પૂર્વાપર (–પહેલાના અને પછીના) પરિણામના સ્વરૂપનું કથન છે.'** જેની મુક્તિ નજીક છે એનું કથન છે અને જેની મુક્તિ બિલકુલ નથી તેનું કથન છે. આહાહા..! અરે..! તેં ભાઈ! મિથ્યાત્વભાવ અનંતવાર સેવ્યા છે. આહાહા..! મિથ્યાત્વ, વિપરીત માન્યતાઓ. આહાહા..! રાગ મારો, સ્ત્રી મારી, પૈસા મારા, કુટુંબ મારું, મકાન મારું, આબરૂ મારી, દીકરા મારા, દીકરી મારી, જમાઈ મારા... આહાહા..! ઘરેણા મારા, કપડા મારા, શરીર મારું, ફલાણું મારું, મન મારું, વાણી મારી. એવા મિથ્યાત્વભાવને તેં અનંતવાર સેવ્યા છે, પ્રભુ! આહાહા..! આવો ઉપદેશ.

**'મિથ્યાત્વ,...'** ભાવ અને **'અવ્રત,...'** ભાવ. રાગનો ત્યાગ નહિ અને મિથ્યાત્વસહિત અવ્રતભાવ પણ અનંતવાર સેવ્યા છે. **'કષાય,...'** પણ અનંતવાર સેવ્યો છે. ક્રોધ, માન, માયા, લોભ અનંતવાર કર્યા છે. અનંત ભવમાં અનંતવાર (કર્યા છે). **'અને યોગ...'** અનંતભવમાં અનંતવાર યોગ-કંપન્ન કર્યું છે. એ **'પરિણામો સામાન્ય પ્રત્યયો...'** એ ચાર સામાન્ય આસ્રવ છે. પ્રત્યયો એટલે આસ્રવ. આસ્રવ એટલે નવા બંધનના કારણો. **'મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ..'** એ ચાર પરિણામ નવા આવરણના કારણ છે. એને પ્રત્યયો કહ્યા. સમજાય છે આમાં? એ ચાર **'પ્રત્યયો (આસ્રવો) છે; તેમના ભેદ તેર છે,...'** તેર ગુણસ્થાન છે ને? પહેલે ગુણસ્થાનથી સયોગી સુધી. તેર પ્રત્યયો છે, તેર આસ્રવો છે. આહાહા..!

પ્રતિક્રમણ છે ને? આ પ્રતિક્રમણની વ્યાખ્યા છે. પાછો ફર્યો નથી, પ્રભુ! જ્યાં છે ત્યાંને ત્યાં રોકાણો છે. આહાહા..! મિથ્યાત્વથી માંડીને સયોગી કેવળી. તેર ગુણસ્થાનથી આ પ્રત્યયો–આસ્રવો છે. તેરમે ગુણસ્થાને પણ ઈર્યાપથ આસ્રવ આવે છે ને? **'કારણ કે `मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं' એવું (શાસ્ત્રનું) વચન છે;...'** મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગી સુધી શાસ્ત્રનું વચન છે. **'મિથ્યાદૃષ્ટિગુણસ્થાનથી માંડીને સયોગીગુણસ્થાનના છેલ્લા સમય સુધી પ્રત્યયો...'** એટલે આસ્રવો **'હોય છે—એવો અર્થ છે.'** આહાહા..! મિથ્યાશ્રદ્ધાનું પાપ, અવ્રતનું પાપ, કષાયનું પાપ, યોગનું પાપ એવો આસ્રવ તે છેક તેરમા (ગુણસ્થાન) સુધી આવે છે. આહાહા..! મિથ્યાત્વના પાપથી માંડીને.

**'નિરંજન નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાન રહિત...'** આહાહા..! હવે મિથ્યાત્વની વાત કરે છે. નિરંજન પરમાત્મા-આત્મા છે. નિરંજન–અંજન વિના, મળ વિના, મેલ વિના, એવો ભગવાન ચૈતન્ય દ્રવ્યસ્વરૂપ, ચૈતન્યપદાર્થ છે. એ **'નિરંજન નિજ પરમાત્મ...'** પાછું નિરંજન પર પરમાત્મા નહિ. **'નિરંજન નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાન રહિત...'** એવા પરમાત્માની શ્રદ્ધા રહિત.

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! જેને એની શ્રદ્ધાની ખબર પણ નથી. આહાહા..! મારો પ્રભુ નિરંજન નિજ પરમાત્મા શુદ્ધ ચૈતન્ય છે, એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે. પર્યાયના ભેદથી પણ રહિત છે. એવું નિજ પરમાત્મતત્ત્વ એમ લીધું છે ને? પર્યાય નહિ. આહાહા..! નિજ નિરંજન પરમાત્મતત્ત્વ. નિજ પરમાત્મતત્ત્વ. અંદર પોતે ભગવાન છે. આહાહા..! પરમેશ્વર પોતે આત્મા અંદર છે. એવા નિજ પરમેશ્વરને **'શ્રદ્ધાન રહિત...'** એની શ્રદ્ધા રહિત. શ્રદ્ધા એની ન મળે. બીજા બધાની શ્રદ્ધા. એકની ન મળે. આહાહા..! વર વિનાની જાન. નિરંજન નિરાકાર પરમાત્મા શુદ્ધ બુદ્ધ પૂર્ણ સ્વરૂપ, એની **'શ્રદ્ધાનરહિત...'**

**'નૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી...'** આહાહા..! અંદર નિષ્કર્મ (અર્થાત્) પુણ્ય-પાપના વિકલ્પરહિત ચારિત્ર અંદર સ્વરૂપની રમણતા પ્રાપ્ત કરી નથી. સ્વરૂપની શ્રદ્ધા તો નથી, તેથી સ્વરૂપનું ચારિત્ર પણ નથી એમ કહે છે. શ્રદ્ધા પહેલી કીધી ને? આહાહા..! સ્વરૂપની શ્રદ્ધા વિના ચારિત્ર હોય નહિ. સ્વરૂપની શ્રદ્ધા નિરંજન નિજ પરમાત્મા શુદ્ધ અખંડ અભેદ છે, એમાં પર્યાયનો પણ ભેદ નથી. એવા પરમાત્માની શ્રદ્ધા વિનાના જીવો ચારિત્ર વિનાના છે. તેથી ચાર ગતિમાં રખડે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૯૨, શ્લોક-૧૨૧, ગાથા-૯૦, શુક્રવાર, માગશર સુદ ૧૨, તા.૩૦-૧૧-૭૯

---

'નિયમસાર' ૯૦ ગાથા. ત્રીજો પેરેગ્રાફ છે.

**'નિરંજન નિજ પરમાત્મતત્ત્વ...'** ત્યાં છે ને? પહેલા આવી ગયું છે. મિથ્યાત્વની પહેલી વાત આવી ગઈ છે. હવે અહીં તો **'નિરંજન નિજ પરમાત્મતત્ત્વ...'** આ પરમાત્મતત્ત્વ નિજ-પોતાનું. એના **'શ્રદ્ધાન રહિત અનાસન્નભવ્ય જીવે...'** ચારિત્ર પ્રાપ્ત **'સામાન્ય પ્રત્યયોને પૂર્વે સુચિર કાળ ભાવ્યા છે;...'** **'શ્રદ્ધાન રહિત અનાસન્નભવ્ય જીવે ખરેખર સામાન્ય પ્રત્યયો...'** એટલે મિથ્યાત્વ આદિને સુનિશ્ચિતપણે પૂર્વે ભાવ્યા છે. શું કીધું સમજાણું? અનાસન્નભવ્ય જીવ. જેને સંસાર નજીક નથી, સંસાર દૂર છે એવા અનાસન્નજીવ. છે ને અનાસન્ન ભવ્યજીવ? એણે મિથ્યાત્વ આદિ ભાવ ખરેખર **'પરમાત્મતત્ત્વના શ્રદ્ધાન રહિત...'** **'સામાન્ય પ્રત્યયો...'** એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન વિના મિથ્યાત્વ આદિ **'પૂર્વે સુચિર...'** અનંતકાળ. સુચિર કાળ **'ભાવ્યા છે;...'** આહાહા..! એણે મિથ્યાત્વ અને અજ્ઞાન અને રાગ-દ્વેષ તો અનાદિકાળથી ભાવ્યા છે.

**'જેણે પરમ નૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી...'** સ્વરૂપની રમણતા, સ્વરૂપનો અનુભવ થઈને, સ્વરૂપની રમણતા જેણે પ્રાપ્ત કરી નથી **'એવા તે સ્વરૂપશૂન્ય બહિરાત્મ-જીવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ભાવ્યાં નથી.'** આહા..! અનંત અનંતકાળથી, અનાદિકાળથી એણે આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવના ભાવી નથી.

**'આ મિથ્યાદૃષ્ટિ જીવથી વિપરીત...'** મિથ્યાદૃષ્ટિ જીવથી વિપરીત **'ગુણસમુદાયવાળો...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણના પિંડવાળો પ્રભુ ભગવાન. **'અતિ-આસન્નભવ્ય...'** નજીકમાં જેની મુક્તિ છે, અલ્પકાળમાં જેની મુક્તિ છે એવા **'અતિ-આસન્નભવ્ય જીવ હોય છે.'** બે પ્રકાર કહ્યા. અનાદિ અતિ-આસન્નભવ્યથી રહિત, એણે મિથ્યાત્વ આદિ ભાવ અનંતવાર કર્યા છે અને આસન્નભવ્ય, નજીક ભવી છે, (જેણે) સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રને સેવ્યા છે. આહાહા..!

હવે **'આ (અતિનિકટભવ્ય) જીવને...'** અતિનિકટભવ્ય–અલ્પકાળમાં જેનું સંસારનું પરિભ્રમણનો અંત આવવાનો છે. અલ્પકાળમાં જેના સંસારનો અંત આવવાનો છે એવા જીવોને **'સમ્યગ્જ્ઞાનની ભાવના ક્યા પ્રકારે હોય છે...'** કહે છે કે એ જીવો સમ્યગ્જ્ઞાનની ભાવના. રાગની, દયા, દાનની કે વ્રતની એ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ વ્યવહારમાં જાય છે. એ કહેશે. એ તો કથનમાત્ર છે, વસ્તુ કોઈ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો કથનમાત્ર વ્યવહાર છે, વસ્તુ નથી. આહાહા..!

એ **'જીવને સમ્યગ્જ્ઞાનની ભાવના ક્યા પ્રકારે હોય છે એમ પ્રશ્ન કરવામાં આવે તો (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૩૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :'**

**भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः।**
**भावये भाविता नेति भवाभावाय भावनाः।।**

બધા 'ભ' આવે છે. આહાહા..!

**શ્લોકાર્થ :- 'ભવાવર્તમાં પૂર્વે...'** જીવના પરિભ્રમણમાં અનંત-અનંત ભવ કર્યા છે. નરકના, તિર્યંચના, મનુષ્યના, શેઠિયાના, રાજાના, દેવના, નવમી ગ્રૈવેયક તરીકેના દેવના અને અબજો પતિ તરીકે .. શેઠિયા, એવા ભવના આવર્તન, રખડવાના ભવમાં **'પૂર્વે નહિ ભાવેલી ભાવનાઓ (હવે) હું ભાવું છું.'** હવે એ ભવાવર્તને છોડીને **'પૂર્વે નહિ ભાવેલી ભાવનાઓ (હવે) હું ભાવું છું.'** આહાહા..! જુઓ! પંચમઆરાના સંત મુનિ એમ કહે છે કે અમે શુભભાવમાં છીએ એમ નહિ. આહાહા..! અમે તો **'ભવાવર્તમાં પૂર્વે નહિ ભાવેલી ભાવનાઓ (હવે) હું (પોતે) ભાવું છું.'** આહાહા..!

**'તે ભાવનાઓ (પૂર્વે) નહિ ભાવી હોવાથી...'** એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવના નહિ ભાવી હોવાથી **'હું ભવના અભાવ માટે...'** ભવના અભાવ માટે. આહાહા..! ભવ જ જોઈએ નહિ. સ્વર્ગનો ભવ પણ નહિ, સર્વાર્થસિદ્ધનો ભવ પણ નહિ. **'ભવના અભાવ માટે તેમને ભાવું છું (કારણ કે ભવનો અભાવ તો ભવભ્રમણના કારણભૂત ભાવનાઓથી વિરુદ્ધ પ્રકારની, પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ ભાવનાઓથી જ થાય).'** છે. આહાહા..! ભવનો અભાવ, પૂર્વે નહિ ભાવેલી ભાવનાથી-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવનાથી જ થાય છે. કોઈ એ જાતની ક્રિયા, વ્રત, તપ અને ભક્તિ, એનાથી થતી નથી. એવું અનંતવાર કર્યું છે. પણ અત્યારે તો એ બધું મનાવ્યું છે. હો-હા.. હો-હા.. હવે આનાથી વિરુદ્ધ પાછું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૨૧

तथा हि -

(मालिनी)

अथ भवजलराशौ मग्नजीवेन पूर्वे
किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्।
तदपि भवभवेषु श्रूयते वाह्यते वा
न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्।।१२१।।

વળી (આ ૯૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-

[શ્લોકાર્થ :-] જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (-કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (-ઘણા ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (-અમલમાં મૂક્યું) છે; પરંતુ અરેરે ! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી. ૧૨૧.

## શ્લોક–૧૨૧ ઉપર પ્રવચન

‘વળી (આ ૯૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-’

अथ भवजलराशौ मग्नजीवेन पूर्वे
किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्।
तदपि भवभवेषु श्रूयते वाह्यते वा
न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्।।१२१।।

આહાહા..! આચાર્ય ખુલાસો કરે છે.

**શ્લોકાર્થ :- ‘જે મોક્ષનું કાંઈક કથનમાત્ર...’** છે. વ્યવહાર સમકિત, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર એ તો કથનમાત્ર છે. વસ્તુ કોઈ નથી. આહાહા..! અત્યારે એ થઈ પડ્યું છે. વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરો, વ્યવહાર સાધન. અહીં કહે છે એવો વ્યવહાર અનંતવાર કર્યો છે. છતાં એમાં કાંઈ હાથ આવ્યું નથી. રાગ અને ઝેરની ક્રિયામાં, અરાગને અમૃતપ્રભુ ક્યાંથી હાથ આવે? આહાહા..! હવે એને સાધન માનીને એનાથી નિશ્ચય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાધ્ય થાશે એવી અત્યારે મોટી ચર્ચા બહાર ચાલી છે. પહેલું તો આ કરવું પડે ને? આ કરે તો થાય ને? આ કરે તો થાય ને? શાસ્ત્રમાં પણ એવા લેખ આવે છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય (એવું આવે).

... રાગથી પ્રજ્ઞા ભિન્ન કરીને જેણે આત્મા અનુભવ કર્યો છે, અંદર આનંદના વેદનમાં આવ્યો છે, એને અંતરનું સાધન પ્રગટ્યું છે એને વ્યવહાર જે રાગ છે તેને સાધન વ્યવહારે કહેવામાં આવે છે. પણ વ્યવહાર કરતાં સાધ્ય થાય એમ કહેવાનો આશય નથી. ત્યાં ... છે ને? 'જયચંદ્ર પંડિત' જો કે 'જ્ઞાનસાગર' 'જયચંદ્ર પંડિત'માંથી ટીકા કરી. 'અમૃતચંદ્રાચાર્ય'ની ન કરી. આચાર્ય પણ બીજા છે. એ જ્ઞાનસાગરની ટીકા, પહેલી 'જયચંદ્ર' ... પરંપરા ... હતો. 'અમૃતચંદ્રાચાર્ય' પરંપરા .. નહોતા. એણે પરંપરા તોડી નાખી. વ્યવહારથી સાધન .. વાત એણે તોડી નાખી. આમ ચાલ્યું છે. અહીં તો આ 'પદ્મપ્રભમલધારીદેવ' કહે છે. આ 'અમૃતચંદ્રાચાર્ય' નથી, આ 'પદ્મપ્રભમલધારિદેવ', એ કહે છે.

મુમુક્ષુ :– બધા જ્ઞાનીઓનો એક જ મત છે.

ઉત્તર :– એક જ મત છે પણ અત્યારે આખું ફરી ગયું છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે એ અહીં મૂક્યું છે.

**'જે મોક્ષનું કાંઈક કથનમાત્ર...'** કાંઈક કથનમાત્ર **'(–કહેવામાત્ર)...'** વ્યવહારરત્નત્રય મોક્ષનું કારણ એ કહેવામાત્ર છે, કથનમાત્ર છે. વસ્તુનું સ્વરૂપ નથી. બંધનું કારણ છે તેને કહેવામાત્ર કથનમાં (કહેવામાં આવ્યું છે). આહાહા..! વ્રત કરવા, તપ કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી, મંદિરો બનાવવા, દયા-દાન કરીને એકબીજાને સંપમાં રહેવું, સંઘમાં એક્તા કરવી. એટલે સંઘ તૂટે નહિ. સંઘ એક થાય. એટલે એમાંથી એકત્વબુદ્ધિ થાય. એમાંથી એકત્વથી સાધકપણું પ્રગટે. આવી પ્રરૂપણા ચાલે છે અત્યારે. આહાહા..!

અહીં તો કહે છે, કે સિદ્ધાંતમાં જેટલો વ્યવહાર કહ્યો છે, બાર અંગમાં જેટલું વ્યવહારનું કથન એ તો મોક્ષનું કથનમાત્ર **'કાંઈક કથન...'** કાંઈક કથન (માત્ર છે). આહાહા..! એટલે કે નિમિત્ત છે એટલું કથન કરવા માત્ર વાત કરી છે. આહાહા..! મહિના મહિનાના અપવાસ કરે, વર્ષીતપ કરે, લુખ્ખા આહાર કરે, એક કોળિયો ખાઈને બીજો છોડી દે, ઉણોદરી કરે, પ્રાયશ્ચિત લે, અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસત્યાગ... એક રસ (સિવાય) બીજા રસ ખપે નહિ. એવું અનંતવાર કર્યું છે. આહાહા..! એ બધો વ્યવહાર કથનમાત્ર છે. વસ્તુમાં કાંઈ માલ નથી. આહાહા..! આ તો 'નિયમસાર' છે. 'સમયસાર' માં 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું એ આ કહે છે. આ કહે છે એ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. અને અનંત આચાર્ય એમ જ કહે છે. આહાહા..!

વ્યવહાર મોક્ષમાર્ગ એવું કહેવામાં જે આવ્યું એ કથનમાત્ર છે. **'કાંઈક કથન...'** કાંઈક કથન એટલે એક નિમિત્ત છે એમ કથનમાત્ર છે. નિમિત્ત છે. કાંઈક કથન એટલે છે એવું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કથનમાત્ર વાત છે. આહાહા..! વ્યવહાર **'કાંઈક કથનમાત્ર (–કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ)...'** દેવ-ગુરુની શ્રદ્ધા, શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત, શાસ્ત્રનું નવપૂર્વનું જ્ઞાન, એ બધો વ્યવહાર અનંતવાર કર્યો છે. આહાહા..! આકરું કામ છે. બે ઘડીની નિવૃત્તિ મળે નહિ એને કહેવું, વિકલ્પથી રહિત જ તું તત્ત્વ છો. આહાહા..! સ્વરૂપ તત્ત્વમાં વિકલ્પ જ નથી. આહાહા..! બહુ ખસીને આગળ બહારથી વધે તો વિકલ્પમાં આવે, ત્યાંથી ખસીને આવે તો પર્યાય ઉપર દૃષ્ટિ રહે પણ એ એનું એ છે. પર્યાયમાંથી ખસીને દ્રવ્ય ઉપર આવવું જોઈએ. આહાહા..! દ્રવ્ય તો કોઈ દિ' જોયું નથી. પર્યાયનો અનાદિ અભ્યાસ અને પર્યાયના અભ્યાસમાં તો પર ઉપર લક્ષ જાય, રાગ ઉપર, પુણ્ય ઉપર, દયા-દાન ઉપર જાય. એમાં પોતે માને કે હું કાંઈક ધર્મ કરું છું. એવો વ્યવહાર કથનમાત્ર **'ભવસાગરમાં ડૂબેલા જીવે...'** આહાહા..! **'ભવસાગરમાં ડૂબેલા જીવે...'** એ વ્યવહારરત્નત્રય અનંતવાર કર્યો.

મુમુક્ષુ :– એને તો ભવસાગરમાં ડૂબેલા કહ્યા.

ઉત્તર :– ડૂબેલા કહ્યા. આહાહા..! કારણ કે એ વ્યવહાર છે એ પોતે ભવ છે. ભગવાન ભવના સ્વભાવ વિનાનો છે. અને એ પુણ્યના પરિણામ એ ભવ છે, સંસાર છે. સંસાર છે. 'નિયમસાર'માં વિકલ્પને ઘોર સંસાર કહ્યો છે. ઘોરસંસાર છે વિકલ્પ. આહાહા..! એને પૂર્વે અનંતવાર **'ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં...'** આહાહા..! ભવભવમાં એટલે? ઉપરાઉપર કાંઈ અનંતા મનુષ્યભવ મળે નહિ અને ઉપરા ઉપર અનંત સાંભળે નહિ. છતાં ભવસાગરવાળો છે. 'છોટાભાઈ'! ભવભવમાં છે. પણ એનો અર્થ કે જે મનુષ્યના ભવ મળ્યા એમાં આ બધું સાંભળીને એમાં રહ્યો, બસ.

**'ભવભવમાં (–ઘણા ભવોમાં)...'** એનો અર્થ એ છે. એનો અર્થ એવો કાઢે છે કે ભવભવમાં એટલે દરેક ભવમાં તિર્યંચના, મનુષ્યના, નિગોદના એમ નહિ. સમજાણું? તિર્યંચના, મનુષ્યના ભવ, નારકીના ભવ હોય તો સાંભળે. કાંઈ બધે ભવમાં સાંભળવાનું મળ્યું નથી. છતાં એનો અર્થ ઇ ઘણા ભવોમાં. મનુષ્યના ઘણા ભવોમાં, તિર્યંચના પણ ઘણા ભવોમાં, નારકીના પણ ઘણા ભવોમાં, દેવોના પણ ઘણા ભવોમાં. વ્યવહારરત્નત્રયની વાત તો ભવેભવે સાંભળી છે. આહાહા..! એને મીઠી પણ લાગી છે. આ વ્રત કરો, તપ કરો, રસ છોડો... આહાહા..! સમકિત વિના આત્માનું ધ્યાન કરો. બાર તપમાં આવે ને? વિકલ્પ શુભ-શુભ. શુભવિકલ્પનું ધ્યાન (કરે) અને શાંતિ દેખાય. એવું અનંતવાર કર્યું છે. આહાહા..!

**'ભવભવમાં (–ઘણા ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (–અમલમાં મૂક્યું) છે;...'** પાછું સાંભળીને અમલમાં મૂક્યું છે. વ્યવહારરત્નત્રયથી ધર્મ થાય, એવું અનંતવાર સાંભળ્યું અને અનંતવાર અમલમાં મૂક્યું છે, અનંતવાર આચરણ કર્યું છે. આહાહા..! ભવભવમાં આચરણ કર્યું છે એટલે ઘણા ભવમાં. આહાહા..! એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિય એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભવમાં તો સાંભળવા પણ મળે એવું નથી. એટલે જે ભવમાં સાંભળવા મળે એ ભવ લેવા. એ ભવભવમાં. આહાહા..!

**‘ડૂબેલા જીવે...’** આહાહા..! રાગની એકતામાં ડૂબી ગયો છે. ચૈતન્યરત્ન, નિર્મળાનંદની સત્તા, એને એક સમયની રાગની સત્તા અને પર્યાયની સત્તામાં ગુમાવી બેઠો છે. એ ડૂબેલા જીવે એમ કીધું. એણે આચર્યું છે. સાંભળ્યું છે એટલેથી નહિ, આચરણ પણ વ્યવહારરત્નત્રયમાં જોડાઈ ગયો છે. વ્યવહારઆચરણ કર્યાં છે. પંચમહાવ્રત અનંતવાર પાળ્યા છે. શાસ્ત્રજ્ઞાન અગિયાર અંગ અનંતવાર કર્યાં છે. આહાહા..! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અનંતવાર કરી છે. આહાહા..! આવી વાત આ ‘પદ્મપ્રભમલધારિદેવ’ કહે છે.

આચરણ-અમલમાં મૂક્યું છે. એવું સાંભળ્યું. વ્યવહાર, દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન, વિનય, પ્રતિષ્ઠા, મંદિરો બનાવવા, રથયાત્રા કાઢવી, ગજરથ કરવા, એવું અનંતવાર અમલમાં મૂક્યું છે. સાંભળીને અનંતવાર એવું કર્યું છે. લાખો કરોડો રૂપિયા ગજરથમાં ખર્ચ્યા છે. ભવમાં ડૂબેલાએ આવું બધું અનંતવાર કર્યું છે. આહાહા..! આકરું કામ લાગે. ભવ તો ઉડાડે છે એમ કહે છે. ભવ ઉડાડતા નથી. ભવ છે એમાં રખડતો તું છો એમ કહે છે. ભવ છે એમાં રખડતો ડૂબેલો તું છો. આહાહા..! સંસારરૂપી ભવ, ભવસાગર. આહાહા..! ક્યાંય ભવનો અંત નથી. એવા અનંત ભવસાગરમાં ડૂબી ગયો છે, ભાઈ! આહા..! એવા ડૂબેલાએ સાંભળ્યું અને આચર્યું છે એમ કહે છે.

**‘ભવસાગરમાં ડૂબેલા...’** આહાહા..! છે ને? **‘ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (–ઘણા ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (–અમલમાં મૂક્યું) છે;...’** આહાહા..! **‘પરંતુ અરેરે!...’** મુનિરાજ **‘ખેદ કરે છે...’** રાગ છે ને? **‘અરેરે!’** આહાહા..! **‘न च न च बत कपटं’ ‘ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે...’** ભગવાન તો એક જ્ઞાનસ્વરૂપ છે. એમાં રાગ પણ નથી, દયા પણ નથી, વ્રત પણ નથી. ભગવાનની ભક્તિ આત્મામાં નથી. એ એક જ્ઞાનસ્વરૂપ (છે). છે? **‘એક જ્ઞાન છે...’** સર્વદા એક જ્ઞાન છે. ત્રિકાળી જ્ઞાયક એકરૂપ છે. એ જ્ઞાયક કદી રાગમાં આવ્યો નથી. આહાહા..!

છઠ્ઠી ગાથામાં કહ્યું ને? કે જ્ઞાયકભાવ, શુભાશુભભાવરૂપે થયો નથી. થાય તો જડ થઈ જાય. આહાહા..! કેમ કે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રકાશનો પુંજ, ચૈતન્યપ્રકાશનું પૂર, નૂર એકલો ચૈતન્યતેજનો સાગર, પુણ્ય અને પાપના ભાવ અચેતન-જડ જ્ઞાનના અંશથી ખાલી એવો ચૈતન્યસ્વભાવ તે જ્ઞાનના અંશના ખાલીરૂપે કેમ થાય? આહાહા..! જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે. ત્રિકાળ નિરાવરણ.. ત્રિકાળ નિરાવરણ... આહાહા..! સકળ અખંડ એકરૂપ, એકરૂપ જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ચૈતન્યપ્રકાશ... ચૈતન્ય પ્રકાશ... ચૈતન્ય પ્રકાશ... ચૈતન્યપ્રકાશ... અનાદિઅનંત સર્વદા. આહાહા..! એ ચૈતન્યપ્રકાશમાં વિકલ્પ છે એ તો અંધારું (છે), એ તો છે નહિ પણ એના પ્રકાશમાં અલ્પતા પણ નથી. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં જરી અનુકૂળતા પાંચ-પચ્ચીસ લાખ મળે ત્યાં રાજી-રાજી થઈ જાય. આહાહા..! કપડા સારા જરીના, સોનાના દાગીના લટકાવે આ મડદા-મડદા ઉપર. મારી શોભા, શોભા અધિક લાગે. એને એમ કહે (છે), પ્રભુ! તું સર્વદા ચૈતન્ય ચૈતન્યના પ્રકાશનો પૂર છો ને. પૂર છો ને. તારામાં પુણ્ય-પાપનો અંધકારનો ત્રિકાળ અભાવ છે. પુણ્ય-પાપમાં તારો અભાવ છે અને ચૈતન્યપ્રકાશની સત્તા-અસ્તિત્વ, જે પ્રકાશનું નૂર જે ચૈતન્ય, એમાં પુણ્ય-પાપના વિકલ્પનો તો અભાવ છે. એક સમયની તેની પર્યાયનો અભાવ છે તો વિકલ્પ તો અંધકાર છે. પર્યાય તો પ્રકાશ છે. ચૈતન્ય ત્રિકાળી પ્રકાશ પિંડ છે. એની એક સમયની પર્યાય છે તે પ્રકાશ છે. એક સમયનો પ્રકાશ પણ જ્યાં પિંડમાં નથી ત્યાં પુણ્યપાપ તો અંધકાર છે. અંધારું છે તે એમાં ક્યાંથી આવ્યું? આહાહા..! અલૌકિક વાત છે, બાપા! આહાહા..! સાધારણ માણસમાં તો તકરાર થાય. એ વ્યવહાર ઉડાવે છે... એ વ્યવહાર ઉડાવે છે. પણ આ શું કહે છે? કોણ કહે છે? સિદ્ધાંત કહે છે? કોણ કહે છે? ભાઈ! તને ખબર નથી.

આઠ વર્ષની બાલિકા પણ જ્યાં ચૈતન્યના પ્રકાશ ત્રિકાળની ઉપર નજર પડતા જેની નજરું રાગ ઉપર તો રહે નહિ પણ પર્યાય ઉપર રહે નહિ. આહાહા..! એવો ચૈતન્યપુંજ આનંદનો ગંજ ચૈતન્ય શક્તિનો સંગ્રહાલય, સુખનો સાગર એમાં અપૂર્ણતા નથી, તો અંધકાર તો ક્યાંથી હોય? આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ અંધકાર છે. અંધકારથી પ્રકાશ થાય? ક્યાંથી થાય? આવું આકરું કામ છે. વસ્તુ છો ને, પ્રભુ! ભગવાન તરીકે બોલાવ્યા છે. આચાર્યોએ ભગવાન તરીકે બોલાવ્યા છે. ભગવાન! તું પૂર્ણસ્વરૂપ છો ને. અનંતા ગુણે પૂર્ણ સ્વરૂપ છો. અનંતા ગુણે કોઈ દિ' અપૂર્ણ અને વિપરીત તો છે જ નહિ. આહાહા..!

એવા સ્વરૂપને **'ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે...'** 'એક જ્ઞાન છે' ભાષા એમ છે ને? **'સર્વદા...'** અને **'એક...'** બે શબ્દ ઉપર જોર છે. ત્રણે કાળ એક છે. એક ફીટીને બે થયો નથી. આહાહા..! દ્રવ્ય મટીને પર્યાય થઈ નથી. સર્વદા એક છે. આહાહા..! કેમ નજરે ન પડે? કેમ ન જણાય? કેમ ન જણાય એ જાણનાર કોણ છે? એને કોઈ દિ' જોયો? જોવા તરફ ધ્યાન કર્યું? નથી જણાતો એવું જાણ્યું, નથી જણાતો એવું જાણ્યું, એ કોણે (જાણ્યું)? નથી જણાતો હું. એ કહે છે કે હું જણાઉં છું, બીજું જણાતું નથી. આહાહા..! આવી વાત છે. વ્યવહાર ભવસાગરમાં ડૂબેલા, ભવેભવે સાંભળ્યું અને આચર્યું.

**'સર્વદા એક જ્ઞાન છે...'** એક જ્ઞાન છે. પાંચ ભેદ એમાં નથી. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ પર્યાય છે. **'એક જ્ઞાન છે...'** એક જ્ઞાન છે. સર્વદા ત્રણે કાળ ઇ એકરૂપ છે. કોઈ દિ' એમાં અપૂર્ણતા તો નથી. વિકારની તો વાત જ શું કરવી? આહાહા..! એવું **'સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને)...'** એવા પરમાત્મતત્ત્વને, એવા પરમસ્વરૂપ તત્ત્વને, એવા પરમસ્વભાવભાવને, એવા પરમસ્વભાવભાવને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એણે કદી જોયો નથી. આહાહા..! કદી એણે સાંભળ્યું નથી એમ કહે છે. નવમી ગ્રૈવેયક ગયો, અગિયાર અંગ ભણ્યો, સાંભળ્યું નથી? સાંભળ્યું એને કહીએ, સાંભળીને અંદરમાં ઉતરે તો સાંભળ્યું કહીએ. આહાહા..! આવો માર્ગ છે. આ તો આખો દિ' એક તો ધંધા આડે નવરો નહિ, એમાંથી પાછી ધર્મને નામે પ્રવૃત્તિ આડે નવરો નહિ. ધમાલ! આનું આમ કરવું... આનું આમ કરું... આનું આમ કરું. આહાહા..!

એ સર્વદા એક જ્ઞાનરૂપ છે એણે એને સાંભળ્યું નથી. **'આચર્યું નથી.'** પછી એક શબ્દ નીચે નાખ્યો. **'न च न च बत'** કળશમાં એવા શબ્દો બે વાર મૂક્યા છે. નથી સાંભળ્યું, નથી આચર્યું. નથી સાંભળ્યું, નથી આચર્યું. આહાહા..! દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો, હજારો રાણી છોડીને, પાંચ ઇન્દ્રિયોનું દમન કરીને, પણ એ ચૈતન્ય એકરૂપ જ્ઞાયક છે, તત્ત્વ છે, અસ્તિ છે, સત્તા છે, એકરૂપ છે, સ્વભાવસ્વરૂપ છે, ભાવવાન છે, તેને તેં કોઈ દિ' સાંભળ્યો નથી. આહાહા..! સાંભળ્યું નથી એટલે આચર્યું નથી. 'નથી' બે શબ્દ આવ્યા ને? સાંભળ્યું નથી, આચર્યું નથી. સાંભળ્યું નથી, નથી. **'આચર્યું નથી, નથી.'** આહાહા..! આવી વાત છે.

હવે આ શ્લોક 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિનો છે. પોતે ટીકા કરતા પહેલાં કહે છે, કે આ ટીકા કાંઈ હું કરું છું એમ નથી. એની ટીકા તો ચાલી જ આવે છે. ગણધરોથી ચાલી આવે છે. હું તે કર્તા કોણ? આહાહા..! આધાર આપ્યો. આ વાત બધી ગણધરોથી ચાલી આવે છે. પહેલા આવે છે ને? આહાહા..! મેં કહી છે એમ નહિ. આ ભાવો, ટીકાના આ ભાવો ગણધરોથી ચાલ્યા આવ્યા છે. મારું મન અત્યારે રહ્યા કરે છે કે આની ટીકા થાય. એવો વિકલ્પ રહ્યા કરે છે એટલે થાય છે. આહાહા..! હવે એમાં વ્યવહારથી નિશ્ચય થાય એ વાત ક્યાંય રહે છે? 'યશપાલજી'! વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય નહિ? તો આ વ્યવહાર બધો જૂઠો? વ્યવહાર ભગવાને કહ્યો છે કે નહિ? ભગવાને કહ્યો છે પણ ભગવાને એનું ફળ સંસાર કહ્યું છે. વ્યવહાર કહ્યો છે પણ એનું ફળ સંસાર કહ્યું છે. અસ્તિ છે ને? વ્યવહાર પણ અસ્તિ છે. પણ એનું ફળ સંસાર છે. આહાહા..! હવે આને નવરાશ ન મળે, નિવૃત્તિ ન મળે. આહાહા..!

વસ્તુસ્વરૂપ પૂર્ણાનંદ એકરૂપ ચીજ છે. બધા આત્માઓ એવા છે. બધા ભગવાનસ્વરૂપ પૂર્ણ છે. સર્વદા જ્ઞાન એકરૂપ સર્વદા છે. દરેક આત્મા, હોં! અભવીનો આત્મા પણ એવો છે. આહાહા..! જેનું સત્ત્વ છે, સત્ છે એનું સત્ત્વ છે એ અપૂર્ણ કેમ હોય? પૂર્ણ સત્ત્વથી ભરેલું સત્ છે. માટે એક જ્ઞાન છે. એમ કીધું ને? **'એક જ્ઞાન છે.'** સત્, દ્રવ્ય સત્ એમાં ગુણ સત્, પર્યાય સત્. એ પર્યાયથી તો જાણે છે અને ગુણ સત્. એવું એકરૂપ સત્. જાણે છે એ પર્યાય. એકરૂપને એકરૂપ જાણતું નથી. આહાહા..! એકરૂપ છે એને જાણે છે પર્યાય. એ પણ એકરૂપ થઈને જાણે છે. ભેદ વિના. વસ્તુ સત્, ગુણ સત્ (એમ) જાણે છે કોણ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોની સત્તામાં જણાય છે? કોના અસ્તિત્વમાં એ જણાય છે? દ્રવ્ય-ગુણના અસ્તિત્વમાં નહિ. પર્યાયના અસ્તિત્વમાં સર્વદા એક જ્ઞાન છે એમ જણાય છે. આહાહા..! વ્યવહારને ઉડાડીને પાછી વાત નિશ્ચયની કરી. એમ નહિ કે એકલો વ્યવહારને ઉડાડ્યો.

**'અરેરે! ખેદ છે કે...'** અરે...! આવો ભગવાન બિરાજે છે. જેના મોઢા આગળ પરમાત્મા પોતે છે. અગ્રગમ્ય છે. પરિપૂર્ણ પ્રભુ છે. અરે..રે..! એની સામું જોતા નથી, સાંભળતા નથી. બીજી વાત કીધી નથી. ફલાણાને સાંભળતા નથી, આ વાર્તા અને કથા ને. આને સાંભળતા નથી એમ કીધું. આહાહા..! આ વાત જાજી સભામાં ઠીક લાગે નહિ. વાર્તા, કથા, વ્યવહાર ધમાલ ચાલતી હોય તો એવી લાગે... આહાહા..! ખુશી ખુશી થાય. આહાહા..!

અહીં **'સર્વદા એક જ્ઞાન છે...'** એ કોણ જાણે છે? એ પર્યાય. ત્રણે આવી ગયા. પર્યાય જાણે છે કે સર્વદા એકરૂપ જ્ઞાન છે. વિકલ્પથી નહિ. નિર્વિકલ્પ જ્ઞાનથી, નિર્વિકલ્પ જ્ઞાન અને દ્રવ્ય સર્વદા એકરૂપ છે, એમ તે જાણે છે. અજ્ઞાનીએ એ વાત સાંભળી નથી, કોઈ દિ' આચરી નથી. આહાહા..! વ્યવહારનો એટલે બધો અત્યારે... 'સોનગઢ'ને નામે એમ કહે છે, સોનગઢ વ્યવહારને લોપ કરે છે. વ્યવહારને માનતા નથી. માનતા નથી પણ વ્યવહાર નથી? વ્યવહારનું ફળ નથી? બેય છે. પણ વ્યવહારનું ફળ તું નિશ્ચય કહે તો એ નથી. વ્યવહાર અસ્તિ છે. વીતરાગે કહેલો વ્યવહાર હોય છે, એનું ફળ પણ સંસાર હોય છે. છે. વસ્તુમાં નથી. આહાહા..! આવું કામ આકરું છે. અત્યારે તો બહારથી વાત ચાલે. વ્રત, વિકલ્પ ને વ્રત અને તપ ને અનશન, ઉણોદરી, વ્રતિ છું ને પાંચ મહાવ્રતને એવા મલાવે, એવા મલાવે અને લડાવે. સભા રાજી-રાજી થઈ જાય. હવે આમાં શું કહે છે આ? **'સદા એક જ્ઞાન છે...'** સદા એક જ્ઞાન છે એટલે શું? જ્ઞાન એટલે આ શાસ્ત્ર છે ઇ? આહાહા..!

શાસ્ત્રને જાણે છે એ પર્યાય છે. એ પણ શાસ્ત્રને જાણતો નથી. ખરેખર પર્યાય પર્યાયને જાણે છે. આહાહા..! એ પર્યાય દ્રવ્યને જાણે છે. આહાહા..! એ પર્યાય આ જાણું છું... આ જાણું છું... આ જાણું છું... આ જાણું છું... એમ એની વર્તમાનદશામાં આમ વલણ છે એ બધું વલણ મિથ્યા છે. એ વલણ જેની (પર્યાય) છે તેમાં વાળી, તે જ્ઞાન એકરૂપ છે એમ પર્યાયમાં જણાય છે. પર્યાયમાં જ્ઞાન એકરૂપ છે એમ જણાય છે. પર્યાય ભેદ છે પણ એનો વિષય છે તે અભેદ છે. સમજાણું કાંઈ આમાં? પર્યાય પોતે ભેદ છે. જાણનાર પોતે ભેદરૂપ છે પણ જાણે છે તે અભેદ છે. આહાહા..! અને તે જાણનાર છે એ સદા રહેતી નથી. એ પલટો ખાય છે. પણ જે જણાય છે તે એકરૂપ ત્રિકાળ રહે છે. જાણનાર પર્યાય એકરૂપ રહેતી નથી પણ જાણનાર પર્યાયનો વિષય જે સદા એકરૂપ એ જ્ઞાન ત્રિકાળ છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધી. સિદ્ધ પણ દ્રવ્ય નથી, સિદ્ધ પણ પર્યાય છે. મોક્ષ પણ પર્યાય છે. આહાહા..! એ મોક્ષની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય પણ પર્યાય છે. એ ગુણ નથી. આહાહા..! એ પર્યાયે સદા એકરૂપ છે તેને જાણ્યું છે. તે પર્યાય સદા એકરૂપ છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેને ભળ્યા વિના જાણે છે. તે પર્યાયે એક જ્ઞાયકમાં ભળ્યા વિના પોતાના અસ્તિત્વમાં રહીને, દ્રવ્ય-ગુણના અસ્તિત્વમાં ન પેસીને (દ્રવ્ય-ગુણને જાણે છે). આહાહા..! આવી વાતું.

**'સર્વદા એક જ્ઞાન...'** એમ શબ્દ કહીને ગજબ કર્યો છે! આહાહા..! સર્વદા એકરૂપ નિત્ય છો, પ્રભુ! આહાહા..! એ પલટતી પર્યાયે જણાય પણ જણાય છે સદા એકરૂપ તે. આહાહા..! છતાં જણાય છે તેની પર્યાયનું જ્ઞાન કરે ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે. એ પર્યાય દ્રવ્યને જાણે એ નિશ્ચયજ્ઞાન છે. પર્યાય દ્રવ્યને જાણે એ નિશ્ચયજ્ઞાન છે પણ પર્યાય પાછી પર્યાયને પોતાને જાણે તે વ્યવહાર થયો, પ્રમાણજ્ઞાન થયું. આવું બધું ઝીણું છે. આહાહા..!

કરવું શું પણ? કરવાનું એ, ભાઈ! એક સમયમાં સર્વદા જ્ઞાનરૂપ પ્રભુ તત્ત્વ છે, એની સામું જોવાનું છે, એને જોઈને માનવાનું છે, એને જોઈને ત્યાં ઠરવાનું છે, એને જાણીને માનવાનું છે અને એને જાણીને ત્યાં ઠરવાનું છે. કરવાનું આ છે. આહાહા..! વ્યવહારને તો કથનમાત્ર નાખ્યો. જોયું? **'भवजलराशौ मग्नजीवेन पूर्वे किमपि वचनमात्रं निर्वृतेः'** એમ લખ્યું છે ને? વચનમાત્ર કહ્યું ને? પાઠમાં છે. **'वचनमात्रं निर्वृतेः कारणं'** આહાહા..! કથનમાત્ર કારણ છે. એ તો કહેવામાત્ર કારણ છે. આહાહા..! શબ્દ કારણ વાપર્યો. કારણ શબ્દ વાપર્યો. આહાહા..! કારણ વાપર્યો એટલે શું? વ્યવહાર કારણ કહ્યું. શાસ્ત્રમાં કહ્યું ને? 'જયસેનાચાર્ય'ની ટીકામાં. પણ એનો અર્થ આ. કથનમાત્ર સાધક છે. કથનમાત્ર–કહેવામાત્ર કારણ છે. આહાહા..! વ્યવહારને કારણ તો કહ્યું. છે. એ કારણ કહ્યું ને? પણ એ કહેવામાત્ર કારણ છે. કારણ એ કહેવામાત્ર કારણ છે. વાસ્તવિક નહિ. આહાહા..! ઘણું ભર્યું છે. કારણ કહ્યું, વ્યવહાર છે, સાંભળ્યું છે, આચર્યું છે પણ એ કથનમાત્ર–કહેવામાત્ર કારણ છે. ખરેખર એ કારણ છે નહિ. કારણ શબ્દ વાપર્યો છે. હવે આમાંથી કાઢે. ભલે કથનમાત્ર કહે પણ કારણ છે ને? આહાહા..! કારણ શબ્દ વાપર્યો છે. કહેવામાત્ર કારણ પાછું. કારણ કીધું પણ કહેવામાત્ર કારણ. આહાહા..!

એક યથાર્થ કારણ છે, એક કહેવામાત્ર કારણ છે. ત્રિકાળ સ્વભાવ સર્વદા એક, ત્રિકાળ સ્વભાવ સર્વદા એક એ યથાર્થ કારણ છે. વ્યવહાર છે એ કથનમાત્ર વ્યવહાર છે. આહાહા..! નિર્મળ પર્યાય પ્રગટ થાય તે કારણ સદ્‌ભૂત કારણ છે. ત્રિકાળ જે જ્ઞાન સર્વદા એકરૂપ છે એ કારણપરમાત્મા છે. આ કારણ લગાવી દે બધામાં. ત્રિકાળ સદ્‌ભૂત જે જ્ઞાનરૂપ છે એ કારણપરમાત્મા છે. અને જેણે જાણ્યું છે એ પર્યાય છે. એ પર્યાય પણ સાધક તરીકે કારણ છે. મોક્ષના માર્ગ તરીકે કારણ છે પણ એ યથાર્થ કારણ છે. અને વિકલ્પમાત્ર, જે કથનમાત્ર છે એ કહેવામાત્ર કારણ છે. લ્યો, કારણના ત્રણ પ્રકાર. ત્રિકાળ કારણપરમાત્મા સદા એકરૂપ એ કારણપરમાત્મા. આહાહા..! જેની દૃષ્ટિએ કાર્યપર્યાય આવે જ. એ કાર્યપર્યાયને મોક્ષનું કારણ કહેવાય. એ યથાર્થ કારણ છે. અને વિકલ્પ ઊઠે છે એ કથનમાત્ર વ્યવહાર કારણ છે. કથનમાત્ર વ્યવહાર કારણ છે. યથાર્થ છે નહિ. વિશેષ કહેવાશે...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૯૧

मिच्छादंसणणाणचरित्तं चइऊण णिरवसेसेण।
सम्मत्तणाणचरणं जो भावइ सो पडिक्कमणं।।९१।।
मिथ्यादर्शनज्ञानचरित्रं त्यक्त्वा निरवशेषेण।
सम्यक्त्वज्ञानचरणं यो भावयति स प्रतिक्रमणम्।।९१।।

अत्र सम्यग्दर्शनज्ञानचारित्राणां निरवशेषस्वीकारेण मिथ्यादर्शनज्ञानचारित्राणां निरवशेषत्यागेन च परममुमुक्षोर्निश्चयप्रतिक्रमणं च भवति इत्युक्त्म्।

भगवदर्हत्परमेश्वरमार्गप्रतिकूलमार्गाभासमार्गश्रद्धानं मिथ्यादर्शनं, तत्रैवावस्तुनि वस्तुबुद्धिर्मिथ्याज्ञानं, तन्मार्गाचरणं मिथ्याचारित्रं च, एतत्रियतयमपि निरवशेषं त्यक्त्वा, अथवा स्वात्मश्रद्धानपरिज्ञानानुष्ठानरूपविमुखत्वमेव मिथ्यादर्शनज्ञानचारित्रात्मकरत्नत्रयम्, एतदपि त्यक्त्वा। त्रिकालनिरावरणनित्यानंदैकलक्षणनिरंजननिजपरमपारिणामिकभावात्मककारणपरमात्मा ह्यात्मा तत्स्वरूपश्रद्धानपरिज्ञानाचरणस्वरूपं हि निश्चयरत्नत्रयम्; एवं भगवत्परमात्मसुखाभिलाषी यः परमपुरुषार्थपरायणः शुद्धरत्नत्रयात्मकम् आत्मानं भावयति स परमतपोधन एव निश्चयप्रतिक्रमणस्वरूप इत्युकः।

---

નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને
સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.

અન્વયાર્થ :– [मिथ्यादर्शनज्ञानचरित्रं] મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને [निरवशेषेण] નિરવશેષપણે [त्यक्त्वा] છોડીને [सम्यक्त्वज्ञानचरणं] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને [यः] જે (જીવ) [भावयति] ભાવે છે, [सः] તે (જીવ) [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ છે.

ટીકા :– અહીં (આ ગાથામાં), સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ (-સંપૂર્ણ) સ્વીકાર કરવાથી અને મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ ત્યાગ કરવાથી પરમ મુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે એમ કહ્યું છે.

ભગવાન અર્હત્ પરમેશ્વરના માર્ગથી પ્રતિકૂળ માર્ગાભાસમાં માર્ગનું શ્રદ્ધાન તે મિથ્યાદર્શન છે, તેમાં જ કહેલી અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે અને તે માર્ગનું આચરણ તે મિથ્યાચારિત્ર છે; - આ ત્રણેને નિરવશેષપણે છોડીને, અથવા, નિજ આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું તે જ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક (મિથ્યા) રત્નત્રય છે; આને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પણ (નિરવશેષપણે) છોડીને. ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવો, (નિરંજન નિજ પરમ પારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે; તેના સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણનું રૂપ તે ખરેખર નિશ્ચય રત્નત્રય છે; આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી એવો જે પરમપુરુષાર્થ પરાયણ (પરમ તપોધન) શુદ્ધરત્નત્રયાત્મક આત્માને ભાવે છે, તે પરમ તપોધનને જ (શાસ્ત્રમાં) નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહ્યો છે.**

---

**પ્રવચન નં. ૯૩, ગાથા-૯૧, શનિવાર, માગશર સુદ ૧૩, તા.૦૧-૧૨-૧૯૭૯**

---

'નિયમસાર' ગાથા-૯૧.

**मिच्छादंसणणाणचरित्तं चइऊण णिरवसेसेण।**
**सम्मत्तणाणचरणं जो भावइ सो पडिक्कमणं।।९१।।**

**નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને**
**સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.**

'**ટીકા :– અહીં (આ ગાથામાં), સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ (–સંપૂર્ણ) સ્વીકાર કરવાથી...**' પ્રતિક્રમણ છે ને? નિશ્ચય પ્રતિક્રમણ. આહાહા..! ત્રણે ભેગા લીધા છે ને? દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ત્રણે નિરવશેષ. પૂર્ણ પરમાત્મ કારણપ્રભુ, તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં રમણતા. એ પૂર્ણ '**સ્વીકાર કરવાથી...**' '**(–સંપૂર્ણ) સ્વીકાર કરવાથી...**' એમ છે ને? આહાહા..!

હવે અહીં ૨૫-૨૫ લાખની મોટરું, ૫૦-૫૦ લાખની મોટરુંમાં બેસીને લહેર કરતા હોય. હવે એને મરીને નરકે જાવું.. આહાહા..! ગજબ વાત, પ્રભુ! ચક્રવર્તીને તો ઋદ્ધિ એનાથી ઘણી હોય પણ એ સમ્યગ્દષ્ટિ છે. આ તો ક્ષણે અને પળે પરભાવના અભિમાન, વિશેષતા, અધિકતા હૃદયમાં પર સંબંધી અહંકાર ભાસ્યા જ કરે છે. સ્વ ચૈતન્યમૂર્તિ પરમસ્વભાવભાવ એની તો ખબર પણ નથી. એના સિવાય જેટલા પરભાવો છે એની અધિકતા, વિશેષતા, અચિંત્યતા, વિસ્મયતામાં રોકાયેલો છે. આહાહા..! ગજબ કહે છે. એ ૫૦ લાખની મોટરમાં બેસનારા મરીને નરકમાં જાય... અર..ર..! ગજબ વાત! આહાહા..! એક તો માને કોણ? એને એના અભિમાન તો કેટલા હોય! સમ્યગ્દર્શન સિવાયની વાત છે ને? ચક્રવર્તીની ધર્મીની જુદી વાત છે. આહાહા..! બહારની આ ઋદ્ધિ દેખે... આહાહા..! ૨૦ લાખની મોટરમાં તો બેસીને આવ્યા હતા. આ 'મુંબઈ' મૂકવા આવ્યા હતા ને. 'પૂનમચંદ'. એ ૨૦ લાખની મોટર. જિંદગીમાં પહેલીવહેલી જોઈ. એ તો કહેતા હતા કે અમે રહીએ ત્યાં તો ૫૦–૫૦ લાખની મોટર છે. આહાહા..! એની એને વિશેષતા, અધિકતા, મોટપ (લાગે છે). પ્રભુ! અંદર આત્મા મહાપ્રભુ છે. પહેલી એ વાત લીધી છે ને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ (–સંપૂર્ણ) સ્વીકાર...'** આહાહા..! હું પરમાત્મસ્વરૂપ છું એવો સંપૂર્ણ શ્રદ્ધામાં સ્વીકાર, જ્ઞાનમાં સંપૂર્ણ સ્વીકાર અને ચારિત્રમાં સંપૂર્ણ રમણતા. આહાહા..! ઉત્કૃષ્ટ વાત લીધી છે ને? ત્યારે એને પ્રતિક્રમણ નિશ્ચય કહેવાય. આહાહા..! **'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ..'** છે ને? પાઠમાં એમ છે ને? **'णिरवसेसेण'** એમ છે ને પાઠ? કાંઈ બાકી રાખ્યા વિના. ઓહોહો..! એક સમયમાં પ્રભુ! અનંત અનંત અનંત ગુણ કારણ લેશે. ટીકામાં કારણપરમાત્મા લેશે. કારણપરમાત્મા... આહાહા..! એ મોક્ષની પર્યાયનું કારણ છે. એનું કારણ ભલે મોક્ષનો માર્ગ છે પણ મોક્ષના માર્ગનું કારણ છે એ કારણપરમાત્મા છે. આહાહા..! આકરી વાતું છે. આ તો જેને સંસારનો ડર છે, ભવભ્રમણ(નો ડર છે એને માટે વાત છે). દેહ છૂટશે ત્યારે ક્યાં જઈશ? ભાઈ! તું તો નિત્ય છો, શાશ્વત છો, અવિચળ તત્ત્વ તારું છે. એ પડીને ક્યાંય ભળી જાય એવું એ તત્ત્વ નથી. આહાહા..!

અવિચળ નિત્ય કારણપરમાત્મા, એનો પૂર્ણ સ્વીકાર. સંપૂર્ણ સ્વીકાર. આહાહા..! દર્શનમાં સંપૂર્ણ સ્વીકાર, જ્ઞાનમાં સંપૂર્ણ સ્વીકાર, રમણતામાં સંપૂર્ણ રમણતા. એ ત્રણનો **'સ્વીકાર કરવાથી અને મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ ત્યાગ કરવાથી...'** ત્યાં નિરવશેષ લીધું. છે ને? પાઠમાં નિરવશેષ છે એટલે બધામાં લાગુ પાડે. આહાહા..!

અંશે પણ મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ ન રહે. એકલો સમ્યગ્દર્શન, એનો વિષય સ્વીકાર પરમાત્મા પૂર્ણ સ્વરૂપ તત્ત્વ છે ને? તત્ત્વ છે તો એ પૂર્ણસ્વરૂપ છે. એ કારણપરમાત્મા છે. પણ કારણપરમાત્મા છે એ ક્યારે થાય? એ તો છે. કારણપરમાત્મા તો બધાને છે. પણ એ કારણપરમાત્માનો સ્વીકાર થાય ત્યારે કારણપરમાત્મા એને માટે થાય. આહાહા..! છે ને?

એ પ્રશ્ન થયો હતો ને? 'વીરજીભાઈ'ના દીકરા 'ત્રિભુવનભાઈ'એ પ્રશ્ન કર્યો હતો કે આ કારણપરમાત્મા કહો અને કાર્ય ન આવે તો એ કારણ શેનું? વાત સાચી. પણ કારણપરમાત્માનું અસ્તિત્વ જેટલું અને જેવડું છે, તેટલું પ્રતીતિ અને જ્ઞાનમાં ન આવે તો એને માટે ક્યાં છે? સમજાય છે કાંઈ? હોવા છતાં એની નજરમાં ન આવે ત્યાં સુધી એને નથી. આહાહા..!

ભગવાન અંદર પરમાત્મા પોતે પરમેશ્વર, જેને હમણા કહેશે કારણપરમાત્મા, એ કારણપરમાત્મા છે. સિદ્ધ છે એ કાર્યપરમાત્મા છે. સિદ્ધ છે, અરિહંત છે, એ પર્યાયમાં (કાર્યપરમાત્મા છે) કાર્ય છે ને? પર્યાય એ કાર્ય છે. પર્યાય કાર્ય એટલે કાર્યપરમાત્મા છે. અને આ વસ્તુ છે એ કારણપરમાત્મા છે. આહાહા..! સમજાય છે? આહાહા..! હવે આમ બહારથી કરોડો રૂપિયા, અબજો રૂપિયા, લાખો, દસ-દસ, વીસ-વીસ લાખ ખર્ચે, હોંશ-હરખના પાર ન મળે. અરે..રે..! એમાં શું થાય છે? પ્રભુ! એમાં શું હાની થાય છે એની એને ખબર નથી. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેમાં હોંશ કરવાની છે એ તો કારણપરમાત્મામાં (કરવાની છે). હોંશ કરવી એટલે સ્વીકાર કરો. સ્વીકાર કહ્યો ને? આહાહા..! સ્વીકાર ક્યારે થાય? તેના જ્ઞાનમાં તેની મોટપ ખ્યાલમાં આવે (કે) એ વસ્તુ છે, પરિપૂર્ણ છે, ધ્રુવ છે, અનંત અનંત ગુણથી પરિપૂર્ણ ભરેલો ભંડાર છે. એકરૂપ છે, ચળ્યા વિનાની, પરિણમ્યા વિનાની એ ચીજ છે. પરિણમે છે તો પર્યાય. એવી પરિણમન વિનાની એક ચીજ આ વસ્તુ છે. એવો એને અંદર વિશ્વાસ પ્રતીતિમાં આવે ત્યારે એને સ્વીકાર કરે ત્યારે એને કારણપરમાત્મા એને થયો. બીજાને છે છતાં નથી. આહાહા..! છે છતાં માન્યો નથી તો એને તો નથી. છે છતાં માન્યું છે કે હું તો રાગી છું, એક સમયની પર્યાયવાળો છું, દયાવાળો છું, દાનવાળો છું, પુણ્યવાળો છું, પાપવાળો છું, શેઠાઈ છે, મૂર્ખાઈ છે, પંડિતાઈ છે... આહાહા..! હવે એટલો માન્યો એણે આ ક્યાં માન્યો? આહાહા..! એ તો બધા પર્યાયના ભેદો છે. ભગવાન પૂર્ણાનંદ એમાં તો પંડિતાઈ નથી. એ તો પૂર્ણાનંદ સ્વરૂપ (છે). આહાહા..!

પૂર્ણ સ્વરૂપ અનંત અનંત ગુણથી ભરેલો ભંડાર મોટો (છે). એના સિવાય કોઈ ઊંચી ચીજ નથી. એવો અંતરમાં જ્ઞાન, દર્શનમાં સ્વીકાર થાય અને એ ઉપરાંત પછી તેમાં રમણતા થાય એનું નામ અહીંયા પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! આવી વ્યાખ્યા હવે. કેટલા પડિક્કમણા કર્યા હશે? પથરણા ફાડ્યા હશે કે નહિ? 'ચીમનભાઈ'! આહાહા..! અરે..! ભાઈ!

બે શબ્દ લીધા છે ને? મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શન. પાછું ફરવું અને છે તેમાં આવવું એમ. પાછું ફરવું. મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રથી પાછું ફરવું અને છે તેમાં આવવું, છે તેમાં આવવું ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સ્વીકારમાં એ આવે. સ્વીકાર કરે ત્યારે એમાં આવ્યો કહેવાય. આહાહા..! તે પણ '**(–સંપૂર્ણ) સ્વીકાર...**' એમ શબ્દ છે ને? નિરવશેષ છે ને? નિઃઅવશેષ–નિઃઅવશેષ–કાંઈ બાકી રાખ્યા વિના. એને અપૂર્ણ કે વિપરીતતા કે અધુરાશ કે કોઈ ખોડખાપણ કાંઈપણ એમાં નાખ્યા વિના, એકલો પરમાત્મા પૂર્ણાનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો સાગર, એવા અનંત ગુણ સંપૂર્ણ, એવો નિરવશેષ સંપૂર્ણ સ્વીકાર કરવાથી... આહાહા..! એ અસ્તિ લીધી.

'**મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ ત્યાગ કરવાથી...**' નાસ્તિ લીધી. એક પણ અંશ, કાંઈ પણ રાગનો અંશ પણ લાભદાયક (માનવો), અન્યમતિના અનેક પ્રપંચ–૩૬૩ પાખંડ એનો કોઈ પણ ધર્મનો અંશ ઠીક છે, એ બધું મિથ્યાત્વ છે. આહાહા..! એની પ્રશંસા, એનું સ્તવન, એની સ્તુતિ, ઠીક કાંઈક લાગે એટલે એની સ્તુતિ થાય. એ બધું મિથ્યાદર્શન છે. આહાહા..! વીતરાગમાર્ગ સિવાય જેટલા અન્યમત ૩૬૩ પાખંડ માર્ગ છે, એ બધાનો '**નિરવશેષ ત્યાગ કરવાથી...**' કાંઈ બાકી રાખ્યા વિના. થોડું તો આનું રાખો. બીજામાં છે જ નહિ. એ વસ્તુ આવી સર્વજ્ઞે કહેલી અને છે એવી. કહેલી તો છે એવી જાણીને કહેલી છે ને? જેવી છે પરિપૂર્ણ પરમાત્મા, એવી જ ભગવાને જાણી, એવું ભગવાને કહ્યું. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અમૃતનો સાગર ભગવાનનો અંદરમાં પૂર્ણ સ્વીકાર થાય અને મિથ્યાદર્શન આદિનો નિરવશેષપણે ત્યાગ થાય. આનો સ્વીકાર થાય, આનો ત્યાગ થાય. આહાહા..! એનું જ્ઞાન ન હોય, એવી સમજણ ન હોય, એ ત્યાગ અને સ્વીકાર ક્યાંથી કરે? આહાહા..! ધંધા આડે નવરાશ પણ ન મળે. આહાહા..! ધંધો તો આ કરવાનો છે. અનંતકાળે માંડ મળ્યો છે આ વખત. આહાહા..! બધું મૂકીને કરવા જેવું આ એક છે. એ સવારમાં આવ્યું હતું ને? કરવા જેવું કર્યું બધું. એ કરવા જેવું આ કર્યું એ બધું કર્યું. આહાહા..!

ભગવાનઆત્મા પરિપૂર્ણ. પર્યાયમાં અવ્યક્ત છે, અપ્રગટ છે તેને પર્યાયમાં, પ્રગટ પર્યાયમાં આખો પ્રગટ સ્વીકાર કરવો. આહાહા..! સમજાય છે કાંઈ? ૪૯ (ગાથાના) ૬ બોલ. વ્યક્તથી અવ્યક્ત ભિન્ન છે. વ્યક્ત એટલે પર્યાયથી દ્રવ્ય ભિન્ન છે. છ બોલ છે ને? ભાઈ! વ્યક્ત અને અવ્યક્તનું એકસાથે જ્ઞાન હોવા છતાં, વ્યક્તથી તે પ્રભુ અવ્યક્ત તે ભિન્ન છે. આહાહા..! એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય જણાય છતાં તે પર્યાયથી દ્રવ્ય તો ભિન્ન છે. આહાહા..! આ વાત! છ બોલમાં છે ને? વ્યક્ત અને અવ્યક્ત એકસાથે; વ્યક્ત એટલે પર્યાય, અવ્યક્ત એટલે દ્રવ્ય, એક સમયમાં બેય જણાવા છતાં, વ્યક્ત પ્રત્યે ઉદાસ છે. વ્યક્તને સ્પર્શતો નથી. દ્રવ્ય વ્યક્તને સ્પર્શતું નથી. આહાહા..! પર્યાયમાં આખા દ્રવ્યનો સ્વીકાર થયો, શ્રદ્ધા-જ્ઞાનમાં આખો સ્વીકાર થયો, રમણતામાં પણ આખા સ્વરૂપમાં રમણતા થઈ, છતાં તે પર્યાયને દ્રવ્ય છૂતું નથી. આહાહા..! આવી વાતું હવે. વ્યક્ત-અવ્યક્ત એકસાથે બે જ્ઞાનમાં આવે, જ્ઞાનમાં બે આવે છતાં અવ્યક્ત છે એ વ્યક્તને સ્પર્શતું નથી. એમ વ્યક્ત અવ્યક્તને સ્પર્શતું નથી. આહાહા..! એટલે? દ્રવ્ય વસ્તુ છે તે પર્યાયના અંશને સ્પર્શતી નથી. પર્યાયનો અંશ જે છે એ ત્રિકાળી મહાપ્રભુ કારણપરમાત્માને અડતો નથી. જાણે છે, માને છે. આહાહા..! આવી ચીજ છે.

**'નિરવશેષ ત્યાગ કરવાથી પરમ મુમુક્ષુને...'** પાછા પરમ મુમુક્ષુ (અર્થાત્) મોક્ષનો કામી છે એકલો. એક જ મોક્ષની પર્યાય પ્રાપ્ત કરવી છે. બીજું કાંઈ જોઈતું નથી. એવા **'પરમ મુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે...'** સાચું પ્રતિક્રમણ એને હોય છે. આહાહા..! વ્યવહારથી નિશ્ચય થાય અને આનાથી આ થાય, આનાથી આ થાય. બહુ આકરું કામ. વ્યવહાર સુધાર્યા વિના નિશ્ચય આવે? પહેલો વ્યવહાર સુધારવો જોઈએ. ભાઈ! અહીં તો પહેલા પછી કાંઈ નથી. આહાહા..! પહેલો એ ભગવાન ને છેલ્લો એ ભગવાન અને મધ્યમાં એ ભગવાન છે. આહાહા..! સમજાય એટલું સમજવું, બાપુ! આ તો પરમાત્માના ઘર છે. આહાહા..! અંતરની ચીજ પરમાત્મસ્વરૂપ છે તેનો પૂર્ણ સ્વીકાર કરવાથી અને તેનાથી વિરુદ્ધ જેટલા અંશો છે, ૩૬૩ પાખંડ આદિ ગમે તે. આહાહા..! એનો સર્વથા **'ત્યાગ કરવાથી પરમ મુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે એમ કહ્યું છે.'** એમ ભગવાને કહ્યું છે. આહાહા..! કોઈ એમ કહે કે એ તો આચાર્યે આમ કહ્યું છે, ફલાણાએ આમ કહ્યું છે. ભગવાને આમ કહ્યું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..!

**'ભગવાન અર્હત્ પરમેશ્વરના માર્ગથી પ્રતિકૂળ..'** ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા એવા મહિમાવંત **'ભગવાન અર્હત્ પરમેશ્વરના માર્ગથી...'** એમના કહેલા માર્ગથી **'પ્રતિકૂળ માર્ગાભાસ...'** ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ કહેલો માર્ગ, એનાથી અંશે પણ ફેરફાર (હોય) એ માર્ગાભાસ છે. માર્ગ જેવો દેખાવ છે, માર્ગ નહિ. આહાહા..! આકરું કામ છે. બાપુ!

નગ્ગો મોખો ભણીયો, શેષા ઉમગ્ગા. એવો પાઠ છે. 'કુંદકુંદાચાર્ય'ને નગ્ન મુનિને જગતની ક્યાં પડી છે. કે લોકો શું માનશે. એ વખતે શ્વેતાંબર મત નીકળેલો. 'કુંદકુંદાચાર્ય' જ્યારે થયા ત્યારે શ્વેતાંબર મત નીકળેલા. (એમણે તો) આ લખ્યું, કહ્યું. નાગા બાદશાહ જે બહાર ને અંદર, તે મોક્ષમાર્ગ છે. એ સિવાય બધો ઉન્માર્ગ છે, જૈનમાર્ગ નથી. આહાહા..! આકરું પડે. ઓલું બધાને કેવું સારું લાગે કે બધા ધર્મ સારા, આમ છે, એક છે, આમ છે, તેમ છે. બધાને મીઠા લાગે. આહાહા..! વાડામાં પણ ધર્મ છે, ધર્મ નથી એમ નહિ. આહાહા..! અહીં તો ઝીણી વાત છે. આહાહા..!

દિગંબર સંતોએ જે સર્વજ્ઞ ભગવાને કહેલું, તે કહ્યું, એનાથી એક અંશે પણ ક્યાંય ફેરફાર હોય તો બધો માર્ગાભાસ છે, માર્ગ નથી. દુનિયા માને ન માને, દુનિયામાં આદર થાય, ન થાય, દુનિયા તિરસ્કાર કરે કે આ એકાંત છે. માણસને સંપ કરાવવો જોઈએ, એકતા કરાવવી જોઈએ. પણ કોની એક્તા? ભાઈ! કોની સાથે સંપ? એ બધા ભગવાન છે. એ ભગવાન છે એ રીતે સંપ છે પણ પર્યાયમાં માર્ગાભાસ, એ માર્ગનું શ્રદ્ધાન તે મિથ્યાદર્શન છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞે કહેલા માર્ગ સિવાય, બધો માર્ગ છે એ ઉન્માર્ગ છે. આહાહા..! આ તો ખુલ્લી વાત કહેવાય છે હવે. 'કુંદકુંદાચાર્યે' 'અષ્ટ પાહુડ'માં કહ્યું છે. નગ્ગો મોખો ભણીયો શેષા ઉમગ્ગા. એ બધા માર્ગ ઉન્માર્ગ છે. એકલા નગ્ન નહિ. એવા નગ્નપણા તો અનંતવાર લીધા. અંદર નિર્વિકલ્પ પરમાત્માને સ્વીકારીને નગ્નપણું કરી, આત્માને અંદર લુખ્ખો-ચોખ્ખો કરી, જેને વિકલ્પની પણ લાગણી નહિ, એવો નગ્ન ભગવાન અંદર પરમાત્માનો સ્વીકાર કરી અને બહારમાં નગ્ન (હોય), એને બહારમાં નગ્નપણું હોય. એવા મુનિને બહારમાં નગ્નપણું જ હોય. અંદરમાં મુનિપણું પ્રગટ્યું હોય અને બહારમાં વસ્ત્ર-પાત્ર હોય એમ બની શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આવું છે. આચાર્ય તો ખુલ્લુ મૂકે છે.

**'ભગવાન અર્હત્ પરમેશ્વરના માર્ગથી પ્રતિકૂળ માર્ગાભાસમાં માર્ગનું શ્રદ્ધાન તે...'** પણ માર્ગ છે, એ પણ હળવે-હળવે રસ્તે, હળવે-હળવે જવાય છે. આ ઉતાવળથી જાય, અહીં હળવે-હળવે જવાય છે. એવું જે **'શ્રદ્ધાન તે મિથ્યાદર્શન છે,...'** આહાહા..! માણસને આવું આકરું લાગે. અત્યારે 'ઇન્દૌર'માં સંપ કરાવે, બધાને સંપ.. સંપ. અન્યધર્મીઓ અને જૈનધર્મી, વખાણ કર્યા છે ને? બહુ વખાણ્યા. બધા.... આહાહા..! સંપ કરાવ્યો, આમ કરાવ્યું. શું થાય?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ! શું થાય? આહાહા..! માર્ગને સત્‌ની સંખ્યાની કાંઈ જરૂર નથી. કોઈ જાજા માને તો સાચો માર્ગ અને થોડા માને (તો ખોટો), એવું કાંઈ છે નહિ. સત્ તો સત્ જ છે, એને એક માને કે કરોડ માને. આહાહા..! એ સત્ સ્વરૂપ, તેનાથી વિરુદ્ધ જે છે તેને મિથ્યાદર્શન છે.

**'તેમાં જ કહેલી અવસ્તુમાં વસ્તુબુદ્ધિ...'** માર્ગાભાસ, સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય, જે માર્ગાભાસ છે એમાં **'અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે...'** વસ્તુ નથી તેને તે વસ્તુ માને છે. રાગમાં ધર્મ નથી તેને ધર્મ માને છે. દ્રવ્ય પરિપૂર્ણ છે તેને માનતો નથી. આહાહા..! અરે..! ખરેખર તો આત્માના પ્રદેશો અસંખ્ય છે એ પૂરા માનતા નથી. એ ફેર છે. આહાહા..! આ ૩૪૩ રાજુલોક છે, એના જેટલા પ્રદેશ છે, એ પ્રદેશ મળતા નથી એના હિસાબે. એટલા તો પ્રદેશ જીવના છે, એક જીવના પણ મળતા નથી. આહાહા..! માર્ગ ફેર છે, પ્રદેશ ફેર છે, બધો ફેર છે. આકરું કામ, ભાઈ! ભલે થોડા હોય (પણ) માર્ગ તો આ છે.

**'અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે...'** આહાહા..! વસ્તુ નથી અને કલ્પનાથી બધું કરેલું છે. કલ્પનાથી ઊભું કરેલું છે. અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એણે જોઈને કહ્યું છે. એ તો વસ્તુને વસ્તુ તરીકે કીધી છે. આહાહા..! અને નથી જોયેલા કહેનારા, જોયું નથી, જાણ્યું નથી, સર્વજ્ઞપણું છે નહિ અને કલ્પનાથી વસ્તુને અવસ્તુ સિદ્ધ કરે અને અવસ્તુને વસ્તુ સિદ્ધ કરે, એવું જે જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે.

**'અને તે માર્ગનું આચરણ તે મિથ્યાચારિત્ર છે;...'** આહાહા..! તે માર્ગની શ્રદ્ધાસહિત તેમાં આચરણ કરવા, વ્રત, તપ, ભક્તિ, એ બધું અનાચરણ-મિથ્યાચારિત્ર છે. આવું છે. ગળે ઉતરવું કઠણ પડે. એક તો પરમાત્મા એક સમયમાં પૂર્ણ... આહાહા..! અસંખ્ય પ્રદેશી સર્વજ્ઞ સિવાય એ કોઈએ કહ્યું જ નથી. શ્વેતાંબરની શૈલીએ અસંખ્યપ્રદેશી જે છે એ મળતા નથી. આહાહા..! એક અંશનો પણ ફેર માર્ગાભાસ છે. સર્વજ્ઞ પરમાત્મા, એણે જોયું, જાણ્યું, એનાથી વિરુદ્ધ જે કંઈ અંશ હોય, એનું જ્ઞાન અવસ્તુને અવસ્તુ (જાણે તે) મિથ્યાજ્ઞાન. અને તેમાં આચરણ વ્રત પાળે, મહાવ્રત પાળે, ત્યાગ કરે એ બધા મિથ્યાચારિત્ર છે. આહાહા..! આવું છે. તો એક આ જ માર્ગ સાચો? બધા ખોટા? વીતરાગમાર્ગ એક જ સાચો, બાકી બધાય ખોટા. કો'કે કાંઈક ઓછું, કો'કે અધિક, કો'કે વિપરીત કાંઈકનું કાંઈક કરીને અનેક પ્રકારની વાતું કરી છે. આહાહા..! એને માનવા અને એમાં આચરણ (થવું) એ મિથ્યાચારિત્ર છે. **'આ ત્રણેને નિરવશેષપણે છોડીને.'** જોયું? **'ત્રણેને નિરવશેષપણે છોડીને.'** આહાહા..! કંઈ પણ અંશ બાકી રાખ્યા વિના. કાંઈક થોડું તો રાખું, થોડું તો રાખું. આહાહા..! આવું આકરું.

**'ત્રિકાળ નિરાવરણ...'** હવે કોનો સ્વીકાર કરવો? કોનો અનુભવ કરવો? આહાહા..! ત્રિકાળ નિરાવરણ પરમાત્મદ્રવ્ય જે છે. દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ છે. એ તો પર્યાયમાં આવરણનું નિમિત્ત છે. દ્રવ્યને આવરણ-ફાવરણ છે નહિ. દ્રવ્યને આવરણ હોય તો અદ્રવ્ય થઈ જાય. વસ્તુ છે એને આવરણ હોય તો અવસ્તુ થઈ જાય. પર્યાયને આવરણ છે તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં ફેર પડે. આહાહા..! વસ્તુ જે છે, ભગવાનઆત્મા દ્રવ્યસ્વભાવ, એ તો ત્રિકાળ નિરાવરણ છે. એને કોઈ દિ' આવરણ થયું જ નથી. પર્યાયમાં, એક સમયની પર્યાયમાં રાગના આવરણનું નિમિત્ત છે અને એક સમયની પર્યાયના આવરણને છોડવાનું છે. બાકી દ્રવ્યમાં છોડવું ને ત્યાગવું કાંઈ છે નહિ. આહાહા..! કેટલાક લોકોને આકરું લાગે. માર્ગ આવો છે, ભાઈ! આહાહા..!

**'ત્રિકાળ નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...'** નિત્ય આનંદ જેનું એક લક્ષણ. નિત્ય આનંદ. દુઃખ જરીએ નહિ. દુઃખ તો પર્યાયમાં એક સમયની અવસ્થામાં (છે). દ્રવ્યમાં જરીએ દુઃખ નથી. આહાહા..! વસ્તુ જે તત્ત્વ છે, ભગવાન! ચૈતન્યસ્વરૂપ દ્રવ્યસ્વભાવ **'ત્રિકાળ નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ...'** નિત્ય આનંદ જેનું લક્ષણ, આનંદ જેનું લક્ષણ. દુઃખ, રાગ, દ્વેષ ને એ તો પર્યાયની વિકૃત અવસ્થા છે. વસ્તુમાં કાંઈ છે નહિ. વસ્તુ તો **'નિત્ય આનંદ જેનું એક લક્ષણ...'** જેનું એક લક્ષણ. થોડો આનંદ અને થોડું દુઃખ અને પર્યાયમાં દુઃખ છે માટે થોડું દુઃખ દ્રવ્યમાં ગણાય. શું કીધું એ? પર્યાયમાં દુઃખ છે માટે દ્રવ્યમાં એ દુઃખ ગણાય, આનંદ ગણાય, આનંદ પણ ગણાય અને દુઃખ પણ ગણાય એમ નથી. આહાહા..! આવું સાંભળવાનું કો'ક દિ' મળે. એમાં બહારમાં અટકીને પડે. આહાહા..! એક તો ધંધા આડે નવરો ન થાય. એમાં બહારના ઠાઠ. આહાહા..! મારી નાખે જગતને.

આજે વાત છાપામાં આવી હતી. એક રાજા હતો ને. રાજા છે, દેશ (છે). એણે લગન કર્યા, તો લગનની પહેલી રાતે એક કરોડ ખર્ચ્યા. એક કરોડ. પહેલી રાતે. આહાહા..! એને શું થાતું હશે? આહાહા..! ગાંડા ઘેલછાઈ થઈ. પાગલ એક રાતમાં. લગનને પહેલે દિવસે કરોડ રૂપિયા ખર્ચ્યા. ધામ-ધૂમ... આહાહા..! અરે..! પ્રભુ! શું છે? ભાઈ!

ત્રણલોકનો નાથ ચૈતન્યપ્રકાશથી બિરાજમાન નિત્ય છે. નિત્ય નિરાવરણ છે. **'નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...'** નિત્ય આનંદ જેનું એક જ લક્ષણ છે. એમાં કોઈ રાગ કરવો, રાગ છોડવો... આહાહા..! એવું એના સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! **'નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવો, નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ...'** નિજ પરમપારિણામિકભાવ. કેમ પરમપારિણામિક લીધો? પર્યાયને પણ પારિણામિકભાવ કહેવાય. પર્યાયને. એથી અહીંયાં દ્રવ્યને લેવું છે. આહાહા..!

**'નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા...'** આહાહા..! નિરંજન નિત્ય આનંદ જેનું લક્ષણ છે, એવો... આહાહા..! **'નિરંજન નિજ પરમપારિણામિકભાવ...'** પોતાનું નિજ પારિણામિકભાવસ્વરૂપ. ભગવાનનો પારિણામિકભાવ ભગવાન પાસે રહી ગયો. આહાહા..! **'નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે;...'** તેને આત્મા કહ્યો. આહાહા..! આ નવતત્ત્વમાં આને આત્મા કહ્યો. આસ્રવ, પુણ્ય, પાપ, બંધ એ તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ પણ સંવર-નિર્જરા અને મોક્ષ પણ નહિ. કારણ કે એ તો પર્યાય છે. આહાહા..! પરમપારિણામિકભાવ જ્ઞાયકભાવ જ્ઞાન જાણન... જાણન... જાણન... જાણન... જાણન.. જેનો સ્વભાવ, જેનો સ્વભાવ, જેનો સ્વભાવ છે એ ત્રિકાળ છે. ત્રિકાળ જે સ્વભાવ છે તે **'પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે;...'** તેને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આહાહા..!

આત્મા કોઈનું ભલું કરી દે અને કોઈથી ભલું કરાવે કે કોઈથી ભલું થાય એવો આત્મા નથી. આહાહા..! અહીં તો ક્ષાયિકભાવ પણ આત્મા નથી એમ કીધું ત્યાં (બીજી વાત ક્યાં રહી?) આહાહા..! આત્મા બીજાનું ભલું કરી દે, ભલું કરાવો, આમ કરવું, સંપ કરવો, એકઠા કરીને એકબીજાને સહાય કરવી, મદદ કરવી, ત્યારે આ બધું શોભશે. તો મનુષ્યપણું શોભે. મનુષ્યપણાને એ લાયક, મનુષ્યપણાની સંપીને બરાબર એક્તા જો હોય તો મનુષ્યપણું શોભે, એમ કહે છે લ્યો. અહીં કહે છે, કે આવો કારણપરમાત્મા છે એ આત્મા શોભે. આહાહા..! આવી જે દૃષ્ટિ કરે એ શોભે. આહાહા..! એકાંત લાગે.. એકાંત લાગે... બિચારાને લાગે.

મુમુક્ષુ :– આવું સાંભળવાની એમાં લાયકાત જ ન હોય.

ઉત્તર :– આહાહા..! લાયકાત ન હોય. વાત સાચી છે. અરે..! પ્રભુ! આવું ક્યાં છે? આહાહા..!

નિજકારણ પરમાત્મા તે આત્મા. તે કેવો લીધો? **'ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...'** બે. **'નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ...'** નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ એવો **'કારણપરમાત્મા...'** આહાહા..! **'તે આત્મા છે;...'** આહાહા..! આ તો કહે, જીવ કોને કહીએ? કે દયા પાળે, હાલે-ચાલે, પરનું હિત કરે, અહિત કરે, સુખી-દુઃખી થાય તે જીવ. આહાહા..! આ તો આટલો બધો ફેર પડ્યો. 'યશપાલજી'! આહાહા..! આ આત્મા કોને કહીએ? ત્રસ કોને કહીએ? જે હાલે-ચાલે તે ત્રસ. સ્થાવર કોને કહીએ? કે જે સ્થિર રહે તે સ્થાવર. આહાહા..! અહીં કહે કે આત્મા કોને કહીએ? સ્થાવરનો કે ત્રસનો કે કોઈપણ (ગતિ વિનાનો)... આહાહા..! નિત્ય નિરંજન નિરાકાર એક નિત્ય લક્ષણ આનંદ જેનું એક જ લક્ષણ છે, આનંદ જેનું એક લક્ષણ છે. એવો **'નિરંજન નિજ...'** પરમાત્મા **'પરમપારિણામિકભાવસ્વરૂપ...'** પરમ પારિણામિકભાવસ્વરૂપ.. આહાહા..! એવો **'કારણપરમાત્મા તે આત્મા છે;...'** આહાહા..!

**'તેના સ્વરૂપનાં શ્રદ્ધાન...'** તેના સ્વરૂપના શ્રદ્ધાન. આમાં નવતત્ત્વ કે એ કાંઈ લીધા નથી. આહાહા..! એક ભગવાન નિરંજન નિરાકાર નિત્ય લક્ષણ, આનંદ લક્ષણ, પરમપારિણામિકભાવસ્વરૂપ એવો કારણપ્રભુ, તેનું, તેનું સ્વરૂપનું શ્રદ્ધાન. **'તેના સ્વરૂપનાં શ્રદ્ધાન-...'** હજી કારણપરમાત્મા કોણ છે એ સાંભળ્યું ન હોય. આહાહા..! **'તેના સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણનું રૂપ તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે;...'** આહાહા..! આવો પરમાત્મસ્વરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણપરમાત્મા, જેમાં એકલો નિર્મળ અનંત ગુણનો પિંડલો. આહાહા..! અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર, ત્રિકાળ નિરાવરણ નિત્ય આનંદ જેનું એક લક્ષણ, તે **'નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા...'** આહાહા..! **'તે આત્મા છે; તેના સ્વરૂપનાં શ્રદ્ધાન...'** એના સ્વરૂપનું શ્રદ્ધાન એ સમકિત છે. આહાહા..! અહીં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો તે સમકિત, નવ તત્ત્વની શ્રદ્ધા કરો તે સમકિત (એમ કહે). આહાહા..! ભેદભાવ છે. અનેક પ્રકાર છે.

**'તેના સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણનું રૂપ તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે;...'** તે સાચા રત્નત્રય છે. દર્શન-જ્ઞાન અને ચારિત્ર રત્નત્રય, રત્ન તે રત્નત્રય સાચા છે. પર્યાય, હોં! એ. આ પર્યાય છે. દ્રવ્યની વાત અઘરી પડી. એ **'ખરેખર નિશ્ચયરત્નત્રય છે;—આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી...'** આહાહા..! એમ જે કોઈ આત્મા ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી. માથે કહ્યું હતું ને? કે નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે. એથી પરમાત્માનો આનંદ, એનો અભિલાષી. પરમાં ક્યાંય સુખ છે એ કલ્પના છોડી દઈને. આહાહા..! પાંચ-પચ્ચીસ લાખ એક દિવસમાં (ભળતા હોય). એક દિ'માં પચ્ચીસ લાખ પેદા (થાય તો) રાજી-રાજી થઈ જાય અંદરથી. રૂવાંટા ઊભા થઈ જાય અંદર. આહાહા..! આજ તો ઘણું કમાણા. આ ... આવ્યા સટ્ટામાં 'રસિકભાઈ'. 'રસિકભાઈ'નો દીકરો. લોટરી. લોટરીમાં પાંચ લાખ (મળ્યા). 'રસિકભાઈ' આવે છે ને? વાંચનારા. એનો નાનો દીકરો. મોટો રહે છે. નાનો ત્યાં રહે છે. પાંચ લાખ. ત્યાં બધા કુટુંબ-બુટુંબ બધા એમ કહે, આહાહા..! પાંચ લાખ એક દિવસમાં! ધૂળમાં (કાંઈ નથી). આહાહા..! અહીંયાં એક હજાર રૂપિયા મોકલ્યા હતા. પાંચ લાખ આવ્યા ખરાને તો હજાર રૂપિયા મૂક્યા. અહીં જ્ઞાન ખાતે. પણ પાંચ લાખ શું અબજ રૂપિયા હોય તો પણ શું? એની સાથે શું સંબંધ છે? આહાહા..!

મુમુક્ષુ :– એ ત્યાગ જ નથી.

ઉત્તર :– અહીં ત્યાગીની તો વાત ચાલે છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રનો ત્યાગ. અહીં કાંઈ બહારના ત્યાગની વાત નથી. ફલાણા બાયડી-છોકરાનો ત્યાગ, ધંધાનો ત્યાગ એ અહીં નથી. અહીં તો મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાઆચરણનો ત્યાગ અને સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો સ્વીકાર–આચરણ. આહાહા..! શ્લોક તો બહુ સારો શ્લોક આવ્યો. આહાહા..!

**'આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી એવો જે પરમપુરુષાર્થપરાયણ...'** પરમપુરુષાર્થ પરાયણ. આહાહા..! પોતાના કારણપરમાત્મા તરફના પુરુષાર્થમાં પરાયણ. **'પરમ પુરુષાર્થપરાયણ...'** ભાષા જરી ઝીણી. એકલો પુરુષાર્થ પરાયણ નથી **'પરમપુરુષાર્થપરાયણ...'** મુનિ લેવા છે ને? પરમપુરુષાર્થ પરાયણ. આહાહા..! આનંદનો નાથ અંદર, પ્રભુ! અતીન્દ્રિય આનંદ જેનું લક્ષણ એક જ છે. એક જ લક્ષણ છે એમાં જે અંદર રમે છે. એવો જે **'(પરમ તપોધન)...'** આ **'પરમપુરુષાર્થપરાયણ (પરમ તપોધન) શુદ્ધરત્નત્રયાત્મક...'** અભિલાષી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! પરમાત્માના સુખનો અભિલાષી. નિજ પરમાત્માના સુખનો અભિલાષી. આહા..!

**'એવો જે પરમપુરુષાર્થપરાયણ (પરમ તપોધન) શુદ્ધરત્નત્રયાત્મક આત્માને ભાવે છે,...'** શુદ્ધરત્નત્રયસ્વરૂપ, શુદ્ધરત્નત્રયસ્વરૂપ-નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શુદ્ધરત્નત્રયસ્વરૂપ, એવા આત્માને ભાવે છે, એ વડે આત્માને ભાવે છે. આહાહા..! **'તે પરમ તપોધનને જ (શાસ્ત્રમાં) નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહ્યો છે.'** લ્યો. શાસ્ત્રમાં એને નિશ્ચયપ્રતિક્રમણ કહ્યું છે. સાચું પ્રતિક્રમણ એને છે. બાકી બધા ખોટા પ્રતિક્રમણ છે. આહાહા..! આવી વાત છે. નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય પણ વ્યવહાર છે કે નહિ? છે ને? વ્યવહાર હોય છે વચ્ચે પણ એ બંધનું કારણ છે. વિકલ્પ આવે છે, વ્યવહાર હોય છે પણ એ મોક્ષનું કારણ નથી. આહાહા..!

ભગવાન! આહાહા..! **'શુદ્ધરત્નત્રયાત્મક આત્માને ભાવે છે,...'** અંદર ભાવે છે. આત્માની ભાવના અંદર કરે છે. **'તે પરમ તપોધનને જ (શાસ્ત્રમાં) નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહ્યો છે.'** આહાહા..! સાચું પ્રતિક્રમણ આ છે. હવે આની તો ગંધની પણ ખબર ન મળે અને સાંજ-સવાર પડિક્કમણા કરે, પડિક્કમણા કર્યા અને એ.. આહાહા..! એક જણો કહેતો હતો. 'ગારિયાધાર' ગયા હતા ત્યારે. 'ગારિયાધાર'માં તો બધા સગાવહાલા ઘણા. 'કાનજીસ્વામી' તો એમ કહે છે કે આ .. છોડી દ્યો. આ છોડી દ્યો. એ વ્યવહાર કરવો છોડી દ્યો. એમ કહેતા... પડિક્કમણું કરવા દેરાસર જાતા. આહાહા..! છોડી દ્યો, છોડી દ્યો એટલે? સ્વરૂપમાં રમણ કરતાં એ છૂટી જાય એ છોડી દ્યો. એ છોડીને અશુભમાં આવવું એ અહીં કહેવાનું છે? શુભ છોડીને અશુભમાં આવવું એમ કહેવું છે? આહાહા..! એ શુભભાવ છે એ ધર્મ નથી, મોક્ષનો માર્ગ નથી, એ કલ્યાણનો પંથ નથી. એ રસ્તો જ નથી, એ માર્ગ જ નથી. આહાહા..! એમ કહેવું છે. તેથી કરીને છોડીને અશુભમાં આવવું, એમ કહેવાનો આશય નથી. હવે વિશેષ ગાથા કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૨૨

(वसंततिलका)

**त्यकत्वा विभावमखिलं व्यवहारमार्ग-**
**रत्नत्रयं च मतिमान्निजतत्त्ववेदी।**
**शुद्धात्मतत्त्वनियतं निजबोधमेकं**
**श्रद्धानमन्यपदपरं चरणं प्रपेदे।।१२२।।**

**[હવે આ ૯૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[શ્લોકાર્થ :-] સમસ્ત વિભાવને તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને નિજતત્ત્વવેદી (નિજ આત્મતત્ત્વને જાણનાર-અનુભવનાર) મતિમાન પુરુષ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત (-શુદ્ધાત્મતત્વપરાયણ) એવું જે એક નિજજ્ઞાન, બીજું શ્રદ્ધાન અને વળી બીજું ચારિત્ર તેનો આશ્રય કરે છે. ૧૨૨.**

---

**પ્રવચન નં. ૯૪, શ્લોક-૧૨૨, ગાથા-૯૨, રવિવાર, માગશર સુદ ૧૪, તા.૨-૧૨-૭૯**

---

'નિયમસાર' ૧૨૨મો કળશ છે.

**त्यकत्वा विभावमखिलं व्यवहारमार्ग-**
**रत्नत्रयं च मतिमान्निजतत्त्ववेदी।**
**शुद्धात्मतत्त्वनियतं निजबोधमेकं**
**श्रद्धानमन्यपदपरं चरणं प्रपेदे।।१२२।।**

આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ'નો શ્લોક છે. કહે છે કે,

**શ્લોકાર્થ :- 'સમસ્ત વિભાવને...'** આહાહા..! આત્માનું ધ્યાન કરવું હોય અને સમ્યગ્દર્શન કરવું હોય, એણે બધા વિભાવ હિંસા, જૂઠું, સત્ય, અસત્ય આદિ બધા જે વિકલ્પો છે એને છોડી. એ ઉપરાંત **'વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને...'** આહાહા..! પેલા એ કહે છે કે વ્યવહારત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થાય. અહીં કહે છે કે છોડીને થાય. આટલો ફેર. રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એ વ્યવહારરત્નત્રયના ત્યાગથી થાય. એની રુચિ અને એનો આશ્રય છોડે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિજદ્રવ્યને આશ્રયે થાય. આહાહા..! આકરું કામ.

ચૈતન્ય આખું તત્ત્વ છે, જેની અનંત શક્તિ છે. દરેક શક્તિની એક પર્યાય છે. પર્યાયમાં વિકલ્પ ઊઠે, એને તો છોડ પણ વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્ર, એની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, બાર વ્રતના પરિણામ, શાસ્ત્ર તરફનું જ્ઞાન, વિકલ્પજ્ઞાન.. આહાહા..! વ્યવહાર રત્નત્રયને છોડીને. વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય એમ નથી કહ્યું. આહાહા..! હજી પહેલા વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી એને નિશ્ચય શ્રદ્ધા કઈ રીતે થાય? વ્યવહારથી નિશ્ચય થાય એને વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રય અને વિભાવ. પહેલા સાધારણ વિભાવ કીધા. સંસાર સંબંધી વિકલ્પો, પછી મોક્ષમાર્ગનો રત્નત્રય વ્યવહાર, જેને મોક્ષમાર્ગ વ્યવહાર કહે, એ પણ છોડીને. આહાહા..!

એકલો ભગવાનઆત્મા પૂર્ણ આનંદસ્વરૂપ, એનો આશ્રય લઈને **'નિજ તત્ત્વવેદી...'** છોડીને કરવું શું? **'નિજતત્ત્વવેદી...'** નિજ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ એવું જે તત્ત્વ તેનો વેદી–અનુભવનાર, એનો અનુભવનાર–જાણનાર. આહાહા..! આ નિશ્ચય સમ્યગ્દર્શન-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન અને ચારિત્ર પામવાની આ રીત છે. આહાહા..! અત્યારે વ્યવહારથી થાય.. વ્યવહારથી થાય એવા લખાણ આવે. 'જયસેનાચાર્ય'માં ઘણા આવે છે. એથી એ ટીકા પસંદ કરે છે. વ્યવહારરત્નત્રય સાધક છે, નિશ્ચય સાધ્ય છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! વ્યવહારરત્નત્રયના રાગથી ભિન્ન પડી પોતાના શુદ્ધ સ્વરૂપને અનુભવે ત્યારે તેને રાગથી ભિન્ન પડ્યો, ત્યારે તેને રાગને વ્યવહારસાધનનો આરોપ અપાય છે. વ્યવહારસાધનનું જ્ઞાન કરવા માટે છે. આહાહા..! જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..!

૧૨મી ગાથામાં એ કહ્યું. વ્યવહારરત્નત્રય આવે, હોય છે પણ તે જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન નથી. હવે આવા નીચલા દરજ્જામાં રહેલા, એને આ વાત કહો એ કરતાં પહેલાં રીતસર ચડાવે માર્ગે. પણ માર્ગ જ બીજો કોઈ નથી. વ્યવહારની ગમે તેટલી  શુદ્ધિ કરે. વ્યવહારશ્રદ્ધાની, જ્ઞાનની, ચારિત્રની ગમે તેટલી સંધિ કરે પણ એ તો બંધનું જ કારણ છે. એ શુદ્ધિ છે જ નહિ. અને એ અશુદ્ધિને કારણે આત્માનો આશ્રય (થાય એમ બને નહિ). કારણ કે વ્યવહારરત્નત્રયનો આશ્રય પર છે અને નિશ્ચયરત્નત્રયનો આશ્રય સ્વ છે. બેયના આશ્રયમાં ફેર છે. આહાહા..! વ્યવહાર પરાશ્રય છે, નિશ્ચય સ્વઆશ્રય છે, એ તો સિદ્ધાંત છે ને? વ્યવહાર પરઆશ્રય છે, નિશ્ચય સ્વઆશ્રય છે એ પહેલો સિદ્ધાંત છે. વ્યવહારરત્નત્રયમાં પરનો આશ્રય છે. પરના આશ્રયમાં તો બંધનું કારણ છે. ભલે પુણ્યબંધન હો પણ એ બંધન જ છે. આહાહા..! આ વાત આકરી પડે છે.

'સોનગઢ'ના નામે નિશ્ચયાભાસ એકાંત છે એમ કહે છે. એ તો આવી ગયું, આવો વ્યવહારરત્નત્રયને છોડીને. પણ વ્યવહારરત્નત્રય કરતાં કરતાં નિશ્ચય થાય. પાધરો નિશ્ચય થઈ જતો હશે? આહાહા..! પાધરો શું એ પાધરો જ છે. આખું સત્ પડ્યું છે. પૂર્ણાનંદનો નાથ, છે તેની સન્મુખ થવું છે. પાધરો. પાધરો સમજ્યા? સીધા, સીધા. અંદર આત્મા આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એકલું જ્ઞાન અને આનંદનું દળ, સદા, સર્વદા એકરૂપ રહેનાર છે. એ તત્ત્વને આંચ કાંઈ નથી. એને આવરણ નથી, અલ્પતા નથી, વિપરીતતા નથી, એને વ્યવહારનો સંબંધ નથી. ભગવાનઆત્મા એવું જે તત્ત્વ છે એનો સીધો આશ્રય લેવાની વાત છે. પાધરો એટલે સીધો. આહાહા..! આકરું પડે આ. આ 'અમૃતચંદ્રાચાર્ય' નથી (કહેતા), આ તો 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે. 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે. 'અમૃતચંદ્રાચાર્ય' તો કહે છે પણ આ તો મુનિ પણ એમ કહે છે, કે ભાઈ! વિભાવને છોડી, સ્વભાવથી વિરુદ્ધ વિકલ્પોને છોડી, વ્યવહારરત્નત્રયને પણ છોડી. આહાહા..!

દેવ-ગુરુ ને શાસ્ત્ર એમ કહે, દેવ-ગુરુ ને શાસ્ત્ર એમ કહે, અમારા તરફનો પણ આશ્રય છોડી. આહાહા..! વસ્તુ તો જુઓ! ઉપદેશ કહેનાર એમ કહે અમારો પણ આશ્રય છોડી, ત્રણલોકના નાથ તીર્થંકરદેવ દિવ્યધ્વનિમાં એમ કહે, કે અમારો પણ આશ્રય છે ત્યાં સુધી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તને રાગ-દુર્ગતિ છે. એ ચૈતન્યની ગતિ નથી. આહાહા..! 'મોક્ષપાહુડ' ૧૬મી ગાથા. **'परदव्वादो दुग्गई'** એમ આચાર્ય પોતે કહે છે. આહાહા..! 'મોક્ષપાહુડ' એની ૧૬મી ગાથા. એમાં પોતે 'કુંદકુંદાચાર્ય' કહે છે. આહાહા..! **'परदव्वादो दुग्गई'** આ વ્યવહારરત્નત્રય છે એ પરદ્રવ્યને આશ્રયે છે. ખરેખર એ પરદ્રવ્ય છે. નિશ્ચયથી તો એ પરદ્રવ્ય છે. આહાહા..!

'નિયમસાર'માં તો જ્ઞાનની નિર્મળ સમકિત પર્યાય, એને પણ પરદ્રવ્ય કીધું છે. કેમ કે એને આશ્રયે નવી પર્યાય થતી નથી. તો આ તો બંધનું કારણ છે. જે અબંધનું કારણ અને મોક્ષમાર્ગ, તેને પણ પરદ્રવ્ય કહી તેનો આશ્રય છોડાવ્યો (છે). પર્યાયનો આશ્રય છોડાવ્યો અને દ્રવ્યનો આશ્રય કરાવ્યો (છે). તો આ તો વ્યવહાર રત્નત્રય છે એને તો છોડ. આહાહા..! સંકેલી દે. લાંબો થઈને એકપણું મૂકીને અનેકપણામાં પડ્યો છો. એકરૂપે વસ્તુ છે એને છોડીને અનેકપણામાં આમ પહોળો થઈને પડ્યો છે. આ વિકલ્પ... આ વિકલ્પ... આ ને આ... આહાહા..! ગજબ.

એમાં પૈસાવાળાના મોઢા જોયા. આહાહા..! તે દિ' 'મુંબઈ'. આહાહા..! એને જાણે કે એમ આહા..! અમે પૈસાવાળા. કરોડો રૂપિયા, ૨૦-૨૦ લાખની મોટરું. આહાહા..! લોકોને શું થાય? બીજાને કહે પણ કાંઈક ધર્મ કરોને. કરીએ છીએ ને એક કલાક પૂજા કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ. એવો ઉત્તર આપ્યો. કોઈએ પૂછ્યું હતું તો કહે, અમે ભગવાનની પૂજા કરીએ છીએ, માળા કરીએ, ભક્તિ કરીએ છીએ. અરે..! બાપા! એક કલાક કરે એ તો પરાશ્રિતભાવ છે. ૨૩ કલાક પરાશ્રિતભાવ પાપ અને એક કલાક પરાશ્રિત પુણ્ય એ તારું ક્યાં તુલનામાં આવશે. આહાહા..! એરણની ચોરી અને સોયનું દાન. આકરું કામ, ભાઈ!

અહીં તો કહે છે, મૂળમાંથી બધું ઉખેડી દે. ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ, વિભાવ છોડ. કેમ કે વસ્તુમાં એ નથી. આહાહા..! વ્યવહારરત્નત્રયને છોડીને. આ શબ્દ કંઈક ગજબ (છે) ! ઓછી વાત છે? બે ધડક મુનિઓએ દિગંબર સંતોને સમાજની દરકાર નથી કે સમાજ આમાં શું માનશે? પુણ્ય-પાપના છેલ્લા અધિકારમાં તો વ્યવહારરત્નત્રયના પુણ્યને પાપ કહ્યું છે. વ્યવહારરત્નત્રયના પુણ્યને પાપ કહ્યું છે. કેમ કે સ્વરૂપ જે આનંદસ્વરૂપ વીતરાગ, એમાંથી પતીત થાય, ખસી જાય છે. ભલે શુભ હો પણ સ્વરૂપમાંથી ખસી જાય છે એ પાપ છે. વ્યવહારરત્નત્રય પાપ છે. આવું આકરું કામ. આહાહા..!

નીચલા દરજ્જાના માણસને કાંઈ ચડવાનો રસ્તો, કાંઈક નિસરણી હોવી જોઈએ. ઊંચા-ઊંચા પગથિયા ચડવા કરતાં હળવે હળવે (આગળ વધે). એ હળવે કહો કે ઉતાવળે કહો કે જે કહો એ આ એક જ છે. વ્યવહારરત્નત્રય અને વિભાવના વિકલ્પો છોડવા એ એક જ શરૂઆત છે. એની શરૂઆત જ આ છે. એથી બીજી કાંઈ પણ કોઈ વાતનો સહારો લે એ બધો એમાં મિથ્યાત્વ છે. એનાથી લાભ થાય એમ માને એ મિથ્યાત્વ છે. પરના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સહારાથી, વ્યવહારરત્નત્રયથી, દેવ-ગુરુની ભક્તિના ભાવથી, દેવ-ગુરુની ઉત્તમ ઉલ્લસિત ભક્તિના વીર્યથી આત્માને કાંઈપણ લાભ થાય (એમ માનવું) એ પણ મિથ્યાત્વ છે. આહાહા..! આવો માર્ગ છે.

તેથી કહ્યું, **'વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને નિજતત્ત્વવેદી...'** એ બધું પર હતું. વ્યવહારરત્નત્રય અને વ્યવહાર એ બધું પર હતું. આહાહા..! **'નિજતત્ત્વવેદી...'** નિજ એટલે પોતાનું તત્ત્વ જે જ્ઞાન અને આનંદ, એનો વેદનાર. આહાહા..! **'(નિજ આત્મતત્ત્વને જાણનાર-અનુભવનાર) મતિમાન...'** એને મતિમાન કહ્યો છે. એ બુદ્ધિવાળો છે, એ પંડિત છે, એ પ્રવીણ છે. આહાહા..! તેને વિચિક્ષણ કહ્યો છે. આહાહા..! જેણે ચૈતન્યસ્વરૂપને પકડ્યું છે, વિકલ્પને છોડીને એને વિચિક્ષણ ને પંડિત કહ્યો છે. ભલે જ્ઞાન થોડું હોય. આહાહા..! મૂળ પહેલા શ્રદ્ધામાં આગળ વધવું. શુદ્ધિ શ્રદ્ધા, દર્શનશુદ્ધિ એની અહીંયાં વાત છે. દર્શનશુદ્ધિ વિના જ્ઞાનની અને ચારિત્રની શુદ્ધિ હોઈ શકે નહિ. આહાહા..!

એવો **'નિજતત્ત્વવેદી મતિમાન પુરુષ...'** આહાહા..! મતિમાન પુરુષ. વ્યવહારમાં રોકાતો એ કુબુદ્ધિ હતી. આહાહા..! એ મતિમાન નહિ. એ વ્યવહારને છોડીને અંતરમાં નિજવેદનમાં આવે તે મતિમાન છે. એ ભલે બુદ્ધિ થોડી હોય, જ્ઞાન થોડું હોય તો પણ એ મતિમાન છે. આહાહા..! આવું આકરું કામ છે. **'મતિમાન પુરુષ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત...'** શુદ્ધ આત્મતત્ત્વ જે નિર્મળાનંદ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, ત્રિકાળી નિર્મળ નિરાવરણ, અખંડ એક સ્વરૂપ પ્રભુ! શુદ્ધ પારિણામિક પરમભાવ તત્ત્વ, એવું નિજદ્રવ્ય. એવા **'આત્મતત્તવમાં નિયત...'** એ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત છે. નિશ્ચય એટલે પરાયણ. આહાહા..! વ્યવહારને છોડી અને નિશ્ચયમાં પરાયણ, નિજતત્ત્વમાં પરાયણ. અહીંથી પરને છોડી અને નિજતત્ત્વમાં પરાયણ. આહાહા..!

રીતની ખબર ન હોય. પહેલી ક્રિયા કરો, પહેલું આ કરો પછી સમકિત થશે. કહો. શીરો કરવો હોય, શીરો સમજો છો? હલવા. એને પહેલા પાણીમાં લોટ શેકો, પછી એમાં ઘી નાખો. ત્રણે જાશે તારા. પાણી, લોટ અને ગોળ બધું ત્રણે જશે, શેરો-બેરો નહિ થાય. એની એ વિધિ જ નથી. પહેલા લોટને ઘીમાં શેકવો જોઈએ. ભલે લોટ ઘી પી જાય. એના માટે તો શેરો છે. ઘી લોટ પી જાય પછી ગોળ અને સાકરનું પાણી નાખે તો શેરો થાય. એમ પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન કરે પછી ચારિત્ર કરે તો રમણતા થાય. આહાહા..! આવું કામ છે.

અસ્તિ તત્ત્વ છે કે નહિ? પ્રભુ! તું છે એમ માની રહ્યો છો. આ છે.. આ છે... આ છે... આ છે... આ છે... પણ એ આ છે... આ છે... આ છે... આ છે... એને માની રહ્યો છો એ માનનારો છે કે નહિ? અને આ છે... આ છે... એનાથી માનનારો જુદો છે કે નહિ? આહાહા..! છૂયા વિના, એને અડ્યા વિના એને જાણે છે. આહાહા..! પરદ્રવ્યને અડતો નથી અને આ વસ્તુ છે, ઘી છે, ગોળ છે, સાકર છે, પકવાન છે, લુગડા છે, કપડા છે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દાગીના છે, પૈસા છે (એને માને છે પણ જાણનારને માનતો નથી). આહાહા..!

આવો ચૈતન્યહીરલો જે મુખ્યપણે બિરાજે છે, તેને જાણનાર શુદ્ધાત્મવેદી **'એવું જે એક નિજજ્ઞાન,...'** શું કહે છે? ત્રણ બોલ લેવા છે ને? એવો જે આત્મા તત્ત્વવેદી, આત્મતત્ત્વમાં નિયત એટલે પરાયણ **'એવું જે એક નિજજ્ઞાન,...'** નિજજ્ઞાન. શાસ્ત્રજ્ઞાન કે એ જ્ઞાનની અહીં વાત નથી. આહાહા..! એક નિજજ્ઞાન... નિજજ્ઞાન. **'બીજું નિજ શ્રદ્ધાન...'** એ નિજ શ્રદ્ધાન પોતાનું શ્રદ્ધાન. આહાહા..! **'અને વળી બીજું ચારિત્ર તેનો આશ્રય કરે છે.'** શ્રદ્ધાને અહીંયાં ભેગું નાખ્યું. **'નિજજ્ઞાન, બીજું શ્રદ્ધાન અને વળી બીજું ચારિત્ર...'** એમ ત્રણ કહ્યાને? **'એક નિજજ્ઞાન, બીજું શ્રદ્ધાન અને વળી બીજું ચારિત્ર...'** આહાહા..! પૂર્ણ તત્ત્વસ્વરૂપ, તેની વેદનથી શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેનું ચારિત્ર. ઓલા વ્યવહારરત્નત્રયની સામે ત્રણ નાખ્યા. **'તેનો આશ્રય કરે છે.'** આ ચારિત્ર તેનો-પર્યાયનો આશ્રય કરે છે. પેલાનો આશ્રય નથી કરતો એટલે આશ્રય કરે છે (એમ કહ્યું છે). કરે છે દ્રવ્યનો આશ્રય પણ દ્રવ્યનો આશ્રય કરતા પરનો આશ્રય નથી કરતો, એથી આનો આશ્રય કરે છે એમ કહેવામાં આવે. આહાહા..!

આખા આત્માને બહારથી સંકેલી નાખ્યો. આહાહા..! એમ ન કહ્યું? હે પ્રભુ! તારી નયજાળ ઇન્દ્રજાળ છે. આહાહા..! એક કોર અનેક વિકલ્પોની વાતું કરે, બીજી કોર આત્મા નય અને નિક્ષેપ અને વ્યવહાર અને નયના વિકલ્પની વાતું કરે, ત્રીજી વાત ધ્યાનાવલી ધ્યાનની શ્રેણી–ધારા નિર્મળધારા... આહાહા..! જે નિશ્ચયને પકડીને ધારા જે નિશ્ચય થાય તે. પ્રભુ! એ ત્રણે અંદરમાં ક્યાં છે? આહાહા..! પ્રભુ! તારી નય ઇન્દ્રજાળ છે. વિસ્તાર કરવા માંડે ત્યારે અહીં સુધી (કરે). આહાહા..! બીજી વસ્તુનો, નયનો, બીજા દ્રવ્યના આશ્રયના વિકલ્પનો, નયનો અને ધ્યાનાવલીને સંકેલવા માંડે તો બધામાંથી સંકેલીને એકલો આત્મા. એક જ આત્મા આશ્રય કરવા લાયક છે. આહાહા..!

આ સંસારના રસ ચડી ગયા હોય એને આકરું પડે. જેને એક બીજો રસ ચડી ગયો એને આ રસ ચડવો બહુ કઠણ. આહાહા..! જેને રાગના વિકલ્પનો પણ રસ ચડ્યો છે, બહારની ચીજની વિસ્મયતા અને અધિકતા... આહાહા..! ૫૦-૫૦ લાખની મોટરું, એમાં બેઠો હોય આમ. અને.. આહાહા..! ... આહાહા..! પ્યાલો ફાટી જાય કે નહિ ત્યાં? કેવા અમે વૈભવવાળા છીએ! કેટલા સાધન, કેવા સાધન પૈસાથી મેળવ્યા છે! આહાહા..! ઓલી મોટરમાં કાચને આમ કરવું પડે, આ મોટરમાં એમ ન કરવું પડે. એક આમ દાબે ત્યાં તો કાચ ઊંચો થઈ જાય. બધી જાત જ જુદી. આહાહા..! આ બહારના ભભકામાં, વૈભવમાં મોહીને પડ્યા છે. અર..ર..! એનો સરવાળો શું આવશે? બાપુ! કર્યાના ફળ તો આવશે કે નહિ? આહાહા..! બહારમાં દુનિયા બધે વખાણે, ઓહો..! આમ કર્યું, ભારે કર્યું, આમ કર્યું, તેમ કર્યું.

એક ભગવાનઆત્મા તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેનું ચારિત્ર, એક જ વાત છે. તેનો આશ્રય કરે, બસ. આહાહા..! આ કરવાનું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# ગાથા–૯૨

उत्तमअट्ठं आदा तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं।
तम्हा दु झाणमेव हि उत्तमअट्ठस्स पडिकमणं।।९२।।

उत्तमार्थ आत्मा तस्मिन् स्थिता घ्नन्ति मुनिवराः कर्म।
तस्मात्तु ध्यानमेव हि उत्तमार्थस्य प्रतिक्रमणम्।।९२।।

अत्र निश्चयोत्तमार्थप्रतिक्रमणस्वरूपमुक्तम्।

इह हि जिनेश्वरमार्गे मुनीनां सल्लेखनासमये हि द्विचत्वारिंशद्भिराचार्यैर्दत्तोत्तमार्थ-प्रतिक्रमणाभिधानेन देहत्यागो धर्मो व्यवहारेण। निश्चयेन नवार्थेषूत्तमार्थो ह्यात्मा तस्मिन् सच्चिदानंदमयकारणसमयसारस्वरूपे तिष्ठन्ति ये तपोधनास्ते नित्यमरणभीरवः, अत एव कर्मविनाशं कुर्वन्ति। तस्मादध्यात्मभाषयोक्तभेदकरणध्यान-ध्येयविकल्पविरहितनिरवशेषे-णान्तर्मुखाकारसकलेन्द्रियागोचरनिश्चयपरमशुक्लध्यानमेव निश्चयोत्तमार्थप्रतिक्रमणमित्यवबोद्धव्यम्। किं च, निश्चयोत्तमार्थप्रतिक्रमणं स्वात्माश्रयनिश्चयधर्मशुक्लध्यानमयत्वादमृतकुंभस्वरूपं भवति, व्यवहारोत्तमार्थप्रतिक्रमणं व्यवहारधर्मध्यानमयत्वाद्विषकुंभस्वरूपं भवति।

तथा चोक्तं समयसारे -

``पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो।।''

तथा चोक्तं समयसारव्याख्यायाम्

(वसंततिलका)

``यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।''

---

આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;
તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.

અન્વયાર્થ :– [उत्तमार्थः] ઉત્તમાર્થ (-ઉત્તમ પદાર્થ) [आत्मा] આત્મા છે. [तस्मिन् स्थिता] તેમાં સ્થિત [मुनिवराः] મુનિવરો [कर्म घ्नन्ति] કર્મને હણે છે. [तस्मात् तु] તેથી [ध्यानम्

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



एव] ધ્યાન જ [हि] ખરેખર [उत्तमार्थस्य] ઉત્તમાર્થનું [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ છે.

ટીકા :– અહીં (આ ગાથામાં), નિશ્ચય-ઉત્તમાર્થ પ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે.

જિનેશ્વરના માર્ગમાં મુનિઓની સલ્લેખનાના વખતે, બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે, દેહત્યાગ વ્યવહારથી ધર્મ છે. નિશ્ચયથી-નવ અર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે; સચ્ચિદાનંદમય કારણસમયસારસ્વરૂપ એવા તે આત્મામાં જે તપોધનો સ્થિત રહે છે, તે તપોધનો નિત્ય મરણભીરુ છે; તેથી જ તેઓ કર્મનો વિનાશ કરે છે. માટે અધ્યાત્મભાષાએ, પૂર્વોક્ત *ભેદકરણ વિનાનું, ધ્યાન અને ધ્યેયના વિકલ્પો રહિત, નિરવશેષપણે અંતર્મુખ જેનો આકાર છે એવું અને સકળ ઈંદ્રિયોથી અગોચર નિશ્ચય-પરમશુક્લધ્યાન જ નિશ્ચય-ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે એમ જાણવું.

વળી, નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ સ્વાત્માશ્રિત એવાં નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાનમય હોવાથી અમૃતકુંભસ્વરૂપ છે; વ્યવહાર-ઉત્તમાર્થ પ્રતિક્રમણ વ્યવહારધર્મધ્યાનમય હોવાથી વિષકુંભસ્વરૂપ છે.

એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૬મી ગાથા દ્વારા) કહ્યું છે કે :-

‘[ગાથાર્થ :-] [૧]પ્રતિક્રમણ, [૨]પ્રતિસરણ, [૩]પરિહાર, [૪]ધારણા, [૫]નિવૃત્તિ, [૬]નિંદા, [૭]ગર્હા અને [૮]શુદ્ધિ-એ આઠ પ્રકારનો વિષકુંભ છે.’

વળી એવી રીતે શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં (૧૮૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

‘[શ્લોકાર્થ :-] (અરે ! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય ? (અર્થાત્ ન જ હોય.) તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી?’

---

*ભેદકરણ = ભેદ કરવા તે; ભેદ પાડવા તે.

૧. પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે.

૨. પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.

૩. પરિહાર = મિથ્યાત્વરાગાદિ દોષોનું નિવારણ.

૪. ધારણા = પંચનમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે.

૫. નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.

૬. નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે

૭. ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે

૮. શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ કરવી તે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા-૯૨ ઉપર પ્રવચન

૯૨ ગાથા.

**उत्तमअट्ठं आदा तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं।**
**तम्हा दु झाणमेव हि उत्तमअट्ठस्स पडिकमणं।।९२।।**

આહાહા..! આ ઉત્તમ પડિક્કમણું.

**આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;**
**તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.**

**'ટીકા :- અહીં (આ ગાથામાં), નિશ્ચય-ઉત્તમાર્થ પ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે.'** સાચું ઉત્તમ પદાર્થનું પ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે. **'જિનેશ્વરના માર્ગમાં...'** આહાહા..! ત્રિલોકનાથ વીતરાગના માર્ગમાં **'મુનિઓની સલ્લેખનાના વખતે,...'** આહાહા..! સલ્લેખનાની વાત લીધી છે. છેલ્લે. **'મુનિઓની સલ્લેખનાના વખતે, બેંતાલીસ આચાર્યો વડે,...'** એના વડે જેમ ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે. **'બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થપ્રતિક્રમણ છે...'** બેંતાલીસ આચાર્યો એ કબુલ્યું છે. એની પાસે જઈને હવે મારે ... સલ્લેખના કરવી. કે હું યોગ્ય છું? ... આહાહા..!

મુમુક્ષુ :- એ કાળ કેવો હશે કે જ્યારે બેતાલીસ આચાર્યો હતા.

ઉત્તર :- બહુ સારો. આચાર્યો પણ સારા-સમ્યગ્દષ્ટિ-જ્ઞાની. એ વખતની વાત કરે છે ને. 'કુંદકુંદાચાર્ય'ના વખતની વાત છે ને? પોતે હતા ત્યારે ઘણા આચાર્યો હતા, મુનિઓ હતા, સાચા સંતો હતા.

મુમુક્ષુ :- 'પદ્મપ્રભમલધારિદેવ' વખતે પણ બેંતાલીસ આચાર્યો હતા.

ઉત્તર :- આ ટીકા કરી છે.

**'ઉત્તમાર્થપ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે,...'** એટલે શું? કે જે મુનિને સંથારો કરવો હોય, દેહ છોડવાનો પ્રસંગ (હોય), એ પોતે છદ્મસ્થ છે, એકલો છે, કદાચિત્ ઉતાવળો થઈ જાય તો બેતાલીસ આચાર્ય, ગંભીર આચાર્ય, ઊંડા રહસ્યના જાણનારાઓ, એની પાસે જઈને, જેમ ડોક્ટર પાસે જઈને શરીર તપાસાવે છે ને? કે ભાઈ! શરીરની સ્થિતિ કેમ છે? કહે, બરાબર સારી છે, જાવ. એમ આચાર્ય કહે છે, બરાબર છે. તમારો સલ્લેખના લેવાનો ટાઈમ તમને આવી ગયો છે. તમારી યોગ્યતા છે. આહાહા..! બેંતાલીસ આચાર્ય. ભાવ કેવો હશે? મહાઆચાર્યો 'કુંદકુંદાચાર્ય'ના વખતમાં અને આ 'પદ્મપ્રભમલધારિ'ના વખતમાં.

**'મુનિઓની સલ્લેખનાના વખતે, બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થપ્રતિક્રમણ છે તે આપવામાં આવતું...'** તે આચાર્યોએ આપ્યું. આપ્યું એટલે કહ્યું, બરાબર છે તમને.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તમારું સંથારાનું ટાણું છે, બાપુ! સમાધિમરણ થશે. તમારું સમાધિમરણ થશે. તમારે લાયકાત બરાબર આવી ગઈ છે. એમ બેંતાલીસ સંતોએ કીધું. આહાહા..! એ કાળ કેવો હશે? બેંતાલીસ આચાર્યો અને સાધુ સલ્લેખના કરનાર.. આહાહા..! એ પાછા બેંતાલીસ પાસે જાય એટલી શક્તિ પણ ખરી. આહાહા..! એવી શક્તિમાં પૂછે, કે મારે હવે છેલ્લી સ્થિતિ કરવી છે. સંથારો કરવો, દેહ છોડવાનો છું. પ્રભુ! મારું બરાબર છે? તો બેંતાલીસ આચાર્યો કબુલ કરે કે બરાબર છે. આહાહા..! એનું તો સમાધિમરણ થાય જ. આહાહા..! એનો આત્મા કબુલ કરતો હોય અને મુનિઓ–આચાર્યો પાસે કબુલ કરાવ્યું. કે ટાઈમ છે-કાળ છે, બાપુ! તારો હવે દેહ છૂટવાનો સમય જ છે. એ સમાધિમરણથી છૂટવાનો સમય છે. આહાહા..!

**'ઉત્તમાર્થપ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે, દેહત્યાગ વ્યવહારથી ધર્મ છે.'** દેહનો ત્યાગ એ તો વ્યવહારધર્મ છે. દેહ તો પર છે, જડ છે. આહાહા..! નિર્વિકલ્પ ધ્યાન તે નિશ્ચયપ્રતિક્રમણ છે. નિશ્ચય સલ્લેખના... આહાહા..! અતીન્દ્રિય આનંદમાં ઝૂલે, દેહ છૂટે, કદાચિત ન હોઈ શકે અને વિકલ્પ પણ હોય કે આ થાય છે એમ જાણે, છતાં એકાવતારી થઈ જાય. સમાધિમરણ થઈ જાય. આહાહા..! વ્યવહારથી દેહનો ત્યાગ વ્યવહારે ધર્મ છે.

**'નિશ્ચયથી—નવ અર્થોમાં...'** નવ તત્ત્વો–પદાર્થમાં **'ઉત્તમ અર્થ તો આત્મા છે;...'** નવ પદાર્થ, નવ તત્ત્વમાં ઉત્તમ અર્થ તો આત્મા છે. જોયું? સંવર, નિર્જરા, મોક્ષ પર્યાયથી પણ ઉત્તમ તો આત્મા છે. આહાહા..! આસ્રવ અને બંધ, પુણ્ય-પાપની વાત તો ક્યાંય રહી ગઈ પણ સંવર, નિર્જરા અને મોક્ષ સાચા, એમાંથી પણ **'ઉત્તમ અર્થ તો આત્મા છે;...'** નવ પદાર્થોમાં **'ઉત્તમ અર્થ તો આત્મા છે;...'** આહાહા..!

**'સચ્ચિદાનંદમય કારણસમયસારસ્વરૂપ...'** પ્રભુ કેવો છે? આહાહા..! સચ્ચિદાનંદ. સત્ એટલે શાશ્વત રહેનાર ચિદાનંદ જ્ઞાન અને આનંદનું જેનું ત્રિકાળ સ્વરૂપ છે. સત્ પણ ત્રિકાળ અને જ્ઞાન અને આનંદ એનું લક્ષણ પણ ત્રિકાળ, એવો સચ્ચિદાનંદમય પ્રભુ (છે). આહાહા..! બધા આત્માઓ સચ્ચિદાનંદમય પ્રભુ છે. આહાહા..! છે-સત્. જ્ઞાન અને આનંદ છે. ધ્રુવ જ્ઞાન, ધ્રુવ અને આનંદ ધ્રુવ, એ એનું લક્ષણ છે. આહાહા..! ત્રિકાળ આત્મા અને ત્રિકાળ જ્ઞાન અને આનંદ, એ જેનું લક્ષણ એ ઉત્તમ પદાર્થ છે. લ્યો. આહાહા..!

એવા **'કારણસમયસારસ્વરૂપ...'** અહીં એ લીધું. **'એવા તે આત્મામાં...'** કારણસમયસારસ્વરૂપ ત્રિકાળ. કારણપરમાત્મા કહો, કારણસમયસાર કહો. મોક્ષમાર્ગ નહિ. ત્રિકાળી **'કારણસમયસારસ્વરૂપ એવા તે આત્મામાં...'** આહાહા..! સચ્ચિદાનંદમય પ્રભુ, જેને અંદર શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર થયા છે અને દેહ છૂટવાની તૈયારી, સમાધિમરણે દેહ છૂટવાની તૈયારી થઈ ગઈ છે. આહાહા..! એને આ **'સચ્ચિદાનંદમય...'** પ્રભુ! **'જે તપોધનો સ્થિત રહે છે,...'** એવા કારણસમયસાર પ્રભુ કારણપરમાત્મા ત્રિકાળી, એમાં જે મુનિ સ્થિર રહે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! આ ટીકા તો મુનિએ કરેલી છે. તેમાં આ નવસો વર્ષ (થયા). 'અમૃતચંદ્રાચાર્ય' પછી. વસ્તુ તો એક જ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' પરમારથનો પંથ કાંઈ બે-ત્રણ હોય?

સમયસારસ્વરૂપ, '**કારણસમયસારસ્વરૂપ એવો તે આત્મા...**' ત્રિકાળી કારણસ્વરૂપ એવો જે આત્મા ધ્રુવ '**તે આત્મામાં જે તપોધનો સ્થિત રહે છે,...**' જેને તપરૂપી ધન છે. આહાહા..! ઇચ્છાનિરોધરૂપી 'તપયન્તે ઇતિ તપ' તપરૂપી લક્ષ્મી છે. આ ધૂળની નહિ. આહાહા..! શોભતો આત્મા, તપરૂપી લક્ષ્મીથી શોભતો અંદર આત્મા. ચકચકાટ કરતો એવો આત્મા અંદરથી પ્રગટ થાય છે. મુનિને ધર્મધ્યાન-તપોધન. આહાહા..!

'**જે તપોધનો સ્થિત રહે છે, તે તપોધનો નિત્ય મરણભીરુ છે;...**' જોયું? '**મરણભીરુ છે;...**' મરણથી ડરે છે. કોઈપણ દેહ છૂટવામાં મારો એ નહિ. આનંદ... આનંદ... આનંદ... આનંદ... ભવભ્રમણથી ડરે છે. આહાહા..! એક પણ ભવ કરવો, દેહ છોડીને ભવ કરવો, એનાથી એ ડરે છે. આહાહા..! તેથી આત્મામાં સમાય છે. આહાહા..! '**નિત્ય મરણભીરુ છે; તેથી જ તેઓ કર્મનો વિનાશ કરે છે.**' ભવભ્રમણ કરવાથી ડરે છે. સ્વરૂપમાં રમણતા કરે છે. આહાહા..! '**તેથી જ તે કર્મનો વિનાશ કરે છે.**' આહાહા..!

'**માટે અધ્યાત્મભાષાએ,..**' આહાહા..! '**પૂર્વોક્ત ભેદકરણ વિનાનું,...**' અધ્યાત્મભાષામાં એ ભેદકરણ વિનાનું ધ્યાન (છે), ભેદ જેમાં નથી. વ્યવહાર તો નથી પણ ભેદ જેમાં નથી. આહાહા..! આવા વચનો દિગંબર સંતોના વચનો ગજબ છે. તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. એમ 'શ્રીમદ્દે' કહ્યું, 'શ્રીમદ્દે' કહ્યું છે. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, '**પૂર્વોક્ત ભેદકરણ વિનાનું,...**' નીચે (અર્થ) '**ભેદ કરવા તે; ભેદ પાડવા તે.**' ભેદ જ ન મળે. અખંડ આત્માની અંદર અનુભવમાં, અનુભવ કરું છું ને અનુભવ કરનાર આત્મા, એવો ભેદ પણ જેમાં નથી. આહાહા..! એકમેક અંદરમાં. અનુભવ કરનાર અને અનુભવ બધું અંદર એકમેક થઈ ગયું છે. ભેદ જરીએ નથી. આહાહા..! જુઓ! આ નિશ્ચયપ્રતિક્રમણ, આ નિશ્ચય સમાધિમરણ. દેહ છૂટવાના કાળ તો આવશે, દેહ છૂટશે. આહાહા..! આ રીતે છૂટશે તે દિ' છોડ્યો કહેવાશે, નહિતર છૂટ્યો નથી. છૂટશે અને બીજો મળશે. આ છોડીને વળી બીજો મળશે. છૂટ્યો એ કે જેને ફરીને ભવ મળે નહિ. આહાહા..! આકરું કામ. દેહ છૂટ્યો એને કહીએ કે ફરીને દેહ મળે નહિ. ભવ જ મળે નહિ. એને દેહ છૂટ્યો કહેવાય.

'**અધ્યાત્મભાષાએ, પૂર્વોક્ત ભેદકરણ વિનાનું, ધ્યાન અને ધ્યેયના વિકલ્પો રહિત,...**' આહાહા..! ધ્યેય આત્મા, ધ્યાન કરનાર પર્યાય, ધ્યાન તે પર્યાય છે અને એનું ધ્યેય તે દ્રવ્ય છે. એવો પણ જેમાં ભેદ નથી. હવે. આહાહા..! કીધું ને? '**ધ્યાન અને ધ્યેયના વિકલ્પો રહિત, નિરવશેષપણે...**' કાંઈ બાકી રાખ્યા વિના '**અંતર્મુખ જેનો આકાર છે...**' આહાહા..! બહારનું કાંઈ રાખ્યા વિના અંતર્મુખ જેનું સ્વરૂપ છે. એકલો અતીન્દ્રિય આનંદમાં, અનુભવમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મસ્ત થઈ ગયો છે. બહારનો કોઈપણ વિકલ્પ એને છે નહિ. આહાહા..! આ પંચમઆરાના મુનિ કહે છે. પંચમઆરાના શ્રોતાને એમ કહે છે. આહાહા..! એમ થઈ શકે છે તો એમ કહે છે. ભલે કોઈ એક-બે પણ નીકળે પણ થઈ શકે છે એને આ કહે છે. આ પંચમઆરો છે તો આ ન થઈ શકે, આ હલકો કાળ છે તો ન થઈ શકે એમ નહિ. આહાહા..! ભાષા તો જુઓ! આકરી.

અવશેષ '**નિરવશેષપણે અંતર્મુખ જેનો આકાર છે...**' સ્વરૂપ. કંઈપણ ભેદ, પરના વિકલ્પ વિના એકલો અંતર્મુખમાં આનંદમાં અંતરમાં એકાકાર છે. '**એવું અને સકળ ઇન્દ્રિયોથી અગોચર...**' સકળ ઇન્દ્રિયોથી અગમ્ય, અતીન્દ્રિય જ્ઞાનના ધ્યાનમાં મસ્ત છે. '**સકળ ઇન્દ્રિયોથી અગોચર નિશ્ચય-પરમશુક્લધ્યાન જ...**' આહાહા..! પંચમઆરાના જીવને પણ શુક્લધ્યાનની વાત કરે છે. જોયું? શુક્લધ્યાન આવું હોય. '**નિશ્ચય–ઉત્તમાર્થપ્રતિક્રમણ છે...**' એને નિશ્ચય–ઉત્તમાર્થપ્રતિક્રમણ હોય છે. આહાહા..! પાંચમાઆરાના સાધુ પાંચમા આરાના શ્રોતાને પણ આવી સ્થિતિ (કહે છે). ભલે શુક્લધ્યાન થઈ શકે નહિ પણ શુક્લધ્યાન આવું હોય, એવું ધ્યાન થઈ શકે છે. આહાહા..! એ શુક્લધ્યાન આવું હોય એવી ધ્યાન દશા થઈ શકે છે. એવી અહીંયાં શ્રોતાને વાત કરે છે. આહાહા..! ઘણા ઉગ્ર વચન! દિગંબર સંતોની ઉગ્ર વાણી! એકએક વાણીમાં.. આહાહા..! અંદર ઉગ્રપણું ભર્યું છે.

'**વળી, નિશ્ચય–ઉત્તમાર્થપ્રતિક્રમણ...**' પહેલી શુકલધ્યાનની વાત કરી. પહેલી ઊંચી વાત કરી. પછી '**વળી, નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ સ્વાત્માશ્રિત એવાં નિશ્ચયધર્મધ્યાન...**' હવે ધર્મધ્યાન લીધું. પહેલું શુક્લધ્યાન લીધું હતું. એને ધ્યેય બનાવ્યું. આહાહા..! શુક્લધ્યાન કરીને કેવળ પામવાનું, કરવાનું તો એ છે. આહાહા..! એ બની શકે નહિ તો નિશ્ચય–ઉત્તમાર્થપ્રતિક્રમણ-નિશ્ચય ઉત્તમપદાર્થનું પ્રતિક્રમણ '**સ્વાત્માશ્રિત...**' પોતાના આત્માને જ આધારે. '**એવા નિશ્ચયધર્મધ્યાન...**' લ્યો. જુઓ! આ નિશ્ચયધર્મધ્યાન. સવારમાં શુદ્ધપરિણામ આવ્યું હતું ને? શુદ્ધપરિણામરૂપી ધર્મધ્યાન નહોતું આવ્યું? આહાહા..! બંધનો વિચાર કર્યા કરે, બંધના પ્રકારનો વિચાર કર્યા કરે, એ બધું શુભધર્મધ્યાન. શુભધર્મધ્યાન એટલે વ્યવહારધર્મધ્યાન એટલે બંધનું કારણ. એ બંધનું કારણ છે. શુભ છે એ પુણ્ય છે અને બંધનું કારણ છે. આ નિશ્ચય ધર્મધ્યાન નિર્જરાનું કારણ છે. આહાહા..! ધર્મધ્યાન તો એને કહ્યું અને એને પણ કહ્યું.

આ તો '**સ્વાત્માશ્રિત...**' નિશ્ચયસ્વાત્માશ્રિત. આહાહા..! પૂર્ણ આત્મસ્વરૂપ એનો આશ્રય. એવા '**નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાનમય હોવાથી...**' આહાહા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન, એમાં બધા વિકલ્પો છોડીને નિર્વિકલ્પ ધ્યાનમાં મસ્ત રહે. તે બેય શુક્લધ્યાન અને ધર્મધ્યાન હોવાથી એ '**અમૃતકુંભસ્વરૂપ છે;...**' એ અમૃતકુંભસ્વરૂપ છે-એ અમૃતનો ઘડો છે. આહાહા..! પર્યાયમાં અમૃત વરસે છે. આહાહા..! અમૃતનો સાગર પર્યાયમાં ઉભરાઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય છે. એનું ધ્યાન કરતાં, પરના બધા વિકલ્પો છોડતાં, ત્રિકાળી સ્વઆશ્રય લેતાં, ત્યાં અમૃતનો કુંભ ઉછળે છે. પર્યાયમાં ઇ અમૃતકુંભ થયો છે. વસ્તુ તો અમૃતકુંભ છે પણ પર્યાયમાં અમૃતકુંભ થયો. આહાહા..! આવી વાતું.

છકાયની દયા પાળવી, વ્રત પાળવા એવું તો કાંઈ આવ્યું નહિ આમાં. એ આવ્યું ને (કે) એ બધા વિભાવ-વિકલ્પ છોડવા. આહાહા..! આકરું કામ છે, ભાઈ? અજાણ્યાને એકલું પકડ્યું હોય એને આકરું લાગે કે આ તે શું કહે છે? હજી તત્ત્વ શું છે એની ખબર ન મળે, આત્મા કોને કહેવો એની ખબર ન મળે. દયા-દાનના વિકલ્પ છે એ પુણ્ય છે, રાગ છે એની ખબર ન મળે. આહાહા..! વ્યવહાર પ્રતિક્રમણ જેટલા કહેવાય એ તો એકલો રાગ છે. સાંજ-સવાર પડિક્કમણા કરીએ છીએ, સાંજ-સવાર સામાયિક કરીએ છીએ. બસ થઈ રહ્યું. ૨૨-૨૩ કલાક બીજે ગાળીએ છીએ. આહાહા..!

એકને પૂછવામાં આવ્યું કે તમારી પાસે આટલા બધા પૈસા છે અને તમે ધર્મધ્યાન તો કાંઈ કરતા નથી. કહે, એક કલાક ભક્તિ કરીએ છીએ, ભગવાનની પૂજા કરીએ છીએ. કરતા કેમ નથી? હવે એક કલાક જ્યાં શુભભાવ કરે એને ધર્મધ્યાન માને. આહાહા..! વસ્તુની દૃષ્ટિની ખબર ન મળે. વસ્તુ શું છે? આત્મા કોને કહેવો એની ખબર ન મળે. આ પૂજા, ભક્તિમાં કલાક ગાળે તો થઈ ગયો જાણે ધર્મ. અમે ધર્મ કરીએ છીએ ને. એક કલાક તો ધર્મ કરીએ છીએ. આહાહા..! એક કલાક પાપ કરો છો. શુભભાવમાં એકત્વબુદ્ધિ, કર્તાબુદ્ધિ છે. આહાહા..! આવું કામ આકરું પડે.

**'અમૃતકુંભસ્વરૂપ છે; વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ વ્યવહારધર્મધ્યાન હોવાથી વિષકુંભસ્વરૂપ છે.'** વ્યવહારપ્રતિક્રમણ ઝેર છે. આહાહા..! જે શુભ વિકલ્પ ઊઠે કે આ મિચ્છામિ દુક્કડમ, આ ઇચ્છામિ પડિકમણા, એ બધો વિકલ્પ છે એ વ્યવહાર ઝેર છે. નિર્વિકલ્પતા અંદર પ્રગટે એ અમૃત છે. આહાહા..! નિર્વિકલ્પ સ્વરૂપ જ એવું છે. અમૃતનો ભંડાર, એમાં એકાગ્ર થતાં અમૃતનો અનુભવ થાય. એ નિશ્ચયપ્રતિક્રમણ છે અને રાગનો અનુભવ થાય એ ઝેરનું પ્રતિક્રમણ છે. ઝેર, ઝેરરૂપ છે. આહાહા..! આકરું પડે ને?

**'વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ...'** શબ્દ એવો લીધો છે. **'વ્યવહાર–ઉત્તમાર્થપ્રતિક્રમણ...'** આરોપ છે ને? નિશ્ચય છે ત્યાં વ્યવહારનો આરોપ આપ્યો. નિશ્ચય ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે, ત્યાં વ્યવહાર છે એ **'વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ વ્યવહારધર્મધ્યાનમય...'** વ્યવહારધર્મધ્યાનમય **'હોવાથી વિષકુંભસ્વરૂપ છે.'** એને ઝેર કહેવામાં આવ્યું છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૯૫, શ્લોક-૧૨૩, ગાથા-૯૩, સોમવાર, માગશર સુદ ૧૫, તા.૩-૧૨-૭૯

'નિયમસાર'. ગાથાર્થ છે ને? 'સમયસાર'ની ગાથા.

**ગાથાર્થ :- 'પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ— એ આઠ પ્રકારનો વિષકુંભ છે.'** શું કહે છે? **'કરેલા દોષોનું નિરાકરણ કરવું...'** દોષ થયા હોય એનું નિરાકરણ (કરવું) એ શુભભાવ છે. અને શુભભાવ તે ઝેરનો ઘડો છે. આકરી વાત છે. વ્યવહારકારણ કહ્યું ને એ? કથનમાત્ર છે, કહેવામાત્ર છે. વસ્તુ રાગ છે. વ્યવહારપ્રતિક્રમણ એ તો રાગ છે. કથનમાત્ર વ્યવહાર કહેવામાં આવે છે. વાસ્તવિક કારણ, મોક્ષનું કારણ તો વાસ્તવિક ત્રિકાળ કારણપરમાત્મા વસ્તુ જે કારણદ્રવ્ય ત્રિકાળ એ કારણ અને એમાંથી થતી નિર્મળ પર્યાય એ મોક્ષનું કારણ (છે) અને આ વ્યવહાર એ તો કથનમાત્ર, જાણવાલાયક એવો ભાવ આવે, એટલે એ જાણવામાત્ર, કહેવામાત્ર છે. **'પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે...'** શુભભાવ છે, એ ઝેર છે, ઝેરનો ઘડો છે. અર..ર..! આખી દુનિયા પાપમાં પડી એને આ પુણ્યને ઝેર કહેવું!

મુમુક્ષુ :– એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

ઉત્તર :– અનાદિ અનાદિથી ભૂલ્યો છે. રખડતો રખડતો અનાદિથી ચોરાશીના અવતારમાં અનંતા અનંતા ભવ કર્યા પણ એણે વ્યવહારનો પક્ષ મૂક્યો નહિ. વ્યવહાર છે એ પણ કારણ છે. અહીં કથનમાત્ર કારણ કહ્યું. વાસ્તવિક કારણ નથી. આહાહા..! વાસ્તવિક કારણ તો ત્રિકાળી આત્મા કારણપરમાત્મા એ વાસ્તવિક કારણ મોક્ષનું અને તેના કારણથી થયેલી મોક્ષના માર્ગની દશા, એ મોક્ષમાર્ગની નિર્મળ વીતરાગી દશા એ મોક્ષનું કારણ છે. એ વાસ્તવિક કારણ છે. આહાહા..!

દ્રવ્ય કારણ. શક્તિમાં તો એમ લીધું છે ને? દ્રવ્ય જે વસ્તુ છે એની શક્તિ કારણ છે. જીવતરશક્તિ એ જીવદ્રવ્યનું કારણ છે. આ વ્યવહાર કાંઈ જીવદ્રવ્યનું કારણ નથી. આહાહા..! શું કહ્યું? ૪૭ શક્તિનું જ્યાં વર્ણન કર્યું, ત્યાં જીવતરશક્તિ જીવદ્રવ્યનું કારણ છે એમ કહ્યું અને એ શક્તિઓ અને દ્રવ્ય પરદ્રવ્યને માટે કારણ નથી એમ કહ્યું. પરદ્રવ્યને માટે કારણ નથી. અકારણકાર્યશક્તિ આવીને? આહાહા..! પરદ્રવ્યને માટે કારણ નથી, સ્વદ્રવ્યને માટે કારણશક્તિઓ છે. જીવતરશક્તિ, ચિતિ, દશિ એ બધી કારણ છે. અને મોક્ષનું કારણ એ કારણપરમાત્માનો આશ્રય લઈને જે વીતરાગી પર્યાય પ્રગટ થાય એ પર્યાય મોક્ષનું કારણ છે. આવું લાંબુ લાંબુ યાદ રાખે. પાપના ધંધા આડે નવરાશ ન મળે. 'શાંતિભાઈ'! આખો દિ' પાપનો ધંધો. આ કર્યું.. આ કર્યું... આ કર્યું... હવે એમાં આવી વાત, વીતરાગની વાત કાને સાંભળવી મુશ્કેલ પડે. એ સમજે કે દિ' અને એના ભવના અંત કે દિ' આવે? આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કહે છે, પ્રતિક્રમણ જે વ્યવહાર છે, એને અમે ઝેરનો ઘડો કહીએ છીએ. ઝેર છે. આહાહા..! વ્યવહારને કથનમાત્ર કારણ કહીએ છીએ. વાસ્તવિક કારણ છે નહિ. પછી બીજું. **'પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.'** સમકિત આદિની પ્રેરણા કરવી એ પણ વિકલ્પ છે, એ પણ ઝેર છે. વિકલ્પ ઊઠે છે, સમકિતની પ્રેરણાની વૃત્તિ ઊઠે એ વિકલ્પ છે એ પણ ઝેર છે. આહાહા..! **'પરિહાર = મિથ્યાત્વરાગાદિ દોષોનું નિવારણ.'** મિથ્યાશ્રદ્ધા આદિનો ત્યાગ એમાં પણ શુભભાવ છે. શુભભાવ છે એ પણ ઝેરનો ઘડો છે, વિષકુંભ છે. આકરું કામ, બાપા! દુનિયાને મળવું મુશ્કેલ. આખી દુનિયા વ્યવહારમાં પડી છે. વ્યવહારમાં પડી, ગળાડૂબ ઝેરમાં બોળાઈ ગઈ છે. આહાહા..! એને આવી વાતું (કહેવી). ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વરનું આ ફરમાન છે. 'ગુલાબચંદભાઈ'!

**'ધારણા = પંચનમસ્કારાદિ,...'** પાંચ નમસ્કાર ધારણ કરવા એ શુભભાવ છે, ઝેર છે. આહાહા..! જગતને આકરું પડે. હજી પાપ આડે નવરો થાય નહિ એમાં વળી શુભભાવ આવે. એક ઘડી આવે, એક કલાક પૂજા-ભક્તિ કરવા આવે, દેવ-દર્શન કરવા આવે એમાં એક શુભભાવ આવે, તો એ કહે છે કે એ ઝેર છે. એ ધર્મ નથી. એ શુભભાવથી ભિન્ન અંદર આત્માનો આનંદનો અનુભવ કરે એનું નામ ધર્મ છે. આહાહા..! આવી વાત છે. દુનિયાને બેસવી કઠણ પડે. બહારની હૂંફમાં, બહારની પ્રવૃત્તિની હૂંફમાં એમાં વળી પાંચ-પચ્ચીસ લાખ પૈસા થયા હોય, પચ્ચીસ-પચાસ લાખ પૈસા થયા હોય, કરોડ-બે કરોડ થઈ ગયા એટલે આખ્યું ફરી જાય. આહાહા..! આ કીધું ને પરમ દિ'. ૨૦ લાખની એક મોટર. ૨૦ લાખની એક મોટર. એટલે એને એમ જાણે... આહાહા..! અમે શું જાણે બાદશાહ!

મુમુક્ષુ :– એવી મોટરમાં બેસીને દીકરો પરણવા જાય તો કેટલું સુખ થાય!

ઉત્તર :– ધૂળમાં એકલું પાપ છે. એ ૨૦ લાખની મોટર 'મુંબઈ' સ્ટેશને મૂકવા આવી હતી. કેટલા પૈસાની છે કીધું? કે ૨૦ લાખની. પરદેશમાંથી લાવ્યા છે. ૫૦ લાખની એક મોટર છે. એક મોટર ૫૦ લાખની. આ ધૂળું ભેગી કરીને મરી જવાના બિચારા. આહાહા..! અહીં તો (કહે છે), શુભભાવ એ તો બધો પાપ છે પણ શુભભાવ અહીં કરે... આહાહા..! છે?

**'પંચનમસ્કારાદિ મંત્ર,...'** જપે. **'પ્રતિમા...'**ને વંદન કરે. **'વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે.'** બધો શુભભાવ ઝેર છે. આકરી વાત, પ્રભુ! શું થાય? બિચારા સાધારણ માણસને તો સાંભળવા મળ્યું નથી. આહાહા..! **'નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું...'** વિષયકષાયમાં જતાં ચિત્તને પાછું વાળવું એ પણ એક શુભભાવ છે, એ પણ રાગ અને ઝેર છે. શુભભાવ છે ને? આહાહા..! એ ધર્મ નથી. ધર્મ તો શુભ અને અશુભભાવ, એનાથી ભિન્ન પડીને ચૈતન્યનું દર્શન કરે, ચૈતન્યની દૃષ્ટિ નિર્મળ જ્ઞાન કરે એનું નામ ધર્મ છે. જૈનધર્મ વીતરાગ પરમેશ્વરનું જિનેશ્વરનું કથન આ છે. એને કેટલાય બિચારાએ તો સાંભળ્યું ન હોય. આ કઈ જાતનો ધર્મ હશે? આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું...'** આત્મસાક્ષીએ દોષનું પ્રગટ કરવું એ પણ શુભભાવ છે. એ વ્યવહાર કારણ નિમિત્તકથનમાત્ર વ્યવહાર છે, એ ધર્મ નથી. ઝેર છે. આહાહા..! સાંભળ્યું જાય નહિ, કઠણ પડે જગતને, શું થાય? સંસારમાં ધંધા આડે નવરા ન મળે. આખો દિ' બાયડી, છોકરા અને આબરૂ, કીર્તિના હડફા, પૈસા ભર્યા હોય ને આ કર્યા, લીધા ને દીધા ને આ કર્યા... ઓહોહો..! ત્યાં તો જાણે અમે ક્યાં ચડી ગયા મોટા. એમાં કરોડ, બે કરોડ, પાંચ કરોડ થાય એટલે થઈ રહ્યું. આ કીધું ને બે છોકરાઓ નથી? આપણે 'પૂનમચંદ' અને 'ન્યાલચંદ'. આજના છોકરાના લગન છે ને? પાંચ કરોડ રૂપિયા. ૨૦ લાખની મોટર લાવ્યો છે એમાં બેસીને લગન કરવા જશે. આજના લગન છે ને? બે ભાઈ પાસે. એક પાસે પાંચ કરોડ, બીજા ભાઈ પાસે પાંચ કરોડ. એકને એક દીકરી જ છે, દીકરો નથી. દર્શન કરવા આવ્યા હતા. પણ બધા હૂંફ હૂંફ. પૈસાની આમ હૂંફ જાણે.. આહાહા..! પૈસા એટલે શું? ધૂળ. માટીની ધૂળ છે. એના હૂંફમાં...

અહીં તો કહે છે, કે આત્મસાક્ષીએ પાપ લાગ્યા એની નિંદા કરવી એ પણ શુભભાવ છે. અને **'ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે'** શુભભાવ છે અને **'દોષ થતાં પ્રાયશ્ચિત...'** લેવું એ પણ શુભભાવ છે. આહાહા..! આ વ્યવહાર છે તે ઝેર છે. વીતરાગ પરમાત્મા વીતરાગદેવ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ મહાવિદેહમાં 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે ત્યાંથી આ વાત આવી છે. ત્રિલોકનાથ પરમાત્મા એમ કહેતા હતા, એ વાત 'કુંદકુંદાચાર્યે' આવીને અહીં મૂકી છે. આહાહા..! 'યશપાલજી'! આવી આકરી વાત પડે. શું થાય? બસ, ઉડી જાય વ્યવહાર, ત્યારે વ્યવહાર નહિ? ખોટો? વ્યવહાર ખોટો શું લાખવાર ખોટો. એવા વ્યવહાર અનંતવાર કર્યા છે. એ વ્યવહાર અત્યારે ક્યાં તારી પાસે છે? એવા વ્યવહાર તો અનંતવાર કર્યો છે કે ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે અને નગ્ન મુનિ થઈને દિગંબર અનંતવાર થયો. પણ સમ્યગ્દર્શન આત્મજ્ઞાન નહિ. એ ક્રિયાકાંડ કરીને એમાં ધર્મ માન્યો. આહાહા..! એ આઠ બોલ કીધા. **'એ આઠ પ્રકારનો વિષકુંભ છે.'** છે ને?

હવે 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે.

**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।**
**तत्किं प्रमाद्यति जनः प्रपन्नधोऽधः**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।**

**શ્લોકાર્થ :- '(અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે,...'** આહાહા..! જ્યાં પ્રતિક્રમણના શુભભાવને ઝેર કહ્યું, **'ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?'** ત્યાં તારા વેપાર અને ધંધાના પરિણામ પાપ એકલા હોય એ અમૃત ક્યાંથી હોય? એ તો એકલું મહા ઝેર છે. આહાહા..! પ્રતિક્રમણના પરિણામને ઝેર કહ્યા તો તારા વેપાર, ધંધા, બાયડી-છોકરાને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાજી રાખવા, પાંચ પચ્ચીસ લાખ પેદા કર્યા હોય ત્યાં ઓહોહો..! જાણે શું કર્યું ને અમે શું આગળ વધી ગયા! એમાં ખુશી થાય એ તો એકલું ઝેર છે. ઝેરના પ્યાલા પીવે છે. આહાહા..! આવું કામ છે.

**'જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું...'** જ્યાં પ્રતિક્રમણ શુભવ્યવહાર જે છે એને ઝેર કહ્યું, **'ત્યાં અપ્રતિક્રમણ...'** સંસારના પાપના પરિણામ **'અમૃત ક્યાંથી હોય?'** સંસારના રળવાના, વિષયના ભોગના, ધંધાના પૈસા મેળવવા, વ્યાજ ઊપજાવવા, આખો દિ' ધંધા કરવા, આ દીધા, આ લીધા, આ કર્યા, આ કર્યું. જાણે ગાંડા, જાણે જોઈ લ્યો પાગલ. 'શાંતિભાઈ'! એમાં 'મુંબઈ' અને 'કલકત્તા'. એ બે જોયું છે ને? ત્રણે જોયું છે. 'દિલ્હી', 'મુંબઈ' અને 'કલકત્તા'. આહાહા..! ગાંડા જાણે જોઈ લ્યો, પાગલ જેવા. આહાહા..!

ઘણા વર્ષ પહેલા 'પાલેજ'માં અમારી દુકાન હતી ને. તો માલ લેવા ગયેલા. કેવું? 'કોલાબા'. 'કોલાબા' જોવા ગયેલા. એને પણ ઘણા વર્ષ થયા. લગભગ ૭૨ વર્ષ થયા. ૭૨ વર્ષ પહેલાની વાત છે. એક મારવાડી આમ ... લીધા.. દીધા... લીધા... દીધા... એમ કરતો હતો. આ તો ૭૨ વર્ષ પહેલાની વાત છે. દુકાનનો માલ લેવા ગયેલ. 'પાલેજ'માં દુકાન છે ને? 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. અત્યારે દુકાન ચાલે છે. મોટી દુકાન છે. ચાલીસ લાખ રૂપિયા છે. ચાર લાખની પેદાશ છે. તે દિ' માલ લેવા ગયેલ. જાણે પાગલ લાગે. કીધું, આ શું કરે છે? મારવાડી. લીધા.. દીધા... લીધા... દીધા... કર્યા કરે. ઓલા શું કહેવાય કીધું? 'કોલાબા'. 'કોલાબા' ફોન આવે ને? 'લંડન'થી ફોન આવે એટલે પછી માથા ફરી જાય. આહાહા..! શું છે આ? પ્રભુ! જ્યાં જેને ભગવાને પ્રતિક્રમણ કરવાના પરિણામને ઝેર કહ્યાં ત્યાં તારા આવા અપ્રતિક્રમણના પાપ છે એ તો ઝેર, ઝેર ને ઝેર છે. આહાહા..! દુનિયા વખાણે પાગલ, પાગલ વખાણે પાગલને કે અહો..! આની પાસે તો પચાસ લાખ થયા, આની પાસે કરોડ થયા, આની પાસે બે કરોડ થયા.

અહીં કહે છે **'અમૃત ક્યાંથી હોય? (અર્થાત્ ન જ હોય.) તો પછી માણસો નીચે નીચે પડતા થકા...'** અમે તો પુણ્યને ઝેર કહીને ઊંચે ચઢાવીએ છીએ. શુભને પુણ્ય કહી, ઝેર કહીને ઊંચે અંતરમાં આત્મામાં જા એમ કહીએ છીએ, ધર્મ ત્યાં છે. અંદર આત્મામાં જા, ધર્મ ત્યાં છે. એમ અમે કહીએ ત્યાં તું આમ નીચે નીચે કેમ ઉતરી જાય છે? શુભ છોડીને વળી ત્યાં અશુભ ક્યાં ચાલ્યો જાય છે? આહાહા..! આવું ક્યાં (છે)?

**'પ્રમાદી કાં થાય છે? નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી?'** આહાહા..! અમે પ્રતિક્રમણ આદિના શુભભાવને ઝેર કીધા, એથી એને છોડીને તું સંસારના અશુભભાવમાં જા, એ તો નીચે નીચે અધોમાં ઉતર્યો. શુભભાવને છોડીને અંદર શુદ્ધ આત્મામાં જા. તો ત્યાં શાંતિ છે. જ્ઞાનાનંદ, સહજાનંદ પ્રભુ અંદર વીતરાગદેવે જોયો, જિનેશ્વરદેવ, જેણે આત્મા જોયો એ અંતર અમૃતનો સાગર છે. અમૃતનો દરિયો ભગવાન છે. એની સામું તને જોતા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવડ્યું નથી. એની સામું જોતા આવડ્યું નથી પણ સાંભળ્યું નથી તેં. સાંભળ્યું, એટલું બધું બહારનું ઝેરનું સાંભળ્યું છે. આહાહા..!

કહે છે, કે એવી વાત અમે ઊંચી કહીએ છીએ. પ્રતિક્રમણ આદિને ઝેર કીધા, એથી તેને છોડીને અશુભમાં ક્યાં જા છો? એને છોડીને અંદરમાં જાને. શુદ્ધ આત્મામાં જાને. આહાહા..! ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે. પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. પરમાત્મસ્વરૂપ ન હોય તો પરમાત્મા થાય ક્યાંથી? અરિહંત થયા એ ક્યાંથી થયા? એ કાંઈ બહારથી આવે છે? એ અંદરમાં સ્વરૂપ ભર્યું છે એમાંથી આવે છે. એટલે કહે છે, જ્યાં છે ત્યાં જા ને. રાગને અમે ઝેર કીધો માટે હેઠે ઊતરીને અશુભરાગમાં જા છો, એ કાંઈ ઠીક કહેવાય? આહાહા..! આકરી વાત છે.

## શ્લોક-૧૨૩

(मदाक्रांता)

**आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं**
**ध्यानध्येयप्रमुखसुतपःकल्पनामात्ररम्यम्।**
**बुद्ध्वा धीमान् सहजपरमानन्दपीयूषपूरे**
**निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे।।१२३।।**

**વળી (આ ૯૨ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-**

**[શ્લોકાર્થ :-] આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે, (અને ધ્યાન-ધ્યેયાદિક સુતપ (અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ તપ પણ) કલ્પનામાત્ર રમ્ય છે;- આવું જાણીને ધીમાન (-બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા (-લીન થતા) એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે. ૧૨૩.**

## શ્લોક-૧૨૩ ઉપર પ્રવચન

**'વળી (આ ૯૨ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—'**

એ 'સમયસાર'નો શ્લોક હતો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं
ध्यानध्येयप्रमुखसुतपःकल्पनामात्ररम्यम्।
बुद्ध्वा धीमान् सहजपरमानन्दपीयूषपूरे
निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे।।१२३।।

આહાહા..! આ તો શાંતિથી સાંભળે ત્યારે થાય. વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે. લોકોએ તો બહારથી જરી એક કલાક પૂજા કરી, ભક્તિ કરી, દાન કર્યું, ક્યાંક પાંચ-પચ્ચીસ હજાર દાન આપ્યા. થઈ ગયો ધર્મ. માનીને બેઠા. અરે..! તારા કરોડ આપને. ત્યાં ક્યાં ધર્મ હતો? એ શુભભાવ હોય તો પુણ્ય થાય. એ પુણ્ય છે ઇ ઝેર છે. આહાહા..! 'ભભૂતમલે' આઠ લાખ ખર્ચ્યા. 'બેંગલોર'. આઠ લાખનું મંદિર બનાવ્યું. એ શ્વેતાંબર છે. બનાવ્યું દિગંબર મંદિર. ચાર લાખ સ્થાનકવાસી મારવાડીએ આપ્યા. 'જુગરાજજી'. છે ને? 'મહાવીર માર્કેટ' મહાવીર માર્કેટ છે ને? હમણા ગુજરી ગયા. છોકરો આવ્યો. અહીં બધા આવતા. એ સ્થાનકવાસી હતા. એની પાસે એક કરોડ રૂપિયા છે, ઓલા પાસે બે કરોડ રૂપિયા છે. બે કરોડવાળાએ આઠ લાખ આપ્યા, એક કરોડવાળાએ ચાર લાખ આપ્યા. અને બાર લાખનું મંદિર બનાવ્યું. હમણા ગયા હતા ત્યારે ત્રણ લાખ વધાર્યા. પંદર લાખનું બનાવ્યું. 'બેંગલોર.' આહાહા..! પણ ભાઈ! આ બધા તારા પંદર લાખ કહે કે ગમે એ કહે, એ ધર્મ નથી. શુભભાવ છે, પુણ્ય છે. ચોખ્ખી વાત છે. એક રકમે આઠ લાખ આપ્યા. બે કરોડની મૂડી છે. સ્ટીલનો ધંધો છે.

મુમુક્ષુ :– કમાણા કેટલા?

ઉત્તર :– એ પછી કમાણા ચાલીસ લાખ. અમારામાં રોકાણા ને. અમે ત્યાં હતા ત્યારે મંદિરની મોટી ધામધૂમ કરી, એમાં રોકાણા ત્યારે બે કરોડનું સ્ટીલ પડેલું, એમાં આઠ લાખ ખર્ચ્યા, ચાલીસ લાખ આવ્યા. સ્ટીલમાં ભાવ વધી ગયા તો ચાલીસ લાખ આવ્યા. એ તો પૂર્વના પુણ્યને લઈને આવે. એનું કાંઈ નથી.

મુમુક્ષુ :– આપના પગલા થાય ત્યાં રૂપિયા... રૂપિયા થઈ જાય.

ઉત્તર :– એ બધી વાતું. પૂર્વના પુણ્ય વિના કાંઈ આવે નહિ. પુણ્યથી આવે પણ આવે છે ઇ પાપ (છે). પરિગ્રહ એ પાપ છે. કરોડ અને બે કરોડ રૂપિયા છે એ પોતે પાપ છે. કારણ કે પરિગ્રહને ભગવાને પાપ કહ્યું છે. અભ્યંતર પરિગ્રહ અને બાહ્ય પરિગ્રહને પાપ કહ્યું છે. આવે પુણ્યથી પણ પરિગ્રહ પોતે પાપ છે. અને એનો કરનારો પાપી છે. એને લોકો પુણ્યશાળી કહે. ગાંડી દુનિયા. આહાહા..! એ તો આવ્યા નહિ? હમણા 'ભભૂતમલ' આવ્યા હતા ને. અહીં સવા લાખ આપ્યા ને. અહીં મકાન બનાવ્યું છે એમાં સવા લાખ આપ્યા. હમણા સવા લાખ બીજા આપ્યા. એમ પૈસા આપે છે. ઉદાર માણસ. પણ શુભભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કીધું, ભાઈ. આમાંથી કાંઈ ધર્મ થઈ જાય અને કલ્યાણ થઈ જાય અને જન્મ-મરણ મટી જાય. તારા આઠ લાખ અને દસ લાખ ધૂળમાં, એ વાતમાં માલ કાંઈ નથી. આહાહા..!

મુમુક્ષુ :- પૈસા આપવા કે ન આપવા?

ઉત્તર :- પણ આપી કોણ શકે છે? એને ભાવ થાય. ઝીણી વાત છે, ભાઈ! પૈસા તો જડ છે, અજીવ, માટી, ધૂળ છે. એ તો પુદ્ગલ છે. એ પુદ્ગલ જવા-આવવા, એ તો એને કારણે જાય-આવે. આત્મા એમ માને કે હું આપું છું, એ તો જડનો સ્વામી થાય છે. રાગની મંદતાનો ભાવ કરે. પૈસા જવા હોય તો જાય. આહાહા..! વાતે વાતે ફેર પડે. દુનિયાની સાથે મેળ ક્યાંય ખાય એવો નથી. આહાહા..! વાપરવામાં પણ પૈસા મારા છે એમ માને તો મિથ્યાત્વ છે. કારણ કે એ તો જડ છે, પૈસો માટી ધૂળ છે. આત્મા ચૈતન્ય અરૂપી અંદર ભિન્ન છે. આ તો શરીર, માટી ધૂળ છે. આ ક્યાં હતો. આ તો માટી છે. આ મારું છે એમ માને એ મિથ્યાત્વ છે. આહાહા..! આકરું કામ છે.

અહીં કહે છે, **'આત્મધ્યાન સિવાયનું...'** છે? આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ (છે). આહાહા..! જેમ નાળિયેરમાં ગોળો જુદો છે એમ આ શરીરમાં અને રાગથી આત્મા અંદર તદ્દ્ન જુદો છે. આહાહા..! એવા આત્માનું ધ્યાન એ **'સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે,...'** આહાહા..!

મુમુક્ષુ :- આચાર્ય આકરા બહુ.

ઉત્તર :- છે એ છે. આચાર્યને જગતની ક્યાં પડી છે. જગત માને ન માને એ એને ઘરે રહ્યું. અનાદિકાળથી જગત સ્વચ્છંદે ચાલે છે. એણે-જગતે સાચું માન્યું છે કે દિ'? એક તો સંસારથી નવરો થાતો નથી. આખો દિ' ધંધો પાપ, નવરો થાય તો છ-સાત કલાક ઊંઘ ને છ-સાત કલાક બાયડી-છોકરાને રાજી કરવા. એક કલાક કદાચ સાંભળવા મળે તો આવું સાંભળે. પૂજા કરો, ભક્તિ કરો તો ધર્મ થશે. એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! આકરું કામ બહુ, બાપુ!

અહીં કહે છે **'આત્મધ્યાન સિવાયનું...'** છે? આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ (છે) એનું ધ્યેય બનાવીને ધ્યાન (થાય)... આહાહા..! એ **'સિવાયનું બીજું બધું...'** એ શુભ અને અશુભભાવ બેય **'ઘોર સંસારનું મૂળ છે,...'** આહાહા..! એમાં છે કે નહિ?

મુમુક્ષુ :- મુનિરાજ તો એમ જ કહે ને.

ઉત્તર :— પણ જેમ હોય એમ કહે ને? કેવળી પરમાત્માએ કહ્યું એ મુનિ કહે છે. ત્રિલોકનાથ પરમાત્મા 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. એના મુખમાંથી નીકળ્યું છે, એ આ કહે છે. આહાહા..!

અહીં એ કહે છે, કે **'આત્મધ્યાન સિવાયનું બીજું...'** અર..ર...! આકરી વાત. આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ, એ રાગના, દયા-દાનના વિકલ્પથી, રાગથી પણ અંદર ભિન્ન છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવા આત્માનું ધ્યાન, એ આત્માનું જ્ઞાન, એના સિવાય જેટલો શુભ અને અશુભભાવ કરે એ **'ઘોર સંસારનું મૂળ છે.'** આહાહા..! શુભ-અશુભ બેયને ઘોર સંસારનું મૂળ કીધું. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હોય કે અશુભ હોય, બેય ઘોર સંસાર છે. આહાહા..! છે? આજે આકરી વાત આવી. વાત તો આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' દુનિયાને મળે, ન મળે તેથી કાંઈ બીજું ફરી જાય એવું છે? આહાહા..!

**'આત્મધ્યાન સિવાય...'** આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ અંદર જ્ઞાનસ્વરૂપ આત્મા, આનંદસ્વરૂપ આત્મા (છે) એનું ધ્યાન, એને ધ્યેય બનાવીને ધ્યાન. એ **'સિવાયનું...'** જેટલા શુભ-અશુભભાવ **'બધું ઘોર સંસારનું મૂળ છે,...'** ચાર ગતિ રખડવાની મળે એવું છે. આહાહા..! આવી વાત છે. છે? એમાં છે કે નહિ? **'આત્મધ્યાન સિવાયનું બીજું...'** એક કોર આત્મધ્યાન અને એક કોર બીજું બધું. આહાહા..! શાસ્ત્રશ્રવણ, શાસ્ત્રકથન, વાંચન એ બધો શુભભાવ (છે). એ શુભભાવ અને સંસારનો પાપભાવ, દુકાન અને ઘરનો ભાવ એકલું પાપ. એ બેય **'ઘોર સંસારનું મૂળ છે,...'** આહાહા..!

ક્યાં જશે એ? ચોરાશી લાખ યોનીમાં ક્યાં અવતરશે? આહાહા..! આત્મા તો અનાદિ-અનંત છે, નિત્ય છે. શરીર છૂટી જશે. શરીર એ તો થોડો વખત રહેવાનું છે. ૫૦-૬૦ નીકળી ગયા એને કાંઈ ૫૦-૬૦ રહેવાના નથી. થોડો વખત છે એ છૂટીને જાશે ક્યાંક. ધર્મ છે નહિ, પુણ્યની ખબર નથી. પુણ્ય કોને કહેવું અને કેમ થાય એનો વખત લેતો નથી. એક કલાકનો વખત લે તો ભક્તિ કરે, એક કલાક પૂજા કરે એટલે થઈ રહ્યું, જાવ ધર્મ થઈ ગયો. એ કોઈકે પૂછ્યું હતું. આ ભાઈને. ... માણસ.. 'ન્યાલચંદ' પાસે ચાર કરોડ રૂપિયા છે. દીકરો નથી. ચાર કરોડ-પાંચ કરોડ રૂપિયા. કોઈએ કહ્યું. એવું સાંભળ્યું. કોઈ કહેતું હતું. કોઈએ કહ્યું કે કાંઈક કરો. કરીએ છીએ ને. ભક્તિ કરીએ છીએ, પૂજા કરીએ છીએ. સામે મૂર્તિ-ફોટો રાખીને એક કલાક ભક્તિ અને પૂજા કરે. લ્યો, એ કર્યું એ અમે કર્યું. આહાહા..! ત્યાં કહ્યું હતું. કોઈકે પૂછ્યું હતું. કોઈકે પૂછ્યું અને પછી કહ્યું, કે અમે ધર્મ કરીએ છીએ. ભક્તિ કરીએ છીએ, પૂજા કરીએ છીએ. આ ધર્મ લ્યો. સવારમાં ફોટો રાખે. પ્રતિમા તો ક્યાં હતી ત્યાં એને. ફોટો રાખે અને પૂજા કરે, ભક્તિ કરે, એક કલાક ગાય. રેકોર્ડિંગ હવે ઉતાર્યા. રેકોર્ડિંગ લઈ જશે. પણ એમાં વસ્તુ શું છે? એની સમજણ કરવી, એનો નિર્ણય કરવો, એને માટે વખત લેવો. આખો દિ' પાપ માટે વખત લે છે. આહાહા..! ભારે કામ આકરું. પાછો કોઈ છોકરો નથી. એક જ દીકરી પરણાવી. ચાર કરોડ, પાંચ કરોડ રૂપિયા હશે. મોટા બાગ-બગીચા.. બાગ.. બાગ. ત્યાં હમણાં 'મુંબઈ' આવ્યા હતા. કોઈકે પૂછ્યું તો આવો જવાબ આપ્યો. ભગવાનનો ફોટો રાખે ને. ફોટો રાખે. એની પૂજા કરે અને ગાય. ગાયન-બાયન ગાય. એક કલાક ગાળે. થઈ ગયો લ્યો ધર્મ. ક્યાં બાપા એ તો શુભભાવ છે, ઝેર છે, ઘોર સંસારનું મૂળ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ધ્યાન–ધ્યેયાદિક સુતપ (અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેનના વિકલ્પવાળું શુભ તપ...)'** શુભ તપ. આ ધ્યાન કરું છું, ધ્યેય અને આ કરું છું, એવો જે વિકલ્પ એ શુભ તપ **'કલ્પનામાત્ર રમ્ય છે;—'** અર..ર..! અંદર ધ્યાનમાં પણ કલ્પનામાત્ર કલ્પનાઓ કરે કે આ આત્મા આ છે, તેમ છે. આત્મા ધ્યાન કરવાલાયક છે અને હું ધ્યાન કરું. એ કલ્પનામાત્ર એ શુભતપ કહેવાય. શુભ તપ ધ્યાનમાં (થાય) એ પણ **'કલ્પનામાત્ર રમ્ય છે;—'** આહાહા..! ક્યાં જાવું આમાં? બાવો થઈ જાય તો થાય. બાવો જ છે. કોણ, કે દિ' વસ્તુ તારી છે ક્યાં? શરીર તારું નથી. આ તો માટી-ધૂળ છે. આ તો મહાણની રાખ થાશે. આ તો મહાણની રાખ છે. તારું તત્ત્વ અંદર આત્મા તદ્દન જુદી ચીજ છે. એને લેવા અને દેવા, આત્મા તો શરીરને અડતો પણ નથી. શરીર આત્માને અંદર અડતું પણ નથી. અરે..રે..! કોને ખબર પડે? એમાં આવા ધ્યાન આદિના વિકલ્પો કહે છે. ધ્યાનના વિકલ્પો પણ, એ સૂતપ પણ એક... આહાહા..! **'કલ્પનામાત્ર રમ્ય છે;...'** કલ્પનામાત્ર સારું કહેવાય કે ધ્યાનમાં કલ્પના કરી કે આમ કર્યું. આવું ધ્યાન કર્યું, આવું ધ્યાન અને આવો આત્મા. એવી કલ્પનાઓ કરી હતી. આહાહા..! ગજબ વાત છે.

ક્રિયાકાંડને તો કાઢી નાખ્યું પણ હવે ધ્યાનમાં કલ્પનામાં કલ્પના માંડી કે આમ ધ્યાન... આમ ધ્યાન.. આમ ધ્યાન... આ ધ્યાન... એવી કલ્પનામાં રોકાણો એ કલ્પનામાત્ર તપ છે. આહાહા..! આચાર્ય કહે છે મેં મારા માટે આ બનાવ્યું છે. 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ કહે છે, કે મારે માટે આ બનાવ્યું છે. તમારે સમજવું હોય તો સમજો, કહે છે. આહાહા..! એને સમાજની પડી નથી કે સમાજ માનશે કે નહિ. સમાજ એને ઘરે રહે. વસ્તુ આ છે. માનવું હોય એ માને. આહાહા..!

**'ધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે,...'** એ એક કોર રાખ્યું. હવે આ ધ્યાનમાં આવ્યું. ધ્યાન ને ધ્યેય ને એવું સુતપ. ધ્યાન આ અને ધ્યેય આ, એવો જે વિકલ્પ. ધ્યાયની પર્યાય અને ધ્યેય એ દ્રવ્ય ને એવો જે વિકલ્પ એ સૂતપ. આહાહા..! એ **'(વિકલ્પવાળું શુભ તપ પણ) કલ્પનામાત્ર રમ્ય છે;—'** આહાહા..! ગજબ વાત છે ને? એને દુનિયાની ક્યાં પડી છે. આહાહા..! આત્મામાં ધ્યાન સિવાય... હજી આત્મા કોણ એની પણ ખબર ન મળે. અંદર આત્મા શું ચીજ છે? આત્મા તો પુણ્ય, પાપ, દયા, દાનના રાગરહિત ભિન્ન અંદર તત્ત્વ છે. એ તો શરીરથી તદ્દ્ન જુદું તત્ત્વ છે. હવે એનું ધ્યાનાદિ કહે છે, એના સિવાયનું બધું ઘોર સંસાર છે. અને ધ્યાનમાં પણ ધ્યાનની કલ્પનામાં રોકાણો કે આ ધ્યેય છે અને આ ધ્યાન છે અને ધ્યાન કરવા લાયક છે. ધ્યાનમાં ન જતાં ધ્યાનની કલ્પનામાં રોકાયેલો... આહાહા..! એ **'કલ્પનામાત્ર રમ્ય છે;—'** કલ્પનામાત્ર ઠીક કહેવામાં આવે છે. આહાહા..! ઠેઠ લઈ ગયા. આહાહા..! આકરું કામ છે, બાપુ!

વીતરાગ જિનેશ્વરદેવનો માર્ગ, પ્રભુ! બહુ ઝીણો. અત્યારે તો બધી ગડબડ ચાલી છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહારથી બધું મનાવીને જિંદગી ચાલી જાય છે. પ્રરૂપણા પણ એવી જ કરે. આ કરો, આ કરો, વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો, જાઓ, (થઈ ગયો) ધર્મ. આહાહા..! અહીં તો ધ્યાન અને ધ્યેયમાં પણ રોકાણો કલ્પનામાં (તો) અંદર ધ્યાન જામ્યું નહિ, એમ કહે છે. આહાહા..! આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ, એમાં એકાગ્ર થઈ શક્યો નહિ અને એની કલ્પનામાં રોકાણો. આહાહા..! એ સૂતપ પણ કલ્પનારમ્ય છે. કલ્પનામાત્ર સારું કહેવામાં આવે છે. છે?

**'આવું જાણીને...'** આવું જાણીને... આહાહા..! **'ધીમાન (–બુદ્ધિમાન પુરુષ)...'** બુદ્ધિમાન એને કહીએ... આહાહા..! જે આત્મામાં અંદર વળે તેને બુદ્ધિમાન કહીએ. આહાહા..! બાકી બધી કુબુદ્ધિ છે. સંસારના ડહાપણ અને વેપારની કુશળતા અને વકીલાતના ધંધા, ડોક્ટરના મોટા મોટા ધંધા. મહિને પાંચ-પાંચ, દસ-દસ હજાર પેદા કરે. દુઃખી છે બિચારા. આહાહા..! **'આવું જાણીને ધીમાન (–બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા...'** આહાહા..! સ્વભાવિક પરમાનંદરૂપી પીયૂષનું અમૃત. સ્વભાવિક પરમાનંદરૂપી અમૃત આત્મા. અંદર સહજાત્મરૂપી અમૃત ભર્યું છે. આત્મામાં અતીન્દ્રિય અમૃત ભર્યું છે. આહાહા..! અનંત શક્તિઓનો એ સાગર છે. એવો જે ભગવાનઆત્મા એ **'સહજ પરમાનંદરૂપી પીયૂષ...'** એટલે અમૃત. **'એના પૂરમાં ડૂબતા...'** અંદર એકાગ્ર થયો. આહાહા..! આનંદની ધારા વહે છે. આત્મા આનંદસ્વરૂપ છે-અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં ડૂબતા, અંદર જતા... આહાહા..! **'(–લીન થતા)...'** ડૂબતાનો અર્થ કર્યો.

**'સહજ પરમાનંદરૂપી પીયૂષ...'** અમૃત, એના **'પૂરમાં ડૂબતા (–લીન થતા) એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે.'** એવા સહજ પરમાત્માનો જ **'એકનો...'** ભાષા દેખો! ધ્યાન અને ધ્યેયની કલ્પના પણ નહિ. શુભભાવ તો નહિ... આહાહા..! અશુભભાવ તો નહિ પણ ધ્યાન અને ધ્યેયની કલ્પના પણ નહિ. આહાહા..! સહજ પરમાત્માનો **'એકનો..'** એકનો **'આશ્રય કરે છે.'** વસ્તુ સહજાત્મસ્વરૂપ પરમાત્મા, નિજાનંદ પ્રભુ એનો એકનો આશ્રય કરે તેને ધર્મ થાય છે. આહાહા..! એકનો આશ્રય કરે છે. ભેદ પર્યાયનો પણ નહિ. ગુણ-ગુણી ભેદનો નહિ. શુભરાગ, અશુભરાગની તો વાત જ શું કરવી? આહાહા..! ધ્યાન ધ્યેયની કલ્પના પણ નહિ. એક અમૃતથી ભરેલો ભગવાનઆત્મા અંદર, એમાં ડૂબકી મારે એટલે એકાગ્ર થાય છે. આહાહા..! એ એક જ આશ્રય કરવાને લાયક છે. વાત તો બહુ સારી આવી છે. ટોચ છે, ટોચ. આહાહા..!

એક પરમાત્મા પોતે. પરમાત્મા બીજા નહિ. એમ કીધું ને? પોતાને જાણીને **'ધીમાન (–બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા (–લીન થતાં) એવા સહજ પરમાત્માનો એકનો...'** પોતે એક આત્મા, હોં! પરમાત્મા એટલે ભગવાન વીતરાગ સર્વજ્ઞ નહિ. વીતરાગ સર્વજ્ઞ ઉપર લક્ષ જતા રાગ થશે. આહાહા..! એક સહજાત્મ પરમાનંદસ્વરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા, એનામાં એકનો આશ્રય, એકનો આશ્રય. ગુણ-ગુણી ભેદ પણ નહી. ઓહોહો..! ક્યાંથી ક્યાં કાઢી નાખ્યું. શુભાશુભભાવ ઘોર સંસાર, ધ્યાન-ધ્યેયની કલ્પનામાત્ર રમ્ય, સૂતપ રમ્ય... આહાહા..! એને છોડીને એકલો અંદર **'સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે.'** તેને ધર્મ થઈને તેને મુક્તિનું કારણ થાય છે. તેને ધર્મ થાય છે. આહાહા..! આવું આકરું છે. ક્યાં સુધી કાઢી નાખ્યું. શુભભાવ તો કાઢી નાખ્યો. ઝેર. ધ્યાન, ધ્યેય અને ધ્યાતા, એની કલ્પના રમ્ય એ નહી, એને છોડી દે. આહાહા..!

એકલો સહજ પરમાત્મ અમૃતથી ભરેલો, **'એકનો આશ્રય કરે...'** ગુણ-ગુણી ભેદનો પણ નહિ, પર્યાયનો પણ નહિ. એક ગુણીનો આશ્રય કરે, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ છે. આવો ધર્મ વીતરાગનો છે. આહાહા..! છે કે નહિ? અહીંનું સૂત્ર છે આ? આ 'સોનગઢ'નું નથી કાંઈ. ભગવાનનું કહેલું, મુનિરાજે બનાવેલું છે. આહાહા..!

એક સ્વદ્રવ્ય, જેમાં એકલું અમૃત અને આનંદ ભર્યો છે. એક આવ્યું હતું. જેનું આનંદ એક લક્ષણ છે. એવું આવ્યું હતું. આનંદ એક લક્ષણ છે. અતીન્દ્રિય આનંદ એક જેનું લક્ષણ છે એવા આત્માને અનુભવે, એનું નામ ધર્મ છે. વીતરાગમાર્ગમાં એને ધર્મ કહે છે. આહાહા..! વાત બહુ આઘે ગઈ. અહીં તો હજી આ વ્યવહાર કરો તો થાય અને આ વ્યવહાર કરો તો થાય અને આ કરો તો થાય. વ્યવહાર કરવો જોઈએ, કરવો જોઈએ. ભક્તિ કરતા થાય, પરમાત્માની પૂજા કરતા થાય. આહાહા..! સાધુને આહાર-પાણી દેતા થાય. એ બધા શુભભાવને તો અહીં ઘોર સંસારનું મૂળ કહ્યું. ધ્યાનમાં અંદર આવ્યો તો કલ્પનામાં ઊભો રહ્યો તો પણ કહે છે એ નહિ. આહાહા..! એકલો પરમાનંદસ્વરૂપ આત્મા, એનો આશ્રય કરે એને ધર્મ થાય. એ ૯૨ ગાથા (પૂરી) થઈ.

## ગાથા–૯૩

**झाणणिलीणो साहू परिचांग कुणइ सव्वदोसाणं।**
**तम्हा दु झाणमेव हि सव्वदिचाररस्स पडिकमणं।।९३।।**

**ध्याननिलीनः साधुः परित्यागं करोति सर्वदोषाणाम्।**
**तस्मात्तु ध्यानमेव हि सर्वातिचारस्य प्रतिक्रमणम्।।९३।।**

**अत्र ध्यानमेकमुपादेयमित्युक्तम्।**

**कश्चित् परमजिनयोगीश्वरः साधुः अत्यासन्नभव्यजीवः अध्यात्मभाषयोक्तस्वात्माश्रित-निश्चयधर्मध्याननिलीनः निर्भेदरूपेण स्थितः, अथवा सकलक्रियाकांडाडंबरव्यवहारनयात्मक-**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



भेदकरणध्यानध्येयविकल्पनिर्मुक्तनिखिलकरण-ग्रामागोचरपरमतत्त्वशुद्धान्तस्तत्त्वविषयभेद-कल्पनानिरपेक्षनिश्चयशुक्लध्यानस्वरूपे तिष्ठति च, स च निरवशेषेणान्तर्मुखतया प्रशस्ताप्रशस्तसमस्तमोहरागद्वेषाणां परित्यागं करोति, तस्मात् स्वात्माश्रितनिश्चयधर्म-शुक्लध्यानद्वितयमेव सर्वातिचाराणां प्रतिक्रमणमिति।

રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;
તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.

અન્વયાર્થ :– [ध्याननिलीनः] ધ્યાનમાં લીન [साधुः] સાધુ [सर्वदोषाणाम्] સર્વ દોષોનો [परित्यागं] પરિત્યાગ [करोति] કરે છે; [तस्मात् तु] તેથી [ध्यानम् एव] ધ્યાન જ [हि] ખરેખર [सर्वातिचारस्य] સર્વ અતિચારનું [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ છે.

ટીકા :– અહીં (આ ગાથામાં), ધ્યાન એક ઉપાદેય છે એમ કહ્યું છે.

જે કોઈ પરમજિનયોગીશ્વર સાધુ - અતિ-આસન્નભવ્ય જીવ, અધ્યાત્મભાષાએ પૂર્વોક્ત સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો અભેદરૂપે સ્થિત રહે છે, અથવા સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું અને વ્યવહારનયાત્મક *ભેદકરણ તથા ધ્યાન-ધ્યેયના વિકલ્પ વિનાનું, સમસ્ત ઈંદ્રિયસમૂહથી અગોચર એવું જે પરમતત્ત્વ-શુદ્ધ અંતઃતત્ત્વ, તે સંબંધી ભેદકલ્પનાથી •નિરપેક્ષ નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપે સ્થિત રહે છે, તે (સાધુ) નિરવશેષપણે અંતર્મુખ હોવાથી પ્રશસ્ત-અપ્રસશ્ત સમસ્ત મોહરાગદ્વેષનો પરિત્યાગ કરે છે; તેથી (એમ સિદ્ધ થયું કે) સ્વાત્માશ્રિત એવાં જે નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન, તે બે ધ્યાન જ સર્વ અતિચારોનું પ્રતિક્રમણ છે.

## ગાથા–૯૩ ઉપર પ્રવચન

૯૩ ગાથા.

झाणणिलीणो साहू परिचांग कुणइ सव्वदोसाणं।
तम्हा दु झाणमेव हि सव्वदिचाररस्स पडिकमणं।।९३।।

---

* ભેદકરણ = ભેદ કરવા તે; ભેદ પાડવા તે [સમસ્ત ભેદકરણ - ધ્યાન-ધ્યેયના વિકલ્પ સુદ્ધાં વ્યવહારનયસ્વરૂપ છે.]

● નિરપેક્ષ = ઉદાસીન; નિઃસ્પૃહ; અપેક્ષા વિનાનું. [નિશ્ચયશુક્લધ્યાન શુદ્ધ અંતઃતત્ત્વ સંબંધી ભેદોની કલ્પનાથી પણ નિરપેક્ષ છે.]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.**

એ ધ્યાન બધા પાપને ટાળવાનું કારણ છે. પુણ્ય અને પાપ બેય. આહાહા..! ધ્યાનમાં પણ પાછું કોનું ધ્યાન? આત્માનું. એ પાછો આત્મા આવો છે... આત્મા આવો છે એવી કલ્પના કરીને ત્યાં ઊભા રાખે, એ ધ્યાન નથી. આહાહા..! અત્યારે એ ચાલ્યું છે. આત્માના ધ્યાનની વાતું. પણ એ ધ્યાન નથી. આહાહા..!

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.**

ઓહોહો..! મુનિરાજ કહે છે, મેં તો મારે માટે આ બનાવ્યું છે. મારી ભાવના માટે. આહાહા..! દુનિયા સાંભળે, સમજે અને લે તો લ્યો. બાકી મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. સત્ય તો આવું છે. સત્ય જેવું વીતરાગમાર્ગમાં એવું સત્ય આ છે. એ સિવાય વીતરાગમાર્ગને નામે, પુણ્યને નામે ધર્મ અને વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, એ ધર્મ મનાવે એ જૈનમાર્ગ નથી. એ જૈનધર્મ નથી. એ 'મોક્ષપાહુડ'ની ૮૩ ગાથામાં આવી ગયું ને? પૂજા આદિ જૈનધર્મ નથી. પૂજા, વ્રત, વયાવચ્ચ આદિ બધા શુભભાવ છે. એ કાંઈ જૈનધર્મ નથી. અષ્ટપાહુડમાં આવી ગયું.

ધ્યાન એકલો આત્મા એનાથી રહિત... આહાહા..! એનું નામ અહીંયાં ધર્મધ્યાન કહેવામાં આવે છે. એ આ ગાથામાં વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૯૬, શ્લોક-૧૨૪, ગાથા-૯૩, મંગળવાર, માગશર વદ ૧, તા.૦૪-૧૨-૭૯**

---

'નિયમસાર' ૯૩-ગાથા.

**ટીકા :- 'અહીં (આ ગાથામાં), ધ્યાન એક ઉપાદેય છે એમ કહ્યું છે.'** પહેલા વાત કરી ગયા છે. આત્મામાં જે કંઈ શુભ અને અશુભભાવ થાય એ ઘોર સંસારનું મૂળ છે. આહાહા..! સંસારીને ક્યાં જાવું? હિન્દી છે? હિન્દી છે? હિન્દીમાં લેવું છે. શું કહ્યું? કે આ આત્મા જે છે એ દેહથી તો જુદો છે, કર્મથી પણ જુદો છે. એની પર્યાયમાં; દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે પણ, એક સમયની પર્યાયમાં પણ કર્મ અને શરીર નથી. એની પર્યાયમાં પુણ્ય અને પાપના ભાવ અનાદિથી છે. એ પુણ્ય અને પાપના ભાવ ઘોર સંસારનું કારણ છે. કેમ કે જો એનાથી ભવ ઘટતા હોય તો એ શુભ-અશુભભાવ અનંતવાર કર્યા છે. આહાહા..! અને એ શુભભાવ ઝેર કહ્યો છે. બે વાત આવી ગઈ છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ! વીતરાગનો ધર્મ અપૂર્વ, અલૌકિક, અચિંત્ય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મામાં શુભ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉત્પન્ન થાય એ પણ ઘોર સંસારનું કારણ છે. કેમ કે એ પોતે સંસાર છે. આહાહા..! અને એ શુભભાવ આત્મા અમૃતસાગર છે, અમૃતસ્વરૂપ પ્રભુ છે એનાથી શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ઝેર છે. ઝીણી વાત પડે, ભાઈ! 'દેવીલાલજી'! આ તો આકરું પડે. શું થાય? માર્ગ કોઈ જુદી જાતનો છે, ભાઈ! અનંતકાળથી પરિભ્રમણ કરતા... કરતા... કરતા... અનંત... અનંત... અનંત ભવ કર્યા છે. એની સત્તાનો, અસ્તિત્વનો વિચાર ક્યાં કર્યો છે એણે? કે અત્યાર સુધી હું રહ્યો ક્યાં? હું એક તત્ત્વ છું, અસ્તિ છે, સત્તા છે, હોવાવાળો પદાર્થ છે તો હોવાવાળો રહ્યો ક્યાં? આહાહા..! એ ચોરાશીની યોનિમાં શુભઅશુભભાવથી રહ્યો. શુભઅશુભભાવ એ ઘોર સંસાર છે. આહાહા..! અને શુભભાવ, એ આત્મા અમૃતસ્વરૂપ, એનાથી વિરુદ્ધસ્વરૂપ, ઝેરસ્વરૂપ છે. આકરું પડે, ભાઈ! વ્યવહાર અને બહારની ક્રિયાકાંડના રસીલાઓ અને આગ્રહી, વ્યવહાર કરતા કરતા ધર્મ થશે, હળવે હળવે કરીએ. દયા, વ્રત, ભક્તિ, પૂજા (કરતા કરતા) હળવે હળવે થશે એમ માનનારને આ આકરું લાગે. માર્ગ તો આ છે. આકરું લાગે, પચે કે ન પચે પણ માર્ગ તો આ જ છે. અહીં કહે છે ને? જુઓ!

**'ધ્યાન એક ઉપાદેય છે...'** આહાહા..! સ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એનું વિકલ્પ વિનાનું ધ્યાન, વિકલ્પની કલ્પના વિનાનું. ધ્યાનાવલીની કલ્પનાનું આવ્યું હતું ને? એ કલ્પના પણ નહિ. આવ્યું હતું? ધ્યાન-ધ્યેયાદિક સુતપ. પહેલા આવ્યું હતું. એને સુતપ કહ્યો. ધ્યાન-ધ્યેયાદિક સુતપ. એ પણ વિકલ્પવાળું હોવાથી કલ્પનામાત્ર રમ્ય છે. આની પહેલા આવ્યું હતું. આહાહા..! આકરું પડે જગતને. શું થાય? એકદમ આ માર્ગ? આવે છે ને પહેલો વ્યવહાર કરતા પરંપરા પાક થઈને નિશ્ચય થાય. એવું આવે છે ને? પાછળ. એ તો એક નિમિત્તથી કથન છે. નિશ્ચયનું ભાન છે એમાં આવો વ્યવહાર હોય છે. એની પરંપરા તોડીને અંદર સ્થિર થાય છે. આહાહા..! છે? અંદર આવી ગયું છે. પરંપરાએ નિશ્ચય થાય છે. આહાહા..! એનો અર્થ એ કે નિમિત્તનું જ્ઞાન કરાવ્યું.

અહીં તો એક જ વાત 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એ પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત (છે). એ આત્માને ધ્યેય બનાવી અને તેનું નિર્વિકલ્પ ધ્યાન, એક ધ્યાન જ ઉપાદેય છે. આહાહા..! એ જ કરવા લાયક અને આદરણીય એ એક જ છે. શુભભાવ આદિ કરવાલાયક અને આદરણીય નથી. આવે, હોય પણ એ જાણવા લાયક છે. આહાહા..! આવું આકરું કામ છે.

અહીં તો પહેલું બાંધ્યું છે કે **'અહીં (આ ગાથામાં), ધ્યાન એક ઉપાદેય છે એમ કહ્યું છે.'** અંતર સ્વરૂપ ચૈતન્ય પ્રભુ પૂર્ણાનંદ, પૂર્ણજ્ઞાન, પૂર્ણશાંત, પૂર્ણ વીતરાગ, પૂર્ણ પ્રભુતા આદિ પૂર્ણ ગુણનો પિંડ, પ્રભુ! એવો જે એકરૂપ આત્મા, એનું એકનું જ ધ્યાન તે આદરણીય છે. એનું ધ્યાન એક જ આદરણીય છે. પરમાત્માનું ધ્યાન, વીતરાગનું ધ્યાન એ પણ નહિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'સમાધિશતક'માં કહ્યું છે ને? 'સમાધિશતક'માં. દીવે દીવો થાય. ઝાડ ઘસાયને અગ્નિ થાય. આવે છે ને? આહાહા..! એ તો નિમિત્તથી કથન છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા, એનું જ્ઞાન જેણે લક્ષમાં લીધું, એ લક્ષમાં લઈને સર્વજ્ઞ પરમાત્મા હું છું, એમ દૃષ્ટિ કરે છે એને સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. અને બીજો, સીધો સર્વજ્ઞ હું છું એમ ધ્યાન કરે એને સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. 'સમાધિશતક'માં બે બોલ આવે છે ને? આહાહા..! માણસને મૂંઝવણ કરે એવી વાત છે.

આમ એમ કહ્યું કે એક જ આત્મા જે નિર્મળ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એ જ બેરૂપે પરિણમે છે. ઉપાય અને ઉપેય. એમાં રાગ અને વ્યવહાર ઉપાય અને એનું ફળ ઉપેય–મોક્ષ એમ છે નહિ. આહાહા..! એક જ આત્મસ્વભાવ. વિકાર એ આત્મા નથી, એ તો અનાત્મા છે. આત્મા એકલો ચિદાનંદ અનંતગુણનો પિંડ નિર્મળ સ્વભાવ, એ અપૂર્ણપણે પરિણમે તે સાધક છે, ઉપાય છે, એ જ કારણ છે અને પૂર્ણપણે પરિણમે તે કાર્ય અને તે ઉપેય અને તે એનું ફળ છે. એમાં ક્યાંય વચ્ચે વ્યવહાર આવ્યો એ જાણવાલાયક છે. આહાહા..! આવી વાત છે. આખો દિ' પાપ કરવા, આખો દિ' ધંધામાં (રોકાવું), બાયડી, છોકરા, કુટુંબ, ધંધો, ઘાણીની પેઠે આખો દિ' પાપમાં રોકાવું અને એને એમ કહેવું કે તારું પાપ તો પાપ છે જ... આહાહા..! પણ કદાચિત તું દયા, દાન અને વ્રત, ભક્તિ, પૂજા, દાનમાં આવ એ પણ વિકાર અને ઘોર સંસારનું કારણ છે. આકરું પડે. આહાહા..! એ આવી ગયું છે ને? ઘોર સંસારનું કારણ અને ઝેર છે. આઠ બોલ આવી ગયા ને? પ્રતિક્રમણ, પ્રતિસરણ, પંચ નવકારનું સ્મરણ અને એને આધારે અશુભનો ત્યાગ, એ શુભભાવ પણ ઝેર છે.

'પ્રભુનો મારગ છે શુરાનો, એ કાયરના નહિ કામ અહીં.' આહાહા..! એને કોઈ વ્યક્તિની સંખ્યાની કાંઈ જરૂર નથી. ઘણા માને તો એ સત્ય કહેવાય અને ઓછું માને, થોડા માને એ અસત્ય એમ કાંઈ નથી. સત્ય તો સત્ય જ છે.

એક જ આત્મા આનંદમૂર્તિ પ્રભુ! આહાહા..! અનાકુળ શાંત વીતરાગસ્વરૂપી પ્રભુ આત્મા, અનાદિઅનંત સદાય નિર્મળાનંદ પ્રભુ છે. એને આત્મા કહીએ. એ આત્માનું ધ્યાન તે એક જ ઉપાય છે, એક જ આદરણીય છે. અહીં પર્યાયને ઉપાદેય કહ્યું. ઉપાદેય તો ખરો આત્મા છે પણ આ આચરણના ઉપાયોમાં ઉપાય ક્યુ સાધન છે? કે આ ધ્યાન તે એક ઉપાદેય છે. આહાહા..!

આમ તો એક કારણપરમાત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ ત્રિકાળ કારણ દ્રવ્યસ્વભાવ અનંતગુણનું ધામ, એકલા અતીન્દ્રિય સુખનું, શાંતિનું ધામ, શાંતિ અને સુખનું, અનંત શાંતિ અને સુખનું ફળ, એ જ આદરણીય છે. પણ અહીં કહે છે, કે એ આદરણીય થઈને જે કંઈ પર્યાયમાં શુભાશુભ હોય તે આદરણીય નથી. એમ બતાવવા ધ્યાનને ઉપાદેય કહ્યું છે. આહાહા..! હવે અહીં હજી ૨૪ કલાકમાં બે ઘડી સાંભળવાનો વખત મળે નહિ, દેવદર્શન કરવાનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વખત મળે નહિ, વાંચન કરવું, શ્રવણ કરવાનો વખત મળે નહિ. હવે એને એમ કહેવું કે પ્રભુ! માર્ગ તો આ છે. આહાહા..! તું શ્રવણ કર કે ભક્તિ કર કે પૂજા કર કે એક કલાક હંમેશા ભગવાનની ભક્તિ કર, છતાં એ બધો શુભભાવ તે ઝેર છે. આહાહા..! ઘોર સંસારનું મૂળ છે. અર..ર.ર..!

મુમુક્ષુ :– પુણ્ય-પાપમાં ભેદ કરે એ પણ ઘોર સંસારનું કારણ?

ઉત્તર :– ભેદ જ નથી. ભેદ કરે એ ઘોર સંસારનું કારણ છે. 'પ્રવચનસાર'ની ૭૭મી ગાથા. પુણ્ય અને પાપમાં ભેદ પાડે કે પુણ્ય ઠીક અને પાપ અઠીક. '**हिंडदि घोरमपारं संसारं**' 'પ્રવચનસાર'ની ૭૭મી ગાથા. અહીં છે? 'પ્રવચનસાર'. '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**' કોઈ એમ ન માને કે પુણ્ય-પાપમાં કાંઈ વિશેષ નથી, ફેર છે-પુણ્ય ઠીક અને પાપ અઠીક, એમ પુણ્ય-પાપમાં કાંઈ ફેર છે એમ જે માને. '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो**' કાંઈ વિશેષ નથી. પુણ્ય અને પાપ, શુભ અને અશુભ બેય ભાવમાં કાંઈ ફેર નથી. આહાહા..! હવે આવું સાંભળવું. વેપાર કરવા કે આ ધંધો કરવો કે આ (કરવું)? આહાહા..! અરે..! પ્રભુ! મારગડા બહુ જુદા, ભાઈ! ભવભ્રમણ રહિત થવાના રસ્તા કોઈ અલૌકિક છે.

અહીં કહે છે, પુણ્ય-પાપમાં વિશેષ કાંઈ નથી. અહીં 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે. ગાથા ત્યાં પણ છે. શુભ અને અશુભ બે ભાવ છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના આ બે ભાવ છે. એ બે ભાવમાં વિશેષતા માને કે પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે. બેય સરખા છે, બેઉ એક જાતના ઘોર સંસારના કારણ છે. એને એક ન માનતા, વિશેષ માને. '**हिंडदि घोरमपारं संसारं**' '**हिंडदि घोरमपारं संसारं**' 'પ્રવચનસાર'માં આ પાઠ છે. '**मोहसंछण्णो**' આહાહા..! એ મિથ્યાત્વથી ઢંકાઈ ગયેલો છે. આહાહા..! પુણ્ય અને પાપ બે શુભ-અશુભભાવ, એમાં નિશ્ચયથી કાંઈ ફેર છે, એમ માને. પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે. '**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो**' મિથ્યાત્વથી ઢંકાયેલો, મિથ્યાત્વથી આચ્છાંદન થયેલો, ઘોર સંસારમાં '**हिंडदि**' એટલે રખડશે. આહાહા..! આવું કામ. 'પ્રવચનસાર'ની ૭૭ ગાથા. ઇ કહે છે.

'**(આ ગાથામાં), ધ્યાન એક ઉપાદેય છે એમ કહ્યું છે.**' આહાહા..! જેટલા અસંખ્ય પ્રકારના શુભ અને અસંખ્ય અશુભ, એ બધા છોડી દઈને એક સ્વરૂપનું ધ્યાન, સ્વરૂપને ધ્યેય બનાવીને ધ્યાન, એ ધ્યાન એક જ આદરણીય છે. શુભભાવ-અશુભભાવ આદરણીય નથી. આહાહા..! ધ્રુજી ઉઠે ને? એકાંત જ માનેને? 'સોનગઢ'વાળા એકાંત માને. પણ આ શાસ્ત્ર શું કહે છે? આહાહા..! વ્યવહારથી કાંઈ (માનતા નથી). ચરણાનુયોગમાં વ્યવહારની વાત બહુ આવે. આમ વ્રત પાળવા, આમ અતિચાર પાળવા, આનું આમ કરવું, આનું આમ કરવું. પ્રાયશ્ચિત લેવું પણ એ બધો ભાવ શુભ છે અને ઝેર છે, કહે છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જે કોઈ પરમજિનયોગીશ્વર...'** ઉત્કૃષ્ટ વાત લીધી છે ને? **'જે કોઈ પરમજિનયોગીશ્વર...'** જિનયોગીશ્વર. અન્યમતમાં તે હોતું નથી. પરમેશ્વર વીતરાગ જૈન પરમેશ્વરના પંથ સિવાય ક્યાંય સમ્યગ્દર્શન-જ્ઞાન હોતું નથી. કોઈ પંથમાં એ છે નહિ. આહાહા..! તેથી પરમજિન (કહ્યું). પરમજિન, એમાં પણ યોગીશ્વર. યોગીશ્વર મુનિ લીધા છે. આહાહા..! સ્વરૂપમાં જોડાણમાં પણ ઈશ્વર છે. સ્વરૂપના ધ્યાનમાં ઈશ્વર છે. **'સાધુ–અતિ આસન્નભવ્ય જીવ,...'** અતિ આસન્નભવ્ય જીવ. સંસારનો કિનારો છે હવે. કિનારો આવી ગયો છે. મોક્ષ સાદિઅનંત. આહાહા..! સંસાર અનાદિસાંત, એનું સાંતપણું નજીક આવી ગયું છે. અને સાદિઅનંત મોક્ષ નજીક છે હવે. આહા..! હાથવેંતમાં નથી કહેતા? આ વાત હાથવેંતમાં છે. એમ નજીક છે જેને, કહે છે. આહાહા..! જેનો આત્મા અંદરથી કબુલાત કરીને અંદર સ્વરૂપમાં જોડાણમાં ચડી ગયો છે.

**'પરમજિનયોગીશ્વર...'** એ પરમજિન કેમ લીધું છે? પરમજિન સિવાય ક્યાંય બીજો માર્ગ છે નહિ. જૈનમાં પણ અત્યારે ગોટાળા ઉઠ્યા છે. જૈન સંપ્રદાયને નામે ગોટાળા ઉઠ્યા છે. આ ધર્મધ્યાન, આ પડિક્કમણા કરો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, આ કરો. એનાથી કલ્યાણ થશે. આહાહા..! આ સામાયિક કરો, પડિક્કમણા કરો, ચઉવિસંત્તુ (કરો). સમકિત વિના સામાયિક કેવી? એ તો બધો શુભભાવ છે, રાગ છે, સંસાર છે, ઘોર સંસાર છે. આહાહા..!

**'જે કોઈ પરમજિનયોગીશ્વર સાધુ–અતિ-આસન્નભવ્ય જીવ,...'** જેને હવે સંસારનો તદ્દન અંત આવ્યો છે એવો, **'અધ્યાત્મભાષાએ પૂર્વોક્ત સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો...'** આહાહા..! પૂર્વોક્ત કહ્યો એવો આત્મા... આહાહા..! એ આત્મામાં-સ્વઆત્મામાં, પર આત્મામાં નહિ. તીર્થંકર કે અરિહંત કે સિદ્ધ કે પંચ પરમેષ્ઠી એ પર છે. પરના ધ્યાનમાં તો રાગ થાય છે, વિકલ્પ થાય છે. આહાહા..! એ તો સંતો બહાર પાડે. જેને દુનિયાની દરકાર નથી. દિગંબર મુનિઓ જગતને જાહેર કરે. આહાહા..! અમને પણ સ્મરણ કરતાં તને રાગ (થશે) અને રાગ તે ઘોર સંસારનું કારણ છે, એ તો દિગંબર સંતો કહે. આહાહા..!

**'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો...'** સ્વાત્માશ્રિત જોયું? ધર્મધ્યાન. એ નિશ્ચયધર્મધ્યાન. વ્યવહારે શુભભાવ આવ્યો હતો. આ નિશ્ચયધર્મધ્યાન. આહાહા..! જ્ઞાનાનંદ પ્રભુ આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન છે. એમાં જેનો આશ્રય છે, આત્માનો આશ્રય છે. રાગ ને પુણ્ય ને વિકલ્પનો આશ્રય છોડી દીધો છે. જેને નિશ્ચય સ્વઆત્મા આશ્રય **'નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો...'** આહાહા..! અંતર આત્મામાં શુદ્ધમાં, પવિત્રમાં. આખો આત્મા પવિત્રનો પિંડ છે. વિકાર અને સંસાર છે એ તો એક સમયની પર્યાય ઉપર વિકાર છે. એ ઉપર ઉપર છે. દ્રવ્યસ્વભાવમાં એ છે નહિ. દ્રવ્યસ્વભાવ તો પરમાત્મા પૂર્ણ છે. ત્યાં અપૂર્ણતા અને વિપરીતતા જરીએ નથી. એવું જે સ્વાત્માશ્રિત ધર્મધ્યાન. આહાહા..!

**'નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો અભેદરૂપે સ્થિત રહે છે,...'** આહાહા..! એ સ્વરૂપમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અભેદરૂપ. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એવા ભેદના વિકલ્પો પણ કરતો નથી. આહાહા..! આવી વાત છે. **'અભેદરૂપે...'** ચિદાનંદ ચિદ્‌ઘન પ્રભુ, ચૈતન્યના પ્રકાશનું પૂર, નૂર ધ્રુવ, તેમાં અભેદરૂપે સ્થિર રહ્યો થકો. જેમાં ભેદ પણ નથી કે હું ધ્યાન કરું છું અને આ ધ્યાતા છું. આત્મા ધ્યાતા છે અને ધ્યાન કરવા લાયક છે, એ ભેદ જેમાં નથી. આહાહા..! આકરું પડે. ગૃહસ્થાશ્રમને માટે બીજો કોઈ માર્ગ નહિ હોય? માર્ગ છે, એ હળવો આત્માનો આશ્રય લે છે. મુનિ છે એ ઉગ્રપણે આશ્રય લે છે. એટલો ફેર છે. બાકી આત્માના આશ્રયનો બેયનો માર્ગ તો એક જ છે. આહાહા..! આવો માર્ગ છે.

**'અભેદરૂપે સ્થિત રહે છે, અથવા સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું...'** આહાહા..! સકળ ક્રિયાકાંડ. આમ ભક્તિ કરવી, આમ પૂજા કરવી, આ વ્રત કરવા, આ કરવું, તે કરવું. એવા જે વિકલ્પો રાગ છે, એ સકળ ક્રિયાકાંડથી રહિત. આહાહા..! **'સકળ ક્રિયાકાંડના આડંબર...'** એને આડંબર કહ્યો. આહાહા..! બહારમાં દેખાય. દસ-દસ લાખ ખર્ચે, ગજરથ કાઢે, મોટા હાથીના રથ કાઢે અને લાખો માણસ ભેગા થાય. લ્યો. બાહુબલીજીમાં હજાર વર્ષનું છે અને લાખો માણસ ભેગા થાય. અને હો-હા.. હો-હા... પાણીથી અભિષેક કરશે, આ કરશે, તે કરશે, બોલી કરશે. પછી પાંચ, દસ, વીસ લાખ ભેગા કરશે. એ બધી વાતું બહારની છે, એ ધર્મ નથી. આહાહા..! આવી વાત છે. આકરી વાત છે, ભાઈ! વાત જીરવવી આકરી છે. બહારમાં એટલા ઘૂંચી ગયા છે. રાગ ને દ્વેષ ને વિકાર, મિથ્યાત્વમાં એટલા ઊંડા ઘૂંચી ગયા છે. એનાથી આ રહિત સાંભળવાની વાત આકરી પડે એવી છે. આહાહા..!

એકલો **'અભેદરૂપે સ્થિત રહે છે, અથવા સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું...'** એ ક્રિયાકાંડ એ આડંબર છે. આહાહા..! આ વ્રત પાળ્યા, ક્રિયાઓ કરી, દસ અપવાસ કર્યા, ચોવિહારા અપવાસ કર્યા, વરઘોડા કાઢ્યા અને દસ-દસ ઉપવાસમાં ઘરે-ઘરે ૨૫-૨૫, ૫૦-૫૦ રૂપિયાનું લ્હાણું કરે. હજાર ઘર હોય તો પાંચ હજાર (વાપરે). એ બધી વાતું બહારની છે, બાપા! આહાહા..! એ બધી ક્રિયા તો પરની છે પણ કદાચિત એમાં ભાવ થતો હોય તો શુભભાવ છે. જે શુભભાવને અહીં ઘોર સંસારનું મૂળ કહ્યું. આહાહા..! આકરું લાગે. વાડામાં તો રહેવા ન દે. વાડામાં આવી વાત! આહાહા..!

મુમુક્ષુ :– વાડાવાળા અહીં આવે છે. વાડા તોડીને આવે છે.

ઉત્તર :– આવે છે ને બિચારા. તેને છોડીને, આગ્રહ છોડીને આવે છે. વાડાના આગ્રહી હોય એ કહે, નહિ.. નહિ... વોસરે.. વોસરે કીધું ને? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ કીધું ધર્મ નથી. એ અધર્મ છે. (સંવત) ૧૯૮૫ની સાલમાં, પોષ મહિનો. 'બોટાદ'માં હજારો માણસો વ્યાખ્યાનમાં હતું. અપાસરામાં માય નહિ. પાછળ ગલી ભરાય જાય. ઘણું માણસ. ત્રણસો ઘર. બધા માણસ સાંભળવા આવે. એમાં આ વાત આવી કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી અધર્મ છે. હાય.. હાય.. ધ્રુજી ઉઠે. અને પંચમહાવ્રતના પરિણામ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે આસ્રવ છે. આહાહા..! એ ધર્મ નથી, સંવર નથી. સભા તો સાંભળતી હતી. ઘણું માણસ. આખી સભા ભરાતી. શેઠિયાઓ, ગૃહસ્થો બધા ૫૦-૫૦ હજારની પેદાશવાળા શેઠિયાઓ. તે દિ'... તે દિ'. કેટલા વર્ષ થયા? ૫૧ વર્ષ પહેલાની વાત છે. 'કાનજીસ્વામી' વ્યાખ્યાન વાંચવા બેઠા છે એટલે માણસો સમાય નહિ. કીડીની પેઠે ભરાય. આ વાત આવી ત્યાં લોકો કોઈ ન (બોલ્યા) પણ એક સાધુ બેઠા હતા એ કહે, વોસરે... વોસરે. આ અમારે જોઈએ નહિ. આ વાત જોઈએ (નહીં) આ જોઈએ (નહીં). વોસરે સમજાણું? આહાહા..! આ વાત અમારે સાંભળવી જોઈએ નહિ, શ્રદ્ધવી ન જોઈએ. સભા મોટી હતી. હું સમજ્યો હતો કે આ બોલે છે. પછી મેં કહ્યું તમારે મૌન રહેવું હતું ને. નહોતું માનવું. તમારું સભામાં કોણે સાંભળ્યું? સભામાં માન હતું ત્યારે કહ્યું. સંપ્રદાયમાં પણ માન હતું. જ્યાં જઈએ ત્યાં હજારો માણસો (આવે). ૧૯૭૪ની સાલથી. ૬૧-૬૨ વર્ષ થયા. સભા ભરાય. સંપ્રદાયમાં ખરું ને. મુહપત્તિ, રજોણું. આપણા મહારાજ છે. આહાહા..!

અહીં કહે છે, **'ક્રિયાકાંડના આડંબર વિનાનું...'** એક વાત. શું? ધ્યાન. આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો પિંડ છે. અતીન્દ્રિય વીતરાગસ્વરૂપ છે એવો જે આત્મા અંદર છે એને **'ક્રિયાકાંડના આડંબર વિનાનું...'** ધ્યાન. ક્રિયાકાંડનું ધ્યાન તે ધ્યાન નથી, એ તો રાગ છે, આર્તધ્યાન છે. આહાહા..! **'અને વ્યવહારનયાત્મક ભેદકરણ...'** આહાહા..! છે? **'ભેદ કરવા તે; ભેદ પાડવા તે. [સમસ્ત ભેદકરણ—ધ્યાન-ધ્યેયના વિકલ્પ સુદ્ધાં—વ્યવહારનયસ્વરૂપ છે.]'** આવું આત્માનું ધ્યાન કરું. ધ્યાતા આત્મા, ધ્યાન એમ ભેદ પાડવા, એવો વિકલ્પ-રાગ ઊઠે એ પણ દુઃખદાયક છે, કલ્પનામાત્ર છે. આહાહા..! આકરી વાતું બહુ, બાપુ! આહાહા..!

**'વિકલ્પ વિનાનું,...'** આડંબર વિનાનું, વિકલ્પ વિનાનું, વ્યવહારનયના ભેદ વિનાનું અને **'સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર...'** પાંચે ઇન્દ્રિયો અને મન, એનાથી અગમ્ય એવો ભગવાનઆત્મા અંદર છે. આહાહા..! પાંચે ઇન્દ્રિયો અને મનથી અંદર ભિન્ન છે. ચૈતન્યસત્તા આત્મતત્ત્વ અનંત ગુણનો પિંડ, એ ઇન્દ્રિયોથી અગોચર છે. ઇન્દ્રિયોથી ગમ્ય નથી, ઇન્દ્રિયથી જણાય એવો નથી. આ સાંભળીને ઇન્દ્રિયથી જણાય એવો નથી, એમ કહે છે. આહાહા..! આવ્યું કે નહિ એમાં ઇન્દ્રિય? ઇન્દ્રિયથી સાંભળ્યું અને સાંભળવાથી જણાય એવો નથી. આહાહા..! આકરું કામ ભારે, ભાઈ!

કોને પડી છે? આહા..! ચોરાશીના અવતારમાં રખડવા આડે ક્યાંય... આહાહા..! માણસ મોટો, કરોડાધિપતિ, અબજોપતિ હોય, મરીને ભૂંડમાં જાય. આહાહા..! ઢેઢગરોળીને કૂંખે અવતરે. આહાહા..! આવો સંસાર છે. ઘોર સંસારનું આર્તધ્યાન. એમાંથી સુગતિ, પુણ્ય, બે-ચાર-પાંચ કલાક શુભભાવ કરવા, વાંચન (કરવું), એ વખત ક્યાં છે? એકાદ કલાક મળે તો કરી આવે ક્યાંક સામાયિક કાં ભક્તિ ને કાં પૂજા (કરે), એમાં જરી કોઈ શુભભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય. બાકી ૨૩ કલાકનું આર્તધ્યાન. એરણની ચોરી અને સોયનું દાન. આહાહા..! એના પુણ્ય પણ ક્યાં છે. આહાહા..! બહુ આકરું કામ છે, બાપુ! વીતરાગ તો જેમ સત્ય હોય તેમ કહે. એને કાંઈ દુનિયાની પડી નથી. ઓહોહો..!

કહે છે, **'ધ્યાન-ધ્યેયના વિકલ્પ વિનાનું, સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર એવું જે પરમ તત્ત્વ—'** પરમતત્ત્વ. ભગવાનઆત્મા પરમ ચૈતન્ય હીરલો અંદર. ચૈતન્યહીરો અંદર અનંત ગુણની ખાણ, જેમાં અનંત હીરા-ગુણ ભર્યા છે. આહાહા..! કેમ બેસે? લાખ-બે લાખનું એક મણિરત્ન જ્યાં મળી જાય ત્યાં ખુશી-ખુશી થઈ જાય. આહાહા..! આ તો અનંત અનંત ગુણના મણિરત્નથી ભરેલો ભગવાન છે. એક એક આત્મા એવો ભરેલો ભગવાન છે એમ પરમાત્માએ ફરમાવ્યું છે. એની સામું જોવાની તને ફૂરસદ નથી. આહા..! અને પામર સામું જોવાને તલ્લીન થઈ ગયેલો છો. પ્રભુ સામે જોતો નથી અને પામર સામે તલ્લીન થઈ ગયો. આહાહા..!

**'ઇન્દ્રિયસમૂહથી અગોચર એવું જે પરમ તત્ત્વ—શુદ્ધ અંતઃતત્ત્વ,...'** જોયું? એનો અર્થ કર્યો. **'શુદ્ધ અંતઃતત્ત્વ,...'** અંતઃતત્ત્વ આત્મા પરમાત્મસ્વરૂપ આનંદકંદ, શાંતની મૂર્તિ, અવિચળ જ્ઞાન, અવિચળ આનંદ, અવિચળ વીતરાગતા, એવી અનંત શક્તિઓનો સાગર ભગવાન, એવું પરમતત્ત્વ, અંતઃતત્ત્વ **'તે સંબંધી ભેદકલ્પનાથી નિરપેક્ષ...'** એવું **'શુદ્ધ અંતઃતત્ત્વ, તે સંબંધી ભેદકલ્પનાથી નિરપેક્ષ...'** આહાહા..! એમાં ભેદ પણ નહિ. શુક્લધ્યાન લેવું છે ને? **'નિરપેક્ષ = ઉદાસીન; નિઃસ્પૃહ; અપેક્ષા વિનાનું. [નિશ્ચયશુક્લધ્યાન શુદ્ધ અંતઃતત્ત્વ સંબંધી ભેદોની કલ્પનાથી પણ નિરપેક્ષ છે.]'** એવા **'નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપે...'** આહાહા..! **'સ્થિત રહે છે,...'** આહાહા..! પંચમઆરામાં પણ સંતો આવો ઉપદેશ કરે છે. ધ્યેય ઊંચું છે ને! આવા શુક્લધ્યાનમાં સ્થિત રહે છે. પોતાને ઉગ્રપણે ભલે ધર્મધ્યાન છે પણ અંદર શુક્લધ્યાનમાં આગળ વધવાનો ધ્યેય છે. આહાહા..! પંચમઆરામાં શુક્લધ્યાનનો અભાવ (હોવા) છતાં શુક્લધ્યાનમાં સ્થિત રહે એવી ભાવના જણાવે છે. આહાહા..!

**'તે (સાધુ) નિરવશેષપણે...'** કાંઈ બાકી રાખ્યા વિના **'અંતર્મુખ હોવાથી...'** અંતર્મુખમાં કાંઈપણ બાકી ભેદકલ્પના, વિકલ્પથી બાકી રાખ્યા વિના... આહાહા..! આવો જે ભગવાન અંદર બિરાજે છે પરમ અતીન્દ્રિય આનંદનો (નાથ) પ્રભુ, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અંદર બિરાજે છે. કેમ બેસે? આખો દિ' આત્મા... આત્મા... આત્મા સાથે જ વાતું કરવી, એ ભૂલીને આ પરની સાથે વાતું કરવી, એ શી રીતે બેસે? આહાહા..! આવો જે આત્મા અંદર અનંત અનંત ગુણના રતનનો હીરો ભરેલો છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' સિદ્ધનું સ્વરૂપ છે તેવું આ આત્માનું સ્વરૂપ અંદર છે. આહાહા..!

એમાં **'સ્થિત રહે છે, તે (સાધુ) નિરવશેષપણે અંતર્મુખ હોવાથી...'** એ સાધુ પરની કોઈ અપેક્ષા વિના **'અંતર્મુખ હોવાથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહરાગદ્વેષનો પરિત્યાગ કરે**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે;...'** આહાહા..! **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ...'** પ્રશસ્ત એટલે શુભરાગ. મોહ-શુભમોહ, અશુભમોહ એનો સર્વથા ત્યાગ કરે છે. આહાહા..! એની દૃષ્ટિમાં તો પહેલી આ વાત બેસવી જોઈએ કે આ આ પ્રમાણે થાય ત્યારે તેને શુક્લધ્યાન કહેવાય. એમ દૃષ્ટિમાં તો એને પહેલું બેસવું જોઈએ. આહાહા..!

**'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહરાગદ્વેષનો પરિત્યાગ કરે છે;...'** પરિત્યાગ કરે છે એમ કહ્યું. પરિ—સમસ્ત પ્રકારે અંદર છોડે છે. આહાહા..! અંતર આનંદનો સાગર ભગવાન ડોલે છે એમાં લીન થાય છે. આહાહા..!

**'તેથી (એમ સિદ્ધ થયું કે) સ્વાત્માશ્રિત એવાં જે નિશ્ચયધર્મધ્યાન...'** સ્વ આત્મા આશ્રયે નિશ્ચયધર્મધ્યાન **'અને નિશ્ચયશુક્લધ્યાન, તે બે ધ્યાન જ સર્વ અતિચારોનું પ્રતિક્રમણ છે.'** લ્યો. બધા પાપોનું, અતિચારોનું પ્રતિક્રમણ આ ધ્યાન છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન. આહાહા..! આકરી વાત. હજી વ્યવહારના ઠેકાણા ન મળે, વ્યવહારથી નવરાશ ન મળે. ધંધા આડે આખો દિ' પાપ. સવારથી દુકાન ઉઘાડીને એય.. બરાબર સાફ કરીને ધ્યાન રાખે, ઘરાકને જોવે, કોણ આવ્યું અને કોણ આવે છે? શું આવે છે? આહાહા..! હવે એને આ આત્મા આવો ક્યારે બેસે? અને જન્મમરણ ક્યારે ટળે? પરિભ્રમણ ચાર ગતિના દુઃખ... આહાહા..! એ ટાળવાનો ઉપાય આ એક છે.

નિશ્ચય **'સ્વાત્માશ્રિત એવાં જે નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન, તે બે ધ્યાન જ...'** બે ધ્યાન જ. એ સિવાય કોઈ વાત નહિ. આહાહા..! અંદર શુભરાગનો વિકલ્પ (ઉઠે) એ પણ નહિ. **'સર્વ અતિચારોનું પ્રતિક્રમણ...'** બધા પાપોનું પ્રતિક્રમણ એ છે. અંતરમાં ધ્યાનમાં સ્થિર થઈ જવું એ બધા પાપોનો–અતિચારનો ત્યાગ છે. ત્યાં પાપનો ત્યાગ થઈ જાય છે. આહાહા..! બહારથી પાપનો ત્યાગ કરીને બેઠો એ ધર્મ છે નહિ. આહાહા..! હિંસા ન કરી, જૂઠું ન બોલ્યો, બહારમાં શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, એ કાંઈ વસ્તુ નથી. આહાહા..! આકરું કામ. સાંભળવું કઠણ પડે. આ તે વીતરાગ આમ કહેતા હશે? જૈન પરમેશ્વર, વીતરાગ જૈન પરમેશ્વર, એણે આમ કહ્યું એ સંતો જગતને જાહેર કરે છે. આહાહા..! **'બે ધ્યાન જ સર્વ અતિચારોનું પ્રતિક્રમણ છે.'**

## શ્લોક–૧૨૪

(अनुष्टुभ्)

शुक्लध्यानप्रदीपोऽयं यस्य चित्तालये बभौ।
स योगी तस्य शुद्धात्मा प्रत्यक्षो भवति स्वयम्।।१२४।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[હવે આ ૯૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ]**

**[શ્લોકાર્થ :-] આ શુક્લધ્યાનરૂપી દીપક જેના મનોમંદિરમાં પ્રકાશ્યો, તે યોગી છે; તેને શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે. ૧૨૪.**

## શ્લોક-૧૨૪ ઉપર પ્રવચન

**'[હવે આ ૯૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ]'**

**शुक्लध्यानप्रदीपोऽयं यस्य चित्तालये बभौ।**
**स योगी तस्य शुद्धात्मा प्रत्यक्षो भवति स्वयम्।।१२४।।**

આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ. ૯૦૦ વર્ષ પહેલા થયા. એ આ વાત કરે છે. ભગવાનની કહેલી આ વાત છે. આ 'નિયમસાર' 'કુંદકુંદાચાર્યે' કીધું, મેં મારા માટે બનાવ્યું છે. આ 'નિયમસાર' તો મેં મારા માટે બનાવ્યું છે. તમે સાંભળો અને સમજો, બાકી મેં તો મારા આત્મા માટે બનાવ્યું છે. આહાહા..!

**શ્લોકાર્થ :- 'આ શુક્લધ્યાનરૂપી દીપક...'** શુક્લધ્યાન લીધું. જોયું? ઉત્કૃષ્ટ. **'જેના મનોમંદિરમાં પ્રકાશ્યો,...' 'આ શુક્લધ્યાનરૂપી દીપક જેના મનોમંદિરમાં પ્રકાશ્યો, તે યોગી છે;...'** આહાહા..! તે યોગી. પણ અન્યમતિના યોગી નહિ, હોં! ભગવાને જે આત્માનું આનંદ સ્વરૂપ કહ્યું, એમાં યોગી એટલે જોડાઈ જાય છે તે યોગી. યોગ એટલે એમાં જોડાય એટલે યોગી. યોગી એટલે ઓલા બાવા યોગી થાય એ નહિ. એ તો બધા અજ્ઞાનીને કાંઈ ભાન ન મળે. આહાહા..! આવા **'તે યોગી છે; તેને શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે.'** આહાહા..! પંચમઆરાના મુનિ આ વાત જોરથી કરે છે. જેને દુનિયાની પડી નથી. આવી વાત કરતા સમાજમાં સમતોલ રહેશે કે નહિ? સાધારણ પ્રાણી આને કેમ સ્વીકારશે? આહાહા..! ઉછળક થઈ જશે. આહાહા..! થાઓ દુનિયા તો ઉછળક અનાદિથી અજ્ઞાનથી પડેલી જ છે. અજ્ઞાનમાં અથડાણા છે. આહાહા..!

આવા જે **'શુક્લધ્યાનરૂપી દીપક જેના મનોમંદિરમાં પ્રકાશ્યો, તે યોગી છે;...'** આહાહા..! **'તેને શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે.'** શુદ્ધ આત્મા પ્રત્યક્ષ હોય છે. આહાહા..! તેને શુદ્ધ આત્માનું પ્રત્યક્ષ વેદન હોય છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનું વેદન હોય છે. એ પ્રત્યક્ષ છે. કોઈ વિકલ્પ અને રાગ અને મનનો આશ્રય ત્યાં છે નહિ. આહાહા..! કાલે હતું એવું આજે આવ્યું. આવી વાત છે. આહાહા..!

એવા મુનિને **'શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે.'** ત્યારે કોઈ કહે, આટલી બધી મોટી વાત કરે (એ) અમારાથી થઈ શકે નહિ. પણ પહેલી પ્રતીત તો કર. શ્રદ્ધા તો કર કે માર્ગ આ છે, આ સિવાય કોઈ માર્ગ છે નહિ. આહાહા..! અંદર સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રકાશ ચૈતન્યની ચમત્કારી મૂર્તિ પડી છે. એવું જે વીતરાગસ્વરૂપ, તેના ધ્યાનમાં રહે... આહાહા..! એ **'શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે.'** એને અંદર સ્વયં પ્રત્યક્ષ હોય છે. પ્રત્યક્ષ આત્મા એટલે પર્યાયમાં પ્રત્યક્ષ જણાય છે. એને પરોક્ષ હોતો નથી. જોયું? કેવળજ્ઞાન પહેલા શુક્લધ્યાનમાં પ્રત્યક્ષ થાય છે એમ કહે છે. આહાહા..! એવી અહીંયાં નીચે ધર્મધ્યાનમાં પ્રતીત કરાવે છે. આહાહા..! એમ કહે છે, તું મુંઝા નહિ. આવી વસ્તુ થઈ શકે છે. શુક્લધ્યાન આવી સ્થિતિ છે અને આમ બની શકે છે, એવી પ્રતીતમાં લાવ. પ્રતીતમાં લાવ અને સ્વનો આશ્રય કર. એ વિના બીજો કોઈ ઉપાય તરવાનો છે નહિ.

ચોરાશીના અવતારમાંથી નીકળવાનો બીજો કોઈ ઉપાય નથી. બાકી અનંતકાળથી પરિભ્રમણમાં કચડાઈ ગયો. તલને જેમ ઘાણીમાં પીલે એમ ચોરાશીના અવતારમાં પીલાણો છે. આહાહા..! એક પછી એક, એક પછી એક મર્યો ત્યાં બીજે અવતરે. નિગોદમાં તો એક શ્વાસમાં અઢાર ભવ. આહાહા..! કેમ હશે? ત્યાં શું થયું હશે? એક શ્વાસમાં અઢાર ભવ કરે. આ લસણ, ડુંગળી, બટાટા-આલુ નથી કહેતા અત્યારે. મૂળાનો કાંદો, આલુમાં જરી એ પ્રશ્ન ઉઠે છે. કોઈ પ્રત્યક કહે એ પ્રશ્ન ઉઠ્યો છે. પણ આ લસણ, એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ અને એક એક જીવ અનંત... અનંત... અનંત... અનંત આનંદનો સ્વામી છે. આહાહા..! કેમ બેસે? મોટો બહાર વૈભવ હોય ઇ બેસે. કે આને પચાસ લાખ, મળ્યા, કરોડ મળ્યા, પાંચ કરોડ મળ્યા, ધૂળ મળી, રાજા થયો, રૂપાળું શરીર મળ્યું, દસ-પચ્ચીસ રાણીઓ મળી, દીકરા પચાસ થયા તે બધા રળાઉ થયા. પચ્ચીસ-પચાસ લાખના આસામી રળાઉ-રળાઉ. જગતને એ બધા પાપના ભભકા બેસે. આહાહા..! આ અંદરના ભભકાની વાત અંદર બેસે નહિ. એ બેસાડવા આ વાત કરે છે. ભલે શુક્લધ્યાન (અત્યારે) હોય નહિ. આહાહા..!

શુક્લધ્યાનની દશા આવી હોય, જેમાં આત્મા સ્વયં પ્રત્યક્ષ થાય. આહાહા..! સ્વયં પ્રત્યક્ષ થાય. એમ પ્રતીત તો કર, શ્રદ્ધામાં તો લે. ન બની શકે એમ ન માન. આમ ન બની શકે અને આમ ન થઈ શકે, એમ ન માન. આહાહા..! છે? **'તેને શુદ્ધ આત્મા સ્વયં...'** સ્વયં પ્રત્યક્ષ થઈ જાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# ગાથા-૯૪

**पडिकमणणामघेये सुत्ते वण्णिदं पडिक्कमणं।**
**तह णच्चा जो भावइ तस्स तदा होदि पडिक्कमणं।।९४।।**

**प्रतिक्रमणनामधेये सूत्रे यथा वर्णितं प्रतिक्रमणम्।**
**तथा ज्ञात्वा यो भावयति तस्य तदा भवति प्रतिक्रमणम्।।९१।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अत्र व्यवहारप्रतिक्रमणस्य सफलत्वमुक्तम्।

यथा हि निर्यापकाचार्यैः समस्तागमसारासारविचारचारुचातुर्यगुणकदम्बकैः प्रतिक्रमणाभिधानसूत्रे द्रव्यश्रुतरूपे व्यावर्णितमतिविस्तरेण प्रतिक्रमणं, तथा ज्ञात्वा जिननीतिमलंघयन् चारुचरित्रमूर्तिः सकलसंयमभावनां करोति, तस्य महामुनेर्बाह्यप्रपंचविमुखस्य पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहस्य परमगुरुचरणस्मरणासक्तचित्तस्य तदा प्रतिक्रमणं भवतीति।

---

**પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને**
**ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.**

અન્વયાર્થ :– [प्रतिक्रमणनामधेये] પ્રતિક્રમણ નામના [सूत्रे] સૂત્રમાં [यथा] જે પ્રમાણે [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ [वर्णितं] વર્ણવવામાં આવ્યું છે [तथा ज्ञात्वा] તે પ્રમાણે જાણીને [यः] જે [भावयति] ભાવે છે, [तस्य] તેને [तदा] ત્યારે [प्रतिक्रमणम् भवति] પ્રતિક્રમણ છે.

ટીકા :– અહીં, વ્યવહાર પ્રતિક્રમણનું સફળપણું કહ્યું છે (અર્થાત્ દ્રવ્યશ્રુતાત્મક પ્રતિક્રમણસૂત્રમાં વર્ણવેલા પ્રતિક્રમણને સાંભળીને-જાણીને, સકળ સંયમની ભાવના કરવી તે જ વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું-સાર્થકપણું છે એમ આ ગાથામાં કહ્યું છે).

સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય તેમ જ ગુણસમૂહના ધરનાર નિર્યાપક આચાર્યોએ જે પ્રમાણે દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણનામક સૂત્રમાં પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે, તે પ્રમાણે જાણીને જિનનીતિને અણ ઉલ્લંઘતો થકો જે સુંદરચારિત્રમૂર્તિ મહામુનિ સકળ સંયમની ભાવના કરે છે, તે મહામુનિને- કે જે (મહામુનિ) બાહ્ય પ્રપંચથી વિમુખ છે, પંચેંદ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે અને પરમ ગુરુના ચરણોના સ્મરણમાં આસક્ત જેનું ચિત્ત દેહમાત્ર જેને પરિગ્રહ છે અને પરમ ગુરુનાં ચરણોના સ્મરણમાં આશક્ત જેનું ચિત્ત છે, તેને-ત્યારે (તે કાળે) પ્રતિક્રમણ છે.

---

**પ્રવચન નં. ૯૭, શ્લોક-૧૨૫, ગાથા-૯૪, બુધવાર, માગશર વદ ૨, તા.૦૫-૧૨-૧૯૭૯**

---

'નિયમસાર' ગાથા-૯૪.

**पडिकमणणामधेये सुत्ते वण्णिदं पडिक्कमणं।**
**तह णच्चा जो भावइ तस्स तदा होदि पडिक्कमणं।।९४।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને**
**ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.**

**‘ટીકા :– અહીં, વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું કહ્યું છે...’** વ્યવહાર પ્રતિક્રમણ જે આવે એ તો શુભરાગ છે. સામાયિક, પ્રતિક્રમણ શુભરાગ આવે પણ એનું સફળપણું કહ્યું છે. **‘(અર્થાત્ દ્રવ્યશ્રુતાત્મક પ્રતિક્રમણસૂત્રમાં વર્ણવેલા પ્રતિક્રમણને સાંભળીને–’** એ દ્રવ્ય પ્રતિક્રમણ સાંભળીને અને એનો વિકલ્પ આવે, એને **‘જાણીને, સકળ સંયમની ભાવના કરવી...’** આહાહા..! આ વ્યવહાર છે તેમાં રોકાવું નહિ. સકળ સંયમ, નિર્વિકલ્પ આનંદ શાંતિ આત્મા, તેની **‘ભાવના કરવી તે જ વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું...’** છે. નહિતર તો અફળપણું છે. નિશ્ચય અંતર આત્મા, આનંદસ્વરૂપ આત્મા, એના અનુભવ વિના એકલું વ્યવહાર પ્રતિક્રમણ નિષ્ફળ છે. સફળ છે, પુણ્યબંધનું કારણ છે. સંસારમાં રખડવાનું કારણ છે. આહાહા..!

જેટલી વ્યવહાર ક્રિયા કીધી, દાન, દયા, વ્રત, ભક્તિ, પૂજા, પ્રતિક્રમણ, સામાયિક, વંદન, પચખાણ એ બધા શુભભાવ હોય છે પણ એ શુભભાવનું ફળ ક્યારે આવે? એને છોડીને અંતર શુદ્ધમાં જાય. અંતર આનંદસ્વરૂપમાં જાય એને વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું, નિમિત્તપણું કહેવામાં આવે. આહાહા..! આ વ્યવહાર ક્રિયાકાંડ જે કહેવાય છે એનું સફળપણું ક્યારે કહેવાય? કે એને છોડીને અંતર ભાવના આનંદસ્વરૂપ, શુદ્ધ આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, નિર્વિકલ્પ આનંદમાં રમે, એની ભાવના કરે, એ વ્યવહારનું ફળ અથવા તો એને નિમિત્ત કહેવાય.

અંતરમાં જો નિશ્ચય પ્રતિક્રમણમાં ન જાય, નિશ્ચય પ્રતિક્રમણ આનંદસ્વરૂપ, નિર્વિકલ્પ આનંદના અનુભવમાં ન જાય અને વ્યવહાર પ્રતિક્રમણ દયા, દાન, વિકલ્પમાં રોકાય તો એનું ફળ સંસાર છે. આવું કામ છે. સફળપણું કહ્યું. પણ એ વ્યવહાર છોડીને અંદર જાય તો વ્યવહાર નિમિત્ત કહેવાય. આહાહા..! વ્યવહારના જેટલા ક્રિયાકાંડ કરવામાં આવે છે, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ બધો શુભભાવ કયારે સફળ કહેવાય? કે તેને છોડીને અંતર નિર્વિકલ્પ આનંદમાં જાય, શુદ્ધ સ્વરૂપ અનુભવમાં જાય, શુદ્ધની ભાવના કરે તો વ્યવહારનું ફળ આવ્યું કહેવાય. ફળ એટલે એને છોડીને આવવું એ કરવાનું છે. વ્યવહાર કરવાનો એકલો વ્યવહાર કરવાનો નથી. આહાહા..!

અહીં તો હજી વ્યવહારના, નિવૃત્તિના ઠેકાણા નથી. ધંધા, પાણી આખો દિ’. આ ધંધો, આ પાપ, આ વેપાર, આ પૈસા, આ દીધા અને આ લીધા, આ ખર્ચ્યા, આ પૈસા આટલા પેદા થયા, આટલો માલ આવ્યો, આટલો નવો આવ્યો, આટલો જૂનો હતો. આહાહા..! અરે..રે..! એ તો આખી જિંદગી પાપ છે. એકલું પાપ. ધર્મ તો નહિ, પુણ્ય પણ નહિ.

અહીં તો કહે છે કે એ પાપથી ખસીને પુણ્યમાં–શુભભાવમાં આવ્યો, વ્યવહારપ્રતિક્રમણમાં આવ્યો, અશુભ છોડીને શુભમાં, અશુભને છોડીને શુભમાં આવ્યો છતાં એ શુભનું ફળ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને છોડીને નિશ્ચય શુદ્ધનો અનુભવ કરે તો વ્યવહારને વ્યવહાર કહેવાય. અને વ્યવહારમાં જ એકલો રહે, અંતર આત્માના આનંદના અનુભવમાં ન જાય તો એ વ્યવહાર સંસારનું કારણ, રખડવાનું કારણ છે. છે? આહાહા..! આખો દિ' નવરાશ (ન મળે). શુભભાવ કરવાનો વખત મળે નહિ, ધંધા-પાણી આડે. એમ હશે કે નહિ? .... અમારે પણ દુકાનમાં એમ હતું. સવારથી સાંજ સુધી એક જ વાત. ગામમાં સાધુ આવે તો સામું જોવે નહિ. રાત્રે આઠ વાગે આવીને જાય. આઠ વાગે જાય. નવરા થઈને કલાક સાંભળવા જાય. અરે..રે..! શુભભાવનો પણ અવસર નહિ.

અહીં તો કહે છે કે શુભભાવનો અવસર પડિક્કમણા, સામાયિક, પૌષધ ને એ કર્યું પણ એ શુભભાવ છે. એ શુભભાવને શુભભાવના ફળ તરીકે એને છોડીને નિશ્ચયમાં જાય તો શુભને શુભ તરીકે વ્યવહાર તરીકે કહેવાય ને શુભને છોડીને અંદરમાં ન જાય અને શુભમાં જ રહે તો સંસારમાં રખડતો રહે. આહાહા..! આવું કામ છે. આકરું કામ છે. છે?

'**વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું...**' છે. દ્રવ્યશ્રુત શાસ્ત્ર જે છે, એમાં જે પ્રતિક્રમણસૂત્રનું વર્ણન કર્યું હોય, એ પ્રતિક્રમણને સાંભળી, (એ) વિકલ્પ છે એ શુભરાગ છે. '**જાણીને સકળ સંયમની ભાવના કરવી...**' અંતર નિર્વિકલ્પ આનંદસ્વરૂપ ભગવાન (એમાં) સકળ સંયમ. (પ્રતિક્રમણનો શુભ વિકલ્પ) એ તો વ્યવહારક્રિયા છે, એને છોડીને અંતર સકળ સંયમ, નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ આત્મા, એની અંતરમાં એકાગ્રતા કરવી, એની ભાવના કરવી, એ વ્યવહારનું ફળ છે.

મુમુક્ષુ :– વ્યવહારથી નિશ્ચય થયો તો ખરો.

ઉત્તર :– નિશ્ચય થયો શી રીતે? વ્યવહાર છે એને છોડીને જો અહીં જાય તો ઓલાને વ્યવહારે વ્યવહાર કહેવાય. ત્યાં ને ત્યાં રોકાય તો નિશ્ચય પણ નથી અને વ્યવહાર પણ નથી. બેય નથી એમ કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારનું સફળપણું ક્યારે કહીએ? કે વ્યવહારનો વિકલ્પ આવે, પ્રતિક્રમણનો, સામાયિક, ભગવાનની સ્તુતિ, ભગવાનની ભક્તિ આદિનો ભાવ આવે પણ એ ભાવ શુભ છે. એને છોડીને શુદ્ધ સ્વરૂપમાં જાય, એ સ્વરૂપ કરવાનું છે. ભાવના એ કરવાની છે. તો ઓલા શુભને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત એટલે એણે કાંઈ કર્યું નથી અને એનાથી કાંઈ કરાયેલું નથી. આહાહા..! છે કાંઈ? બધા વ્યવહારનો ખુલાસો છે ને?

પહેલા એમ કહી ગયા હતા કે વ્યવહાર છે એ ઘોર સંસારનું મૂળ છે. એ પુણ્યભાવ અને પાપભાવ બેય, શુભ અને અશુભભાવ બેય ઘોર સંસારનું મૂળ છે. અને એ પુણ્ય અને પાપ બેય ઝેર છે. આહાહા..! ભગવાન અંદર અમૃતસ્વરૂપ છે, વીતરાગમૂર્તિ છે, એની અંદર ભાવના પ્રગટે નહિ અને એનો અનુભવ ન કરે અને એકલો આ ક્રિયાકાંડમાં, શુભરાગમાં રોકાય એ ઘોર સંસાર છે. ચારગતિમાં સંસારમાં રખડવાના છે. આહાહા..! એમાં છે ને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું–સાર્થકપણું છે...'** ક્યારે? કે **'સકળ સંયમની ભાવના કરવી તે જ...'** તે જ. સકળ સંયમ એટલે પૂર્ણ નિર્વિકલ્પદશા. અંતર જરીયે વ્યવહારનો વિકલ્પ નહિ. નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ વીતરાગ, નિર્વિકલ્પ આનંદ, નિર્વિકલ્પ સ્વચ્છતા, નિર્મળતા, પવિત્રતા, એવી વીતરાગ પરિણતિ પ્રગટ કરવી, એની ભાવના કરવી, એટલે એકાગ્રતા કરવી, એ સફળપણું છે. **'તે જ...'** એમ કીધું ને? **'સકળ સંયમની ભાવના કરવી તે જ વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું..'** છે. તો જ વ્યવહારપ્રતિક્રમણને વ્યવહાર તરીકે કહેવાય છે. નહિતર તો વ્યવહાર પણ કહેવાતો નથી. આહાહા..! આમાં શું કરવું? કહો, 'દેવીલાલજી'! આખો દિ' એમાં ગૂંચાઈ ગયા. આહાહા..!

હજી તો વ્યવહાર કરવાને નિવૃત્તિ મળતી નથી. આખો દિ' ધંધાપાણી, વેપાર એમાંથી નવરો થાય તો છ-સાત કલાક ઊંઘે, બાયડી-છોકરાને સાચવે, રાજી કરે. શુભભાવનો તો વખત પણ મળે નહિ. આહાહા..! એ પ્રાણીની તો શું વાત કરવી? એ તો ઘોર સંસારમાં રખડવાના. આહાહા..! નરક અને નિગોદમાં પરિભ્રમણ કરવાના છે, ભાઈ! આહાહા..! અહીં તો શુભભાવ કરે, સાંજ સવાર પડિક્કમણું કરે, બરાબર પડિક્કમણું કરે, સાંજ સવાર સામાયિક કરે, એની બહારમાં માનેલી. ણમો અરિહંતાણં... પડિક્કમણું કરે, ચોવિહાર કરે. એ ભાવ રાગ છે. એને છોડીને વીતરાગી ભાવના કરવી, તે જ વીતરાગી ભાવના કરવી, તે જ તેનું ફળ છે. વીતરાગી ભાવના ન કરે તો વ્યવહાર વ્યવહારે વ્યવહાર નથી, એમ કહે છે. આહાહા..!

સફળપણુંનો અર્થ? વ્યવહારથી થયું એમ નહિ. સફળપણાનો અર્થ એ નથી કે વ્યવહારથી નિશ્ચય થયો. વ્યવહારનું સફળપણું ક્યારે કહેવાય? નિમિત્ત તરીકે તેને છોડીને અંદર સંયમી નિશ્ચય વીતરાગી ભાવનામાં રોકાય, એકાગ્ર થાય ત્યારે તેને નિમિત્ત તરીકે, વ્યવહાર તરીકે કહેવાય. આહાહા..! લ્યો, આવો વખત ક્યારે મળે? બાયડી-છોકરાને નાખવા ક્યાં? ... શું કરવું? આહાહા..! એની તો અહીં વાત જ નથી. અહીં તો એનાથી નિવૃત્તિ અને શુભભાવ કરે છે. સમજાણું?

એક કાલે આવ્યો હતો. ખત્રી-ખત્રી 'જસદણ'નો છોકરો આવ્યો હતો. એના બાપે પૂછાવ્યું હશે. વૃદ્ધ હશે. પૂછાવ્યું હતું, હજારવાર લાખવાર ઓમ કરીએ છીએ, એનું ફળ શું? કીધું, લાખવાર ઓમ કર, કરોડવાર ઓમ ઓમ કર એ શુભ છે. એ ધર્મ-બર્મ નથી. છોકરો આવ્યો હતો. 'જસદણ'નો ખત્રી હતો. ... આવ્યો હતો. અમે મારા બાપને ... દેખાય. એમાં દિગંબર મુનિ દેખાય છે. એમ બિચારાએ પૂછ્યું. કોઈ કલ્પનામાં આવી ગયા. દિગંબર મુનિ દેખાય. .. છે દિગંબર મુનિ. ઓમ કરતા કરતા દેખાય છે. દેખાય, કલ્પના હોય. એ બધો શુભભાવ છે. સાચા મુનિના દર્શન થાય તો પણ એ શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. તીર્થંકરના દર્શન થાય એ પણ કાંઈ ધર્મ નથી. પ્રતિમાના દર્શન, પ્રતિમાની પૂજા, ભગવાનનું મંદિર, દેવદર્શન એ કાંઈ ધર્મ નથી. એ તો શુભભાવ છે. આહાહા..! એ શુભભાવનું નિમિત્તપણું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યારે સફળ કહેવાય, કે એને છોડીને અંદર સંયમ એટલે વીતરાગભાવે ભાવના ભાવે, વીતરાગભાવ પ્રગટ કરે, એ રાગભાવ છોડીને વીતરાગભાવ પ્રગટ કરે તો વ્યવહારનું નિમિત્તપણું કહેવાય. આવું કામ છે, બાપુ! ... છે. અત્યારે તો વ્યવહારથી થાય. વ્યવહાર કરો, આ કરો, આ કરો, પડિક્કમણા, સામાયિક (કરો), એકબીજાને મદદ કરો, ભક્તિ કરો, દેરાસર બનાવો, ઊંચા મંદિર બનાવો.

મુમુક્ષુ :– મંદિર હોય તો સાધુ ઉતરે ને લાભ થાય ને?

ઉત્તર :– લાભ શું થાય? એ શુભ છે. સાધુ ઉતરે અને સાંભળવાનું મળે એ શુભ છે. એવું આકરું કામ છે. આજે 'નાઈરોબી'થી કાગળ આવ્યો છે. 'નાઈરોબી-નાઈરોબી' 'આફ્રિકા'. પંદર લાખનું મંદિર કર્યું છે ને? પંદર લાખ બીજા ખર્ચવાના છે. ત્રીસ લાખ ખર્ચવાના છે. એથી વધારે ખર્ચશે. ત્યાં કરોડોપતિ (છે). સાત-આઠ જણા તો કરોડપતિ, બાકી બીજા ઘણા પચ્ચીસ-પચાસ, સાંઈઠ લાખવાળા (છે). એક ભાઈએ પૂછ્યું છે. 'લક્ષ્મીચંદભાઈ' નહોતા આવ્યા? 'લક્ષ્મીચંદભાઈ', એણે પૂછ્યું છે, મહારાજ! આપ અહીંયાં આવો તો અમારે ઘરે, ઘરે જમવાનું રાખશું કે એક ઠેકાણે રાખશું? અને પગલા કરાવવાનો ભાવ છે એનું શું? એવો પત્ર આવ્યો છે. માતા-પિતા કરવામાં આપની સલાહ શું છે? ભાઈ! એમાં અમારું શું કામ છે? ભગવાનના માતા-પિતા કરે છે ને? લોકોને ઉત્સાહ બહુ. પૈસાવાળા (છે). ૬૦ ઘર શ્વેતાંબરના. બધા દિગંબર થઈ ગયા. ત્રીસ વર્ષથી. અને બધા પૈસાવાળા. એ લોકોને મંદિરનો ઉત્સાહ ઘણો છે. ઘણો ઉત્સાહ છે. મહારાજ અહીં આવે છે તો ઘણા ઉત્સાહથી કરવું છે. એ બધો શુભભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– અશુભથી તો બચે ને?

ઉત્તર :– અશુભથી બચ્યો નથી. નિશ્ચયથી તો અશુભ મિથ્યાત્વ થાય. અશુભ એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વથી બચે ત્યારે અશુભથી બચ્યો કહેવાય. આહાહા..! આવું છે. ઝીણા કામ છે, ભાઈ!

ભવભ્રમણ અનંતકાળથી કરી રહ્યો છે. આહાહા..! એવા ભવ કર્યા છે, સાંભળ્યા જાય નહિ. એના દુઃખો વેઠ્યા છે. એ નરકના એક ક્ષણના દુઃખ, એવા એવા ૩૩-૩૩ સાગર અનંતવાર ગયો. એક ક્ષણમાં કરોડો જીભ અને કરોડો ભવે ન કહી શકાય એવા દુઃખની પીડા ત્યાં છે, બાપુ! એવા ભવ અનંત કરી કરીને માંડ મનુષ્યપણું મળ્યું. આહાહા..! આ ભવ ભવના અભાવ કરવા માટે મળ્યો છે. ભવના અભાવની વાત માટે છે. આ ભવ અને ભવ એમ ને એમ રહે એ તો અનાદિથી પરિભ્રમણ કરે છે. આહાહા..! અબજોપતિ માણસ હોય, શેઠિયો હોય, મરીને ભૂંડ થાય. આહાહા..! માંસ, દારૂ આદિ ન ખાતા હોય.

મુમુક્ષુ :– આજ તો આપે નરકમાં મોકલ્યા.

ઉત્તર :– ... કોઈ શુભભાવ કરે તો સ્વર્ગમાં પણ જાય. પણ એ સંસાર છે. એ સંસાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. શુભભાવ કરીને સ્વર્ગમાં જાય એ સંસાર છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા..! આ કીધા ને દ્રવ્ય ચતુષ્ટયમાં? દ્રવ્ય પ્રતિક્રમણ, દ્રવ્ય સામાયિક, દ્રવ્યપચ્ચખાણ બહારથી કરે છે ને? અંદર ક્યાં ભાન છે. અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ જ્ઞાનાનંદ આનંદમૂર્તિ પ્રભુ છે. એની તો ખબર ન મળે. એનાથી ઊંચી ચીજ આ જગતમાં કોઈ છે જ નહિ. એવો આત્મા ભગવાન છે, વીતરાગ છે, પરમાત્મા છે, પરમેશ્વર છે, એ આત્મા દરેક પ્રભુ છે, ભગવાન! શરીર મંદિરમાં બિરાજમાન. બિરાજમાન ભગવાન પૂર્ણસ્વરૂપ છે. આહાહા..! એવું સાંભળવા મળે તો પણ ધ્યાન ક્યાં છે. આહાહા..! સાંભળ્યું છે ઘણીવાર.

અહીં એ કહે છે, એકલો વ્યવહાર ક્રિયાકાંડ શુભભાવ કરો, એમાંથી ખસીને જો શુદ્ધમાં ન જાવ, અંતરની ભાવના જે વીતરાગીભાવ, એમાં ન જાવ તો એ બધું થોથા છે. આહાહા..! આવી વાત છે. આમ લોકોને રાજી રાખે. આમ કરો, આમ કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, કરતા કરતા આગળ થાશે, સમકિત થાશે અને ધર્મ થાશે.

મુમુક્ષુ :– એમાં તો રાગનું કર્તાપણું આવ્યું.

ઉત્તર :– એ અજ્ઞાન તો રાગનો કર્તા જ છે. સમાજને ઠીક પડે. સમાજને આગળ વધી શકાય એવું નથી. હજી શુભમાં આવી શકે નહિ એને બિચારાને શુભની વાતું કરે તો ઠીક લાગે. સમાજ રાજી રાજી થઈ જાય. આહાહા..! આવા તારા જેટલા પ્રતિક્રમણ અને સામાયિક અને વ્યવહાર, એ બધાનું ફળ બંધ અને બંધન છે. આહાહા..! એનું સફળપણું તો ત્યારે કહેવાય કે એનાથી છોડીને વીતરાગભાવમાં જા તો. આહાહા..! આવું કામ આકરું છે. શું થાય?

જિનેશ્વરદેવ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથના આ ફરમાન છે. આ એનો હુકમ છે, આ એની આજ્ઞા છે. તારા વ્યવહારના ફળ ક્યારે કહેવાય? એને છોડીને અંદર શુદ્ધમાં જા તો એને વ્યવહાર કહેવાય. બાકી તો વ્યવહાર સંસાર છે. આહાહા..! છે?

‘**સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર...**’ હવે દ્રવ્ય પ્રતિક્રમણની વ્યાખ્યા કરે છે. દ્રવ્ય પ્રતિક્રમણ બનાવ્યું કોણે? ક્યા આચાર્યોએ બનાવ્યું? કે ‘**સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય તેમ જ ગુણસમૂહના ધરનાર...**’ ગુણસમૂહના ધરનાર એવા ‘**નિર્યાપક આચાર્યોએ જે પ્રમાણે દ્રવ્યશ્રુતરૂપ...**’ દ્રવ્યશાસ્ત્ર બનાવ્યા. એમાં ‘**પ્રતિક્રમણનામક સૂત્રમાં પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે,...**’ પ્રતિક્રમણને વર્ણવ્યું. આહાહા..! એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય, ... મિચ્છામિ દુક્કડમ. એ બધું વ્યવહારપ્રતિક્રમણ વર્ણવ્યું. આહાહા..! સારાસારનો વિચાર કરનાર એવા નિર્યાપક સાચા સંતો, એણે જે દ્રવ્યપ્રતિક્રમણ રચ્યું. છે?

‘**પ્રતિક્રમણનામક સૂત્રમાં પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે, તે પ્રમાણે જાણીને...**’ જેવું મુનિઓએ દ્રવ્યપ્રતિક્રમણ કહ્યું, એવું એ રીતે જાણીને પાછું. વ્યવહાર પણ જે રીતે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ રીતે જાણીને. વીતરાગે કહેલા વ્યવહારથી બીજું, ઓછું, અધિક, વિપરીત નહિ. આહાહા..! સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા 'સીમંધરસ્વામી' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે એમણે આ કહેલું છે. આહાહા..! ત્યાંથી આ 'કુંદકુંદાચાર્ય' વાણી લાવ્યા. અને આ પાછું પોતે પોતાના માટે બનાવ્યું છે. આ શાસ્ત્ર પોતાને માટે બનાવ્યું છે. આહાહા..!

**'તે પ્રમાણે જાણીને જિનનીતિને અણઉલ્લંઘતો થકો...'** એટલે શું કહે છે? વ્યવહાર પ્રતિક્રમણ છે ખરું, આવે ખરું. વ્યવહારનીતિ છે. જિનની એ વ્યવહારનીતિ છે. વ્યવહાર એ જિનની નીતિ છે. એને **'અણઉલ્લંઘતો થકો...'** એને ઓળંગ્યા વિના. આહાહા..! **'સુંદરચારિત્રમૂર્તિ મહામુનિ...'** એવા અંદર વ્યવહારના શુભભાવ, પ્રતિક્રમણ આદિ, સામાયિક આદિના આવે, તેને **'અણઉલ્લંઘતો થકો...'** એને છોડીને અશુભમાં ન જાય. એને છોડે નહિ. પણ **'સુંદર ચારિત્રમૂર્તિ મહામુનિ સકળ સંયમની ભાવના કરે છે,...'** એ ભાવમાં નથી રોકાતો. પ્રતિક્રમણ રચાયેલું, રચાયેલું પ્રતિક્રમણ. રચ્યું શાસ્ત્રોએ, સંતોએ, મુનિઓએ. પણ તે મહામુનિ તેની રચનાના વિકલ્પમાં રોકાતા નથી. આહાહા..! આવું આકરું કામ છે.

**'સકળ સંયમની ભાવના કરે છે, તે મહામુનિને–કે જે (મહામુનિ) બાહ્ય પ્રપંચથી વિમુખ છે,...'** આહાહા..! એ વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ છે એ પ્રપંચ છે. આહાહા..! અંદર આનંદમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ, અતીન્દ્રિય વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા બિરાજે છે. આહાહા..! **'બાહ્ય પ્રપંચથી વિમુખ છે,...'** વિકલ્પ જે છે એ બધો પ્રપંચ છે. આહાહા..! આવે, વ્યવહાર હોય, આચાર્યોએ પણ વ્યવહાર રચ્યો છે. પડિકમણું વ્યવહાર રચ્યો છે. અને એ પ્રમાણે પ્રતિક્રમણનો વિકલ્પ પણ આવે, પણ એ વિકલ્પ પ્રપંચ છે, એને છોડીને અંતર વીતરાગભાવ કર. આહાહા..! અહીં તો આ વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરો... એ કરતા કરતા નિશ્ચય થશે. સમાજને નવરાશ ન મળે એટલે આ વાત બહુ સારી લાગે. એમાં રાજી રાજી થઈ જાય. ઊંધી પ્રરૂપણા છે, એ તો મિથ્યાત્વની પ્રરૂપણા છે. એ તો મિથ્યાદૃષ્ટિની પ્રરૂપણા છે.

અહીં તો એ કહે છે... આહાહા..! **'બાહ્ય પ્રપંચથી વિમુખ છે,...'** વચ્ચે વ્યવહાર આવે ખરો પણ એનાથી વિમુખ થાય છે. આહાહા..! એમાં રહેતો નથી. વ્યવહાર છે એ બંધનું કારણ છે. વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહાર સામાયિક, વ્યવહાર પ્રત્યાખ્યાન, વ્યવહાર વંદન, દેવ-ગુરુ-શાસ્ત્રને વંદન, જાત્રા, ભક્તિ, એ બધો શુભભાવ છે. એ સ્વભાવની અપેક્ષાએ પ્રપંચ છે. આહાહા..! આકરું કામ છે.

**'બાહ્ય પ્રપંચથી વિમુખ છે,...'** આહાહા..! મહામુનિ એવા વ્યવહારના વિકલ્પથી પણ વિમુખ છે. અંદરમાં નિશ્ચય આત્મા વીતરાગમૂર્તિ છે એમાં રમણતામાં રમે છે, અતીન્દ્રિય આનંદમાં રમે છે. આહાહા..! એ નિશ્ચયપ્રતિક્રમણ છે. સાચું પ્રતિક્રમણ એને કહેવામાં આવે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આકરું પડે. શું થાય? લોકોને વ્યવહારની પણ હજી ખબર નથી. આહાહા..! દિગંબર સંતોએ જે પડિક્કમણું રચ્યું એ પડિક્મણું છે, એમ કહે છે.

**'સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય તેમ જ ગુણસમૂહના ધરનાર નિર્યાપક આચાર્યોએ જે પ્રમાણે દ્રવ્યશ્રુતરૂપ...'** રચ્યું. આહાહા..! એમણે રચેલા પડિક્કમણા. આ શ્વેતાંબર અને સ્થાનકવાસીના રચેલા જે છે એ દ્રવ્યશ્રુત પણ નથી. એ તો કલ્પિત રચેલા છે. એ શાસ્ત્રો કલ્પિત છે. આચાર્યોના રચેલા નથી. સમ્યગ્જ્ઞાની ધર્માત્માના રચેલા નથી. આહાહા..! આવો ફેર, બહુ ફેર પડે છે.

એથી આ કહ્યું, કે **'સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય તેમ જ ગુણસમૂહના ધરનાર નિર્યાપક આચાર્યોએ જે પ્રમાણે દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણનામક સૂત્રમાં પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે,...'** વિકલ્પ છે અને સૂત્ર રચ્યું છે. પ્રતિક્રમણસૂત્ર રચ્યું છે. **'તે પ્રમાણે જાણીને...'** આહાહા..! જે પ્રમાણે પ્રતિક્રમણ કહ્યું તે પ્રમાણે વ્યવહારે જાણીને, **'જિનનીતિને અણઉલ્લંઘતો...'** એ વ્યવહારની નીતિને છોડે નહિ. છોડીને અશુભમાં ન જાય. એ છોડીને શુદ્ધમાં જાય. આહાહા..! **'જિનનીતિને અણઉલ્લંઘતો...'** એ જિનનીતિ છે. લૌકિક વ્યવહાર પ્રતિક્રમણ આદિ એ જિનની નીતિ છે. એને **'અણઉલ્લંઘતો થકો જે સુંદર ચારિત્રમૂર્તિ...'** આહાહા..! સુંદર ચારિત્રમૂર્તિ. આત્માના આનંદમાં રમણતા. ચારિત્ર એટલે સુંદર આનંદમાં રમણતા. ચારિત્ર એટલે વીતરાગસ્વરૂપમાં રમણતા એ ચારિત્ર (છે). આહાહા..! ચારિત્રની વ્યાખ્યા આ. લુગડા છોડી નાખ્યા ને પંચમહાવ્રત લીધા માટે ચારિત્ર થઈ ગયું એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– પરિષહ તો સહન કરવા પડે ને.

ઉત્તર :– પરિષહ સહન તો અનંતવાર કર્યા છે. અભવી અને ભવી બેએ. એમાં શું વળ્યું? અંદર જ્ઞાતાદૃષ્ટાપણું પ્રગટ્યા વિના જે કંઈ પરિષહ સહન કર્યા એટલો શુભભાવ હોય છે. સંસાર છે. આહાહા..!

મુમુક્ષુ :– ... હોય તો .. નહિ.

ઉત્તર :– .. જાય તો પણ સંસાર છે. નગ્નપણું એ સંસાર છે, શરીર એ સંસાર છે, અંદર શુભભાવ થાય એ સંસાર છે. કહો! આહાહા..! લુંગડું રાખવું એ તો સંસાર છે પણ લુંગડું છોડવું, નગ્નપણું (લેવું) એ સંસાર છે અને અંદર શુભભાવ થવો એ સંસાર છે, ઘોર સંસાર છે. શુભરાગ એ ઘોર સંસાર છે. આહાહા..! આકરું કામ, ભાઈ! જૈનધર્મ સાંભળ્યો નથી. લોકોએ જૈનધર્મ શું છે (એ સાંભળ્યું નથી).

મુમુક્ષુ :– આવી આકરી વાત બીજે ક્યાંય લખી નથી.

ઉત્તર :– આમાં છે ને? ૪૫ વર્ષથી આ ચાલે છે. અહીંયાં ૪૫ વર્ષ થવા આવશે. ૪૫ વર્ષથી તો આ વાત ચાલે છે. ૪૫ બીજા થયા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- અમે તે વખતે તૈયાર નહોતા.

ઉત્તર :- તૈયાર નહોતા પણ ૪૫ વર્ષથી ચાલે તો છે ને? ૪૫ બીજા અને ૪૫ બીજા. શરીરને ૯૦ વર્ષ થયા. શરીરને. આત્મા તો અનાદિઅનંત છે. આહાહા..! આ કાંઈ પહેલુંવહેલું નથી ચાલતું, ઘણીવાર વંચાઈ ગયું છે. નવા માણસ હોય એને લાગે. નવા આવ્યા હોય.

મુમુક્ષુ :- જૂના હોય એને પણ નવું લાગે.

ઉત્તર :- જૂના હોય એણે સાંભળેલું ભૂલી ગયો હોય તો નવું લાગે. સાંભળીને ભૂલી ગયો હોય તો નવું લાગે. આહાહા..!

અમૃત જેવી વાણી છે. વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્મા અરિહંતદેવની આ વાણી છે. ગણધરો અને ઇન્દ્રોની સમક્ષમાં પ્રભુ આમ કહેતા હતા, કે હે જીવો! અમારા સંતોએ, આચાર્યોએ પણ જે દ્રવ્યપ્રતિક્રમણની રચના કરી, સાચા સંતોએ આ રચના કરી, એને જાણીને પણ ત્યાંથી છોડીને અંદર વીતરાગતામાં જા. આહાહા..! ત્યાં ન રોકા. આવે, વિકલ્પ આવે ખરો પણ ત્યાં રોકાઈશ નહિ. રાગથી રહિત વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અંદર છે. ચૈતન્યહીરલો, એમાં અનંતા ગુણના મણિરત્ન ભર્યા છે. અનંત ગુણમણિરત્નથી ભરેલો ભગવાન છે. આહાહા..! કેમ બેસે? બે બીડી પીવે ત્યાં તલપ ચડી જાય. સવારમાં પ્યાલો ચા ન પીવે તો પાશેર સવા પાશેર મગજ ચડી જાય. આહાહા..! સાંભળવામાં મગજ ઠીક રહે. ચા પીધા વિના આવ્યા હશે તો મગજ ઠીક નહિ રહે. આહાહા..! આવા અપલક્ષણ. એને આ બતાવવું કે શુભભાવ એ પણ બંધનું કારણ, એ ઘોર સંસાર. આહાહા..! માર્ગ એવો છે, પ્રભુ! અત્યારે તો સાંભળવો મુશ્કેલ પડે. એવી પ્રરૂપણા ચાલી છે બધી. વ્યવહાર કરો... આ કરો... આ કરો... આ કરો... આ કરો... આ કરો... કરો.. કરો.. અને કરો... છોડો-છોડો એને છોડો.

'નિહાલચંદભાઈ'એ તો 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં કહ્યું છે, કરવું કરવું એ કરવું એ મરવું છે. રાગને કરવું, અરે..! દયા, દાન અને વ્રતનો રાગ કરું, ત્યાં શાંતિને મરવાનું છે. આત્માની શાંતિ ત્યાં બળે-દાઝે છે. આહાહા..! આકરી વાત છે. એકાંત લાગે. અજ્ઞાનીને અધ્યાત્મનું એકાંત લાગે એવું છે. આહાહા..!

અહીં તો આચાર્ય શું કહે છે? કે **'બાહ્ય પ્રપંચથી વિમુખ છે.'** આહાહા..! અંતરમાં સ્વરૂપની રમણતામાં રમી રહ્યા છે. સંતો તો એ પ્રતિક્રમણ કહી રહ્યા છે. આહાહા..! વાણીનું નહિ, વિકલ્પનું પ્રતિક્રમણ નહિ. નિર્વિકલ્પ વીતરાગભાવનું પ્રતિક્રમણ કરી રહ્યા છે. આહાહા..! **'પંચેન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે...'** મુનિને તો એક શરીરમાત્ર હોય છે. બીજું હોતું નથી. વસ્ત્રનો ટુકડો રાખીને પણ મુનિ માને, એ નિગોદમાં જાય. એમ સિદ્ધાંત પાઠ છે. સૂત્રપાહુડ, સૂત્રપાહુડમાં આ પાઠ છે. એક વસ્ત્રનો ટુકડો રાખીને મુનિ કહે, મુનિ માને, મનાવે અને માનતાને રૂડું જાણે એ બધા નિગોદગામી છે. લસણમાં અને ડુંગળીમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જવાના. આહાહા..! આવા આકરા વચન છે. 'અષ્ટપાહુડ'માં છે. 'અષ્ટપાહુડ'માં સૂત્રપાહુડમાં છે.

સવારમાં કહ્યું નહિ? 'પ્રવચનસાર'. પુણ્ય અને પાપમાં બેમાં ફેર માનશે, એ ઘોર સંસારમાં રખડશે. શુભભાવ અને અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ અને હિંસા, જૂઠુંનો અશુભભાવ, એ બેમાં ફેર માનશે કે આ શુભ ઠીક છે અને અશુભ અઠીક છે, એ બેની વિશેષતા માનશે એ બે એક જ જાત છે. વિશેષ માનશે તે ઘોર સંસારી '**हिंडदि**'. મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં, નિગોદમાં, નરકમાં રખડશે. આહાહા..! આકરું કામ.

મુમુક્ષુ :– આકરી સજા.

ઉત્તર :– આકરી સજા નથી. નવતત્ત્વની ભૂલ છે એમાં. કપડાનો ટુકડો રાખીને મુનિ માને એ (તત્ત્વની ભૂલ છે). અત્યારે બધું સાથે ગાડા.. શું કહેવાય? ખટારા. અરેરે..! એને માટે આહાર બનાવે. એના માટે આહાર બનાવીને ચોકા કરે અને દે. એ તો દ્રવ્યલિંગી પણ નથી. ભાવ તો નથી, દ્રવ્યલિંગ પણ નથી. એને મુનિપણું માને, મનાવે. ભગવાન તો એમ કહે છે, કે નિગોદમાં જશે. આહાહા..! સૂત્રપાહુડમાં છે. આકરું કામ છે, ભાઈ! વીતરાગમાર્ગ અપૂર્વ છે. અત્યારે તો ફેરફાર બહુ કરી નાખ્યો છે. સાંભળનારા ઢીલા, વિપરીત દૃષ્ટિવાળા સંભળાવનારા એવા મળ્યા એટલે હા એ હા પાડી. વ્યવહારથી આમ થાય, એને કરતા કરતા થાય. એમાં હા પાડનાર મળ્યા અહીં ના પાડે છે. વ્યવહાર કરતા કરતા ન થાય. વ્યવહાર છોડીને થાય. આહાહા..! આકરું કામ છે.

મુમુક્ષુ :– આમ તો વ્યવહારધર્મનું સફળપણું આવ્યું.

ઉત્તર :– ... કરે છે ને. આમાં આ ક્યાં આવ્યું? એને છોડીને અંદરમાં જાય ત્યારે વ્યવહારને નિમિત્ત તરીકે કહેવાય એમ કહે છે. તો વ્યવહાર વ્યવહાર તરીકે સફળ છે. એને છોડીને નિશ્ચયમાં જાય તો એ વ્યવહારને વ્યવહાર તરીકે સફળ છે એમ આવ્યું. એને છોડીને વ્યવહારમાં ઊભો રહે તો નીચે નિગોદમાં જશે. આહાહા..! આકરું કામ આવું.

મુમુક્ષુ :– અત્યારે તો સ્વર્ગમાં જાય ને?

ઉત્તર :– અત્યારે શું સ્વર્ગમાં જાય? એકાદ કદાચ કોઈ શુભભાવ હોય અને એકાદ ભવ જાય, એ ભવની સ્થિતિ કેટલી? ભવિષ્યમાં અનંતકાળ રહેવું છે. આત્મા અનંતકાળ રહેનારો છે. અનાદિનો છે, અનંતકાળ રહેવાનો. અનંત અનંતની આદિ શી? એમાં એકાદ ભવ દેવનો મળે પછી જશે ઢોરમાં, ત્યાંથી મરીને પછી નિગોદમાં (જશે). આહાહા..! આકરું કામ છે, બાપુ!

**'પંચેન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે...'** મુનિ આને કહીએ. એક શરીરમાત્ર છે. બીજું કાંઈ હોતું નથી. આહાહા..! એ દ્રવ્યપ્રતિક્રમણમાંથી નીકળીને ભાવપ્રતિક્રમણમાં જાય છે એમ કહેવું છે. **'અને પરમ ગુરુનાં ચરણોના સ્મરણમાં આસક્ત જેનું ચિત્ત છે,...'** કેવા છે મુનિઓ? પરમ ગુરુ પરમાત્મા એના **'ચરણોના સ્મરણમાં આસક્ત**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેનું ચિત્ત છે,..'** આહાહા..! **'તેને—ત્યારે (તે કાળે) પ્રતિક્રમણ છે.'** આહાહા..! ભાવવીતરાગતા છે અને વિકલ્પ ઊઠે છે એ **'પરમ ગુરુના ચરણોના સ્મરણમાં આસક્ત છે,...'** આહાહા..! એ પણ પુણ્યબંધનું કારણ છે.

## શ્લોક–૧૨૫-૧૨૬

(इन्द्रवज्रा)

**निर्यापकाचार्यनिरुक्तियुक्ता-**
**मुक्तिं सदाकर्ण्य च यस्य चित्तम्।**
**समस्तचारित्रनिकेतनं स्यात्**
**तस्मै नमः संयमधारिणेऽस्मै।।१२५।।**

(**वसंततिलका**)

**यस्य प्रतिक्रमणमेव सदा मुमुक्षो-**
**र्नास्त्यप्रतिक्रमणमप्यणुमात्रमुच्चैः।**
**तस्मै नमः सकलसंयमभूषणाय**
**श्रीवीरनन्दिमुनिनामधराय नित्यम्।।१२६।।**

**[હવે આ પરમાર્થ-પ્રતિક્રમણ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજશ્રી પદ્મપ્રભમલધારિદેવ બે શ્લોક કહે છેઃ]**

**[શ્લોકાર્થ :-] નિર્યાપક આચાર્યોની નિરુક્તિ (-વ્યાખ્યા) સહિત (પ્રતિક્રમણાદિ સંબંધી) કથન સદા સાંભળીને જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન (-ધામ) બને છે, તે આ સંયમધારીને નમસ્કાર હો. ૧૨૫.**

**[શ્લોકાર્થ :-] મુમુક્ષુ એવા જેમને (-મોક્ષાર્થી એવા જે વીરનંદી મુનિને) સદા પ્રતિક્રમણ જ છે અને અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી, તે સકળ સંયમરૂપી ભૂષણના ધરનાર શ્રી વીરનંદી નામના મુનિને નિત્ય નમસ્કાર હો. ૧૨૬.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૨૫ ઉપર પ્રવચન

**'[હવે આ પરમાર્થ-પ્રતિક્રમણ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજશ્રી પદ્મપ્રભમલધારિદેવ બે શ્લોક કહે છે:]'**

**निर्यापकाचार्यनिरूक्तियुक्ता-**
**मुक्तिं सदाकर्ण्य च यस्य चित्तम्।**
**समस्तचारित्रनिकेतनं स्यात्**
**तस्मै नमः संयमधारिणेऽस्मै।।१२५।।**

આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ આનંદમાં આવી ગયા છે. આનંદમાં આવીને... આહાહા..! પાંચમા આરાના સંત છે. પાંચમા આરાના શ્રોતાને કહે છે. કોઈ એમ કહે કે આવી વાતો ચોથે આરે હોય. આ તો પાંચમા આરાના સાધુ છે. હજી ૯૦૦ વર્ષ પહેલા થયા છે અને પાંચમા આરાના શ્રોતાને કહે છે, પ્રભુ! તું આત્મા છો ને. આત્માને આરો-ફારો લાગુ પડતો નથી. પ્રભુ! તને તારી ખબર નથી. તું અંદર હીરો, અનંત ગુણના મણિરત્નથી ભરેલો, એવા હીરાને કોઈ દિ' કાળ નડતો નથી. આહાહા..! એ પ્રભુ પોતે કોઈ દિ' શુભરાગ રૂપે થયો નથી. આહાહા..! દયા, દાનના વિકલ્પરૂપે એ પ્રભુ થયો નથી. એવો આત્મા અંદર છે, ભગવાન છે, પરમેશ્વર છે, પ્રભુ છે, વીતરાગ છે, પરમેશ્વર છે. આહાહા..! એવા આત્માને... આહાહા..!

નિર્યાપક કહ્યું ને? **'નિર્યાપક આચાર્યોની નિરુક્તિ...'** જે આચાર્યોએ પ્રતિક્રમણ... એની **'(–વ્યાખ્યા) સહિત (પ્રતિક્રમણાદિ...)'** પ્રતિક્રમણાદિ. પ્રતિક્રમણની, સામાયિકની, વ્યવહારની બધી .. છે ને? વ્યવહાર હોય છે. **'કથન સદા સાંભળીને...'** એવા આચાર્યોનું કથન સાંભળીને કરવું શું? **'જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન (–ધામ) બને છે,...'** આહાહા..! ભગવાનઆત્મા ચારિત્રધામ છે. 'સ્વયંજ્યોતિ સુખધામ.' 'શ્રીમદ્'માં આવે છે ને? સ્વયં જ્યોતિ ચૈતન્યજ્યોત.. ચૈતન્યજ્યોત.. સુખધામ, એ આનંદનું ફળ છે. અંતર આનંદ પાકે છે. આનંદના અંકુરા ફૂટે છે એવો એ ભગવાન છે. એમાં દુઃખ અને પુણ્ય અને પાપ ફૂટે એવો એ ભગવાનઆત્મા નથી. આહાહા..! ક્યારે બેસે? અહીં અડદની દાળ સરખી સદડી ન થઈ હોય તો ઢીંચણીયું ઉછળે. એવા કોણે કરી છે આજે? હવે એને આવું બેસાડવું... આહાહા..! બાપુ! આ બેસે છૂટકો છે.

ભાઈ! અનંતકાળથી દુઃખી છે. અનંતકાળથી પરિભ્રમણ કરે છે, ભાઈ! અનંતભવમાં ક્યાંય એને શાંતિ મળી નથી. મિથ્યાત્વના ભાવમાં રખડતા મહાદુઃખોથી ટેવાઈ ગયો છે. ઘાણીમાં તલ પીલાઈ એમ પીલાઈ રહ્યો છે. પણ એને ભાન નથી કે હું દુઃખી છું કે સુખી છું. કંઈક પાંચ-પચ્ચીસ લાખ રૂપિમા મળે, છોકરા સરખા થયા તો અમે સુખી છીએ. એમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અજ્ઞાની-મૂંઢ માને. આહાહા..! અમે દુઃખી છીએ, બાપુ! આત્માના આનંદ સિવાય દુઃખી છીએ એમ માન તો અંદર આનંદમાં જવાશે. સુખ તો આત્મામાં છે. સુખ કાંઈ બહારમાં નથી. આહાહા..!

**'જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન...'** આહાહા..! વ્યવહાર, પડિક્કમણું, વ્યવહાર સામાયિક આદિ સાંભળી, એવો વિકલ્પ આવ્યો પણ છતાં એનાથી ખસી જઈને અને **'સમસ્ત ચારિત્રનું નિકેતન...'** ચિત્ત. નિર્મળ વીતરાગભાવ, એમાં જેનું ચિત્ત ચોંટ્યું છે. આહાહા..! વીતરાગમૂર્તિ ચૈતન્યપ્રભુ, જેમાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે, જેમાં અતીન્દ્રિય શાંતિ ભરપૂર ભરી છે. એવો આ ભગવાનઆત્મા... આહાહા..! એમાં **'ચારિત્રનું નિકેતન...'** સ્વરૂપમાં રમણતા, એનું એ ધામ છે. સ્વરૂપમાં રમણતા એ એનું ધામ છે, એ એનું સ્થાન છે, એ એનું ક્ષેત્ર છે. આહાહા..!

**'સમસ્ત ચારિત્રનું નિકેતન (–ધામ) બને છે,...'** આ સાંભળીને અંદર જાય છે એ સમસ્ત ચારિત્રની શાંતિને પામે છે. **'તે આ સંયમધારીને...'** જે આવા સંયમધારી છે... આહાહા..! આ પંચમઆરાના મુનિઓ પંચમઆરાના શિષ્યોને આમ સમજાવે છે. એમ નહિ કે આ પંચમઆરો છે માટે આ વાત ન હોય. બાપુ! અવસર–ટાણા મળ્યા છે. એ ટાણા જો ગયા તો ફરીને માણસપણું ક્યારે મળશે? આહાહા..! એ જાણીને મનુષ્યને સંભળાવે છે.

**'આ સંયમધારીને...'** આવા અંતરમાં રમણતા કરે. આહાહા..! શુદ્ધ ચૈતન્યના ઘરમાં, આનંદમાં રમણતા કરે એવો જે સંયમ. આહાહા..! એવા **'સંયમધારીને નમસ્કાર હો.'** આનંદમાં આવી ગયા છે. પોતે આવા સંયમધારીને નમસ્કાર કરીએ છીએ. આહાહા..! પોતે સંયમધારી છે. સંયમ પણ ઇ. અંતર આનંદસ્વરૂપમાં રમણતા કરે એ સંયમ. ઇન્દ્રિયોનું દમન કરીને બહારના વિષયોને ભોગવે નહિ માટે ઇન્દ્રિયદમન અને સંયમ થયું એમ નથી. આહાહા..! અંતરમાં સંયમધારીને સંયમનું ધામ બને છે. **'તે આ સંયમધારીને નમસ્કાર હો.'** 'પદ્મપ્રભમલધારિદેવ' ટીકા કરનાર, તેને નમસ્કાર કરે છે. એટલા પ્રમોદમાં આવી ગયા છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૯૮, શ્લોક-૧૨૬, ગાથા-૯૫, ગુરુવાર, માગશર વદ ૩, તા.૬-૧૨-૧૯૭૯**

---

'નિયમસાર' ૧૨૬- કળશ. પ્રતિક્રમણનો છેલ્લો કળશ.

**यस्य प्रतिक्रमणमेव सदा मुमुक्षो-**
**र्नास्त्यप्रतिक्रमणमप्यणुमात्रमुच्चैः ।**
**तस्मै नमः सकलसंयमभूषणाय**
**श्रीवीरनन्दिमुमिनामधराय नित्यम् ।।१२६ ।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાના ગુરુને વંદન કરે છે. ગુરુ કેવા હોય છે? નિર્ગ્રંથ મુનિ.

**શ્લોકાર્થ :- 'મુમુક્ષુ એવા જેમને (–મોક્ષાર્થી એવા જે વીરનંદી મુનિને)...'** એ તદ્દન મોક્ષાર્થી કહે છે. આહાહા..! મહાવ્રતધારી મુનિ પોતે મુનિ છે, એ બીજા મુનિને માટે આમ ઓળખીને કહે છે. બેય છદ્મસ્થ છે, બેય પંચમઆરાના જીવ છે. આહાહા..! પોતાના જે ગુરુ છે એ કેવા છે? મોક્ષાર્થી. **'સદા પ્રતિક્રમણ જ છે...'** એને તો સદા પ્રતિક્રમણ જ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એમાં સદાય એની રમણતા જ છે. એ પ્રતિક્રમણ. રાગના વિકલ્પથી નિવૃત્તિ, કલ્પનામાત્રથી નિવૃત્તિ, નિષ્કર્મ, નિર્વિકલ્પ ચૈતન્યસ્વરૂપ, એમાં અતીન્દ્રિય આનંદમાં રમણતા, એનું નામ નિશ્ચય–સાચું પ્રતિક્રમણ છે. અહીં તો પ્રતિક્રમણની આ વ્યાખ્યા છે. મુનિરાજ આવું પ્રતિક્રમણ કરે છે. આહાહા..!

**'સદા પ્રતિક્રમણ જ છે...'** આહાહા..! એ પોતાના ગુરુ જે આવા છે એ એના ખ્યાલમાં છે. છદ્મસ્થ પણ બીજા જીવને પોતાના જ્ઞાનથી કળી લે છે. કળી ન લે, બીજાને ન ઓળખી લે એમ નહિ. આહાહા..! ક્યાં સુધી? કે એ તો **'સદા પ્રતિક્રમણ જ છે...'** ત્યાં સુધી. આહાહા..! 'વીરનંદી' મુનિ, એને સદાય (પ્રતિક્રમણ જ) છે. નગ્ન દિગંબર અંદરમાં તદ્દન આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિયઆનંદનું દળ, અતીન્દ્રિય આનંદનો કંદ, એમાં જેની રમતું-રમણતા છે, એકાગ્રતા છે, એને સદાય પ્રતિક્રમણ જ છે. આહાહા..! મુનિરાજ બીજા મુનિને આવી રીતે ઓળખીને એને નમસ્કાર કરે છે. આહાહા..! નમસ્કાર કરવા યોગ્ય લાયક મુનિ કેવા હોય એની વ્યાખ્યા છે. આહાહા..!

**'અને અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી,...'** આહાહા..! 'વીરનંદી' મુનિ મહારાજ દિગંબર સંત છે એ વખતે, એની હાજરીમાં **'અણુમાત્ર પણ અપ્રતિક્રમણ...'** છે નહિ. આહાહા..! એક વિકલ્પનો કણ પણ જેને નથી. નિર્વિકલ્પ આનંદમાં રમણ કરતા સદાય તેને પ્રતિક્રમણ જ છે. આહાહા..! ગજબ વાત છે. છદ્મસ્થ મુનિ, છદ્મસ્થ મુનિને પંચમહાવ્રતધારી આવી રીતે કહે, આવી રીતે બોલે એ સત્ય છે. એમાં જૂઠાનો જરીએ અંશ નથી. આહાહા..! એમ એ મુનિને **'અણુમાત્ર પણ અપ્રતિક્રમણ...'** નથી. વિકલ્પમાત્ર ઊઠે એ અપ્રતિક્રમણ છે. આહાહા..! ચાહે તો પાપનો મિચ્છામી દુક્કડમ વિકલ્પ ઊઠે એ પણ અપ્રતિક્રમણ છે. એ પ્રતિક્રમણ નહિ. એ અણુમાત્ર પણ જેને અપ્રતિક્રમણ નથી અને સદાય પ્રતિક્રમણ અસ્તિ છે. અણુમાત્ર પણ અપ્રતિક્રમણ નથી. આહાહા..!

જુઓ! મુનિની દશા. એક મુનિ બીજા મુનિને કઈ રીતે ઓળખીને વંદન કરે છે! આહાહા..! પાંચમો આરો છે. આમ નિશ્ચય ઓળખાય નહિ, આપણે તો વ્યવહાર કરીએ એનાથી આચરણ થાય. એ વાતની તો આમાં ગંધ પણ લીધી નથી. આહાહા..! અંદર ભગવાન બિરાજે છે. તદ્દન વિકલ્પની લાગણી વિનાનું તત્ત્વ અંદર છે. પરમેશ્વર ભગવત્સ્વરૂપ આત્મા, એમાં જેનું હંમેશા સદા,... એમ કીધું ને? સદા તેમાં રમણતા છે. આહાહા..! જુઓ! આ સરવાળો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રતિક્રમણના સરવાળાનો શ્લોક. કેટલું એના જ્ઞાનમાં બીજાની વાત (આવે છે)! બીજા મુનિને કળી લીધા છે અને બીજા મુનિ કઈ જાતના કેવા છે (એ ઓળખી લીધા છે). આહાહા..! એ થઈ શકે છે, જાણી શકાય છે અને આ સ્થિતિ પણ થઈ શકે છે એમ બે વાત સિદ્ધ કરે છે. પંચમઆરામાં પણ સદા પ્રતિક્રમણ થઈ શકે છે. આહાહા..! આ પ્રતિક્રમણ, હોં! મંદ (રાગ) એ નહિ.

અંતર આનંદસ્વરૂપ ભગવાન, જ્ઞાનનો પિંડ, એકલો જ્ઞાનસ્વભાવ, અનાદિઅનંત ધ્રુવ, તે જ્ઞાનસ્વભાવમાં જેની હંમેશા કાયમી જેની રમતું છે, જેમાં અંતર રમણતા કાયમ છે. સદા એમાં જ રમે છે. **'અણુમાત્ર પણ અપ્રતિક્રમણ...'** નથી. આહાહા..! ધન્ય અવતાર! મુનિપણું આવું હોય. મુનિપણું કેવું હોય? ભાઈ! આહાહા..!

જેને **'સદા પ્રતિક્રમણ જ છે.'** આહાહા..! **'પ્રતિક્રમણ જ છે...'** પ્રભુ! પણ એ છદ્મસ્થ છે ને? ભલે છદ્મસ્થ હોય પણ એ આનંદમાં જ રમે છે, અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીવે છે. એ નિર્વિકલ્પ આનંદના રસનો રસીલો અતીન્દ્રિય આનંદનો રસ લે છે. આહાહા..! એને અહીંયાં સદાય પ્રતિક્રમણ કહેવાય છે. સવારે પણ ઝીણું હતું, આ પણ વળી પાછું ઝીણું આવ્યું. આહાહા..! સવારે નહોતા, નહિ? હમણાં આવ્યા? સવારે બહુ સરસ હતું. આહાહા..!

આખો સંસાર ઉથલાવી નાખી અને ભગવાન પૂર્ણાનંદના નાથનો વિકાસ કરી વિલાસ રમે વિલાસ. વિકાસ કરીને વિલાસમાં રમે. આહાહા..! અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય વીતરાગતા, અતીન્દ્રિય શાંતિ એમાં જેની રમતું જામી ગઈ છે એ સદા પ્રતિક્રમણમય છે. એ પ્રતિક્રમણ કહેવાય છે. **'એને અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી,...'** આહાહા..! છે? **'અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી,...'** આહાહા..! આ પંચમઆરાના સાધુ, પંચમઆરાના દિગંબર સંતો. આહાહા..! પરમેશ્વરની જેવા, પરમેશ્વર તુલ્ય. આહાહા..!

જેને **'અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી,...'** આહાહા..! ધન્ય અવતાર! વીતરાગસ્વરૂપે ભગવાન બિરાજે છે. વીતરાગમૂર્તિ પરમાત્મા પોતે છે એમાં જેની અંતર એકાગ્રતા જામી છે, **'એને અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી,....'** સદાય પ્રતિક્રમણમાં જ જેની રમતું છે. આહાહા..! એની પર્યાયને જોઈ-જાણી લીધી. છદ્મસ્થ મુનિએ એની પર્યાયને જોઈ લીધી. આહાહા..! જ્ઞાન શું કામ ન કરે? જ્ઞાન શું કામ ન કરે? આહાહા..! મુનિની નિર્વિકલ્પ દશા, સદા પ્રતિક્રમણ દશા છે એને પરખી લીધી છે. એવી જેની જ્ઞાનની વિચિક્ષણતા પ્રગટ થઈ છે અને સામાને પરખી લીધા છે. આહાહા..! ઓહોહો..! પંચમઆરો ત્યાં નડ્યો નથી, કે પંચમઆરો છે, એવું મુનિપણું અત્યારે હોય નહિ. બીજાનો અત્યારે નિશ્ચય જાણી ન શકાય. અત્યારે એમ કહે છે, નિશ્ચય જાણી શકાય નહિ. વ્યવહાર કરો. અરે..! પ્રભુ! શું થાય?

મુનિરાજ તો પોકાર કરે છે, મારા ગુરુ જે 'વીરનંદી' આચાર્ય છે એને હું સદા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રતિક્રમણમય જોઉં છું. એનામાં અપ્રતિક્રમણ બિલકુલ જોતો નથી. આહાહા..! પ્રભુ! એ છદ્મસ્થ છે ને? પંચમઆરાના પ્રાણી (છે), ભગવાન પછી તો હજાર વર્ષ પછી થયા છે ને? ભલે થયા હોય. આહાહા..! આત્માને વર્ષ ક્યાં લાગુ પડે છે? ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત ગુણથી બિરાજમાન ચૈતન્યચમત્કારી વસ્તુ, એ ચમત્કારી વસ્તુ છે. એ ક્ષણમાં ચમત્કાર થતાં પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે. આહાહા..! એવી દશા પ્રાપ્તને...

કહે છે, **'સકળસંયમરૂપી ભૂષણના ધરનાર...'** આહાહા..! તે ગુરુ 'વીરનંદી' **'સકળસંયમરૂપી ભૂષણ...'** અંતર અતીન્દ્રિય આનંદમાં રમણતારૂપી સંયમ. સં એટલે સમ્યક્‌પૂર્વક, સમ્યગ્દર્શનપૂર્વક. યમ એટલે જેની રમણતા છે. આહાહા..! એવા **'ધરનાર શ્રી વીરનંદી નામના મુનિને નિત્ય નમસ્કાર હો.'** આહાહા..! પ્રમોદ આવ્યો છે. મુનિરાજને પણ પ્રમોદ આવ્યો છે. આહાહા..! 'વીરનંદી' ગુરુને ઓળખીને (કહે છે) આવા છે, આવા છે. આહાહા..! એને **'નિત્ય નમસ્કાર હો.'** એને હંમેશા નમસ્કાર જ છે. આહાહા..! એ અધિકાર પૂરો કર્યો. એ પ્રતિક્રમણનો અધિકાર પૂરો થયો.

**'આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પ્રતિક્રમણ અધિકાર નામનો પાંચમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'** આહાહા..! આવું તો સાંભળ્યું પણ ન હોય. આહાહા..!

(સંવત) ૧૯૮૦ની સાલમાં 'બોટાદ'માં ચોમાસુ હતું ને? ૫૬ વર્ષ થયા. ત્યાં 'ઠાકરશીભાઈ' હતા. વીસાશ્રીમાળી 'ઠાકરશીભાઈ'. એનો દીકરો ત્યાં છે. 'અમદાવાદ'માં દુકાન છે. અને એના નાના ભાઈનો દીકરો 'અમૃતલાલ' મોટો પંડિત છે. તે દિ' વાત એમ થતાં કીધું, ભાઈ! આત્માનો અનુભવ એવી ચીજ છે. ત્યારે કહે, અનુભવ કેવો વળી? એ ક્યાંથી લાવ્યા? એમ કહેતા હતા.

મુમુક્ષુ :- એ તો એમ કહેતા કે અનુભવ જૈનમાં કેમ હોય?

ઉત્તર :- એ વળી 'મૂળચંદજી' કહેતા. આ તો 'ઠાકરશીભાઈ' હતા. એનો છોકરો 'ભુરોભાઈ' છે. ત્યાં આપણું મંદિર છે ને? 'અમદાવાદ'માં 'ખાડિયા' મંદિરની સામે દુકાન છે. એ કહેતા હતા. આવું આ ક્યાંથી લાવ્યા? આહાહા..! અનુભવ ક્યાંથી? એ એના બાપ કહેતા હતા. અને આ તો 'મૂળચંદજી' કહે, અનુભવ વળી આત્મામાં કેવો? આત્માને વળી અનુભવ એ શું? અને કહેવાય મોટા જૈનના બેરિસ્ટર. જૈનના બેરિસ્ટર કહેવાય અને આત્માના અનુભવની ખબર નહિ. આ 'હિંમતભાઈ'ના ગુરુ કહેવાય એ. એના ગામના. 'નાગ્નેશ'.

(સંવત) ૧૯૭૧ની સાલમાં એકવાર મેં ધર્માસ્તિકાયનો પ્રશ્ન કર્યો. કીધું, ધર્માસ્તિકાયના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણ કેટલા? બે. ગતિ અને અરૂપી. આહાહા..! અરે..રે..! આંધળું ખાતું બહુ થઈ ગયું. કહેવાય જૈનના બેરિસ્ટર. ધર્માસ્તિકાયના બે ગુણ.

અહીં પરમાત્મા કહે છે, કે ધર્માસ્તિ એક દ્રવ્યના અનંત ગુણ (છે). આહાહા..! દરેક દ્રવ્યમાં અનંત... અનંત... અનંત... અનંત... અનંત... પાર નહિ એટલા ગુણ છે. માણસને આગળ ઊંચા દરજ્જામાં જરીએ જાવું નથી. પોતાને ધર્મ માનવો છે, મનાવવો છે અને એમાં કલ્યાણ જાણે છે. આહાહા..!

આ મુનિરાજ એમ કહે છે... આહાહા..! હવે પ્રત્યાખ્યાનની વાત આવી. સાચું પચ્ચખાણ કોને કહેવું? આમ હાથ જોડીને પચ્ચખાણ કરે છે ને? પચ્ચખાણ કરાવો. અમારે આ ખવાય નહિ, અમારે રસ લેવાય નહિ. એ પચ્ચખાણ-બચખાણ નથી. આહાહા..! પચ્ચખાણની જાત જ જુદી છે. વીતરાગ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એ પચ્ચખાણ કોને કહે છે? એ નિશ્ચય પ્રત્યાખ્યાનનો અધિકાર (છે).

# – ૬ –
# નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર

## ગાથા-૯૫

अथेदानीं सकलप्रव्रज्यासाम्राज्यविजयवैजयन्तीपृथुलदंडमंडनायमानसकलकर्मनिर्जराहेतुभूतनिः श्रेयसनिश्रेणीभूतमुक्तिभामिनीप्रथमदर्शनोपायनीभूतनिश्चयप्रत्याख्यानाधिकारः कथ्यते। तद्यथा -

अत्र सूत्रावतारः।

मोत्तूण सयलजप्पमणागयसुहमसुहवारणं किच्चा।
अप्पाणं जो झायदि पच्चक्खाणं हवे तस्स।।९५।।

मुक्त्वा सकलजल्पमनागतशुभाशुभनिवारणं कृत्वा।
आत्मानं यो ध्यायति प्रत्याख्यानं भवेत्तस्य।।९५।।

निश्चयनयप्रत्याख्यानस्वरूपाख्यानमेतत्।

अत्र व्यवहारनयादेशात् मुनयो भुक्त्वा दैनं दैनं पुनर्योग्यकालपर्यन्तं प्रत्यादिष्टान्नपानखाद्यलेह्यरुचयः, एतद् व्यवहारप्रत्याख्यानस्वरूपम्। निश्चयनयतः

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



प्रशस्ताप्रशस्तसमस्तवचनरचनाप्रपंचपरिहारेण शुद्धज्ञानभावनासेवाप्रसादादभिनवशुभाशुभ-द्रव्यभावकर्मणां संवरः प्रत्याख्यानम्। यः सदान्तर्मुखपरिणत्या परमकलाधारमत्यपूर्वमात्मानं ध्यायति तस्य नित्यं प्रत्याख्यानं भवतीति।

तथा चोक्तं समयसारे -

`सव्वे भावे जम्हा पच्चक्खाई परेत्ति णादूणं।
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं।।''

तथा समयसारव्याख्यायां च -

(आर्या)

`प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसंमोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।'

---

હવે નીચે પ્રમાણે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર કહેવામાં આવે છે—કે જે નિશ્ચય-પ્રત્યાખ્યાન સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્યની વિજય-ધજાના વિશાળ દંડની શોભા સમાન છે, સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે, મોક્ષની સીડી છે, મોક્ષની સીડી છે અને મુક્તિરૂપી સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે.

અહીં ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે.

પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,
જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.

અન્વયાર્થ :– [ सकलजल्पम् ] સમસ્ત જલ્પને (-વચનવિસ્તારને) [ मुक्त्वा ] છોડીને અને [ अनागतशुभाशुभनिवारणं ] અનાગત શુભ-અશુભનું નિવારણ [ कृत्वा ] કરીને [ यः ] જે [ आत्मानं ] આત્માને [ ध्यायति ] ધ્યાવે છે, [तस्य] તેને [ प्रत्याख्यानं ] પ્રત્યાખ્યાન [ भवेत् ] છે.

ટીકા :– આ, નિશ્ચયનયના પ્રત્યાખ્યાનના સ્વરૂપનું કથન છે.

અહીં અમે કહ્યું છે કે - વ્યવહારનયના કથનથી, મુનિઓ દિને દિને ભોજન કરીને પછી યોગ્ય કાળ પર્યંત અન્ન, પાન, ખાદ્ય અને લેહ્યની રુચિ છોડે છે; આ વ્યવહાર-પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે. નિશ્ચયનયથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચન રચનાના *પ્રપંચના પરિહાર વડે

---

*પ્રપંચ = વિસ્તાર. (અનેક પ્રકારની સમસ્ત વચનરચનાને છોડીને શુદ્ધ જ્ઞાનને ભાવવાથી-તે ભાવનાના સેવનની કૃપાથી - ભાવકર્મોનો અને દ્રવ્યકર્મોનો સંવર થાય છે.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શુદ્ધજ્ઞાનભાવનાની સેવાના પ્રસાદ દ્વારા જે નવાં શુભાશુભ દ્રવ્યકર્મોનો તેમ જ ભાવકર્મોનો સંવર થવો તે પ્રત્યાખ્યાન છે. જે સદા અંતર્મુખ પરિણમનથી પરમ કળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે, તેને નિત્ય પ્રત્યાખ્યાન છે.**

**એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત) શ્રી સમયસારમાં (૩૪મી ગાથા દ્વારા કહ્યું છે કે :-**

**'[ગાથાર્થ :-] 'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે' એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે - ત્યાગે છે, તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે (અર્થાત્ પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે) એમ નિયમથી જાણવું.'**

**એવી રીતે સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૨૨૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**

**'[શ્લોકાર્થ :-] (પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-) ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (-ત્યાગીને), જેનો મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વકર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ) નિરંતર વર્તું છું.'**

## ગાથા–૯૫ ઉપર પ્રવચન

**'હવે નીચે પ્રમાણે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર કહેવામાં આવે છે— કે જે નિશ્ચય પ્રત્યાખ્યાન...'** આહાહા..! આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં રમે એ પ્રત્યાખ્યાન છે. એનું નામ પચ્ચખાણ. જ્ઞાન-જ્ઞાનરૂપે રહે, જે એના ગુણો છે તે ગુણ ગુણની પર્યાયમાં ગુણરૂપે રહે, અને અવગુણરૂપે ન થાય, એ એના પચ્ચખાણ છે. વિકલ્પરૂપે ન થાય. મિચ્છામિદુક્કડમ વિકલ્પ એ રૂપે પણ ન થાય. ત્યારે તેને રાગનો ત્યાગ અને જ્ઞાનનું ઠરવું એવું પચ્ચખાણ ત્યારે કહેવામાં આવે છે. અરે...! એક એક વાતમાં ફેર છે. પડિક્કમણું જુદું, પ્રત્યાખ્યાન જુદું, પચ્ચખાણ... આ તો પચ્ચખાણ સવારમાં છોકરીઓ કરે. પંચરંગી સામાયિક. પાંચ સામાયિક એક પથરણે કરે. લ્યો. આઠમના અપવાસ કરે. ત્રણ દિ' અને ત્રણ રાત. જાગતા. ઊંઘવું નહિ અને અપવાસ કરે. મોટી તપસ્યા. આહાહા..! બાપુ! એ બધી તો ક્રિયાકાંડરૂપ છે. એ ધર્મમાં નથી. એ બધી શુભભાવની ક્રિયા છે. એ શુભભાવ તો ઘોરસંસારનું મૂળ છે. આહાહા..! આવું આકરું કામ!

એ કહે છે, કે **'નિશ્ચય પ્રત્યાખ્યાન...'** સાચું પચ્ચખાણ **'સકળ પ્રવજ્યારૂપ સામ્રાજ્યની..'** પૂર્ણ પ્રવજ્યા એટલે ચારિત્રદશા, ચારિત્ર પ્રવજ્યા દીક્ષા, ચારિત્ર. એમાં સામ્રાજ્ય એ પૂર્ણ સંયમનું સામ્રાજ્ય એની **'વિજય-ધ્વજા...'** વિજય ફરક્યો. મારો વિજય થયો. આહાહા..! હવે મોક્ષમાં જવા માટે તૈયારી થઈ. જેને પચ્ચખાણ પ્રગટ્યો એને મોક્ષ જવાની તૈયારી થઈ ગઈ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિજય ધ્વાજા ફરક્યો. **'વિજય-ધજાના વિશાળ દંડ...'** વિજય ધજાનો વિશાળ દંડ મોટો હોય ને... આહાહા..! એની **'શોભા સમાન છે,...'** પ્રત્યાખ્યાન. આહાહા..!

**'સકળ પ્રવ્રજ્યારૂપ...'** ચારિત્રની **'વિજય-ધજાના વિશાળ દંડની શોભા સમાન છે, સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે,...'** આહાહા..! પચ્ચખાણ તો કર્મની નિર્જરા કરે છે. એને પચ્ચખાણ કહીએ. **'મોક્ષની સીડી છે...'** એ પચ્ચખાણ એ મોક્ષની સીડી, શ્રેણી છે, નિસરણી છે. મોક્ષની નિસરણી પચ્ચખાણ છે. આહાહા..! વસ્તુ જે પૂર્ણ ભરેલી છે, જ્ઞાન, આનંદ આદિ અનંતા અનંત ગુણનો પિંડ ભર્યો છે, તેમાં એકાગ્રરૂપી ધારા વહે છે. એ પૂર્ણ વિજયની ધારા છે. આહાહા..! એ **'મોક્ષની સીડી છે અને મુક્તિરૂપી સ્ત્રીના...'** આહાહા..! મુક્તિમાં અતીન્દ્રિય આનંદ છે. મોક્ષમાં શું છે? અતીન્દ્રિય અનંત આનંદ છે. તો સંયમમાં શું છે? કે એ અતીન્દ્રિય આનંદરૂપી સ્ત્રી એનો પહેલો ભેટો છે. આહાહા..! અતીન્દ્રિય આનંદરૂપી સ્ત્રી એનો પહેલો ભેટો છે. સંયમમાં અતીન્દ્રિય આનંદ વિશેષ આવે.

પ્રત્યાખ્યાનમાં રાગનો અભાવ થઈ અને અતીન્દ્રિય આનંદનો અનુભવ વિશેષ આવે, એ મોક્ષમાં જે અતીન્દ્રિય આનંદ છે, એનું કારણ જે આ મોક્ષમાર્ગ એ મોક્ષરૂપી સ્ત્રીનો પહેલો ભેટો છે. આહાહા..! આચાર્યોના શબ્દો પણ કેવા છે! **'સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે.'** જોયું? આહાહા..! પ્રથમ દર્શનની ભેટ છે. જેમ લોકો લગન કરે અને પહેલી રાતે એના દર્શન કરે અને ભેટ કરે ભેટ. એમ અહીંયાં કહે છે. અંદરમાં સંયમ, પ્રત્યાખ્યાન આનંદસ્વરૂપ ભગવાન, એની ખીલવટ કરીને એ અતીન્દ્રિય આનંદ પ્રગટે, એ મોક્ષરૂપી સ્ત્રીનો ભેટો છે એ. અતીન્દ્રિય આનંદનો ત્યાં ભેટો આવે છે. મોક્ષમાં પૂર્ણ આનંદ પ્રગટશે. આહાહા..! આનું નામ પચ્ચખાણ કહે છે. એ તો સાંભળ્યું પણ ન હોય.

આ કરો... આ કરો... આ પચ્ચખાણ કરો. કંદમૂળ ન ખાવા, લીલોતરી પ્રત્યેકમાં બંધિ કરો. પાંચ જ ખાવી-... ન ખાવી, ફલાણું ન ખાવું, આ ન ખાવું, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, છ પરબી કંદમૂળ ન ખાવા. કરો પચ્ચખાણ. એ પચ્ચખાણ માને છે. એ તો રાગ છે. આહાહા..! પચ્ચખાણ તો અંતર અતીન્દ્રિય આનંદનો ભેટો થાય. તો અતીન્દ્રિય આનંદ ક્યારે આવે? કે રાગનો વિકલ્પ જ્યાં ન હોય. આહાહા..! અતીન્દ્રિય આનંદ એવી જે સ્ત્રીનો પ્રથમ દર્શનનો ભેટો. એ પ્રથમ આનંદનો ભેટો થાય. આહાહા..! એને અહીંયાં પ્રવ્રજ્યારૂપ પચ્ચખાણ કહે છે. હવે આવી વ્યાખ્યા. પ્રતિક્રમણ જુદું, પ્રત્યાખ્યાન જુદું. આહાહા..! દુનિયાથી જુદી વાત છે.

પહેલી ગાથા.

**मोत्तूण सयलजप्पमणागयसुहमसुहवारणं किच्चा।**
**अप्पाणं जो झायदि पच्चक्खाणं हवे तस्स।।९५।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.**

આહાહા..! એની ટીકા **'આ, નિશ્ચયનયના પ્રત્યાખ્યાનના સ્વરૂપનું કથન છે.'** સાચા પચ્ચખાણમાં સ્વરૂપનું કથન. ખોટા પચ્ચખાણ તો અનંતવાર કર્યા છે. આહાહા..! અને માન્યું કે અમે પચ્ચખાણી છીએ, પચ્ચખાણ કર્યા છે. ચોવિહાર છે. ચાર આહાર રાત્રે ન કરવો એના પચ્ચખાણ છે, કંદમૂળ ન ખાવા એના પચ્ચખાણ છે. છ પરબી બ્રહ્મચર્ય પાળવું એ એના પચ્ચખાણ છે. એ બધા પચ્ચખાણ નથી એ તો બધા વિકલ્પ છે. આહાહા..! રાગ છે. આહાહા..! શરીર, એ સ્ત્રીના સંસર્ગમાં ન આવ્યું એ તો જડની પર્યાયમાં આવ્યું. એમાં બ્રહ્મચર્ય ક્યાં આવ્યું? શરીર સ્ત્રીના સંસર્ગમાં આવ્યું એ વિષયભાવ છે. ન આવ્યું એમાં શુભભાવ છે. સંસર્ગમાં શરીર ન આવ્યું એ તો શુભભાવ છે. એ કાંઈ પચ્ચખાણ નથી. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આવો માર્ગ છે.

**'આ, નિશ્ચયના પ્રત્યાખ્યાનના સ્વરૂપનું કથન છે. અહીં એમ કહ્યું છે કે—વ્યવહારનયના કથનથી, મુનિઓ દિને દિને ભોજન કરીને પછી યોગ્ય કાળ પર્યંત...'** હંમેશા આહાર કરીને. દિને દિને **'ભોજન કરીને પછી યોગ્ય કાળ પર્યંત અન્ન, પાન, ખાદ્ય અને લેહ્ય..'** કોઈપણ ચીજ. બધી ચીજની **'રુચિ છોડે છે;...'** આહાર કરીને પછી બધા આહારની રુચિ છોડે છે. **'રુચિ છોડે છે;...'** એમ કીધું હોં. આહા..! **'આ વ્યવહાર-પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે.'** એ તો શુભભાવ છે. મૂળ પચ્ચખાણ નથી. આહાહા..! એ શુભભાવ છે. એવો આવે ખરો. નિશ્ચય નહિ, સાચું પ્રત્યાખ્યાન નહિ. આહાહા..!

**'આ વ્યવહાર-પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે. નિશ્ચયનયથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાના પ્રપંચના પરિહાર વડે....'** શુભ અને અશુભ, વચન અને ભાવ બેના **'પ્રપંચના પરિહાર વડે...'** **'પ્રપંચ = વિસ્તાર. (અનેક પ્રકારની સમસ્ત વચનરચનાને છોડીને શુદ્ધ જ્ઞાનને ભાવવાથી— તે ભાવનાના સેવનની કૃપાથી—ભાવકર્મોનો અને દ્રવ્યકર્મોનો સંવર થાય છે.)'** આહાહા..! તે જ્ઞાનસ્વભાવ વસ્તુ ચિદ્દ્ઘન પ્રભુ છે. અનાકુળ જ્ઞાન અને આનંદનો દરિયો છે. એમાં રમતું કરવી, એકાકાર કરવો... આહાહા..! શુદ્ધજ્ઞાનને ભાવવો, એ શુદ્ધજ્ઞાનને ભાવવો, એ શુદ્ધજ્ઞાનમાં એકાગ્રતા કરવી, અને પુણ્યપાપના વિકલ્પને છોડવા, એ શુદ્ધજ્ઞાનમાં એકાગ્રતાની ભાવના, એ પ્રત્યાખ્યાન છે. આહાહા..!

અહીં તો કહે બહારનું આ કર્યું, છોડ્યું. બે-પાંચ સામાયિક કરી, સાંજ-સવારમાં પડિક્કમણા કર્યા. પછી ખમાવે એકબીજાને. જેની હારે ખમાવા યોગ્ય હોય એને ખમાવે. ખમાવા વિરુદ્ધ હોય એની સામું જોવે નહિ. આહાહા..! એ બધો શુભભાવ છે. એ કાંઈ પ્રત્યાખ્યાન નથી. આહાહા..! પ્રત્યાખ્યાન તો આ છે. ભલા, પ્રશસ્ત અને અપ્રશસ્ત **'સમસ્ત વચનરચનાના...'** આહાહા..! ભાષાથી પ્રરૂપણા કરવી. એ પણ એક શુભભાવ છે. ભાષા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો ભાષાથી થાય છે. ભાષા આત્માથી થાતી નથી. ભાષાની રચના આત્માથી થતી નથી. ભાષાની રચના પરમાણુના એ કાળે પર્યાય થવાનો કાળ છે સ્વકાળ, તેથી ભાષા વર્ગણામાંથી ભાષા થાય છે. આત્માથી નહિ. આત્મામાં કાંઈ બોલો માટે ભાષા થાય, એમ નથી.

ભાષાવર્ગણા એ જડ પરમાણુ છે. એની પર્યાય થવાને કાળે ભાષાવર્ગણા થાય છે. આત્માથી નહિ. આ ઉપદેશના વાક્યો આત્માથી નહિ. આહાહા..! લખાણના વાક્યો આત્માથી નહિ. એ તો શબ્દની રચના છે. ભાષા પરમાણુની રચના છે. આત્મા તેની (ભાષાની) રચના કરી શકતો નથી. આત્મા બોલી શકતો નથી. આહાહા..! આવી વાતું છે. ઇ પછી કીધું ને ભલા કે ભૂંડા **'સમસ્ત વચનરચના..'** ભલી પ્રરૂપણાની રચના હોય કે બીજી કોઈ હોય એ બધી રચના છોડીને... આહાહા..! પ્રત્યાખ્યાન બોલવું એ પ્રશસ્ત શુભભાવ, એ કોઈ પ્રત્યાખ્યાન નથી. આહાહા..! બહુ આકરુ કામ. અપૂર્વ વાત છે, ભાઈ! વીતરાગના ઘરની વાતું અપૂર્વ છે. સંપ્રદાયમાં પણ સાંભળવા મળે એમ નથી. આહાહા..!

આ કરો... આ કરો... આ કરો... શેઠિયા એમાં રાજી રાજી થઈ જાય. આપણે કર્યું, આણે કર્યું, આણે અપવાસ કર્યા, આણે આ કર્યું. આહાહા..! 'આંકડિયા'માં ક્યાંક થયું હતું ને? એક ફેરે ઘણા વર્ષ પહેલા. કોકે કર્યું હશે. અપવાસ, અઠ્ઠમને કાંઈક. ઘણા વર્ષની વાત છે. અપવાસ અને તપસ્યા કરે એટલે ઓહોહો..! ભારે કરી તપસ્યા અને ભારે અપવાસ કર્યા. ઘણા વર્ષ પહેલાની વાત છે. લગભગ ૭૦-૭૧ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? એટલા વર્ષ થયા. કોઈકે 'આંકડિયા'માં અપવાસ કર્યા હતા. ઘણા વર્ષની વાત છે. ૭૦માં 'આંકડિયા' ગયા હતા ને? ૭૦ની સાલમાં માગશર મહિનામાં પહેલા 'આંકડિયા' ગયા હતા. આ માગશર છે ને? માગશર સુદ ૯. એ દીક્ષાને ૬૭મું વર્ષ બેઠું. એ દીક્ષા લઈને તરત જ તે 'દામનગર' થઈને 'આંકડિયા' આવ્યા હતા. એટલા વર્ષ થયા. એ ગામમાં કોઈકે ૨૫ અપવાસ કરેલા. પર્યુષણમાં કોઈકે ૨૫ અપવાસ કરેલા. પછી એણે ધામધૂમ કરેલી.. ઓહોહો..! આહાહા..! કોને કોણ કરે? બાપુ! એક વિકલ્પ ઉઠાવવો, તીર્થંકરગોત્ર બાંધવાનો વિકલ્પ ઉઠાવવો, એ પણ આત્માની ચીજ નથી. આહાહા..! આવી ચીજ છે.

**'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાના પ્રપંચ...'** એ પ્રપંચ કીધું જોયું? **'વિસ્તાર (અનેક પ્રકારની સમસ્ત વચનરચનાને છોડીને શુદ્ધ જ્ઞાનને ભાવવાથી—)'** આહાહા..! ભાવનાના સેવનથી કષાય, શુદ્ધ જ્ઞાન.. શુદ્ધ જ્ઞાન.. શુદ્ધ ચૈતન્ય. પુણ્ય-પાપના રાગરહિત શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, શુદ્ધ ચૈતન્યદ્રવ્ય વસ્તુ છે, એની સેવના, એની એકાગ્રતા, એનાથી દ્રવ્યકર્મ અને ભાવકર્મનો નાશ થાય છે. આહાહા..! અહીં તો અપવાસ કર્યો એટલે નિર્જરા કહેવાય. અપવાસ એટલે તપ અને તપ એટલે નિર્જરા. તપસ્યાથી નિર્જરા થાય. ધૂળેય નથી. એ તપસ્યા નથી. આ તપસ્યા તો **'तपन्ते इति तपः'** અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન! જેમ સોનાને ગેરુ લગાડીને સોનું શોભે–ઓપે. એમ અંદર શાંતિથી, આનંદથી પર્યાયમાં ઓપે. અતીન્દ્રિય આનંદ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને અતીન્દ્રિય શાંતિથી પર્યાયમાં ઓપે-શોભે, એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આવી વાતું છે. બધી વાતમાં ફેર. આહાહા..!

**'શુદ્ધજ્ઞાનભાવનાની સેવાના પ્રસાદ દ્વારા...'** આહાહા..! શુદ્ધજ્ઞાન ભાવનાની. ભાવના શબ્દે એકાગ્રતા છે હોં અહીંયાં. શુદ્ધજ્ઞાન જે એકલું ચૈતન્યમૂર્તિ, પ્રભુ! એ શુદ્ધજ્ઞાનનો અવતાર પ્રભુ ભગવાન અનાદિ-અનંત શુદ્ધજ્ઞાન સ્વરૂપ, એવા શુદ્ધજ્ઞાનની ભાવના એટલે એકાગ્રતા, એની **'સેવાના પ્રસાદ દ્વારા...'** એની સેવાના. જુઓ! સેવા તો આવી. આત્માની સેવા. પરની સેવા તો કોઈ કરી શકતું નથી. દેવ-ગુરુ-ધર્મની સેવાનો ભાવ એ બધો શુભભાવ છે. એ કાંઈ ધર્મ અને નિર્જરા નથી. આહાહા..! આત્માની સેવા. આત્માને જાણ્યા વિના સેવા સેની કરે? આહાહા..! અંદર આત્મા કોણ છે? એ ચીજમાં આ બધું જણાય છે. જાણનારો પોતે જ જ્ઞેય છે, જ્ઞાતા છે અને જ્ઞાન છે. આહાહા..!

સવારમાં આવ્યું હતું નહિ? જાણનારો પોતે ભગવાન આત્મા, પોતાને જાણે છે, પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે અને પોતે જ્ઞાતા છે. એવી જે અભેદ આત્માની રમતું, એનું નામ આત્માની સેવા. આહાહા..! પરની સેવા તો કરી શકતો નથી. ભગવાન આદિની સેવા કરે એ શુભરાગ છે. આહાહા..! બહુ આકરું કામ. આકરું એટલે અપૂર્વ. પૂર્વે નહિ કરેલું. પૂર્વે ખરેખર નહિ સાંભળેલું, રુચિપૂર્વક સાંભળેલું નહિ. આહાહા..! આવો જે ભગવાનઆત્મા, શુદ્ધ ચૈતન્ય અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદની પાટ છે. જેમ પચાસ મણની બરફની પાટ હોય, એમ આ અરૂપી અનંતગુણની પાટ છે. એને અંદર સેવા કરવી, એકાગ્રતા કરવી, એનું નામ પચ્ચખાણ છે. આહાહા..! વ્યવહારવાળાને આકરું લાગે. વ્યવહારમાં પકડનારને આ વળી નિશ્ચય... નિશ્ચય... કરે. વ્યવહાર કરતા કરતા નિશ્ચય આવે કે પાધરો (સીધો) ... નિશ્ચય આવી જતો હશે? એ તો કહ્યું હતું વ્યવહારનો ફળ. પડિક્કમણાનો વિકલ્પ આવે પણ એને છોડીને અંદરમાં જાવું, એ એનું પરિણામ છે. પ્રતિક્રમણનો વ્યવહાર-વિકલ્પ આવે ખરો. વ્યવહારનો પ્રતિક્રમણનો વિકલ્પ આવે, પણ છોડીને અંદરમાં નિર્વિકલ્પમાં જાવું એનું નામ પ્રતિક્રમણ છે. તો એ વ્યવહારને વ્યવહાર કહેવામાં આવે. નહિંતર વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહાહા..!

**'સેવાના પ્રસાદ દ્વારા...'** શુદ્ધજ્ઞાન ભાવનાની સેવાના પ્રસાદ દ્વારા. શબ્દ બહુ ટૂંકા. શુદ્ધજ્ઞાન ત્રિકાળી સ્વભાવ, ધ્રુવસ્વભાવ ભગવાન, તેની સેવા, એની ભાવનાની **'સેવાના પ્રસાદ દ્વારા...'** એની એકાગ્રતાની સેવાના પ્રસાદ દ્વારા... આહાહા..! **'જે નવાં શુભાશુભ દ્રવ્યકર્મોનો તેમ જ ભાવકર્મોનો સંવર થવો તે પ્રત્યાખ્યાન છે.'** આહાહા..! અહીં તો આ જરી ત્યાગ કર્યો એટલે સંવર થઈ ગયું જાવ. ત્યાગ કર્યો એટલે સંવર થયો. આહાહા..! અહીં તો કહે, દ્રવ્યકર્મ અને ભાવકર્મનો સંવર સેવનાના ભાવ એટલે પ્રસાદ દ્વારા થયો. આહાહા..! સંવર થયો. ત્યારે એને વિકલ્પ અટકી ગયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિર્વિકલ્પ વસ્તુ વીતરાગી આત્મા છે. એમાં એટક્યો, એની સેવામાં એકાકાર રહ્યો, ત્યારે એને વિકલ્પ અને કર્મનો નાશ થયો. એનું નામ પચ્ચખાણ છે. આહાહા..! આવું પચ્ચખાણ છે એવું સાંભળ્યું ન હોય. પચ્ચખાણ સહેલુંસટ એવું હતું. બહારથી આ પચ્ચખાણ કર્યું. આહાહા..! '**તે પ્રત્યાખ્યાન છે.**' સંવર થવો તે પ્રત્યાખ્યાન છે. શુદ્ધજ્ઞાન, આનંદ, અતીન્દ્રિય શુદ્ધસ્વભાવ, એની એકાગ્રતારૂપી ભાવ, એના પ્રસાદ દ્વારા, દ્રવ્યકર્મ અને ભાવકર્મનું અટકવું એનું નામ પ્રત્યાખ્યાન છે. એમાં રાગ પણ આવે નહિ, શુભભાવ પણ એમાં આવે નહિ. શુભભાવ એ અપચ્ચખાણ છે. આહાહા..! રાગ છે. આ તો અહીંનો કાંઈ ગ્રંથ નથી આ.

'સોનગઢ'નું આ શાસ્ત્ર નથી. આ તો પહેલાનું અનાદિનું છે. મુનિનું કરેલું છે. અને મુનિ તો એમ કહે છે, કે આની ટીકા હું કરતો નથી. એની ટીકા તો ગણધરોએ કરી છે એ ટીકા આ થાય છે. હું કરનાર કોણ? આ ટીકા કરી એ તો ગણધરો-સંતોએ કરી છે. પરંપરા વીતરાગથી તીર્થંકરના વજીર જે ગણધરો છે. દિવાન. કેવળજ્ઞાનીના દિવાન. આહાહા..! એમણે ટીકા કરી છે. અમે તે ટીકા કરનાર કોણ? એમ કહે છે, જુઓ! આહાહા..! એટલે આ બધું અત્યારનું બનાવેલું છે અને એનું બનાવેલું છે એમ નથી. છેક ગણધરદેવથી એની ટીકા ચાલી આવે છે. આહાહા..! સાંભળવામાં પહેલું વહેલું આવ્યું હોય, એથી કરીને વસ્તુ કાંઈ નવી છે એમ નથી. એ ગણધરથી ચાલી આવે છે. આહાહા..!

પહેલા શબ્દમાં છે ને? પહેલી ગાથાઓ છે ને? શરૂઆતની ગાથા. પાંચમો બોલ છે. ત્રીજું પાનું. પાંચમો બોલ. '**ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...**' આ બધી ટીકા ગણધરથી રચાયેલી છે. આહાહા..! તમને એમ કે નવી લાગે અને હમણાનું પંચમઆરાના સાધુનું કરેલું છે. એમ નથી. '**ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...**' અને ગણધર પછી પણ આચાર્યો થયા એણે બરાબર વ્યક્ત પ્રગટ કરી છે. એની ટીકા ચોખ્ખી કરી છે. આહાહા..! પરંપરાથી ગણધરોથી માંડીને આચાર્યો થયા. આહાહા..! છે?

'**શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...**' જેમ છે તે રીતે પ્રગટ કરેલી ટીકા છે. આહાહા..! જરીએ ફેરફાર નથી. આહાહા..! '**આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને...**' આવા પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને '**અમે મંદબુદ્ધિ તે કોણ?**' ટીકાકાર પોતે મુનિ કહે છે '**અમે મંદબુદ્ધિ તે કોણ?**' આહાહા..! આની ટીકા તો છેકથી ચાલી આવે છે. ગણધરોથી, પરંપરા આચાર્યથી ચાલી આવે છે. તમને એમ લાગે કે આ નવું છે અને આ છે. 'કુંદકુંદાચાર્ય' તો કહે છે કે મેં મારા માટે બનાવ્યું છે. એક તો એના અર્થો ગણધરથી ચાલ્યા આવે છે, અને 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે મેં મારા માટે બનાવ્યું છે. આહાહા..! એ આ શાસ્ત્ર છે. આહાહા..!

'**જે સદા અંતર્મુખ પરિણમનથી...**' પચ્ચખાણ ત્યારે થાય, કે '**જે સદા અંતર્મુખ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પરિણમન...**' અંતર્મુખ પરિણમન. અંતર આત્મા જે દ્રવ્યઆત્મા વસ્તુ પડી છે, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત-અનંત ગુણનો ભંડાર ભગવાન, એ અંતર્મુખ થયેલી પરિણતિથી... આહાહા..! છે? **'અંતર્મુખ પરિણમનથી પરમ કળાના આધારરૂપ...**' આહાહા..! કેવળજ્ઞાનની કળાના આધારરૂપ આ. પરમકળા કેવળજ્ઞાન. એ આનાથી આ કળાથી કેવળજ્ઞાન મળે. આહાહા..!

**'પરમ કળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...**' આહાહા..! પરમ કળાનો આધાર એવો અતી-અપૂર્વ આત્મા, એને જે ધ્યાવે છે, ધ્યાન કરે છે. **'તેને નિત્ય પ્રત્યાખ્યાન છે.**' છે? આહાહા..! એકએક લીટી કઠણ. સાંભળવાનું મળે નહિ. એકલી બહારની વાતું. એમાં પ્રભુ એકકોર અંદર રહી ગયો. એકલા વિકલ્પની, શરીરની, વાણીની, આ છોડ્યું, લીધું, મૂક્યું, ઓલો અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ છે, ભગવત્ સ્વરૂપ બિરાજે છે. એની સામું તો કોઈ દિ' જોયું નહિ. એનો આદર કોઈ દિ' કર્યો નહિ, એને લક્ષમાં લીધું નહિ. એ વિનાની વિકલ્પની વાતું એ બધો સંસાર છે. ચારગતિમાં રખડવાનું સાધન છે. આહાહા..!

**'પરમ કળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્મા...**' આહાહા..! અતી-અપૂર્વ. પૂર્વે કોઈ દિ' ભાવ્યો નથી. એવો જે **'અતિ-અપૂર્વ આત્મા...**' તેને જે ધ્યાવે-ધ્યાન કરે છે. આહાહા..! ચૈતન્યના પ્રકાશનું પૂર, ચૈતન્યચમત્કારથી ભરેલો ભગવાન આત્મા, એને એ પરમ કળાનો આધાર છે એ... આહાહા..! બધી પરમકળા ત્યાંથી પ્રગટે છે. દુનિયાની કળા તો બધી અજ્ઞાનની છે. આ આત્માની કળા અંદર જે જ્ઞાનની, આનંદની બધી, એ **'પરમ કળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...**' ધ્યાન કરે છે **'તેને નિત્ય પ્રત્યાખ્યાન છે.**' આહાહા..! તેને હંમેશા પ્રત્યાખ્યાન કહેવાય છે. આવું તો કેટલાકે સાંભળ્યું ન હોય. વાડાના બંધનમાં બહારની વાતું કરે, આ કરે. અંદર ભગવાન અપૂર્વ આનંદનો નાથ... આહાહા..! એની સેવા, એના આધારે આત્માનું ધ્યાન, તે નિત્ય પ્રત્યાખ્યાન છે. આહાહા..!

**'એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'**

**`सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं।।''**

આહાહા..! શું કહે છે? **'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે...**' દયા, દાન આદિ રાગાદિનો વિકલ્પ એ બધું પરદ્રવ્ય છે, પર છે, સ્વદ્રવ્યથી તદ્દન જુદું છે. આહાહા..! એવું **'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે–ત્યાગે છે, તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે...**' રાગનો ત્યાગ એ.. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. અનંતગુણનોપિંડ એ ગુણરૂપે રહેવું તે આત્મા છે. તે પ્રત્યાખ્યાન છે. ગુણ છે તે રૂપે રહે તે પ્રત્યાખ્યાન છે. રાગનો ત્યાગ એ તો નામમાત્ર છે. આહાહા..! રાગનો ત્યાગ કરવો એ પણ નામમાત્ર છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે?

**‘(અર્થાત્ પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા...’** જ્ઞાન એટલે આત્મામાં નિર્મળ અવસ્થા, વીતરાગી અવસ્થા **‘તે જ પ્રત્યાખ્યાન છે) એમ નિયમથી જાણવું.’** વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com




પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ

રાજકોટ


Please Inform us of any errors on rajesh@AtmaDharma.com